


પ્રતિભાશતક

(ભાગ-૨)

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર ગુરુભ્યો નમઃ
ૐ નમઃ

પ્રતિમાશતક

શબ્દશઃ વિવેચન

(ભાગ-૨)

મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર

લઘુહરિભદ્રસૂરિ, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

આશીર્વાદદાતા

પરમપૂજ્ય વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પરમપૂજ્ય મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા


વિવેચનકાર

પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

સંકલન-સંશોધનકારિકા

પ. પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી તથા
પ. પૂ. સમતામૂર્તિ પ્રવર્તિની સાધ્વીશ્રી રોહિતાશ્રીજી મ. સા. ના શિષ્યરત્ના સાધ્વીશ્રી ચંદનબાલાશ્રીજી

પ્રકાશક



પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨

: વિવેચનકાર :

પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૨૮ વિ. સં. ૨૦૫૮

આવૃત્તિ : પ્રથમ નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૮૦-૦૦

: મુંખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા 30

: મુદ્રક :

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે. શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે, પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મ. સા. તથા પૂ. ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મ. સા. નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત -

૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા
૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
✆ (૦૭૯) ૬૬૦૪૯૧૧

નટવરભાઈ એમ. શાહ (આફ્રીકાવાળા)
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસિંગ પાસે, અમદાવાદ-૧૩.
✆ (૦૭૯) ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

✣ મુંબઈ :

નિકુંજભાઈ ૨. ભંડારી
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
✆ (૦૨૨) ૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

શ્રી ચીમનભાઈ ખીમજી મોતા
૯/૧, ગજાનન કોલોની,
જવાહરનગર, ગોરેગામ (વે),
મુંબઈ-૬૨.
✆ (૦૨૨) ૮૭૩૪૫૩૦

લલિત ઘરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
✆ (૦૨૨) ૫૬૮૦૬૧૪, ૫૬૮૬૦૩૦

✣ સુરત :

શૈલેષભાઈ બી. શાહ
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે,
હરિપરા, હાથ ફળિયા, સુરત-૧.
✆ (૦૨૬૧) ૪૩૯૧૬૦, ૪૩૯૧૬૩

✣ રાજકોટ :

કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
✆ (૦૨૮૧) ૨૩૩૧૨૦

✣ બેંગલોર

વિમલચંદજી
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
✆(0) 2875262, (R) 2259925

✣ જામનગર :

ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર.
✆ (૦૨૮૮) ૬૭૮૫૧૩

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨નું શુદ્ધિપત્રક

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૫૭	૨૧	આ	ફક્ત આ
૩૫૮	૨૪	પરંતુ	ફક્ત
૩૫૮	૨૭	તે	તે=પ્રવચનના એક પણ વચનમાં અશ્રદ્ધાવાળાના સર્વ યોગો નિષ્ફળ છે તે,
૩૬૧	૮	તેથી	તેથી પૂર્વપક્ષી
૩૬૧	૧૧	દેવાર્ચન કરતા નથી ? (સાવદ્યથી નિવૃત્તિ હોવા છતાં કર્મરોગના નાશ માટે યતિએ દ્રવ્યસ્તવ કરવું જોઈએ.)	દેવાર્ચન કરતા નથી ? અર્થાત્ સાવદ્યથી નિવૃત્તિ હોવા છતાં કર્મરોગના નાશ માટે યતિએ દ્રવ્યસ્તવ કરવું જોઈએ.
૩૬૫	૧૩	એ પ્રતિજ્ઞાનો	એ રૂપ શ્રાવકની પ્રતિજ્ઞાનો
૩૬૬	૨	प्रसङ्गात् પછી	द्रव्यस्तवत्यागस्यापि प्रसङ्गात् પછી
૩૬૬	૧૯	અને ગૃહસ્થ સાથે આ રીતે	આ રીતે ગૃહસ્થ સાથે
૩૬૯	૧૫	ति ।	त्ति
૩૬૯	૧૫	प्रत्युपेक्षणादिकरणम् ।	प्रत्युपेक्षणादिकरणम्
૩૭૪	૧૭	થઈ શકે નહિ.	થઈ શકે નહિ. તે બતાવવા જ કહેલ છે કે, અસંયતના અતિદેશનું અન્યાયપણું છે.
૩૭૭	૨૨	तस्यनियमा॑	तस्य नियमा॑
૩૮૭	૧૬	'अनि'	'अपि'
૩૮૮	૨	અપ્રમત્ત સંયતને	અપ્રમત્તસંયતને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક સુધી
૪૦૮	૨૮	ત્યાં શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે –	પૂર્વપક્ષીની શંકાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે -
૪૦૯	૧૭	તે=ઓઘનિર્યુક્તિનું, વચન	તે=ઓઘનિર્યુક્તિનું વચન,
૪૧૧	૨	એમ કહેલ છે.	એમ કહેલ છે, પરંતુ ઋજુસૂત્રનયથી પણ આત્મા હિંસા છે તેમ કહેલ નથી.
૪૧૧	૬	તેમ કહેલ છે.	તેમ પૂ. મલયગિરિજી મહારાજે કહેલ છે.
૪૧૧	૩૦	નૈગમનયની અને વ્યવહારનયની	નૈગમનયથી અને વ્યવહારનયથી
૪૧૧	૩૦	એક પ્રકારની હિંસા	એક પ્રકારની હિંસા તો
૪૧૧	૩૧	પણ માન્ય છે,	પણ હિંસા માન્ય છે,
૪૧૫	૧૪	'अथ' શબ્દ	'अथ' શબ્દ અને 'च' શબ્દ

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૨૧	૯	'ननु'	ननु ..... घृतघटवत् ।
૪૨૧	૨૪	'यथा..... प्राणातिपातक्रिया चेति । આ પ્રમાણે પ્રતીક લો.	
૪૨૪	૧૬	'क्रियातो बन्धः'	'क्रियातो कर्म, परिणामतो बन्धः'
૪૨૭	૨૬	भाव विशुद्ध्या,	भावविशुद्ध्या
૪૨૮	૩	संवुडचारिणोत्ति	संवुडचारिणो त्ति
૪૨૮	૬	कायचेष्टा-रहितस्य	कायचेष्टारहितस्य
૪૩૬	૧૫	ઈર્યાપથમાં ટ	ઈર્યાપથમાં પણ
૪૩૯	૧૭	જેવો	જિનપૂજાદિમાં જેવો
૪૩૯	૧૭	પૂજામાં છે,	છે,
૪૩૯	૧૭	સમાન છે.	સમાન છે એ રૂપ શુભયોગ અને શુભ અધ્યવસાયનું પૂજામાં સામ્ય છે.
૪૪૦	૨	=તે પ્રમાણે જ છે.	=પૂર્વમાં જેમ પરમતમાં પ્રવેશ કહ્યો તે પ્રમાણે જ છે.
૪૪૦	૧૩	કાયિક ક્રિયાથી	કાયિક ક્રિયાથી થતી હિંસાને
૪૪૧	૨	એવી હિંસાથી	એવી હિંસાથી અન્ય એવી
૪૪૧	૪	યતનાશુદ્ધ ભાવ વડે તેને	યતનાશુદ્ધ ભાવ વડે પૂજા કરે છે તેથી તેની પૂજામાં થતા
૪૪૨	૧૩	તે સાક્ષી પાઠ	સૂયગડાંગનો સાક્ષીપાઠ
૪૪૩	૨૧	० रसिकेप्रणयिनी	० रसिकेव प्रणयिनी
૪૪૫	૧૩	પૂર્વાંગરૂપે	પૂર્વાંગરૂપે "तत्रासन्नो ..... अस्य" ।। ઈત્યાદિ શ્લોક વડે
૪૪૫	૧૫	"तत्रासन्नो ..... अस्य" ।। ઈત્યાદિ શ્લોક વડે - આટલો ભાગ કાઢી નાંખો	
૪૪૫	૧૬	બતાવ્યું છે.	બતાવનાર
૪૪૫		આરંભમાં	પ્રારંભમાં
૪૪૬	૩	"मलिनारम्भानुबन्धस्य छिदा"	मलिनारम्भानुबन्धस्य छिदा,
૪૪૭	૭	એ પ્રાપ્ત થાય કે -	એ પ્રાપ્ત થાય કે -एवं=આ રીતે=ષોડશક ગ્રંથમાં પૂર્વમાં બતાવ્યું એ રીતે,
૪૪૭	૨૨	ઉપનમ્ર=નમસ્કાર કરવાના સ્વભાવવાળા	ઉપનમ્ર=ઉપનમનના અર્થાત્ આવવાના સ્વભાવવાળા એવા જે સાધુઓ,
૪૪૭	૨૩	અને તેઓના=ચૈત્યોના,	ચૈત્યોના
૪૪૭	૨૩	ઉદ્યત થયેલા	ઉદ્યત થયેલા એવા તેઓના=ચૈત્યને

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
			નમવા માટે આવેલા એવા
૪૪૯	૪	વળી વીણા,	વળી નૃત્ય ઉત્સવમાં વીણા,
૪૫૬	૨૪	ઉ(પ)ચિત	ઉચિત
૪૫૮	૧૪	સંભવિત	સંભાવિત
૪૫૮	૧૬	સંભવિત	સંભાવિત
૪૫૯	૫	આ રીતે ટીકાર્થમાં શરુમાં લો -	
		इदं पुनरत्र विचारणीयम् - આ=આગળમાં કહેવાશે એ, વળી અહીં=દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહ્યો એમાં, વિચારવા જેવું છે જે બતાવે છે -	
૪૬૦	૨૧	તો ગ્રંથકારશ્રી સ્વયં આગળ જવાબ આપે છે - આ લખાણ કાઢી નાંખવાનું છે.	
૪૬૦	૨૨મી પંક્તિ પછી ✪ મૂકી આ લખાણ વાંચવુ -		
	મહાજયને કરનાર શ્રેષ્ઠ યજ્ઞ એટલે મોહને જય કરનાર યજ્ઞમાં જે શ્રેષ્ઠ યજ્ઞ ચારિત્ર છે તે		
૪૬૧	૧૫	ભાવયજ્ઞપદનો પ્રયોગ થાય છે.	ભાવયજ્ઞનો પ્રયોગ થાય છે. એ ભાવ અર્થથી પ્રાપ્ત થાય છે.
૪૬૩	૧૦	યાગો	યૌગો
૪૬૩	૧૩	ઉત્પન્ન થતા	નખાતા
૪૬૩	૨૭	તેને સામે રાખીને મીમાંસકનો મત સંગત થાય છે.	આનાથી चतुर्थ्यन्तपदनिर्देश्यत्वम् देवतात्वं એ રૂપ મીમાંસકમતનું નિરાકરણ થાય છે.
૪૬૫	૩	હોવાને કારણે	હોવાને કારણે મંત્રકરણક ત્યાગાંતરને લઈને
૪૬૫	૨૦	કહી શકાશે નહિ.	કહી શકાશે.
૪૬૫	૨૨	०'इंद्राय स्वाहा' એ અન્ય મંત્ર નહીં હોવા છતાં તે યજ્ઞના પ્રયોગમાં દેવતારૂપે ઇંદ્ર સિદ્ધ થયા.	અન્ય મંત્ર નહીં હોવા છતાં इंद्राय स्वाहा યજ્ઞના પ્રયોગમાં ઈન્દ્ર દેવતારૂપે સિદ્ધ થયા.
૪૬૮	૧૯	તે	તે બતાવીને ત્યાર પછી
૪૬૮	૨૦	આ રીતે તેનું ખંડન કરે છે -	ખંડન કરે છે -
૪૬૮	૨૪	તે	તે=यौगास्तु થી માંડીને इत्याहुः સુધીનું નૈયાયિકનું કથન,
૪૬૮	૨૯	'इति' શબ્દ	'इति' શબ્દ यौगास्तु પછી જે
૪૬૯	૭	દેવતારૂપે સિદ્ધ થાય છે.	દેવતારૂપે સિદ્ધ થાય છે, તેથી
૪૭૨	૨૨	સ્વાભાવિક	સ્વાભાવિક રીતે
૪૭૩	૧૧	તથા=તે પ્રકારના,	તથા=તે પ્રકારનો=જે મંત્રમાં તેમનું નામ

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
			આવે તે પ્રકારનો,
૪૭૮	૧૦	अग्नि प्रजापतिभ्यां	अग्निप्रजापतिभ्यां
૪૭૮	૧૩	અધ્યાહાર છે પછી આ લો - તે ઈત્યાદિથી સૂચિત છે.)	
૪૭૮	૧૩	ઈત્યાદિ	એ
૪૭૯	૧૨	અચેતન દેવતા	દેવતાને અચેતન
૪૮૩	૧૦	वित्र्यार्षेयाणामिति,	वित्र्यार्षेयाणामिति
૪૮૭	૨૬	એમ 'एतेन' નો અન્વય છે અને मिश्रोक्तमीमांसकमतमपि માં રહેલ 'अपि' નો સમુચ્ચય છે.	એમ मिश्रोक्तमीमांसकमतमपि માં રહેલ 'अपि' નો સમુચ્ચય છે.
૪૮૯	૩	મીમાંસક	નૈયાયિક
૫૦૭	૧૪	अतिप्रसङ्गाः ।	अतिप्रसङ्गः ।
૫૧૪	૧૩	નદીઉત્તરણના દૃષ્ટાંતથી	સાધુના નદીઉત્તરણના દૃષ્ટાંતથી શ્રાવકને
૫૨૫	૧૬	०दृष्टान्तरन्यायं	दृष्टा(न्ता)न्तरन्यायं
૫૨૬	૧૨	श्रीऋषभदेवस्येत्यर्थः ।	श्रीऋषभदेवस्येत्यर्थः
૫૨૬	૧૩	शेषः ।	शेषः ।
૫૨૫	૧૯	०घातकत्वात्	०घातकत्वात् ।
૫૨૭	૨૬	નીવૃત્ત અન્વિત=દેશસહિત,	નીવૃત્ત અન્વિત=દેશ શબ્દ સાથે સમાસથી જોડાયેલ
૫૨૭	૨૯	'सुतेभ्यः ને	'सुतेभ्यः' ને અધ્યાહાર
૫૩૩	૩	તત્પ્રદાન=રાજ્યનું પ્રદાન,	વિશેષથી તત્પ્રદાન=રાજ્યનું પ્રદાન,
૫૩૬	૧૧	અભ્યુચ્ચયને ઇં સમુચ્ચયતે,	અભ્યુચ્ચયને=સમુચ્ચયને,
૫૩૭	૨૪	પંચાશકના શ્લોક-૭/૩૫માં જે કહ્યું, તે અર્થને	હરિભદ્ર અષ્ટકના શ્લોક-૬ના કથનને જ
૫૩૮	૨	જે વળી	જે વળી કોઈ
૫૪૧	૯	ઉભયત્ર=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ ઉભયમાં,	ઉભયત્ર પણ=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ ઉભયમાં પણ,
૫૪૧	૨૭	મહાનિશીથ સૂત્રમાં પણ	મહાનિશીથ સૂત્રમાં
૫૪૨	૧૮	હવે શાસ્ત્રના બીજા	હવે મહાનિશીથ શાસ્ત્રના જ બીજા
૫૪૨	૨૧	મહાનિશીથ સૂત્રના અક્ષરો	મહાનિશીથ સૂત્રના અન્ય અક્ષરો
૫૭૫	૨૧	પ્રાપ્ત થયો. તેની	પ્રાપ્ત થયો તેની

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૭૫	૨૫	ભૂલના નિમિત્તને પામીને ભૂલ થઈ ત્યારે	ભૂલના નિમિત્તને પામીને=
૫૭૫	૨૭	ભૂલના નિમિત્તને પામીને	ભૂલના નિમિત્તને પામીને,
૫૭૫	૨૭	ઉચિત ખુલાસો માગ્યો.	ઉચિત ખુલાસો માગ્યો ત્યાર પછી સાવદ્યાચાર્યની આજ્ઞાવિરુદ્ધ પ્રવૃત્તિ શરુ થઈ.
૫૭૮	૮	તો પણ,	તો
૫૭૮	૧૨	નિર્ણય	ભય
૫૮૦	૪	જ્યારે ભગવાનનું	જ્યારે પૂર્વમાં બતાવ્યું એ પ્રકારનું ભગવાનનું
૫૮૯	૯	ત્યારે જે ઉચ્છિષ્ટ ..... પ્રવૃત્ત થઈ. આટલું લખાણ કાઢી નાંખો.	
૬૦૮	૧૭	इति	इति,
૬૦૮	૬	काऊनिस्साणं	काऊ निस्साणं
૬૦૮	૨૯	अपुष्टअव्यवच्छित्त्यादिરૂપ	આવશ્યકનિર્યુક્તિની ટીકામાં 'अन्नं' નો અર્થ કરતાં अपुष्टअव्यवच्छित्त्यादिરૂપ
૬૦૯	૧૭	મહાનિશીથની સાક્ષી બતાવીને કહ્યું કે	કહ્યું કે,
૬૦૯	૨૪	આવશ્યક અને મહાનિશીથાદિ	આવશ્યક અને વજ્રાચાર્યના કથનને કહેનાર મહાનિશીથાદિ
૬૧૦	૨૩	બતાવવા અર્થે	બતાવવા અર્થે શ્લોક-૪૭માં
૬૧૬	૪	તેથી તીર્થનમન પણ યતિઆશ્રમ ઉચિત	અને તીર્થનમન પણ યતિઆશ્રમને ઉચિત
૬૧૭	૩	'વા'=અથવા	'વા'=અથવા=અથવા,
૬૧૭	૭	કથનરૂપે	કહેલા તપરૂપે પ્રતિમાનતિ
૬૧૮	૩	નમસ્કાર થઈ	નમસ્કારગ્રહણ થઈ
૬૧૯	૧૬	સમુદાય રૂપ સંઘ (આ પ્રમાણે દરેકના અર્થ સમજવા.) ચૈત્ય એટલે જિનપ્રતિમા, એનો= તપસ્વી આદિનો, જે અર્થ=પ્રયોજન, તે તેવા છે=तवस्सी ..... चेइयट्ठे छे. મૂળમાં ..... चेइयट्ठे શબ્દ છે તેનો સમાસ જણાવે છે.	સમુદાયરૂપ સંઘ, ચૈત્ય એટલે જિન પ્રતિમા, (આ પ્રમાણે દરેકના અર્થ સમજવા.) મૂળમાં 'तवस्सी ..... चेइयट्ठे' શબ્દ છે તેનો સમાસ જણાવે છે - એનો=તપસ્વી આદિનો, જે અર્થ= પ્રયોજન, તે તેવા છે=तवस्सी चेइयट्ठे छे.

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૨૦	૨૮	ચૈત્યને છોડીને બાકી બધાનો	ચૈત્ય સુધીના સર્વનો ટીકાના અંતમાં સાક્ષી બતાવી તેમાં બતાવેલ
૬૨૪	૯	સંઘમાં	સઘના
૬૨૬	૧૩	અધિકૃત થયે છતે=અધિકારના વશથી ગ્રહણ કરાયે છતે	અધિકૃત થયે છતે=ગ્રહણ કરાયે છતે,
૬૩૧	૧૨	પૂર્વપક્ષ	પૂર્વ
૬૩૧	૧૩	ઉત્તરપક્ષ	ઉત્તર
૬૩૧	૧૩	તે બંનેનું	તે રૂપ પક્ષદ્વયનું
૬૩૧	૧૫	પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ બંનેનું	પૂર્વ અને ઉત્તરરૂપ પક્ષદ્વયનું
૬૩૮	૨	સમ્યક્ત્વનું અંગ બને છે.	સમ્યક્ત્વનું અંગ બને છે, તેથી સમ્યક્ત્વની સાથે અવિનાભાવી એવા અનંતાનુબંધીના અનુદયથી આપેક્ષિક એવા ઉપશમરૂપ સમ્યક્ત્વ ગુણો જ પ્રગટે છે.
૬૪૨	૨૧	અહીં ઇં	અહીં=
૬૫૦	૬	હોવાથી ત્યાં	હોવાથી
૬૫૦	૧૭	આ પ્રમાણે તને	આ પ્રમાણે
૬૫૦	૧૮	વાંચતા એવા સાધુવેશને ધારણ કરનારને	વાંચતા એવા અને સાધુવેશને ધારણ કરનાર એવા તને
૬૫૫	૧૪	હિંસાને ગ્રહણ કરીને પૂર્વમાં કહ્યું કે	પૂર્વમાં કહ્યું કે,
૬૫૫	૧૪	પ્રશ્નવ્યાકરણના કથનનું તાત્પર્ય	પ્રશ્નવ્યાકરણના કથનથી
૬૫૫	૧૪	અવિવેકવાળી	અવિવેકવાળી અને
૬૫૫	૧૫	ધર્મબુદ્ધિથી કરાતી હિંસામાં હિંસા કરનારને હિંસક અને મંદબુદ્ધિવાળા કહેવામાં આવ્યા છે. ભગવદ્પૂજા કરનારને નહિ.	ધર્મબુદ્ધિથી કરાતી હિંસા જેઓ કરે છે તેઓ હિંસક અને મંદબુદ્ધિવાળા છે એમ ફલિત થાય છે પરંતુ ભગવદ્પૂજા કરનાર નહિ.
૬૫૫	૧૬	એ પ્રશ્નવ્યાકરણના વિષયમાં	પ્રશ્નવ્યાકરણનો પૂર્વપક્ષી
૬૫૬	૨૪	તેના સમાધાનરૂપ..... શ્રદ્ધા કરવા યોગ્ય છે. આ લખાણ કાઢી નાંખો.	
૬૫૭	૧૭	ભ્રમાદિ (ગણ્ડાદિ ?)	ભ્રમાદિ
૬૬૪	૨૦	ઉચ્છેદી નથી	ઉચ્છેદી

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૬૬	૧૯	'संभविसमुच्चये न'	संभविसमुच्चयेन
૬૭૨	૧૬	કરાયે છતે	કરવામાં
૬૭૪	૨૪	અને સામાયિકથી જો તેની શુદ્ધિ થતી હોય તો સાવદ્યપ્રવૃત્તિરૂપ પૂજામાં કેમ પ્રયત્ન કરે ? તેથી કહે છે -	અને સામાયિકથી જેવી શુદ્ધિ તે કરી શકે છે તેના કરતાં પૂજાથી અધિક શુદ્ધિ કેમ થઈ શકે ? તેથી બીજો હેતુ કહે છે -
૬૭૪	૨૬	તેમાં=દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ છે.	તેમાં=દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ છે (તે જ બતાવે છે કે, વિવેકી શ્રાવક સામાયિક કરતાં પૂજાથી વધારે શુદ્ધિ તે કરી શકતો હોત તો વિવેકી શ્રાવક દ્રવ્યસ્તવમાં વધારે પ્રવૃત્તિ કરે નહિ.)
૬૭૫	૧૫	પૂજાની ક્રિયા તે નિર્જરા પ્રત્યે કારણ વિશેષ	પૂજાની ક્રિયા નિર્જરા પ્રત્યે વિશેષ કારણ બને
૬૭૬	૩	ક્ષેત્રમાં જ	ક્ષેત્રમાં
૬૭૮	૨૭	અન્ય આરંભવાળાઓ એવા જિનાર્ચનવિધિમાં આરંભની શંકા કરનારાઓને	જિનાર્ચનવિધિમાં આરંભની શંકા ધારણ કરનારા એવા અન્ય આરંભવાળાના
૬૭૯	૧૨	કરનારાઓને આ દોષો રહેલા છે -	કરનારાઓના આ દોષો છે -
૬૮૪	૨૨	સંકાશની	સંકાશાદિની
૬૮૮	૧૫	શુદ્ધ પ્રાપ્તિનો ઉપાય એટલે તેના વડે	શુદ્ધ પ્રાપ્તિના ઉપાય વડે
૭૦૨	૯	णहु	ण हु
૭૦૪	૧૫	આ પ્રકારે	આ રીતે
૭૦૪	૧૬	આ પ્રકારે	આ રીતે
૭૦૮	૧૫	આધાનથી	સમાધાનથી
૭૦૯	૫	अन्यतरबन्ध-स्याप्यहेतुत्वात्,	अन्यतरबन्धस्याप्यहेतुत्वात्,
૭૦૯	૧૧	આ પ્રકારની	આ રીતે
૭૧૬	૨૬	છતાં.	છતાં
૭૧૭	૪	અહીં કૂપદૃષ્ટાંત	એ રીતે કૂપદૃષ્ટાંત

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૧૮	૨૦	સદ્‌ગુણ ઉત્કીર્તનાનો ભાવ છે.	સદ્‌ગુણ ઉત્કીર્તનાભાવ=ભાવસ્તવ છે.
૭૧૮	૨૦	આના દ્વારા	આના દ્વારા=ભાવસ્તવના લક્ષણમાં રહેલ સદ્‌ગુણ ઉત્કીર્તનાનો અર્થ કર્યો એના દ્વારા,
૭૧૮	૨૨	મૃષાવાદ છે.	મૃષાવાદ છે એથી કરીને અસદ્‌ગુણોના ઉત્કીર્તનાનો નિષેધ છે એમ અન્વય છે.
૭૧૮	૨૩	'इति' શબ્દ ભાવસ્તવના કથનની સમાપ્તિસૂચક છે.	'इति' શબ્દ હેતુઅર્થક છે.
૭૧૮	૨૯	ઉચ્ચારણ કરવા રૂપ છે.	ઉચ્ચારણ કરવારૂપ છે. જે પોતાનામાં તેવા ગુણો પ્રગટ કરવામાં પ્રબલ કારણ અવશ્ય બને છે.
૭૨૯	૧૧	यत्ति	य त्ति
૭૨૯	૧૩	आह - ..... भाष्यकारः - પછી આ રીતે લો - 'आह' થી શંકા કરે છે જો આમ છે=	
૭૨૯	૨૪	કહે છે -	શંકા કરતાં કહે છે -
૭૨૯	૨૪	એથી કરીને અહીં	એથી કરીને અહીં=શંકાના સમાધાનમાં,
૭૩૦	૧૦	સાથે	સામે
૭૩૧	૨૮	ભાવસ્તવમાં	ભાવસ્તવરૂપ ચારિત્રમાં
૭૩૨	૧૭	દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવ	દ્રવ્યસ્તવ કરતાં સંયમીને ઉપાદેય એવું ચારિત્ર
૭૩૩	૧૦	ભાવસ્તવમાં	ચારિત્રની ક્રિયામાં
૭૩૪	૨૨	जोगे जोगे ..... जाया ।।	"जोगे जोगे... जाया"
૭૩૫	૫	ક્રિયાથી અન્ય	ક્રિયાથી અન્ય ક્રિયામાં પણ વર્તતા
૭૪૦	૩	'सुहभावहेउओ" त्ति	'सुहभावहेउओ' એ પ્રકારના



પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ના સંકલન-સંપાદનની વેળાએ પ્રાક્કથન

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, સારસ્વતપુત્ર મહોપાધ્યાયજી **યશોવિજયજી મહારાજા**ની એક અજોડ-અનુપમ સ્વોપજ્ઞવૃત્તિ સહિતની અણમોલવૃત્તિરૂપ **પ્રતિમાશતક** ગ્રંથરત્ન, આપણા સૌના અતિપરમ સદ્‌ભાગ્યને કારણે આપણને આ દુષમકાળમાં પણ સ્થાપનારૂપે રહેલ પરમાત્માના સ્વરૂપને પીછાણવા માટે પ્રાપ્ત થયેલ છે. જૈનસંઘની જિનબિંબ અને જિનાગમ એ મહામૂલી મૂડી છે. આપણને પ્રાપ્ત થયેલ જ્ઞાનનિધિના ખજાનામાં **પ્રતિમાશતક** ગ્રંથરત્ન એ મહાકીંમતી રત્ન કરતાં શ્રેષ્ઠરત્નસ્વરૂપ છે. ન્યાયવિશારદ ઉપાધ્યાય **યશોવિજયજી** મહારાજાની તર્ક્કર્કશબુદ્ધિ અને કલમે સર્જાયેલો અનેક ગ્રંથોમાંનો આ એક અતિ અદ્‌ભુત ગ્રંથ છે. આ ગ્રંથમાં પ્રાચીન સંદર્ભોનાં રહસ્યોને અનેક આગમપાઠો અને યુક્તિઓપૂર્વક નવ્યન્યાયની શૈલીથી ઓપ અપાયેલ છે. આવો મહામૂલો કીમતી ગ્રંથરત્ન અનેક જીવોને વાંચવામાં ઉપયોગી થાય એ માટે આ ગ્રંથરત્નનું ટીકા-ટીકાર્થ સહ શબ્દશઃ વિવેચન તૈયાર કરી ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત કરવામાં આવે છે. ખાસ તો મારી નાદુરસ્ત રહેતી તબિયતમાં પ્રસન્નતા જળવાઈ રહે અને મુખ્યતાએ સ્વ-આત્મ પરિણતિની નિર્મળતા થાય, આવા ઉત્તમ પદાર્થોના ચિંતન-મનન-નિદિધ્યાસન દ્વારા પરમ સુખાસિકાનો અનુભવ થાય, અને આત્માના સાચા સુખની પ્રાપ્તિ થાય એ રૂપ સ્વ-ઉપકારના લક્ષથી આ નાનકડો પ્રયાસ કરેલ છે, તે સાર્થકતાને પામે એવું ઇચ્છું છું.

રાજનગર મુકામે મારી નાદુરસ્ત તબિયત રહેતી હોવાના કારણે પૂજ્યોની આજ્ઞાથી સ્થિરતા કરવાનું બન્યું, એ અરસામાં યોગગ્રંથો-અધ્યાત્મગ્રંથો વાચવાનો સુઅવસર પંડિત શ્રી પ્રવીણભાઇ પાસે સાંપડ્યો. ખરેખર કહું તો મારા જીવનની આ શ્રેષ્ઠ ક્ષણો સમજું છું. પ્રતિમાશતક ગ્રંથવાંચનની શરૂઆત થઇ તે પ્રારંભ ક્ષણથી માંડીને જ આ ગ્રંથવાંચન કરતાં અતિ આનંદની અનુભૂતિ થવા લાગી, એકેક અદ્‌ભુત પદાર્થોનું યુક્તિ અને આગમપાઠો સાથેનું નિરૂપણ જોઈ ગ્રંથકારશ્રી ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાની તર્કશક્તિને, તીવ્ર મેધાશક્તિને બિરદાવ્યા વગર રહી શકાતું નથી. ગ્રંથવાંચન વખતે રોજે રોજ વંચાતા પાઠની સંકલના સ્વસ્વાધ્યાય માટે નોટરૂપે તૈયાર કરેલ. ત્યારપછી અનેક જ્ઞાનજિજ્ઞાસુ, તત્ત્વજિજ્ઞાસુ વર્ગની ભાવના-ઇચ્છા-માંગણીને અનુરૂપ એ વિવેચનાની પુનઃ સુવાચ્ય અક્ષરરૂપે ટીકા-ટીકાર્થ વિવેચન સહ ગોઠવણી કરી પ્રેસકોપી તૈયાર કરી, અને તેમાંથી **૧ થી ૨૯** શ્લોકની સંકલના **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧** અને **૩૦-૬૦** શ્લોકની સંકલના **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨** રૂપે ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત કરવામાં આવે છે.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨માં નીચે મુજબના મુખ્ય મુદ્દાઓની છણાવટ ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ કરેલ છે.

❖ દ્રવ્યસ્તવને કાષ્ઠ અને કટુઔષધની તુલનાથી વર્ણવેલ છે.

❖ દ્રવ્યસ્તવના બહુવિધ લાભોની સુંદર રજુઆત કરેલ છે.

❖ દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ તરીકે કહેલ છે.

❖ દ્રવ્યસ્તવના અનેકવિધ ગુણોનું અદ્‌ભુત વર્ણન કરેલ છે.

❖ શ્રેષ્ઠની અપેક્ષાએ જ શ્રેષ્ઠતમની પ્રશંસા યોગ્ય ગણાય, આ યુક્તિના સહારે જિનપ્રતિમાની શ્રેષ્ઠતાની સિદ્ધિ કરેલ છે.

❖ અંગઘર્ષણ ન્યાયથી દ્રવ્યસ્તવની મહત્તા ન્યાયપૂર્ણ સાબિત કરેલ છે.

❖ ભગવાનની ભક્તિને વૈયાવચ્ચરૂપે ઉદ્‌ઘોષણા કરેલ છે.

❖ કુશાસ્ત્રમાં કહેલ હિંસા જ ધર્માર્થ હિંસા છે, દ્રવ્યસ્તવમાં ધર્માર્થ હિંસા નથી એ સિદ્ધ કરેલ છે.

❖ દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતનું યોજન વાસ્તવિક કઈ રીતે છે, તે અનેક યુક્તિ અને શાસ્ત્રપાઠોથી સંગત કરેલ છે.

ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાની શ્રેષ્ઠ પ્રતિભાનાં દર્શન કૂપદૃષ્ટાંત પ્રકરણમાં વિશેષ રીતે થાય છે. કૂપદૃષ્ટાંત સ્થળમાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ **આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૧/૧૯૨/ ૧૯૩/૧૯૪** નો પાઠ સટીક આપી અને પૂજાપંચાશક ગ્રંથના પાઠો આપીને એ દરેકની સંગતિ સ્વપ્રતિભાથી વિશિષ્ટ રીતે કરેલ છે, તે ગ્રંથવાંચન કરવાથી સ્વયં જ સમજાશે.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨માં આવતા અલંકારો આ પ્રમાણે છે –

શ્લોક-૩૪ માં 'समम्' અલંકાર બતાવેલ છે.

શ્લોક-૪૪માં 'અપ્રસ્તુત પ્રશંસા' અલંકાર બતાવેલ છે.

શ્લોક-૪૯માં 'અતિશયોક્તિ' અલંકાર બતાવેલ છે.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ અને **પ્રતિમાશતક** શબ્દશઃ વિવેચન ભાગ-૨માં આવતાં દૃષ્ટાંતો આ પ્રમાણે છે –

ભાગ-૧માં ચમરેન્દ્રના ઉત્પાત વિષયક આગમપાઠ
સૂર્યાભદેવની ભક્તિવિષયક આગમપાઠ
કેશીગણધરનો પ્રદેશી રાજાને ઉપદેશ વિષયક આગમપાઠ.

આ સિવાય પણ અનેક આગમપાઠો આપેલ છે.

ભાગ-૨માં શ્લોક-૪૬માં સાવદ્યાચાર્ય અને વજ્રાચાર્યના મહાનિશીથસૂત્રવિષયક દૃષ્ટાંતો આપેલ છે. એમાં ઉત્સૂત્રભાષણથી સાવદ્યાચાર્યે અનંત સંસાર કેવી રીતે ઉપાર્જન કર્યો, અને ઉત્સૂત્રભાષણના ભવાંતરમાં કેવા દારુણ વિપાકો તેમને ભોગવવા પડ્યા, એનો તાદૃશ ચિતાર ખડો કરેલ છે, અને

વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં આચાર્ય ભગવંતો કેવા સ્વરૂપવાળા હોય ? આચાર્ય ભગવંતોનું શિષ્યો પ્રત્યેનું કર્તવ્ય શું હોય ? ઇત્યાદિ માર્મિક વાતો વર્ણવેલ છે.

શ્લોક-૪૬માં આવેલ સાવદ્યાચાર્ય અને વજ્રાચાર્યના હૃદયંગમ દૃષ્ટાંતોના કારણે ગ્રંથ અતિ રોચક બનેલ છે, અને ખરેખર તે વર્ણન વાંચવા-વિચારવા અને જીવનમાં સજાગ બનવા માટે ચિંતન કરવા યોગ્ય છે.

- **શ્લોક-૫૩માં** જિતશત્રુરાજાને તત્ત્વ પમાડવા માટે સુબુદ્ધિમંત્રીએ કરેલ ઉપાયનું દૃષ્ટાંત જ્ઞાતાધર્મકથાનું આપેલ છે.
- **શ્લોક-૫૭માં** સંકાશશ્રાવકનું દૃષ્ટાંત આપેલ છે.

આ સિવાય અનેક આગમપાઠો બીજા પણ આપીને તે તે પદાર્થો સયુક્તિ સિદ્ધ કરી આપેલ છે.

- **શ્લોક-૩૯માં** હારિભદ્ર-રાજ્યાદિદાનદૂષણનિવારણ અષ્ટક આપેલ છે.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨માં ન્યાયો પણ આપેલ છે, તે આ રીતે –

- **શ્લોક-૩૬માં** जलं निन्दामि पिबामि च - એ ન્યાયસંબદ્ધ વક્તવ્ય બતાવેલ છે.
- **શ્લોક-૩૮માં** સુતકર્ષણ ન્યાયથી દ્રવ્યસ્તવમાં અદુષ્ટતા સ્થાપેલ છે.
- **શ્લોક-૩૯માં** માત્સ્યન્યાય સંબદ્ધ કથન બતાવેલ છે.
- **શ્લોક-૪૨માં** 'अजां निष्काशयतः क्रमेलकागम' એ ન્યાયસંબદ્ધ કથન બતાવેલ છે.
- **શ્લોક-૫૬માં** તૃણ-અરણિ-મણિ ન્યાયસંબદ્ધ કથન બતાવેલ છે.
- **શ્લોક-૬૦માં** પ્રસ્થકન્યાય સંબદ્ધ કથન બતાવેલ છે.

આ રીતે અનેક ન્યાયોથી પણ તે તે પદાર્થની યુક્તિપૂર્વક સિદ્ધિ કરેલ છે.

આ સિવાય બીજા પણ અનેક શબ્દોની વ્યુત્પત્તિ વગેરે ખૂબ સુંદર ખોલેલ છે, જેમ -

- **શ્લોક-૩૬માં** નિર્ગ્રંથ શબ્દની વ્યુત્પત્તિ બતાવતાં કહ્યું કે - निर्गता ग्रन्थादिति निर्ग्रन्थाः=साधवः, तेषाम् ।
- **શ્લોક-૬૦માં** પ્રવ્રજ્યાનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે, सर्वस्याऽपि प्रव्रज्याया भवद्वयकृतकर्मप्रायश्चित्त-रूपतायास्तत्र तत्र व्यवस्थितत्वात् ।
- **શ્લોક-૬૦માં** એક ખૂબ સુંદર વાત એ બતાવી કે - अशुद्धदानं हि अतिथिसंविभागव्रतस्यातिचारभूतं, शुद्धपूजा च समग्रश्राद्धधर्मस्य तिलकीभूतोत्तरगुणरूपेति અને તેમાં તથા चाह - થી વાચકચક્રવર્તી ઉમાસ્વાતિ મહારાજાના પ્રશમરતિ ગ્રંથ શ્લોક-૩૦૫ની સાક્ષી આપેલ છે. આ કથનમાં વિધિશુદ્ધપૂજાને સમગ્ર શ્રાવકધર્મના તિલક સમાન ઉત્તરગુણરૂપ કહેલ છે. આ તો માત્ર નમૂનારૂપ કહેલ છે, બાકી તો આ ગ્રંથરત્નમાં કેવા કેવા પદાર્થોનું નિરૂપણ કર્યું છે તે આ

ગ્રંથમાં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના અને વિસ્તૃત અનુક્રમણિકા વાંચવાથી વાચકવર્ગને સ્વયં જ ખ્યાલ આવશે. અનુક્રમણિકા કદમાં વિસ્તૃત બની છે પણ વિસ્તૃત અનુક્રમણિકા બનાવવાનો ઉદ્દેશ ગ્રંથકારશ્રીએ ૧૦૦ શ્લોકના આ ગ્રંથરત્નમાં પદાર્થનો કેવો મહાખજાનો આપણને આપેલ છે તે સમજી શકાય છે.

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ના પ્રાક્કથનમાં જણાવ્યા મુજબ, ગ્રંથ સંપાદનની શૈલીમાં વિષયક્રમ મુજબ ટીકા-ટીકાર્થ લીધેલ છે. ટીકાના અર્થમાં વચ્ચે વચ્ચે અનેક ઉત્થાનો કરેલ છે, તેનાથી તે તે કથન કે હેતુ શા માટે આપેલ છે તેનો સુગમતાથી બોધ થઇ શકે છે. ટીકાર્થની નીચે વિશેષાર્થ આપેલ છે તે વિશેષાર્થ ક્યાંક સંપૂર્ણ ટીકાર્થને અનુલક્ષીને લીધેલ છે, તો ક્યાંક ટીકાના અમુક કથનને અનુલક્ષીને તેટલો જ વિશેષાર્થ આપેલ છે. ટીકાના અર્થની કોઇ કોઇ સ્થાનમાં વિશેષાર્થમાં પુનરુક્તિ પણ થાય છે, પરંતુ તે પદાર્થનો સંસ્કૃત ભાષાના અનભિજ્ઞને પણ બોધ થાય તે હેતુ હોવાથી તે પુનરુક્તિ ક્ષંતવ્ય ગણાશે.

ટીકામાં જ્યાં અશુદ્ધ પાઠ લાગે અને સંગત ન થાય ત્યાં તે તે પાઠ ગીતાર્થ ગંગા સંસ્થામાં ઉપલબ્ધ હસ્તલિખિત ઝેરોક્ષ પ્રતના આધારે શુદ્ધિ કરેલ છે અને કેટલાક સ્થાનમાં પાઠ સંગત ન લાગે ત્યાં એ પાઠની અસંગતિને દૂર કરવા ટીકાની નીચે નોંધ આપી છે, કે અહીં આવો પાઠ ઉચિત લાગે છે કે ભાસે છે, અને ટીકામાં તે પાઠ કૌંસમાં બાજુમાં મૂકેલ છે. ઉદ્ધરણના પાઠોમાં પણ મુદ્રિત પુસ્તકમાં અનેક અશુદ્ધિઓ રહેલ તે અશુદ્ધિઓનું પરિમાર્જન તે તે ગ્રંથની પ્રતોમાંથી કરેલ છે, અને શુદ્ધ પાઠ મૂકેલ છે. તે આ રીતે -

- **શ્લોક-૩૪માં** 'महाजयं जयइ जन्नमिट्ठं' પાઠ છે ત્યાં ઉત્તરાધ્યયન અધ્યાય-૧૨ ગાથા-૪૨માં 'महाजयं जयइ जण्णसिट्ठं' પાઠ છે અને તે સંગત હોવાથી તે મૂકેલ છે.
- **શ્લોક-૩૯માં** મુ.પુ.માં न्यायोऽतिदेशलक्षणः પાઠ છે ત્યાં હ.પ્ર.માં न्यायो निर्देशलक्षणः પાઠ છે તે લીધેલ છે.
- **શ્લોક-૪૬માં** મહાનિશીથગત સાવદ્યાચાર્યના દૃષ્ટાંતમાં जीवाइपयत्थे सुत्तत्थपरिन्नाणे सुमहंते चेव પાઠ છે, ત્યાં મહાનિશીથસૂત્રમાં અને પ્રતિમાશતકની હસ્તપ્રતમાં जीवाइपयत्थेसु तत्तपरिन्नाणे सुमहतं च પાઠ છે, તે શુદ્ધ જણાવાથી તે પાઠ લીધેલ છે. તથા 'तं चेवुद्दामुस्सिंखलेणं मुहेण' પાઠ છે ત્યાં 'तं वच्चं उद्दामुस्सिंखलेणं मुहेण' પાઠ હસ્તપ્રતમાં છે તે લીધેલ છે. તથા अत एव साधूनामवधानतां(साधुनामवतां ?) આ પ્રમાણે મુ.પુ. પાઠ છે, ત્યાં હસ્તપ્રતમાં 'साधूनामवधावतां' પાઠ છે અને તે સંગત જણાવવાથી તે પાઠ લીધેલ છે.
- **શ્લોક-૫૧માં** વિંશિકા ૬/૧૭ની સાક્ષીમાં वत्थु त्ति પાઠ છે, ત્યાં વિંશિકામાં वन्नु त्ति પાઠ મળે છે અને તે સંગત લાગવાથી તે પાઠ લીધેલ છે.

- **શ્લોક-૫૨માં** મૂળ શ્લોકમાં મુ.પુ. માં સુરૈ (जनैः ?) પાઠ છે, ત્યાં હસ્તપ્રતમાં जनैः પાઠ મળેલ છે તેથી जनैः પાઠ લીધેલ છે.
- **શ્લોક-૫૪માં** મુ.પુ.માં रागादि (गण्डादि ?) रोगोच्छेदार्थम् પાઠ છે, ત્યાં હસ્તપ્રતમાં 'भ्रमादिरागोच्छेदार्थम्' પાઠ મળેલ છે અને સંગત જણાવવાથી તે પાઠ લીધેલ છે.
- **શ્લોક-૬૦માં** મુ.પુ.માં जिनपूजाकायवधमुपेत्य प्रवृत्तेर्दर्शिते પાઠ છે, ત્યાં હસ્તપ્રતમાં जिनपूजाकाय-वधोपेत्यप्रवृत्तेर्दर्शितत्वात् પાઠ છે, તે સંગત લાગવાથી તે લીધેલ છે.

આ રીતે અનેક બીજા પણ પાઠોની શુદ્ધિ હસ્તપ્રતના આધારે અને ઉદ્ધરણગત પાઠોની શુદ્ધિ તે તે ગ્રંથની પ્રતોના આધારે કરેલ છે.

આ ગ્રંથના પ્રુફસંશોધનકાર્યમાં પૂ. સા. શ્રી **ચંદ્રાનનાશ્રીજી** મ.ના શિષ્યા સા. **ચારુનંદિતાશ્રીજી** મ.ના શિષ્યા સા. **હિતરુચિતાશ્રીજી**નો સહયોગ સાંપડેલ છે, તથા સુશ્રાવક **શાંતિલાલ શિવલાલ શાહ**નો પ્રુફસંશોધનકાર્યમાં તથા ભાષાકીય સુધારા-વધારા વગેરે માટે અનેક પ્રશ્નો કરીને ગ્રંથ સુવાચ્ય બને તે માટે વિશેષ સહયોગ સાંપડેલ છે, અને તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની-વાંચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અનુભવેલ છે.

છદ્મસ્થતાવશ આવા બૃહત્કાય ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંશોધનાદિ કાર્યમાં અનેક ત્રુટિઓ રહેવાની સંભાવના છે. સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન ન થઈ જાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે, છતાં જિનાજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ ક્યાંય પણ પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો તે માટે મિચ્છા મિ દુક્કડં માંગું છું.

પ્રાંતે અંતરની એક જ મહેચ્છા કે દેવ-ગુરુની અસીમ કૃપાથી સ્વઆત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલો આ પ્રયાસ સ્વ-પર ઉપકારક બને, અને મને પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની જે તક મળી તે સ્વાધ્યાયની પરિણતિ દ્વારા ક્રમે કરીને નિઃસંગભાવની અનુભૂતિ, પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ, ક્ષપકશ્રેણિનો પ્રારંભ, કેવલજ્ઞાનની પ્રાપ્તિ, પૂર્ણ વીતરાગઅવસ્થાના આસ્વાદની અનુભૂતિ, યોગનિરોધ દ્વારા સર્વસંવર ભાવની પ્રાપ્તિ અને પરિપૂર્ણસુખસ્વરૂપ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ નિકટના ભવોમાં થાય, મુક્તિસુખની ભાગી બની શકું એ જ શુભાશયથી કરેલો આ નાનકડો પ્રયાસ સફળતાને પામો, એ જ શુભભાવના !

વિ. સં. ૨૦૫૮, અષાઢ સુદ-૬,
સોમવાર, તા. ૧૫-૭-૨૦૦૨,
એફ-૨, જેઠાભાઈ પાર્ક, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

પરમપૂજ્ય પરમતારક પરમારાધ્યપાદ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
સામ્રાજ્યવર્તી તથા પ. પૂ. સરળસ્વભાવી પ્રવર્તિની
સાધ્વીશ્રી રોહિતાશ્રીજી મ. સા. ના શિષ્યરત્ના સાધ્વીશ્રી
ચંદનબાલાશ્રી

પ્રતિમાશતક ગ્રંથરત્નમાં આવતા શ્લોક-૩૦ થી ૬૦ના પદાર્થોની સંક્ષિપ્ત સંકલના

મોક્ષનું કારણ એવું દ્રવ્યસ્તવ ગૃહસ્થો સેવે છે તેમ સાધુભગવંતો કેમ સેવતા નથી ? તે કથન **શ્લોક-૩૦માં** યુક્તિથી બતાવેલ છે.

વળી, કોઇને પ્રશ્ન થાય કે, જેમ કૂપદૃષ્ટાંતથી શ્રાવકને પૂજા ગુણકારી છે તેમ સાધુને પણ પૂજા ગુણકારી હોવી જોઇએ, તે **શ્લોક-૩૦માં** કહેલ છે.

વળી, ગૃહસ્થને પૂજામાં જો સાવદ્યનું સ્ફુરણ થતું નથી તો સાધુને પણ પૂજામાં સાવદ્યનું સ્ફુરણ થવું જોઇએ નહિ, તેનું નિરાકરણ કરીને શ્રાવકને ભગવાનની પૂજામાં અધ્યાત્મનું સ્ફુરણ થાય છે, "જ્યારે સાધુને પૂજામાં સાવદ્યનું સ્ફુરણ કેમ થાય છે ?" તે યુક્તિથી **શ્લોક-૩૦માં** સ્થાપન કરેલ છે, અને આથી જ મલિનારંભી ગૃહસ્થો દ્રવ્યસ્તવના અધિકારી છે, જ્યારે નિરારંભી એવા સાધુઓ દ્રવ્યસ્તવના અધિકારી નથી.

વળી, દ્રવ્યસ્તવ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ પેદા કરવા દ્વારા ફળથી સંયમનું કારણ છે, જ્યારે સાધુ તો દ્રવ્યસ્તવથી પ્રાપ્તવ્ય એવા ચારિત્રમોહનીયના ક્ષયોપશમને પામેલા હોવાથી ભાવસ્તવના અધિકારી છે, તે **શ્લોક-૩૦માં** બતાવેલ છે.

વળી, સ્વ-પર અને ઉભયના ભેદથી પારિતાપનિકી ક્રિયા શાસ્ત્રમાં કહેવાયેલ છે, તેથી લોચ કરવામાં અને તપના અનુષ્ઠાનમાં પણ પારિતાપનિકી ક્રિયા પ્રાપ્ત થાય છે અને પારિતાપનિકી ક્રિયા કર્મબંધનું કારણ છે; એવી શંકાનું નિરાકરણ કરીને લોચ કરવામાં કે તપ અનુષ્ઠાન કરવામાં કેવો અધ્યવસાય છે કે જેથી ત્યાં પારિતાપનિકી ક્રિયા નથી, તે **શ્લોક-૩૦માં** યુક્તિથી બતાવેલ છે.

વળી, પ્રવચનના માલિન્યના રક્ષણ માટે અપ્રમત્તમુનિઓને પણ માયાપ્રત્યયિકી ક્રિયા હોઇ શકે છે, તે વાત આગમના વચનથી બતાવીને, અપ્રમત્તસંયતને નવમા ગુણસ્થાનક સુધી કષાયોનો વ્યક્ત ઉપયોગ મુનિને હોઇ શકે છે, તે વાત **શ્લોક-૩૦માં** કહેલ **प्रवचनमालिन्यरक्षणार्थमेव सा नान्यकाल इत्यर्थस्य वृत्तौ व्याख्यानात्** એ કથન, અને પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેલ **मायाप्रत्ययाप्यनिवृत्तिबादरसंपरायं यावद्भाविनी परतो न भवति** એ કથન, આ બંને કથનથી નક્કી થાય છે.

વળી, અધ્યવસાય પ્રમાણે ક્રિયા શુભ કે અશુભ કહેવાય છે એ પ્રકારની નિશ્ચયનયની માન્યતા ભગવતીસૂત્રના પાઠથી અને પ્રજ્ઞાપનાસૂત્રના પાઠથી પુષ્ટ કરેલ છે.

વળી, હિંસાદિ પાંચે પણ અવ્રતો અધ્યવસાય પ્રમાણે જ હિંસા કે અહિંસારૂપ બને છે, પરંતુ બાહ્ય હિંસા કે અહિંસાથી હિંસા કે અહિંસારૂપ બનતા નથી, એ વાત પૂ. મલયગિરિ મહારાજના વચનથી સ્થાપન કરેલ છે.

વળી, હિંસાના સ્વરૂપના વિવેચનમાં અને હિંસાના વિષયવિભાગમાં નયોનો અભિપ્રાય ક્યાં જુદો પડે છે, તેનું પણ યુક્તિથી **શ્લોક-૩૦માં** સમર્થન કરેલ છે.

વળી, કોઇ જીવે મરણ વખતે સર્વ વસ્તુ વોસિરાવી ન હોય તો, પૂર્વભવના શરીરથી થતી હિંસાની પ્રાપ્તિ તે જીવને થાય છે, તે કથન તે જીવના અવિરતિના નિમિત્તથી ઉપચાર કરીને કહેવાય છે, અને તે ઉપચાર કઇ અપેક્ષાએ છે તેનું શાસ્ત્રપાઠ અને યુક્તિથી **શ્લોક-૩૦માં** સ્થાપન કરેલ છે.

વળી, જેમ ભગવાનની પૂજા એ ક્રિયાત્મક છે તેમ સમ્યગ્‌દર્શન પણ ક્રિયાત્મક છે, તેથી ક્રિયા સંસારનું કારણ હોય, મોક્ષનું કારણ ન થઇ શકે, તેવી માન્યતાનું યુક્તિથી નિરાકરણ કરેલ છે.

વળી બૌદ્ધના મતમાં હિંસાનાં પાંચ અંગો હોય ત્યાં જ હિંસા મનાય છે, અન્યત્ર નહિ, તેનું યુક્તિથી નિરાકરણ કરેલ છે. અને બૌદ્ધ માને છે તે પરિજ્ઞાઉપચિત, અવિજ્ઞોપચિત, ઇર્યાપથ અને સ્વપ્નાન્તિક એ ચાર પ્રકારની હિંસાનું સ્વરૂપ **શ્લોક-૩૦માં** વિસ્તારથી બતાવેલ છે.

શ્લોક-૩૧ થી ૩૪માં જિનમંદિરથી થતાં લાભોનું વર્ણન બતાવેલ છે.

શ્લોક-૩૧માં દ્રવ્યસ્તવમાં વિતૃષ્ણાને કારણે અપરિગ્રહવ્રતની દૃઢતા થાય છે, દાનધર્મથી ધર્મની ઉન્નતિ થાય છે, સદ્‌ધર્મના વ્યવસાયથી મલિનારંભના અનુબંધનો ઉચ્છેદ થાય છે અને ચૈત્યને નમસ્કાર કરવા માટે આવેલા સાધુના વચનને સાંભળવાથી તત્ત્વનો બોધ થાય છે, એ વાત યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૩૨માં જિનમંદિરના દર્શન માટે આવેલા અનેક સંઘોનો પરિચય થવાથી, સંઘમાં રહેલા ઘણા શાસ્ત્રના જાણકારો એવા શ્રાવકોનો પરિચય થાય છે, અને તેનાથી ઘણા શાસ્ત્રના તત્ત્વોનો બોધ પ્રાપ્ત થાય છે, અને તેનાથી સદ્‌યોગ અવંચકાદિ ક્રમથી પરમસમાધિની પ્રાપ્તિ થાય છે, તે વાત કહેલ છે.

શ્લોક-૩૩માં ભગવાનની પૂજાના કાળમાં ભગવાન સાથે તન્મયતા થવાથી સમાપત્તિ પ્રાપ્ત થાય છે, અને તે વખતે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ઉલ્લસિત થાય છે, અને વૈર, વ્યાધિ, વિરોધ, મત્સર અને ક્રોધાદિ ઉપદ્રવો શાંત થાય છે, માટે દ્રવ્યસ્તવથી ઘણા ગુણોની પ્રાપ્તિ થાય છે, એ પ્રકારનું કથન કહેલ છે.

શ્લોક-૩૪માં પૂજાની ક્રિયામાં દશત્રિકાદિ વિધિમાં યત્ન કરવાથી દ્રવ્યસ્તવ ભાવયજ્ઞ બને છે તે વાત યુક્તિથી બતાવેલ છે, અને જેમ દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહ્યો પણ ભાવસ્તવ ન કહ્યો તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી, નૈયાયિક દેવતાનું લક્ષણ શું કરે છે તે બતાવીને, શબ્દાત્મક દેવતાને માનનાર મીમાંસકનું ખંડન નૈયાયિક કઇ રીતે કરે છે તે બતાવેલ છે, અને મીમાંસક અચેતન દેવતાને માને છે અને તેમાં મીમાંસકની યુક્તિ બતાવીને મીમાંસકો નૈયાયિકની સચેતન દેવતાની માન્યતાનું કઇ રીતે ખંડન કરે છે, તે બતાવેલ છે, અને ગ્રંથકારને નયભેદથી સચેતન અને અચેતન બંને દેવતા માન્ય છે, તે યુક્તિથી સ્થાપન કરેલ છે. આમ છતાં નૈયાયિકને માન્ય અને મીમાંસકને માન્ય એવા દેવતા યોગીઓને ઉપાસનીય નથી,

પરંતુ વીતરાગ દેવતા જ ઉપાસનીય છે તેનું પણ યુક્તિથી **શ્લોક-૩૪માં** સ્થાપન કરેલ છે.

વળી, યોગીઓને દેવાધિદેવ ઉપાસનીય છે, અને મંત્રમય દેવતાનય સમભિરૂઢનયનો ભેદ છે અથવા તો સમભિરૂઢનય ઉપજીવી ઉપચાર છે, અને જેને આશ્રયીને સંયતો પણ સરસ્વતી આદિ દેવીઓને નમસ્કાર કરે છે, તે દેવલોકમાં રહેલ સરસ્વતી આદિ દેવીઓને નમસ્કાર નથી, પરંતુ મંત્રમય શબ્દાત્મક અચેતન દેવતાને નમસ્કાર છે, તે વાતને ગ્રંથકારે સંપ્રદાય અવિરુદ્ધ પોતાનો પરિષ્કાર છે એ રીતે **શ્લોક-૩૪માં** બતાવેલ છે.

શ્લોક-૩૫માં ભાવઆપત્તિના નિવારણ ગુણવાળું દ્રવ્યસ્તવ હોવાથી ભગવાનની મૂર્તિ પૂજનીય છે એ વાત યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૩૬માં સાધુને નદી ઊતરવાની ક્રિયામાં આરંભ હોય છતાં સંયમની ક્રિયા હોવાથી જેમ નિરારંભ મનાય છે, તેમ ભગવાનની પૂજા પણ નિરારંભિકી ક્રિયા છે એ વાત યુક્તિથી બતાવેલ છે.

વળી, સાધુને સંયમની વૃદ્ધિ અર્થે અનેક વખત નદી ઊતરવાની અનુજ્ઞા હોવા છતાં રાગપ્રાપ્ત નદી ઊતરવામાં મહિનામાં બે, ત્રણથી અધિકવાર નદી ઊતરવાનો નિષેધ કઇ અપેક્ષાએ છે તેનું યુક્તિથી **શ્લોક-૩૬માં** સ્થાપન કરેલ છે.

વળી, વર્ષાઋતુમાં પણ કારણે વિહાર કરવાની અનુજ્ઞા છે, અને સાધુને નદી ઊતર્યા પછી ઇરિયાવહિયાની વિધિ છે અને દ્રવ્યસ્તવમાં ઇરિયાવહિયા નથી, તેનું પારમાર્થિક તાત્પર્ય શું છે ? તેનું યુક્તિથી **શ્લોક-૩૬માં** સમર્થન કરેલ છે.

વળી, કઇ ક્રિયા ઇરિયાવહિયાપૂર્વક કરવાની છે અને કઇ ક્રિયાઓમાં ઇરિયાવહિયા કરવાની નથી તેનું તાત્પર્ય પણ **શ્લોક-૩૬માં** સ્પષ્ટ કરેલ છે.

શ્લોક-૩૭માં નદી ઊતરવામાં યુક્તિથી અદુષ્ટપણું સ્થાપન કરીને તેના દૃષ્ટાંતથી પ્રતિમામાં પણ હિંસાનો દોષ નથી એ વાત યુક્તિથી બતાવેલ છે.

વળી, સાધુને નદી ઊતરવા વિષયક ઉત્સર્ગ-અપવાદસૂત્રનું તાત્પર્ય સ્પષ્ટ કરેલ છે.

શ્લોક-૩૮માં સાપના મુખથી પુત્રના આકર્ષણના દૃષ્ટાંતથી ભગવાનની પૂજામાં અદોષનું સ્થાપન કરેલ છે.

શ્લોક-૩૯માં ઋષભદેવે પુત્રાદિને બતાવેલ શિલ્પાદિ શિક્ષા અને રાજ્યવિભજ્યદાનના દૃષ્ટાંતથી ભગવાનની પૂજામાં નિર્દોષતાની સ્થાપક યુક્તિ બતાવેલ છે.

શ્લોક-૪૦માં મહાનિશીથસૂત્રના પાઠથી દેશવિરત શ્રાવકને પૂજાની વિધિદ્વારા જિનપ્રતિમાની પૂજાના કથનના સ્થાપન દ્વારા પ્રતિમાની પૂજ્યતા બતાવેલ છે.

શ્લોક-૪૧માં શ્રાવકના દાન, શીલ, તપ અને ભાવના ફળસદૃશ ભગવાનની પૂજાના ફળને યુક્તિથી સ્થાપન કરેલ છે.

શ્લોક-૪૨માં મહાનિશીથસૂત્રના કેટલાક આલાપકો અશ્રદ્ધેય છે, એ પ્રકારના પૂ. હરિભદ્રસૂરિ મહારાજના વચન દ્વારા સંપૂર્ણ મહાનિશીથસૂત્રને અપ્રમાણરૂપે શ્વેતાંબર સંપ્રદાયને ગ્રહણ કરીને મહાનિશીથસૂત્રના વચનથી મૂર્તિ પૂજનીય સિદ્ધ થાય નહિ, એ પ્રકારની સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ કરેલ છે.

વળી, મહાનિશીથસૂત્રના કેટલાક આલાપકોને છોડીને સંપૂર્ણ મહાનિશીથસૂત્ર શ્રદ્ધેય છે, એ પ્રકારનું પૂ. હરિભદ્રસૂરિ મહારાજ સાહેબનું વચન અને તેમ સ્વીકારવા પાછળની તેમની યુક્તિ અને વૃદ્ધવાદ પ્રમાણે સંપૂર્ણ મહાનિશીથસૂત્રને પ્રમાણરૂપે સ્વીકારની યુક્તિ **શ્લોક-૪૨માં** બતાવેલ છે.

શ્લોક-૪૩/૪૪માં મહાનિશીથસૂત્રના સાવદ્યાચાર્યના વચનને ગ્રહણ કરીને મૂર્તિની અપૂજ્યતાની સ્થાપક લુંપાકની યુક્તિનું નિરાકરણ કરેલ છે.

શ્લોક-૪૫માં સાવદ્યાચાર્યના વચનનું જે રીતે તાત્પર્ય હતું તે રીતે જ દરેક શાસ્ત્રોના વચનોને ઉચિત રીતે જોડીને સૂત્રને નિઃશંકિત કરવાથી પ્રવ્રજ્યાની સાર્થકતાની પ્રાપ્તિ થાય છે તે વાત યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૪૬માં વજ્રાચાર્યના સાધુને યાત્રાનિષેધના દૃષ્ટાંતથી ભગવાનની મૂર્તિને અપૂજ્યરૂપે સ્વીકારની સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ કરેલ છે, અને તેના દ્વારા અવિધિપૂર્વકની તીર્થયાત્રા સાધુને દુષ્ટ છે અને વિધિપૂર્વકની તીર્થયાત્રા સાધુને સંમત છે એ વાત યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી, સાવદ્યાચાર્ય અને વજ્રાચાર્યનું દૃષ્ટાંત વિસ્તારથી બતાવેલ છે, અને સાવદ્યાચાર્યના દૃષ્ટાંતમાં મઠાધીશોની જિનાલયની પ્રવૃત્તિને સાવદ્ય કહીને સાવદ્યાચાર્યે કઇ રીતે સંસાર પરિમિત કર્યો અને તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું, અને તે જ સાવદ્યાચાર્યે પાછળથી ઉત્સૂત્રભાષણ કરીને અનંતસંસારની કદર્થના કઇ રીતે પામ્યા, તે વાત **શ્લોક-૪૬માં** બતાવેલ છે. અને કેવા કેવા પ્રકારના ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર થઇ શકે એવો બોધ કરાવનારાં અનેક વચનો સાવદ્યાચાર્યના દૃષ્ટાંતમાં જોવા મળે છે, અને વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં સાધુને કઇ રીતે અવિધિથી કરાયેલ તીર્થયાત્રા સંસારના પરિભ્રમણનું કારણ બને છે, અને જ્યારે શિષ્યો માર્ગની વિરુદ્ધ પ્રવૃત્તિ કરતા હોય ત્યારે ગુરુને શું ઉચિત કર્તવ્ય છે, તેનો બોધ વજ્રાચાર્યના દૃષ્ટાંતથી થાય છે.

શ્લોક-૪૭માં ભગવાને સોમિલના પ્રશ્નમાં સાધુને તપ-સંયમરૂપ યાત્રા બતાવેલ છે, તેથી સાધુને તીર્થયાત્રા હોઇ શકે નહિ, એ પ્રકારની શંકાનું નિરાકરણ કરેલ છે.

વળી, ભગવાનની કેવલજ્ઞાન પછી તપ-સંયમરૂપ યાત્રા શું છે ? તેનો પણ પરમાર્થ **શ્લોક-૪૭માં** ખોલેલ છે.

શ્લોક-૪૮માં ભગવાનની પૂજાની ક્રિયા ભગવાનની વૈયાવચ્ચરૂપ છે, એ વાત યુક્તિથી સ્થાપન કરેલ છે ત્યાં કોઇને શંકા થાય કે વૈયાવચ્ચ તો આહારાદિના સંપાદનથી થાય છે, તેનું નિવારણ કરીને

યુક્તિથી પૂજાની ક્રિયાથી પણ ભગવાનની વૈયાવચ્ચ થઇ શકે છે તે વાત આગમપાઠથી સ્થાપન કરેલ છે.

વળી, શાસ્ત્રમાં અશનાદિથી વૈયાવચ્ચ કરવાનું કથન છે. ત્યાં અશનાદિમાં 'આદિ' પદથી પાનકનું=જળનું, ગ્રહણ કરેલ નથી પરંતુ ભક્તિ આદિનું ગ્રહણ કરેલ છે એ વાત યુક્તિથી **શ્લોક-૪૮માં** બતાવેલ છે.

શ્લોક-૪૯માં ચૈત્યપદનો અર્થ જ્ઞાન કરીને સ્થાનકવાસીઓ શાસ્ત્રમાં બતાવેલા પદાર્થોને સંગત કરે છે, અને કહે છે કે, ચૈત્યપદથી પ્રતિમાની પૂજ્યતા સિદ્ધ થતી નથી, તેનું ગ્રંથકારે વ્યાકરણની મર્યાદાથી 'ચૈત્ય' પદ દ્વારા જ્ઞાન અર્થ થઇ શકે નહિ તે યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૫૦માં ભગવાનની પૂજાને વૈયાવચ્ચરૂપે સ્વીકારવામાં આવે તો ચોથા ગુણસ્થાનકમાં અવિરતિ હોવાને કારણે ભગવાનની ભક્તિરૂપ વૈયાવચ્ચ સંગત થાય નહિ, એ પ્રકારની શંકાનું નિરાકરણ કરીને ચોથા ગુણસ્થાનકે પણ અનંતાનુબંધીના વિલયથી=ક્ષયોપમશમથી આંશિક ચારિત્ર છે તેમ બતાવીને સમ્યગ્દૃષ્ટિને ભગવાનની પૂજારૂપ વૈયાવચ્ચ છે તે વાત બતાવેલ છે.

શ્લોક-૫૧માં ચોથા ગુણસ્થાનકમાં અનંતાનુબંધીના ક્ષયોપશમથી ચારિત્ર સ્વીકારીને, ભગવાનની પૂજારૂપ વૈયાવચ્ચ અવિરત સમ્યગ્દૃષ્ટિને સંભવે છે તેમ સ્વીકારવાથી ચોથા ગુણસ્થાનકે અવિરતિ સંગત થાય નહિ, એ પ્રકારની શંકાનું નિરાકરણ કરેલ છે, અને તેનાથી બતાવેલ છે કે સમ્યગ્દૃષ્ટિને પણ અંશથી વિરતિ હોવા છતાં અલ્પ અંશ હોવાને કારણે અવિરતસમ્યગ્દૃષ્ટિ કહેલ છે.

શ્લોક-૫૨/૫૩માં પ્રશ્નવ્યાકરણસૂત્રમાં ધર્માર્થહિંસાને પણ હિંસા કહેલ છે, અને ધર્માર્થહિંસા કરનારને મંદબુદ્ધિવાળા કહેલ છે, તેથી ભગવાનની પૂજામાં પણ ધર્માર્થહિંસા છે એવો કોઇને ભ્રમ થાય તેનું નિરાકરણ કરેલ છે.

વળી, **શ્લોક-૫૩માં** સુબુદ્ધિમંત્રીના દૃષ્ટાંતથી જિતશત્રુરાજાને ધર્મ પમાડવા માટે કરાયેલ આરંભવાળી જલશોધનની ક્રિયાને પણ ધર્મરૂપે સ્થાપવાની યુક્તિ બતાવેલ છે.

શ્લોક-૫૪/૫૫/૫૬માં યાગીય હિંસાને ધર્મરૂપે કહેનાર વેદનાં વચનોને હિંસારૂપે સ્થાપન કરીને ભગવાનની પૂજામાં લેશ પણ હિંસા નથી, અને યાગીય હિંસા ધર્મરૂપ નથી પરંતુ હિંસારૂપ છે, તેની સ્થાપક અનેક યુક્તિઓ બતાવેલ છે.

વળી, જેમ યાગીય હિંસામાં હિંસા છે, તેમ સ્થૂલથી જોતાં ભગવાનની પૂજામાં પણ હિંસા છે; આમ છતાં ફળથી અહિંસા હોવાના કારણે, ભગવાનની પૂજામાં હિંસાકૃત લેશ પણ કર્મબંધ નથી, અને યાગીય હિંસામાં એકાંતે હિંસા હોવાને કારણે લેશ પણ ધર્મ નથી, એવી યુક્તિ બતાવેલ છે.

શ્લોક-૫૬/૫૭માં કોઇને શંકા થાય કે ભગવાનની પૂજામાં પણ આરંભ તો છે, માટે ભગવાનની પૂજા કરતાં નિરારંભ એવી સામાયિકાદિની પ્રવૃત્તિ ઉચિત છે તેનું નિરાકરણ કરેલ છે. અને યુક્તિથી સ્થાપન કરેલ છે કે વિધિપૂર્વક ભગવાનની પૂજા કરનારને લેશ પણ કર્મબંધ નથી, એટલું જ નહિ પણ

પૂજા અર્થે સ્નાનાદિની ક્રિયા કે વ્યાપારાદિની પ્રવૃત્તિ પણ કરવામાં આવે તો તે ભૂમિકાવાળા શ્રાવક માટે તે ઉચિત હોવાથી લેશ પણ કર્મબંધનું કારણ નથી. અને તેમાં સંકાશશ્રાવકના દૃષ્ટાંતને બતાવીને સંકાશશ્રાવકની જેમ અન્ય શ્રાવકોને પણ ભગવાનની પૂજા અર્થે વેપાર કરવો ઉચિત છે, અને **'धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी'** એ સૂત્રનું યોજન સર્વવિરતિની અપેક્ષાએ છે શ્રાવકની અપેક્ષાએ નથી, તેથી તે સૂત્રના બળથી ધર્મ માટે વ્યાપાર થાય જ નહિ એ પ્રકારની માન્યતાનું નિરાકરણ કરેલ છે.

શ્લોક-૫૮માં જે શ્રાવક સાધુની ક્રિયામાં રત હોય અને સાવદ્યનો સંક્ષેપ કરેલો હોય અને સ્વભાવથી જ અત્યંત યતનાપૂર્વક જીવતો હોય કે જેથી કોઇ પૃથ્વી આદિનું ઉપમર્દન=હિંસા, ન થાય, તેવા સંક્ષેપરુચિવાળા શ્રાવકને આશ્રયીને દ્રવ્યસ્તવની વિધિ નથી, પરંતુ તેવા શ્રાવકે ભાવસ્તવમાં જ પ્રધાનરૂપે યત્ન કરવાની વિધિ છે એ વાત બતાવેલ છે.

વળી, જેમનું ચિત્ત અત્યંત નિર્લેપદશા તરફ નથી, અને તેથી જ અત્યંત યતનાપૂર્વક સંયમયોગમાં યત્ન કરી શકતા નથી, તેવા શ્રાવકો જો ભગવાનની પૂજા ન કરે અને માત્ર સામાયિકાદિ કરીને સંતોષ માને, તો તેઓ સામાયિકાદિથી ભાવસ્તવ કરી શકતા નથી અને પૂજા કરીને દ્રવ્યસ્તવ પણ કરી શકતા નથી, તેથી ઉભયસ્તવથી ભ્રષ્ટ થયેલા તેઓ દુર્લભબોધિ બને છે, એ વાત **શ્લોક-૫૮માં** કહેલ છે.

વળી, સચિત્ત આરંભાદિના વર્જનરૂપ ઉપરની પ્રતિમાઓને સ્વીકાર્યા પછી યાવજ્જીવ સુધી તે રીતે જ પાળવાની પ્રતિજ્ઞાવાળા એવા સંક્ષેપરુચિ શ્રાવકો જ પૂજાના અનધિકારી છે, તે સિવાયના શ્રાવકોએ અવશ્ય ભગવાનની પૂજા કરવી જોઇએ એ વાત **શ્લોક-૫૮માં** બતાવેલ છે.

શ્લોક-૫૯માં ભગવાનની પૂજામાં ધર્માર્થ હિંસા નથી વળી અનુબંધહિંસા પણ નથી અને યતનાપૂર્વક કરનારની પૂજામાં હેતુહિંસા પણ નથી માત્ર સ્વરૂપહિંસા છે, અને સ્વરૂપહિંસાથી લેશ પણ કર્મબંધ થતો નથી એ વાત યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૬૦માં વિધિપૂર્વક ભગવાનની પૂજામાં લેશ પણ કર્મબંધ નથી, તેથી કૂપદૃષ્ટાંતથી ભગવાનની પૂજા હિતાવહ છે એ કથનમાં કૂપદૃષ્ટાંતનું તાત્પર્ય કઇ રીતે સંગત થાય તેની વિશેષ ચર્ચા કરેલ છે, અને યુક્તિથી સ્થાપન કરેલ છે કે, વિધિની ખામીવાળી પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન જુદી રીતે છે, અને વિધિશુદ્ધપૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન નથી. વળી નયભેદથી વિધિશુદ્ધપૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન બીજી રીતે છે એ વાત પણ વિશદ ચર્ચા કરીને બતાવેલ છે.

વળી, નિશ્ચયનયને આશ્રયીને વિચારીએ તો ભાવથી જ નિર્જરા થાય છે, અને જેઓ વિધિપૂર્વક પૂજા કરે છે તેમનો ભાવ એકાંતે ભગવાનના વચનથી નિયંત્રિત હોવાને કારણે શુદ્ધ છે, તેથી લેશથી પણ વિધિશુદ્ધપૂજામાં કર્મબંધ નથી. અને આવી ઉત્તમ પરિણતિ અવિરતસમ્યગ્દૃષ્ટિને સિદ્ધિયોગકાળમાં હોઇ શકે છે, અને તેથી સિદ્ધયોગી એવા અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને ભગવાનની પૂજામાં તન્મય ભાવ હોવાથી લેશ પણ કર્મબંધ ન થાય, તેવી વિધિશુદ્ધપૂજા સંભવે છે. અને તે સિવાયના પૂજા કરનારને વ્યુત્થાનકાળમાં સંસ્કારશેષરૂપે મૈત્ર્યાદિથી ઉપબૃંહિત એવો ભાવ વર્તે છે, તેથી તેમની પણ પૂજા નિર્જરાનું કારણ બને છે,

તો પણ ઉત્થાનદશા હોવાને કારણે જે વિધિમાં ત્રુટિ છે તે કૂપદૃષ્ટાંતથી શુદ્ધ થાય છે એ વાત **શ્લોક-૬૦માં** યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૬૦માં વળી એ બતાવેલ છે કે,

*જેમ દ્રવ્યસ્તવ કીર્તિ આદિ માટે થાય છે, તેમ ચારિત્રની ક્રિયા પણ કીર્તિ આદિ માટે થઇ શકે છે.

*જેમ દ્રવ્યસ્તવમાં ભાવનું અનેકાંતપણું છે તેમ ચારિત્રની ક્રિયામાં પણ ભાવનું અનેકાંતપણું છે.

*જેમ દ્રવ્યસ્તવ સાધુને માટે અકર્તવ્ય છે તેમ પ્રમત્ત એવા સ્થવિરકલ્પાદિની ક્રિયા અપ્રમત્ત એવા જિનકલ્પિકાદિ માટે અકર્તવ્ય છે.

*જેમ દ્રવ્યસ્તવથી થયેલો પરિણામ દ્રવ્યસ્તવ કાળમાં થતી અયતનાથી બંધાયેલા કર્મનો નાશ કરે છે અને અન્યકર્મનો પણ નાશ કરે છે, તેમ ચારિત્રની ક્રિયાથી પણ થયેલો શુભભાવ ચારિત્રમાં થયેલા અતિચાર દોષોનો અને અન્યકર્મોનો પણ નાશ કરે છે.

આ રીતે દ્રવ્યસ્તવ અને ચારિત્રની ક્રિયા તુલ્ય છે, તેથી જેમ દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતનું યોજન થઇ શકે છે તેમ ચારિત્રની ક્રિયામાં પણ કૂપદૃષ્ટાંત સંગત છે.

વળી, ચારિત્રની ક્રિયાથી ભાવના પ્રકર્ષને કારણે જેમ કેવલજ્ઞાન થઇ શકે છે તેમ દ્રવ્યસ્તવમાં પણ ભાવનો પ્રકર્ષ થાય તો કેવલજ્ઞાન થઇ શકે છે.

આનાથી એ ફલિત થાય છે કે, અશુદ્ધ એવા દ્રવ્યસ્તવમાં અને અશુદ્ધ એવી ચારિત્રની ક્રિયામાં કૂપદૃષ્ટાંત સંગત છે, અને શુદ્ધ એવા દ્રવ્યસ્તવમાં અને શુદ્ધ એવી ચારિત્રની ક્રિયામાં અલ્પ પણ પાપનો સંભવ નહિ હોવાથી કૂપદૃષ્ટાંત ત્યાં સંગત નથી. આ વાત **શ્લોક-૬૦માં** યુક્તિથી બતાવેલ છે.

વળી, ભગવતીસૂત્રમાં અશુદ્ધ દાનથી અલ્પ પાપ અને બહુ નિર્જરા કહેલ છે, અને ગ્લાનની પ્રતિચરણા કર્યા પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તનું કથન કરેલ છે, તે કઇ અપેક્ષાએ છે તેનું તાત્પર્ય **શ્લોક-૬૦માં** સ્પષ્ટ કરેલ છે.

છદ્મસ્થતાને કારણે પ્રસ્તુત લખાણમાં વીતરાગ ભગવંતની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ જાણતાં કે અજાણતાં કાંઈ પણ લખાયું હોય તો તે બદલ ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં માંગું છું.

વિ. સં. ૨૦૫૮, અષાઢ સુદ-૬,
સોમવાર, તા. ૧૫-૭-૨૦૦૨
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭

પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

શ્લોક	વિષય	પાના નં.
૩૦.	અવિરતિજ્વરવાળા ગૃહસ્થને કટુ ઔષધ સમાન દ્રવ્યસ્તવનું કથન, પ્રવચનના એક વચનની અશ્રદ્ધાથી પણ સર્વયોગની નિષ્ફળતા ઉદ્ધરણપૂર્વક.	૩૫૭-૩૬૦
	કર્મવ્યાધિ સમાન હોવાને કારણે શ્રાવકની જેમ યતિને પણ દ્રવ્યસ્તવની અધિકારિતાની પ્રાપ્તિની શંકાનું નિરાકરણ, કૂપદૃષ્ટાંતથી સાધુને દ્રવ્યસ્તવની ઉચિતતા કહેનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, સાધુને દ્રવ્યસ્તવમાં અવદ્ય સ્ફુરણની યુક્તિ અને શ્રાવકને દ્રવ્યસ્તવમાં નિરવદ્ય સ્ફુરણની યુક્તિ.	૩૬૦-૩૬૩
	અવદ્યસ્ફુરણવિષયક ચારેય વિકલ્પોની ગૃહસ્થને પણ પ્રાપ્તિ હોવાથી દ્રવ્યસ્તવના અધિકારીના વિશેષણના અભાવથી જ સાધુને દ્રવ્યસ્તવમાં અપ્રવૃત્તિ અને ગૃહસ્થને વિશેષણના સદ્ભાવથી પ્રવૃત્તિ, દ્રવ્યસ્તવ યોગ્ય ગૃહસ્થની અધિકારિતાનું સ્વરૂપ ઉદ્ધરણપૂર્વક, સાધુને દ્રવ્યપૂજા અર્થક સ્નાનમાં અનધિકારિતાનું કારણ.	૩૬૪-૩૬૮
	ફળથી અને સ્વરૂપથી દ્રવ્યસ્તવનું સ્વરૂપ, દ્રવ્યસ્તવથી ચારિત્ર મોહનીયનો ક્ષય, દ્રવ્યસ્તવરૂપ શુભયોગમાં અનારંભિકી ક્રિયા સાધક યુક્તિ, પ્રમત્ત સંયતને શુભયોગમાં અનારંભીપણાનું ઉદ્ધરણ સટીક, આરંભિકી ક્રિયા અને અનારંભિકી ક્રિયાવાળા જીવોનું સ્વરૂપ, શુભયોગ અને અશુભયોગનું સ્વરૂપ, સંયતને આત્મારંભકપણામાં પણ આરંભના અભાવની યુક્તિ ઉદ્ધરણપૂર્વક, જિનઅર્ચનમાં અનારંભકપણાની સ્થાપક યુક્તિ, જિનપૂજાને આશ્રયીને અનારંભ અને હિંસાને આશ્રયીને આરંભ સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, જિનપૂજા-પૌષધ આદિમાં શુભયોગકાળે અનારંભ અને અશુભયોગકાળે આરંભ, એકેન્દ્રિયાદિમાં આરંભિકી ક્રિયાનું સ્વરૂપ, લોચકરણ, તપ અનુષ્ઠાન સ્વપરિતાપનિકી ક્રિયારૂપ હોવા છતાં ફળથી અધ્યાત્મની શુદ્ધિનું કારણ.	૩૬૯-૩૭૭
	દેવાર્ચન આદિ શુભયોગમાં વર્તતા અવિરત સમ્યગ્દૃષ્ટિને અનારંભિકી ક્રિયા સ્વીકારવાથી અવિરતને નિયમથી આરંભિકી ક્રિયા સ્વીકારનાર સૂત્ર સાથે આવતા વિરોધનો પરિહાર, શુભયોગથી આરંભિકી ક્રિયામાં નિરારંભિકી ક્રિયાની વિવક્ષાની પુષ્ટિનું ઉદ્ધરણ, પુણ્ય, પાપ અને સંવરનું કારણ, અપ્રમત્ત સંયતને માયાપ્રત્યયિકી ક્રિયા	૩૭૭-૩૮૦
	નવમા ગુણસ્થાનક સુધી માયાપ્રત્યયિકી ક્રિયા માનનાર જયચન્દ્રની યુક્તિનું નિરાકરણ, અપ્રમત્ત મુનિને પણ શાસન માલિન્યાદિના રક્ષણના ઉપયોગકાળે જ માયાપ્રત્યયિકી ક્રિયાનો સંભવ.	૩૮૦-૩૮૨

શ્લોક	વિષય	પાના નં.
૩૦.	આરંભિકી ક્રિયા આદિ પાંચ ક્રિયાઓના સ્વરૂપનું સટીક ઉદ્ધરણ, ક્રિયા શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, આરંભિકી ક્રિયાનું સ્વરૂપ, પરિગ્રહ શબ્દનો વિશેષ અર્થ, પારિગ્રહિકી ક્રિયાનું સ્વરૂપ, માયાપ્રત્યયિકી ક્રિયાનું સ્વરૂપ, અપ્રત્યાખ્યાનિકી ક્રિયાનું સ્વરૂપ, મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાનું સ્વરૂપ, પ્રમત્તસંયતને પણ આરંભિકી ક્રિયા, અપ્રમત્તસંયતને પણ માયાપ્રત્યયિકી ક્રિયાનું કારણ, આરંભિકી ક્રિયા આદિ પાંચ ક્રિયાઓના પરસ્પર સંબંધનું સ્વરૂપ, જીવભેદોમાં આરંભિકી આદિ ક્રિયાઓની સંખ્યા, આરંભિકી આદિ ક્રિયાઓમાં પરસ્પર અલ્પબહુત્વ.	૩૮૨-૩૯૬
	આરંભિકીક્રિયાની શુભાશુભરૂપતામાં અધ્યવસાયના અનુરોધીપણાનું સટીક ઉદ્ધરણ, કાયોત્સર્ગના અભિગ્રહવાળા મુનિના અર્શનો છેદ કરનાર વૈદ્યને અધ્યવસાય અનુસાર શુભ-અશુભ ક્રિયાની પ્રાપ્તિ, અર્શછેદકાળે કાયોત્સર્ગમાં રહેલા મુનિને ક્રિયા-અક્રિયાની પ્રાપ્તિમાં નિયામક તત્ત્વ, ઋજુસૂત્રનયથી પ્રાણાતિપાતિકી ક્રિયાનું સ્વરૂપ, નિશ્ચયનયથી હિંસા-અહિંસાના સ્વરૂપનું ઉદ્ધરણ, અધ્યવસાયથી પ્રાણાતિપાતને સ્વીકારનાર નિશ્ચયનય, ઉપચારથી હિંસાને સ્વીકારનાર વ્યવહારનય.	૩૯૬-૪૦૮
	પ્રજ્ઞાપનાની ટીકામાં ઋજુસૂત્રનયથી આત્મા જ હિંસા છે, એ પ્રકારના મલયગિરિ મહારાજાના વચનનો શબ્દનયથી આત્મા જ હિંસા છે, એ પ્રકારના ઓઘનિર્યુક્તિના વચન સાથે આવતા વિરોધનો પરિહાર, હિંસાના વિષય સંબંધી નયોની માન્યતા અને હિંસાના સ્વરૂપ સંબંધી નયોની માન્યતાનો ભેદ, ઋજુસૂત્રનયના મતે સંક્લેશ જ હિંસાનું સ્વરૂપ, હિંસાના સ્વરૂપના વિવેચનમાં અભિપ્રાયનું ઉદ્ધરણ, ઋજુસૂત્રનય અને શબ્દાદિ નયોના પરસ્પર સંબંધનું સ્વરૂપ, ઋજુસૂત્રનયના મતે અને શબ્દનયના મતે હિંસાના સ્વરૂપનો ભેદ.	૪૦૮-૪૧૪
	અધ્યવસાય અનુરોધિની ક્રિયાથી જ કર્મબંધ સ્થાપવામાં પ્રજ્ઞાપનાના કથનની સાથે પ્રજ્ઞાપનાના ક્રિયાસૂત્રમાં આવતા કથનના વિરોધનો અપેક્ષાના યોજનથી પરિહાર, યોગ-પ્રદ્વેષનું સામ્ય હોવા છતાં વ્યવહારનયથી હિંસા વિષયક ત્રણ-ચાર કે પાંચ પ્રકારની ક્રિયાના ભેદથી કર્મબંધમાં વિશેષતા, યોગથી વીર્ય અને પ્રદ્વેષથી અધ્યવસાયનું ગ્રહણ, જિનપૂજામાં ભક્તિરૂપ પરિણામ અને હિંસારૂપ ક્રિયાને સ્થાપન કરવા માટે યોગ-પ્રદ્વેષના સામ્ય દ્વારા કર્મબંધના ભેદને સિદ્ધ કરનાર પાઠનું પૂર્વપક્ષી દ્વારા કરાયેલ અર્થઘટનનું નિરાકરણ. કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી ક્રિયાનું સ્વરૂપ, નિશ્ચયનયથી ઉપાદાનથી જ કાર્યસિદ્ધિ અને બાહ્ય સામગ્રીથી ઉપાદાનમાં અતિશયતા, પૂર્વના શરીરથી પણ કર્મબંધ સ્વીકારનાર વ્યવહારનયનું તાત્પર્ય.	૪૧૪-૪૨૦
	પૂર્વભવના શરીરથી પણ કાયિકી આદિ ક્રિયાના સંભવનું ઉદ્ધરણ,	

શ્લોક	વિષય	પાના નં.
	બેઇન્દ્રિયાદિ જીવોને આશ્રયીને કાયિકી આદિ ક્રિયાના સંભવનું કારણ, પૂર્વભવના શરીરને ન વોસિરાવવાથી નૈગમનયના અભિપ્રાયથી પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાનો સંભવ.	૪૨૦-૪૨૩
૩૦.	હિંસાની ક્રિયારૂપ હોવાથી પૂજાને ત્યાજ્ય બતાવનાર લુંપકની યુક્તિનું નિરાકરણ, અપેક્ષાએ સમ્યગ્દર્શનમાં ક્રિયારૂપતા.	૪૨૪-૪૨૫
	જિનપૂજામાં થતી હિંસાને ભક્તિના અધ્યવસાયને કારણે અહિંસારૂપે સ્વીકારવાથી બૌદ્ધમતમાં પ્રવેશની લુંપક દ્વારા અપાયેલ આપત્તિનું નિરાકરણ, જિનપૂજામાં શુભ ક્રિયારૂપતાની સ્થાપક યુક્તિ.	૪૨૫-૪૨૭
	પૂજામાં શુભક્રિયાનો અભ્યુપગમ હોવાને કારણે બૌદ્ધમતમાં અપ્રવેશની પુષ્ટિનું ઉદ્ધરણ, અનાકુટ્ટિ શબ્દનો વિશેષ અર્થ, પરિજ્ઞા ઉપચિત, અવિજ્ઞ ઉપચિત, ઈર્યાપથ અને સ્વપ્નાન્તિક આ ચાર પ્રકારની હિંસામાં બૌદ્ધમતે સ્પર્શમાત્ર કર્મબંધ અને ફળ આપાદક કર્મબંધનો અભાવ હોવાથી અહિંસકપણું, બૌદ્ધમતે હિંસાના પાંચ અંગોના સંયોગથી થતા બત્રીસ ભંગમાંના પ્રથમ ભંગવાળી હિંસામાં જ કર્મબંધ, બૌદ્ધમતમાં કર્મબંધના કારણીભૂત કરણ, કારવણ અને અનુમતિનું સ્વરૂપ, બૌદ્ધમતે કર્મબંધના કારણીભૂત હિંસાનું સ્વરૂપ, બૌદ્ધમતે કૃત-કારિત-અનુમતિપૂર્વકના ક્લિષ્ટ અધ્યવસાય સહિત પ્રાણના અતિપાતમાં કર્મબંધ અને વિશુદ્ધ અધ્યવસાયથી થતી હિંસામાં કર્મબંધનો અભાવ, બૌદ્ધમતે ભાવવિશોધિથી થતી હિંસામાં કર્મબંધના અભાવનું દૃષ્ટાંત, હિંસા હોવા છતાં હિંસાકૃત કર્મબંધને નહિ સ્વીકારનાર બૌદ્ધના વિકલ્પોનું નિરાકરણ, મનમાત્રથી હિંસામાં કર્મબંધને નહિ સ્વીકારનાર બૌદ્ધની યુક્તિનું નિરાકરણ, ક્લિષ્ટ મનોવ્યાપાર માત્રથી કર્મબંધની સિદ્ધિનું બૌદ્ધમતાનુસારી ઉદ્ધરણ.	૪૨૭-૪૩૯
	દ્રવ્યસ્તવને શુભક્રિયારૂપ સ્વીકારીને પણ બૌદ્ધમતમાં અપ્રવેશ હોવા છતાં, પુત્ર-પિતા ઈત્યાદિ બૌદ્ધમતના સમાધાન પ્રમાણે દ્રવ્યસ્તવમાં પણ પુષ્પાદિ હિંસામાં દોષાભાવનું અભિધાન કરાયે છતે, બૌદ્ધમતમાં પ્રવેશની પૂર્વપક્ષીની આપત્તિનું નિરાકરણ, લોચ-અનશન આદિમાં કર્મબંધના અભાવનો અને કર્મબંધના સદ્ભાવનો પરિણામ, સદનુષ્ઠાનમાં સંક્લેશના અભાવના નિયામક ભાવો, દ્રવ્યસ્તવમાં ક્રિયારંભિકી કે શુભારંભિકી ક્રિયા, દ્રવ્યસ્તવમાં હિંસાના અભાવની યુક્તિ ઉદ્ધરણપૂર્વક.	૪૩૯-૪૪૩
	શાસ્ત્રમાં બતાવેલ દ્રવ્યસ્તવની ક્રિયાના નિષ્કર્ષના સમ્યગ્જ્ઞાનનું ફળ.	૪૪૩-૪૪૪
૩૧.	જિનપૂજાથી અપરિગ્રહવ્રતની દૃઢતા, દ્રવ્યસ્તવની પૂર્વભૂમિકારૂપે કરાતા દાનથી ધર્મની ઉન્નતિનું ઉદ્ધરણ, દ્રવ્યસ્તવથી પૂર્વે કરાતા દાનનું સ્વરૂપ.	૪૪૫

શ્લોક	વિષય	પાના નં.
૩૧.	દ્રવ્યસ્તવથી મલિન આરંભના અનુબંધના ઉચ્છેદમાં યુક્તિ, પ્રાસાદને આશ્રયીને દ્રવ્યસ્તવવિષયક ઈતિકર્તવ્યતાના અનુસંધાનમાં જ હિંસાની ગૌણતા અને શુભ આરંભના અધ્યવસાયની પ્રધાનતા, દ્રવ્યસ્તવથી નિસ્તારનું ઉદ્ધરણ.	૪૪૬-૪૪૭
	જિનપ્રતિમાના દર્શનથી શાંતરસનો ઉદ્‌બોધ.	૪૪૭-૪૪૮
૩૨.	જિનમંદિરના નિર્માણથી અનેક સંઘના આગમનને કારણે સૂક્ષ્મતત્ત્વની પ્રાપ્તિ દ્વારા પરમસમાધિની પ્રાપ્તિ.	૪૪૯-૪૫૦
	પ્રતિમા સન્મુખ નૃત્યોત્સવઆદિ દ્વારા ભગવાન સાથેના ભેદના ભાવનો નાશ.	૪૫૦-૪૫૧
	સમાપત્તિના લક્ષણનું ઉદ્ધરણ સટીક.	૪૫૧-૪૫૨
૩૩.	દ્રવ્યસ્તવથી પરમાત્મા સાથે સમાપત્તિ કરવાની પ્રક્રિયા અને સર્વજીવોમાં મૈત્રીભાવની પ્રાપ્તિની પ્રક્રિયા, દ્રવ્યસ્તવથી થતી ભાવઅનુકંપાની સ્થાપક યુક્તિ.	૪૫૨-૪૫૪
	દ્રવ્યસ્તવથી દ્રવ્યરોગ અને ભાવરોગનો ઉપશમ.	૪૫૪-૪૫૫
૩૪.	દ્રવ્યસ્તવની વિધિના સ્વરૂપનું ઉદ્ધરણ, દ્રવ્યસ્તવમાં વર્તતા ભિન્ન ભિન્ન યોગો, ભાવયજ્ઞનું સ્વરૂપ.	૪૫૬
	દ્રવ્યસ્તવની ભાવયજ્ઞરૂપતાના કથનનું ઉદ્ધરણ, દ્રવ્યસ્તવમાં ભાવઆપત્તિની નિવારકતા, समम् અલંકારના લક્ષણનું ઉદ્ધરણ.	૪૫૬-૪૫૮
	દ્રવ્યસ્તવમાં ભાવયજ્ઞ પદની અસંગતિની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ, સ્તવપદની પ્રવૃત્તિનું ઉદ્ધરણ, ચારિત્રને ભાવયજ્ઞરૂપ બતાડનાર ઉદ્ધરણ, દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહેવાનું તાત્પર્ય, દ્રવ્યસ્તવમાં ભાવયજ્ઞ પદની પ્રવૃત્તિનું ઉદ્ધરણ.	૪૫૮-૪૬૨
	નૈયાયિકને અભિમત દેવતાની અનુપાસનીયતાની સ્થાપક યુક્તિ, યોગીઓને ઉપાસનીય દેવતાનું સ્વરૂપ, પ્રતિષ્ઠા દ્વારા પ્રતિમામાં વીતરાગને સ્વત્વનો અસંભવ.	૪૬૨-૪૭૦
	તાત્વિક દેવત્વનું સ્વરૂપ, સંસારી દેવનું લક્ષણ, સંસારી જીવને અને મુમુક્ષુ જીવને ઉપાસ્ય દેવનું સ્વરૂપ ઉદ્ધરણપૂર્વક, સ્વાહા અને સ્વધાપદથી મંત્રને સ્વીકારનાર નૈયાયિકનું નિરાકરણ ઉદ્ધરણપૂર્વક.	૪૭૦-૪૭૩
	મીમાંસકમતે દેવતાના લક્ષણનું પદકૃત્ય, ચતુર્થી વિભક્તિના પ્રયોગનાં સ્થાનો, દેવતાના સ્વરૂપવિષયક ન્યાયમાલાનું ઉદ્ધરણ.	૪૭૩-૪૯૧
	દેવ અને દેવાધિદેવનું સ્વરૂપ, તીર્થંકર નામકર્મના ઉદયનું વિશેષ ફળ, મંત્રમય દેવતાનું સ્વરૂપ, મંત્રમય દેવતાનયના અવલંબનથી સાધુને સરસ્વતી આદિ દેવ-દેવીઓની ઉપાસનામાં ઔચિત્ય.	૪૯૧-૪૯૪
૩૫.	જિનપ્રતિમાની સ્થાપનાનું પ્રયોજન.	૪૯૪

શ્લોક	વિષય	પાના નં.
૩૫.	આજ્ઞાયોગનું સ્વરૂપ, દ્રવ્યસ્તવમાં નિત્યત્વ અને નદીઉત્તરણમાં નૈમિત્તકત્વનું કારણ, દ્રવ્યસ્તવ અને નદીઉત્તરણની ક્રિયામાં વર્તતી તુલ્યતાનું સ્વરૂપ.	૪૯૫-૪૯૬
૩૬.	મુનિને નદીઉત્તરણની ક્રિયાની સંખ્યાના નિયમનો અને અનિયમનો સ્યાદ્વાદ, મુનિની અપવાદિક નદીઉત્તરણની ક્રિયાના પુષ્ટાલંબનક અને રાગપ્રાપ્ત રૂપ ભેદ, સાધુને નખ ઉતારવાનું પ્રયોજન, ચાતુર્માસમાં વિહારવિષયક પુષ્ટાલંબનનું ઉદ્ધરણ, પુષ્ટાલંબનથી સાધુને ચાતુર્માસમાં વિહારની અનુમતિ.	૪૯૭-૫૦૧
	દ્રવ્યસ્તવમાં હિંસાના પરિહારને શક્ય સ્વીકારીને અને સંયમીને નદીઉત્તરણમાં હિંસાના પરિહારને અશક્ય સ્વીકારીને દ્રવ્યસ્તવનો નિષેધ કરનાર લુંપકની યુક્તિનું નિરાકરણ, શ્રાવકને જિનપૂજા કરવાનું પ્રયોજન.	૫૦૧-૫૦૩
	સાધુને નદીઉત્તરણમાં અવશ્ય ઈર્યાપથ પ્રતિક્રમણ હોવાથી દ્રવ્યસ્તવમાં સાધુના નદીઉત્તરણનું દૃષ્ટાંત અસંગત સ્થાપનાર લુંપકની યુક્તિનું નિરાકરણ, સાધુના કલ્પરૂપ નદીઉત્તરણ બાદ ઈર્યાપથ પ્રતિક્રમણની વિધિ ઉદ્ધરણપૂર્વક, સાધુને નદીઉત્તરણમાં હિંસાના અભાવની સ્થાપક યુક્તિ, અધિકાર અને આજ્ઞાસાપેક્ષ ક્રિયાથી જ પાપની શુદ્ધિ.	૫૦૩-૫૦૬
	સાધુની રાગ પ્રાપ્ત નદીઉત્તરણની ક્રિયાના સંખ્યાનિયમનને કલ્પરૂપે સ્થાપવાની યુક્તિ.	૫૦૬-૫૦૮
	સાધુની ઈર્યાપથ પ્રતિક્રમણ વિષયક વિધિનું ઉદ્ધરણ.	૫૦૮-૫૦૯
	સંયતને નદીઉત્તરણમાં ઈર્યાપથ પ્રતિક્રમણની આવશ્યકતા અને દ્રવ્યસ્તવમાં શ્રાવકને અનાવશ્યકતા કહેનાર લુંપકની યુક્તિનું નિરાકરણ, વ્રતભંગના મહાપાપના શોધક ઈર્યાપથ પ્રતિક્રમણમાં અપ્રતિપન્ન વ્રતના પાપશોધનના અસામર્થ્યનું દૃષ્ટાંત દ્વારા ભાવન, ઈર્યાપથ પ્રતિક્રમણપૂર્વક કરાતાં અનુષ્ઠાનો, સામાયિક આદિમાં રહેલ શ્રાવકને તથા સાધુને સચિત્ત આદિના સંઘટ્ટનમાં અતિરિક્ત ઈર્યાપથ પ્રતિક્રમણનું પ્રયોજન, સામાયિકયુક્ત શ્રાવકને જિનપૂજાના નિષેધનું કારણ, સામાયિકાદિ વ્રતોમાં જ ઈર્યાપથ પ્રતિક્રમણની પ્રાપ્તિ અને પૃથ્વી આદિ આરંભવાળા ધર્માનુષ્ઠાનમાં અપ્રાપ્તિનું કારણ, નદીઉત્તરણમાં આનુષંગિક હિંસાને કારણે સાધુને ઈર્યાપથ પ્રતિક્રમણ સ્વીકારનાર પૂર્વપક્ષીનું નિરાકરણ, સચિત્ત પુષ્પાદિથી જ જિનપૂજાના સંભવની યુક્તિ, લૌકિક દૃષ્ટાંત દ્વારા શ્રાવકને ઈર્યાપથિકીની મર્યાદા ઉદ્ધરણપૂર્વક, ઈર્યાપથ પ્રતિક્રમણપૂર્વક ચૈત્યવંદન તથા સ્વાધ્યાયની વિધિ.	૫૦૯-૫૧૪
૩૭.	વિધ્યર્થનું લક્ષણ, સાધુના નદીઉત્તરણના દૃષ્ટાંતથી શ્રાવકને જિનપૂજામાં કર્તવ્યતાની બુદ્ધિ.	૫૧૫-૫૧૬

શ્લોક	વિષય	પાના નં.
૩૭.	નદીઉત્તરણ વિષયક ઉત્સર્ગ-અપવાદસૂત્રનું ઉદ્ધરણ સટીક, નદીઉત્તરણ વિષયક સાધુ-સાધ્વીની તુલ્ય મર્યાદા, નાભિપ્રમાણ જલવાળી નદીઉત્તરણમાં સાધુની મર્યાદાનું સટીક ઉદ્ધરણ, સંયતને મહિનામાં ગંગા આદિ મહા નદીઓને બે કે ત્રણવારથી અધિક નહિઊતરવાનું કારણ.	૫૧૬-૫૧૯
	સૂત્રનિર્દિષ્ટ નદીઓના સ્વરૂપનું ઉદ્ધરણ, સાધુને નદીઉત્તરણમાં પ્રાપ્ત થતા ઉપદ્રવ.	૫૧૯-૫૨૦
	સંયતને માટે નદીઉત્તરણના પુષ્ટાલંબનોનું સ્વરૂપ.	૫૨૦-૫૨૧
	કારણ વિના પણ નદીઉત્તરણવિષયક યતનાના સ્વરૂપનું ઉદ્ધરણ.	૫૨૧-૫૨૨
	રાગપ્રાપ્ત નદીઉત્તરણમાં પણ મુનિને શબલતા અને અશબલતાનાં સ્થાનો, મુનિને રાગપ્રાપ્ત નદીઉત્તરણમાં સંખ્યા નિયમનના ઉલ્લંઘનમાં પ્રાપ્ત થતાં દોષો.	૫૨૨-૫૨૪
૩૮.	સંસારનું સ્વરૂપ, જિનપૂજામાં અનુબંધથી અદુષ્ટતાની પ્રાપ્તિ, સાનુબંધ ક્રિયાનું સ્વરૂપ.	૫૨૪-૫૨૫
૩૯.	સુતકર્ષણ દૃષ્ટાંતથી ઋષભદેવે પુત્રને કરેલ રાજ્ય આદિનુ દાન તથા પ્રજાને કરેલ શિલ્પ આદિના દાનની નિર્દોષતાનું ભાવન અને તેમાં અનુબંધથી લાભની પ્રાપ્તિ, મુનિના દ્રવ્યસ્તવની અનુમોદનાના ઈષ્ટ અંશનું સ્વરૂપ, અધિકારીને દ્રવ્યસ્તવ દ્વારા ભક્તિના ઉદ્રેકથી બોધિલાભની પ્રાપ્તિ.	૫૨૬-૫૩૧
	ઋષભદેવે કરેલ પુત્ર આદિને રાજ્ય આદિના પ્રદાનની નિર્દોષતાનું ઉદ્ધરણ સટીક, ઋષભદેવ દ્વારા પુત્ર આદિને રાજ્યના અપ્રદાનમાં થતા દોષો, રાજ્યાદિમાં મહાઅધિકરણત્વ હેતુતાની અસિદ્ધિમાં યુક્તિ, વિવાહધર્મ, રાજ, કુલ, ગ્રામ આદિ ધર્મના પ્રદાનમાં તથા શિલ્પાદિના શિક્ષણમાં પણ ઋષભદેવને દોષની અપ્રાપ્તિનું ભાવન, તીર્થંકરનામકર્મના પરિપાકનો ઉપાય, સુતકર્ષણ ન્યાયથી ઋષભદેવની રાજ્યપ્રદાન પ્રવૃત્તિની અદુષ્ટતાનું ઉદ્ધરણ, ઋષભદેવની રાજ્યપ્રદાન આદિની પ્રવૃત્તિની અદુષ્ટતાના અસ્વીકારમાં દેશના પ્રવૃત્તિની પણ દુષ્ટતા સ્વીકારવાની આપત્તિ.	૫૩૨-૫૩૯
૪૦.	દેશવિરતિધરને દ્રવયસ્તવમાં અધિકારિતાનું ઉદ્ધરણ.	૫૪૦-૫૪૧
૪૧.	દ્રવ્યસ્તવથી ભાવસ્તવની અધિકતા, દ્રવ્યસ્તવથી ભાવસ્તવની અધિકતા બતાવવાથી દ્રવ્યસ્તવની શ્રેષ્ઠતામાં યુક્તિ, દ્રવ્યસ્તવમાં ભાવસ્તવથી પ્રાગ્‌ધર્મતાનું ઉદ્ધરણ.	૫૪૩-૫૪૫
	મુખ્યતાએ ભાવસ્તવની પ્રશસ્તતા હોવા છતાં દ્રવ્યસ્તવની પ્રશસ્તતામાં યુક્તિ.	૫૪૫-૫૪૬
૪૨.	મહાનિશીથસૂત્રના પ્રામાણ્યવિષયક કેટલાક આચાર્ય અને વૃદ્ધોનો અભિગમ, 'अजां निष्काशयतः क्रमेलकागमः' ન્યાયસંબદ્ધ.	૫૪૭-૫૪૮

શ્લોક	વિષય	પાના નં.
૪૨.	મહાનિશીથસૂત્રના ચોથા અધ્યયનના પ્રામાણ્યના અસ્વીકારમાં હરિભદ્રસૂરિનો અભિગમ અને પ્રામાણ્યના અસ્વીકારનું કારણ, પરમાધામી જીવને ભવાંતરમાં થતી વિડંબણા, મહાનિશીથના પાઠવિષયક વૃદ્ધોનો વાદ.	૫૪૮-૫૫૦
	વેદનીયકર્મની જઘન્યસ્થિતિવિષયક ઉત્તરાધ્યયન અને પ્રજ્ઞાપનાસૂત્રનો ભિન્ન ભિન્ન પાઠ, હેતુઉદાહરણસંભવ ઇત્યાદિ ધ્યાનશતકની ગાથાથી આગમના પરસ્પર વિરોધી વચનમાં પણ પ્રામાણ્ય સ્વીકારનો વિધિ.	૫૫૦-૫૫૧
૪૩.	'જો કે જિનાલય સંબંધી આ વક્તવ્ય છે તો પણ સપાપ છે' એ પ્રમાણે કહીને કુવલયપ્રભાચાર્યનું સંસારસમુદ્રથી ઉત્તરણ.	૫૫૧-૫૫૨
૪૪.	જિનાલયને સાવદ્ય કહેવાનું સાવદ્યાચાર્યનું તાત્પર્ય.	૫૫૩-૫૫૪
	અપ્રસ્તુત પ્રશંસા અલંકારનું લક્ષણ ઉદ્ધરણ પૂર્વક.	૫૫૪-૫૫૬
	જિનાલયને સાવદ્ય કહેનારા સાવદ્યાચાર્યના વચનના તાત્પર્યનું દૃષ્ટાંત દ્વારા ભાવન.	૫૫૬-૫૫૭
૪૫.	આવશ્યકાદિ શાસ્ત્રવચનોનું આધ્યાત્મિકો દ્વારા અન્યથા યોજન ઉદ્ધરણ પૂર્વક, આધ્યાત્મિકોની જેમ લુંપક દ્વારા સાવદ્યાચાર્યના દ્રવ્યસ્તવ સંબંધિ વચનોનું અન્યથાયોજન.	૫૬૦-૫૬૩
	ગીતાર્થો દ્વારા શાસ્ત્ર ઉપદેશની પ્રવૃત્તિનું સ્વરૂપ.	૫૬૩
૪૬.	મહાનિશીથસૂત્રમાં બતાવેલ વજ્રાચાર્ય દ્વારા કરાયેલ અવિધિયાત્રાના નિષેધના વચનથી સાધુને યાત્રામાત્રનો નિષેધ કરનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૫૬૪-૫૬૫
	સાવદ્યાચાર્યના દૃષ્ટાન્તનું ઉદ્ધરણ.	૫૬૫-૫૯૨
	સાવદ્યાચાર્યના અસ્તિત્વનો કાળ, અનંતકાળ પૂર્વે અવસર્પિણીના ધર્મશ્રી નામના ચોવીશમાં તીર્થંકરના કાળમાં સાવદ્યાચાર્યનું અસ્તિત્વ અને સાત આશ્ચર્યોની ઉત્પત્તિ, અનંતકાળ પૂર્વે અસંયતના સત્કારરૂપ થયેલ આશ્ચર્ય, ચૈત્યવાસીઓનું સ્વરૂપ અને તેમની પ્રવૃત્તિ, મુનિના પ્રથમ વ્રતના પાલનના સ્વરૂપનું ઉદ્ધરણ, મુનિને મૈથુનના, વાઉકાયના અને તેઉકાયના એકાંત વર્જનનું ઉદ્ધરણ.	૫૬૫-૫૬૯
૪૭.	દ્રવ્યસ્તવ કરનાર અસંયતનું સ્વરૂપ.	૫૬૯
	સાવદ્યાચાર્યની ગુણસંપત્તિ, ગચ્છાધિપતિનું વિશેષ સ્વરૂપ, શુદ્ધ પ્રરૂપણાથી સાવદ્યાચાર્યને સંસારની પરિમિતતા અને તીર્થંકરનામકર્મની પ્રાપ્તિ.	૫૬૯-૫૭૨
	શિથિલાચારીનું સ્વરૂપ, કોઇક યોગ્યતાને કારણે શિથિલાચારીઓમાં પરસ્પર થયેલી આગમની વિચારણા અને આગમકુશલ તરીકે સાવદ્યાચાર્યનો સ્વીકાર, સન્માર્ગના સ્થાપન માટે સાવદ્યાચાર્યનું અપ્રતિબદ્ધ વિહાર દ્વારા આગમન, સાધ્વીજી દ્વારા	

શ્લોક	વિષય	પાના નં.
	ભક્તિથી કરાયેલ ચરણસ્પર્શનો પ્રમાદથી સાવદ્યાચાર્ય વડે નિષેધનો અભાવ, આગમની વાચનાથી શિથિલાચારીઓમાં કાંઇક યોગ્યતા હોવાથી વાચના અનુસાર શ્રદ્ધાની પ્રાપ્તિ, સાધ્વીજીથી વિચારાયેલ સાવદ્યાચાર્યનું સ્વરૂપ, સાવદ્યાચાર્યમાં પ્રમાદસ્થાનનો પ્રારંભ, મહાનિશીથસૂત્રના પાંચમાં અધ્યયનનું સ્વરૂપ, ચોથા મહાવ્રત સંબંધી મર્યાદાનું ઉદ્ધરણ.	૫૭૩-૫૭૬
૪૬.	સાધ્વીજી વડે થયેલા ચરણસ્પર્શને કારણે મહાનિશીથસૂત્રની અન્યથા પ્રરૂપણાવિષયક સાવદ્યાચાર્યની વિચારણા, સૂત્રવ્યાખ્યાનને આશ્રયીને થતા અનંતસંસારિતાનાં કારણો, ઉત્સૂત્રભાષણમાં અનંત સંસારિતાની વિચારણા કરીને સાવદ્યાચાર્યે મહાનિશીથસૂત્રની ગાથાની કરેલ યથાર્થપ્રરૂપણા, શિથિલાચારીઓ દ્વારા શુદ્ધપ્રરૂપણા કરનાર સાવદ્યાચાર્યને મૂળગુણહીન કહેવાપૂર્વક ગાથાના યથાર્થ અર્થ કથનની કરાયેલ માંગણી, સાવદ્યાચાર્યને ઉત્પન્ન થયેલ અપયશનો ભય, સાવદ્યાચાર્યની યોગ્ય-અયોગ્ય ભૂમિકાને કારણે ક્યારેક કષાયની પરવશતા અને ક્યારેક શાસ્ત્રાર્થનું પર્યાલોચન, યોગ્યતાને કારણે સાવદ્યાચાર્યને વારંવાર શાસ્ત્રાર્થની સમ્યગ્ વિચારણા થવા છતાં પ્રબળ નિમિત્તને પામીને કષાયના વશથી અંતે અયોગ્યતાની ઉત્કટતા થવાથી થયેલ ઉત્સૂત્રપ્રરૂપણા, અયોગ્યમાં સૂત્રપ્રદાનનો નિષેધ.	૫૭૬-૫૮૪
	સાવદ્યાચાર્યના ઉત્સૂત્રભાષણનું સ્વરૂપ.	૫૮૪-૫૮૬
	સાવદ્યાચાર્યના અનંત સંસારપરિભ્રમણનું સંક્ષેપથી સ્વરૂપ અને પાર્શ્વનાથ ભગવાનના કાળમાં મોક્ષગમન, સાવદ્યાચાર્યના ઉત્સૂત્રભાષણનું તાત્પર્ય, સાધ્વીજીના ચરણસ્પર્શ કાળમાં સાવદ્યાચાર્યથી થયેલા બ્રહ્મચર્યવ્રતના સેવન અને અસેવનનું સ્વરૂપ, ઉત્સૂત્રભાષણથી સાવદ્યાચાર્યને બંધાયેલ કર્મબંધનું સ્વરૂપ, અપ્રમાદસાર સર્વજ્ઞનો ઉપદેશ.	૫૮૬-૫૯૩
	સાધુને અવિધિવાળી યાત્રાના નિષેધમાં વજ્રસૂરિનું દૃષ્ટાંત.	૫૯૩-૬૦૫
	સ્વચ્છન્દતાથી ગુર્વાજ્ઞાના ઉલ્લંઘનમાં વિરાધકતા.	૫૯૩
	ગચ્છાધિપતિ વજ્રસૂરિનું સ્વરૂપ, ગચ્છાધિપતિ વજ્રસૂરિની આજ્ઞાવર્તી સાધ્વીનું સ્વરૂપ. વજ્રસૂરિના સાધુઓમાં વિશિષ્ટ ગુણોનો અભાવ.	૫૯૩-૫૯૫
	અગીતાર્થને ઇચ્છાપૂર્વક તીર્થયાત્રાગમનનો નિષેધ, વજ્રસૂરિના સાધુઓની અગીતાર્થતા અને બોધનું સ્વરૂપ, તીર્થયાત્રાવિષયક સાધ્વાચારની મર્યાદા.	૫૯૫-૫૯૭
	વજ્રસૂરિના શિષ્યોને અવિધિથી તીર્થયાત્રામાં પ્રાપ્ત દોષો, શિષ્યોની અવિધિથી કરાતી તીર્થયાત્રાને જોઇને વજ્રસૂરિએ કરેલી વિચારણા, અવિધિ કરતા શિષ્યોની ઉપેક્ષાથી ગુરુને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ, શિષ્યોની અવિધિના પરિહાર માટે ગુરુના	

શ્લોક	વિષય	પાના નં.
	ઉચિત કર્તવ્યનું સ્વરૂપ.	૫૯૭-૫૯૯
૪૬.	અસંયમથી તીર્થયાત્રાએ જતા શિષ્યોને વજ્રસૂરિએ આપેલ ઉપદેશ, ઇર્યાપથના પાલનઅર્થક સારભૂત ઉપદેશ, એકેન્દ્રિયાદિ જીવોના સંઘટ્ટન, કિલામણા આદિમાં સંયતને થતા કર્મબંધનું પ્રમાણ.	૫૯૯-૬૦૦
	શિષ્યોની અપ્રજ્ઞાપનીયતાનો નિર્ણય કર્યા બાદ વજ્રસૂરિની વિચારણા અને ઉચિત પ્રવૃત્તિ, સ્વહિતને ગૌણ કર્યા વગર પરહિત કરવાની તીર્થંકરની આજ્ઞા, ગુણસંપન્ન ગુરુની આજ્ઞાનું અતિક્રમણ કરનારના વેશઉતારણની વિધિ.	૬૦૦-૬૦૪
	સંયમીને ભિન્ન ભિન્ન ભૂમિને આશ્રયી પાદપ્રમાર્જનની વિધિ અને અવિધિમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ.	૬૦૪-૬૦૫
	વજ્રસૂરિના દૃષ્ટાંતથી સાધુને અવિધિવાળી યાત્રાના જ નિષેધની યુક્તિ, સંયત એવા અન્ય સાધુઓ સાથે સાધુને તીર્થયાત્રાની વિધિ.	૬૦૬-૬૦૭
૪૭.	તપ-સંયમરૂપ યાત્રાપદના કથનથી સાધુના સર્વયતનાયુક્ત યોગને યાત્રાપદથી વાચ્ય કરવામાં યુક્તિ.	૬૧૧-૬૧૨
	સાધુની સંયમયાત્રાનું સ્વરૂપ.	૬૧૨-૬૧૩
	સોમિલના પ્રશ્નના ઉત્તરમાં એવંભૂતનયને આશ્રયીને ભગવાનમાં યાત્રાનું કથન અને સમભિરૂઢનયને આશ્રયીને મુનિના યતનાપૂર્વકના સર્વ યોગોમાં યાત્રાપદની પ્રવૃત્તિ.	૬૧૩-૬૧૫
૪૮.	ચૈત્યાર્થક વૈયાવૃત્ત્યકરણવિષયક સટીક ઉદ્ધરણ, પ્રવર્તકના લક્ષણનું ઉદ્ધરણ, કુલ, ગણ અને સંઘનું લક્ષણ, વૈયાવૃત્ત્ય શબ્દનો અર્થ, વૈયાવૃત્ત્યના સ્વરૂપનું ઉદ્ધરણ, દશ પ્રકારના વૈયાવૃત્ત્યકરણનું ઉદ્ધરણ.	૬૧૮-૬૨૧
	ભજના શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, ભક્તિઅર્થક વૈયાવૃત્ત્ય શબ્દ હિંસાનાયોગનું ઉદ્ધરણ, અશનાદિની જેમ ભક્તિ દ્વારા વૈયાવૃત્ત્યકરણમાં યુક્તિ.	૬૨૧-૬૨૨
૪૯.	ચૈત્ય શબ્દનો જ્ઞાન અર્થ સ્વીકારવામાં લુંપકને આવતી આપત્તિ, તપ-સંયમમાં	
૪૯.	ઉદ્યમથી ચૈત્યની વૈયાવચ્ચની પ્રાપ્તિનું ઉદ્ધરણ.	૬૨૫-૬૨૯
	લુંપકને પાતકી વિશેષણ આપવાનું પ્રયોજન.	૬૩૦-૬૩૧
	પ્રતિમાશતકના શ્લોક-૪૯માં રહેલ અતિશયોક્તિ અલંકારનું સ્વરૂપ.	૬૩૧
૫૦.	અવિરત સમ્યગ્દૃષ્ટિમાં વૈયાવચ્ચની સિદ્ધિનું ઉદ્ધરણ.	૬૩૩-૬૩૪
૫૧.	ભક્તિના અંશથી દર્શનશ્રાવકમાં અવિરતપણાની હાનિના અભાવમાં યુક્તિ.	૬૩૫-૬૩૭

શ્લોક	વિષય	પાના નં.
૫૧.	અનંતાનુબંધીના ક્ષયોપશમથી સમ્યક્ત્વના ગુણોની જ પ્રાપ્તિનું ઉદ્ધરણ, ચારિત્રીમાં જ પ્રધાનરૂપે ઉપશમાદિ ગુણોની વિદ્યમાનતા ઉદ્ધરણ પૂર્વક, મુખ્યરૂપે મુનિમાં જ વિદ્યમાનતાનું દૃષ્ટાંત દ્વારા ભાવન.	૬૩૭-૬૪૦
૫૨.	દ્રવ્યસ્તવમાં હિંસાની આશંકા કરીને લુંપક દ્વારા ઉદ્વેગનું અભિનયન.	૬૪૧-૬૪૨
૫૩.	ધર્માર્થક હિંસાનું સ્વરૂપ, દ્રવ્યસ્તવમાં ધર્માર્થક હિંસાના અભાવની યુક્તિ.	૬૪૩-૬૪૬
	સત્ક્રિયાઓમાં બાહ્યથી હિંસા હોવા છતાં પણ પરમાર્થથી અહિંસાનું ઉદ્ધરણ, જિતશત્રુ રાજાને પ્રતિબોધ કરનાર સુબુદ્ધિમંત્રીનું ઉદાહરણ.	૬૪૬-૬૪૯
	ધર્માનુષ્ઠાનમાં થતી દ્રવ્યહિંસામાં હિંસાના અભાવની સ્થાપક યુક્તિ.	૬૪૯-૬૫૧
	પ્રશ્નવ્યાકરણના બળથી દ્રવ્યસ્તવમાં હિંસાને સ્થાપનાર લુંપકની યુક્તિનું નિરાકરણ, એકેન્દ્રિયાદિમાં બાહ્ય હિંસા નહિ હોવા છતાં અશુભ લેશ્યાથી હિંસાની પ્રાપ્તિ, જિનપૂજામાં બાહ્ય હિંસા હોવા છતાં શુભલેશ્યાથી હિંસાના અભાવની પ્રાપ્તિ, ધર્મ માટે કરાયેલી હિંસાને હિંસારૂપે સ્વીકારવા માટે લુંપક દ્વારા અપાયેલ પ્રશ્નવ્યાકરણનું ઉદ્ધરણ, અશુભલેશ્યાવાળાને જ હિંસકરૂપે સ્વીકારનું ઉદ્ધરણ, જિનપૂજામાં વર્તતી શુભલેશ્યાનું સ્વરૂપ, જિનપૂજામાં હિંસા સ્વીકારનારને અનંતસંસાર પ્રાપ્તિની યુક્તિ, અનંતાનુબંધી માયાથી જ જિનપૂજામાં હિંસાના સ્વીકારનું ઉદ્ધરણ.	૬૫૧-૬૫૫
	હિંસા કરનારને મંદબુદ્ધિરૂપે સ્વીકારનાર પ્રશ્નવ્યાકરણના સૂત્રનું વિશેષ તાત્પર્ય, આનંદ આદિ શ્રાવકોમાં અર્થ-કામ માટે હિંસા હોવા છતાં મિથ્યાત્વનો અભાવ.	૬૫૫-૬૫૬
૫૪.	યાગીય હિંસાને ધર્માર્થક સિદ્ધ કરવા દ્વારા જિનપૂજામાં ધર્માર્થક હિંસાના અભાવની સિદ્ધિ, મિથ્યાદૃષ્ટિઓના યાગાદિમાં અધર્મપણાનું ઉદ્ધરણ.	૬૫૭-૬૬૦
૫૫.	નિમ્ન-ઉન્નત ન્યાયથી અપવાદનું સ્વરૂપ, દ્રવ્યસ્તવમાં વર્તતા દોષનું સ્વરૂપ.	૬૬૧-૬૬૪
	વેદાંતદર્શનમાં ઉત્સર્ગ-અપવાદની અઘટમાનતામાં યુક્તિ ઉદ્ધરણ પૂર્વક.	૬૬૪-૬૬૬
	વેદાંતદર્શનની યમરૂપ અહિંસા અને યાગીય હિંસામાં ઉત્સર્ગ-અપવાદની સંગતિ માટે વેદાંતીએ આપેલ યુક્તિનું નિરાકરણ, વેદાંતમતમાં જ્યોતિષ્ટોમાદિ દ્વારા સત્ત્વશુદ્ધિનો સ્વીકાર અને શ્યેનયાગ દ્વારા સત્ત્વશુદ્ધિનો અસ્વીકાર, શ્યેનયાગ સ્વીકારવાની વેદાંતીને આપત્તિનું ઉદ્ધરણ, જ્યોતિષ્ટોમાદિ યજ્ઞોથી સત્ત્વશુદ્ધિના અભાવમાં યુક્તિ.	૬૬૬-૬૬૯
	જિનપૂજામાં સત્ત્વશુદ્ધિની સ્થાપક યુક્તિ, અપવાદ આશ્રયણનું પ્રયોજન.	૬૬૯-૬૭૦
૫૬.	સામાયિક આદિથી જિનવિરહપ્રયુક્ત આપત્તિના વિનિવારણનો સંભવ હોવાથી	

શ્લોક	વિષય	પાના નં.
	દ્રવ્યસ્તવની અનાવશ્યકતા સ્થાપનાર લુંપકની યુક્તિનું સમાધાન.	૬૭૧-૬૭૮
૫૬.	સામાયિકાદિની પારમાર્થિક વિનયરૂપતા ઉદ્ધરણપૂર્વક.	૬૭૧-૬૭૩
	અધિકારીવિશેષને સામાયિકાદિ કરતાં પણ જિનપૂજાથી જ સમ્યક્ત્વગુણની વિશેષ વૃદ્ધિમાં યુક્તિ, શ્રાવકને સામાયિકાદિ ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવની અધિકતાનું ભાવન.	૬૭૪-૬૭૫
	શ્રાવકને ઉચિત ફળની પ્રાપ્તિમાં દાનાદિ, સામાયિકાદિ અને દ્રવ્યસ્તવની કારણતા, ભૂમિકાને અનુરૂપ સામાયિકના તુલ્યફળવાળા પણ દ્રવ્યસ્તવની સફળતાનું ભાવન, તૃણ-અરણિ-મણિ ન્યાય સંબદ્ધ.	૬૭૬-૬૭૮
૫૭.	આરંભની શંકાથી જિનપૂજાના અકરણમાં થતી શાસનનિંદાનું સ્વરૂપ, અનાભોગથી પણ શાસનમાલિન્યની પ્રવૃત્તિથી બોધિનો નાશ ઉદ્ધરણપૂર્વક.	૬૭૯-૬૮૦
	અન્ય આરંભમાં પ્રવૃત્તને દ્રવ્યસ્તવના આરંભની ઉચિતતા સ્વીકારતા 'धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहसा गरीयसी' રૂપ સૂત્રવિરોધની શંકાનું નિરાકરણ, ધર્મ માટે પણ ધનની અનિચ્છા બતાવનાર શ્લોકનું સર્વવિરતિની અપેક્ષાએ જ યોજન, જિનપૂજાઅર્થક હિંસાની જેમ કોઇક જીવને આશ્રયીને દ્રવ્યસ્તવઅર્થક વેપાર આદિ સાવદ્યપ્રવૃત્તિની ઉચિતતા.	૬૮૦-૬૮૩
	ધર્મ માટે વેપારની આરંભરૂપ ક્રિયાની યુક્તતામાં સંકાશશ્રાવકનું દૃષ્ટાંત, પ્રમાદથી પણ ચૈત્યદ્રવ્યના લક્ષણમાં ક્લિષ્ટ લાભાંતરાયકર્મનો બંધ.	૬૮૩-૬૮૩
	દેવદ્રવ્યના ઋણથી મુક્ત થવા માટે સંકાશશ્રાવકને વ્યાપારઆદિની ઇષ્ટતા સ્વીકારીને અન્યને ધર્મ માટે વ્યાપારઆદિની ઇષ્ટતાને નહિ સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, દ્રવ્યસ્તવ સંબંધી 'शुद्धागमैर्यथालाभम्' એ શ્લોકનું વિશેષ તાત્પર્ય, દુર્ગતા નારીને પુષ્પપૂજામાં વિધિનો બાધ હોવા છતાં ઇષ્ટફળની પ્રાપ્તિનું કારણ, ચૈત્યના રક્ષણ માટે ગ્રામ આદિના દાનની વિધિ, દ્રવ્યસ્તવવિષયક વ્યુત્પન્ન-અવ્યુત્પન્નના આશયભેદથી વિધિની મર્યાદા.	૬૮૩-૬૮૬
	ચૈત્યદ્રવ્ય માટે ગ્રામ આદિના દાનની વિધિનું ઉદ્ધરણ, ચૈત્યદ્રવ્યના રક્ષણ માટે સાધુ અને શ્રાવકની મર્યાદા. 'शुद्धागमैर्यथालाभम्' પંક્તિનો વિશિષ્ટ અર્થ, પૂજાકાળમાં ઉદારતાથી શાસનની પ્રભાવના.	૬૮૬-૬૮૮
૫૮.	સાવદ્યનો સંક્ષેપ કરનાર શ્રાવકને દ્રવ્યસ્તવની અનધિકારિતામાં યુક્તિ.	૬૮૮-૬૮૯
	દ્રવ્યસ્તવના અધિકારીનું સ્વરૂપ.	૬૮૯-૬૯૧
	દ્રવ્યસ્તવ માટેના અનધિકારી શ્રાવકના સ્વરૂપનું ઉદ્ધરણ, સંક્ષેપરુચિ શ્રાવકને પૂજાના	

શ્લોક	વિષય	પાના નં.
	અનધિકારી સ્વીકારવાથી જિનપૂજા નહિ કરનારમાં જ શ્રમણોપાસકપણું સ્વીકારનાર મતની પુષ્ટિના સંભવની શંકાનું નિરાકરણ, સર્વથા નિરપેક્ષને સંયમગ્રહણની વિધિ ઉદ્ધરણપૂર્વક, ઉચિત ક્રિયાના અભ્યાસ માટે સાધુની જેમ ભિક્ષાવૃત્તિની અનુચિતતા, બોધિદુર્લભતાનું કારણ ઉદ્ધરણપૂર્વક.	૬૯૧-૬૯૨
૫૮.	પૂજાના અનધિકારી શ્રાવકનું સ્વરૂપ, યતિક્રિયાનો અભ્યાસ કરનાર સાવદ્ય સંક્ષેપરુચિવાળાને પૂજાનો અનધિકારી ન સ્વીકારવાથી પૂજાના અનધિકારીની જિજ્ઞાસાનું સમાધાન, દ્રવ્યસ્તવના અનધિકારીના સ્વરૂપનું ઉદ્ધરણ.	૬૯૨-૬૯૬
૫૯.	દ્રવ્યસ્તવમાં અનુબંધહિંસા અને હેતુહિંસાના અભાવમાં યુક્તિ, દ્રવ્યસ્તવમાં વર્તતા દ્રવ્યાશ્રવથી અધ્યાત્મના અબાધનું ઉદ્ધરણ.	૬૯૭-૬૯૯
	દ્રવ્યસ્તવમાં વર્તતા દ્રવ્યાશ્રવથી અધ્યાત્મના અબાધનમાં યુક્તિ, યોગની સાથે આરંભઆદિની વ્યાપકતાનું ઉદ્ધરણ.	૬૯૭-૭૦૦
	દ્રવ્યાશ્રવમાત્રથી કર્મબંધના અભાવની યુક્તિ, સમિત અને ગુપ્ત મુનિને દ્રવ્યાશ્રવ હોવા છતાં ઉપાદાન કારણ અનુસારે જ બંધનું વૈચિત્ર્ય.	૭૦૧-૭૦૧
	દ્રવ્યસ્તવમાં દ્રવ્યપણાથી હિંસાની પરિણતિથી સૂક્ષ્મ કર્મબંધ માનનાર ધર્મસાગરજીના મતનું નિરાકરણ, એકેન્દ્રિયમાં પણ અલ્પચેતનાકૃત અવિરતિના અધ્યવસાયથી જ સૂક્ષ્મ કર્મબંધ, અપ્રમત્ત સાધુને દ્રવ્યાશ્રવનિમિત્તક પરમાણુમાત્ર પણ બંધનો અભાવ.	૭૦૨-૭૦૩
૬૦.	દ્રવ્યસ્તવગત ભાવનું સ્વરૂપ, દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસાથી કર્મબંધના અભાવની યુક્તિ, દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસાથી પુણ્યબંધ, દ્રવ્યસ્તવમાં વર્તતા અસંયમનું સ્વરૂપ, દ્રવ્યસ્તવમાં થતી હિંસાને કારણે કર્મબંધ સ્વીકારનાર લુંપાકની યુક્તિનું નિરાકરણ, દ્રવ્યસ્તવમાં પ્રશસ્ત અસંયમનો પરિણામ, પ્રશસ્ત અસંયમની નિષ્પત્તિમાં પૂર્વકાલીન ભાવને કારણરૂપે નહિ સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૭૦૪-૭૦૮
	નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિથી પ્રશસ્ત હિંસામાં પણ પુણ્યબંધનો અભાવ, વ્યવહારનયના ઉપચારથી જ પ્રશસ્ત હિંસામાં પુણ્યબંધ, નિશ્ચયનયથી હિંસા દ્વારા પુણ્યબંધ કે પાપબંધનો અભાવ, નિશ્ચયનયથી પ્રશસ્ત કે અપ્રશસ્તભાવથી પુણ્યબંધ કે પાપબંધ.	૭૦૯-૭૧૦
	નિશ્ચયનયથી અધ્યવસાયના ભેદથી જ ફલભેદનું ઉદ્ધરણ, નિશ્ચયનયથી બાહ્ય કામભોગની અકિંચિત્કરતા અને કામભોગ પ્રત્યેના પ્રદ્વેષ અને મૂર્ચ્છાથી વિકૃતિની પ્રાપ્તિ અને શમપરિણામથી વીતરાગતાની પ્રાપ્તિ, કર્મબંધના અભાવનો નિયામક અધ્યવસાય.	૭૧૦-૭૧૧
	સમ્યક્ત્વની પૂર્વભૂમિકાવાળાના પણ દ્રવ્યસ્તવમાં હેતુ અને અનુબંધ હિંસાના	

શ્લોક	વિષય	પાના નં.
	અભાવથી સમાધિને નહિ સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, સમ્યગ્દર્શનના સિદ્ધિયોગવાળાને પ્રશમ પરિણામ હોવાથી હેતુહિંસા અને અનુબંધહિંસાના અભાવવાળી સમાધિની પ્રાપ્તિ, ઇચ્છા પ્રવૃત્તિ આદિ યોગના કાર્યરૂપે અનુકંપા આદિનું વિધાન ઉદ્ધરણપૂર્વક, દ્રવ્યસ્તવગત અનુબંધહિંસા અને હેતુહિંસાના અભાવવાળો અધ્યવસાય, વ્યુત્થાનકાળમાં સંસ્કારરૂપે અને એકાગ્રતાકાળમાં સ્ફુરણરૂપે હોવાથી ક્રિયાની સફળતા, પ્રણિધાનાદિ આશયોનું સ્વરૂપ, સમ્યક્ક્રિયાનો નિયામક ભાવ ઉદ્ધરણપૂર્વક, સમ્યગ્દર્શનના સિદ્ધિયોગકાળમાં વર્તતાને જિનપૂજાકૃત લેશ પણ કર્મબંધના અભાવની સ્થાપક યુક્તિ, સિદ્ધિયોગના કાર્યરૂપ પ્રશમપરિણામવાળામાં પણ અવિરતિના ઉદયનો સંભવ.	૭૧૧-૭૧૬
૬૦.	દ્રવ્યસ્તવની ઉપાદેયતા વિષયક શંકા-સમાધાનનું સટીક ઉદ્ધરણ.	
	સ્તવ શબ્દના ચાર નિક્ષેપાનાં નામો, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું સ્વરૂપ, અસદ્ગુણના ઉત્કીર્તનથી મૃષાવાદની પ્રાપ્તિ, ઉત્કીર્તના શબ્દનો વ્યુત્પત્તિઅર્થ, પરમાત્માની સદ્ગુણ ઉત્કીર્તનાના દૃષ્ટાંતનું ઉદ્ધરણ.	૭૧૭-૭૧૯
	સમ્યગ્જ્ઞાનનો ઉપાય, વાક્યાર્થ વિષયક મર્યાદા ઉદ્ધરણપૂર્વક, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવવિષયક વાક્યાર્થનું સ્વરૂપ, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવવિષયક વાક્યાર્થ, મહાવાક્યાર્થનું સટીક ઉદ્ધરણ, ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવની અધિકતાની યુક્તિનું નિરાકરણ, દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવની અધિકતાનું સ્થાપન.	૭૧૯-૭૨૪
	ષડ્જીવના હિતના સ્વરૂપનું સટીક ઉદ્ધરણ, સંયતને દ્રવ્યસ્તવની અનધિકારિતાનું સ્વરૂપ.	૭૨૪-૭૨૫
	દ્રવ્યસ્તવમાં શુભ અધ્યવસાયની અનૈકાંતિકતા, અલ્પસત્ત્વવાળા અને અવિવેકી જીવને દ્રવ્યસ્તવથી શુભ અધ્યવસાયની અપ્રાપ્તિ, દ્રવ્યસ્તવમાં સંભવિત અશુભ અધ્યવસાયનું સ્વરૂપ, દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવની અધિકતામાં યુક્તિ, ભાવસ્તવનિરપેક્ષ દ્રવ્યસ્તવથી તીર્થની ઉન્નતિનો અભાવ, ભાવસ્તવથી પ્રાપ્ત ગુણો.	૭૨૫-૭૨૮
	દ્રવ્યસ્તવમાં હેય-ઉપાદેયનો વિભાગ સટીક ઉદ્ધરણપૂર્વક, શ્રાવકને માટે દ્રવ્યસ્તવની સુંદરતામાં અપાયેલ કૂપદૃષ્ટાંતનું ઉદ્ધરણ.	૭૨૮-૭૩૦
	શુભઅધ્યવસાયની નિષ્પત્તિ-અનિષ્પત્તિ પ્રત્યે દ્રવ્યસ્તવ અને ચારિત્રની ક્રિયામાં તુલ્યતાની યુક્તિ, વ્રતવિષયક નિત્યસ્મૃતિ આદિ કરણના પ્રયોજનનું ઉદ્ધરણ, ઉપર ઉપરની ભૂમિકાની અપેક્ષાએ દ્રવ્યસ્તવ અને ચારિત્રની ક્રિયાની અનુપાદેયતાની તુલ્યતા, અપેક્ષાએ દ્રવ્યસ્તવ અને ચારિત્રની ક્રિયાથી કર્મક્ષપણાની તુલ્યતા કે ચારિત્રનું કે પ્રવ્રજ્યાનું સ્વરૂપ, દ્રવ્યસ્તવદ્વારા શુભાનુબંધી પ્રભૂતતર નિર્જરાની	

શ્લોક	વિષય	પાના નં.
	પ્રાપ્તિમાં અને અલ્પ પણ પાપબંધના અભાવમાં યુક્તિ, દ્રવ્યસ્તવથી નાગકેતુ આદિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ, ચારિત્રની ક્રિયાની જેમ દ્રવ્યસ્તવના શુભયોગો દ્વારા કર્મક્ષપણાના અતિદેશનું ઉદ્ધરણ, શુદ્ધભાવનો કૂપદૃષ્ટાંત નિર્વિષય.	૭૩૦-૭૩૬
૬૦.	નિશ્ચયનયના મતે દ્રવ્યસ્તવથી શુભભાવ દ્વારા વિશિષ્ટ ફળની પ્રાપ્તિ, વ્યવહારનયના મતે શુભભાવથી યુક્ત ક્રિયાથી વિશિષ્ટ ફળની પ્રાપ્તિ, નૈગમનયના મતે પ્રસ્થકન્યાયથી દ્રવ્યસ્તવનિમિત્તક સ્નાનાદિમાં શુભભાવની પ્રાપ્તિ, પૂજાઅર્થક સ્નાનાદિમાં શુભભાવની પ્રાપ્તિનું કારણ.	૭૩૬-૭૩૮
	દ્રવ્યસ્તવનિમિત્તક યતનાથી કરાતા સ્નાનાદિમાં શુભભાવના અન્વયનું સટીક ઉદ્ધરણ, સાધુને દ્રવ્યસ્તવની અનાદરણીયતામાં યુક્તિ, સ્વરૂપથી સદોષ પણ દ્રવ્યસ્તવથી શ્રાવકને ઉપકારના અભાવની શંકાનું નિરાકરણ, દ્રવ્યસ્તવની ઉપકારકતા સાધક અનુમાનનો આકાર, કૂપખનન દૃષ્ટાંતનું દ્રવ્યસ્તવ સાથે યોજન, શુભ અધ્યવસાયનો કારણે સ્નાનકાળમાં પણ કર્મબંધનો અભાવ હોવાથી પૂર્વપક્ષી દ્વારા દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતના અન્યથાયોજનનું નિરાકરણ, ધર્માર્થપ્રવૃત્તિમાં અલ્પ પાપની ઇષ્ટતાનું ઉદ્ધરણ, સુસંયતને કરાતા અશુદ્ધદાનથી અલ્પ કર્મબંધ અને બહુતર નિર્જરાની પ્રાપ્તિ, ગ્લાનની વૈયાવચ્ચમાં પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ.	૭૩૮-૭૪૪
	ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પદોષને સ્વીકારનાર પૂ. અભયદેવસૂરિ મહારાજના વચન સાથે પૂ. હરિભદ્રસૂરિ મહારાજના વચનની વિરોધિતાના ઉદ્ભાવનપૂર્વક નૈગમનયથી સંગતિની યુક્તિ, દ્રવ્યસ્તવગત સ્નાનવિષયક યતના અને યતનાથી કરાયેલ સ્નાનની શુભહેતુતાનું સટીક ઉદ્ધરણ, યતનાથી દ્રવ્યસ્તવમાં હિંસાનો અભાવ ઉદ્ધરણપૂર્વક, હિંસાવાળા દ્રવ્યસ્તવમાં શુદ્ધિના અભાવની શંકાનું નિરાકરણ, હિંસારૂપ જાણી દ્રવ્યસ્તવને નહિ કરનાર અવિરતિધરને મિથ્યાત્વની પ્રાપ્તિ, અધિકારીથી કરાયેલ દ્રવ્યસ્તવમાં હિંસાના અભાવની યુક્તિ.	૭૪૫-૭૪૯
	પુણ્યજનક અધ્યવસાય કે યોગથી, અલ્પ પણ પાપબંધના અભાવની યુક્તિ, એક જ અધ્યવસાય કે યોગમાં શુભ-અશુભરૂપ મિશ્રતાનો અભાવ, સુપાત્રમાં અશુદ્ધ દાનથી અલ્પ પાપબંધ અને બહુતર નિર્જરાના કથનનું નિશ્ચયનયથી વિશેષ અર્થઘટન, સુપાત્રમાં અશુદ્ધ દાનથી નિર્જરાવિશેષની પ્રાપ્તિનું સ્વરૂપ, આગમમાં શુભ-અશુભરૂપ મિશ્રરાશિનો અસ્વીકાર હોવાથી સુપાત્રમાં અશુદ્ધદાનથી અલ્પ પાપબંધ અને બહુ નિર્જરાના કથન સાથે વિરોધના ઉદ્ભાવનનું સમાધાન, દ્રવ્યસ્તવથી થતી નિર્જરાનું સ્વરૂપ, દ્રવ્યસ્તવમાં શ્રાવકોના ઉત્તરગુણરૂપતાના સ્વરૂપનું ઉદ્ધરણ, શુદ્ધપૂજા અને અશુદ્ધદાનનું સ્વરૂપ, ગ્લાનપ્રતિચરણા પછી આવતા પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તનું વિશેષ તાત્પર્ય, ગીતાર્થ આદિ પાંચમાંથી અન્યતર પદના વૈકલ્યમાં ગીતાર્થનિશ્રિતને	

શ્લોક	વિષય	પાના નં.
	અપવાદિક પ્રવૃત્તિમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ.	૭૪૯-૭૫૨
૬૦.	શુદ્ધદાનને ઉત્સર્ગરૂપે અને અશુદ્ધદાનને અપવાદરૂપે સ્વીકારીને અશુદ્ધદાનસદૃશ દ્રવ્યસ્તવને બતાડનાર પૂર્વપક્ષીની યુક્તિને કથંચિત્ સ્વીકારીને ભગવતીસૂત્રના અશુદ્ધદાનના વિશેષ તાત્પર્યના સ્પષ્ટીકરણપૂર્વક તેની સાથે અસંગતિનું ઉદ્ભાવન, ઉત્સર્ગ-અપવાદની સ્વસ્થાનમાં બલવત્તા હોવાથી બંધની તુલ્યતા.	૭૫૨-૭૫૪
	ગ્લાનના પ્રતિચરણ પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તના બળથી ધર્માર્થક પ્રવૃત્તિમાં પણ અલ્પ આરંભજનિત દોષને સ્વીકારવાની યુક્તિનું નિરાકરણ, સ્વરૂપથી સાવદ્ય પણ જિનપૂજામાં લેશ પણ પ્રાયશ્ચિત્તનો અભાવ, સંયતને નિષ્કારણ અશુદ્ધદાનમાં જ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ.	૭૫૨-૭૫૭
	યતનાના ભાવથી શુદ્ધ એવા અધિકારીને જિનપૂજામાં કર્મબંધનો અભાવ હોવાથી ધર્માર્થક પ્રવૃત્તિમાં અલ્પદોષની યુક્તિનું નિરાકરણ, તુલ્ય કે અધિક શુભઅધ્યવસાયથી અતિચારજન્ય ક્લિષ્ટભાવોનું શોધન હોવાને કારણે વર્તમાનમાં ચારિત્રની અવસ્થિતિ, શુભઅધ્યવસાયથી અતિચારના નિવર્તનનો સંભવ હોવાને કારણે પૂર્ણ યતનારૂપ શુભભાવથી થતી જિનપૂજામાં કર્મબંધનો અભાવ.	૭૫૫-૭૫૮
	દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતનું અન્યથાયોજન કરનાર केषांचिद् મતને પૂ. અભયદેવસૂરિ મહારાજ દ્વારા જે અનાગમિક કહેલ તેને નૈગમનયના આશ્રયથી આગમિકરૂપે સ્થાપવાની યુક્તિ, નૈગમનયને આશ્રયીને વિધિશુદ્ધ દ્રવ્યપૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન.	૭૫૫-૭૬૦

શ્રી પ્રવિણભાઇ પંડિત વિવેચિત પુસ્તકોની યાદી

(૧) યોગવિંશિકા શબ્દશઃ વિવેચન *

(૨) અધ્યાત્મઉપનિષત્ શબ્દશઃ વિવેચન

(૩) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ

(૪) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ

(૫) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧

(૬) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨

(૭) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩

(૮) આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન

(૯) સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઇ શબ્દશઃ વિવેચન

(૧૦) અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧

(૧૧) પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧

(૧૨) પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨

* અનુપલબ્ધ પુસ્તકો

ॐ ह्रीं श्री अर्हं नमः ।

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐं नमः ।।

महामहोपाध्याय श्रीयशोविजयवाचकनिर्मितस्वोपज्ञवृत्तियुत

'प्रतिमाशतक'

અવતરણિકા :-

किञ्च -

અવતરણિકાર્થ :-

સાધુઓ દ્રવ્યાર્ચા કરતા નથી, આમ છતાં શ્રાવકો કેમ કરે છે, તે વાત યુક્તિથી પૂર્વમાં બતાવી. તે જ વાતને વધારે સ્પષ્ટ બતાવવા અર્થે 'किञ्च' થી સમુચ્ચય કરતાં કહે છે -

શ્લોક :-

अक्षीणाविरतिज्वरा हि गृहिणो द्रव्यस्तवं सर्वदा,
सेवन्ते कटुकौषधेन सदृशं नानीदृशाः साधवः ।
इत्युच्चैरधिकारिभेदमविदन् बालो वृथा खिद्यते,
नैतस्य प्रतिमाद्विषो व्रतशतैर्मुक्तिः परं विद्यते ।।३०।।

શ્લોકાર્થ :-

અક્ષીણ અવિરતિજ્વરવાળા ગૃહસ્થો કટુ=કડવા, ઔષધ સમાન દ્રવ્યસ્તવને નિશ્ચિત સર્વદા સેવે છે, (અને) જે આવા નથી તેઓ=ક્ષીણ અવિરતિજ્વરવાળા સાધુઓ, દ્રવ્યસ્તવને સેવતા નથી; એ પ્રકારના અધિકારીભેદને અતિશયથી નહિ જાણતો બાલ અર્થાત્ અજ્ઞાની, વૃથા ખેદ પામે છે. આ પ્રતિમાશત્રુની સેંકડો વ્રતો વડે પણ મુક્તિ થતી નથી. ।।૩૦।।

ટીકા :-

'अक्षीण' इत्यादि :- हि=निश्चितम्, अक्षीणोऽविरतिरेव ज्वरो येषां ते तथा, गृहिणः ज्वरापहारिणा कटुकौषधेन सदृशं द्रव्यस्तवं सर्वदा सेवन्ते । अनीदृशाः=क्षीणाविरतिज्वराः, साधवो न सेवन्ते । "न हि नीरोगवैद्योक्तमौषधं रोगवान् न सेवते" इति लोकेऽपि सिद्धम् इति उच्चैः= अतिशयेन अधिकारिभेदं=मलिनारम्भितदितराधिकारिविशेषमविदन् बालः=अज्ञानी, वृथा खिद्यते =मुधा खेदं कुरुते, एतस्य प्रतिमाद्विषः=प्रतिमाशत्रोः, परं=केवलं, (व्रतशतैः) मुक्तिर्न विद्यते, प्रवचनार्थे एकत्राप्यश्रद्धानवतो योगशतस्य निष्फलत्वात् । तदुक्तमाचाराङ्गे - "वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लहइ समाहित्ति" **(प्र० श्रु० ५ अ० ५ उ०) ।**

ટીકાર્થ :-

हि=निश्चितं ..... न सेवन्ते । **અક્ષીણ એવી અવિરતિ જ જ્વર છે જેઓને તેવા=અક્ષીણ અવિરતિજ્વરવાળા એવા, ગૃહસ્થો જ્વરાપહારી=તાવને દૂર કરનાર, કટુ ઔષધ સમાન દ્રવ્યસ્તવને નિશ્ચિત સર્વદા સેવે છે, (અને) ક્ષીણ થઈ ગયો છે અવિરતિજ્વર જેઓનો એવા સાધુઓ (દ્રવ્યસ્તવને) સેવતા નથી.**

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, સાધુઓ પોતે દ્રવ્યસ્તવને સેવતા નથી અને ગૃહસ્થોને ઉપદેશ આપે છે, તો તેમના ઉપદેશથી ગૃહસ્થો કેમ સેવે? એ પ્રશ્નના નિરાકરણમાં કહે છે -

ટીકાર્થ :-

"न हि ..... निष्फलत्वात् । જે કારણથી નીરોગી વૈદ્ય વડે કહેવાયેલ ઔષધ રોગવાળો નથી સેવતો એમ નહિ, અર્થાત્ સેવે છે, એ પ્રમાણે લોકમાં પણ સિદ્ધ છે. (એ જ રીતે નીરોગી વૈદ્યતુલ્ય સાધુથી કહેવાયેલ દ્રવ્યસ્તવ ગૃહસ્થ સેવે છે.) એ પ્રકારના=અક્ષીણ અવિરતિજ્વરવાળા ગૃહસ્થો દ્રવ્યસ્તવને સેવે છે અને ક્ષીણ અવિરતિજ્વરવાળા સાધુઓ દ્રવ્યસ્તવને સેવતા નથી એ પ્રકારના, અધિકારી વિશેષને=ભેદને, અર્થાત્ મલિનારંભી અને તદિતર=મલિનારંભીથી ઈતર, અધિકારી વિશેષને અતિશયથી નહિ જાણતો બાળ=અજ્ઞાની, વૃથા ખેદ પામે છે. પરંતુ આ પ્રતિમાદ્વેષીની=પ્રતિમાશત્રુની, સેંકડો વ્રતો વડે પણ મુક્તિ થતી નથી, કેમ કે પ્રવચનના અર્થમાં, એકસ્થાનમાં પણ અશ્રદ્ધાવાળાના, સેંકડો યોગોનું નિષ્ફળપણું છે.

तदुक्तमाचाराङ्गे - તે આચારાંગમાં કહ્યું છે - वितिगिच्छाने પ્રાપ્ત એવા આત્મા વડે સમાધિ પ્રાપ્ત થતી નથી.

✪ 'हि निश्चितं' 'हि' શબ્દ નિશ્ચિત અર્થમાં છે. તેનો અન્વય દ્રવ્યસ્તવને સર્વદા સેવે છે, તેની સાથે કરવાનો છે. અર્થાત્ દ્રવ્યસ્તવને નિશ્ચિત સર્વદા સેવે છે, એવો અન્વય થાય છે.

✪ ટીકામાં प्रतिमाशत्रोः परं केवलं मुक्तिर्न विद्यते પાઠ છે. ત્યાં શ્લોકમાં 'व्रतशतैः' શબ્દ હોવાથી प्रतिमाशत्रोः परं =केवलं 'व्रतशतैर्मुक्तिर्न' विद्यते પાઠની સંભાવના છે.

વિશેષાર્થ :-

અક્ષીણ અવિરતિજ્વરવાળા એવા ગૃહસ્થને કટુ ઔષધ સમાન એવું દ્રવ્યસ્તવ છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, અવિરતિ એ આત્માની વિકૃતિ હોવાથી જ્વર જેવી છે અને તેનો નાશ કરવા માટે દ્રવ્યસ્તવ એ ઔષધ તુલ્ય છે; તેથી દ્રવ્યસ્તવના સેવનથી દ્રવ્યસ્તવને સેવનાર જીવ વિરતિ પ્રત્યે પ્રસર્પણભાવવાળો બને છે, એ અર્થ પ્રાપ્ત થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે જીવને ભગવાનના ઉપદેશ પ્રત્યે અત્યંત આદર હોય અને આદર હોવાથી જ ભગવાનના ઉપદેશરૂપ સર્વવિરતિ અત્યંત સેવનીય લાગતી હોય, અને "ભગવાન પણ સર્વવિરતિને પરાકોટિની સેવીને વીતરાગ બન્યા છે, આથી જ તેમની પૂજા કરીને હું પણ વિરતિને અનુરૂપ મારું સત્ત્વ પ્રગટ કરું" એવા આશયપૂર્વક જેઓ દ્રવ્યસ્તવને સેવે છે, તેમને જ તે દ્રવ્યસ્તવ સાક્ષાત્ અવિરતિના નાશનું કારણ બને છે. અને તે દ્રવ્યસ્તવકાળમાં જે અવિરતિનો પરિણામ છે તે જોકે સાવદ્યના સ્ફુરણરૂપ છે, અને સાવદ્યનું સ્ફુરણ એ આત્માની વિકૃતિરૂપ છે; આમ છતાં જ્યારે તે સાવદ્યના સ્ફુરણને સંસારમાં પ્રવર્તાવે છે ત્યારે તે સાવદ્યનું સ્ફુરણ અપ્રશસ્ત ભાવરૂપ હોય છે, અને તે સંસારની વૃદ્ધિનું કારણ બને છે; અને પૂજાકાળમાં પોતાને જે અવિરતિનો પરિણામ છે, તેથી જે ધનાદિ બાહ્ય પદાર્થ પ્રત્યે મારાપણાની બુદ્ધિ છે, તે જ ધનાદિને ભગવદ્ ભક્તિમાં વાપરીને હું સફળ કરું, એ પ્રકારનો આશય ત્યાં વર્તે છે; તેથી દ્રવ્યસ્તવકાળમાં વર્તતી તે અવિરતિ પ્રશસ્ત બને છે, અને તેનાથી અપ્રશસ્ત અવિરતિનો નાશ થાય છે. જેમ અનંતાનુબંધી કષાય સંસારવૃદ્ધિનું કારણ છે અને તે જ અનંતાનુબંધી કષાય ગ્રંથિભેદકાળમાં પ્રશસ્ત બનીને સમ્યક્ત્વનું કારણ બને છે; એ રીતે શ્રાવકનો પ્રશસ્ત અવિરતિનો પરિણામ વિરતિ પ્રત્યે કારણ બને છે. આમ છતાં અવિરતિ એ જીવનો પરિણામ નથી, તેથી તેને 'કટુ' કહેલ છે; અને અવિરતિરૂપ રોગના નાશનું કારણ દ્રવ્યસ્તવ છે, તેથી તેને 'ઔષધ' કહેલ છે.

'प्रवचनार्थे' પ્રવચનના અર્થમાં, એક સ્થાનમાં પણ અશ્રદ્ધાવાળાના સેંકડો યોગોનું નિષ્ફળપણું છે. તેથી પ્રતિમાને નહિ માનનારા એવા પ્રતિમાના શત્રુઓનું કઠોર સંયમનું પાલન પણ નિષ્ફળ છે, તેથી તેઓને મુક્તિ મળતી નથી, એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે - ભગવાને કહેલા એક વચનમાં પણ શંકા હોય કે વિપર્યાસ હોય તો તે તત્ત્વની અરુચિ સ્વરૂપ છે, અને તે અનિવર્તનીય હોય તો મિથ્યાત્વ અનિવર્તનીય હોવાથી ગાઢ છે, એમ પ્રાપ્ત થાય. તેથી મોક્ષમાર્ગને અનુકૂળ એવી કઠોર પણ બાહ્ય આચરણા મોક્ષને અનુરૂપ બની શકે નહિ. આથી જ આચારાંગમાં કહ્યું છે કે, વિતિગિચ્છાને પ્રાપ્ત એવા આત્મા વડે સમાધિ પ્રાપ્ત થતી નથી.

કહેવાનો ભાવ એ છે કે, તેવા જીવનું ચિત્ત બાહ્ય રીતે સ્વસ્થ જણાય, અને પોતે કલ્યાણ માટે તપ-સંયમમાં દૃઢ યત્ન કરતો જણાય, તો પણ તત્ત્વના વિષયમાં સંશય હોવાથી પરમાર્થથી તેનું ચિત્ત સમાધિવાળું અર્થાત્ મોક્ષમાર્ગને અનુકૂળ પરિણતિવાળું નથી. આમ છતાં, કોઈ જીવ મુગ્ધ અવસ્થામાં હોય ત્યારે તેને તત્ત્વના વિષયમાં વિપર્યાસ થયેલ હોય કે શંકા થયેલ હોય, અને જો તે પ્રજ્ઞાપનીય હોય, તો તેનાં અન્ય

અનુષ્ઠાનો સર્વથા નિષ્ફળ જતાં નથી, પરંતુ દૂરવર્તી સન્માર્ગનાં કારણ બને છે. આમ છતાં, અભિનિવેશવાળાને ગ્રહણ કરીને અહીં કહ્યું છે કે, પ્રતિમાના શત્રુઓનાં સર્વ અનુષ્ઠાનો નિષ્ફળ છે.

ટીકા :-

अत्र प्रत्यवतिष्ठन्ते - ननु यतिरत्र कस्मान्नाधिकारी? यतः कर्मलक्षणो व्याधिरेको द्वयोरपि यतिगृहस्थयोः, अतस्तच्चिकित्सापि पूजादिलक्षणा समैव भवति । ततो यद्येकस्याधिकारः कथं नापरस्य? अथ

"स्नानमुद्वर्त्तनाभ्यङ्गनखकेशादिसंस्क्रियाम् ।
गन्धं माल्यं च धूपं च त्यजन्ति ब्रह्मचारिणः ।।" ( )

इति वचनात् यतेः स्नानपूर्वकत्वाद् देवार्चनस्य तस्मिन् नाधिकारः, न, एवंभूतार्थस्यैव तस्य निषेधात् । यदि यतिः सावद्यान्निवृत्तः, ततः को दोषो यत्स्नानं कृत्वा देवतार्चनं न करोतीति । यदि हि स्नानपूर्वकदेवतार्चने सावद्ययोगः स्यात्, तदाऽसौ गृहस्थस्यापि तुल्य इति तेनापि तत्र कर्त्तव्यं स्यात् । अथ गृहस्थः कुटुम्बाद्यर्थे सावद्ये प्रवृत्तस्तेन तत्रापि प्रवर्त्तताम्, यतिस्तु तत्राप्रवृत्तत्वात् कथं स्नानादौ प्रवर्त्तते? इति, ननु यद्यपि कुटुम्बाद्यर्थं गृही सावद्ये प्रवर्त्तते, तथापि तेन धर्मार्थं तत्र न प्रवर्त्तितव्यम्, नह्येकं पापमाचरितमित्यन्यदप्याचरितव्यम् । अथ कूपोदाहरणात् पूजादिजनितमारम्भदोषं विशोध्य गृही गुणान्तरमासादयतीति युक्तं गृहिणः स्नानपूजादिः । ननु यथा गृहिणः कूपोदाहरणात्स्नानादिकं युक्तं एवं यतेरपि तद् युक्तमेव । एवं च कथं स्नानादौ यतिर्नाधिकारीति ?

ટીકાર્થ :-

अत्र प्रत्यवतिष्ठन्ते । આ કથનમાં=ગૃહસ્થો દ્રવ્યાર્ચા કરે છે અને સાધુઓ કરતા નથી, એમ પૂર્વમાં સ્થાપન કર્યું, આ કથનમાં, પૂર્વપક્ષી સામો પ્રતીકાર કરે છે -

ननु ..... यतिगृहस्थयोः, 'ननु' થી પૂર્વપક્ષી કહે છે કે - અહીં=દ્રવ્યસ્તવમાં, યતિ કેમ અધિકારી નથી ? જે કારણથી યતિ અને ગૃહસ્થ બંનેને પણ કર્મલક્ષણ વ્યાધિ એક છે.

अतः ..... भवति । આથી કરીને અર્થાત્ કર્મલક્ષણવ્યાધિ બંનેને પણ એક છે, આથી કરીને, પૂજાદિ લક્ષણ તેની ચિકિત્સા અર્થાત્ કર્મલક્ષણવ્યાધિની ચિકિત્સા પણ (બંનેને) સમાન જ હોય છે.

ततो ..... नापरस्य ? તેથી જો એકને=ગૃહસ્થને, અધિકાર છે તો અપરને=સાધુને, કેમ નથી ?

अथ ..... निषेधात्, 'अथ' થી પૂર્વપક્ષી કહે છે કે, જો સિદ્ધાંતકાર આ પ્રમાણે કહે કે - બ્રહ્મચારીઓ સ્નાનનો, ઉદ્વર્તનનો, અભ્યંગનો, નખ-કેશાદિ સંસ્કારનો, ગંધનો અને માલ્યનો, ધૂપનો ત્યાગ કરે છે, આ પ્રમાણે વચન હોવાથી યતિનો દ્રવ્યસ્તવમાં અધિકાર નથી, કેમ કે દેવાર્ચનનું સ્નાનપૂર્વકપણું છે, તો તે

(સિદ્ધાંતકારનું વચન) બરાબર નથી. કેમ કે આવા પ્રકારના અર્થનો જ તેને=યતિને, નિષેધ છે, અર્થાત્ સ્નાન-ઉદ્વર્તન આદિ પ્રકારના અર્થનો જ યતિને નિષેધ છે, પરંતુ દેવાર્ચનનો નહીં.

✪ આનાથી એ ફલિત થયું કે, 'स्नानमुद्वर्तन ..... ब्रह्मचारिणः' એ પ્રકારના વચનથી યતિને પૂજાનો નિષેધ થઈ શકે નહિ, પરંતુ ભોગ માટે જ સ્નાનાદિનો નિષેધ થઈ શકે; અને પૂજાના અંગભૂત સ્નાન તો શ્રાવકની જેમ અન્યને પણ સ્વીકારી શકાય. તેથી જો રોગી શ્રાવક માટે દ્રવ્યસ્તવ ઔષધ માનશો તો સાધુએ પણ દ્રવ્યસ્તવ કરવું જોઈએ.

ઉત્થાન :-

અહીં સિદ્ધાંતકાર આ પ્રમાણે કહે કે, સાધુ સાવદ્યથી નિવૃત્ત છે, માટે દ્રવ્યસ્તવ કરતા નથી. તેથી કહે છે -

ટીકાર્થ :-

यदि यतिः ..... स्यात् । જો યતિ સાવદ્યથી નિવૃત્ત થયેલ છે, તેથી શું દોષ છે, કે જે કારણથી સ્નાન કરીને દેવાર્ચન કરતા નથી?

(સાવદ્યથી નિવૃત્તિ હોવા છતાં કર્મરોગના નાશ માટે યતિએ દ્રવ્યસ્તવ કરવું જોઈએ,) એથી કરીને=યતિને દ્રવ્યસ્તવ સ્વીકારની આપત્તિ છે એથી કરીને, જો સ્નાનપૂર્વક દેવતાઅર્ચનમાં સાવદ્યયોગ થાય, તો આ=સાવદ્યયોગ, ગૃહસ્થને પણ તુલ્ય છે. એથી કરીને તેના વડે પણ=ગૃહસ્થ વડે પણ, તે=દેવતાઅર્ચન, કર્તવ્ય ન થાય.

अथ गृहस्थः ..... इति । ગૃહસ્થ કુટુંબાદિ અર્થે સાવદ્યમાં પ્રવૃત્ત છે, તે કારણથી ત્યાં પણ=સ્નાનપૂર્વક દેવતાઅર્ચનમાં પણ, પ્રવર્તે. વળી યતિ સાવદ્યમાં અપ્રવૃત્ત હોવાથી કેવી રીતે સ્નાનપૂર્વક દેવતાર્ચનમાં પ્રવર્તે ? એ પ્રકારે સિદ્ધાંતકાર કહે તો 'ननु' થી પૂર્વપક્ષી તેનો જવાબ આપે છે -

ननु ..... प्रवर्त्तितव्यम्, જોકે કુટુંબાદિ અર્થે ગૃહસ્થ સાવદ્યમાં પ્રવર્તે છે, તો પણ તેના વડે ધર્મ માટે ત્યાં=સ્નાનપૂર્વક દેવતાર્ચનમાં, પ્રવર્તવું જોઈએ નહિ.

न हि ..... आचरितव्यम् । - જે કારણથી એક પાપ આચર્યું હોય તો અન્ય પણ આચરવું ન જોઈએ.

✪ 'हि' શબ્દ यस्मादर्थक છે.

अथ कूपोदाहरणात् ..... स्नानपूजादिः । કૂપના ઉદાહરણથી પૂજાદિજનિત આરંભદોષની વિશુદ્ધિ કરીને ગૃહસ્થ ગુણાંતરને પામે છે. એથી કરીને ગૃહસ્થને સ્નાનપૂજાદિયુક્ત છે. આ પ્રમાણે જો સિદ્ધાંતકાર કહે તો 'ननु' થી પૂર્વપક્ષી કહે છે -

ननु यथा ..... यतिर्नाधिकारीति ? જેમ ગૃહસ્થને કૂપના ઉદાહરણથી સ્નાનાદિ યુક્ત છે, એ પ્રમાણે યતિને પણ તે=સ્નાનાદિ, યુક્ત જ છે. અને એ રીતે=જે રીતે રોગના નાશ માટે ગૃહસ્થ તમારા મતે દ્રવ્યસ્તવનો અધિકારી છે, તેથી તેને સ્નાનાદિ યુક્ત છે, એ રીતે, યતિ સ્નાનાદિમાં અધિકારી કેમ નહિ થાય ? અર્થાત્ તમારા માટે ગૃહસ્થની જેમ યતિ પણ સ્નાનાદિનો અધિકારી માનવો પડશે.

✪ 'एवं च' અહીં 'एवं' શબ્દ છે તે પૂર્વપક્ષીના કથનના નિગમનસૂચક છે.

✪ 'नाधिकारीति' અહીં 'इति' શબ્દ છે તે अत्र प्रत्यवतिष्ठन्ते ..... નાધિકારી સુધીના પૂર્વપક્ષીના કથનની સમાપ્તિસૂચક છે.

अत्र प्रत्यवतिष्ठन्ते ..... થી ... यतिर्नाधिकारीति સુધીના કથનનો ફલિતાર્થ :-

પૂર્વમાં સિદ્ધાંતકારે સ્થાપન કર્યું કે, જેમ નીરોગી વૈદ્યથી કહેવાયેલું ઔષધ રોગવાળો સેવે છે, તેમ નીરોગી એવા સાધુઓથી બતાવાયેલ કટુ ઔષધ જેવું દ્રવ્યસ્તવ ગૃહસ્થો સેવે છે. તે કથનમાં લુંપાક વિરોધ કરતાં કહે છે કે, કર્મરૂપી રોગ સાધુને અને ગૃહસ્થને સમાન છે, તેથી રોગનું ઔષધ દ્રવ્યસ્તવ હોય તો સાધુએ પણ તે ઔષધ સેવવું જોઈએ. અને તે જ કથનની પુષ્ટિ સિદ્ધાંતકારના અવાંતર પ્રશ્નો ઉદ્ભાવન કરીને પૂર્વપક્ષીએ કરી. અને તેનાથી પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે, જે રીતે સિદ્ધાંતકારને સાધુ દ્રવ્યસ્તવ કરે તે માન્ય નથી, તે જ રીતે ગૃહસ્થને પણ દ્રવ્યસ્તવ માન્ય હોવું જોઈએ નહિ, કેમ કે દ્રવ્યસ્તવ સાવદ્ય પ્રવૃત્તિરૂપ છે.

લુંપાકે કહેલ આ પ્રકારના આશયમાં વિશેષ એ છે કે, સિદ્ધાંતકારે અવિરતિરૂપ જ્વરવાળા માટે દ્રવ્યસ્તવને ઔષધરૂપે બતાવેલ છે, અને લુંપાકે કર્મરૂપ જ્વરના ઔષધ તરીકે દ્રવ્યસ્તવને ગ્રહણ કરીને આપત્તિ આપી છે. તેથી જો કર્મરોગના ઔષધ તરીકે દ્રવ્યસ્તવને સ્વીકારવામાં આવે તો સાધુને દ્રવ્યસ્તવ કરવાની આપત્તિ આવે, પરંતુ અવિરતિરૂપ જ્વરને નાશ કરનાર દ્રવ્યસ્તવ છે, તેમ સ્વીકારવામાં આવે તો સાધુને દ્રવ્યસ્તવ કરવાની આપત્તિ આવે નહિ. કેમ કે સાધુને અવિરતિરૂપ જ્વર નથી.

ટીકા :-

अत्रोच्यते- यतयः सर्वथा सावद्यव्यापारान्निवृत्तास्ततश्च कूपोदाहरणेनापि तत्र प्रवर्त्तमानानां तेषामवद्यमेव चित्ते स्फुरति न धर्मः, तत्र सदैव शुभध्यानादिभिः प्रवृत्तत्वात् । गृहस्थास्तु सावद्ये स्वभावतः सततमेव प्रवृत्ताः न पुनर्जिनार्चादिद्वारेण स्वपरोपकारात्मके धर्मे, तेन तेषां स एव चित्ते लगति निरवद्य इति कर्तृपरिणामवशादधिकारीतरौ मन्तव्यौ इति स्नानादौ गृहस्थ एवाधिकारी न यतिरित्यष्टकवृत्तिकृतः ।

ટીકાર્થ :-

अत्रोच्यते - અહીંયાં=अत्र प्रत्यवतिष्ठन्ते ...થી.. यतिर्नाधिकारीति ? **સુધીના કથનમાં સ્નાનાદિમાં યતિ કેમ અધિકારી નથી ? ત્યાં સુધીનું સઘળું કથન પૂર્વપક્ષીનું છે. અને પૂર્વપક્ષીએ જ વચ્ચે વચ્ચે 'अथ' થી સિદ્ધાંતકારના કથનને કહીને, તેનું નિરાકરણ કરીને, પોતાની વાતને તેણે સ્થાપન કરી, એ કથનમાં, સિદ્ધાંતકાર તરફથી કહેવાય છે -**

यतयः ..... प्रवृत्तत्वात् । યતિઓ સર્વથા સાવદ્યના વ્યાપારથી નિવૃત્ત છે, અને તેથી કૂપના ઉદાહરણથી પણ ત્યાં=સ્નાનપૂજાદિમાં, પ્રવર્તતા એવા તેઓને=યતિઓને, ચિત્તમાં અવદ્ય જ સ્ફુરણ થાય છે, ધર્મ નહિ. કેમ કે ત્યાં=ધર્મમાં, સદા જ શુભધ્યાનાદિથી પ્રવૃત્તપણું છે.

गृहस्थास्तु ..... अष्टकवृत्तिकृतः । વળી ગૃહસ્થો સાવદ્યમાં સ્વભાવથી સતત જ પ્રવૃત્ત હોય છે, પરંતુ જિનાર્ચાદિ દ્વારા સ્વ-પર ઉપકારાત્મક ધર્મમાં નહિ; તે કારણથી તેઓને=ગૃહસ્થોને, તે જ= જિનાર્ચા દ્વારા ધર્મ જ, ચિત્તમાં નિરવદ્ય લાગે છે. એથી કરીને કર્તાના પરિણામના વશથી અધિકારી અને ઈતર=અનધિકારી, જાણવા. એથી કરીને સ્નાનાદિમાં ગૃહસ્થ જ અધિકારી છે યતિ નહિ, એ પ્રમાણે અષ્ટકવૃત્તિકાર કહે છે.

✪ इति स्नानादौ અહીં 'इति' શબ્દ છે તે कर्तुपरिणाम ...થી... मन्तव्यौ એ કથનનો પરામર્શક છે.

✪ इति अष्टकवृत्तिकृतः અહીં 'इति' શબ્દ છે તે अत्रोच्यते ...થી... न यतिः એ કથનનો પરામર્શક છે.

વિશેષાર્થ :-

યતિઓ સર્વ પ્રકારે સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત થયેલા છે, તેથી જ સદા શુભધ્યાનાદિ વડે ધર્મમાં પ્રવૃત્ત હોય છે. સદા મન, વચન અને કાયાના યોગોને અતિશય અતિશયતર એવા આત્મધર્મને નિષ્પન્ન કરવામાં તેઓ યોજતા હોય છે, તેથી સદા નિરવદ્ય ધર્મ જ તેઓના ચિત્તમાં સ્ફુરાયમાન થાય છે. તેથી કૂપના દૃષ્ટાંતથી પણ પૂજાદિમાં પ્રવૃત્તિ કરે તો તેઓના ચિત્તમાં સાવદ્યનું જ સ્ફુરણ થાય; ભગવદ્ પૂજા અર્થે હું સ્નાનાદિનો આરંભ કરું છું, એ પ્રકારની ચિત્તપરિણતિ જ તેઓને સ્ફુરણ થાય છે, પરંતુ ધર્મ સ્ફુરણ થાય નહિ.

જેમ વીતરાગદેવને ભગવાનરૂપે માનનાર જીવ, અન્ય શિવાદિ દેવો પ્રત્યે ભગવાનપણાની બુદ્ધિ નહિ હોવાને કારણે, દાક્ષિણ્યાદિથી તેઓના દેવાલયમાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો પોતે કુદેવને જ નમસ્કાર કરે છે તેવી બુદ્ધિ તેના ચિત્તમાં સ્ફુરણ થાય છે, જે અધર્મરૂપ છે તેમ તે જાણે છે; આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો અન્ય દેવોને નમસ્કાર કરતા નથી. પરંતુ આદિધાર્મિક કક્ષાના જીવો 'सर्वान् देवान् नमस्यन्ति' એ વચનથી સર્વ દેવોને નમસ્કાર કરે છે ત્યારે, ચિત્તમાં તેઓને આદ્યકક્ષાનો ધર્મ જ સ્ફુરણ થાય છે, અધર્મનું સ્ફુરણ થતું નથી, તેથી તે પ્રવૃત્તિ તેમના માટે આદ્યકક્ષામાં હિતાવહ કહેલ છે. તે જ રીતે શ્રાવકોને સંસારની સાવદ્ય પ્રવૃત્તિઓ કરતાં સતત ચિત્તમાં સાવદ્યનું સ્ફુરણ વર્તતું હોય છે, પરંતુ ભગવાનની પૂજા કરતી વખતે હું ભગવાનની ભક્તિ કરું છું, એ પ્રકારની પ્રામાણિક બુદ્ધિ થવાથી ધર્મ જ સ્ફુરણ થાય છે. જ્યારે સાધુઓ શુભધ્યાનમાં હોવાથી ઉત્તમ કોટિનો ધર્મ તેઓને હંમેશાં સ્ફુરાયમાન થતો હોય છે, માટે સાધુઓ દ્રવ્યાર્ચામાં યત્ન કરે તો તેમને હું સાવદ્ય પ્રવૃત્તિ કરું છું એવી જ પ્રામાણિક પ્રતીતિ થાય. માટે સાધુઓ દ્રવ્યાર્ચા કરે તો તેઓના ચિત્તમાં ધર્મનું સ્ફુરણ ન થાય, પરંતુ ધ્યાનાદિથી જ તેઓને ચિત્તમાં સદા નિરવદ્યભાવરૂપ ધર્મ સ્ફુરણ થાય છે.

ઉત્થાન :-

પૂર્વમાં અષ્ટકવૃત્તિકારના કથન પ્રમાણે સ્નાનાદિમાં ગૃહસ્થ જ અધિકારી છે, પણ યતિ નહિ; એ વાત

સિદ્ધ કરી. તેમાં સાધુને દ્રવ્યાર્ચામાં અવદ્યનું=પાપનું સ્ફુરણ કેમ થાય છે ? તે વિષયમાં, સંભવિત વિકલ્પોનું ઉદ્ભાવન કરીને અને તેનું નિરાકરણ કરીને સાધુ પૂજાનો અધિકારી કેમ નથી, તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે -

ટીકા :-

अत्र द्रव्यस्तवे प्रवृत्तिकालेऽवद्यस्फुरणं साधोः किम् (१) अवद्यसद्भावात्? (२) अग्रिम-कालेऽवद्यस्य स्वाशोध्यत्वज्ञानात्? (३) स्वप्रतिज्ञोचितधर्मविरुद्धत्वज्ञानात्? (४) आहार्यारोपाद्वा? नाद्यद्वितीयौ, गृहितुल्ययोगक्षेमत्वादुभयासिद्धेः । न तृतीयः, गृहिणापि यागादिनिषेधाय धर्मार्थं हिंसा न कर्तव्येति प्रतिज्ञाकरणात्तद्विरुद्धत्वज्ञाने स्फुरितावद्येन द्रव्यस्तवाकरणप्रसङ्गात् । अध्यात्मानयनेन द्रव्यस्तवीयहिंसाया अहिंसाकरणेनाविरोधस्याप्युभयोस्तौल्यात् । नापि तुर्यः, अवद्याहार्यारोपस्य इतरेणापि कर्तुं शक्यत्वात् तेन द्रव्यस्तवत्यागस्यापि प्रसङ्गात्, इति मलिनारंभस्याधिकारिविशेषणस्याभावादेव न साधोर्देवपूजायां प्रवृत्तिः । मलिनारंभी हि तन्निवृत्तिफलायां तत्राधिक्रियते दुरितवानिव तन्निवृत्तिफले प्रायश्चित्ते ।

तदाह हरिभद्रः -

'असदारंभपवत्ता जं च गिही तेण तेसिं विन्नेया ।
•तन्निवित्तिफलच्चिय, एसा परिभावणीयमिणं ।। **(चतुर्थ पंचा० गा० ४३) ।**

अत एव स्नानेऽपि साधोर्नाधिकारस्तस्य देवपूजाङ्गत्वात्प्रधानाधिकारिण एव चाङ्गेऽ-धिकारो, न स्वतन्त्रोऽङ्गत्वभङ्गप्रसङ्गादिति युक्तं पश्यामः ।।

ટીકાર્થ :-

अत्र द्रव्यस्तवे ..... आहार्यारोपाद्वा ? **આ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ વખતે સાધુને અવદ્યનું=પાપનું સ્ફુરણ શું - (૧) અવદ્યના સદ્ભાવથી છે ? અર્થાત્ પૂજાની ક્રિયામાં અવદ્યનો વાસ્તવિક રીતે સદ્ભાવ છે તેથી અવદ્યનું સ્ફુરણ થાય છે ? અથવા (૨) અગ્રિમકાળમાં=પૂજાકાળમાં, અવદ્યના સ્વ-અશોધ્યત્વના=પોતે શુદ્ધિ નહિ કરી શકે તેવા, જ્ઞાનને કારણે અવદ્યનું સ્ફુરણ થાય છે ? અર્થાત્ કૂપદૃષ્ટાંતથી પૂજાકાળમાં કરાતા અવદ્યનું, પૂજાથી થતા ભક્તિના પરિણામરૂપ અગ્રિમકાળમાં પોતાનાથી અશોધ્યપણું છે, તેવા જ્ઞાનથી સાધુને અવદ્યનું સ્ફુરણ થાય છે ? અથવા (૩) સ્વપ્રતિજ્ઞાને ઉચિત ધર્મને વિરુદ્ધપણાના જ્ઞાનને કારણે અવદ્યનું સ્ફુરણ થાય છે ? અથવા (૪) આહાર્ય-આરોપને કારણે અવદ્યનું સ્ફુરણ થાય છે ?**

✪ અવદ્યનું સ્ફુરણ=સાવદ્યનું સ્ફુરણ અર્થાત્ હું પાપની પ્રવૃત્તિ કરું છું એ રૂપ સાવદ્યનું સ્ફુરણ.

✪ બાધકાલીન ઈચ્છાજન્ય જ્ઞાન તે આહાર્ય આરોપ છે. જેમ ભગવાનની મૂર્તિમાં વીતરાગતા-સર્વજ્ઞત્વાદિનો

બાધ દેખાય છે, તે જ કાળમાં ઈચ્છાથી આરોપ કરવામાં આવે છે કે, આ ભગવાન સર્વજ્ઞ-વીતરાગ છે, તે આહાર્ય આરોપ છે.

नाद्यद्वितीयौ ..... उभयासिद्धेः - આ ચાર વિકલ્પોમાં પ્રથમ અને દ્વિતીય વિકલ્પ બરાબર નથી. કેમ કે ગૃહસ્થની સાથે તુલ્ય યોગક્ષેમપણું હોવાથી અર્થાત્ સમાનપણું હોવાથી, ઉભયને અસિદ્ધિ છે= ગૃહસ્થ અને સાધુ ઉભયને દ્રવ્યસ્તવની અસિદ્ધિ પ્રાપ્ત થશે.

न तृतीयः ..... अकरणप्रसङ्गात् । ત્રીજો વિકલ્પ બરોબર નથી, કેમ કે ગૃહસ્થ વડે પણ યાગાદિના નિષેધ માટે ધર્માર્થે હિંસા ન કરવી જોઈએ, એ પ્રમાણે પ્રતિજ્ઞાકરણ હોવાથી=પ્રતિજ્ઞા કરેલ હોવાથી, તત્ વિરુદ્ધપણાના જ્ઞાનમાં અર્થાત્ પોતાની પ્રતિજ્ઞાને ઉચિત એવી અહિંસાના વિરુદ્ધપણાનું જ્ઞાન દ્રવ્યસ્તવમાં થવાને કારણે, સ્ફુરિત થયેલા અવદ્યથી દ્રવ્યસ્તવના અકરણનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ઉત્થાન :-

ગૃહસ્થને દ્રવ્યસ્તવથી અધ્યાત્મની પ્રાપ્તિ હોવાને કારણે દ્રવ્યસ્તવમાં થતી હિંસા એ વસ્તુતઃ અહિંસારૂપ જ છે, તેથી ધર્માર્થે હિંસા ન કરવી જોઈએ, એ પ્રતિજ્ઞાનો દ્રવ્યસ્તવમાં વિરોધ નથી. એ પ્રકારની શંકાને સામે રાખીને કહે છે -

ટીકાર્થ :-

अध्यात्मानयनेन ..... तौल्यात् । અધ્યાત્મના આનયન દ્વારા દ્રવ્યસ્તવીય હિંસાનું અહિંસાકરણ હોવાથી અવિરોધનું ઉભયમાં=સાધુ અને ગૃહસ્થ ઉભયમાં, તુલ્યપણું છે. (એથી કરીને ત્રીજા વિકલ્પ પ્રમાણે જો ગૃહસ્થને દ્રવ્યસ્તવમાં અવદ્યનું સ્ફુરણ ન થતું હોય તો સાધુને પણ અવદ્યનું સ્ફુરણ થવું જોઈએ નહિ.)

नापि तुर्यः ..... प्रसङ्गात्, ચોથો વિકલ્પ પણ બરાબર નથી, કેમ કે અવદ્ય આહાર્ય આરોપનું ઈતર વડે પણ=સાધુથી ઈતર એવા ગૃહસ્થ વડે પણ, કરવા માટે શક્યપણું હોવાથી, તેના વડે=ગૃહસ્થ વડે, દ્રવ્યસ્તવના ત્યાગનો પણ પ્રસંગ પ્રાપ્ત થશે.

इति ..... प्रायश्चित्ते । એથી કરીને=પૂર્વમાં કહ્યું કે પૂર્વના ચારેય વિકલ્પોથી સાધુને દ્રવ્યસ્તવ વિષયક પ્રવૃત્તિકાળમાં અવદ્યનું સ્ફુરણ થાય છે, તે સંગત નથી એથી કરીને, મલિનારંભરૂપ અધિકારી વિશેષણનો અભાવ હોવાથી જ સાધુને દેવપૂજામાં પ્રવૃત્તિ નથી. જે કારણથી મલિનારંભી તેની નિવૃત્તિના ફળવાળી=મલિનારંભની નિવૃત્તિના ફળવાળી, એવી પૂજામાં અધિકારી છે, જેમ તેની નિવૃત્તિના ફળવાળા=દુરિતની નિવૃત્તિના ફળવાળા, એવા પ્રાયશ્ચિત્તમાં દુરિત કરનારો જ અધિકારી છે.

✪ 'द्रव्यस्तवत्यागस्यापि' અહીં 'अपि' થી એ કહેવું છે કે - જ્યારે ગૃહસ્થ અવદ્યનો આહાર્ય આરોપ ન કરે ત્યારે દ્રવ્યસ્તવ કરી શકે, અને જ્યારે આહાર્ય આરોપ કરે ત્યારે સાવદ્ય સ્ફુરણ થવાને કારણે દ્રવ્યસ્તવના ત્યાગનો પણ પ્રસંગ પ્રાપ્ત થાય.

✪ ટીકામાં प्रसङ्गात् પછી 'इति' શબ્દ છે તે अत्र द्रव्यस्तवे ...थी... प्रसङ्गात् સુધીના કથનનો પરામર્શક છે.

✪ 'मलिनारंभी हि' અહીં 'हि' શબ્દ यस्मादर्थक છે.

મલિનારંભી એવો ગૃહસ્થ પૂજામાં અધિકારી છે એમ કહ્યું તેમાં 'तदाह' થી સાક્ષી આપતાં કહે છે -

तदाह हरिभद्रः - પૂ. હરિભદ્રસૂરિ મહારાજ તે કહે છે -

असदारंभ ..... परिभावणीयमिणं ।। જે કારણથી ગૃહસ્થો અસદારંભમાં પ્રવૃત્તિવાળા છે, તે કારણથી તેઓની=ગૃહસ્થોની, આ=દ્રવ્યાર્ચા, તેની નિવૃત્તિના ફળવાળી=અસદારંભની નિવૃત્તિના ફળવાળી, જ જાણવી. આ પરિભાવન કરવું.

દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ સમયે સાધુને અવદ્યનું સ્ફુરણ ચાર વિકલ્પથી સંગત નથી એમ કહ્યું, તે કથનનો ભાવાર્થ :-

સાધુને દ્રવ્યસ્તવમાં અવદ્યનું સ્ફુરણ થાય છે, તે વાત ચાર વિકલ્પોથી સંગત નથી, તે બતાવીને પૂજાના અધિકારીના વિશેષણરૂપ મલિનારંભનો અભાવ હોવાથી સાધુ પૂજા કરતા નથી એમ બતાવેલ છે, ત્યાં પ્રથમ વિકલ્પ બતાવતાં કહે છે -

(૧) પૂજાની ક્રિયામાં અવદ્યનો સદ્ભાવ છે, તેથી સાધુને અવદ્યનું સ્ફુરણ થાય છે એમ માનીએ તો, ગૃહસ્થને પણ અવદ્યનું સ્ફુરણ થવું જોઈએ, તે બતાવવા માટે કહ્યું કે, ગૃહસ્થની સાથે તુલ્ય યોગ છે; અને ગૃહસ્થને અવદ્યનું સ્ફુરણ થતું નથી, તેના માટે જે સમાધાન કરવામાં આવે, તે સમાધાન સાધુ માટે પણ સમજી લેવું, અર્થાત્ કોઈ કહે કે, પૂજાની ક્રિયામાં સાવદ્ય હોવા છતાં ગૃહસ્થને ભગવાનની ભક્તિનો પરિણામ થાય છે, તેથી અવદ્યનું સ્ફુરણ થતું નથી; તો એ સમાધાન સાધુ માટે પણ સમાન છે, તે બતાવવા માટે ગૃહસ્થ સાથે તુલ્ય ક્ષેમ છે તેમ કહેલ છે. અને ગૃહસ્થ સાથે આ રીતે સાધુને તુલ્ય યોગક્ષેમ છે. આથી જો દ્રવ્યસ્તવમાં અવદ્યના સદ્ભાવથી સાધુને અવદ્યનું સ્ફુરણ હોય તો સાધુ અને ગૃહસ્થ બંનેને દ્રવ્યસ્તવની અસિદ્ધિની પ્રાપ્તિ થશે.

પ્રથમ વિકલ્પમાં દોષ આવવાથી બીજો વિકલ્પ બતાવતાં કહે છે -

(૨) સાધુને અગ્રિમકાળમાં=પૂજાકાળમાં, પૂજાની ક્રિયાથી પૂજામાં રહેલા અવદ્યનું શોધન પોતાનાથી થતું નથી, તેવું જ્ઞાન થવાને કારણે અવદ્યનું સ્ફુરણ થાય છે. અર્થાત્ પૂજાની ક્રિયામાં અવદ્યનો સદ્ભાવ છે, અને પૂજાથી થતી ભક્તિના કાળમાં તે અવદ્યનું શોધન=શુદ્ધિ, પોતે કરી શકે તેમ નથી, તેવું જ્ઞાન થવાને કારણે સાધુને અવદ્યનું સ્ફુરણ થાય છે, તો ગૃહસ્થને પણ સમાન યોગ છે. અર્થાત્ સાધુની જેમ ગૃહસ્થને પણ સ્વ-અશોધ્યત્વનું જ્ઞાન થવું જોઈએ. તેથી ગૃહસ્થની સાથે તુલ્ય યોગ હોવાને કારણે સાધુને અને ગૃહસ્થને દ્રવ્યસ્તવની અસિદ્ધિ છે.

અહીં કોઈ સમાધાન કરે કે, શ્રાવકને પૂજાની ક્રિયાથી થતી ભક્તિ દ્વારા અવદ્યના શોધનનું જ્ઞાન થાય છે, તો તે પ્રકારનો ક્ષેમ=સમાધાન, પણ સાધુના પક્ષમાં સમાન છે. તેથી જો સાધુને અવદ્યનું સ્ફુરણ થતું હોય તો ગૃહસ્થને પણ થવું જોઈએ. માટે સાધુ અને ગૃહસ્થ બંનેને દ્રવ્યસ્તવની અસિદ્ધિ છે.

પૂર્વોક્ત રીતે બે વિકલ્પમાં દોષ આવવાથી ત્રીજો વિકલ્પ બતાવતાં કહે છે -

(૩) સાધુને પોતાની પ્રતિજ્ઞાથી ઉચિત એવો જે અહિંસા ધર્મ, તેનાથી વિરુદ્ધપણાનું જ્ઞાન દ્રવ્યસ્તવમાં છે, માટે સાધુને અવદ્યનું સ્ફુરણ થાય છે; અને ગૃહસ્થે તેવી પ્રતિજ્ઞા કરી નથી, તેથી સ્વ-પ્રતિજ્ઞાને ઉચિત ધર્મના વિરુદ્ધપણાનું જ્ઞાન તેને થતું નથી; માટે સાધુને અવદ્યનું સ્ફુરણ થાય છે અને ગૃહસ્થને થતું નથી. માટે સાધુ દ્રવ્યસ્તવ કરતા નથી અને શ્રાવક કરે છે, આ પ્રકારનો ત્રીજો પણ વિકલ્પ બરાબર નથી. કેમ કે યજ્ઞાદિના નિષેધ માટે ગૃહસ્થને પણ પ્રતિજ્ઞા હોય છે કે, ધર્માર્થે હિંસા કરવી જોઈએ નહિ. તેથી તે પ્રતિજ્ઞાને ઉચિત એવો જે અહિંસારૂપ ધર્મ, તેના વિરુદ્ધપણાનું જ્ઞાન દ્રવ્યસ્તવમાં થવાથી શ્રાવકને પણ અવદ્યનું સ્ફુરણ થશે. તેથી શ્રાવકને પણ દ્રવ્યસ્તવ નહિ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

અહીં કોઈ કહે કે, ભગવાનની પૂજા શ્રાવકને અધ્યાત્મની પ્રાપ્તિ કરાવનાર હોવાથી દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસા તે અહિંસારૂપ છે. તેથી ધર્માર્થે હિંસા ન કરવી જોઈએ, એ પ્રકારની પ્રતિજ્ઞાનો વિરોધ પૂજામાં પ્રાપ્ત થતો નથી. તો એ પ્રકારનું સમાધાન શ્રાવકની જેમ સાધુમાં પણ સમાન છે. તેથી અધ્યાત્મને લાવવા અર્થે સાધુએ પણ દ્રવ્યસ્તવ કરવું જોઈએ.

પૂર્વોક્ત રીતે ત્રીજા વિકલ્પમાં આપત્તિ આવવાથી ચોથો વિકલ્પ બતાવતાં કહે છે -

(૪) આહાર્ય આરોપને કારણે સાધુને દ્રવ્યસ્તવમાં અવદ્યનું સ્ફુરણ થાય છે. અર્થાત્ વાસ્તવિક રીતે દ્રવ્યસ્તવ અવદ્યરૂપ નથી, તેથી જ ગૃહસ્થ દ્રવ્યસ્તવ કરે છે, તો તેને અવદ્યનું સ્ફુરણ થતું નથી. પરંતુ સાધુ દ્રવ્યસ્તવમાં અવદ્યનો આહાર્ય આરોપ કરે છે, તેથી અવદ્યનું સ્ફુરણ થાય છે, માટે સાધુ દ્રવ્યસ્તવ કરતા નથી. તેના સમાધાનરૂપે કહે છે -

જો સાધુ દ્રવ્યસ્તવમાં અવદ્યનો આહાર્ય આરોપ કરે છે, તો તે જ રીતે શ્રાવક વડે પણ તે કરવું શક્ય છે, તેથી બંનેને દ્રવ્યસ્તવ નહિ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

આ રીતે આ ચારે વિકલ્પોથી દ્રવ્યસ્તવ સાધુને અકર્તવ્ય છે અને ગૃહસ્થને કર્તવ્ય છે, તે સિદ્ધ થઈ શકે નહિ. પરંતુ ગૃહસ્થ મલિનારંભી છે, માટે દ્રવ્યસ્તવનો અધિકારી છે, તેથી દ્રવ્યસ્તવ કરે છે; અને સાધુ મલિનારંભી નથી, માટે દ્રવ્યસ્તવ કરતો નથી, એ પ્રકારનું સ્થાપન ગ્રંથકારે ચાર વિકલ્પો બતાવીને અહીં કરેલ છે.

અહીં વિશેષ એ છે કે, મલિન આરંભ એ જીવનો અપ્રશસ્ત ભાવ છે, અને મલિનારંભી જીવ જ્યારે ભગવાનની પૂજામાં યત્ન કરે છે ત્યારે તે આરંભ પ્રશસ્ત બને છે. તેથી તે પ્રશસ્ત આરંભ જીવને વિરતિ તરફ લઈ જાય છે.

યદ્યપિ શ્રાવક અત્યંત જયણાપ્રધાન હોય ત્યારે સંસારની પ્રવૃત્તિમાં પણ જયણાના પરિણામવાળો હોવાથી પ્રશસ્તભાવવાળો છે, તો પણ સર્વવિરતિનો પરિણામ નહિ હોવાથી પોતાના દેહાદિ અર્થે જે સાવદ્ય પ્રવૃત્તિ કરે છે, તેમાં પ્રવર્તતો રાગાંશ એ પ્રશસ્ત નથી; અને તે જ રાગાંશ જ્યારે દ્રવ્યસ્તવ કરે છે ત્યારે પ્રશસ્ત બને છે, કેમ કે ભગવાનની પૂજાને જોઈને અન્ય જીવો બીજાધાનાદિ પ્રાપ્ત કરે એવા પ્રકારના શુભ આશયપૂર્વકની તેની દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ છે. વળી ભગવાનની પૂજાકાળમાં ભગવાનના મહાસત્ત્વાદિ ભાવો

પ્રત્યે પૂજ્યભાવ વૃદ્ધિમત્ થાય છે, જે પોતાના સત્ત્વને પણ વિરતિને અનુકૂળ ઉત્કર્ષવાળું કરે છે. તેથી દ્રવ્યસ્તવ મલિનારંભની નિવૃત્તિના ફળવાળું છે.

ટીકાર્થ :-

अत एव ..... देवपूजाङ्गत्वात्, **આથી કરીને જ=મલિનારંભી જ દ્રવ્યસ્તવનો અધિકારી છે આથી કરીને જ, સાધુને સ્નાનમાં પણ અધિકાર નથી, કેમ કે તેનું=સ્નાનનું, દેવપૂજાનું અંગપણું છે.**

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, સ્નાનનું દેવપૂજાનું અંગપણું હોય એટલા માત્રથી સાધુને સ્નાનનો અધિકાર નથી, એમ કઈ રીતે કહેવાય ? તેથી કહે છે -

ટીકાર્થ :-

प्रधान ..... अधिकारः, **પ્રધાનના અધિકારીને જ અંગમાં અધિકાર છે.**

વિશેષાર્થ :-

દેવપૂજા એ પ્રધાન છે અને સ્નાન એ તેનું અંગ છે, અને પ્રધાન એવી દેવપૂજાનો અધિકારી મલિનારંભી છે અને તેનો જ અંગમાં અધિકાર છે, તેથી સાધુને સ્નાનમાં અધિકાર નથી.

ઉત્થાન :-

પ્રધાનના અધિકારીને જ અંગમાં અધિકાર છે, તે કથનને જ પુષ્ટ કરતાં કહે છે -

ટીકાર્થ :-

न स्वतन्त्रो ..... पश्यामः ।। **સ્નાનમાં સ્વતંત્ર અધિકાર નથી, કેમ કે અંગપણાના ભંગનો પ્રસંગ આવશે. એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ.**

વિશેષાર્થ :-

સ્નાનમાં જો સ્વતંત્ર અધિકાર હોય તો સ્નાન દેવપૂજાનું અંગ બને નહિ; તેથી સ્નાનમાં સ્વતંત્ર અધિકાર નથી, પરંતુ દેવપૂજાના અંગરૂપે જ અધિકાર છે. તેથી દેવપૂજાના અધિકારી જ સ્નાનના અધિકારી છે, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, દ્રવ્યસ્તવ અસદારંભની નિવૃત્તિફળવાળું છે. તે કઈ રીતે છે ? તે બતાવવા અર્થે કહે છે -

ટીકા :-

असदारम्भनिवृत्तिफलत्वं च द्रव्यस्तवस्य चारित्रमोहक्षयोपशमजननद्वारा फलतः, शुभयोगरूपतया स्वरूपतश्च । अत एव ततोऽनारम्भिकी क्रिया, शुभयोगे प्रमत्तसंयतस्यानारम्भकतायाः प्रज्ञप्तौ दर्शितत्वादार्थेनातिदेशेन देशविरतस्यापि तल्लाभात् । तथा च प्रज्ञप्तिसूत्रम् - 'जीवा णं भंते ! किं आयारंभा, परारंभा तदुभयारंभा अणारंभा? गो० । अत्थेगइया जीवा आयारंभावि परारंभावि तदुभयारंभावि णो अणारंभा । अत्थेगइया जीवा णो आयारंभा, णो परारंभा, णो तदुभयारंभा अणारंभा । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-अत्थेगइया जीवा आयारंभावि००० एवं पडिउच्चारेयव्वं । गो० । जीवा दुविहा पं० तं० संसारसमावण्णगा य असंसारसमावण्णगा य । तत्थ णं जे ते असंसारसमावण्णगा, ते णं सिद्धा । सिद्धा णं णो आयारंभा जाव अणारंभा । तत्थ णं जे संसारसमावण्णगा, ते दुविहा पं० तं० संजया य असंजया य । तत्थ णं जे ते संजया ते दुविहा पं० तं० - पमत्तसंजया अपमत्तसंजया य । तत्थ णं जे अपमत्तसंजया ते णं णो आयारंभा णो परारंभा जाव अणारंभा । तत्थ णं जे ते पमत्तसंजया ते सुहं जोगं पडुच्च णो आयारंभा, णो परारंभा जाव अणारंभा । असुहं जोगं पडुच्च आयारंभावि जाव णो अणारंभा । तत्थ णं जे ते असंजया ते अविरइं पडुच्च आयारंभावि जाव णो अणारंभा इति । व्याख्या-'सुहं जोगं पडुच्च' ति । शुभयोगः उपयुक्ततया प्रत्युपेक्षणादिकरणम् । अशुभयोगस्तु तदेवानुपयुक्ततया । आह च - "पुढवी आउक्काए, तेउवाउवणस्सइतसाणं, पडिलेहणापमत्तो छण्हंपि विराहओ होइ ।।१।।" (आचा० नि० १२३) तथा "सव्वो पमत्तजोगो, समणस्स उ होइ आरंभो" त्ति । अतः शुभाशुभौ योगावात्मारंभादिकारणमिति । 'अविरइं पडुच्च' त्ति इहायं भावः - यद्यप्यसंयतानां सूक्ष्मैकेन्द्रियादीनां नात्मारम्भकत्वादिकं साक्षादस्ति, तथाप्यविरतिं प्रतीत्य तदस्ति तेषाम्, नहि ते ततो निवृत्ताः, अतोऽसंयतानामविरतिस्तत्र कारणमिति निवृत्तानां तु कथञ्चिदात्माद्यारम्भकत्वेऽप्यनारम्भकत्वम् । यदाह - "जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स । सा होइ णिज्जरफला, अज्झत्थविसोहिजुत्तस्स" । त्ति (ओघनि०गा० ७६०) से तेणट्ठेणं त्ति' अथ तेन कारणेनेत्यर्थः इति **वृत्तौ**।। **अत्र संयतासंयतानां पृथगनुपदेशादसंयतातिदेशस्यान्याय्यत्वे प्रमत्तसंयतातिदेश एव न्याय्यः । तथा च देवार्चादौ शुभयोगसत्त्वात् कथं तेषामारम्भः । नचारम्भानारम्भस्थानसत्त्वात्तेषामुभयसम्भवः, कालभेदेन तत्सत्त्वस्य प्रमत्तसंयतेऽप्युक्तत्वादेकदा तत्सत्त्वस्य पौषधादावतिप्रसक्तत्वात् । न च देशाविरतिसत्त्वात् तत्प्रत्ययारम्भिकी, शुभयोगप्रत्यया च नेत्यपि वक्तुं शक्यम्, विप्रतिषेधादेकेन्द्रियादौ सर्वविरत्यभावस्यैवारम्भिकीप्रयोजकत्वाच्च । किञ्च, प्रमत्तान्तस्य प्रज्ञापनायामारम्भिक्युपदेशान्यायसाम्यादुक्त आर्थोऽतिदेशो युक्त एव । अत एव स्वपरतदुभयभेदेन त्रिधा पारितापनिक्यामुक्तायामेवं सति लोचकरणतपोऽनुष्ठानाकरणप्रसङ्गो विपाकहितत्वेन चिकित्साकरणन्यायेनाध्यात्मशोधनेनैवाभिहितः ।**

ટીકાર્થ :-

असदारंभनिवृत्तिफलत्वं ..... स्वरूपतश्च । અને દ્રવ્યસ્તવનું અસદારંભનિવૃત્તિફળપણું, ચારિત્રમોહનીયના ક્ષયોપશમજનન દ્વારા ફળથી છે, અને શુભયોગપણું હોવાને કારણે સ્વરૂપથી છે.

વિશેષાર્થ :-

જે વિવેકસંપન્ન શ્રાવક દ્રવ્યસ્તવ કરે છે, તેને, ભગવાન સર્વ વૈભવને છોડીને સત્ત્વના અતિશયથી સંયમમાર્ગે ગયા અને સત્ત્વના પ્રકર્ષથી સંયમને પાળીને વીતરાગ બન્યા, તે સર્વ ભાવો ભગવાનમાં દેખાય છે, તેથી જ ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે; અને જગતના જીવોને તે ઉત્તમ ભાવો બતાવીને ભગવાન મહાન ઉપકારક છે, તેવી બુદ્ધિ થવાથી તે ભગવાનની ઉત્તમ પ્રકારની ભક્તિ કરે છે. તેવા વિવેકી શ્રાવકને ભગવાનની પૂજાના કાળમાં, યદ્યપિ તેને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થયો નથી, તેથી સાધુપણું તે સ્વીકારતો નથી, તો પણ, તેનું જીવવીર્ય ચારિત્રમોહનીયના ક્ષયોપશમને અનુકૂળ ઉત્કર્ષવાળું બને છે. તેથી એ રીતે ભગવદ્ પૂજા કરતાં કરતાં તે ક્રમે કરીને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ પ્રગટાવી શકે છે અને તેનાથી અસદારંભની નિવૃત્તિરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. તેથી દ્રવ્યસ્તવ ફળથી અસદારંભની નિવૃત્તિના ફળવાળું છે.

વળી તે દ્રવ્યસ્તવ શુભયોગરૂપ હોવાને કારણે સ્વરૂપથી અસદારંભની નિવૃત્તિના ફળવાળું છે. કહેવાનો આશય એ છે કે, વિવેકી એવા પણ શ્રાવકને સંસારમાં પ્રવૃત્તિ કરતી વખતે અશુભયોગ વર્તે છે. યદ્યપિ અર્થાદિ ઉપાર્જનકાળમાં ન્યાયનીતિપૂર્વક તે યત્ન કરે છે અને તત્ત્વનો તીવ્ર પક્ષપાત હોવાને કારણે તે રૂપ શુભપરિણતિ પણ તેને વર્તે છે; તો પણ અર્થોપાર્જનની ક્રિયા રાગથી થાય છે અને અર્થ ઉપાર્જનમાં ઉપયોગવાળો હોય ત્યારે તે રાગ શુભયોગરૂપ નથી, પરંતુ અશુભયોગરૂપ છે. જ્યારે તે શ્રાવક ભગવદ્ ભક્તિમાં પ્રવર્તે છે, ત્યારે તેને ભગવાનના ગુણો પ્રત્યે રાગ વર્તે છે, તેનાથી ભગવદ્ પૂજામાં તેનાં મન, વચન અને કાયા પ્રવર્તે છે, તે શુભયોગરૂપ છે. તેથી તે દ્રવ્યસ્તવ સ્વરૂપથી અશુભયોગરૂપ આરંભની નિવૃત્તિના ફળવાળું છે.

અહીં વિશેષ એ છે કે, દ્રવ્યસ્તવકાળમાં શુભયોગ કેવળ ભગવાનની પૂજા કરવાના પરિણામમાત્રમાં વિશ્રાંત થતો નથી. તેથી જ જે જીવોની કુલાચારથી કે પરલોક અર્થે મારે ધર્મ કરવો જોઈએ, તેવી બુદ્ધિ હોવા માત્રથી દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ છે, તેઓને જોકે ભગવાનની પૂજા કરવારૂપ શુભલેશ્યા વર્તે છે, તો પણ પ્રધાનરૂપે ત્યાં વિશેષ પ્રકારનો શુભયોગ આવી શકતો નથી. પરંતુ જે જીવોને ભગવાનનું લોકોત્તમ સ્વરૂપ જ્ઞાત છે, તેથી ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ છે અને તેથી જ ભગવાને કહેલ સર્વવિરતિનો માર્ગ જ તેને અત્યંત ઉપાદેય લાગે છે, તેને કારણે જ ભગવાનની ભક્તિ કરીને પોતાનું પણ સત્ત્વ ભગવાનના વચનના પાલનમાં ઉત્કર્ષતાવાળું બને એવા નિર્મળ આશયપૂર્વક ભગવાનની ભક્તિમાં વર્તતો હોય ત્યારે, તેના ત્રણેય યોગો શુભ વર્તે છે. તેથી જ કાયા, ભગવાનની ભક્તિમાં જેનું પ્રયોજન ન હોય તેવા નિષ્પ્રયોજન આરંભની નિવૃત્તિ માટે યત્નવાળી હોય છે; અને વચન, સ્તુતિ આદિ કાળમાં ભગવાનના ગુણના કીર્તનરૂપે વ્યક્ત રીતે વર્તે છે, અને પૂજાના ઉપચારકાળમાં ભગવાનના ગુણોના વિચારરૂપે અંતર્જલ્પાકારસ્વરૂપે પણ વર્તે છે; અને મનોયોગ, ભગવાનના

ગુણોના વાચક શબ્દોને સ્પર્શીને તે ભાવોના સૂક્ષ્મબોધમાં અવગાહન કરવામાં યત્નવાળો વર્તે છે. અને પ્રાયઃ કરીને દેશવિરતિધરને જ આવો શુભયોગ હોય છે, અને સમ્યગ્દૃષ્ટિ તથા અપુનર્બંધક જીવોને તેના હેતુભૂત એવો શુભયોગ હોય છે. અને તે સિવાયના અન્યને ભગવાનની પૂજા કરવારૂપ શુભલેશ્યા હોવા છતાં પણ વિશેષ પ્રકારનો શુભયોગ હોતો નથી.

ટીકાર્થ :-

अत एव ..... तल्लाभात् । આથી કરીને જ= પૂર્વમાં કહ્યું કે, દ્રવ્યસ્તવનું શુભયોગપણું હોવાને કારણે સ્વરૂપથી અસદારંભનિવૃત્તિફળપણું છે, આથી કરીને જ, તેનાથી=દ્રવ્યસ્તવથી, અનારંભિકી ક્રિયા છે. કેમ કે શુભયોગમાં પ્રમત્તસંયતને અનારંભકપણાનું પ્રજ્ઞપ્તિમાં=ભગવતીસૂત્રમાં, દર્શિતપણું હોવાને કારણે, અર્થરૂપ અતિદેશ વડે કરીને દેશવિરતને પણ તેનો લાભ છે=અનારંભિકી ક્રિયાનો લાભ છે.

વિશેષાર્થ :-

શુભયોગરૂપપણું હોવાને કારણે દ્રવ્યસ્તવનું સ્વરૂપથી અસદારંભનિવૃત્તિફળપણું છે; આથી જ દ્રવ્યસ્તવની ક્રિયાને અનારંભિકી ક્રિયા કહેલ છે, પરંતુ સાવદ્ય હોવાને કારણે આરંભિકી ક્રિયા કહેલ નથી. અને તે અનારંભિકી ક્રિયા સાક્ષાત્ શબ્દો દ્વારા નહિ કહેલી હોવા છતાં અર્થથી પ્રાપ્ત છે, તે બતાવતાં કહે છે કે - ભગવતીસૂત્રમાં, પ્રમત્ત સંયતને જ્યારે શુભયોગ વર્તે છે ત્યારે અનારંભિકી ક્રિયા છે, એ કથનથી અર્થથી એ અતિદેશ પ્રાપ્ત થાય છે કે, દેશવિરતિધરને પણ જ્યારે શુભયોગ વર્તે છે ત્યારે અનારંભિકી ક્રિયાનો લાભ છે.

અહીં વિશેષ એ છે કે, ભગવાનની પૂજામાં શ્રાવક જ્યારે અપ્રમાદભાવથી યત્ન કરે છે, ત્યારે તેને શુભયોગ વર્તે છે, અને તે શુભયોગ હોવાને કારણે તેની પૂજાની ક્રિયા અનારંભિકી છે. જેમ સાધુ પણ અપ્રમાદભાવથી નદી ઊતરતા હોય ત્યારે શુભયોગ હોવાને કારણે અનારંભિકી ક્રિયાવાળા છે; અને પ્રમાદથી પડિલેહણાદિ ક્રિયા કરતા હોય ત્યારે અશુભયોગ વર્તે છે, તેથી તે પડિલેહણાદિની ક્રિયાને આરંભિકી ક્રિયા કહેલ છે; તેમ શ્રાવક અનુપયોગપૂર્વક ભગવાનની પૂજામાં યત્ન કરતો હોય ત્યારે, શુભયોગ ન હોવાને કારણે તેની પૂજાની ક્રિયા આરંભિકી બને છે, અને ઉપયોગપૂર્વક પૂજા કરતો હોય તો શુભયોગ હોવાને કારણે પૂજાની ક્રિયા અનારંભિકી બને છે.

ટીકાર્થ :-

'तथा च प्रज्ञप्तिसूत्रं' - અને તે પ્રમાણે ભગવતીસૂત્રનો પાઠ છે -

'जीवा णं' હે ભગવંત ! જીવો શું (૧) આત્મારંભી છે કે (૨) પરારંભી છે કે (૩) ઉભયારંભી છે કે (૪) અણારંભી છે ? હે ગૌતમ ! કેટલાક જીવો આત્મારંભી પણ છે, પરારંભી પણ છે અને ઉભયારંભી પણ છે, પરંતુ અનારંભી નથી. કેટલાક જીવો આત્મારંભી પણ નથી, પરારંભી પણ નથી અને ઉભયારંભી પણ નથી, પરંતુ અનારંભી છે.

હે ભગવંત ! કયા અર્થથી (આપ) આ પ્રમાણે કહો છો કે, કેટલાક જીવો આત્મારંભી પણ છે... ઈત્યાદિ પાઠ ફરી કહેવો.

હે ગૌતમ ! જીવો બે પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે - (૧) સંસારભાવને પામેલા (સંસારી) અને (૨) અસંસારભાવને પામેલા (સિદ્ધ).

ત્યાં જેઓ અસંસારભાવને પામેલા છે તે સિદ્ધના જીવો છે, અને સિદ્ધના જીવો આત્મારંભી નથી યાવત્ અણારંભી છે. (અહીં જાવ થી णो परारंभा ..... ઈત્યાદિ પાઠ ગૃહીત છે.) ત્યાં જેઓ સંસારભાવને પામેલા છે તે બે પ્રકારે કહેલ છે. તે આ પ્રમાણે - (૧) સંયત અને (૨) અસંયત.

ત્યાં જે સંયત છે તે બે પ્રકારે કહેલા છે - (૧) પ્રમત્તસંયત અને (૨) અપ્રમત્તસંયત.

ત્યાં જે અપ્રમત્તસંયત છે તે આત્મારંભી નથી, પરારંભી નથી યાવત્ અણારંભી છે.

ત્યાં જે પ્રમત્તસંયત છે, તે શુભયોગને આશ્રયીને આત્મારંભી નથી, પરારંભી નથી યાવત્ અણારંભી છે - (અને) અશુભયોગને આશ્રયીને આત્મારંભી પણ છે, યાવત્ અણારંભી નથી.

ત્યાં જે અસંયત છે તે અવિરતિને આશ્રયીને આત્મારંભી પણ છે યાવત્ અણારંભી નથી.

'इति' શબ્દ ભગવતીના પાઠની સમાપ્તિસૂચક છે.

सुहं जोगं ..... अनुपयुक्ततया । 'શુભ યોગને આશ્રયીને' એ પ્રમાણે મૂળ પાઠમાં કહ્યું તેનો અર્થ ઉપયોગપણાથી=ઉપયોગથી, પ્રત્યુપ્રેક્ષણાદિકરણ (પડિલેહણાદિકરણ) તે શુભયોગ છે. વળી તે જ=પ્રત્યુપ્રેક્ષણાદિકરણ જ, અનુપયુક્તપણાથી=અનુપયોગથી, અશુભ યોગ છે.

आह च - અને કહ્યું છે - "पुढवी ..... होइ"।। પડિલેહણાપ્રમત્ત એવો (સાધુ) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છયે કાયનો પણ વિરાધક થાય છે.

तथा ..... आरंभो त्ति । અને વળી સાધુના સર્વ પ્રમત્તયોગો આરંભ બને છે. 'आरंभो त्ति' અહીં 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

अतः ..... कारणमिति । આથી કરીને=સાધુના સર્વ પ્રમત્તયોગો આરંભ બને છે આથી કરીને, શુભાશુભ યોગો આત્મારંભાદિનાં કારણ છે.

✪ 'आत्मारंभादिकारणमिति' અહીં 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

અહીં વિશેષ એ છે કે, પૃથ્વીકાયાદિની વિરાધના થતી હોય કે ન થતી હોય, પરંતુ પ્રતિલેખનામાં ભગવાનના વચનાનુસાર શક્તિના પ્રકર્ષથી માનસયત્ન ન વર્તતો હોય, તો અવશ્ય છકાયની વિરાધનાકૃત કર્મ બંધાય છે.

ટીકાર્થ :-

अविरइं ..... अनारम्भकत्वम्, 'અવિરતિને આશ્રયીને' એ પ્રમાણે પ્રજ્ઞપ્તિસૂત્રના મૂળ કથનમાં કહ્યું, તેનો

અહીં આ ભાવ છે - જોકે અસંયત એવા સૂક્ષ્મ એકેંદ્રિયાદિઓને સાક્ષાત્ આત્મારંભકત્વાદિપણું નથી, તો પણ અવિરતિને આશ્રયીને તેઓને તે=આત્મારંભકત્વાદિપણું છે; જે કારણથી તેઓ=સૂક્ષ્મ એકેન્દ્રિયાદિઓ, તેનાથી= આત્મારંભકત્વાદિથી નિવૃત્ત નથી. આથી કરીને અસંયતોની અવિરતિ તેમાં=આત્મારંભકત્વાદિમાં કારણ છે, એથી કરીને વળી નિવૃત્તોને=અવિરતિથી નિવૃત્તોને, કોઈક રીતે આત્મારંભકપણું હોવા છતાં પણ અનારંભકપણું છે.

यदाह - જે=અવિરતિથી નિવૃત્તોને કથંચિત્ આત્મારંભકપણું હોવા છતાં પણ અનારંભકપણું છે એ બતાવે છે -

"जा जयमाणस्स ..... जुत्तस्स - સૂત્રવિધિસમગ્રયુક્ત અને અધ્યાત્મવિશોધિયુક્ત એવા યતમાનની=યત્ન કરતાની, જે વિરાધના છે, તે નિર્જરાફળવાળી છે. તે કારણથી (અવિરતિથી નિવૃત્તોને કથંચિત્ બાહ્ય આચરણારૂપે આત્મારંભકપણું હોવા છતાં પણ અનારંભકપણું છે.)

'से तेणट्ठेणं त्ति' નો અર્થ 'તે કારણથી' એ પ્રમાણે જાણવો. એ પ્રમાણે (ભગવતીના પાઠની) વૃત્તિમાં કહેલું છે.

વિશેષાર્થ :-

'सूक्ष्मैकेन्द्रियादीनां' સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવો સાક્ષાત્ કોઈ આરંભની પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ મૂર્છિતની જેમ પડ્યા હોય છે, તેથી તેઓમાં આત્મારંભકપણું પ્રવૃત્તિરૂપે દેખાય નહિ પરંતુ અનારંભકપણું દેખાય, તો પણ અવિરતિને આશ્રયીને તેઓમાં આરંભકપણું છે જ. આરંભકપણું એ આત્માનો કુત્સિતભાવ છે, એ પ્રકારની બુદ્ધિ થવાથી, એમાંથી વિરતિના પરિણામને પ્રાપ્ત કરીને તેઓ આરંભિક પ્રવૃત્તિથી નિવૃત્તિ પામ્યા નથી, તેથી તેઓમાં અવિરતિનો પરિણામ વર્તે છે; તેને આશ્રયીને બાહ્ય આચરણારૂપ આરંભકપણું નહિ હોવા છતાં પરિણામને આશ્રયીને તેઓમાં આરંભકપણું છે. અને જેઓ અવિરતિથી નિવૃત્ત થયેલા છે, તેઓને બાહ્ય તથાવિધ સંયોગોને કારણે આચરણાથી આત્મારંભકત્વાદિ હોવા છતાં પણ, શુભયોગમાં વર્તતા હોવાને કારણે અનારંભકપણું છે; પરંતુ અવિરતિથી નિવૃત્ત થયેલા પણ શુભયોગમાં વર્તતા ન હોય ત્યારે ત્યાં આરંભકપણું છે, અનારંભકપણું નથી. અને 'जा जयमाणस्स' રૂપ સાક્ષીપાઠમાં પણ શુભયોગમાં પ્રવર્તતા યતનાવાળા મુનિને આશ્રયીને જ નિર્જરાફળ કહેલ છે.

ટીકાર્થ :-

अत्र ..... न्याय्यः । **અહીંયાં=પૂર્વે પ્રજ્ઞપ્તિસૂત્રનો જે સાક્ષીપાઠ આપ્યો ત્યાં, સંયતાસંયતનો= દેશવિરતિનો, પૃથગ્ અનુપદેશ હોવાથી અસંયતના અતિદેશનું અન્યાય્યપણું પ્રાપ્ત થયે છતે પ્રમત્તસંયતનો અતિદેશ જ ન્યાય્ય છે.**

વિશેષાર્થ :-

પ્રજ્ઞપ્તિસૂત્રમાં પ્રમત્તસંયતના શુભયોગને આશ્રયીને અનારંભકપણું અને અશુભયોગને આશ્રયીને આરંભકપણું કહેલ છે, પરંતુ દેશવિરતિવાળાનું પૃથક્ કથન કરેલ નથી, તેથી અસંયતના અતિદેશનું અસંગતપણું પ્રાપ્ત થાય છે.

કહેવાનો આશય એ છે કે, દેશવિરતિમાં સંયત અંશ અને અસંયત અંશ બંને છે. તેમાં અસંયત અંશને ગ્રહણ કરીને જો દેશવિરતિવાળાને શુભયોગમાં પણ અનારંભકપણું નથી, એમ બતાવવું હોત, તો સંયતાસંયતનો પ્રજ્ઞપ્તિમાં પૃથગ્ ઉપદેશ કરવો જોઈએ. કેમ કે વિચારકને પ્રશ્ન થાય કે દેશવિરતિમાં વિરતિ અંશ પણ છે, તેથી જેમ સંયતને શુભયોગ છે ત્યારે અનારંભકપણું હોય છે, તેમ દેશસંયતને પણ શુભયોગમાં અનારંભકપણું કેમ નહિ ? આવી પ્રામાણિક શંકાને દૂર કરવા અર્થે, જો દેશસંયતને શુભયોગમાં પણ આરંભકપણું માન્ય હોત તો પૃથગ્ ઉપદેશ આવશ્યક બને છે. પરંતુ પ્રસ્તુત પ્રજ્ઞપ્તિના પાઠમાં તેનો પૃથગ્ ઉપદેશ કરેલ નથી, તેથી સંયતાસંયતને પણ પ્રમત્તસંયતનો અતિદેશ જ સંગત છે, પરંતુ અસંયતનો અતિદેશ સંગત બને નહિ.

અહીં વિશેષ એ છે કે, પ્રજ્ઞપ્તિસૂત્રમાં પ્રથમ પ્રમત્તસંયતને આશ્રયીને કથન કર્યું, ત્યારપછી અસંયતને આશ્રયીને કથન કર્યું, પરંતુ પ્રથમ સંયત પછી ક્રમથી દેશસંયતનું કથન કરવું જોઈએ અને ત્યારપછી અસંયતનું કથન કરવું જોઈએ. પરંતુ પ્રમત્તસંયતના કથનથી અતિદેશ દ્વારા દેશસંયતનું કથન અભિમત હોવાથી દેશસંયતનું કથન છોડીને અસંયતનું કથન કરેલ છે. જો સૂત્રકારને અસંયતની જેમ અવિરતિને આશ્રયીને દેશવિરતિને પણ આરંભકપણું જ માન્ય હોત, તો પ્રમત્તસંયતના કથન પછી દેશસંયતનું પૃથગ્ અભિધાન કરત; અને દેશસંયતના કથનથી અસંયતમાં અતિદેશ પ્રાપ્ત થઈ શકત. પરંતુ પ્રમત્તસંયત પછી અસંયતનું કથન કર્યું, અને તે અસંયતનો અતિદેશ દેશસંયતમાં કરી શકાય નહિ, કેમ કે પ્રમત્તસંયત પછી દેશસંયતનો ક્રમ પ્રાપ્ત છે; તેથી પ્રમત્તસંયતનો અતિદેશ દેશવિરતમાં થઈ શકે, પરંતુ દેશસંયત પછીના અસંયતનો અતિદેશ તેની પૂર્વના દેશસંયતમાં થઈ શકે નહિ.

ટીકાર્થ :-

तथा च ..... उक्तत्वात्, અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે, દેશસંયતને પ્રમત્તસંયતનો અતિદેશ જ પ્રાપ્ત છે તે રીતે, દેવાર્ચામાં શુભયોગનું સત્ત્વ હોવાથી કઈ રીતે તેઓને=દેશસંયતોને, આરંભ થાય ? અર્થાત્ દેશસંયતોને દેવાર્ચામાં અનારંભકપણું છે. અને તેઓને=દેશસંયતોને, આરંભ-અનારંભ સ્થાનનું સત્ત્વ હોવાથી ઉભયનો સંભવ છે, તેમ ન કહેવું; કેમ કે કાલભેદથી તત્ સત્ત્વનું=ઉભયના સત્ત્વનું, પ્રમત્તસંયતમાં પણ ઉક્તપણું છે. (તેથી કાલભેદથી પ્રમત્તસંયતમાં ઉભયનું સત્ત્વ જેમ પ્રજ્ઞપ્તિમાં કહેલ છે તે રીતે તમને માન્ય હોય તો, દેશવિરતિવાળાને પૂજાકાળમાં અનારંભ અને અન્ય સંસારની પ્રવૃત્તિકાળમાં આરંભની પ્રાપ્તિ હોવાથી ઉભયના સત્ત્વમાં ઈષ્ટાપત્તિ છે.)

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, પ્રમત્તસંયતમાં કાલભેદથી આરંભ-અનારંભ ઉભયનું સત્ત્વપણું છે, જ્યારે દેશસંયતમાં એક સાથે ઉભયનું સત્ત્વપણું છે; અર્થાત્ વિરતિ અંશ અને અવિરતિ અંશને આશ્રયીને એક જ કાળમાં ઉભયનું સત્ત્વપણું છે. તેથી પૂજાકાળમાં ભગવાનની ભક્તિનો શુભભાવ છે તેને આશ્રયીને અનારંભકપણું હોવા છતાં, અવિરતિને કારણે પૃથ્વીકાયાદિનું ઉપમર્દન થાય છે તેને આશ્રયીને આરંભકપણું છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેની સામે સિદ્ધાંતકાર કહે છે –

टीकार्थ :-

एकदा ..... अतिप्रसक्तत्वात् । **એકદા=એક કાળે તેના સત્ત્વનું=ઉભયના સત્ત્વનું, પૌષધાદિમાં અતિપ્રસક્તપણું છે અર્થાત્ પૌષધ અને 'આદિ' પદથી પ્રાપ્ત સામાયિકમાં, એક કાળમાં આરંભ અને અનારંભપણું માનવાનો પ્રસંગ આવશે.**

विशेषार्थ :-

દેશવિરતિમાં વિરતિ અને અવિરતિ ઉભયાંશ છે, તેને આશ્રયીને પૌષધાદિમાં ઉભય માનવાનો પ્રસંગ આવશે, એમ ગ્રંથકારે કહ્યું. પરંતુ પૂર્વપક્ષી પણ ઉપયોગપૂર્વક પૌષધ-સામાયિક કરનાર આત્મામાં આરંભિકી ક્રિયા છે, એવું કહેતો નથી, જેમ પૌષધાદિમાં એક કાળમાં ઉભય નથી, તેમ પૂજામાં પણ એક કાળમાં ઉભય નથી, એમ પૂર્વપક્ષીએ માનવું જોઈએ.

उत्थान :-

પૂર્વમાં પૌષધાદિમાં ઉભયના સત્ત્વનો પ્રસંગ ગ્રંથકારે બતાવ્યો, ત્યાં પૂર્વપક્ષી કહે છે -

टीकार्थ :-

नच .....विप्रतिषेधात्, **પૌષધાદિમાં દેશથી અવિરતિનું સત્ત્વપણું હોવાથી તત્ પ્રત્યય આરંભિકી ક્રિયા છે, અને શુભયોગપ્રત્યય આરંભિકી ક્રિયા નથી, તેને ગ્રંથકાર કહે છે - એમ કહેવું પણ શક્ય નથી. કેમ કે વિપ્રતિષેધ છે, અર્થાત્ શાસ્ત્રમાં આરંભિકી અને અનારંભિકી ક્રિયા સાથે રહી શકે તેનો પ્રતિષેધ=નિષેધ છે.**

उत्थान :-

અહીં પ્રશ્ન થાય કે, જિનપૂજાદિમાં વ્યક્તરૂપે આરંભિકી અને અનારંભિકી ક્રિયા દેખાય છે, તો એક સાથે બે ક્રિયાનો પ્રતિષેધ શાસ્ત્રમાં કેમ કરેલ છે ? તેથી બીજો હેતુ બતાવતાં કહે છે -

टीकार्थ :-

एकेन्द्रियादौ ..... प्रयोजकत्वाच्च । **એકેન્દ્રિયાદિમાં સર્વવિરતિના અભાવનું જ આરંભિકી પ્રયોજકપણું છે.**

विशेषार्थ :-

પૂજાદિમાં જેમ પૃથ્વી આદિનું સ્વરૂપથી ઉપમર્દન થાય છે, તેવું ઉપમર્દન એકેન્દ્રિયાદિ કેટલાક જીવોથી થતું નથી. આમ છતાં સર્વથા વિરતિનો અભાવ તેઓમાં છે, તે જ તેઓમાં વર્તતી આરંભિકી ક્રિયાનું પ્રયોજક છે. તેમ પૃથ્વી આદિનું બાહ્ય રીતે ઉપમર્દન પૂજામાં દેખાય છે, તે આરંભિકી ક્રિયાનું પ્રયોજક નથી. માટે દેશવિરતિવાળાને શુભયોગ વર્તે છે તેથી, પૂજાદિમાં સ્વરૂપથી પૃથ્વી આદિની હિંસા હોવા છતાં આરંભિકી ક્રિયા છે, તેમ કહી શકાય નહિ; પરંતુ શુભયોગને કારણે અનારંભિકી ક્રિયા છે, એમ જ કહેવું ઉચિત છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, દેશસંયતને પ્રમત્તસંયતનો જ અતિદેશ ન્યાય્ય છે, તે જ વાતને બીજી રીતે પુષ્ટ કરતાં 'किञ्च' થી કહે છે -

ટીકાર્થ :-

किञ्च ..... युक्त एव । વળી, પ્રજ્ઞાપનામાં પ્રમત્તાન્તને આરંભિકીનો ઉપદેશ હોવાથી ન્યાયનું સામ્યપણું હોવાને કારણે, પૂર્વમાં કહેવાયેલ આર્ષ અતિદેશ=અર્થપ્રાપ્ત અતિદેશ, યુક્ત જ છે.

વિશેષાર્થ :-

જેમ ભગવતીમાં આરંભિકી અને અનારંભિકી ક્રિયાનું વર્ણન છે, તેમ પ્રજ્ઞાપનાસૂત્રમાં પણ પાંચ પ્રકારની ક્રિયાઓનું વર્ણન છે, તદ્અંતર્ગત આરંભિકી ક્રિયાનું પણ વર્ણન છે, અને તેમાં પ્રજ્ઞાપનામાં પ્રમત્તાન્ત સુધી આરંભિકી ક્રિયાનું કથન કરેલ છે. તેથી પ્રમત્ત અને દેશવિરતિવાળા બંને વિરતિવાળા છે, માટે જે ન્યાયથી પ્રમત્તને આરંભિકી ક્રિયા માનવામાં આવે તે જ ન્યાયથી દેશવિરતિને આરંભિકી ક્રિયા માનવી જોઈએ. એ પ્રકારે સામ્ય હોવાથી પૂર્વમાં ગ્રંથકારે કહેલ અર્થપ્રાપ્ત અતિદેશ યુક્ત જ છે.

અહીં ન્યાયના સામ્યમાં વિશેષ એ કહેવું છે કે, પ્રમત્તસંયતને અશુભ યોગને આશ્રયીને આરંભિકી ક્રિયા કહેવી અને દેશવિરતને અવિરતને આશ્રયીને આરંભિકી ક્રિયા કહેવી ઉચિત ગણાય નહિ. પરંતુ અશુભ યોગને આશ્રયીને પ્રમત્તને આરંભિકી ક્રિયા કહો છો તે જ ન્યાયથી દેશવિરતિને પણ અશુભ યોગથી આરંભિકી ક્રિયા કહેવી ઉચિત ગણાય.

ટીકાર્થ :-

अत एव ..... अभिहितः । **આથી કરીને જ=પૂર્વે કહ્યું કે, ઉક્ત આર્ષ=અર્થપ્રાપ્ત, અતિદેશ યુક્ત જ છે આથી કરીને જ, સ્વ, પર અને તદુભયના ભેદથી ત્રણ પ્રકારની પારિતાપનિકી ક્રિયા ઉક્ત હોવા છતાં, આમ હોતે છતે=ઉક્ત આર્ષ=અર્થપ્રાપ્ત, અતિદેશને કારણે શુભયોગને આશ્રયીને પ્રમત્તસંયત અને દેશવિરતિધરને અનારંભિકી ક્રિયા હોતે છતે, લોચકરણ અને તપઅનુષ્ઠાનના અકરણનો પ્રસંગ, વિપાકથી હિતપણું હોવાને કારણે ચિકિત્સાકરણન્યાય વડે, અધ્યાત્મશોધનરૂપે જ કહેલ છે.**

✪ અહીં 'पारितापनिक्याम् उक्तायाम्' માં સપ્તમી છે તે હેતુ અર્થક છે. તેનો અન્વય લોચકરણ અને તપઅનુષ્ઠાનના અકરણપ્રસંગ સાથે છે.

✪ एवं सति અહીં જે સતિસપ્તમી છે, તે પણ હેતુ અર્થક છે, અને તેનો અન્વય અધ્યાત્મશોધનરૂપે જ અભિહિત છે તેની સાથે છે.

વિશેષાર્થ :-

ઉક્ત અર્થપ્રાપ્ત અતિદેશ યુક્ત છે, તેથી એ પ્રાપ્ત થાય કે, પ્રમત્તસંયતની જેમ દેશવિરતને પણ

શુભયોગમાં અનારંભિકી ક્રિયા છે. અને શાસ્ત્રમાં ૨૫ પ્રકારની ક્રિયા કહી છે, તેમાં પારિતાપનિકી ક્રિયા ત્રણ પ્રકારે બતાવી છે. (૧) સ્વપારિતાપનિકી, (૨) પરપારિતાપનિકી અને (૩) સ્વ-પર ઉભયપારિતાપનિકી. તેથી પોતાને કષ્ટ આપવું એ પણ સ્વ-પારિતાપનિકી ક્રિયારૂપે પ્રાપ્ત થાય, તેથી તેના અકરણનો પ્રસંગ આવે. પરંતુ ઉક્ત અર્થપ્રાપ્ત અતિદેશને કારણે શુભયોગમાં પ્રમત્તસંયત અને દેશવિરતિધરને અનારંભિકી ક્રિયા પ્રાપ્ત થાય છે, તેથી લોચકરણ અને તપઅનુષ્ઠાનકરણ ક્રિયા એ વિપાકથી=ફળથી, હિતરૂપ છે, તેમ પ્રાપ્ત થાય છે. કેમ કે લોચકરણ અને તપઅનુષ્ઠાનકરણ સ્વને પરિતાપ કરનાર હોવા છતાં અધ્યવસાયની શુદ્ધિ કરીને નિર્જરાનું કારણ બને છે, આથી જ તેને અનારંભિકી ક્રિયા કહેલ છે. તેથી ચિકિત્સાકરણન્યાયથી તે અધ્યાત્મની શુદ્ધિનું કારણ બને છે; અર્થાત્ ચિકિત્સાકરણકાળમાં જીવને પીડા થવા છતાં ફળરૂપે હિતકારી હોય છે, તેમ લોચકરણ અને તપકરણ એ બંને કરણકાળમાં સ્વને પરિતાપ પેદા કરનાર હોવા છતાં અધ્યવસાયની શુદ્ધિ કરવા દ્વારા અધ્યાત્મનું શોધન કરે છે.

અહીં વિશેષ એ છે કે, લોચકરણ કે તપઅનુષ્ઠાનકરણકાળમાં જેને એ કષ્ટપ્રદ લાગે છે અને ચિત્ત પણ તે કષ્ટમાં ખિન્ન રહે છે, અને પોતે લોચાદિ કષ્ટ સહન કરીને ભગવાનની આજ્ઞા પ્રમાણે ઉત્તમ ક્રિયા કરે છે એવો હર્ષ પણ અનુભવતા નથી; તેઓને તે ક્રિયા સ્વ-પારિતાપનિકી બની કર્મબંધના કારણરૂપે પણ બને છે. જ્યારે નિર્જરાનો અર્થી એવો મુનિ હોય તો, કષ્ટાદિ પ્રત્યેના દ્વેષને કારણે, લોચાદિ કષ્ટોથી દૂર રહેવાનો પરિણામ અને તપાદિ કષ્ટોથી દૂર રહેવાનો પરિણામ જે અંદર બેઠો છે, તેને દૂર કરવા અર્થે, અને તપ દ્વારા અણાહારી ભાવની વૃત્તિ પ્રગટે એ પ્રકારના શુભ ઉપયોગપૂર્વક, ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને ચિત્તની ગ્લાનિ વગર સ્વ-પરિતાપનાને સહન કરે છે, તેઓની એ ક્રિયા અધ્યાત્મનું શોધન કરે છે. અને મુગ્ધજીવો ધર્મબુદ્ધિથી લોચાદિ કષ્ટો સહન કરતા હોય ત્યારે તે પણ બીજરૂપે અધ્યાત્મની શુદ્ધિનું કારણ બને છે.

ટીકા :-

नन्वेवमविरतसम्यग्दृष्ट्यादेरपि देवार्चनादिशुभयोगसत्त्वे आरम्भिकी न स्यात् । तथा च यस्याप्रत्याख्यानिकी तस्यनियमादारम्भिकीति नियमो भज्येत । सत्यम्, विरत्यभावे शुभयोगादारम्भिक्याः प्रशस्ताया अपि क्रियात्वेनाविवक्षणात् । तत्सत्त्वे च तस्या अक्रियात्वेन विवक्षणादन्यथा "योगः शुद्धः पुण्याश्रवस्य, पापस्य तद्विपर्यासः, वाक्कायमनोगुप्तिर्निराश्रवः संवरस्तूक्त" **इति (प्रशमरतिप्रकरण श्लोक २२०)वाचकवचनात्साधोरपि शुभयोगे शुभारम्भिकीत्येव वक्तुं युक्तं स्यात् । अत एव शुभमायावशान्मायाप्रत्ययाऽप्रमत्तसंयतस्याभिहितेति विवक्षाविवक्षे एवात्र शरणम् ।**

ટીકાર્થ :-

नन्वेवम् ..... भज्येत । અહીં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, આ રીતે=પૂર્વમાં આર્ષ અતિદેશથી **દેશવિરતિધરને શુભયોગમાં આરંભિકી ક્રિયા નથી એ રીતે, અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને પણ દેવાર્ચનાદિ**

શુભયોગ હોતે છતે આરંભિકી ક્રિયા નહિ થાય, અને તે રીતે જેને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા છે, તેને નિયમા આરંભિકી ક્રિયા છે, એ પ્રકારના (ભગવતીસૂત્રમાં સ્વીકારાયેલ) નિયમનો ભંગ થશે.

'सत्यम्' થી સિદ્ધાંતકાર શંકાનું નિરાકરણ કરતાં કહે છે કે - તારી વાત સાચી છે, અર્થાત્ સામાન્યથી જોતાં તું જે કહે છે તે જ પ્રાપ્ત થાય, કેમ કે અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને દેવાર્ચન આદિમાં શુભયોગ હોવાને કારણે અનારંભિકી ક્રિયા કહેવી પડે, અને તેમ કહેવાથી જેને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા છે, તેને નિયમથી આરંભિકી ક્રિયા છે એ નિયમનો ભંગ છે, એ તારી વાત સાચી છે; પરંતુ અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને નિયમથી આરંભિકી ક્રિયા હોય છે, એ પ્રકારના કથનમાં જુદા પ્રકારની વિવક્ષા છે, તેથી દોષ નથી. તે બતાવવા અર્થે કહે છે -

विरत्यभावे ..... अविवक्षणात् । વિરતિના અભાવમાં શુભયોગથી પ્રશસ્ત પણ આરંભિકી ક્રિયાની ક્રિયાપણારૂપે અવિવક્ષા કરી છે, તેથી ઉક્ત નિયમનો ભંગ થતો નથી.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે દેશવિરતિધર દેવાર્ચનાદિ કરે છે તે વખતે તે ક્રિયા સ્વરૂપથી સાવદ્ય છે, પરંતુ પરિણામથી નિરવદ્ય છે, તો પણ તે પ્રશસ્ત આરંભિકી ક્રિયારૂપ છે, તેથી દેશવિરતિધરને દેવાર્ચનાદિ શુભયોગમાં અનારંભિકી ક્રિયા ન કહેતાં પ્રશસ્ત આરંભિકી ક્રિયા કહેવી જોઈએ. તેથી કહે છે -

ટીકાર્થ :-

तत्सत्त्वे ..... विवक्षणात्, તેના સત્ત્વમાં=વિરતિના સત્ત્વમાં, તેની=શુભયોગને કારણે વર્તતી પ્રશસ્ત આરંભિકી ક્રિયાની, અક્રિયાપણા વડે વિવક્ષા કરી છે. અર્થાત્ તે પ્રશસ્ત આરંભિકી ક્રિયા છે તે રીતે વિવક્ષા કરી નથી, પરંતુ તે અક્રિયા=નિરારંભિકી ક્રિયા, છે તે રીતે વિવક્ષા કરી છે.

अन्यथा ..... स्यात् । અન્યથા=વિરતિના સત્ત્વમાં દેવાર્ચનાદિ વિષયક શુભયોગને કારણે પ્રશસ્ત પણ વર્તતી આરંભિકી ક્રિયાને અક્રિયાપણારૂપે વિવક્ષા કરી છે તેમ ન માનો તો, 'योगः ..... संवरस्तूक्तः' એ પ્રકારના વાચકવચનથી=ઉમાસ્વાતિ વાચકના વચનથી, સાધુને પણ શુભયોગમાં શુભ આરંભિકી ક્રિયા જ છે, એ પ્રમાણે જ કહેવા માટે યુક્ત થાય.

"योगः ..... संवरस्तूक्तः" એ વાચકવચનનો અર્થ આ પ્રમાણે છે -

શુદ્ધયોગ પુણ્યાશ્રવનું અને તેનો વિપર્યાસ=અશુદ્ધયોગ, પાપનું=પાપાશ્રવનું (કારણ છે.). વળી મન-વચન-કાયાની ગુપ્તિ નિરાશ્રવ સંવર કહેલ છે.

अत एव ..... शरणम् । આથી કરીને જ=વાચકવચન પ્રમાણે શુદ્ધયોગ, અશુદ્ધયોગ અને ગુપ્તિ એ ત્રણ પ્રકારે ભેદ પાડવાની વિવક્ષા છે, અને ભગવતીસૂત્રના કથનમાં આરંભિકી ક્રિયા અને અનારંભિકી ક્રિયા એ બે પ્રકારના ભેદની વિવક્ષા છે, આથી કરીને જ, શુભ માયાના વશથી માયાપ્રત્યયક્રિયા

અપ્રમત્તસંયતને કહેવાયેલી છે. એ રીતે વિવક્ષા અને અવિવક્ષા જ અહીંયાં શરણ છે. અર્થાત્ ભગવતીના કથનમાં, વિરતિના અભાવમાં શુભયોગથી પ્રશસ્ત એવી પણ આરંભિકી ક્રિયાને ક્રિયાપણા વડે=આરંભિકી કે અનારંભિકી એ રૂપે, અવિવક્ષા કરી, અને વિરતિના સત્ત્વમાં અક્રિયાપણારૂપે=અનારંભિકી ક્રિયારૂપે વિવક્ષા કરી, તે જ શરણ છે.

✪ 'अविरतसम्यग्दृष्ट्यादेः' અહીં 'આદિ' પદથી અપુનર્બંધકનું ગ્રહણ કરવું.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીના કથનના ઉત્તરરૂપે 'सत्यम्' થી જે ગ્રંથકારે કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જેને અપ્રત્યાખ્યાની ક્રિયા હોય છે તેને નિયમથી આરંભિકી ક્રિયા છે, એ નિયમનો ભંગ થશે એ પૂર્વપક્ષીની વાત સાચી છે. પરંતુ અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને નિયમથી આરંભિકી ક્રિયા હોય છે, એ પ્રકારના કથનમાં વિવક્ષાભેદ છે, તેથી કોઈ દોષ નથી. અને તે વિવક્ષાભેદ આ પ્રમાણે છે -

અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને વિરતિનો અભાવ હોય છે, અને તેને આશ્રયીને તેને આરંભિકી ક્રિયા જ કહેવી જોઈએ; પરંતુ તેની પ્રશસ્ત એવી આરંભિકી ક્રિયાની ક્રિયાપણારૂપે વિવક્ષા કરી નથી, અને તેનામાં રહેલી અવિરતિને આશ્રયીને જ તેની ક્રિયા નિયમથી આરંભિકી જ છે, એમ કહેલ છે.

અહીં વિશેષ એ છે કે, અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિમાં વિરતિનો સર્વથા અભાવ હોવાને કારણે તેની જ મુખ્યતા કરીને અવિરતની સર્વ ક્રિયાને આરંભિકી ક્રિયા કહેલ છે, અને અનારંભિકી ક્રિયાનો નિષેધ કરેલ છે; પરંતુ તેની પ્રશસ્ત આરંભિકી ક્રિયા અવિરતિ અંશની અપેક્ષાએ અલ્પ હોવાને કારણે ક્રિયારૂપે વિવક્ષા કરી નથી, તેથી તેની સર્વ ક્રિયાને આરંભિકી કહેલ છે. પરંતુ જો પ્રશસ્ત આરંભિકી ક્રિયાની ક્રિયારૂપે વિવક્ષા કરવામાં આવે તો તેને પણ અનારંભિકી ક્રિયા કહી શકાય. પરંતુ તેવી વિવક્ષા કરી નહિ હોવાને કારણે પૂર્વપક્ષીએ જે પ્રસંગ આપ્યો, તે સંગત થશે નહિ.

અહીં પ્રશ્ન થાય કે, વિરતિના અભાવમાં પ્રશસ્ત આરંભિકી ક્રિયાને ક્રિયારૂપે વિવક્ષા કરી નહિ, અને દેશવિરતિધરની પ્રશસ્ત આરંભિકી ક્રિયાની ક્રિયારૂપે વિવક્ષા કરી, તે રીતે દેશવિરતિધરને પણ દેવાર્ચનાદિ શુભ યોગમાં અનારંભિકી ક્રિયા ન કહેતાં પ્રશસ્ત આરંભિકી ક્રિયા કહેવી જોઈએ. તેનું સમાધાન કરતાં કહે છે કે - દેશવિરતિધરને વિરતિ હોવાથી શુભયોગને કારણે વર્તતી પ્રશસ્ત આરંભિકી ક્રિયાની અક્રિયાપણારૂપે વિવક્ષા કરી છે, અર્થાત્ નિરારંભિકી ક્રિયારૂપે વિવક્ષા કરી છે. કહેવાનો આશય એ છે કે - જે ક્રિયા છે તે કર્મબંધનું કારણ છે, જ્યારે પ્રસ્તુત શુભયોગવાળી ક્રિયા એ કર્મબંધનું કારણ નથી, તેથી અક્રિયા છે અર્થાત્ નિરારંભિકી ક્રિયા છે, એ રીતે વિવક્ષા કરી છે. અને આ પ્રકારની વિવક્ષાને ન માનો તો 'योगः ..... ઈત્યાદિ રૂપ વાચકવચનથી, સાધુને પણ શુભયોગમાં શુભ આરંભિકી ક્રિયા છે, એ પ્રમાણે જ કહેવું પડે.

પ્રશમરતિ શ્લોક-૨૨૦માં વાચકવચનથી ત્રણ ભેદ કરવામાં આવેલ છે. (૧) શુદ્ધયોગ વર્તતો હોય ત્યારે પુણ્યનો આશ્રવ થાય છે અર્થાત્ દેવાર્ચનાદિ ક્રિયામાં જ્યારે પ્રશસ્ત યોગ વર્તે છે ત્યારે પુણ્યનો આશ્રવ

થાય છે, (૨) અશુદ્ધયોગ વર્તે છે ત્યારે પાપનો આશ્રવ થાય છે અને (૩) વચન, કાય અને મનની ગુપ્તિને નિરાશ્રવ સંવર કહેલ છે. આ પ્રમાણે પૂજાદિ સર્વ પ્રશસ્ત ભાવો પુણ્યબંધના કારણ છે અને ગુપ્તિ જ નિરાશ્રવભાવરૂપ છે. તેથી ગુપ્તિમાં વર્તતાને જ અનારંભિકી ક્રિયા કહેવી જોઈએ, પરંતુ શુભયોગમાં વર્તતાને શુભઆરંભિકી ક્રિયા કહેવી જોઈએ. અને આ નિયમ પ્રમાણે દેશવિરતિધરને દેવાર્ચનાદિમાં જેમ શુભઆરંભિકી ક્રિયા કહી શકાય, તેમ સાધુને પણ શુભયોગમાં શુભઆરંભિકી ક્રિયા છે એમ કહેવું ઉચિત થાય, પરંતુ નિરારંભિકી ક્રિયા શુભયોગમાં કહી શકાય નહિ. પરંતુ ભગવતીસૂત્રમાં નિરારંભિકી ક્રિયા કહી છે, તેથી તેમ જ માનવું ઉચિત ગણાય કે - વિરતિ હોતે છતે જ પ્રશસ્ત આરંભિકી ક્રિયાની અક્રિયારૂપે ત્યાં વિવક્ષા કરી છે.

અત એવ ..... થી ઉક્ત કથનની પુષ્ટિ કરતાં જ કહે છે કે, વાચકવચન પ્રમાણે શુદ્ધયોગ, અશુદ્ધયોગ અને ગુપ્તિ એમ ત્રણ પ્રકારે ભેદની વિવક્ષા છે, અને ભગવતીના કથનમાં આરંભિકી ક્રિયા અને અનારંભિકી ક્રિયા એમ બે પ્રકારના ભેદની વિવક્ષા છે. આથી કરીને જ શુભ માયાના વશથી અપ્રમત્તસંયતને માયાપ્રત્યયિકી ક્રિયા કહેલી છે. માટે વિવક્ષા અને અવિવક્ષા જ અહીં શરણ છે.

કહેવાનો આશય એ છે કે, અપ્રમત્તસંયતને તો નિરારંભિકી ક્રિયા જ માનેલ છે, પરંતુ આરંભિકી ક્રિયા માનેલ નથી. આમ છતાં શુભ માયાના વશથી અપ્રમત્તસંયતને માયાપ્રત્યયિકી ક્રિયા કહેલ છે, તેનું કારણ ત્યાં તેવા પ્રકારની વિવક્ષા જ છે. અર્થાત્ અપ્રમત્તસંયત સતત મોક્ષને અનુકૂળ ઉદ્યમવાળા છે, તેથી તેમને અનારંભિકી ક્રિયા કહી, એ રીતે તેમને માયાપ્રત્યયિકી ક્રિયા નથી તેમ કહેવું જોઈએ. પરંતુ અપ્રમત્ત મુનિ પણ જ્યારે પ્રવચનમાલિન્ય આદિના રક્ષણ માટે કષાય કરતા હોય ત્યારે માયાપ્રત્યયિકી ક્રિયા સ્વીકારી, અને અન્ય કાળમાં તેમને કષાય હોવા છતાં માયાપ્રત્યયિકી ક્રિયા નથી, એમ કહેલ છે, તે વિવક્ષાને આધીન જ છે. તે રીતે ભગવતીસૂત્રનું કથન પણ વિવક્ષા, અવિવક્ષાને આધીન જ છે, એમ જાણવું.

ઉત્થાન :-

પૂર્વમાં 'અત એવ' થી કહ્યું કે, અપ્રમત્તસંયતને શુભ માયાના વશથી માયાપ્રત્યયિકી ક્રિયા કહેલ છે, ત્યાં જયચંદ્રાદિ માને છે કે, અપ્રમત્ત મુનિને વ્યક્ત રીતે માયાનો ઉદય હોતો નથી, પરંતુ માયાના ઉદયના અવિચ્છેદની શક્તિમાત્ર હોય છે, તેને આશ્રયીને માયાપ્રત્યયિકી ક્રિયા અપ્રમત્ત મુનિને કહેલ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકા :-

यत्तु "मायाकार्याभावेऽपि तदुदयाविच्छेदशक्तिमात्रादनिवृत्तिबादरान्तस्य मायाप्रत्ययिकी, अन्यथा तस्या आरम्भिक्या असङ्ख्यगुणत्वं न स्यादिति" भ्रान्तस्य जयचन्द्रादेरभिधानम्, तन्महामोहविलसितम्, प्रवचनमालिन्यादिरक्षणार्थमेव सा नान्यकाल इत्यर्थस्य वृत्तौ व्याख्यानात् आरम्भिक्या विशेषाधिकत्वस्यैव सूत्रे प्रोक्तत्वाच्च ।

ટીકાર્થ :-

यत्तु ..... विलसतिम् । જે વળી, માયાકાર્યના અભાવમાં પણ તેના ઉદયના અવિચ્છેદની શક્તિમાત્ર હોવાથી અનિવૃત્તિબાદરાન્તને માયાપ્રત્યયિકી ક્રિયા છે, અન્યથા=અનિવૃત્તિબાદરાન્તને માયાપ્રત્યયિકી ક્રિયા માનવામાં ન આવે તો, તેનું=માયાપ્રત્યયિકી ક્રિયાનું, આરંભિકી ક્રિયાથી અસંખ્ય ગુણપણું નહિ થાય; એ પ્રમાણે ભ્રાંત એવા જયચંદ્રાદિનું અભિધાન છે, તે મહામોહનો વિલાસ છે.

✪ 'यत्' નો અન્વય 'तत्' ની સાથે છે અર્થાત્ જે જયચંદ્રાદિનું અભિધાન છે તે મહામોહનો વિલાસ છે, એ પ્રમાણે અન્વય સમજવો.

ભ્રાંત એવા જયચંદ્રાદિનું અભિધાન મહામોહનો વિલાસ કેમ છે ? તેમાં હેતુ કહે છે -

प्रवचन ..... व्याख्यानात् । પ્રવચનમાલિન્યાદિથી રક્ષણાર્થે જ તે=માયાપ્રત્યયિકી ક્રિયા છે, અન્ય કાળમાં નહિ, એ પ્રકારના અર્થનું વૃત્તિમાં=પ્રજ્ઞાપનાસૂત્રના પાઠની ટીકામાં, વ્યાખ્યાન કરેલ છે. (તેથી તે વૃત્તિ પ્રમાણે અપ્રમત્ત મુનિ પણ કષાયમાં ઉપયુક્ત હોય ત્યારે જ માયાપ્રત્યયિકી ક્રિયા છે, અન્ય કાળમાં નહિ. તેથી ભ્રાંત એવા જયચંદ્રાદિનું અભિધાન મહામોહનો વિલાસ છે.)

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, તો પછી આરંભિકી ક્રિયાથી માયાપ્રત્યયિકી ક્રિયાનું અસંખ્ય ગુણપણું કહ્યું, તે કઈ રીતે સિદ્ધ થશે ? તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

आरंभिक्या ..... प्रोक्तत्वाच्च । આરંભિકી ક્રિયાથી વિશેષાધિકપણાનું જ સૂત્રમાં પ્રોક્તપણું છે= પ્રજ્ઞાપનાસૂત્રના પાઠમાં આરંભિકી ક્રિયા કરતાં માયાપ્રત્યયિકી ક્રિયાનું વિશેષાધિકપણાનું જ કથન કરેલ છે.

વિશેષાર્થ :-

ભ્રાંત એવા જયચંદ્રાદિનું એ કહેવું છે કે, અપ્રમત્ત મુનિઓ કોઈ પ્રકારનું માયાનું કાર્ય કરતા નથી, તો પણ નવમા ગુણસ્થાનકના અમુક ભાગ સુધી માયાના ઉદયનો અવિચ્છેદ હોય છે, અર્થાત્ ઉદયવિચ્છેદ થયો નથી, તેથી શક્તિમાત્રરૂપે અપ્રમત્ત મુનિઓને માયા હોય છે; અને તે શક્તિમાત્રને આશ્રયીને નવમા ગુણસ્થાનક સુધી માયાપ્રત્યયિકી ક્રિયા માનેલ છે. અને સ્વકથનની પુષ્ટિ કરવા માટે જયચંદ્રાદિ કહે છે કે, જો આવું ન માનો તો, શાસ્ત્રમાં આરંભિકી ક્રિયા કરતાં માયાપ્રત્યયિકી ક્રિયાનું અસંખ્યગુણપણું કહ્યું છે, તે સંગત થશે નહિ. અર્થાત્ નવમા ગુણસ્થાનક સુધી વર્તતા બધા જીવોને માયાપ્રત્યયિકી ક્રિયા માનો, તો જ આરંભિકી ક્રિયા કરતાં માયાપ્રત્યયિકી ક્રિયા અસંખ્યાતગુણ સંગત થાય. તેથી માનવું જોઈએ કે, 'અપ્રમત્ત મુનિઓ માયાનું કોઈ કાર્ય કરતા નથી, તો પણ માયાપ્રત્યયિકી ક્રિયા તેમને હોય છે.' આ પ્રકારનું જયચંદ્રાદિના અભિધાનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

પ્રવચનમાલિન્યાદિથી રક્ષણ માટે જ માયાપ્રત્યયિકી ક્રિયા અપ્રમત્ત મુનિઓને હોય છે, અન્ય કાળમાં નહિ, એ પ્રકારના અર્થનું વૃત્તિમાં કથન હોવાથી, માયાપ્રત્યયિકી ક્રિયા શુભ માયામાં પ્રવૃત્ત હોય ત્યારે જ અપ્રમત્ત મુનિઓને સ્વીકારવી ઉચિત છે, અન્ય કાળમાં નહિ.

અહીં પ્રશ્ન થાય કે, આરંભિકી ક્રિયા કરતાં માયાપ્રત્યયિકી ક્રિયાનું અસંખ્યાતગુણપણું કહ્યું, તે કઈ રીતે સંગત થશે ? તેથી કહે છે - સૂત્રમાં આરંભિકી ક્રિયા કરતાં માયાપ્રત્યયિકી ક્રિયાને વિશેષાધિક જ કહેલ છે.

ટીકા :-

अत्रासंमोहार्थं क्रियापदलेशो लिख्यते -

'कति णं भंते ! किरियाओ पण्णत्ताओ ? गो० ! पंचकिरियाओ पं० तं०-आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया । आरंभिया णं भंते ! किरिया कस्स कज्जति ? गो० ! अण्णयरस्सवि पमत्तसंजयस्स । परिग्गहिया णं भंते ! किरिया कस्स कज्जइ ? गो० ! अण्णयरस्सवि संजयासंजयस्स । मायावत्तिया णं भंते ! किरिया कस्स कज्जति ? गो० ! अण्णयरस्सवि अपमत्तसंजयस्स । अपच्चक्खाणकिरिया णं भंते ! कस्स कज्जति ! गो० ! अण्णयरस्सवि अपच्चक्खाणिस्स । मिच्छादंसणवत्तिया णं भंते ! किरिया कस्स कज्जति ? गो० ! अण्णयरस्सवि मिच्छादंसणिस्स । नेरइयाणं भंते ! कति किरियातो पं० ? गो० ! पंच किरियातो पं०, तं० - आरंभिया जाव मिच्छादंसणवत्तिया, एवं जाव वेमाणियाणं। जस्स णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जति, तस्स परिग्गहिया कि० किं० कज्जति ? जस्स परिग्गहिया कि० कज्जति तस्स आरंभिया कि० क० ? गो० ! जस्स णं जीवस्स आरंभिया कि० तस्स परिग्गहिया सिय कज्जति सिय नो कज्जति । जस्स पुण पारिग्गहिया किरिया क० तस्स आरंभिया कि० णियमा क० । जस्स णं भंते ! जीवस्स आरंभिया कि० क० तस्स मायावत्तिया कि० क० पुच्छा, गो० ! जस्स णं जीवस्स आरंभिया कि० क० तस्स मायावत्तिया कि० णियमा क०, जस्स पुण मायावत्ति० कि० क० तस्स आरंभिया कि० सिय कज्जति सिय नो क० । जस्स णं भंते ! जीवस्स आरंभिया कि० तस्स अपच्चक्खाणकिरिया पुच्छा । गो० ! जस्स णं जीवस्स आरंभिया कि० तस्स अपच्चक्खाणकिरिया सिय कज्जति सिय नो कज्जति। जस्स पुण अपच्चक्खाणकिरिया क० तस्स पुण आरंभिया कि० णियमा क०, एवं मिच्छादंसणवत्तियाएवि समं । एवं पारिग्गहियावि तिहिं उवरिल्लाहिं समं संचारेतव्वा । जस्स मायावत्तिया कि० तस्स उवरिल्लाओ दोवि सिय कज्जंति सिय नो कज्जंति । जस्स उवरिल्लाओ दो कज्जंति तस्स मायावत्तिया णियमा क० । जस्स अपच्चक्खाण कि० क० तस्स मिच्छादंसणवत्तिया किरिया सिय क० सिय णो० क० । जस्स पुण मिच्छादंसणवत्तिया कि० तस्स अपच्चक्खाणकिरिया णियमा क० । नेरइयस्स आइल्लातो चत्तारि परप्परं नियमा कज्जंति, जस्स एताओ चत्तारि कज्जंति तस्स मिच्छादंसणवत्तिया कि० भइज्जति । जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जति तस्स एताओ चत्तारि नियमा कज्जंति । एवं जाव थणियकुमारस्स ।

पुढविकाइयस्स जाव चउरिंदियस्स, पंचवि परोप्परं नियमा कज्जंति । पंचिंदियतिरिक्ख जोणियस्स आतिल्लियाओ तिण्णिवि परोप्परं नियमा कज्जंति । जस्स एयाओ कज्जंति तस्स उवरिल्लिया दोण्णि भइज्जंति जस्स उवरिल्लाओ दोण्णि कज्जंति तस्स एताओ तिण्णिवि नियमा कज्जंति । जस्स अपच्चक्खाणकिरिया तस्स मिच्छादंसणवत्तिया सिय कज्जति सिय नो क० । जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया क० तस्स अपच्चक्खाणकिरिया नियमा क० । मणूसस्स जहा जीवस्स । वाणमंतरजोइसियवेमाणियस्स जहा नेरइयस्स । जं समयं णं भंते ! जीवस्स आरंभिया कि० क० तं समयं पारिग्गहिया कि० क० ? एवं एते जस्स जं समयं जं देसं० जं० पयेसं णं य चत्तारि दंडगा णेयव्वा, जहा नेरइयाणं तहा सव्वदेवाणं नेयव्वं जाव वेमाणियाणं (सूत्रं=२८४) तथा पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स कि० आरंभिया किरिया कज्जति जाव मिच्छादंसणवत्तिया कि० क० ? गो० ! पाणाइवायविरयस्स आरंभिया किरिया सिय कज्जति सिय नो कज्जति । पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स पारिग्गहिया कि० क० ? गो० ? णो इणठ्ठे समठ्ठे ! पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स मायावत्तिया कि० क० ? गो० ! सिय क० सिय नो क० । पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स अपच्चक्खाणवत्तिया कि० क० ? गो ! णो इणठ्ठे समट्ठे । मिच्छादंसणवत्तियाए पुच्छा । गो० ! णो इणट्ठे समट्ठे ! एवं पाणाइवायविरयस्स मणूसस्सवि, एवं जाव मायामोसविरयस्स जीवस्स मणूसस्स य । मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! जीवस्स किं आरंभिया किरिया क० जाव मिच्छादंसणवत्तिया कि० क० ? गो० । मिच्छादंसणसल्लविरयस्स जीवस्स आरंभिया कि० सिय क० सिय नो क० । एवं जाव अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया णो क० । मिच्छादंसणसल्लविरयस्स णं भंते । नेरइयस्स किं आरंभिया किरिया क० जाव मिच्छादंसणवत्तिया कि० क० ? गो ! आरंभिया कि० क० जाव अपच्चक्खाण-किरियावि क० । मिच्छादंसणवत्तिया किरिया नो क० ! एवं जाव थणियकुमारस्स । मिच्छादंसणसल्ल-विरयस्स णं भंते ! पंचिंदियतिरिक्ख जोणियस्स एवमेव पुच्छा गो० । आरंभिया कि० क० जाव मायावत्तिया कि० क०, अपच्चक्खाण कि० सिय क० सिय नो क० मिच्छादंसणवत्तिया कि० नो क० । मणूसस्स जहा जीवस्स । वाणमंतरजोइसियवेमा० जहा नेरइयस्स । एतासि णं भंते ! आरंभियाणं जाव मिच्छादंसण-वत्तियाण य कतरे २ हिंतो अप्पा वा ४ ? गो० ? सव्वथोवाओ मिच्छादंसणवत्तियाओ किरियाओ, अपच्चक्खाणकिरियाओ विसेसाहिआओ, पारिग्गहियाओ विसे०, आरंभियाओ किरियाओ विसे०, मायावत्तियाओ विसे० ।।सू० २८७।।

क्रिया-कर्मबन्धनं चेष्टा । आरम्भः(=पृथिव्याद्युपमर्दः) प्रयोजनं(=कारणं) यस्याः सा-आरम्भिकी । परिग्रहः=धर्मोपकरणान्यवस्तुस्वीकारः धर्मोपकरणमूर्च्छा च स एव तेन निर्वृत्ता वा पारिग्रहिकी । माया= अनार्जवं, क्रोधाद्युपलक्षणमेतत् सा प्रत्ययः कारणं यस्याः सा मायाप्रत्यया । अप्रत्याख्यानम्=मनागपि विरतिपरिणामाभावः, तदेव क्रिया=अप्रत्याख्यानिकी क्रिया । मिथ्यादर्शनं प्रत्ययो=हेतुर्यस्याः सा मिथ्यादर्शनप्रत्यया । 'अन्नयरस्सवि पमत्तसंजतस्सत्ति' अत्र 'अपि' शब्दो भिन्नक्रमः, प्रमत्तसंयतस्याप्यन्यतरस्य =एकतरस्य कस्यचित्

प्रमादे सति कायदुष्प्रयोगभावतः पृथिव्यादेरुपमर्दसम्भवात् । 'अपि' शब्दोऽन्येषामध-स्तनगुणस्थानवर्त्तिनां नियमप्रदर्शनार्थः, प्रमत्तसंयतस्याप्यारम्भिकी क्रिया भवति, किं पुनः शेषानां देशविरतिप्रभृतीनामिति । एवमुत्तरत्रापि यथायोगमपिशब्दभावना कर्त्तव्या । पारिग्रहिकी संयतासंयतस्यापि देशविरतस्यापीत्यर्थः तस्यापि परिग्रहधारणात् । मायाप्रत्यया अप्रमत्तसंयतस्यापि । कथम् ? इति चेत् ? उच्यते-प्रवचनोड्डाहप्रच्छादनार्थं वल्लीकरणसमुद्देशादिषु । अप्रत्याख्यानक्रिया अन्यतरस्यापि अप्रत्याख्यानिनः, अन्यतरदपि=न किञ्चिदित्यर्थः, यो न प्रत्याख्याति तस्येति भावः । मिथ्यादर्शनक्रिया-ऽन्यतरस्यापि=सूत्रोक्तमेकमप्यक्षरमरोचमानस्येत्यर्थः मिथ्यादृष्टेर्भवति । 'नेरइयाणं भंते' इत्यादि चतुर्विंशतिदण्डकसूत्रं सुगमम् । सम्प्रति आसां क्रियाणां परस्परमविनाभावं चिन्तयति, तद्यथा-यस्यारम्भिकी क्रिया, तस्य पारिग्रहिकी स्याद् भवति, स्यान्न भवति, प्रमत्तसंयतस्य न भवति शेषस्य भवतीत्यर्थः । तथा यस्यारम्भिकी क्रिया, तस्य मायाप्रत्यया नियमाद् भवति, यस्य मायाप्रत्यया क्रिया तस्य आरम्भिकी क्रिया स्याद् भवति स्यान्न भवति, प्रमत्तसंयतस्य देशविरतस्य च न भवति, शेषस्याविरतसम्यग्दृष्ट्यादेर्भवति इति भावः । यस्य पुनरप्रत्याख्यानक्रिया, तस्य आरम्भिकी क्रिया नियमाद् भवति, अप्रत्याख्यानिनोऽवश्यमारम्भ-सम्भवात् । एवं मिथ्यादर्शनप्रत्ययापि सहाविनाभावो भावनीयः । तथाहि-यस्यारम्भिकी क्रिया तस्य मिथ्यादर्शनप्रत्यया स्याद् भवति स्यान्न भवति, मिथ्यादृष्टेर्भवति शेषस्य तु न भवतीत्यर्थः । यस्य तु मिथ्यादर्शनक्रिया तस्य नियमादारम्भिकी मिथ्यादृष्टेरविरतत्वेनावश्यमारम्भसम्भवात् । तदेवमारम्भिकी क्रिया पारिग्रहिक्यादिभिश्चत-सृभिरुपरितनीभिः क्रियाभिः सह परस्परमविनाभावेन चिन्तिता । एवं पारिग्रहिकी तिसृभिः, मायाप्रत्यया द्वाभ्याम्, अप्रत्याख्यानक्रिया एकया, मिथ्यादर्शनप्रत्यया चिन्तनीया । तथा चाह-'एवं पारिग्गहिआवि तिहिं उपरिल्लाहिं समं संचारेअव्वा०' इत्यादि सुगमं भावनायाः सुप्रतीतत्वात् । अमुमेवार्थं चतुर्विंशतिदण्डकक्रमेण चिन्तयति-'नेरइयस्स आइल्लाओ चत्तारि' इत्यादि । नैरयिका हि उत्कर्षतोऽप्यविरतसम्यग्दृष्टिगुणस्थानकं यावत्, न परतः, ततो नैरयिकाणामाद्याश्चतस्रः क्रियाः परस्परमविनाभाविन्यः मिथ्यादर्शनक्रियां प्रति स्याद्वादः तमेवाह-'जस्स एयाओ चत्तारि' इत्यादि, मिथ्यादृष्टेर्मिथ्यादर्शनक्रिया भवति शेषस्य न भवति इति भावः । यस्य पुनः मिथ्यादर्शनक्रिया तस्याऽऽद्याश्चतस्रो नियमात् मिथ्यादर्शने सत्यारम्भिक्यादीनामवश्यंभावात् । एवं तावद्वक्तव्यं यावत्स्तनितकुमारस्य । पृथिव्यादीनां चतुरिन्द्रियपर्यवसानानां पञ्च क्रियाः परस्परमविनाभाविन्यो वक्तव्याः, पृथिव्यादिनां मिथ्यादर्शनक्रियाया अप्यवश्यंभावात् । तिर्यक्पञ्चेन्द्रियस्याद्यास्तिस्रः परस्परमविनाभूता देशविरतिं यावद् आसामवश्यंभावात् । उत्तराभ्यां तु द्वाभ्यां स्याद्वादः । तमेव दर्शयति - 'जस्स एयाओ कज्जंति' इत्यादि देशविरतस्य न भवतः शेषस्य तु भवतः इति भावः । यस्य पुनरुपरितन्यौ द्वे क्रिये तस्याद्यतिस्रो नियमाद् भवन्ति, उपरितन्यौ हि क्रिये अप्रत्याख्यानक्रिया मिथ्यादर्शनप्रत्यया च। तत्राप्रत्याख्यानक्रियाऽविरतिसम्यग्दृष्टिं यावत्, मिथ्यादर्शनक्रिया मिथ्यादृष्टेः । आद्यास्तिस्रो देशविरतिं यावत्, अत उपरितन्योर्भावेऽवश्यमाद्यानां तिसृणां भावः । संप्रति अप्रत्याख्यानक्रियाया मिथ्यादर्शनक्रियाया-स्तिर्यक्पञ्चेन्द्रियस्य परस्परमविनाभावं चिन्तयति - 'जस्स अपच्चक्खाणकिरिया' इत्यादि भावितम् । मनुष्ये

यथा जीवपदे तथा वक्तव्यम् । व्यन्तरज्योतिष्कवैमानिकानां यथा नैरयिकस्य, एवमेष एको दण्डः । एवमेव जं समयं णं भंते ! इत्यादिको द्वितीयः 'जं देसं णं' इत्यादिकस्तृतीयः, 'जं पएसं णं' इत्यादिकश्चतुर्थः । पाणाइवायविरयस्स णं भंते इत्यादि । आरम्भिकी-क्रिया स्याद् भवति स्यान्न भवति, प्रमत्तसंयतस्य भवति शेषस्य न भवतीति भावः । पारिग्रहिकी निषेध्या सर्वथा परिग्रहान्निवृत्तत्वात्, अन्यथा सम्यक्प्राणातिपात-विरत्यनुपपत्तेः। मायाप्रत्यया स्याद् भवति स्यान्न भवति, अप्रमत्तस्यापि हि कदाचित्प्रवचनमालिन्यरक्षणार्थं भवति, शेषकालं तु न भवति । अप्रत्याख्यानक्रिया मिथ्यादर्शनप्रत्यया च सर्वथा निषिध्यते, तद्भावे प्राणातिपातविरत्ययोगात्। प्राणातिपातविरतेश्च द्वे पदे, तद्यथा-जीवो मनुष्यश्च तत्र यथा सामान्यतो जीवमधिकृत्योक्तं तथा मनुष्यमधिकृत्य वक्तव्यम् । तथा चाह - "एवं पाणाइवायविरयस्स मणूसस्स वि" एवं तावद्वाच्यं यावत्मायामृषाविरतस्य जीवस्य मनुष्यस्य च । मिथ्यादर्शनशल्यविरतिमधिकृत्य सूत्रं - "मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! जीवस्स" इत्यादि । आरम्भिकी स्याद् भवति स्यान्न भवति, प्रमत्तसंयतान्तस्य भवति शेषस्य न भवतीति भावार्थः । पारिग्रहिकी देशविरतिं यावद् भवति परतो न भवति । मायाप्रत्ययाप्यनिवृत्तिबादरसंपरायं यावद्-भाविनी परतो न भवति । अप्रत्याख्यानक्रियाप्यविरतसम्यग्दृष्टिं यावद्भवति न परतः । तत एता अपि क्रिया अधिकृत्य-"सिय कज्जइ सिय नो कज्जइ" इति वक्तव्यम् । तथा चाह -"एवं जाव अपच्चक्खाणकिरिया" इति । मिथ्यादर्शनप्रत्यया पुनर्निषेध्या मिथ्यादर्शनशल्यविरतस्य तस्या असंभवात् । चतुर्विंशतिदण्डकचिन्तायां नैरयिकादीनां स्तनितकुमारपर्यवसानानां चतस्रः क्रिया वक्तव्याः, मिथ्यादर्शनप्रत्यया निषेध्या । तिर्यक्पञ्चेन्द्रिय-स्याद्यास्तिस्रः क्रिया नियमतो वक्तव्या, अप्रत्याख्यानक्रिया भाज्या, देशविरतस्य न भवति, शेषस्य भवतीत्यर्थः। मिथ्यादर्शनप्रत्यया निषेध्या । मनुष्यस्य यथा सामान्यतो जीवस्य व्यन्तरादीनां यथा नैरयिकस्य । संप्रति आसामेवारम्भिक्यादीनां क्रियाणां मिथोऽल्पबहुत्वमाह-'एयासि णं' इत्यादि । सर्वस्तोका मिथ्यादर्शनप्रत्यया क्रिया, मिथ्यादृष्ट्यादीनामेव भावात् । ततोऽप्रत्याख्यानक्रिया विशेषाधिका, अविरतसम्यग्दृष्टीनां मिथ्यादृष्टीनां च भावात् । ताभ्योऽपि पारिग्रहिक्यो विशेषाधिका, देशविरतानां पूर्वेषां च भावात्, ताभ्योऽपि आरम्भिक्यो विशेषाधिकाः, प्रमत्तसंयतानां पूर्वेषां च भावात् । ताभ्योऽपि मायाप्रत्यया विशेषाधिका, अप्रमत्तसंयतानामपि भावात्, इति वृत्तौ ।

टीकार्थ :-

अत्र ..... लिख्यते - **અહીંયાં=જયચંદ્રના કથનના નિરાકરણમાં જે બે હેતુ આપ્યા તેમાં, અસંમોહને માટે (પન્નવણાસૂત્રમાં) જે ક્રિયાપદ છે તેનો એક ભાગ લખાય છે -**

હે ભગવંત ! ક્રિયાઓ કેટલા પ્રકારની છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારની ક્રિયાઓ કહેલી છે, તે આ પ્રમાણે- (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયાપ્રત્યયિકી (૪) અપ્રત્યાખ્યાનક્રિયા (૫) મિથ્યાદર્શનપ્રત્યયિકી.

હે ભગવંત ! આરંભિકી ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! અન્યતર પ્રમત્તસંયતને પણ હોય છે.

વિશેષાર્થ :-

અહીં 'अपि' શબ્દનો અન્વય પ્રમત્તસંયત પછી છે. અહીં 'अन्यतर' શબ્દ પ્રમત્તસંયતનું વિશેષણ હોવાથી કોઈક પ્રમત્તસંયતને આરંભિકી ક્રિયા હોય છે અને કોઈકને નથી એ અર્થ પ્રાપ્ત થાય, અને તેથી 'અન્યતર' શબ્દ પ્રમત્તસંયતનું વ્યાવર્તક વિશેષણ છે, અને તેનાથી શુભયોગવાળા પ્રમત્તસંયતનું વ્યાવર્તન થાય છે.

अण्णयरस्सवि पमत्तसंजयस्स અહીં 'अपि' થી એ સમુચ્ચય થાય છે કે, પ્રમત્તસંયત પૂર્વે તો આરંભિકી ક્રિયા છે, પરંતુ અન્યતર પ્રમત્તસંયતને પણ આરંભિકી ક્રિયા છે.

ટીકાર્થ :-

હે ભગવંત ! પારિગ્રહિકી ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! અન્યતર સંયતાસંયતને=દેશવિરતને, પણ હોય છે.

વિશેષાર્થ :-

અહીં 'अपि' શબ્દનો અન્વય દેશવિરત પછી છે, અને 'अन्यतर' શબ્દ સંયતાસંયતનું વ્યાવર્તક વિશેષણ છે. તેનાથી એ કહેવું છે કે, દેશવિરતિધર પણ જ્યારે સામાયિક-પૌષધાદિ ઉપયોગપૂર્વક કરતો હોય ત્યારે શુભયોગમાં હોવાને કારણે પારિગ્રહિકી ક્રિયા કરતો નથી, અને સંસારની પ્રવૃત્તિ કરતો હોય ત્યારે પારિગ્રહિકી ક્રિયા હોય છે.

ટીકાર્થ :-

હે ભગવંત ! માયાપ્રત્યયિકી ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! અન્યતર અપ્રમત્તસંયતને પણ હોય છે.

વિશેષાર્થ :-

અહીં 'अपि' શબ્દ અપ્રમત્તસંયત પછી ગ્રહણ કરવાનો છે અને 'अन्यतर' શબ્દ અપ્રમત્તસંયતનું વ્યાવર્તક વિશેષણ છે અને તેનાથી પ્રવચનઉડ્ડાહના રક્ષણકાળમાં શુભમાયામાં વર્તતા અપ્રમત્તસંયતથી અન્ય અપ્રમત્તસંયતની વ્યાવૃત્તિ થાય છે.

અહીં અપ્રમત્તસંયત શબ્દથી ૭ થી ૧૪ ગુણસ્થાનકની પ્રાપ્તિ હોવા છતાં, આગળમાં ટીકામાં ૯મા ગુણસ્થાનક સુધી જ માયાપ્રત્યયિકી ક્રિયા ગ્રહણ કરેલી હોવાને કારણે, ૯મા ગુણસ્થાનક સુધી શુભ માયામાં વર્તતાને માયાપ્રત્યયિકી ક્રિયા પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ એ છે કે, અપ્રમત્તસંયત ગુણસ્થાનક એ ૭મું ગુણસ્થાનક છે, અને અપ્રમત્તસંયત શબ્દથી પ્રમત્તસંયત સિવાયનાં ૭માથી ૧૪મા ગુણસ્થાનક સુધીનાં બધાંની પ્રાપ્તિ થાય છે. અને અહીં પન્નવણાના ટીકાકારે સ્વયં જ અનિવૃત્તિબાદર ગુણસ્થાનક સુધી માયાપ્રત્યયિકી ક્રિયા સ્વીકારેલ હોવાથી એ પ્રાપ્ત થાય કે - પ્રવચનઉડ્ડાહથી રક્ષણ માટે પ્રવૃત્ત સાધુને ૯મા ગુણસ્થાનક સુધી શુભ કષાયનો વ્યક્ત ઉદય સંભવી શકે છે. અને જે સાધુ તેવા કાર્યમાં પ્રવૃત્ત નથી, તેઓને બાદર કષાય હોવા છતાં વ્યક્ત કષાય ૭મા આદિ

ગુણસ્થાનકમાં ન હોય, પરંતુ ધર્મધ્યાન કે શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ હોવાને કારણે અવ્યક્ત કષાય જ હોવાને કારણે તેવા અપ્રમત્ત સાધુઓને માયાપ્રત્યયિકી ક્રિયા માની નથી.

ટીકાર્થ :-

હે ભગવંત ! અપ્રત્યાખ્યાન ક્રિયા કોને હોય ? હે ગૌતમ ! અન્યતર અપ્રત્યાખ્યાનીને પણ=કાંઈ પણ પ્રત્યાખ્યાન જેને નથી એવા અપ્રત્યાખ્યાનીને હોય છે.

✪ અહીં અન્યતરસ્યાપિ નો અર્થ અન્યતરદપિ = ન કિઞ્ચિત્, એ પ્રમાણે જાણવો.

હે ભગવંત ! મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કોને હોય છે ? હે ગૌતમ ! અન્યતર મિથ્યાત્વીને પણ= ભગવાનના વચનનો એક પણ અક્ષર જેને ન રુચે એવા મિથ્યાદૃષ્ટિને, હોય છે.

✪ અહીં અન્યતરસ્યાપિ નો અર્થ સૂત્રોક્ત એક પણ અક્ષર જેને ન રુચે એ પ્રમાણે જાણવો.

વિશેષાર્થ :-

પ્રજ્ઞાપનાસૂત્રના પાઠમાં આરંભિકી ક્રિયા અન્યતર પણ પ્રમત્તસંયતને છે, એમ કહ્યું, ત્યાં પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિ પ્રમાણે એ અર્થ છે કે, 'અપિ' શબ્દનો અન્વય પ્રમત્તસંયત સાથે છે અને 'અન્યતર' નો અર્થ કોઈક પ્રમત્તસંયતને આરંભિકી ક્રિયા છે અર્થાત્ પડિલેહણાદિ ક્રિયા કરતી વખતે સૂત્રવિધિ પ્રમાણે ઉપયુક્ત ન હોય એવા પ્રમત્તસંયતને આરંભિકી ક્રિયા છે.

પારિગ્રહિકી ક્રિયા કોને છે ? તેના જવાબમાં અન્યતર પણ સંયતાસંયતને કહેલ છે, ત્યાં પણ 'અપિ' શબ્દ સંયતાસંયતની સાથે યોજવાનો છે, અને 'અન્યતર' નો અર્થ કોઈક સંયતાસંયતને પારિગ્રહિકી ક્રિયા હોય છે અર્થાત્ જે દેશવિરતિધર સમ્યગ્ ઉપયોગપૂર્વક સામાયિક કે પૌષધમાં વર્તતો હોય ત્યારે ધર્મોપકરણ પ્રત્યે પણ મૂર્છા હોતી નથી, અને ધર્મોપકરણથી અન્ય વસ્તુનો સ્વીકાર તે કરતો નથી, તેથી પારિગ્રાહિકી ક્રિયા તેમને હોતી નથી. યદ્યપિ તેવા સામાયિક-પૌષધવાળાને ધન-સંપત્તિ આદિ હોય છે, પરંતુ સામાયિક-પૌષધના કાળ સુધી ચિત્તથી તેના પ્રત્યેના સંબંધને તે દૂર કરી નાંખે છે, તેથી ત્યાં અનુમોદના હોવા છતાં પારિગ્રહિકી ક્રિયા હોતી નથી. આથી જ તેઓને ત્રિવિધ ત્રિવિધ પ્રત્યાખ્યાન નથી, પરંતુ દુવિધ ત્રિવિધ પ્રત્યાખ્યાન છે.

માયાપ્રત્યયિકી ક્રિયા અન્યતર અપ્રમત્તને છે, ત્યાં પણ 'અપિ' શબ્દ અપ્રમત્તસંયત સાથે જોડવાનો છે; અને તેનાથી એ પ્રાપ્ત થાય કે - પ્રમત્તસંયતને તો માયાપ્રત્યયિકી ક્રિયા છે, પરંતુ અન્યતર અપ્રમત્તસંયતને પણ માયાપ્રત્યયિકી ક્રિયા છે. અને 'અન્યતર' નો અર્થ કોઈકને છે, એમ કરવાનો છે; તેથી એ પ્રાપ્ત થાય કે - પ્રવચનના ઉડ્ડાહના પ્રચ્છાદન માટે વલ્લીકરણ સમુદ્દેશાદિમાં કોઈ સાધુ માયાથી વર્તતો હોય, અર્થાત્ માયાકષાયથી નહિ, પરંતુ ચાર કષાયમાંથી કોઈ પણ કષાયથી વર્તતો હોય ત્યારે, તે કષાયનો ઉદય પ્રવચનના ઉડ્ડાહના પ્રચ્છાદન માટે આવશ્યક હોવાથી પ્રશસ્તરૂપ છે, તો પણ તે કષાયથી થતી ક્રિયાને માયાપ્રત્યયિકી કહેવામાં આવે છે.

યદ્યપિ તેવી ક્રિયાનો પ્રારંભ પ્રમત્તસંયત જ કરે છે, પરંતુ પ્રારંભ કર્યા પછી અપ્રમત્તભાવમાં પણ તે

ક્રિયા ચાલુ હોઈ શકે છે. તેથી અપ્રમત્તસંયતને તેવા પ્રશસ્ત કષાયનો ઉદય સંભવી શકે છે, માટે તો માયાપ્રત્યયિકી ક્રિયા કહી છે. જ્યારે અન્ય અપ્રમત્તસંયત મુનિ આત્માના શુદ્ધ ઉપયોગમાં યત્નવાળા હોય છે ત્યારે, વિકલ્પાત્મક કષાયનો ઉદય હોતો નથી, પરંતુ અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનક સુધી સર્વ જીવોને કષાયનો ઉદય હોય જ છે. તે પ્રમાણે અવિકલ્પાત્મક એવો સૂક્ષ્મ કષાય ત્યાં હોવા છતાં તેઓને માયાપ્રત્યયિકી ક્રિયા કહેલી નથી, તેથી અન્યતર કોઈક અપ્રમત્તસંયતને માયાપ્રત્યયિકી ક્રિયા છે એમ કહેલ છે.

અપ્રત્યાખ્યાની ક્રિયા પણ અન્યતર કોઈ અપ્રત્યાખ્યાનીને હોય છે, ત્યાં 'અન્યતરસ્યાપિ' નો અર્થ अन्यतरदपि=न किञ्चित्, એ પ્રમાણે પ્રજ્ઞાપનાની ટીકામાં અર્થ કરેલ છે, અને તેનો જ ભાવ સ્પષ્ટ કરતાં કહ્યું કે, જે પ્રત્યાખ્યાન કરતો નથી તેને અપ્રત્યાખ્યાની ક્રિયા હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે - જે કાંઈપણ પ્રત્યાખ્યાન કરતો નથી, તેને અપ્રત્યાખ્યાની ક્રિયા હોય છે, અર્થાત્ અવિરતસમ્યગ્દૃષ્ટિ કાંઈપણ પ્રત્યાખ્યાન કરતો નથી, તેને અપ્રત્યાખ્યાની ક્રિયા હોય છે.

અહીં વિશેષ એ છે કે, સંવિજ્ઞપાક્ષિક પણ ચોથા ગુણસ્થાનકે હોવાને કારણે અવિરતસમ્યગ્દૃષ્ટિ છે, અને સર્વવિરતિનું પ્રત્યાખ્યાન તેણે ગ્રહણ પણ કરેલ છે, છતાં ભાવથી અભ્યુત્થિત નહિ હોવાને કારણે સર્વવિરતિનો પરિણામ તેમને થતો નથી. આમ છતાં સ્થૂલ વ્યવહારનય સંવિજ્ઞપાક્ષિકને અપ્રત્યાખ્યાની ક્રિયા માને નહિ, પરંતુ પરિણામસાપેક્ષ પચ્ચક્ખાણને માનનાર વ્યવહારનયથી તો સંવિજ્ઞપાક્ષિકને પણ અપ્રત્યાખ્યાની ક્રિયા છે.

મિથ્યાદર્શની ક્રિયા કોને હોય છે ? ત્યાં પણ અન્યતર પણ મિથ્યાદૃષ્ટિને છે, એમ કહેલ છે. તેનાથી એ ફલિત થાય કે, અન્યતર પણ ભગવાનના વચનમાં જેને અરુચિ હોય તેને મિથ્યાદર્શન ક્રિયા છે. અર્થાત્ ભગવાનના બધા વચનમાં અરુચિ હોય તો મિથ્યાદર્શન ક્રિયા છે જ, પરંતુ ભગવાનના એક પણ વચનમાં અરુચિ હોય તો પણ મિથ્યાદર્શન ક્રિયા છે.

ટીકાર્થ :-

હે ભગવંત ! નારકીને કેટલી ક્રિયા હોય છે ? હે ગૌતમ ! નારકીને પાંચ ક્રિયાઓ કહેલી છે, તે આ પ્રમાણે - આરંભિકીથી મિથ્યાદર્શન પ્રત્યયિકી સુધી પાંચ ક્રિયાઓ હોય છે. એ પ્રમાણે વૈમાનિક સુધી ચોવીસે દંડકમાં સમજવું.

હે ભગવંત ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને પારિગ્રહિકી ક્રિયા હોય ? અને જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા હોય ?

હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને પારિગ્રહિકી ક્રિયા હોય, ન પણ હોય. વળી જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા નિયમા હોય.

હે ભગવંત ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય ? એમ પૃચ્છા કરે છે.

હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા નિયમા હોય. વળી, જેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા હોય પણ ખરી અને ન પણ હોય.

હે ભગવંત ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય ? એમ પૃચ્છા કરે છે.

હે ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય પણ ખરી અને ન પણ હોય. વળી, જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા નિયમા હોય. એ પ્રમાણે મિથ્યાદર્શનપ્રત્યયિકીમાં પણ સમાન છે.

એ પ્રમાણે પારિગ્રાહિકી ક્રિયાની પણ ઉપરની ત્રણ ક્રિયા સાથે યોજના કરવી.

જેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય તેને ઉપરની બે પણ (અપ્રત્યા૦ મિથ્યા૦) હોય પણ અને ન પણ હોય. જેને ઉપરની બે (અપ્રત્યા. મિથ્યા.) હોય, તેને માયાપ્રત્યયિકી નિયમા હોય. જેને અપ્રત્યાખ્યાની ક્રિયા હોય તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય અને ન પણ હોય. વળી જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય, તેને અપ્રત્યાખ્યાનક્રિયા નિયમા હોય.

નારકીને આદિથી ચાર ક્રિયા પરસ્પર નિયમા (અવિનાભાવી) હોય. જેને આ (પ્રથમની ચાર) હોય તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ભજનાએ હોય.

વળી જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય તેને આ ચાર (પ્રથમની ચાર) નિયમા હોય. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારને પણ જાણવું.

પૃથ્વીકાયને યાવત્ ચઉરિંદ્રિયને પાંચે પણ ક્રિયા પરસ્પર નિયમા હોય. પંચેન્દ્રિયતિર્યંચયોનિવાળાને પહેલેથી ત્રણે પણ પરસ્પર નિયમા હોય. જેને આ (પ્રથમની ત્રણ) ક્રિયા હોય તેને ઉપરની બે ભજનાએ હોય. જેને પછીની બે હોય તેને આ ત્રણે પણ નિયમા હોય. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી હોય, ન પણ હોય. વળી જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા નિયમા હોય.

મનુષ્યને જીવની જેમ સમજવું. (પ્રારંભમાં જીવસામાન્યનું કથન કર્યું તેની જેમ સમજવું.)

વાણવ્યંતર, જ્યોતિષ, વૈમાનિકને નારકીની જેમ સમજવું.

હે ભગવંત ! જે સમયે જીવને આરંભિકી ક્રિયા હોય તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય ? એ પ્રમાણે જેને જે સમયે, જે દેશમાં અને જે પ્રદેશમાં (ઈત્યાદિ) ચાર દંડક જાણવા.

વિશેષાર્થ :-

પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં બતાવ્યા પ્રમાણે ચાર દંડક આ પ્રમાણે જાણવા -

(૧) જીવસામાન્યથી યાવત્ વૈમાનિક સુધી ચોવીસ દંડકમાં જે ક્રિયા કહી તે એક દંડક સમજવું.

(૨) જં સમયં णं ભંતે જે સમયે જીવને આરંભિકી ક્રિયા હોય છે, તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય ?

આ રીતે સમયને ગ્રહણ કરીને પ્રશ્નો અને ઉત્તરો આપવા તે બીજું દંડક સમજવું.

(૩) જં દેસં - જે દેશમાં જીવને આરંભિકી ક્રિયા હોય તે દેશમાં પારિગ્રહિકી ક્રિયા હોય ?

આ રીતે દેશને આશ્રયીને પ્રશ્નો અને ઉત્તરો આપવા તે ત્રીજું દંડક સમજવું

(૪) જં પएસં णं - જે પ્રદેશમાં જીવને આરંભિકી ક્રિયા હોય તે પ્રદેશમાં પારિગ્રહિકી ક્રિયા હોય ?

આ રીતે પ્રદેશને આશ્રયીને પ્રશ્નો અને ઉત્તરો આપવા તે ચોથું દંડક સમજવું.

ટીકાર્થ :-

જેમ નારકીને તેમ સર્વ દેવોને યાવત્ વૈમાનિક સુધી જાણવું. (સૂ. ૨૮૪)

તથા=તે પ્રમાણે હે ભગવંત ! પ્રાણાતિપાતવિરત એવા જીવને શું આરંભિકી ક્રિયા હોય ? યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય ? હે.ગૌતમ ! પ્રાણાતિપાતવિરતને આરંભિકી ક્રિયા હોય પણ અને ન પણ હોય.

હે ભગવંત ! પ્રાણાતિપાતવિરત જીવને પારિગ્રહિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (અર્થાત્ પ્રાણાતિપાતવિરત જીવને પારિગ્રહિકી ક્રિયા ન હોય. આનાથી એ જણાય છે કે - પ્રાણાતિપાતવિરતને છઠ્ઠા ગુણસ્થાનકે પારિગ્રહિકીનો પરિણામ ન આવે, આરંભિકી ક્રિયા આવે.)

હે ભગવંત ! પ્રાણાતિપાતવિરત જીવને માયાપ્રત્યયિકી ક્રિયા હોય ?

હે ગૌતમ ! હોય પણ, ન પણ હોય.

હે ભગવંત ! પ્રાણાતિપાતવિરત જીવને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા હોય ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (અર્થાત્ પ્રાણાતિપાતવિરત જીવને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા ન હોય.)

(આનાથી એ જણાય છે કે છઠ્ઠા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા ન હોય.)

મિથ્યાદર્શનપ્રત્યયિકી માટે પૃચ્છા (કરવી), (અર્થાત્ પ્રાણાતિપાતવિરત જીવને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય ?) હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (અર્થાત્ પ્રાણાતિપાતવિરત જીવને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય.) એ પ્રમાણે પ્રાણાતિપાતવિરત મનુષ્યને પણ સમજવી.

એ પ્રમાણે અર્થાત્ પ્રાણાતિપાતવિરતની જેમ માયામૃષાવાદવિરત અર્થાત્ ૧૭ પાપસ્થાનક સુધી જીવને અને મનુષ્યને (ક્રિયા સમજવી.).

હે ભગવંત ! મિથ્યાદર્શનશલ્યવિરત જીવને શું આરંભિકી ક્રિયા હોય ? યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય ?

હે ગૌતમ ! મિથ્યાદર્શનશલ્યવિરત જીવને આરંભિકી ક્રિયા હોય, ન પણ હોય. એ પ્રમાણે થવાથી અપ્રત્યાખ્યાન ક્રિયા અર્થાત્ પારિગ્રહિકીથી અપ્રત્યાખ્યાન ક્રિયા સુધી હોય પણ, ન પણ હોય (અને) મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય.

હે ભગવંત ! મિથ્યાદર્શનશલ્યવિરત નારકીને શું આરંભિકી ક્રિયા હોય ? યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય ?

હે ગૌતમ ! આરંભિકી ક્રિયા હોય યાવત્ અપ્રત્યાખ્યાની ક્રિયા પણ હોય (પ્રથમની ચાર હોય) મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય.

એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારને સમજવું.

હે ભગવંત ! મિથ્યાદર્શનશલ્યવિરત પંચેન્દ્રિયતિર્યંચયોનિવાળાને એ પ્રમાણે જ પૃચ્છા કરવી.

હે ગૌતમ ! આરંભિકી ક્રિયા હોય યાવત્ માયાપ્રત્યયિકી ક્રિયા હોય (પ્રથમની ત્રણ હોય) અપ્રત્યાખ્યાન ક્રિયા હોય, ન પણ હોય. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય.

જેમ જીવને તે પ્રમાણે મનુષ્યને ક્રિયા સમજવી.

જેમ નારકને તે પ્રમાણે વાણવ્યંતર, જ્યોતિષ, વૈમાનિકને સમજવું.

હે ભગવંત ! આ ક્રિયાઓમાં અર્થાત્ આરંભિકીથી માંડીને યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયાઓમાં, કઈ ક્રિયાઓ કોનાથી અલ્પ છે અથવા બહુ છે ? અહીં પન્નવણા ૨૮૭ સૂત્રમાં અપ્પા વા બહુયા વા પાઠ છે.

હે ગૌતમ ! સર્વથી સ્તોક મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા છે, તેના કરતાં અપ્રત્યાખ્યાન ક્રિયા વિશેષાધિક છે, તેના કરતાં પારિગ્રહિકી ક્રિયા વિશેષાધિક છે, તેના કરતાં આરંભિકી ક્રિયા વિશેષાધિક છે, તેના કરતાં માયાપ્રત્યયિકી ક્રિયા વિશેષાધિક છે. ।। સૂ. ૨૮૭।।

(પન્નવણાના ક્રિયાપદલેશના મૂળપાઠના કોઈક કોઈક શબ્દની ટીકાનો ભાવ આ પ્રમાણે છે-)

પ્રાણાતિપાત આદિ ક્રિયાઓમાં ક્રિયાશબ્દથી ક્રિયા એટલે કર્મમાં=કર્મબંધમાં, કારણભૂત એવી ચેષ્ટા ગ્રહણ કરવાની છે. આરંભિકી ક્રિયામાં આરંભ=પૃથિવ્યાદિનો ઉપમર્દ, પ્રયોજન=કારણ, જેને છે તે આરંભિકી ક્રિયા છે.

પારિગ્રહિકી ક્રિયામાં પરિગ્રહ શબ્દથી પરિગ્રહ એટલે ધર્મોપકરણથી અન્ય વસ્તુના સ્વીકારને અને ધર્મોપકરણ ઉપર મૂર્છાને ગ્રહણ કરેલ છે, અને સ એવ અર્થાત્ પરિગ્રહ એવ=પરિગ્રહ જ, પારિગ્રહિકી ક્રિયા અથવા પરિગ્રહથી નિવૃત્ત=નિષ્પન્ન, ક્રિયા (તે આત્મામાં થઈ).

✪ અહીં પરિગ્રહ જ પારિગ્રહિકી ક્રિયા એ કથનથી એ પ્રાપ્ત થાય કે, ધર્મોપકરણથી અન્ય વસ્તુનો સ્વીકાર અને ધર્મોપકરણમાં વર્તતી મૂર્છા - એ બંને કર્મબંધને અનુકૂળ એવી પારિગ્રહિકી ક્રિયા છે. અને પરિગ્રહથી નિવૃત્ત એ પ્રકારના બીજા વિકલ્પથી એ પ્રાપ્ત થાય કે - પરિગ્રહને કારણે થતો કર્મબંધને અનુકૂળ એવો આત્માનો મૂર્છારૂપ પરિણામ તે જ પારિગ્રહિકી ક્રિયા છે, અને તે મૂર્છા ધર્મોપકરણમાં હોય કે ધર્મોપકરણથી અન્ય વસ્તુના સ્વીકારમાં હોય તે પારિગ્રહિકી ક્રિયા છે.

અહીં સારાંશ એ છે કે, ધર્મોપકરણથી અન્યના સ્વીકારમાં મૂર્ચ્છા અવિનાભાવી છે, અને ધર્મોપકરણના સ્વીકારમાં વૈકલ્પિક છે.

માયાપ્રત્યયિકી ક્રિયામાં માયા એટલે અનાર્જવપણું, આ ક્રોધાદિનું ઉપલક્ષણ છે. તે માયા પ્રત્યય=કારણ, જેને છે તે માયાપ્રત્યયા. આનાથી એ પ્રાપ્ત થાય કે, ચારે કષાયોથી થતી જે ક્રિયા તેને માયાપ્રત્યયિકીથી ગ્રહણ કરવાની છે.

અપ્રત્યાખ્યાન ક્રિયામાં અપ્રત્યાખ્યાન=થોડો પણ વિરતિના પરિણામનો અભાવ, અને તે જ ક્રિયા= વિરતિના પરિણામના અભાવરૂપ જ ક્રિયા, તે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા.

મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયામાં મિથ્યાદર્શન હેતુ જેને છે તે મિથ્યાદર્શનપ્રત્યયા.

'अन्नयरस्सवि पमत्तसंजतस्सत्ति' અહીં 'अपि' શબ્દ છે તે ભિન્નક્રમમાં છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે -

પ્રમત્તસંયત પણ અન્યતરને (આરંભિકી ક્રિયા હોય છે). પ્રમત્તસંયત પણ અન્યતરને આરંભિકી ક્રિયા કેમ હોય છે તે બતાવે છે -

એકતર એવા કોઈને પ્રમાદ હોતે છતે કાયાના દુષ્પ્રયોગભાવથી પૃથિવ્યાદિના ઉપમર્દનનો સંભવ હોવાથી, અન્યતર પ્રમત્તસંયતને આરંભિકી ક્રિયા નિયમા હોય છે. અર્થાત્ જ્યારે પ્રમત્તસંયત પ્રમાદ કરતો હોય ત્યારે કાયાનું દુષ્પ્રણિધાન હોય છે, તેથી પૃથિવ્યાદિના ઉપમર્દનનો સંભવ છે. તેથી તેવા પ્રમત્તસંયતને આરંભિકી ક્રિયા હોય છે. અને જે પ્રમાદવાળો નથી, તેને આરંભિકી ક્રિયા હોતી નથી, એ અર્થ અન્યતર પ્રમત્તસંયતને કહેવાથી પ્રાપ્ત થયો.

'अपि' શબ્દ અધસ્તનગુણસ્થાનવર્તી અર્થાત્ પ્રમત્તગુણસ્થાનકથી નીચેના બીજાઓને આરંભિકી ક્રિયા નિયમથી હોય છે. એ પ્રકારે નિયમના પ્રદર્શન માટે છે અને તે જ ભાવને સ્પષ્ટ કરતાં બતાવે છે -

પ્રમત્તસંયતને પણ આરંભિકી ક્રિયા હોય છે, તો વળી શેષ દેશવિરતિ આદિને શું કહેવું ?

પ્રમત્તસંયતને પણ જ્યારે પ્રમાદ હોય છે ત્યારે આરંભિકી ક્રિયા હોય છે, તો શેષ દેશવિરતિ આદિને તો આરંભિકી ક્રિયા નિયમા હોય જ છે, એ ભાવ 'अपि' શબ્દથી પ્રાપ્ત થાય છે. देशविरतिप्रभृतिनाम् પછી 'इति' શબ્દ છે તે 'अपि' શબ્દના તાત્પર્યના સમાપ્તિઅર્થક છે.

एवम्=એ પ્રમાણે, ઉત્તરત્ર પણ યથાયોગ 'अपि' શબ્દની ભાવના કરવી, અર્થાત્ પારિગ્રહિકી આદિ ક્રિયાઓમાં પણ જે અન્યતર પછી 'अपि' શબ્દ છે તેનું યોજન ભિન્નક્રમમાં છે, તેથી તેનું યોજન संयतासंयतादिमां= દેશવિરતિ આદિમાં થશે. અને તેનાથી એ પ્રાપ્ત થશે કે, દેશવિરતિમાં પણ પારિગ્રહિકી ક્રિયા છે. અને 'अपि' શબ્દથી નીચેના ગુણસ્થાનકમાં તો નિયમા છે, એ પ્રકારના નિયમની પ્રાપ્તિ 'अपि' શબ્દથી થશે. તે જ રીતે અન્ય ક્રિયામાં પણ 'अपि' શબ્દથી નીચેના ગુણસ્થાનકમાં નિયમા ગ્રહણ કરવાનું છે.

પારિગ્રહિકી ક્રિયા સંયતાસંયતને પણ છે=દેશવિરતિને પણ છે. કેમ કે દેશવિરતિને પણ પરિગ્રહનું ધારણ છે.

માયાપ્રત્યયા અપ્રમત્તસંયતને પણ છે અને તે કેવી રીતે છે તે બતાવે છે -

વલ્લીકરણ સમુદ્દેશાદિમાં પ્રવચન-ઉડ્ડાહના પ્રચ્છાદન માટે અપ્રમત્તસંયતને પણ માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે.

અપ્રત્યાખ્યાન ક્રિયા અન્યતર અપ્રત્યાખ્યાનીને પણ હોય છે અને તેનું તાત્પર્ય બતાવે છે કે - જે પ્રત્યાખ્યાન કરતો નથી, તેને અપ્રત્યાખ્યાન ક્રિયા છે, એ પ્રમાણે ભાવ છે. અહીં અન્યતરનો અર્થ અપ્રત્યાખ્યાનીના કોઈ અન્યતરના ગ્રહણ અર્થે નથી, પરંતુ લેશ પણ પ્રત્યાખ્યાન નથી તે જ અર્થને બતાવવા માટે અપ્રત્યાખ્યાનના વિશેષણરૂપે અન્યતરનું ગ્રહણ કરેલ છે. અપ્રત્યાખ્યાનને જ સ્પષ્ટ કરવા અન્યતર શબ્દ છે. મિથ્યાદર્શન ક્રિયા અન્યતર પણ અર્થાત્ સૂત્રોક્ત એક પણ અક્ષર ન રુચતો હોય તેવા મિથ્યાદૃષ્ટિને હોય છે.

અહીં અન્યતરનો અર્થ અન્યતર મિથ્યાદૃષ્ટિ ગ્રહણ કરવાનો નથી, પરંતુ વિશિષ્ટ મિથ્યાદૃષ્ટિ ગ્રહણ કરવાનો છે, અને તે જ અહીં સ્પષ્ટ કરતાં બતાવ્યું કે - સૂત્રના એક પણ અક્ષરની જેને અરુચિ હોય તેવો મિથ્યાદૃષ્ટિ અહીં ગ્રહણ કરવાનો છે.

✪ सूत्रोक्तं एकमप्यक्षरम् ..... અહીં 'अपि' થી એ કહેવું છે કે - અધિક અક્ષરમાં કે સૂત્રમાં સર્વથા રુચિ

વગરનાને તો સુતરાં મિથ્યાદર્શન ક્રિયા છે, પરંતુ એક પણ અક્ષરમાં અરુચિવાળાને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા છે. આ વિશેષતા 'અન્યતર' શબ્દ બતાવે છે, અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, છઠ્ઠા આદિ ગુણસ્થાનકમાં વર્તતા સાધુને પણ જ્યારે આકર્ષ દ્વારા મિથ્યાત્વગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે, ત્યારે ભગવદ્ વચનમાં યત્કિંચિત્ શંકા વર્તતી હોય તેઓને પણ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા છે.

'નેરઇઆણં ભંતે' ઈત્યાદિ ચોવીસ દંડક સૂત્ર સુગમ છે.

હવે આ ક્રિયાઓનો (આરંભિકી આદિ પાંચ ક્રિયાઓનો) પરસ્પર અવિનાભાવ વિચારે છે. તે અર્થાત્ અવિનાભાવ આ પ્રમાણે -

જેને આરંભિકી ક્રિયા છે તેને પારિગ્રહિકી ક્રિયા હોય, ન પણ હોય. પ્રમત્તસંયતને ન હોય, શેષ જીવને હોય એ પ્રમાણે અર્થ છે.

✪ કહેવાનો ભાવ એ છે કે, પ્રમત્તસંયત જ્યારે અશુભ યોગમાં હોય છે, ત્યારે આરંભિકી ક્રિયા હોય છે, તો પણ તેને પારિગ્રહિકી ક્રિયા હોતી નથી, અને શેષ જીવને હોય છે. અર્થાત્ દેશવિરતિ સુધી જેને જેને આરંભિકી ક્રિયા હોય છે, તેને તેને પારિગ્રહિકી ક્રિયા હોય છે.

અને જેને આરંભિકી ક્રિયા હોય, તેને માયાપ્રત્યયા નિયમથી હોય છે. જેને માયાપ્રત્યયા ક્રિયા છે, તેને આરંભિકી ક્રિયા હોય અને ન પણ હોય. પ્રમત્તસંયત અને દેશવિરતિને ન હોય. શેષ અવિરતિસમ્યગ્દૃષ્ટિ આદિને હોય એ પ્રમાણે ભાવ છે.

કહેવાનો ભાવ એ છે કે, પ્રમત્તસંયત અને દેશવિરતિધર જ્યારે શુભયોગમાં હોય ત્યારે માયાપ્રત્યયા ક્રિયા હોવા છતાં આરંભિકી ક્રિયા તેમને હોતી નથી. અને શેષ અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિને માયાપ્રત્યયા ક્રિયા હોય ત્યારે આરંભિકી ક્રિયા નિયમા હોય છે.

જેને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા નિયમથી હોય છે, કેમ કે અપ્રત્યાખ્યાનીને અવશ્ય આરંભનો સંભવ છે. એ પ્રમાણે મિથ્યાદર્શનપ્રત્યયા સાથે પણ અવિનાભાવ ભાવવો, તે આ પ્રમાણે - જેને આરંભિકી ક્રિયા છે. તેને મિથ્યાદર્શનપ્રત્યયા હોય, ન પણ હોય. મિથ્યાદૃષ્ટિને હોય, વળી બાકીનાને ન હોય, એ પ્રમાણે અર્થ છે. વળી જેને મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા છે, તેને નિયમથી આરંભિકી છે, મિથ્યાદૃષ્ટિને અવિરતિપણાથી અવશ્ય આરંભનો સંભવ છે. આ પ્રમાણે જ આરંભિકી ક્રિયા પારિગ્રહિકાદિ ચાર ઉપરની ક્રિયા સાથે પરસ્પર અવિનાભાવથી સ્વયં વિચારવી. એ પ્રમાણે પારિગ્રહિકી ક્રિયા બાકીની ત્રણ ક્રિયા સાથે, માયાપ્રત્યયા બેની સાથે, અપ્રત્યાખ્યાન ક્રિયા એક મિથ્યાદર્શનપ્રત્યયા સાથે સ્વયં અવિનાભાવ વિચારવો.

અને તે પ્રમાણે કહે છે = મૂળપાઠમાં કહે છે - (તે મૂળ પાઠ આ પ્રમાણે -)

"एवं पारिग्गहिआवि तिहिं उपरिल्लाहिं समं संचारेअव्वा" એ પ્રમાણે પારિગ્રહિકી ક્રિયા ઉપરની ત્રણ ક્રિયા સાથે યોજવી ઈત્યાદિ સુગમ છે. કેમ કે ભાવનાનું (યોજનનું) સુપ્રતીતપણું છે.

આ જ અર્થને=પાંચે ક્રિયાઓના પરસ્પર સંબંધને ચતુર્વિંશતિ દંડકના ક્રમથી ચિંતવે છે. નેરઇયસ્સ ..... चत्तारि इत्यादि એ મૂળપાઠના ચિંતનના સ્થાનનું પ્રતીક છે. જે કારણથી (हि यस्मात् અર્થક છે) નારકીઓ ઉત્કર્ષથી અવિરતિ ગુણસ્થાનક સુધી છે, परतः=આગળ નથી. તેથી નારકીઓને આદ્ય ચાર ક્રિયાઓ પરસ્પર અવિનાભાવી

છે. મિથ્યાદર્શન ક્રિયા પ્રત્યે સ્યાદ્‌વાદ છે. તેને જ અર્થાત્ સ્યાદ્‌વાદને જ પૂર્વમાં કહ્યું કે, પારિગ્રાહિકી ક્રિયા બાકીની ત્રણ ક્રિયા સાથે વિચારવી. તે પ્રમાણે મૂળ સૂત્રમાં કહે છે - "जस्स एयाओ चत्तारि" ઇત્યાદિ ।

તેનો અર્થ આ પ્રમાણે છે - મિથ્યાદૃષ્ટિને મિથ્યાદર્શન ક્રિયા હોય છે, શેષને હોતી નથી. એ પ્રમાણે સ્યાદ્‌વાદનું સ્વરૂપ છે.

વળી જેને મિથ્યાદર્શન ક્રિયા છે, તેને આદ્ય ચાર ક્રિયા નિયમથી છે. કેમ કે મિથ્યાદર્શન હોતે છતે આરંભિકી આદિ ક્રિયાઓનો અવશ્યંભાવ છે, એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.

પૃથિવ્યાદિથી ચઉરિંદ્રિય પર્યવસાન સુધીનાને પાંચે ક્રિયા પરસ્પર અવિનાભાવિની કહેવી. કેમ કે પૃથિવ્યાદિને મિથ્યાદર્શન ક્રિયાનો પણ અવશ્યંભાવ છે.

તિર્યંચપંચેન્દ્રિયને આદ્ય ત્રણ ક્રિયાઓ પરસ્પર અવિનાભૂત છે. કેમ કે યાવત્ દેશવિરતિ સુધી આ ત્રણ ક્રિયાઓનો અવશ્યંભાવ છે પછીની બે ક્રિયાઓ સાથે સ્યાદ્‌વાદ છે. તે જ=તે સ્યાદ્વાદ જ, મૂળ સૂત્રમાં દેખાડે છે. "जस्स एयाओ कज्जंति" ઇત્યાદિ સ્યાદ્‌વાદને બતાવનાર મૂળપાઠનું પ્રતીક છે, અને તે સ્યાદ્‌વાદનું તાત્પર્ય બતાવે છે - દેશવિરતિને આ બે (પાછળની) ક્રિયા નથી હોતી, બાકીનાને હોય છે, એ પ્રમાણે ભાવ છે. અર્થાત્ આ ભજનારૂપ સ્યાદ્‌વાદ છે. જેને વળી ઉપરની બે ક્રિયા છે, તેને આદ્ય ત્રણ નક્કી હોય છે. ઉપરની બે ક્રિયા= અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયા. ત્યાં અપ્રત્યાખ્યાન ક્રિયા અવિરતિસમ્યગ્દૃષ્ટિ સુધી છે, મિથ્યાદર્શન ક્રિયા મિથ્યાદૃષ્ટિને હોય છે. આદ્ય ત્રણ ક્રિયા દેશવિરતિ સુધી હોય છે. આથી ઉપરની બે ક્રિયાના ભાવમાં અવશ્ય આદ્ય ત્રણનો સંભવ છે.

હવે અપ્રત્યાખ્યાન ક્રિયાનો અને મિથ્યાદર્શનક્રિયાનો તિર્યંચપંચેન્દ્રિયમાં પરસ્પર અવિનાભાવ દેખાડે છે - તેનો મૂળ પાઠ "जस्स अपच्चक्खाणकिरिया" ઈત્યાદિ ભાવિત છે. (અહીં अप्रत्याख्यानक्रियाया, मिथ्यादर्शनक्रियाया જે ષષ્ઠી છે, તે કર્માર્થક છે અને तिर्यक् पञ्चेन्द्रियस्य માં ષષ્ઠી છે તે કર્તુ અર્થક છે.)

જેમ જીવપદમાં તેમ મનુષ્યમાં કહેવું.

જેમ નારકીને તેમ વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને કહેવું.

આ પ્રમાણે આ એક દંડક=૨૪ દંડકમાં પાંચ ક્રિયાનું યોજન કર્યું, તે એક દંડક સમજવું. अमुमेवार्थं ..... થી यथा नैरयिकस्य, અહીં સુધીનું કથન તે એક દંડક છે.

जं समयं णं भंते ! ઈત્યાદિક દ્વિતીય દંડક,

जं देसं णं भंते ! ઈત્યાદિક તૃતીય દંડક,

जं पएसं णं, ઈત્યાદિક ચતુર્થ દંડક છે.

✪ અહીં જે સમયે જીવને આરંભિકી ક્રિયા હોય તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય કે ન હોય ?

ઉત્તર :- હોય પણ ખરી અને ન પણ હોય.

અશુભયોગમાં વર્તતા પ્રમત્તસંયતને જે સમયે આરંભિકી ક્રિયા હોય છે, તે જ સમયે પારિગ્રહિકી ક્રિયા નથી હોતી, અને પ્રમત્તસંયત પૂર્વના દેશવિરત આદિઓને જે સમયે આરંભિકી ક્રિયા હોય છે, તે જ સમયે પારિગ્રહિકી ક્રિયા હોય છે. આ રીતે યોજન કરવું.

આ જ રીતે દરેક ક્રિયાઓનું પરસ્પર સમયને આશ્રયીને યોજન કરવું. તે જ રીતે દેશને આશ્રયીને અને પ્રદેશને આશ્રયીને પણ ક્રિયાઓનું સમ્યગ્ યોજન કરવું.

હવે ચોવીસ દંડકોમાં ૧૮ પાપસ્થાનકવિરતને ક્રિયાઓનું યોજન બતાવે છે -

'पाणाइवायविरयस्स णं भंते इत्यादि' મૂળનું પ્રતીક છે.

પ્રાણાતિપાતવિરતને આરંભિકી ક્રિયા હોય અને ન પણ હોય. પ્રમત્તસંયતને હોય અને બાકીનાને (અપ્રમત્તસંયત વગેરેને) ન હોય, એ પ્રમાણે ભાવ છે.

પ્રાણાતિપાતવિરતને પારિગ્રહિકી ક્રિયા નિષેધ્ય છે, કેમ કે સર્વથા પરિગ્રહથી નિવૃત્તપણું છે. અન્યથા અર્થાત્ સર્વથા પરિગ્રહથી નિવૃત્તપણું ન માનીએ તો, સમ્યક્ પ્રાણાતિપાતવિરતિની અનુપપત્તિ છે.

પ્રાણાતિપાતવિરતને માયાપ્રત્યયા ક્રિયા હોય, ન પણ હોય. જે કારણથી અપ્રમત્તસંયતને પણ ક્યારેક પ્રવચનમાલિન્યથી રક્ષણ માટે હોય. વળી શેષકાળે ન હોય.

પ્રાણાતિપાતવિરતને અપ્રત્યાખ્યાન ક્રિયા, મિથ્યાદર્શનપ્રત્યયા સર્વથા નિષેધ કરાય છે. કેમ કે તે બે ક્રિયાના ભાવમાં પ્રાણાતિપાતવિરતિનો અયોગ છે અને પ્રાણાતિપાતવિરતિના બે પદો છે. તે આ પ્રમાણે - જેમ જીવને અને મનુષ્યને, ત્યાં જેમ સામાન્યથી જીવને આશ્રયીને કહ્યું, તેમ મનુષ્યને આશ્રયીને કહેવું.

તે જ વાત સ્પષ્ટ કરે છે. "एवं पाणाइवायविरयस्स ....." આ રીતે અર્થાત્ પ્રાણાતિપાતવિરતને જે રીતે કહ્યું એ રીતે ત્યાં સુધી કહેવું જ્યાં સુધી અર્થાત્ માયામૃષાવાદવિરતની પ્રાપ્તિ થાય, અને તે જીવ અને મનુષ્યને આશ્રયીને આરંભાદિ ક્રિયાઓના યોજનરૂપ જાણવું.

મિથ્યાદર્શનશલ્યવિરતને આશ્રયીને પાંચ ક્રિયાઓનું યોજન બતાવે છે -

મિથ્યાદર્શનશલ્યવિરતને આશ્રયીને મૂળનું સૂત્ર આ પ્રમાણે છે -

"मिच्छादंसणसल्लविरयस्स णं भंते जीवस्स इत्यादि" મિથ્યાદર્શનશલ્યવિરતને આરંભિકી હોય, ન પણ હોય, અને એનો ભાવ બતાવે છે -

પ્રમત્તસંયતાન્ત સુધીના જીવોને હોય, બાકીનાને=અપ્રમત્તસંયત આદિને, ન હોય એ પ્રમાણે ભાવાર્થ છે.

પારિગ્રહિકી ક્રિયા દેશવિરતિ સુધી હોય આગળ ન હોય, માયાપ્રત્યયા પણ અનિવૃત્તિબાદરસંપરાય સુધી હોય આગળ ન હોય. અપ્રત્યાખ્યાન ક્રિયા પણ અવિરતિસમ્યગ્દૃષ્ટિ સુધી હોય આગળ ન હોય.

તેથી કરીને આ પણ ક્રિયાઓને આશ્રયીને=આરંભિકી આદિ ક્રિયાઓને આશ્રયીને, મૂળમાં "सिय कज्जइ सिय नो कज्जइ" એ પ્રમાણે કહેવું. તે પ્રમાણે કહે છે - एवं जाव अपच्चक्खाणकिरिया इति મૂળનો પાઠ છે.

મિથ્યાદર્શનપ્રત્યયા વળી નિષેધ્ય છે. મિથ્યાદર્શનશલ્યવિરતને તેનો = મિથ્યાદર્શનપ્રત્યયાનો, અસંભવ છે.

ચોવીસ દંડકની વિચારણામાં ક્રિયાઓનું યોજન બતાવે છે -

નારકીથી માંડીને સ્તનિતકુમાર સુધીનાને ચાર ક્રિયા કહેવી. મિથ્યાદર્શનપ્રત્યયા નિષેધ્ય છે. તિર્યંચપંચેન્દ્રિયમાં પહેલી ત્રણ ક્રિયા નિયમથી કહેવી, અપ્રત્યાખ્યાન ક્રિયા વિકલ્પે છે = દેશવિરતિને નથી બાકીનાને છે, એ પ્રમાણે ભાવ છે. મિથ્યાદર્શનપ્રત્યયા નિષેધ્ય છે.

જેમ સામાન્ય જીવને તે પ્રમાણે મનુષ્યને ક્રિયાઓનું યોજન કહેવું.

જેમ નારકીને તેમ વ્યંતર આદિઓને ક્રિયાઓનું યોજન કહેવું.

હવે આ જ આરંભિકી આદિ ક્રિયાઓનું પરસ્પર અલ્પબહુત્વ કહે છે -

एयासि णं इत्यादि ..... મૂળ પાઠનું પ્રતીક છે.

સર્વથી થોડી મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા છે, કેમ કે મિથ્યાદૃષ્ટિઓને જ તે ક્રિયા છે. તેનાથી અપ્રત્યાખ્યાન ક્રિયા વિશેષાધિક છે, કેમ કે અવિરતિસમ્યગ્દૃષ્ટિને અને મિથ્યાદૃષ્ટિને તે ક્રિયા છે. તેનાથી પણ પારિગ્રહિકી ક્રિયા વિશેષાધિક છે, કેમ કે દેશવિરતિઓને અને પૂર્વેનાને=અવિરતિસમ્યગ્દૃષ્ટિઓને અને મિથ્યાદૃષ્ટિઓને, તે ક્રિયા હોય છે. તેનાથી પણ આરંભિકી ક્રિયા વિશેષાધિક છે, કેમ કે પ્રમત્તસંયતોને અને પૂર્વેના ત્રણેને તે ક્રિયા હોય છે. તેનાથી પણ માયાપ્રત્યયા ક્રિયા વિશેષાધિક છે, કેમ કે અપ્રમત્તસંયતને પણ તે ક્રિયા હોય છે. આ પ્રમાણે પન્નવણાની વૃત્તિમાં કહ્યું છે.

✪ 'अप्रमत्तसंयतानामपि' - અહીં अपि થી પૂર્વેના બધાનો સમુચ્ચય કરવાનો છે.

ઉત્થાન :-

પૂર્વે પ્રજ્ઞપ્તિસૂત્રનો પાઠ આપ્યો તેની પૂર્વે કહેલું કે, દ્રવ્યસ્તવનું ચારિત્રમોહનીયના ક્ષયોપશમજનન દ્વારા ફળથી असदृआरंभनिवृत्तिफळपणुं छे. त्यां पूर्वपक्षी कहे के, द्रव्यस्तवनुं स्वरूप पृथ्वी आदिना उपमर्दनरूप होवाथी सावद्यरूप छे, तो असदृआरंभनिवृत्तिफळपणुं शाथी कहो छो ? ते शंकाना निवारण अर्थे 'अपि च' थी समुच्चय करतां कहे छे -

ટીકા :-

अपि च क्रिया शुभाशुभा वाऽध्यवसायानुरोधेनैव भगवद्भिरिष्यते, साधोरर्शच्छेदाधिकारे, तथाप्रसिद्धेः ।

तदुक्तम् भगवत्यां षोडशशतके तृतीयोद्देशके - 'अणगारस्स जं भाविअप्पणो छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं जाव आतावेमाणस्स णं पुरच्छिमेणं अवड्ढं दिवसं नो कप्पति, हत्थं वा पायं वा बाहुं वा ऊरूं वा आऊंटावेत्तए वा पसारेत्तए वा । पच्छिमेणं से अवड्ढं दिवसं कप्पइ, हत्थं वा पायं वा जाव ऊरूं वा आऊंटावेत्तए वा पसारेत्तए वा । तस्स य अंसियाओ लंबंति । तं चेव वेज्जे अदक्खुइसिं पाडेइ अंसियाओ छिंदेज्जा । से णूणं भंते ! जे छिंदइ तस्स किरिया कज्जइ जस्स छिज्जइ णो तस्स किरिया कज्जइ, णणत्थ एगेणं धम्मंतराइएणं हंता गो० ! जे छिंदइ जाव धम्मंतराइएणं 'पुरच्छिमेणं त्ति' पूर्वभागे=पूर्वाह्ने इत्यर्थः ।। 'अवड्ढं ति' - अपगतार्द्धम्= अर्धदिवसं यावत् न कल्पते हस्ताद्याकुञ्चयितुं कायोत्सर्गव्यवस्थित-त्वात् । पच्छिमेणं त्ति= पश्चिमभागे, 'अवड्ढं ति'=दिनार्द्धं यावत् कल्पते, हस्ताद्याकुञ्चयितुं कायोत्सर्गाभावात् । एतच्च चूर्ण्यनुसारतया व्याख्यातम् ।'तस्स य' त्ति, तस्य पुनः साधोरेवं कायोत्सर्गाभिग्रहवतः । 'अंसियाओ' त्ति=अर्शांसि तानि च नासिकासत्कानि इति चूर्णिकारः । तं च त्ति' तं चानगारं कृतकायोत्सर्गं लम्बमानार्शसं, 'अदक्खु त्ति'= अद्राक्षीत् । ततश्चार्शसा० छेदार्थं 'इसिं पाडइ'-

मनागनगारं भूम्यां पातयति, नापातितस्यार्शच्छेदः कर्तुं शक्यत इति । 'तस्स त्ति' वैद्यस्य क्रिया व्यापाररूपा, सा च शुभा धर्मबुद्ध्या छिन्दानस्य, लोभादिनात्वशुभा क्रियते=भवति । 'जस्स छिज्जइ' यस्य साधोरर्शांसि छिद्यन्ते नो तस्य क्रिया भवति निर्व्यापारत्वात् । किं सर्वथा क्रियाया अभावः ? नैवम् । अत आह -'णणत्थे त्ति' न इति चोऽयं निषेधः सोऽन्यत्रैकस्माद् धर्मान्तरायात्, धर्मान्तरायलक्षणा क्रिया तस्यापि भवतीति भावः । धर्मान्तरायश्च शुभध्यानविच्छेदादर्शच्छेदानुमोदनाद् वेति वृत्तौ ।।

टीकार्थ :-

अपि च ..... तथाप्रसिद्धेः । અને વળી અધ્યવસાયના અનુરોધથી જ ભગવાન વડે ક્રિયા શુભ કે અશુભરૂપ કહેવાયેલી છે, કેમ કે અર્શચ્છેદના અધિકારમાં તે પ્રકારની પ્રસિદ્ધિ છે.

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવમાં પુષ્પાદિને પીડા વગેરે થાય છે, તેથી તે અશુભ છે; અને સામાયિકાદિની ક્રિયા જીવોની પીડાના પરિહારરૂપ હોવાથી શુભ છે, તેથી સાધુને દ્રવ્યસ્તવની અનુમતિ ઈષ્ટ નથી, એ પ્રકારના પૂર્વપક્ષીના આશયનું નિરાકરણ કરવા અર્થે કહે છે કે - બાહ્ય હિંસાદિને આશ્રયીને ક્રિયા શુભાશુભરૂપ નથી, પરંતુ અધ્યવસાય વડે જ ક્રિયા શુભાશુભરૂપ ભગવાને કહેલી છે. તેથી દ્રવ્યસ્તવમાં કરાતી ક્રિયા અધ્યવસાયથી શુભરૂપ છે, માટે સાવદ્યરૂપ નથી, પરંતુ અસદ્ આરંભની નિવૃત્તિફળસ્વરૂપ છે. અને ભગવાને અધ્યવસાયના અનુરોધથી જ ક્રિયાને શુભાશુભરૂપ કહી છે, તેને સ્થાપન કરવા માટે કહે છે કે - ભગવતીમાં સાધુના અર્શચ્છેદના અધિકારમાં તે પ્રકારે પ્રસિદ્ધિ છે, અર્થાત્ અધ્યવસાયને આશ્રયીને ક્રિયાની શુભ-અશુભતાની પ્રસિદ્ધિ છે.

टीकार्थ :-

तदुक्तं ..... तृतीयोद्देशके - ભગવતીના સોળમા શતકના ત્રીજા ઉદ્દેશકમાં તે કહેવાયેલું છે=સાધુને અર્શચ્છેદનો અધિકાર કહેવાયેલો છે. (તે આ પ્રમાણે -)

अणगारस्स ..... भाविताત્મા સાધુ અનિક્ષિપ્ત અર્થાત્ સતત છઠ્ઠના પારણે છઠ્ઠ કરતો હોય યાવત્ આતાપના લેતો હોય તો તેને પૂર્વાહ્નમાં અર્ધો દિવસ અર્થાત્ દિવસના પૂર્વના અર્ધા ભાગમાં હાથ કે પગ કે બાહુ કે યાવત્ સાથળ સંકોચવા કે પસારવા કલ્પે નહિ. (કેમ કે કાયોત્સર્ગમાં વ્યવસ્થિત અર્થાત્ રહેલો છે.)

પશ્ચિમના અર્થાત્ દિવસના પાછલા અર્ધા ભાગમાં હાથ કે પગ કે બાહુ કે યાવત્ સાથળ સંકોચવા કે પસારવા કલ્પે છે. (કેમ કે કાયોત્સર્ગનો અભાવ છે. ચૂર્ણિને અનુસારે આ વ્યાખ્યાન કરેલું છે -)

તેના અર્થાત્ કાયોત્સર્ગના અભિગ્રહવાળા તે સાધુના, અર્શ અર્થાત્ નાક સંબંધી મશા લટકતા હોય તેને અર્થાત્ કરાયેલા કાયોત્સર્ગવાળા, લટકતા અર્શવાળા સાધુને વૈદ્ય જુએ, (તેથી અર્શને છેદવા) સાધુને પૃથ્વી પર મનાક્ પાડે, (કેમ કે સાધુને પાડ્યા વિના અર્શ છેદી ન શકાય) અને અર્શોને છેદે.

હે ભગવંત ! જે છેદે છે તેને અર્થાત્ વૈદ્યને ક્રિયા હોય છે ? જેને છેદે છે તેને અર્થાત્ સાધુને એક ધર્મના અંતરાયને છોડીને ક્રિયા નથી હોતી ? આ પ્રકારના પ્રશ્નનો ભગવાન ઉત્તર આપે છે -

હે ગૌતમ ! જે છેદે છે ત્યાંથી માંડીને ધર્માંતરાય સુધી તે પ્રમાણે જ ગ્રહણ કરવું. અર્થાત્ એ પ્રકારનું (ઉપરોક્ત) જે ગૌતમસ્વામીનું પ્રશ્નરૂપે કથન છે, તે તેમ જ છે.

ચૂર્ણિકારનું તાત્પર્ય આ પ્રમાણે છે -

ધર્મબુદ્ધિથી છેદતા એવા વૈદ્યને વ્યાપારરૂપ ક્રિયા શુભ હોય છે અથવા લોભ વગેરેથી કરે તો અશુભ ક્રિયા હોય છે.

જે સાધુના અર્શને છેદે છે, તે સાધુને ક્રિયા નથી, કેમ કે નિર્વ્યાપારપણું છે.

શું સર્વથા ક્રિયા ન હોય ? એવી આશંકાને દૂર કરતાં કહે છે - નૈવમ્ -

આથી કહે છે - 'णणत्थ...' એક ધર્માંતરાયને છોડીને બીજી ક્રિયા ન હોય અર્થાત્ ધર્માંતરાયલક્ષણ ક્રિયા તેમને=સાધુને, પણ હોય છે, એ પ્રમાણે ભાવ છે.

ધર્માંતરાય શું છે તે બતાવે છે -

શુભધ્યાનનો વિચ્છેદ થવાથી અથવા તો અર્શચ્છેદની અનુમોદનાથી ધર્માંતરાય થાય છે.

વિશેષાર્થ :-

અનિક્ષિપ્ત એવા છઠ્ઠ વડે છઠ્ઠને કરતા અને આતાપના લેતા ભાવિતાત્મા અણગારને, દિવસના પૂર્વભાગમાં હાથ-પગ-બાહુ-સાથળ આદિનું આકુંચન કે પ્રસારણ કરવું કલ્પતું નથી, એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે - અણગારો સંયમ ગ્રહણ કર્યા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા ગ્રહણ કરે છે ત્યારે, દિવસના પ્રથમ બે પ્રહર સૂત્રપોરિસી આદિ કરે છે; અને ત્યારબાદ જ્યારે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા નિષ્પન્ન થાય છે, પછી તે સૂત્રથી આત્માને ભાવિત કરવા અર્થે ધ્યાનાદિ કરે છે ત્યારે, શક્તિવાળા મહાત્માઓ ધન્ના અણગાર આદિની જેમ સતત છઠ્ઠના પારણે છઠ્ઠ કરે છે, અને ઉનાળામાં સૂર્યની આતાપના લેતા હોય છે, જેથી પ્રતિકૂળ ભાવોમાં પણ દ્વેષરહિત સમભાવનો પ્રકર્ષ નિષ્પન્ન થાય છે. અને એવા આતાપના લેતા ભાવિતાત્મા અણગારને બે પ્રહર સુધી ધ્યાનમાં જ યત્ન કરવાનો હોય છે, તેથી હસ્તાદિનું પ્રસરણ તેઓને કરવાનું હોતું નથી, અને ત્રીજા પ્રહરમાં ભિક્ષાદિ અર્થે કે શારીરિક મલનિર્ગમન અર્થે કે વિહારાદિ અર્થે હસ્તાદિપ્રસરણ કરવું કલ્પે છે. અને કોઈ પૂર્વકર્મના દોષથી તે ભાવિતાત્મા અણગારને નાકમાં મસાઓની વૃદ્ધિ થાય છે અને તેને વૈદ્ય જુએ ત્યારે ભક્તિના કારણે અથવા ભક્તિવાળા સારા શ્રાવકના કથનથી અર્થાદિના લોભને કારણે અર્શાદિનો છેદ કરે છે, ત્યારે મુનિને થોડા નીચે પાડે અને અર્શોને છેદે છે, તેને હે ભગવંત ! ક્રિયા હોય છે ? અર્થાત્ જે વૈદ્ય સાધુના મસાને છેદે છે, તે વૈદ્યને ધર્મબુદ્ધિથી કરે તો શુભક્રિયા અને અર્થાદિના લોભથી કરે તો અશુભક્રિયા હોય છે ? અને જેમના=મુનિના અર્શોને છેદે છે.તે મુનિને ક્રિયા નથી હોતી ? આ પ્રમાણે ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન કરે છે. અને પ્રશ્ન કરતાં કહે છે કે, શું સર્વથા ક્રિયાનો અભાવ છે ? અથવા એક ધર્માંતરાયથી અન્યત્ર ક્રિયાનો અભાવ છે ? એ પ્રકારનો ગૌતમસ્વામીનો ભગવાનને બીજો પ્રશ્ન છે. તેના જવાબરૂપે ભગવાન 'हंता' गोयम ! થી કહે છે કે, હે ગૌતમ ! એમ જ છે. અર્થાત્ જે

છેદે છે ત્યાંથી માંડીને યાવત્ 'ધર્માન્તરાયેણ' એ પ્રકારનું જે ગૌતમસ્વામીનું પ્રશ્નરૂપે કથન છે, તે તેમ જ છે= પ્રથમ પ્રશ્નનો ભગવાન જવાબ આપે છે કે, જે મુનિના અર્શોને છેદે છે તે મુનિને ક્રિયા હોતી નથી, અને બીજા પ્રશ્નનો ભગવાન જવાબ આપે છે કે, ધર્મમાં અંતરાયને છોડીને બીજી ક્રિયા મુનિને હોતી નથી; તે તેમ જ છે અર્થાત્ જે રીતે પ્રશ્ન કર્યો તેનો ઉત્તર તેમ જ છે.

મૂળમાં જે 'णणत्थ एगेणं धम्मंतराइएणं' કહ્યું તેનું ભગવતીસૂત્રની વૃત્તિ પ્રમાણે તાત્પર્ય જણાવતાં કહે છે -

જે સાધુના અર્શોને છેદે છે તે સાધુને ક્રિયા નથી હોતી ? ત્યાં પ્રશ્ન કર્યો કે, શું સર્વથા ક્રિયા હોતી નથી ? એ પ્રકારનો ગૌતમસ્વામીનો પ્રશ્ન છે. તેના ઉત્તરરૂપે કહે છે કે, 'नैवम्.' અહીં મૂળમાં 'एवम्' શબ્દ નથી તે અધ્યાહારરૂપે સમજવું. તેનાથી એ પ્રાપ્ત થાય કે, એ પ્રમાણે નથી. અર્થાત્ સર્વથા ક્રિયાનો અભાવ છે એમ નથી. તો પ્રશ્ન થાય કે, કઈ ક્રિયાને છોડીને ક્રિયાનો અભાવ છે ? આથી કરીને કહે છે - 'न' એ પ્રમાણે આ નિષેધ છે, તે એક ધર્માંતરાય ક્રિયાથી અન્યત્ર છે. અર્થાત્ જે સાધુના અર્શોને છેદે છે તે સાધુને પણ ધર્માંતરાયલક્ષણ ક્રિયા હોય છે.

ત્યાં પ્રશ્ન થાય કે, ધર્માંતરાય શું છે ? તે બતાવતાં કહે છે, શુભધ્યાનના વિચ્છેદથી અથવા અર્શચ્છેદના અનુમોદનથી ધર્માંતરાય છે અર્થાત્ ધર્માંતરાયરૂપ ક્રિયા છે.

કહેવાનો ભાવ એ છે કે, જ્યારે વૈદ્ય મુનિના અર્શનો છેદ કરે છે ત્યારે મુનિને શુભધ્યાનના વિચ્છેદરૂપ ધર્મમાં અંતરાયરૂપ ક્રિયા થાય છે, કેમ કે શુભધ્યાન એ ધર્મરૂપ છે અને તેના વિચ્છેદની ક્રિયા એ ધર્મમાં અંતરાયરૂપ છે. અથવા તો વૈદ્ય સાધુના અર્શનું છેદન કરે છે તે વૈદ્ય ઉચિત ક્રિયા કરે છે, તે પ્રકારનો પરિણામ સાધુને થાય છે, તેથી તે અર્શચ્છેદનના અનુમોદનરૂપ પરિણામ ધર્માંતરાયરૂપ છે. કેમ કે પૂર્વે જે શુભધ્યાનરૂપ ધર્મ ચાલતો હતો, તેનો વિચ્છેદ થવાથી જ આ જાતની અનુમોદનાનો પરિણામ થઈ શકે છે. તેથી તે અનુમોદનાથી ધર્માંતરાયરૂપ ક્રિયા થાય છે તેમ કહ્યું છે.

टीका :-

क्रियाया अध्यवसायानुरोधित्वमेव चाश्रित्येमानि सूत्राणि प्रज्ञापनाया प्रावर्तिषत -

"अत्थि णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जति ?, हंता ! गो० ! अत्थि । कहिं णं **भंते !** जीवाणं पाणातिवाएणं किरिया कज्जति ? गो० ! छसु जीवनिकाएसु । अत्थि णं भंते !

नेरइयाणं पाणाइवाएणं किरिया कज्जति ? गो० ! एवं चेव । एवं जाव निरंतरं वेमाणियाणं । अत्थि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जति ? हंता ! अत्थि । कम्हि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जति ? गो० । सव्वदव्वेसु । एवं निरंतरं नेरइयाणं जाव वेमाणियाणं । अत्थि णं भंते ! जीवाणं अदिण्णादाणेणं किरिया कज्जति ? हंता अत्थि ! कम्हि णं भंते ! जीवाणं अदिण्णादाणेणं किरिया कज्जति ? गो० गहणधारणिज्जेसु दव्वेसु । एवं नेरइयाणं निरंतरं जाव वेमाणियाणं । अत्थि णं भंते !

जीवाणं मेहुणेणं किरिया कज्जति ? हंता अत्थि । कम्हि णं भंते ! जीवाणं मेहुणेणं किरिया कज्जति ? गो० ! रुवेसु वा रुवसहगतेसु वा दव्वेसु । एवं नेर० निरं० जाव वेमाणियाणं । अत्थि णं भंते ! जीवाणं परिग्गहेणं किरिया० कज्जति ? हंता अत्थि । कम्हि णं भंते ! परिग्गहेणं किरि० कज्जति ? गो० ! सव्वदव्वेसु । एवं नेर० जाव वेमाणियाणं । एवं कोहेणं, माणेणं, मायाए, लोभेणं, पेज्जेणं, दोसेणं, कलहेणं, अब्भाक्खाणेणं, पेसुन्नेणं, परपरिवाएणं, अरतिरतीए, मायामोसेणं, मिच्छादंसणसल्लेणं । सव्वेसु जीवनेरइयाइभेएणं भाणिअव्वं । निरंतरं जाव वेमाणियाणं ति । एवं अट्ठारस एते दंडगा (सू० २८०) **अत्र मलयगिरिः** 'अस्त्येतत् । 'णं' इति वाक्यालङ्कारे । भदंत जीवानां प्राणातिपातेन=प्राणातिपाताध्यवसायेन, क्रिया सामर्थ्यात्प्राणातिपातक्रिया क्रियते । कर्मकर्तर्ययं प्रयोगः भवतीत्यर्थः । अतीतनयाभिप्रायात्मकोऽयं प्रश्नः । कतमोऽत्र नयोऽयमध्यवसायपृष्टमिति चेत् ? उच्यते-ऋजुसूत्रः, तथाहि-ऋजुसूत्रस्य हिंसापरिणतिकाल एव प्राणातिपातक्रियोच्यते इत्यर्थः, पुण्यपापकर्मोपादानानुपादानयोरध्यवसायानुरोधितत्वात् नान्यथापरिणताविति । भगवानपि तं ऋजुसूत्रनयमधिकृत्य प्रत्युत्तरमाह-'हंता अत्थि' 'हंता' इति सम्प्रेषणप्रत्यवधारणविवादेषु, अत्र प्रत्यवधारणे । अस्त्येतत् प्राणातिपाताध्यवसायेन प्राणातिपातक्रिया भवति, 'परिणामियं' पमाणं णिच्छयमवलंबमाणाणं' (ओ० नि० ७६१) इत्याद्यागमवचनस्य स्थितत्वात् । इदमेव वचनमधिकृत्यावश्यकेऽपीदं सूत्रं प्रावर्त्तिष्ट । "आया चेव अहिंसा आया हिंसत्ति णिच्छओ एसो" (ओ० नि० ७५५) इति व्याचष्टे । "मृषावादादौ तु क्रिया यथायथं प्राणातिपातादिका भवतीति ।।"

टीकार्थ :-

क्रियाया ..... प्रावर्तिषत - ક્રિયાના અધ્યવસાયઅનુરોધીપણાને જ આશ્રયીને આ=વક્ષ્યમાણ સૂત્રો પ્રજ્ઞાપનામાં પ્રવર્તે છે -

अत्थि णं ..... હે ભગવંત આ છે ?=વક્ષ્યમાણ આ છે ? અને તે જ બતાવે છે - જીવોને પ્રાણાતિપાત વડે અર્થાત્ પ્રાણાતિપાતઅધ્યવસાય વડે ક્રિયા=પ્રાણાતિપાતક્રિયા છે ?

હે ગૌતમ ! છે જ.

(અહીં अत्थि પછી हंता 'प्रत्यवधारण' અર્થમાં છે તેનો અર્થ अस्ति एव=છે જ, એ પ્રમાણે સમજવો.)

હે ભગવંત ! જીવોને કોનામાં પ્રાણાતિપાત વડે ક્રિયા હોય છે ?

હે ગૌતમ ! છ જીવનિકાયમાં હોય છે. (હવે ૨૪ દંડકમાં પ્રાણાતિપાત વડે ક્રિયાની પૃચ્છા અને ઉત્તર બતાવે છે -)

હે ભગવંત ! નારકીઓને પ્રાણાતિપાત વડે ક્રિયા છે ? હે ગૌતમ ! એ પ્રમાણે જ છે. એ પ્રમાણે યાવત્ નિરંતર વૈમાનિક સુધી (૨૪ જીવ દંડકમાં) સમજી લેવું.

હે ભગવંત ! આ છે ? મૃષાવાદ વડે=મૃષાવાદઅધ્યવસાય વડે, ક્રિયા=મૃષાવાદક્રિયા જીવોને છે ?

હે ગૌતમ ! છે જ.

હે ભગવંત ! કોને વિષે જીવ મૃષાવાદક્રિયા કરે છે ?

હે ગૌતમ ! સર્વદ્રવ્યોને વિષે જીવ મૃષાવાદક્રિયા કરે છે. એ પ્રમાણે નિરંતર નારકોને યાવત્ વૈમાનિક સુધી ૨૪ દંડકમાં કહેવું.

હે ભગવંત આ છે ? જીવોને અદત્તાદાનઅધ્યવસાય વડે ક્રિયા અર્થાત્ અદત્તાદાનક્રિયા છે ?

હે ગૌતમ ! છે જ.

હે ભગવંત ! કોના વિષે જીવોને અદત્તાદાનક્રિયા હોય છે ?

હે ગૌતમ ! ગ્રહણ અને ધારણ યોગ્ય દ્રવ્યોમાં અદત્તાદાનક્રિયા હોય છે. એ પ્રમાણે નારકીઓને યાવત્ વૈમાનિક પર્યંત ૨૪ દંડકમાં સમજવું.

હે ભગવંત ! આ છે ? જીવોને મૈથુનઅધ્યવસાય વડે ક્રિયા=મૈથુનક્રિયા છે ?

હે ગૌતમ ! છે જ.

હે ભગવંત ! કોના વિશે જીવોને મૈથુનક્રિયા હોય છે ?

હે ગૌતમ ! રૂપ અથવા રૂપસહગત દ્રવ્યને વિષે જીવોને મૈથુનક્રિયા હોય છે. એ પ્રમાણે નારકીથી યાવત્ વૈમાનિકોને ૨૪ દંડકમાં સમજવું.

હે ભગવંત ! આ છે ? જીવોને પરિગ્રહઅધ્યવસાય વડે ક્રિયા=પરિગ્રહક્રિયા હોય છે ?

હે ગૌતમ ! હોય છે જ.

હે ભગવંત ! કોના વિષે જીવોને પરિગ્રહ વડે=પરિગ્રહઅધ્યવસાય વડે, ક્રિયા હોય છે ?

હે ગૌતમ ! સર્વદ્રવ્યમાં જીવોને પરિગ્રહ વડે ક્રિયા હોય છે. એ પ્રમાણે નારકીઓને યાવત્ વૈમાનિકોને ૨૪ દંડકમાં કહેવું.

એ પ્રમાણે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, પ્રેમથી, દ્વેષથી, કલહથી, અભ્યાખ્યાનથી, પૈશુન્યથી, પરપરિવાદથી, અરતિ-રતિથી, માયામૃષાવાદથી, મિથ્યાદર્શનશલ્યથી સર્વ જીવમાં જીવ-નરકાદિના ભેદથી ભાવવું જોઈએ.

તે આ રીતે -

હે ભગવંત આ છે ? જીવોને ક્રોધ વડે અર્થાત્ ક્રોધઅધ્યવસાય વડે ક્રિયા=ક્રોધક્રિયા છે ? હે ગૌતમ ! છે જ.

હે ભગવંત ! કોના વિષે જીવોને ક્રોધ વડે અર્થાત્ ક્રોધઅધ્યવસાય વડે ક્રિયા હોય છે ?

હે ગૌતમ ! સર્વમાં અર્થાત્ સર્વદ્રવ્ય અને પર્યાયમાં ક્રોધ વડે ક્રિયા હોય છે.

આ પ્રમાણે જીવ-નારકીના ભેદથી ભાવન કરવું=કહેવું, નિરંતર વૈમાનિક સુધી ચોવીસ દંડકમાં કહેવું. ઇતિ સમાપ્તિસૂચક છે. એ પ્રમાણે આ અઢાર દંડકો છે. (સૂ. ૨૮૦)

'अत्र' અહીંયાં=પૂર્વમાં જે પ્રજ્ઞાપનાનો પાઠ કહ્યો તે પાઠની ટીકામાં, પૂજ્ય મલયગિરિજી મહારાજા આ પ્રમાણે કહે છે -

પાઠના આરંભમાં અત્થિ णं भंते ! કહ્યું, ત્યાં 'अस्ति' શબ્દ પછી 'एतत्' શબ્દ અધ્યાહાર છે. તે બતાવતાં કહે છે - "अस्त्येतत्" અર્થાત્ ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્નમાં પૂછે છે કે આ છે ? અને ત્યાં 'આ' શબ્દથી આગળનું જે વક્ષ્યમાણ કથન છે, તેને ગ્રહણ કરવાનું છે.

ત્યાર પછી 'णं' શબ્દ છે તે વાક્યાલંકારમાં છે.

તે વક્ષ્યમાણ કથન બતાવતાં કહે છે -

'भदंत' હે ભગવંત ! જીવોને પ્રાણાતિપાત વડે=પ્રાણાતિપાતઅધ્યવસાય વડે, ક્રિયા હોય છે ? અહીં 'ક્રિયા' શબ્દથી સામર્થ્યથી પ્રાણાતિપાતક્રિયા ગ્રહણ કરવાની છે. એટલે પ્રશ્નનો અર્થ આ પ્રમાણે સમજવો. હે ભગવંત ! જીવોને પ્રાણાતિપાતઅધ્યવસાય વડે પ્રાણાતિપાતક્રિયા હોય છે ? કેમ કે પ્રાણાતિપાતઅધ્યવસાય વડે કરીને અન્ય ક્રિયા સંભવે નહિ. તેથી સામર્થ્યથી પ્રાણાતિપાતક્રિયા સમજવાની છે.

'कर्मकर्तरि' અહીં 'कज्जति'='क्रियते' થાય છે. તેથી તે કર્મણિરૂપ ભાસે છે. પરંતુ તે કર્મકર્તરિ પ્રયોગ છે. અર્થાત્ કર્મ કર્તાના અર્થમાં આવેલ છે. તેથી 'क्रियते' નો અર્થ 'भवति' એ પ્રમાણે જાણવો.

વિશેષાર્થ :-

કહેવાનો આશય એ છે કે, જીવ વડે પ્રાણાતિપાતક્રિયા કરાય છે, એનો અર્થ જીવ વડે પ્રાણાતિપાતક્રિયા થાય છે. પ્રાણાતિપાતક્રિયા ક્રિયતે એમ કહેવામાં આવે છે ત્યારે 'ક્રિયા' કર્મરૂપ પ્રાપ્ત થાય છે, પરંતુ અહીં કર્મને કર્તા અર્થમાં ગ્રહણ કરવાનું છે. તેથી 'ક્રિયતે' નો અર્થ 'भवति' છે, અર્થાત્ જીવ વડે પ્રાણાતિપાતક્રિયા થાય છે, એમ અર્થ સમજવાનો છે.

ટીકાર્થ :-

अतीतः ..... प्रश्नः અતીતનય અભિપ્રાયાત્મક આ પ્રશ્ન છે.

વિશેષાર્થ :-

પૂર્વે કહ્યું કે, પ્રાણાતિપાતઅધ્યવસાયથી પ્રાણાતિપાતક્રિયા થાય છે, ત્યાં 'क्रियते' નો અર્થ 'भवति' કર્યો. તેથી વર્તમાનને જોનારા નયના અભિપ્રાયવાળો આ પ્રશ્ન છે, એમ લાગે. તેથી કહે છે કે - વર્તમાનનયના અભિપ્રાયવાળો આ પ્રશ્ન નથી, પરંતુ અતીતનયના અભિપ્રાયવાળો આ પ્રશ્ન છે. તેથી એ પ્રાપ્ત થાય કે - પ્રાણાતિપાતઅધ્યવસાય વડે જીવોને પ્રાણાતિપાતક્રિયા થઈ, અને એમ કહેવાનું તાત્પર્ય એ છે કે, જે જીવો પ્રાણાતિપાતઅધ્યવસાયવાળા હતા, તેઓને તે અધ્યવસાયથી પ્રાણાતિપાતક્રિયા થયેલ કે નહિ ? એ પ્રકારના અભિપ્રાયથી ગૌતમસ્વામીનો આ પ્રશ્ન છે. અર્થાત્ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવો કોઈ જીવ પ્રત્યે પ્રાણનાશને અનુકૂળ ક્રિયા કરતા નથી, પરંતુ તેઓમાં જે પ્રાણાતિપાતનો અધ્યવસાય રહેલો છે, તેનાથી પ્રાણાતિપાતની ક્રિયા થયેલ કે નહિ ? એ પ્રકારનો પ્રશ્નનો અભિપ્રાય છે. તેના જવાબમાં ભગવાન કહે છે કે - हंता गो. अत्थि, હે ગૌતમ થાય જ. અર્થાત્ જે જીવોને પ્રાણાતિપાતનો અધ્યવસાય રહેલો છે, તેઓને નિયમા તે વખતે પ્રાણાતિપાતક્રિયા થયેલ છે. એ પ્રકારનો અર્થ ભગવાનના જવાબથી પાપ્ત થાય છે.

અહીં 'भवति' એ પ્રકારના વર્તમાનકાળના પ્રયોગને, અતીતનય અભિપ્રાયાત્મક આ પ્રશ્ન છે, એમ કહેવાથી, ભૂતકાળના પ્રાણાતિપાતના અધ્યવસાયથી પ્રાણાતિપાતની ક્રિયા થઈ એ પ્રકારની વ્યાપ્તિની પ્રાપ્તિથી, ભૂતકાળની જેમ વર્તમાનકાળમાં કે ભવિષ્યકાળમાં પણ જેમને પ્રાણાતિપાતઅધ્યવસાયની પ્રાપ્તિ છે કે થશે, તેઓને પણ પ્રાણાતિપાતની ક્રિયા અવશ્ય પ્રાપ્ત થાય. અર્થાત્ ભૂતકાળના તે વક્તવ્યથી પ્રાણાતિપાતના અધ્યવસાયની સાથે ક્રિયાની ત્રણે કાળની વ્યાપ્તિ છે, એ પ્રકારનો ધ્વનિ પ્રાપ્ત થાય છે.

અહીં જો પ્રાણાતિપાતઅધ્યવસાયથી પ્રાણાતિપાતક્રિયા થાય છે, એવો અર્થ ગ્રહણ કરવામાં આવત તો એ અર્થ પ્રાપ્ત થાય કે, જે જીવને પ્રાણાતિપાતનો અધ્યવસાય છે, તે જીવ ઉત્તરકાળમાં બીજા જીવોની હિંસા થાય તેવી ક્રિયા કરે છે. જ્યારે અતીતનયના અભિપ્રાયાત્મક આ પ્રશ્ન છે, એમ કહીને એ બતાવ્યું કે - જેઓ પ્રાણાતિપાતના અધ્યવસાયના ઉત્તરમાં કોઈ ક્રિયા ન પણ કરે, તો પણ તેઓને પ્રાણાતિપાતની ક્રિયા અધ્યવસાયકાળમાં હોય જ છે.

અહીં પ્રાણાતિપાતક્રિયાનો અધ્યવસાય એ છે કે, જે જીવ સૂક્ષ્મ બોધપૂર્વક 'મારે કોઈ પણ જીવને લેશ પણ પીડા નથી કરવી' એવા સંકલ્પપૂર્વક, સર્વ જીવોની પીડાના પરિહારમાં યત્ન કરવાના અધ્યવસાયવાળો છે, તે જીવને પ્રાણાતિપાતનો અધ્યવસાય નથી. તે સિવાયના સર્વ જીવોને પોતાના શરીરની જરૂરીયાત અર્થે ઈચ્છા રહેલી છે; અને તેના માટે યત્ન કરવામાં બીજાના પ્રાણનો નાશ થાય, તો તે માટે નાશ કરવાનો યત્ન ન હોય, છતાં નાશના નિવારણનો અધ્યવસાય થતો નથી. આથી જ એકેન્દ્રિય જીવને પણ આહારાદિ પુદ્ગલ ગ્રહણ કરવાની વૃત્તિ છે ત્યાં, કોઈ જીવનો નાશ નહિ થવા છતાં ચિત્તવૃત્તિમાં અવિરતિનો અધ્યવસાય વિદ્યમાન છે, તેથી પ્રાણાતિપાતની ક્રિયા તેઓને વર્તે જ છે.

ઉત્થાન :-

પૂર્વે કાલસ્પર્શી નય બતાવેલ છે, તેથી અતીતનયાત્મક પ્રશ્ન છે, એમ કહ્યું. હવે અધ્યવસાયસ્પર્શી કયો નય છે ? તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

कतमो ..... ऋजसूत्रः, અહીંયાં=ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે, હે ભગવંત ! પ્રાણાતિપાતઅધ્યવસાય વડે પ્રાણાતિપાતક્રિયા થાય છે ? એ પ્રશ્નમાં, આ અધ્યવસાયને સ્પર્શનારો કયો નય છે ? એ પ્રમાણે કોઈ પ્રશ્ન કરે તો ઉત્તર આપતાં કહે છે - ઋજુસૂત્ર નય છે.

तथाहि .... इत्यर्थः, - તે આ પ્રમાણે - હિંસાની પરિણતિના કાળમાં જ ઋજુસૂત્રનયની પ્રાણાતિપાતની ક્રિયા કહેવાય છે, એ પ્રમાણે અર્થ જાણવો. અર્થાત્ અહીં અધ્યવસાયસ્પર્શી કયો નય છે ? એમ પ્રશ્ન કરીને જવાબ આપ્યો કે - ઋજુસૂત્રનય છે. તેનો આ પ્રકારનો અર્થ=આ પ્રકારનો ભાવ છે.

તેમાં હેતુ કહે છે -

પુણ્યપાપ ..... પરિણતાવિતિ । - પુણ્ય અને પાપકર્મના ઉપાદાન અને અનુપાદાનમાં અધ્યવસાયનું અનુરોધીપણું છે, અન્યથાપરિણતિમાં નહિ=અધ્યવસાયની અન્યથાપરિણતિમાં પુણ્ય અને પાપકર્મનું ઉપાદાન અને અનુપાદાન નથી.

✪ 'इति' શબ્દ પ્રાણાતિપાતઅધ્યવસાયથી પ્રાણાતિપાતક્રિયા થાય છે, એ પ્રકારના ગૌતમસ્વામીના કથનના વિષયમાં પૂ. મલયગિરિ મહારાજાના વક્તવ્યની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

ઋજુસૂત્રનય બાહ્યહિંસાની ક્રિયાના કાળમાં પ્રાણાતિપાતની ક્રિયા માનતો નથી, પરંતુ હિંસાની પરિણતિના કાળમાં જ પ્રાણાતિપાતની ક્રિયા માને છે. આથી જ એકેન્દ્રિય જીવોમાં હિંસાની પરિણતિ હોવાને કારણે પ્રાણાતિપાતની ક્રિયા ઋજુસૂત્રનય સ્વીકારે છે, અને અપ્રમત્ત મુનિથી કોઈના પ્રાણનો નાશ થાય તો પણ ત્યાં પ્રાણાતિપાતની ક્રિયા ઋજુસૂત્રનય માનતો નથી. અને તેમાં યુક્તિ આપે છે કે, પુણ્ય અને પાપકર્મના ઉપાદાન અને અનુપાદાનનું અધ્યવસાયનું અનુરોધીપણું છે, પણ ક્રિયાનું અનુરોધીપણું નથી. અર્થાત્ તમારો અધ્યવસાય હોય તેને અનુરૂપ જ પુણ્ય અને પાપકર્મનું ઉપાદાન અને અનુપાદાન થાય છે, પરંતુ જેવી બાહ્ય આચરણા હોય તેને અનુરૂપ પુણ્ય-પાપકર્મ બંધાતું નથી. અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે, અન્યથાપરિણતિમાં નહિ; અર્થાત્ બાહ્ય રીતે કદાચ તેવા પ્રકારની ક્રિયા દેખાતી હોય, પરંતુ પરિણતિ અન્યથા વર્તતી હોય, તો તે બાહ્ય ક્રિયાને અનુસારે પુણ્ય-પાપ બંધાતું નથી. આથી જ અપ્રમત્ત મુનિને કદાચ બાહ્ય ક્રિયાથી હિંસાથી પ્રાપ્તિ હોય તો પણ અન્યથાપરિણતિ હોવાને કારણે, હિંસાને અનુકૂળ પાપકર્મનું ઉપાદાન થતું નથી. તેથી ઋજુસૂત્રનય હિંસાની પરિણતિના કાળમાં જ પ્રાણાતિપાતની ક્રિયા કહે છે.

અહીં વિશેષ એ છે કે, વ્યવહારનય ક્રિયાને અનુસારે પુણ્ય અને પાપકર્મનો બંધ સ્વીકારે છે. તેથી વ્યવહારનયના નિરાકરણ માટે ઋજુસૂત્રનય કહે છે કે, અધ્યવસાયને અનુરૂપ પુણ્ય કે પાપકર્મનો બંધ થાય છે તેથી વ્યવહારનયને માન્ય પુણ્ય કે પાપકર્મની ક્રિયા હોવા છતાં અન્યથાપરિણતિ હોય, અર્થાત્ પુણ્ય કે પાપની ક્રિયાથી વિપરીત પ્રકારનો અધ્યવસાય હોય, તો પુણ્ય કે પાપને અનુરૂપ ક્રિયા હોવા છતાં પણ કર્મબંધ થતો નથી.

ટીકાર્થ :-

भगवानपि ..... प्रत्यवधारणे । ભગવાન પણ તેને=ગૌતમસ્વામીને, ઋજુસૂત્રનયને આશ્રયીને પ્રત્યુત્તર કહે છે - 'हंता अत्थि' એ પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેલ ભગવાનનો ગૌતમસ્વામીના પ્રશ્નનો પ્રત્યુત્તરરૂપે જવાબ છે. 'हंता' એ શબ્દ ત્રણ અર્થમાં વપરાય છે. (૧) સંપ્રેષણ, (૨) પ્રત્યવધારણ અને (૩) વિવાદ. અહીં=ગૌતમસ્વામીના પ્રશ્નનો પ્રત્યુત્તર ભગવાને આપ્યો અહીંયાં, પ્રત્યવધારણ અર્થમાં છે. તેથી 'हंता अत्थि' નો અર્થ अस्ति एव એ પ્રમાણે કરવાનો છે.

✪ 'भगवान् अपि' માં 'अपि' શબ્દથી એ કહેવું છે કે, ગૌતમસ્વામીનો પ્રશ્ન ઋજુસૂત્રનયને આશ્રયીને હતો અને ભગવાન પણ ઋજુસૂત્રનયને આશ્રયીને ગૌતમસ્વામીને પ્રત્યુત્તર આપે છે.

ઉત્થાન :-

ગૌતમસ્વામીના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે હંતા અત્થિ એ પ્રમાણે ભગવાને જવાબ આપ્યો. તે જવાબથી પ્રશ્નને અનુરૂપ જે પ્રાપ્ત થાય છે તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

'अस्त्येतत्' આ છે=પ્રાણાતિપાતઅધ્યવસાય વડે પ્રાણાતિપાતક્રિયા થાય છે. કેમ કે 'परिणामियं .....' ઈત્યાદિ આગમવચનનું સ્થિતપણું છે. આ જ વચનને આશ્રયીને=પ્રાણાતિપાતના અધ્યવસાયને કહેનારા જ વચનને આશ્રયીને, આવશ્યકમાં પણ આ સૂત્ર પ્રવર્ત્યું. "આત્મા જ અહિંસા છે અને આત્મા જ હિંસા છે, એ પ્રમાણે આ નિશ્ચયનય છે," એ પ્રમાણે કહેલ છે. વળી મૃષાવાદ આદિમાં યથાયોગ્ય પ્રાણાતિપાત આદિ ક્રિયા થાય છે.

✪ 'भवतीति' અહીં 'इति' શબ્દ છે તે પૂ. મલયગિરિ મહારાજના વક્તવ્યની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને 'हंता अत्थि' એટલું જ કથન કર્યું. તેનાથી એ કેવી રીતે પ્રાપ્ત થાય કે પ્રાણાતિપાત શબ્દથી પ્રાણાતિપાતનો અધ્યવસાય જ ગ્રહણ કરવાનો છે, પરંતુ આચરણારૂપ પ્રાણાતિપાતક્રિયા નહિ ? તેથી કહે છે કે, નિશ્ચયનયને અવલંબન કરનારા ઋષિઓને બાહ્યઆચરણા પ્રમાણભૂત નથી, પરંતુ પારિણામિકભાવ અર્થાત્ શુદ્ધ-અશુદ્ધ ચિત્તના પરિણામરૂપ પારિણામિકભાવ, પ્રમાણભૂત છે. કેમ કે પારિણામિકભાવને અનુરૂપ કર્મના બંધનો અને કર્મના અબંધનો સંભવ છે; અને પ્રાણાતિપાતના અધ્યવસાયને આશ્રયીને જ પ્રાણાતિપાતની ક્રિયા થાય છે. આ જ વચનને આશ્રયીને આવશ્યકમાં "આત્મા જ અહિંસા છે અને આત્મા જ હિંસા છે, એ પ્રમાણે આ નિશ્ચયનય છે," એવું સૂત્ર પ્રવર્તેલ છે. વળી મૃષાવાદ આદિમાં યથાયોગ્ય પ્રાણાતિપાત આદિ ક્રિયા થાય છે; અર્થાત્ કોઈ જીવ મૃષાવાદ બોલતો હોય તે વખતે પરને પીડા ઉપજાવે તેવો પ્રાણાતિપાતનો અધ્યવસાય હોય તો પ્રાણાતિપાતક્રિયા થાય છે, અને તેવો અધ્યવસાય ન હોય તો પ્રાણાતિપાતક્રિયા થતી નથી. અને મૃષાવાદના અધ્યવસાયમાં મૃષાવાદની ક્રિયા થાય જ છે, પરંતુ ત્યારે અદત્તાદાનની ક્રિયા થાય અને ન પણ થાય. જો મૃષાવાદની ક્રિયામાં અદત્તાદાનનો અધ્યવસાય હોય તો થાય, અન્યથા ન થાય.

✪ मृषावादादौ અહીં 'आदि' પદથી અન્ય ત્રણ અદત્તાદાનાદિ લેવાના છે અને 'प्राणातिपातादिका' અહીં 'आदि' પદથી મૃષાવાદાદિ ચાર ક્રિયાઓ ગ્રહણ કરવાની છે.

અહીં મૃષાવાદ શબ્દથી મૃષાવાદનો અધ્યવસાય ગ્રહણ કરવાનો છે, અને મૃષાવાદાદિમાં પ્રાણાતિપાતાદિ ક્રિયાઓ થાય છે કે નહિ તેનો વિચાર કરવાનો છે=મૃષાવાદાદિમાં કર્મબંધને અનુકૂળ પ્રાણાતિપાતાદિ ક્રિયા થાય છે કે નહિ તેનો વિચાર કરવાનો છે.

ઉત્થાન :-

(૧) પૂર્વે 'अस्त्येतत् ..थी... भवति' સુધી કથન કર્યું કે પ્રાણાતિપાતઅધ્યવસાયથી પ્રાણાતિપાતક્રિયા

થાય છે, એમાં 'परिणामियं पमाणं णिच्छयमवलंबमाणाणं' ઈત્યાદિ આગમવચનની સાક્ષી આપી, અને એ જ સાક્ષીને અનુસરીને આવશ્યકમાં પણ આ સૂત્ર પ્રવર્તે છે, એમ કહ્યું. ત્યાર પછી તે સૂત્ર 'आया चेव अहिंसा आया हिंसत्ति णिच्छयओ एसो' એ બતાવ્યું. ત્યારપછી 'मृषावादादौ ...थी.. भवतीति' ત્યાં મલયગિરિ મહારાજાનું કથન પૂરું થાય છે. હવે અતીતનય અભિપ્રાયાત્મક આ પ્રશ્ન છે, એમ પૂર્વે પૂજ્ય મલયગિરિ મહારાજે કહ્યું, તેનું તાત્પર્ય પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ 'प्राणातिपाताध्यवसाये ..थी... तदुपचारः' સુધીના કથનથી બતાવતાં કહે છે -

અથવા

(૨) પૂર્વે પૂ. મલયગિરિ મહારાજાના કથનમાં કહ્યું કે, પ્રાણાતિપાતના અધ્યવસાયથી પ્રાણાતિપાતની ક્રિયા થાય છે, અને ત્યાં અતીતનય અભિપ્રાયાત્મક આ પ્રશ્ન છે, એમ કહીને પ્રાણાતિપાતના અધ્યવસાયકાળમાં પ્રાણાતિપાતક્રિયા થયેલ છે એમ કહ્યું. પરંતુ વસ્તુતઃ પ્રાણાતિપાતનો અધ્યવસાય પેદા થાય છે, તેનાથી બાહ્ય આચરણારૂપ પ્રાણાતિપાતની ક્રિયા કરવામાં આવે છે; અને તે ક્રિયા અંતર્મુહૂર્તની છે, અને ચરમસમયમાં જ તે પ્રાણાતિપાતના અધ્યવસાયથી કાર્ય નિષ્પન્ન થાય છે. તો પણ પ્રથમ સમયમાં જ પ્રાણાતિપાતક્રિયા થયેલ છે, એમ પૂર્વે કહ્યું, ત્યાં પ્રાણાતિપાતનો ઉપચાર કરીને કહેવામાં આવે છે; તે કઈ રીતે છે, તે બતાવવા અર્થે કહે છે -

ટીકા :-

प्राणातिपाताध्यवसाये प्राणातिपातनिर्वर्तककार्येषु जायमानेषु प्राणातिपातोपचारो मृषावादाद्यध्यवसाये च यथोचितक्रियानिर्वर्तककार्येषु जायमानेषु तदुपचार इत्यत्र बीजम्-'उत्पद्यमानम् उत्पन्नम्' इत्यस्यार्थस्यादित एवोपपादितस्येत्थमेवोपचारेण संभवात्, परमार्थतस्तु चरमसमय एवोत्पद्यमानं तदैव चोत्पन्नमित्यस्यार्थस्य महता प्रबन्धेन महाभाष्ये व्यवस्थापितत्वात् ।

ટીકાર્થ :-

प्राणातिपात ..... व्यवस्थापितत्वात् । **પ્રાણાતિપાતનો અધ્યવસાય હોતે છતે જાયમાન=ઉત્પન્ન થતા એવા, પ્રાણાતિપાતથી નિર્વર્તક કાર્યમાં, પ્રાણાતિપાતનો ઉપચાર; અને મૃષાવાદાદિ અધ્યવસાય હોતે છતે જાયમાન=ઉત્પન્ન થતા એવા, યથોચિત ક્રિયાનિર્વર્તક કાર્યમાં તેનો ઉપચાર=મૃષાવાદાદિનો ઉપચાર; એ અહીંયાં=પ્રાણાતિપાતના અધ્યવસાયથી પ્રાણાતિપાતક્રિયા થાય છે, એમ પૂર્વે કહ્યું એમાં, બીજ છે. કેમ કે 'उत्पद्यमानं उत्पन्नं' એ પ્રકારે આદિથી જ ઉપપાદિત એવા આ અર્થનું આ રીતે જ ઉપચાર વડે સંભવ છે. પરમાર્થથી તો વળી ચરમ સમયમાં જ ઉત્પદ્યમાન એવું તે કાર્ય ત્યારે જ=ચરમ સમયમાં જ, ઉત્પન્ન થાય છે; એ અર્થનું મોટા વિસ્તારથી મહાભાષ્યમાં વ્યવસ્થાપિતપણું છે.**

✪ 'इत्यत्र बीजं' અહીં 'इति' શબ્દ 'एतत्' અર્થક છે.

વિશેષાર્થ :-

જીવમાં વિવેકપૂર્વક પ્રાણાતિપાતવિરમણના પરિણામરૂપ વિરતિનો પરિણામ પ્રગટ ન થાય ત્યાં સુધી તેને પ્રાણાતિપાતનો અધ્યવસાય હોય છે, તેથી જ સંસારવર્તી જીવો શરીર આદિની જરૂરીયાત અર્થે જે કાંઈ પ્રવૃત્તિ કરે છે, ત્યારે અન્ય જીવોના પ્રાણોના અતિપાતરૂપ=નાશરૂપ, કાર્ય પેદા થાય છે. અને તે ક્રિયાનો પ્રારંભ કર્યા પછી અંતર્મુહૂર્તે તે ક્રિયા સમાપ્ત થતી હોય છે કે તેથી અધિક કાળે સમાપ્ત થતી હોય છે ત્યારે, પ્રથમાદિ ક્ષણોમાં જાયમાન=ઉત્પન્ન થતું, એવું પ્રાણાતિપાતક્રિયાથી નિર્વર્તક કાર્ય છે તેમાં, પ્રાણાતિપાતનો ઉપચાર કરવામાં આવે છે. આથી જ કાર્ય અંતર્મુહૂર્ત પછી કે તેથી અધિક કાળે સમાપ્ત થતું હોવા છતાં પ્રથમ સમયથી જ કહેવામાં આવે છે કે, પ્રાણાતિપાત કરાયો. એ જ રીતે મૃષાવાદાદિ અધ્યવસાયમાં પણ મૃષાવાદાદિને અનુરૂપ ક્રિયાથી નિષ્પાદ્ય અન્યને છેતરવારૂપ કાર્ય, પ્રથમ ક્ષણથી જાયમાન છે, તેમાં મૃષાવાદની ક્રિયાનો ઉપચાર થાય છે; એ અહીંયાં=પ્રજ્ઞાપનાના પાઠમાં, ગૌતમસ્વામીના પ્રશ્નના કથનમાં પૂ. મલયગિરિ મહારાજાએ કહ્યું કે, આ અતીતનય અભિપ્રાયાત્મક પ્રશ્ન છે એ કથનમાં, બીજ છે. કેમ કે પ્રથમ ક્ષણમાં પ્રાણાતિપાતની ક્રિયા જાયમાન છે, પરંતુ સમાપ્ત થઈ નથી; છતાં પ્રાણાતિપાતની ક્રિયા થયેલ છે, તે વિવક્ષાથી, પ્રથમાદિ ક્ષણોમાં પ્રાણાતિપાતનો ઉપચાર થાય છે, અને તે ઉપચાર પૂ. મલયગિરિજી મહારાજાના કથનમાં બીજ છે. તેમાં હેતુ કહે છે કે, 'उत्पद्यमानं उत्पन्नं' એ પ્રકારે આદિથી જ ઉપપાદિત એવા આ અર્થનો આ રીતે જ ઉપચારથી સંભવ છે. અર્થાત્ જે કોઈ પણ ઘટાદિ વસ્તુ ઉત્પદ્યમાન હોય તે ઘણા સમય સુધી ઉત્પદ્યમાન હોય છે, અને તે ક્રિયાનો પ્રારંભ થયા પછી ક્રિયાની નિષ્ઠા અનેક સમયો પછી થવા છતાં, પ્રથમ ક્ષણથી જ ઉત્પદ્યમાન=ઉત્પન્ન થતું, ઉત્પન્ન=ઉત્પન્ન થયેલું છે, એ પ્રકારનો અર્થ કરવામાં આવે છે, તે આ રીતે ઉપચારથી જ સંભવે છે. અર્થાત્ અંતિમ સમયની ક્રિયાથી નિષ્પાદ્ય કાર્યનો ઉપચાર પ્રથમ ક્ષણમાં જ કરવામાં આવે છે. અને નિશ્ચયનયથી ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એકક્ષણવર્તી છે, તેથી પ્રથમ ક્ષણમાં જે ક્રિયા થઈ, તેટલા અંશમાં તે કાર્ય ઉત્પન્ન થવા છતાં, પ્રથમ ક્ષણમાં પરિપૂર્ણ ઉત્પન્ન નથી, તો પણ પરિપૂર્ણ ઉત્પન્ન થયેલ છે, એ પ્રકારનો ઉપચાર કરવામાં આવે છે. આથી જ જમાલિના શિષ્યોએ સંથારો પાથરવાની ક્રિયાનો પ્રારંભ કર્યો તે પ્રથમ ક્ષણમાં પથરાઈ ગયો છે, એ પ્રમાણેનાં વચન કહ્યાં.

અહીં વિશેષ એ છે કે 'उत्पद्यमानं उत्पन्नं' એ નિશ્ચયનયનું વચન છે, કેમ કે નિશ્ચયનય ક્રિયાકાળ અને નિષ્ઠાકાળને એક માને છે. તેથી જ જે ક્ષણમાં ક્રિયા થઈ હોય તે જ ક્ષણમાં તે ક્ષણનું કાર્ય થયેલ છે તેમ કહે છે. જ્યારે પ્રથમ ક્ષણમાં અંતિમ ક્ષણના કાર્યનો ઉપચાર વ્યવહારનયથી થાય છે, તે આ પ્રમાણે - ઘટ કરવાનો પ્રારંભ કર્યો તે રૂપ પ્રથમ ક્ષણમાં જ અંતિમ ક્ષણનું ઘટરૂપ કાર્ય થઈ ગયું તેમ વ્યવહારનય કહે છે, જ્યારે નિશ્ચયનય તો જે ક્રિયા કરી તેનાથી જેટલું કાર્ય નિષ્પન્ન થયું, તેને જ ઉત્પન્ન થયેલું કહે છે. આથી જ માટીમાંથી ઘટની નિષ્પત્તિને અનુકૂળ ક્રિયા કરાય છે, ત્યારે પ્રથમ સ્થાસ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે, સ્થાસને અનુકૂળ તે ક્રિયા છે, પણ ઘટને અનુકૂળ તે ક્રિયા નથી, તેમ નિશ્ચયનય કહે છે; અને વ્યવહારનય ઘટને અનુકૂળ તે ક્રિયા છે તેમ કહે છે. તેથી પ્રથમ ક્ષણમાં પણ ઘટ પેદા થયો, એ પ્રકારનો ઉપચાર વ્યવહારનય કરે છે; જ્યારે નિશ્ચયનય તો ચરમ સમયે જ ઘટને અનુકૂળ ક્રિયા માને છે, અને તે જ સમયે ઘટરૂપ કાર્ય થાય છે, તેમ માને છે.

અહીં પ્રાણાતિપાત-અધ્યવસાય-કાળમાં ક્રિયા થાય છે તેમ ન કહેતાં ક્રિયા થયેલ છે, એ પ્રકારનો અર્થ, અતીતનય અભિપ્રાયાત્મક આ પ્રશ્ન છે, એમ કહીને કરેલ છે. અને એ કથન, 'उत्पद्यमानं उत्पन्नं' એ નિશ્ચયનયના કથનથી અને ક્રિયાના પ્રારંભમાં ક્રિયાની સમાપ્તિનો ઉપચાર કરનાર ઉપચરિત વ્યવહારનયથી પ્રાપ્ત થાય છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે વખતે પ્રાણાતિપાતનો અધ્યવસાય હોય છે, તે જ વખતે તે ક્રિયા થયેલ છે, અને તે બતાવવા અર્થે અતીતનય અભિપ્રાયાત્મક આ પ્રશ્ન છે તેમ કહેલ છે.

પૂર્વે કહ્યું કે, આ રીતે ઉપચારથી જ સંભવ છે; તેની પુષ્ટિ કરતાં કહે છે કે, પરમાર્થથી તો વળી ચરમ સમયમાં જ ઉત્પદ્યમાન એવું તે કાર્ય ચરમ સમયમાં જ ઉત્પન્ન છે, એ અર્થ મોટા વિસ્તારથી મહાભાષ્યમાં વ્યવસ્થાપિત છે; તેથી પ્રાણાતિપાતનો અધ્યવસાય હોતે છતે પ્રથમ ક્ષણમાં જ થતી પ્રાણાતિપાતની ક્રિયાથી પ્રાણાતિપાતરૂપ કાર્ય થયું છે, એવું કથન ઉપચાર વગર થઈ શકે નહિ. આનાથી એ પ્રાપ્ત થાય છે કે - પ્રાણાતિપાતનો અધ્યવસાય થયે છતે જે પ્રાણાતિપાતનું કાર્ય થાય છે, તે અંતર્મુહૂર્ત પછી કે અધિક કાળે થાય છે; પરંતુ ત્યાં કોઈ બાહ્યક્રિયાનો પ્રારંભ ન થયો હોય છતાં પ્રાણાતિપાતનો અધ્યવસાય થયો ત્યારથી જ પ્રાણાતિપાતની ક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે; અને તે અધ્યવસાયના બળથી જ ઉત્તરમાં અન્ય જીવના પ્રાણના નાશને અનુકૂળ એવી ક્રિયાનો જીવ પ્રારંભ કરે છે; અને ક્રિયાની સમાપ્તિ અમુક કાળ પછી થાય છે, તે હિંસાનો ઉપચાર પ્રાણાતિપાતના અધ્યવસાયકાળથી થાય છે. તેથી કોઈ જીવ તથાવિધ નિમિત્તને પામીને પ્રાણાતિપાતનો અધ્યવસાય કર્યા પછી હિંસાને અનુકૂળ બાહ્ય ક્રિયા કરે નહિ, તો પણ ત્યાં પ્રાણાતિપાતની ક્રિયા થયેલ છે, એ પ્રકારનો ઉપચાર કરીને પૂ. મલયગિરિ મહારાજાએ અતીતનય અભિપ્રાયાત્મક આ પ્રશ્ન છે એમ કહેલ છે.

ઉત્થાન :-

(૧) પૂર્વના પૂ. મલયગિરિ મહારાજના કથનમાં ઋજુસૂત્રનયથી "આત્મા જ હિંસા છે," એ પ્રકારના સાક્ષીપાઠમાં, ઓઘનિર્યુક્તિના વચન સાથેના પ્રથમ દૃષ્ટિએ દેખાતા વિરોધને બતાવીને, બંનેનાં કથનોને પરસ્પર અવિરુદ્ધ રીતે બતાવતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે -

અથવા

(૨) પૂર્વે "આત્મા જ અહિંસા છે અને આત્મા જ હિંસા છે અને તે કથન ઋજુસૂત્રનયને આશ્રયીને છે," તેમ પૂ. મલયગિરિ મહારાજાએ કહેલ, કેમ કે પ્રજ્ઞાપનાની ટીકામાં જ પૂ. મલયગિરિ મહારાજાએ કહેલ કે - અધ્યવસાયને સ્પર્શનારો આ ઋજુસૂત્રનય છે; અને તેની જ પુષ્ટિ કરતાં કહેલ કે, આ વચનને આશ્રયીને જ "આત્મા અહિંસા છે" ઈત્યાદિ સૂત્ર પ્રવર્તેલ છે. તેથી તે કથન પ્રમાણે "આત્મા જ અહિંસા છે" એ ઋજુસૂત્રનયને માન્ય છે, એ પ્રમાણે પ્રાપ્ત થાય. ત્યાં શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે -

ટીકા :-

आत्मैव हिंसेति तु यद्यपि शब्दनयानांमतम्, नैगमनयमते जीवाजीवयोः सा, सङ्ग्रहव्यवहारयोः

षड्जीवनिकायेषु,ऋजुसूत्रस्य प्रतिस्वं स्वघात्ये, तद्भेदेन तन्मते हिंसाभेदाच्छब्दनयानां स्वात्मनि इति ओघवृत्तौ विवेचनात्, तथापि विषयविभागेन नयप्रदर्शनं तत् इह तु हिंसास्वरूपविवेचने नयविभागः तत्र च संक्लेशदुःखोत्पादनतत्पर्यायविनाशभेदेन त्रिविधापि हिंसा नैगमव्यवहारयोः, संक्लेशदुःखोत्पादनरूपा द्विविधा सङ्ग्रहस्य, सङ्क्लेशरूपैव चऋजुसूत्रस्य संमता इत्येवं व्यवस्थितेः सङ्क्लेशश्चात्मपरिणाम आत्मैव, इतिएतन्मते आत्मैव हिंसा इत्युक्तौ दोषाभावात् । शब्दनयानामप्येतदेव मतम्, "मूलनिमाणं पज्जवणयस्स उज्जुसुअवयणविच्छेओ । तस्स उ सद्दाईआ साहापसाहा बहुविगप्पा" ।। **(काण्ड १ गा० ५) इति सम्मतिग्रन्थेन तेषामृजुसूत्रविस्तारात्मकत्वव्यवस्थितेः,विशेषिततरतदर्थवत्त्वस्यैव निर्युक्तावभिधानाच्च प्राणातिपातनिवृत्तिस्वभावसमवस्थितात्मद्रव्यान्यथाभाव ऋजुसूत्रमते हिंसा तद्गुणान्यथाभावश्च शब्दनयमत इति तु विवेचकाः ।**

टीकार्थ :-

आत्मैव ..... विस्तारात्मकत्वव्यवस्थितेः, **વળી "આત્મા જ હિંસા છે," એ પ્રમાણે જોકે શબ્દનયોનો મત છે, તેમાં નૈગમનયમતે થી વિવેચનાત્, સુધી હેતુ છે, તે કહે છે - નૈગમનયના મતમાં જીવ-અજીવની હિંસા છે, સંગ્રહનય અને વ્યવહારનયના મતમાં છ જીવનિકાયમાં હિંસા છે, ઋજુસૂત્રનયના મતમાં પ્રતિસ્વ=દરેક વ્યક્તિને આશ્રયીને, સ્વઘાત્યમાં હિંસા છે, કેમ કે તેના મતમાં=ઋજુસૂત્રનયના મતમાં, તેના ભેદથી= હિંસકના ભેદથી, હિંસાનો ભેદ છે, શબ્દનયોના મતમાં સ્વાત્મામાં હિંસા છે, આ પ્રમાણે ઓઘનિર્યુક્તિની ટીકામાં વિવેચન છે; તો પણ વિષયના વિભાગ વડે નયપ્રદર્શન તે= ઓઘનિર્યુક્તિનું, વચન છે. વળી અહીં=પૂ. મલયગિરિ મહારાજાના કથનમાં, હિંસાના સ્વરૂપના વિવેચનમાં નયવિભાગ છે, અને ત્યાં=હિંસાના સ્વરૂપના વિવેચનમાં, (૧) સંક્લેશ, (૨) દુઃખોત્પાદન અને (૩) તત્પર્યાયવિનાશભેદથી નૈગમ અને વ્યવહારનયની ત્રણ પણ પ્રકારની હિંસા છે; સંગ્રહનયની (૧) સંક્લેશ અને (૨) દુઃખ ઉત્પાદનરૂપ બે પ્રકારની હિંસા છે; અને ઋજુસૂત્રનયની (૧) સંક્લેશરૂપ એક પ્રકારની જ હિંસા સંમત છે. એ પ્રકારે વ્યવસ્થિતિ હોવાને કારણે અને આત્મપરિણામરૂપ આત્મા જ સંક્લેશ છે એથી કરીને, આના મતમાં=ઋજુસૂત્રનયના મતમાં, "આત્મા જ હિંસા છે," એ પ્રકારની ઉક્તિમાં=એ પ્રકારના પૂ. મલયગિરિ મહારાજાના વચનમાં, દોષાભાવ છે. શબ્દનયોનો પણ આ જ મત છે="આત્મા જ હિંસા છે" આ જ મત છે. તેમાં હેતુ બતાવે છે - મૂલનિમાણં ઈત્યાદિ સંમતિના ગ્રંથ વડે કરીને તેઓના=શબ્દાદિ નયોના, ઋજુસૂત્રના વિસ્તારાત્મકપણાની વ્યવસ્થિતિ છે.**

उत्थान :-

સંમતિની સાક્ષીથી ઋજુસૂત્ર અને શબ્દાદિનયોનો એકમત છે તે બતાવીને, નિર્યુક્તિના કથનથી પણ તેને પુષ્ટ કરવા બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

विशेषिततर ..... अभिधानाच्च । વિશેષિતતર તદ્અર્થવત્ત્વનું જ=ઋજુસૂત્રનયના અર્થવત્ત્વનું જ, નિર્યુક્તિમાં અભિધાન છે.

ઉત્થાન :-

ઋજુસૂત્રનય કરતાં શબ્દાદિનયોના કથન પ્રમાણે વિશેષિતતર અર્થવત્ત્વ શું છે ? તે બતાવવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

प्राणातिपात ..... विवेचकाः । પ્રાણાતિપાત-નિવૃત્તિ-સ્વભાવમાં સમવસ્થિત એવા આત્મદ્રવ્યનો અન્યથાભાવ ઋજુસૂત્રનયના મતમાં હિંસા છે, અને તદ્ગુણનો=ક્ષમાદિગુણોનો, અન્યથાભાવ, શબ્દનયના મતમાં હિંસારૂપ છે, એ પ્રમાણે વિવેચકો અર્થાત્ ઋજુસૂત્ર અને શબ્દાદિનયના વિભાગને કરનારા, કહે છે.

मूलनिमाणं ..... बहुविगप्पा ।। સંમતિકાંડ-૧, ગાથા-૫નો અર્થ આ પ્રમાણે છે -

ઋજુસૂત્રના વચનવિચ્છેદો=વચનવિભાગો, પર્યાયનયનું મૂળ નિર્માણ છે=મૂળ આધારભૂત છે, વળી બહુવિકલ્પોવાળા શબ્દાદિનયો તેની શાખા-પ્રશાખારૂપ છે.

વિશેષાર્થ :-

"આત્મા જ હિંસા છે," એ પ્રમાણે જોકે શબ્દનયોનો મત છે, કેમ કે ઓઘવૃત્તિમાં કહ્યું છે કે, નૈગમનયના મતમાં જીવ-અજીવની હિંસા છે, સંગ્રહનય અને વ્યવહારનયના મતમાં છ જીવનિકાયમાં હિંસા છે અને ઋજુસૂત્રનયના મતમાં પ્રતિસ્વ=દરેક વ્યક્તિના, સ્વઘાત્યની=જેની હિંસા કરાય છે તેની, હિંસા છે. અર્થાત્ ઋજુસૂત્રનય પરકીય હિંસાને પોતાના મતે હિંસા તરીકે સ્વીકારતો નથી. જેમ પરકીય ધનને ઋજુસૂત્રનય ધન તરીકે કહેતો નથી. તેથી પ્રતિસ્વ=દરેક વ્યક્તિને આશ્રયીને, સ્વના ઘાત્યમાં તે વ્યક્તિ હિંસાનો વ્યવહાર કરે છે, પરંતુ અન્યના ઘાત્યમાં હિંસાનો પ્રયોગ કરતો નથી, કેમ કે ઋજુસૂત્રનયના મતમાં હિંસકના ભેદથી હિંસાનો ભેદ છે.

કહેવાનો આશય એ છે કે, ઋજુસૂત્રનયના મતમાં પરકીય હિંસા=બીજી વ્યક્તિ વડે કરાયેલી હિંસા, સ્વને હિંસાના ફળરૂપ કર્મબંધને કરાવતી નથી, તેથી તે નયના મતમાં હિંસકના ભેદથી હિંસાનો ભેદ સ્વીકારવામાં આવે છે અર્થાત્ જે હિંસક હોય તેનાથી કરાતી હિંસા જ સ્વની હિંસારૂપ છે, પરંતુ બીજી વ્યક્તિ હિંસા કરે છે તે હિંસાનું ફળ પોતાને મળતું નથી માટે પોતાના માટે હિંસારૂપ નથી. તેથી ઋજુસૂત્રનય પરની હિંસાને હિંસારૂપ કહેતો નથી અને શબ્દનયોના મતે સ્વાત્મામાં હિંસા છે. આથી ઋજુસૂત્રનયના મતે જેની હિંસા કરાય તે મરણ પામતા જીવમાં હિંસા છે અને શબ્દનયના મતે બીજાની હિંસા વખતે પણ જો પોતાના ભાવપ્રાણનો નાશ ન થાય તો હિંસા નથી, અને પોતાના ભાવપ્રાણનો નાશ થાય તો હિંસા છે. માટે આત્મામાં જ હિંસા પ્રાપ્ત થાય છે. તેથી જોકે આત્મા જ હિંસા છે, એ પ્રકારે શબ્દનયોનો મત છે, તો પણ ઓઘનિર્યુક્તિમાં કરેલ નયનું

પ્રદર્શન વિષયવિભાગથી છે, તેથી શબ્દનયથી આત્મા જ હિંસા છે એમ કહેલ છે. અને પૂ. મલયગિરિ મહારાજાએ જે કથન કર્યું, તેમાં હિંસાના સ્વરૂપના વિવેચનમાં નયવિભાગ છે. તેથી અન્યની હિંસા કરનાર એવા આત્મામાં પણ હિંસાનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે, કેમ કે હિંસાની ક્રિયા જેમ હિંસ્યમાં પ્રાપ્ત થાય છે, તેમ હિંસા કરનારના આત્મામાં પણ ઋજુસૂત્રનયથી હિંસાની ક્રિયા પ્રાપ્ત થાય છે, તેથી ઋજુસૂત્રનયથી પણ આત્મા હિંસા છે, તેમ કહેલ છે. તેથી ઓઘનિર્યુક્તિ પ્રમાણે જેનો ઘાત થાય છે, ત્યાં ઋજુસૂત્રનય પ્રમાણે હિંસા છે, અને પૂજ્ય મલયગિરિજી મહારાજના કથન પ્રમાણે હિંસા કરનાર વ્યક્તિમાં ઋજુસૂત્રનય પ્રમાણે હિંસાની પ્રાપ્તિ થાય છે. તે સામાન્યથી વિરોધી લાગવા છતાં દૃષ્ટિભેદ હોવાને કારણે વિરોધ નથી. તે આ રીતે -

ઓઘનિર્યુક્તિના કથનમાં કયા નયથી શેમાં હિંસા હોય છે, તે રૂપ હિંસાનો વિષય બતાવેલ છે, તેથી ઋજુસૂત્રનયથી હિંસ્ય વ્યક્તિમાં હિંસા પ્રાપ્ત થાય. જ્યારે પૂજ્ય મલયગિરિ મહારાજાએ જે કથન કર્યું, ત્યાં ક્યા નયથી હિંસાનું સ્વરૂપ શું છે, તેનું વિવેચન છે, તેથી ઋજુસૂત્રનયના મત પ્રમાણે પણ આત્મા જ હિંસા છે, તેમ પ્રાપ્ત થઈ શકે છે, તેથી કોઈ દોષ નથી. જ્યારે હિંસાનો વિષય બતાવનાર ઋજુસૂત્રનયના મતમાં જેની હિંસા કરાય છે તે હિંસાનો વિષય બને છે; અને શબ્દાદિનયોના મતમાં હિંસાનો વિષય આત્મા પોતે જ છે, તેથી આત્મા જ હિંસા છે, તેમ શબ્દાદિ નયો કહે છે.

હિંસાના સ્વરૂપના વિવેચનમાં નયવિભાગથી જોવામાં આવે તો ઋજુસૂત્રના મતે પણ આત્મા જ હિંસા છે, તે કેમ સિદ્ધ થઈ શકે તે બતાવતાં કહે છે -

હિંસાના સ્વરૂપના વિવેચનમાં (૧) સંક્લેશ, (૨) દુઃખોત્પાદન અને (૩) તત્પર્યાયના વિનાશના ભેદથી નૈગમ અને વ્યવહારનયના મતમાં ત્રણ પ્રકારની પણ હિંસા છે, અને સંગ્રહનયના મતમાં - (૧) સંક્લેશ અને (૨) દુઃખોત્પાદનરૂપ બે પ્રકારની હિંસા છે, અને ઋજુસૂત્રનયના મતમાં - (૧) સંક્લેશરૂપ એક પ્રકારની જ હિંસા સંમત છે. આ રીતે વ્યવસ્થિત હોવાથી, અને સંક્લેશ આત્મપરિણામરૂપ હોવાથી સંક્લેશ આત્મા છે, એથી કરીને, ઋજુસૂત્રનયના મતમાં "આત્મા જ હિંસા છે," એ પ્રકારના વચનમાં દોષનો અભાવ છે. તેથી પૂજ્ય મલયગિરિ મહારાજાએ ઋજુસૂત્રનયના મતમાં "આત્મા જ હિંસા છે" એ કથન કર્યું, તે સંગત છે.

અહીં વિશેષ એ છે કે, 'यद्यपि' થી જે કથન કર્યું, તેનાથી એ પ્રાપ્ત થયું કે, ઓઘનિર્યુક્તિના વચન પ્રમાણે શબ્દનયોના મતે આત્મા હિંસા છે એ સિદ્ધ થાય, પરંતુ ઋજુસૂત્રનયના મતમાં આત્મા હિંસા છે એ સિદ્ધ થાય નહિ. તો પણ ઓઘનિર્યુક્તિના વચનનું તાત્પર્ય નૈગમાદિ નયોના મતમાં હિંસાનો વિષય શું છે, તે બતાવવાનો છે, અને પૂજ્ય મલયગિરિ મહારાજાએ કહ્યું કે, ઋજુસૂત્રનયના મતમાં આત્મા હિંસા છે, ત્યાં હિંસાના સ્વરૂપના વિવેચનમાં નયવિભાગનું કથન છે, તેથી ભિન્ન ભિન્ન દૃષ્ટિ હોવાને કારણે કોઈ દોષ નથી. ત્યાં પ્રશ્ન થાય કે - આ રીતે ભિન્ન ભિન્ન દૃષ્ટિ હોવા છતાં ઋજુસૂત્રનયના મતે આત્મા જ હિંસા છે એવો અર્થ હિંસાના સ્વરૂપના વિવેચનમાં કઈ રીતે પ્રાપ્ત થાય, તે બતાવવા અર્થે કહે છે -

નૈગમનયની અને વ્યવહારનયની ત્રણ પ્રકારની પણ હિંસા છે અર્થાત્ ત્રણમાંથી એક પ્રકારની હિંસા માન્ય છે, પરંતુ આ બે નયોને ત્રણેય પ્રકારની પણ માન્ય છે, એમ अपि થી સમુચ્ચય કરવો છે. (૧) સંક્લેશરૂપ

અર્થાત્ કષાયના ઉદયથી પોતે સંક્લેશ કરે તે રૂપ કે બીજાને સંક્લેશ કરાવે તે રૂપ પોતે સંક્લેશ કરે, તે બંને પોતાના ભાવપ્રાણની હિંસારૂપ છે. અહીં અન્યને કષાયના ઉદ્રેકરૂપ સંક્લેશ પેદા કરાવે, તેમાં પોતે નિમિત્તરૂપ બનવાથી પોતાની તે નિમિત્ત થવાની ક્રિયા હિંસારૂપ છે, અને પોતે સંક્લેશ કરે તે ક્રિયા પણ હિંસારૂપ છે. (૨) પોતાને કે પરને દુઃખ ઉત્પાદન કરે તે હિંસારૂપ છે અને (૩) પોતાના કે પરના તે તે ભવરૂપ પર્યાયનો વિનાશ કરે તે રૂપ હિંસા છે. આથી જ લોચાદિ કષ્ટોમાં પોતાને દુઃખ ઉત્પન્ન થાય છે ત્યારે, જો તે શુભભાવનું કારણ ન બનતું હોય તો ત્યાં હિંસાની જ પ્રાપ્તિ થાય, તે દુઃખઉત્પાદનરૂપ હિંસા છે. અને જ્યારે આત્મા પોતાની કે પરની હત્યા કરે છે ત્યારે પોતાના કે પરના તે પર્યાયનો વિનાશ થાય છે, ત્યારે હિંસા પ્રાપ્ત થાય છે, તે તત્પર્યાય-વિનાશરૂપ હિંસા છે.

સંગ્રહનયના મનમાં સંક્લેશ અને દુઃખ ઉત્પાદનરૂપ બે પ્રકારની હિંસા છે. કેમ કે સંગ્રહનય દુઃખઉત્પાદનરૂપ અને તત્પર્યાયના નાશરૂપ હિંસાને એક રૂપે સંગૃહીત કરે છે, કેમ કે બંનેમાં અશાતાના ઉદયનું જ ફળ પ્રાપ્ત થાય છે. જ્યારે સંક્લેશ મોહનીયના ઉદયરૂપ હોવાથી એકરૂપે સંગૃહીત થઈ શકતો નથી. તેથી સંક્લેશ અને દુઃખઉત્પાદનરૂપ બે પ્રકારની હિંસા સંગ્રહનયના મતમાં છે.

ઋજુસૂત્રનયના મતમાં સંક્લેશરૂપ એક પ્રકારની જ હિંસા સંમત છે, કેમ કે જો દુઃખઉત્પાદનરૂપ હિંસા કહેવામાં આવે તો ગુમડાદિના છેદનમાં વૈદ્યથી કરાતી ક્રિયા હિંસારૂપ માનવાનો પ્રસંગ આવે. પરંતુ રોગીના ચિત્તમાં તે વખતે સંક્લેશ હોતો નથી, તેથી ત્યાં હિંસા નથી. આથી આ નયના મતે હિંસક વ્યક્તિ કોઈને મારે છે ત્યારે પણ, સામેની વ્યક્તિને છેદન-ભેદનકૃત પીડા થાય છે, તે હિંસા નથી; પરંતુ તે છેદન-ભેદનને કારણે હિંસ્ય વ્યક્તિને થતો ચિત્તનો સંક્લેશ જ હિંસા છે; અને હિંસકના હૈયામાં પણ સામેની વ્યક્તિને મારવાના પરિણામરૂપ જે ચિત્તસંક્લેશ છે, તે જ હિંસારૂપ છે. આ રીતે હિંસાની વ્યવસ્થા હોવાથી અને સંક્લેશ એ આત્મપરિણામરૂપ હોવાથી "આત્મા જ હિંસા છે," એ પ્રકારે ઋજુસૂત્રનય માને છે. એથી પૂ. મલયગિરિ મહારાજાના કથનમાં કોઈ દોષ નથી.

અહીં સંક્લેશ એ આત્મપરિણામરૂપ કેમ છે ? એ પ્રશ્ન થાય, કેમ કે સંક્લેશ એ શુદ્ધ આત્માનો પરિણામ નથી; પરંતુ મોહનીય કર્મના ઉદયકૃત તે પરિણામનું વેદન આત્માને થાય છે, તેથી તે આત્મપરિણામરૂપ છે, એમ કહેવામાં આવે તો, અશાતાવેદનીયકૃત દુઃખઉત્પાદનનો પરિણામ પણ આત્માને જ વેદન થાય છે, તેમ કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી તે પરિણામને પણ આત્મપરિણામરૂપ માનવો પડે. પરંતુ સંક્લેશ જ આત્મપરિણામરૂપ છે અન્ય નહિ, તેનું તાત્પર્ય એ છે કે, અશાતાકૃત દુઃખનો અનુભવ યદ્યપિ આત્મા કરે છે, તો પણ તે શરીરને આશ્રયીને જ અનુભવ થાય છે, તેથી શરીરનો ધર્મ કહેવાય છે; અને સંક્લેશ યદ્યપિ મોહનીય કર્મના ઉદયની અપેક્ષા રાખે છે, તો પણ ચિત્તને આશ્રયીને તે પરિણામ થાય છે, અને તેવું ચિત્ત આત્માના યત્નને આશ્રયીને થાય છે, તેથી આત્મપરિણામરૂપ મનાય છે. આથી જ આત્મા ધારે તો સંક્લેશના નિમિત્તમાં પણ સંક્લેશથી મુક્ત રહી શકે છે, પરંતુ શરીરના પરિણામરૂપ દુઃખને દૂર રાખવા પ્રયત્ન કરે તો પણ શરીર ઉપર છેદન-ભેદનની ક્રિયાકાળમાં તે પરિણામથી મુક્ત રહી શકતો નથી. આથી ઋજુસૂત્રનયના

મતમાં આત્મા જ હિંસા છે, એ પ્રમાણે કહેવામાં દોષનો અભાવ હોવાથી, પૂ. મલયગિરિ મહારાજાનું કથન ઋજુસૂત્રનયના મતે "આત્મા જ હિંસા છે," એ સંગત છે.

અહીં પ્રશ્ન થાય કે, ઋજુસૂત્રનયના મતમાં આત્મા જ હિંસા છે તો શબ્દનયોના મતમાં હિંસા પદાર્થ શું છે ? તેથી કહે છે કે - શબ્દનયોનો પણ આ જ મત છે અર્થાત્ આત્મા જ હિંસા છે એ મત છે, કેમ કે 'મૂલ નિમાણં' ઇત્યાદિ સંમતિના ગ્રંથથી શબ્દાદિ નયોની ઋજુસૂત્રનયના વિસ્તારાત્મકપણાની વ્યવસ્થિતિ છે. કહેવાનો આશય એ છે કે, ઋજુસૂત્રનયનો વિસ્તાર શબ્દાદિનયો હોવાને કારણે આત્મા જ હિંસા છે, એ શબ્દનયોને સંમત છે.

'મૂલનિમાણં' સંમતિકાંડ-૧/ગાથા-૫નો અર્થ પૂર્વમાં કર્યો કે, "ઋજુસૂત્રના વચનવિચ્છેદો= વચનવિભાગો, પર્યાયનયનું મૂળ નિર્માણ છે, વળી બહુવિકલ્પોવાળા શબ્દાદિ નયો તેની શાખાપ્રશાખારૂપ છે." તેનાથી એ પ્રાપ્ત થાય કે, પર્યાયનયના મૂલનિર્માણ=મૂળ આધારભૂત, ઋજુસૂત્રનય છે, અને વૃક્ષના મૂળમાંથી જેમ શાખા-પ્રશાખા નીકળે છે, તેમ ઋજુસૂત્રના કથનરૂપ મૂળમાંથી બહુવિકલ્પોવાળા શબ્દાદિનયો શાખા-પ્રશાખારૂપ નીકળે છે. તેથી ઋજુસૂત્રનયને સંમત એવી વસ્તુ કાંઈક વિશેષરૂપે શબ્દાદિનયો સ્વીકારે છે, એ અર્થ પ્રાપ્ત થાય. તેથી ઋજુસૂત્રનયના મતમાં જેમ આત્મા હિંસા છે, તેમ શબ્દાદિનયના મતમાં પણ આત્મા જ હિંસા છે, એમ પ્રાપ્ત થાય. કેવલ શબ્દાદિનયો ઋજુસૂત્રનય કરતાં વિશેષિતરૂપે સૂક્ષ્મ અર્થ બતાવે છે, જે ગ્રંથકાર સ્વયં જ આગળ કહે છે. આ રીતે સંમતિગ્રંથની સાક્ષીથી ઋજુસૂત્રનય અને શબ્દાદિનયનો એકમત છે, તે બતાવીને નિર્યુક્તિના કથનથી તેને પુષ્ટ કરવા બીજો હેતુ કહે છે -

ઋજુસૂત્રના વિશેષિતતર અર્થવત્ત્વનું જ નિર્યુક્તિમાં અભિધાન છે અર્થાત્ ઋજુસૂત્રનયના જ અભિપ્રાયને શબ્દાદિનયો વિશેષરૂપે સ્વીકારે છે, એમ નિર્યુક્તિમાં કહેલ છે.

ઋજુસૂત્રનય કરતાં શબ્દાદિનયોના કથન પ્રમાણે વિશેષિતતર અર્થવત્ત્વ શું છે, તે બતાવવા અર્થે કહે છે - પ્રાણાતિપાતનિવૃત્તિસ્વભાવમાં સમવસ્થિત એવા આત્મદ્રવ્યનો અન્યથાભાવ, ઋજુસૂત્રનયના મતમાં હિંસા છે; અર્થાત્ બાહ્યજીવની હિંસા કરવી એ હિંસા પદાર્થ નથી; પરંતુ બાહ્ય કોઈના પણ પ્રાણનો અતિપાત ન કરવો તેવો આત્માનો સ્વભાવ છે, અને તે સ્વભાવમાં સમવસ્થિત=રહેલા એવા, આત્મદ્રવ્યનો અન્યથાભાવ= અતિપાત કરવાનો ભાવ, તે હિંસા પદાર્થ છે. અને તે ત્યારે જ સંભવે કે, જ્યારે અન્ય કોઈ જીવના પ્રાણના અતિપાતમાં કાયાથી, વચનથી કે મનથી પ્રયત્ન થતો હોય. અને કદાચ મનથી પ્રાણના અતિપાતમાં સાક્ષાત્ યત્ન ન વર્તતો હોય તો પણ, કોઈપણ જીવના પ્રાણનો નાશ ન થાય તદ્અર્થે, મન-વચન અને કાયાની સૂક્ષ્મ યતના ન કરતો હોય ત્યારે, આત્મદ્રવ્યનો અન્યથાભાવ પ્રાપ્ત થાય છે, કેમ કે આત્મદ્રવ્ય સ્વભાવમાં હોય તો પરપ્રાણના અતિપાતના નિવારણ માટે શક્ય સર્વ યત્ન મન, વચન અને કાયામાં અવશ્ય કરે જ છે. આથી જ પરપ્રાણના રક્ષણમાં સૂક્ષ્મ યતનાથી સ્ખલિત એવા મુનિને ઋજુસૂત્રનયના મતમાં હિંસા પ્રાપ્ત થાય છે. વળી પરપ્રાણના સૂક્ષ્મ રક્ષણમાં યતમાન એવા મુનિ ઋજુસૂત્રનયના મતમાં અહિંસાવાળા હોવા છતાં, ક્ષમાદિભાવોની વૃદ્ધિ થાય તે રીતે ગુપ્તિમાં દૃઢયત્નવાળા ન હોય, અને કારણે સમિતિઓના પાલનમાં પણ ક્ષમાદિભાવોની

વૃદ્ધિ કરે તેવો ગુપ્તિનો ભાવ ન વર્તતો હોય, તો ક્ષમાદિ ગુણરૂપ આત્મદ્રવ્યનો અન્યથાભાવ ત્યાં પ્રાપ્ત થાય છે; અને તે શબ્દાદિનયોના મતમાં હિંસારૂપ છે, એ પ્રમાણે વિવેચકો કહે છે અર્થાત્ ઋજુસૂત્ર અને શબ્દાદિનયના વિભાગને કરનારા કહે છે.

અહીં વિશેષ એ છે કે, ક્ષમાદિ આત્માના ગુણો છે, તેથી જ્યારે આત્મા પ્રશસ્ત કષાયો કરે છે, ત્યારે પણ આત્માના ગુણોનો અન્યથાભાવ છે. આથી જ મોક્ષની ઇચ્છા પણ વીતરાગતારૂપ આત્મગુણના અન્યથાભાવરૂપ છે. તેથી ઋજુસૂત્રનયના મતે મોક્ષની ઈચ્છાના ઉપયોગકાળમાં હિંસા નહિ હોવા છતાં, શબ્દાદિનયોના મતે ક્ષમાદિ ગુણોનો અન્યથાભાવ હોવાથી ત્યાં હિંસા છે, અને જ્યારે મુનિ શુદ્ધ ઉપયોગમાં વર્તે છે ત્યારે શબ્દાદિનયોના મતે અહિંસા છે.

ઉત્થાન :-

પૂર્વે કહ્યું કે, પ્રજ્ઞાપનાસૂત્રમાં ક્રિયાના અધ્યવસાય-અનુરોધિત્વને આશ્રયીને સૂત્રો પ્રવર્તેલ છે, અને તે સૂત્રો બતાવીને પૂ. મલયગિરિ મહારાજાની વૃત્તિથી ક્રિયાનું અધ્યવસાય-અનુરોધીપણું બતાવ્યું, ત્યાં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે -

ટીકા :-

ननु यद्येवमध्यवसायानुरोधिन्येव क्रिया तदा कथं - "जीवे णं भंते ! नाणावरणिज्जं कम्मं बंधमाणे कइकिरिए? गो० सिय तीकिरिए सिय चउकिरिए सिय पंचकिरिए" **इत्यादिना (प्रज्ञा० द्वाविंशतितमे क्रियापदे सू० २८२) बन्धविशेषानुकूलहिंसासमाप्त्यभिधानं योगप्रद्वेषसाम्येन? यद्विवेचकाः तिसृभिश्च-तसृभिरथ पञ्चभिश्च हिंसा समाप्यते क्रमशः बन्धश्च विशिष्टः स्यात् योगप्रद्वेषसाम्यं चेदिति, (तत्र) त्रिक्रियता कायिक्यधिकरणिकीप्राद्वेषिकीभिः । कायिकी नाम हस्तादिव्यापारणम्, अधिकरणिकी= खड्गादिषु प्रगुणीकरणम्, प्राद्वेषिकी=मारयाम्येनमित्यशुभमनःसंप्रधारणम् । चतुःक्रियता कायिक्यधिक-रणिकीप्राद्वेषिकीपारितापनिकीभिः । पारितापनिकी नाम खड्गादिघातेन पीडाकरणम् । पञ्चक्रियता पञ्चम्याः संयोगे, सा च प्राणातिपातक्रिया जीवितादव्यपरोपणमिति । सत्यम्, योगप्रद्वेषसाम्येना-प्युपादानसामग्र्या एव संभृतत्वप्रतिपादनाद् बाह्यसंपत्तेरप्यकिञ्चित्करत्वात् । यच्चाव्युत्सृष्टप्राग्भवशरीरेण क्रियाभिधानं तदविरतिनिमित्तादुपचारमात्रम्, न बाह्यप्राधान्याक्षेपात् ।**

ટીકાર્થ :-

ननु ..... **योगप्रद्वेषसाम्येन? જો આ પ્રમાણે=પ્રજ્ઞાપનાના પાઠ પ્રમાણે, ક્રિયા અધ્યવસાયને અનુસરે જ છે, તો પ્રજ્ઞાપનાસૂત્રમાં ક્રિયા નામના પદમાં કહ્યું કે,** હે ભગવંત ! જ્ઞાનાવરણીય કર્મ બાંધતી વખતે કેટલી ક્રિયા હોય ? હે ગૌતમ ! ત્રણ ક્રિયા હોય, ચાર ક્રિયા હોય, પાંચ ક્રિયા હોય, **ઈત્યાદિ પાઠ વડે**

બંધવિશેષને અનુકૂળ હિંસાની સમાપ્તિનું અભિધાન યોગ અને પ્રદ્વેષના સામ્યથી કઈ રીતે કરેલ છે ? અર્થાત્ જો અધ્યવસાયને અનુસરનારી જ ક્રિયા હોય તો બંધવિશેષને અનુકૂળ હિંસાની સમાપ્તિનું અભિધાન યોગ-પ્રદ્વેષના સામ્યથી થઈ શકે નહિ.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે મૂળ સૂત્રમાં તો કહ્યું છે કે, હે ભગવંત ! જ્ઞાનાવરણીય કર્મને બાંધતા જીવ વડે કેટલી ક્રિયા હોય ? તેના ઉત્તરરૂપે ભગવાને કથંચિત્ ત્રણ ક્રિયા, કથંચિત્ ચાર ક્રિયા અને કથંચિત્ પાંચ ક્રિયા બતાવેલ છે. પરંતુ યોગ અને પ્રદ્વેષના સામ્યથી હિંસાની સમાપ્તિનું અભિધાન કરેલ નથી, તેથી કહે છે -

ટીકાર્થ :-

यद्विवेचकाः ..... चेदिति જે કારણથી વિવેચકો, જો યોગ-પ્રદ્વેષનું સામ્ય હોય તો ત્રણ, ચાર અથવા પાંચ વડે કરીને હિંસા સમાપ્ત કરાય છે અને ક્રમસર બંધ વિશિષ્ટ થાય છે, એ પ્રમાણે કહે છે -

✪ 'चेदिति' 'इति' શબ્દ છે તે तिसृभिः ..... चेत् સુધીના કથનનો પરામર્શક છે, અને 'इति' પછી 'आहुः' શબ્દ અધ્યાહાર છે 'इति विवेचका आहुः' આ પ્રમાણે અન્વય છે.

✪ 'तिसृभिश्चतसृभिरथ पञ्चभिश्च' અહીં 'अथ' શબ્દ 'वा'=અથવા, અર્થમાં છે.

ત્રિક્રિયતા શું છે તે બતાવતાં કહે છે -

(तत्र) त्रिक्रियता ..... प्राद्वेषिकीभिः । કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી વડે ત્રિક્રિયતા છે= હિંસાને અનુકૂળ કરાતું જીવનું જે કૃત્ય તે ત્રિક્રિય છે અર્થાત્ ત્રણ ક્રિયા જેને છે તે ત્રિક્રિય, અને તેનો ભાવ તે ત્રિક્રિયતા, અને હિંસાને અનુકૂળ કૃત્યમાં કાયિકી આદિ ત્રણ વડે ત્રિક્રિયતા થાય છે.

कायिकी ..... हस्तादिव्यापारणम्, કાયિકી ક્રિયા હસ્તાદિના વ્યાપારરૂપ છે.

अधिकरणिकी ..... प्रगुणीकरणम्, અધિકરણિકી ક્રિયા ખડ્ગાદિમાં પ્રગુણીકરણરૂપ છે.

प्राद्वेषिकी ..... संप्रधारणम् । પ્રાદ્વેષિકી ક્રિયા 'હું અને મારું' એ પ્રકારના અશુભ મનના સંપ્રધારણરૂપ છે અર્થાત્ અશુભ મનને પ્રવર્તાવવારૂપ છે.

चतुःक्रियता ..... पारितापनिकीभिः । ચતુષ્ક્રિયતા કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી ક્રિયાથી થાય છે.

पारितापनिकी ..... पीडाकरणम् । પારિતાપનિકી ક્રિયા એ ખડ્ગાદિના ઘાતથી પીડાકરણરૂપ છે.

पञ्चक्रियता ..... इति । પંચક્રિયતા પાંચમીના=પાંચમી ક્રિયાના, સંયોગમાં છે અર્થાત્ પૂર્વોક્ત ચાર પ્રકારની ક્રિયામાં પાંચમી ક્રિયાનો સંયોગ થાય ત્યારે હિંસાને અનુકૂળ કૃત્યમાં પંચક્રિયતા આવે છે. અને તે અર્થાત્ પાંચમી ક્રિયા=પ્રાણાતિપાત ક્રિયા, જીવિતથી વ્યપરોપણરૂપ છે. 'इति' શબ્દ વિવેચકોના કથનની સમાપ્તિઅર્થક છે.

વિશેષાર્થ :-

અહીં પ્રજ્ઞાપનાના પાઠમાં કહ્યું કે, જ્ઞાનાવરણીય કર્મ બાંધતાં જીવમાં કેટલી ક્રિયા હોય ? અને તેના ઉત્તરમાં ત્રણ આદિ ક્રિયા બતાવતાં હિંસાદિ ક્રિયાઓ જ બતાવી; પરંતુ વાસ્તવિક રીતે જ્ઞાનાવરણીય કર્મ દસમા ગુણસ્થાનક સુધી બંધાય છે. તેથી એમ ભાસે કે બીજાના પ્રાણ નાશ કરવારૂપ હિંસાદિની ક્રિયા અશાતાદિનું કારણ કહી શકાય, પરંતુ જ્ઞાનાવરણીયનું કારણ કઈ રીતે બની શકે ? અને વિશેષ જ્ઞાનાવરણીય પ્રત્યે તેને કારણ કહીએ તો કર્મગ્રંથ આદિમાં જ્ઞાનની આશાતનાદિ કારણ કહેલ છે, પરંતુ હિંસાદિ નહિ, તેથી પ્રસ્તુતમાં કહેવાનું શું તાત્પર્ય છે ? તેનો ભાવ એ છે કે, જ્ઞાનની વિકૃતિ મોહથી થાય છે, તેથી દસમા ગુણસ્થાનક સુધી મોહના ઉદયથી યત્કિંચિત્ જ્ઞાનની વિકૃતિ હોય છે, તેથી અવશ્ય જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. અને જ્ઞાનાદિની આશાતના વિશેષ જ્ઞાનાવરણીયના બંધનું કારણ બને છે, તેથી જન્માંતરમાં અતિમૂર્ખતાદિ દોષોની પ્રાપ્તિ થાય છે. અને જીવના સ્વભાવની પ્રાપ્તિના કારણભૂત પાંચ મહાવ્રતો છે, તેથી તેમાં કરાતો યત્ન એ જ્ઞાનાવરણીય કર્મના બંધનું કારણ નથી, આમ છતાં અપ્રમત્ત મુનિને પણ જે કાંઈ જ્ઞાનાવરણીય બંધાય છે, તે મોહના ઉદયના લેશકૃત છે; અને અહિંસાદિમાં કરાતો અપ્રમત્ત મુનિનો જે યત્ન છે, તે ધીરે ધીરે મોહના નાશનું કારણ બને છે, તેથી તેમની ક્રિયા જ્ઞાનાવરણીય કર્મના બંધનું કારણ નથી તેવી વિવક્ષા કરેલ છે. અને તેનાથી વિપરીત અર્થાત્ પાંચ મહાવ્રતોથી વિપરીત એવી હિંસાદિની પ્રવૃત્તિ એ આત્માના જ્ઞાનની વિકૃતિરૂપ છે, તેથી તે જ્ઞાનાવરણીય કર્મના બંધ પ્રત્યે કારણ છે. અને તે હિંસાની ક્રિયા જ સ્પષ્ટરૂપે અતિશય વિકૃતિનું કારણ બને તેવા સ્થાનને ગ્રહણ કરીને પ્રસ્તુતમાં ત્રણ આદિ ક્રિયાઓથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, તેમ કહેલ છે.

'**योगप्रद्वेषसाम्यं**' યોગ-પ્રદ્વેષનું સામ્ય કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, ત્રણ ક્રિયામાં જેટલો યોગ અને પ્રદ્વેષ હોય તેટલો જ ચાર કે પાંચ ક્રિયામાં હોય તો બંધ વિશિષ્ટ-વિશિષ્ટતર થાય છે, અને જો યોગ-પ્રદ્વેષનું વિષમપણું હોય તો પાંચ ક્રિયા કરતાં ત્રણ ક્રિયામાં યોગ-પ્રદ્વેષની અધિકતાને કારણે અધિક બંધ સંભવી શકે. તેથી જે વ્યક્તિનો વીર્યવ્યાપારરૂપ યોગ, અને અધ્યવસાયરૂપ પ્રદ્વેષ, સમાન હોય તેવી વ્યક્તિમાં ત્રણ ક્રિયા કરનાર કરતાં ચાર ક્રિયા કરનાર અધિક કર્મબંધ કરે છે, અને પાંચ ક્રિયા કરનાર તેનાથી અધિક કર્મબંધ કરે છે. અને આ કથનથી એ પ્રાપ્ત થાય છે કે, કર્મબંધ પ્રત્યે કેવલ યોગ-પ્રદ્વેષરૂપ અધ્યવસાય જ કારણ નથી, પરંતુ બાહ્ય આચરણા પણ કારણ છે. તેથી શંકાકારનું કહેવું છે કે પ્રાણાતિપાતિકી ક્રિયા એ માત્ર અધ્યવસાયને અનુસરનારી નથી, પરંતુ બાહ્ય આચરણા અને અધ્યવસાય બંનેને અનુસરનારી છે.

'**यद्विवेचकाः**' અહીં વિશેષ એ છે કે, બંધવિશેષને અનુકૂળ હિંસાની સમાપ્તિનું કથન ત્રણ, ચાર કે પાંચ ક્રિયાથી કહ્યું, પરંતુ એક કે બે ક્રિયાથી ન કહ્યું, તેનું કારણ એ છે કે, યદ્યપિ નિશ્ચયનયથી તો હસ્તાદિનો વ્યાપાર ન હોય તો પણ પરિણામથી હિંસાકૃત કર્મ બંધાય છે; આમ છતાં વ્યવહારમાં હિંસાને અનુકૂળ કાંઈક કાયચેષ્ટા હોતે છતે જ પરિણામ હોય ત્યારે હિંસા મનાય છે. તેથી જ જે વ્યક્તિને મારવાનો પરિણામ થાય છે, તે વ્યક્તિ મારવા માટે અનુકૂળ મારવાનાં સાધનોમાં હસ્તાદિનો વ્યાપાર કરે, અને મારવાનાં સાધનો

મારવાને અનુકૂળ તૈયાર કરે; પરંતુ સામેની વ્યક્તિને કાંઈપણ પીડા કરી શકે તેવું ન હોય ત્યારે ત્રણ ક્રિયાથી જ હિંસા સમાપ્ત થાય છે. જ્યારે કોઈક વ્યક્તિ મારવાને અનુકૂળ કાંઈક યત્ન પણ કરે, પરંતુ સામેની વ્યક્તિને મારી નાંખવા માટે સમર્થ ન બને ત્યારે ચાર પ્રકારની ક્રિયાથી હિંસાની ક્રિયા સમાપ્ત થાય છે. જ્યારે કોઈક વ્યક્તિ સામેની વ્યક્તિનો જીવિતથી નાશ કરે છે, ત્યારે તે હિંસાની ક્રિયા પાંચ ક્રિયાથી સમાપ્ત થાય છે.

વ્યવહારની દૃષ્ટિએ ત્રણ આદિ ક્રિયાઓથી હિંસા કરવામાં પ્રવર્તતી વ્યક્તિઓને યોગ-પ્રદ્વેષ સમાન વર્તતો હોય, અર્થાત્ મારવાને અનુકૂળ અધ્યવસાય અને મારવાને અનુકૂળ વીર્યવ્યાપાર સમાન વર્તતો હોય, તો પણ ત્રણ ક્રિયા કરનાર કરતાં ચાર ક્રિયા કરનારને વિશેષ બંધ થાય છે, અને ચાર ક્રિયા કરનાર કરતાં પાંચ ક્રિયા કરનારને વિશેષતર બંધ થાય છે, એમ વ્યવહારનય કહે છે. જ્યારે નિશ્ચયનય તો પરિણામના ભેદથી જ બંધની વિશેષતાને માને છે.

ઉત્થાન :-

'ननु' થી જે પૂર્વપક્ષીએ શંકા કરી તેનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

'सत्यं', તારી વાત સાચી છે -

વિશેષાર્થ :-

ત્રણ, ચાર કે પાંચ પ્રકારની ક્રિયા કરનાર ત્રણે વ્યક્તિમાં જો યોગ અને પ્રદ્વેષ સમાનરૂપે હોય અને ત્રણ કરતાં ચાર કે પાંચ ક્રિયાને કારણે જ વિશેષ-વિશેષતર બંધ સ્વીકારવામાં આવે, તો સ્વીકારવું પડે કે અધ્યવસાય અને બાહ્યક્રિયા ઉભયને અનુરૂપ કર્મબંધ થાય છે, પરંતુ ફક્ત અધ્યવસાયને અનુરૂપ નહિ. પરંતુ પ્રજ્ઞાપનાના તે કથનનું તાત્પર્ય તે પ્રકારનું નથી પરંતુ અન્ય પ્રકારનું છે; માટે તારી વાત સાચી છે, એ કથન અર્ધસ્વીકારમાં છે.

ઉત્થાન :-

પ્રજ્ઞાપનાના તે પદથી બાહ્યક્રિયા કર્મબંધ પ્રત્યે કારણ કેમ નથી, તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

योगप्रद्वेष ..... अकिञ्चित्करत्वात् । યોગ-પ્રદ્વેષના સામ્યથી પણ ઉપાદાનસામગ્રીનું જ સંભૃતપણું પ્રતિપાદન હોવાથી અર્થાત્ પ્રજ્ઞાપનાસૂત્રના વિવેચનમાં યોગ-પ્રદ્વેષના સામ્યથી પણ ઉપાદાનસામગ્રીના સંભૃતપણાનું પ્રતિપાદન હોવાથી, બાહ્યસંપત્તિનું પણ અકિંચિત્કરપણું છે.

✪ 'योगप्रद्वेषसाम्येनापि' અહીં 'अपि' શબ્દ છે તેનો અર્થ એ છે કે, ત્રણ, ચાર કે પાંચ ક્રિયાથી અધિક કર્મબંધ થાય છે તેમ કહ્યું, તેનાથી પણ, ઉપાદાન સામગ્રીના ઉત્તરોત્તર અધિક, અધિકતર સંભૃતપણાનું પ્રતિપાદન કરેલ છે, તેમ યોગ-પ્રદ્વેષના સામ્યથી પણ ઉપાદાન સામગ્રીના જ સંભૃતપણાનું પ્રતિપાદન કરેલ છે.

✪ 'बाह्यसंपत्तेरपि' અહીં 'अपि' શબ્દ છે, તેનો અર્થ એ છે કે, યોગ-પ્રદ્વેષનું સામ્ય પણ ઉપાદાન સામગ્રીને સંભૃત=એકઠી કરીને, કર્મબંધ પ્રત્યે અકિંચિત્કર છે, તેમ બાહ્યસંપત્તિ પણ કર્મબંધ પ્રત્યે અકિંચિત્કર છે.

✪ અહીં યોગ-પ્રદ્વેષમાં 'યોગ' શબ્દથી બાહ્યક્રિયાઓ ગ્રહણ કરવાની નથી, પરંતુ અંતરંગ ભાવયોગ-વીર્યવ્યાપાર ગ્રહણ કરવાનો છે, જે જીવના અંતરંગ પરિણામરૂપ છે; અને પ્રદ્વેષ શબ્દથી અંતરંગ કાષાયિકભાવ ગ્રહણ કરવાનો છે.

વિશેષાર્થ :-

કોઈ જીવ હિંસાની ત્રણ ક્રિયા, ચાર ક્રિયા કે પાંચ ક્રિયા કરતો હોય, ત્યારે તે ક્રિયામાં વીર્યવ્યાપારરૂપ યોગ સમાન વર્તતો હોય અને ઘાત્ય વ્યક્તિ પ્રત્યે દ્વેષભાવ સમાન વર્તતો હોય, તો ત્યાં યોગ-પ્રદ્વેષનું સામ્ય છે; અને તે યોગ-પ્રદ્વેષ સામ્યથી ઘાત કરનાર વ્યક્તિરૂપ ઉપાદાન સામગ્રી, સંભૃત બને છે=કર્મબંધને અનુકૂળ અધ્યવસાયયુક્ત બને છે; અને ત્રણ, ચાર, પાંચ ક્રિયા કરનારમાં તે યોગ-પ્રદ્વેષ સમાન વર્તતો હોય તો પણ જે જીવ ત્રણ ક્રિયા કરે છે, તે જીવના અધ્યવસાયમાં એ પરિણામ હોય છે કે, હું મારા શત્રુને કાંઈ કરી શક્યો નથી, એ કૃત અસંતોષ તે જીવને હોય છે; જ્યારે ચાર ક્રિયા કરનાર જીવના અધ્યવસાયમાં એ પરિણામ થાય છે કે, હું મારા શત્રુને પીડા ઉત્પન્ન કરી શક્યો છું, એ કૃત તે જીવને સંતોષ હોય છે; અને પાંચ ક્રિયા કરનાર જીવના અધ્યવસાયમાં એ પરિણામ હોય છે કે, હું મારા શત્રુનો નાશ કરી શક્યો છું, એ કૃત તે જીવને સંતોષ હોય છે. તેથી ત્રણ, ચાર કે પાંચ ક્રિયા કરનાર જીવના યોગ-પ્રદ્વેષ સમાન હોવા છતાં અસંતોષ અને સંતોષકૃત ઉપાદાન સામગ્રીમાં અતિશયતા પ્રાપ્ત થાય છે=કર્મબંધને અનુકૂળ અધ્યવસાયમાં અતિશયતા થાય છે. અને તેના પ્રમાણે કર્મબંધમાં ત્રણ ક્રિયા કરનાર કરતાં ચાર ક્રિયા કરનારને અને ચાર ક્રિયા કરનાર કરતાં પાંચ ક્રિયા કરનારને અધિક કર્મબંધ થાય છે, એમ બતાવવા અર્થે પ્રજ્ઞાપનાસૂત્રનું કથન છે; પરંતુ હિંસાની બાહ્ય ક્રિયા થઈ તેના કારણે કર્મબંધમાં અતિશયતા પ્રાપ્ત થઈ તેમ બતાવવું નથી. કેમ કે, તેમ સ્વીકારીએ તો અપ્રમત્ત મુનિ જ્યારે સંયમમાં યત્ન કરે છે ત્યારે, કોઈક અપ્રમત્ત મુનિના યત્નકાળમાં હિંસા થાય છે અને કોઈક અપ્રમત્ત મુનિના યત્નકાળમાં હિંસા થતી નથી, આમ છતાં તે બંનેને કર્મબંધમાં હિંસાકૃત કોઈ ભેદ નથી, કેમ કે બાહ્યહિંસાથી તેનો આત્મા સંભૃત થયો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે, યોગ-પ્રદ્વેષ અને બાહ્યક્રિયા ઉપાદાન સામગ્રીને સંભૃત કરીને જ કર્મબંધ પ્રત્યે કારણ બને છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, યોગ-પ્રદ્વેષના સામ્યથી પણ ઉપાદાન સામગ્રીનું સંભૃતપણું પ્રતિપાદન હોવાને કારણે બાહ્ય સંપત્તિનું અકિંચિત્કરપણું છે; ત્યાં કોઈને પ્રશ્ન થાય કે, જે વ્યક્તિએ પોતાનું શરીર વોસિરાવ્યું ન હોય તે શરીરથી બીજો જીવ હિંસા કરે છે, તેથી મરનારના શરીરથી જે હિંસા થાય છે, તેનાથી મરનારને પ્રાણાતિપાતક્રિયાની પ્રાપ્તિ વ્યવહારનયથી થાય છે; અને તેના શરીરથી બીજા કોઈ જીવે હિંસા ન કરી હોય તો તત્શરીરકૃત પ્રાણાતિપાતક્રિયા તેને પ્રાપ્ત થતી નથી, એ પ્રકારનું જે શાસ્ત્રવચન છે, તેનાથી બાહ્યક્રિયાની પ્રાપ્તિ પણ જ્ઞાનાવરણીય આદિ કર્મબંધ પ્રત્યે કારણ છે, એ અર્થ પ્રાપ્ત થાય. તે શંકાના નિવારણ માટે કહે છે -

ટીકાર્થ :-

यच्च ..... बाह्यप्राधान्याक्षेपात् । અને જે અવ્યુત્સૃષ્ટ=નહિ વોસિરાવેલા, પૂર્વભવના શરીર વડે કરીને ક્રિયાનું અભિધાન છે, તે તદ્ અવિરતિના નિમિત્તથી અર્થાત્ તે જીવમાં વર્તતી પૂર્વભવના શરીર સાથેના સંબંધના પરિણામરૂપ અવિરતિના નિમિત્તથી ઉપચારમાત્ર છે, બાહ્યપ્રાધાન્યના આક્ષેપથી નહિ. અર્થાત્ કર્મબંધ પ્રત્યે બાહ્યક્રિયાનું પ્રાધાન્ય છે એ પ્રકારના આક્ષેપને કારણે અર્થાત્ ગ્રહણના કારણે પ્રાણાતિપાત ક્રિયાનું અભિધાન નથી; પરંતુ મરનાર જીવે શરીરને નહિ વોસિરાવેલું હોવાને કારણે જે અવિરતિનો પરિણામ વર્તે છે, તેમાં તેના નહિ વોસિરાવેલા શરીરથી થતી હિંસારૂપ ક્રિયાનો ઉપચાર કરીને કહેલ છે.

વિશેષાર્થ :-

કોઈક જીવે પૂર્વભવના શરીરને વોસિરાવ્યું ન હોય તો તે જીવમાં અવિરતિનો પરિણામ રહે છે, તેથી અવિરતિના નિમિત્તથી તે જીવને કર્મબંધ થાય છે. અને તે અવિરતિનો પરિણામ અધ્યવસાયરૂપ છે, માટે અધ્યવસાયથી જ કર્મ બંધાય છે, એ પ્રકારની વ્યાપ્તિ છે. તેથી પૂર્વભવનું તે શરીર વોસિરાવેલું નહિ હોવાને કારણે તત્શરીરવિષયક અવિરતિના અધ્યવસાયથી કર્મ બંધાય છે, આમ છતાં તે શરીરથી કોઈ અન્ય જીવ હિંસા કરે તો તે હિંસાનો ઉપચાર તે જીવના અવિરતિના અધ્યવસાયમાં કરીને તેના શરીરથી થતી હિંસાનું પાપ તેને લાગે છે, એ પ્રકારનું વ્યવહારનયનું કથન છે. તેથી કર્મબંધ પ્રત્યે પ્રધાનપણે અવિરતિનો અધ્યવસાય કારણ છે, પરંતુ પૂર્વના નહિ વોસિરાવેલા શરીરથી થતી હિંસા કર્મબંધમાં પ્રધાનપણે કારણ નથી. હિંસા ન થાય તો પણ અવિરતિથી કર્મ બંધાય છે, આમ છતાં મારા નહિ વોસિરાવેલા શરીરથી આવી કોઈ હિંસા થઈ શકે તેવી સંભાવના હોવા છતાં, તે શરીરને વોસિરાવવામાં ન આવે તો મારા અધ્યવસાય સાથે તે શરીરથી થતી હિંસાને પણ સંબંધ છે, તે બતાવવા અર્થે વ્યવહારનયે તે ક્રિયાનો ઉપચાર કરેલ છે. અને વ્યવહારનય માને છે કે જ્યારે તે શરીરથી હિંસા થાય ત્યારે કર્મબંધ થાય છે અને તે શરીરથી હિંસા ન થાય ત્યારે અવિરતિકૃત કર્મબંધ હોવા છતાં હિંસાકૃત કર્મબંધ નથી.

અહીં આ પ્રકારનું ઉપચારનું પ્રયોજન એ છે કે, જેમ કોઈ જીવે સંસારના આરંભ-સમારંભના ત્યાગનું પચ્ચક્ખાણ ન કર્યું હોય, અને આરંભ-સમારંભ ન કરતો હોય ત્યારે, આરંભ-સમારંભ કરતી વખતે જેવો અધ્યવસાય હોય છે તેવો અધ્યવસાય નહિ હોવા છતાં, આરંભ-સમારંભની વિરતિનો અધ્યવસાય પણ નથી, તેથી અવિરતિકૃત પાપ ત્યાં લાગે છે. તેથી જ કોઈક સંયોગ પ્રાપ્ત થાય તો પોતે આરંભ-સમારંભ કરે, તેવી પરિણતિ વિદ્યમાન છે, તે જ અવિરતિરૂપ પરિણતિ છે. તેમ પ્રસ્તુતમાં પોતાના નહિ વોસિરાવેલા શરીરથી કોઈક હિંસાદિની ક્રિયા થાય તેવી સંભાવના હોવા છતાં, તે હિંસામાં પોતાના સંબંધને તોડવા અર્થે વોસિરાવવાની ક્રિયા કે સંબંધ તોડવાના અધ્યવસાય માટેની યતનામાં તે વ્યક્તિનો પ્રયત્ન નથી. તેથી કર્મબંધને અટકાવવા માટેની સમ્યગ્ યતનામાં તે વ્યક્તિના પ્રયત્નના અભાવકૃત અધ્યવસાયથી તેને કર્મબંધ થાય છે, તે બતાવવા અર્થે ઉપચાર કરેલ છે.

અહીં સંક્ષેપથી એ કહેવું છે કે, નહિ વોસિરાવેલા પૂર્વભવના શરીર સાથે સંબંધની બુદ્ધિ અવ્યક્ત વાસનારૂપે જીવમાં પડેલી છે, અને તેને વોસિરાવવાની ક્રિયા કરીને તોડવામાં આવેલી નહિ હોવાથી તે વાસના અવ્યક્તરૂપે પડેલી છે. તેથી તે શરીરથી અન્ય વ્યક્તિ વડે કરાતી હિંસા સાથે પોતાને સંબંધની પ્રાપ્તિ થાય છે, તેથી ત્યાં કર્મબંધ થાય છે.

અહીં પૂર્વભવના શરીરથી થતા હિંસાકૃત કર્મબંધમાં કારણ જીવનો સંવાસાનુમતિસ્થાનીય હિંસાકરણનો પરિણામ છે. જેમ સંવાસાનુમતિમાં પુત્રના કૃત્યોમાં આશંસાનુમતિ નથી, છતાં સ્નેહને કારણે તેના પાપકૃત્યમાં અનુમોદનાની પ્રાપ્તિ થાય છે; તેમ પોતાનું પૂર્વભવનું શરીર મારું શરીર છે, તે પ્રકારની અવિરતિની બુદ્ધિના કારણે, અન્ય જીવ તેના શરીરથી હિંસા કરે છે ત્યારે, સંબંધની બુદ્ધિથી હિંસાનું પાપ લાગે છે. તેથી આ શરીરથી જ્યારે હિંસા થતી હોય ત્યારે જેવા પ્રકારના કરણનો અધ્યવસાય છે, તેના જેવો તે હિંસાકરણનો અધ્યવસાય પૂર્વભવના શરીરથી થતો નથી, પરંતુ તેના કરતાં વિલક્ષણ અધ્યવસાય થાય છે. આથી જ આશંસાનુમતિ કરતાં સંવાસાનુમતિમાં જેમ ભેદ છે, તેમ આ શરીરથી થતી હિંસા કરતાં પૂર્વભવના શરીરથી થતી હિંસામાં ભેદ છે.

અહીં વિશેષ એ છે કે, પૂર્વભવના શરીરને વોસિરાવવાની ક્રિયા એ શ્રુતના સંકલ્પરૂપ છે, અને તે ક્રિયા કર્યા પછી જેમને એ પદાર્થો પ્રત્યેના પ્રતિબંધો છૂટી જાય છે, તેમને જ ભાવથી વિરતિનો પરિણામ આવી શકે, અને તે વિવેકસંપન્ન વ્યક્તિને સંભવી શકે છે. તો પણ સામાન્યથી મેં પૂર્વભવના શરીરને વોસિરાવેલ છે, તેવી બુદ્ધિ થાય છે, તે શુભ પરિણામરૂપ છે; અને તેનાથી પણ વિરતિનો પરિણામ ન હોવા છતાં વિરતિને અભિમુખ ભાવ થાય છે. કેવળ જે વ્યક્તિને વિરતિ અત્યંત ઉપાદેય લાગે છે અને તેથી સર્વવિરતિની વાંછા છે, તેવી વ્યક્તિ જે કાંઈ વિરતિનું પ્રત્યાખ્યાન કરે છે, તે વ્યક્તિને વિરતિનો પરિણામ કે વિરતિને અભિમુખભાવ પ્રગટે છે. પરંતુ કોઈ જાતના બોધ વગર માત્ર અનુષ્ઠાનરૂપ વોસિરાવવાની ક્રિયા જેઓ કરે છે, તેઓને હું કાંઈક શુભ અનુષ્ઠાન કરું છું, એ પ્રકારની શુભ લેશ્યારૂપ પરિણતિ હોઈ શકે, પરંતુ વિરતિને અભિમુખભાવ હોવાની સંભાવના ઓછી રહે છે.

ટીકા :-

तदुक्तम् - (प्रज्ञापनावृत्तौ)

ननु नारकस्य द्वीन्द्रियानधिकृत्य कथं कायिक्यादिक्रियासंभवः? उच्यते, इह नारकेण यस्मात्पूर्वभव-शरीरं न व्युत्सृष्टं विवेकाभावात्, तदभावश्च भवप्रत्ययात्, ततो यावत् तच्छरीरं तेन जीवेन निर्वर्तितं सत् तं शरीरपरिणामं सर्वथा न परित्यजति तावद्देशतोऽपि तं परिणामं भजमानं पूर्वभावप्रज्ञापनया तस्येति व्यपदिश्यते घृतघटवत् । यथा घृतपूर्णो घटो घृतेऽपगतेऽपि घृतघट इति व्यपदिश्यते, तथा तदपि शरीरं तेन निर्वर्तितमिति तस्येति व्यपदेशमर्हति । ततस्तस्यं शरीरस्यैकदेशेनास्थ्यादिना योऽन्यः प्राणातिपातं करोति, ततः पूर्वनिर्वर्तितशरीरजीवोऽपि कायिक्यादिक्रियाभिर्युज्यते, तेन तस्याव्युत्सृष्टत्वात् । तत्रेयं पञ्चानामपि क्रियाणां

भावना-तत्कायस्य व्याप्रियमाणत्वात्कायिकी, कायोऽधिकरणमपि भवतीत्युक्तं प्राक्, ततोऽधिकरणिकी । प्राद्वेषिक्यादयस्त्वेवं-यदा तमेव शरीरैकदेशमभिघातादिसमर्थमन्यः कश्चनापि प्राणातिपातोद्यतो दृष्ट्वा तस्मिन् घात्ये द्वीन्द्रियादौ समुत्पन्नक्रोधादिकारणोऽभिघातादिसमर्थं शस्त्रमिदमिष्टमिति चिन्तयन्नतीवक्रोधादिपरिणामं भजते, पीडां चोत्पादयति, जीविताच्च व्यपरोपयति, तदा तत्संबन्धिप्राद्वेषिक्यादिक्रियाकारणत्वान्नैगमनयाभिप्रायेण तस्यापि प्राद्वेषिकी, पारितापनिकी, प्राणातिपातक्रिया चेति ।

टीकार्थ :-

अव्युत्सृष्ट प्राग्भव शरीरथी जे क्रियाभिधान प्रज्ञापनावृत्तिमां छे ते कहे छे -

'ननु' बेઇંद्रियादि જીवोने आश्रयीने नारકोने કાયિકાદિ ક્રિયાનો કેવી રીતે સંભવ છે ?

કહેવાય છે - જે કારણથી વિવેકાભાવને કારણે અહીં=સંસારમાં, નારકી વડે પૂર્વભવનું શરીર વોસિરાવ્યું નથી તે કારણથી, તે જીવ વડે અર્થાત્ નારકીના પૂર્વભવના જીવ વડે, બનાવાયું છતું તે શરીર શરીરપરિણામનો જ્યાં સુધી સર્વથા ત્યાગ કરતું નથી, ત્યાં સુધી દેશથી પણ તે પરિણામને ભજતું (તે શરીર), પૂર્વભાવપ્રજ્ઞાપનાથી ઘીના ઘડાની જેમ તેનું=તે નારકીના જીવનું, એ પ્રમાણે વ્યપદેશ કરાય છે, અને તેનો અભાવ અર્થાત્ વિવેકનો અભાવ=નારકીના જીવોને ભવપ્રત્યયથી છે.

विशेषार्थ :-

અહીં પ્રશ્ન થાય કે, નારકીમાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ લઈને જનારા હોય છે અને નારકીમાં પણ નવું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે, તો ત્યાં ભવપ્રત્યય વિવેકાભાવ કેમ કહ્યો ?

તેનો ઉત્તર એ છે કે - નારકીમાં સમ્યક્ત્વરૂપ વિવેક હોવા છતાં વિરતિકૃત વિવેક નથી. આથી જ પૂર્વભવના શરીરને વોસિરાવવાના અધ્યવસાયરૂપ વિરતિનો પરિણામ નારકીના જીવોને થતો નથી. તેથી પૂર્વભવના શરીરને આશ્રયીને બેઇન્દ્રિયાદિ જીવોની કાયિક ક્રિયાનો તેઓને સંભવ છે.

उत्थान :-

પૂર્વભાવપ્રજ્ઞાપનાથી પૂર્વભવના શરીરને નારકીના શરીર તરીકે વ્યપદેશ કેવી રીતે થાય, તે બતાવે છે -

टीकार्थ :-

જેમ ઘીથી ભરેલો ઘડો ઘી ન હોવા છતાં પણ ઘૃતઘટ એ પ્રમાણે વ્યપદેશ કરાય છે, તે પ્રમાણે તે પણ શરીર=નારકીના પૂર્વભવનું પણ શરીર, તેના વડે=નારકીના જીવ વડે, બનાવાયેલું છે, એથી કરીને તેનું=નારકીના જીવનું, એ પ્રકારે વ્યપદેશને યોગ્ય છે.

તેથી તેના શરીરના=પૂર્વભવના તેના શરીરના, એકદેશરૂપ અસ્થિ આદિથી જે અન્ય જીવ પ્રાણાતિપાત કરે છે, તેઓથી પૂર્વે બનાવાયેલા શરીરવાળો (નારકીનો) જીવ પણ કાયિકી આદિ ક્રિયા વડે જોડાય છે. કેમ કે તેના વડે=નારકી વડે, તે શરીરને=પૂર્વભવના તે શરીરને, વોસિરાવેલું નથી.

તેમાં આ પાંચે પણ ક્રિયાઓની ભાવના આ પ્રમાણે -

તે કાયાનું=નારકીના પૂર્વભવના શરીરનું, હિંસામાં વ્યાપ્રિયમાણપણું હોવાથી=વ્યાપારપણું હોવાથી, કાયિકી ક્રિયા છે, કાયા અધિકરણ પણ થાય છે એ પ્રમાણે આગળ કહેવાયેલું છે. તેથી અધિકરણિકી ક્રિયા છે.

પ્રાદ્વેષિકી આદિ ક્રિયા આ પ્રમાણે છે -

જ્યારે અન્ય કોઈ પ્રાણાતિપાત કરવામાં ઉદ્યત એવો જીવ, અભિઘાતાદિમાં સમર્થ એવા તે જ શરીરના એક દેશને જોઈને=જે નારકી આદિના જીવે પૂર્વભવમાં પોતાનું શરીર વોસિરાવેલ નથી, તે જ શરીરના એક દેશને જોઈને, ઘાત્ય એવા બેઇંદ્રિયાદિમાં ઉત્પન્ન થયેલા, ક્રોધાદિના કારણવાળો, અભિઘાતાદિ માટે સમર્થ એવું આ શસ્ત્ર ઈષ્ટ છે એ પ્રમાણે ચિંતવન કરતો, અત્યંત ક્રોધાદિ પરિણામને ભજે છે અને પીડા ઉત્પન્ન કરે છે અને જીવિતથી વ્યપરોપણ કરે છે, ત્યારે તત્સંબંધી=મારનાર જીવ સંબંધી (હિંસા કરનાર સંબંધી) પ્રાદ્વેષિકી આદિ ક્રિયાનું કારણપણું હોવાથી=નારકીના પૂર્વભવના જીવના શરીરનું કારણપણું હોવાથી, નૈગમનયના અભિપ્રાય વડે તેની પણ=નારકીના જીવની પણ, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાત ક્રિયા છે. 'इति' શબ્દ પ્રજ્ઞાપનાના પાઠના કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

'नैगमनयाभिप्रायेण' - નૈગમનય દૂર દૂરવર્તી કારણને પણ કારણરૂપે સ્વીકારે છે, જેમ પ્રસ્થક માટે કુહાડો લઈને લાકડું કાપવા જતો હોય ત્યારે "હું પ્રસ્થક કરું છું," એમ કહે છે; તે રીતે અન્ય કોઈ જીવ પ્રાદ્વેષિકી આદિ ક્રિયા કરે છે, તેમાં નિમિત્ત કારણરૂપે નારકીના જીવના પૂર્વભવના શરીરનાં અસ્થિ આદિ છે, અને તે અસ્થિ આદિની સાથે અવિરતિના પરિણામથી નારકીનો જીવ જોડાયેલો છે; તેથી તે અન્ય જીવની પ્રાદ્વેષિકી આદિ ક્રિયાઓનું કારણપણું નારકીના જીવમાં છે; તેથી પ્રાદ્વેષિકી આદિ ક્રિયાઓ પોતે નહિ કરતો હોવા છતાં દૂર દૂરવર્તી કારણભાવને લઈને પોતાને પણ તે ક્રિયાઓ પ્રાપ્ત થાય છે.

ટીકા :-

अत एव विरतिमान् जीवो जीवादैहिकामुष्मिकक्रियाभावेऽक्रियोऽप्युक्तः ।

ટીકાર્થ :-

अत एव ..... उक्तः । **આથી કરીને જ=પૂર્વે પ્રજ્ઞાપનાની વૃત્તિમાં કહ્યું કે, નારકીના જીવે પોતાનું પૂર્વભવનું શરીર વોસિરાવેલું નહિ હોવાને કારણે તત્સંબંધી ક્રિયાઓ પોતાને પ્રાપ્ત થાય છે આથી કરીને જ, જીવથી ઐહિક, આમુષ્મિક ક્રિયાઓનો અભાવ હોતે છતે વિરતિવાળો જીવ અક્રિય પણ કહેવાયો છે.**

✪ અહીં 'जीवात्' પંચમીનો પ્રયોગ છે, તે જીવમાંથી ક્રિયાઓ નિષ્પન્ન થાય છે, એ અર્થમાં છે. જેમ 'वृक्षात् पर्णं पतति' વાક્યપ્રયોગ છે, તે રીતે 'जीवादैहिकामुष्मिकक्रियाऽभावे' વાક્યપ્રયોગ છે.

✪ 'अक्रिय़ोऽपि' અહીં 'अपि' શબ્દથી એ સમુચ્ચય થાય છે કે, વિરતિવાળો જીવ ઐહિક-આમુષ્મિક ક્રિયામાં સક્રિય છે, પણ ઐહિક-આમુષ્મિક ક્રિયાના અભાવમાં અક્રિય પણ છે. વિરતિવાળા જીવને નિદ્રામાં ઐહિક-આમુષ્મિક ક્રિયાનો અભાવ છે.

विशेषार्थ :-

સંસારવર્તી જીવો ઊંઘતા હોય ત્યારે આલોક કે પરલોક સંબંધી કોઈ ક્રિયા કરતા નથી, છતાં અવિરતિને કારણે પૂર્વભવના નહિ વોસિરાવેલા શરીરથી થતી ક્રિયા તેઓને પ્રાપ્ત થાય છે, તેથી તેઓને નિદ્રામાં અક્રિય કહેવાયા નથી; અને વિરતિવાળો જીવ ઊંઘમાં જ્યારે આલોક અને પરલોકની ક્રિયા ન કરતો હોય ત્યારે અક્રિય પણ કહેવાયો છે અર્થાત્ આલોક અને પરલોકની ક્રિયા કરતો હોય ત્યારે સક્રિય પણ છે, અને ન કરતો હોય ત્યારે અક્રિય પણ છે.

જેમ દેશવિરતિધર શ્રાવકે પૂર્વનાં શરીરોને વોસિરાવેલ હોવાથી તેમને તત્સંબંધી કોઈ ક્રિયાની પ્રાપ્તિ નથી, અને આલોક સંબંધી પોતાની વિરતિની મર્યાદામાં રહીને વેપારાદિ ક્રિયા કરતો હોય ત્યારે ઐહિક ક્રિયા હોવાને કારણે તે સક્રિય છે, અને પરલોક સંબંધી ભગવદ્ ભક્તિ આદિ ક્રિયા કરતો હોય ત્યારે આમુષ્મિક ક્રિયા હોવાને કારણે તે સક્રિય છે, પરંતુ પૂર્વભવનું શરીર વોસિરાવેલ હોવાને કારણે પૂર્વભવના શરીરની ક્રિયાને કારણે સક્રિય નથી. અને જ્યારે નિદ્રાદિમાં પ્રવર્તતો હોય ત્યારે ઐહિક, આમુષ્મિક કોઈ ક્રિયા કરતો નથી, અને ત્યારે વિરતિધર હોવાથી પરભવ સંબંધી ક્રિયા પણ તેને પ્રાપ્ત થતી નથી, તેથી તેને અક્રિય કહેલ છે.

અહીં વિશેષ એ છે કે, સ્થૂલ વ્યવહારથી કોઈ જીવે પૂર્વભવનાં શરીરોને વોસિરાવવાની ક્રિયા કરેલ હોય ત્યારે, તત્સંબંધી ક્રિયા તેને લાગતી નથી તેમ કહેવાય છે, અને પરમાર્થથી તો તે વોસિરાવવાની ક્રિયાથી આત્મામાં ઉત્પન્ન થયેલો વિરતિનો પરિણામ જ્યારે વર્તતો હોય, ત્યારે તત્સંબંધી ક્રિયાની પ્રાપ્તિ થતી નથી.

उत्थान :-

પૂર્વે जीवा णं भंते ! किं आयारंभा ..... ઈત્યાદિ પ્રજ્ઞપ્તિસૂત્રના પાઠની પૂર્વે असदारंभनिवृत्तिफलत्वं ..... એ ટીકાના પાઠથી કહેલ કે, દ્રવ્યસ્તવનું ચારિત્રમોહનીયના ક્ષયોપશમજનન દ્વારા ફળથી અસદારંભની નિવૃત્તિફળપણું છે, અને શુભયોગરૂપપણા વડે કરીને સ્વરૂપથી અસદારંભની નિવૃત્તિફળપણું છે. ત્યાં પૂર્વપક્ષીએ શંકા કરેલ કે, દ્રવ્યસ્તવનું સ્વરૂપ પૃથ્વી આદિના ઉપમર્દનરૂપ હોવાથી સાવદ્યરૂપ છે, તો અસદારંભની નિવૃત્તિફળપણું શાથી કહો છો ? એ શંકાના નિવારણ અર્થે પૂર્વે ટીકામાં 'अत एव ततो ऽनारम्भिकी क्रिया', ત્યારથી માંડીને પ્રજ્ઞાપનાવૃત્તિનો પાઠ 'ननु नारकस्य .....' પૂરો થાય છે, ત્યાં સુધી અને ત્યાર પછી 'अत एव विरतिमान् ...થી... उक्तः' સુધીના કથન દ્વારા એ સ્થાપન કર્યું કે, બાહ્યક્રિયા પ્રમાણે કર્મબંધ નથી, પરંતુ અધ્યવસાય પ્રમાણે કર્મબંધ છે; અને પૂજાની ક્રિયામાં શુભયોગ વર્તે છે, તેથી શુભયોગરૂપ અધ્યવસાયથી અસદારંભની નિવૃત્તિ થાય છે, માટે પૂજા અસદારંભની નિવૃત્તિફળવાળી છે, પરંતુ સાવદ્ય નથી. અને વળી પૂર્વપક્ષીની ઉપરની જ શંકાના નિવારણ અર્થે 'किञ्च' થી બીજી યુક્તિનો સમુચ્ચય કરતાં કહે છે -

ટીકા :-

किञ्च प्रतिनियताः कायिक्यादय एवायोजनीयत्वेनोक्ता इति देवपूजादिक्रिया संसारविच्छेदिका इत्यादेयैव । क्रियाशब्दमात्रेण च नोद्वेजितव्यम्, सम्यग्दर्शनस्यापि क्रियात्वेनोक्तत्वात् । तथा च स्थानाङ्गः - "जीवकिरिया दुविहा पण्णत्ता सम्मत्तकिरिया चेव, मिच्छत्तकिरिया चेव त्ति"। (२ स्था० उ० १ सू० ५९) सम्यक्त्वं=तत्त्वश्रद्धानं, तदेव जीवव्यापारत्वात्क्रिया सम्यक्त्वक्रिया । एवं मिथ्यात्वक्रियाऽपि, नवरं मिथ्यात्वम्=अतत्त्वश्रद्धानम्, तदपि जीवव्यापार एवेति । अथवा सम्यग्दर्शनमिथ्यात्वयोः सतोर्ये भवतः, ते सम्यक्त्वमिथ्यात्वक्रिये इति । द्वितीयपक्षे सम्यक्त्वे सति या च देवपूजादिक्रिया सा सम्यक्त्वक्रियैव ।

ટીકાર્થ :-

किञ्च ..... आदेयैव । વળી (હિંસાને અનુકૂળ એવી) પ્રતિનિયત કાયિકી આદિ (ક્રિયાઓ) જ અયોજનીયપણાવડે=અકર્તવ્યપણા વડે, કહેવાયેલી છે. એ હેતુથી દેવપૂજાદિ ક્રિયા સંસારનો વિચ્છેદ કરનારી છે, એથી આદેય જ છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, મોક્ષ એ જીવના શુદ્ધ સ્વરૂપરૂપ છે, તેથી એને અનુકૂળ એવો જીવનો પરિણામ જ મોક્ષનું કારણ બને, પરંતુ ક્રિયાઓ નહિ. તેથી દેવપૂજાદિ ક્રિયા સંસારના ઉચ્છેદને કરનારી કઈ રીતે બની શકે ? અર્થાત્ ન બની શકે, પરંતુ ક્રિયાથી કર્મબંધ થાય. કેમ કે કહ્યું છે કે,'क्रियातो बन्धः' તેથી કહે છે -

ટીકાર્થ :-

क्रियाशब्दमात्रेण ..... उक्तत्वात् । અને ક્રિયાશબ્દમાત્રથી ઉદ્વેગ કરવો જોઈએ નહિ. અર્થાત્ મોક્ષના કારણરૂપે દેવપૂજાદિ ક્રિયા છે, એ શબ્દમાત્રથી ઉદ્વેગ કરવો જોઈએ નહિ, કેમ કે સમ્યગ્દર્શનનું પણ ક્રિયાપણા વડે ઉક્તપણું છે.

तथा च स्थानाङ्गः -અને તે પ્રમાણે=સમ્યગ્દર્શનને પણ ક્રિયારૂપે કહેલ છે તે પ્રમાણે, સ્થાનાંગસૂત્રની સાક્ષી બતાવતાં કહે છે -

'जीवकिरिया' જીવની ક્રિયા બે પ્રકારની છે. (૧) સમ્યક્ત્વક્રિયા અને (૨) મિથ્યાત્વક્રિયા. સમ્યક્ત્વ= તત્ત્વશ્રદ્ધાન્ અને તે જ=તત્ત્વશ્રદ્ધાન જ, જીવનો વ્યાપાર હોવાને કારણે ક્રિયા અર્થાત્ સમ્યક્ત્વક્રિયા છે. એ પ્રમાણે મિથ્યાત્વક્રિયા પણ (જાણવી). ફક્ત મિથ્યાત્વ=અતત્ત્વશ્રદ્ધાન, તે પણ=અતત્ત્વશ્રદ્ધાન પણ, જીવવ્યાપાર જ છે. અથવા સમ્યગ્દર્શન અને મિથ્યાત્વ હોતે છતે જે (ક્રિયા) છે, તે અનુક્રમે સમ્યક્ત્વક્રિયા અને મિથ્યાત્વક્રિયા છે. અને બીજા પક્ષમાં સમ્યક્ત્વ હોતે છતે જે દેવપૂજાદિ ક્રિયા તે સમ્યક્ત્વક્રિયા જ છે.

✪ अयोजनीयत्वेन उक्ता 'इति' અને इत्यादेयैव અહીં 'इति' શબ્દ છે તે બંને 'इति' શબ્દ હેતુ અર્થક છે.

✪ સ્થાનાંગસૂત્રના પાઠમાં 'चेवत्ति' 'इति' શબ્દ છે, તે સ્થાનાંગના પાઠની સમાપ્તિસૂચક છે.

✪ 'जीवव्यापार एवेति' અહીં 'इति' શબ્દ સમ્યક્ત્વક્રિયા અને મિથ્યાત્વક્રિયાની પ્રથમ વ્યાખ્યાની સમાપ્તિસૂચક છે.

✪ सम्यक्त्वमिथ्यात्वक्रिये 'इति' અહીં 'इति' શબ્દ સમ્યક્ત્વક્રિયાની અને મિથ્યાત્વક્રિયાની બીજી વ્યાખ્યાની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

પ્રતિનિયત એવી કાયિકી આદિ ક્રિયાઓ કર્મબંધમાં કારણ હોવાથી ધર્મના અર્થી વડે અયોજનીય= અકર્તવ્ય, છે, એ પ્રમાણે શાસ્ત્રમાં કહેવાયેલું છે. જેમ પૂર્વે કહ્યું કે, પ્રજ્ઞાપનાના ક્રિયાપદમાં જ્ઞાનાવરણીય કર્મબંધના કારણીભૂત ત્રણ, ચાર કે પાંચ ક્રિયાઓ બતાવી, ત્યાં ત્રણમાં હિંસા માટે કાયિકીક્રિયારૂપે હસ્તાદિનો વ્યાપાર લીધો, અધિકરણરૂપે ખડ્ગાદિનું પ્રગુણીકરણ લીધું અને પ્રાદ્વેષિકીક્રિયાથી મારવાના મનના પરિણામરૂપ ક્રિયા લીધી; ઈત્યાદિ રૂપ પ્રતિનિયત કાયિકી આદિ ક્રિયાઓ કર્મબંધનું કારણ હોવાને કારણે અયોજનીય છે અર્થાત્ અકર્તવ્ય છે એ પ્રમાણે કહેવાયેલું છે. આનાથી એ પ્રાપ્ત થયું કે, ઉક્ત ક્રિયાથી અન્ય દેવપૂજાદિ ક્રિયાઓ અકર્તવ્ય નથી. તેથી તે દેવપૂજાદિ ક્રિયાઓ સંસારનો વિચ્છેદ કરનારી છે, તેથી તે દેવપૂજાદિ ક્રિયાઓ આદેય જ છે. અને ક્રિયાશબ્દમાત્રથી ઉદ્વેગ કરવો જોઈએ નહિ અર્થાત્ દેવપૂજાદિ ક્રિયા છે, એથી અક્રિય એવા મોક્ષના કારણરૂપે કઈ રીતે થઈ શકે? એ પ્રકારે ઉદ્વેગ કરવો જોઈએ નહિ, કેમ કે સમ્યગ્દર્શનને પણ ક્રિયારૂપે કહેલ છે. શાસ્ત્રમાં સમ્યગ્દર્શન એ મોક્ષનું કારણ છે, એ સુપ્રસિદ્ધ છે. આમ છતાં અન્ય ક્રિયાઓને તો ક્રિયા કહેલ છે, પરંતુ સમ્યગ્દર્શનને પણ ક્રિયારૂપે કહેલ છે. તેથી જો એમ કહેશો કે, ક્રિયા અને મોક્ષનું કારણ એ અસંભવિત છે, તો સમ્યગ્દર્શનને પણ ક્રિયારૂપે કહેલ હોવાથી તે પણ મોક્ષનું કારણ કહી શકાશે નહિ.

અને સમ્યગ્દર્શનને ક્રિયારૂપે કહેલ છે, તે વાત સ્થાનાંગસૂત્રની સાક્ષી દ્વારા બતાવી, અને તે પાઠમાં કહ્યું કે, સમ્યક્ત્વ એ તત્ત્વશ્રદ્ધાનરૂપ છે અને તે જ જીવવ્યાપારરૂપ હોવાથી ક્રિયારૂપ=સમ્યક્ત્વક્રિયારૂપ છે. એ પ્રમાણે મિથ્યાત્વક્રિયા પણ જાણવી. ફક્ત મિથ્યાત્વ એ અતત્ત્વશ્રદ્ધાનરૂપ છે અને તે પણ જીવવ્યાપાર જ છે.

અહીં તત્ત્વશ્રદ્ધાન એ જીવવ્યાપારરૂપ છે, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, ભગવદ્ વચનના પર્યાલોચનપૂર્વક 'इदं इत्थमेव' ઈત્યાકારક નિર્ણયને અનુકૂળ જીવનો જે માનસ વ્યાપાર છે, તત્સ્વરૂપ તત્ત્વશ્રદ્ધાન છે; અને જીવનો વ્યાપાર હોવાથી તે ક્રિયારૂપ છે. એ જ પ્રમાણે અતત્ત્વનું શ્રદ્ધાન એ પણ જીવવ્યાપારરૂપ હોવાથી ક્રિયા છે, અને તે મિથ્યાત્વ ક્રિયા છે. અથવા બીજી વ્યાખ્યા પ્રમાણે સમ્યગ્દર્શન હોતે છતે જે ક્રિયા થાય તે સમ્યક્ત્વક્રિયા, અને મિથ્યાત્વ હોતે છતે જે ક્રિયા થાય તે મિથ્યાત્વક્રિયા જાણવી. અને આ બીજી વ્યાખ્યા પ્રમાણે સમ્યક્ત્વ હોતે છતે જે દેવપૂજાદિ ક્રિયા છે તે સમ્યક્ત્વક્રિયા જ છે.

ટીકા :-

एतेनाध्यवसायमात्रेण हिंसाऽन्यथासिद्धिप्रतिपादने बौद्धमतप्रसङ्ग इति यदनभिज्ञैरुच्यते तदपास्तम्, शुभयोगाध्यवसायसाम्येन शुभक्रियाभ्युपगमे परमतप्रवेशाभावात् ।।

ટીકાર્થ :-

एतेन ..... परमतप्रवेशाभावात् । આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે, સમ્યક્ત્વ હોતે છતે દેવપૂજાદિ ક્રિયા એ સમ્યક્ત્વક્રિયા જ છે એના દ્વારા, અધ્યવસાયમાત્રથી હિંસાની અન્યથાસિદ્ધિના પ્રતિપાદનમાં બૌદ્ધમતનો પ્રસંગ છે, એ પ્રમાણે જે અનભિજ્ઞો વડે કહેવાય છે, તે અપાસ્ત=દૂર થયેલું જાણવું. કેમ કે સંયમયોગમાં વર્તતા શુભયોગરૂપ અધ્યવસાયની સાથે પૂજાની ક્રિયામાં સામ્યપણાને કારણે પૂજાની ક્રિયાને શુભક્રિયા સ્વીકારમાં પરમતના પ્રવેશનો અભાવ છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે, કર્મબંધ અધ્યવસાયને અનુરૂપ થાય છે, તેથી જિનપૂજામાં હિંસાનો અધ્યવસાય નહિ હોવાને કારણે ત્યાં પ્રાણાતિપાતિકી ક્રિયા નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે - જિનપૂજામાં પૃથ્વી આદિનું ઉપમર્દન હોવા છતાં હિંસાનો અધ્યવસાય નહિ હોવા માત્રથી ત્યાં હિંસા નથી, એમ જો તમે કહેતા હો તો તમારો બૌદ્ધમતમાં પ્રવેશ થશે. તે આ પ્રમાણે -

બૌદ્ધ કહે છે કે, જ્યાં પાંચ વસ્તુઓ હોય ત્યાં જ હિંસા છે. (૧) પ્રાણી, (૨) પ્રાણીનું જ્ઞાન, (૩) ઘાતકચિત્ત, (૪) ઘાતકની ચેષ્ટા અને (૫) ઘાત્યનો વિનાશ આ પાંચે વસ્તુ જ્યાં હોય ત્યાં જ હિંસા છે. માટે બૌદ્ધમત પ્રમાણે તથાવિધ સંયોગમાં જીવનનિર્વાહનો કોઈ ઉપાય ન હોય ત્યારે, પુત્રને નહિ મારવાના અધ્યવસાયવાળો પિતા પોતાના જીવનનિર્વાહ માટે પુત્રને મારે છે, ત્યારે ત્યાં હિંસા નથી. તેથી ત્યાં વ્યક્ત હિંસા હોવા છતાં હિંસાની અન્યથાસિદ્ધિ છે, કેમ કે પિતાનું ઘાતક ચિત્ત નથી. તે જ રીતે દેવપૂજાદિ ક્રિયામાં પૃથ્વી આદિના જીવોની હિંસા હોવા છતાં મારવાનો અધ્યવસાય નથી, માટે ત્યાં હિંસા થતી નથી એવું તમે કહો છો, તેથી બૌદ્ધમતમાં તમારો પ્રવેશ થશે, એમ પૂર્વપક્ષી લુંપાક કહે છે. તેનું નિરાકરણ 'एतेन' થી આ પ્રમાણે થાય છે -

સમ્યક્ત્વ હોતે છતે જે દેવપૂજાદિ ક્રિયા કરાય છે, તે દેવપૂજામાં ભગવદ્-ભક્તિનો અધ્યવસાય છે, તેથી અમે એને સમ્યક્ત્વક્રિયા કહીએ છીએ, પરંતુ હિંસાની ક્રિયા કહેતા નથી. જ્યારે બૌદ્ધમત પ્રમાણે તો પિતા પોતાના જીવનના રક્ષણ માટે પુત્રનો ઘાત કરે છે ત્યારે, જોકે ઘાતનો પરિણામ હોતો નથી, તો પણ પોતાના જીવનના રક્ષણના પરિણામરૂપ અશુભયોગવાળો તે પિતા હોવા છતાં, પિતાની પુત્રને મારવાની ક્રિયામાં હિંસા નથી, તેમ બૌદ્ધ કહે છે. તેથી પુત્રના ઘાતમાં જેમ અશુભ યોગ છે, તેમ પૂજામાં અશુભ યોગ નહિ હોવાથી અમારો બૌદ્ધમતમાં પ્રવેશ નથી.

'एतेन ..... तदपास्तम्' સુધી જે કથન કહ્યું, તેને સ્પષ્ટ કરવા માટે હેતુ કહે છે કે, સંયમયોગમાં વર્તતા શુભયોગરૂપ અધ્યવસાયની સાથે પૂજાથી થતા અધ્યવસાયનું શુભયોગરૂપે સમાનપણું હોવાને કારણે પૂજાની ક્રિયાને શુભક્રિયારૂપે સ્વીકારમાં પરમતના પ્રવેશનો અભાવ છે. જેમ ઉપયોગપૂર્વક પડિલેહણાદિ ક્રિયા મુનિ કરે ત્યાં શુભયોગરૂપ અધ્યવસાય છે, તેમ ભગવાનના ગુણોમાં જેમનો ઉપયોગ વર્તે છે, તેવો જીવ યતનાપૂર્વક પુષ્પાદિથી ભગવાનની પૂજા કરતો હોય ત્યારે, જેમ મુનિનો ઉપયોગપૂર્વકની ક્રિયાકાળમાં શુભયોગ છે, તેમ

પૂજા કરનારના ચિત્તમાં પણ શુભયોગ છે; તેને કારણે મુનિની ઉપયોગપૂર્વકની ક્રિયા જેમ શુભક્રિયા છે, તેમ સમ્યક્ત્વ હોતે છતે દેવપૂજાદિ ક્રિયા શુભક્રિયા છે, એ પ્રમાણે અમે સ્વીકારીએ છીએ. તેથી પરમતમાં પ્રવેશનો અભાવ છે.

ટીકા :-

अत एव परमतमुपन्यस्य एवं दूषितं सूत्रकृते -

जाणं काएणणाउट्टी, अबुहो जं च हिंसइ । पुट्ठो संवेदइ परं, अवियत्तं खु सावज्जं"।। जानन् मनोव्यापारमात्रेणैव यः प्राणिनो हिनस्ति, कायेन परमनाकुट्टिः=अहिंसकः, अबुधो=मनोव्यापाररहितो यश्च हिनस्ति प्राणिनं कायव्यापारमात्रेणैव, तत्रोभयत्र न कर्मोपचीयते । एतेन परिज्ञोपचिताविज्ञोपचितभेदद्वयग्रहः, च शब्देनैर्यापथस्वप्नान्तिकभेदद्वयं गृह्यते । ईर्यापथप्रत्ययमैर्यापथम्, तत्रानभिसन्धेर्यत्प्राणिव्यापादनम्, ततो न कर्मोपचयः । स्वप्न एव लोकोक्त्या स्वप्नान्तः, स विद्यते यत्र तत् स्वप्नान्तिकम्, तदपि न कर्मबन्धाय, स्वप्ने भुजि क्रियातः तृप्तेरिव कर्मणोऽप्यभावात् । कथं तर्हि हिंसा संपद्यते ? कथं च तत्कर्मबन्धः इति चेत् ? 'प्राणी प्राणिज्ञानं, घातकचित्तं च, तद्गता चेष्टा, प्राणैश्च विप्रयोगः पञ्चभिरापद्यते हिंसा, इत्युक्तपदानां संयोगेन द्वात्रिंशद्भङ्गेषु प्रथमभेदेन । प्रागुक्तभेदचतुष्टयात् किं सर्वथा कर्मबन्धाभावः ? 'न' इत्याह- 'पुट्ठोत्ति' परं=केवलं स्पृष्टस्तेनाव्यक्तं सावद्यं वेदयति, स्पर्शमात्राधिकं विपाकं नानुभवति, कुड्यापतितसिक्तामुष्टिवत् स्पर्शानन्तरमेव तत्कर्म परिशटतीत्यर्थः । कथं तर्हि कर्मोपचीयते ? इत्याह-'संतिमे तओ आयाणा, जेहिं कीरइ पावगं, अभिकम्माय पेसाय मणसा अणुजाणिया'।। सन्त्यमूनि त्रीणि आदानानि=कारणानि यैः क्रियते पापम्, तथाहि-अभिक्रम्य-आभिमुख्येन प्राणिनः क्रान्त्वा तदभिमुखं चित्तं विधाय यत्र स्वत एव प्राणिनं व्यापादयति तदेकं कर्मादानम्, तथाऽपरं च प्राणिघाताय प्रेष्यं समादिश्य यत्प्राणिनो व्यापादनं तद् द्वितीयम्, तथाऽपरं व्यापादयन्तमनुजानीते तत् तृतीयम् । परिज्ञोपचितादस्यायं भेदः, तत्र केवलं मनसा चिन्तनम्, इह परेण व्यापाद्यमाने प्राणिन्यनुमोदनमिति । तदेवं यत्र स्वयं कृतकारितानुमतयः प्राणिघाते क्रियमाणे विद्यन्ते क्लिष्टाध्यवसायश्च प्राणातिपातश्च, तत्रैव कर्मोपचयो नान्यत्रेति सिद्धम् । एतदेव दर्शयन् फलनिगमनमाह - "एए तु तओ आयाणा, जेहिं कीरइ पावगं । एवं भावविसोहीए निव्वाणमभिगच्छइ" ।। एतान्येव पूर्वोक्तानि त्रीणि व्यस्तानि समस्तानि वाऽऽदानानि यैर्दुष्टाध्यवसायसव्य-पेक्षैः पापकं कर्म क्रियते-उपचीयते । एवं स्थिते भावविशुद्ध्या, अरक्तद्विष्टमनसा प्रवर्तमानस्य सत्यपि प्राणातिपाते विशुद्धेर्न कर्मोपचयः, तदभावाच्च निर्वाणं- सर्वद्वन्द्वोपरतिः । भावविशुद्ध्या, प्रवृत्तौ न बन्ध इत्यत्र दृष्टान्तमाह - "पुत्तं पिया समारब्भ आहरिज्ज असंजए । भुंजमाणो उ मेहावी, कम्मुणा नोवलिप्पई" ।। "पुत्रं पिता समारभ्य=व्यापाद्य तथाविधापदि द्रष्टव्ये आहारेदरक्तद्विष्टोऽसंयतो गृहस्थस्तत् पिशितं भुञ्जानः 'तुः' अप्यर्थः। मेधावी अपि संयतोऽपीत्यर्थः । कर्मणा=पापेन नोपलिप्यते=नाश्लिष्यते । यथा पितुः पुत्रं व्यापादयतस्तत्ररक्त-द्विष्टमनसो न कर्मबन्धस्तथाऽन्यत्रापि

तादृशप्राणिवधे सत्यपि इति। एतद् दूषणायाह - "मणसा जे पउस्संति चित्तं तेसिं ण विज्जइ । अणवज्जं अतहं तेसिं ण ते संवुडचारिणोत्ति" ।। ये कुतश्चित्कारणान्मनसा= अन्तःकरणेन प्रादुष्यन्ति=प्रद्वेषमुपयान्ति, तेषां वधपरिणतानां शुद्धं चित्तं न विद्यते ततश्च केवलमनःप्रद्वेषे यत्तैरनवद्यमभिहितं तत्तेषामतथ्यम्, यतो न ते संवृत्तचारिणो मनसोऽशुद्धत्वात्, तथाहि-कर्मोपचये मन एव प्रधानकारणं तैरभिहितम्, केवलकायव्यापारेण कर्मोपचयाभावोक्तेः कायचेष्टा-रहितस्य तस्याकारणत्वोक्तिश्च भावविशुद्ध्या निर्वाणमभिगच्छतीति स्ववचनेनैव विरुद्धा, तत्र मनस एवैकस्य प्राधान्ये तात्पर्यात् । अन्यात्राप्युक्तम् - "चित्तमेव हि संसारो रागादिक्लेशवासितम्। तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते" ।। ❖(शास्त्रवार्त्तासमु० ४०४) ततो भवदभ्युपगमेनैव क्लिष्टमनोव्यापारः कर्मबन्धायेति । ईर्यापथेऽप्युपयुक्तस्या-प्रमत्तत्वादबन्धकत्वम्, अनुपयुक्तस्य तु क्लिष्टचित्ततया बन्धकत्वमेव। स्वप्नान्तिकेऽप्यशुद्धचित्तसद्भावादी-षद्बाधा भवत्येव । सा चाव्यक्तसावद्योक्ता (सावद्योक्त्या) त्वयाप्यभ्युपगता। तदेवमेकस्यापि क्लिष्टस्य मनसो भावे बन्धसद्भावाद् यदुक्तम्-'प्राणी'त्यादि तत्सर्वं प्लवते । यदप्युक्तम् 'पुत्रं-पिता समारभ्ये'त्यादि तदप्यनालोचिताभिधानम्, मारयामीत्येवमध्यवसायं विना व्यापादनाऽसंभवात्तादृशचित्त-परिणतेश्च कथमसंक्लिष्टता ? सङ्क्लेशे चावश्यंभावी कर्मबन्ध इत्युभयसंमतमेव । यदपि परव्यापादितपिशित-भक्षणे परहस्ताकृष्टाङ्गारदाहाभाववद् न दोष इति तदप्युन्मत्तप्रलपितवद् अनाकर्णनीयम्, परव्यापादितपिशित-भक्षणेऽप्यनुमतेरप्रतिहतत्वात् । यच्च कृतकारितानुमतिरूपादानत्रयं तैरभिहितं तज्जिनेन्द्रमतलवास्वादनमेव तैरकारि ।। इति ।

ટીકાર્થ :-

अत एव ..... सूत्रकृते - આથી કરીને જ=પૂર્વમાં સિદ્ધ કર્યું કે દેવપૂજાદિ ક્રિયામાં શુભયોગનો અધ્યવસાય હોવાને કારણે હિંસાનો અભાવ હોવાથી પરમતમાં પ્રવેશ નથી આથી કરીને જ, સૂયગડાંગસૂત્રમાં પરમતનો ઉપન્યાસ કરીને આ પ્રમાણે દૂષિત કરેલ છે. અર્થાત્ સૂયગડાંગ સૂત્રમાં બૌદ્ધમત બતાવીને તેનું ખંડન કર્યું છે.

ગાથાર્થ :-

जाणं ..... सावज्जं ।। **જાણતો કાયાથી અનાકુટ્ટી અને અબુધ જે હિંસા કરે છે તે (બંને) કેવલ સ્પૃષ્ટ અવ્યક્ત એવા સાવદ્યને વેદે છે.**

ટીકાર્થ :-

जानन् ..... कर्मोपचीयते ।(૧) જાણતો (જીવોને મારવામાં હિંસા છે એ પ્રમાણે જાણતો, અને આથી કરીને જ હિંસાના ભયથી) જે જીવ મનોવ્યાપારમાત્રથી જ પ્રાણીની હિંસા કરે છે, પરંતુ કાયાથી અનાકુટ્ટિ=અહિંસક, છે; અને (૨) અબુધ એટલે મનોવ્યાપારરહિત જે જીવ કાયવ્યાપારમાત્રથી જ પ્રાણીને મારે છે, તે બંને સ્થાનમાં કર્મનો ઉપચય થતો નથી.

❖ શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં આ શ્લોક છે, પરંતુ મૂળ શ્લોક બૌદ્ધમતનો છે.

✪ અહીં 'कायेण अनाकुट्टिः' શબ્દના પૂરક તરીકે 'मनोव्यापारमात्रेण' આ કથન છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે, મનોવ્યાપારમાત્રથી જે વ્યક્તિ પ્રાણીની હિંસા કરે છે, પરંતુ કાયાથી અહિંસક છે, તેને કર્મનો ઉપચય થતો નથી.

एतेन ..... गृह्यते । આના વડે=(૧) જાણતો કાયાથી અનાકુટ્ટી અને (૨) અબુધ જે હિંસા કરે છે, તે બંને કેવલ સ્પૃષ્ટ એવા સાવદ્યને વેદે છે, આ કથન સૂત્રકૃતાંગના પાઠમાં કહ્યું. આના વડે, પરિજ્ઞા ઉપચિત અને અવિજ્ઞા ઉપચિત એ બે ભેદનું ગ્રહણ થાય છે. મૂળપાઠમાં 'च' કાર છે, તે 'च' શબ્દથી ઐર્યાપથ અને સ્વપ્નાંતિક એ ભેદદ્વયનું ગ્રહણ થાય છે.

ઐર્યાપથની વ્યુત્પત્તિ બતાવતાં કહે છે -

ईर्यापथ ..... कर्मोपचयः । ઈર્યાપથ પ્રત્યય=નિમિત્ત, તે ઐર્યાપથ. ત્યાં અનભિસંધિથી=મનનો અધ્યવસાય નહિ હોવાથી, જે પ્રાણીનું વ્યાપાદન=હિંસા, થાય છે, તેનાથી કર્મનો ઉપચય થતો નથી.

સ્વપ્નાંતિકની વ્યુત્પત્તિ બતાવતાં કહે છે -

स्वप्न ..... अभावात् । લોકોક્તિથી સ્વપ્ન જ સ્વપ્નાંત છે. તે=સ્વપ્નાંત, વિદ્યમાન છે જેમાં = જે કર્મમાં=જે ક્રિયામાં, તે સ્વપ્નાંતિક કહેવાય. અને તે પણ=તે કર્મરૂપ ક્રિયા પણ, કર્મબંધ માટે થતી નથી, કેમ કે સ્વપ્નમાં ભોજનક્રિયાથી જેમ તૃપ્તિ થતી નથી, તેમ 'હિંસાની ક્રિયાથી' કર્મનો=કર્મબંધનો, પણ અભાવ છે.

ઉત્થાન :-

આ ચાર પ્રકારની હિંસા=(૧) પરિજ્ઞા ઉપચિત, (૨) અવિજ્ઞા ઉપચિત, (૩) ઐર્યાપથ અને (૪) સ્વપ્નાંતિક - આ ચાર પ્રકારની હિંસા, બૌદ્ધ મતે અહિંસા માની છે. તેથી અહીં કોઈ પ્રશ્ન કરે છે -

ટીકાર્થ :-

कथं ..... प्रथमभेदेन । તો પછી હિંસા કેવી રીતે થાય ? અને કેવી રીતે કર્મબંધ થાય તો ઉત્તર આપતાં કહે છે -

(૧) પ્રાણી, (૨) પ્રાણીનું જ્ઞાન, (૩) ઘાતક ચિત્ત, (૪) તદ્ગત ચેષ્ટા=ઘાતકગત ચેષ્ટા, અને (૫) પ્રાણોથી વિયોગ, આ પાંચથી હિંસા પ્રાપ્ત થાય છે. આ પ્રકારના ઉક્તપદોના=આ પાંચ પદોના, સંયોગથી ૩૨ ભાંગાઓમાં પ્રથમ ભેદથી હિંસા થાય છે અને કર્મબંધ થાય છે.

प्रागुक्त ..... परिशटतीत्यर्थः । અહીં પ્રશ્ન થાય કે પ્રાગુક્ત ભેદ ચતુષ્ટયથી = (૧) પરિજ્ઞા ઉપચિત, (૨) અવિજ્ઞા ઉપચિત, (૩) ઐર્યાપથ અને (૪) સ્વપ્નાંતિક આ ભેદ ચતુષ્ટયથી, શું સર્વથા કર્મબંધનો અભાવ છે ?

ઉત્તર :- ના, તો અહીં પ્રશ્ન થાય કે, કેવો કર્મબંધ થાય છે ? એથી કરીને કહે છે - સ્થાનાંગસૂત્રની મૂળગાથા 'पुट्ठो' શબ્દથી બતાવેલ છે, અને તે જ સ્થાનાંગસૂત્રની ટીકામાં કહે છે - કેવલ સ્પૃષ્ટ કર્મબંધ થાય છે. સ્પૃષ્ટ કર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે - તેના વડે=સ્પૃષ્ટ કર્મ વડે, અવ્યક્ત સાવદ્યને વેદે છે.

અવ્યક્ત સાવદ્યને વેદે છે તેનો જ અર્થ કરે છે - સ્પર્શમાત્રથી અધિક વિપાકને અનુભવતો નથી, અને તે કથનનું જ દૃષ્ટાંતથી તાત્પર્ય બતાવતાં કહે છે - ભીંત ઉપર આવી પડેલી રેતીની મુઠ્ઠીની જેમ સ્પર્શના અનંતર જ

તે કર્મ=અવ્યક્ત સાવદ્ય, નાશ પામે છે. એ પ્રમાણે અર્થ જાણવો.

વિશેષાર્થ :-

અહીં સ્થાનાંગના પાઠમાં "જાણતો (તેથી) કાયાથી અનાકુટ્ટિ=અહિંસક, અને અબુધ હિંસા કરે છે, તે બંને કેવલ સ્પૃષ્ટ અવ્યક્ત એવા સાવદ્યને વેદે છે," એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, (૧) જે કેવલ મનના વ્યાપારમાત્રથી પ્રાણીની હિંસા કરે છે અને કાયાથી અહિંસક છે, તે એક પ્રકારનો હિંસક છે; બીજો (૨) મનોવ્યાપારરહિત કેવલ કાયાથી હિંસા કરે છે, તે અબુધ છે, તે પણ એક પ્રકારનો હિંસક છે. અને સ્થાનાંગસૂત્રના મૂળપાઠમાં 'जं च हिंसइ' અહીં 'च' કાર છે, તેનાથી (૩) ઈર્યાપથમાં=માર્ગગમનમાં, થતી હિંસા અને (૪) સ્વપ્નાંતમાં=સ્વપ્નમાં કરાતી હિંસા, આ બંને હિંસાને ગ્રહણ કરવાની છે. (૧) પ્રથમ ભેદમાં કાયાથી હિંસા નથી, તેથી કર્મબંધ થતો નથી; અને (૨) બીજા ભેદમાં મનથી હિંસા નથી, તેથી કર્મબંધ થતો નથી; અને (૩) ઈર્યાપથમાં=માર્ગગમનમાં થતી હિંસામાં, હિંસાની અભિસંધિ=હિંસાનો આશય, નહિ હોવાને કારણે, અને (૪) સ્વપ્નમાં કાયિકીક્રિયા નહિ હોવાને કારણે કર્મબંધ થતો નથી, ફક્ત સ્પૃષ્ટ કર્મબંધ થાય છે.

આ કથનથી='कायेण अनाकुट्टिः' કહ્યું, એનાથી (૧) પરિજ્ઞા ઉપચિત હિંસા, (૨) 'अबुधः' કહ્યું, એનાથી અવિજ્ઞા ઉપચિત હિંસા અને 'च' શબ્દથી (૩) ઐર્યાપથ અને (૪) સ્વપ્નાંતિક હિંસા પ્રાપ્ત થઈ.

આ ચારેય હિંસામાં બૌદ્ધમત પ્રમાણે હિંસાકૃત કર્મબંધ થતો નથી, ફક્ત સ્પૃષ્ટ કર્મબંધ થાય છે. પરંતુ (૧) પ્રાણી, (૨) પ્રાણીનું જ્ઞાન, (૩) ઘાતક ચિત્ત, (૪) ઘાતકગત ચેષ્ટા અને (૫) પ્રાણોનો વિયોગ - આ પાંચ ભેદના સંયોગથી ૩૨ ભાંગા થાય છે, તેમાં પ્રથમ ભાંગો આ પાંચેના અસ્તિત્વથી થાય છે, અને ત્યાં જ કર્મબંધને અનુકૂળ હિંસા પ્રાપ્ત થાય છે.

ઉપરોક્ત ચારે ભેદમાં આ પાંચનો સંયોગ નહિ હોવાથી ત્યાં હિંસાકૃત કર્મબંધ થતો નથી. અહીં પ્રશ્ન થાય કે, ચારે ભેદમાં સર્વથા કર્મબંધ થતો નથી ? તેનો ઉત્તર મૂળગાથાના ઉત્તરાર્દ્ધમાં આપ્યો કે, પરિજ્ઞા ઉપચિત આદિ આ ચારે સ્થાનોમાં સ્પૃષ્ટ કર્મબંધ થાય છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, હિંસા કેવી રીતે થાય ? અને હિંસાકૃત કર્મબંધ કેવી રીતે થાય ? તેના ઉત્તરરૂપે કહ્યું કે, પાંચ ભેદના સંયોગથી થતા ૩૨ ભાંગાઓમાંથી પ્રથમ ભેદથી હિંસા થાય છે અને હિંસાકૃત કર્મબંધ થાય છે. હવે પ્રશ્ન થાય કે, ૩૨ ભાંગાઓમાંથી પ્રથમ ભેદથી જે હિંસા થાય છે, તે હિંસાથી કર્મનો ઉપચય કઈ રીતે થાય ? તો કહે છે કે, કરણ, કરાવણ અને અનુમોદન - આ ત્રણથી કર્મનો ઉપચય થાય છે. તે બતાવવા અર્થે કહે છે -

ગાથાર્થ :-

संतिमे ..... अणुजाणिया ।। આ ત્રણ આદાનો=કારણો છે, જેના વડે પાપ કરાય છે. તે આ પ્રમાણે -

(૧) अभिकमाय = અભિક્રમ કરીને,

(૨) પેષાય = પ્રેષ્યને આદેશ કરીને અને

(૩) મનસા અણુજાણિયા = મનથી અનુજ્ઞા કરીને,

ટીકાર્થ :-

संन्ति ..... तृतीयम् । આ ત્રણ આદાનો=કારણો છે, જેનાથી પાપ કરાય છે. તે આ પ્રમાણે -

'अभिकम्माय' નો અર્થ બતાવતાં સૂયગડાંગના ટીકાકાર કહે છે -

(૧) अभिकम्य=અભિમુખપણાથી પ્રાણીને દબાવીને અર્થાત્ तद् અભિમુખ ચિત્તને કરીને જેમાં સ્વતઃ જ પ્રાણીનો નાશ કરાય છે, તે એક='अभिकम्माय', કર્માદાન છે.

'पेषाय' નો અર્થ બતાવતાં કહે છે -

(૨) અને બીજું=पेषाय કર્માદાન, પ્રાણીઘાત માટે પ્રેષ્યને=નોકરને, આદેશ કરીને જે પ્રાણીનો નાશ કરાય છે, તે બીજું='प्रेषाय', કર્માદાન છે.

'मणसा अणुजाणिया' નો અર્થ બતાવતાં કહે છે -

(૩) અને મારતા એવા બીજાને જે અનુજ્ઞા આપે છે, તે ત્રીજું='मणसा अणुजाणिया', કર્માદાન છે.

વિશેષાર્થ :-

પ્રથમ ભાંગાથી કઈ રીતે હિંસા થાય છે, તે બતાવતાં કહે છે - संतिमे=सन्ति=છે, इमे=अमूनि=આ, तओ=त्रीणि=ત્રણ, आयाणा=आदानानि=કારણો, આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જેના વડે પાપ કરાય છે, તેમાં પ્રથમ કારણ પ્રાણીને મારવાને અભિમુખ થઈને પાપકર્મ બંધાય છે, બીજું કારણ સેવકને આદેશ કરીને હિંસા કરાવાય છે અને ત્રીજું કારણ મારતા એવા બીજાની મનથી અનુમોદના કરીને પાપકર્મ બંધાય છે.

(૧) 'अभिकम्माय' છે તે કૃતરૂપ છે,

(૨) 'पेषाय' છે તે કારિતરૂપ છે અને

(૩) 'मणसा अणुजाणिया' છે તે અનુમોદનરૂપ છે.

આ ત્રણે ય પ્રકારની હિંસામાં, પૂર્વમાં કહેલ પ્રાણી, પ્રાણીનું જ્ઞાન આદિ પાંચ અંગો હોય ત્યારે જ હિંસા પ્રાપ્ત થાય છે. કોઈ જીવ પ્રાણી, પ્રાણીનું જ્ઞાન આદિ સામગ્રીથી સ્વયં હિંસા કરતો હોય ત્યારે એ પાંચ ભેદરૂપ સામગ્રીથી કૃતરૂપ હિંસા પ્રાપ્ત થાય; અને ભૃત્ય વગેરેને આદેશ કરીને હિંસા કરાવતો હોય ત્યારે પ્રાણી, પ્રાણીનું જ્ઞાન અને ઘાતક ચિત્ત સ્વમાં છે અને ઘાતકગત ચેષ્ટા ભૃત્યમાં પ્રાપ્ત થાય છે, અને પ્રાણીના પ્રાણનો વિયોગ થાય છે, ત્યારે કારિત હિંસા થાય છે; અને ત્રીજા પ્રકારની અનુમોદનામાં અન્ય કોઈ જીવ દ્વારા પાંચેય પ્રકારની સામગ્રીથી હિંસા કરાતી હોય ત્યાં પોતાને અનુમોદનાનો પરિણામ થાય ત્યારે પોતાને હિંસા પ્રાપ્ત થાય છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, પરિજ્ઞા ઉપચિત અને અનુમોદનામાં શું તફાવત છે ? તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

परिज्ञोपचिताद् ..... अनुमोदनमिति । પરિજ્ઞા ઉપચિતથી આનો=અનુમોદનાનો, આ ભેદ છે. ત્યાં= પરિજ્ઞા ઉપચિતમાં, ફક્ત મનથી ચિંતન છે અને અહીં=અનુમોદનામાં, પરથી વ્યાપાદ્યમાન=નાશ કરાતા, પ્રાણીમાં અનુમોદન છે.

'इति' શબ્દ પરિજ્ઞા ઉપચિત અને અનુમોદનાના ભેદના કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં કરણ, કરાવણ અને અનુમોદનાના ભેદથી હિંસાની પ્રાપ્તિ બતાવી ત્યાં પ્રશ્ન થાય કે, જાણતો અને કાયાથી અનાકુટ્ટી=અહિંસક, છે, ત્યાં હિંસા નથી, એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે, પરિજ્ઞા ઉપચિત હિંસા માનસ પરિણામરૂપ હિંસા છે, કાયાથી હિંસારૂપ નથી. તે જ રીતે અનુમોદનામાં પણ પોતે કાયાથી હિંસા કરતો નથી, પરંતુ કેવલ મનથી જ અનુમોદના કરે છે. તેથી બંને ભેદમાં કોઈ વિશેષતા નથી, તો પછી પરિજ્ઞા ઉપચિત હિંસાને અહિંસા કહી અને અનુમોદનાને હિંસા કહી, તે કઈ રીતે ? તેનો ભેદ બતાવતાં કહે છે - પરિજ્ઞા ઉપચિતમાં ફક્ત મનથી ચિંતવન છે અર્થાત્ હું આને મારું એ પ્રકારનું મનથી ચિંતવન છે; અને અનુમોદનામાં બીજાથી મરાતા પ્રાણીમાં અનુમોદના છે અર્થાત્ આ એને મારે છે તે સારું કરે છે, એ પ્રકારનો માનસ પરિણામ છે; અને અનુમોદના વખતે હિંસાનાં પાંચે અંગો હોય છે, જ્યારે પરિજ્ઞા ઉપચિતમાં હિંસાનાં પાંચે અંગો નથી, ફક્ત મનથી ચિંતવન હોય છે.

ઉત્થાન :-

પૂર્વના સર્વ કથનનું નિગમન કરતાં 'तदेवं' થી કહે છે -

ટીકાર્થ :-

तदेवं ..... सिद्धम् । તે કારણથી જ્યાં કરાતા પ્રાણીઘાતમાં સ્વયં કૃત, કારિત અને અનુમતિ અને ક્લિષ્ટ અધ્યવસાય અને પ્રાણનો અતિપાત=નાશ, વિદ્યમાન છે, ત્યાં જ કર્મનો ઉપચય છે, અન્યત્ર નહિ, એ પ્રમાણે સિદ્ધ થયું અર્થાત્ એ પ્રમાણે પૂર્વના કથનથી સિદ્ધ થયું.

एतदेव ..... आह -આને જ='तदेवं' થી નિગમન કરીને જે સિદ્ધ કર્યું, એને જ, બતાવતાં ફળનિગમનને કહે છે -

ગાથાર્થ :-

एए तु ..... अभिगच्छइ ।। આ જ પૂર્વોક્ત ત્રણ આદાનો=કારણો છે, જેનાથી પાપ કરાય છે.

હવે ગાથાના ઉત્તરાર્ધથી ફળનિગમન બતાવતાં કહે છે -

એવં=એ પ્રમાણે ભાવની વિશુદ્ધિથી નિર્વાણ પ્રાપ્ત થાય છે.

ટીકાર્થ :-

એતાનિ ..... સર્વદ્વન્દ્વોપરતિઃ । આ જ પૂર્વોક્ત ત્રણ કૃત-કારિત અને અનુમતિરૂપ વ્યસ્ત અથવા સમસ્ત આદાનો=કારણો, છે=પાપકર્મને એકઠાં કરવાનાં કારણો છે, કે દુષ્ટ અધ્યવસાયની અપેક્ષાવાળા એવા જેના વડે= કૃત, કારિત અને અનુમતિરૂપ વ્યસ્ત કે સમસ્ત એવા પાપકર્મના કારણભૂત એવા જેના વડે, પાપકર્મ કરાય છે અર્થાત્ પાપકર્મનો ઉપચય થાય છે=પાપકર્મ એકઠું થાય છે. એ પ્રમાણે સ્થિત હોતે છતે=દુષ્ટ અધ્યવસાય સાપેક્ષ આ ત્રણ કારણો પાપકર્મનો ઉપચય=પાપકર્મને એકઠાં કરે છે, એ પ્રમાણે સ્થિત હોતે છતે, પ્રાણાતિપાત હોવા છતાં પણ ભાવવિશુદ્ધિથી અરક્તદ્વિષ્ટ મન વડે=રાગ-દ્વેષરહિત મન વડે, પ્રવર્તમાનને=પ્રવૃત્તિ કરતાને, વિશુદ્ધિ હોવાથી કર્મનો ઉપચય થતો નથી, અને તેના અભાવથી=કર્મના ઉપચયના અભાવથી, નિર્વાણ=સર્વદ્વંદ્વની ઉપરતિ=સર્વ દ્વંદ્વનો અભાવ, થાય છે.

વિશેષાર્થ :-

પૂર્વે કહ્યું એ રીતે દુષ્ટ અધ્યવસાય સાથે કૃત, કારિત અને અનુમતિરૂપ કારણો હોય તો પાપકર્મનો ઉપચય થાય છે. પરંતુ જ્યારે દુષ્ટ અધ્યવસાય ન હોય ત્યારે ભાવવિશુદ્ધિને કારણે રાગ-દ્વેષરહિત મનથી હિંસાની પ્રવૃત્તિ ચાલુ હોય અને જીવના પ્રાણનો નાશ થાય તો પણ, મનની વિશુદ્ધિ હોવાથી મારનારને કર્મનો ઉપચય થતો નથી; અને કર્મના ઉપચયના અભાવથી પોતાના જીવનનિર્વાહ માટે હિંસામાં પ્રવૃત્તિ હોવા છતાં પણ ઘાતકને કર્મબંધ નહિ થવાને કારણે, ધીરે ધીરે પૂર્વે બાંધેલાં સર્વ કર્મ ભોગવીને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

ટીકાર્થ :-

ભાવવિશુદ્ધ્યા ..... દૃષ્ટાન્તમાહ - **ભાવવિશુદ્ધિથી (હિંસાની) પ્રવૃત્તિ કરતાને કર્મબંધ થતો નથી, એમાં દૃષ્ટાંત બતાવતાં કહે છે -**

ગાથાર્થ :-

પુત્તં ..... નોવલિપ્પઈ ।। અસંયત=ગૃહસ્થ, અથવા તો મેધાવી=સંયત, પણ પિતા, પુત્રને મારીને આહાર કરે (તો પણ) કર્મ વડે, = પાપ વડે લેપાતો નથી.

ટીકાર્થ :-

પુત્રં ..... નાશ્લિષ્યતે । અસંયત=ગૃહસ્થ, અથવા મેધાવી=સંયત, પણ પિતા, તેવા પ્રકારની આપત્તિમાં પુત્રને મારીને તેના પિશિતને=માંસને, ખાતો આહાર કરે તો પણ પાપકર્મથી લેપાતો નથી=આશ્લેષ પામતો નથી.

યથા ..... સત્યપિ ઇતિ । જે પ્રમાણે પુત્રને મારતા એવા પિતાને રાગ-દ્વેષરહિત મન હોવાથી કર્મબંધ નથી, તે પ્રમાણે અન્યત્ર પણ=બીજા સ્થાનમાં પણ, અર્થાત્ પિતા-પુત્રના સંબંધ વગરના અન્ય સ્થાનમાં પણ, તેવા પ્રકારનો પ્રાણિવધ હોતે છતે પણ=રાગ-દ્વેષરહિત મનથી પ્રાણિવધ હોતે છતે પણ, કર્મબંધ નથી.

'इति' શબ્દ બૌદ્ધના કથનની સમાપ્તિસૂચક છે.

ટીકાર્થ :-

'एतद् दूषणायाह' - આને="जाणं' .... तादृशप्राणिवधे सत्यपि इति" સુધીના કહેલ બૌદ્ધમતને, દૂષણ આપવા માટે કહે છે -

ગાથાર્થ :-

मणसा ..... જેઓ મનથી પ્રદ્વેષ પામે છે, તેઓને ચિત્ત વિદ્યમાન નથી અને તેઓનું અનવદ્ય=નિરવદ્ય અતથ્ય છે. (જે કારણથી) તેઓ સંવૃત્તચારી નથી.

ટીકાર્થ :-

ये ..... अशुद्धत्वात्, જેઓ કોઈક કારણથી મનથી=અંતઃકરણથી, પ્રદ્વેષ પામે છે, વધપરિણત એવા તેઓનું શુદ્ધ ચિત્ત વિદ્યમાન નથી, અને તેથી કરીને કેવલ મનના પ્રદ્વેષમાં તેઓ વડે=બૌદ્ધો વડે, જે અનવદ્ય=કર્મબંધનું કારણ નથી એમ કહેવાયું છે, તે તેઓનું=બૌદ્ધોનું, અતથ્ય=અજ્ઞાન છે, જે કારણથી તેઓ સંવૃત્તચારી= સંવરભાવવાળા, નથી. કેમ કે મનનું અશુદ્ધપણું છે.

✪ 'कुतश्चित् कारणात्' ટીકામાં કહેલ છે, તે 'मणसा जे पउस्संति' મૂળગાથામાં છે તેના પૂરકરૂપે કહેલ છે.

અને મૂળમાં 'चित्तं' શબ્દ છે, તેના પૂરક તરીકે 'शुद्धं' શબ્દ ટીકામાં કહેલ છે.

વિશેષાર્થ :-

કોઈક કારણને પામીને જીવો મનથી પ્રદ્વેષ કરે છે પરંતુ બાહ્યથી હિંસા કરતા નથી, ત્યાં હિંસાનાં પાંચ કારણો વિદ્યમાન નહિ હોવાથી હિંસા થતી નથી, એ પ્રમાણે બૌદ્ધ વડે જે કહેવાયું, તે તેઓનું કથન અતથ્ય છે. કેમ કે બાહ્યહિંસા નહિ કરવા છતાં મનમાં જેમને પ્રદ્વેષ થાય છે, તેઓ સંવૃત્ત આચારવાળા નથી, કેમ કે સંવૃત્ત આચારવાળાને મનમાં પણ પ્રદ્વેષ થાય નહિ. અને સંવૃત્ત આચારવાળા જેઓ નથી, તેમની પ્રવૃત્તિને અનવદ્ય=કર્મબંધનું કારણ નથી તેમ, કહી શકાય નહિ, પરંતુ સાવદ્ય કહેવી પડે.

ઉત્થાન :-

પૂર્વે કહ્યું કે, કેવલ મનથી પ્રદ્વેષ હોતે છતે જ્યારે કાયાથી હિંસા નથી થતી, ત્યારે બૌદ્ધો તે મનથી પ્રદ્વેષને અનવદ્ય=કર્મબંધનું કારણ નથી, તેમ કહે છે, તે બૌદ્ધોનું અતથ્ય=અજ્ઞાન છે; અને તેમાં હેતુ કહેલ કે - મનની અશુદ્ધિને કારણે તેઓ સંવૃત્તચારી નથી. ત્યાં બૌદ્ધ તરફથી પ્રશ્ન ઉદ્ભવી શકે કે, હિંસાનાં પાંચે અંગો વિદ્યમાન હોય ત્યાં જ હિંસાકૃત કર્મબંધ થાય છે, માટે કેવલ મનથી જ્યાં હિંસા વર્તતી હોય ત્યાં હિંસાકૃત કર્મબંધ નથી, એમ અમે કહીશું, તો શું દોષ છે ? એ પ્રકારની શંકાને સામે રાખીને તેઓના કથનને અતથ્યરૂપે સ્પષ્ટ કરવા 'तथाहि' થી ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

तथाहि ..... उक्तेः, - કર્મના ઉપચયમાં મન જ પ્રધાન કારણ તેઓ વડે=બૌદ્ધો વડે, કહેવાયું છે. કેમ કે કેવલ કાયવ્યાપારથી કર્મના ઉપચયના અભાવની ઉક્તિ=વચન, છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી=બૌદ્ધ, કહે કે, અમે કેવલ કાયવ્યાપારથી કે કેવલ મનોવ્યાપારથી=કાયચેષ્ટારહિત મનોવ્યાપારથી, કર્મનો ઉપચય કહેતા નથી. તેથી જ્યાં કાયચેષ્ટા અને મન બંને હિંસાને અનુકૂળ હોય ત્યાં કર્મનો ઉપચય થાય છે, અને બેમાંથી એકનો અભાવ હોય ત્યાં કર્મનો ઉપચય થતો નથી. તેને ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

कायचेष्टारहितस्य ..... तात्पर्यात् । કાયચેષ્ટારહિત તેની=મનની, અકારણપણાની ઉક્તિ=વચન, ફલનિગમન બતાવનાર 'एएतु .....' ગાથામાં જે કહ્યું કે, ભાવવિશુદ્ધિથી નિર્વાણ પામે છે, એ પ્રકારના સ્વવચનથી જ=બૌદ્ધના પોતાના વચનથી જ, વિરુદ્ધ છે. કેમ કે ત્યાં=ભાવવિશુદ્ધિથી નિર્વાણ પામે છે એ કથનમાં, એક મનના જ પ્રધાનપણામાં તાત્પર્ય છે.

વિશેષાર્થ :-

બૌદ્ધમતે હિંસાના સ્થાનમાં કાયા અને મનોવ્યાપાર બંને હોય ત્યાં જ હિંસાનો સ્વીકાર કરેલ છે, અને નિર્વાણપ્રાપ્તિ પ્રત્યે કાયનો વ્યાપાર મોક્ષને પ્રતિકૂળ એવી હિંસામાં પ્રવૃત્ત હોય તો પણ કેવલ મનોવ્યાપારથી નિર્વાણ પ્રાપ્ત થાય તેમ કહેલ છે, તે તેઓના વચનનો પરસ્પર વિરોધ છે; એમ કહીને ગ્રંથકારશ્રીને એ કહેવું છે કે, જેમ મોક્ષ પ્રત્યે મન જ પ્રધાન કારણ છે, તેમ હિંસા પ્રત્યે પણ મન જ પ્રધાન કારણ છે, એમ તેઓએ સ્વીકારવું જોઈએ. માટે કેવલ મનથી પ્રદ્વેષ હોતે છતે જો કાયાથી હિંસા ન હોય તો મનના પ્રદ્વેષને અનવદ્ય કહેવું=કર્મબંધનું કારણ નથી એમ કહેવું, એ તેઓનું અતથ્ય=અજ્ઞાન, છે.

ઉત્થાન :-

અહીં બૌદ્ધ કહે કે, હિંસા પ્રત્યે પાંચે અંગો પ્રાપ્ત થાય, ત્યારે જ હિંસાકૃત કર્મબંધ થાય છે, તેથી કર્મબંધ પ્રત્યે કાયવ્યાપાર અને મનોવ્યાપાર એમ ઉભયની આવશ્યકતા રહે છે. કેમ કે હિંસા એ બાહ્યપદાર્થ છે તેથી મનોવ્યાપારની સાથે કાયવ્યાપાર પણ જોઈએ, અને મોક્ષ એ અંતરંગ પદાર્થ છે, તેથી મોક્ષ માટે બાહ્ય આચરણાની અપેક્ષા રહેતી નથી. તેથી બાહ્ય આચરણા હિંસાદિમાં વર્તતી હોય તો પણ ભાવની વિશુદ્ધિથી નિર્વાણની પ્રાપ્તિ થઈ શકે છે. તેથી ગ્રંથકાર अन्यत्राप्युक्तं થી કહે છે -

ટીકાર્થ :-

अन्यत्राप्युक्तं - અન્યત્ર પણ કહ્યું છે=બૌદ્ધદર્શનમાં અન્ય સ્થાનમાં પણ કહ્યું છે, તે બતાવતાં કહે છે -

चित्तमेव ..... कर्मबन्धायेति । ખરેખર રાગાદિ ક્લેશવાસિત ચિત્ત જ સંસાર છે, અને રાગાદિ ક્લેશથી

વિમુક્ત તે જ=ચિત્ત જ, ભવાંત=મોક્ષ છે, એ પ્રમાણે કહેવાયેલ છે. તેથી ચિત્તમેવ હિ ..... આ કથનરૂપ તમારા અભ્યુપગમ દ્વારા જ=સ્વીકાર દ્વારા જ, ક્લિષ્ટ મનોવ્યાપાર કર્મબંધ માટે છે.

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

'चित्तमेव हि संसारः' એ બૌદ્ધના વચનથી સંસારના કારણ તરીકે ક્લિષ્ટ ચિત્તનો સ્વીકાર થાય છે. તેથી કેવલ મનઃપ્રદ્વેષમાં કાયાથી જ્યારે હિંસા થતી નથી ત્યારે અનવદ્ય કહેવું, એ તેઓનું વચન અતથ્ય છે, તે તેઓના જ સ્વીકારથી સિદ્ધ થાય છે.

ઉત્થાન :-

બૌદ્ધમતમાં ઈર્યાપથમાં કર્મબંધનો અભાવ સ્વીકારેલ છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

ईर्यापथे ..... बन्धकत्वमेव । ઈર્યાપથમાં પણ ઉપયુક્તનું અપ્રમત્તપણું હોવાને કારણે અબંધકપણું છે, વળી અનુપયુક્તનું ક્લિષ્ટચિત્તપણું હોવાને કારણે બંધકપણું જ છે.

વિશેષાર્થ :-

બૌદ્ધમત પ્રમાણે, ઈર્યાપથમાં ટ મારવાનો અધ્યવસાય નહિ હોવાને કારણે કાયાથી હિંસા થવા છતાં કર્મબંધ થતો નથી, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં અનુપયુક્તને બીજાના રક્ષણ પ્રત્યે ઉપેક્ષારૂપ ક્લિષ્ટચિત્તપણું હોવાને કારણે બંધકપણું છે, અર્થાત્ કર્મબંધ થાય છે.

ઉત્થાન :-

બૌદ્ધમતમાં સ્વપ્નાંતિકમાં થતી હિંસાથી કર્મબંધ થતો નથી તેમ કહ્યું, તેના નિરાકરણ માટે ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

स्वप्नान्तिके ..... अभ्युपगता । સ્વપ્નાંતિકમાં પણ અશુદ્ધ ચિત્તના સદ્ભાવથી ઈષદ્=થોડી, બંધા થાય છે જ, અને તે અવ્યક્ત સાવદ્ય ઉક્તિથી કહેવાયેલી તારા વડે=બૌદ્ધ વડે, પણ સ્વીકારાયેલી છે.

✪ 'अव्यक्तसावद्योक्ता' પાઠ છે ત્યાં 'अव्यक्तसावद्योक्त्या' પાઠની સંભાવના છે, અને તે મુજબ ટીકાનો અર્થ કરેલ છે.

વિશેષાર્થ :-

કોઈ જીવ સ્વપ્નમાં હિંસા કરે છે ત્યારે હિંસાનાં પાંચે અંગો ત્યાં હોતાં નથી, તે કારણે, ત્યાં

બાહ્યહિંસા નહિ હોવા છતાં, પોતે કોઈકની હિંસા કરી રહેલ છે તેવા પ્રકારનું અશુદ્ધ ચિત્ત ત્યાં વર્તે છે, તેથી તત્કૃત કર્મબંધરૂપ કાંઈક બાધાની પ્રાપ્તિ ત્યાં થાય છે.

અહીંયાં અશુદ્ધ ચિત્તને કારણે બાધા થાય છે તેમ ન કહેતાં કાંઈક બાધા થાય છે તેમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, ખરેખર કોઈ જીવ જાગૃત અવસ્થામાં હિંસા કરવાના અધ્યવસાયવાળો નથી, તો પણ સ્વપ્નમાં પોતાના શત્રુ પ્રત્યે દ્વેષ હોવાથી તે દ્વેષભાવને કારણે હિંસાની ક્રિયા સ્વપ્નમાં થાય છે, ત્યારે જે કર્મબંધરૂપ બાધા થાય છે તે અલ્પ પ્રમાણમાં થાય છે. કેમ કે ખરેખર તે જીવને શત્રુને મારવાનો અધ્યવસાય નથી, આમ છતાં નિદ્રાઅવસ્થામાં પોતાનો નહિ મારવાનો ભાવ સુષુપ્ત થઈ જવાને કારણે હિંસાની પ્રવૃત્તિ થઈ જાય છે, અને તે જ વાતને બૌદ્ધે પણ સ્વીકારી છે તે બતાવતાં કહે છે કે - 'जाणं' ઈત્યાદિ મૂળ ગાથામાં સાવદ્યની ઉક્તિ દ્વારા બૌદ્ધ વડે પણ તે સ્વીકારાયેલ છે. અર્થાત્ ઊંઘમાં અવ્યક્ત એવી સાવદ્યપ્રવૃત્તિરૂપ કર્મબંધ થાય છે એ પ્રમાણે બૌદ્ધ પણ સ્વીકારે છે; માટે સર્વથા કર્મબંધ નથી એમ ન કહી શકાય, પરંતુ જાગૃત અવસ્થામાં હિંસામાં જે કર્મબંધ થાય છે તેના કરતાં સ્વપ્નમાં અલ્પ કર્મબંધ થાય છે. કેમ કે સ્વપ્નમાં પોતાનો અહિંસકભાવ હોવા છતાં તે અવ્યક્ત થવાના કારણે સાવદ્ય ચિત્ત થયું છે, આમ છતાં સાવદ્ય પ્રવૃત્તિ ત્યાં થયેલી નથી. તેથી સ્વપ્નમાં અવ્યક્ત સાવદ્ય ઉક્તિ દ્વારા ઈષદ્=કાંઈક, બાધા બૌદ્ધ વડે પણ સ્વીકારાયેલ છે.

ઉત્થાન :-

બૌદ્ધમતમાં દૂષણ આપવા માટે 'एतद् दूषणाय आह ..थी... त्वयाप्यभ्युपगता । સુધીનું કથન ગ્રંથકારશ્રીએ કર્યું. તે કથનનું 'तदेवं' થી નિગમન કરતાં કહે છે -

ટીકાર્થ :-

तदेवं ..... प्लवते । તે કારણથી=પૂર્વે સ્થાપન કર્યું કે કેવલ મનથી હિંસા કરે છે કાયાથી કરતો નથી, ત્યાં ક્લિષ્ટ ચિત્ત છે, ઈર્યાપથમાં પણ અનુપયુક્તને ક્લિષ્ટ ચિત્ત છે, અને સ્વપ્નાંતિકમાં પણ ક્લિષ્ટ ચિત્ત છે, માટે કર્મબંધ છે, તે કારણથી, એક ક્લિષ્ટ મનના સદ્ભાવમાં પણ બંધનો સદ્ભાવ હોવાથી, જે પ્રાણી, પ્રાણીનું જ્ઞાન ઈત્યાદિ પાંચથી હિંસા થાય છે, એમ કહ્યું, તે સર્વ વ્યર્થ ઠરે છે.

यदप्युक्तं ..... अभिधानम्, પૂર્વે ભાવની વિશુદ્ધિથી હિંસાની પ્રવૃત્તિમાં કર્મબંધ નથી તેમ કહ્યું, ત્યાં દૃષ્ટાંત તરીકે 'पुत्रं पिता समारभ्य' ઈત્યાદિ જે પણ કહેવાયું, તે પણ અનાલોચિત=વિચાર્યા વગરનું, અભિધાન છે. તેમાં હેતુ કહે છે -

मारयामि ..... असंभवात्, હું મારું છું, એ પ્રકારના અધ્યવસાય વગર વ્યાપાદનનો=મારવાનો, અસંભવ છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, 'હું મારું છું' - એ અધ્યવસાય વગર મારવાનું અસંભવ હોવા છતાં રાગદ્વેષરહિત મનથી પિતા પુત્રને મારે છે, તેથી ત્યાં સંક્લિષ્ટ ચિત્ત નથી. માટે બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

तादृश ..... उभयसंमतमेव । તેવા પ્રકારની ચિત્તપરિણતિની=પોતાના જીવનનિર્વાહરૂપ સ્વાર્થ ખાતર 'હું આને મારું છું', તેવા પ્રકારની ચિત્તપરિણતિની, કઈ રીતે અસંક્લિષ્ટતા હોઈ શકે ? અર્થાત્ ન હોઈ શકે. અને સંક્લેશમાં નક્કી કર્મબંધ થાય છે, તે તો તમને અને અમને એમ ઉભયને સંમત જ છે. તેથી પિતા-પુત્ર સ્થાનમાં પણ કર્મબંધ છે જ.

વિશેષાર્થ :-

તથાવિધ આપત્તિમાં પોતાના દેહરક્ષણ માટે રાગ-દ્વેષથી રહિત પિતા પુત્રને મારે છે ત્યાં, 'હું આને મારું છું', એ પ્રકારના અધ્યવસાય વગર મારવાનો અસંભવ છે, તેથી પૂર્વપક્ષીનું એ કથન વિચાર્યા વગરનું છે. અહીં પ્રશ્ન થાય કે, 'મારું' એ પ્રકારનો વિચાર કર્યા વગર મારવાનું અસંભવ હોવા છતાં, કોઈ પદાર્થના રાગભાવ કે પુત્ર પ્રત્યેના દ્વેષભાવથી તે હિંસા કરતો નથી, પરંતુ જીવનનિર્વાહનો અન્ય રીતે અસંભવ હોવાથી પિતા પુત્રની હિંસા કરે છે, તેથી સંક્લિષ્ટ ચિત્ત ત્યાં નથી. તેથી બીજો હેતુ કહે છે કે, તેવા પ્રકારની ચિત્તપરિણતિની અસંક્લિષ્ટતા કઈ રીતે હોઈ શકે ? અર્થાત્ પુત્ર પ્રત્યે દ્વેષ નહિ હોવા છતાં પોતાના જીવનના રક્ષણાર્થે હું પુત્રને મારું એવા પ્રકારની ચિત્તપરિણતિ સંક્લેશ વગરની નથી; અને સંક્લેશમાં અવશ્ય કર્મબંધ થાય છે, તે તમને અને અમને એમ ઉભયને સંમત છે, તેથી પિતા-પુત્ર સ્થાનમાં પણ કર્મબંધ થાય છે. માટે કાયાથી પણ જ્યાં પોતાના સ્વાર્થ ખાતર હું આને મારું - એ પ્રકારના માનસ ઉપયોગપૂર્વક હિંસા થાય છે, ત્યાં અવશ્ય કર્મબંધ થાય છે.

ઉત્થાન :-

પૂર્વમાં બૌદ્ધનો પૂર્વપક્ષ સ્થાપીને તેમાં દોષો બતાવવા માટે एतद् दूषणायाह ..... થી અત્યાર સુધીના કથનથી પૂર્વપક્ષમાં દૂષણ બતાવ્યું. વળી હવે કોઈ અન્ય ઠેકાણે બૌદ્ધ, બીજાથી હિંસા કરાયેલ માંસભક્ષણમાં દોષ નથી, એ પ્રમાણે કહે છે, તે પણ અસંગત છે, તે બતાવવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

यदपि ..... अप्रतिहतत्वात् । જે પણ પરથી વ્યાપાદિત પિશિતના ભક્ષણમાં=મારેલાના માંસના ભક્ષણમાં, પર હસ્ત વડે આકૃષ્ટ થયેલા=ગ્રહણ થયેલા, અંગારાના દાહની જેમ દોષ નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે, તે પણ ઉન્મત્ત પ્રલપિતની જેમ અનાકર્ણનીય=નહિ સાંભળવા યોગ્ય છે. કેમ કે પરથી વ્યાપાદિત માંસભક્ષણમાં પણ અનુમતિનું અપ્રતિહતપણું છે અર્થાત્ બીજાએ મારેલાના માંસને ખાવામાં અનુમતિ તો લાગે જ છે.

વિશેષાર્થ :-

પ્રાણીને મારવાના પરિણામપૂર્વક પ્રાણીની હિંસા કરવી, તે કર્મબંધનું કારણ છે, એમ બૌદ્ધ કહે છે; પરંતુ અન્ય કોઈ વ્યક્તિ હિંસા કરે અને તેનું માંસ બૌદ્ધ સાધુ આદિ કોઈ પણ ખાય, તો તેને કર્મબંધ થતો નથી; જેમ પરના હાથ વડે આકૃષ્ટ=કાઢેલા, અંગારાથી બીજાને દાહ થતો નથી, તેમ બીજાથી કરાયેલી હિંસાથી પોતાને દોષ લાગતો નથી, આ પ્રમાણેનું બૌદ્ધનું કથન પણ ઉન્મત્તના પ્રલાપની જેમ નહિ સાંભળવા યોગ્ય છે.

'तदप्युन्मत्तप्रलपितवद् अनाकर्णनीयं' અહીં 'अपि' થી એ કહેવું છે કે, પૂર્વે કહ્યું કે, કેવળ મનથી હિંસા કરે કે કેવળ કાયાથી હિંસા કરે તેમાં કર્મબંધ નથી, તે કથન તો ઉન્મત્તના પ્રલપિતના જેવું અનાકર્ણનીય છે; પરંતુ પ્રસ્તુત કથન પણ અનાકર્ણનીય છે. કેમ કે પર વડે કરાયેલી હિંસાથી પ્રાપ્ત થયેલા માંસના ભક્ષણમાં અનુમોદનાની પ્રાપ્તિ છે.

ટીકાર્થ :-

यच्च ..... अकारि इति અને કૃત, કારિત અને અનુમતિરૂપ આદાનત્રય=ત્રણ કારણો, તેઓ વડે=બૌદ્ધ વડે, જે કહેવાયાં, તે જિનેન્દ્રમતના લવનો=જિનેંદ્રમતના અંશનો, આસ્વાદ જ તેઓ વડે કરાયો.

'इति' શબ્દ સૂત્રકૃતાંગના પાઠના કથનની સમાપ્તિસૂચક છે.

ઉત્થાન :-

સૂત્રકૃતાંગનો પૂર્વે जाणं काएणणाउट्टी પાઠ બતાવ્યો તેની પૂર્વે एतेन .....થી કહેલ કે, અધ્યવસાયમાત્રથી= જિનપૂજામાં જીવને નહિ મારવાનો અધ્યવસાય છે એટલા માત્રથી, હિંસાની અન્યથાસિદ્ધિનું પ્રતિપાદન કરશો તો બૌદ્ધમતમાં તમારો પ્રવેશ થશે, એમ પૂર્વપક્ષી એવા લુંપાકે કહ્યું. તેનું નિરાકરણ ગ્રંથકારે કરેલ કે, શુભયોગ અને શુભ અધ્યવસાયનું સામ્ય હોવાને કારણે જિનપૂજાદિમાં અમે શુભક્રિયાનો સ્વીકાર કરીએ છીએ; પરંતુ બૌદ્ધ સ્વીકારે છે તેમ પૂજામાં મારવાનો અધ્યવસાય નથી, એટલા માત્રથી શુભક્રિયાનો સ્વીકાર કરતા નથી, તેથી પરમતમાં=બૌદ્ધમતમાં, અમારો પ્રવેશ થશે નહિ. ત્યાં 'अथ' થી પૂર્વપક્ષી લુંપાક કહે છે -

✪ જેવો શુભયોગ=શુભવ્યાપાર, છે, તેવો જ શુભઅધ્યવસાય પૂજામાં છે, તેથી તે બંને સમાન છે.

ટીકા :-

अथ तथापि पुत्रं पितेत्याद्युक्तदिशा द्रव्यस्तवे पुष्पादिजीवोपमर्ददोषाभावाभिधाने परमतप्रवेशस्तदवस्थ एव, मारणाध्यवसायं विना व्यापादनेऽदोषोक्तेरुत्तरस्योभयत्र तुल्यत्वादिति चेत्, न, लोचानशनादेरेवा(रिवा ?)धिकारिणो यतनाशुद्धभावेन संक्लेशरूपापनयने परिकर्मितवत्सनागादेरिव ततो बलवद्दोषाभावात्, स्वरूपतः सावद्यत्वाच्च यतेस्तत्र नाधिकार इति । ततः शुभयोगे द्रव्यस्तवे नारम्भिकी क्रियाऽभिधेया । अभिधेया चेत् ? शुभैव, हिंसा च यतनया तदधिकनिवृत्तिभावान्न भवति । तदाह-

"यतनातो न च हिंसा यस्मादेषैव तन्निवृत्तिफला ।
तदधिकनिवृत्तिभावाद् विहितमतोऽदुष्टमेतद् ।।" **(षोड० ६ श्लो० १६) इति ।**

मूल एव विस्तरेणाभिधास्यते चेदमुपरिष्टादित्यलं प्रसङ्गेन ।

ટીકાર્થ :-

अथ ..... बलवद्दोषाभावात् । **તો પણ પુત્ર-પિતા ઈત્યાદિ જે સૂયગડાંગસૂત્રમાં કહ્યું છે, તેમાં કહેવાયેલી દિશાથી દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોના ઉપમર્દનમાં=નાશમાં, દોષાભાવનું અભિધાન કરાયે**

છતે પરમતમાં પ્રવેશ તદવસ્થ જ છે=તે પ્રમાણે જ છે. કેમ કે મારવાના અધ્યવસાય વગર વ્યાપાદનમાં= મારવામાં, અદોષની ઉક્તિનું=વચનનું, ઉભયત્ર તુલ્યપણું છે. અર્થાત્ પુત્ર-પિતાના સ્થાનની જેમ દ્રવ્યસ્તવમાં કરાતા પુષ્પાદિ જીવના ઉપમર્દનના સ્થાનમાં પણ તુલ્યપણું છે, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે લોચ-અનશનાદિથી જેમ બલવાન દોષનો અભાવ છે, તેમ પરિકર્મિત=સંસ્કારિત, વત્સનાગાદિની જેમ યતનારૂપ શુદ્ધભાવ વડે સંક્લેશનું સ્વરૂપ દૂર થયે છતે તેનાથી=દ્રવ્યસ્તવથી, બલવાન દોષનો અભાવ છે,

વિશેષાર્થ :-

'अथ' શબ્દ પૂર્વપક્ષી લુંપાકના કથનના પ્રારંભ અર્થે છે અને 'तथापि' શબ્દ એ પૂર્વકથનની સાથે સંબંધ ધરાવે છે, તે આ રીતે -

यद्यपि = જોકે, તમે શુભયોગને કારણે દ્રવ્યસ્તવમાં શુભક્રિયા સ્વીકારો છો, જ્યારે બૌદ્ધમતે રાગ-દ્વેષ વગર કેવલ કાયાથી ક્રિયા કરવામાં હિંસા નથી તેમ સ્વીકારાય છે, તેથી પરમતમાં પ્રવેશ નહિ થાય, કેમ કે બેની માન્યતાનો ભેદ પ્રાપ્ત થાય છે. કેમ કે પિતા-પુત્ર સ્થાનમાં ચિત્ત વગર કેવલ કાયિક ક્રિયાથી બૌદ્ધ હિંસા માનતો નથી, ત્યારે સિદ્ધાંતકાર દેવપૂજાદિમાં શુભક્રિયા હોવાને કારણે અનારંભિકી ક્રિયા કહે છે. તેથી પરમતમાં અમારો પ્રવેશ નથી, એમ સિદ્ધાંતકાર કહે છે. તો પણ દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોનું ઉપમર્દન થાય છે, તેમાં દોષ કેમ નથી ? એ પ્રશ્ન કરવામાં આવે તો એ જ કહેવું પડશે કે, જે રીતે પિતા પુત્રને મારે છે, ત્યાં મારવાનો અધ્યવસાય નથી, પરંતુ વ્યાપાદન ક્રિયા=મારવાની ક્રિયા છે; તેમ દ્રવ્યસ્તવમાં મારવાનો અધ્યવસાય નથી, પરંતુ વ્યાપાદન ક્રિયા=મારવાની ક્રિયા છે તેથી દોષ નથી, એમ જ કહેવું પડશે; અને એ રીતે કહેવાથી બૌદ્ધમતમાં પ્રવેશ થશે. કેમ કે મારવાના અધ્યવસાય વગર વ્યાપાદનક્રિયામાં અદોષ છે તેમ તમે દ્રવ્યસ્તવમાં કહેશો; અર્થાત્ પુષ્પાદિના જીવોને મારવાનો અધ્યવસાય નથી, પરંતુ ભગવાનની ભક્તિ માટે કોઈ અન્ય ઉપાય નથી, માટે પુષ્પાદિનું વ્યાપાદન કરીએ છીએ, તેથી કોઈ દોષ નથી, તેમ તમે કહેશો; તો એ પ્રકારનો ઉત્તર પિતા-પુત્રના સ્થાનમાં પણ આપી શકાય છે; તે આ રીતે - પિતાનો પુત્રને મારવાનો અધ્યવસાય નથી, પરંતુ તેવા પ્રકારની આપત્તિમાં સ્વજીવનના રક્ષણ માટે અન્ય ઉપાય નહિ હોવાને કારણે પુત્રને મારે છે, માટે ત્યાં દોષ નથી; અને તે રીતે વિચારતાં બૌદ્ધમતમાં પ્રવેશ પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરતાં 'इति चेत् न' થી ગ્રંથકાર કહે છે -

પૂર્વપક્ષી લુંપાકની આ વાત બરાબર નથી અને તેમાં 'लोचानशनादेरिव बलवद्दोषाभावात्'=લોચ અને અનશન આદિની જેમ બળવાન દોષના અભાવથી, એ પ્રમાણે હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, લોચ અને અનશન કરવાના અધિકારી એવા સાત્ત્વિક મુનિ તે ક્રિયા કરે છે ત્યારે, લોચની ક્રિયામાં પોતાને કષ્ટ પ્રાપ્ત થાય છે અને અનશન ક્રિયામાં પોતાના પ્રાણનો નાશ થાય છે તો પણ, તે ક્રિયા કરીને મુનિ નિર્જરા કરી શકે તેવું ઉત્તમ સત્ત્વ હોવાને કારણે, તે ક્રિયાના મુનિ અધિકારી છે. આથી જ લુંપાકને પણ તે સંમત છે કે, અધિકારી એવા મુનિ લોચ કે અનશન કરીને નિર્જરા પ્રાપ્ત કરે છે, અને જે લોચમાં કષ્ટ કે અનશનમાં મૃત્યુ

પ્રાપ્ત થાય છે, તે નિર્જરારૂપ લાભની અપેક્ષાએ બલવાન દોષરૂપ નથી, પરંતુ અકિંચિત્કર છે. તે જ રીતે જિનપૂજાનો અધિકારી જીવ જ્યારે દ્રવ્યસ્તવ કરે છે ત્યારે, ભગવાનની ભક્તિમાં ઉપયોગી એવી હિંસાથી પ્રયોજન વગરની લેશ પણ હિંસા ન થાય, એ પ્રકારના યતનાશુદ્ધ ભાવ વડે, તેને પુષ્પાદિના ઉપમર્દનમાં સંક્લેશસ્વરૂપનું અપનયન થાય છે. તેથી જેમ વત્સનાગાદિ ઝેર હોવા છતાં સંસ્કારિત કરાતાં સંસ્કારને કારણે મારણ કરતાં નથી, તેમ આ હિંસાદિ કર્મબંધની શક્તિ વગરના બની જાય છે. તેથી પરિકર્મિત વત્સનાગાદિના જેવી દ્રવ્યસ્તવની ક્રિયાથી બલવાન દોષ પ્રાપ્ત થતો નથી. અર્થાત્ ભગવાનની પૂજામાં વપરાતા પુષ્પાદિના જીવોનું ઉપમર્દન થાય છે, પરંતુ પુષ્પાદિ દ્વારા કરાતા પૂજનથી પોતાને વિરતિની પ્રાપ્તિ સુલભ બને છે, અને અન્ય જીવોને પણ તે પૂજાનાં દર્શનથી બોધિ આદિની પ્રાપ્તિ થાય છે; એ લાભ કરતાં આ જીવોની હિંસા થાય છે, તે બલવાન દોષરૂપ નથી; પરંતુ અકિંચિત્કર દોષ છે. જ્યારે પિતા-પુત્ર સ્થાનમાં પોતાના પ્રાણરક્ષણના મલિન અધ્યવસાયથી પિતા પુત્રને મારે છે, તેથી તેના જેવું દ્રવ્યસ્તવ નથી. માટે બૌદ્ધ મતમાં અમારો પ્રવેશ થશે નહિ.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, જો ખરેખર યતનાશુદ્ધ ભાવ વડે દ્રવ્યસ્તવમાં સંક્લેશરૂપનું અપનયન થાય છે, અને તેથી ગૃહસ્થને દ્રવ્યસ્તવમાં દોષ નથી, તો એ રીતે મુનિને પણ યતનાશુદ્ધ ભાવથી દ્રવ્યસ્તવમાં સંક્લેશનું અપનયન થઈ શકે છે; તેથી મુનિએ દ્રવ્યસ્તવ કરવું જોઈએ, એમ લુંપાક કહે, તેથી કહે છે -

ટીકાર્થ :-

स्वरूपतः ..... नाधिकार इति । અને સ્વરૂપથી સાવદ્યપણું હોવાને કારણે યતિને ત્યાં= દ્રવ્યસ્તવમાં, અધિકાર નથી.

✪ 'यतेस्तत्र नाधिकार इति' અહીં 'इति' શબ્દ છે, તે 'एतेन' થી લુંપાકે શ્વેતાંબર સંપ્રદાયને બૌદ્ધમતના પ્રવેશની આપત્તિ આપી તેનું નિરાકરણ કર્યું, અને ફરી લુંપાકે अथ तथापि ..... થી બૌદ્ધમતના પ્રવેશની આપત્તિ બીજી રીતે બતાવી તેનું નિરાકરણ કર્યું, તે કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

ગૃહસ્થ મલિનારંભી છે, તેથી સ્વરૂપથી સાવદ્ય એવી પૂજાનો અધિકારી છે; જ્યારે મુનિ મલિનારંભી નથી, માટે સ્વરૂપથી સાવદ્ય એવી પૂજાનો અધિકારી નથી; અને જે અધિકારી હોય તેને જ એ ક્રિયા કરવાથી લાભ થાય, માટે દ્રવ્યસ્તવના અનધિકારી એવા મુનિ ભગવાનની પૂજા કરતા નથી.

અહીં વિશેષ એ છે કે, યદ્યપિ લોચ અને અનશનાદિ પણ શરીરને પીડા ઉપજાવવારૂપ છે, તેથી એ પણ સ્વરૂપથી સાવદ્ય પ્રાપ્ત થાય. તેથી જો યતિ લોચ અને અનશનાદિના અધિકારી હોય તો તેમને જિનપૂજાના પણ અધિકારી માનવા પડે.

અહીં તાત્પર્ય એ ભાસે છે કે, નિશ્ચયથી લોચ અને અનશનાદિ સ્વરૂપથી સાવદ્યરૂપ હોવા છતાં

વ્યવહારથી નિરવદ્ય છે. વ્યવહારથી એ જ પ્રવૃત્તિને સાવદ્ય કહેવામાં આવે છે કે જ્યાં લોકદૃષ્ટિથી પણ હિંસા દેખાતી હોય. જેમ મુનિ નદી ઊતરે છે ત્યાં લોકને વ્યવહારથી હિંસા દેખાય છે, તેથી તે સ્વરૂપથી સાવદ્ય છે; પરંતુ મુનિ વિહારાદિ કરે છે ત્યારે તેઓની ગમનચેષ્ટાથી વાઉકાયાદિની વિરાધના થાય છે, તેથી નિશ્ચયથી તે સાવદ્ય ક્રિયા હોવા છતાં વ્યવહારથી નિરવદ્ય ક્રિયા છે. તેની જેમ જ વ્યવહારથી નિરવદ્ય એવા લોચ અને અનશનાદિ છે, તેથી યતિ તેના અધિકારી છે, અને વ્યવહારથી સાવદ્ય એવા દ્રવ્યસ્તવના યતિ અધિકારી નથી.

અહીં વ્યવહારથી સાવદ્ય એવી નદી ઊતરવાની ક્રિયાના અધિકારી યતિ છે, તેમ કહ્યું, તે ઉત્સર્ગથી નહિ, પરંતુ અપવાદથી સમજવું. અને એ રીતે તથાવિધ સંયોગમાં અપવાદથી દ્રવ્યસ્તવ વજસ્વામીએ કરેલ છે. તેથી અપવાદથી મુનિ પણ દ્રવ્યસ્તવના અધિકારી છે.

ઉત્થાન :-

પૂર્વે असदारंभनिवृत्तिफलत्वं ..... થી જે કથન કર્યું, અને ત્યાર પછી પ્રજ્ઞપ્તિસૂત્રનો પાઠ બતાવ્યો; તેમ જ 'किञ्च प्रतिनियताः' ..... થી જે કથન કર્યું, અને સૂયગડાંગસૂત્રમાં પરમતનો ઉપન્યાસ કરીને દૂષણ આપ્યું, તે સાક્ષી પાઠ આપ્યો; ત્યાર પછી પૂર્વપક્ષી લુંપાકે 'अथ तथापि ..... થી બીજી રીતે પરમત પ્રવેશ થશે તે બતાવ્યું, તેનું ગ્રંથકારે નિરાકરણ કર્યું. હવે તે સર્વકથનનું નિગમન કરતાં 'ततः' થી ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

ततः ..... शुभैव, **તેથી કરીને=પૂર્વમાં સિદ્ધ કર્યું એ રીતે દ્રવ્યસ્તવમાં કરાતી તે ક્રિયા શુભયોગરૂપ છે તેથી કરીને, શુભયોગરૂપ દ્રવ્યસ્તવમાં આરંભિકી ક્રિયા અભિધેય નથી. અને જો અભિધેય કહો તો શુભ જ છે=શુભ આરંભિકી ક્રિયા જ છે, પણ અશુભ આરંભિકી ક્રિયા નથી.**

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવ શુભયોગવાળું હોવાથી વાસ્તવિક રીતે ત્યાં અનારંભિકી ક્રિયા માનવી જોઈએ; અને જો આરંભિકી ક્રિયા માનવી હોય તો શુભ આરંભિકી ક્રિયા માનવી જોઈએ, પરંતુ અશુભ આરંભિકી ક્રિયા નહિ.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, દ્રવ્યસ્તવ ભગવાનની પૂજારૂપ હોવાથી શુભ ક્રિયારૂપ તમે કહેતા હો, તો પણ દ્રવ્યસ્તવમાં હિંસા હોવાને કારણે શુભ ક્રિયારૂપ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે -

ટીકાર્થ :-

हिंसा ..... भवति । **અને યતના વડે તેની=હિંસાની, અધિક નિવૃત્તિનો ભાવ હોવાથી હિંસા નથી.**

तदाह થી તેમાં ષોડશક ગ્રંથની સાક્ષી આપતાં કહે છે -

यतनातो ..... एतद् ।। इति । અને યતનાથી હિંસા નથી, જે કારણથી આ જ=યતના જ, તેની=હિંસાની,

અધિક નિવૃત્તિનો ભાવ હોવાથી તેની=હિંસાની, નિવૃત્તિરૂપ ફળવાળી છે, આથી શાસ્ત્રમાં જિનભવન કરાવવું વિહિત છે. આથી કરીને આ=જિનભવન કરાવવું, અદુષ્ટ છે.

'इति' શબ્દ ષોડશકના સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

જે જીવ યતનાપૂર્વક દ્રવ્યસ્તવ કરે છે ત્યાં યદ્યપિ સ્વરૂપથી હિંસા દેખાય છે, પરંતુ દ્રવ્યસ્તવમાં થતી હિંસા કરતાં અધિક હિંસાની નિવૃત્તિની પ્રાપ્તિ થાય છે. કેમ કે ભગવાનની પૂજા કરતાં પૂજકને ભગવાનના ધર્મ પ્રત્યે રુચિ વૃદ્ધિમત્ થાય છે અને તે વિરતિના પરિણામને નિષ્પન્ન કરે છે, અને અન્ય જીવો પણ તેવી ઉત્તમ પ્રકારની ભગવાનની ભક્તિને જોઈને બીજાધાનાદિ દ્વારા સમ્યક્ત્વ આદિને પામીને વિરતિને પ્રાપ્ત કરે છે. અને તે વિરતિ અહિંસારૂપ હોવાને કારણે પૂજામાં થયેલી હિંસા કરતાં અધિક હિંસાની નિવૃત્તિ પ્રાપ્ત થાય છે, તેથી દ્રવ્યસ્તવમાં હિંસા થતી નથી.

ઉત્થાન :-

યતનાથી અધિક હિંસાની નિવૃત્તિ કેમ થાય છે, તે જાણવાની અધિક જિજ્ઞાસા થાય. તેથી કહે છે -

ટીકાર્થ :-

મૂલ एव ..... प्रसङ्गेन । **અને મૂળમાં જ=પ્રસ્તુત ગ્રંથના મૂળ શ્લોકમાં જ, વિસ્તારથી આ= યતનાથી હિંસા નથી આ કથન, આગળમાં ગ્રંથકાર સ્વયં કહેશે. એથી પ્રસંગથી સર્યું.**

ઉત્થાન :-

શ્લોક-૩૦ માં કહેલ ક્રિયાના નિષ્કર્ષને જાણવાથી થતો લાભ બતાવવા અર્થે પદ્યાત્મક શ્લોક કહે છે -

ટીકા :-

इमं प्रोक्तं युक्तं य इह समयाद्वाचकवरैः, क्रियाया निष्कर्षं कलयति कृती शान्तमनसा ।
यशःश्रीस्तस्योच्चैस्त्यजतिसविधंनैवगुणिनो, गुणानांवाल्लभ्यात्परमरसिकेवप्रणयिनी ।।१।।।३०।।

ટીકાર્થ :-

इमं ..... प्रणयिनी ।।१।। વાચકવર વડે અર્થાત્ ગ્રંથકારશ્રી ઉપાધ્યાય યશોવિજયજી વાચકવર વડે કરીને, સમયમાંથી=સિદ્ધાંતમાંથી, અહીંયાં=પ્રસ્તુત ગ્રંથમાં, યુક્ત એવા આ કહેવાયેલા ક્રિયાના નિષ્કર્ષને શાંત મન વડે બુદ્ધિશાળી એવો જે મનુષ્ય જાણે છે, તે મનુષ્યના સાંનિધ્યને, પરમ રસિક પ્રેમી સ્ત્રીની જેમ ગુણીના ગુણોનું વલ્લભપણું હોવાથી યશરૂપી લક્ષ્મી અત્યંત છોડતી નથી જ. ।।૩૦।।

ૐ શ્લોકમાં 'सविधं' શબ્દ છે, તે સાંનિધ્ય અર્થક છે.

વિશેષાર્થ :-

પ્રસ્તુત ગાથાની ટીકામાં પૂજાની ક્રિયાને નિરારંભરૂપે સ્થાપન કરવા ગ્રંથકારે જે યત્ન કર્યો છે, તે શાસ્ત્રમાંથી ઉદ્ધૃત કરીને કરેલો છે, અને વળી તે યુક્તિથી યુક્ત છે.

જે જીવ બુદ્ધિમાન હોય અર્થાત્ ભગવાનના વચનને જાણવા માટે તત્પર મનોવૃત્તિવાળો હોય અને પોતાની માન્યતા પ્રત્યે આગ્રહવાળો ન હોય, તો ચિત્તને કષાયોથી આકુળ કર્યા વગર શાંત મનથી આ ક્રિયાના નિષ્કર્ષને જાણી શકે છે; અને આ ક્રિયાના નિષ્કર્ષને જાણવાના કારણે તે જીવને ભગવાનની ભક્તિની ક્રિયા નિરવદ્ય ભાસે છે, તેથી તેને ક્રિયા પ્રત્યે તે ક્રિયાને સેવવાની મનોવૃત્તિરૂપ ગુણ પ્રગટે છે. અને ગુણીઓના ગુણો પ્રત્યે યશરૂપી લક્ષ્મીને પક્ષપાત હોય છે, કેમ કે જગતમાં ગુણવાન વ્યક્તિ જ ગુણવાન તરીકેની ખ્યાતિને પામે છે. તેથી જે વ્યક્તિને નિરવદ્ય એવી ભગવાનની પૂજા પ્રત્યે પક્ષપાત હોય છે, તેમનો યશ જગતમાં વિસ્તારને પામે છે. **॥૩૦॥**

અવતરણિકા :-

દ્રવ્યસ્તવે ગુણાનુપદર્શયતિ -

અવતરણિકાર્થ :-

દ્રવ્યસ્તવમાં ગુણોને દેખાડે છે -

વિશેષાર્થ :-

પૂર્વના શ્લોકોમાં મુનિ દ્રવ્યપૂજા કેમ કરતા નથી અને ગૃહસ્થો કેમ કરે છે, તે બતાવ્યું. હવે દ્રવ્યસ્તવમાં ગુણોને દેખાડે છે અર્થાત્ અધિકારી એવા ગૃહસ્થને થતા ગુણોને દેખાડે છે -

શ્લોક :-

वैतृष्ण्यादपरिग्रहस्य दृढता, दानेन धर्मोन्नतिः,
सद्धर्मव्यवसायतश्च मलिनारम्भानुबन्धच्छिदा ।
चैत्यानत्युपनम्रसाधुवचसामाकर्णनात् कर्णयो-
रक्ष्णोश्चामृतमज्जनं जिनमुखज्योत्स्ना समालोकनात् ।।३१।।

શ્લોકાર્થ :-

(દ્રવ્યસ્તવમાં) વૈતૃષ્ણાથી અપરિગ્રહની દૃઢતા થાય છે, દાનથી ધર્મની ઉન્નતિ થાય છે અને સદ્ધર્મના વ્યવસાયથી મલિન આરંભના અનુબંધનો છેદ થાય છે. ચૈત્યને નમસ્કાર કરવા માટે આવેલા સાધુના વચનના શ્રવણથી બે કાનોને અને જિનમુખની જ્યોત્સ્નાના સમાલોકનથી=

જોવાથી, બે આંખોને અમૃતનું મજ્જન થાય છે. ।।૩૧।।

ટીકા :-

'वैतृष्ण्याद्' इति :- धनतृष्णाविच्छेदादपरिग्रहस्य=अपरिग्रहव्रतस्य दृढता भवति ।

ટીકાર્થ :-

धनतृष्णा ..... भवति । **धनतृष्णाना विच्छेदथी अपरिग्रहनी=अपरिग्रहव्रतनी, दृढता थाय छे.**

ટીકા :-

तथा दानेन कृत्वा धर्मोन्नतिर्भवति, विहितं च तज्जिनभवनकारणे पूर्वाङ्गम्,

"तत्रासन्नोऽपि जनोऽसंबन्ध्यपि दानमानसत्कारैः ।
कुशलाशयवान् कार्यो नियमाद्बोध्यंगमयमस्य" ।। **(षोडशके श्लो० ६/६) इत्यादिना ।**

ટીકાર્થ :-

तथा ..... पूर्वाङ्गम् । **अने दानथी=दानपूर्वक (द्रव्यस्तवરૂપ જિનમંદિર) કરીને ધર્મની ઉન્નતિ થાય છે, અને જિનભવન કરાવવામાં પૂર્વાંગરૂપે શાસ્ત્રમાં દાન વિહિત છે.**

ઉત્થાન :-

"तत्रासन्नो ..... अस्य" ।। ઈત્યાદિ શ્લોક વડે દાનપૂર્વક જિનમંદિર બંધાવવાથી ધર્મની ઉન્નતિ થાય છે, તે બતાવ્યું છે. તે ષોડશકની ગાથાનો અર્થ આ પ્રમાણે છે -

ટીકાર્થ :-

"तत्रासन्नो ..... अस्य" ।। ત્યાં=જિનભવનના આરંભમાં, (જિનભવનની) નિકટમાં રહેલા પણ અસંબંધી પણ જનને દાન, માન અને સત્કાર વડે કરીને કુશળ આશયવાળો કરવો જોઈએ. કેમ કે નક્કી આ=કુશળ આશય, લોકના બોધિનું અંગ બને છે.

✪ મૂળ શ્લોકમાં 'दानेन' કહેલ છે, તેના પૂરક તરીકે 'कृत्वा' શબ્દ ટીકામાં છે.

✪ आसन्नोऽपि માં 'अपि' શબ્દથી એ સમુચ્ચય થાય છે કે, શિલ્પી વગેરેનું તો બહુમાન કરવું જોઈએ, પણ આસન્ન=નજીક રહેલા, જનનું પણ બહુમાન કરવું જોઈએ.

✪ 'असंबन्ध्यपि' 'अपि' શબ્દથી એ સમુચ્ચય થાય છે કે, સંબંધીજન તો દાન, માન અને સત્કાર વડે કુશળ આશયવાળો કરવો જોઈએ, પણ અસંબંધી જન પણ દાનાદિ વડે કુશળ આશયવાળો કરવો જોઈએ.

ટીકા :-

તથા (सद्धर्मव्यवसायतो) "मलिनारम्भानुबन्धस्य छिदा" प्रासादाद् इतिकर्तव्यताऽनुसन्धाने सदारम्भाध्यवसायस्यैव प्राधान्यादितरस्यानुषङ्गिकत्वात्, तत्प्रवाहप्रवृत्त्यैव वंशतरणोपपत्तेः । आह च - "अक्षयनीव्या ह्येवं ज्ञेयमिदं वंशतरकाण्डम्" इति । **(षोड० ६ श्लो० १५ उत्तरार्द्धः)**

✪ 'तथा' પછી મૂળ શ્લોકમાં सद्धर्मव्यवसायतः છે. તે પાઠ ટીકામાં હોવો જોઈએ.

ટીકાર્થ :-

तथा ..... वंशतरणोपपत्तेः । **અને (દ્રવ્યસ્તવ) સદ્ધર્મના વ્યવસાયરૂપ હોવાને કારણે મલિન આરંભના અનુબંધનો છેદનાર છે. તેમાં હેતુ કહે છે - પ્રાસાદથી ઈતિકર્તવ્યતાનું અનુસંધાન થયે છતે, સદ્આરંભના અધ્યવસાયનું જ પ્રધાનપણું હોવાથી અને ઈતરનું આનુષંગિકપણું હોવાથી તેના પ્રવાહની પ્રવૃત્તિથી જ વંશતરણની ઉપપત્તિ છે.**

'आह च' અને કહ્યું છે - अक्षयनीव्या ..... इति । અક્ષયનીવિથી આ રીતે આ વંશતરકાંડ=વંશતરણનો ઉપાય જાણવો.

'इति' શબ્દ ષોડશકના પાઠના કથનની સમાપ્તિસૂચક છે.

✪ દ્રવ્યસ્તવમાં સદ્ધર્મનો વ્યવસાય હોવાને કારણે મલિન આરંભના અનુબંધનો છેદ થાય છે, તેમાં प्रासादाद् ..... उपपत्तेः સુધી હેતુ છે.

✪ દ્રવ્યસ્તવમાં સદ્ધર્મનો વ્યવસાય છે, તેમાં प्रासादाद् ..... आनुषङ्गिकत्वात् હેતુ છે.

✪ દ્રવ્યસ્તવ મલિન આરંભના અનુબંધને છેદનાર છે, તેમાં तत् प्रवाहप्रवृत्त्यैव ..... उपपत्तेः હેતુ છે.

✪ દેરાસર માટે રાખેલું મૂળ ધન નાશ ન પામે તે રીતે તેનું રક્ષણ કરવું તે અક્ષયનીવિ છે.

વિશેષાર્થ :-

પ્રાસાદને આશ્રયીને 'જીવનમાં આ જ કર્તવ્ય છે' એવું અનુસંધાન થયે છતે, ખરેખર 'મનુષ્યજન્મનું સાફલ્ય કેવલ ધર્મમય જીવનથી જ છે' એવી મતિ સૂક્ષ્મબોધપૂર્વક જેમને થયેલ છે; અને ભગવાને બતાવેલ સંયમજીવન જ પરમાર્થથી ઉપાદેય દેખાય છે, પરંતુ પોતાને સંયમજીવન સ્વીકારવાનું સત્ત્વ આવિર્ભૂત થયેલ નથી ત્યાં સુધી, પ્રાસાદને આશ્રયીને ભગવાનની ભક્તિ જ કરવા જેવી છે; એ પ્રકારનું ઈતિકર્તવ્યતાનું અનુસંધાન થયે છતે, તે વ્યક્તિ જે દ્રવ્યસ્તવ કરે છે, ત્યાં સદ્આરંભના અધ્યવસાયનું જ પ્રધાનપણું છે; અને યતનાપૂર્વક ભગવાનની ભક્તિ કરતાં જે કાંઈ દ્રવ્યથી પુષ્પાદિની હિંસા થાય છે, તે રૂપ ઈતર આરંભનું આનુષંગિકપણું છે. અર્થાત્ ભગવાનની ભક્તિ પુષ્પાદિના આરંભ વગર અસંભવિત છે, તેથી પુષ્પાદિના આરંભપૂર્વક પણ ભગવાનની ભક્તિમાં તે યત્ન કરે છે, માટે તે દ્રવ્યસ્તવ શુભ આરંભરૂપ છે. અને એ રીતે દ્રવ્યસ્તવ કરનાર પોતાની પુત્રાદિ સંતતિને પણ તે પ્રકારે ભગવાનની ભક્તિ કરવાની અનુકૂળ મતિ આપે છે,

અને પોતાની તેવી પ્રવૃત્તિને જોઈને પોતાનાં સંતાનોમાં તે જ પ્રકારના સદ્આરંભના પ્રવાહની પ્રવૃત્તિ થાય છે, તેથી તે વ્યક્તિના વંશના તરણની ઉપપત્તિ છે. પોતે જે દ્રવ્યસ્તવ કરે છે, ત્યારે સદ્આરંભ થાય છે તે વખતે મલિન આરંભ અટકે છે; અને પોતાની સંતતિમાં પણ આ રીતે મલિન આરંભનો અનુબંધ=પ્રવાહ, અટકે છે. તેથી દ્રવ્યસ્તવ મલિન આરંભના અનુબંધને છેદનાર છે, તેમ કહેલ છે.

'आह च' થી 'अक्षयनीव्या ..... वंशतरकाण्डम्' સુધીનો ષોડશકનો સાક્ષીપાઠ કહ્યો, તે, વંશતરણની ઉપપત્તિ દ્રવ્યસ્તવથી થાય છે, તેટલા અર્થને બતાવવા માટે છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય કે - આ દ્રવ્યસ્તવ વંશને તરવા માટે કાષ્ઠ સમાન જાણવું અર્થાત્ તરવાનું સાધન જાણવું. 'अक्षयनीव्या' નો અન્વય શ્લોકના પૂર્વાર્દ્ધની સાથે છે અને તે આ રીતે - જિનમંદિર કરીને સાધુને તે સોંપવું ન જોઈએ અને તે જે પ્રકારે તેઓ= સાધુઓ, ત્યાં રહે તે પ્રમાણે અક્ષયનીવિથી કરવું જોઈએ.

કહેવાનો આશય એ છે કે, જિનમંદિરના રક્ષણ માટે મૂલ ધન સ્થાપન કરવું જોઈએ કે જેનાથી જિનમંદિરનાં જિર્ણોદ્ધાર આદિ દરેક કાર્યો થઈ શકે; અને દેવદ્રવ્યનો ઉપયોગ ત્યાં નહિ થયેલો હોવાથી સાધુઓ જિનમંદિરના અહારના ભાગમાં રંગમંડપ આદિમાં રહીને ઉપદેશાદિ કરી શકે. અને આ રીતે=ઉક્ત ન્યાયથી, અર્થાત્ અક્ષયનીવિના સ્થાપનપૂર્વક જિનમંદિરનું નિર્માણ કરાવવાથી વંશતરકાંડ જાણવું. પોતે જે જિનમંદિરના રક્ષણાદિ માટે અક્ષયનીવિનું સ્થાપન કરેલ છે, તે પ્રમાણે પોતાના વંશની પરંપરામાં પુત્રાદિ પણ તે ધનનું રક્ષણ વગેરે કરીને જરૂર પડે તે જ દ્રવ્યથી જિનમંદિરનું સમારકામ આદિ કરાવશે. તેથી ત્યાં સાધુ ભગવંતો અવસ્થાન કરી શકે અને પોતાના વંશની પરંપરામાં સાધુ ભગવંતોના ઉપદેશાદિની પ્રાપ્તિ દ્વારા વંશતરણની ઉપપત્તિ થશે.

ટીકા :-

तथा चैत्यानत्यर्थमुपनम्राः=उपनमनशीलाः, ये साधवस्तेषामेकदेशे देशनोद्यतानां यानि वचांसि, तेषामाकर्णनात् कर्णयोरमृतमज्जनम्,

ટીકાર્થ :-

तथा ..... अमृतमज्जनम् । **અને ચૈત્યના નમસ્કાર માટે ઉપનમ્ર=નમસ્કાર કરવાના સ્વભાવવાળા, અને તેઓના=ચૈત્યોના, એક દેશમાં દેશના માટે ઉદ્યત થયેલા સાધુઓનાં જે વચનો, તેને સાંભળવાથી બે કાનને અમૃતનું મજ્જન થાય છે.**

ટીકા :-

तथा जिनमुखस्य=भगवत्प्रतिमावदनेन्दोर्ज्योत्स्नाया लावण्यस्य समालोकनादक्षणोः= नयनयोश्चामृतमज्जनं, विगलितवेद्यान्तरोभयानन्दात्मा शान्तरसोद्बोध इति यावत् ।।३१।।

ટીકાર્થ :-

तथा ..... अमृतमज्जनम्, **અને જિનમુખને=ભગવાનની પ્રતિમાના મુખરૂપી ચંદ્રની જ્યોત્સ્નાના**

લાવણ્યને, જોવાથી બે આંખોને=નયનોને, અમૃતનું મજ્જન થાય છે.

અહીં કર્ણ અને નયનનું અમૃતનું મજ્જન શું છે તે બતાવતાં કહે છે -

વિગલિત ..... યાવત્ ।। **વિગલિતવેદ્યાંતર ઉભયઆનંદઆત્મા=ઉભયાનંદસ્વરૂપ શાંતરસનો ઉદ્બોધ થાય છે.**

ઇતિ યાવત્ (અસ્ય તાત્પર્યં)=અહીં સુધીનું આનું તાત્પર્ય છે. ॥૩૧॥

✪ ઉભયાનન્દાત્મા - અહીં આત્મન્ શબ્દ સ્વરૂપઅર્થક છે.

વિશેષાર્થ :-

શ્રોતા જ્યારે સાધુઓનાં વચનો સાંભળે છે, ત્યારે તેના બે કાન સાંભળવામાં એકાગ્ર હોય છે, ત્યારે શ્રોત્રેંદ્રિય સિવાયનાં અન્ય વેદ્યાંતરો=શ્રોત્રેંદ્રિયથી અન્ય એવી ઇંદ્રિયોથી વેદન થતા વિષયો, વિગલિત થાય છે. તેથી સાધુના વચનમાં તેનું ચિત્ત એકાગ્ર થાય છે; અને શ્રોત્રેંદ્રિય દ્વારા તત્ત્વનું શ્રવણ થવાથી શ્રોત્રેંદ્રિય કૃત આનંદ પેદા થાય છે, અને તત્ત્વનો બોધ થવાને કારણે આત્માની સ્વસ્થતા થાય છે. તેથી ઉપદેશ સાંભળવાને કારણે શ્રોત્રેંદ્રિય અને આત્મા ઉભય આનંદસ્વરૂપ શાંતરસનો ઉદ્બોધ થાય છે. અને જ્યારે દર્શન કરનાર વ્યક્તિ ભગવાનની પ્રતિમાને ચક્ષુથી જુએ છે, ત્યારે ચક્ષુરિંદ્રિય ભગવાનની વીતરાગમુદ્રા જોવામાં અત્યંત ઉપયુક્ત હોય છે, તે વખતે ચક્ષુરિંદ્રિયથી અન્ય વેદ્યાંતરો વિગલિત થાય છે; અને તેને કારણે ચક્ષુને વીતરાગની મુદ્રા જોવાનો આનંદ પેદા થાય છે, અને વીતરાગની મુદ્રા પ્રત્યે આત્માને ખેંચાણ થવાથી જે આત્માની સ્વસ્થતા થાય છે, તેનાથી ચક્ષુરિંદ્રિય અને આત્માની સ્વસ્થતારૂપ ઉભયાનંદસ્વરૂપ શાંતરસનો ઉદ્બોધ થાય છે. **॥૩૧॥**

અવતરણિકા :-

તથા -

અવતરણિકાર્થ :-

'તથા' શબ્દ સમુચ્ચયઅર્થક છે; અર્થાત્ દ્રવ્યસ્તવના અન્ય ગુણોનો સમુચ્ચય કરે છે –

શ્લોક :-

नानासङ्घसमागमात्सुकृतवत्सद्गन्धहस्तिव्रज-
-स्वस्तिप्रश्नपरम्परापरिचयादप्यद्भुतोद्भावना ।
वीणावेणुमृदङ्गसंगमचमत्काराच्च नृत्योत्सवे,
स्फारार्हद्गुणलीनताऽभिनयनाद् भेदभ्रमप्लावना ।।३२।।

શ્લોકાર્થ :-

જુદા જુદા સંઘોના સમાગમથી સુકૃતવાળા સંતોરૂપ ગંધહસ્તીઓના સમૂહમાં થનાર સ્વસ્તિપ્રશ્નની પરંપરાના પરિચયથી પણ અદ્‌ભુત રસની ઉદ્‌ભાવના થાય છે. વળી વીણા, વેણુ=વાંસળી, મૃદંગના સંગમથી થયેલા ચમત્કારોથી સ્ફાર=વિસ્તૃત, એવા અર્હદ્‌ગુણમાં લીનતાના અભિનય દ્વારા ભેદભ્રમની પ્લાવના થાય છે અર્થાત્ ભેદભ્રમ દૂર થઈ જાય છે. ॥૩૨॥

ટીકા :-

'નાના'ઇતિ :- નાના પ્રકારા=અનેકદેશીયા યે સઙ્‌ઘાસ્તેષાં સમાગમાત્ સુકૃતવન્તો યે સન્તસ્ત એવ ગન્ધહસ્તિનો ગન્ધમાત્રેણ પરવાદિગજ(મદ ?)ભઞ્જકત્વાત્ । તેષાં વ્રજઃ=સમૂહઃ, તત્ર યા સ્વસ્તિપ્રશ્નસ્ય પરમ્પરા તસ્યાઃ પરિચયાદપ્યદ્‌ભુતરસસ્યોદ્‌ભાવના=ઉદ્‌બોધઃ, ततश्च सद्योगावञ्चकादिक्रमेण परमः समाधिलाभ इति ।

ટીકાર્થ :-

નાના ..... સમાધિલાભ ઇતિ । વિવિધ પ્રકારે અનેક દેશસંબંધી જે સંઘો, તેઓના સમાગમથી સુકૃતવાળા જે સંતો, તે રૂપ ગંધહસ્તિના સમૂહમાં થનાર સ્વસ્તિપ્રશ્નની પરંપરાના પરિચયથી પણ અદ્‌ભુત રસની ઉદ્‌ભાવના થાય છે, અને તેનાથી=અદ્‌ભુત રસના ઉદ્‌ભાવનથી, સદ્યોગ-અવંચકાદિ ક્રમથી પરમસમાધિનો લાભ થાય છે.

અહીં સંતોને ગંધહસ્તી કેમ કહ્યા ? એથી કરીને કહે છે - ગંધમાત્રથી પરવાદીરૂપી ગજના ભંજક છે.

'ઇતિ' શબ્દ શ્લોકના પૂર્વાર્ધના કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

જિનમંદિર બનાવવાના કારણે અનેક દેશોના સંઘો તે જિનમંદિરનાં દર્શન કરવા આવે છે અને તે સંઘોમાં સુકૃતવાળા સંતોરૂપ ગંધહસ્તિઓના સમુદાય હોય છે, તેમની સાથે કલ્યાણકારી પ્રશ્નોની પરંપરા થવાથી અદ્‌ભુત રસ પ્રગટ થાય છે.

અહીં સુકૃતવાળા સંતોને ગંધહસ્તિ એટલા માટે કહેલ છે કે, જેમ ગંધહસ્તિની ગંધમાત્રથી અન્ય હસ્તિઓના મદ ઝરી જાય છે, તેમ જેઓ જૈનદર્શનના પદાર્થોમાં નિપુણ છે તેવા સંતપુરુષના આગમનથી પરવાદીરૂપ જે હાથી છે, તેનો મદ ઝરી જાય છે; અને તેવા શાસ્ત્રાર્થના નિપુણ એવા ગંધહસ્તિઓની સાથે કલ્યાણના પ્રશ્નોની પરંપરા ચાલવાથી કલ્યાણનો સૂક્ષ્મ માર્ગ પ્રાપ્ત થાય છે, તેથી કલ્યાણના અર્થીના હૈયામાં અદ્‌ભુત રસનું ઉદ્‌ભાવન થાય છે; અર્થાત્ પોતે અત્યાર સુધી કલ્યાણનો અર્થી હોવા છતાં કલ્યાણના સૂક્ષ્મ ઉપાયોને પ્રાપ્ત કરી શક્યો ન હતો, તે સંતો સાથેની કલ્યાણના પ્રશ્નની પરંપરાથી પ્રાપ્ત થાય છે, ત્યારે હૈયામાં અદ્‌ભુત રસનું ઉદ્‌ભાવન થાય છે.

જે જીવ અત્યંત કલ્યાણનો અર્થી હોય છે, તેને પોતાના કલ્યાણ માટે ભગવાને બતાવેલો સૂક્ષ્મ માર્ગ જ્યારે વિશેષરૂપે પ્રાપ્ત કરે છે, ત્યારે પોતાને પ્રાપ્ત થયેલા વિશેષ બોધના બળથી, નજીકમાં વિશેષ સાધના કરીને પોતે કલ્યાણની પ્રાપ્તિ કરી શકશે તેવો નિર્ણય થવાથી, તે વચનોને પોતે અત્યંત રસપૂર્વક સાંભળે છે, અને તે વચનો સાંભળતાં તેના હૈયામાં કોઈ અવર્ણનીય આનંદનો અનુભવ થાય છે.

જેમ દરિદ્ર જીવ રત્નચિંતામણિના માહાત્મ્યને સાંભળે અને તેને અકસ્માત રત્નચિંતામણિની પ્રાપ્તિ થાય તો તેને અવર્ણનીય આનંદનો અનુભવ થાય છે, તેમ કલ્યાણના અર્થી જીવને સંતો સાથેના કલ્યાણપ્રશ્નની પરંપરાથી અવર્ણનીય આનંદનો અનુભવ થાય છે, અને તે અદ્‌ભુત રસના ઉદ્‌ભાવનથી સદ્‌યોગ અવંચક બને છે, પછી ક્રિયા અવંચક બને છે અને પછી ફલ અવંચક બને છે.

કહેવાનો ભાવ એ છે કે, જિનમંદિર બનાવવાથી વિવિધ સંઘો જિનમંદિરના દર્શનાર્થે આવે છે અને તેમાં સુકૃતવાળા સંતપુરુષોનો યોગ થાય છે, એ અવંચક બને તે સદ્‌યોગાવંચક છે; અને તેવા ગુણિયલ સંતપુરુષોને વંદન-ભક્તિ આદિની ક્રિયા કરવામાં આવે છે, તે ક્રિયાવંચક છે; અને તે સંતપુરુષોની પાસેથી અપૂર્વ તત્ત્વની જે પ્રાપ્તિ થાય છે, તે પોતાનામાં સમ્યક્ પરિણમન પામે છે, તે ફલાવંચક છે. અને તે સદ્‌યોગાવંચકાદિ ક્રમથી જીવને પરમસમાધિનો લાભ થાય છે અર્થાત્ શ્રેષ્ઠ કોટિની ચિત્તની સ્વસ્થતાનો લાભ થાય છે.

ટીકા :-

च=पुनः, वीणावेणुमृदङ्गसङ्गमेन तौर्यत्रिकसम्पत्त्या यश्चमत्कारस्ततो नृत्योत्सवे स्फारा येऽर्हद्‌गुणास्तल्लीनताविर्भावानुभावीभूतं यदभिनयनं तस्माद् भेदभ्रमस्य=भेदविपर्ययस्य, प्लावना= परिगलनम्, तथा च समापत्त्यादिभेदेनार्हद्दर्शनं स्यादिति भावः ।

ટીકાર્થ :-

च=पुनः ..... परिगलनम्, **વળી વીણા-વેણુ અને મૃદંગના સંગમથી વાજિંત્રત્રયની સંપત્તિથી જે ચમત્કાર થાય છે, તેનાથી નૃત્યોત્સવમાં સ્ફાર=વિસ્તૃત, એવા અરિહંતના ગુણોમાં લીનતાના આવિર્ભાવથી અનુભાવીભૂત=અનુભવાતું, જે અભિનયન, તેનાથી ભેદભ્રમની-ભેદના વિપર્યયની પ્લાવના થાય છે અર્થાત્ ભેદનો ભ્રમ ભાંગી જાય છે.**

વિશેષાર્થ :-

ભગવાન પ્રત્યેની અતિશય ભક્તિથી ભગવાનના ગુણોના કીર્તનને કરનારાં સુંદર ગીતોને ગાતી વખતે તેને અનુરૂપ વાજિંત્રો વાગતાં હોય તો, વાજિંત્રના નિમિત્તથી તે ગેયના ભાવને સ્પર્શવા માટે યત્ન અતિશયિત બની શકે ત્યારે, ગુણોત્કીર્તન કરનારના ચિત્તમાં ચમત્કાર પેદા થાય છે. તે ગીતોના શબ્દો પૂર્વે અનેકવાર સાંભળ્યા હોવા છતાં પણ, તે શબ્દોથી પૂર્વે ક્યારેય પ્રગટ થયેલો ન હોય તેવો સૂક્ષ્મ ભગવદ્‌ભાવનો દ્યોતક એવો અર્થ, દૃઢ ઉપયોગને કારણે અને સંગીતથી અતિશયિત થવાને કારણે થાય છે; અને તેવા પ્રકારનો ચમત્કાર વિશાળ એવા અરિહંતના ગુણોમાં લીનતાને પ્રગટાવે છે, અને તે લીનતાને કારણે મુખાદિના તેવા

અભિનયો પ્રગટે છે. આથી પોતે મૂર્તિ સામે નથી બેઠો, પરંતુ સાક્ષાત્ પરમાત્માની સામે બેસીને ભક્તિ કરી રહ્યો છે તેવું અનુભવાય છે, અને મુખાદિના તેવા અભિનયોના કારણે ગુણોત્કીર્તન કરનારનું ચિત્ત પરમાત્મભાવની આસન્ન થાય છે, અને તેનાથી પરમાર્થથી આત્માનો પરમાત્માની સાથે અભેદ હોવા છતાં જે ભેદનો ભ્રમ વર્તી રહ્યો છે, તે ભાંગી જાય છે, અને ભેદનો ભ્રમ ભાંગી જવાથી પરમાત્મભાવના સ્પર્શથી આત્મા અને પરમાત્માના અભેદપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

ટીકાર્થ :-

तथा च .... इति भावः । અને તે રીતે=ભેદનો ભ્રમ ભાંગી જાય છે, તે રીતે, સમાપત્તિ આદિ ભેદથી અરિહંતનું દર્શન થાય છે, એ પ્રમાણે ભાવ છે.

ટીકા :-

समापत्तिलक्षणमिदं -

'मणेरिवाभिजातस्य क्षीणवृत्तेरसंशयम् ।
तात्स्थ्यात्तदञ्जनत्वाच्च समापत्तिः प्रकीर्तिता' ।। **इति (उपा० द्वात्रिं० २०/१०)**

आपत्तिः=तीर्थकृन्नामकर्मबन्धः । संपत्तिः= तद्भावाभिमुख्यमिति योगग्रन्थे प्रसिद्धम्' ।।३२।।

ટીકાર્થ :-

સમાપત્તિનું લક્ષણ આ પ્રમાણે છે - मणेरिव ..... प्रकीर्तिता ક્ષીણમળવાળા જાત્યમણિના તાત્સ્થ્ય અને તદંજનથી નિશ્ચિત સમાપત્તિ થાય છે, તેમ ક્ષીણવૃત્તિવાળા જીવના એકાગ્રભૂત ચિત્તમાં પરમાત્માનું તાત્સ્થ્ય અને તદંજનપણું થવાથી સમાપત્તિ થાય છે.

'इति' શબ્દ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાના સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

✪ 'समापत्त्यादि' કહ્યું, ત્યાં 'આદિ' શબ્દથી આપત્તિ અને સંપત્તિનું ગ્રહણ કરવું.

આપત્તિ=તીર્થંકરનામકર્મનો બંધ અને સંપત્તિ=તદ્ભાવને અભિમુખપણું=તીર્થંકરનામકર્મના ફળને અભિમુખ તીર્થંકર ભવની પ્રાપ્તિ સમજવી. એ પ્રમાણે યોગગ્રંથમાં પ્રસિદ્ધ છે. ।।૩૨।।

✪ મણિપક્ષમાં અભિજાત=જાત્યમણિ, તેમ અહીં ભવ્ય જીવ સમજવો.

ક્ષીણવૃત્તિમણિ=ક્ષીણમલવાળો, મણિ તેમ અહીં ક્ષીણકર્મવાળો જીવ સમજવો. જેમ મણિ જપાકુસુમના સાંનિધ્યથી તદ્રૂપતાને પામે છે તેમ આત્મા પરમાત્માના ઉપયોગમાં લીન થવાથી પરમાત્મસ્વરૂપને પામે છે.

વિશેષાર્થ :-

જાત્ય સ્ફટિકરત્ન હોય અને તેની ઉપરનાં મલાદિ આવરણો દૂર થયેલાં હોય, તેવા મણિની સામે જપાકુસુમ મૂકવાથી જપાકુસુમનું પ્રતિબિંબ તે મણિમાં પડે છે, તેથી સ્ફટિકમાં જપાકુસુમનું તાત્સ્થ્ય છે, તેમ

દેખાય છે; અને તેના કારણે જપાકુસુમના વર્ણથી સ્ફટિક રંજિત થયેલું દેખાય છે, તે જપાકુસુમની સ્ફટિક સાથે સમાપત્તિ અર્થાત્ એકરૂપતાપત્તિ છે. તે રીતે જે જીવનાં કર્મો ક્ષીણ થઈ ગયાં છે, તે જીવના પરમાત્માની સાથે એકાકાર ઉપયોગવાળા ચિત્તમાં ઉપયોગાત્મના=ઉપયોગ સ્વરૂપે, પરમાત્મા તાત્સ્થ્ય બને છે, અને તેના કારણે પરમાત્માના સ્વરૂપથી તેનું ચિત્ત રંજિત થાય છે, તન્મયભાવને પામે છે, તે સમાપત્તિ છે. **॥૩૨॥**

અવતરણિકા :-

તથા -

અવતરણિકાર્થ :-

'तथा' સમુચ્ચય અર્થમાં છે અને તે દ્રવ્યસ્તવથી થતા અન્ય ગુણોનો સમુચ્ચય કરે છે.

શ્લોક :-

पूजापूजकपूज्यसङ्गतगुणध्यानावधानक्षणे,
मैत्री सत्त्वगुणेष्वनेन विधिना भव्यः सुखी स्तादिति ।
वैरव्याधिविरोधमत्सरमदक्रोधैश्च नोपप्लव-
स्तत्को नाम गुणो न दोषदलनो द्रव्यस्तवोपक्रमे ।।३३।।

શ્લોકાર્થ :-

પૂજા, પૂજક અને પૂજ્યમાં સંગત=ત્રણમાં અન્વયી એવા જે ગુણો, તેના ધ્યાન પછી થતું અવધાન=અનુપ્રેક્ષા, તે ક્ષણમાં, આ દ્રવ્યસ્તવની વિધિ વડે ભવ્ય જીવો સુખી થાઓ, એ પ્રમાણે સત્ત્વગુણોમાં=પ્રાણીઓના સમૂહમાં, મૈત્રી થાય છે; અને વૈર, વ્યાધિ, વિરોધ, મત્સર અને ક્રોધથી ઉપપ્લવ=ઉપદ્રવ, થતો નથી. તેથી દ્રવ્યસ્તવના ઉપક્રમમાં=ઉપક્રમ્યમાણ દ્રવ્યસ્તવમાં, દોષને દલન કરનારો=ઉચ્છેદ કરનારો, કયો ગુણ નથી ? અર્થાત્ ઘણા ગુણો છે. ॥૩૩॥

ટીકા :-

'पूजा' इति :- पूजापूजकपूज्यसङ्गतास्त्रयान्वयिनो ये गुणास्तेषां यद् दृग्दृश्यद्रष्टृ-समापत्तिसमाधिफलं ध्यानं, ततो यद् अवधानम्=अनुप्रेक्षा, तत् क्षणे=अवसरे, अनेन द्रव्यस्तवविधिना भव्यः सर्वोऽपि सुखी स्तादिति सत्त्वगुणेषु प्राणिसमूहेषु मैत्री भवति, अत एव 'अल्पबाधया बहूपकारादनुकम्पोपपत्तिः' **इति पञ्चलिङ्गीकारः ।**

ટીકાર્થ :-

પૂજા, પૂજક અને પૂજ્ય એ ત્રણમાં અન્વયી=સંગત, એવા જે ગુણો, તેનું જે ધ્યાન અર્થાત્ દૃગ્, દૃશ્ય અને દ્રષ્ટા એ ત્રણેની સમાપત્તિરૂપ સમાધિ છે ફળ જેનું એવું ધ્યાન, અને તે ધ્યાન પછી જે અવધાન=અનુપ્રેક્ષા થાય છે તે ક્ષણમાં, આ દ્રવ્યસ્તવની વિધિથી સર્વ પણ ભવ્ય જીવો સુખી થાઓ, એ પ્રમાણે પ્રાણીઓના સમૂહ ઉપર મૈત્રી થાય છે. આથી કરીને જ=ધ્યાન પછીની અનુપ્રેક્ષાકાળમાં પ્રાણીઓના સમૂહ ઉપર મૈત્રી થાય છે આથી કરીને જ, અલ્પને બાધા દ્વારા ઘણાઓને ઉપકાર થવાથી અનુકંપાની ઉપપત્તિ છે, એ પ્રમાણે પંચલિંગીકાર કહે છે.

વિશેષાર્થ :-

પૂજ્ય એવા સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ પરમાત્મા છે, અને તેમનામાં રહેલા વીતરાગતા આદિ ગુણોનો જેમને સૂક્ષ્મબોધ છે, અને તે બોધ થવાને કારણે વીતરાગતા આદિ ગુણો જ જીવને માટે અત્યંત સારભૂત છે, એવી બુદ્ધિ થવાથી તે ગુણોથી જેમનું ચિત્ત ઉપરંજિત બનેલું છે, તેવો જીવ પૂજ્ય એવા પરમાત્માનો પૂજક છે. અને પૂજક જીવ પોતાના તેવા ચિત્તરત્નને પૂજ્ય તરફ પ્રસર્પણ કરાવવા સમર્થ બને એવી જે અંતરંગ ક્રિયા, તેને ઉત્થિત કરવા માટે બાહ્ય ઉપચારરૂપ જે ક્રિયા કરાય છે, તે પૂજા પદાર્થ છે. તેથી વીતરાગતા આદિ ગુણોથી ઉપરંજિત થયેલું પૂજકનું ચિત્ત, પૂજાની ક્રિયા દ્વારા વીતરાગતા તરફ પ્રસર્પણવાળું બને છે, અને તે જ ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થઈને પૂજ્યના સ્વરૂપમાં વિશ્રાંત થાય છે.

પૂજા, પૂજ્ય અને પૂજકમાં અનુસ્યૂત એવા ગુણો આ પ્રમાણે છે - પૂજક અવસ્થામાં વીતરાગતા આદિ ભાવો રુચિરૂપે છે, પૂજાકાળમાં તે ભાવો વૃદ્ધિમત્ થતી અવસ્થાવાળા છે, અને પૂજ્ય અવસ્થામાં તે જ ભાવો નિષ્ઠાને પામેલા છે. પૂજા કરનાર વ્યક્તિ પૂજાકાળમાં તે વીતરાગતા આદિ ગુણોનું ધ્યાન કરવા યત્ન કરે છે, ચિત્તને સ્થિર કરવા યત્ન કરે છે અને ક્રમે કરીને એકાગ્રભાવને પ્રાપ્ત કરે છે ત્યારે ધ્યાનદશાને પામે છે, અને તે ધ્યાન, દૃગ્, દૃશ્ય અને દૃષ્ટાની સમાપત્તિરૂપ સમાધિફળવાળું છે. અહીં દૃશ્ય એ મૂર્તિના માધ્યમથી પરમાત્માનું સ્વરૂપ છે અને દૃષ્ટા એ પોતાનો આત્મા છે. દૃષ્ટા એવો પોતાનો આત્મા, ચક્ષુના અવલંબનથી પરમાત્માની મૂર્તિને અવલોકન કરતો, મૂર્તિમાં રહેલ વીતરાગતાની દ્યોતક એવી મુદ્રાને જોતો, પોતાની આંતરચક્ષુ દ્વારા પરમાત્માની મૂર્તિમાં રહેલ વીતરાગભાવરૂપ ચેતનાને જોવા યત્ન કરે છે, તે દૃગ્ છે.

ધ્યાનક્ષણમાં દૃગ્, દૃશ્ય અને દૃષ્ટા આ ત્રણેય પૃથગ્રૂપે ભાસે છે, અને ધ્યાનની પ્રારંભ કક્ષામાં જે પરમાત્માની મૂર્તિ હોય છે, તે ધ્યાતા પરમાત્મસ્વરૂપવાળા પરમાત્માના આત્માને જ મૂર્તિરૂપે જુએ છે, અને તે પરમાત્માને જોનાર હું છું તે પરમાત્માથી જુદો છું, એવી બુદ્ધિ થાય છે; અને આવા પ્રકારના દૃશ્ય એવા પરમાત્માના સ્વરૂપનું હું ધ્યાન કરું છું, તેવું ભાસે છે. અને જ્યારે તે એકાગ્રતા અતિશયિત થાય છે, ત્યારે દૃગ્, દૃશ્ય ને દૃષ્ટા; એ ત્રણેની એકતા થાય છે અર્થાત્ મારો જ આત્મા દૃશ્ય છે અને મારા આત્માને જ હું જોઈ રહ્યો છું અને તેને જોવાની ક્રિયા પણ પૃથગ્ ભાસતી નથી, પરંતુ પરમાત્માના સ્વરૂપના ઉપયોગરૂપ જ દૃષ્ટાનું ચિત્ત બની જાય છે. અને આ રીતે દૃગ્, દૃશ્ય અને દૃષ્ટા એ ત્રણની એકતાસ્વરૂપ સમાપત્તિરૂપ સમાધિફળવાળું

ધ્યાન છે, એમ બતાવીને એ કહેવું છે કે, ભગવાનની પૂજા કરનાર વ્યક્તિ દૃઢ યત્નપૂર્વક જ્યારે પૂજા કરે છે, ત્યારે તે ધ્યાનમાં લીન બને છે, અને તે ધ્યાન આવી ઉત્તમ સમાપત્તિરૂપ ફળવાળું છે; અને આવું ધ્યાન આવ્યા પછી જે અનુપ્રેક્ષા થાય છે, તે ક્ષણમાં આ દ્રવ્યસ્તવની વિધિથી સર્વ પણ ભવ્ય જીવો સુખી થાઓ, એ પ્રકારની પ્રાણીસમૂહ ઉપર મૈત્રી થાય છે.

કહેવાનો ભાવ એ છે કે, ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક પૂજક જ્યારે પૂજાની ક્રિયા કરે છે, ત્યારે ભગવાનના ગુણોના માહાત્મ્યથી ચિત્ત ઉપરંજિત થવાને કારણે તેમાં જ લીનતાને પામે છે, અને તેથી જ પૂજક અપૂર્વ કોટિના પ્રશમભાવનું સંવેદન કરે છે. અને તે સ્વસંવેદિત પ્રશમભાવના અનુભવથી પૂજકને સ્થિર નિર્ણય થાય છે કે, આ ભગવાનની પૂજા સંસારસાગરથી નિસ્તાર પામવાનું અનન્ય કારણ છે, અને ભગવાને જગતના જીવો ઉપર ઉપકાર કરવા અર્થે જ આ લોકોત્તમ માર્ગ સ્થાપ્યો છે, તેથી મારે પણ જગતના જીવોને ભગવાન પ્રત્યે ભક્તિવાળા કરવા જોઈએ. આ પ્રકારના સંવેદનનો પરિણામ તેને ધ્યાનના ઉત્તરકાળમાં જે અનુપ્રેક્ષા થાય છે, ત્યારે થાય છે. અને જેઓને આવા પ્રકારનું ધ્યાન નિષ્પન્ન થયું નથી, તેઓ ક્વચિત્ શબ્દથી વિચાર કરે કે, આ પૂજાથી જગતના જીવો સુખી થાઓ, તો તે ભાવ પણ હૈયાને સ્પર્શી શકે, અને તેવો પરિણામ તો અનુપ્રેક્ષાકાળમાં જ થઈ શકે છે.

અનુપ્રેક્ષા, ધ્યાનના ઉત્તરકાળે થનાર છે એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય કે, પૂજા કરનાર વ્યક્તિ પૂજાકાળમાં ભગવાનના ગુણોમાં લીન હોય છે, અને પૂજાની સમાપ્તિ પછી જ્યારે અનુપ્રેક્ષા કરે છે ત્યારે, તેના ચિત્તમાં એવો ભાવ ઉદ્ભવે છે કે, હું સદા ભગવાનની એ પ્રકારે પૂજા કરું કે, જેને જોઈને ભવ્ય જીવો ભગવાન પ્રત્યે આદરવાળા થાય, અને ભગવાનના માર્ગને પામીને સુખી થાય. આ પ્રકારનો મૈત્રીભાવ પ્રાણીસમૂહ ઉપર થાય છે. આવા પ્રકારના મૈત્રીભાવથી શ્રાવક પોતાની પૂજા પ્રત્યે સર્વને આદર થાય એ રીતે, સર્વ જીવો પ્રત્યે ઉચિત વ્યવહાર કરીને, પોતાના સંબંધી કે અસંબંધી એવા પણ જિનભવનની નજીક રહેનારા જીવોને ભગવાન પ્રત્યે સદ્ભાવવાળા બનાવે છે, અને આ રીતે અનુપ્રેક્ષાકાળમાં પ્રાણીસમૂહ ઉપર મૈત્રી થાય છે. તેથી સર્વ ભવ્ય જીવોને ભગવાનની પૂજા પ્રત્યે આદર પેદા થાય એ રીતે દ્રવ્યસ્તવ કરવાથી ઘણા યોગ્ય જીવોને બીજાધાન પ્રાપ્ત થાય છે, અને બીજાધાન થવાથી જન્માંતરમાં સમ્યક્ત્વ-વિરતિ આદિને પામીને ઘણા જીવોની હિંસાની નિવૃત્તિ થાય છે; યાવત્ મોક્ષની પ્રાપ્તિ થવાથી તત્કૃત જીવોને ઉપદ્રવ સર્વકાળ માટે વિશ્રાંત થાય છે. તેથી પૂજાકાળમાં જે હિંસા થાય છે, તે થોડા જીવોને પીડારૂપ છે, અને તેનાથી ઘણા જીવોને વિરતિ આદિના પરિણામો થવાને કારણે અભયદાનની પ્રાપ્તિ થાય છે, તેથી ઘણા જીવોને ઉપકાર થાય છે. માટે પૂજામાં અનુકંપાની ઉપપત્તિ=સંગતિ, થાય છે, એ પ્રમાણે પંચલિંગીકાર કહે છે.

ટીકા :-

तथा वैरं च, व्याधिश्च, विरोधश्च, मत्सरश्च, मदश्च, क्रोधश्चेति तैः कृत्वोपप्लवः= उपद्रवो, न भवति । तत्=तस्मात्कारणात्, द्रव्यस्तवोपक्रमे=उपक्रम्यमाणे द्रव्यस्तवे, दोषदलनो= दोषोच्छेदकारी, को नाम गुणो न भवति? अपि तु 'भूयानेव भवती' ति भावः ।।३३।।

ટીકાર્થ :-

તથા વૈરં ..... इति भावः ।। અને વૈર, વ્યાધિ, વિરોધ, મત્સર, મદ અને ક્રોધ વડે કરીને ઉપદ્રવ થતો નથી તત્=તે કારણથી, દ્રવ્યસ્તવના ઉપક્રમમાં=ઉપક્રમ કરાતા દ્રવ્યસ્તવમાં, દોષદલન=દોષના ઉચ્છેદને કરનારો, કયો ગુણ થતો નથી ? પરંતુ ઘણો જ (ગુણ) થાય છે, એ પ્રકારે ભાવ છે. ।।૩૩।।

✪ 'तथा' શબ્દ પૂર્વકથનના સમુચ્ચય માટે છે.

વિશેષાર્થ :-

પૂજાથી જેમ મૈત્રીભાવ થાય છે, તેમ વૈરાદિ ભાવોકૃત ઉપદ્રવ થતા નથી. જે વ્યક્તિ ભગવાનના ગુણોનું સમ્યગ્ અવલોકન કરીને તે ગુણોની વૃદ્ધિ અર્થે ભગવાનની પૂજામાં યત્ન કરે છે, તે વ્યક્તિનું ચિત્ત ભગવાનના ગુણો પ્રત્યે આવર્જિત હોવાને કારણે વૈરાદિ ઉપદ્રવો વગરનું બને છે; અર્થાત્ વૈર-વ્યાધિ, વિરોધ, મત્સર, મદ - આ બધા ભાવો તેના ચિત્તમાંથી દૂર થઈ જવાથી ચિત્ત ઉપશાંત બની જાય છે. યદ્યપિ વ્યાધિ એ અશાતા વેદનીયકર્મના ઉદયથી આવે છે, તેથી ચિત્તનો ધર્મ નથી, માટે ભગવાનની પૂજા દ્વારા થતા ઉત્તમ ચિત્તથી અશાતાકૃત ઉપદ્રવ શમી ન શકે; પરંતુ ભગવાનની પૂજામાં સમ્યગ્ યત્ન કરનારને પ્રાયઃ કરીને અશાતા વેદનીયાદિ પાપપ્રકૃતિ વિપાકને અભિમુખ હોય તો પણ પરિણામાંતર પામી જાય છે; અર્થાત્ શાતા વેદનીયાદિ રૂપે ઉદયમાં આવે છે. અને ચિત્ત અત્યંત શાંત થવાને કારણે શરીરની પ્રકૃતિ તેવી સ્વસ્થ રહે છે કે, જેથી પ્રાયઃ નિકાચિત કર્મો વિપાકમાં આવે તો જ વ્યાધિનો ઉપદ્રવ થાય, અન્યથા ન થાય. અને વૈર, વિરોધ આદિ જે ચિત્તના મલિન ભાવો છે, તે પૂજાની ક્રિયાથી ક્રમે કરીને નાશ પામે છે, તેથી દ્રવ્યસ્તવથી ઘણા ગુણો થાય છે. ॥33॥

અવતરણિકા :-

उक्तशेषमाह -

અવતરણિકાર્થ :-

શ્લોક-૩૧-૩૨-૩૩ માં દ્રવ્યસ્તવના ગુણો કહ્યા પછી જે ઉક્તશેષ છે અર્થાત્ પૂર્વમાં દ્રવ્યસ્તવના ગુણો કહ્યા, પછી જે અવશિષ્ટ ગુણો છે, તે બતાવતાં કહે છે -

શ્લોક :-

सत्तन्त्रोक्तदशत्रिकादिकविधौ सूत्रार्थमुद्राक्रिया-
योगेषु प्रणिधानतो व्रतभृतां स्याद् भावयज्ञो ह्ययम् ।
भावापद्विनिवारणोचितगुणे ह्यप्यत्र हिंसामति-
र्मूढानां महती शिला खलु गले जन्मोदधौ मज्जताम् ।।३४।।

શ્લોકાર્થ :-

સત્ શાસ્ત્રમાં કહેવાયેલી દશત્રિકાદિક વિધિમાં સૂત્ર, અર્થ, મુદ્રા અને ક્રિયાલક્ષણ યોગમાં પ્રણિધાનથી, વ્રતધારીઓને નિશ્ચિત આ ભાવયજ્ઞ થાય. ભાવ આપદ્ વિનિવારણનો ઉચિત ગુણ છે જેમાં એવા પણ અહીંયાં=દ્રવ્યસ્તવમાં, મૂઢોની જે હિંસામતિ છે (તે) ખરેખર ભવસમુદ્રમાં ડૂબતા એવા (તેને) નિશ્ચિત મોટી શિલા છે. ॥૩૪॥

✪ શ્લોકના પૂર્વાર્ધમાં તથા ઉત્તરાર્ધમાં 'हि' શબ્દનો પ્રયોગ છે તે નિશ્ચિત અર્થમાં છે.

ટીકા :-

'सत्तन्त्रोक्त' इति :- सत्तन्त्रे=सच्छास्त्रे, उक्तः पूजापूर्वापराङ्गीभूतो 'दहतिग-अहिगमपणगं' **(चैत्य० भा० गा० २) इत्यादिनाऽभिहितो दशत्रिकादिविधिः, तस्मिन् विषये, सूत्रं चार्थश्च मुद्रा च क्रिया च तल्लक्षणेषु योगेषु प्रणिधानतो=ध्यानतो, हि=निश्चितमयं=द्रव्यस्तवो, भावयज्ञः स्यात्, अभ्युदयनिःश्रेयसहेतुयज्ञरूपत्वात् ।**

ટીકાર્થ :-

सत्तन्त्रे ..... यज्ञरूपत्वात् **પૂજાની પૂર્વ-અપર અંગભૂત એવી** દશત્રિક, અભિગમ પંચક **ઈત્યાદિ વડે સત્ શાસ્ત્રમાં કહેવાયેલી દશત્રિકાદિ વિધિના વિષયમાં, અને સૂત્ર, અર્થ, મુદ્રા અને ક્રિયાલક્ષણ યોગમાં અર્થાત્ મોક્ષની સાથે આત્માને જોડી આપે એવા વ્યાપારવિશેષરૂપ યોગમાં, પ્રણિધાનથી=ધ્યાનથી, આ દ્રવ્યસ્તવ નિશ્ચિત ભાવયજ્ઞ છે; કેમ કે અભ્યુદય દ્વારા મોક્ષના હેતુભૂત યજ્ઞરૂપપણું છે.**

ટીકા :-

यदाह-

"एतदिह भावयज्ञः सद्गृहिणो जन्मफलमिदं परमम् ।
अभ्युदयाविच्छित्त्या नियमाद-पवर्गतरुबीजम्" ।। **(षोड० ६ श्लो० १४) इति ।**

हि=निश्चितं, अत्र द्रव्यस्तवे जिनविरह-प्रयुक्ततद्विनयासंपत्तिरूपा या भावापत् तद्विनिवारणोचितो गुणो यत्र, तादृशेऽपि या हिंसामतिः, सा खलु मूढानां=विपर्यस्तानां, जन्मोदधौ=संसारसमुद्रे, मज्जतां गले महती शिला । मज्जतां हि पापानां गले शिलारोप उ(प)चित एवेति सममलङ्कारः । 'समं योग्यतया संयोगो यदि सम्भावितः क्वचित्' इति काव्यप्रकाशकारः ।।

ટીકાર્થ :-

'यदाह' **જે કારણથી કહે છે=દ્રવ્યસ્તવ નિશ્ચિત ભાવયજ્ઞ છે, તેમાં હેતુરૂપે સાક્ષી આપતાં કહે છે -**

एतद् ..... अपवर्गतरुबीजम् ।। જિનભવનનું વિધાન, અહીંયાં=લોકમાં, ભાવયજ્ઞ છે. સદ્ગૃહસ્થના જન્મનું આ=જિનભવન વિધાન, પરમ=પ્રધાન, ફળ છે. અભ્યુદયની અવિચ્છિત્તિથી=સંતતિથી=પરંપરાથી, નિયમથી=નક્કી, અપવર્ગરૂપ વૃક્ષનું=મોક્ષરૂપ વૃક્ષનું, બીજ છે.

'इति' શબ્દ સાંક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

વિવેકસંપન્ન શ્રાવક જ્યારે પૂજા કરે છે ત્યારે દશત્રિક આદિ વિધિમાં ઉપયુક્ત થઈને પૂજામાં પ્રવર્તે છે. વળી તે ત્રણ પ્રકારની નિસીહિ કરે ત્યારે કેવલ શબ્દથી નિસીહિનો પ્રયોગમાત્ર ન કરે, પરંતુ તે નિસીહિ શબ્દ બોલતાં ચિત્તમાં નિસીહિ દ્વારા જે જે વ્યાપારોનો ત્યાગ કરવાનો છે, તેનું વર્જન થાય તે પ્રકારના અંતરંગયત્નપૂર્વક નિસીહિ શબ્દનો પ્રયોગ કરે. તે જ રીતે પાંચ અભિગમ સાચવતી વખતે કેવલ બાહ્ય આચરણારૂપ પાંચ અભિગમને સાચવવાની ક્રિયા ન કરે, પરંતુ "લોકોત્તમ પુરુષના વિનયનો આ જ ઉપાય છે." એ પ્રકારની બુદ્ધિપૂર્વક પાંચ અભિગમનું પાલન કરે, જેથી વિનયનો પરિણામ પ્રવર્ધમાન બને. આ રીતે દશત્રિકાદિકમાં વિવેકી શ્રાવક પ્રણિધાન કરે છે, તેમ જ આત્માને મોક્ષની સાથે જોડી આપે એવા યોગોમાં પ્રણિધાન કરે છે; અને તે યોગ અહીં સૂત્ર, અર્થ, મુદ્રા અને ક્રિયાસ્વરૂપ છે. જેમ ભગવાનનાં સ્તવનાદિ કરતો હોય કે ચૈત્યવંદનાદિ કરતો હોય તે વખતે, સૂત્રમાં અને સૂત્રથી વાચ્ય અર્થમાં એ રીતે માનસને પ્રવર્તાવે છે કે, તેનું ચિત્ત ચૈત્યવંદનાદિ ક્રિયાને અનુરૂપ ઉત્તમ પરિણતિવાળું બને છે, અને તેના ઉપષ્ટંભકરૂપે મુદ્રામાં પણ તે યત્ન કરે છે, અને કાયિક આદિ ક્રિયામાં પણ તે રીતે તે ઉપયુક્ત રહે છે, ત્યારે, તે પૂજા વ્રતધારી શ્રાવકને ભાવયજ્ઞ બને છે; કેમ કે અભ્યુદય દ્વારા નિઃશ્રેયસના હેતુરૂપ તે યજ્ઞ છે.

અહીં પ્રશ્ન થાય કે, અભ્યુદય દ્વારા નિઃશ્રેયસનો હેતુ હોવાથી તે દ્રવ્યસ્તવ ભાવયજ્ઞ કઈ રીતે બને છે ? તેનું તાત્પર્ય એ છે કે, જે કર્મને બાળવાની ક્રિયા છે તે ભાવયજ્ઞ છે. જેમ મુનિ સંયમ દ્વારા કર્મને બાળે છે, તેથી તે ભાવયજ્ઞ છે; તે રીતે વ્રતધારી શ્રાવક ભગવાનની પૂજા દ્વારા કર્મોનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કરે છે; પરંતુ સંયમ એ સાક્ષાત્ નિર્જરા પ્રત્યે કારણ બને છે, જ્યારે ભગવાનની પૂજાથી નિર્જરા થાય છે, તેમ સાથે પુણ્યાનુબંધિપુણ્યનો બંધ પણ થાય છે, જે અભ્યુદયનું કારણ છે; અને તે અભ્યુદય પણ ઉત્તરોત્તર વિશેષ નિર્જરાના કારણીભૂત એવા અધ્યવસાયને ઉત્થિત કરીને નિર્જરાની પ્રાપ્તિ કરાવે છે. આ રીતે અભ્યુદય દ્વારા નિર્જરાનું કારણ હોવાને કારણે દ્રવ્યસ્તવ એ ભાવયજ્ઞ છે.

ટીકાર્થ :-

हि=निश्चितं, ... शिला । **અહીંયાં=દ્રવ્યસ્તવમાં અર્થાત્ જિનવિરહપ્રયુક્ત વિનયની અસંપત્તિરૂપ જે ભાવઆપત્તિ તેના નિવારણનો ઉચિત ગુણ છે જેમાં એવા પણ દ્રવ્યસ્તવમાં, જે મૂઢોની=વિપર્યસ્તોની, હિંસાની મતિ છે, તે સંસારસમુદ્રમાં ડૂબતા એવા જીવોને નક્કી ગળામાં મોટી શિલા છે.**

✪ શ્લોકના ઉત્તરાર્ધમાં 'हि' શબ્દ છે, તે નિશ્ચિત અર્થમાં છે અને તેનો અન્વય સંસારસમુદ્રમાં ડૂબતા એવા જીવોને નિશ્ચિત ગળામાં મોટી શિલા છે, એ પ્રમાણે જાણવો.

વિશેષાર્થ :-

ભગવાનના વિરહકાળમાં ભગવાન પ્રત્યેના ભક્તિભાવવાળાને ભગવાનનો વિનય કરવાની અપ્રાપ્તિ થાય, તે ભાવઆપત્તિ છે; કેમ કે ભગવાનના વિનયથી જે પ્રકારના ઉત્તમ ભાવની પ્રાપ્તિ થાય છે, તે ભાવથી તે વંચિત રહે છે. પરંતુ તેવા કાળમાં પણ તે આપત્તિના નિવારણનો ઉચિત ગુણ દ્રવ્યસ્તવમાં છે; કેમ કે જિનપ્રતિમાને પૂજીને તે વ્યક્તિ ભગવાનનો વિનય કરી શકે છે. અને તેવા દ્રવ્યસ્તવમાં જે સ્વરૂપહિંસા છે, તેને જ માત્ર જોઈને વિપર્યસ્ત જીવોને જે હિંસાની બુદ્ધિ થાય છે, અર્થાત્ ભગવાનના વચનમાં જેમને વિપર્યાસ થયો છે કે, ભગવાન પૂજનીય છે પણ પત્થરની મૂર્તિ નહિ, અને મૂર્તિની પૂજા કરીને આરંભની પ્રવૃત્તિ કરવી તે ધર્મ હોઈ શકે નહિ, એવા વિપર્યાસવાળા જીવોને દ્રવ્યસ્તવમાં જે હિંસાની મતિ છે, તે સંસારમાં ડૂબતા એવા જીવોના ગળામાં નિશ્ચિત મોટી શિલા છે.

ટીકાર્થ :-

मज्जतां ..... काव्यप्रकाशकारः ।। **ડૂબતા એવા પાપીઓના ગળામાં શિલારોપ ઉચિત જ છે, એ પ્રમાણે (અહીં) 'સમમ્' અલંકાર છે. કાવ્યપ્રકાશકાર સમમ્ અલંકારનું લક્ષણ આ પ્રમાણે કરે છે - યોગ્યપણા વડે જો સમાનયોગ ક્યાંક સંભવિત હોય તો 'સમમ્' અલંકાર છે.**

✪ જેમ પ્રસ્તુતમાં પાપી એવો મનુષ્ય સંસારસમુદ્રમાં ડૂબી રહ્યો છે, ત્યારે ડૂબવા માટે યોગ્યપણારૂપે શિલાના આરોપનો યોગ સંભવિત છે. એથી કરીને તે 'સમમ્' અલંકાર છે.

ટીકા :-

इदं पुनरत्र विचारणीयम्-भावोपपदस्तवशब्द इव भावोपपदो यज्ञशब्दश्चारित्रमेवाचष्ट इति कथं द्रव्यस्तवे भावयज्ञपदप्रवृत्तिः? द्रव्यस्तवशब्दस्येव द्रव्ययज्ञपदस्यैव प्रवृत्तेरौचित्यात् । अथ यज्ञशब्दो लौकिकयागे प्रसिद्ध इति तद्व्यावर्त्तनेन भावपदयोगः प्रकृते प्रवर्त्तयिष्यते । तर्हि स्तवशब्दोऽपि स्तुतिमात्रे प्रवृत्तो भावशब्दयोगेन प्रकृते प्रवर्त्त्यताम्, 'संतगुणुकित्तणा भावे' **इति (आव० नि० भा० १९१) निर्युक्तिस्वरसाद् गुणवत्तया ज्ञानजनकव्यापारमात्रे शक्तं स्तवपदं भावपदयोगे आज्ञाप्रतिपत्तिरूपे विशेषे एव पर्यवसायतीति तत्कारणे द्रव्यस्तवपदप्रवृत्तिरेव युक्तेति चेत्? तर्हि** "महाजयं जयई जन्नमिट्ठं (जण्णसिट्ठं)" **(उत्तरा० अ० १२ गा० ४२) इत्याद्यागमाद्भावयज्ञपदस्यागमे चारित्र एव प्रसिद्धेर्द्रव्यस्तवे द्रव्ययज्ञपदप्रवृत्तेरेवौचित्यमिति चेत्? देवतोद्देश्यकत्यागे यागशब्दस्य प्रयोगप्राचुर्यात् भावपदोपसन्दानेन वीतरागदेवतोपस्थितेर्वीतरागपूजायां तत्प्रवृत्तिपर्यवसानमिति तु युक्तम् ! आह च -**

"देवोद्देशेनैतद् गृहिणां कर्त्तव्यमित्यलं शुद्धः ।
अनिदानः खलु भावः स्वाशय इति गीयते तज्ज्ञैः ।" **(षष्ठं षोड० श्लो० १२)**

देवतोद्देशेन त्यागश्च निश्चयत आत्मोद्देशेनैव, देवतात्वं वीतरागत्वमिति समापत्त्या तस्य स्वात्मन्युन्नयनात् ।

टीकार्थ :-

भावोपपदो ..... प्रवृत्तेरौचित्यात् । **ભાવ છે ઉપપદમાં જેને એવા સ્તવ શબ્દની જેમ (ભાવસ્તવની જેમ) ભાવ છે ઉપપદમાં જેને એવો યજ્ઞ શબ્દ (ભાવયજ્ઞ શબ્દ), ચારિત્રને જ કહે છે. એથી કરીને દ્રવ્યસ્તવમાં કઈ રીતે ભાવયજ્ઞપદની પ્રવૃત્તિ થઈ શકે ? કેમ કે દ્રવ્યસ્તવશબ્દની જેમ દ્રવ્યયજ્ઞપદની જ પ્રવૃત્તિનું ઔચિત્ય છે.**

अथ ..... इति चेत् ? **આ પ્રકારના કથનમાં અહીં કોઈ સમાધાન કરે છે કે, યજ્ઞ શબ્દ લૌકિક યાગમાં પ્રસિદ્ધ છે. એથી કરીને તેના=લૌકિક યાગના, વ્યાવર્તનથી ભાવપદનો યોગ પ્રકૃતમાં= દ્રવ્યસ્તવના વાચક યજ્ઞ શબ્દમાં, પ્રવર્તશે. તેના ઉત્તરમાં કહે છે -**

તો સ્તુતિમાત્રમાં પ્રવૃત્ત એવો સ્તવ શબ્દ પણ, ભાવશબ્દના યોગથી પ્રકૃતમાં પણ=જેને તમે દ્રવ્યસ્તવ કહો છો, તેમાં પણ, પ્રવર્તો.

અહીં કોઈ આ પ્રમાણે સમાધાન કરે કે - વિદ્યમાન ગુણોની કીર્તના એ ભાવનિક્ષેપો છે, **એ પ્રમાણેના આવશ્યક નિર્યુક્તિના સ્વરસથી (ગુણવાન વ્યક્તિના) ગુણવાનપણા વડે કરીને જ્ઞાનજનક વ્યાપારમાત્રમાં શક્ત એવું સ્તવપદ ભાવપદના યોગમાં અર્થાત્ ભાવસ્તવનો પ્રયોગ કરીએ ત્યારે, આજ્ઞાપ્રતિપત્તિરૂપ વિશેષમાં જ અર્થાત્ ચારિત્રમાં જ, પર્યવસાન પામે છે. તેથી તેના કારણમાં અર્થાત્ ચારિત્રના કારણરૂપ એવી જિનાર્ચામાં, દ્રવ્યસ્તવ એ પ્રકારના પદની પ્રવૃત્તિ યુક્ત છે. તો કહે છે - તો પછી "महाजयं जयई जण्णसिट्ठं" ઈત્યાદિ આગમ હોવાને કારણે આગમમાં ભાવયજ્ઞ પદની ચારિત્રમાં જ પ્રસિદ્ધિ હોવાથી દ્રવ્યસ્તવમાં દ્રવ્યયજ્ઞ પદની પ્રવૃત્તિનું ઔચિત્ય છે, એ પ્રકારે કોઈ કહે તો તેનું સમાધાન આગળ કરે છે.**

✪ 'जन्नमिट्ठं' પાઠ ટીકામાં છે, ત્યાં ઉત્તરાધ્યયન મુજબ जण्णसिट्ठं પાઠ છે અને તે ઉચિત લાગે છે.

વિશેષાર્થ :-

इदं पुनः विचारणीयं ...થી... प्रवृत्तेरेवौचित्यमिति चेत् સુધીનું કથન પૂ. ઉપાધ્યાયજી મહારાજે સ્થાપન કરેલું છે, અને તે કથનથી એ કહેવું છે કે, પૂર્વમાં સ્થાપન કર્યું કે, આ દ્રવ્યસ્તવ ભાવયજ્ઞ છે, એ સ્થાનમાં, વિચારકને આ પ્રકારે પ્રશ્ન ઊઠે કે, જેમ સ્તવપદની આગળમાં 'ભાવ' શબ્દ લગાડીએ તો ભાવસ્તવ શબ્દ બને, અને તે શબ્દથી ચારિત્ર વાચ્ય બને છે; તે રીતે યજ્ઞશબ્દની આગળમાં 'ભાવ' શબ્દ લગાડીએ તો, તેનાથી બનેલ ભાવયજ્ઞ શબ્દ 'ચારિત્ર' અર્થનો વાચક બની શકે, તેથી ભગવાનની પૂજારૂપ દ્રવ્યસ્તવમાં ભાવયજ્ઞપદની પ્રવૃત્તિ થઈ શકે નહિ. આમ છતાં, પૂ. ઉપાધ્યાયજી મહારાજે જ આગળ કહ્યું કે, દ્રવ્યસ્તવ ભાવયજ્ઞમાં છે. તેથી તેનું વાસ્તવિક તાત્પર્ય શું છે, તે બતાવવા માટે આ પ્રકારની વિચારણા સ્વયં કરીને તેનું સમાધાન इति

ચેત્ ..... પછી કરવાના છે. તેની વચમાં તે વિચારણાને પુષ્ટ કરવા માટે 'अथ' ..... થી કોઈ વ્યક્તિનું સમાધાન સ્વયં ઉપસ્થિત કરીને તેના જવાબો આપે છે. તે દરેક કથન દ્વારા એ જ પુષ્ટ કરેલ છે કે, દ્રવ્યસ્તવમાં ભાવયજ્ઞ પદની પ્રવૃત્તિ થઈ શકે નહિ, અને તે આ રીતે –

'अथ' ..... થી કોઈ સમાધાન કરે કે, યજ્ઞ શબ્દ લૌકિક યાગમાં પ્રવર્તે છે, તેથી લૌકિક યાગ કરતાં લોકોત્તર યાગરૂપ ભગવાનની પૂજા છે એ બતાવવા અર્થે ભાવયજ્ઞથી દ્રવ્યસ્તવ ગ્રહણ કરેલ છે; અને દ્રવ્યયજ્ઞથી લૌકિક યાગ ગ્રહણ કરવાનો છે, માટે દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહી શકાય. આ પ્રકારના કોઈના સમાધાન સામે ગ્રંથકાર કહે છે કે, તો પછી સ્તવ શબ્દની પણ સ્તુતિમાત્રમાં પ્રવૃત્તિ છે; અર્થાત્ કોઈ રાજાદિની સ્તુતિ કરે, તેને દ્રવ્યસ્તવ કહી શકાય, અને તેનાથી ભગવાનની સ્તુતિને જુદી પાડવા માટે ભાવસ્તવ કહેવું જોઈએ. તેથી ભગવાનની પૂજાની ક્રિયા એ ભાવસ્તવરૂપ છે, એમ સ્વીકારવું પડે. અને એમ સ્વીકારીએ તો ભગવાનની પૂજાને દ્રવ્યસ્તવ કહી શકાય નહિ, અને શાસ્ત્રમાં ભગવાનની પૂજા દ્રવ્યસ્તવરૂપે પ્રસિદ્ધ છે, તેથી જેમ ભગવાનની પૂજાને દ્રવ્યસ્તવ કહેવાય છે, તેમ યજ્ઞશબ્દથી ભગવાનની પૂજાને વાચ્ય કરવી હોય તો દ્રવ્યયજ્ઞ કહી શકાય, પણ ભાવયજ્ઞ કહી શકાય નહિ. તેના સમાધાનરૂપે કોઈ કહે કે, આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે, વિદ્યમાન ગુણોની ઉત્કીર્તના એ ભાવનિક્ષેપો છે, એ પ્રકારના નિર્યુક્તિકારના વચનથી એ નક્કી થાય છે કે, ગુણવાન વ્યક્તિની ગુણવાનરૂપે સ્તુતિ કરવામાં આવે તે 'સ્તવ' શબ્દથી વાચ્ય બને છે; અને તેને ભાવપદનો યોગ કરવામાં આવે તો આજ્ઞાપ્રતિપત્તિરૂપ=આજ્ઞાના સ્વીકારરૂપ, વિશેષમાં જ પર્યવસાન પામે છે. અને આ પ્રતિપત્તિ એ ચારિત્ર છે, તેથી ભાવસ્તવ શબ્દથી ચારિત્ર વાચ્ય બને, અને ભાવસ્તવના કારણરૂપ એવી પૂજામાં દ્રવ્યસ્તવ શબ્દની પ્રવૃત્તિ ઉચિત છે. તો તેની સામે ગ્રંથકાર કહે છે કે, ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે મહાજયને કરનાર શ્રેષ્ઠ યજ્ઞ જય પામે છે. એ પ્રકારના ઉત્તરાધ્યયનના વચનથી ભાવયજ્ઞપદ ચારિત્રમાં જ પ્રસિદ્ધ છે, તેથી ભગવાનની પૂજારૂપ દ્રવ્યસ્તવમાં દ્રવ્યયજ્ઞપદની પ્રવૃત્તિ ઉચિત માનવી પડશે. આ રીતે 'इदं पुनः विचारणीयं ..... इति चेत्' સુધીના કથનથી પૂર્વપક્ષીએ એ સ્થાપન કર્યું કે, ભગવાનની પૂજામાં ભાવયજ્ઞ પદનો પ્રયોગ ઉચિત કહી શકાય નહિ, તો ગ્રંથકારશ્રી સ્વયં આગળ જવાબ આપે છે –

ઉત્થાન :–

અહીં પ્રશ્ન થાય કે, તો પછી પૂર્વમાં દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહ્યો, તે કઈ અપેક્ષાએ કહ્યો ? તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે -

ટીકાર્થ :–

देवतोद्देश्यकत्यागे ..... युक्तम् । દેવતાઉદ્દેશ્યક ત્યાગમાં યાગ શબ્દના પ્રયોગનું પ્રચુરપણું હોવાથી ભાવપદના ઉપસંદાનથી=ભાવપદનું યોજન કરવાથી, વીતરાગ દેવતાની ઉપસ્થિતિ થયે છતે વીતરાગની પૂજામાં તેની પ્રવૃત્તિનું=ભાવયજ્ઞપદની પ્રવૃત્તિનું, પર્યવસાન છે, એ પ્રમાણે વળી યુક્ત છે. તેમાં ષોડશકની સાક્ષી આપતાં કહે છે -

દેવોદ્દેશેન ..... તજ્ઞૈઃ ।। દેવતાના ઉદ્દેશથી અર્થાત્ જિનભવન પ્રત્યે ભક્તિમાત્રના ઉદ્દેશથી જિનભવન ગૃહસ્થોને કર્તવ્ય છે. આ અત્યંત શુદ્ધ, અનિદાન જ ભાવ શુભાશય છે, એ પ્રમાણે તેના જાણનારાઓ વડે કહેવાય છે.

વિશેષાર્થ :-

લોકમાં દેવતાને ઉદ્દેશીને હોમ-હવનરૂપ જે ત્યાગ કરવામાં આવે છે, ત્યાં યાગશબ્દનો પ્રયોગ પ્રચુરતાથી થાય છે. તેના કરતાં દ્રવ્યસ્તવ જુદો છે, તે બતાવવા માટે યજ્ઞપદની આગળ ભાવપદનું યોજન કરેલ છે, તેથી ભાવયજ્ઞપદ ભગવાનની પૂજાનો વાચક બને છે. તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે કે, ભાવપદના ઉપસંદાનથી=ભાવપદનું યોજન કરવાથી, વીતરાગ દેવતાની ઉપસ્થિતિ થાય છે, અર્થાત્ ભગવાનની પૂજા એ ભાવયજ્ઞ છે એમ કહેવાથી આ વીતરાગ દેવતાની પૂજા છે, એ પ્રકારની ઉપસ્થિતિ થાય છે. તેથી વીતરાગની પૂજામાં ભાવયજ્ઞપદની પ્રવૃત્તિ ઉચિત છે, માટે પૂર્વમાં સ્વયં ગ્રંથકારે દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહ્યો તે ઉચિત છે. અને તેમાં ષોડશક ગ્રંથની સાક્ષી આપી એ પાઠનું તાત્પર્ય પૂર્વના કથન સાથે આ રીતે છે -

ષોડશકના સાક્ષીપાઠમાં દેવતાના ઉદ્દેશનો અર્થ કર્યો કે, વીતરાગ દેવતાની ભક્તિમાત્રના ઉદ્દેશથી જિનભવન કરાવવું જોઈએ. તેથી અન્ય દેવતાઓના ઉદ્દેશથી કરાતા ત્યાગ કરતાં વીતરાગ દેવતાને ઉદ્દેશીને કરાતો ત્યાગ એ શુભ ભાવરૂપ છે, એ ફલિત થાય છે. માટે અન્ય દેવતાના ઉદ્દેશથી કરાતા ત્યાગમાં યાગશબ્દની જે પ્રવૃત્તિ થાય છે, તેની વ્યાવૃત્તિ કરવા માટે વીતરાગ દેવતાની ભક્તિમાં ભાવયજ્ઞપદનો પ્રયોગ થાય છે.

ઉત્થાન :-

પૂર્વમાં 'અથ' થી જે કહ્યું કે, યજ્ઞ શબ્દ લૌકિક યાગમાં પ્રસિદ્ધ છે, તેના વ્યાવર્તન માટે દ્રવ્યસ્તવમાં ભાવયજ્ઞ પદ પ્રવર્તશે અને ત્યાર પછી 'અથ' થી ઇતિ ચેત્ સુધીના કથનથી જવાબ આપ્યો કે, દેવતાઉદ્દેશક ત્યાગમાં 'યાગ' શબ્દનો પ્રચુર પ્રયોગ છે, તેથી ભાવપદના યોગવાળા 'યાગ' શબ્દથી વીતરાગ દેવતાની ઉપસ્થિતિ થાય છે, માટે વીતરાગની પૂજામાં ભાવયજ્ઞપદની પ્રવૃત્તિ ઉચિત છે. આ બંને કથનમાં ભેદ હોવા છતાં સામાન્યથી એક જેવાં જ દેખાય; કેમ કે પ્રથમ કથનમાં લૌકિક યાગમાં દ્રવ્યયજ્ઞ અને ભગવાનની પૂજામાં ભાવયજ્ઞ પદના પ્રયોગનું કથન છે, અને બીજા કથન પ્રમાણે અન્ય દેવતાઉદ્દેશક ત્યાગમાં યજ્ઞપદનો પ્રયોગ અને વીતરાગ દેવતાઉદ્દેશક ત્યાગમાં ભાવયજ્ઞ પદનો પ્રયોગ દેખાય છે. તેથી પ્રથમ કથન કરતાં બીજા કથનથી શું વિશેષતા પ્રાપ્ત થાય છે કે, જેના કારણે ભગવાનની પૂજામાં ભાવયજ્ઞપદનો પ્રયોગ કરવો ઉચિત છે ? તે બતાવવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

દેવતોદ્દેશેન ..... उन्नयनात् । અને દેવતાના ઉદ્દેશ વડે કરાયેલો ત્યાગ એ નિશ્ચયથી આત્મઉદ્દેશથી જ છે; કેમ કે દેવતાપણું એ વીતરાગપણારૂપ છે. એથી કરીને સમાપત્તિથી તેનું=વીતરાગત્વનું, સ્વાત્મામાં ઉન્નયન થાય છે.

વિશેષાર્થ :-

વીતરાગ એવા દેવતાને ઉદ્દેશીને તેમની ભક્તિ અર્થે જ્યારે જિનભવનાદિ કરાવાય છે, ત્યારે જે સ્વ સંપત્તિનો ત્યાગ છે તે નિશ્ચયથી આત્મઉદ્દેશથી જ છે; કેમ કે જેમ અન્ય લોકો માને છે કે, દેવતાને ઉદ્દેશીને જે યજ્ઞ કરાવાય છે, તે યજ્ઞમાં આહુતિ દ્વારા અર્પણ કરાયેલ વસ્તુ તે દેવતાને પ્રાપ્ત થાય છે, અને તેનાથી ખુશ થઈને તે દેવ આપણા ઈચ્છિતની સિદ્ધિ કરે છે, પરંતુ વીતરાગ દેવમાં આવું સંભવે નહિ. વીતરાગ દેવમાં જે દેવતાપણું છે તે વીતરાગપણારૂપ છે. આથી કરીને જે વ્યક્તિ વીતરાગની ભક્તિના ઉદ્દેશથી ત્યાગ કરે છે, ત્યારે તેને વીતરાગપણા પ્રત્યે બહુમાનભાવ વૃદ્ધિ પામે છે અને તેનાથી ધ્યાન પ્રગટે છે, અને ધ્યાનની અતિશયતા થવાથી સમાપત્તિ પ્રગટે છે. અને જ્યારે વીતરાગની સાથે સમાપત્તિ થાય છે, ત્યારે પોતે વીતરાગરૂપ છે, એ પ્રકારની પ્રતીતિ થાય છે. તેથી વીતરાગપણાનું સ્વાત્મામાં ઉન્નયન થાય છે. તેથી વીતરાગ દેવતાને ઉદ્દેશીને પૂજામાં કરાયેલ ત્યાગ તે પરંપરાએ સ્વની પરમાત્મા સાથે સમાપત્તિ માટે કરાય છે. તેથી પરમાર્થથી આત્મોદ્દેશેન જ તે ત્યાગ છે.

અહીં વિશેષ એ છે કે, લૌકિક યાગાદિ સંસારના આશયને ઉદ્દેશીને કરવામાં આવે છે, અને દ્રવ્યસ્તવ એ વીતરાગને ઉદ્દેશીને વ્યવહારનયથી થાય છે, પરંતુ નિશ્ચયનયથી તો વીતરાગપણારૂપ આત્માના ભાવને ઉદ્દેશીને જ કરાય છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, આત્માનો વીતરાગપણારૂપ જે ભાવ છે, તેને પ્રગટ કરવા માટે વ્યવહારનયથી આત્માથી ભિન્ન એવા વીતરાગને પૂજીને આત્માના વીતરાગપણાનાં પ્રતિબંધક એવાં કર્મોનો નાશ કરવા માટે દ્રવ્યસ્તવ કરવામાં આવે છે. તેથી લૌકિક યાગમાં અગ્નિમાં હવિષ્ આદિનો પ્રક્ષેપ કરાય છે, તેમ અહીંયાં વીતરાગપણાની અભિમુખ એવા આત્માના ભાવરૂપ અગ્નિમાં કર્મરૂપ ઇંધનનો પ્રક્ષેપ કરવામાં આવે છે, તેથી તેને ભાવયજ્ઞ કહેવાય છે. કેમ કે દ્રવ્યયાગમાં જેમ દ્રવ્ય અગ્નિ હોય છે, તેમ અહીંયાં ભાવયાગમાં આત્માના વિશુદ્ધ ભાવરૂપ અગ્નિ છે, તે બતાવવામાટે દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહેલ છે. તેથી 'અથ' થી પૂર્વપક્ષીએ જે કહેલ કે, લૌકિક યાગને દ્રવ્યયજ્ઞ અને દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહીશું, તેના કરતાં ગ્રંથકારના સમાધાનમાં ભેદ પડે છે. કેમ કે કેવલ લૌકિક યાગને દ્રવ્યયજ્ઞ અને ભગવાનની પૂજાને ભાવયજ્ઞ કહીએ, તો તે રીતે સ્તુતિ સામાન્યને દ્રવ્યસ્તવ અને ભગવાનની પૂજાને ભાવસ્તવ કહેવાની આપત્તિ આવે. પરંતુ તે અર્થમાં દ્રવ્યસ્તવને ભાવયજ્ઞ કહેલ નથી, પણ આત્માના કર્મરૂપ ઇંધનને બાળે છે, તે બતાવવા માટે ભાવયજ્ઞ કહેલ છે.

નૈયાયિકો દેવતાનું લક્ષણ કરે છે, તે બતાવતાં કહે છે -

ટીકા :-

यौगास्तु 'देवतात्वं मन्त्रकरणकहविर्निष्ठफलभागित्वेनोद्देश्यत्वम् । अतश्चतुर्थी विनापीन्द्रादेर्देवतात्वम्, हविर्निष्ठफलं स्वत्वम् अतो न त्यागजन्यस्वर्गरूपफलाश्रयकर्त्तर्यतिव्याप्तिः । न च मन्त्रं विनेन्द्राय स्वाहेत्यनेन त्यागे देवतात्वं न स्यादिति वाच्यम्, मन्त्रकरणकत्यागान्तरमादाय देवतात्वात्, स्वाहास्वधान्यतरस्यैव प्रकृते मन्त्रत्वाच्च । पित्रादीनां स्वधया त्यागे देवतात्वं न तु प्रेतस्य, नमःपदेनैव

तदा त्यागात् । शूद्रादिपितुर्देवतात्वं च ब्राह्मणपठितमन्त्रत्वात् । 'ब्राह्मणाय स्वाहा' इत्यनेन ब्राह्मणाय त्यागेऽपि स्वाहेत्यस्य न ब्राह्मणस्वत्वहेतुत्वम्, तद्विनापि प्रतिग्रहमात्रादेव तत्स(स्व)त्वसंभवात्, अदृष्टजनकत्वेन वा त्यागो विशेषणीयः, स्वाहेत्यनेन ब्राह्मणाय त्यागो नादृष्टहेतुः । पामरेण मन्त्रं विनापीश्वराय त्यागे ईश्वरस्य देवतात्वं मन्त्रकरणकत्यागान्तरमादाय । उद्देश्यत्वं उद्देश्यतावच्छेदकावच्छिन्नोपलक्षकं केवलपत्न्या देवतात्ववारणाय विशिष्टत्वेनोद्देश्यत्वाद् विशिष्टस्यैव देवतात्वात्' इत्याहुः तद् बालचापलमात्रम्, योगिनामुपासनीयाया वीतरागदेवताया एव प्रसिद्धेरहङ्कारममकारात्मकस्वत्वस्य तन्निरूपितस्य कुतोऽपि क्वचिदप्याधानासंभवात् सरागेश्वरदेवतायाश्च रागविडम्बितैरेवाभ्युपगन्तुमर्हत्वाद्।

ટીકાર્થ :-

યૌગા ..... उद्देश्यत्वम् । **વળી યાગો (નૈયાયિકો) મંત્રકરણકહવિર્નિષ્ઠફલભાગિત્વરૂપે ઉદ્દેશ્યત્વ એ દેવતાપણું છે, એ પ્રમાણે કહે છે -**

વિશેષાર્થ :-

મંત્રકરણથી હવિમાં ઉત્પન્ન થતા ફળના ભોગવનારા રૂપે જે ઉદ્દેશ્ય હોય તે દેવતા કહેવાય, એ પ્રમાણે નૈયાયિકો કહે છે.

અહીં વિશેષ એ છે કે, હોમની ક્રિયા કરવામાં આવે તે મંત્રકરણરૂપ છે, અને તે હોમની ક્રિયાથી હોમમાં અર્પણ કરાતી વસ્તુની પ્રાપ્તિરૂપ ફળ તે દેવતાને પ્રાપ્ત થાય છે, તેથી તે દેવતા ફળના ભાગી છે. અહીં અપાયેલ વસ્તુનો ઉપભોગ દેવતા કરે છે અને આ ફળ દેવતાને મળો, એ પ્રકારે ઉદ્દેશ કરીને જ્યારે યજ્ઞ કરાય છે, ત્યારે તે ફળના દેવતા ઉદ્દેશ્ય બને છે. એ દેવતાને ઉદ્દેશીને યજ્ઞ કરાય છે, તેથી તે દેવતા યજ્ઞના ઉદ્દેશ્ય છે. તેથી દેવતામાં ઉદ્દેશ્યત્વ છે અને તે જ દેવતાપણું છે. આ પ્રમાણે નૈયાયિકો કહે છે.

ઉત્થાન :-

મીમાંસકો देशनादेशितचतुर्थ्यन्तपदनिर्देश्यत्वम् देवतात्वंआ પ્રમાણે દેવતાનું લક્ષણ કરે છે, તેથી ચતુર્થ્યંત પદ હોય તેવા ઉદ્દેશ્યને જ દેવતા કહી શકાય, અન્યને નહિ, તેમ માને છે. આ મીમાંસકનું લક્ષણ સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવવાના છે, પરંતુ તેને સામે રાખીને તેના નિરાકરણ અર્થે નૈયાયિકો કહે છે -

ટીકાર્થ :-

अतः ..... देवतात्वम् **આથી કરીને=મંત્રકરણકહવિર્નિષ્ઠફલભાગિત્વરૂપે ઉદ્દેશ્યત્વ એ દેવતાપણું છે આથી કરીને, ચતુર્થી વિભક્તિ વિના પણ ઈન્દ્રાદિનું દેવતાપણું છે, તેને સામે રાખીને મીમાંસકનો મત સંગત થાય છે.**

વિશેષાર્થ :-

'इन्द्राय स्वाहा' ઈત્યાદિ પ્રયોગોમાં બહુધા ચતુર્થી વિભક્તિ હોય છે. તેથી સામાન્ય રીતે યજ્ઞ કરતી વખતે જેનો ચતુર્થી વિભક્તિથી નિર્દેશ કરાયેલો હોય તેને દેવતા કહેવામાં આવે છે, પરંતુ 'धृतिः स्वाहा' એ પ્રકારના પ્રયોગમાં પ્રથમા વિભક્તિ હોવા છતાં દેવતાનું નૈયાયિકે ઉપરોક્ત લક્ષણ કર્યું, તેથી 'धृतिः स्वाहा' એ પ્રયોગમાં પણ દેવતાપણું સિદ્ધ થઈ શકે છે; જ્યારે મીમાંસકના લક્ષણ પ્રમાણે 'धृतिः स्वाहा' એ પ્રયોગમાં ચતુર્થ્યન્તપદ નહિ હોવાથી તે પ્રયોગના ઉદ્દેશ્યને દેવતા કહી શકાય નહિ. આનાથી યજ્ઞમાં ચતુર્થ્યન્ત પદવાળાને જ દેવતા કહેવાય, એ પ્રકારના મીમાંસકના કથનનું નિરાકરણ થાય છે; અને એ સ્થાપન થાય છે કે, હોમમાં અર્પણ કરાયેલી વસ્તુનું ફળ આમને મળો, એ પ્રકારે જે ઉદ્દેશ્ય કરાય તે જ દેવતા છે, એમ નૈયાયિકો કહે છે.

ઉત્થાન :-

દેવતાના લક્ષણમાં હવિર્નિષ્ઠફળભાગિત્વ કહ્યું, ત્યાં આવતી અતિવ્યાપ્તિ દોષના નિવારણ અર્થે કહે છે -

ટીકાર્થ :-

हविर्निष्ठफलं ..... अतिव्याप्तिः । હવિર્નિષ્ઠ ફળ સ્વત્વ છે, આથી કરીને ત્યાગજન્ય સ્વર્ગરૂપ ફળના આશ્રયવાળા કર્તામાં અતિવ્યાપ્તિ નહિ આવે.

વિશેષાર્થ :-

યજ્ઞ કરનાર 'इन्द्राय स्वाहा' એ પ્રમાણે ઉચ્ચાર કરીને યજ્ઞ કરે છે, ત્યારે ઇંદ્રને આ યજ્ઞ મને ઉદ્દેશીને કરાય છે, એ પ્રમાણે સ્વત્વની બુદ્ધિ થાય છે, એ જ હવિર્નિષ્ઠ ફળરૂપ સ્વત્વ છે. આથી કરીને જ યજ્ઞ કરવાના ફળરૂપે યજ્ઞકર્તાને સ્વર્ગરૂપ ફળની પ્રાપ્તિ હોવા છતાં, દેવતાના લક્ષણની અતિવ્યાપ્તિ આવતી નથી; કેમ કે તે યજ્ઞમાં યજ્ઞકર્તાને સ્વત્વની બુદ્ધિ થતી નથી, પરંતુ ઇંદ્રને જ આ મારો યજ્ઞ છે, એ પ્રકારની સ્વત્વ બુદ્ધિ થાય છે. આનાથી મૂળ લક્ષણમાં આ પ્રમાણે પરિષ્કાર પ્રાપ્ત થશે. मन्त्रकरणकहविर्निष्ठस्वत्वरूपेण फलभागित्वेन उद्देश्यत्वम् देवतात्वं, અને આ સ્વત્વરૂપ ફળ યજ્ઞ કરનારમાં નથી, માટે ત્યાં અતિવ્યાપ્તિ આવતી નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કરાયેલ દેવતાના લક્ષણમાં અવ્યાપ્તિ બતાવીને તેનું નિરાકરણ કરતાં નૈયાયિક કહે છે -

ટીકાર્થ :-

न च ..... देवतात्वात्, મંત્ર વિના 'इन्द्राय स्वाहा' એ પ્રકારના પ્રયોગથી યજ્ઞમાં કરાતા ત્યાગમાં ઇંદ્રનું દેવતાપણું નહિ થાય, એમ ન કહેવું; કેમ કે મંત્રકરણક ત્યાગાન્તરને લઈને પ્રસ્તુત યજ્ઞમાં ઇંદ્રનું દેવતાપણું છે.

विशेषार्थ :-

નૈયાયિકના મતે જ્યારે પિતાદિ અર્થે યજ્ઞ કરાય છે, ત્યારે સ્વધાથી ત્યાગ થાય છે; અને પ્રેતને અર્પણ માટે જ્યારે યજ્ઞ કરાય છે, ત્યારે 'नमः' પદથી કરાય છે. તેથી પ્રેત અર્થે કરાતા યજ્ઞમાં મંત્ર નહિ હોવાને કારણે દેવતાનું લક્ષણ પ્રેતમાં જશે નહિ, અને પિતા આદિને અર્પણ કરવામાં આવે છે ત્યારે 'સ્વધા' મંત્રરૂપ હોવાથી દેવતાનું લક્ષણ ત્યાં જશે. તેથી પિતામાં લક્ષણની અવ્યાપ્તિ દોષ નહિ આવે અને પ્રેતના લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ નહિ આવે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, શૂદ્ર આદિ પણ પિતાને અર્પણ અર્થે યજ્ઞ કરાવે છે, પરંતુ પોતે સ્વધા આદિ પ્રયોગ કરવાના અધિકારી નહિ હોવાથી પિતા આદિને અર્પણ કરતી વખતે મંત્રોચ્ચારણ કરતા નથી. તેથી શૂદ્રાદિના પિતામાં દેવતાનું લક્ષણ જશે નહિ. તેથી કહે છે -

ટીકાર્થ :-

શુદ્રાદિ ..... मन्त्रत्वात् । બ્રાહ્મણપઠિત મંત્રપણું હોવાને કારણે શૂદ્રાદિના પિતાનું દેવતાપણું છે.

વિશેષાર્થ :-

શૂદ્રાદિ જ્યારે પોતાના પિતાના અર્પણ અર્થે યજ્ઞ કરે છે, ત્યારે તેઓ 'સ્વધા' પ્રયોગથી પિતાને અર્પણ કરતા નથી, પરંતુ તે વખતે બ્રાહ્મણ 'સ્વધા' પ્રયોગ બોલીને અર્પણ કરવાનું કહે છે, અને તે પ્રમાણે શૂદ્રાદિ અર્પણ કરે છે. તેથી તે સ્થાનમાં બ્રાહ્મણ વડે ઉચ્ચાર કરાયેલ અન્ય મંત્ર ન હોય તો પણ 'સ્વધા' રૂપ મંત્ર હોવાને કારણે મંત્રકરણકહવિર્નિષ્ઠફળભાગીપણું દેવતાના લક્ષણમાં રહે છે, માટે શૂદ્રાદિના પિતામાં અવ્યાપ્તિ દોષ આવતો નથી. તેથી તે યજ્ઞના દેવતા શૂદ્રાદિના પિતા થાય છે.

ઉત્થાન :-

પૂર્વમાં દેવતાનું લક્ષણ કર્યું, ત્યાં કોઈ કહે કે - 'ब्राह्मणाय स्वाहा' અહીં પણ 'સ્વાહા' મંત્રપૂર્વક ત્યાગ કરાય છે, તેથી બ્રાહ્મણ દેવતા નહિ હોવા છતાં બ્રાહ્મણમાં દેવતાનું લક્ષણ જશે. તેથી કહે છે -

ટીકાર્થ :-

ब्राह्मणाय ..... संभवात्, આ પ્રકારના પ્રયોગથી બ્રાહ્મણ માટે ત્યાગ હોવા છતાં પણ સ્વાહા - એ પ્રમાણે આનું='ब्राह्मणाय स्वाहा' એ પ્રયોગનું, બ્રાહ્મણના સ્વત્વનું હેતુપણું નથી; કેમ કે તેના વિના પણ=સ્વાહા વિના પણ, પ્રતિગ્રહ માત્રથી=યજ્ઞમાં અર્પણ કરાયેલ દ્રવ્યના ગ્રહણ માત્રથી, તેના= બ્રાહ્મણના, સ્વત્વનો સંભવ છે.

વિશેષાર્થ :-

ઈંદ્રાદિ દેવતાને ઉદ્દેશીને જ્યારે યજ્ઞ કરાય છે, ત્યારે ઈંદ્રને તે યજ્ઞમાં સ્વત્વની બુદ્ધિ થાય છે, પરંતુ તે જ યજ્ઞમાં પ્રાંતમાં 'બ્રાહ્મણાય સ્વાહા' આ પ્રકારના પ્રયોગથી પણ આહુતિઓ અપાય છે, ત્યારે તે આહુતિથી બ્રાહ્મણને આ યજ્ઞ મારો છે, એ પ્રમાણે સ્વત્વ બુદ્ધિ થતી નથી. કેમ કે 'બ્રાહ્મણાય સ્વાહા' - આ પ્રકારના પ્રયોગ વગર પણ તે બ્રાહ્મણ દ્વારા કરાયેલા યજ્ઞમાં મુકાયેલી વસ્તુના પ્રતિગ્રહ માત્રથી જ=યજ્ઞમાં અર્પણ કરાયેલા દ્રવ્યોના ગ્રહણ માત્રથી જ બ્રાહ્મણને આ યજ્ઞ મેં કરાવ્યો છે, માટે મારો યજ્ઞ છે એ પ્રકારે સ્વત્વનો સંભવ છે.

પરંતુ દેવતાનું લક્ષણ मन्त्रकरणकहविर्निष्ठफलभागित्वं=મંત્રકરણકહવિર્નિષ્ઠ ફળભાગી છે, અને આવું સ્વત્વ બ્રાહ્મણને નથી, તેથી તે યજ્ઞનો દેવતા બ્રાહ્મણ થઈ શકે નહિ. કેમ કે મંત્રપ્રયોગ વગર પણ યજ્ઞમાં અર્પણ કરાયેલ દ્રવ્યના ગ્રહણથી જ તેને સ્વત્વ થયેલ છે.

ઉત્થાન :-

પૂર્વમાં દેવતાના લક્ષણમાં આવતી અવ્યાપ્તિના નિવારણ માટે કહ્યું કે, 'સ્વાહા' અને 'સ્વધા' અન્યતરનું જ પ્રકૃતમાં મંત્રપણું છે, માટે બ્રાહ્મણમાં દેવતાપણું નહિ હોવા છતાં દેવતાનું લક્ષણ ઘટે છે. તેના નિવારણ માટે પૂર્વમાં સમાધાન કર્યું. હવે તે સમાધાન અન્ય પ્રકારે કરતાં કહે છે -

ટીકાર્થ :-

अदृष्ट ..... नादृष्टहेतुः । **અથવા અદૃષ્ટજનકપણાથી ત્યાગ વિશેષણીય છે, તેથી બ્રાહ્મણમાં લક્ષણા જશે નહિ; કેમ કે 'સ્વાહા' એ પ્રમાણે આનાથી='બ્રાહ્મણાય સ્વાહા' એનાથી, બ્રાહ્મણ માટે કરાતો ત્યાગ એ અદૃષ્ટનું કારણ નથી.**

વિશેષાર્થ :-

ઈંદ્રાદિ દેવોને ઉદ્દેશીને જે યજ્ઞ કરાય છે, તે યજ્ઞના અંગરૂપ આહુતિઓમાં 'બ્રાહ્મણાય સ્વાહા' એ પ્રકારનો પ્રયોગ કોઈ કોઈ જગ્યાએ થાય છે, અને તે યજ્ઞથી જીવને પુણ્ય બંધાય છે, અને પુણ્ય બંધાવાના કારણે સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે, તેમ નૈયાયિકો માને છે. ત્યાં ઈંદ્ર માટે જે ત્યાગ કર્યો, તેનાથી પુણ્ય બંધાય છે, અને તેના કારણે સ્વર્ગાદિની પ્રાપ્તિ કે ઈંદ્રાદિ દેવતાની પ્રસાદીની પ્રાપ્તિ થાય છે; પરંતુ તેમાં 'બ્રાહ્મણાય સ્વાહા' એ પ્રકારના પ્રયોગથી કરાયેલો ત્યાગ અદૃષ્ટજનક નથી, તેથી દેવતાના લક્ષણમાં જે ત્યાગ છે, તેનું અદૃષ્ટજનકત્વરૂપે વિશેષણ આપવાથી પૂર્વોક્ત દેવતાનું લક્ષણ બ્રાહ્મણમાં જશે નહિ, એ પ્રકારનો પરિષ્કાર નૈયાયિક કરે છે. તેથી લક્ષણ આ પ્રમાણે પ્રાપ્ત થશે -

મંત્રકરણકહવિર્નિષ્ઠ જે ત્યાગ છે તે અદૃષ્ટજનક ત્યાગ ગ્રહણ કરવાનો, અન્ય ત્યાગ નહિ, તેવા ત્યાગના ફળના ભાગી જે હોય તે દેવતા છે. તેથી પ્રસ્તુતમાં મંત્રકરણકહવિર્નિષ્ઠ ત્યાગ ઈંદ્રાદિને ઉદ્દેશીને પણ છે અને બ્રાહ્મણને ઉદ્દેશીને પણ છે. આમ છતાં, ઈંદ્રાદિને ઉદ્દેશીને કરાયેલો ત્યાગ અદૃષ્ટજનક છે અને બ્રાહ્મણને ઉદ્દેશીને કરાયેલો ત્યાગ અદૃષ્ટજનક નથી, તેથી હવિર્નિષ્ઠ જે ત્યાગ અદૃષ્ટજનક છે, તેના ફળના

ભાગી ઈંદ્રાદિ દેવો છે અને બ્રાહ્મણ નથી. આથી 'બ્રાહ્મણાય સ્વાહા' પ્રયોગથી બ્રાહ્મણને દેવતા સ્વીકારવાની આપત્તિ આવશે નહિ, તેથી દેવતાના લક્ષણની બ્રાહ્મણમાં આવતી અતિવ્યાપ્તિ દૂર થાય છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, કોઈ પામર જીવ મંત્ર વિના પણ ઈશ્વર માટે ત્યાગ કરે છે, તો પછી ત્યાં ઈશ્વરનું દેવતાપણું અસિદ્ધ થશે. તેથી નૈયાયિક કહે છે -

ટીકાર્થ :-

પામરેણ ..... આદાય । પામર વડે મંત્ર વિના પણ ઈશ્વર માટે કરાતા ત્યાગમાં ઈશ્વરનું દેવતાપણું મંત્રકરણક=ત્યાગાન્તરને=અન્યના ત્યાગને, ગ્રહણ કરીને અસિદ્ધ નથી.

વિશેષાર્થ :-

પામર જીવો અજ્ઞાનને કારણે 'સ્વાહા'પૂર્વક ઈશ્વરને અર્પણ કરતા નથી, અને પામર સિવાયના જીવો 'સ્વાહા'પૂર્વક ઈશ્વરને અર્પણ કરે છે, માટે મંત્રકરણક અન્યના ત્યાગને ગ્રહણ કરીને ઈશ્વરનું દેવતાપણું અસિદ્ધ નહિ થાય, એમ નૈયાયિક કહે છે.

ઉત્થાન :-

નૈયાયિકના મતે મૃતપત્નીના ઉદ્દેશથી કોઈક જીવ દેવતાને ઉદ્દેશીને યજ્ઞ કરતો હોય, તે યજ્ઞમાં વાસ્તવિક રીતે તે દેવતા અને પોતાની પત્ની બેય ઉદ્દેશ્ય છે, તેથી ત્યાં નૈયાયિકને તે યજ્ઞના દેવતા તરીકે બંને માન્ય છે. આમ છતાં, મંત્રકરણકહવિર્નિષ્ઠફલભાગિત્વરૂપે પત્નીને જ ઉદ્દેશ્યરૂપે સ્વીકારીને કેવલ પત્નીને જ પ્રસ્તુત યજ્ઞમાં કોઈ દેવતા કહે, અને અન્ય દેવને દેવતા ન કહે, તેથી લક્ષણનો પરિષ્કાર કરતાં નૈયાયિક જે કહે છે, તે યૌગાસ્તુ થી માંડીને ઇત્યાહુઃ સુધીના નૈયાયિકના દેવતાના સ્વીકારના કથનને તદ્ બાલચાપલમાત્રમ્ કહીને આ રીતે તેનું ખંડન કરે છે –

ટીકાર્થ :-

ઉદ્દેશ્યત્વં ..... અર્હત્વાદ્ । દેવતાના લક્ષણમાં જે ઉદ્દેશ્યત્વ છે તે ઉદ્દેશ્યતાવચ્છેદકાવચ્છિન્નનું ઉપલક્ષક છે, કેમ કે કેવલ પત્નીના દેવતાપણાના વારણ માટે વિશિષ્ટરૂપે ઉદ્દેશ્યપણું હોવાના કારણે વિશિષ્ટનું જ દેવતાપણું છે, એ પ્રમાણે નૈયાયિકો કહે છે તે બાલચેષ્ટામાત્ર છે. કેમ કે યોગીઓને ઉપાસનીય એવા વીતરાગદેવની પ્રસિદ્ધિ હોવાથી તન્નિરૂપિત=વીતરાગનિરુપિત, અહંકારમમકારાત્મક સ્વત્વનું કોઈથી પણ અર્થાત્ પ્રતિષ્ઠાદિ કોઈ ક્રિયાથી પણ ક્યાંય પણ અર્થાત્ સર્વત્રતઃ આધાનનો અસંભવ છે જ, પણ એક-બે સ્થાનમાં પણ આધાનનો અસંભવ છે, અને સરાગી એવા ઈશ્વર દેવતાનું રાગવિડંબિતો વડે સ્વીકાર કરવા માટે યોગ્યપણું છે.

✪ 'ઇત્યાહુઃ અહીં 'ઇતિ' શબ્દ દેવતાત્વં ..... વિશિષ્ટસ્યૈવદેવતાત્વાત્ એ સર્વકથનનો પરામર્શક છે.

વિશેષાર્થ :-

મૃતપત્નીને ઉદ્દેશીને કરાતા યજ્ઞમાં પત્ની અને અન્ય કોઈ અભિમત દેવતા ઉદ્દેશ્ય તરીકે છે, અને ઉદ્દેશ્યતા પત્ની અને અન્ય કોઈ અભિમત દેવતા બંનેમાં છે. અને ઉદ્દેશ્યતાવચ્છેદકથી અવિચ્છિન્ન ઉદ્દેશ્યત્વ ગ્રહણ કરીએ તો પ્રસ્તુત યજ્ઞમાં પત્ની અને અન્ય દેવતા બંને ઉદ્દેશ્યરૂપે સિદ્ધ થાય. તેથી કેવલ પત્નીના દેવતાપણાનું વારણ થાય છે; અર્થાત્ પ્રસ્તુત યજ્ઞમાં માત્ર પત્ની દેવતારૂપે સિદ્ધ થતી નથી, પરંતુ પત્ની અને અન્ય દેવતા બંને દેવતારૂપે સિદ્ધ થાય છે.

અહીં વિશિષ્ટત્વેન ઉદ્દેશ્યપણું કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, ઉદ્દેશ્યતાવચ્છેદકાવચ્છિન્ન એવું ઉદ્દેશ્ય ગ્રહણ કરવાનું છે. તેથી ઉદ્દેશ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વ એ વિશેષણ બન્યું અને તે વિશેષણથી વિશિષ્ટ એવું ઉદ્દેશ્ય બન્યું. અહીં વિશિષ્ટનું દેવતાપણું છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, કેવલ પત્નીનું દેવતાપણું નથી, અને કોઈ અન્ય દેવતાનું પણ દેવતાપણું નથી, પરંતુ ઉદ્દેશ્યતાવચ્છેદકાવચ્છિન્ન એવા વિશેષણથી વિશિષ્ટનું જ દેવતાપણું છે; અર્થાત્ પત્ની અને અન્ય કોઈ દેવતા એમ ઉભયરૂપ વિશિષ્ટનું અર્થાત્ ઉભયનું જ દેવતાપણું છે.

એ પ્રમાણે=પૂર્વમાં દેવતાનું લક્ષણ કર્યું અને પછી ત્યાં આવતા દોષોનું વારણ કરીને જે દેવતાનું લક્ષણ કર્યું એ પ્રમાણે, નૈયાયિકો કહે છે તે બાલચેષ્ટામાત્ર છે.

કહેવાનો આશય એ છે કે, નૈયાયિકના મતમાં દેવતાનું લક્ષણ 'मंत्रकरणकहविर्निष्ठफलभागित्वेनोद्देश्यत्वम्' અર્થાત્ મંત્ર જેમાં કરણરૂપ છે એવી હોમની ક્રિયાથી જે હોમ-હવન કરાય છે, તેમાં રહેલું ફળ જે દેવતાને પ્રાપ્ત થાય છે, તે દેવતા તે ફળના ભાગી છે; અને તે રીતે દેવતાને ઉદ્દેશ્ય બનાવીને જે યજ્ઞ કરાય છે, તેમાં રહેલું જે ઉદ્દેશ્યત્વ છે, તે જ દેવતાપણું છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, મંત્રપૂર્વક હોમ કરવાથી તે હોમમાં નંખાતી વસ્તુઓ તે દેવતાને પ્રાપ્ત થાય છે, તેથી તે દેવતા તુષ્ટ થઈને ભક્તિ કરનારને વાંછિત ફળ આપે છે, એ પ્રમાણે નૈયાયિકો કહે છે તે તેઓની બાલચેષ્ટામાત્ર છે. કેમ કે યોગીઓને ઉપાસનીય એવા વીતરાગદેવની પ્રસિદ્ધિ હોવાથી વીતરાગનિરૂપિત અહંકારમમકારાત્મક સ્વત્વનું પ્રતિષ્ઠાદિ કોઈ પણ ક્રિયાથી ક્યાંય પણ આધાનનો અસંભવ છે.

કહેવાનો ભાવ એ છે કે, યોગીઓ યોગની સાધના કરનારા હોય છે, અને તેમનું પ્રયોજન સંસારથી અતીત અવસ્થા પ્રાપ્ત કરવાનું હોય છે. અને તેવી અવસ્થા પ્રાપ્ત કરવાનો ઉપાય વીતરાગભાવ છે, તે સર્વદર્શનસિદ્ધ પદાર્થ છે, તેથી સર્વદર્શનવર્તી યોગીઓને ઉપાસનીય વીતરાગદેવ છે. અને જે વીતરાગ હોય તેમને અહંકાર-મમકારાત્મક સ્વત્વ થઈ શકે નહિ, તેથી પ્રતિષ્ઠાદિ ક્રિયાથી કે અન્ય યજ્ઞાદિ ક્રિયાથી કોઈ પણ વીતરાગદેવની પ્રતિમામાં અહંકાર કે મમકારાત્મક સ્વત્વનું આધાન સંભવે નહિ; અર્થાત્ આ પ્રતિમા એ હું છું અને તેની આગળ જે વસ્તુઓ ધરાય છે તે મને પ્રાપ્ત થાય છે, તત્સ્વરૂપ અહંકાર અને મમકાર વીતરાગદેવને થતાં નથી. તેથી મંત્રકરણકહવિર્નિષ્ઠ ફળભાગી તેઓ બની શકે નહિ. તેથી 'मंत्रकरणकहविर्निष्ठफलभागित्वेनोद्देश्यत्वम्' એવું દેવતાનું લક્ષણ બાળચેષ્ટામાત્ર છે.

અહીં પ્રશ્ન થાય કે, વીતરાગદેવને ભલે અહંકાર-મમકાર ન થાય, પરંતુ જેઓ સરાગદેવ છે,

તેઓની પ્રતિષ્ઠા તેમની મૂર્તિમાં કરવામાં આવે તો તેનાથી કોઈ સ્થાને આ પ્રતિમારૂપ હું છું, અને તેમને અપાતી વસ્તુ મને (સરાગદેવને) પ્રાપ્ત થાય છે, તેવી બુદ્ધિ થાય છે. તેથી તેઓમાં 'मंत्रकरणकहविर्निष्ठफल-भागित्वेनोद्देश्यत्वम्' આ દેવતાનું લક્ષણ જશે, તેથી તેઓ દેવતા કહેવાશે. તેથી કહે છે કે રાગવિડંબિતોએ જ સરાગદેવતાને દેવ તરીકે સ્વીકારવા યોગ્ય છે, રાગદશાથી પર થવાની ઈચ્છાવાળા યોગીઓ તેવા દેવતાને દેવતારૂપે સ્વીકારતા નથી.

આથી નૈયાયિકોએ કરેલ દેવતાનું લક્ષણ બાલચેષ્ટારૂપ છે; કેમ કે યોગીઓને પૂજનીય એવા સાચા દેવતામાં એ લક્ષણ જતું નથી, અને તુચ્છ એવા સરાગી દેવતામાં જાય તેવું લક્ષણ કરીને નૈયાયિકે પોતાની મૂર્ખતાનું જ પ્રદર્શન કર્યું છે.

અહીં વિશેષ એ છે કે, પૂર્વમાં નૈયાયિકે જે દેવતાનું લક્ષણ કર્યું, તે બાલચેષ્ટારૂપ છે, અને તેમાં યોગીનાં ...થી... अभ्युपगन्तुमर्हत्वाद् । સુધી હેતુ છે, અને આ રીતે ઉપાસક આત્માને દેવતારૂપે ઉપાસનીય વીતરાગ જ બની શકે. અને નૈયાયિકે જે લક્ષણ કર્યું, તેમાં હવિર્નિષ્ઠ ફળ સ્વત્વ છે તેમ કહ્યું, તેનાથી નક્કી થાય છે કે જે દેવતાને ઉદ્દેશીને હોમ કરાય છે, તે દેવતાને ત્યાં સ્વત્વની બુદ્ધિ થાય છે, અને નૈયાયિક તે દેવને જ દેવતા કહે છે. પરંતુ વીતરાગને કોઈ તેમના નિમિત્તે યજ્ઞ કરે તેમાં સ્વત્વ બુદ્ધિ સંભવી શકે નહિ, તેથી કરીને નૈયાયિકનું લક્ષણ વીતરાગદેવતામાં ઘટે નહિ, પરંતુ સરાગદેવતામાં જ સંભવી શકે. અને જે લોકો સંસારમાં ભૌતિક પદાર્થના અર્થી છે, તેવા રાગથી વિડંબિત જીવો જ એવા સરાગદેવતાની ઉપાસના કરે; પરંતુ યોગીઓ કરે નહિ. તેથી નૈયાયિકનું તે લક્ષણ અનુચિત ચેષ્ટારૂપ છે, એ પ્રકારનો આશય છે.

ઉત્થાન :-

નૈયાયિકના દેવતાના લક્ષણના કથન પૂર્વે 'देवतात्वं वीतरागत्वं' એ કથનથી નિશ્ચયનયને આશ્રયીને વીતરાગને દેવતારૂપે ગ્રંથકારે સ્થાપન કરેલ. હવે નૈયાયિકે કરેલ લક્ષણમાં અસંગતિ બતાવીને તેની સદૃશ વીતરાગદેવમાં ઘટે તેવું લક્ષણ વ્યવહારનયને આશ્રયીને બતાવતાં કહે છે -

અથવા

શાસ્ત્રમાં ભગવાનની પૂજા કરતી વખતે મંત્રપૂર્વક ફળ-નૈવેદ્ય આદિ ધરાવવાની વિધિ છે, અને મંત્રપૂર્વક કરાતી ત્યાગની ક્રિયામાં વિશેષ ફળ પ્રાપ્ત થાય છે, તેને સામે રાખીને દેવતાનું લક્ષણ વ્યવહારનયથી બતાવતાં કહે છે -

ટીકા :-

वीतरागोद्देशेन कृतात्समन्त्रात्कर्मणोऽध्यवसायानुरोधिफलाभ्युपगमे तु मन्त्रकरणकोपास-नेतिकर्त्तव्यतालम्बनत्वमेव देवतात्वमिति युक्तम् । संसारिदेवत्वं च देवगतिनामकर्मोदयवत्त्वम्, संसारिषु संसारगामिनामितरेषु चेतरेषां भक्तिः स्वरससिद्धेति योगतन्त्रप्रसिद्धम् । तदुक्तं योगदृष्टिसमुच्चये -

'संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम् ।
तदतीते पुनः तत्त्वे तदतीतार्थयायिनाम्' **(श्लोक-१९१) इति ।**

स्वाहास्वधान्यतरस्यैव मन्त्रत्वमित्ययमपि नैकान्तो, मन्त्रन्यासे नमःपदस्यापि तत्त्वश्रवणात्।

तदुक्तम् -

'मन्त्रन्यासश्च तथा प्रणवनमःपूर्वकं च तन्नाम।
मन्त्रः परमो ज्ञेयो, मननत्राणे ह्यतो नियमात् ।। **(षोडशक ७ श्लोक-११) इति ।**

टीकार्थ :-

वीतरागोद्देशेन ..... युक्तम् । વીતરાગને ઉદ્દેશીને અર્થાત્ વીતરાગની ભક્તિને ઉદ્દેશીને, કરાયેલા મંત્રસહિત કર્મથી=ક્રિયાથી, અધ્યવસાયઅનુરોધી ફળ સ્વીકાર કરાયે છતે, મંત્રકરણક ઉપાસનારૂપ ઈતિકર્તવ્યતાનું આલંબન વીતરાગ છે, અને તેમાં રહેલું આલંબનત્વ જ દેવતાપણું છે, એ પ્રમાણે યુક્ત છે=દેવના લક્ષણરૂપે યુક્ત છે.

વિશેષાર્થ :-

કોઈ જીવને વીતરાગતાનો થોડો પણ યથાર્થ બોધ હોય, તેથી વીતરાગદેવ જ ઉપાસનીય છે તેવી બુદ્ધિ થાય; અર્થાત્ તેમની ઉપાસના કરીને ક્રમસર વીતરાગભાવને હું પ્રાપ્ત કરીશ, તેવી બુદ્ધિ પ્રાપ્ત થાય. તેથી તેમની ઉપાસના માટે જ્યારે યત્નવાળો બને, ત્યારે તે જીવ વીતરાગના ઉદ્દેશથી ભક્તિકર્મ કરે છે; અને તે ભક્તિકર્મ શાસ્ત્રમાં કહેલા મંત્રપૂર્વક કરતો હોય, જેમ પુષ્પ-ફળાદિની પૂજાને પૂજાની વિધિમાં બતાવેલા મંત્રપૂર્વક કરતો હોય, ત્યારે વીતરાગભાવ પ્રત્યે પ્રસર્પણવાળો અધ્યવસાય થાય છે; અથવા વીતરાગ પ્રત્યેના રાગના અતિશયવાળો અધ્યવસાય થાય છે, તેને અનુસારે ફળ સ્વીકારવામાં આવે છે, ત્યારે દેવતાનું લક્ષણ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે -

મંત્રકરણ છે જેમાં એવી ભગવદ્ભક્તિરૂપ ઉપાસના એ જ તેને કર્તવ્યરૂપે ભાસે છે; અર્થાત્ મંત્રપૂર્વકની ભગવદ્ભક્તિ જ મારે કેવલ કર્તવ્ય છે, એ પ્રકારની બુદ્ધિ થાય છે, તેથી તે બુદ્ધિપૂર્વક ભક્તિક્રિયા કરે છે; અને તે ભક્તિક્રિયાનું આલંબન જે ઋષભાદિ તીર્થંકરો છે, તેમાં રહેલું આલંબનત્વ જ દેવતાપણું છે.

અહીં વિશેષ એ છે કે, નિશ્ચયનયથી અધ્યવસાયને અનુરૂપ જ ફળ થાય છે, પરંતુ વ્યવહારનયને આશ્રયીને વીતરાગને ઉદ્દેશીને કરાયેલ મંત્રપૂર્વકની ક્રિયાથી અધ્યવસાયમાં ભેદ પડે છે; અર્થાત્ મંત્રોચ્ચાર વગર કોઈ વીતરાગની ઉપાસના કરતો હોય, એના બદલે મંત્રોચ્ચારપૂર્વક વીતરાગની ઉપાસના કરે, ત્યારે અધ્યવસાયમાં તે મંત્રકૃત અતિશયતા થાય છે; અને તેને અનુરૂપ જ વ્યવહારનય ફળવિશેષ સ્વીકારે છે. તેને સામે રાખીને મન્ત્રકરણક ...થી.. आलम्बनत्वम् સુધી પ્રસ્તુતમાં દેવતાનું લક્ષણ કરેલ છે.

આનાથી એ ફલિત થયું કે, સાધના કરીને વીતરાગતાને પામેલ તીર્થંકરનો આત્મા વ્યવહારનયથીદેવતા

છે, અને વીતરાગતાને પામેલ તીર્થંકરનો આત્મા જ ઉપાસકને આલંબનરૂપ હોવાથી તેમાં રહેલું આલંબનત્વ દેવતાપણું છે. અને નિશ્ચયનયથી વિચારીએ તો પોતાના આત્મામાં રહેલી વીતરાગતા જ દેવતાપણું છે, અને તેને જ સામે રાખીને પૂર્વે કહેલ કે દેવતોદ્દેશેન ત્યાગ નિશ્ચયથી આત્મોદ્દેશેન જ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, યોગીઓને વીતરાગદેવ જ ઉપાસના કરવા યોગ્ય છે તેમ કહ્યું, પરંતુ જે સંસારમાં દેવભવને પામેલા છે, તેવા દેવોને તેમની પ્રતિમા આગળ જે ધરવામાં આવે છે, તેમાં તે દેવોને મમકારબુદ્ધિ થાય છે, તેથી ખુશ થઈને ભક્તને ઈષ્ટફળ આપે છે. તેથી નૈયાયિકોએ જે લક્ષણ કર્યું કે, मंत्रकरणकहविर्निष्ठफलभागित्वेन उद्देश्यत्वं આ લક્ષણ સંસારી દેવોમાં સંગત થઈ જશે. તેથી કહે છે -

ટીકાર્થ :-

संसारिदेवत्वं ..... प्रसिद्धम् । સંસારી દેવોમાં દેવત્વ છે, તે દેવગતિનામકર્મના ઉદયવત્ત્વરૂપ= ઉદયરૂપ, છે. સંસારી દેવોમાં સંસારગામી જીવોને ભક્તિ છે, અને ઈતરમાં=વીતરાગમાં, ઈતરને= સંસારથી અતીતગામી એવા યોગીઓને, ભક્તિ સ્વરસસિદ્ધ છે; અર્થાત્ સ્વાભાવિક રીતે સિદ્ધ છે, એ પ્રમાણે યોગતંત્રમાં પ્રસિદ્ધ છે.

વિશેષાર્થ :-

નૈયાયિકોએ કરેલું દેવતાનું લક્ષણ સંસારી દેવોમાં જોકે ઘટે છે, પરંતુ પ્રસ્તુતમાં યોગીઓને ઉપાસનીય એવા દેવનું જ લક્ષણ કરેલ છે. સંસારથી અતીતગામી એવા યોગીઓને વીતરાગદેવમાં જ ભક્તિ હોય છે, તેથી યોગીઓને ઉપાસનીય તરીકે અમે કરેલા લક્ષણવાળા જ દેવતા છે અન્ય નહિ, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

'तदुक्तं' થી તેમાં સાક્ષી આપતાં કહે છે –

ટીકાર્થ :-

तदुक्तं - યોગદૃષ્ટિ સમુચ્ચયમાં તે કહેલ છે, અર્થાત્ સંસારી દેવોમાં સંસારગામી જીવોની અને ઈતરમાં ઈતરોની ભક્તિ સ્વાભાવિક સિદ્ધ છે, તે કહેલ છે -

संसारिषु ..... अतीतार्थयायिनाम् इति । ખરેખર સંસારી દેવોને વિષે तत्कायगामीओनी=દેવકાયગામીઓની, ભક્તિ છે. વળી તદતીત તત્ત્વમાં અર્થાત્ સંસારાતીત તત્ત્વમાં, तदतीतार्थगामीओनी=મોક્ષગામીઓની, ભક્તિ હોય છે.

✪ 'इति' શબ્દ યોગદૃષ્ટિના સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

ઉત્થાન :-

નૈયાયિકે પૂર્વમાં કહેલ કે 'સ્વાહા' અને 'સ્વધા'નું જ મંત્રપણું છે, અને 'નમઃ' પદનું મંત્રપણું નથી, આથી જ નમઃ પદના ત્યાગથી પ્રેતને અપાય છે, માટે પ્રેતનું દેવતાપણું નથી. એ કથનથી એ પ્રાપ્ત થાય કે નમઃ

પદથી શાસ્ત્રમાં જે પ્રયોગો થાય છે, ત્યાં દેવતાપણું નથી એમ સિદ્ધ થાય અને તેમ સિદ્ધ થવાથી પ્રણવ અને નમસ્કારપૂર્વક ઋષભાદિ દેવોને પણ જિનબિંબના ન્યાસમાં નમસ્કાર કરવામાં આવે છે, તેથી જિનપ્રતિમાને દેવતા કહી શકાય નહિ. અને શાસ્ત્રમાં 'ॐ नमः ऋषभाय' ઈત્યાદિને મંત્રરૂપે સ્વીકારેલ છે, તે પણ સંગત થશે નહિ. તેથી કહે છે -

ટીકાર્થ :-

स्वाहा ..... तत्त्वश्रवणात् । સ્વાહા, સ્વધા અન્યતરનું જ મંત્રપણું છે, એ પ્રમાણે આ પણ એકાંત નથી, કેમ કે મંત્રન્યાસમાં નમઃ પદના પણ તત્ત્વનું અર્થાત્ મંત્રત્વનું શ્રવણ છે. तदुक्तम् થી તેમાં ષોડશકની સાક્ષી આપતાં કહે છે -

तदुक्तम् - તે કહે છે, અર્થાત્ નમઃ પદનું પણ મંત્રત્વરૂપે શ્રવણ છે તે કહે છે -

मन्त्रन्यासश्च ..... नियमात् ।। इति । અને તથા=તે પ્રકારના, પ્રતિષ્ઠારૂપે કારિતવ્યપણાથી=કરાવવા યોગ્યપણાથી, અભિપ્રેત એવા જિનબિંબમાં મંત્રન્યાસ કરવો, અને પ્રણવ અને નમઃપૂર્વક તેમનું નામ=ભગવાનનું નામ, પરમ મંત્ર જાણવો. જે કારણથી આનાથી=પ્રણવ અને નમઃપૂર્વકના ભગવાનના નામથી, નક્કી મનન અને ત્રાણ=જ્ઞાન અને રક્ષણ, થાય છે.

'इति' શબ્દ ષોડશકના પાઠની સમાપ્તિસૂચક છે.

✪ ષોડશકના સાક્ષીપાઠમાં હ્યતો શબ્દ છે તેમાં 'हि' શબ્દ છે, તેનો અર્થ ષોડશકની ટીકામાં 'यतः' કરેલ છે.

ઉત્થાન :-

મીમાંસક દેવતાનું સ્વરૂપ કેવું સ્વીકારે છે તે કહે છે -

ટીકા :-

मीमांसकस्तु-इन्द्रविश्वेतनस्य सतोऽपि न देवतात्वम्, तद्धि देशनादेशितचतुर्थ्यन्त-पदनिर्देश्यत्वम् । 'ब्राह्मणाय दद्यात्' इत्यादौ ब्राह्मणादेर्देवतात्ववारणाय देशनादेशितेति । देशना=वेदः, तेन यत्र यागे हविषि वा चतुर्थ्यन्तपदनिर्देश्यतया यो बोधितः, स तत्र 'देवता । ऐन्द्रं दधि भवति' इत्यादौ देवतातद्धितविधानादिन्द्रोऽस्य देवतेत्यर्थो, देवतात्वमत्र चतुर्थ्यन्तपदनिर्देश्यत्वमेवेति नान्यो-न्याश्रयः । 'इन्द्राय स्वाहा' इत्यादौ चतुर्थ्या देशनादेशितचतुर्थ्यन्तपदनिर्देश्यत्वमर्थः, इन्द्रपदं स्वपरं तादृशनिर्देश्यत्ववदिन्द्रपदकत्याग इति वाक्यार्थः । अत एव ब्राह्मणाय स्वाहेत्यादिर्न प्रयोगः, स्वाहादि-पदयोगे देवताचतुर्थ्या एव साधुत्वेन ब्राह्मणादेर्निरुक्तदेवतात्वाभावात्, तत्र हि सम्प्रदानत्वबोधकचतुर्थ्येव, अत एव पृथक् सूत्रप्रणयनमपि । 'आकाशाय स्वाहा' इत्यादौ सम्प्रदानचतुर्थ्यभावेऽपि 'नमः स्वस्ति' इत्याद्युपपदचतुर्थीसंभवः, मन्त्रलिङ्गादिना च यत्र देवतात्वावगमस्तत्र ततस्तथा श्रुत्युन्नयनाद्

देशनादेशितत्वम् । इत्थमेवेन्द्राय स्वाहेत्येव प्रयोगः, न तु शक्राय स्वाहेति पर्यायान्तरेणापि इति अचेतनैव देवता । यद् 'अग्नये प्रजापतये चैत्यादौ देवताद्वयकल्पने गौरवाद् वाक्यभेदप्रसङ्गाच्च-चकारबलाच्च विशिष्टस्यैव देवतात्वं, 'अग्निप्रजापतिभ्यां स्वाहा' इत्येव प्रयोगः । धृतिहोमे धृतित्वादेर्देवतात्वरक्षायै चतुर्थ्यन्तमितिचतुर्थ्यन्ततेत्यर्थकम्, 'धृतिः स्वाहा' इत्यादौ प्रथमाया एव चतुर्थ्यर्थविधानात् । अथ देवतोद्देशेन हविस्त्यागो देवतानिष्ठकिञ्चिज्जनकः तत्स्वरूपाजनकत्वे सति तदुद्देशेन क्रियमाणत्वात्, ब्राह्मणोदेश्यकत्यागवत्, घृतोद्देशेन क्रियमाणे दध्नि व्यभिचारवारणाय सत्यन्तम्, तच्च परिशेषात् स्वामित्वादि, इति सिद्धं देवताचैतन्यमिति चेत् ? न, अप्रयोजकत्वात्, तन्निष्ठकिञ्चिज्जननाय क्रियमाणत्वस्यौपाधिकत्वाच्च, न हि हविस्त्यागो देवतानिष्ठकिञ्चिदुद्देशेन क्रियते किन्तु स्वनिष्ठफलोद्देशेन । 'शिवाय गां दद्यात्' इत्यादौ तूद्देश्यत्वे भाक्ता चतुर्थी, ददातिस्त्यागमात्रपर इति नानुपपत्तिरित्याह ।

ટીકાર્થ :-

मीमांसकस्तु ..... निर्देश्यत्वम् । વળી મીમાંસક કહે છે કે દેવતા તરીકે વિદ્યમાન પણ ઇંદ્ર વિશ્વેતનનું દેવતાપણું નથી; જે કારણથી દેશનાદેશિત ચતુર્થ્યન્ત પદથી નિર્દેશ્યત્વ તે=દેવતાપણું, છે.

✪ तद्धि અહીં 'हि' શબ્દ यस्मादर्थक છે.

વિશેષાર્થ :-

મીમાંસક ચતુર્થ્યન્ત પદથી નિર્દેશ્ય ઇંદ્રાદિ પદને દેવતા તરીકે સ્વીકારે છે, અને કહે છે કે, ઇંદ્ર વિશ્વેતન આદિ દેવતા રૂપે હોવા છતાં યજ્ઞાદિમાં ઉપાસ્યરૂપે ઇંદ્રાદિ દેવતા નથી, પરંતુ 'इन्द्राय स्वाहा' ઇત્યાદિ પદથી જ્યારે યજ્ઞ કરાય છે, ત્યારે ઇંદ્રાદિ પદો જ યજ્ઞમાં ઉપાસ્યરૂપ દેવતા છે, પરંતુ સ્વર્ગમાં રહેલ ઇંદ્ર દેવતારૂપ હોવા છતાં ઉપાસ્ય દેવતા નથી.

ઉત્થાન :-

દેવતાના લક્ષણમાં દેશનાદેશિત વિશેષણ આપવાનું પ્રયોજન કહે છે -

ટીકાર્થ :-

ब्राह्मणाय ..... देशनादेशितेति । 'ब्राह्मणाय दद्यात्' ઇત્યાદિમાં બ્રાહ્મણાદિના દેવતાપણાના વારણ માટે દેશનાદેશિત એ પ્રકારે વિશેષણ પદ છે.

હવે લક્ષણમાં દેશનાદેશિત પદાર્થ શું છે તે સ્પષ્ટ કરતાં કહે છે -

देशना= ..... देवता । દેશના અર્થાત્ વેદ, તેના વડે=વેદ વડે, જે યાગમાં કે હવિષ્માં ચતુર્થ્યન્ત પદ નિર્દેશ્યપણા વડે કરીને જે ઇંદ્રાદિ પદ બોધિત છે, તે ઇંદ્રાદિ પદ ત્યાં અર્થાત્ તે યાગમાં, દેવતા છે.

✪ વેદ વડે જે યજ્ઞમાં કે હવિષ્યમાં ચતુર્થ્યન્ત પદ દ્વારા બતાવાયેલ હોય તે ચતુર્થ્યન્ત પદ જ તે યજ્ઞમાં દેવતા છે.

ઉત્થાન :-

મીમાંસકે દેવતાનું જે લક્ષણ કર્યું તેનાથી 'ऐन्द्रं दधि भवति'=ઈંદ્રસંબંધી દધિયજ્ઞ થાય છે, એ બતાડવા માટે વપરાયેલ વેદવાક્યમાં રહેલ 'ऐन्द्रं दधि भवति' એ પ્રકારના વચનપ્રયોગમાં, ઈન્દ્રપદ યજ્ઞના દેવતારૂપે સિદ્ધ થાય ત્યારે ઇંદ્રસંબંધી દધિયજ્ઞ સિદ્ધ થાય. અને ઇંદ્રસંબંધી દધિયજ્ઞ સિદ્ધ થાય ત્યારે પ્રસ્તુત દધિયજ્ઞના દેવતારૂપે ઇંદ્રપદ સિદ્ધ થાય. આ રીતે અન્યોન્યાશ્રય દોષ આવે છે. તેના નિવારણ માટે કહે છે -

ટીકાર્થ :-

ऐन्द्रं .....नान्योन्याश्रयः । ઇંદ્રસંબંધી દધિયજ્ઞ થાય છે, ઈત્યાદિમાં=ઈત્યાદિ વાક્યમાં, દેવતાતદ્ધિતનું વિધાન હોવાથી ઇંદ્ર આનો=આ દધિયજ્ઞનો, દેવતા છે, એ પ્રકારનો અર્થ 'ऐन्द्रं दधि भवति' એ વાક્યનો છે. અહીં=આ યજ્ઞમાં, ચતુર્થ્યન્તપદનિર્દેશ્યત્વ જદેવતાપણું છે. એથી અન્યોન્યાશ્રય દોષ નથી.

વિશેષાર્થ :-

'ऐन्द्रं' એ પદમાં વ્યાકરણ પ્રમાણે દેવતા તદ્ધિતનો પ્રત્યય છે. તેથી ઇંદ્ર સંબંધી દધિ થાય છે, એ વાક્યથી, દેવતાતદ્ધિતના પ્રત્યયના કારણે એ અર્થ પ્રાપ્ત થાય કે, આ દધિયજ્ઞનો ઇંદ્ર દેવતા છે. અને તે દધિયજ્ઞમાં દેવતાપણું શું છે, તે બતાવે છે કે, ચતુર્થ્યન્ત પદથી નિર્દેશ્યત્વ જ દેવતાપણું છે; અર્થાત્ ऐन्द्रं दधि भवति એ વાક્યમાં ચતુર્થ્યન્ત પદ નથી, પરંતુ જ્યારે દધિયજ્ઞ કરાય છે ત્યારે इन्द्राय स्वाहा એ પ્રકારના પદથી જ ઈન્દ્રપદનો નિર્દેશ કરાય છે, અને તે જ દેવતાપણું છે, અને તે દેવતા સંબધી દધિયજ્ઞ છે. એ પ્રકારે કહેવાથી અન્યોન્યાશ્રય પ્રાપ્ત થાય નહિ, તે આ રીતે -

દેવતાતદ્ધિતના પ્રત્યયથી જ ઈન્દ્રનું દેવતાપણું સિદ્ધ થઈ ગયું, અને તેથી જ્યારે ઈન્દ્ર સંબધી દધિ થાય છે, એમ કહ્યું એનાથી એ ફલિત થાય છે કે, ઈન્દ્રપદરૂપ જે દેવતા છે, તેનો આ દધિયજ્ઞ છે. તેથી પૂર્વમાં બતાવેલ અન્યોન્યાશ્રયની પ્રાપ્તિ થાય નહિ.

ઉત્થાન :-

આ રીતે 'ऐन्द्रं दधि भवति' માં આવતા અન્યોન્યાશ્રયનું નિરાકરણ કરીને દધિયજ્ઞમાં થતા 'इन्द्राय स्वाहा' એ પ્રકારના પ્રયોગનો શાબ્દબોધ શું છે ? કે જેથી તેના દ્વારા દેવતાના લક્ષણની પ્રાપ્તિ થાય ? તે બતાવવા માટે કહે છે -

ટીકાર્થ :-

इन्द्राय .....स्वपरं, 'इन्द्राय स्वाहा' ઈત્યાદિમાં ચતુર્થીથી, અર્થાત્ કેવલ ચતુર્થી વિભક્તિથી દેશનાદેશિત ચતુર્થ્યન્ત પદનિર્દેશ્યત્વરૂપ અર્થ છે. ઈન્દ્ર પદ સ્વપર છે અર્થાત્ પ્રસ્તુતइन्द्राय स्वाहा પ્રયોગમાં ઇંદ્ર પદ ઈન્દ્રપદનો જવાચક છે, પરંતુ ઈન્દ્ર દેવતાનો અર્થાત્ સ્વર્ગમાં રહેલા ઈન્દ્ર દેવતાનો વાચક નથી.

ઉત્થાન :-

આ રીતે ઇન્દ્રાય પદમાં રહેલી ચતુર્થી વિભક્તિ અને ઇંદ્ર પદનો અર્થ કરીને હવે 'સ્વાહા' પદનો અર્થ કરે છે -

ટીકાર્થ :-

तादृश ..... वाक्यार्थः । તેવા પ્રકારના નિર્દેશ્યત્વવાળું ઇંદ્રપદકત્યાગ એ સ્વાહાનો અર્થ છે, અર્થાત્ દેશનાદેશિત ચતુર્થ્યન્ત પદથી નિર્દેશ્યત્વવાળું ઇંદ્રપદ છે; અને તે ઇંદ્રપદને ઉપાસ્યરૂપે સ્વીકારીને જે ત્યાગ કરાય છે, તે ઇંદ્રપદકત્યાગ છે, અને તે સ્વાહાનો અર્થ છે. અને 'इति' શબ્દ 'इंद्राय स्वाहा' થી માંડીને ઇંદ્રપદકત્યાગ સુધીના અર્થનો પરામર્શક છે, અને તે વાક્યાર્થ છે; અર્થાત્ ઇન્દ્રાય સ્વાહા એ પ્રકારના વાક્યનો અર્થ છે.

अत एव ..... चतुर्थ्येव, આથી કરીને જ અર્થાત્ પૂર્વમાં તાદૃશ નિર્દેશ્યત્વવત્ ઈન્દ્રાદિપદકત્યાગ એ સ્વાહાનો અર્થ છે એમ કહ્યું, આથી કરીને જ, 'ब्राह्मणाय स्वाहा' ઈત્યાદિ પ્રયોગ થઈ શકે નહિ; કેમ કે સ્વાહા આદિ પદના યોગમાં દેવતાચતુર્થીનું સાધુપણું હોવાને કારણે બ્રાહ્મણાદિમાં નિરૂક્ત દેવતાપણાનો અભાવ છે અર્થાત્ દેશનાદેશિત ચતુર્થ્યન્તપદનિર્દેશ્યત્વરૂપ દેવતાપણાનો અભાવ છે. જે કારણથી ત્યાં બ્રાહ્મણાદિમાં સંપ્રદાનવિષયક ચતુર્થી જ છે.

✪ 'हि' यस्मादर्थक છે.

વિશેષાર્થ :-

મીમાંસક મત પ્રમાણે સ્વાહાદિ પદનો પ્રયોગ દેવતાચતુર્થીમાં જ થઈ શકે, જ્યારે 'બ્રાહ્મણાય' એ પ્રકારની ચતુર્થી સંપ્રદાન અર્થમાં જ થઈ શકે અર્થાત્ 'ब्राह्मणाय दद्यात्' એ પ્રકારના પ્રયોગમાં સંપ્રદાન અર્થક ચતુર્થી છે, તે જ થઈ શકે, પરંતુ સ્વાહા આદિ પ્રયોગમાં જે દેવતાચતુર્થી વપરાય છે, તે બ્રાહ્મણમાં થઈ શકે નહિ, કેમ કે મીમાંસકે જે દેવતાનું લક્ષણ કર્યું છે તે બ્રાહ્મણમાં ઘટતું નથી.

ટીકાર્થ :-

अत एव ..... सूत्रप्रणयनमपि । આથી કરીને જ અર્થાત્ દેવતાચતુર્થી સ્વાહા આદિ પ્રયોગમાં થાય છે અને અન્યત્ર સંપ્રદાન અર્થક ચતુર્થી પ્રયોગ છે આથી કરીને જ, વ્યાકરણમાં પૃથક્ સૂત્ર પ્રણયન પણ છે, અર્થાત્ બે ચતુર્થીને જુદી બતાવવા માટે એક સૂત્રથી ન કહેતાં અલગ સૂત્રની રચના પણ કરેલી છે.

✪ 'सूत्रप्रणयनमपि' અહીં 'अपि' થી એ સમુચ્ચય કરેલ છે કે દેવતાચતુર્થી અને સંપ્રદાન ચતુર્થી જુદી તો છે જ, પરંતુ તે બતાવવા માટે સૂત્ર રચના પણ અલગ કરી છે.

ઉત્થાન :-

અહીં પૂર્વમાં કહ્યું કે બ્રાહ્મણાય સ્વાહા એ પ્રયોગ થઈ શકે નહિ. તેથી કોઈને શંકા થાય કે આકાશાય સ્વાહા એ પ્રકારનો પ્રયોગ તો સંભળાય છે, અને ત્યાં સંપ્રદાન ચતુર્થી થઈ શકે નહિ. તેથી તેની સંગતિ બતાવતાં કહે છે -

ઉત્થાન :-

આ રીતે ઇન્દ્રાય પદમાં રહેલી ચતુર્થી વિભક્તિ અને ઈંદ્ર પદનો અર્થ કરીને હવે 'સ્વાહા' પદનો અર્થ કરે છે -

ટીકાર્થ :-

तादृश ..... वाक्यार्थः । તેવા પ્રકારના નિર્દેશ્યત્વવાળું ઈંદ્રપદકત્યાગ એ સ્વાહાનો અર્થ છે, અર્થાત્ દેશનાદેશિત ચતુર્થ્યન્ત પદથી નિર્દેશ્યત્વવાળું ઈંદ્રપદ છે; અને તે ઈંદ્રપદને ઉપાસ્યરૂપે સ્વીકારીને જે ત્યાગ કરાય છે, તે ઈંદ્રપદકત્યાગ છે, અને તે સ્વાહાનો અર્થ છે. અને 'इति' શબ્દ 'इंद्राय स्वाहा' થી માંડીને ઈંદ્રપદકત્યાગ સુધીના અર્થનો પરામર્શક છે, અને તે વાક્યાર્થ છે; અર્થાત્ इन्द्राय स्वाहा એ પ્રકારના વાક્યનો અર્થ છે.

अत एव ..... चतुर्थ्येव, આથી કરીને જ અર્થાત્ પૂર્વમાં તાદૃશ નિર્દેશ્યત્વવત્ ઈન્દ્રાદિપદકત્યાગ એ સ્વાહાનો અર્થ છે એમ કહ્યું, આથી કરીને જ, 'ब्राह्मणाय स्वाहा' ઈત્યાદિ પ્રયોગ થઈ શકે નહિ; કેમ કે સ્વાહા આદિ પદના યોગમાં દેવતાચતુર્થીનું સાધુપણું હોવાને કારણે બ્રાહ્મણાદિમાં નિરૂક્ત દેવતાપણાનો અભાવ છે અર્થાત્ દેશનાદેશિત ચતુર્થ્યન્તપદનિર્દેશ્યત્વરૂપ દેવતાપણાનો અભાવ છે. જે કારણથી ત્યાં બ્રાહ્મણાદિમાં સંપ્રદાનવિષયક ચતુર્થી જ છે.

✪ 'हि' यस्मादर्थक છે.

વિશેષાર્થ :-

મીમાંસક મત પ્રમાણે સ્વાહાદિ પદનો પ્રયોગ દેવતાચતુર્થીમાં જ થઈ શકે, જ્યારે 'ब्राह्मणाय' એ પ્રકારની ચતુર્થી સંપ્રદાન અર્થમાં જ થઈ શકે અર્થાત્ 'ब्राह्मणाय दद्यात्' એ પ્રકારના પ્રયોગમાં સંપ્રદાન અર્થક ચતુર્થી છે, તે જ થઈ શકે, પરંતુ સ્વાહા આદિ પ્રયોગમાં જે દેવતાચતુર્થી વપરાય છે, તે બ્રાહ્મણમાં થઈ શકે નહિ, કેમ કે મીમાંસકે જે દેવતાનું લક્ષણ કર્યું છે તે બ્રાહ્મણમાં ઘટતું નથી.

ટીકાર્થ :-

अत एव ..... सूत्रप्रणयनमपि । આથી કરીને જ અર્થાત્ દેવતાચતુર્થી સ્વાહા આદિ પ્રયોગમાં થાય છે અને અન્યત્ર સંપ્રદાન અર્થક ચતુર્થી પ્રયોગ છે આથી કરીને જ, વ્યાકરણમાં પૃથક્ સૂત્ર પ્રણયન પણ છે, અર્થાત્ બે ચતુર્થીને જુદી બતાવવા માટે એક સૂત્રથી ન કહેતાં અલગ સૂત્રની રચના પણ કરેલી છે.

✪ 'सूत्रप्रणयनमपि' અહીં 'अपि' થી એ સમુચ્ચય કરેલ છે કે દેવતાચતુર્થી અને સંપ્રદાન ચતુર્થી જુદી તો છે જ, પરંતુ તે બતાવવા માટે સૂત્ર રચના પણ અલગ કરી છે.

ઉત્થાન :-

અહીં પૂર્વમાં કહ્યું કે ब्राह्मणाय स्वाहा એ પ્રયોગ થઈ શકે નહિ. તેથી કોઈને શંકા થાય કે आकाशाय स्वाहा એ પ્રકારનો પ્રયોગ તો સંભળાય છે, અને ત્યાં સંપ્રદાન ચતુર્થી થઈ શકે નહિ. તેથી તેની સંગતિ બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

आकाशाय ..... चतुर्थीसंभवः, **'आकाशाय स्वाहा' ઈત્યાદિમાં સંપ્રદાન ચતુર્થીના અભાવમાં પણ નમઃ, સ્વસ્તિ ઈત્યાદિમાં ઉપપદ ચતુર્થીનો સંભવ છે.**

વિશેષાર્થ :-

અહીં નમઃ, સ્વસ્તિ ઈત્યાદિમાં 'આદિ' પદથી 'સ્વાહા' નું ગ્રહણ કરવાનું છે. તેથી 'આકાશાય સ્વાહા' ઈત્યાદિમાં 'આકાશ' સંપ્રદાન થઈ શકે નહિ. તેથી ત્યાં સંપ્રદાન ચતુર્થીનો અભાવ છે, તો પણ ઉપપદ ચતુર્થીનો સંભવ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, તો 'इन्द्राय स्वाहा' માં પણ ઉપપદ ચતુર્થી છે અને आकाशाय स्वाहा માં પણ ઉપપદ ચતુર્થી છે, પરંતુ इन्द्राय स्वाहा માં જેમ ઈંદ્ર દેવતા બને છે, તેમ आकाशाय स्वाहा માં આકાશપદ દેવતા બનતા નથી, તે કેવી રીતે નક્કી થઈ શકે ? તે બતાવવા અર્થે કહે છે.

ટીકાર્થ :-

मंत्र ..... देशनादेशितत्वम् । **અને મંત્રલિંગાદિથી જ્યાં દેવતાપણાનો અવગમ છે, ત્યાં અર્થાત્ તે પ્રયોગમાં અર્થાત્ इन्द्राय स्वाहा ઈત્યાદિ પ્રયોગમાં, તે પ્રકારની શ્રુતિનું ઉન્નયન થાય છે; અર્થાત્ ઈંદ્રાદિને દેવતા કહેનારી કોઈક શ્રુતિ છે, એ પ્રકારનું ઉન્નયન થાય છે, અને તેનાથી દેશનાદેશિતત્વનો નિર્ણય થાય છે; અર્થાત્ 'इन्द्राय स्वाहा' માં દેશનાદેશિતત્વનો નિર્ણય થાય છે. (અને आकाशाय स्वाहा માં એ પ્રકારની શ્રુતિનું ઉન્નયન નહિ હોવાને કારણે દેશનાદેશિતત્વનો નિર્ણય થતો નથી એમ અન્વય છે.)**

વિશેષાર્થ :-

'इन्द्राय स्वाहा' બોલતાં પહેલાં યજ્ઞમાં મંત્ર બોલવામાં આવે છે. તેથી મંત્રરૂપ લિંગથી અનુમાન થાય છે કે, ઈંદ્રાદિને દેવતા કહેનાર કોઈ શ્રુતિ છે, અને 'आकाशाय स्वाहा' બોલાય છે ત્યાં તેની પૂર્વે કોઈ મંત્ર બોલવામાં આવતો નથી, માટે 'આકાશ' પદને દેવતા કહેનાર કોઈ શ્રુતિ છે તેમ અનુમાન થઈ શકતું નથી. તેથી 'इंद्राय स्वाहा' માં દેશનાદેશિતત્વનો નિર્ણય થાય છે અને 'आकाशाय स्वाहा' માં દેશનાદેશિતત્વનો નિર્ણય થતો નથી. તેથી 'आकाशाय स्वाहा' અને 'इन्द्राय स्वाहा' બંનેમાં ઉપપદ ચતુર્થી હોવા છતાં ઈંદ્ર દેવતા બને છે અને આકાશ દેવતા બનતા નથી.

ટીકાર્થ :-

इत्थमेव ..... देवता । **આ રીતે જ=मन्त्रलिङ्गादि ..... देशनादेशितत्वम् નો પૂર્વમાં જે અર્થ કર્યો એ રીતે જ, 'इन्द्राय स्वाहा' એ પ્રકારે જ પ્રયોગ થાય છે, પરંતુ 'शक्राय स्वाहा' એ પ્રકારનો પર્યાયાંતરથી પણ પ્રયોગ થતો નથી. એથી કરીને અચેતન જ દેવતા છે; અર્થાત્ 'इन्द्राय स्वाहा' એ પ્રકારના વચનપ્રયોગનો**

વાક્યાર્થ પૂર્વમાં કર્યો, ત્યાં ઇંદ્રપદ સ્વપર છે; અર્થાત્ ઇંદ્રપદ ઇંદ્રપદનું જ વાચક છે, એથી કરીને અચેતન જ દેવતા છે.

✪ 'इति अचेतनैव देवता' અહીં 'इति' શબ્દ 'इन्द्राय स्वाहा' થી માંડીને पर्यायान्तरेणापि એ સંપૂર્ણ અર્થનો પરામર્શક છે. કેમ કે એનાથી એ પ્રાપ્ત થયું કે, 'इन्द्राय स्वाहा' આદિ પ્રયોગમાં ઈન્દ્રાદિ પદો ઇંદ્રાદિ પદના જ વાચક છે, પરંતુ ઇંદ્રાદિ દેવતાના નહિ. આથી કરીને ઇંદ્રાદિ પદોરૂપ અચેતના જ દેવતા છે.

ઉત્થાન :-

મીમાંસકમતે અગ્નિ પ્રજાપતિ માટે કોઈ યજ્ઞ કરવાનું પ્રસિદ્ધ છે, જેમ ઐન્દ્રં दधि भवति ઇંદ્ર સંબંધી દધિયજ્ઞ થાય છે, તેમ અગ્નિ પ્રજાપતિ માટે પણ કોઈ યજ્ઞ થાય છે. ત્યાં 'अग्नये, प्रजापतये' એ પ્રમાણે પ્રયોગ ન કરતાં अग्नि प्रजापतिभ्यां स्वाहा એ પ્રમાણે પ્રયોગ કેમ થાય છે ? તે બતાવવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

यद् ..... प्रयोगः । જે કારણથી અગ્નિ અને પ્રજાપતિ માટે (કોઈક યજ્ઞ કરાવવો જોઈએ, આ વાક્ય અધ્યાહાર છે) ઈત્યાદિ પ્રયોગમાં દેવતાદ્વય કલ્પનામાં ગૌરવ થવાથી અને વાક્યભેદનો પ્રસંગ આવવાથી અને च કારના બલથી વિશિષ્ટનું જ દેવતાપણું છે, તે કારણથી 'अग्निप्रजापतिभ्यां स्वाहा' એ પ્રકારે જ પ્રયોગ થાય છે.

વિશેષાર્થ :-

અગ્નિ અને પ્રજાપતિ માટે કોઈક યજ્ઞ છે, એ પ્રકારના વાક્યપ્રયોગમાં અગ્નિપદ અને પ્રજાપતિપદરૂપ બે દેવતાની કલ્પના કરવામાં ગૌરવદોષ પ્રાપ્ત થાય છે, અને अग्नये स्वाहा प्रजापतये स्वाहा આ રીતે વાક્યભેદનો પ્રસંગ આવે છે; અર્થાત્ બે વાક્ય કરવાનો પ્રસંગ આવે છે. તેથી અહીં ચકારના બળથી= 'अग्नये प्रजापतये च' એ વાક્યમાં રહેલા 'च' શબ્દના બળથી વિશિષ્ટનું જ દેવતાપણું છે; અર્થાત્ અગ્નિ અને પ્રજાપતિ ઉભયવિશિષ્ટનું જ દેવતાપણું છે; અર્થાત્ અગ્નિ અને પ્રજાપતિપદરૂપ એક દેવતા છે, અને એ કારણથી તે યજ્ઞમાં अग्नये स्वाहा, प्रजापतये स्वाहा એ પ્રકારનો પ્રયોગ થતો નથી, પરંતુ अग्निप्रजापतिभ्यां स्वाहा એ જ પ્રયોગ થાય છે.

ઉત્થાન :-

મીમાંસકે દેવતાનું લક્ષણ દેશનાદેશિત चतुर्थ्यन्तपदनिर्देश्यत्व કર્યું, તેથી ધૃતિહોમમાં લક્ષણની અવ્યાપ્તિ થાય છે; કેમ કે ધૃતિહોમમાં धृतिः स्वाहा એ પ્રકારનો પ્રયોગ થાય છે. તેથી ત્યાં चतुर्थ्यन्तपद નહિ હોવાને કારણે चतुर्थ्यन्तपद निर्देश्यत्व નથી. તેથી લક્ષ્યમાં લક્ષણની અવ્યાપ્તિ દોષના નિવારણ અર્થે લક્ષણનો પરિષ્કાર કરે છે -

ટીકાર્થ :-

धृतिहोमे ..... विधानात् । ધૃતિહોમમાં ધૃતિત્વાદિના દેવતાપણાની રક્ષા માટે चतुर्थ्यन्तम् એ પ્રમાણે પદ 'चतुर्थ्यन्तता' ઈત્યર્થક છે; કેમ કે 'धृतिः स्वाहा' ઈત્યાદિમાં પ્રથમાનું જ ચતુર્થી અર્થે વિધાન છે.

વિશેષાર્થ :-

દેવતાના લક્ષણમાં જે ચતુર્થ્યન્ત ભાગ છે, ત્યાં ચતુર્થ્યન્તનો અર્થ 'ચતુર્થ્યન્તતા' કરવાનો છે; અર્થાત્ ભાવમાં 'તા' પ્રત્યય લગાવવાનો છે. તેથી धृतिः स्वाहा માં ચતુર્થ્યન્ત પદ નથી, તો પણ પ્રથમા વિભક્તિનું ચતુર્થી અર્થે જ વિધાન છે. તેથી धृतिः स्वाहा પ્રયોગમાં ચતુર્થ્યન્ત પદ નહિ હોવા છતાં ચતુર્થ્યન્તનો ભાવ છે, તેથી ચતુર્થ્યન્તતા છે. તેથી धृतिः स्वाहा એ પ્રકારના પ્રયોગથી થતા યજ્ઞમાં ધૃતિ દેવતારૂપે ઘટે છે, તેથી ત્યાં લક્ષણની અવ્યાપ્તિ નથી.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી નૈયાયિક મીમાંસકને કહે કે, અચેતન દેવતા કહેવા ઉચિત નથી, પરંતુ દેવતાને ચેતન રૂપે સ્વીકારવા જ ઉચિત છે. તેથી તેની યુક્તિનું અથ થી ઉત્થાન કરીને મીમાંસક નિવારણ કરતાં કહે છે -

ટીકાર્થ :-

अथ ..... त्यागवत्, દેવતાના ઉદ્દેશથી હવિત્યાગ દેવતાનિષ્ઠ કિંચિત્ જનક છે, કેમ કે તત્સ્વરૂપનું અર્થાત્ દેવતાના સ્વરૂપનું અજનક હોતે છતે તત્ ઉદ્દેશથી અર્થાત્ દેવતાના ઉદ્દેશથી ક્રિયમાણપણું છે. બ્રાહ્મણ ઉદ્દેશ્યક ત્યાગની જેમ...

✪ પ્રસ્તુત અનુમાનમાં દેવતાના ઉદ્દેશથી કરાતો હવિનો ત્યાગ એ પક્ષ છે, દેવતાનિષ્ઠ કિંચિત્ જનકત્વ એ સાધ્ય છે અને તત્સ્વરૂપનું અજનક હોતે છતે તત્ ઉદ્દેશથી ક્રિયમાણપણું એ હેતુ છે.

ઉત્થાન :-

અહીં પ્રસ્તુત અનુમાનમાં જે હેતુ છે, તેમાં વિશેષણરૂપ સત્યન્ત પદ છે. તે મૂકવાનું પ્રયોજન બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

घृतोद्देशेन ..... सत्यन्तम् । ઘૃતના ઉદ્દેશથી કરાતા દધિમાં વ્યભિચાર વારવા માટે સત્યન્ત પદ છે.

ઉત્થાન :-

આ પ્રકારના અનુમાનથી સિદ્ધ થયું કે, દેવતાના ઉદ્દેશથી હવિમાં કરાયેલ ત્યાગ દેવતાનિષ્ઠ કાંઈક પેદા કરે છે, ત્યાં કાંઈક શું છે તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

तच्च ..... अप्रयोजकत्वात्, અને તે પરિશેષથી સ્વામિત્વાદિરૂપ છે. એથી કરીને='अथ' થી નૈયાયિકે જે અનુમાન કર્યું એથી કરીને, દેવતાચૈતન્ય સિદ્ધ થાય છે અર્થાત્ ચેતન દેવતા સિદ્ધ થાય છે. એ પ્રમાણે નૈયાયિક કહે તો તેનો ઉત્તર આપતાં મીમાંસક કહે છે કે, એમ ન કહેવું. કેમ કે તારો હેતુ (નૈયાયિકનો હેતુ) અપ્રયોજક છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, ઇંદ્રાદિને ઉદ્દેશીને ત્યાગ કરવાનું વેદમાં કહેલ હોવાથી, અને વેદ નિરર્થક ચેષ્ટાનો ઉપદેશ આપે નહિ તેથી, તે ત્યાગનું ફળ દેવતાને કાંઈક મળે છે તેમ સ્વીકારવું ઉચિત છે. એ પ્રકારની શંકાને સામે રાખીને મીમાંસક બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

तन्निष्ठ ..... उद्देशेन । तन्निष्ठ=देवतानिष्ठ, કાંઈક જનન માટે કરાતા યજ્ઞનું ઔપાધિકપણું છે, જે કારણથી હવિનો ત્યાગ દેવતાનિષ્ઠ કિંચિત્ ઉદ્દેશથી કરાતો નથી, પરંતુ સ્વનિષ્ઠ ફળના ઉદ્દેશથી કરાય છે.

વિશેષાર્થ :-

'अथ' થી નૈયાયિક અનુમાન કરે છે કે, યજ્ઞમાં દેવતાને ઉદ્દેશીને જે ત્યાગ કરવામાં આવે છે, તેનાથી દેવતાને કાંઈક પ્રાપ્ત થાય છે. અને તેમાં હેતુ કહે છે કે, દેવતાને ઉદ્દેશીને કરાયેલ ત્યાગ દેવતાના સ્વરૂપનો અજનક હોતે છતે, દેવતાને કાંઈક પ્રાપ્ત થાય એ પ્રકારના ઉદ્દેશથી કરાય છે. અને તેમાં દૃષ્ટાંત આપ્યું કે, બ્રાહ્મણના ઉદ્દેશથી જેમ ત્યાગ કરવામાં આવે છે, તેમ

આનાથી એ ફલિત થયું કે, બ્રાહ્મણના ઉદ્દેશથી જે ત્યાગ કરાય છે, તેનાથી બ્રાહ્મણને કાંઈક પ્રાપ્ત થાય છે. તે જ રીતે યજ્ઞમાં જે પદાર્થોની આહુતિ આપવામાં આવે છે, તે આહુતિઓ દેવતાના સ્વરૂપરૂપે બની જતી નથી, પરંતુ દેવતાને કાંઈક પ્રાપ્ત થાય તે ઉદ્દેશથી આપવામાં આવે છે.

અહીં પ્રશ્ન થાય કે, દેવતાને શું પ્રાપ્ત થઈ શકે ? તેથી કહે છે કે, યજ્ઞમાં અપાયેલ આહુતિઓ દેવતાના સ્વરૂપરૂપે થતી નથી. તેથી પરિશેષથી એ નક્કી થાય છે કે, આ યજ્ઞનો સ્વામી દેવતા છે, તેથી દેવતાને તે યજ્ઞના સ્વામિત્વની પ્રાપ્તિ થાય છે. અને 'स्वामित्वादि' કહ્યું, ત્યાં 'आदि' પદથી દેવતાને તે યજ્ઞમાં મમકાર થાય છે, અર્થાત્ 'આ યજ્ઞનો હું સ્વામી છું અને આ યજ્ઞ મારો છે', એ પ્રકારનો પરિણામ થાય છે. તેથી એ સિદ્ધ થાય કે, આવો દેવતા અચૈતન્ય પદ હોઈ ન શકે, માટે દેવતાચૈતન્ય છે એમ સિદ્ધ થાય છે. એ પ્રકારે નૈયાયિકનું કહેવું છે.

અહીં નૈયાયિકે જે પ્રસ્તુત અનુમાન કર્યું, તેમાં હેતુના વિશેષણરૂપે सत्यन्त પદ કહેલ છે, અને તે કહેવાથી દહીંમાં વ્યભિચાર દોષનું વારણ થાય છે; કેમ કે દહીં પણ ઘીના ઉદ્દેશથી કરાય છે, પરંતુ દહીં ઘીસ્વરૂપે

પરિણમન પામે છે, માટે તત્સ્વરૂપ અજનકત્વે સતિ એમ કહેવાથી આ હેતુ દહીંમાં જશે નહિ; કેમ કે દહીં, ઘીના ઉદ્દેશથી કરાતું હોવા છતાં ઘીના સ્વરૂપનું જનક છે, અજનક નથી. માટે પ્રસ્તુત અનુમાનમાં કરાયેલા હેતુને અલક્ષ્યરૂપ દહીંમાં જવાની આપત્તિના નિવારણ અર્થે તત્સ્વરૂપ અજનકત્વરૂપ વિશેષણ આપેલ છે. અને પ્રસ્તુતમાં જે દેવતાના ઉદ્દેશથી હવિનો ત્યાગ કરાય છે, તે, દહીં જેમ ઘીસ્વરૂપે પરિણમન પામે છે, તેમ હવિ પોતે દેવતારૂપે પરિણમન પામતું નથી, તેથી તે હવિત્યાગ દેવતાના સ્વરૂપનું અજનક છે. અને દેવતાના ઉદ્દેશથી જે હવિત્યાગ કરાય છે તે હવિત્યાગ દેવતાની અંદરમાં સ્વામિત્વાદિ પરિણામરૂપ કાંઈક ભાવ પેદા કરે છે; કેમ કે દેવતાને ઉદ્દેશીને કરાયેલ વસ્તુ દેવતાને કાંઈ ન કરતી હોય તો તે કરવાનું કોઈ પ્રયોજન નથી.

એ જ વાત દૃષ્ટાંતથી બતાવે છે કે, જેમ બ્રાહ્મણને ઉદ્દેશીને ગોદાનાદિ કાંઈક ત્યાગ કરાય છે, તે ગાયનું સ્વામિત્વ બ્રાહ્મણને પ્રાપ્ત થાય છે, તે સાક્ષાત્ પ્રત્યક્ષ દેખાય છે; જ્યારે દેવતાને ઉદ્દેશીને કાંઈક ત્યાગ કરાય છે, ત્યારે દેવતા પ્રત્યક્ષ નહિ હોવાથી તેને પ્રાપ્ત થતા સ્વામિત્વાદિ ફળને અનુમાનથી જાણી શકાય છે. તેથી જ નૈયાયિકે પ્રસ્તુત અનુમાન કરેલ છે; અને તે અનુમાનમાં દેવતાનિષ્ઠ કિંચિત્ જનક છે, એમ જે સિદ્ધ કર્યું, તે શું હોઈ શકે, તે બતાવતાં કહે છે કે, ત્યાગના ફળનો જે સ્વામી હોય તે જડ પદાર્થ સંભવી શકે નહિ; જેમ ગોત્યાગના ફળનો સ્વામી બ્રાહ્મણ છે, તે જેમ ચેતન સ્વરૂપ છે, તેમ હવિત્યાગના ફળનો સ્વામી જે ઈંદ્રાદિ છે, તે ચેતન સ્વરૂપ જ માનવો પડે, પણ જડસ્વરૂપ ઈંદ્રપદ ગ્રહણ થઈ શકે નહિ. એથી કરીને દેવતાચૈતન્ય સિદ્ધ થાય છે.

આ રીતે 'અથ' થી નૈયાયિકે દેવતાચૈતન્ય સિદ્ધ કર્યું, ત્યાં મીમાંસક નૈયાયિકને કહે છે કે, તારો હેતુ અપ્રયોજક છે; અને અપ્રયોજક હેતુ એ કહેવાય કે, પૂર્વપક્ષને પક્ષમાં હેતુ માન્ય હોય, પરંતુ એ હેતુ સાધ્યનો ગમક ન હોય. અને પ્રસ્તુતમાં ઈંદ્રાદિને ઉદ્દેશીને થતા યજ્ઞમાં તત્સ્વરૂપનો અજનક હોતે છતે તદ્ ઉદ્દેશથી ક્રિયમાણપણારૂપ હેતુ મીમાંસકને માન્ય છે, પરંતુ દેવતાનિષ્ઠસ્વામિત્વરૂપ ફલજનકપણું તેને માન્ય નથી. તેથી મીમાંસક નૈયાયિકને કહે છે કે, તારો હેતુ સાધ્યને સાધવા માટે અપ્રયોજક છે. અને એમ કહીને મીમાંસકને એ કહેવું છે કે, જેમ કોઈ વ્યક્તિ કોઈને ઉદ્દેશીને ત્યાગ કરે, તે ત્યાગનું ફળ તેને મળે એવો નિયમ નથી, જેમ જૈનમત પ્રમાણે ભગવાનને ઉદ્દેશીને પૂજાદિમાં જે ત્યાગ કરાય છે, તેનું સ્વામીપણું ભગવાનને પ્રાપ્ત થતું નથી. તેવી રીતે મીમાંસકના મતે ઈંદ્રાદિને ઉદ્દેશીને યજ્ઞમાં કરાતા ત્યાગના ફળનું સ્વામિત્વ ઈંદ્રરૂપ ચેતન વ્યક્તિને મળતું નથી. તેથી તારો હેતુ સાધ્ય સાધવા માટે અપ્રયોજક છે.

આ રીતે હેતુને અપ્રયોજક કહેવાથી પ્રશ્ન થાય કે, વેદમાં બતાવેલ યજ્ઞ તો દેવતાનિષ્ઠ કાંઈક પેદા કરવા માટે જ કહેલ છે, તો એ વાત કઈ રીતે સંગત થાય ? તેથી કહે છે કે, વેદમાં કહેલા યજ્ઞથી દેવતાનિષ્ઠ કાંઈક પેદા કરવા માટે ક્રિયમાણત્વનું કથન છે તે ઔપાધિક છે; અર્થાત્ વાસ્તવિક રીતે તે હવિનિષ્ઠ ત્યાગ દેવતાનિષ્ઠ કાંઈક ફળના ઉદ્દેશથી કરાતો નથી, પરંતુ સ્વનિષ્ઠ સ્વર્ગાદિ ફળને ઉદ્દેશીને કરાય છે. આમ છતાં, આ યજ્ઞ દ્વારા 'સ્વાહા' આદિનો પ્રયોગ કરીને જે અગ્નિમાં આહુતિ અપાય છે, તે દેવતાને અર્પણ કરાય છે, એ પ્રકારનો ઉપચારમાત્ર છે. તેથી તે કથન ઔપાધિક છે.

ઉત્થાન :-

અહીં નૈયાયિક કહે છે કે - વેદમાં 'शिवाय गां दद्यात्' એ પ્રકારનું વચન છે, અને 'દા' ધાતુ આપવાના અર્થમાં છે, તેથી શિવને ગાયના સ્વામિત્વની પ્રાપ્તિને સ્પષ્ટ બતાવનાર તે વચન છે. તેથી જેમ શિવને ગાય આપવાથી તેનું સ્વામિત્વ પ્રાપ્ત થાય છે, તે રીતે જે ઇંદ્ર માટે જે હવિ આદિનો ત્યાગ કરાય છે, તેનો સ્વામી ઇંદ્રને માનવો ઉચિત છે. અને જો તેમ નહિ માનો તો તમારા મત પ્રમાણે 'शिवाय गां दद्यात्' એ પ્રકારના પ્રયોગની અનુપપત્તિ થશે. એથી કરીને મીમાંસક કહે છે -

ટીકાર્થ :-

शिवाय ..... इत्याह । 'शिवाय गां दद्यात्'=શિવને ગાય આપો, ઇત્યાદિ પ્રયોગમાં વળી ઉદ્દેશ્યત્વપણામાં ગૌણ ચતુર્થી છે, અર્થાત્ 'शिवाय...' એ પ્રયોગમાં ઉદ્દેશ્યદર્શક જે ચતુર્થી છે, તે લક્ષણારૂપ ભાક્તા ચતુર્થી છે અને 'दद्यात्' પ્રયોગથી દ્યોતિત જે 'ददाति' પદ છે તે ત્યાગમાત્રપર છે. એથી કરીને કોઈ અનુપપત્તિ નથી, એ પ્રમાણે મીમાંસક કહે છે.

✪ અહીં इत्याह - માં 'इति' શબ્દ मीमांसकस्तु થી नानुपपत्तिः, સુધીના કથનનો પરામર્શક છે.

✪ ત્યાગમાત્રપરः પછી 'इति' શબ્દ છે, તે शिवाय થી ત્યાગમાત્રપરः સુધીના કથનનો પરામર્શક છે.

વિશેષાર્થ :-

'દા' ધાતુના યોગમાં જે ચતુર્થી વિભક્તિ છે, તે ઉદ્દેશ્યત્વને બતાવે છે. જેમ 'ब्राह्मणाय ददाति' એ પ્રયોગમાં બ્રાહ્મણને ઉદ્દેશીને ત્યાગ કરવામાં આવે છે, ત્યાં ચતુર્થી વિભક્તિ ઉદ્દેશ્યત્વના અર્થમાં છે, અને તેનાથી સ્વામિત્વની સિદ્ધિ થાય છે. પરંતુ ત્યાં મુખ્ય ચતુર્થી છે, ભાક્તા ચતુર્થી નથી. જ્યારે 'शिवाय गां दद्यात्' એ પ્રયોગમાં શિવને ઉદ્દેશીને ગાયનો જે ત્યાગ કરવામાં આવે છે, તેનું ફળ પોતાને જ પ્રાપ્ત થાય છે, શિવને પ્રાપ્ત થતું નથી, તેથી ભાક્તા ચતુર્થી છે અર્થાત્ જેમ गङ्गायां घोषः એ પ્રયોગમાં ગંગાપદનો અર્થ પ્રવાહને બતાવે છે, પરંતુ પ્રવાહમાં ઘોષનો=ગાયના વાડાનો, સંભવ નહિ હોવાથી લક્ષણાથી ગંગાનો અર્થ ગંગાતીર કરવામાં આવે છે. તેથી ત્યાં અધિકરણ અર્થક સપ્તમી ભાક્તા છે; અર્થાત્ ગંગાનો પ્રવાહ તેનું અધિકરણ નથી, પરંતુ અધિકરણ ગંગાનું તીર છે. તેમ 'शिवाय गां दद्यात्' એ પ્રયોગમાં ઉદ્દેશ્યત્વને બતાવનાર ચતુર્થી શિવને ઉદ્દેશ્યરૂપે બતાવતી નથી, પરંતુ સ્વનિષ્ઠ ફલને ઉદ્દેશીને છે; કેમ કે શિવને ફળપ્રાપ્તિનો સંભવ નથી, તેથી લક્ષણાથી સ્વનિષ્ઠફળપ્રાપ્તિને જ બતાવનાર છે. એથી 'गङ्गायां घोषः' પ્રયોગમાં અધિકરણાર્થક સપ્તમી જેમ ભાક્તા છે, તેમ પ્રસ્તુતમાં ઉદ્દેશ્ય અર્થક ચતુર્થી ભાક્તા છે; અને 'ददाति' પદ એ ત્યાગમાત્ર બતાવે છે, પરંતુ સામેનાને આપે છે, તેવો અર્થ બતાવતું નથી. તેથી તે ત્યાગના ફળનો સ્વામી શિવ બનતો નથી, પરંતુ યજ્ઞ કરનારને જ ફળ મળે છે. 'शिवाय गां दद्यात्' એ પ્રયોગમાં જેમ સ્વનિષ્ઠ ફળ મળે છે, તેમ ઈન્દ્રને ઉદ્દેશીને કરાતા યજ્ઞમાં પણ સ્વનિષ્ઠ ફળ જ પ્રાપ્ત થાય છે. માટે અચેતન રૂપ ઈન્દ્રાદિ પદને દેવતા સ્વીકારવામાં કોઈ અનુપપત્તિ નથી, એ પ્રમાણે મીમાંસક કહે છે.

✪ ભાક્તા ચતુર્થી=ગૌણ ચતુર્થી સમજવી.

ટીકા :-

तदसत्, चतुर्थ्यन्तपदस्य देवतात्वे मानाभावात्, चतुर्थीं विनापि 'इन्द्रो देवता' इति व्यवहारात्, 'अग्नये कव्यवाहाय' इत्यादौ देवताद्वयप्रसङ्गात् । इन्द्रः सहस्राक्षं इत्यर्थवादस्य, इन्द्रमुपासीत' इति विधिशेषतया स्वर्गार्थिवादवत् प्रामाण्यात्, इन्द्रायेत्यादौ श्रुतपदेनैव त्यागस्य फलहेतुताया वचनसिद्धत्वात्, 'तिर्यक्पङ्गुवित्र्यार्षेयदेवतानामधिकार' इति जैमिनीयसूत्रस्यैव देवताचैतन्यसाधकत्वाच्च, अचैतन्येऽधिकाराशक्त्या तन्निषेधानौचित्यात् । सूत्रार्थश्चैवम्-तिरश्चां विशिष्टान्तः-संज्ञाविरहात्, पङ्गोः प्रचरणाभावात् तिस्रः-दृष्टिश्रुतिवाचः आर्षेया ऋत्विग्योग्याः विमुख्याः येषामन्धबधिरमूकानाम्, दर्शनश्रवणोच्चारासमर्थानामिति-वित्र्यार्षेयाणामिति, त्रिप्रवराणामेवाधिकारो नत्वेकद्विचतुःप्रवरादीनां देवतानाम्, अनधिकारश्चाभेदेन संप्रदानत्वायोगात् ।

ઉત્થાન :-

તે અસત્ કેમ છે તેમાં હેતુ બતાવતાં કહે છે -

✪ અહીં तदसत् માં 'चतुर्थ्यन्तपदस्य देवतात्वे मानाभावात्' એ હેતુ છે, અને માનાભાવ કેમ છે, તેમાં (૧) चतुर्थीं ...થી.. व्यवहारात्, (૨) अग्नये ..... देवाद्वयप्रसङ्गात् । એ બે હેતુ છે, અને ત્યાર પછી (૧) इन्द्रः થી फलहेतुताया वचनसिद्धत्वात्, (૨) 'तिर्यक् થી देवताचैत्यसाधकत्वाच्च, (૩) अचैतन्ये થી तन्निषेधानौचित्वात्' - આ ત્રણ હેતુ દ્વારા, સચેતન ઇંદ્રને દેવતારૂપે સિદ્ધ કરે છે.

ટીકાર્થ :-

तदसत्, चतुर्थ्यन्त ..... व्यवहारात् - મીમાંસકનું તે કથન અસત્ છે; કેમ કે ચતુર્થ્યન્તપદનો દેવતાપણામાં માનાભાવ છે; કારણ કે ચતુર્થી વગર પણ ઈન્દ્ર દેવતા છે આ પ્રમાણે વ્યવહાર થાય છે. अग्नये कव्यवाहाय આ પ્રયોગમાં દેવતાદ્વયનો પ્રસંગ આવે છે.

✪ 'કવ્યવાહ' શબ્દ અગ્નિ અર્થમાં છે.

વિશેષાર્થ :-

મીમાંસકનું ઉપરનું કથન અસત્ છે, તેમાં નૈયાયિક યુક્તિ બતાવે છે કે, ચતુર્થી વિભક્તિ વગર પણ ઈન્દ્ર દેવતા છે, એ પ્રકારનો વ્યવહાર હોવાથી ચતુર્થ્યન્તપદને દેવતા સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. આમ છતાં, દેવતા કહેવામાં આવે તો अग्नये कव्यवाहाय स्वाहा એ પ્રકારના પ્રયોગથી કરાતા અગ્નિ દેવતાના યજ્ઞમાં અગ્નિ અને કવ્યવાહ એ બંને પદ હોવાને કારણે પદને દેવતા માનવામાં આવે તો બે દેવતા માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. વસ્તુતઃ પ્રસ્તુત યજ્ઞના સ્વામી એક અગ્નિ દેવતા છે, તેથી પદને દેવતા માનવા ઉચિત નથી.

ઉત્થાન :-

ચતુર્થ્યન્ત પદ દેવતા નથી, તે બતાવીને હવે ઈન્દ્રાદિના યજ્ઞમાં સચેતન ઈન્દ્રાદિને દેવતારૂપે સ્વીકારની યુક્તિ બતાવતાં નૈયાયિક કહે છે -

ટીકાર્થ :-

इन्द्रः ..... प्रामाण्यात्, ઇંદ્રની ઉપાસના કરવી જોઈએ, એ પ્રમાણે વિધિશેષપણા વડે કરીને અર્થાત્ વિધિના અંગપણા વડે કરીને, સ્વર્ગાર્થિવાદની જેમ અર્થાત્ સ્વર્ગાર્થિવાદના પ્રામાણ્યની જેમ ઈન્દ્ર સહસ્રાક્ષ એ પ્રમાણે અર્થવાદનું પ્રામાણ્ય છે.

વિશેષાર્થ :-

ઇંદ્રની ઉપાસના કરવી જોઈએ, એ પ્રકારનાં વેદવચનો છે, અને તેના વિધિના અંગપણા વડે કરીને સ્વર્ગાર્થિવાદનું પ્રામાણ્ય સિદ્ધ થાય છે; અર્થાત્ સ્વર્ગના અર્થીએ ઇંદ્રની ઉપાસના કરવી જોઈએ, એવો સ્વર્ગાર્થિવાદ 'इन्द्रमुपासीत' એ પ્રમાણેની વિધિના અંગરૂપે સિદ્ધ થાય છે. તેની જેમ જ ઇંદ્ર સહસ્રાક્ષ છે, એ પ્રકારના લોકમાં પ્રસિદ્ધ અર્થવાદનું પ્રામાણ્ય સ્વીકારવું જોઈએ, અને તેથી જો એનું પ્રામાણ્ય સ્વીકારવામાં આવે તો ઇંદ્રને ચેતન દેવતારૂપે જ સ્વીકારી શકાય, પરંતુ પદમય અચેતન દેવતા સ્વીકારી શકાય નહિ.

અહીં વિશેષ એ છે કે, મીમાંસક ઇંદ્રના યજ્ઞમાં દેવતા તરીકે ઇંદ્રપદને સ્વીકારે છે, તેને નૈયાયિક કહે છે કે, ઇંદ્ર સહસ્રાક્ષ છે, એ પ્રકારનો અર્થવાદ પ્રમાણ છે, અને એ અર્થવાદને પ્રમાણ તરીકે સ્વીકારીએ તો યજ્ઞમાં ઉપાસ્ય તરીકે ઇંદ્રપદ ગ્રહણ થઈ શકે નહિ; કેમ કે ઇંદ્રપદ એ કાંઈ સહસ્રાક્ષ નથી, પરંતુ સ્વર્ગમાં રહેલ ઇંદ્ર એ સહસ્રાક્ષ છે. અને એ પ્રકારના અર્થવાદને પ્રમાણ સ્વીકારીને જ્યારે ઇંદ્રનો યજ્ઞ કરવામાં આવે ત્યારે તે યજ્ઞનો દેવતા સહસ્રાક્ષ દેવ જ માનવો પડે, પણ ઇંદ્રપદ નહિ.

ઉત્થાન :-

ઇંદ્ર સહસ્રાક્ષ છે એ અર્થવાદના પ્રમાણથી ઇંદ્ર દેવતા છે એમ સ્થાપન કરીને, નૈયાયિક 'इन्द्राय स्वाहा' એ વચનપ્રયોગથી પણ સ્વર્ગમાં વર્તતા ઇંદ્રને જ દેવતારૂપે સ્થાપન કરવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

इन्द्राय ..... वचनसिद्धत्वात्, 'इन्द्राय' ઇત્યાદિમાં શ્રુતપદથી જ=સંભળાયેલા પદથી જ, ત્યાગની ફળહેતુતાનું વચનસિદ્ધપણું છે.

વિશેષાર્થ :-

'इन्द्राय' ઇત્યાદિમાં 'આદિ' પદથી સ્વાહાનું ગ્રહણ કરવાનું છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે, યજ્ઞમાં 'इंद्राय स्वाहा' એ પ્રકારનાં વચનો બોલાય છે, તે સંભળાયેલા પદ વડે કરીને જ એ અર્થ પ્રાપ્ત થાય છે કે, 'स्वाहा'

શબ્દ ત્યાગને બતાવે છે, અને 'इन्द्राय' શબ્દ એ ત્યાગ ઈંદ્ર માટે છે, એ અર્થને બતાવે છે. તેથી 'સ્વાહા' થી કરાતા ત્યાગના ફળની હેતુતા ઈંદ્રમાં સિદ્ધ થાય છે. તેથી 'इंद्राय स्वाहा' એ વચનપ્રયોગથી જ સિદ્ધ થાય છે કે, તે ત્યાગનું ફળ ઈંદ્રને મળે છે. તેથી પદને દેવતા સ્વીકારીએ તો ઈંદ્રપદને તે ફળ મળે છે, એમ માનવું પડે. અને અચેતન એવા ઈંદ્રપદને તે ફળ સ્વીકારી શકાય નહિ, તેથી સચેતન દેવતાને જ એ ફળ મળે છે, તેમ માનવું જોઈએ. આમ કહીને નૈયાયિક 'इंद्राय स्वाहा' એ પ્રયોગથી પણ સચેતન દેવતાને દેવતારૂપે સ્થાપન કરે છે.

✪ ત્યાગની ફળહેતુતા=સ્વાહાથી જે ત્યાગ કરવાનો છે, તેનો હેતુ ઈંદ્ર છે, તેથી ઈંદ્રમાં હેતુતા છે; અને યજ્ઞમાં જે અપાય છે, તે વસ્તુ ઈન્દ્રને મળો, એ આશય છે, તેથી તે ફળ ઈંદ્રને આપવાના હેતુથી યજ્ઞ કરાય છે, માટે તે ફળની હેતુતા ઈન્દ્રમાં છે.

ઉત્થાન :-

જૈમિનીય સૂત્રના બળથી દેવતાચૈતન્યને સિદ્ધ કરવા અર્થે નૈયાયિક કહે છે -

ટીકાર્થ :-

तिर्यक् ..... अनौचित्यात् । 'तिर्यक्पंगुवित्र्यार्षेयदेवतानामधिकारः' આ પ્રમાણેના જૈમિનીય સૂત્રનું જ દેવતાચૈતન્યનું સાધકપણું છે, કેમ કે અચૈતન્યમાં અધિકારની અપ્રસક્તિ હોવાને કારણે તન્નિષેધનું= અચૈતન્યના નિષેધનું, અનૌચિત્યપણું છે.

વિશેષાર્થ :-

કોઈક યજ્ઞમાં અગ્નિ દેવતાનો અધિકાર છે, અન્ય દેવતાનો અધિકાર નથી, તે બતાવવા માટે જૈમિનીય સૂત્ર પ્રવૃત્ત છે; અને તે સૂત્ર મીમાંસકને માન્ય છે, અને તે સૂત્ર જ દેવતાચૈતન્યનું સાધક છે; કેમ કે અગ્નિ દેવતાનો અધિકાર છે, એમ કહીને ઈંદ્રાદિ દેવતાનો અધિકાર નથી, એમ એ સૂત્રથી સ્થાપન થાય છે. અને જો ઈંદ્રાદિ દેવતા અચેતનપદરૂપ હોય તો અચેતનમાં અધિકારની જ પ્રાપ્તિ નહિ હોવાથી પ્રસ્તુત જૈમિનીય સૂત્ર દ્વારા તેના નિષેધનું અર્થાત્ અચૈતન્યનિષેધનું અનુચિતપણું છે; અને જૈમિનીય સૂત્રને તેનો નિષેધ કરીને એ બતાવવું છે કે, પ્રસ્તુત યજ્ઞમાં ઈંદ્રાદિ દેવતાનો અધિકાર નથી, પરંતુ અગ્નિ દેવતાનો જ અધિકાર છે. અને તે અગ્નિ દેવતાને બતાવવા માટે જ તિર્યક્પંગુવિત્ર્યાદિ દેવતાનો અધિકાર છે તેમ કહ્યું, અને અધિકાર હંમેશાં ચેતનનો જ હોઈ શકે, અચેતનનો ન હોઈ શકે. તેથી તે સૂત્રથી દેવતાચૈતન્યની સિદ્ધિ થાય છે, એ પ્રકારનો નૈયાયિકનો આશય છે.

ટીકાર્થ :-

सूत्रार्थश्चैवम् ..... वित्र्यार्षेयाणाम्, જૈમિનીય સૂત્રનો મૂળ અર્થ આ પ્રમાણે છે -

તિર્યક્, પંગુ અને વિમુખ્ય છે ત્રણ આર્ષેય જેમને એવા દેવતાઓનો અધિકાર છે, અને તે સૂત્રના અર્થને=તાત્પર્યને, બતાવતાં કહે છે કે, સૂત્રાર્થ આ પ્રમાણે છે -

જૈમિનીય સૂત્રમાં અગ્નિદેવતાને તિર્યક્ એટલા માટે કહેલ છે કે વિશિષ્ટ અંતઃસંજ્ઞાનો વિરહ છે, અને પંગુ એટલા માટે કહેલ છે કે પ્રચરણનો અભાવ છે, અને તે દેવતા વિત્ર્યાર્ષેય છે, તેનો અર્થ કરતાં કહે છે કે, ત્રણ=દૃષ્ટિ, શ્રુતિ અને વાણી, આર્ષેય ઋત્વિગ્ યોગ્ય=યજ્ઞને યોગ્ય, વિમુખ્ય છે જેઓને તે વિત્ર્યાર્ષેય છે. અને યજ્ઞમાં અગ્નિદેવતાને ચક્ષુ નથી, કાન નથી અને વાણી નથી, તેથી તે અંધ છે, બધિર છે અને મૂક છે, તેને કારણે અગ્નિદેવતા દર્શન, શ્રવણ અને ઉચ્ચારણને અસમર્થ છે. એથી કરીને અગ્નિદેવતાને વિત્ર્યાર્ષેય કહેલ છે.

વિશેષાર્થ :-

જૈમિનીય સૂત્ર પ્રમાણે ત્રણ શિખાવાળો અગ્નિ યજ્ઞમાં કરવામાં આવે છે, અને તે અગ્નિ યજ્ઞને માટે થાય છે તેથી તેને ઋત્વિગ્ યોગ્ય કહેલ છે. અને તે અગ્નિને ચક્ષુ નથી, કાન નથી અને જીભ નથી, તે બતાવવા અર્થે ત્રણ આર્ષેય વિમુખ્ય છે જેમને એમ કહેલ છે, અને તેવા દેવતાઓનો અહીં અધિકાર છે, અન્ય દેવતાઓનો નહિ, એ પ્રકારે જૈમિનીય સૂત્રનો ભાવ છે.

ટીકાર્થ :-

इति ..... देवतानाम्, **એથી કરીને અર્થાત્ આવા પ્રકારનું અગ્નિનું સ્વરૂપ છે એથી કરીને, ત્રણ પ્રવરોનો જ અધિકાર છે અર્થાત્ તિર્યક્, પંગુ અને વિત્ર્યાર્ષેયરૂપ ત્રણ પ્રવરોનો જ પ્રસ્તુત યજ્ઞમાં અધિકાર છે; અર્થાત્ જૈમિનીય સૂત્ર જે યજ્ઞને ઉદ્દેશીને અધિકાર બતાવવા માટે પ્રવૃત્ત છે, તે યજ્ઞમાં ત્રણ પ્રવરનો જ અધિકાર છે, પરંતુ એક-બે કે ચાર પ્રવરવાળા દેવતાઓનો અધિકાર નથી. આનાથી એ પ્રાપ્ત થયું કે, ત્રણ પ્રવરવાળા અગ્નિદેવતા છે, બીજા દેવતાઓ કોઈ એક પ્રવરાદિવાળા છે, તેઓનો અહીં અધિકાર નથી.**

ઉત્થાન :-

એક પ્રવરાદિવાળા દેવતાઓનો અધિકાર કેમ નથી ? તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

अनधिकार ..... अयोगात् । **અભેદપણા વડે સંપ્રદાનત્વનો અયોગ હોવાથી અનધિકાર છે.**

વિશેષાર્થ :-

અગ્નિમાં હોમ કરવાથી તે ત્યાગ કરાયેલ વસ્તુનું અભેદપણાથી સંપ્રદાન થાય છે, માટે પ્રસ્તુત યજ્ઞમાં તેનો અધિકાર છે. અને એક પ્રવરાદિવાળા દેવતાઓ માટે ત્યાગ કરવામાં આવે તો તે ત્યાગનું અભેદથી સંપ્રદાન સંભવે નહિ, માટે તેમનો અધિકાર નથી.

અહીં વિશેષ એ છે કે, અગ્નિમાં જે હવિષ્ નાંખવામાં આવે છે, તે સ્વયં અગ્નિરૂપે પરિણમન પામે છે, તેથી તે હવિષ્નું અગ્નિરૂપ દેવતાને અભેદથી સંપ્રદાન થાય છે, તેથી તેનો પ્રસ્તુત યજ્ઞમાં અધિકાર છે.

ટીકા :-

एतेन देशनादेशितचतुर्थ्यन्तपदनिर्देश्यत्वस्य तादृशपदबोध्यत्वरूपस्येन्द्रादिपदेऽसंभवात् तादृशपदविशिष्ट इन्द्रादिश्चेतन एव, देवताविशेषणस्येन्द्रादिपदस्याचेतनत्वाद्देवताया अचैतन्यव्यवहार इति मिश्रोक्तमीमांसकमतमप्यपास्तम्, विशेष्यस्यैव देवतात्वसंभवे विशेषणदेवतात्वे मानाभावात्, तत्तद्बीजाक्षराणामानन्त्येन तेषां चतुर्थ्यन्तत्वाभावेन च देवतात्वायोगात् । न च तवापि देवताशरीराणामानन्त्यं बाल्यादिना भिन्नशरीरेषु चैत्रत्वादिवदिति वाच्यम्, देवताचैतन्यसिद्धौ देवतात्वेन्द्रत्वचन्द्रत्वजात्योरदृष्टविशेषोपगृहीतत्वस्य चानुगतत्वात्, ईश्वरे च देवतात्वे मानाभावात्, ईशानादेः कर्मफलभोक्तुर्जीवभूतस्यैव देवतात्वात्, ईश्वरीयाहुतिश्रुतेरपीशानपरत्वादाकाशाहुतिश्रुतिरपितदधिष्ठातृदेवपरा इति न्यायमालायाम् ।।

ટીકાર્થ :-

एतेन ..... मानाभावात्, આનાથી=પૂર્વમાં तदसत्, કહીને મીમાંસક મતના નિરાકરણની યુક્તિ આપી એનાથી, **तादृशपदबोध्यत्वરૂપ देशनादेशितचतुर्थ्यन्तपदनिर्देश्यत्वનું ઇંદ્રાદિ પદમાં અસંભવ હોવાથી, तादृशपदविशिष्ट ઇંદ્રાદિ ચેતન જ છે. તો પણ દેવતા વિશેષણવાળા ઇંદ્રાદિ પદનું અચેતનપણું હોવાથી દેવતાના અચૈતન્યનો વ્યવહાર છે, એ પ્રમાણે મિશ્રોક્ત મીમાંસક મત પણ દૂર થયેલો છે; કેમ કે વિશેષ્યના જ દેવતાપણાનો સંભવ હોવાના કારણે વિશેષણના દેવતાપણામાં માનાભાવ છે, એમ નૈયાયિક કહે છે.**

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, વિશેષણના દેવતાપણામાં માનાભાવ છે. તે જ વાતને દૃઢ કરવા માટે નૈયાયિક કહે છે -

ટીકાર્થ :-

तद् तद् ..... देवतात्वायोगात् । **તે તે બીજાક્ષરોનું અનંતપણું હોવાને કારણે અને ચતુર્થ્યન્તપણાનો અભાવ હોવાને કારણે દેવતાપણાનો અયોગ છે.**

વિશેષાર્થ :-

પૂર્વે 'तदसत्' માં જે હેતુઓ કહ્યા એનાથી એ સિદ્ધ થયું કે, ઇંદ્રાદિપદરૂપ દેવતા મીમાંસક માને છે તે અસત્ છે, અને મીમાંસક મત અસત્ સિદ્ધ થયો, તેનાથી મીમાંસક મત તો દૂર થયેલો છે, પણ મિશ્રોક્ત મીમાંસક મત પણ દૂર થયેલો છે, એમ 'एतेन' નો અન્વય છે અને मिश्रोक्तमीमांसकमतमपि માં રહેલ 'अपि' નો સમુચ્ચય છે.

અહીં મિશ્રોક્ત મીમાંસક મત એ છે કે, મીમાંસકે દેવતાનું લક્ષણ કર્યું કે, देशनादेशित चतुर्थ्यन्त પદ

નિર્દેશ્યત્વં દેવતાત્વં. તે લક્ષણ ઇંદ્રાદિ પદમાં સંભવે નહિ, તેથી ઇંદ્રાદિ પદથી વિશિષ્ટ એવા ઇંદ્રાદિ ચેતન દેવતા સ્વીકારવા પડે. તો પણ દેવતાના વિશેષણરૂપ ઇંદ્રાદિ પદ અચેતન છે, તેથી દેવતા અચેતન છે એ પ્રકારનો વ્યવહાર પ્રવર્તે છે, માટે ઇંદ્રાદિ પદો જ દેવતા છે, આ પ્રકારનું સમાધાન મિશ્રોક્ત મીમાંસક મત સ્વીકારનાર કરે છે.

અહીં વિશેષ એ છે કે મીમાંસક મત પ્રમાણે દેવતાનું લક્ષણ દેશનાદેશિત ચતુર્થ્યન્તપદ નિર્દેશ્યત્વ છે, અને મિશ્રોક્ત મીમાંસક મત પ્રમાણે દેશનાદેશિત ચતુર્થ્યન્તપદથી નિર્દેશ્યરૂપે ઇંદ્રાદિ પદ સંગત જણાતું નથી, અને મીમાંસકોના સ્વ સિદ્ધાંતમાં અચેતન દેવતા પ્રસિદ્ધ છે, તેથી મિશ્રમીમાંસકમતવાળા કહે છે કે, વાસ્તવિક રીતે દેશનાદેશિત ચતુર્થ્યન્તપદથી વિશિષ્ટ એવા ઇંદ્રાદિ ચેતન જ દેવતા છે, તો પણ મીમાંસકના મતે અચેતન દેવતાનો જે વ્યવહાર છે, તે દેવતાના વિશેષણરૂપ ઇંદ્રાદિ પદને આશ્રયીને સંગત છે. આ પ્રમાણે મિશ્ર દ્વારા સ્વમતની સંગતિ કરાઈ, તે પૂર્વના નૈયાયિકના કથનથી દૂર થાય છે. તે આ રીતે -

પૂર્વમાં નૈયાયિકે મીમાંસક મતને અસત્ કહીને એ સ્થાપન કરેલ કે, ચતુર્થ્યન્તપદને દેવતારૂપે સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી, અને તેની પુષ્ટિ કર્યા પછી સ્વર્ગમાં રહેલા ઇંદ્રને દેવતારૂપે સ્વીકારવા કેમ ઉચિત છે, તેનું યુક્તિથી અને જૈમિનીય સૂત્રથી સ્થાપન કર્યું, એનાથી જ મિશ્રનો મત દૂર થયેલો જાણવો; કેમ કે ઇંદ્રાદિ પદને દેવતારૂપે સ્વીકારી શકાય નહિ. સ્વર્ગમાં રહેલ ઇંદ્રાદિને દેવતા સ્વીકારી શકાય તેમ સ્થાપન કરવાથી, દેવતાના વિશેષણરૂપ ઇંદ્રાદિ પદનું ગ્રહણ કરીને અચેતન દેવતા સ્થાપન કરવા એ ઉચિત નથી, એમ નૈયાયિકનું કહેવું છે. અને તે જ વાતને દૃઢ કરવા માટે 'तदपास्तम्' પછી જે હેતુ કહ્યો, તેનો ભાવ એ છે કે, મિશ્રના કથન પ્રમાણે જ્યારે વિશેષ્ય જ દેવતા તરીકે સિદ્ધ થતા હોય, તો તે દેવતાના વિશેષણરૂપ જે ઇંદ્રાદિ પદો છે, તેને દેવતા સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. તેથી મિશ્રોક્ત મીમાંસકે કહેલ અચેતન દેવતાનો વ્યવહાર સંગત નથી, અને તેને જ સ્પષ્ટ કરવા માટે કહે છે કે, દેવતાના વિશેષણરૂપ પદોને જ દેવતા સ્વીકારીએ તો દરેક દેવતામાં વિશેષણરૂપ તે તે બીજાક્ષરો અનંત છે, અને તે સર્વ બીજાક્ષરો ચતુર્થ્યન્ત નથી, તેથી ચતુર્થ્યન્તપદ નિર્દેશ્યત્વરૂપ દેવતાત્વ તે પદોમાં ઘટી શકે નહિ. માટે ઇંદ્રાદિ પદોને દેવતા સ્વીકારવાં એ અસંગત છે.

અહીં વિશેષ એ છે કે મિશ્ર મત પ્રમાણે દેશનાદેશિતચતુર્થ્યન્તપદવિશિષ્ટ ઇંદ્રાદિ ચેતન દેવતા છે. હવે કોઈ યજ્ઞમાં 'इन्द्राय स्वाहा' ને બદલે 'शक्राय स्वाहा' ઈત્યાદિ પ્રયોગ કરવામાં આવે ત્યારે, તાદૃશ પદથી વિશિષ્ટ શક્ર દેવતા બને. પરંતુ તે ઇંદ્ર અને શક્ર જુદા નથી. તેથી સચેતન દેવતા સ્વીકારીએ તો એક જ સ્વીકારી શકાય. અને દેવતાના વિશેષણરૂપ પદને દેવતા માનીએ તો દેશનાદેશિત ચતુર્થ્યન્તપદરૂપ ઇંદ્ર, શક્ર આદિ પદો અનેક થઈ જાય. તેથી ગૌરવ દોષ આવે. અને તે સર્વ પદો ચતુર્થ્યન્તરૂપ હોતા નથી, જેમ 'धृतिः स्वाहा' એ પદ ચતુર્થ્યન્ત નથી, તેથી તે પદોને દેવતારૂપે સ્વીકારી શકાય નહિ, પરંતુ સચેતન એવા દેવતાને જ દેવતારૂપે સ્વીકારી શકાય. એ પ્રકારનો નૈયાયિકનો અભિપ્રાય છે અને તે બતાવવા જ નૈયાયિકે કહ્યું કે, બીજાક્ષરોનું અનંતપણું છે, અને બધા બીજાક્ષરો ચતુર્થ્યન્તપદવાળા નથી.

ઉત્થાન :-

પૂર્વમાં મિશ્રોક્ત મીમાંસક મતને નૈયાયિકે દોષ આપેલો કે અચેતનરૂપ પદને દેવતા માનશો તો તે તે

બીજાક્ષરો અનંત હોવાથી ગૌરવદોષની પ્રાપ્તિ થશે. તેની સામે મીમાંસક પણ નૈયાયિકને સચેતન દેવતાના સ્વીકારમાં પણ ગૌરવદોષ બતાવે છે. તેનું નિરાકરણ કરતાં મીમાંસક કહે છે -

ટીકાર્થ :-

ન ચ ..... અનુગતત્વાત્, અહીં મીમાંસક નૈયાયિકને કહે કે, તને પણ બાલ્યાદિથી ભિન્ન શરીરમાં ચૈત્રત્વાદિની જેમ દેવતાનાં શરીરોના આનન્ત્યની પ્રાપ્તિ છે. તેનો ઉત્તર આપતાં નૈયાયિક કહે છે કે, એમ ન કહેવું; કેમ કે દેવતાચૈતન્ય સિદ્ધ થયે છતે દેવતાત્વ, ઇંદ્રત્વ, ચંદ્રત્વ જાતિનું અથવા અદૃષ્ટ વિશેષથી ઉપગૃહીતનું અનુગતપણું છે.

✪ चानुगतत्वात् અહીં 'च' કાર છે તે 'वा'કાર=અથવા, અર્થમાં છે.

વિશેષાર્થ :-

મીમાંસકનું કહેવાનું તાત્પર્ય એ છે કે, પૂર્વમાં નૈયાયિકે કહ્યું કે, તે તે બીજાક્ષરોનું અનંતપણું હોવાને કારણે પદોમાં દેવતાત્વનો અયોગ છે, તેની સામે મીમાંસક કહે કે, તને પણ અર્થાત્ નૈયાયિકને પણ દેવતાનાં શરીરો અનંત સ્વીકાર્ય છે. તેથી શરીરધારી દેવતાઓમાં દેવતાત્વનો અયોગ સ્વીકારવાની આપત્તિ આવશે. અર્થાત્ જેમ મીમાંસકને બીજાક્ષરો અનંત હોવાને કારણે બીજાક્ષરોમાં દેવતાત્વનો અયોગ છે, તેમ નૈયાયિકને દેવતાઓનાં શરીર અનંત છે, તેથી તે શરીરધારીમાં દેવતાત્વનો અયોગ સ્વીકારવો પડશે. અને તેમાં મીમાંસક હેતુ કહે છે કે, બાલ્યાદિ દ્વારા ભિન્ન શરીરોમાં ચૈત્રત્વાદિની જેમ અર્થાત્ એક ચૈત્ર વ્યક્તિનાં જ બાલ્યથી માંડીને મૃત્યુકાળ સુધી પ્રતિક્ષણ શરીર વૃદ્ધિમત્ થાય છે, તેથી તે પ્રતિક્ષણનાં શરીરો ભિન્ન છે, પરંતુ તે સર્વ શરીરધારી જીવમાં ચૈત્રત્વ અનુગત છે, તો પણ શરીરો અનેક છે, તેમ દેવતાત્વેન દેવતા એક હોવા છતાં ભિન્ન ભિન્ન દેવતાઓનાં શરીરની અપેક્ષાએ તે અનંત ભેદો સંગત છે. તેથી અનંત દેવતાઓ હોવાને કારણે તે દેવતાઓને યજ્ઞના દેવતા માની શકાય નહીં, કેમ કે ગૌરવ દોષ છે. એ પ્રમાણે મીમાંસક કહે તો નૈયાયિક કહે છે કે, એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે કે, દેવતાચૈતન્ય સિદ્ધ થયે છતે દેવતાત્વ, ઇંદ્રત્વ, ચંદ્રત્વ જાતિનું અનુગતપણું છે. અહીં પ્રાયઃ નૈયાયિકના મતે દેવતાત્વ જાતિ બધા દેવતાઓમાં નથી, પરંતુ જલ દેવતા, વરૂણ દેવતા આદિમાં દેવતાત્વ જાતિ છે. જ્યારે બધા ઇંદ્રોમાં ઇંદ્રત્વ જાતિ છે અને બધા ચંદ્રમાં ચંદ્રત્વ જાતિ છે એવું ભાસે છે. અને આથી જ પ્રાયઃ કરીને નૈયાયિકના મતમાં ઇંદ્રાદિ દેવતા હોવા છતાં દેવતાત્વ જાતિ ઇંદ્ર અને ચંદ્રમાં માનેલી નથી, તેવું ભાસે છે. આમ છતાં, ઇંદ્ર અને ચંદ્ર દેવતા છે અને બધા દેવતાઓનો સંગ્રહ કરવા માટે દેવતાત્વ, ઇંદ્રત્વ અને ચંદ્રત્વ જાતિનું ગ્રહણ કરેલ છે, અને એ ત્રણ જાતિને અનુગત સ્વીકારીને સર્વ દેવતાઓનો સ્વીકાર કરવાથી જાતિરૂપે ત્રણની જ સંખ્યા પ્રાપ્ત થાય, અનંતની નહિ. ત્રણ સંખ્યા પણ બહુવાચી હોવાથી એક અનુગત જાતિ સ્વીકારવા માટે કહે છે -

અદૃષ્ટવિશેષથી ઉપગૃહીતત્વનું અનુગતપણું છે; અર્થાત્ બધા જ દેવતાઓ અદૃષ્ટવિશેષથી ઉપગૃહીત છે. તેથી અદૃષ્ટવિશેષ ઉપગૃહીતત્વ બધા દેવતાઓમાં અનુગત એક છે, માટે દેવતાઓનાં શરીરને આશ્રયીને અનંત સ્વીકારનો દોષ અમને નહિ આવે, તેમ નૈયાયિકનો આશય છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, અદૃષ્ટવિશેષથી ઉપગૃહીતપણાને અનુગત કરશો તો ઈશ્વરમાં દેવતાનું લક્ષણ નહિ જાય. તેથી નૈયાયિક કહે છે -

ટીકાર્થ :-

ઈશ્વરે ..... **માનાભાવાત્, ઈશ્વરનિષ્ઠ દેવતાપણામાં પ્રમાણનો અભાવ છે; અર્થાત્ નૈયાયિકને ઈશ્વર દેવતારૂપે સ્વીકૃત નથી.**

ઉત્થાન :-

અહીં શંકા થાય કે, ઈશાનાદિને વેદમાં દેવતારૂપે કહેલ છે, અને ઈશાનાદિ શબ્દથી ઈશ્વર જ વાચ્ય બને છે. તેથી ઈશ્વરને દેવતારૂપે માનવા પડશે. તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

કર્મફલ ..... દેવતાત્વાત્, કર્મફલના ભોક્તા એવા જીવભૂત જ ઈશાનાદિનું દેવતાપણું છે; અર્થાત્ વેદમાં જ્યાં ઈશાનાદિને દેવ કહ્યા છે, તે ઈશાનાદિ શબ્દોથી કર્મફલના ભોક્તા એવા જીવભૂત ઈશાનાદિને જ ગ્રહણ કરવાના છે, પરંતુ ઈશ્વરને નહિ.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, ઈશ્વરની આહુતિને આપનારી શ્રુતિઓ સંભળાય છે, તેથી ઈશ્વરને દેવતા સ્વીકારવા પડશે. તેથી કહે છે -

ટીકાર્થ :-

ઈશ્વરીય ..... ઇશાનપરત્વાત્, ઈશ્વરની આહુતિની શ્રુતિનું પણ ઈશાનપરપણું છે; અર્થાત્ ઈશ્વરની આહુતિને કહેનારી શ્રુતિથી પણ ઈશાન દેવતાને ગ્રહણ કરવાના છે, પરંતુ ઈશ્વરને નહિ.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, આકાશની આહુતિની શ્રુતિઓ પણ સંભળાય છે, અને આકાશ એ દેવતા નથી. તેથી કહે છે -

ટીકાર્થ :-

આકાશ ..... **દેવપરા આકાશની આહુતિની શ્રુતિ પણ તદ્અધિષ્ઠાતા=આકાશના અધિષ્ઠાતા, દેવપરા છે.**

ઇતિ ન્યાયમાલાયામ્ ।। એ પ્રમાણે ન્યાયમાલામાં કહ્યું છે.

✪ અહીં 'इति' શબ્દ મીમાંસકસ્તુ પછી इन्द्रविश्वेतनस्यथी માંડીને तदधिष्ठातृदेवपरा સુધીના પાઠનો પરામર્શક છે.

ઉત્થાન :-

'मीमांसकास्तु ...थी... इति न्यायमालायाम्' સુધીના કથનમાં ન્યાયમાલામાં મીમાંસકમતનું સ્થાપન કરીને ખંડન કરવામાં આવેલ છે, અને સ્વર્ગમાં રહેલા દેવતાને દેવતારૂપે સ્થાપન કરવામાં આવેલ છે. તે બતાવીને ગ્રંથકાર તેનું નિગમન કરતાં બતાવે છે કે, નૈયાયિક જે દેવને દેવ કહે છે, તે દેવતાવ્યવહારનો પ્રયોજક છે. અને मीमांसकास्तु ..... ની પૂર્વે નૈયાયિકે કરેલ દેવતાના લક્ષણનું સ્થાપન કરીને તેનું ખંડન કરતાં ગ્રંથકારે કહેલ કે, યોગીઓને ઉપાસનીય વીતરાગદેવ છે, માટે નૈયાયિકે કરેલ લક્ષણવાળા દેવતા યોગીઓને ઉપાસનીય નથી. તેથી હવે તે વીતરાગદેવતા પોતાને કઈ રીતે ઉપાસનીય છે, તે બતાવવા અર્થે કહે છે કે, તીર્થંકરનામકર્મનો ઉદય દેવાધિદેવના વ્યવહારનો પ્રયોજક છે, અને મીમાંસકને અભિમત એવા અચેતન દેવતા પણ પોતાને કઈ અપેક્ષાએ માન્ય છે, એ બતાવવા અર્થે મંત્રમય દેવતાનયનું કથન કરે છે, અને ત્યાર પછી इदं पुनरत्र विचारणीयं ..... થી અત્યાર સુધીનાં સર્વ કથનોનું तत्सिद्धमेतत् થી નિગમન કરતાં કહે છે -

✪ મંત્રમય દેવતાનય એટલે મંત્રમય દેવતાને જોવાની દૃષ્ટિ.

ટીકા :-

अदृष्टविशेषोपग्रहो देवगतिनामकर्मोदयो देवताव्यवहारप्रयोजकः । तीर्थकरनामकर्मोदयश्च देवाधिदेवव्यवहारप्रयोजकः, उपासनाफलप्रयोजकश्च । मन्त्रमयदेवतानयश्च समभिरूढनयभेदस्तदुपजीव्युपचारो वा, यमादाय संयतानामपि देवतानमस्कारौचित्यमित्ययं सम्प्रदायाविरुद्धोऽस्माकं मनीषोन्मेषः, तत्सिद्धमेतद् 'वीतरागोद्देशेन द्रव्यस्तवोऽपि भावयज्ञ एव' इति ।।३४।।

ટીકાર્થ :-

अदृष्टविशेषोपग्रहो ..... उपासनाफलप्रयोजकश्च । **અદૃષ્ટવિશેષનો ઉપગ્રહ છે જેમાં એવો દેવગતિનામકર્મનો ઉદય દેવતાવ્યવહારનો પ્રયોજક છે, અને તીર્થંકરનામકર્મનો ઉદય દેવાધિદેવવ્યવહારનો પ્રયોજક છે, અને ઉપાસનાના ફળનો પ્રયોજક છે.**

વિશેષાર્થ :-

મનુષ્યાદિ લોકમાં જે પુણ્યપ્રકૃતિ વિપાકમાં આવે છે, તે રૂપ અદૃષ્ટ કરતાં દેવગતિમાં વિશેષ પ્રકારનું અદૃષ્ટ વિપાકને પામે છે, તેથી અપૂર્વ કોટિનો વૈભવ અને અપૂર્વ કોટિની અતીન્દ્રિય શક્તિઓ દેવોને પ્રાપ્ત થાય છે. તેવા અદૃષ્ટવિશેષનો ઉપગ્રહ=ઉપકાર, છે જેને એવા દેવગતિનામકર્મનો ઉદય દેવોને વર્તે છે, તેથી લોકમાં તેમનો દેવત્વ તરીકેનો વ્યવહાર થાય છે.

વળી તીર્થંકરનામકર્મનો ઉદય દેવાધિદેવના વ્યવહારનો પ્રયોજક છે, અને ઉપાસનાના ફળનો પ્રયોજક

છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, સંસારમાં તીર્થંકરનામકર્મના ઉદયવાળા કેવલીઓ હોય છે, અને તીર્થંકરનામકર્મના ઉદય વગરના પણ કેવલીઓ હોય છે. તેઓ બંને વીતરાગ સ્વરૂપ છે, છતાં દેવાધિદેવનો વ્યવહાર સર્વ વીતરાગમાં થતો નથી, પરંતુ તીર્થંકરનામકર્મના ઉદયવાળા વીતરાગમાં જ થાય છે. જોકે યોગીઓને વીતરાગ ઉપાસનીય છે, તો પણ અન્ય વીતરાગની ઉપાસનાથી તેવું ફળ પ્રાપ્ત થતું નથી, જેવું દેવાધિદેવની ઉપાસનાથી ફળ પ્રાપ્ત થાય છે. આથી જ વીતરાગ એવા કેવલી ભગવંતોને પણ છોડીને ઈન્દ્રો આદિ છદ્મસ્થ અવસ્થાવાળા પ્રદેશોદયરૂપ એવા તીર્થંકરનામકર્મના ઉદયવાળા ભગવાનની ઉપાસના કરે છે. તેથી ઉપાસકોને પોતાની ઉપાસનાના ફળમાં પ્રયોજક તીર્થંકરનામકર્મ છે

અહીં વિશેષ એ છે કે, યદ્યપિ ઉપાસક વીતરાગની ઉપાસના કરે છે, તેથી તીર્થંકર કે અતીર્થંકર સર્વ વીતરાગ ઉપાસ્ય બનવા જોઈએ, પરંતુ તેમ કહીએ તો ઉપાસનાના ફળમાં પ્રયોજક તીર્થંકરનામકર્મનો ઉદય કહી શકાય નહિ. પરંતુ વીતરાગતા જ ઉપાસ્ય હોવા છતાં વીતરાગતાની પ્રાપ્તિનો સૂક્ષ્મમાર્ગ તીર્થંકરો જ બતાવે છે, અને તેના કારણે અન્ય વીતરાગ કરતાં પણ ઉપાસકને સૂક્ષ્મમાર્ગદેશક એવા તીર્થંકર વીતરાગ પ્રત્યે વિશિષ્ટ પૂજ્યબુદ્ધિ થાય છે, તેથી તેમના વચન પ્રત્યે વિશિષ્ટ આદર થાય છે, અને તેથી અત્યંત યત્નપૂર્વક તેમના વચનને જાણવા માટે અને પોતાનામાં સમ્યગ્ નિષ્પન્ન કરવા માટે સમ્યગ્યત્નવાળો બને છે. અને તે રીતે જ ક્રમે કરીને તે ઉપાસનાના ફળરૂપે યાવત્ વીતરાગભાવને પ્રાપ્ત કરે છે. અને જ્યાં સુધી વીતરાગભાવ ન પામે ત્યાં સુધી તીર્થંકરોના વચનમાં અનુરાગ હોવાને કારણે સુદેવત્વ અને સુમનુષ્યત્વ પામે છે, કે જ્યાં વીતરાગના વચનની વિશેષ-વિશેષતર ઉપાસના પ્રાપ્ત થાય, અને વીતરાગભાવની નિષ્ઠા પ્રાપ્ત થાય. તેથી ઉપાસનાના ફળનો પ્રયોજક તીર્થંકરનામકર્મનો ઉદય છે, અને ઉપાસનાના ફળનું કારણ વીતરાગભાવ પ્રત્યેની પૂજ્યબુદ્ધિ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, દેવતાવ્યવહારનો પ્રયોજક દેવગતિનામકર્મનો ઉદય છે, પરંતુ ત્યાં ઉપાસનાના ફળના પ્રયોજક તરીકે દેવગતિનામકર્મના ઉદયને ન કહેતાં તીર્થંકરનામકર્મના ઉદયને જ કહેલ છે. તો ત્યાં પ્રશ્ન થાય કે, સરસ્વતી આદિ દેવીઓને કે ધરણેન્દ્ર, પદ્માવતી આદિને નમસ્કાર કેમ કરવામાં આવે છે ? અર્થાત્ ઉપાસકોએ તીર્થંકરને છોડીને અન્ય સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવી આદિને નમસ્કાર કરવો ન જોઈએ. તેથી કહે છે -

ટીકાર્થ :-

मन्त्रमय ..... उन्मेषः, **મંત્રમય દેવતાનય=મંત્રમય દેવતાને જોવાની દૃષ્ટિ, સમભિરૂઢનયનો ભેદ છે, અથવા તદ્ઉપજીવી=સમભિરૂઢનય ઉપર જીવનાર, ઉપચાર છે, જેને ગ્રહણ કરીને સંયતોને પણ દેવતાના નમસ્કારનું ઉચિતપણું છે, એ પ્રકારે સંપ્રદાયને અવિરુદ્ધ અમારી મનીષાનો=બુદ્ધિનો, ઉન્મેષ છે.**

વિશેષાર્થ :-

દેવગતિનામકર્મના ઉદયથી પ્રાપ્ત થતું દેવતાપણું સર્વ દેવોમાં છે, પરંતુ જે જીવો ભગવાન પ્રત્યે ભક્તિવાળા છે, તેથી જ તેવા પ્રકારના દેવભવને પામેલા છે, જેમને ભગવાનના શ્રુતાદિની ઉપાસના કરનારને સહાયક થવાની વૃત્તિ પ્રધાનરૂપે છે, તેવી સરસ્વતી આદિ દેવીઓ છે, અને તેના વાચક જે મંત્રમય શબ્દો છે, તેને દેવતારૂપે જોનાર દૃષ્ટિ મંત્રમય દેવતાનય=દેવતાને જોવાની દૃષ્ટિ છે.

અહીં વિશેષ એ છે કે, સમભિરૂઢનય વ્યુત્પત્તિના ભેદથી અર્થનો ભેદ સ્વીકારે છે, તેથી એક જ વ્યક્તિ ઇંદ્ર અને પુરંદર શબ્દથી વાચ્ય હોવા છતાં ઇંદ્ર અને પુરંદરને જુદા સ્વીકારે છે. તે જ રીતે દેવગતિમાં રહેલ દેવતા અને મંત્રમય દેવતાને સમભિરૂઢનય જુદા સ્વીકારે છે; અર્થાત્ મંત્રમય દેવતા મંત્રાક્ષરરૂપ છે, અને તે અચેતન રૂપ છે, અને દેવગતિનામકર્મના ઉદયવાળા દેવો એ ચેતનરૂપ છે, એ બંનેને સમભિરૂઢનય જુદા માને છે. તેથી ગ્રંથકાર કહે છે કે, મંત્રમય દેવતાનય=મંત્રમય દેવતાને જોવાની દૃષ્ટિ, એ સમભિરૂઢનયનો ભેદ છે, અથવા તદુપજીવી ઉપચાર છે, અર્થાત્ સમભિરૂઢનય ઉપર જીવનાર ઉપચારને સ્વીકારનાર વ્યવહારનય છે.

આનાથી એ ફલિત થયું કે, વ્યવહારનયથી દેવગતિનામકર્મના ઉદયવાળા જીવો ચેતન દેવતારૂપે સ્વીકારાય છે, અને સમભિરૂઢનય ઉપર જીવનાર એવા વ્યવહારનયથી અચેતનરૂપ મંત્રમય દેવતા સ્વીકારાય છે, અને તીર્થંકરનામકર્મના ઉદયથી દેવાધિદેવને દેવતારૂપે સ્વીકારાય છે. અને સમભિરૂઢનયને અભિમત કે સમભિરૂઢનય ઉપર જીવનાર વ્યવહારનયને અભિમત મંત્રમય દેવતાને આશ્રયીને સંયતોને પણ દેવતાના નમસ્કારનું ઉચિતપણું છે, એ પ્રકારે સંપ્રદાયને અવિરુદ્ધ એવો આ અમારી મનીષાનો ઉન્મેષ છે; અર્થાત્ સમભિરૂઢનયને અભિમત કે સમભિરૂઢનય ઉપર જીવનાર વ્યવહારનયને અભિમત એવા મંત્રમય દેવતા વાચક શબ્દોને સંયતો પણ નમસ્કાર કરે છે, તે ઉચિત છે, અને તે કથન સંપ્રદાયને અવિરુદ્ધ છે; અર્થાત્ આપણી પરંપરાને અવિરુદ્ધ છે. એ પ્રકારનો પદાર્થ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની બુદ્ધિમાં સ્ફુરેલ છે, આથી જ ऐं नमः આદિ પ્રયોગો પ્રસિદ્ધ છે.

ઉત્થાન :-

પૂર્વમાં 'इदं पुनरत्र विचारणीयम्' એ કથનમાં કહેલ કે, દ્રવ્યસ્તવને દ્રવ્યયજ્ઞ કહી શકાય, પણ ભાવયજ્ઞ કહી શકાય નહિ. તેના સમાધાનરૂપે કહેલ કે, દેવતાઉદ્દેશકત્યાગમાં યાગશબ્દના પ્રયોગનું પ્રાચુર્ય છે, તેથી ભાવપદના સાંનિધ્યથી વીતરાગ દેવતાની ઉપસ્થિતિ થયે છતે વીતરાગની પૂજામાં ભાવયજ્ઞપદની પ્રવૃત્તિ પર્યવસાન પામે છે. ત્યાર પછી નૈયાયિક આદિના મતો અસમ્યગ્ છે, તે બતાવીને નિગમન કરતાં કહે છે -

ટીકાર્થ :-

तत्सिद्धम् ..... इति ।।३४।। તે કારણથી=પૂર્વમાં इदं पुनरत्र विचारणीयं ..... થી જે કહ્યું તે કારણથી, આ=વક્ષ્યમાણ, સિદ્ધ છે. અને તે જ બતાવે છે - વીતરાગના ઉદ્દેશથી દ્રવ્યસ્તવ તે ભાવયજ્ઞ જ છે. ।।૩૪।।

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

આખા કથનનો ફલિતાર્થ આ પ્રમાણે છે -

इदं पुनरत्र विचारणीयम् ..... થી એ સ્થાપન કર્યું કે, વીતરાગદેવને ઉદ્દેશીને કરાતા ત્યાગમાં ભાવયજ્ઞ પદ ઉચિત છે. ત્યાં પ્રશ્ન થાય કે, દેવતા પદાર્થ શું છે ? તેથી નિશ્ચયનયથી વીતરાગરૂપ દેવતા છે તે સ્થાપન કર્યું. અને દેવતાના વિષયમાં નૈયાયિક કહે છે તેમ પોતાને દેવગતિમાં રહેલા દેવતાઓને દેવતારૂપે સ્વીકારવું ઈષ્ટ હોવા છતાં, ઉપાસ્યરૂપે સ્વીકારવા ઉચિત નથી, અને એ સ્થાપન કર્યું, તેથી જ નૈયાયિકે કહેલ દેવતાનું ઉપાસ્યરૂપે ખંડન કર્યું. અને મીમાંસક ઈંદ્રાદિ પદને જ દેવતારૂપે સ્વીકારે છે, તેનું ન્યાયમાલામાં નૈયાયિક દ્વારા કરાયેલ ખંડનને બતાવીને એ બતાવવું છે કે, દેવગતિમાં રહેલાને જ દેવતારૂપે સ્વીકારી શકાય, પરંતુ પદોને દેવતારૂપે સ્વીકારી શકાય નહિ, તે પોતાને પણ વ્યવહારનયથી માન્ય છે. આમ છતાં, સમભિરૂઢનયને આશ્રયીને કે તદુપજીવી વ્યવહારનયને આશ્રયીને દેવગતિના બધા દેવોના વાચક પદો દેવતારૂપે માન્ય નહિ હોવા છતાં, મંત્રમય દેવતાનાં વાચક પદો દેવતારૂપે અભિમત છે, તેથી જ અચેતનરૂપ દેવતા અપેક્ષાએ પોતાને સંમત છે. આથી જ તે તે પદોને સંયતો પણ નમસ્કાર કરે છે, આથી જ 'ऐं नमः' જાપમાં સરસ્વતીના વાચક ऐं પદને નમસ્કાર કરવામાં આવે છે. **।।૩૪।।**

અવતરણિકા :-

भावापद्विनिवारणगुणेन कृतां स्थापनामेव द्रढयति -

અવતરણિકાર્થ :-

ભાવઆપત્તિના વિનિવારણના ગુણરૂપે કરાયેલી સ્થાપનાને જ દૃઢ કરતાં કહે છે -

વિશેષાર્થ :-

ભગવાનની સ્થાપના મૂર્તિમાં કરવામાં આવે છે, તેનું કારણ ભાવઆપત્તિ વિનિવારણગુણ= વિશેષરૂપે નિવારણનો ગુણ, મૂર્તિમાં છે. તેથી ભગવાનની મૂર્તિમાં ભગવાનની સ્થાપના કરવામાં આવે છે, તેને દૃઢ કરે છે -

શ્લોક :-

सम्यग्दृष्टिरयोगतो भगवतां सर्वत्र भावापदम्,
भेत्तुं तद्भवने तदर्चनविधिं कुर्वन्न दुष्टो भवेत् ।
वाहिन्युत्तरणोद्यतो मुनिरिव द्रव्यापदं निस्तरन्,
वैषम्यं किमिहेति हेतुविकलः शून्यं परं पश्यतु ।।३५।।

શ્લોકાર્થ :-

દ્રવ્ય આપત્તિની નિસ્તરણની કામનાથી નદીઉત્તરણમાં ઉદ્યમવાળા એવા મુનિની જેમ, સર્વત્ર ભગવાનનો અયોગ હોવાને કારણે સમ્યગ્દૃષ્ટિ જીવ તેમના ભવનમાં=ભગવાનના ભવનમાં, તેમની અર્ચનવિધિને=ભગવાનની અર્ચનવિધિને, કરતો દુષ્ટ નથી. અહીં શું વૈષમ્ય છે ? એ પ્રકારનો પર્યનુયોગ કરાયે છતે=પ્રશ્ન કરાયે છતે, હેતુવિકલ એવો લુંપાક કેવલ શૂન્ય જુએ છે. ।।૩૫।।

ટીકા :-

'सम्यग्दृष्टिः' इति :- सम्यग्दृष्टिः भगवतां=तीर्थकृतामयोगतः=विरहात्, सर्वत्र=सर्वस्थाने, भावापदं भेत्तुं तद्भवने=भगवदायतने, च तदर्चनविधिं विहितां भगवत्पूजां कुर्वन् न दुष्टो=न दोषवान्, भवेत् । क इव ? द्रव्यापदं अन्यतो विहारायोगरूपां निस्तरन्=निस्तरणकामः, वाहिन्याः=नद्याः, उत्तरणे उद्यतः=कृतोद्यमो, मुनिरिव । इह उक्तस्थानयोः किं वैषम्यम् ? अल्पव्ययबहुलाभयोराज्ञायोगस्य, तत्तदधिकार्यौचित्यस्य च तुल्यत्वात् । एकत्र नित्यत्वं कारणनित्यत्वात्, अन्यत्र नैमित्तिकत्वं च निमित्तमात्रापेक्षणादित्यस्योपपत्तेरिति पर्यनुयोगे हेतुविकलः प्रत्युत्तरदानासमर्थः परं=केवलं, शून्यं पश्यतु=दिङ्मूढस्तिष्ठतु इत्यर्थः ।।३५।।

✪ भगवदायतने च - અહીં च શબ્દ વધારાનો ભાસે છે.

ટીકાર્થ :-

सम्यग्दृष्टिः ..... भवेत् । સર્વસ્થાને તીર્થંકરનો વિરહ હોવાથી ભાવઆપત્તિને ભેદવા માટે તેમના ભવનમાં=ભગવાનના ભવનમાં, તેમની અર્ચનવિધિને=વિહિત એવી ભગવાનની પૂજાને, કરતો દુષ્ટ નથી=દોષવાન નથી.

✪ અહીં तदर्चनविधिं ના પૂરક તરીકે 'विहितां' શબ્દ છે.

ક ઇવ ..... મુનિરિવ । કોની જેમ ? દ્રવ્યઆપત્તિને=અન્ય સ્થળેથી વિહાર અયોગરૂપ દ્રવ્ય આપત્તિને, નિસ્તરણની ઈચ્છાવાળો, નદી ઊતરવામાં ઉદ્યત મુનિની જેમ (દોષવાળો) નથી.

ઇહ ..... તુલ્યત્વાત્, અહીંયાં=પ્રસ્તુત કથનમાં, ઉક્ત બે સ્થાનો છે, તેમાં શું વૈષમ્ય છે ? અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ ભાવઆપત્તિને દૂર કરવા માટે પૂજા કરે છે અને મુનિ દ્રવ્યઆપત્તિને દૂર કરવા માટે નદી ઊતરે છે, એ રૂપ ઉક્ત બે સ્થાનોમાં શું વૈષમ્ય છે ? અર્થાત્ વૈષમ્ય નથી; કેમ કે અલ્પવ્યય-બહુલાભ હોતે છતે આજ્ઞાયોગનું અને તે તે (ક્રિયાના) અધિકારીના ઔચિત્યનું તુલ્યપણું છે.

વિશેષાર્થ :-

જેમ નદી ઊતરતાં મુનિને જલવિરાધનારૂપ અલ્પવ્યયથી સંયમની વૃદ્ધિરૂપ બહુલાભ થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિને ભગવાનની પૂજા દ્વારા અલ્પજીવોના ઉપમર્દનરૂપ અલ્પવ્યયથી ઘણા લોકોને બીજાધાનરૂપ બહુલાભ થાય છે. અને જેમ મુનિને તથાવિધ સંયોગોમાં નદી ઊતરવાની આજ્ઞાનો યોગ છે, તેમ સમ્યગ્દૃષ્ટિને પણ ભગવાનની પૂજામાં આજ્ઞાયોગ છે. અને જેમ તથાવિધ આપત્તિમાં મુનિ નદી ઊતરવાનો અધિકારી છે, તેમ મલિનારંભી એવો સમ્યગ્દૃષ્ટિ ભગવાનની પૂજાનો અધિકારી છે. તેથી અધિકારીના ઔચિત્યનું બંનેમાં તુલ્યપણું છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, નદી ઊતરવાની ક્રિયા તથાવિધ સંયોગોમાં મુનિને ક્યારેક હોય છે, જ્યારે ભગવાનની પૂજાને તો તમે નિત્યકર્તવ્ય માનો છો, તેથી બંનેમાં સમાનતા નથી. આથી જ નદી ઊતરવાનું મુનિને અપવાદ માર્ગે છે. તેથી કહે છે -

ટીકાર્થ :-

એકત્ર ..... ઇત્યર્થઃ ।। એક ઠેકાણે નિત્યપણું, કારણનું નિત્યપણું હોવાને કારણે છે; અને અન્ય ઠેકાણે નૈમિત્તિકપણું છે, કેમ કે નિમિત્તમાત્રની અપેક્ષા છે. એથી કરીને આની=તુલ્યત્વની, ઉપપત્તિ છે. તેથી બંનેમાં શું વૈષમ્ય છે ? આ પ્રકારે પર્યનુયોગ કરાયે છતે હેતુવિકલ એવો પૂર્વપક્ષી પ્રત્યુત્તર આપવામાં અસમર્થ ફક્ત દિગ્મૂઢ ઊભો રહે છે, એ પ્રકારે અર્થ છે. ॥૩૫॥

વિશેષાર્થ :-

ભગવાનની પૂજામાં નિત્યપણું છે; કેમ કે ભગવાનના વિરહમાં ભગવાનનો વિનય કરવારૂપ કારણ નિત્ય વિદ્યમાન છે. તેથી સમ્યગ્દૃષ્ટિ ભગવાનની નિત્ય પૂજા કરે છે, અને નદી ઊતરવામાં નૈમિત્તિકપણું છે; કેમ કે ત્યાં નદીને છોડીને અન્યત્ર ભૂમિ આદિથી વિહારરૂપ સામગ્રીના અભાવસ્વરૂપ નિમિત્તમાત્રની અપેક્ષા છે, એથી કરીને બંનેમાં તુલ્યપણું છે. તેથી ત્યાં શું વિષમતા છે ? આ પ્રકારનો પ્રશ્ન કરાયે છતે હેતુરહિત એવો પૂર્વપક્ષી પ્રત્યુત્તર આપવામાં અસમર્થ બનેલો કેવલ દિગ્મૂઢ ઊભો રહે છે. **॥૩૫॥**

અવતરણિકા :-

વૈષમ્યહેતુમાશઙ્ક્ય નિરાકરોતિ -

અવતરણિકાર્થ :-

વૈષમ્યહેતુની આશંકા કરીને નિરાકરણ કરે છે -

વિશેષાર્થ :-

પૂર્વશ્લોકમાં મુનિના નદીઉત્તરણની જેમ સમ્યગ્દૃષ્ટિની ભગવાનની પૂજા દુષ્ટ નથી તે સિદ્ધ કર્યું, ત્યાં વૈષમ્યરૂપ હેતુની આશંકા કરીને નિરાકરણ કરે છે; અર્થાત્ મુનિની નદીઉત્તરણરૂપ ક્રિયાના દૃષ્ટાંતમાં અને ભગવાનની પૂજારૂપ દાર્ષ્ટાંતિકમાં વૈષમ્યરૂપ હેતુની આશંકા કરીને નિરાકરણ કરે છે. મુનિનું નદીઉત્તરણ અનન્ય ઉપાયથી કરવું પડે છે, પરંતુ તે હિંસારૂપ હોવાથી ઈષ્ટ નથી, તેથી ત્યાં સંખ્યાનું નિયમન કરેલ છે. અને તમારા સિદ્ધાંત પ્રમાણે પૂજા તમને અનન્યરૂપે નહિ પરંતુ ઈષ્ટ ઉપાયરૂપે ભાસે છે, તેથી ત્યાં સંખ્યાનો નિયમ નથી, એ રૂપ વૈષમ્ય હેતુની આશંકા કરીને ગ્રંથકારશ્રી નિરાકરણ કરે છે. અર્થાત્ નદી ઊતરવાનું પ્રયોજન જુદા પ્રકારનું છે અને પૂજાનું પ્રયોજન જુદા પ્રકારનું છે, માટે બેના હેતુનું વૈષમ્ય છે, એ પ્રકારની પૂર્વપક્ષીની આશંકાનું ગ્રંથકારશ્રી નિરાકરણ કરે છે -

શ્લોક :-

नो नद्युत्तरणे मुनेर्नियमनाद्वैषम्यमिष्टं यतः,
पुष्टालम्बनकं न तन्नियमितं किन्तु श्रुते रागजम् ।
अस्मिन् सत्त्ववधे वदन्ति किल येऽशक्यप्रतीकारताम्,
तैर्निन्दामि पिबामि चाम्भ इति हि न्यायः कृतार्थः कृतः ।।३६।।

શ્લોકાર્થ :-

મુનિને નદી ઊતરવામાં (સંખ્યાનું) નિયમન હોવાથી વૈષમ્ય ઈષ્ટ છે, એમ ન કહેવું; જે કારણથી પુષ્ટ આલંબનક નદીઉત્તરણ નિયમિત નથી, પરંતુ સિદ્ધાંતમાં રાગપ્રાપ્ત નદીઉત્તરણ નિયમિત છે. આમાં=નદીઉત્તરણમાં, સત્ત્વવધમાં જેઓ અશક્ય પ્રતિકારપણાને કહે છે, તેઓ વડે હું પાણીને નિંદું છું અને પીઉં છું, એ પ્રમાણે ન્યાય કૃતાર્થ કરાયેલ છે. ।।૩૬।।

ટીકા :-

'नो नद्युत्तरणे' इति :- मुनेः नद्युत्तरणे नियमनात्=संख्यानियमाभिधानात्, श्राद्धस्य पूजायां तदभावाद् वैषम्यमिष्टम् इति नो=नैव वाच्यम, यतः तन्नद्युत्तरणं पुष्टालम्बनकं ज्ञानादिलाभकारणं

न नियमितम्, किन्तु श्रुते=सिद्धान्ते, रागजं=रागप्राप्तम्, इत्थमेव नखनिर्दलनप्राप्तोपघातनिषेधार्थं प्रोक्षणविधेरिव रागप्राप्तनद्युत्तरणनिषेधार्थं प्रकृतस्य नियमविधित्वोपपत्तेः । द्रव्यस्तवविधिस्तु गृहिणोऽपूर्व एवेति साम्यायोगात् । पुष्टालम्बनं तु वर्षास्वपि ग्रामानुग्रामविहारकरणमप्यनुज्ञातमिति कस्तत्र सङ्ख्यानियमः ? तथा च स्थानाङ्गसूत्रम्,' - "वासावासं पज्जोसवियाणं णो कप्पइ निग्गंथाणं वा निग्गंथिणं वा गामाणुगामं दूइज्जित्तए । **पंचहिं** ठाणेहिं कप्पइ, तं० णाणट्ठयाए, दंसणट्ठयाए, चरित्तट्ठयाए, आयरियउवज्झाए वा से वीसुंभेज्जा, **आयरियउवज्झायाणं** वा बहिया वेयावच्चकरणयाए" त्ति । **तत्र च मालवादावेकदिनमध्येऽपि बहुशो नद्युत्तरणं संभवतीति ।**

टीकार्थ :-

मुनेः ..... **रागप्राप्तम्, मुनिने नदी ઊતરવામાં સંખ્યા-નિયમનનું અભિધાન હોવાથી અને શ્રાદ્ધને પૂજામાં તેનો અભાવ હોવાથી વૈષમ્ય ઈષ્ટ છે, એ પ્રમાણે ન જ કહેવું; જે કારણથી તે=નદીઉત્તરણ અર્થાત્ મુનિનું નદીઉત્તરણ, પુષ્ટાલંબનક જ્ઞાનાદિ લાભ કારણવાળું નિયમિત નથી, પરંતુ સિદ્ધાંતમાં રાગપ્રાપ્ત નદીઉત્તરણ નિયમિત છે.**

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને એ કહેવું છે કે, મુનિને નદી ઊતરવામાં સંખ્યાના નિયમનું અભિધાન હોવાથી મુનિને નદી ઊતરવાની ક્રિયા જીવહિંસારૂપ છે, તેથી અનન્ય ઉપાયરૂપે તે અભિમત છે; અર્થાત્ નદી ઊતર્યા સિવાય ઈષ્ટ સ્થાનની પ્રાપ્તિ નહિ હોવાથી તે અભિમત છે. તેથી જ નદી ઊતરવામાં સંખ્યાનું નિયમન કરેલ છે. જ્યારે શ્રાદ્ધની ભગવાનની પૂજામાં સંખ્યાના નિયમનનો અભાવ હોવાથી મુનિના નદીઉત્તરણ સદૃશ પૂજાની ક્રિયા છે, તેમ તમે કહી શકશો નહિ; કેમ કે બેમાં વૈષમ્ય તમને પણ સંમત છે. તેથી નદીઉત્તરણના દૃષ્ટાંતથી શ્રાદ્ધને પૂજા દુષ્ટ નથી, એ પ્રકારનું કથન તમે સ્થાપન કરી શકશો નહિ. એ પ્રમાણેના પૂર્વપક્ષીના આશય સામે સિદ્ધાંતકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું. કેમ કે પુષ્ટાલંબનક નદીઉત્તરણ નિયમિત નથી, પરંતુ રાગપ્રાપ્ત નદીઉત્તરણ નિયમિત છે. તેથી જેમ પુષ્ટાલંબનથી નદી ઊતરવામાં નિયમ નથી, તેમ ભગવાનની પૂજામાં પણ નિયમ નથી. માટે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ સંગત થશે; કેમ કે બેમાં વૈષમ્ય નથી.

સિદ્ધાંતમાં રાગપ્રાપ્ત નદીઉત્તરણનું નિયમન છે, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, મુનિને નદી ઊતર્યા વગર અન્યત્ર જવું હોય અને અતિ ફરીને જવું પડતું હોય, તેથી તે રીતે જવામાં પ્રમાદ વર્તતો હોય ત્યારે તે નદી ઊતરે તે રાગપ્રાપ્ત નદીઉત્તરણ કહેવાય. યદ્યપિ એ રીતે નદીઉત્તરણ એ સંયમના માલિન્યનું આપાદક છે તેથી તેનો નિષેધ જ હોવો જોઈએ, પરંતુ સંખ્યાનિયમન નહિ; આમ છતાં, ક્વચિત્ પ્રમાદના કારણે કોઈ મુનિ તે રીતે નદી ઊતરતો હોય તો પણ અધિકવાર ન ઊતરવી જોઈએ, એમ કહીને અધિકવાર નદી ઊતરવાના વર્જન અર્થે પ્રસ્તુત સંખ્યાનિયમનનો વિધિ છે.

અહીં વિશેષ એ છે કે, રાગપ્રાપ્ત નદીઉત્તરણમાં સંખ્યાનો નિયમ બતાવવામાં ન આવે તો કોઈ મુનિને પ્રમાદને કારણે ફરીને જવું કષ્ટપ્રદ લાગે તો, માસકલ્પ પ્રમાણે વિહારનું વર્જન કરીને પણ અધિક સ્થિર રહેવા પ્રયત્ન કરે. તેથી ક્ષેત્રનો પ્રતિબંધ આદિ અધિક દોષની પ્રાપ્તિ થાય. તેના નિવારણ માટે ફરીને પણ વિહાર કરવો અતિ જરૂરી છે. કદાચ પ્રમાદને કારણે ફરીને જવા મુનિ તૈયાર ન થાય, તો નદી ઊતરીને પણ માસકલ્પ જાળવવો ઉચિત છે, એ બતાવવા અર્થે રાગપ્રાપ્ત નદીઉત્તરણમાં સંખ્યાનો નિયમ કરેલ હોવો જોઈએ. એ પ્રકારનો અર્થ ભાસે છે, તત્ત્વ બહુશ્રુત વિચારે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, રાગપ્રાપ્ત નદીઉત્તરણ નિયમિત છે. તેની જ પુષ્ટિ કરતાં કહે છે -

ટીકાર્થ :-

इत्थमेव ..... नियमविधित्वोपपत्तेः । આ રીતે જ=પૂર્વમાં ગ્રંથકારે કહ્યું કે, જ્ઞાનાદિ લાભકારણ નદીઉત્તરણ નિયમિત નથી, પરંતુ રાગાદિપ્રાપ્ત નદીઉત્તરણ નિયમિત છે, એ રીતે જ, નખનિર્દલનથી પ્રાપ્ત ઉપઘાતના નિષેધ માટે જેમ પ્રોક્ષણવિધિ છે; અર્થાત્ નખ કાપવાની વિધિ છે, તેમ રાગપ્રાપ્ત નદીઉત્તરણના નિષેધ માટે પ્રકૃતના નિયમવિધિત્વની ઉપપત્તિ છે; અર્થાત્ નદીઉત્તરણના નિયમવિધિત્વની ઉપપત્તિ છે. (તેથી સિદ્ધાંતમાં રાગપ્રાપ્ત નદીઉત્તરણનું નિયમન છે, એ પ્રમાણેનો અન્વય છે.)

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, જેમ રાગપ્રાપ્ત નદીઉત્તરણ નિયમિત છે, તેના જેવી જ જિનપૂજા છે, તેમ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ ગ્રહણ કરીએ તો શું વાંધો છે ? તેથી જેમ રાગપ્રાપ્ત નદીઉત્તરણ મુનિને ઈષ્ટ નથી, તેમ જિનપૂજા પણ હિંસારૂપ હોવાથી ગૃહસ્થને ઈષ્ટ નથી, એમ માની શકાય. તેથી કહે છે -

ટીકાર્થ :-

द्रव्यस्तव ..... साम्यायोगात् । વળી દ્રવ્યસ્તવની વિધિ ગૃહસ્થની અપૂર્વ જ છે. એથી કરીને સામ્યનો અયોગ છે.

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવની વિધિ રાગપ્રાપ્ત નદીઉત્તરણ તુલ્ય નથી, પરંતુ અપૂર્વ જ છે, પૂર્વમાં ક્યારેય પણ તેવા પ્રકારના ભગવદ્ બહુમાનપૂર્વક દ્રવ્યસ્તવ પ્રાપ્ત થયું નથી. પરંતુ કર્મની લઘુતાને કારણે લોકોત્તમ એવા પરમાત્માના સ્વરૂપને જાણીને તેમના પ્રત્યે અનન્ય ભક્તિ થવાથી ભગવાનની પૂજા કરે છે, તે રાગપ્રાપ્ત નથી, પરંતુ કષાયની અતિ અલ્પતાને કારણે અપૂર્વ જ છે. જ્યારે મુનિને રાગપ્રાપ્ત નદીઉત્તરણની ક્રિયા અપૂર્વ નથી, પરંતુ અનાદિ સિદ્ધ જીવનો સ્વભાવ છે કે પ્રમાદ કરવો, તેથી જ અધિક વિહારના પરિહાર અર્થે નદીઉત્તરણની ક્રિયા મુનિ કરે છે. તેથી રાગપ્રાપ્ત નદીઉત્તરણની ક્રિયા અને દ્રવ્યસ્તવ એ બેની વચમાં સામ્યનો અયોગ છે. માટે રાગપ્રાપ્ત નદીઉત્તરણના

દૃષ્ટાંતથી ભગવાનની પૂજા શ્રાદ્ધને દુષ્ટ છે, એમ કહી શકાય નહિ; પરંતુ પુષ્ટાલંબનક નદીઉત્તરણના દૃષ્ટાંતથી ભગવાનની પૂજા અદુષ્ટ છે, એમ સિદ્ધ કરી શકાય.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, પુષ્ટાલંબનક નદીઉત્તરણ નિયમિત નથી. તેની જ પુષ્ટિ કરવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

પુષ્ટાલંબનં ..... વેયાવચ્ચકરણયાએ ત્તિ । વળી વર્ષામાં પણ પુષ્ટાલંબનરૂપ ગ્રામાનુગ્રામ વિહારકરણ પણ અનુજ્ઞાત છે. એથી કરીને ત્યાં=પુષ્ટાલંબનક નદીઉત્તરણમાં સંખ્યાનો નિયમ ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. 'तथा च' અને તે રીતે=પુષ્ટાલંબને વર્ષાઋતુમાં પણ વિહારકરણ અનુજ્ઞાત છે, તે રીતે, સ્થાનાંગસૂત્રમાં છે -

સ્થાનાંગસૂત્રનો અર્થ આ પ્રમાણે છે - वासावासं ..... त्ति । વર્ષાવાસમાં રહેલા સાધુ અથવા સાધ્વીજીને એક ગામથી બીજે ગામ વિહાર કરવો કલ્પે નહિ, પરંતુ પાંચ સ્થાનોથી કલ્પે છે.

(૧) જ્ઞાનના માટે, (૨) દર્શન માટે (સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે), (૩) ચારિત્ર માટે, (૪) આચાર્ય કે ઉપાધ્યાય કાળ કરી જાય તો અને (૫) બહાર આચાર્ય કે ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરવાનો પ્રસંગ હોય તો વર્ષાઋતુમાં પણ વિહારકરણ અનુજ્ઞાત છે.

'इति' શબ્દ સ્થાનાંગસૂત્રના કથનની સમાપ્તિસૂચક છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, પુષ્ટાલંબનક નદીઉત્તરણમાં સંખ્યાનો નિયમ ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. એ જ વાત અનુભવના બળથી બતાવે છે -

ટીકાર્થ :-

तत्र च ..... संभवतीति । અને ત્યાં=જ્ઞાનાદિકારણમાં, માલવાદિમાં એક દિવસમાં ઘણી વખત નદીઉત્તરણ સંભવે છે. એથી પુષ્ટાલંબનમાં સંખ્યાનો નિયમ ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. इति શબ્દ પુષ્ટાલંબનક નદીઉત્તરણ નિયમિત નથી, એ કથનની પુષ્ટિ અર્થે જે વક્તવ્ય છે, તેની સમાપ્તિઅર્થક છે.

વિશેષાર્થ :-

ચોમાસામાં સાધુને વિહારનો નિષેધ છે; આમ છતાં, પુષ્ટાલંબનમાં અનુજ્ઞાત છે. તે જ રીતે પુષ્ટ આલંબનમાં નદી ઊતરવાની પણ અનુજ્ઞા છે. તેથી ત્યાં સંખ્યાનિયમ ન હોય.

અહીં કોઈને શંકા થાય કે, પુષ્ટાલંબનમાં નદી ઊતરવાની અનુજ્ઞા હોવા છતાં મહિનામાં બે-ત્રણ વારથી વધારે વાર નદી ન ઊતરવી, એ પ્રમાણે સંખ્યાનો નિયમ સ્વીકારીએ તો શું વાંધો છે ? તેથી કહે છે -

માલવાદિ દેશમાં એક દિવસમાં પણ પુષ્ટાલંબનથી અનેકવાર નદી ઊતરવાનો સંભવ છે. તેથી જો ત્યાં સંખ્યાનિયમ હોય તો જ્ઞાનાદિની વૃદ્ધિમાં એ સંખ્યાનિયમ વિઘ્નભૂત થાય, અને તેવી ભગવાનની આજ્ઞા હોઈ શકે નહિ. માટે પુષ્ટાલંબનમાં સંખ્યાનિયમ નથી, પણ રાગાદિપ્રાપ્ત નદી ઊતરવામાં જ સંખ્યા નિયમ છે.

ટીકા :-

अशक्यपरिहारसमाधिमाश्रित्याह- 'अस्मिन्=नद्युत्तरणे सत्त्ववधे जलादिजीवोपमर्दे येऽशक्य-प्रतीकारतां वदन्ति, तैः अम्भो=जलं निन्दामि पिबामि चे'ति न्यायः कृतार्थः कृतः। सत्त्ववधमात्रस्य निन्दनाद् नद्युत्तरणसंभविनश्च तस्याश्रयणात् । शक्यं हि एवं प्रतिमार्चनेऽपि वक्तुम् ।

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, તથાવિધ સંયોગને કારણે સાધુને નદી ઊતર્યા વગર ચાલે તેમ નથી, અને નદી ઊતરવામાં જીવોના વધનો પરિહાર અશક્ય છે, જ્યારે શ્રાવક જિનપૂજા ન કરે તો જીવવધનો પરિહાર શક્ય છે, માટે સાધુના નદીઉત્તરણના દૃષ્ટાંતથી જિનપૂજા નિર્દોષ છે, તેમ સિદ્ધ કરી શકાય નહિ. એ પ્રકારના પૂર્વપક્ષીના આશયને સામે રાખીને કહેલ છે કે - **અશક્યપરિહારસમાધિને આશ્રયીને ગ્રંથકાર કહે છે -**

સાધુને સંયમ માટે નદી ઊતરતાં જીવહિંસાનો પરિહાર અશક્ય છે, માટે દોષ નથી એ પ્રકારનું સમાધાન પૂર્વપક્ષી કરે છે. તેને આશ્રયીને ગ્રંથકાર કહે છે –

ટીકાર્થ :-

अस्मिन् ..... आश्रयणात् । આમાં=નદીઉત્તરણમાં, થતા જલાદિ જીવના ઉપમર્દનરૂપ સત્ત્વવધના વિષયમાં જેઓ અશક્ય પ્રતિકારતાને કહે છે, તેઓ વડે જલની નિંદા કરું છું અને પીઉં છું, એ પ્રકારનો ન્યાય કૃતાર્થ કરાયો છે. કેમ કે સત્ત્વવધમાત્રનું નિંદન કરે છે, અને નદીઉત્તરણ સંભવી એવા તેનું= સત્ત્વવધનું, આશ્રયણ કરે છે.

વિશેષાર્થ :-

જેમ કોઈ જીવ આ પાણી ખરાબ છે, એમ નિંદા કરતો હોય, અને તે જ પાણીને પીતો હોય તો તેનું તે કથન ઉપહાસને પામે છે. તેમ લુંપાક કહે છે કે, સાધુઓને નદી ઊતરવામાં થતી જીવહિંસા એ ખરેખર ઈષ્ટ નથી; પરંતુ જીવરક્ષણનો કોઈ ઉપાય નહિ હોવાથી થાય છે, એ કથન અસમંજસ છે. કેમ કે જો નદી ઊતરવામાં થતો પ્રાણીનો વધ સંયમનું કારણ ન હોય તો સાધુએ નદી ઊતરવી જોઈએ નહિ.

સંયમની વૃદ્ધિના કારણીભૂત નદી ઊતરવાની ક્રિયા પાપરૂપ છે તેમ કહેવું, અને સંયમની વૃદ્ધિ અર્થે સાધુ નદી ઊતરવાની ક્રિયા કરે તે ઉચિત છે તેમ કહેવું, એ જલની નિંદા કરવી અને જલને પીવું એના તુલ્ય છે. વાસ્તવિક રીતે તો સંયમની વૃદ્ધિ અર્થે નદી ઊતરવાની ક્રિયા એ ધર્માનુષ્ઠાનરૂપ છે, માટે તે અનુષ્ઠાન હિંસારૂપ છે, એમ કહી શકાય નહિ.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, નદી ઊતરવામાં થતી હિંસા ખરેખર અમને ઈષ્ટ નથી, પરંતુ નદી ઊતર્યા વગર સંયમના પાલનને અનુકૂળ વિહાર અશક્ય છે, તેથી અમે નદી ઊતરીએ છીએ. તેને ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

शक्यं ..... वक्तुम् । એ રીતે પ્રતિમાઅર્ચનમાં પણ કહેવું શક્ય છે.

વિશેષાર્થ :-

મલિનારંભી એવા ગૃહસ્થને વીતરાગની દ્રવ્યપૂજા ભગવાન પ્રત્યેના વિનયની વૃદ્ધિ અર્થે અવશ્ય કર્તવ્ય છે, અને તે દ્રવ્યપૂજા સત્ત્વવધ વગર અશક્ય છે, તેથી પુષ્ટાલંબનક નદીઉત્તરણ અને ભગવાનની દ્રવ્યપૂજા એ બે સ્થાનોમાં તુલ્યતા છે.

ટીકા :-

भक्तिसाधनीभूतपुष्पादिसत्त्ववधस्य शक्यपरिहारत्वात्तदकरणे तत्परिहारः शक्य इति चेत् ? नद्यनुत्तरणे तज्जीववधपरिहारः शक्य इति तुल्यम् । साधुना कुलाद्यप्रतिबद्धेन विहारस्तावदवश्यं कर्त्तव्यः स च नद्युत्तरणं विना न सम्भवतीत्यनन्यगत्या एव नद्युत्तार इति चेत् ? साधुधर्माशक्तस्य श्राद्धस्यावश्यं कर्त्तव्या भगवद्भक्तिः प्रतिमार्चनं विना न संभवति इत्यत्रापि अनन्यगतिकत्वं तुल्यम् ।

ટીકાર્થ :-

भक्तिसाधनीभूत ..... तुल्यम् । ભક્તિના સાધનભૂત એવાં પુષ્પાદિરૂપ સત્ત્વવધનું શક્ય પરિહારપણું હોવાથી તેના અકરણમાં=દ્રવ્યસ્તવના અકરણમાં, તેનો પરિહાર=સત્ત્વવધનો પરિહાર, શક્ય છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે, નદી નહિ ઊતરવામાં તે જીવોના વધનો પરિહાર=જલના જીવોના વધનો પરિહાર, શક્ય છે, એથી કરીને તુલ્ય છે. અર્થાત્ સાધુને નદીઉત્તરણ અને ગૃહસ્થને ભગવાનની પૂજા એ બંને તુલ્ય છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને એ કહેવું છે કે, શ્રાવક ભગવાનની પૂજા ન કરે તો ભગવાનની ભક્તિમાં થતા જીવવધનો પરિહાર થઈ શકે, માટે પ્રતિમાઅર્ચનમાં જીવવધનો પરિહાર અશક્ય છે, તેમ કહી શકાય નહિ. તેને ગ્રંથકાર કહે છે કે, જો તેમ સ્વીકારીએ તો સાધુ પણ નદી ઊતરે નહિ તો જીવવધનો પરિહાર શક્ય છે, તેથી ભગવાનની ભક્તિમાં થતો જીવવધ અને સાધુની નદીઉત્તરણમાં થતો જીવવધ બંને સમાન છે. માટે પૂર્વપક્ષી ભગવાનની પૂજાનો નિષેધ કરતો હોય તો તેણે સાધુને નદી ઊતરવાનો નિષેધ કરવો જોઈએ.

ટીકાર્થ :-

साधुना ..... तुल्यम् । કુલાદિ અપ્રતિબદ્ધ એવા સાધુએ અવશ્ય વિહાર કરવો જોઈએ, અને તે= વિહાર, નદી ઊતર્યા વગર સંભવતો નથી. એથી અનન્ય ગતિથી જ (સાધુ) નદી ઊતરે છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે, સાધુધર્મ માટે અશક્ત એવા શ્રાવકને અવશ્ય કર્તવ્ય એવી ભગવદ્ ભક્તિ પ્રતિમાના અર્ચન વિના સંભવતી નથી. એથી કરીને અહીંયાં પણ=શ્રાવકની ભગવદ્ ભક્તિમાં પણ, અનન્યગતિપણું તુલ્ય છે.

ટીકા :-

एतेन एकत्र इर्याप्रतिक्रमणमन्यत्र न इति वैषम्यमिति निरस्तम् नद्युत्तारानन्तरमीर्याप्रतिक्रमणस्य साधुकल्पत्वात् 'नईसंतरणे पडिक्कमइ' इत्यागमेन तत्सिद्धेः । यदि चाधिकाराज्ञानिरपेक्षा ईर्यापथिक्येव नदीप्राणिवधशोधिकरी स्यात्, तदा साधुदानोद्यतः श्राद्धोऽनाभोगादिना सचित्तस्पर्शमात्रेणाशुद्धोऽपि तां प्रतिक्रम्य शुद्धः स्यात्, यया प्रत्याख्यातसर्वसावद्यानां साधूनां ज्ञात्वा नदीगतानेकजलादिजन्तुघातोत्पन्नं पातकमपाक्रियते, तया गृहिणोऽनाभोगतः सचित्तस्पर्शमात्रजन्यपातकापकरणमीषत्करमेवेति ।

ટીકાર્થ :-

एतेन ..... निरस्तम्, આના વડે=પૂર્વમાં કહ્યું કે, નદીઉત્તરણ અને પ્રતિમાઅર્ચનમાં અનન્યગતિપણું **તુલ્ય છે એના વડે, પૂર્વપક્ષીનું વક્ષ્યમાણ કથન નિરસ્ત જાણવું.**

પૂર્વપક્ષીનું વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે -

એક ઠેકાણે=સાધુને નદી ઊતરવામાં, ઈર્યાપથિક પ્રતિક્રમણ છે અને અન્યત્ર=શ્રાવકને દ્રવ્યસ્તવમાં ઈર્યાપથિક પ્રતિક્રમણ નથી, એ પ્રમાણે વૈષમ્ય છે.

વિશેષાર્થ :-

સાધુને નદી ઊતર્યા પછી ઈર્યાપથિક પ્રતિક્રમણ છે, અને શ્રાવકને જિનપૂજામાં ઈર્યાપથિક પ્રતિક્રમણ નથી, તેથી એ પ્રાપ્ત થાય કે, સાધુને નદી ઊતરવામાં જીવવિરાધનારૂપ દોષ છે, તેથી ઈર્યાપથિક પ્રતિક્રમણ છે, અને જિનપૂજામાં તમારા મંતવ્ય પ્રમાણે ઈર્યાપથિક પ્રતિક્રમણ નથી, તેથી તમે દ્રવ્યસ્તવને દોષરૂપ માનતા નથી. માટે સાધુના નદી ઊતરવાના દૃષ્ટાંતથી જિનપૂજા શ્રાવકને કર્તવ્ય છે, એમ સ્થાપન થઈ શકે નહિ; કેમ કે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવનું વૈષમ્ય છે. આ પ્રમાણે પૂર્વપક્ષીનો આશય एतेन... થી આ પ્રમાણે નિરસ્ત છે –

નદીઉત્તરણ અને જિનપૂજા એ બેમાં અનન્યગતિપણું તુલ્ય છે, એ રૂપ સામ્યથી દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવ છે, તેથી કોઈ દોષ નથી.

અહીં વિશેષ એ છે કે, સાધુના નદીઉત્તરણમાં અને શ્રાવકના દ્રવ્યસ્તવમાં અશક્યપરિહારપણું તુલ્ય હોવાથી જ જિનપૂજાની કર્તવ્યતા સિદ્ધ થાય છે. તેથી નદીઉત્તરણમાં ઈર્યાપ્રતિક્રમણ અને જિનપૂજામાં ઈર્યાપ્રતિક્રમણના અભાવરૂપ વૈષમ્ય માત્રથી જિનપૂજાની શ્રાવકને અકર્તવ્યતા સિદ્ધ થઈ શકે નહિ; એ બતાવવા અર્થે જ एतेन... निरस्तम् એમ કહેલ છે. પરંતુ સાધુને નદીઉત્તરણમાં ઈર્યાપ્રતિક્રમણ અને ગૃહસ્થને જિનપૂજામાં ઈર્યાપ્રતિક્રમણનો અભાવ, એ રૂપ વૈષમ્ય તો ગ્રંથકારને માન્ય જ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, નદી ઊતર્યા પછી ઈર્યાપ્રતિક્રમણ છે, તે બતાવે છે કે નદી ઊતરવાની ક્રિયા હિંસારૂપ છે, તેથી જ તે હિંસાના પાપની શુદ્ધિ અર્થે ઈર્યાપ્રતિક્રમણની શાસ્ત્રમાં વિધિ છે. અને તેમ સ્વીકારીએ તો નદી ઊતરવાના દૃષ્ટાંતથી જિનપૂજા કર્તવ્યરૂપે સિદ્ધ થઈ શકે નહિ. તેના નિરાકરણ માટે નદીઉત્તરણ પછી નદીમાં થતી જીવહિંસાને કારણે ઈર્યાપ્રતિક્રમણ નથી, પરંતુ તે સાધુનો કલ્પ છે, તે બતાવવા અર્થે ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

नद्युत्तार ..... तत्सिद्धेः । નદી ઊતર્યા પછી ઈર્યાપ્રતિક્રમણનું સાધુનું કલ્પપણું છે; કેમ કે नईसंतरणे पडिक्कमइ **એ પ્રકારના આગમ વડે તેની=સાધુના કલ્પની, સિદ્ધિ છે.**

વિશેષાર્થ :-

સમ્યગ્ યતનાપૂર્વક શાસ્ત્રોક્ત વિધિનું સ્મરણ કરીને મુનિ જ્યારે નદી ઊતરે છે, ત્યારે પણ યદ્યપિ જલના જીવોની વિરાધના થાય છે, તો પણ ત્યાં લેશ પણ કર્મબંધ નથી; કેમ કે પુષ્ટાલંબનક હોવાથી નદીઉત્તરણ જ્ઞાનાદિ વૃદ્ધિનું જ કારણ બને છે. આમ છતાં, અનાભોગ કે સહસાત્કારથી યતનામાં કાંઈક ગ્લાનિ થઈ હોય તેના નિવારણ અર્થે નદી ઊતર્યા પછી ઈર્યાપ્રતિક્રમણનું શાસ્ત્રમાં વિધાન છે, પરંતુ નદી ઊતરવાથી કોઈ પાપનું સેવન થયું છે, તેના નિવારણ અર્થે ઈર્યાપથિક પ્રતિક્રમણ નથી. તેથી જ નદી ઊતર્યા પછી ઈર્યાપથિક પ્રતિક્રમણને સાધુના કલ્પરૂપે આગમમાં કહેલ છે. અને આનાથી એ ફલિત થયું કે, જેમ પુષ્ટાલંબનક નદીઉત્તરણ એ સાધુને માટે સંયમની વૃદ્ધિનું કારણ છે, તેમ જિનપૂજા પણ સમ્યગ્દૃષ્ટિને પરિણામની વૃદ્ધિનું કારણ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, નદી ઊતર્યા પછી ઈર્યાપ્રતિક્રમણ સાધુનો કલ્પ છે, તેને જ પુષ્ટ કરવા અર્થે તર્ક કરતાં કહે છે -

ટીકાર્થ :-

यदि च ..... ईषत्करमेवेति । અને જો અધિકાર અને આજ્ઞાનિરપેક્ષ એવી ઈર્યાપથિકી ક્રિયા જ

નદીગત પ્રાણીના વધને શોધી કરનારાં થાય, તો સાધુના દાનમાં ઉદ્યત એવો શ્રાવક અનાભોગાદિ વડે સચિત્ત સ્પર્શમાત્રથી અશુદ્ધ થયેલો પણ તેનું પ્રતિક્રમણ કરીને શુદ્ધ થાય.

તે તર્કને જ યુક્તિથી સ્પષ્ટ કરતાં કહે છે -

જેના વડે=જે ઈરિયાવહિ વડે, પ્રત્યાખ્યાત છે સર્વ સાવદ્ય જેને એવા સાધુનું, જાણીને કરાયેલું નદીગત અનેક જલાદિ જંતુના ઘાતથી ઉત્પન્ન થયેલું પાપ દૂર કરાય છે, તેના વડે=તે ઈરિયાવહિ વડે, ગૃહસ્થને અનાભોગથી સચિત્ત સ્પર્શમાત્રજન્ય પાતક દૂર કરવું ઈષત્કરજ છે.

यया प्रत्याख्यातसर्वसावद्यानां साधूनां ज्ञात्वा... અહીં 'साधूनां' ષષ્ઠી વિભક્તિનો અન્વય 'पातकम्' સાથે છે અને 'ज्ञात्वा' નો અન્વય कृतं સાથે છે, જે અધ્યાહાર છે.

વિશેષાર્થ :-

સાધુ નદીના જલમાં જીવો છે તેમ જાણે છે, છતાં સંયમની વૃદ્ધિ અર્થે અનન્ય ઉપાયરૂપે જ્યારે નદી ઊતરે છે, ત્યારે તત્ત્વથી તે સંયમની વૃદ્ધિના ઉપાયનું જ સેવન કરે છે, જે નિર્જરાનું કારણ છે. આમ છતાં, ત્યાં ઈર્યાપ્રતિક્રમણ છે, તેના બળથી પૂર્વપક્ષી કહે છે કે, નદી ઊતરવાની ક્રિયા પાપરૂપ જ છે, આથી જ ત્યાં ઈર્યાપ્રતિક્રમણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, જો ઈર્યાપથિકીની ક્રિયા ભણીને વિરતિધર પણ જે પાપ કરે છે તેનો નાશ કરી શકે છે, તો જે ગૃહસ્થે સચિત્તનો સ્પર્શ ન કરવાનું પ્રત્યાખ્યાન નથી કર્યું, અને સાધુને વહોરાવવા માટે ઉદ્યત થયેલો છે, ત્યારે અનાભોગથી સચિત્તનો સ્પર્શ થઈ જાય ત્યારે જે પાપ થાય છે, તેની શુદ્ધિ ઈરિયાવહિયા અવશ્ય કરી શકે તેમ માનવું પડે. પરંતુ તે રીતે શુદ્ધિ કરીને સચિત્તના સ્પર્શવાળો શ્રાવક શુદ્ધ થયેલો છે, એમ માની શકાતું નથી. આથી જ તેના હાથથી સાધુ ભિક્ષા ગ્રહણ કરતા નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે, જે જીવ સંયમમાં ઉદ્યત છે અને ભગવાનની આજ્ઞા પ્રમાણે નદી ઊતરે છે, અને નદી ઊતરતાં તેને અનાભોગ કે સહસાત્કારથી યતનામાં સ્ખલના થઈ હોય તો તેના નિવારણ અર્થે ઈર્યાપથિકીનો કલ્પ છે, તેથી સાધુને ઈર્યાપથિકીનો અધિકાર પ્રાપ્ત થાય છે, અને નદી ઊતરવાની ક્રિયા પછી ઈર્યાપથિકી કરવાની આજ્ઞા પ્રાપ્ત થાય છે; અને તે કરવાથી અનાભોગ કે સહસાત્કારથી યતનામાં જે ત્રુટિ રહેલી હોય તદ્જન્ય જે પ્રાણિવધ છે, તેનાથી થયેલું જે પાપ છે; તેની શુદ્ધિ થાય છે. માટે ઈર્યાપથિકી ક્રિયા એ સાધુના કલ્પરૂપ છે, પરંતુ જાણીને કરાયેલા પાપના નિવારણ અર્થે કરવાની તે ક્રિયા નથી. આથી જ નદી ઊતરતાં યતનામાં કોઈ સ્ખલના ન થયેલ હોય તો કોઈ પાપ થતું નથી, તેથી ત્યાં ઈર્યાપથિકી ક્રિયાથી પાપની શુદ્ધિ નહિ હોવા છતાં કલ્પના=આચારના, સેવનથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે, ઈર્યાપથિકી ક્રિયામાં વિશેષણરૂપે અધિકાર એ વિશેષણ એટલા માટે મૂકેલ છે કે, નદી ઊતર્યા પછી સાધુને ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરવું જોઈએ એ પ્રકારની આજ્ઞા છે, અને નદી ઊતર્યા પછી અનાભોગથી થયેલાં પાપની શુદ્ધિ અર્થે અથવા તો અપ્રમાદભાવના સ્થૈર્યાર્થે સાધુને ઈરિયાવહી કરવાનો અધિકાર છે, પરંતુ શ્રાવકને નહિ. અને ઈર્યાપથિકી ક્રિયાના વિશેષણરૂપે આજ્ઞાનિરપેક્ષ વિશેષણ આપેલ

હોવાથી નદી ઊતર્યા પછી શ્રાવક ઈરિયાપ્રતિક્રમણ કરે તો તેના માટે ઉચિત નથી, પરંતુ સાધુને જ તે ઉચિત છે, કેમ કે, શ્રાવકને નદી ઉતર્યા પછી ઈર્યાપ્રતિક્રમણ કરવાની ભગવાનની આજ્ઞા નથી, તે ઈર્યાપથિકીના વિશેષણરૂપે અધિકાર અને આજ્ઞાનિરપેક્ષથી બતાવવું છે. તેથી એ પ્રાપ્ત થાય કે, જો સાધુને વહોરાવવા શ્રાવકથી અનાભોગથી સચિત્તનો સ્પર્શ થઈ જાય તો તેની શુદ્ધિ ઈરિયાવહીથી થતી નથી, તેનું કારણ તે સ્થાનમાં અધિકાર નથી, અને ભગવાનની આજ્ઞા નથી, તેથી જ શુદ્ધિ થતી નથી.

'यदि च थी शुद्धः स्यात्' सुधी तर्क छे अने ते तर्क द्वारा ते स्थापन करवुं छे के, नदीउत्तरण पछी ईरियाप्रतिक्रमण એ साधुनो कल्प छे, परंतु नदीउत्तरणथी थता प्राणिवधनी शुद्धि माटेनी क्रिया नथी. अने तेथी ज तर्कमां कह्युं छे के, ईर्यापथिकी नदीना प्राणिवधने शुद्ध करनारी होय तो सचित्तना स्पर्शवाळा श्रावकने पण ते शुद्ध करी शके, परंतु वस्तुतः श्रावकने ते शुद्ध करी शकती नथी, तेथी नदीना प्राणिवधने शुद्ध करनारी ईरियापथिकी क्रिया नथी, परंतु ईर्यापथिकी क्रिया साधुनो कल्प छे. अने जे साधु पोताना कल्प प्रमाणे आचरणा करे तेनाथी ज अप्रमत्तभावनी वृद्धि थाय छे, अने ते अप्रमत्तभावनी वृद्धिने कारणे ज अनाभोगथी जे कांईपण नदीउत्तरणमां हिंसा थयेल होय तो तद्जन्य कर्मनो पण नाश थाय, अने न थयेल होय तो पण अप्रमादभावने कारणे चित्तनी विशुद्धि थवाथी निर्जरानी प्राप्ति थाय छे.

✪ 'एतेन' थी जे कथन शरू कर्युं, तेमां हेतु आपीने हेतुने पुष्ट करवा माटे 'यदि च' थी तर्क कर्यो अने ते तर्कने दृढ करवा माटे 'यया ..... ईषत्करमेव' सुधी युक्ति आपी, अने ते आखा कथननी समाप्ति अर्थे 'इति' शब्द छे, अने ते आखा कथनथी એ प्राप्त थयुं के, नदीउत्तरण पछी ईरियाप्रतिक्रमण साधुनो कल्प छे, तेम सर्वविरतिना अभाववाळाने भगवानना विनय अर्थे जिनपूजा करवी ते कल्प छे. એ कथननी समाप्ति 'इति' थी थाय छे.

उत्थान :-

पूर्वमां એ स्थापन कर्युं के, साधुने नदीउत्तरणनी क्रियानी जेम श्रावकने जिनपूजा कर्तव्य छे, त्यां प्रश्न थाय के, जिनपूजामां संख्यानो नियम नथी, तो साधुने नदीउत्तरणमां संख्यानो नियम केम छे ? तेथी कहे छे -

टीका :-

सङ्ख्यानियमोऽपि कल्प एव । द्विवारादिनिषेधे एकश उत्तारविधावपि षड्जीववधपातकस्य तवापरिहार्यत्वाच्छबलत्वनिषेधाय तदादरणस्याप्याज्ञामात्रशरणत्वात् सङ्ख्यानियमेनैव पातकित्वे च सांवत्सरिकप्रतिक्रमणेऽतिप्रसङ्गः ।

टीकार्थ :-

सङ्ख्या ..... एव । संख्या नियम पण कल्प ज छे.

✪ सङ्ख्यानियमोऽपि अहीं 'अपि' थी એ कहेवुं छे के, नदी ઊतर्या पछी ईर्याप्रतिक्रमण करवुं, એ तो कल्प

છે જ, પરંતુ મહિનામાં એક વખત જ નદીઉત્તરણ કરવું એ રૂપ સંખ્યાનિયમ પણ કલ્પ છે; અર્થાત્ મહિનામાં એકવાર નદી ઊતરવાની વિધિ નથી, પરંતુ ઊતરવાનું થાય તો એકથી અધિકવાર ન ઊતરવી, એ પ્રકારનો સંખ્યાનિયમ પણ કલ્પ છે.

ઉત્થાન :-

સંખ્યાનિયમને કલ્પરૂપે સ્વીકારી શકાય નહિ, પરંતુ નદીઉત્તરણમાં હિંસા છે, તેથી જ સાધુએ નદી ઊતરવી જોઈએ નહિ, પરંતુ અનન્ય ઉપાયરૂપે કદાચ નદી ઊતરે તો પણ એકથી અધિક વાર ન ઊતરવી, એ પ્રકારનો સંખ્યાનિયમનો અર્થ કરીને નદીઉત્તરણની ક્રિયાને હિંસારૂપે પૂર્વપક્ષીને સ્થાપન કરવી છે.

પૂર્વપક્ષીનો આશય એ છે કે, જેમ ગૃહસ્થ આરંભ-સમારંભની પ્રવૃત્તિ પાપરૂપ હોવાને કારણે જ તે પ્રવૃત્તિમાં સંખ્યાનિયમ કરે છે, કે આનાથી વધારે મારે દ્રવ્યો વગેરે વાપરવાં નહિ. તેથી સંખ્યાનિયમ તે પ્રવૃત્તિને પાપરૂપે સ્થાપે છે. તેમ નદી ઊતરવાની ક્રિયામાં સંખ્યાનિયમ છે, તે નદીઉત્તરણની ક્રિયાને પાપરૂપે સ્થાપન કરે છે, એ પ્રકારના પૂર્વપક્ષીના આશયને સામે રાખીને ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

द्विवारादि ..... अतिप्रसङ्गाः । **બે વારાદિનો નિષેધ હોતે છતે એક વખતના ઉતારની વિધિમાં પણ ષડ્જીવના વધના પાતકનું તને=લુંપાકને અપરિહાર્યપણું હોવાને કારણે શબલત્વના નિષેધ માટે તેના આદરણનું પણ આજ્ઞામાત્ર શરણપણું છે, અને સંખ્યાનિયમ વડે કરીને જ પાતકપણું સ્વીકારાયે છતે સાંવત્સરિક પ્રતિક્રમણમાં અતિપ્રસંગ છે.**

✪ द्विवारादिनिषेधे, માં હેતુઅર્થક સપ્તમી છે. एकश उत्तारविधौ વિષયસપ્તમી છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીના કથન પ્રમાણે સંખ્યાનિયમને કલ્પરૂપે ન સ્વીકારતાં સંખ્યાનિયમ દ્વારા નદીઉત્તરણની ક્રિયાને પાતકરૂપે સ્વીકારીએ, તો આગમમાં બે વારાદિ નદી ઉત્તરણનો નિષેધ છે, તેથી એક વખત ઊતરવાની વિધિ પ્રાપ્ત થાય છે; અને તેથી એક વખતના ઉત્તરણમાં પણ છ જીવનિકાયના વધના પાતકનો લુંપાક પરિહાર કરી શકશે નહિ. તેથી તેના પરિહારાર્થે ચારિત્રના શબલત્વના નિષેધ માટે એક વખતના નદીઉત્તરણને સ્વીકારવામાં આવે તો તેમાં પણ આજ્ઞામાત્ર શરણ થઈ શકે અર્થાત્ એક વખત નદી ઊતરવાની આજ્ઞા છે, એમ જ સ્વીકારવું પડે. અને જે ભગવાનની આજ્ઞા હોય તે કલ્પરૂપ જ પ્રાપ્ત થાય, તેથી એક વખતની નદીઉત્તરણનો સંખ્યાનિયમ કલ્પ જ સિદ્ધ થાય, પરંતુ નદીઉત્તરણની ક્રિયા છ જીવનિકાયના વધરૂપ છે તેમ સિદ્ધ થાય નહિ.

અહીં વિશેષ એ છે કે, સંખ્યાનિયમથી નદીઉત્તરણને પાતકરૂપે સ્વીકારવામાં આવે તો, એક વખતની નદી ઉત્તરણમાં પણ સાધુને છકાયના જીવની વિરાધનાની પ્રાપ્તિ થાય, અને તે સ્વીકારવામાં આવે તો સાધુને સાધુપણાના અતિચારના સ્વીકારની આપત્તિ આવે; અને એક વખતની નદીઉત્તરણની શાસ્ત્રની અનુજ્ઞા છે તે

પ્રમાણે જ તે નદી ઊતરે તો પણ તે ષટ્કાયનો વિરાધક સિદ્ધ થાય. અને શાસ્ત્રવચન વિરાધનાની અનુજ્ઞા આપે નહિ, તેથી શાસ્ત્રવચનની સંગતિ થઈ શકે નહિ. અને તે સંગતિ માટે તેમ જ સ્વીકારવું પડે કે ચારિત્રના શબલત્વના નિષેધ માટે જ એક વખત નદી ઊતરવાની ભગવાનની આજ્ઞા છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાનાદિ અર્થે તો અનેકવાર નદી ઊતરવાની છૂટ છે; પરંતુ રાગાદિને કારણે પણ જ્યારે નદી ઊતરે છે ત્યારે, ભગવાનનું વચન તેનો સર્વથા નિષેધ કરે તો, તે નદી ઊતરીને સ્થાનાંતર જવાને બદલે એક સ્થાને માસકલ્પાદિથી અધિક રહીને ચારિત્રને શબલ કરે તેમ છે. તેથી તે શબલત્વના નિષેધ માટે અકારણે પણ એક વખત નદી ઊતરવાની ભગવાનની આજ્ઞા છે, અને તેથી જ સંખ્યાનિયમ પણ કલ્પ છે, એ સિદ્ધ થાય છે.

ઉત્થાન :-

નદી ઊતરવામાં સંખ્યાનિયમ કલ્પ છે, તેને જ પુષ્ટ કરવા બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

संख्यानियमेन ..... अतिप्रसङ्गः । સંખ્યાનિયમ વડે નદીઉત્તરણને પાતિકરૂપે સ્વીકારવામાં આવે તો સંવત્સરી પ્રતિક્રમણને પણ પાતકરૂપે સ્વીકારવાનો અતિપ્રસંગ આવે. (માટે સંવત્સરી પ્રતિક્રમણમાં જે સંખ્યાનિયમ છે તે જેમ કલ્પ છે, તેમ નદીઉત્તરણમાં સંખ્યાનિયમને પણ કલ્પ સ્વીકારવો જ ઉચિત છે.)

ઉત્થાન :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહેલ કે, નદી ઊતરવામાં ઈર્યાપ્રતિક્રમણ છે, અને દ્રવ્યસ્તવમાં ઈર્યાપ્રતિક્રમણ નથી, એ જ બતાવે છે કે, નદી ઊતરવામાં પાપ છે; કેમ કે જો પાપ ન હોય તો નદી ઊતરવામાં ઈર્યાપ્રતિક્રમણ ન હોય. તેનું સમાધાન ગ્રંથકારે નદી ઊતરવામાં ઈર્યાપ્રતિક્રમણ છે, તે સાધુનો કલ્પ છે એમ કહીને કર્યું. ત્યાર પછી તેની જ પુષ્ટિ તર્ક દ્વારા કરી, હવે તેનું સમાધાન અન્ય રીતે બતાવવા અર્થે "किञ्च" થી કહે છે -

ટીકા :-

किञ्च लुम्पकाभिमते शास्त्रे क्वापि ईर्यापथिका नद्युत्तारे नोक्ता, किन्तु 'हत्थसयादागंतुम्' इत्यादि निर्युक्तिगाथायामिति किमनेनाभिधानेनालजालकल्पेन ।

ટીકાર્થ :-

किञ्च ..... आलजालकल्पेन । વળી લુંપાકના અભિમત શાસ્ત્રમાં ક્યાંય પણ નદી ઊતરવામાં ઈર્યાપથિકી કહેવાઈ નથી, પરંતુ 'हत्थसयादागंतुम्' ઈત્યાદિ નિર્યુક્તિની ગાથામાં કહેવાયેલું છે, એથી કરીને આલજાલ સમાન આ કથન વડે શું ?

વિશેષાર્થ :-

લુંપાક જો પોતાના શાસ્ત્રને પ્રામાણિક માનીને કહેતો હોય તો તેના શાસ્ત્રમાં નદી ઊતર્યા પછી

ઈરિયાવહિ પ્રતિક્રમણ કરવાની વિધિ નથી. તેથી તેના શાસ્ત્ર પ્રમાણે નદી ઊતરવાની ક્રિયા પાપરૂપ છે, અને તેને માટે ત્યાં ઈરિયાવહિ પ્રતિક્રમણ કરવાનું છે, એમ તે કહી શકે નહિ. અને શ્વેતાંબરના શાસ્ત્રને ગ્રહણ કરીને લુંપાક સ્થાપન કરવા માંગતો હોય કે નદી ઊતરવાની ક્રિયા પછી ઈરિયાવહિ પ્રતિક્રમણ છે, માટે તે પાપરૂપ છે, તો જેમ તેઓ શ્વેતાંબર શાસ્ત્રને ગ્રહણ કરીને નદી ઊતર્યા પછી ઈરિયાવહિ પ્રતિક્રમણ સ્વીકારે છે, તેમ શ્વેતાંબર શાસ્ત્ર સાધુને નદી ઊતર્યા પછી ઈરિયાવહિ પ્રતિક્રમણને કલ્પરૂપ માને છે, એમ લુંપાકે સ્વીકારવું જોઈએ. તેથી શ્વેતાંબર શાસ્ત્રને અવલંબીને પણ લુંપાક નદી ઊતરવાની ક્રિયાને પાપરૂપ સ્થાપન કરી શકે નહિ. તેથી તેનું આ કથન અસંબદ્ધ પ્રલાપરૂપ છે.

ઉત્થાન :-

આ રીતે નદી ઊતર્યા પછી ઈરિયાવહી પ્રતિક્રમણ શ્વેતાંબર મત પ્રમાણે સાધુનો કલ્પ છે, એમ ગ્રંથકારે સ્થાપન કર્યું. ત્યાં લુંપાક 'અથ' થી ગ્રંથકારને પૂછે છે -

ટીકા :-

अथ भवतामेव नद्युत्तारे ईर्याप्रतिक्रान्तिः, न द्रव्यस्तव इत्यत्र को हेतुः ? इति पृच्छामि इति चेत् ? यदि वक्रोऽसि, तर्हि व्रतभङ्गमहापातकशोधकस्याप्रतिपत्रव्रतशोधनेऽशक्तत्वान्महातरून्मूलकस्य तृणाग्रोन्मूलन इवेत्युत्तरमाकलय । वस्तुतः ईर्यां प्रतिक्रम्यैव यद्धर्मानुष्ठानं विधीयते तदीर्यानियतम्, तच्च सामायिकपौषधचारित्राद्यनुष्ठानमेव, ईर्यां प्रतिक्रम्यैव तद्विधानात्, तत्र वर्त्तमानः श्रावकः साधुर्वा सचित्तादिसङ्घट्टे उच्चारेर्यातोऽतिरिक्तामीर्यां प्रतिक्रामति, द्विविधं त्रिविधेन प्रत्याख्यानलक्षणस्य सामायिकपौषधादेः, त्रिविधं त्रिविधेन प्रत्याख्यानलक्षणस्य सामायिकच्छेदोपस्थापनीयादि-चारित्रस्यातिचारलक्षणं मालिन्यं माभूदित्यभिप्रायादित्यर्थः । तथा चैर्यापथिकास्थानं सामायिकादि-व्रतान्येव, न पुनरानुषङ्गिकपृथिव्याद्यारम्भवद्धर्मानुष्ठानमात्रम्, अन्यथाऽभिगमनादावपि तदभिधान-प्रसङ्गात् । अत एव कृतसामायिको मुनिरिव श्रावकोऽपि पुष्पादिभिर्जिनपूजां न करोति इति जिनाज्ञा, न पुनरितरोऽपि, कृतसामायिकस्य तदवाप्तिपूर्तिकालं यावत्सचित्तादिस्पर्शरहितस्यैव व्रतपालकत्वात्, जिनपूजां चिकीर्षुस्तु सचित्तपुष्पादिवस्तूनि उपादायैव तां करोति, तद्विना पूजाया एवासम्भवात्, प्रतिकार्यं कारणस्य भिन्नत्वादिति बोध्यम् । लोकेऽपि हि यथा 'गृहप्रवेशेऽभ्युक्षणं नापणप्रवेशे' तथा लोकोत्तरेऽपि 'सामायिके यथेर्या न तथा मुनिदानादौ' इति भावः । "अपडिक्कंताए इरियावहियाए न कप्पइ चेव किंचि काउं" **(महानि० अ० ३ सू० १९) इत्यत्र न किञ्चिदिति विशेषपरमेव,** 'चिइवंदणसज्झाय' **इत्यग्रिमपदेनैव तदभिव्यक्तेरिति बोध्यम् ।।३६।।**

ટીકાર્થ :-

अथ ..... इत्यर्थः । **તમને=શ્વેતાંબરોને, નદીઉત્તરણમાં ઈર્યાપ્રતિક્રાંતિ છે અને દ્રવ્યસ્તવમાં ઈર્યાપ્રતિક્રાંતિ નથી, તેમાં શું હેતુ છે ? એ પ્રમાણે હું પૂછું છું. તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, જો તું વક્ર છે તો તેનો ઉત્તર તું આ પ્રમાણે જાણ - જેમ મહાવૃક્ષને ઉખેડનાર મોટા વાવાઝોડાનું તૃણના અગ્રને ઉખેડવામાં અસમર્થપણું છે, તેમ વ્રતભંગના મહાપાપના શોધકનું અપ્રતિપન્નવ્રતના શોધનમાં=વ્રત નહિ ગ્રહણ કરેલાની વ્રતની વિપરીત આચરણાના શોધનમાં, અસમર્થપણું હોવાથી નદીઉત્તરણમાં ઈર્યાપ્રતિક્રાંતિ =ઈરિયાપ્રતિક્રમણની ક્રિયા, છે અને દ્રવ્યસ્તવમાં ઈર્યાપ્રતિક્રાંતિ નથી. અને સરળતાથી પૂછતો હોય તો -**

વાસ્તવિક રીતે ઈર્યાવહિનું પ્રતિક્રમણ કરીને જે ધર્માનુષ્ઠાન કરાય છે તે ઈર્યાનિયત છે, અને તે=ઈર્યાનિયત અનુષ્ઠાન, સામાયિક, પૌષધ, ચારિત્રાદિ અનુષ્ઠાન જ છે; કેમ કે ઈર્યાપ્રતિક્રમણ કરીને જ તેનું વિધાન છે. ત્યાં=જે ધર્માનુષ્ઠાન ઈર્યાનિયત છે ત્યાં, વર્તતો શ્રાવક કે સાધુ સચિત્તાદિ સંઘટ્ટમાં કે ઉચ્ચારમાં ગયેલ=સ્થંડિલ-માત્રે ગયેલ, અતિરિક્ત ઈર્યાનું પ્રતિક્રમણ કરે છે; કેમ કે દ્વિવિધ-ત્રિવિધ પ્રત્યાખ્યાનલક્ષણ સામાયિક, પૌષધાદિના અને ત્રિવિધત્રિવિધ પ્રત્યાખ્યાનલક્ષણ સામાયિક છેદોપસ્થાપનીય ચારિત્રનું અતિચારલક્ષણ મલિનપણું ન થાઓ, એ પ્રકારનો અભિપ્રાય છે=નદી ઊતર્યા પછી સાધુને ઈર્યાપ્રતિક્રમણ છે અને શ્રાવકને દ્રવ્યસ્તવમાં ઈર્યાપ્રતિક્રમણ નથી તેવું તાત્પર્ય છે.

✪ અહીં 'उच्चारेर्यातः' પાઠ છે, એ પાઠને ગ્રહણ કરીને અર્થ કરીએ તો એ પ્રાપ્ત થાય છે કે, સામાયિકાદિમાં વર્તતો શ્રાવક અથવા તો સાધુ સચિત્તાદિનો સંઘટ્ટ થયે છતે ઉચ્ચારની ઈર્યાથી અતિરિક્ત ઈર્યાનું પ્રતિક્રમણ કરે, અર્થાત્ સ્થંડિલ જઈને આવ્યા પછી જે ઈરિયાવહિ કરવાની છે, તેનાથી અતિરિક્ત ઈર્યા પ્રતિક્રમણ કરે, એવો અર્થ શબ્દશઃ અર્થ કરતાં પ્રાપ્ત થાય છે. પરંતુ સ્થંડિલભૂમિથી આવ્યા પછી કોઈને સચિત્તનો સ્પર્શ થયો હોય તો બે વખત ઈરિયાવહિ કરવાની વિધિ પ્રચલિત નથી. તેથી પાઠમાં કદાચ અશુદ્ધિ હોય તો उच्चारेर्यातः ને બદલે 'उच्चारे यातः' ગ્રહણ કરીને અને 'वा' કારને અધ્યાહાર રાખીને ઉપરોક્ત અર્થ કરેલ છે. આમ છતાં, આ પાઠ પ્રમાણે મૂળ વિધિ ઉચ્ચાર કરીને આવ્યા પછી તદ્ વિષયક ઈર્યાપ્રતિક્રમણ કરવાનો છે, અને સચિત્તાદિનો સંઘટ્ટ થાય તો તદ્ વિષયક અતિરિક્ત ઈર્યા કરવાનો વ્યવહાર પૂર્વમાં હોવો જોઈએ, અને એ રીતે વિચારીએ તો માત્રુ આદિ કર્યા પછી ઈરિયાવહિયા કરીને પડિલેહણાદિ અર્થક અન્ય ઈરિયાવહિયા કરવાની વિધિ હોવી જોઈએ. આમ છતાં, કોઈક કારણે એક ઈરિયાવહિયામાં જ અન્ય ઈરિયાવહિયાના સમાવેશનો વ્યવહાર વર્તમાનમાં પ્રવર્તતો દેખાય છે. તત્ત્વ બહુશ્રુત જાણે.

વિશેષાર્થ :-

લુંપાક ગ્રંથકારને પૂછે છે કે, તમારા શ્વેતાંબર શાસ્ત્રમાં નદી ઊતર્યા પછી ઈર્યાપ્રતિક્રમણ છે, અને દ્રવ્યસ્તવ પછી નથી, તેનું કારણ શું ? એમ કહીને લુંપાકને એ કહેવું છે કે, નદી ઊતરવામાં પ્રાણીવધરૂપ હિંસા થાય છે, તેથી તેની શુદ્ધિ માટે ઈર્યાપ્રતિક્રમણ કહેલ છે; અને તે રીતે દ્રવ્યસ્તવમાં પણ જીવહિંસા થાય

છે, તેથી તેની શુદ્ધિ માટે તમારા શાસ્ત્રમાં ઈરિયાવહિ પ્રતિક્રમણ કહેવું જોઈએ, પણ તેમ કહેલ નથી, તેથી તે સંગત નથી. માટે હું તમને પૂછું છું કે, આનું કારણ શું ? તેને ગ્રંથકાર કહે છે કે, જો તું વક્રતાથી પૂછે છે તો તેનો જવાબ આ છે -

અહીં વક્રતાથી પૂછે છે, એમ કહેવાનો આશય એ છે કે, જો પૂર્વપક્ષી વક્રતાથી એમ પૂછવા માંગતો હોય કે નદી ઊતરવામાં હિંસાને કારણે જો તમે ઈરિયાવહિયા સ્વીકારો છો તો દ્રવ્યસ્તવમાં પણ ઈરિયાવહિયા સ્વીકારવી જોઈએ, કેમ કે હિંસા ઉભયત્ર સમાન છે. તો ગ્રંથકાર જવાબ આપે છે કે, ઈરિયાવહિયા એ વ્રતભંગના મહાપાપને શોધવામાં સમર્થ છે, અને જે સાધુએ પાંચ મહાવ્રતો લીધાં છે અને પાણીના જીવોની હિંસા કરીને નદી ઊતરે છે, તેણે પોતાના વ્રતનો ભંગ કર્યો કહેવાય, તે વ્રતભંગરૂપ મહાપાપની શોધક ઈરિયાવહિયાની ક્રિયા છે. અને શ્રાવકે સર્વ જીવોની હિંસા ન કરવી, એવું મહાવ્રત લીધેલું નથી, તેથી નહિ સ્વીકારેલા વ્રતના પાપને શોધન કરવા માટે ઈરિયાવહિયા સમર્થ નથી. જેમ મોટું વાવાઝોડું મોટા વૃક્ષને ઉખેડી શકે, પરંતુ તણખલાના અગ્રભાગનું ઉન્મૂલન કરી શકે નહિ; તેમ આ ઈરિયાવહિયાની ક્રિયા મોટા પાપની શુદ્ધિ કરે છે, પરંતુ શ્રાવકે વ્રત લીધું નથી તેથી દ્રવ્યસ્તવમાં જે હિંસા કરે છે તે નાનું પાપ છે, તે નાના પાપની શુદ્ધિ ઈરિયાવહિયા કરી શકતી નથી, માટે દ્રવ્યસ્તવમાં ઈર્યાપથિકી પ્રતિક્રમણ નથી. આ જવાબ ગ્રંથકારે વક્ર રીતે આપેલો છે; કેમ કે ગ્રંથકારને વાસ્તવિક રીતે નદી ઊતરવામાં મહાપાપ માન્ય નથી, અને શ્રાવકને દ્રવ્યસ્તવમાં અલ્પપાપ પણ માન્ય નથી. તો પણ પૂર્વપક્ષીએ નદી ઊતરવામાં પાપને ગ્રહણ કરીને વક્રતાથી પૂછ્યું, તેથી ગ્રંથકારે પણ નદી ઊતરવામાં અને દ્રવ્યસ્તવમાં પાપને સ્વીકારીને વક્રતાથી જવાબ આપ્યો.

હવે જો પૂર્વપક્ષી વક્રતાથી પ્રશ્ન ન કરતો હોય, પરંતુ નદી ઊતરવામાં ઈર્યાપ્રતિક્રમણ કેમ છે, અને દ્રવ્યસ્તવમાં કેમ નથી, એનું ખરું હાર્દ શું ? તે જાણવાની જિજ્ઞાસાથી પ્રશ્ન કરતો હોય તો 'વસ્તુતઃ'થી ગ્રંથકાર જે કહે છે, તે કથનનો ભાવ આ પ્રમાણે છે -

શ્રાવકને સામાયિક, પૌષધની ક્રિયાઓ કે સંયમ લેવાની ક્રિયા ઈરિયાવહિયાથી નિયત છે; કેમ કે ઈરિયાવહિયાપૂર્વક જ આ સર્વ ક્રિયાઓ કરવાની શાસ્ત્રમાં વિધિ છે. અને સામાયિકાદિ ક્રિયામાં વર્તતા શ્રાવકને અને સાધુને સચિત્તાદિનો સંઘટ્ટો થઈ જાય કે સ્થંડિલાદિ માટે ગયો હોય, ત્યારે બીજી ઈરિયાવહિયા પ્રતિક્રમે છે. અને તે કરવાનું કારણ સામાયિક, પૌષધાદિમાં દ્વિવિધ-ત્રિવિધનું પચ્ચક્ખાણ છે, અને સાધુજીવનમાં ત્રિવિધ-ત્રિવિધનું પચ્ચક્ખાણ છે, અને તે પચ્ચક્ખાણમાં અતિચારરૂપ માલિન્ય ન થાય એ પ્રકારના આશયથી ઈરિયાવહિયા કરવાની હોય છે. જ્યારે દ્રવ્યસ્તવમાં ઈરિયાવહિયાથી પ્રવૃત્તિ નથી, માટે એ સ્થાનમાં પ્રવૃત્તિ કર્યા પછી પણ ઈર્યાપ્રતિક્રમણ નથી. અને સાધુએ ઈરિયાવહિયાપૂર્વક જ સાધુપણું ગ્રહણ કર્યું છે અને નદી ઊતરતાં અનાભોગ કે સહસાત્કારથી પણ કોઈ સૂક્ષ્મ અતિચાર લાગેલો હોય, તત્કૃત માલિન્યના નિવારણ માટે નદી ઊતર્યા પછી સાધુ ઈર્યાપ્રતિક્રમણ કરે છે. જ્યારે શ્રાવકને સામાયિક, પૌષધને છોડીને અન્ય કોઈ ક્રિયાઓ ઈરિયાવહિયાથી નિયત હોતી નથી, તેથી દ્રવ્યસ્તવમાં પણ અનાભોગ કે સહસાત્કારથી અતિચાર લાગ્યો હોય તેની શુદ્ધિ માટે ઈર્યાપ્રતિક્રમણની વિધિ શાસ્ત્રમાં બતાવી નથી, માટે કોઈ દોષ નથી.

અહીં વિશેષ એ છે કે, સામાયિક, પૌષધાદિ અનુષ્ઠાનો નિરવદ્યભાવના સ્ફુરણરૂપ છે, અને નિરવદ્યભાવ સ્ફુરણ કરવા માટે તેને અનુરૂપ ચિત્તની શુદ્ધિ આવશ્યક છે, તેથી ઈર્યાપ્રતિક્રમણ દ્વારા સર્વ સાવદ્ય વ્યાપારની નિંદા-ગર્હાપૂર્વક ચિત્તની શુદ્ધિ કરવામાં આવે છે, તેથી સાવદ્ય પ્રવૃત્તિ પ્રત્યે અત્યંત જુગુપ્સાવાળું થયેલું ચિત્ત નિરવદ્યભાવને અભિમુખ બને છે. ત્યાર પછી સામાયિક આદિના ઉચ્ચરણકાળમાં શુદ્ધ થયેલા ચિત્તમાં સમ્યગ્ યતમાન એવા જીવને નિરવદ્યભાવ ઉત્થિત થાય છે, તેથી તે અનુષ્ઠાન ઈર્યાથી નિયત છે. જ્યારે દ્રવ્યસ્તવ એ ભગવાન પ્રત્યેના બહુમાનના કારણે 'ભગવાનની ઉત્તમ દ્રવ્યથી પૂજા કરીને હું મારા આત્માને કૃતાર્થ કરું,' એવા સંકલ્પથી ભગવદ્ભાવના બહુમાનને અતિશય કરવા અર્થે કરાતી પૂજારૂપ છે. યદ્યપિ તે ભાવ ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થઈને નિરવદ્ય એવા ચારિત્રભાવમાં વિશ્રાંત પામે છે, તો પણ પૂજાકાળમાં સાક્ષાત્ નિરવદ્યભાવોને ઉત્થિત કરવાના યત્નરૂપે તે નથી; પરંતુ લોકોત્તમ એવા ભગવાન પ્રત્યે પોતાને જે બહુમાનભાવ છે, તેને ઉચિત ક્રિયા દ્વારા વૃદ્ધિ કરવા અર્થે તે યત્ન છે, તેથી દ્રવ્યસ્તવમાં ઈર્યાપ્રતિક્રમણ નથી. જ્યારે સામાયિકમાં તત્પર શ્રાવક પોતાના નિરવદ્યચિત્તને ઉત્થિત કરવા અર્થે અભિમુખ થઈને યત્નવાળો બને છે, તેથી ત્યાં ઈર્યાપ્રતિક્રમણ છે.

ટીકાર્થ :-

तथा च ..... प्रसङ्गात् । અને તે રીતે=પૂર્વમાં 'वस्तुतः' થી કહ્યું કે, ઈર્યાપ્રતિક્રમણ કરીને જે અનુષ્ઠાન કરાય છે તે ઈર્યાનિયત છે, તે રીતે, ઈર્યાપથિકની ક્રિયાના સ્થાનરૂપ સામાયિકાદિ વ્રતો જ છે, પરંતુ આનુષંગિક પૃથ્વી આદિ આરંભવાળાં ધર્માનુષ્ઠાનમાત્ર નહિ, અન્યથા અભિગમનાદિમાં પણ તેના અભિધાનનો પ્રસંગ આવશે.

વિશેષાર્થ :-

સામાયિકાદિ વ્રતોનું ગ્રહણ ઈરિયાવહિયાપૂર્વક કરવાનું છે, અને ભગવાનની ભક્તિ કરતાં દ્રવ્યસ્તવમાં થતી આનુષંગિક હિંસા છે, તેવા પણ ધર્માનુષ્ઠાનોમાં ઈરિયાવહિયા કરવાની નથી. અને એવું ન માનો તો, કોઈ શ્રાવક સાધુની ભક્તિ અર્થે સન્મુખ જાય ત્યારે પણ વાઉકાયાદિ જીવોની વિરાધના થતી હોવાના કારણે તેવાં ધર્માનુષ્ઠાનોમાં પણ ઈરિયાવહિયા માનવાનો પ્રસંગ આવશે. અને તેવાં સ્થાનોમાં ઈરિયાવહિયાની વિધિ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ નથી, તેમ જ લુંપાકના મતમાં પણ પ્રસિદ્ધ નથી; માટે દ્રવ્યસ્તવમાં ઈર્યાપ્રતિક્રમણ નથી, અને સામાયિકાદિ વ્રતો ગ્રહણ કરતી વખતે ઈર્યાપ્રતિક્રમણ છે, અને તે જ રીતે નદી ઊતર્યા પછી સાધુના આચારરૂપે ઈર્યાપ્રતિક્રમણ છે. તેથી લુંપાક આપણને જે પૂછે છે કે, નદી ઊતર્યા પછી ઈર્યાપ્રતિક્રમણ છે અને દ્રવ્યસ્તવમાં ઈર્યાપ્રતિક્રમણ કેમ નથી ? એ પ્રશ્ન જ અસ્થાને છે.

ટીકાર્થ :-

अत एव ..... असम्भवात्, આ જ કારણથી='तथा च' થી જે સ્થાપન કર્યું કે ઈર્યાપથિકાદિનું સ્થાન સામાયિક-પૌષધાદિ જ છે, પરંતુ આનુષંગિક પૃથિવ્યાદિના આરંભવાળા એવા દ્રવ્યસ્તવ આદિ

ધર્માનુષ્ઠાનો નથી, આ જ કારણથી, મુનિની જેમ કૃતસામાયિકવાળો શ્રાવક પણ પુષ્પાદિથી જિનપૂજાને કરતો નથી, એ પ્રકારની જિનાજ્ઞા છે, પરંતુ બીજો પણ નહિ; અર્થાત્ સામાયિક વગરનો પણ જિનપૂજા નથી કરતો એમ નહિ; કેમ કે કૃતસામાયિકવાળાનું તેની=સામાયિકની, પ્રાપ્તિની પૂર્તિકાળ સુધી સચિત્તાદિના સ્પર્શરહિતનું જ વ્રતપાલકપણું છે. વળી જિનપૂજાને કરવાની ઈચ્છાવાળો સચિત્ત પુષ્પાદિ વસ્તુને ગ્રહણ કરીને જ તેને=જિનપૂજાને, કરે છે; કેમ કે તેના વિના=સચિત્ત પુષ્પાદિ વિના, જિનપૂજાનો જ અસંભવ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે સામાયિકાદિ કરનાર પણ ધર્માનુષ્ઠાન કરવાની ઈચ્છાવાળો છે, અને જિનપૂજા કરનાર પણ ધર્માનુષ્ઠાન કરવાની ઈચ્છાવાળો છે, તો ધર્મ કરવા માટે યતમાન એવો એક શ્રાવક પુષ્પાદિનું વર્જન કરે અને અન્ય શ્રાવક પુષ્પાદિનું ગ્રહણ કરે, તે કેમ સંભવે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

પ્રતિકાર્યં ..... બોધ્યમ્ । પ્રતિ કાર્ય પ્રત્યે કારણનું ભિન્નપણું છે, અર્થાત્ સામાયિકાદિ કાર્ય પ્રતિ સચિત્તાદિ સ્પર્શના વર્જનનું કારણપણું છે અને જિનપૂજારૂપ કાર્ય પ્રતિ સચિત્ત પુષ્પાદિ ગ્રહણનું કારણપણું છે, એ પ્રકારે જાણવું.

ઉત્થાન :-

સામાયિકની ક્રિયા ઈરિયાવહિયાપૂર્વક કરવાની છે અને જિનપૂજા ઈરિયાવહિયાપૂર્વક કરવાની નથી, એ જ વાતને લૌકિક દૃષ્ટાંતથી બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

લોકેઽપિ ..... ભાવઃ । લોકમાં પણ જે પ્રમાણે ગૃહપ્રવેશમાં અભ્યુક્ષણ=જલ છાંટવામાં આવે છે અને દુકાનના પ્રવેશમાં જલ છાંટવામાં આવતું નથી, તે રીતે લોકોત્તર શાસનમાં જે પ્રમાણે સામાયિકમાં ઈર્યા છે, તે પ્રમાણે મુનિદાનાદિમાં ઈર્યા નથી, એ પ્રકારે ભાવ છે.

✪ 'મુનિદાનાદૌ' અહીં 'આદિ' પદથી જિનપૂજાનું ગ્રહણ કરવું. અહીં 'जिनपूजादौ' ન કહેતાં મુનિદાનાદૌ એટલા માટે કહેલ છે કે, લુંપાકને પણ મુનિદાનમાં ઈર્યા નથી, તે વાત સંમત છે.

ઉત્થાન :-

"अपडिक्कंताए ..... काउं" એ મહાનિશીથના પાઠથી ઈરિયાવહિયા વગર કાંઈ કરવું કલ્પતું નથી, એ પ્રમાણે અર્થ હોવાથી, કોઈ એમ વિચારે કે, જિનપૂજાદિ પણ ઈર્યાપ્રતિક્રમણપૂર્વક જ કરવાં જોઈએ; તેના નિવારણ માટે કહે છે -

ટીકાર્થ :-

अपडिक्कंताए ..... बोध्यम् ।। **એ પ્રકારે મહાનિશીથસૂત્રમાં 'न किञ्चित्' એ શબ્દ વિશેષપર જ છે, કેમ કે 'चिइवंदणसज्झाए' એ પ્રકારના અગ્રિમ પદ વડે કરીને જ તેની='न किञ्चित्' પદ વિશેષપર જ છે તેની, અભિવ્યક્તિ છે, એ પ્રમાણે જાણવું. ॥૩૬॥**

વિશેષાર્થ :-

મહાનિશીથસૂત્રમાં ઈર્યાપ્રતિક્રમણ કર્યા વગર કાંઈ કરવું કલ્પતું નથી એમ કહ્યું, ત્યાં સર્વ અનુષ્ઠાનો કલ્પતાં નથી એવો ભાવ નથી, પરંતુ ચૈત્યવંદન, સ્વાધ્યાય આદિ વિશેષ કાંઈ કરવું કલ્પતું નથી, એ અર્થ મહાનિશીથના चिइवंदणसज्झाए એ આગળના પદ વડે જ અભિવ્યક્ત થાય છે.

આ કથનથી એ ફલિત થાય છે કે, જિનપૂજામાં ઈર્યાપ્રતિક્રમણ નથી, અને નદી ઊતરવામાં ઈર્યાપ્રતિક્રમણ છે. આમ છતાં, નદી ઊતરવામાં ઈર્યાપ્રતિક્રમણ છે તે સાધુના આચારરૂપે જ છે, પરંતુ નદીઉત્તરણક્રિયા એ પાપરૂપ છે, તેથી ઈર્યાપ્રતિક્રમણ છે, એમ જે પૂર્વપક્ષી કહે છે, તેવું નથી. માટે નદીઉત્તરણના દૃષ્ટાંતથી જિનપૂજા કર્તવ્યરૂપ સિદ્ધ થાય છે, એમ તાત્પર્ય છે. **॥૩૬॥**

અવતરણિકા :-

दृष्टान्तीकृते नद्युत्तरणेऽदुष्टत्वं न्यायेन साधयति -

અવતરણિકાર્થ :-

દૃષ્ટાંત તરીકે કહેવાયેલી નદીઉત્તરણક્રિયામાં ન્યાયથી=યુક્તિથી, અદુષ્ટપણું સિદ્ધ કરે છે -

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવને કર્તવ્યરૂપે સ્થાપન કરવા અર્થે દૃષ્ટાંતરૂપે કહેવાયેલ સાધુની નદીઉત્તરણક્રિયામાં અદુષ્ટપણું છે, એમ યુક્તિથી સાધે છે –

શ્લોક :-

यन्नद्युत्तरणं प्रवृत्तिविषयो ज्ञानादिलाभार्थिनाम्,
दुष्टं तद् यदि तत्र कः खलु विधिव्यापारसारस्तदा ?
तस्मादीदृशकर्मणीहितगुणाधिक्येन निर्दोषताम्,
ज्ञात्वापि प्रतिमार्चनात्पशुरिव त्रस्तोऽसि किं दुर्मते ? ।।३७।।

શ્લોકાર્થ :-

જ્ઞાનાદિલાભના અર્થીઓની પ્રવૃત્તિના વિષયભૂત એવું જે નદીઉત્તરણ, તે જો દુષ્ટ

હોય તો ત્યાં=નદીઉત્તરણમાં, નિશ્ચે=નક્કી, વિધિવ્યાપારનું=વિધિઅર્થનું, શું તાત્પર્ય છે ? અર્થાત્ કોઈ તાત્પર્ય નથી. તે કારણથી આવા પ્રકારના કર્મમાં ઈહિત=ઈષ્ટ, ગુણનું અધિકપણું હોવાને કારણે નિર્દોષતાને જાણીને પણ હે દુર્મતિ ! પ્રતિમાઅર્ચનથી પશુની જેમ ત્રાસ પામેલો તું કેમ છો ? ॥૩૭॥

ટીકા :-

'यन्नद्युत्तरणम्' इति :- यद् ज्ञानादिलाभार्थिनां प्रवृत्तिविषयो नद्युत्तरणम्, तद् यदि दुष्टं स्यात्, तदा तत्र 'खलु' इति निश्चये विधिव्यापारस्य=विध्यर्थस्य, सारः कः=तात्पर्यं किम् ? विध्यर्थो हि 'बलवदनिष्टाननुबन्धीष्टसाधनत्वे सति स्वकृतिसाध्यत्वम्' पापे च बलवति अनिष्टे जायमाने तत्र विध्यर्थबाध एव स्यादित्यर्थः । तस्मादीदृशेऽधिकार्युचिते नद्युत्तारादिकर्मणि ईहितस्य=इष्टस्य, गुणस्याधिक्येन निर्दोषतां स्वरूपतः सावद्यत्वेऽपि बलवदनिष्टाननुबन्धितां विहितत्वेनैव ज्ञात्वापि तद्दृष्टान्तेनैव चेतःशुद्धिसंभवात्, हे दुर्मते=दुष्टबुद्धे !, प्रतिमार्चनात् पशुरिव किमिति त्रस्तोऽसि ? =भयं प्राप्तोऽसि ?, विशेषदर्शिनः त्रासप्रयोजककुमतिनिरासात्र स्यादयं त्रास इति भावः ।

ટીકાર્થ :-

यद् ..... इत्यर्थः । જ્ઞાનાદિલાભના અર્થીઓની પ્રવૃત્તિના વિષયભૂત એવું જે નદીઉત્તરણ તે જો દુષ્ટ હોય તો વિધિ અર્થનું=વિધિની પ્રવૃત્તિનું, શું તાત્પર્ય છે ? અર્થાત્ ત્યાં વિધિ અર્થ=વિધિની પ્રવૃત્તિ, ન હોવી જોઈએ. તે જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે -

બલવાન અનિષ્ટના અનનુબંધી એવા ઈષ્ટનું સાધનપણું હોતે છતે સ્વકૃતિસાધ્યપણું તે વિધિ અર્થ છે, અને પાપરૂપ બલવાન અનિષ્ટ હોતે છતે ત્યાં વિધિ અર્થનો બાધ જ થાય, એ પ્રમાણે અર્થ જાણવો.

तस्मात् ..... भावः । તે કારણથી=જો નદીઉત્તરણ દુષ્ટ હોય તો ત્યાં વિધિ અર્થ હોય નહિ, પરંતુ જ્ઞાનાદિલાભઅર્થે ત્યાં વિધિ અર્થ છે તે કારણથી, આવા પ્રકારના અધિકારીને ઉચિત એવા નદીઉત્તરણાદિ કાર્યમાં ઈષ્ટ એવા ગુણનું આધિક્ય છે તેના કારણે, શાસ્ત્રમાં નદીઉત્તરણ વિહિત છે; અને નદીઉત્તરણ વિહિત હોવાને કારણે જ સ્વરૂપથી સાવદ્ય હોવા છતાં પણ બલવાન અનિષ્ટની અનનુબંધિતારૂપ નિર્દોષતાને જાણીને પણ, તેના દૃષ્ટાંતથી=નદીઉત્તરણના દૃષ્ટાંતથી, ચિત્તની શુદ્ધિનો સંભવ હોવાથી, હે દુર્મતિ ! પ્રતિમાઅર્ચનથી પશુની જેમ તું કેમ ત્રાસ પામેલો છે ?=ભય પામેલો છે ?, વિશેષદર્શીને ત્રાસમાં પ્રયોજક એવી કુમતિનો નિરાસ થવાથી આ ત્રાસ ન થાય, એ પ્રમાણે ભાવ છે.

✪ નિર્દોષતાનું સ્વરૂપ ટીકામાં બતાવ્યું કે સ્વરૂપથી સાવદ્ય હોવા છતાં પણ બલવાન અનિષ્ટની અનનુબંધિતારૂપ નિર્દોષતા છે, અને તેનો અન્વય 'ज्ञात्वा' ની સાથે છે.

✪ 'विहितत्त्वेनैव' નો અન્વય આ પ્રમાણે છે - વિહિતપણું હોવાને કારણે જ નિર્દોષતાને જાણીને અર્થાત્ નદીઉત્તરણક્રિયા સાધુને વિહિત છે, તેથી તેમાં વિહિતપણું હોવાને કારણે નિર્દોષતા જણાય છે.

✪ 'गुणस्याधिक्येन' નો અન્વય આ પ્રમાણે છે - ઈષ્ટગુણનું અધિકપણું હોવાને કારણે, અર્થાત્ નદી ઊતરવામાં જે જલના જીવોનો વધ થાય છે, તેના કરતાં સંયમની રક્ષારૂપ ઈષ્ટગુણનું આધિક્ય છે, તેને કારણે જ શાસ્ત્રમાં નદીઉત્તરણ વિહિત છે, અને તે વિહિતપણાને કારણે જ ત્યાં નિર્દોષતાનું જ્ઞાન થાય છે.

✪ ज्ञात्वाऽपि અહીં 'अपि' શબ્દ છે, તેનો અર્થ એ છે કે નિર્દોષતાને જાણીને પણ નદીઉત્તરણના દૃષ્ટાંતથી જ ચિત્તશુદ્ધિનો સંભવ છે=ભગવાનની પૂજામાં પણ સાધુના નદીઉત્તરણની જેમ દોષ નથી, એ પ્રકારની ચિત્તશુદ્ધિનો સંભવ છે. કહેવાનો ભાવ એ છે કે, નિર્દોષતાને જાણ્યા વગર તો તેના દૃષ્ટાંતથી ચિત્તશુદ્ધિ થાય નહિ, પરંતુ જાણીને પણ જો તેને દૃષ્ટાંતરૂપે ગ્રહણ કરવામાં આવે તો તેનાથી જ ચિત્તશુદ્ધિનો સંભવ છે.

વિશેષાર્થ :-

ગ્રંથકારશ્રી તર્ક કરીને એ સ્થાપન કરે છે કે, સાધુ જ્ઞાનાદિના લાભ અર્થે જે નદીઉત્તરણ કરે છે, તે જો હિંસારૂપ હોય તો શાસ્ત્રમાં સાધુને નદી ઊતરવાની વિધિનું કથન હોય નહિ; કેમ કે જે ઈષ્ટની પ્રાપ્તિનું કારણ હોય તેમાં જ વિધિ અર્થ હોય=વિધિનું તાત્પર્ય હોય, અને પાપબંધનું કારણ હોય તો ત્યાં વિધિ અર્થ હોઈ શકે નહિ. અને આ તર્કથી એ ફલિત થયું કે, શાસ્ત્રમાં સાધુને નદી ઊતરવાની વિધિ છે, તેથી તે નદી ઊતરવાની ક્રિયામાં પાપ નથી, પરંતુ સંયમની વૃદ્ધિ છે; તેથી જ નદી ઊતરવાના દૃષ્ટાંતથી વિચારક જીવના ચિત્તની શુદ્ધિ થઈ શકે છે કે, જેમ નદી ઊતરવામાં બાહ્ય રીતે હિંસા હોવા છતાં સંયમની વૃદ્ધિ થઈ શકે છે, તે જ રીતે શ્રાવક ભગવાનની પૂજા કરે છે, ત્યાં પુષ્પાદિ જીવોની બાહ્ય રીતે હિંસા હોવા છતાં ભગવદ્ભક્તિથી ગુણોની વૃદ્ધિ થઈ શકે છે. માટે ભગવાનની પૂજા કર્તવ્ય નથી એવી બુદ્ધિ નદીઉત્તરણના દૃષ્ટાંતથી વિચારકને થાય નહિ. જ્યારે કુમતિ એવા લુંપાકને તેવી બુદ્ધિ થાય છે, તેનું કારણ નદી ઊતરવાના દૃષ્ટાંતને તે સમ્યક્ રીતે વિચારતો નથી.

ટીકા :-

उत्सर्गापवादसूत्रं चेदं नद्युत्तारे-णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा इमाओ उद्दिट्ठाओ गणियाओ वंजियाओ य पंच महण्णवाओ महाणईओ अंतोमासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा । तं जहा, गंगा, जउणा, सरऊ, एरावती, मही । पंचहिं ठाणेहिं कप्पंति-तं० भयंसि वा, दुब्भिखंसि वा, पव्वहेज्ज वा कोई, उदओघंसि वा एज्जमाणंसि वा महता वा अणारिएसु त्ति ।

ટીકાર્થ :-

નદીઉત્તરણમાં ઉત્સર્ગ અને અપવાદ સૂત્ર આ=વક્ષ્યમાણ છે - નિર્ગ્રન્થોને કે નિર્ગ્રન્થીઓને ઉદ્દિષ્ટ, ગણિત અને વ્યંજિત - આ પાંચ મહાર્ણવ નદીઓ એક મહિનાની અંદર બે કે ત્રણ વાર ઊતરવી કે તરવી કલ્પે નહિ.

તે આ પ્રમાણે - (૧) ગંગા, (૨) યમુના, (૩) સરયૂ, (૪) ઐરાવતી અને (૫) મહી.

પાંચ સ્થાનો વડે કલ્પે છે, તે આ પ્રમાણે -

(૧) ભયમાં, (૨) દુર્ભિક્ષમાં, (૩) કોઈ પ્રવાહમાં નાંખે ત્યારે, (૪) (ગંગાના ઉન્માર્ગીપણા વડે કરીને) ઉદકનો ઓઘ આવે છતે અથવા મોટા (આટોપ વડે) ઉદકનો ઓઘ આવે છતે અને (૫) અનાર્યો વડે (અભિભૂત થયેલા) મુનિઓને, આ પાંચ સ્થાનો વડે નદી ઊતરવી કલ્પે છે. त्ति પાઠની સમાપ્તિસૂચક છે.

✪ અહીં अणारिएसु માં સપ્તમી છે, તે તૃતીયાર્થક છે.

ટીકા :-

स्थानाङ्गे (५ स्थाने द्वि० उद्देशके) वृत्त्येकदेशो यथा-'नो कप्पइ' न कल्पन्ते, न युज्यन्ते एकवचनस्य बहुवचनार्थत्वात् 'वत्थगंधम्०' इत्यादौ इवेति । निर्गता ग्रन्थादिति निर्ग्रन्थाः=साधवः, तेषाम् । तथा निर्ग्रन्थीनां=साध्वीनाम्, इह प्रायस्तुल्यानुष्ठानत्वमुभयेषामपीति निदर्शनार्थौ वाशब्दौ, इमा इति वक्ष्यमाणनामतः प्रत्यक्षासन्नाः, उद्दिष्टाः सामान्यतोऽभिहिताः, यथा महानद्य इति । गणिता यथा पञ्चेति, व्यज्जिता=व्यक्तीकृता, यथा गङ्गेत्यादि; विशेषणोपादानाद्वा यथा महार्णवा इति । तत्र महार्णवा इव या बहूदकत्वात् महार्णवगामिन्यो वा यास्ता महार्णवाः । महानद्यः=गुरुनिम्नगाः, अन्तर=मध्ये मासस्य द्विकृत्वो वा=द्वौ वारौ वा, त्रिकृत्वो वा=त्रीन् वारान्, उत्तरितुं=लङ्घयितुं बाहुजङ्घादिना, सन्तरितुं=साङ्गत्येन वा नावादिनेत्यर्थः । लङ्घयितुमेव सकृद्वोत्तरितुमनेकशः सन्तरितुमिति अकल्प्यता च (लङ्घयितुं सन्तरितुमनेकशः न कल्प्यते) आत्मसंयमोपघात-संभवेन शबलचारित्रभावात् । यत आह - "मासब्भंतरतिन्नि य (तिन्नि) दगलेवाओ करेमाणे त्ति" ( ) उदकलेपो=नाभिप्रमाणजलावतरणमिति ।

ટીકાર્થ :-

સ્થાનાંગમાં ટીકાનો એકદેશ જે આ પ્રમાણે છે -

नो कप्पइ ..... इवेति । - અહીં મૂલ સૂત્રમાં नो कप्पइ નો અર્થ ઊતરવી યોગ્ય નથી, ત્યાં પ્રાકૃતમાં नो कप्पइ એ પ્રમાણે એકવચનનો પ્રયોગ બહુવચનાર્થક છે. જેમ वत्थगंधम् પ્રયોગમાં એકવચન છે, તે બહુવચનના અર્થમાં છે.

મૂળમાં નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી શબ્દ છે, તેની વ્યુત્પત્તિ દેખાડે છે -

निर्गता ..... साध्वीनाम्, ગ્રંથથી નીકળી ગયેલા તે નિર્ગ્રંથ અર્થાત્ સાધુઓ, તેઓને તથા નિર્ગ્રંથીઓને એટલે સાધ્વીઓને (કલ્પે નહિ.)

इह प्रायः ..... वाशब्दौ, અહીંયાં=સ્થાનાંગસૂત્રમાં, ઉભયને=સાધુ અને સાધ્વીઓને, प्रायः તુલ્ય અનુષ્ઠાનપણું છે, એ દેખાડવા માટે બે 'वा' કારનો પ્રયોગ છે. અર્થાત્ 'च' કાર ન કરતાં 'वा' કાર નો પ્રયોગ કરેલ છે.

✪ જો 'च' કર્યો હોત તો એ પ્રાપ્ત થાત કે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને આ નદીઓ ઊતરવી કલ્પતી નથી. તેનાથી એ સમજાય કે, કોઈક કાર્ય કેવળ નિર્ગ્રંથોને માટે હોય છે, જ્યારે પ્રસ્તુત કાર્ય બંનેને માટે છે, તેથી બંનેનો

નિર્દેશ કરેલ છે, પરંતુ એકનો નહિ. અને 'વા' કાર થી એ પ્રાપ્ત થાય છે કે, નિર્ગ્રંથો અથવા નિર્ગ્રંથીઓને નદી ઊતરવી કલ્પતી નથી, તેથી બંને સંયમી હોવાથી પ્રાયઃ તુલ્ય અનુષ્ઠાનવાળાં છે, તે દ્યોતન કરવા માટે 'વા' કાર કહેલ છે. અને બે 'વા' કાર વાક્યરચનાના નિયમ પ્રમાણે એક કે બંને કરી શકાય છે, તેથી કરેલ છે. જેમ 'રામો વા લક્ષ્મણો વા' અથવા 'રામો લક્ષ્મણો વા' એ બંને પ્રયોગ થઈ શકે છે, પરંતુ એકને બદલે બે 'વા' કાર છે, તેને કારણે બંનેને તુલ્ય અનુષ્ઠાન છે, તેવો અર્થ ફલિત થતો નથી.

ઇમા ..... પ્રત્યક્ષાસન્નાઃ, મૂળ સૂત્રમાં 'ઇમા' શબ્દનો પ્રયોગ 'આ' અર્થમાં છે. તેમાં પ્રસ્તુતમાં નદી સન્મુખ નહિ હોવાથી આ નદીઓ એ પ્રમાણે કહી શકાય નહિ, તેથી કહે છે કે, આગળમાં કહેવાનારા નામથી પ્રત્યક્ષ આસન્ન હોય તેવી આ નદીઓ છે, તે બતાડવા માટે 'ઇમા' શબ્દનો પ્રયોગ છે. અર્થાત્ ચક્ષુથી પ્રત્યક્ષ નથી, પરંતુ આગળમાં કહેવાનારા નામથી શ્રોત્રેન્દ્રિય દ્વારા થનારા પ્રત્યક્ષને આસન્ન એવી આ નદીઓ છે, તે બતાડવા માટે 'ઇમા' શબ્દનો પ્રયોગ છે.

મૂળસૂત્રમાં 'ઉદ્દિટ્ઠાઓ' પદ છે, તેનો અર્થ કરે છે -

ઉદ્દિષ્ટાઃ ..... મહાનદ્ય ઇતિ । ઉદ્દિષ્ટા અર્થાત્ સામાન્યથી કહેવાયેલી જે પ્રમાણે મૂળમાં મહાનદી કહી છે, તે ઉદ્દિષ્ટ શબ્દનો અર્થ છે.

મૂળમાં 'ગણિયાઓ' પદ છે, તેનો અર્થ આ પ્રમાણે -

ગણિતા ..... પઞ્ચેતિ, ગણિત એટલે જેમ પાંચ નદીઓ છે એમ કહેવું તે, એ પ્રમાણે અર્થ જાણવો.

મૂળમાં 'વંજિયાઓ' પદ છે, તેનો અર્થ આ પ્રમાણે -

વ્યઞ્જિતા ..... મહાર્ણવા ઇતિ । વ્યંજિત તે વ્યક્તિકૃત અર્થમાં છે. જેમ ગંગા ઈત્યાદિ મૂળમાં કહેવાયેલી, તે નામથી વ્યંજિત છે, અથવા વિશેષણના ઉપાદાનથી જેમ મહાર્ણવ મૂળમાં કહેવાયેલ છે, અર્થાત્ મહાર્ણવ એ પ્રમાણે વિશેષણના ઉપાદાનથી વ્યક્ત કરાઈ. નદીના વિશેષણરૂપ જે મહાર્ણવ શબ્દ છે, તેનાથી વ્યક્ત કરાયેલ પાંચ નદીઓ છે.

મહાર્ણવ એટલે શું ? તેનો અર્થ કરે છે.

તત્ર ..... મહાર્ણવાઃ । ત્યાં ઘણા જળવાળી હોવાથી મોટા અર્ણવ જેવી અથવા જે મહાસમુદ્રમાં જનારી તે મહાર્ણવા કહેવાય.

મહાનદીનો અર્થ કરે છે -

મહાનદ્યઃ=ગુરુનિમ્નગાઃ, મોટી ઊંડાઈવાળી તે મહાનદી કહેવાય છે.

અન્તર ..... કલ્પ્યતે, માસની અંદર બે કે ત્રણવાર બાહુજંઘાદિથી ઊતરવા માટે કે સાંગત્યથી તરવા માટે અર્થાત્ નાવાદિથી તરવા માટે (કલ્પે નહિ.)

અહીં સન્તરિતું માં સમ્ નો અર્થ સાઙ્ગત્યેન કર્યો. તેથી એ પ્રાપ્ત થાય કે, સંગતપણાથી તરવું તે 'સન્તરિતું' નો અર્થ છે, અને સંગતપણાથી શું એ બતાવવા અર્થે જ કહે છે કે, નાવાદિથી જે તરવું તે 'સન્તરિતું' નો અર્થ છે.

✪ સાઙ્ગત્યેન પછી 'વા' કાર છે તે સ્થાનાંગમાં નથી. તે વધારાનો લાગે છે અને ત્યારપછી લઙ્ઘયિતુમેવ થી

અકલ્પ્યતા ચ ત્યાં સુધીનો પાઠ સ્થાનાંગમાં પણ આ જ પ્રમાણે ઉપલબ્ધ છે, પરંતુ તે પાઠ અશુદ્ધ હોય તેમ ભાસે છે. ત્યાં लङ्घयितुं सन्तरितुमनेकशः न कल्प्यते આ પ્રમાણે પાઠ હોવો જોઈએ. તત્ત્વ બહુશ્રુત જાણે.

વિશેષાર્થ :-

મોટી નદીઓ અનેક વખત બાહુજંઘાદિથી લંઘન કરવા માટે અને નાવાદિથી તરવા માટે કલ્પતી નથી; કેમ કે આત્મા અને સંયમના ઉપઘાતનો સંભવ હોવાને કારણે શબલ ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે, મહિનામાં અનેક વખત નદી ઊતરે તો નદીમાં આગળ કહેવાતા પ્રત્યપાયો હોવાને કારણે આત્માનો ઉપઘાત થાય છે, અને આગળમાં કહેલાં કારણોને છોડીને નદી ઊતરવામાં જલના જીવોની વિરાધના થવાના કારણે સંયમનો ઉપઘાત થવાથી ચારિત્રની શબલતાની પ્રાપ્તિ થાય છે. તેથી અનેકવાર નદી ઊતરવી જોઈએ નહિ.

ટીકાર્થ :-

यत आह - मासब्भंतर ..... जलावतरणमिति । માસની અંદર ત્રણ વાર દગલેપ અર્થાત્ ઉદકલેપ=નાભિ પ્રમાણે જલાવતરણ કરતાં, સાધુ અથવા સાધ્વીને આત્મ અને સંયમના ઉપઘાતના સંભવથી શબલ ચારિત્રની પ્રાપ્તિ થાય છે, એ પ્રકારનો ભાવ કરેમાણે પછી અધ્યાહાર હોવો જોઈએ.

✪ 'मासब्भंतर तिन्नि य दगलेवाओ करेमाणे त्ति' પાઠ છે, ત્યાં સ્થાનાંગ સૂત્રમાં मासब्भंतरे तिन्नि दगलेवाओ करेमाणे त्ति પાઠ છે અને તે સ્થાનાંગના પાઠ મુજબ વિચારીએ તો પ્રસ્તુત ગ્રંથમાં तिन्नि પછી य છે તે વધારાનો ભાસે છે.

ટીકા :-

इह सूत्रे कल्पभाष्यगाथा-'इमाओ त्ति सुत्तउत्ता, उद्दिट्ठणईओ गणिय पंचेव । गंगादिवंजियाओ, बहूदय महाण्णवाओ अ । पंचण्हं गहणेणं, सेसावि उ सूइआ महासलिलाइ' त्ति ।।

ટીકાર્થ :-

આ સૂત્રમાં=ઠાણાંગના આ સૂત્રમાં, જે પદાર્થ છે, તે જ પદાર્થને બતાવનારી કલ્પભાષ્યની ગાથા વૃત્તિકાર બતાવે છે -

इमाओ આ એટલે સૂત્રોક્ત, ઉદ્દિષ્ટ નદીઓ, પાંચ એ પ્રમાણે ગણિત, ગંગાદિથી વ્યંજિત અને મહાર્ણવની જેમ ઘણા પાણીવાળી પાંચના ગ્રહણથી શેષ પણ મહાસલિલવાળી સૂચિત છે.

ટીકા :-

प्रत्यपायाश्चेह-ओहारमगराइआ घोरा तत्थ उ सावया, सरीरोवहिमाईआ णावतेणं व कत्थइ त्ति ।।

ટીકાર્થ :-

અહીં એટલે નદીઉત્તરણમાં પ્રત્યપાયો આ પ્રમાણે -

ओहार ..... कत्थइ त्ति ।। મોટા મગરાદિ અને હિંસક શ્વાપદ તેમાં હોય અને શરીર ઉપધિ આદિના नावस्तेन=ચોર ક્યાંક હોય. (આનાથી આત્મઉપઘાત થવાનો સંભવ હોવાથી આત્મઉપઘાત દેખાડ્યો છે.)

✪ ओहारमगराइया અહીં 'ओहार' શબ્દ છે, તે દેશ્ય છે અને તે જલચર જંતુવિશેષમાં વપરાય છે.

ટીકા :-

अपवादमाह-पंचेत्यादि भये-राजप्रत्यनीकादेः सकाशात् उपध्याद्यपहारविषये सति १ दुर्भिक्षे वा-भिक्षाभावे सति २ 'पव्वाहेज्ज त्ति' प्रव्यथते=बाधते, अन्तर्भूतकारितार्थत्वाद्वा प्रवाहयेत् क्वचित् प्रत्यनीकः तत्रैव गङ्गादौ प्रक्षिपेदित्यर्थः ३ 'उदओघंसि त्ति' उदकौघं वा गङ्गादीनामुन्मार्गगामित्वेनागच्छति सति तेन प्लाव्यमानानामित्यर्थः । महता वाटोपेनेति शेषः ४ 'अणायरिएसु' त्ति विभक्तिव्यत्यात् अनार्यैः=म्लेच्छादिभिः, जीवितचारित्रापहारिभिरभिभूतानामिति शेषः म्लेच्छेषु वागच्छत्सु इति शेषः ।।५।।

ટીકાર્થ :-

अपवादमाह - ..... इति शेषः ।।५।। (ઉત્સર્ગ-અપવાદ સૂત્ર સંબંધી) અપવાદ કહે છે -

પાંચ ઈત્યાદિ અપવાદ છે.

(૧) ભય હોતે છતે નદી ઊતરવાની આજ્ઞા છે. તે ભય શું તે કહે છે – રાજા પ્રત્યનીક હોય અને આદિથી મંત્રી આદિ પ્રત્યનીક હોય, તેનાથી ઉપધિ આદિના અપહારનો વિષય હોતે છતે (નદી ઊતરવી કલ્પે છે.)

(૨) દુર્ભિક્ષ અર્થાત્ ભિક્ષાનો અભાવ હોતે છતે (નદી ઊતરવાની આજ્ઞા છે.)

(૩) पव्वाहेज्ज त्ति प्रव्यथते અર્થાત્ પોતે બાધા પામતો હોય (રોગાદિથી કે ઉપસર્ગ આદિથી તે ક્ષેત્રમાં પોતે બાધા પામતો હોય) અથવા 'पव्वाहेज्ज' અંતર્ભૂત કારિતઅર્થપણું હોવાથી 'प्रवाहयेत्' એ પ્રમાણે બીજો અર્થ કરે છે.

✪ પ્રથમ 'पवाहेज्ज' શબ્દથી प्रव्यथते અર્થ કર્યો, તે પ્રેરકરૂપ નથી અને પ્રાકૃતમાં 'पवाहेज्ज' શબ્દના અંતર્ભૂત જ પ્રેરક અર્થ પણ રહેલ છે, તે અર્થને સામે રાખીને 'प्रवाहयेत्' અર્થ કરેલ છે. અને તેનું તાત્પર્ય એ છે કે, क्वचित् પ્રત્યનીક ત્યાં જ ગંગાદિમાં ફેંકે, એ પ્રકારનો અર્થ 'पवाहेज्ज' શબ્દનો છે.

(૪) 'उदओघंसि त्ति' उदओघंसि નો અર્થ મૂળસૂત્રમાં 'एज्जमाणंसि' શબ્દ છે, તેને સાથે ગ્રહણ કરીને કરવાનો છે. અને તેથી એ પ્રાપ્ત થાય કે, ઉદકનો સમૂહ આવે છતે. અને તે જ અર્થને સ્પષ્ટ કરતાં બતાવે છે કે, ગંગાના ઉન્માર્ગીપણા વડે કરીને ઉદકનો સમુદાય આવે છતે, તેના વડે અર્થાત્ ઉદકના સમુદાય વડે ડૂબતા એવા સાધુઓને, અથવા મોટા આટોપથી ઉદકનો ઓઘ આવે છતે ડૂબતા એવા સાધુઓને નદી ઊતરવાની આજ્ઞા છે.

✪ અહીં સૂત્રમાં 'महता' પછી 'आटोपेन' એ અધ્યાહાર છે.

(૫) अणायरिएसु त्ति - વિભક્તિનો વ્યત્યય હોવાથી=अणायरिएसु પ્રાકૃતમાં સપ્તમી વિભક્તિ છે, તેનો તૃતીયામાં વ્યત્યય હોવાથી અર્થ કરતાં કહે છે કે, જીવિત અને ચારિત્રના અપહારી એવા મ્લેચ્છાદિ વડે અભિભૂત થયેલા સાધુઓને નદી ઊતરવાની અનુજ્ઞા છે.

✪ અહીં મૂળસૂત્રમાં अणायरिएसु પછી अभिभूतानाम् એ અધ્યાહાર છે.

હવે વિભક્તિનો વ્યત્યય કર્યા વગર સપ્તમી વિભક્તિ ગ્રહણ કરીને બીજો અર્થ કરે છે - અથવા મ્લેચ્છાદિ આવે છતે (સાધુઓને નદી ઊતરવાની અનુજ્ઞા છે). આ બીજા અર્થ પ્રમાણે મૂળસૂત્રમાં 'आगच्छत्सु' અધ્યાહાર છે. અને એનાથી એ પ્રાપ્ત થયું કે, મ્લેચ્છાદિથી અભિભૂત થયેલા હોય ત્યારે અથવા તો સાધુઓ જે ગામમાં ઊતર્યા હોય ત્યાં મ્લેચ્છાદિ આવ્યા હોય ત્યારે સાધુઓને નદી ઊતરવાની અનુજ્ઞા છે.

ટીકા :-

एतानि तु पुष्टालम्बनानीत्युत्तरणेऽपि न दोष इति कल्प्यत्वव्यपदेशः ।।

ટીકાર્થ :-

एतानि ..... कल्प्यत्वव्यपदेशः ।। **વળી આ પુષ્ટ આલંબનો છે, એથી કરીને (નદી) ઉત્તરણમાં પણ દોષ નથી, એથી કરીને (નદીઉત્તરણક્રિયામાં) કલ્પ્યત્વનો વ્યપદેશ છે.**

ટીકા :-

अकारणेऽपि यतनापदेन पुनरेवं स कल्पे व्यवस्थितः - 'णो कप्पइ णिग्गंथाणं वा णिग्गंथीणं वा इमाओ उद्दिट्ठाओ पंच महाण्णवाओ महाणईओ गणियाओ वंजियाओ अंतो मासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा (१) गंगा (२) जउणा (३) सरऊ (४) कोसिया (५) मही, अह पुण एवं जाणिज्जा-एरावती कुणालाए जत्थ चक्किया एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा, एवं णं कप्पइ अंतोमासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा' **(बृहत्कल्पे उ० ४ सू० ३२)** ।

ટીકાર્થ :-

अकारणेऽपि ..... व्यवस्थितः - અકારણમાં પણ યતનાપદથી પુનઃ આ પ્રમાણે તે=વિધિ, બૃહત્કલ્પભાષ્યમાં વ્યવસ્થિત છે.

✪ अकारणेऽपि અહીં 'अपि' થી એ સમુચ્ચય કરવાનો છે કે, કારણમાં તો વિધિ બતાવી, પણ અકારણમાં પણ નદી ઊતરવાની વિધિ બતાવે છે.

णो कप्पइ ..... मही, નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથીઓને આ ઉદ્દિષ્ટ પાંચ મહાર્ણવ મહાનદીઓ, ગણિત, વ્યંજિત માસની અંદર બે વાર કે ત્રણ વાર ઊતરવી કે તરવી કલ્પે નહિ. (તે આ પ્રમાણે).

(૧) ગંગા, (૨) યમુના, (૩) સરયૂ, (૪) કોશી અને (૫) મહી

अह पुण ..... संतरित्तए वा હવે વળી આ પ્રમાણે જાણવું. કુણાલનગરીમાં એરાવતી જ્યાં એક પગ જલમાં કરીને અને બીજો પગ સ્થલમાં કરીને (નદી ઊતરવી) શક્ય છે, એ પ્રમાણે એક મહિનાની અંદર બે વાર કે ત્રણ વાર ઊતરવી કે તરવી કલ્પે.

✪ 'चक्किया' શબ્દ છે ત્યાં 'एवं उत्तरिउं' અધ્યાહાર છે. एवं उत्तरिउं चक्किया આ પ્રમાણે અન્વય જાણવો. चक्किया=शक्नुयात्=સમર્થ થાય એ અર્થ છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં પાંચ કારણોને આશ્રયીને નદીઉત્તરણમાં દોષ નથી, એ સિદ્ધ કર્યું, તે પાંચ કારણો રત્નત્રયીના રક્ષણમાં પુષ્ટાલંબનરૂપ છે. હવે તે પાંચમાંથી કોઈપણ કારણ ન હોય તો પણ યતનાપૂર્વક નદી ઊતરવાની બૃહત્કલ્પમાં વિધિ બતાવી. તેથી એ પ્રાપ્ત થયું કે, પુષ્ટાલંબનથી નદીઉત્તરણ એ સંયમની વૃદ્ધિનું કારણ છે, જ્યારે રાગપ્રાપ્ત નદીઉત્તરણ એ સંયમની વૃદ્ધિનું કારણ નથી, છતાં યતનાપૂર્વક ઉપર કહેલી વિધિ મુજબ ઊતરે તો ચારિત્રમાં શબલતાનું=મલિનતાનું, કારણ ન બને.

ટીકા :-

अत्र हि सङ्ख्यानियमोपोद्वलनस्य यतनया कल्प्यता शबलताऽप्रयोजकत्वमिति यावत् । परतस्त्वाज्ञाभङ्गानवस्थाभ्यां यतनयाऽपि न तथात्वम् इति बोध्यम् । तदेवं पुष्टालम्बनेन अपवादेऽपि न त्रासौचित्यमिति स्थितम् ।।३७।।

ટીકાર્થ :-

अत्र ..... इति यावत् । **અહીંયાં=બૃહત્કલ્પના સૂત્રમાં, સંખ્યાનિયમના ઉપોદ્વલનથી=સંખ્યાનિયમની મર્યાદાથી, યતના વડે કરીને કલ્પ્યપણું છે; અર્થાત્ શબલતાનું અપ્રયોજકપણું છે.**

વિશેષાર્થ :-

અહીં ઉપોદ્વલનનો અર્થ એ છે કે, સંખ્યાનિયમનની અંદર મર્યાદામાં રહીને કરવું, અને તે પણ જે પ્રકારની શાસ્ત્રમાં નદી ઊતરવાની વિધિની યતના છે, તે પ્રમાણે યતનાથી નદી ઊતરવી તો તે કલ્પ્ય બને; અર્થાત્ આ કલ્પ્યતા સંયમવૃદ્ધિનું કારણ નથી; પરંતુ ચારિત્રની શબલતાના અપ્રયોજકપણારૂપ છે.

કહેવાનો ભાવ એ છે કે, અકારણમાં પણ બૃહત્કલ્પમાં કહેલ વિધિ પ્રમાણે સંખ્યાનિયમની મર્યાદામાં રહીને યતનાપૂર્વક નદી ઊતરે તો ચારિત્ર શબલ ન બને.

ટીકાર્થ :-

परतः ..... इति बोध्यम् । **અકારણમાં જે નદીઉત્તરણવિષયક સંખ્યાનિયમ છે, તેનાથી વધુ વાર યતના વડે પણ નદીઉત્તરણ કરે તો આજ્ઞાભંગ અને અનવસ્થાને કારણે તથાત્વ નથી=શબલતાનું અપ્રયોજકપણું નથી; એ પ્રમાણે જાણવું.**

વિશેષાર્થ :-

ભગવાનની આજ્ઞા એક મહિનામાં એક વખત જ નદી ઊતરવાની છે. તેનાથી વધુ વખત નિષ્કારણ

યતનાપૂર્વક ઊતરે તો પણ આજ્ઞાભંગનો દોષ લાગે છે. અને તે નદી ઊતરનાર સાધુનું અવલંબન લઈને અન્ય પણ સાધુઓ એક મહિનામાં એકથી અધિક વખત અકારણે નદી ઊતરે તેવી સંભાવના રહે છે. તેથી તે પાપની અનવસ્થા પણ પ્રાપ્ત થાય. તેથી ત્યાં કલ્પ્યતા નથી, એ પ્રમાણે જાણવું.

અહીં વિશેષ એ છે કે રાગાદિના કારણે ભગવાનની આજ્ઞા ઘણા જલવાળી મોટી નદી એક મહિનામાં બે કે ત્રણ વાર ઊતરવાનો નિષેધ છે. એટલે એક મહિનામાં મોટી નદી ઊતરવી પડે તો એક વાર ઊતરવાની છૂટ છે, અને અકારણમાં પણ જ્યાં કુણાલનગરીમાં એરવતી નદી કે જેમાં એક પગ પાણીમાં અને બીજો પગ અદ્ધર કરી શકાય એવા સ્થાને, એક મહિનામાં બે કે ત્રણ વાર નદી ઊતરવી કલ્પે, અને પુષ્ટાલંબને તો જ્ઞાનાદિની વૃદ્ધિ અર્થે મોટી અથવા નાની નદી ગમે તેટલી વાર ઊતરવી કલ્પે.

પ્રસ્તુત કથનના નિગમનને બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

तदेवं ..... स्थितम् ।। તે કારણથી=પૂર્વમાં કહ્યું કે, પાંચ કારણોથી સાધુને નદી ઊતરવી કલ્પે તે કારણથી, પુષ્ટાલંબન વડે અપવાદપદમાં પણ ત્રાસ ઉચિત નથી=નદી તો સાધુને અપવાદથી ઊતરવાની છે, માટે નદીના દૃષ્ટાંતથી પૂજા કર્તવ્યપણારૂપે સિદ્ધ નથી એ પ્રકારે માનવું ઉચિત નથી, એ પ્રમાણે સ્થિત છે. ॥૩૭॥

વિશેષાર્થ :-

નદી ઊતરવાનાં પાંચ કારણો પુષ્ટાલંબનરૂપ છે, તેથી સાધુ પુષ્ટાલંબનથી નદી ઊતરે છે, તે અપવાદરૂપ છે. આમ છતાં, અપવાદપદમાં નદી ઊતરવામાં સંયમની વૃદ્ધિ જ થાય છે, પરંતુ હિંસાદિનું પાપ લાગતું નથી. તેથી અપવાદપદમાં પણ ત્રાસ ઉચિત નથી; અર્થાત્ ઉત્સર્ગપદમાં તો ત્રાસ ઉચિત નથી, પરંતુ અપવાદપદમાં પણ નદીઉત્તરણથી હિંસા થાય છે એમ માનીને ત્રાસ ઉચિત નથી; કેમ કે અપવાદથી પણ નદી ઊતરવામાં હિંસાકૃત પાપ નથી, પરંતુ સંયમની વૃદ્ધિ જ છે. અને એ જ રીતે જિનપૂજામાં જે હિંસા થાય છે, ત્યાં પણ હિંસાકૃત પાપ નથી, પરંતુ અરિહંતના વિનયકૃત શુભભાવ ઉત્થિત થાય છે. માટે નદીનું દૃષ્ટાંત પૂજામાં સંગત જ છે. ॥૩૭॥

અવતરણિકા :-

दृष्टान्तान्तरेण समर्थनमाह -

અવતરણિકાર્થ :-

દ્રવ્યસ્તવની અદુષ્ટતાનું બીજા દૃષ્ટાંતથી સમર્થન કરે છે -

શ્લોક :-

गर्तादङ्गविघर्षणैरपि सुतं मातुर्यथाहेर्मुखात्,
कर्षन्त्या नहि दूषणं ननु तथा दुःखानलार्चिर्भृतात् ।
संसारादपि कर्षतो बहुजनान् द्रव्यस्तवोद्योगिन-
स्तीर्थस्फातिकृतो न किञ्चन मतं हिंसांशतो दूषणम् ।।३८।।

શ્લોકાર્થ :-

જે રીતે ગર્તાથી=ખાડાથી, અંગના વિઘર્ષણ વડે ઘસડાવાથી પણ સાપના મુખથી પુત્રને ખેંચતી માતાને દૂષણ નથી, તે રીતે દુઃખરૂપી અગ્નિજ્વાલાથી પૂરિત એવા સંસારથી પણ ઘણા મનુષ્યોને ખેંચનાર અને તીર્થની સ્ફાતિ=ઉન્નતિ, કરનાર એવા દ્રવ્યસ્તવમાં ઉદ્યમીની હિંસાના અંશને કારણે નક્કી કોઈ દૂષણ મનાયેલું નથી. ।।૩૮।।

ટીકા :-

'गर्तात्' इति :- यथा-गर्तात्=विवरादतित्वरयाऽङ्गस्य विघर्षणैरपि कृत्वाऽहेर्मुखात्= सर्पस्य वदनात्, सुतं कर्षन्त्या मातुः न हि=नैव, दूषणम् । ननु-निश्चये, तथा दुःखानलार्चिर्भृतात्= असुखाग्निज्वालापूरितात्, संसारादपि बहुजनान् बीजाधानद्वारेण कर्षतो द्रव्यस्तवे उद्योगिनः= उद्यमवतः, तीर्थस्फातिकृतः=जिनशासनोन्नतिकारिणः, हिंसांशतः=हिंसांशेन, न दूषणं मतम्, स्वरूपहिंसायां दोषस्याबलवत्त्वाद्, उद्देश्यफलसाधनतयाऽनुबन्धतोऽदोषत्वाद्वा ।।३८।।

ટીકાર્થ :-

यथा ..... अदोषत्वाद्वा ।। જે રીતે ખાડામાંથી અતિત્વરાથી અંગના વિઘર્ષણ વડે પણ પુત્રનું સાપથી રક્ષણ કરવા અર્થે ખેંચતી માતાને દૂષણ નથી, તે રીતે દુઃખરૂપી અગ્નિજ્વાલાથી ભરેલા એવા સંસારમાંથી ઘણા લોકોને બીજાધાન દ્વારા ખેંચનારા એવા દ્રવ્યસ્તવમાં ઉદ્યમવાળાઓને જિનશાસનની ઉન્નતિ કરનારાઓને હિંસાના અંશને કારણે નક્કી દૂષણ નથી; કેમ કે સ્વરૂપહિંસામાં દોષનું અબલવાનપણું છે અથવા તો ઉદ્દેશ્યને અનુરૂપ ફળનું સાધનપણું હોવાને કારણે અનુબંધથી= ફળથી, અદોષપણું છે. ।।૩૮।।

વિશેષાર્થ :-

(૧) સ્વરૂપહિંસામાં દોષનું અબલવાનપણું છે, તેનો ભાવ એ છે કે, જિનપૂજામાં ફક્ત સ્વરૂપથી હિંસા છે, તેથી જિનપૂજાથી થતા લાભોની અપેક્ષાએ પુષ્પાદિના જીવોને પીડારૂપ જે દોષ છે, તેનું અબલવાનપણું છે.

(૨) ઉદ્દેશ્ય એ અંતિમ લક્ષ્ય છે, ફળ એ અનંતર સાધ્ય છે અને તેનું સાધન દ્રવ્યસ્તવ છે, તેથી ફળથી તેમાં અદુષ્ટપણું છે; કેમ કે દ્રવ્યસ્તવના ફળરૂપે વીતરાગભાવને અભિમુખ ચિત્ત પ્રગટે છે, માટે ફળથી તે દોષરૂપ નથી, પરંતુ અદોષરૂપ છે=ગુણરૂપ છે. તે આ રીતે - ઉદ્દેશ્યને અનુરૂપ ફળનું સાધનપણું હોવાને કારણે અનુબંધથી અદોષપણું છે. તેનો ભાવ એ છે કે, જે જીવ સંસારથી ભય પામેલો છે, તેને માટે સંસારથી અતીત અવસ્થા જ ઉદ્દેશ્ય છે. અને તે ઉદ્દેશ્યને અનુરૂપ ફળ એ છે કે, ભગવાનની પૂજાથી નિષ્પાદ્ય એવું ઉત્તમ ચિત્તરત્ન કે જે ભગવાનની પૂજાનું ફળ છે, તે જ ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થઈને ઉદ્દેશ્યભાવમાં વિશ્રાંત પામે છે. અથવા ઉદ્દેશ્ય એ પરિપૂર્ણ અહિંસકભાવ છે, અને તે વીતરાગતાસ્વરૂપ છે, અને તેને અનુરૂપ એવું ચિત્ત જિનપૂજાથી થાય છે, જે ભગવાન પ્રત્યે ઉત્તરોત્તર વૃદ્ધિમત્ થઈને પરિપૂર્ણ અહિંસકભાવમાં વિશ્રાંત પામે છે. અને તે ફળનું સાધન પ્રસ્તુત દ્રવ્યસ્તવ છે, તેથી ઉદ્દેશ્યને અનુરૂપ ફળનું સાધનપણું પ્રસ્તુત દ્રવ્યસ્તવમાં છે.

અહીં વિશેષ એ છે કે, પ્રથમ હેતુથી એ બતાવ્યું કે, સ્વરૂપહિંસામાં દોષનું અબલવાનપણું છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાનની પૂજાથી જે ગુણની પ્રાપ્તિ થાય છે, તેની અપેક્ષાએ અલ્પ દોષની પ્રાપ્તિ છે. ત્યાર પછી બીજા હેતુથી એ બતાવવું છે કે, વાસ્તવિક રીતે દ્રવ્યસ્તવ એ ગુણની પ્રાપ્તિનું જ કારણ છે, તેથી ફળની અપેક્ષાએ વિચારીએ તો દોષરૂપ નથી, પરંતુ ગુણરૂપ જ છે. **॥૩૮॥**

અવતરણિકા :-

एतत्समर्थितदृष्टान्तरन्यायं प्रकृते योजयितुमाह -

અવતરણિકાર્થ :-

આનાથી=શ્લોક-૩૮માં કહેવાયેલા સર્પના મુખમાંથી પુત્રને બચાવવા ગર્તામાંથી આકર્ષણનું જે દૃષ્ટાંત એનાથી, સમર્થિત એવું જે અન્ય દૃષ્ટાંત=ભગવાનનું રાજ્યપ્રદાનાદિ એવું જે અન્ય દૃષ્ટાંત, તેના ન્યાયને=નિર્દેશને, પ્રકૃતમાં=દ્રવ્યસ્તવમાં, યોજવા માટે કહે છે -

વિશેષાર્થ :-

પંચાશકગ્રંથમાં ગર્તાકર્ષણના દૃષ્ટાંતથી ભગવાનના શિલ્પાદિનું સમર્થન કરાયું છે, તેથી ગર્તાકર્ષણથી સમર્થિત એવું ભગવાન દ્વારા શિલ્પાદિનું વિધાન દ્રવ્યસ્તવમાં દૃષ્ટાંતાન્તરરૂપ=અન્ય દૃષ્ટાંતરૂપ છે, અને તેનો નિર્દેશ પંચાશકગ્રંથમાં જિનભવન કરાવવા માટે કરેલ છે, તે નિર્દેશને પ્રકૃતમાં યોજવા માટે કહે છે –

શ્લોક :-

एतेनैव समर्थिता जिनपतेः श्रीनाभिभूपान्वय-
व्योमेन्दोः सुतनीवृतां विभजना शिल्पादिशिक्षापि च ।
अंशोऽस्यां बहुदोषवारणमतिश्रेष्ठो हि नेष्टोऽपरो,
न्यायोऽसावपि दुर्मतद्रुमवनप्रोद्दामदावानलः ।।३९।।

શ્લોકાર્થ :-

આનાથી જ=શ્લોક-૩૮માં કહેવાયેલ સુતકર્ષણદૃષ્ટાંતથી જ, શ્રી નાભિરાજાના વંશરૂપ આકાશમાં ચંદ્ર સમાન એવા જિનપતિની સુતોને=પુત્રોને, દેશની વિભજના અને (પ્રજાને) શિલ્પાદિની શિક્ષા પણ સમર્થિત થાય છે. આમાં=પુત્રોને દેશની વિભજનામાં=દેશનો વિભાગ કરવામાં અને (પ્રજાને) શિલ્પાદિની શિક્ષામાં, નક્કી બહુ દોષનું વારણ અતિ શ્રેષ્ઠ છે, અને અપર અંશ=આનુષંગિક હિંસારૂપ અપર અંશ, ઈષ્ટ નથી. આ પણ ન્યાય=નિર્દેશ, દુર્મતરૂપ દ્રુમવનમાં=વૃક્ષના વનમાં, પ્રબલતર દાવાગ્નિ છે. ॥૩૯॥

ટીકા :-

'एतेनैव' इति :- एतेनोपदर्शितेन सुतकर्षणदृष्टान्तेनैव श्रीनाभिभूपस्य योऽन्वयः=वंशः, तदेव व्योम अतिविशालत्वाद् तत्रेन्दुः परमसौम्यलेश्यत्वाद् जगन्नेत्रासेचनकत्वाच्च, तस्य विशेषणेनैव झटित्युपस्थितेर्विशेष्यानुपादानान्न न्यूनत्वम्, जिनपतेः=तीर्थकरस्य श्रीऋषभदेवस्येत्यर्थः । सुतनीवृत्तां= सुतदेशानां, विभजना=विभज्यदानम्, शिल्पादीनां शिक्षापि च प्रजानामिति शेषः । समर्थिता= निर्दोषतयोपदर्शिता । नीवृदन्वितस्य सुतपदस्य शिक्षायां पृथगन्वये सुतेभ्य इत्यध्याहारावश्यकत्वे, अन्यथा विधेयाविमर्शदोषानुद्धारे सुष्ठु=शोभना, ता=लक्ष्मीर्यत्रेति नीवृत् इति समानाधिकरणविशेषणमेव व्याख्येयम् । अस्यां=सुतनीवृद्विभजनायां शिल्पादिशिक्षायां च बहुदोषस्येतरथा मात्स्यन्यायेनान्याय-प्रवृत्तिलक्षणस्य वारणमतिश्रेष्ठो अधिकारिणा भगवताऽत्यन्तमभिप्रेतः, हि= निश्चितम्, अपरः=अन्यः अंशो अनुषङ्गहिंसारूपो नेष्टः= उपेक्षितः इति यावत्, तस्य स्वापेक्षया बलवद्दोषत्वाभावेन प्रवृत्त्यव्या-घातकत्वात् असावपि न्यायोऽतिदेश(निर्देश)लक्षणः दुर्मते द्रव्यस्तवानभ्युपगमरूपे द्रुमवने=वृक्षसमूहे, प्रोद्दामः=प्रबलतरो, दावानलः=दावाग्निः, एतन्न्यायोपस्थितौ प्रचितस्यापि दुर्मतस्य त्वरितमेव भस्मीभावात् । द्रव्यस्तवेऽप्यधिकारिणो गृहिणो भक्त्युद्रेकेण बोधिलाभहेतुत्वस्यैवांशस्येष्ट-त्वादितरस्योपेक्षणीयत्वादिति भावः ।।

ટીકાર્થ :-

एतेन ..... उपदर्शिता । આનાથી જ=ઉપદર્શિત એવા સુતકર્ષણના દૃષ્ટાંતથી જ, નાભિરાજાના વંશરૂપી આકાશમાં ચંદ્રરૂપ જિનપતિનું=તીર્થંકર શ્રીઋષભદેવનું, પુત્રોને દેશોની વિભજના અને પ્રજાને શિલ્પાદિની શિક્ષા પણ સમર્થિત કરાઈ છે અર્થાત્ નિર્દોષપણાથી દેખાડાયેલી છે.

અહીં નાભિરાજાનો વંશ અતિવિશાળ હોવાથી તેને આકાશની ઉપમા આપી છે, અને ઋષભદેવ પ્રભુને ચંદ્રની ઉપમા આપી છે; કેમ કે ઋષભદેવ પ્રભુ પરમ સૌમ્ય લેશ્યાવાળા છે અને જગતના નેત્રોને

આહ્લાદ આપનારા છે. જેમ ચંદ્ર શીતળ અને જગતનાં નેત્રોને આનંદ આપનાર છે, તેમ ભગવાન ઋષભદેવ પણ તેવા છે.

ઉત્થાન :-

અહીં નાભિકુલવંશરૂપ આકાશમાં ચંદ્ર સમાન ભગવાન ઋષભદેવ એવા જિનપતિ એમ ન કહેતાં નાભિકુલવંશરૂપ આકાશમાં ચંદ્ર જેવા જિનપતિ છે એમ કહ્યું, તેથી વિશેષ્ય એવા ઋષભદેવ ભગવાનનું અનુપાદાન છે અર્થાત્ વિશેષ્ય ગ્રહણ કરેલ નથી. તેથી કાવ્યમાં કેવલ વિશેષણનું ગ્રહણ કરેલ હોય અને વિશેષ્યનું અનુપાદાન હોય=ગ્રહણ કરેલ ન હોય, તો જિનપતિ કોણ ? એમ આકાંક્ષા રહે છે. એથી ન્યૂનત્વ નામનો દોષ આવે છે. તેથી કહે છે -

ટીકાર્થ :-

तस्य ..... न्यूनत्वम्, તેની=વિશેષ્યની, વિશેષણ વડે જ શીઘ્ર ઉપસ્થિતિ થતી હોય તો વિશેષ્યના અનુપાદાનથી ન્યૂનપણાનો દોષ નથી.

વિશેષાર્થ :-

નાભિરાજાના વંશરૂપી આકાશમાં ચંદ્ર જેવા જિનપતિ કહેવાથી ઋષભદેવ ભગવાનની ઉપસ્થિતિ શીઘ્ર થાય છે, તેથી મૂળ શ્લોકમાં 'ઋષભદેવ' શબ્દ મૂકેલ નથી. પરંતુ તેના સ્થાને કોઈ અન્ય વિશેષણ હોય તો વિશેષ્ય એવા ઋષભદેવનું ઉપાદાન આવશ્યક બને. જેમ ઋષભદેવ ભગવાનનો સંયમનો છદ્મસ્થકાળ ૧ હજાર વર્ષનો છે, તેને સામે રાખીને કહેવામાં આવે કે ૧ હજાર વર્ષના સંયમપર્યાયવાળા જિનપતિ, તો ત્યાં ૧ હજાર વર્ષના સંયમપર્યાયથી ઋષભદેવની ઉપસ્થિતિ હોવા છતાં સામાન્ય રીતે બધાને કયા જિનપતિએ ૧ હજાર વર્ષ સુધી છદ્મસ્થ સંયમપર્યાય પસાર કર્યો છે, તેનું જ્ઞાન ન હોવાને કારણે વિશેષ્ય એવા ઋષભદેવની શીઘ્ર ઉપસ્થિતિ થાય નહિ. તેથી તેવા સ્થાનમાં ઋષભદેવરૂપ વિશેષ્યનું ગ્રહણ કરવામાં ન આવે તો ન્યૂનત્વ દોષની પ્રાપ્તિ થાય. પરંતુ નાભિરાજાના પુત્રરૂપે ઋષભદેવ અતિ પ્રસિદ્ધ છે, તેથી વિશેષ્યના અનુપાદાનમાં ન્યૂનત્વ દોષ નથી.

ટીકાર્થ :-

सुतनीवृत्तां ..... शेषः । પુત્રોને દેશોની વિભજના=વિભજ્યદાન અને પ્રજાને શિલ્પાદિની શિક્ષા પણ આપી. 'प्रजानां' એ પદ શ્લોકમાં અધ્યાહાર છે.

नीवृदन्वितस्य ..... व्याख्येयम् । નીવૃત્ત અન્વિત=દેશ સહિત, એવા સુતપદનો શિક્ષામાં પૃથગ્ અન્વય કરવામાં 'सुतेभ्यः' એ પ્રમાણે અધ્યાહારનું આવશ્યકપણું હોતે છતે, સમાનાધિકરણ વિશેષણ જ વ્યાખ્યેય છે એમ અન્વય છે. અન્યથા=નીવૃત્ત અન્વિત એવા સુતનો પૃથગ્ અન્વય કરવામાં 'सुतेभ्यः'ને આવશ્યક ન માનવામાં આવે તો, વિધેયના અવિમર્શ દોષનો અનુદ્ધાર થાય.

તેથી વિશેષણના અવિમર્શ દોષના ઉદ્ધાર માટે સુતનીવૃત્તાં શબ્દનો બીજી રીતે સમાસ ખોલતાં બતાવે છે - સુષ્ઠુ=શોભન, તા=લક્ષ્મી જેમાં છે તે સુતા, અને નીવૃત્ એ પ્રમાણે બે શબ્દો ગ્રહણ કરીને સમાનાધિકરણ વિશેષણ જ વ્યાખ્યેય=વ્યાખ્યાન કરવા યોગ્ય છે.

વિશેષાર્થ :-

મૂળ શ્લોકમાં 'સુતનીવૃત્તાં' પદ છે. તેથી પુત્રને દેશોની વિભજના એ પ્રમાણે અન્વય કરવામાં આવ્યો, અને શિલ્પાદિની શિક્ષા પણ આપી, એ પ્રમાણેના કથનમાં તે શિક્ષા કોને આપી ? એ પ્રકારના પ્રશ્નમાં 'પ્રજાનામ્' એ પદ અધ્યાહાર બતાવ્યું. પરંતુ 'સુતનીવૃત્તાં' માં સમાસરૂપે રહેલ 'સુત' શબ્દનો દેશની વિભજનામાં અને શિલ્પાદિની શિક્ષામાં અન્વય થઈ શકે નહિ. તેથી શિલ્પાદિ અને સુતનો અન્વય કરવો હોય તો 'सुतेभ्यः' એ પદ અધ્યાહાર માનવું આવશ્યક રહે છે. અને તેમ ન માનો તો શિલ્પાદિમાં વિધેય એવા 'સુતપદ'નો અવિમર્શ થયો, તે દોષનો ઉદ્ધાર થાય નહિ. અને 'सुतेभ्यः' જ્યારે અધ્યાહાર રાખવામાં આવે ત્યારે, દેશોની વિભજના અને શિલ્પાદિની શિક્ષા બંને પુત્રોને જ અપાઈ, એવો અર્થ અધ્યાહાર એવા 'सुतेभ्यः' પદથી જ ગ્રહણ થઈ જાય છે.

તેથી 'સુતનીવૃત્તાં' નો અર્થ બીજી રીતે કરવો આવશ્યક રહે છે. કેમ કે અધ્યાહાર એવા 'सुतेभ्यः' પદથી બંનેમાં અન્વય પ્રાપ્ત થતો હોય ત્યારે, દેશની સાથે સંબંધવાળા સુતપદનો અર્થ પુત્ર કરવો ઉચિત ન ગણાય. તેથી વિશેષણના અવિમર્શ દોષના ઉદ્ધાર માટે બીજી રીતે સમાસ ખોલતાં બતાવે છે -

સુષ્ઠુ=શોભન, તા=લક્ષ્મી, એટલે શોભન લક્ષ્મી જેમાં છે તે સુતા, અને નીવૃત્ એ પ્રમાણે બે શબ્દો ગ્રહણ કરીને સમાનાધિકરણ વિશેષણ જ વ્યાખ્યાન કરવા યોગ્ય છે. અર્થાત્ सुता चासौ नीवृत् च इति सुतनीवृत् એ પ્રમાણે સમાસ કરવો. તેનાથી એ અર્થ પ્રાપ્ત થાય કે ભગવાને સુંદર લક્ષ્મીવાળા એવા દેશોનું અને શિલ્પાદિ શિક્ષાનું પુત્રોને પ્રદાન કર્યું.

અન્યથા=નિવૃત્ અન્વિત એવા 'સુત' પદનો પૃથગ્ અન્વય કરવામાં ન આવે તો, વિધેયના અવિમર્શ દોષનો અનુદ્ધાર થાય.

કહેવાનો ભાવ એ છે કે શિક્ષા કોને આપવી છે ? એ જાતની આકાંક્ષામાં જેને શિક્ષા આપવાની છે, તે વિધેય બને છે. અને વિધેયનો અધ્યાહારથી પરામર્શ ન કરવામાં આવે તો, કાવ્યનો અર્થ કરનારને 'सुतेभ्यः' જે અધ્યાહાર છે, તેનો અવિમર્શ કર્યો એ દોષ પ્રાપ્ત થાય. અને તે દોષનો ઉદ્ધાર 'सुतेभ्यः' અધ્યાહાર તરીકે સ્વીકારવામાં આવે તો જ થાય. તેથી 'सुतेभ्यः' એ પદ અધ્યાહાર તરીકે આવશ્યક છે.

અહીં વિશેષ એ છે કે, "અન્યથા વિધેયના અવિમર્શ દોષનો અનુદ્ધાર થાય" એ પ્રમાણેના કથનમાં સતિ સપ્તમીનો પ્રયોગ છે, તે હેતુ અર્થક છે. તેથી આ પ્રમાણે અર્થ થાય છે - અન્યથા વિધેયના અવિમર્શ દોષનો અનુદ્ધાર હોવાને કારણે 'सुतेभ्यः' એ અધ્યાહાર આવશ્યક છે, અને તે આવશ્યક હોતે છતે નિવત્થી અન્વિત એવા સુતપદનો સમાસ બીજી રીતે કરવો ઉચિત છે. (જે ઉપર બતાવેલ છે) એમ વ્યાખ્યાન કરવું જોઈએ.

સુતપદનો શિક્ષામાં અન્વય કરવાનું કથન કર્યું અને પૂર્વમાં 'પ્રજાનામ્' એ પદ અધ્યાહાર રાખ્યું, તેથી અહીં પ્રશ્ન થાય કે, ભગવાને શિલ્પાદિની શિક્ષા પ્રજાને આપી કે પુત્રોને આપી ? તેનો ઉત્તર એ છે કે, ભગવાને પુત્રોને રાજ્યોની વિભજના કરી, તેમ ભરતાદિને કે બ્રાહ્મી-સુંદરીને કળાઓ પણ શીખવાડી છે, અને કેટલીક કળાઓ પ્રજાને પણ શીખવાડી છે. તેથી સર્વકળાઓનો સંગ્રહ કરવો હોય તો 'પ્રજાનામ્' એ પદ અધ્યાહાર રાખવું, અને પુત્રાદિને જે કળાઓ આપી છે, તેની વિવક્ષા કરવામાં આવે તો 'સુતેભ્યઃ' એ પદ અધ્યાહારથી ગ્રહણ કરવું.

ટીકાર્થ :-

अस्यां ..... अव्याघातकत्वात्, સુતોને રાજ્યનું પ્રદાન અને શિલ્પાદિ કળાની શિક્ષા ભગવાને ન કરી હોત તો, માત્સ્યન્યાયથી અન્યાયપ્રવૃત્તિલક્ષણ બહુદોષની પ્રાપ્તિ થાત. તેથી સુતોને રાજ્યપ્રદાન અને શિલ્પાદિ કળાની શિક્ષામાં નિશ્ચિત બહુદોષનું વારણ અતિ શ્રેષ્ઠ છે અર્થાત્ અધિકારી એવા ભગવાન વડે અત્યંત અભિપ્રેત છે. અને અન્ય અંશ=આનુષંગિક હિંસારૂપ અંશ, ભગવાન વડે ઈષ્ટ નથી=ભગવાન વડે ઉપેક્ષિત છે, એ ભાવ છે. કેમ કે તેનું=આનુષંગિક હિંસારૂપ અંશનું, સ્વની અપેક્ષાએ=બહુદોષનિવારણરૂપ ભગવાનને અભિમત અંશરૂપ સ્વની અપેક્ષાએ, બલવાન દોષનો અભાવ હોવાને કારણે, ભગવાનની પ્રવૃત્તિનું અવ્યાઘાતકપણું છે.

✪ 'हि' શબ્દ નિશ્ચિત અર્થમાં છે, તેનો અન્વય આ પ્રમાણે છે - નિશ્ચિત બહુદોષનું વારણ ભગવાનને અભિપ્રેત છે, અને આનુષંગિક હિંસારૂપ અંશ ઉપેક્ષિત છે.

✪ અહીં 'ભગવાન વડે અત્યંત અભિપ્રેત છે' એમ ન કહેતાં 'અધિકારી એવા ભગવાન વડે અત્યંત અભિપ્રેત છે' એમ કહ્યું, તેનું કારણ એ છે કે ભગવાન ગૃહસ્થ અવસ્થામાં બહુદોષ વારણના અધિકારી હતા. આથી જ સંયમ ગ્રહણ કર્યા પછી તે પ્રકારના અનર્થના વારણ માટે શિલ્પાદિ કે સુતોને દેશની વિભજના ભગવાન કરતા નથી.

વિશેષાર્થ :-

આનુષંગિક હિંસારૂપ અંશ રાજ્યદાનાદિ પ્રવૃત્તિનો વ્યાઘાતક બનતો નથી; કેમ કે ભગવાનને બહુદોષ નિવારણરૂપ જે અભિમત અંશ છે, તે રૂપ સ્વની અપેક્ષાએ, બલવાન દોષ આનુષંગિક હિંસારૂપ અંશમાં નથી, પરંતુ જે અંશ પોતાને ઈષ્ટ હોય તેની અપેક્ષાએ બલવાન દોષ જો અપર અંશમાં હોય તો પ્રવૃત્તિનો વ્યાઘાત થાય. માટે આનુષંગિક હિંસારૂપ અંશની ઉપેક્ષા કરીને ભગવાનની રાજ્યદાનાદિકમાં પ્રવૃત્તિ થઈ.

ટીકાર્થ :-

असावपि ..... भस्मीभावात् । આ પણ निर्देशलक्षणन्याय દુર્મતરૂપ=દ્રવ્યસ્તવનના અનભ્યુપગમરૂપ, દ્રુમવનમાં=વૃક્ષના સમૂહમાં, પ્રબલતર દાવાગ્નિ છે; કેમ કે આ ન્યાયની ઉપસ્થિતિ થયે છતે પ્રચિત પણ દુર્મતનો તરત જ ભસ્મીભાવ થાય છે.

✪ 'न्यायोऽतिदेशलक्षणः' પાઠ છે ત્યાં પ્રત્યંતરમાં 'न्यायो निर्देशलक्षणः' પાઠ છે, તે મુજબ અર્થ અમે કરેલ છે.

વિશેષાર્થ :-

પુત્રને ખાડામાંથી ખેંચવાના દૃષ્ટાંતથી સમર્થિત એવા ભગવાનના રાજ્યાદિદાનનો નિર્દેશ પંચાશક-૭/૩૫ માં જિનભવન કરાવવાના વિષયમાં કરેલ છે. જેમ ભગવાને રાજ્યાદિનું દાન આપ્યું, તેમ જિનભવન કરાવવું ઉચિત છે, એ જાતનો જે નિર્દેશ કરેલ છે, તે નિર્દેશ, જેઓ દ્રવ્યસ્તવને માનતા નથી, તે દુર્મતરૂપ માન્યતાના વૃક્ષના સમૂહ માટે દાવાગ્નિ જેવો છે=જેઓ તટસ્થ બુદ્ધિથી વિચારક હોય, આમ છતાં પોતાના મતનું મમત્વ હોવાને કારણે દ્રવ્યસ્તવ અનુપાદેય લાગતો હોય, તે જીવોને, આ નિર્દેશ ઉપસ્થિત થવાથી ત્વરિત જ દ્રવ્યસ્તવનો અનભ્યુપગમ ભસ્મીભાવ થઈ જાય છે; કેમ કે તેઓ તટસ્થ હોય તો વિચારી શકે છે કે, રાજ્યાદિપ્રદાનમાં હિંસા હોવા છતાં અધિકારી એવા ભગવાન વડે અધિક લાભ હોવાથી રાજ્યાદિનું પ્રદાન કરવું ઉચિત છે, તે જ રીતે અધિકારી એવા ગૃહસ્થ વડે દ્રવ્યસ્તવ કરવો ઉચિત છે, એમ સ્વીકારવું જોઈએ.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે ભગવાને જે રાજ્યાદિનું પ્રદાન કર્યું ત્યાં અન્યાયની પ્રવૃત્તિનું વારણ ઈષ્ટ હતું, તેથી આનુષંગિક હિંસાની ઉપેક્ષા કરી, પરંતુ દ્રવ્યસ્તવમાં એવો કયો અંશ છે કે, જે અધિક દોષનું વારણ કરે છે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

द्रव्यस्तवेऽपि ..... भावः । દ્રવ્યસ્તવમાં પણ અધિકારી એવા ગૃહસ્થને ભક્તિના ઉદ્રેકથી બોધિલાભના હેતુપણારૂપ જ અંશનું ઈષ્ટપણું છે અને ઈતર અંશનું ઉપેક્ષણીયપણું છે, એ પ્રકારનો ભાવ છે=તાત્પર્ય છે.

વિશેષાર્થ :-

અધિકારી એવા ગૃહસ્થને દ્રવ્યસ્તવમાં ભક્તિનો ઉદ્રેક થાય છે અર્થાત્ તેના હૈયામાં ભગવાન પ્રત્યે જે ભક્તિ છે, તે દ્રવ્યસ્તવકાળમાં અતિશયવાળી થાય છે. તેથી જન્માંતરમાં જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિલાભનો હેતુ દ્રવ્યસ્તવ બને છે, અને આ જ અંશ ઈષ્ટ છે. અન્ય અંશ ભક્તિકાળમાં જે પુષ્પાદિની હિંસા થાય છે, તે આનુષંગિક હોવાથી ઉપેક્ષણીય છે.

અહીં વિશેષ એ છે કે, દ્રવ્યસ્તવ કરવાથી જીવને જન્માંતરમાં બોધિલાભ થાય છે અને આ જન્મમાં બોધિલાભ થયેલો હોય તો તે સ્થિર થાય છે, તેથી તે જીવ ષટ્કાયના પાલનના અભિમુખ પરિણામવાળો બને છે. માટે પૂજાકાળમાં જે જીવોની હિંસા થાય છે, તેના કરતાં ઘણા જીવોની અહિંસાનું કારણ તે બોધિલાભ થવાનો છે; અને તે બોધિલાભ જ્યારે સાધના દ્વારા જીવને મોક્ષમાં પહોંચાડે છે, ત્યારે ચૌદ રાજલોકમાં તેના તરફથી કોઈ જીવની હિંસા થવાની નથી, તેથી અમારિપટહ વાગે છે. તે સર્વ લાભનું

કારણ તે દ્રવ્યસ્તવ છે, તેથી દ્રવ્યસ્તવમાં થતી હિંસા કરતાં કઈક ગુણી અધિક અહિંસાની પ્રાપ્તિ છે. તેથી જ અલ્પ હિંસાની ઉપેક્ષા કરીને અધિક લાભાંશને સામે રાખીને ગૃહસ્થની દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ છે.

ટીકા :-

अत्राष्टकम् -

'अन्यस्त्वाहास्य राज्यादिप्रदाने दोष एव नु ।

महाधिकरणत्वेन तत्त्वमार्गेऽविचक्षणः ।।१।।'

अन्यस्तु तत्त्वमार्गे वस्तुनि परिच्छेत्तव्येऽविचक्षणः=अपण्डितः, आह - 'विचक्षण' इति वक्ष्यमाण-पर्यालोचनयोपहासवचनम् । अस्य जगद्गुरोः दोष एव अशुभकर्मार्जनमेव, महाधिकरणत्वेनमहारम्भपरिग्रह-पञ्चेन्द्रियवधादिनिमित्तत्वेन अग्निशस्त्रादिदानवदिति दृष्टान्तोऽभ्यूहः ।

ટીકાર્થ :-

'अत्र' આ વિષયમાં राज्यादिदानदूषणनिवारण हरिभद्र अष्टक આ પ્રમાણે છે -

શ્લોકાર્થ :-

अन्यस्त्वाह ..... अविचक्षणः ।।१।। **अन्य=तत्त्वमार्गमां अविचक्षण એવો अन्य, કહે છે -**

महाअधिकरणपणुं होवाथी आना=जगद्गुरुना, राज्यादिप्रदानमां दोष ज=अशुभ कर्म उपार्जन ज, छे. ।।१।।

ટીકાર્થ :-

અહીં શ્લોકમાં 'વિચક્ષણ' શબ્દ છે, ત્યાં સંધિના નિયમ મુજબ 'અ' નો લોપ થયો છે, તેથી अविचक्षणः શબ્દ છે. તેથી એ અર્થ થાય કે परिछेत्तव्य=બોધ કરવા યોગ્ય, તત્ત્વમાર્ગરૂપ વસ્તુમાં અવિચક્ષણ એવો અન્ય કહે છે. અને 'વિચક્ષણ' એ પ્રમાણે ગ્રહણ કરીએ, તો જે અર્થ થાય છે તે કહે છે - વિચક્ષણ એ વક્ષ્યમાણ પર્યાલોચન વડે ઉપહાસવચન છે.

વિશેષાર્થ :-

કહેવાનો ભાવ એ છે કે શ્લોકમાં પૂર્વપક્ષીનું જે કથન છે, તેનું પર્યાલોચન કરવાથી એ નક્કી થાય છે કે, તેમનું વચન સંગત નથી. આમ છતાં, વિચક્ષણ એવો અન્ય કોઈ કહે છે, એમ જે કહ્યું તે ઉપહાસવચન છે, અર્થાત્ કટાક્ષમાં 'વિચક્ષણ' કહેલ છે.

✪ અષ્ટક મૂળ શ્લોક-૧ ના કેટલાક શબ્દોના અર્થ ટીકામાં બતાવે છે -

'अस्य' આના=જગદ્ગુરુના,

'दोष एव'=અશુભ કર્મ ઉપાર્જન જ,

'महाधिकरणत्वेन'=મહારંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિય જીવના વધાદિનું નિમિત્તપણું હોવાથી, અગ્નિ, શસ્ત્રાદિના દાનની જેમ રાજ્યાદિનું પ્રદાન દોષ જ છે, એ પ્રમાણે અર્થ સમજવો.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને એ કહેવું છે કે, રાજ્ય આપવું એ મોટું અધિકરણ છે; કેમ કે જેમને રાજ્ય આપ્યું છે તે લોકો રાજ્યના આરંભ-સમારંભના કારણે રાજ્ય પ્રત્યે મૂર્ચ્છા ધારણ કરશે અને પંચેન્દ્રિયાદિ જીવોનો વધ કરશે. આ બધાનું નિમિત્ત કારણ રાજ્ય આપવાની ક્રિયા છે. જેમ કોઈને અગ્નિ કે શસ્ત્રાદિનું દાન કરવામાં આવે તો તે મહાઅધિકરણરૂપ બને છે, તેમ ભગવાને જે રાજ્યાદિનું દાન આપ્યું તે દોષરૂપ છે, એ પ્રકારે તત્ત્વમાર્ગને જાણવામાં અવિચક્ષણ એવો પુરુષ કહે છે.

ટીકા :-

उत्तरमाह -

'अप्रदाने हि राज्यस्य नायकाभावतो जनाः ।
मिथो वै कालदोषेण मर्यादाभेदकारिणः ।।२।।
विनश्यन्त्यधिकं यस्मादिहलोके परत्र च ।
शक्तौ सत्यामुपेक्षा च, युज्यते न महात्मनः ।।३।।
तस्मात्तदुपकाराय, तत्प्रदानं गुणावहम् ।
परार्थं दीक्षितस्यास्य, विशेषेण जगद्गुरोः ।।४।।

कालदोषेणावसर्पिण्या हीनहीनतरादिस्वभावेन मर्यादाभेदः=स्वपरधनादि-व्यवस्थालोपः, नायकसद्-भावेऽपि केचिद्विनश्यन्तो दृश्यन्ते, अत आह-अधिकम्=अत्यर्थम्, इहलोके=मनुष्यजन्मनि, प्राणादिक्षयात्, परत्र=परलोके, हिंसाद्युद्रेकात् शक्तौ सत्यां=स्वकृतिसाध्यत्वज्ञाने उपकारः=अनर्थत्राणं, तत्प्रदानं=राज्यप्रदानं परार्थं=परोपकाराय, दीक्षितस्य=कृतनिश्चयस्य विशेषेण=सुतरां सामान्यराज्यदायकापेक्षया, जगद्गुरोः= भुवनभर्तुः, तथा च महाधिकरणत्वहेतुर-सिद्धः, अध्यवसायापेक्षत्वादधिकरणस्येति भावः । ततो राज्यादिदाने दोष एवेत्यपहस्तितम् ।

'उत्तरमाह' - પૂર્વે કહેલા પૂર્વપક્ષીના કથનમાં ઉત્તર આપે છે -

શ્લોકાર્થ :-

अप्रदाने ..... जगद्गुरोः ।।२-३-४।। **રાજ્યના અપ્રદાનમાં નાયકનો અભાવ હોવાથી કાલદોષને કારણે પરસ્પર મર્યાદાભેદ કરનારા લોકો, જે કારણથી આલોકમાં અને પરલોકમાં અધિક વિનાશને પામશે, અને**

शक्ति होते छते महात्माने उपेक्षा योग्य नथी, ते कारणथी तेमना उपकार माटे=पुत्रोना उपकार माटे, परार्थने माटे दीक्षित एवा आमनुं=जगद्गुरुनुं, तत्प्रदान=राज्यनुं प्रदान, गुणावह छे. ॥२-३-४॥

✪ श्लोक-२, ३, ४ना केटलाक शब्दोनो अर्थ टीकामां बतावे छे - 'कालदोषेण'=अवसर्पिणीकाळना हीन हीनतरादि स्वभावथी अर्थात् अवसर्पिणीकाळमां दरेक वस्तु हीन-हीनतर थती जाय छे.

'मर्यादाभेदः' स्व-पर धनादिनी व्यवस्थानो लोप. नायकनी हाजरीमां पण केटलाक लोको मर्यादानो लोप करीने विनाश पामता देखाय छे. आथी करीने कहे छे -

नायकना अभावमां अधिक विनाश पामे ते देखाडवा श्लोकमां 'अधिक' शब्द 'अति' अर्थमां वपरायेल छे.

'इहलोके'=प्राणादिनो क्षय थवाने कारणे मनुष्यजन्ममां अधिक विनाशने पामशे.

'परत्र'=हिंसादिनी अतिशयताथी परलोकमां अधिक विनाशने पामशे.

'शक्तौ सत्यां'=स्वकृतिथी साध्यपणानुं ज्ञान होवा छतां,

'उपकारः'=अनर्थथी रक्षण,

'तत्प्रदानं'=राज्यादिनुं दान,

'परार्थं'=परोपकार माटे 'दीक्षितस्य'=कृतनिश्चयवाळा भगवाननुं,

'विशेषेण'=सामान्य राज्यदायकनी अपेक्षाओ विशेषथी जगद्गुरोः=भुवनना स्वामीनुं,

टीकार्थ :-

तथा च ..... अपहस्तितम् । अने ते प्रमाणे=श्लोक नं. २/३/४ मां जे उत्तर आप्यो ते प्रमाणे, श्लोक-१ मां पूर्वपक्षीओ राज्यदानने जे महाअधिकरणरूपे स्थापन करेल छे, ते महाअधिकरणत्वरूप हेतु असिद्ध छे. केम के अधिकरणनुं अध्यवसायअपेक्षपणुं छे, ओ प्रमाणे तात्पर्य छे. तेथी राज्यादिना दानमां दोष ज छे, ओ कथन दूर थयुं.

विशेषार्थ :-

भगवाने पुत्रोने जे राज्य आप्युं तेमां अधिक दोषना निवारणरूप अध्यवसाय होवाने कारणे ते अधिकरणरूप बनतुं नथी, परंतु पुत्रादिना ममत्वने कारणे जो राज्य प्रदान कर्युं होत तो ते अधिकरणरूप बनत, ओ प्रकारनो भाव छे. तेथी राज्यादिना दानमां दोष छे, ओ प्रमाणे पूर्वपक्षीओ जे कह्युं ते कथन दूर थयुं.

अहीं विशेष ओ छे के, पुत्रादि राज्यने प्राप्त करीने सुखनो अनुभव करे ओ प्रकारना अध्यवसायथी जगद्गुरु पुत्रादिने राज्य आपे, तो ते अपायेलुं राज्य अधिकरण रूप बने. परंतु राज्य आपवा छतां लोकोमां जे हिंसादि अनुचित प्रवृत्तिओ प्रवर्ते छे, तेनाथी अधिक न प्रवर्ते एवा आशयथी भगवाने पुत्रोने राज्यादिनुं दान करेल छे, तेथी ते अन्य जीवोना उपकार अर्थे छे, तेथी अधिकरणरूप नथी. आनाथी ओ फलित थाय छे के, एक ज क्रिया शुभाशुभ अध्यवसाय अनुसारे अधिकरणरूप न बने अथवा अधिकरणरूप पण बने.

ટીકા :-

અથાદિપદગ્રાહ્યવિવાહાદિવ્યવહારદર્શને પ્રસઞ્જિતદોષસ્ય પરિહારાતિદેશમાહ -

'एवं विवाहधर्मादौ तथा शिल्पनिरूपणे ।

न दोषो ह्युत्तमं पुण्यमित्थमेव विपच्यते' ।।५।।

विवाहधर्मः=परिणयनाचारः, आदिना राजकुलग्रामधर्मादिपरिग्रहः । शिल्पनिरूपणे=घटलोहचित्र-वस्त्रनापितव्यवहारोपदेशे, न दोषो भगवतः, यस्मादुत्तमं कर्म=तीर्थकरनामकर्म, इत्थमेव विवाहशिल्पादि-निरूपणप्रकारेणैव विपच्यते स्वफलं ददाति । विपाकप्राप्तेऽप्यशक्तत्वादनुचितप्रवृत्त्यभावान्न बन्ध इति नातिप्रसङ्गः ।

उत्थान :-

श्लोक नं. १ मां राज्यादिना प्रदानमां दोष छे એम કહ્યું, ત્યાં, 'आदि' પદથી ગ્રાહ્ય એવા વિવાહ આદિ વ્યવહારના દર્શનમાં પ્રસંજિત દોષના પરિહાર માટે અતિદેશને કહે છે -

શ્લોકાર્થ :-

एवं ..... विपच्यते ।।५।। **એ પ્રમાણે=પૂર્વ શ્લોકોમાં કહ્યું કે, રાજ્યાદિના દાનમાં મહાઅધિકરણપણાનો અભાવ છે અને ગુણાવહ છે એથી કરીને રાજ્યાદિનું પ્રદાન દોષરૂપ નથી, એ પ્રમાણે, વિવાહધર્માદિમાં અને શિલ્પનિરૂપણમાં દોષ નથી, જે કારણથી ઉત્તમ પુણ્ય આ પ્રકારે જ=વિવાહ-શિલ્પાદિ નિરૂપણરૂપે જ, વિપાક પામે છે, અર્થાત્ સ્વફળને આપે છે. ।।૫।।**

✪ શ્લોક-પના કેટલાક શબ્દોનો અર્થ ટીકામાં બતાવે છે -

'विवाहधर्मः'=પરણવાનો આચાર,

'विवाहधर्मादौ' અહીં 'आदि' પદથી રાજ્ય, કુળ, ગ્રામધર્મ વગેરે લેવા.

'शिल्पनिरूपणे' ઘટ, લોહ, ચિત્ર, વસ્ત્ર, નાપિત=હજામ, આ પાંચ શિલ્પના વ્યવહારના ઉપદેશમાં ભગવાનને દોષ નથી; જે કારણથી उत्तमं कर्म=तीर्थकरनामकर्म 'इत्थमेव'=આ પ્રકારે જ=વિવાહ-શિલ્પાદિના નિરૂપણના પ્રકારથી જ, વિપાકને પામે છે=સ્વફળને આપે છે.

उत्थान :-

અહીં પ્રશ્ન થાય કે, કર્મના ફળને આધીન થઈને જો ભગવાન વિવાહધર્માદિ અને શિલ્પનિરૂપણ કરતા હોય, તો સંસારી જીવો પણ કર્મના વિપાકને પરવશ થઈને સંસારની પ્રવૃત્તિ કરે છે, તેમ ભગવાન પણ કર્મના વિપાકને પરવશ થઈને રાજ્યપ્રદાનાદિ કરે છે, તેમ માનવાનો અતિપ્રસંગ આવશે. તેથી કહે છે -

ટીકાર્થ :-

विपाकप्राप्ते ..... नातिप्रसङ्गः । વિપાકપ્રાપ્તમાં પણ અશક્તપણું હોવાથી (સંસારી જીવોની જેમ ભગવાનની રાજ્યપ્રદાનાદિ પ્રવૃત્તિ છે એમ ન કહેવું) કેમ કે અનુચિત પ્રવૃત્તિનો અભાવ હોવાથી બંધ નથી, એથી કરીને અતિપ્રસંગ નથી. .

વિશેષાર્થ :-

વિપાકપ્રાપ્તમાં પણ અશક્તપણું હોવાથી, એ કથન પછી, સંસારી જીવોના જેવી ભગવાનની પ્રવૃત્તિ સ્વીકારવાનો અતિપ્રસંગ આવશે, એ પ્રકારનો ભાવ અધ્યાહાર છે એમ ભાસે છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, તીર્થંકરનામકર્મનો વિપાક પ્રાપ્ત થવાને કારણે ભગવાન તે કર્મનો પ્રતિકાર કરવા માટે અસમર્થ હોવાથી તે કર્મને પરવશ થઈને રાજ્યપ્રદાન કે શિલ્પાદિ કળા લોકોને આપે છે, તેમ માનવામાં આવે તો, સંસારી જીવો પણ કર્મને પરવશ થઈને ભોગાદિ ક્રિયાઓ કરે છે, તેની જેમ ભગવાનને પણ કર્મને પરવશ માનવાનો અતિપ્રસંગ આવે. અને તેમ માનવાથી તે કર્મને પરવશ પ્રવૃત્તિથી કર્મબંધ સ્વીકારવાની આપત્તિ આવે. તેથી કહે છે કે, અનુચિત પ્રવૃત્તિનો અભાવ હોવાથી કર્મબંધ નથી, એથી કરીને અતિપ્રસંગ નથી.

સંસારી જીવોની ભોગાદિની પ્રવૃત્તિ અનુચિત પ્રવૃત્તિ છે, તેથી ત્યાં કર્મબંધ છે. પરંતુ ભગવાને પુત્રોને રાજ્યાદિનું પ્રદાન કર્યું તે પ્રવૃત્તિ અનુચિત પ્રવૃત્તિ નથી, તેથી ત્યાં કર્મબંધ નથી. તેથી સંસારી જીવોના જેવી ભગવાનની પ્રવૃત્તિ માનવાનો અતિપ્રસંગ નથી.

યદ્યપિ ગૃહસ્થાવસ્થામાં ભગવાન અવિરતિના ઉદયવાળા છે અને તીર્થંકરનામકર્મ પણ પ્રદેશોદયરૂપે છે, તો પણ પ્રદેશોદયરૂપ તે તીર્થંકરનામકર્મ ભગવાનને ઉચિત પ્રવૃત્તિ કરાવનાર છે, તેથી જ તે પ્રવૃત્તિકૃત કર્મબંધ ભગવાનને થતો નથી.

અહીં વિશેષ એ છે કે, જે કર્મ મોહના ઉદ્ભવને કરીને પ્રવૃત્તિ કરાવે, તે કર્મને પરવશ થઈને કરાતી પ્રવૃત્તિમાં કર્મબંધ થાય છે; પરંતુ જેમનો મોહ અત્યંત સ્વવશ છે, તેવા તીર્થંકર ભગવંતો મોહનીય કર્મને વશ થઈને કોઈ પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ જગતના હિતને કરનાર એવા તીર્થંકરનામકર્મના વિપાકને અનુરૂપ પ્રવૃત્તિ કરે છે, તેથી તે વખતે તેઓને મોહનો સંસ્પર્શ તે પ્રવૃત્તિથી થતો નથી. આથી જ ત્યાં મેં પુત્રાદિને રાજ્ય પ્રદાનાદિ કર્યું, એ પ્રકારનું કર્તૃત્વનું અભિમાન તેઓને થતું નથી; પરંતુ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવાની તેઓની પ્રકૃતિ જ તે પ્રવૃત્તિ કરાવે છે, તેથી તે પ્રવૃત્તિ સંબંધી કોઈ મોહનો સંશ્લેષ ભગવાનને થતો નથી. આથી જ અવિરતિગુણસ્થાનકમાં વર્તતા હોવાથી અવિરતિકૃત કર્મબંધ ભગવાનને હોવા છતાં રાજ્યપ્રદાનાદિકૃત મોહનો સંશ્લેષ નહિ હોવાથી લેશ પણ કર્મબંધ થતો નથી, કેવળ ઉદયપ્રાપ્ત તે કર્મનું નિર્જરણ થાય છે.

ટીકા :-

अभ्युच्चयमाह -

'किञ्चेहाधिकदोषेभ्यः सत्त्वानां रक्षणं तु यत् ।

उपकारस्तदेवैषां प्रवृत्त्यङ्गं तथाऽस्य च' ।।६।।

उपकारो-हितकरणम्, एषां=सत्त्वानां, प्रवृत्तौ अङ्गम्=कारणम्, अस्य=जगद्गुरोः । आह च-

'एत्तो च्चिय णिद्दोसं सिप्पाइविहाणमो जिणिंदस्स ।

लेसेण सदोसंपि हु बहुदोसनिवारणत्तेणं' त्ति ।। (पञ्चा० ७/३५)

उत्थान :-

પૂર્વપક્ષીએ રાજ્યાદિપ્રદાનમાં દોષ બતાવ્યો, તેનું પૂ. હરિભદ્રસૂરિ મહારાજે યુક્તિથી નિરાકરણ કર્યું. તે કથનને જ પુષ્ટ કરવા અર્થે અભ્યુચ્ચયનેઽંસમુચ્ચયને, કહે છે -

શ્લોકાર્થ :-

किञ्च ..... अस्य च ।।६।। વળી અહીં=રાજ્યદાન, વિવાહધર્મ અને શિલ્પાદિ નિરૂપણમાં, અધિક દોષોથી જે વળી જીવોનું રક્ષણ છે, તે જ જીવોનો ઉપકાર છે તથા એમની=જગદ્ગુરુની, પ્રવૃત્તિનું અંગ છે. ।।૬।।

✪ શ્લોક નં. ૬ના કેટલાક શબ્દોનો અર્થ ટીકામાં બતાવે છે -

'उपकारः'=હિતકરણ,

'एषां'=પ્રાણીઓનો,

'प्रवृत्तौ अङ्गम्' પ્રવૃત્તિમાં કારણ,

'अस्य'=આની=જગદ્ગુરુની,

ટીકાર્થ :-

આહ ચ - પંચાશકની સાક્ષી આપતાં કહે છે -

एत्तो च्चिय .... निवारणत्तेणं ।। આથી કરીને જ=જે કારણથી અલ્પબહુત્વ-વિશેષભાવ વડે અકુશલની નિવૃત્તિરૂપ જિનાયતનની યતના થાય છે, આથી કરીને જ, જિનેશ્વરનું શિલ્પાદિવિધાન કિંચિત્ સદોષ પણ બહુદોષના નિવારણનું કારણ હોવાને કારણે નિર્દોષ છે.

✪ અહીં 'एत्तो च्चिय' નો અન્વય પંચાશકના પૂર્વશ્લોક=૭/૩૪ સાથે છે. તે શ્લોકમાં અલ્પબહુત્વની વિચારણામાં જિનભવનની યતના અકુશલની નિવૃત્તિરૂપ છે. આ જ કારણથી ભગવાનનું શિલ્પાદિવિધાન નિરવદ્ય છે, એમ કહીને જિનભવનની નિર્દોષતાને સ્થાપન કરવા માટે ભગવાનની શિલ્પાદિવિધાનની ક્રિયાનો નિર્દેશ કર્યો છે.

વિશેષાર્થ :-

પંચાશકની સાક્ષીમાં કહ્યું કે, ભગવાને કરેલ શિલ્પાદિનું વિધાન નિર્દોષ છે, તે કથન, સ્વપરિણામને આશ્રયીને વિચારીએ તો ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી કર્મબંધનું કારણ નથી; એ અપેક્ષાએ સર્વથા નિર્દોષ હોવા છતાં, લેશથી સદોષ સ્વીકારીને પણ બહુદોષના નિવારણપણા વડે કરીને નિર્દોષ છે, એ કથન વ્યવહારનયથી બાહ્ય પરિણામને આશ્રયીને કંઈક સદોષતા સ્વીકારીને કરેલ છે. તે આ રીતે -

ભગવાનની રાજ્યપ્રદાનાદિ ક્રિયાથી રાજ્ય ગ્રહણ કરનારને જે પરિગ્રહાદિની પ્રાપ્તિ થાય છે, તેનાથી તેઓને જે કર્મબંધ થાય છે, તે રૂપ દોષ હોવા છતાં, સંસારમાં અરાજકતાના કારણે જે અધિક દોષો થવાની સંભાવના હતી, તે અટકે છે. તેથી લેશથી સદોષ અને ઘણા દોષોનું નિવારણ એ બાહ્ય પદાર્થને આશ્રયીને કથન છે.

ટીકા :-

उक्तमर्थं दृष्टान्तेन समर्थयन्नाह -

'नागादे रक्षणं यद्वद्गर्त्ताद्याकर्षणेन तु ।

कुर्वन्न दोषवांस्तद्वदन्यथाऽसंभवादयम् ।।७।।'

तद्वद्-राज्यादि, यत्तु अयं जगद्गुरुः सर्वथा दोषाभावेन किमिति न रक्षणं करोतीत्यत्राहअन्यथाअल्पस्याप्यनर्थस्यानाश्रयणलक्षणप्रकारेणासंभवाद् रक्षणस्येति शेषः । उक्तं च-

'तत्थ पहाणो अंसो बहुदोसनिवारणाउ-जगगुरुणो ।
नागाइरक्खणे जह कड्ढणदोसेवि सुहजोगो ।।१।।

खड्डातडंसि विसमे इट्ठसुयं(सं)पेच्छिऊण कीलंतं ।
तप्पच्चवायभीआ तदाणणट्ठा गया जणणी ।।२।।

दिट्ठो अ तीए णागो तं पइ एंतो दुतो अ खड्डाए ।
तो कढ्ढिओ तओ तह पीडाएवि सुद्धभावाए' त्ति ।।३।। (पञ्चा० ७/३८, ३९, ४०)

ઉત્થાન :-

પંચાશકના શ્લોક-૭/૩૫માં જે કહ્યું, તે અર્થને દૃષ્ટાંત દ્વારા સમર્થન કરતાં કહે છે -

શ્લોકાર્થ+ટીકાર્થ :-

नागादे ..... अयम् ।। ગર્તાદિથી ખેંચી કાઢીને નાગાદિથી રક્ષણ કરનાર જેમ દોષવાળો નથી, તેની જેમ રાજ્યાદિને આપતા આ=જગદ્ગુરુ, દોષવાળા નથી.

જે વળી કહે છે કે, આ જગદ્‌ગુરુ સર્વથા દોષના અભાવપૂર્વક કેમ રક્ષણ કરતા નથી ? એથી કહે છે -

અન્યથા=અન્ય પ્રકારે, અલ્પ પણ અનર્થનો આશ્રય કર્યા વગર રક્ષણનો અસંભવ છે. ।।૭।।

उक्तं च - અને કહ્યું છે -

'तत्थ ..... सुहजोगो ।।१।।' જેમ નાગાદિથી રક્ષણ કરવામાં કર્ષણ દોષ હોવા છતાં પણ માતાને શુભયોગ= શુભ વ્યાપાર છે, તેમ ત્યાં=શિલ્પાદિના વિધાનમાં, બહુદોષનું નિવારણ હોવાને કારણે જગદ્‌ગુરુનો પ્રધાન અંશ શુભયોગ છે.

તે દૃષ્ટાંત દ્વારા બતાવતાં કહે છે -

'खड्डात डंसि ..... जणणी ।।२।।' વિષમ એવા ખાડાતટમાં ઈષ્ટ પુત્રને ક્રીડા કરતો જોઈને તેના અપાયથી ભય પામેલી માતા તેને=પુત્રને, લાવવા માટે ગઈ,

'दिट्ठो ..... शुद्धभावाए त्ति ।।' અને પુત્ર પ્રત્યે જલદી આવતા એવા સાપને તેણે જોયો. તેથી નાગદર્શન પછી તે પ્રમાણે પીડાના સંભવમાં પણ શુદ્ધભાવથી=ઉપકારકરણના અધ્યવસાયથી, સહિત એવી તેણી વડે=માતા વડે, તક= પુત્ર, ખેંચાયો.

ટીકા :-

उक्तानभ्युपगमे बाधामाह -

'इत्थं चैतदिहैष्टव्यमन्यथा देशनाप्यलम् ।

कुधर्मादिनिमित्तत्वाद् दोषायैव प्रसज्यते ।।८।।'

कुधर्माः=शाक्यादिकुप्रवचनानि आदिर्येषां=श्रुतचारित्रप्रत्यनीकत्वादिभावानां तेषां निमित्तत्वात्= हेतुत्वात्, जिनदेशनापि हि नयशतसमाकुला नयाश्च कुप्रवचनालंबनभूता दोषायैव ।।३९।।

ઉત્થાન :-

ઉક્ત અનભ્યુપગમમાં=અધિક દોષ નિવારણાર્થે કિંચિત્ દોષવાળી પણ પ્રવૃત્તિ દુષ્ટ નથી, એ પક્ષના અનભ્યુપગમમાં=અસ્વીકારમાં, બાધા કહે છે -

શ્લોકાર્થ :-

इत्थं ..... प्रसज्यते ।।८।। **આ પ્રકારે=અનંતરોક્ત પ્રકારે=ગુરુતર અર્થ નિવારકત્વ પ્રકારે, આ= રાજ્યપ્રદાનાદિક, અહીં સ્વીકારવાં જોઈએ. અન્યથા કુધર્માદિનું નિમિત્તપણું હોવાથી દેશના પણ દોષને માટે જ પ્રાપ્ત થાય છે. ।।૮।।**

વિશેષાર્થ :-

ભગવાને રાજ્ય પ્રદાન કર્યું તેનાથી અધિક દોષ નિવારણ હોવા છતાં, રાજ્ય ગ્રહણ કરનારાઓ આરંભ-સમારંભ કરશે તે રૂપ દોષ હોવાથી, ભગવાને પુત્રાદિને રાજ્ય આપ્યું તે ઉચિત નથી તેમ માનવામાં આવે તો, ભગવાન કેવલજ્ઞાન પછી જે દેશના આપે છે તેનાથી જ શાક્યાદિ કુપ્રવચનો ઉત્પન્ન થાય છે, અને સ્વદર્શનમાં જમાલિ આદિ જેવા શ્રુતપ્રત્યનીકો થાય છે, અને શિથિલ આચારવાળા ચારિત્ર પ્રત્યનીકો થાય છે, તેથી ભગવાનની દેશના નિમિત્તભાવરૂપે કુધર્માદિનું કારણ છે. તેથી ભગવાને જેમ રાજ્ય આપ્યું તે ઉચિત નથી, તેમ માનો તો, એ રીતે ભગવાને દેશના આપી તે પણ ઉચિત નથી, તેમ માનવાનો પ્રસંગ આવશે.

કુધર્માદિનિમિત્તત્વનો સમાસ આ પ્રમાણે છે -

ટીકાર્થ :-

કુધર્માઃ ..... હેતુત્વાત્, કુધર્મો=શાક્યાદિ કુપ્રવચનો, આદિમાં છે જેઓને, શ્રુતચારિત્રપ્રત્યનીકત્વાદિ ભાવોને, તેઓનું નિમિત્તપણું છે.

✪ અહીં 'યેષાં' શબ્દથી શ્રુતના અને ચારિત્રના પ્રત્યનીકત્વાદિ ભાવો ગ્રહણ કર્યા છે, અને તેનો જ 'તેષાં' થી પરામર્શ કર્યો છે.

✪ 'શ્રુતચારિત્રપ્રત્યનીકત્વાદિભાવાનાં' અહીં 'આદિ' પદથી દર્શનપ્રત્યનીકનું ગ્રહણ કરવું.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, જિનદેશના કુધર્મનું નિમિત્ત છે, તેથી હવે તે દેશના કઈ રીતે કુધર્મનું નિમિત્ત છે, તે બતાવે છે -

ટીકાર્થ :-

જિનદેશનાપિ ..... દોષાયૈવ ।। જે કારણથી ભગવાનની દેશના પણ ઘણા નયોથી યુક્ત છે, અને કુપ્રવચનના આલંબનભૂત નયો દોષને માટે જ થાય છે.

વિશેષાર્થ :-

ભગવાનની દેશના ઘણા નયોથી યુક્ત છે, અને નયો કુપ્રવચનની નિષ્પત્તિનું કારણ છે, તેથી જિનદેશના અયોગ્ય જીવોના અનર્થ માટે છે, પણ ગુણ માટે નથી. અને ભગવાનની દેશનાને અનર્થનું કારણ સ્વીકારેલ નથી; કેમ કે અયોગ્ય જીવોને ભગવાનની દેશનાથી જે દોષ થાય છે, તેને આશ્રયીને ભગવાનની દેશના અનર્થનું કારણ કહેવામાં આવે તો, ભગવાને દેશનામાં પ્રવૃત્તિ કરવી ઉચિત ગણાય નહિ. અને ભગવાન દેશનામાં પ્રવૃત્તિ કરે નહિ તો જગતના જીવોના ઉપકારરૂપ અર્થની પ્રાપ્તિના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી ભગવાનની દેશના અનર્થનું કારણ નથી. **॥૩૯॥**

અવતરણિકા :-

મહાનિશીથાક્ષરાણિ તત્પ્રામાણ્યજ્ઞાપનપૂર્વં દર્શયતિ -

અવતરણિકાર્થ :-

તેના=મહાનિશીથસૂત્રના, પ્રામાણ્યના જ્ઞાપનપૂર્વક, મહાનિશીથના અક્ષરો દેખાડે છે –

શ્લોક :-

किं योग्यत्वमकृत्स्नसंयमवतां पूजासु पूज्या जगुः,
श्राद्धानां न महानिशीथसमये भक्त्या त्रिलोकीगुरोः ।
नन्दीदर्शितसूत्रवृन्दविदितप्रामाण्यमुद्राभृतो,
निन्द्राणेषु पतन्ति डिण्डिमडमत्कारा इवैता गिरः ।।४०।।

શ્લોકાર્થ :-

અકૃત્સ્નસંયમવાળા શ્રાવકોને=દેશવિરત શ્રાવકોને, ભક્તિથી ત્રણ લોકના ગુરુની પૂજામાં પૂજ્યોએ મહાનિશીથરિદ્ધાંતમાં યોગ્યપણું શું નથી કહ્યું ? અર્થાત્ કહ્યું જ છે. નંદીસૂત્રમાં દર્શિત એવા સૂત્રવૃંદમાં જણાવાયેલી પ્રામાણ્યમુદ્રાને ધારણ કરતી આ વાણી, નિદ્રાવાળા ઉપર પટહના ડમત્કારની જેમ=પડઘમની જેમ, પડે છે. ।।૪૦।।

ટીકા :-

'किं योग्यत्वम्' इति :- किम् अकृत्स्नसंयमवतां=देशविरतानां श्राद्धानां, भक्त्या=अतिशयितरागेण, त्रिलोकीगुरोः=त्रिभुवनधर्माचार्यस्य, पूजासु=पुष्पादिनाऽर्चनेषु, पूज्याः=गणधराः, महानिशीथसमये=महानिशीथसिद्धान्ते, योग्यत्वं न जगुः ? अपि तु जगुरेव । 'अकसिणपव्वत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो । जे कसिण संजमविऊ पुप्फाइयं न कप्पइ । **(३ अ० गा० ३८)** तओ बुज्झ गोयमा णीसंसयं देसविरयाणं तु विणिओगं(उभयत्थवि) । **(गा० ४४) उभयत्र= द्रव्यस्तवे भावस्तवे चेत्यर्थः । नन्द्यां=नन्दीसूत्रे, दर्शितं यत्सूत्रवृन्दम्, तन्मध्ये विदिता=प्रसिद्धा, या प्रामाण्यमुद्रा= महानिशीथप्रामाण्यदाढ्यम्, तद् बिभ्रति यास्तादृश्यः एताः सम्प्रदायसार्वभौमानां गिरः निद्राणेषु= सुप्तप्रमत्तेषु, डिण्डिमस्य=पटहस्य, डमत्कारा इव पतन्ति । यथा गाढसुप्ताः परिमोषिणः आकस्मिकभयङ्करभेरीभाङ्कारशब्दश्रवणेन सर्वस्वनाशोपस्थित्या कान्दिशीका भवन्ति, तथोक्त महानिशीथशब्दश्रवणेन लुम्पका अपीति भावः ।**

ટીકાર્થ :-

કિમ્ ..... જગુરેવ । અકૃત્સ્નસંયમવાળા શ્રાવકોને=દેશવિરત શ્રાવકોને, ભક્તિથી=અતિશય રાગથી, ત્રિલોકીગુરુની=ત્રિભુવનધર્માચાર્યની, પૂજામાં=પુષ્પાદિ વડે અર્ચનમાં, પૂજ્યોએ=ગણધરોએ, મહાનિશીથસિદ્ધાંતમાં યોગ્યપણું શું નથી કહ્યું ? પરંતુ કહ્યું જ છે.

તેમાં સાક્ષી આપતાં કહે છે –

અકસિણ (ઉભયત્થવિ) । અકૃત્સ્નપ્રવર્તક એવા વિરતાવિરતોને આ=દ્રવ્યસ્તવ, ખરેખર યુક્ત છે, અને જે કૃત્સ્ન=સંપૂર્ણ, સંયમ અનુભવનારા છે, તેઓને પુષ્પાદિ કલ્પતાં નથી. તે કારણથી હે ગૌતમ ! દેશવિરતોને ઉભયત્ર=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ ઉભયમાં, વિનિયોગ છે, એ પ્રમાણે તું નિઃસંશય જાણ.

ટીકાર્થ :-

નન્દ્યાં ..... ભાવઃ । નંદીમાં=નંદીસૂત્રમાં, દર્શિત જે સૂત્રવૃંદ, તેની મધ્યમાં વિદિત=પ્રસિદ્ધ, જે પ્રામાણ્યમુદ્રા=મહાનિશીથના પ્રામાણ્યની દૃઢતા, તેને ધારણ કરનાર, જે તેવા પ્રકારની સંપ્રદાયવૃદ્ધોની આ વાણી, તે નિદ્રાણોને વિષે=સૂતેલા પ્રમત્તોને વિષે, ડિંડિમના=પટહના, ડમત્કારની જેમ પડે છે.

જેમ ગાઢ સૂતેલા ચોરો આકસ્મિક ભેરી-ભાંકારના શબ્દશ્રવણ વડે સર્વસ્વ નાશની ઉપસ્થિતિથી કાંદિશીકા=વિહ્વળ થાય છે, તે પ્રમાણે ઉક્ત મહાનિશીથના શબ્દશ્રવણથી લુંપાકો પણ વિહ્વળ થાય છે, એ પ્રમાણે ભાવ છે.

ટીકા :-

न च वाङ्मात्रेण महानिशीथमप्रमाणमित्यपि तैर्वक्तुं शक्यम्, यत्र सूत्रे आचारादीनि प्रमाणतया दर्शितानि तत्रैव महानिशीथस्यापि दर्शनात्, आपातविरोधस्य च बहुषु स्थानेषु दर्शनाद्, विवेकिनः समाधिसौकर्यस्य च सर्वत्र तुल्यत्वादिति ।।४०।।

ટીકાર્થ :-

ન ચ ..... દર્શનાત્, અને વાણીમાત્રથી મહાનિશીથસૂત્ર અપ્રમાણ છે, એ પ્રમાણે પણ તેઓના વડે=લુંપાકો વડે, કહેવું શક્ય નથી; કેમ કે જે સૂત્રમાં આચારાદિ અંગોને પ્રમાણપણા વડે બતાવ્યાં છે, તે જ સૂત્રમાં મહાનિશીથના પ્રામાણ્યનું દર્શન છે. (તેથી આચારાદિ સૂત્રોને પ્રમાણ માનનારા લુંપાક વડે મહાનિશીથને પણ પ્રમાણ માનવું જોઈએ.)

ઉત્થાન :-

અહીં કોઈ કહે કે મહાનિશીથસૂત્રમાં પણ ઘણાં સ્થાનોમાં પરસ્પર વિરોધ દેખાય છે, તેથી મહાનિશીથસૂત્ર પ્રમાણભૂત નથી. તેના નિરાકરણ માટે બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

आपातविरोधस्य ..... दर्शनाद्, **આપાતથી વિરોધનું બહુ સ્થાનોમાં દર્શન છે અર્થાત્ આચારાંગાદિ ઘણા સ્થાનોમાં વિરોધનું દર્શન છે. (તેથી જો મહાનિશીથને અપ્રમાણભૂત કહેશો તો આચારાંગાદિને પણ અપ્રમાણ માનવાં જોઈએ.)**

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, વિવેકીને આચારાંગાદિ ગ્રંથોમાં સમાધિ સુકર છે અર્થાત્ આચારાંગાદિ ગ્રંથોમાં જે પરસ્પર વિરોધ છે, તેનું સાપેક્ષ રીતે સમાધાન વિવેકી કરી શકે છે. તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

विवेकिनः ..... तुल्यत्वादिति ।। **અને વિવેકીને સમાધિની સુકરતાનું સર્વત્ર તુલ્યપણું છે અર્થાત્ વિવેકી જેમ આચારાદિના વિરોધનું સમાધાન કરી શકે છે, તેમ મહાનિશીથના વિરોધનું પણ સમાધાન કરી શકે છે.**

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે. ॥૪૦॥

અવતરણિકા :-

अभ्युच्चयमाह -

અવતરણિકાર્થ :-

અભ્યુચ્ચયને કહે છે અર્થાત્ શ્લોક-૪૦માં મહાનિશીથના અક્ષરોથી દ્રવ્યસ્તવનું પ્રામાણ્ય બતાવ્યું, હવે શાસ્ત્રના બીજા કથનોથી દ્રવ્યસ્તવનું પ્રામાણ્ય બતાવતાં અભ્યુચ્ચયને=સમુચ્ચયને, કહે છે -

વિશેષાર્થ :-

ભગવાનની પ્રતિમા પૂજનીય છે, તે બતાવવા માટે મહાનિશીથસૂત્રના પ્રામાણ્યને બતાવવાપૂર્વક મહાનિશીથસૂત્રના અક્ષરો બતાવે છે –

શ્લોક :-

यद् दानादिचतुष्कतुल्यफलतासङ्कीर्तनं या पुन-
र्द्वौ श्राद्धस्य परो मुनेः स्तव इति व्यक्ता विभागप्रथा ।
यच्च स्वर्णजिनौकसः समधिकौ प्रोक्तौ तपःसंयमौ,
तत्सर्वं प्रतिमार्चनस्य किमु न प्राग्धर्मताख्यापकम् ।।४१।।

શ્લોકાર્થ :-

જે દાનાદિચતુષ્કની તુલ્યફળતાનું સંકીર્તન, જે વળી શ્રાદ્ધને બે=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ, અને મુનિને પર=ભાવસ્તવ, એ પ્રમાણે વ્યક્ત વિભાગપ્રથા=વિભાગની પદ્ધતિ, અને જે સોનાના દેરાસર કરતાં પણ તપ-સંયમને અધિક કહ્યાં, તે સર્વ પ્રતિમાના અર્ચનની પ્રાગ્ધર્મતાનાં ખ્યાપક નથી શું ? પરંતુ ખ્યાપક જ છે. ॥૪૧॥

ટીકા :-

'यद्' इति-यत् दानादिचतुष्कस्य=दानादिचतुष्टयस्य, तुल्यफलतायाः सङ्कीर्तनम् । या पुनः द्वौ द्रव्यस्तवभावस्तवौ श्राद्धस्योचितौ, परः=भावस्तव, एक एव मुनेः=साधोरिति व्यक्ता विभागस्य प्रथा=विस्तारः । यच्च स्वर्णजिनौकसः=सुवर्णजिनभवनकारणोत्कृष्टद्रव्यस्तवादपि तपसंयमौ समधिकौ प्रोक्तौ, तत्सर्वं प्रतिमार्चनस्य किमु प्राग्धर्मतायाः=भावस्तवेनान्वाचीयमानधर्मतायाः, ख्यापकं=सूचकं, न ? अपि तु ख्यापकमेव, उत्कृष्टतमावधेरुत्कृष्टतरस्यैव युक्तत्वात्, हीनावधिकोत्कर्षोक्तेरस्तुतित्वात् । न हि सामान्यजनादाधिक्यवर्णनं चक्रवर्तिनः स्तुतिः अपि तु महानरपतेरिति । अक्षराणि च -

'भावच्चणमुग्गविहारया य दव्वच्चणं तु जिणपूआ ।
पढमा जईण दुण्णि वि गिहीण पढमच्चिय पसत्था ।।
कंचणमणिसोवाणे थंभसहस्सूसिए सुवन्नतले ।
जो कारवेज्ज जिणहरे, तओवि तवसंजमो अहिओ (अणंतगुणो) ।।
तवसंजमेण बहुभवसमज्जिअं पावकम्ममलपवहं ।
निट्ठविउणं अइरा सासयसुक्खं वए मुक्खं ।।
काउंपि जिणायणेहिं मंडिअं सयलमेइणीवट्टं ।
दाणाइचउक्केणवि सुट्ठु वि गच्छिज्ज अच्चुअयं ण परओ त्ति ।।

ટીકાર્થ :-

यत् ..... महानरपतेरिति । **જે દાનાદિ ચતુષ્ટયની=દાનાદિ ચારની, તુલ્યફળતાનું સંકીર્તન છે અર્થાત્ દ્રવ્યસ્તવની સાથે દાનાદિ ચતુષ્ટયની તુલ્યતાનું જે સંકીર્તન છે, વળી જે દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ શ્રાદ્ધને ઉચિત છે અને ભાવસ્તવ એક જ મુનિને ઉચિત છે, એ પ્રમાણે વ્યક્તવિભાગની પ્રથા=વિસ્તાર છે, અને જે સુવર્ણભવનના કારણરૂપ ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવથી પણ તપ-સંયમ અધિક કહેવાયાં છે, તે સર્વ, પ્રતિમા અર્ચનની પ્રાગ્ધર્મતાનું ખ્યાપક=સૂચક, નથી શું ? અર્થાત્ ભાવસ્તવની સાથે અન્વાચીયમાન=ભાવસ્તવના પૂર્વ સ્વરૂપને અનુસરનાર, ધર્મનું ખ્યાપક નથી શું ? અર્થાત્**

વ્યાપક જ છે; કેમ કે ઉત્કૃષ્ટતમ અવધિરૂપ ઉત્કૃષ્ટતરનું જ યુક્તપણું છે અર્થાત્ ઉત્કૃષ્ટતમ પદાર્થના અવધિરૂપ ઉત્કૃષ્ટતર પદાર્થ જ બની શકે; કેમ કે હીન અવધિક ઉત્કર્ષની ઉક્તિનું અસ્તુતિપણું છે; જે કારણથી સામાન્યજનથી અધિકતાનું વર્ણન એ ચક્રવર્તીની સ્તુતિ નથી, પરંતુ મહાનરપતિથી=મોટા રાજાથી, અધિકતાનું વર્ણન એ ચક્રવર્તીની સ્તુતિ છે.

વિશેષાર્થ :-

મહાનિશીથમાં કહ્યું છે તે પ્રમાણે, આખી પૃથ્વી સુવર્ણના જિનમંદિરથી મંડિત કરી દે કે દાનાદિ ચારનું સેવન કરે, તેવો પણ શ્રાવક બારમા અચ્યુત દેવલોકથી આગળ જતો નથી, એ કથનથી દ્રવ્યસ્તવ અને દાનાદિ ચાર અચ્યુત સુધી લઈ જવા સમર્થ છે, એ રૂપ તુલ્ય ફળ છે. તેથી દાનાદિ ચારનું દ્રવ્યસ્તવની સાથે તુલ્યફળતાનું સંકીર્તન કર્યું, તે સર્વ દ્રવ્યસ્તવને ભાવસ્તવની સાથે પૂર્વધર્મતાનું સૂચન કરે છે; કેમ કે ઉત્કૃષ્ટતમની અવધિ ઉત્કૃષ્ટતર બની શકે, અને ભાવસ્તવ એ ઉત્કૃષ્ટતમ છે અને તેની અવધિ ઉત્કૃષ્ટતર એવું દ્રવ્યસ્તવ બની શકે.

અહીં પૂર્વપક્ષી કહે કે, દ્રવ્યસ્તવ એ સાવદ્યરૂપ હોવાથી પાપરૂપ છે, તેના કરતાં ભાવસ્તવ એ શ્રેષ્ઠ છે, તે બતાવવા અર્થે મહાનિશીથ સૂત્રમાં કહેલ છે કે, દ્રવ્યસ્તવ કરીને શ્રાવક અચ્યુતથી આગળ જઈ શકતો નથી. તેથી કહે છે કે, હીન અવધિક ઉત્કર્ષની ઉક્તિનું અસ્તુતિપણું છે અર્થાત્ પાપરૂપ દ્રવ્યસ્તવ અવધિક તપ-સંયમ ઉત્કર્ષવાળા છે, એવું કહેવું તે તપ-સંયમની સ્તુતિ નથી, પરંતુ અસ્તુતિરૂપ છે; જે રીતે સામાન્યજનથી ચક્રવર્તીની અધિકતાનું વર્ણન કરવું એ ચક્રવર્તીની સ્તુતિ નથી, પરંતુ મોટા રાજાથી ચક્રવર્તી અધિક છે, એમ કહેવું તે ચક્રવર્તીની સ્તુતિ છે. તેથી દ્રવ્યસ્તવ કરતાં તપ-સંયમ અધિક કહ્યા, એનાથી એ જ પ્રાપ્ત થાય છે કે, સુવર્ણથી જિનભવન કરાવવા રૂપ ઉત્કૃષ્ટતર દ્રવ્યસ્તવથી ઉત્કૃષ્ટતમ તપ-સંયમ છે, તેથી ભાવસ્તવને અનુસરનારી ધર્મતા દ્રવ્યસ્તવમાં છે.

અહીં વિશેષ એ છે કે સામાન્ય રીતે કરાતું દ્રવ્યસ્તવ એ ઉત્કૃષ્ટ છે, જ્યારે આખી પૃથ્વીને સુવર્ણના જિનભવનથી અલંકૃત કરી દેવી તે ઉત્કૃષ્ટતર દ્રવ્યસ્તવ છે, અને તેના કરતા અધિક તપ-સંયમ છે, તેથી તે ઉત્કૃષ્ટતમ છે, એ બતાવવા અર્થે ભાવસ્તવને ઉત્કૃષ્ટતમ તરીકે ગ્રહણ કરેલ છે.

ઉત્થાન :-

તપ-સંયમની પૂર્વધર્મતારૂપે દ્રવ્યસ્તવને બતાવવા માટે ત્રણ હેતુઓ બતાવ્યા, તેમાં સાક્ષી બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

'अक्षराणि च' અને આ પ્રમાણે અક્ષરો છે -

भावच्चणम् ..... पसत्था ।। ભાવાર્ચન એ ઉગ્રવિહારતા છે, વળી દ્રવ્યાર્ચન જિનપૂજા છે. પ્રથમ=ભાવાર્ચા, યતિને છે અને બંને પણ=ભાવાર્ચા અને દ્રવ્યાર્ચા બંને પણ, ગૃહસ્થને છે. પ્રથમ જ પ્રશસ્ત છે અર્થાત્ ભાવાર્ચા અને

દ્રવ્યાર્ચામાં ભાવાર્ચા જ શ્રેષ્ઠ છે.

કંચણ ..... અહિઓ (અણંતગુણો) ।। કંચનમણિનાં પગથિયાંવાળાં તથા હજારો સ્તંભવાળાં, ઊંચાં, સુવર્ણનાં તળિયાંવાળાં જિનભવનોને જે કરાવે, તેનાથી પણ તપ-સંયમ અધિક છે. (પાઠાંતરે-અનંતગુણ છે.)

તવસંજમેણ ..... મુક્ખં ।। તપ-સંયમ દ્વારા ઘણા ભવોથી એકઠા કરેલા પાપકર્મમળના પ્રવાહને અટકાવીને શીઘ્ર શાશ્વત સુખરૂપ મોક્ષને પામે છે.

કાઉંપિ ..... પરઓ ત્તિ ।। જિનાયતનો વડે સકલ પૃથ્વીપટને મંડિત=સુશોભિત કરીને પણ અને સારા પ્રકારના દાનાદિ ચારથી પણ (ગૃહસ્થ) અચ્યુત=૧૨મા દેવલોક સુધી જઈ શકે છે, આગળ નહિ.

'इति' શબ્દ મહાનિશીથના પાઠની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

ભાવપૂજા એ ઉગ્રવિહારતારૂપ છે અને તે યતિને જ સંભવે. ગૃહસ્થને ભાવપૂજા અને દ્રવ્યપૂજા બંને કહી, ત્યાં ઉગ્રવિહારતારૂપ ભાવપૂજા સંભવે નહિ, પરંતુ દ્રવ્યાર્ચા સાથે અનુવિદ્ધ એવી ભાવપૂજા ગૃહસ્થને સંભવે.

અહીં ઉગ્રવિહારતાથી એ કહેવું છે કે, મુનિ તપ-સંયમમાં સુદૃઢ યત્ન કરવા અર્થે નવકલ્પી વિહાર કરે છે, અને જેઓ સ્વાધ્યાયાદિનો ભંગ ન થાય એ રીતે માસકલ્પાદિ વિહાર કરતા હોય અને વિહારમાં પણ સંયમના પરિણામરૂપ ગુપ્તિવાળા હોય કે જેથી કર્મબંધનું આગમન અટકે અને સ્વાધ્યાયાદિ કે બાહ્યતપ દ્વારા પૂર્વસંચિત કર્મની નિર્જરા કરતા હોય એ રૂપ તપમાં જેઓ યત્ન કરતા હોય, તે સાધુ ઉગ્ર વિહારી છે અર્થાત્ મોક્ષને અનુકૂળ એવા ભાવમાં અપ્રમત્તભાવથી વિહરણ કરી રહ્યા છે.

ટીકા :-

न च प्रथमाया एव प्रशस्तत्वाभिधानेऽनाद्याया अप्रशस्तत्वादनादरणीयत्वम्, एवं सति "सारो चरणस्स निव्वाणं" **(वि० आ० भा० ११२६) इत्यभिधानान्मोक्षस्यैव सारत्वाभिधानाच्चारित्रस्यापि अनादरणीयतापत्तेः, सारोपायत्वेन सारत्वं तत्राविरुद्धमिति चेत् ? प्रशस्तभावार्चोपायत्वेन द्रव्यार्चाया अपि प्राशस्त्यादादरणीयत्वाक्षतेः ।।४१।।**

ટીકાર્થ :-

न च ..... आदरणीयत्वाक्षतेः ।। **મહાનિશીથના પાઠમાં પ્રથમના જ=ભાવાર્ચાના જ, પ્રશસ્તપણાનું અભિધાન હોતે છતે, અનાદ્યાનું=બીજાનું=દ્રવ્યાર્ચાનું, અપ્રશસ્તપણું હોવાથી અનાદરણીયપણું છે, એમ ન કહેવું; કેમ કે એ પ્રમાણે હોતે છતે=મહાનિશીથમાં ભાવાર્ચાનું પ્રશસ્તપણું કહ્યું એટલે દ્રવ્યાર્ચાનું અનાદરણીયપણું છે એમ હોતે છતે,** ચરણનો સાર નિર્વાણ છે, **એ પ્રકારના અભિધાનથી મોક્ષના જ સારપણાનું અભિધાન હોવાથી, ચારિત્રના પણ અનાદરણીયપણાની આપત્તિ આવશે.**

તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, સારના ઉપાયપણા વડે કરીને સારપણું ત્યાં= ચારિત્રમાં, અવિરુદ્ધ છે. તો તેનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે કે, પ્રશસ્ત ભાવાર્ચાના ઉપાય વડે કરીને દ્રવ્યાર્ચાનું પણ પ્રશસ્તપણું હોવાથી આદરણીયપણાની અક્ષતિ છે. ॥૪૧॥

વિશેષાર્થ :-

મહાનિશીથસૂત્રના પાઠના આધારે પૂર્વપક્ષી કહે છે કે, પ્રથમ=ભાવપૂજા, જ પ્રશસ્ત છે, તેથી દ્વિતીય=દ્રવ્યપૂજા, અપ્રશસ્ત હોવાથી આદરણીય નથી. તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે કે, મહાનિશીથનો પાઠ ભાવસ્તવને પ્રશસ્ત બતાવે છે તેથી દ્રવ્યાર્ચા અનાદરણીય સિદ્ધ થતી નથી. અન્યથા ચારિત્રનો સાર નિર્વાણ છે, એ વચનથી નિર્વાણ=મોક્ષ જ, સારભૂત હોવાથી ચારિત્ર પણ અનાદરણીય બની જશે.

અહીં પૂર્વપક્ષી કહે કે, મોક્ષનો ઉપાય ચારિત્ર છે, તેથી સારના ઉપાયભૂત ચારિત્રને પણ સાર કહી શકાય, તો ગ્રંથકાર કહે છે કે, પ્રશસ્ત ભાવાર્ચાના ઉપાયભૂત દ્રવ્યાર્ચા હોવાથી દ્રવ્યાર્ચા પણ પ્રશસ્ત છે, તેથી દ્રવ્યાર્ચા પણ આદરણીય છે. આનાથી એ ફલિત થાય છે કે, પૂર્વપક્ષીને મહાનિશીથના પાઠથી દ્રવ્યાર્ચા અપ્રશસ્તરૂપે અભિમત છે, પરંતુ મહાનિશીથના પાઠમાં ભાવાર્ચાને પ્રશસ્ત કહી તેનાથી તેના ઉપાયરૂપે દ્રવ્યાર્ચા પણ પ્રશસ્ત છે.

મહાનિશીથની ગાથામાં કહ્યું કે પ્રથમ જ=ભાવાર્ચા જ, પ્રશસ્ત છે, તેનાથી એ જણાય છે કે, બીજી=દ્રવ્યાર્ચા, પ્રશસ્ત નથી, એ કથન ભાવાર્ચા અને દ્રવ્યાર્ચાની તુલનાની અપેક્ષાએ છે. તેથી એ પ્રાપ્ત થાય કે દ્રવ્યાર્ચા અને ભાવાર્ચાની તુલના કરીએ તો એ બેમાં ભાવાર્ચા જ શ્રેષ્ઠ છે, દ્રવ્યાર્ચા નહિ. આમ છતાં ભાવાર્ચાના ઉપાયરૂપે દ્રવ્યાર્ચા પણ પ્રશસ્ત સ્વીકારવામાં કોઈ ક્ષતિ નથી. **॥૪૧॥**

અવતરણિકા :-

महानिशीथेऽस्मदुक्त्याऽप्रामाण्याभ्युपगमं कुमतिनो दूषयन्नाह -

અવતરણિકાર્થ :-

અમારી ઉક્તિથી=અમારા કેટલાક આચાર્યોના કથનથી, મહાનિશીથમાં કુમતિના=લુંપાકના, અપ્રામાણ્યના અભ્યુપગમને=સ્વીકારને, દૂષણ કરતાં કહે છે -

શ્લોક :-

प्रामाण्यं न महानिशीथसमये प्राचामपीत्यप्रियम्,
यत्तुर्याध्ययनें न तत्परिमितैः केषाञ्चिदालापकैः ।
वृद्धास्त्वाहुरिदं न सातिशयमित्याशङ्कनीयं क्वचित्,
तत्किं पाप! तवापदः परगिरां प्रामाण्यतो नोदिताः ।।४२।।

શ્લોકાર્થ :-

મહાનિશીથસિદ્ધાંતમાં પ્રાચીન એવા તમારા સાંપ્રદાયિકોને પણ પ્રામાણ્ય નથી, એ (વચન) અપ્રિય છે. જે કારણથી (મહાનિશીથના) ચોથા અધ્યયનમાં પરિમિત આલાપકો વડે કેટલાકને તે (પ્રામાણ્ય) નથી.

વળી વૃદ્ધો કહે છે - આ=મહાનિશીથ, અતિશયવાળું છે, એથી કરીને કોઈપણ સ્થળે શંકા ન કરવી, તે કારણથી હે પાપી ! પરવાણીના પ્રામાણ્યના સ્વીકારથી તને શું આપત્તિ નથી આવતી ? અર્થાત્ આવે છે. ॥૪૨॥

ટીકા :

'प्रामाण्यम्' इति :- महानिशीथसमये प्राचामपि=प्राचीनयुष्मत्साम्प्रदायिकानामपि, प्रामाण्यं न इति वचोऽप्रियम्=अरमणीयम्। यद्=यस्मात् तुर्याध्ययने=चतुर्थाध्ययने, केषाञ्चिदार्याणां परिमितैर्द्वित्रैरालापकैस्तत्प्रामाण्यं नास्ति । वृद्धास्त्वाहुः-इदं महानिशीथं सातिशयं समहत्प्रभावमति-गम्भीरार्थं चेति क्वचिदपि स्थले नाशङ्कनीयम् । तत्=तस्मात् कारणात्, हे पापे ! परगिराम्=उत्कृष्टवाचाम्, अस्मत्सम्प्रदायशुद्धानां प्रामाण्यतः=प्रामाण्याभ्युपगमेन, तवापदो नोदिताः ? अपि तूदिता एव, अभ्युपगमसिद्धान्तस्वीकारे स्वतन्त्रसिद्धान्तभङ्गप्रसङ्गात्, अजां निष्काशयतः क्रमेलकागमन्यायापातात् ।

ટીકાર્થ :-

महानिशीथसमये ..... नास्ति । **મહાનિશીથસિદ્ધાંતમાં, પ્રાચીન એવા તમારા સાંપ્રદાયિકોને પણ પ્રામાણ્ય નથી, એ વચન અપ્રિય=અરમણીય છે; જે કારણથી ચોથા અધ્યયનમાં પરિમિત એવા બે-ત્રણ આલાપકો વડે કેટલાક આચાર્યોને તે=મહાનિશીથ પ્રામાણ્ય નથી.**

✪ અહીં સંપૂર્ણ મહાનિશીથ પ્રામાણ્ય નથી એવું નથી, પરંતુ બે-ત્રણ આલાપકો વડે મહાનિશીથ પ્રામાણ્ય નથી. તેથી પૂર્વપક્ષીએ કહ્યું કે, પ્રાચીન તમારા સાંપ્રદાયિકોને પણ મહાનિશીથ સિદ્ધાંતમાં પ્રામાણ્ય નથી, એ વચન અરમણીય છે.

ટીકાર્થ :-

वृद्धास्त्वाहुः ..... आपातात् । **વળી વૃદ્ધો કહે છે કે, આ મહાનિશીથસૂત્ર સાતિશય અને મહાન પ્રભાવથી સહિત અને અતિ ગંભીર અર્થવાળું છે, એથી કરીને કોઈપણ સ્થળમાં શંકા ન કરવી.**

'तत्'=તે કારણથી=અમારા પ્રાચીન આચાર્યો મહાનિશીથસૂત્રના બે-ત્રણ આલાપકોને છોડીને મહાનિશીથને પ્રમાણભૂત માને છે, અને વૃદ્ધો સંપૂર્ણ મહાનિશીથને પ્રમાણભૂત માને છે તે કારણથી,

હે પાપી ! અમારા સંપ્રદાયશુદ્ધોની શ્રેષ્ઠ વાણીને=ઉત્કૃષ્ટ વાણીને, પ્રમાણ સ્વીકારતાં તને શું આપત્તિ નથી આવતી ? અર્થાત્ આવે જ છે; કેમ કે અભ્યુપગમ સિદ્ધાંતના સ્વીકારમાં=આપણા આચાર્યો વડે જે અભ્યુપગમ છે તે સિદ્ધાંતના સ્વીકારમાં, સ્વતંત્રના=લુંપાકના, સિદ્ધાંતના ભંગનો પ્રસંગ છે; કેમ કે બકરાને કાઢતાં ઊંટ પેસી ગયું, એ ન્યાયની પ્રાપ્તિ છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીએ મહાનિશીથને અપ્રમાણભૂત કહેવા માટે આપણા શ્વેતાંબર સંપ્રદાયનાં કેટલાંક વચનોને સામે રાખીને ઉદ્ભાવન કર્યું. પરંતુ આપણા સંપ્રદાયના કેટલાક આચાર્યોનાં તે મંતવ્યો સંપૂર્ણ મહાનિશીથને અપ્રમાણ માનતાં નથી, પરંતુ મહાનિશીથના બે-ત્રણ આલાપકોને જ પ્રમાણ માનતા નથી. તેથી ગ્રંથકાર કહે છે કે, અમારા સંપ્રદાયશુદ્ધોની વાણીને લુંપાક પ્રમાણરૂપે સ્વીકારતો હોય, તો તે બે-ત્રણ આલાપકોને છોડીને મહાનિશીથસૂત્રનું પ્રામાણ્ય તેણે સ્વીકારવું જોઈએ, અને વૃદ્ધોના કથન પ્રમાણે લુંપાક સ્વીકારતો હોય તો સંપૂર્ણ મહાનિશીથને પ્રમાણભૂત સ્વીકારવું જોઈએ. અને આપણા સંપ્રદાય મુજબ મહાનિશીથને અપ્રમાણભૂત સ્વીકારવામાં પૂર્વપક્ષી વડે પોતાને જ આપત્તિ આવી; કેમ કે આપણા સિદ્ધાંત પ્રમાણે મહાનિશીથને અપ્રમાણ કહેવા જતાં બે-ત્રણ આલાપકો છોડીને અન્ય અંશ તેણે પ્રમાણરૂપે માનવો પડે, અને તેમાં દ્રવ્યસ્તવનું વર્ણન છે, તેને પ્રમાણરૂપે માનવાની આપત્તિ પૂર્વપક્ષીને પ્રાપ્ત થાય. અને તેને જ બતાવતાં કહે છે કે, આપણા આચાર્યો વડે જે અભ્યુપગમ=સ્વીકારેલું છે, તે સિદ્ધાંતના સ્વીકારમાં પૂર્વપક્ષીને જે દ્રવ્યસ્તવનો અનભ્યુપગમ છે, તે રૂપ પોતાના સિદ્ધાંતના ભંગનો પ્રસંગ આવશે; અને બકરાને કાઢતાં ઊંટ પેસી ગયું એ ન્યાય પ્રાપ્ત થશે. અર્થાત્ મહાનિશીથસૂત્રને આપણા આચાર્યના સ્વીકારથી અપ્રમાણ કહેવા જતાં શેષ મહાનિશીથસૂત્ર પ્રમાણરૂપે સ્વીકૃત થવાને કારણે દ્રવ્યસ્તવ અકર્તવ્ય છે, એમ સ્થાપન કરવાને બદલે દ્રવ્યસ્તવ કર્તવ્ય છે, એ સ્વીકારવા રૂપ ઊંટના પ્રવેશની પ્રાપ્તિ થઈ.

ટીકા :-

तथोक्तं चतुर्थाध्ययने प्रान्ते - 'अत्र चतुर्थाध्ययने बहवः सैद्धान्तिकाः केचिदालापकान्न सम्यक् श्रद्धत्येव तैरश्रद्धानैरस्माकमपि न सम्यक् श्रद्धानं इत्याह हरिभद्रसूरिः, न पुनः सर्वमेवेदं चतुर्थाध्ययनम्, अन्यानि वा अध्ययनानि, अस्यैव कतिपयैः परिमितैरालापकैरश्रद्धानमित्यर्थः यतः स्थानसमवायजीवाभिगमप्रज्ञापनादिषु न किञ्चिदेवमाख्यातम्, यथा प्रतिसन्तापकस्थानमस्ति तद्गुहावासिनश्च मनुजाः तत्र च परमाधार्मिकाणां पुनः पुनः सप्ताष्टवारान् यावदुपपातः, तेषां च तैर्दारुणैर्वज्रशिलाघरट्टसम्पुटगतगोलिकानां (सम्पुटैर्गिलितानां) परिपीड्यमानानामपि संवत्सरं यावत् प्राणव्यापत्तिर्न भवति इति । वृद्धवादस्तु पुनर्यथा तावदिदमार्षं सूत्रं (विकृति) विवृत्तिर्न तावदत्र प्रविष्टा, प्रभूताश्चात्र श्रुतस्कन्धेऽर्थाः सुष्ठ्वतिशयेन सातिशयानि गणधरोक्तानि चेह वचनानि तदेवं स्थितेर्न किञ्चिदाशङ्कनीयम् ।।११।। **इति'**

टीकार्थ :-

तथोक्तं चतुर्थाध्ययने प्रान्ते - તે પ્રમાણે ચોથા અધ્યયનના છેડે કહેવાયેલું છે -

अत्र ..... आख्यातम्, અહીંયાં=મહાનિશીથના ચોથા અધ્યયનમાં, ઘણા સૈદ્ધાંતિકો કેટલાક આલાપકોની સમ્યક્ શ્રદ્ધા કરતા નથી જ, તેઓ વડે અશ્રદ્ધાન હોવાથી અમને પણ સમ્યક્ શ્રદ્ધા નથી, એ પ્રમાણે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. વળી સર્વ જ આ ચોથું અધ્યયન અશ્રદ્ધેય નથી અને મહાનિશીથના અન્ય અધ્યયનો પણ અશ્રદ્ધેય નથી, પરંતુ આના જ=ચોથા અધ્યયનના જ, કેટલાક પરિમિત આલાપકો પર અશ્રદ્ધાન છે, એ પ્રમાણે તાત્પર્ય છે. જે કારણથી સ્થાનાંગ, સમવાયાંગ, જીવાભિગમ અને પ્રજ્ઞાપનાદિમાં આ પ્રમાણે કાંઈ કહેલું નથી અર્થાત્ મહાનિશીથમાં કહેલું છે એ પ્રમાણે કહેલું નથી, અર્થાત્ મહાનિશીથમાં કહેલું છે તેનાથી અન્ય કહેલું છે.

વિશેષાર્થ :-

પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે, ચતુર્થ અધ્યયનના કેટલાક આલાપકો ઘણા સિદ્ધાંતકારો શ્રદ્ધાન કરતા નથી, તેથી અમે પણ શ્રદ્ધાન કરતા નથી; પરંતુ સંપૂર્ણ ચતુર્થ અધ્યયનની શ્રદ્ધા કરતા નથી એવું નથી, પરંતુ ચતુર્થ અધ્યયનના કેટલાક આલાપકોની અશ્રદ્ધા કરીએ છીએ. બે-ત્રણ આલાપકોને છોડીને ચતુર્થ અધ્યયનના બીજા આલાપકો અને અન્ય અધ્યયનો મહાનિશીથના પ્રમાણરૂપે જ બધા સિદ્ધાંતકારોને માન્ય છે, અને પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજને પણ માન્ય છે.

પરિમિત આલાપકોના અશ્રદ્ધાનનું કારણ બતાવતાં કહે છે -

સ્થાનાંગ, સમવાયાંગ, જીવાભિગમ અને પ્રજ્ઞાપનાદિમાં આ પ્રમાણે કાંઈ કહેવાયું નથી અર્થાત્ ચતુર્થ અધ્યયનના કેટલાક આલાપકોમાં જે કહેવાયું છે, એ પ્રમાણે કહેવાયું નથી. માટે સ્થાનાંગ-સમવાયાંગ આદિના તે કથન સાથે ચતુર્થ અધ્યયનના તે આલાપકોનો વિરોધ છે, તેથી અમે શ્રદ્ધા કરતા નથી, એમ કહેવાનું તાત્પર્ય છે.

ઉત્થાન :-

સ્થાનાંગ આદિ સાથે વિરોધવાળા મહાનિશીથના અધ્યયનને બતાવવા અર્થે 'यथा' થી કહે છે -

टीकार्थ :-

यथा ..... भवति इति । જેમ પ્રતિસંતાપક સ્થાન છે અને તે ગુફામાં વસનારા મનુષ્યો છે, અને ત્યાં=તે સ્થાનમાં, ફરી ફરી પરમાધાર્મિકોનો સાતથી આઠ વાર સુધી ઉપપાત થાય છે, અને વજ્રશીલાઘરટ્ટ સંપુટગત ગોલિક એવા=અંડગોલિક એવા, અને તે દારુણો વડે પીડા કરાતા એવા પણ તેઓનો=પરમાધાર્મિક જીવોનો, એક વર્ષ સુધી પ્રાણનો વિનાશ થતો નથી.

'इति' શબ્દ ચતુર્થ અધ્યયનના અશ્રદ્ધેય આલાપકનો સમાપ્તિઅર્થક છે.

વિશેષાર્થ :-

પ્રતિસંતાપક નામનું સ્થાન છે ત્યાં ગુફાવાસી મનુષ્યો છે, અને ત્યાં પરમાધાર્મિક દેવો મત્સ્યરૂપે સાત આઠ વાર ઉત્પન્ન થાય છે, અને દારુણ એવા તે ગુફાવાસી મનુષ્યો તેમને પીડીને રત્ન મેળવે છે. તેમને પીડવા માટે વજ્રશીલાની ઘંટીના સંપુટમાં તે મત્સ્યગોલકને=અંડગોલકને, સ્થાપન કરે છે અને પછી તેમને પીલે છે. બાર મહિના પછી તેઓનો પ્રાણનાશ થતાં તેમાંથી રત્નની પ્રાપ્તિ થાય છે.

ટીકાર્થ :-

वृद्धवादस्तु ..... आशंकनीयम् ।। અહીં વૃદ્ધવાદ આ પ્રમાણે છે -

'यथा' જે કારણથી આ આર્ષસૂત્ર છે, અને અહીં વિવૃત્તિ પ્રવિષ્ટ નથી અર્થાત્ આ સૂત્ર ઉપર ટીકાઓ નથી, અને આ શ્રુતસ્કંધમાં ઘણા અર્થો છે, અને સારો અતિશય હોવાથી અતિશયથી સહિત એવા ગણધરો વડે કહેલાં વચનો આમાં છે તે કારણથી, આ પ્રમાણે હોતે છતે કાંઈપણ શંકા ન કરવી જોઈએ.

'इति' શબ્દ મહાનિશીથના પાઠની સમાપ્તિસૂચક છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે વૃદ્ધવાદ પ્રમાણે મહાનિશીથના આલાપકમાં કાંઈ શંકનીય નથી. તેની પુષ્ટિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

ટીકા :-

विरोधभानं च वेदनीयस्य जघन्या स्थितिरन्तर्मुहूर्तमुत्तराध्ययनेषूक्ता, प्रज्ञापनायां तु द्वादशमुहूर्ता इत्यादौ संभवत्येव । हेतूदाहरणासंभवेत्यादिना प्रामाण्याभ्युपगमोऽप्युभयत्र तुल्य इति दिग् ।।४२।।

ટીકાર્થ :-

विरोधभानं ..... संभवत्येव । **અને ઉત્તરાધ્યયનમાં દર્શનવેદનીયની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત કહેલી છે, અને પ્રજ્ઞાપનામાં બાર મુહૂર્ત કહેલ છે ઈત્યાદિ કથનમાં, અર્થાત્ ઉત્તરાધ્યયનમાં અને પ્રજ્ઞાપનામાં વેદનીયની જઘન્ય સ્થિતિના કથનમાં વિરોધનું ભાન સંભવે જ છે.**

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, 'हेतूदाहरणासंभव' ઈત્યાદિ ધ્યાનશતકની ગાથા વડે આપાતથી વિરોધ હોવા છતાં અમે તેને પ્રમાણરૂપે સ્વીકારીએ છીએ. તેથી ગ્રંથકારશ્રી કહે છે -

ટીકાર્થ :-

हेतूदाहरण ..... दिग् ।। **'हेतूदाहरणासंभव' ઈત્યાદિ ધ્યાનશતકની ગાથા વડે પ્રામાણ્યનો અભ્યુપગમ=**

સ્વીકાર, ઉભયત્ર=ઉત્તરાધ્યયન અને પ્રજ્ઞાપનામાં, તુલ્ય છે, અર્થાત્ ઉત્તરાધ્યયન અને પ્રજ્ઞાપનાના કથનનો વિરોધ હોવા છતાં પ્રામાણ્યનો અભ્યુપગમ ત્યાં કરો છો, એ રીતે સ્થાનાંગ, સમવાયાંગ આદિ અને મહાનિશીથના કથનનો વિરોધ છે, ત્યાં પણ પ્રામાણ્યનો સ્વીકાર થઈ શકે છે, એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૪૨॥

વિશેષાર્થ :-

ધ્યાનશતક ગાથા-૪૮નું તાત્પર્ય એ છે કે, શાસ્ત્રોમાં કોઈ કોઈ સ્થાનોમાં આપાતથી પરસ્પર વિરોધ દેખાય, પરંતુ તે બે કથનોના ભેદ પાછળ હેતુ શું છે ? ઉદાહરણ શું છે ? એ પ્રાપ્ત થતાં ન હોય અને તેથી તેનો સારી રીતે નિર્ણય કરી ન શકાય એવાં સ્થાનોમાં, બુદ્ધિશાળી પુરુષો સર્વજ્ઞોનો મત અવિતથ છે, એ પ્રમાણે ચિંતવન કરે. **॥૪૨॥**

અવતરણિકા :-

महानिशीथ एवान्यथावचनमाशङ्कते -

અવતરણિકાર્થ :-

મહાનિશીથમાં જ અન્યથાવચનની=દ્રવ્યસ્તવના અસ્વીકારરૂપ અન્યથાવચનની, આશંકા કરે છે -

વિશેષાર્થ :-

મહાનિશીથ સૂત્રના કુવલયાચાર્યના પ્રસંગમાં જે દ્રવ્યસ્તવના વિષયમાં 'यद्यपि ..... सतमः' એ રૂપ જે કુવલયાચાર્યનું અન્યથા વચન છે=દ્રવ્યસ્તવના અસ્વીકારનું વચન છે, તે શું દ્રવ્યસ્તવનો નિષેધ નથી કરતું ? એ પ્રકારની પૂર્વપક્ષી આશંકા કરે છે –

શ્લોક :-

भ्रष्टैश्चैत्यकृतेऽर्थितः कुवलयाचार्यो जिनेन्द्रालये,
यद्यप्यस्ति तथाप्यदः सतम इत्युक्त्वा भवं तीर्णवान् ।
एतत्किं नवनीतसारवचनं नो मानमायुष्मताम्,
यत्कुर्वन्ति महानिशीथबलतो द्रव्यस्तवस्थापनम् ।।४३।।

શ્લોકાર્થ :-

ભ્રષ્ટો વડે ચૈત્ય માટે અર્થિત એવા કુવલયાચાર્ય 'જોકે જિનાલયના વિષયમાં છે, તો પણ આ સપાપ છે', એ પ્રમાણે કહીને ભવને તર્યા, આ નવનીતસાર વચન આયુષ્યમાન એવા

આપને શું પ્રમાણ નથી? કે જે કારણથી મહાનિશીથના બળથી દ્રવ્યસ્તવની સ્થાપના કરો છો? આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. ॥૪૩॥

ટીકા :-

भ्रष्टैः इति :- भ्रष्टैः=लिङ्गमात्रोपजीविभिः, चैत्यकृते=स्वाभिमतचैत्यालयसम्पादनाय, अर्थितः= प्रार्थितः, कुवलयाचार्यः-पदैकदेशे पदसमुदायोपचारात् कुवलयप्रभाचार्यः, 'यद्यपि एतच्चैत्यालये वक्तव्यमस्ति तथापि सतमः=सपापम्', इत्युक्त्वा भवं=संसारार्णवं, तीर्णवान् । एतत् किम् नवनीतसाराध्ययनवचनम् आयुष्मतां=प्रशस्तायुषां, भवतां नो मानं=न प्रमाणम् ? यन्महानिशीथबलतः= महानिशीथबलमवष्टभ्य, द्रव्यस्तवस्थापनं कुर्वन्त्यायुष्मन्तः । यत्र हि वाङ्मात्रेणापि द्रव्यस्तवप्रशंसनं निषिद्धम्, तत्र कथं तत्करणकारणादिविहितं भविष्यतीति ? ।।४३।।

ટીકાર્થ :-

भ्रष्टैः ..... कुवलयप्रभाचार्यः, **ભ્રષ્ટો વડે=લિંગમાત્ર ઉપજીવીઓ વડે, ચૈત્ય માટે=સ્વાભિમત ચૈત્યાલયના સંપાદન માટે, કુવલયાચાર્ય=કુવલયપ્રભાચાર્ય પ્રાર્થિત કરાયા.**

અહીં પદના એક દેશમાં પદના સમુદાયનો ઉપચાર કરેલ હોવાથી કુવલયાચાર્યનો અર્થ કુવલયપ્રભાચાર્ય ગ્રહણ કરવાનો છે.

यद्यपि ..... तीर्णवान् । **જો કે જિનાલયમાં=જિનાલય સંબંધી આ, વક્તવ્ય છે તો પણ સતમ= સપાપ છે, એ પ્રમાણે કહીને (કુવલયપ્રભાચાર્ય) સંસાર સમુદ્રને તર્યા.**

एतत्किं ..... आयुष्मन्तः । **શું આ નવનીતસાર અધ્યયનનું વચન, આયુષ્યમાન=પ્રશસ્ત આયુષ્યવાળા આપને અર્થાત્ દ્રવ્યસ્તવની સ્થાપના કરનારા મૂર્તિપૂજકોને શું પ્રમાણ નથી? જે કારણથી મહાનિશીથના બળથી=મહાનિશીથસૂત્રના બળનું અવલંબન લઈને, આયુષ્યમાન આપ દ્રવ્યસ્તવનું સ્થાપન કરો છો?**

यत्र हि ..... भविष्यतीति ? ।। **જે કારણથી જ્યાં=મહાનિશીથમાં, વચનમાત્રથી પણ દ્રવ્યસ્તવની પ્રશંસા નિષિદ્ધ છે, ત્યાં કેવી રીતે તેનું=દ્રવ્યસ્તવનું, કરણ-કરાવણાદિ વિહિત સંભવે?**

✪ 'हि' શબ્દ यस्मादर्थक છે.

✪ 'भविष्यतीति' અહીં 'इति' શબ્દ છે તે કથનની સમાપ્તિસૂચક છે.

✪ करणकारणादिविहितं અહીં कारणादि માં 'आदि' શબ્દથી અનુમોદનનું ગ્રહણ કરવું. **॥૪૩॥**

અવતરણિકા :-

उत्तरयति -

અવતરણિકાર્થ :-

શ્લોક-૪૩માં લુંપાકે જે શંકા કરી, તેનો ઉત્તર આપે છે –

શ્લોક :-

भ्रान्त ! प्रान्तधिया किमेतदुदितं पूर्वापरानिश्चयात्,
येन स्वश्रमक्लृप्तचैत्यममतामूढात्मनां लिङ्गिनाम् ।
उन्मार्गस्थिरता न्यषेधि न पुनश्चैत्यस्थितिः सूरिणा,
वाग्भङ्गी किमु यद्यपीति न मुखं वक्रं विधत्ते तव ।।४४।।

શ્લોકાર્થ :-

હે ભ્રાંત ! પૂર્વાપર અનિશ્ચયથી હીન બુદ્ધિવાળા એવા તારા વડે આ શું કહેવાયું ? જેના વડે=ઉક્ત વચન વડે=શ્લોક-૪૩માં કહેલ 'यद्यपि ..... सतमः' એ વચન વડે, સૂરિ દ્વારા સ્વશ્રમથી ક્લૃપ્ત એવા ચૈત્યોના વિષયમાં મમતાથી મૂઢાત્મા એવા લિંગીઓની ઉન્માર્ગસ્થિરતા નિષેધ કરાઈ, પરંતુ ચૈત્યસ્થિતિ નહિ. 'यधपि' એ પ્રકારે વચનભંગી અર્થાત્ કુવલયાચાર્યના પૂર્વોક્ત વચનમાં यद्यपि ..... એ પ્રકારે વચનભંગી છે, તે શું તારા મુખને વક્ર નથી કરતી ? ।।૪૪।।

ટીકા :-

'भ्रान्त'इति :- हे भ्रान्त ! विपर्ययाभिभूत ! पूर्वापरग्रन्थतात्पर्यानिश्चयात् प्रान्तधिया=हीनबुद्धिना, त्वयैतत्किमुदितं=कुत्सितमुक्तम्, येनोक्तवचनेन स्वश्रमक्लृप्तानि यानि चैत्यानि तेषु या ममता तया मूढ आत्मा येषां ते तथा, तादृशां लिङ्गिनां सूरिणा=कुवलयाचार्येण, मठमिश्रितचैत्य-कर्त्तव्यतागोचरतत्प्रतिज्ञां गलहस्तयता उन्मार्गस्थिरता=अनायतनप्रवृत्तिदार्ढ्यं, न्यषेधि न पुनश्चैत्यस्थितिः =सम्यग्भावितचैत्यप्रवृत्तिव्यवस्था ।

ટીકાર્થ :-

हे भ्रान्त ! ..... व्यवस्था । હે ભ્રાંત !=હે વિપર્યયથી અભિભૂત ! પૂર્વાપર ગ્રંથના તાત્પર્યના અનિશ્ચયથી પ્રાંત બુદ્ધિવાળા=હીન બુદ્ધિવાળા, એવા તારા વડે આ શું કહેવાયું ? અર્થાત્ કુત્સિત કહેવાયું છે; કેમ કે જેના વડે=ઉક્ત વચન વડે="यद्यपि जिनालये तथापि अदः सतमः" એ પ્રકારના કુવલયાચાર્યના ઉક્ત વચન વડે, સ્વશ્રમથી ક્લૃપ્ત=બનાવેલાં, એવાં જે ચૈત્યો, તેઓને વિષે જે

મમતા, તે મમતાથી મૂઢ છે આત્મા જેઓનો, તેવા લિંગીઓની મઠમિશ્રિત ચૈત્યકર્તવ્યતાની ગોચર=વિષયવાળી, તે પ્રતિજ્ઞાને=લિંગજીવીઓની ચૈત્યનિર્માણની પ્રતિજ્ઞાને, દૂર ફેંકતા એવા સૂરિ વડે=કુવલયાચાર્ય વડે, ઉન્માર્ગસ્થિરતા=અનાયતન પ્રવૃત્તિની દૃઢતા, નિષેધ કરાઈ; પરંતુ ચૈત્યસ્થિતિ=સમ્યગ્ભાવિત ચૈત્યપ્રવૃત્તિની વ્યવસ્થા, નિષેધ કરાઈ નથી.

વિશેષાર્થ :-

મહાનિશીથસૂત્રમાં કુવલયાચાર્યના પ્રસંગમાં કહેલ વચન દ્વારા કુવલયાચાર્યે લિંગધારીની ઉન્માર્ગસ્થિરતાનો નિષેધ કરેલ છે.

તે લિંગીઓ પોતાના શ્રમથી બનાવેલાં ચૈત્યોને વિષે મમતાવાળા છે, અર્થાત્ પોતે યત્ન કરીને ગૃહસ્થો પાસેથી ધનાદિ મેળવીને ચૈત્યોનું નિર્માણ કર્યું છે, તેથી તે ચૈત્યોમાં તેઓ મમતા ધરાવે છે કે અમે આ ચૈત્યોનું નિર્માણ કર્યું છે, માટે ચૈત્યોની મમતાથી તેઓ મૂઢ થયેલા છે=પોતાના સંયમજીવનને ભૂલીને વેશમાત્રમાં રહેવા છતાં સંયમની ઉચિત પ્રવૃત્તિ કરવામાં મૂઢ થયેલા છે, તેવા પ્રકારના લિંગીઓની મઠમિશ્રિત ચૈત્યકર્તવ્યતા વિષયક તે પ્રતિજ્ઞાને=લિંગીઓની ચૈત્યનિર્માણની પ્રતિજ્ઞાને, આ સપાય છે એ વચન વડે ગળેથી પકડીને દૂર ફેંકતા એવા કુવલયાચાર્યે ઉન્માર્ગસ્થિરતાનો જ=નહિ સેવવા યોગ્ય પ્રવૃત્તિની દૃઢતાનો જ, નિષેધ કર્યો છે; પરંતુ સમ્યગ્ ભાવિત ચૈત્યપ્રવૃત્તિની વ્યવસ્થાનો નિષેધ કર્યો નથી.

જે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે હોય તે સમ્યગ્ કહેવાય, અને શાસ્ત્રોક્ત વિધિથી ભાવિત એવી ચૈત્યપ્રવૃત્તિ જ્યારે ગૃહસ્થો કરતા હોય ત્યારે તેવી પ્રવૃત્તિનો ઉપદેશકો નિષેધ કરતા નથી. યદ્યપિ ક્વચિત્ કોઈ શ્રાવક અલ્પબોધ કે અલ્પસત્ત્વાદિને કારણે વિધિમાં ત્રુટિ રાખતા હોય તો તેને સુવિહિતો એ ત્રુટિના નિવારણ અર્થે ઉપદેશ આપે છે, પરંતુ ગૃહસ્થની ચૈત્યપ્રવૃત્તિનો નિષેધ કરતા નથી. પરંતુ સાધુવેશધારી જ્યારે મઠમિશ્રિત ચૈત્યનિર્માણની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તે અનાયતન પ્રવૃત્તિરૂપ છે, અને તેવી અનાયતન પ્રવૃત્તિનો જ નિષેધ પોતાની શક્તિ હોય તો ઉપદેશક કરે છે.

ઉત્થાન :-

પૂર્વમાં કુવલયાચાર્યના વચનનું તાત્પર્ય શું છે તે બતાવ્યું, ત્યાં પૂર્વપક્ષી કહે છે કે પૂર્વમાં ગ્રંથકારે કુવલયાચાર્યના વચનનું તાત્પર્ય ખોલ્યું એ જ તાત્પર્ય છે, પરંતુ ચૈત્યપ્રવૃત્તિના નિષેધનું તાત્પર્ય નથી, એમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે -

ટીકા :-

इहार्थे यद्यपीति वाग्भङ्गी=वचनरचना, किमु तव मुखं वक्रं न विधत्ते ? अपि तु विधत्त एव ।

ટીકાર્થ :-

ઇહાર્થે ..... એવ । જિનાલયને કહેનારા મહાનિશીથના વચનમાં કુવલયાચાર્યના કથનનો પૂર્વપક્ષી જે અર્થ કરે છે કે, "જિનાલય સપાપ છે" એ અર્થમાં 'यद्यपि'='જોકે' એ પ્રમાણેની વચનરચના શું તારા મુખને વક્ર કરતી નથી? પરંતુ કરે જ છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષી વિચારક હોય તો તેને લાગે કે, જિનાલયનું વક્તવ્ય પાપરૂપ હોત તો મહાનિશીથમાં 'यद्यपि' એ પ્રકારે પ્રયોગ કરવાને બદલે એમ જ કહ્યું હોત કે "ચૈત્યાલય સપાપ છે." પરંતુ મહાનિશીથસૂત્રમાં તેમ ન કહેતાં એમ કહ્યું કે, "જોકે આ ચૈત્યાલયના વિષયમાં વક્તવ્ય છે, તો પણ સપાપ છે" - એમ કહીને કુવલયાચાર્ય સંસારસમુદ્રને તર્યા. એ પ્રમાણે 'यद्यपि' થી કહ્યું, તે તારા મુખને વક્ર કરે છે=તે વચન રચના તારા અર્થને પુષ્ટ કરે તેવી જણાવવા છતાં કાંઈક વાંકી લાગે છે, તે જ બતાવે છે કે, મહાનિશીથમાં જિનાલયનું વક્તવ્ય છે, તે પાપરૂપ નથી, પરંતુ એ લિંગજીવીઓની અસમ્યગ્ આચરણારૂપ હોવાથી પાપરૂપ છે.

ટીકા :-

अप्राकरणिकस्य सम्बोध्य मुखवक्रीकरणस्य कार्यस्याभिधानेन प्रकृतवक्रोक्त्यभिधानाद-प्रस्तुतप्रशंसालङ्कारः । 'अप्रस्तुतप्रशंसा या सा सैव प्रस्तुताश्रया' इति लक्षणम् । (का० प्र० द० उ० सू० १५१)

ટીકાર્થ :-

अप्राकरणिकस्य .... अलङ्कारः । **અપ્રાકરણિકને સંબોધન કરીને મુખવક્રીકરણરૂપ કાર્યના અભિધાન વડે પ્રકૃત વક્રોક્તિનું અભિધાન હોવાથી અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે અર્થાત્ પૂર્વપક્ષીના કથનના જવાબરૂપે ગ્રંથકારે કહ્યું છે. 'यद्यपि' એ વચનરચના શું તારું મુખ વક્ર કરતી નથી ? એ અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે.**

વિશેષાર્થ :-

જે વસ્તુની વાત ચાલતી હોય તેના સંબંધી જે કથન હોય તે પ્રાકરણિક કહેવાય, અને તેની સાથે સંબંધ વગરનું કોઈ કથન હોય તેને અપ્રાકરણિક કહેવાય. પ્રસ્તુતમાં મહાનિશીથસૂત્રમાં કુવલયાચાર્યના વચનનો અર્થ લુંપાકે ચૈત્યાલયને સાવદ્યરૂપે સ્થાપન કરવામાં કર્યો, તેથી ચૈત્યાલયને સાવદ્યરૂપે સ્થાપન કરવામાં 'जइ वि जिणालये .....' એ વચન અપ્રાકરણિક બને છે; કેમ કે જિનાલયને સાવદ્યરૂપે સ્થાપન કરવામાં 'सावज्जमिणं' એટલું જ વચન ઉપયોગી છે. પરંતુ એટલું જ વચન ન કહેતાં 'जइ वि जिणालये तह वि सावज्जमिणं' એ પ્રકારના કુવલયાચાર્યના વચનમાં 'जइ वि जिणालये' એ વચન જિનાલયને સાવદ્ય સ્થાપન

કરવામાં અપ્રાકરણિક બને છે; કેમ કે તે વચન જિનાલયને સાવદ્ય સ્થાપવામાં ઉપયોગી બનતું નથી. તેથી ગ્રંથકારે તે અપ્રાકરણિકને સંબોધન કરીને મુખવક્રીકરણરૂપ કાર્યનું અભિધાન પ્રસ્તુત શ્લોક-૪૩ના ચરમપાદમાં બતાવ્યું છે. તે આ પ્રમાણે - 'यद्यपि जिणालये' એ વચન તારા મુખના વક્રીકરણરૂપ કાર્યને કરે છે, અને તેના દ્વારા પ્રકૃતનું વક્રોક્તિથી અભિધાન છે અર્થાત્ કુવલયાચાર્યના કથનથી પ્રકૃત એ છે કે ઉન્માર્ગની સ્થિરતાનો નિષેધ કરવો, તે પ્રકૃતનું વક્રોક્તિ દ્વારા ગ્રંથકારે અભિધાન કરેલ છે. તે આ રીતે –

'यद्यपि' એ પ્રકારનું વચન તારું મુખ વક્ર કરે છે, એ પ્રકારની વક્રોક્તિથી પ્રકૃતનું=જિનાલયવિષયક વર્તતા ઉન્માર્ગના નિષેધનું અભિધાન ગ્રંથકારે કરેલ છે, તેથી શ્લોકના ચરમપાદનું કથન અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે.

ઉત્થાન :-

અપ્રસ્તુતપ્રશંસા અલંકારનું લક્ષણ બતાવતાં કહે છે –

ટીકાર્થ :-

અપ્રસ્તુત ..... लक्षणम् । અપ્રસ્તુતપ્રશંસા=અપ્રસ્તુત કથન જે છે તે અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે, તે જ= અપ્રસ્તુતપ્રશંસા જ, પ્રસ્તુત આશ્રયવાળી છે. એ પ્રકારનું અપ્રસ્તુતપ્રશંસા અલંકારનું લક્ષણ છે.

વિશેષાર્થ :-

અપ્રસ્તુતપ્રશંસા અલંકારનું યોજન પ્રસ્તુત શ્લોકમાં આ રીતે છે - લુંપાકને કુવલયાચાર્યના વચનથી જિનાલયને સાવદ્યરૂપે સ્થાપન કરવું છે. તે સાવદ્યરૂપે સ્થાપન લુંપાકને પ્રસ્તુત છે અને ઉન્માર્ગની સ્થિરતાનો નિષેધ અપ્રસ્તુત છે. અને 'यद्यपि' એ વચનરચના તારું મુખ વક્ર કરે છે, તેનાથી તે અપ્રસ્તુતનું કથન થાય છે, અને તેથી તે અપ્રસ્તુતકથન એ અપ્રસ્તુતપ્રશંસા અલંકાર છે. અને તે અપ્રસ્તુતપ્રશંસા પ્રસ્તુત આશ્રયવાળી છે અર્થાત્ ગ્રંથકારને આ કથન દ્વારા પ્રસ્તુત એ છે કે કુવલયાચાર્યનું વચન ઉન્માર્ગની સ્થિરતાનો નિષેધ કરે છે, પરંતુ ચૈત્યસ્થિતિનો નહિ; અને ગ્રંથકારને આ જે પ્રસ્તુત છે, તેના આશ્રયવાળી આ અપ્રસ્તુતપ્રશંસા છે.

ઉત્થાન :-

આ રીતે મૂળ શ્લોકમાં કયો અલંકાર છે, તે બતાવ્યું. હવે સાવદ્યાચાર્યના કથનમાં 'जइ वि जिणालये' ... એ પ્રકારનું જે વચન છે, તેનું ખરું તાત્પર્ય શું છે, તે બતાવવા અર્થે કહે છે --

ટીકા :-

"जइ वि जिणालये तह वि सावज्जमिणं" **न स्वभावतश्चैत्यस्थितेर्दुष्टत्वमाह, किंतु मठप्रवृत्त्युपाधिनेत्येवं श्रद्धेयम् । न हि 'यद्यपि पायसं तथापि न भक्ष्य'मिति वचनं विषमिश्रिताद्युपाधिसमावेशं विनोपपद्यते इति भावनीयं सूरिभिः (सुधिभिः) ।।४४।।**

ટીકાર્થ :-

"जइ वि ..... श्रद्धेयम्" ।। "જોકે જિનાલયવિષયમાં (આ કથન) છે તો પણ આ સાવદ્ય છે." **આ કથન સ્વભાવથી ચૈત્યસ્થિતિનું દુષ્ટપણું કહેતું નથી, પરંતુ મઠપ્રવૃત્તિની ઉપાધિ વડે ચૈત્યસ્થિતિનું દુષ્ટપણું કહે છે, એ પ્રમાણે શ્રદ્ધા કરવી જોઈએ અર્થાત્ કુવલયાચાર્યના વચનથી ઉન્માર્ગની સ્થિરતાનો નિષેધ થાય છે, પરંતુ ચૈત્યસ્થિતિનો નિષેધ થતો નથી, એ પ્રમાણે શ્રદ્ધા કરવી જોઈએ.**

વિશેષાર્થ :-

જેમ કોઈ જીવ એમ કહે કે, ભોગાદિની ક્રિયા સાવદ્ય છે, તો તે ક્રિયા સ્વરૂપથી સાવદ્ય છે એમ સિદ્ધ થાય. જ્યારે કોઈ જીવ સામાયિકની ક્રિયા કરતો હોય ત્યારે તે સામાયિકમાં અનુચિત પ્રવૃત્તિ કરતો હોય ત્યારે જો એમ કહેવામાં આવે કે, "આ સામાયિકની ક્રિયા છે તો પણ સાવદ્ય છે," ત્યારે કોઈક એવી અનુચિત પ્રવૃત્તિને કારણે તે સામાયિકની ક્રિયાને સાવદ્ય કહેવામાં આવે છે; પરંતુ તે સામાયિકની ક્રિયાને સ્વરૂપથી સાવદ્ય કહેવા માટે આવો પ્રયોગ થતો નથી; તે સામાયિકમાં કોઈ અનુચિત પ્રવૃત્તિ છે તે ઉપાધિ છે, તે ઉપાધિના કારણે તે સામાયિક સાવદ્ય સિદ્ધ થાય છે. તેમ પ્રસ્તુતમાં કુવલયાચાર્યે "જોકે આ જિનાલયના વિષયમાં પ્રવૃત્તિ છે, તો પણ સાવદ્ય છે" એમ કહ્યું, તેથી નક્કી થાય છે કે, મઠપ્રવૃત્તિરૂપ ઉપાધિને કારણે આ જિનાલયની પ્રવૃત્તિ સાવદ્ય બને છે, પરંતુ સ્વભાવથી સાવદ્ય નથી.

ઉત્થાન :-

આ કથનમાં દૃષ્ટાંત દ્વારા સમર્થન કરતાં હેતુ આપે છે –

ટીકાર્થ :-

न हि ..... सुरिभिः (सुधिभिः) જે કારણથી "જોકે ખીર છે તો પણ ભક્ષ્ય નથી," એ પ્રમાણેનું વચન વિષમિશ્રિતાદિ ઉપાધિના સમાવેશ વગર ઘટી શકતું નથી, એ પ્રમાણે બુદ્ધિશાળી વડે ભાવન કરવું. ॥૪૪॥

✪ 'न हि' અહીં 'हि' શબ્દ यस्मादर्थक છે, તેનું જોડાણ પૂર્વના કથન સાથે છે.

✪ 'भावनीयं सूरिभिः' પાઠ છે ત્યાં 'भावनीयं सुधिभिः' એ પાઠની સંભાવના છે અને એ મુજબ ટીકાર્થ કરેલ છે. તત્ત્વ બહુશ્રુત જાણે.

વિશેષાર્થ :-

જેમ ખીર ભક્ષ્ય છે, તો પણ જ્યારે કોઈ એમ કહે કે, "જોકે પાયસ છે તો પણ ભક્ષ્ય નથી," ત્યારે તે વચન વિષમિશ્રિતાદિ પાયસને આશ્રયીને જ ઘટે. એ રીતે પ્રસ્તુતમાં "જોકે જિનાલયના વિષયમાં આ વક્તવ્ય છે, તો પણ આ સાવદ્ય છે" એ વચન, મઠપ્રવૃત્તિવાળા જિનાલયને આશ્રયીને જ થઈ શકે, એ પ્રમાણે વિચારકોએ ભાવન કરવું. **॥૪૪॥**

અવતરણિકા :-

एवं व्याख्यानेन एवान्यत्रापि सूत्रस्य निःशङ्कितत्वकरणेन प्रव्रज्यासार्थकतोपपत्तिरित्यनुशास्ति -

અવતરણિકાર્થ :-

આ રીતે વ્યાખ્યાન વડે જ=પૂર્વમાં કુવલયાચાર્યનું જે જિનમંદિર વિષયક સાવદ્યનું કથન હતું, તેનું સાપેક્ષ રીતે જે વ્યાખ્યાન કર્યું, એ રીતે વ્યાખ્યાન વડે જ, અન્યત્ર પણ સૂત્રનું નિઃશંકિતપણું કરવા દ્વારા પ્રવ્રજ્યાના સાર્થકપણાની ઉપપત્તિ થાય છે અર્થાત્ પ્રવ્રજ્યા સાર્થક થાય છે, એવું અનુશાસન ગ્રંથકાર કરે છે -

વિશેષાર્થ :-

મહાનિશીથના કથનમાં જેમ એક ઠેકાણે દ્રવ્યસ્તવનું વિધાન કર્યું અને અન્ય ઠેકાણે સાવદ્યાચાર્યના કથનમાં તેને સાવદ્ય કહ્યું, તેની સમ્યગ્ સમાલોચના કરીને તે કઈ અપેક્ષાએ છે તેનું વ્યાખ્યાન કર્યું, એ રીતે અન્યત્ર પણ સૂત્રમાં આપાતથી પરસ્પર વિરોધ દેખાય તેનું સમાધાન કરીને નિઃશંકિતપણું કરવાથી પ્રવ્રજ્યા સાર્થક થાય છે; કેમ કે સૂત્રમાં નિઃશંકિતપણું ન હોય તો ભગવાનના વચનમાં દૃઢ શ્રદ્ધા રહે નહિ, અને ભગવાનના વચનમાં દૃઢ શ્રદ્ધા ન હોય તો પ્રવૃત્તિની દૃઢતા રહે નહિ, અને અદૃઢ પ્રવૃત્તિવાળી પ્રવ્રજ્યા સમ્યગ્ ફળ આપે નહિ. તેથી સમ્યગ્ ફળના અર્થીએ દૃઢ પ્રવૃત્તિ કરવી આવશ્યક છે, અને દૃઢ પ્રવૃત્તિ કરવા માટે સૂત્રમાં નિઃશંકિતપણું કરવું જોઈએ. તેથી જે રીતે મહાનિશીથના કથનમાં નિઃશંકિતતા કરી છે, તે રીતે વિરોધનો પરિહાર કરીને સર્વત્ર સૂત્રમાં નિઃશંકિતતા કરવી જોઈએ. ક્વચિત્ કોઈ સ્થાનમાં બુદ્ધિની અલ્પતાને કારણે પરસ્પર વિરોધનો પરિહાર ન થાય, તો પણ આ સર્વજ્ઞકથિત સૂત્ર લેશ પણ અન્યથા નથી, તેવી બુદ્ધિને ગીતાર્થો સ્થિર કરે છે, જેથી દૃઢ પ્રવૃત્તિ દ્વારા પ્રવ્રજ્યાના ફળની પ્રાપ્તિ થાય. એ પ્રકારે શ્લોકમાં ગ્રંથકારશ્રી કહે છે –

✪ પ્રસ્તુત ગાથાની અવતરણિકાના કથન સાથે શ્લોકની સંગતિ આ રીતે છે -

પ્રસ્તુત શ્લોક-૪૫ની અવતરણિકામાં કહ્યું કે, જેમ શ્લોક-૪૪માં વ્યાખ્યાન કર્યું, એ રીતે વ્યાખ્યાન દ્વારા બીજે ઠેકાણે પણ સૂત્રનું નિઃશંકિતપણું કરવાથી પ્રવ્રજ્યાની સાર્થકતાની ઉપપત્તિ છે, અને તેવો ભાવ શ્લોક-૪૫ની ટીકામાં સ્થૂલથી દેખાતો નથી. પરંતુ શ્લોક-૪૫ના ઉત્તરાર્ધમાં કહ્યું કે, મધ્યસ્થ ગીતાર્થો સ્થાને સ્થાને શાસ્ત્રના પદાર્થોને પરસ્પર અવિરોધી રીતે જોડવા માટે સંમુખ કરાયેલા વિમર્શવાળા સર્વ ગ્રંથને, ધીરે ધીરે શ્રોતાને તેમની પ્રજ્ઞાને અનુસારે યથાર્થ નિર્ણય કરાવીને સ્વસિદ્ધાંતમાં શલ્યરહિત બનાવે છે, તેનાથી જ તેઓની પ્રવ્રજ્યાની સાર્થકતા છે. એ પ્રકારે અવતરણિકાના કથન સાથે શ્લોકના કથનનો સંબંધ છે.

શ્લોક :-

यत्कर्मापरदोषमिश्रिततया शास्त्रे विगीतं भवेत्,
स्वाभीष्टार्थलवेन शुद्धमपि तल्लुम्पन्ति दुष्टाशयाः ।
मध्यस्थास्तु पदे पदे धृतधियः संबन्ध्य सर्वं बुधाः,
शुद्धाशुद्धविवेकतः स्वसमयं निःशल्यमातन्वते ।।४५।।

શ્લોકાર્થ :-

અપરદોષથી મિશ્રિતપણા વડે જે કર્મ (ક્રિયા) શાસ્ત્રમાં નિષિદ્ધ હોય, (છતાં) શુદ્ધ પણ તે કર્મને સ્વ અભીષ્ટ=સ્વઈષ્ટ, અર્થ લવ વડે દુષ્ટ આશયવાળા (લુંપાકો) લોપે છે. વળી શાસ્ત્રના દરેક પદોમાં ધૃત બુદ્ધિવાળા=સંમુખ વિમર્શવાળા, મધ્યસ્થ એવા બુધ પુરુષો સર્વને=સર્વ ગ્રંથને, સંબંધ કરીને શુદ્ધ-અશુદ્ધના વિવેકથી સ્વસમયને=સ્વસિદ્ધાંતને, નિઃશલ્ય=શલ્યરહિત, વિસ્તારે છે. ।।૪૫।।

ટીકા :-

'यत्कर्म' इति :- यत्कर्म स्वरूपतः शुद्धमपि अपरदोषेण मिश्रिततया शास्त्रे विगीतं=निषिद्धं, भवेत्, तत् स्वाभीष्टार्थलवेन=स्वाभिमतार्थलेशप्राप्त्या, शुद्धमपि दुष्टाशया लुम्पन्ति छिद्रान्वेषिणा-मीदृशच्छलस्य सुलभत्वात्,

ટીકાર્થ :-

यत्कर्म ..... सुलभत्वात्, **'यत्कर्म' જે કર્મ સ્વરૂપથી શુદ્ધ પણ અપર દોષ વડે મિશ્રિતપણાથી શાસ્ત્રમાં વિગીત=નિષિદ્ધ, હોય તે શુદ્ધ પણ કર્મ સ્વઅભીષ્ટ અર્થલવથી=સ્વઅભિમત અર્થના લેશની પ્રાપ્તિથી, દુષ્ટ આશયવાળા એવા લુંપાકો લોપે છે; કેમ કે છિદ્રાન્વેષીઓને આવા પ્રકારના છલનું સુલભપણું છે.**

વિશેષાર્થ :-

શાસ્ત્રની વિધિ પ્રમાણે કરાયેલું દ્રવ્યસ્તવ આત્માના કલ્યાણનું કારણ હોવાથી સ્વરૂપથી શુદ્ધ છે, તો પણ મઠપ્રવૃત્તિરૂપ દોષથી મિશ્રિત હોવાને કારણે શાસ્ત્રમાં નિષિદ્ધ છે. તેથી તેનું આલંબન લઈને શુદ્ધ પણ તે દ્રવ્યસ્તવને દુષ્ટ આશયવાળા લુંપાકો લોપે છે; કેમ કે લુંપાકને અભિમત એ છે કે, દ્રવ્યસ્તવને પાપરૂપે સ્થાપન કરવું. એ રૂપ પોતાના અભિમત અર્થના લેશની પ્રાપ્તિ તેઓને અપર દોષથી મિશ્રિત એવા દ્રવ્યસ્તવના નિષેધના વચનથી થાય છે, અને તેથી તેના દ્વારા શુદ્ધ એવા દ્રવ્યસ્તવને પણ તેઓ તે શાસ્ત્રવચનો દ્વારા લોપે છે, અને તેમાં હેતુ તરીકે 'छिद्रान्वेषिणामीदृशच्छलस्य सुलभत्वात्' કહેલ છે. તેનો ભાવ

એ છે કે, જે જીવ સ્યાદ્વાદને સ્વીકારતો હોય છતાં અર્થથી એકાંતવાદનો આશ્રય કરતો હોય, ત્યારે સ્વપક્ષને પુષ્ટ કરવા માટે જ એ શાસ્ત્રવચનોને જોડવા માટે તે યત્ન કરતો હોય છે. પ્રસ્તુતમાં લુંપાક સ્યાદ્વાદને માને છે, તો પણ તે જિનપ્રતિમાને સાવદ્ય કહીને સ્થાપના નિક્ષેપાનો એકાંતે અપલાપ કરે છે, તેથી તે અપેક્ષાએ તે એકાંતવાદી છે. તેથી શાસ્ત્રનાં વચનોને પોતાની પુષ્ટિ કરવા અર્થે જ તે જોડવા યત્ન કરતો હોય છે, તેથી તે છિદ્રાન્વેષી છે. અને તેવા જીવને મિશ્રિતદોષને આશ્રયીને દ્રવ્યસ્તવની નિંદાનાં વચનોને ગ્રહણ કરીને સંપૂર્ણ દ્રવ્યસ્તવના નિષેધને કરવારૂપ છલની પ્રાપ્તિ સુલભ બને છે. શાસ્ત્રવચનો જે અર્થને બતાવે છે, તે અર્થને ગ્રહણ કરવાને બદલે પોતાની મતિ પ્રમાણે અર્થનું ગ્રહણ કરવું તે છલ છે, અને તેવું છલ છિદ્રાન્વેષી જીવોને સુલભ હોય છે.

દ્રવ્યસ્તવ યદ્યપિ સ્વરૂપથી સાવદ્ય છે, પરંતુ અનુબંધથી નિરવદ્ય છે; તો પણ પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવને સ્વરૂપથી શુદ્ધ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જે વસ્તુ આત્મકલ્યાણનું કારણ હોય તે સ્વરૂપથી શુદ્ધ છે, પરંતુ અન્ય ઉપાધિને કારણે સદોષ છે; અર્થાત્ મઠાધીશની પ્રવૃત્તિને કારણે દ્રવ્યસ્તવ સદોષ છે, તે બતાવવા અર્થે દ્રવ્યસ્તવને સ્વરૂપથી શુદ્ધ કહેલ છે.

શાસ્ત્રમાં અન્યત્ર દ્રવ્યસ્તવને સ્વરૂપથી સાવદ્ય કહ્યું, ત્યાં દ્રવ્યસ્તવની ક્રિયા પૃથ્વીકાયાદિના ઉપમર્દનરૂપ હોવાથી સ્વરૂપથી સાવદ્યરૂપ કહેલ છે, અને તે ક્રિયા દ્વારા આત્માના ગુણોનો વિકાસ થાય છે, તે અપેક્ષાએ અનુબંધથી નિરવદ્ય કહેલ છે.

ઉત્થાન :-

શ્લોકના પૂર્વાર્ધનું કથન ટીકામાં કહ્યું, તે જ વાતને દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરતાં 'यथा' થી કહે છે -

ટીકા :-

यथा खेदोद्वेगादिदोषमिश्रितमावश्यकादि निषिद्धमिति दुष्पाल्यत्वादावश्यकमेवैदंयुगीनानामकर्त्तव्यमित्याध्यात्मिकादयो वदन्ति-विधिभक्तिविकलो द्रव्यस्तवो निष्फलः स्यात् । तदाह -

'जं पुण एयवियुत्तं एगंतेणेव भावसुन्नं ति ।
तं विसयम्मि वि ण तओ भावत्थयाहेउओ णेयं' **(पञ्चां० ६ गा० ९)**

यदनुष्ठानम् एतद्=औचित्यम्, भावो=बहुमानम्, विषयेऽपि-वीतरागेऽपि विधीयमानम्, तकः=द्रव्यस्तवः । **तथा प्रकृतेऽपि मठमिश्रितदेवकुलादिकं नाचार्येणानुमतमित्यादिकं पुरस्कृत्य द्रव्यस्तव एव न कार्य इति लुम्पका वदन्ति ।**

ટીકાર્થ :-

यथा ..... स्यात् । **જે પ્રમાણે ખેદ-ઉદ્વેગાદિ દોષથી મિશ્રિત આવશ્યકાદિ નિષિદ્ધ છે, એથી કરીને દુઃખેથી પાલન થઈ શકે તેમ હોવાથી આ યુગવાળાને આવશ્યક જ અકર્તવ્ય છે, એ પ્રકારે જેમ**

આધ્યાત્મિકો આદિ કહે છે; તે પ્રકારે=વિધિભક્તિવિકલ દ્રવ્યસ્તવ નિષ્ફળ છે, અને તેની પુષ્ટિ કરવા માટે 'तदाह' થી પંચાશકની સાક્ષી આપી તે પ્રકારે, પ્રસ્તુતમાં પણ=દ્રવ્યસ્તવના વિષયમાં પણ, મઠમિશ્રિત દેવકુલાદિક આચાર્ય વડે=કુવલયાચાર્ય વડે, અનુમત નથી, ઈત્યાદિકને આગળ કરીને દ્રવ્યસ્તવ જ કરવું જોઈએ નહિ, એ પ્રમાણે લુંપાકો કહે છે. (એ પ્રકારે અન્વય છે.)

આધ્યાત્મિકો વર્તમાનમાં આવશ્યકાદિ અકર્તવ્ય છે, તેની પુષ્ટિ કરવા માટે વિધિભક્તિવિકલ દ્રવ્યસ્તવ નિષ્ફળ થાય, એમ કહે છે; અને તેમાં तदाह - થી પંચાશકની સાક્ષી આપે છે. તેનો અર્થ આ પ્રમાણે છે -

जं पुण ..... द्रव्यस्तवः । જે અનુષ્ઠાન વળી આનાથી=ઔચિત્યથી, વિયુક્ત છે તથા એકાંતે ભાવશૂન્ય=બહુમાનશૂન્ય છે, તે અનુષ્ઠાનના વિષયમાં પણ=વીતરાગના વિષયમાં પણ, કરાતું તક=તે= દ્રવ્યસ્તવ, નથી; કેમ કે ભાવસ્તવનું કારણ નથી, એ પ્રમાણે જાણવું.

✪ પંચાશકની સાક્ષીમાં भावसुन्नं પછી ति='इति' છે, તે णेयं ની પૂર્વમાં ગ્રહણ કરવાનો છે. 'इति ज्ञेयं' આ પ્રમાણે અન્વય છે.

✪ खेदोद्वेगादिदोषमिश्रितमावश्यकादि - ખેદ, ઉદ્વેગાદિ દોષથી મિશ્રિત 'આવશ્યકાદિ' કહ્યાં, અહીં 'આદિ' પદથી દ્રવ્યસ્તવ ગ્રહણ કરવાનું છે. ખેદાદિ આઠ દોષો જેમ આવશ્યકમાં પરિહાર કરવાના છે, તેમ દ્રવ્યસ્તવાદિ અન્ય ક્રિયાઓમાં પણ પરિહાર કરવાના છે.

✪ ટીકામાં 'निषिद्धमिति दुष्पाल्यत्वात्' નિષિદ્ધ છે, એથી કરીને દુઃખેથી પાળી શકાય તેવું છે, એમ સીધો અર્થ વિચારીએ તો સંગત ન લાગે, પરંતુ તેનો ભાવ આ પ્રમાણે છે - ખેદાદિ દોષવાળું નિષિદ્ધ છે, એથી કરીને દોષરહિત કરવું દુષ્પાલ્ય છે, એથી કરીને વર્તમાનમાં અકર્તવ્ય છે, એમ અર્થ કરીએ તો કોઈ અસંગતિ નથી.

✪ 'आध्यात्मिकादयो वदन्ति' અહીં 'आदि' પદથી નિશ્ચયને પ્રધાન કરનારા અને વ્યવહારને ગૌણ કરનારાઓનું ગ્રહણ કરેલ છે.

✪ नाचार्येणानुमतमित्यादिकं - 'इत्यादिकं' અહીં 'आदि'પદથી એ કહેવું છે કે, કુવલયાચાર્યના દ્રવ્યસ્તવને સાવદ્ય કહેનારાં વચનોને જેમ લુંપાક આગળ કરે છે, તેમ દોષોથી દુષ્ટ એવા દ્રવ્યસ્તવની નિંદાને કહેનારાં અન્ય પણ શાસ્ત્રવચનોને આગળ કરીને લુંપાક દ્રવ્યસ્તવને અકર્તવ્યરૂપે સ્થાપન કરે છે.

વિશેષાર્થ :-

શાસ્ત્રમાં ખેદ-ઉદ્વેગાદિ આઠ દોષો ક્રિયામાં કહ્યા છે, તે દોષોથી મિશ્રિત આવશ્યકાદિ ક્રિયા કરવાનો નિષેધ કર્યો છે. પરંતુ સર્વ દોષોથી રહિત ક્રિયા આ કાળમાં દુષ્પાલ્ય છે, તેથી આ કાળના જીવોને આવશ્યક અકર્તવ્ય છે, એ પ્રકારે આધ્યાત્મિકો કહે છે. તે પ્રકારે લુંપાકો પણ મઠમિશ્રિત દેવકુલાદિક કુવલયાચાર્ય દ્વારા કર્તવ્યરૂપે સંમત નથી, તેને આગળ કરીને દ્રવ્યસ્તવ કર્તવ્ય નથી, તેમ કહે છે; અર્થાત્ જેમ આધ્યાત્મિકો ખેદાદિ દોષમિશ્રિત આવશ્યકના નિષેધને આગળ કરીને આવશ્યકને અકર્તવ્ય કહે છે, તેમ લુંપાક મઠમિશ્રિત દેવકુલાદિના નિષેધને આગળ કરીને દ્રવ્યસ્તવને અકર્તવ્ય કહે છે.

આનાથી એ કહેવું છે કે, જેમ આધ્યાત્મિકો આવશ્યકને અકર્તવ્ય કહે છે તે અનુચિત છે, તેમ લુંપાક દ્રવ્યસ્તવને અકર્તવ્ય કહે છે તે તેના જેવું અનુચિત છે. અને પોતાની વાતની પુષ્ટિ કરવા માટે આધ્યાત્મિકો કહે છે કે, વિધિભક્તિવિકલ દ્રવ્યસ્તવ નિષ્ફળ છે, તેથી તે કરવું જોઈએ નહિ; અને જે ખેદાદિ દોષવાળું હોય તે વિધિભક્તિ શૂન્ય હોય છે, તેથી આ કાળમાં આવશ્યક અને 'આદિ' પદથી દ્રવ્યસ્તવ કરવું જોઈએ નહિ, અને તેની પુષ્ટિ પંચાશકના બળથી કરે છે.

પંચાશકમાં દ્રવ્યસ્તવને આશ્રયીને કથન છે, તેની સાક્ષી લીધી છે, અને તે સાક્ષીથી આધ્યાત્મિકો વિધિભક્તિરહિત દ્રવ્યસ્તવ નિષ્ફળ થશે, તેમ બતાવે છે. તેનાથી એ ફલિત થાય છે કે પંચાશકના બળથી વિધિભક્તિવિકલ દ્રવ્યસ્તવ જેમ નિષ્ફળ છે, તેમ વિધિભક્તિ વગરની આવશ્યકાદિ અન્ય ક્રિયા પણ નિષ્ફળ છે, એ પ્રકારે આધ્યાત્મિકો કહે છે, તે તેઓનું અનુચિત કથન છે.

પંચાશકમાં જે કહ્યું ત્યાં એકાંત ભાવશૂન્ય અનુષ્ઠાનને અકર્તવ્ય કહેલ છે, અને એકાંત ભાવશૂન્ય અનુષ્ઠાન તેમનું છે કે, જેઓ વિધિભક્તિપૂર્વક કરવાની વૃત્તિ ધરાવતા નથી. તેથી જેઓ વિધિભક્તિપૂર્વક કરવાની વૃત્તિવાળા છે, છતાં પ્રમાદને કારણે કાંઈક વિધિમાં ત્રુટિઓ રહે છે તેના પરિહારની ઈચ્છાવાળા છે, અને પરિહાર માટે યત્ન કરે છે, તેઓનું અનુષ્ઠાન એકાંતે ભાવશૂન્ય નથી. તેથી પંચાશકના કથનનો વિપરીત અર્થ જોડી આધ્યાત્મિકો વિધિભક્તિની ખામીવાળા દ્રવ્યસ્તવમાત્રને નિષ્ફળ કહે છે, તે તેઓનું વિપરીત યોજન છે. અને તે પ્રકારે લુંપાકો કુવલયાચાર્યના મઠમિશ્રિત દેવકુલાદિના વચનને ગ્રહણ કરીને દ્રવ્યસ્તવને અકર્તવ્ય કહે છે, તે તેમનું વિપરીત યોજન છે; કેમ કે કુવલયાચાર્યે મઠમિશ્રિત દેવકુલાદિનો નિષેધ કર્યો છે, પરંતુ દેવકુલાદિના નિર્માણમાત્રનો નિષેધ કર્યો નથી. તેથી દેવકુલાદિ નિર્માણ કરવાં તે મઠમિશ્રિત ન હોય તો અકર્તવ્ય છે, એમ કહી શકાશે નહિ. જ્યારે લુંપાક દ્રવ્યસ્તવનો નિષેધ કરીને દેવકુલાદિક કર્તવ્ય નથી, તેમ સ્થાપન કરે છે, તે તેનું વિપરીત યોજન છે.

અહીં વિશેષ એ છે કે, દૃષ્ટાંતમાં 'યથા' થી જે કહ્યું કે ખેદ-ઉદ્વેગ આદિ દોષમિશ્રિત આવશ્યકાદિ નિષિદ્ધ છે, તેથી એ પ્રશ્ન થાય કે, આ કાળમાં ખેદાદિ દોષરહિત આવશ્યક પ્રાયઃ અશક્ય છે, તેથી વિષમિશ્રિત અન્નની જેમ તે નિષિદ્ધ હોય તો દોષથી રહિત શુદ્ધ કરવું સંમત હોવા છતાં તેવું અશક્ય હોય ત્યારે દોષથી દુષ્ટ કરવું કઈ રીતે ઉચિત ગણાય ? જેમ શુદ્ધ પાયસ અપ્રાપ્ય હોય તો વિષમિશ્રિત ગ્રહણ કરવાનું કોઈ વિધાન કરતું નથી. તેનું તાત્પર્ય એ છે કે, યદ્યપિ ખેદાદિ દોષથી રહિત જ આવશ્યક કર્તવ્ય છે, તથાપિ અભ્યાસદશામાં ખેદાદિ દોષોનો પરિહાર સર્વથા અશક્ય હોવા છતાં દોષના પરિહાર માટે જે યત્ન કરતો હોય, તેના ખેદ-ઉદ્વેગાદિ દોષો નિરનુબંધ હોય છે. તેથી ઉત્તરોત્તર સમ્યગ્ યત્નને કારણે હીન-હીનતર થાય છે, અને તે જ રીતે અભ્યાસના અતિશયથી શુદ્ધ આવશ્યકની પ્રાપ્તિ થાય છે. તેથી સાનુબંધ દોષવાળા આવશ્યક નિષિદ્ધ છે અને તે વિષમિશ્રિત પાયસ જેવા છે, તેથી તે અકર્તવ્ય છે, તો પણ નિરનુબંધ દોષવાળા આવશ્યક શુદ્ધ આવશ્યકાદિના કારણરૂપે હોવાથી અભ્યાસદશામાં કર્તવ્ય છે, અને તે વિષમિશ્રિત પાયસ જેવા નથી, તેથી તે અકર્તવ્ય નથી.

શાસ્ત્રમાં ખેદ-ઉદ્વેગાદિ દોષોથી મિશ્રિત ક્રિયાનો નિષેધ કરીને તેના પરિહાર માટેના યત્નપૂર્વક આવશ્યક કરવાનું વિધાન કરેલ છે. તેથી કોઈ જીવ ખેદ આદિ દોષોના પરિહાર માટે યત્ન કરતો હોય, આમ છતાં અભ્યાસદશામાં સર્વથા તેનો પરિહાર ન થતો હોય, પરંતુ ક્રમસર દોષ અલ્પ-અલ્પતર થતા હોય તો તેવા આવશ્યકનો નિષેધ કરેલ નથી. પરંતુ પોતાની રુચિ પ્રમાણે અર્થ કરવાની વૃત્તિવાળા આધ્યાત્મિકો તે શાસ્ત્રવચનોને ગ્રહણ કરીને કહે છે કે, ખેદાદિ દોષોથી રહિત આવશ્યકાદિ આ કાળમાં કરવાં શક્ય નથી, તેથી વર્તમાનમાં આવશ્યકાદિ કરવા કરતાં આધ્યાત્મિક પદાર્થોનું ચિંતન કરવું એ જ હિતાવહ છે, એમ કહીને સર્વથા આવશ્યકાદિનો અપલાપ કરે છે.

ટીકા :-

मध्यस्थास्तु=गीतार्थाः, पदे पदे=स्थाने स्थाने, धृतधियः=सम्मुखीकृतविमर्शाः, सर्वं ग्रन्थं शनैः शनैः=मन्दं मन्दं श्रोतृप्रज्ञानुसारेण संबन्ध्य शुद्धाशुद्धयोर्विवेकः-विनिश्चयः ततः, स्वसमयम्-स्वसिद्धान्तं, निःशल्यं, शल्यरहितमातन्वते-तात्पर्यविवेचनेन सूत्रं प्रमाणयन्ति न तु शङ्कोद्भावनेन मिथ्यात्वं वर्द्धयन्तीति भावः ।।४५।।

ટીકાર્થ :-

मध्यस्थास्तु ..... भावः ।।४५।। **વળી મધ્યસ્થો=ગીતાર્થો, સ્થાને સ્થાને=શાસ્ત્રના દરેક પદોમાં, ધૃતબુદ્ધિવાળા=સન્મુખીકૃત વિમર્શવાળા=આપાતથી પરસ્પર વિરુદ્ધ જણાતા કથનોના યથાર્થ તાત્પર્યને જોડવામાં સંમુખ કર્યો છે વિમર્શ જેણે એવા, સર્વ ગ્રંથને ધીરે ધીરે શ્રોતાની પ્રજ્ઞાને અનુસારે સંબંધ કરીને શુદ્ધાશુદ્ધનો વિવેક=વિનિશ્ચય, તેનાથી=શુદ્ધાશુદ્ધના વિવેકના નિશ્ચયથી, સ્વસમયને=સ્વસિદ્ધાંતને, નિઃશલ્ય=શલ્યરહિત, વિસ્તારે છે=તાત્પર્યના વિવેચનથી સૂત્રને પ્રમાણિત કરે છે, પરંતુ શંકાના ઉદ્ભાવન વડે મિથ્યાત્વનું વર્ધન કરતા નથી, એ પ્રમાણે ભાવ=તાત્પર્ય, છે. ।।૪૫।।**

વિશેષાર્થ :-

દુષ્ટ આશયવાળા જીવો શુદ્ધ એવા પણ કથનને લોપે છે, જ્યારે મધ્યસ્થ ગીતાર્થો શાસ્ત્રના દરેક સ્થાનોમાં યથાર્થ નિર્ણય કરવા માટે સંમુખ વિમર્શવાળા થાય છે, અને સંપૂર્ણ ગ્રંથને ધીરે ધીરે શ્રોતાની પ્રજ્ઞાને અનુસારે સંબંધિત કરે છે. એક સાથે આપાતથી વિરોધ બતાવીને શ્રોતાને વ્યામોહ કરતા નથી, પરંતુ જેમ જેમ શ્રોતાની પ્રજ્ઞા ખીલે છે, તેમ તેમ તેમની પ્રજ્ઞાને અનુસારે પરસ્પર વિરોધી કથનોનો સંબંધ જોડે છે. અને આ રીતે શુદ્ધ-અશુદ્ધના વિવેકથી=આવું દ્રવ્યસ્તવ શુદ્ધ છે માટે શાસ્ત્ર સંમત છે, અને આવું દ્રવ્યસ્તવ અશુદ્ધ છે માટે શાસ્ત્ર સંમત નથી, એ પ્રકારના શુદ્ધ-અશુદ્ધના નિશ્ચયથી, તેઓ સ્વસિદ્ધાંતને શલ્યરહિત વિસ્તારે છે, પરંતુ શ્રોતાને આપાતથી દેખાતા વિરોધોનું ઉદ્ભાવન કરીને શાસ્ત્રના વિષયમાં શંકાવાળા કરતા નથી, કે જેથી મિથ્યાત્વની વૃદ્ધિ થાય. **॥૪૫॥**

અવતરણિકા :-

એતેન પ્રદેશાન્તરવિરોધોઽપિ પરિહૃત ઇત્યાહ -

અવતરણિકાર્થ :-

આના દ્વારા=શ્લોક-૪૪ માં કહ્યું કે, મહાનિશીથમાં કુવલયાચાર્યના પ્રસંગમાં 'यद्यपि' એ વચનની રચના તારા મુખને વક્ર કરતી નથી ? એ કથન દ્વારા, પ્રદેશાંતરનો વિરોધ પણ પરિહાર કરાયો, એ પ્રકારે કહે છે -

વિશેષાર્થ :-

શ્લોક-૪૪માં કહ્યું કે, મહાનિશીથમાં કુવલયાચાર્યના પ્રસંગમાં 'यद्यपि' એ વચનરચના તારા મુખને વક્ર કરતી નથી ? એ કથન દ્વારા મહાનિશીથમાં દ્રવ્યસ્તવનો વિરોધ હતો તેનો પરિહાર થયો અર્થાત્ એક સ્થળે દ્રવ્યસ્તવનું કર્તવ્યતારૂપે વર્ણન અને અન્ય સ્થળે દ્રવ્યસ્તવ પાપરૂપ છે એમ કહ્યું, તે વિરોધનો પરિહાર કર્યો. અને એના દ્વારા પ્રદેશાંતરનો વિરોધ પણ પરિહાર કરાયો=મહાનિશીથમાં અન્ય સ્થાનમાં શ્રી વજ્રસૂરિએ જે ચંદ્રપ્રભપ્રભુની યાત્રાનો નિષેધ કર્યો, તે રૂપ પ્રદેશાંતરનો વિરોધ પણ પરિહાર કરાયો, એ પ્રકારે કહે છે -

શ્લોક :-

तेनाकोविदकल्पितश्चरणभृद्यात्रानिषेधोद्यत-
श्रीवज्रार्यनिदर्शनेन सुमुनेर्यात्रानिषेधो हतः ।
स्वाच्छन्द्येन निवारिता खलु यतश्चन्द्रप्रभस्यानतिः,
प्रत्यज्ञायि महोत्तरं पुनरियं सा तैः स्वशिष्यैः सह ।।४६।।

શ્લોકાર્થ :-

તેથી=પૂર્વોક્ત હેતુથી, ચારિત્રધારીઓની યાત્રાના નિષેધમાં ઉદ્યત એવા શ્રી વજ્રાચાર્યના દૃષ્ટાંતથી અતાત્પર્યજ્ઞ વડે=તાત્પર્યને નહિ જાણનારા વડે, કલ્પિત, સુમુનિની યાત્રાનો નિષેધ નિરાકૃત કરાયો; જે કારણથી સ્વાચ્છંદ્યથી=સ્વતંત્રપણાથી, (ગુરુ વડે) ચંદ્રપ્રભસ્વામીની આનતિ=વંદના, નિવારાઈ છે. વળી આ=ચંદ્રપ્રભસ્વામીની યાત્રા કરવાની મહોત્સવ પછી તેઓ વડે=શ્રી વજ્રાચાર્ય વડે, સ્વશિષ્યો સાથે પ્રતિજ્ઞા કરાઈ છે. ।।૪૬।।

ટીકા :-

'तेन' इति :- तेनोक्तहेतुना अकोविदेन=अतात्पर्यज्ञेन, कल्पितश्चरणभृतां यात्रानिषेधे उद्यता ये श्रीवज्रार्याः=श्रीवज्रसूरयः, तेषां निदर्शनेन=दृष्टान्तेन, सुमुनेः=सुसाधोः, यात्रानिषेधो हतः=

निराकृतः, यतस्तत्र ग्रन्थे स्वाच्छन्द्येन=आज्ञारहिततया, गुरुभिः चन्द्रप्रभस्य=चन्द्रप्रभस्वामिनः, आनतिः निषिद्धा, महोत्तरं सङ्घयात्रोत्सवनिवृत्त्यनन्तरं पुनरियं चन्द्रप्रभयात्रा तैराचार्यैः स्वशिष्यैः सह प्रत्यज्ञायि=कर्तव्येति प्रतिज्ञाविषयीकृता । अत्राप्यविधियात्रानिषेधमेवोपश्रुत्य यात्रामात्रं मूढैर्निषिद्धम्, तद्दूषितं तात्पर्यज्ञैरिति बोध्यम् ।।

टीकार्थ :-

तेनोक्तहेतुना ..... बोध्यम् ।।तेथी=ઉક્ત હેતુથી, સાધુઓની યાત્રાનિષેધમાં ઉદ્યત જે શ્રીવજ્રાર્ય=શ્રી વજ્રસૂરિ, તેમના દૃષ્ટાંતથી, અતાત્પર્યજ્ઞ વડે કલ્પિત સુમુનિની=સુસાધુની, યાત્રાનો નિષેધ નિરાકૃત કરાયો. જે કારણથી તે ગ્રંથમાં ગુરુ વડે સ્વાચ્છંદ્યથી=આજ્ઞારહિતપણાથી, કરાતી શ્રી ચંદ્રપ્રભની=શ્રી ચંદ્રપ્રભસ્વામીની, આનતિ=વંદના, નિષેધ કરાઈ, (અને) મહોત્તર=સંઘયાત્રાના ઉત્સવની નિવૃત્તિ પછી, વળી આ ચંદ્રપ્રભસ્વામીની યાત્રા તેઓ વડે=આચાર્ય વડે, સ્વશિષ્યોની સાથે કરવી, એ પ્રમાણે પ્રતિજ્ઞા વિષય કરાઈ. અહીં પણ અવિધિયાત્રાનિષેધ સ્વીકારીને=શાસ્ત્રમાં અવિધિયાત્રાનિષેધનાં કહેનારાં વચનોને સ્વીકારીને, મૂઢો વડે યાત્રામાત્ર નિષિદ્ધ કરાઈ, તે તાત્પર્યજ્ઞો વડે દૂષિત કરાયું, એ પ્રમાણે જાણવું.

✪ तेनोक्तहेतुना - તે ઉક્ત હેતુ વડે કરીને=શ્લોક-૪૪માં કહ્યું કે યદ્યપિ એ વચનરચના તારા મુખને વક્ર કરે છે, એમ કહીને દ્રવ્યસ્તવના વિષયમાં મહાનિશીથસૂત્રમાં એક સ્થાને દ્રવ્યસ્તવને સાવદ્ય કહ્યું અને અન્ય સ્થાને દ્રવ્યસ્તવનું વિધાન કર્યું, તે વિરોધનો પરિહાર કર્યો, તે રૂપ ઉક્ત હેતુ વડે કરીને, તાત્પર્યને નહિ જાણનાર વડે શ્રી વજ્રસૂરિના દૃષ્ટાંત દ્વારા સુસાધુની યાત્રાનો નિષેધ કરાય છે, તે પ્રદેશાંતરનો વિરોધ પરિહાર કરાયો.

सावद्याचार्य दृष्टांत

टीका :-

अत्र सावद्याचार्यवज्राचार्यसंबन्धौ श्रोतृणामुपकाराय महानिशीथगतौ अभिधीयते । तथाहि -

टीकार्थ :-

अत्र ..... तथाहि અહીંયાં=દ્રવ્યસ્તવના વિષયમાં મહાનિશીથમાં કહેલ સાવદ્યાચાર્ય અને વજ્રાચાર્યના સંબંધો= દૃષ્ટાંતો, શ્રોતાના ઉપકાર માટે કહેવાય છે. તે આ પ્રમાણે -

टीका :-

'से भयवं ! कयरे णं से सावज्जायरिए ? किं वा तेणं पावियं? गो० ! णं इओ य उसभादितित्थकरचउवीसिगाए अणंतेणं कालेणं जा अतीता अन्ना चउवीसिगा, तीए जारिसो अहयं तारिसो

चेव सत्तरयणीपमाणेणं जगच्छेरयभूओ देविंदविंदवंदिओ पवरवरधम्मसिरिनामं चरमधम्मतित्थंकरो अहेसि । तस्स य तित्थे सत्त अच्छेरगे भूए । अहऽन्नया परिनिव्वुडस्स णं तित्थंकरस्स कालक्कमेणं [1]असंजयाणं सक्कारकारवणे णामऽच्छेरगे वहिउमारद्धे । [2]तत्थ णं लोगाणुवत्तीए मिच्छत्तोवहयं असंजयपूयाणुरयं बहुजनसमूहंति वियाणिऊण तेणं कालेणं तेणं समएणं अमुणियसमयसब्भावेहिं तिगारवमइरामोहिएहिं णाममेत्तआयरियमहत्तरेहिं सद्ढाइणं सयासाओ दविणजायं पडिग्गहिए २ थंभसहस्सूसिए सकसके ममत्तिए चेइयालगे कारावेऊणं ते चेव दुरंतपंतलक्खणाहमाहमेहिं आसाइए ते चेव चेइयालगे नीसीय गोविऊणं च बलवीरियपुरिसकारपरक्कमे, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, चइउण उग्गाभिग्गहे अणिययविहारं णीयावासमासइत्ताणं सिढिलीहोऊणं संजमाइसु ट्ठिए [3]पच्छा परिचिच्चा णं इहलोगपरलोगावायं अंगीकाऊण य सुदीहं संसारं [4]तेसुं चेव मढदेवउलेसुं अच्चत्थं गंथिरे मुच्छिरे ममीकारहंकारेहिं णं अभिभूए सयमेव विचित्तमल्लदामाईहिं णं देवच्चणं काउमब्भुज्जए । जं पुण समयसारं परं इमं सव्वन्नुवयणं तं दूरसुदूरयरेणं उज्झियंति, तंजहा - 'सव्वे जीवा सव्वे पाणा सव्वे भूआ सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परियावेयव्वा, ण परिघेतव्वा, ण विराहेयव्वा, ण किलामेयव्वा, ण उवद्दवेयव्वा, जे केई सुहुमा जे केई बायरा, जे केई तसा जे केई थावरा, जे केई पज्जत्ता जे केई अपज्जत्ता, जे केई एगिंदिया, जे केई बेइंदिया, जे केई तेइंदिया, जे केई चउरिंदिया, जे केई पंचिंदिया, तिविहं तिविहेणं मणेणं, वायाए, काएणं । जं पुण गो० ! [5]मेहुणं तं एगंतेणं ३ णिच्छयओ ३ बाढं ३ तहा आउतेउ समारंभं च सव्वहा सव्वपयारेहिं सयं विवज्जेज्जा मुणी त्ति एस धम्मे धुवे, सासए, णिइए, समिच्च लोगं खेयन्नेहिं पवेइए त्ति ।।२६।।

ટીકાર્થ :-

से भयवं .... पवेइए त्ति ।। હે ભગવંત ! તે સાવદ્યાચાર્ય કોણ હતા ? અથવા તેઓએ શું પ્રાપ્ત કર્યું ? હે ગૌતમ ! આ ઋષભાદિ તીર્થંકરની ચોવીસીથી અનંતકાળ વડે જ્યાં અન્ય ચોવીસીઓ અતીત થઈ તે ચોવીસીમાં જેવો હું તેવા જ સાત હાથના પ્રમાણવાળા, જગતને આશ્ચર્યભૂત, દેવેંદ્રવૃંદથી વંદાયેલા, શ્રેષ્ઠધર્મશ્રી નામના શ્રેષ્ઠ ચરમતીર્થંકર થયા હતા અને તેમના તીર્થમાં સાત આશ્ચર્યો થયાં. હવે અન્યદા તે તીર્થંકર નિર્વાણ પામ્યા પછી કાળક્રમથી [1]અસંયતોનું સત્કારકારવણ નામનું આશ્ચર્ય વહન થવા લાગ્યું. ત્યાં [2]લોકાનુવૃત્તિથી મિથ્યાત્વથી હણાયેલો, અસંયતની પૂજામાં અનુરક્ત બહુજન સમૂહ જાણીને, તે કાળે અને તે સમયે નથી જાણ્યો શાસ્ત્રનો સદ્ભાવ જેણે એવા ત્રણ ગારવરૂપ મદિરાથી મોહિત થયેલા, નામમાત્રથી આચાર્ય મહત્તરોએ શ્રાવકની પાસેથી ધનના સમૂહને ગ્રહણ કર્યો, અને ગ્રહણ કરીને હજારો થાંભલા વડે ઉન્નત પોતપોતાના મમત્વ વડે ચૈત્યાલયો કરાવીને, તે જ (ચૈત્યાલયો જ) દુષ્ટ અંતપ્રાંતવાળા અધમાધમો વડે પ્રાપ્ત કરાયાં, તે જ ચૈત્યાલયમાં રહીને અને બલ, વીર્ય, પુરસ્કાર

નોંધ :- સાવદ્યાચાર્યના આ દૃષ્ટાંતમાં ટીકાર્થમાં ૧-૨ ઈત્યાદિ નંબરો આપેલ છે, તે અંગેનું લખાણ તે તે સૂત્રનો ટીકાર્થ થયા પછી વિશેષાર્થ છે, તેમાં ૧-૨ ઈત્યાદિ નંબર આપીને લખેલ છે, તેથી ત્યાં વિશેષાર્થમાં જોવું.

૧-૨ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૬૭
૩-૪-૫ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૬૮

અને પરાક્રમને ગોપવીને, વિદ્યમાન બલ, વિદ્યમાન વીર્ય, વિદ્યમાન પુરસ્કાર અને પરાક્રમ હોવા છતાં ઉગ્ર અભિગ્રહ અને અનિયત વિહારનો ત્યાગ કરીને, નિત્યવાસને સ્વીકારીને, સંયમાદિમાં શિથિલ થઈને રહેલા, પાછળથી [૩]ઈહલોક અને પરલોકના અપાયનો ત્યાગ કરીને અને સુદીર્ઘ સંસારને અંગીકાર કરીને, [૪]તે જ મઠ દેવકુલમાં અત્યંત ગ્રંથિવાળા, મૂર્ચ્છાવાળા, મમકાર અને અહંકારથી અભિભૂત થયેલા, સ્વયં જ વિવિધ પ્રકારની માલા અને પુષ્પોથી દેવાર્ચનને કરવા માટે ઉદ્યત થયા. વળી તેઓ જે શાસ્ત્રનાં સારભૂત, શ્રેષ્ઠ આ સર્વજ્ઞ વચન, તેને દૂરસુદૂરપણા વડે કરીને અર્થાત્ અત્યંત ત્યાગ કરે છે.

શિથિલાચારીઓએ જે શાસ્ત્રનું વચન અત્યંત છોડી દીધું છે, તે શાસ્ત્રનું વચન तं जहा થી બતાવે છે - જે કાંઈ સૂક્ષ્મ કે જે કાંઈ બાદર, જે કોઈ ત્રસ કે જે કોઈ સ્થાવર, જે કોઈ પર્યાપ્તા કે જે કોઈ અપર્યાપ્તા, જે કોઈ એકેંદ્રિય, જે કોઈ બેઇંદ્રિય, જે કોઈ તેઇંદ્રિય, જે કોઈ ચઉરિંદ્રિય, જે કોઈ પંચેંદ્રિય, ત્રિવિધ ત્રિવિધથી મન, વચન, કાયાથી સર્વે જીવો, સર્વે પ્રાણો, સર્વે ભૂતો, સર્વે સત્ત્વો હણવા ન જોઈએ, આજ્ઞા ન કરવી જોઈએ, પરિતાપ ન કરવો જોઈએ, પકડવા ન જોઈએ, વિરાધવા ન જોઈએ, કિલામણા ન કરવી જોઈએ, ઉપદ્રવ ન કરવો જોઈએ. હે ગૌતમ ! વળી જે [૫]મૈથુન તે એકાંતથીઉ નિશ્ચયથીઉ અત્યંતઉ (અહીં ત્રણ વાર અત્યંત ભાર આપવા કહ્યું છે) તથા અપ્કાય, તેઉકાયનો સમારંભ સર્વથા સર્વ પ્રકારે સ્વયં મુનિએ ત્યાગ કરવો જોઈએ. એ પ્રકારે આ ધર્મ લોકને જાણીને અર્થાત્ લોકની વ્યવસ્થાને જાણીને, ધ્રુવ શાશ્વત અને નિત્ય સર્વજ્ઞો વડે પ્રવેદિત કરાયો છે. ॥ સૂ. ૨૬ ॥

✪ મુ. પુ.માં 'सयय' છે ત્યાં મહાનિશીથમાં 'सयं' છે. તેથી મૂળમાં તે પાઠ આપી તે મુજબ સ્વયં અર્થ કર્યો છે.

✪ મુણિ त्ति અહીં इति શબ્દ છે તે तं जहा થી જે વર્ણન કર્યું ત્યારથી માંડીને મુણિ સુધીના કથનનો પરામર્શક છે.

✪ 'खेयन्न' - શબ્દનો અર્થ ખેદજ્ઞ અર્થાત્ ખેદમય સંસારને જાણનારા=સર્વજ્ઞ, કરેલ છે.

✪ 'समिच्च' નો અર્થ જાણીને - પ્રાપ્ત કરીને એ પ્રમાણે જાણવો.

વિશેષાર્થ :-

(૧) "असंजयाणं सक्कारकारवणे णाम ऽच्छेरगे वहिउमारद्धे ।"

અસંયતોના સત્કારકારવણ નામનું આશ્ચર્ય વહન થવા લાગ્યું.

અહીં અસંયતોનું સત્કારકારવણ કેમ કહ્યું ? તેનું તાત્પર્ય એ છે કે, અસંયતોનો સત્કાર તે વખતે લોકો કરતા હતા, તેથી તે વખતે લોકો પાસેથી અસંયતોનો સત્કાર કરાવવારૂપ અચ્છેરું થયું, તે બતાવવા અર્થે सक्कारकारवण શબ્દનો પ્રયોગ છે.

(૨) "तत्थ णं लोगाणुवतीए ...."

અહીં 'लोगाणुवत्तीए' નો અન્વય 'वियाणिउं' સાથે છે, અને તેનું તાત્પર્ય એ છે કે, ત્યારે મિથ્યાત્વથી ઉપહત અને અસંયતની પૂજામાં અનુરક્ત એવો બહુજન સમૂહ છે, એ પ્રકારે લોકની અનુવૃત્તિથી જાણીને તે સંયમીઓ શિથિલ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયા. ત્યાં 'લોકઅનુવૃત્તિ'થી કહ્યું, એનું તાત્પર્ય એ છે કે, લોકો અસંયતની પૂજા કરતા હતા, તે જોઈને પોતાને પણ પૂજાવાની આશંસા થવાને કારણે લોકસંજ્ઞાને અનુસરીને

તેઓએ શિથિલાચારનો સ્વીકાર કર્યો, પરંતુ આગમ અનુવૃત્તિથી સંયમમાં ઉદ્યત રહ્યા નહિ.

(૩) "पच्छा परिचिच्चा णं इहलोगपरलोगावायं..."

આલોક અને પરલોકના અપાયનો ત્યાગ કરીને એમ કહ્યું, ત્યાં આલોકનો અપાય આ પ્રમાણે છે -જોકે તે શિથિલાચારીઓ તે વખતે લોકોથી પૂજાતા હતા તો પણ આ લોકમાં સારા સાધુઓ કે શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરનારા શ્રાવકો તેઓને અસંયમી તરીકે માને છે, તે શિથિલાચારી માટેનો આલોકનો અપાય છે.

અને પરલોકનો અપાય એ છે કે, પરલોકમાં પોતાને અનુચિત પ્રવૃત્તિઓથી દુર્ગતિની પ્રાપ્તિ થવાની છે, તેની ચિંતા તેઓએ છોડી દઈને સુદીર્ઘ સંસારનો સ્વીકાર કરીને તે પ્રવૃત્તિઓનો સ્વીકાર કરેલ છે, તે પરલોકનો અપાય છે.

(૪) "तेसु चेव मठदेवउलेसुं ...."

અહીં વિશેષ એ છે કે, મઠ-દેવકુલોમાં અત્યંત ગ્રંથિવાળા થયેલા, મૂર્ચ્છાવાળા થયેલા અને અહંકાર-મમકારથી અભિભૂત થયેલા સ્વયં જ પુષ્પોની માળાઓ વડે દેવઅર્ચના કરવા અભ્યુત્થિત થયા. આ કથનથી એ પ્રાપ્ત થાય છે કે, તેઓ સાધુના વેષમાં શિથિલ થયેલા ભગવાનની અંગરચનાના આશ્રયને લઈને પોતાના ઉપભોગ અર્થે ધનનો સંચય કરે છે તેવો અર્થ પ્રાપ્ત થતો નથી; પરંતુ ધર્મબુદ્ધિથી જ તેઓ જિનમંદિરાદિ નિર્માણ કરતા હતા, પરંતુ તેમાં મૂર્ચ્છાદિ કરતા હતા અને સ્વયં જ વિચિત્ર પુષ્પમાળાઓ દ્વારા દેવાર્ચન કરીને પોતે ધર્મ કરે છે, એવી મિથ્યાબુદ્ધિને વહન કરે છે, આવો અર્થ આગળના કથનથી સ્પષ્ટ થાય છે; કારણ કે શાસ્ત્રના વિષયમાં તેઓમાં મોક્ષનું કારણ શું ? તેના વિષયમાં જુદા જુદા પાઠોને આશ્રયીને વિખવાદ થાય છે ત્યારે, મધ્યસ્થ તરીકે અને શાસ્ત્રના જાણ તરીકે સાવદ્યાચાર્યને જ સ્વીકારવા તેઓ તૈયાર થયા. પરંતુ જો તેઓ આલોકના જ સુખ અર્થે ધનસંચયમાં યત્ન કરતા હોત અને તેના ઉપાયરૂપે જ જિનમંદિરોનો ઉપયોગ કરતા હોત, તો શાસ્ત્રને સાંભળવાની જિજ્ઞાસા પણ તેઓને થઈ શકે નહિ. અને આથી જ સાવદ્યાચાર્ય પાસે વાચના ચાલે છે ત્યારે, ભગવાને કહેલા અર્થો ગુરુના ઉપદેશાનુસારે સાવદ્યાચાર્ય તેઓને સમજાવે છે, અને તેઓ પણ તેને તે જ પ્રકારે શ્રદ્ધા કરે છે, એ પ્રમાણે આગળ કહેલ છે. જો તેઓ કેવલ આલોકના જ રસિક હોત તો ભગવાનનાં વચનોની તે પ્રકારે શ્રદ્ધા તેઓને થાત નહિ. તેથી તે શિથિલાચારીઓ ધર્મબુદ્ધિથી જ સાધુએ પૂજા વગેરે કરવી જોઈએ અને આ ચૈત્યાલયો સાધુને કર્તવ્ય છે તેમ માને છે, અને તે જ તે મઠવાસીઓનો ભ્રમ છે.

(૫) "मेहुण तं एगंतेणं ...."

અહીં અપ્કાય, તેઉકાય અને મૈથુનના વર્જનનું એકાંતથી નિષેધનું વચન છે. તેનું તાત્પર્ય એ છે કે -

જોકે સાધુ પણ નદી ઊતરે છે ત્યારે અપ્કાયનો સંસર્ગ થાય છે, અને કોઈ સાધ્વી નદીમાં પડી ગઈ હોય તો તેને કાઢવા માટે અન્ય કોઈ વિદ્યમાન ન હોય, અને સાધુ તરીને કાઢવા માટે સમર્થ હોય, ત્યારે

સ્ત્રીનો-સાધ્વીજીનો સ્પર્શ સાધુને થાય છે, તેથી એકાંતનો અર્થ તેવો ન કરી શકાય કે, અપ્કાયનો સ્પર્શ કે અગ્નિકાયનો સ્પર્શ કે સ્ત્રીનો સ્પર્શ ગમે તે સંયોગમાં સાધુ કરી જ ન શકે. તેથી આ ત્રણેમાં પણ ઉત્સર્ગ અપવાદ છે જ, તો પણ ત્યાં એકાંત કહેવાનું તાત્પર્ય આ ત્રણ અત્યંત પરિહાર્ય છે તે બતાવવા માટે છે; કેમ કે આ ત્રણથી જ ગૃહસ્થ જીવન ચાલે છે અને સાધુએ આ ત્રણનો અત્યંત ત્યાગ કરેલ હોવાથી ગૃહસ્થ કરતાં જુદો પડે છે. અને આથી જ અભયકુમારે જ્યારે કઠિયારા મુનિને ઓળખાવવા માટે આ ત્રણનો જેણે ત્યાગ કર્યો હોય તેને ત્રણ રત્નના ઢગલા આપવાનું જાહેર કર્યું, ત્યારે કોઈ વ્યક્તિ તે ગ્રહણ કરવા માટે તૈયાર થઈ નહિ; કેમ કે ગૃહસ્થ જીવન આ ત્રણથી જ ચાલે છે, અને તેની સાધુને અત્યંત વર્જનીયતા બતાવવામાં જ પ્રસ્તુત સૂત્રનું તાત્પર્ય છે.

(આનું વિશેષ તાત્પર્ય પ્રથમ ઉલ્લાસ ગુરુતત્ત્વ વિનિશ્ચય ગાથા-૧૩૦ માં જોવું.)

ટીકા :-

से भयवं जे णं केइ साहू वा साहूणी वा निग्गंथे, अणगारे, दव्वथयं कुज्जा, से णं किमालवेज्जा ? गो! जे णं केई साहू वा साहूणी वा णिग्गंथे अणगारे दव्वत्थयं कुज्जा से णं अजयइ वा, असंजएइ वा, देवभोइए वा, देवच्चगेइ वा, जाव णं उम्मग्गपइट्ठिएइ वा, दुरुज्झियसीलेइ वा, कुसीलेइ वा, सच्छंदयारिएइ वा आलवेज्जा ।। सू० २७।।

टीकार्थ :-

से भयवं ..... आलवेज्जा ।। હે ભગવંત ! જે કોઈ નિર્ગ્રંથ અણગાર સાધુ કે સાધ્વી દ્રવ્યસ્તવ કરે તેને શું આલાપ કરવો અર્થાત્ કયા શબ્દોથી બોલાવવો ? હે ગૌતમ ! જે કોઈ નિર્ગ્રંથ અણગાર સાધુ કે સાધ્વી દ્રવ્યસ્તવ કરે તેને અયતિ અથવા અસંયત અથવા દેવભોગી અથવા દેવાર્ચક=દેવનો પૂજારી, યાવત્ ઉન્માર્ગની પ્રતિષ્ઠા કરનાર, છોડી દીધું છે શીલ જેણે એવા=શીલરહિત, અથવા કુશીલ અથવા સ્વચ્છંદાચારી કહીને બોલાવવા. ।।૨૭।।

ટીકા :-

एवं गो० ! तेसिं अणायारपवित्ताणं बहुणं आयरियमहत्तराईणं एगे भरगयच्छवी कुवलयपहाभिहाणे णाम अणगारे महातवस्सी अहेसी । तस्स णं महामहंते जीवाइपयत्थे सुतत्तपरिन्नाणे सुमहंतं च संसारसागरे तासुं तासुं जोणीसुं संसरणभयं, सव्वहा संव्वपयारेहिं णं अच्चंतं आसायणाभीरुअतणं, तक्कालं तारिसेऽवि असमंजसे अणायारे बहुसाहम्मियपवत्तिए तहावि सो तित्थयराणमाणं णाइक्कमेइ ।

ટીકાર્થ :-

एवं ..... णाइक्कमेइ । એ પ્રમાણે હે ગૌતમ ! અનાચારમાં પ્રવૃત્ત થયેલા તે ઘણા આચાર્ય મહત્તરોમાં એક મરકત રત્ન સમાન કાંતિવાળા કુવલયપ્રભ નામના અણગાર મહાતપસ્વી હતા. તેમનું જીવાદિ પદાર્થોમાં મહામહંત તત્ત્વનું પરિજ્ઞાન હોવાને કારણે સંસારસાગરમાં તે તે યોનિમાં સુમહંત એવો સંસરણનો ભય (અને) સર્વથા, સર્વ

પ્રકારે અત્યંત આશાતનાભીરુપણું હતું. તે કાળે તેવા પ્રકારના પણ અસમંજસ અનાચારમાં બહુ સાધર્મિક પ્રવૃત્ત હોવા છતાં પણ તેઓ તીર્થંકરની આજ્ઞાને ઓળંગતા નથી.

ટીકા :-

અહઽન્નયા સો અણિગૂહિયબલવીરિયપુરિસક્કારપરક્કમે સુસીસગણપરિયરિઓ સવ્વન્નુપણીયાગમસુત્તત્થોભયાણુસારેણં વવગયરાગદોસમોહમિચ્છત્તમમકારાહંકારો સવ્વત્થ અપડિબદ્ધો । કિં બહુના ? સવ્વગુણગણાહિટ્ઠિય સરીરો અણેગગામાગરનગરખેડકબ્બડમડંબદોણમુહાઇસન્નિવેસવિસેસેસુ અણેગેસુ ભવ્વસત્તાણં સંસારચારગવિમોક્ખણિં સદ્ધમ્મકહં પરિકહેંતો વિહરિંસુ । એવં ચ વચ્ચંત્તિ દિયહા । અણ્ણયા ણં સો મહાણુભાગો વિહરમાણો આગઓ ગો૦ ! તેસિં ણીઅવિહારીણમાવાસગે, તેહિં ચ મહાતવસ્સીત્તિ કાઊણ સમ્માણિઓ કિઇકમ્માસણપદાણાઈણા સુવિણએણં, એવં ચ સુહનિસન્નો ચિટ્ઠિત્તા ણં ધમ્મકહાઇણા વિણોએણં પુણો ગંતું પયત્તો । તાહે ભણિઓ સો મહાણુભાગો ગો૦ ! તેહિં દુરંતપંતલક્ખણેહિં લિંગોવજીવીહિં ભટ્ઠાયારુમગ્ગપવત્તગાભિગ્ગહિયમિચ્છાદિટ્ઠીહિં, જહા ણં ભયવં ! જઇ તુમમિહઇં એકં વાસારત્તં ચાઉમ્માસિયં પડંજિયં તો ણમેત્થ એત્તિગે ચેઇયાલગે ભવંતિ ણૂણં તુજ્ઝાણત્તીએ । તા કીરઉ અણુગ્ગહત્થમમ્હાણં ઇહેવ ચાઉમ્માસિયં । તાહે ભણિયં તેણ મહાણુભાગેણં ગો૦ ! [૬]જહા 'ભો ભો પિયંવએ ! જઇવિ જિણાલએ તહવિ સાવજ્જમિણં ણાહં વાયામિત્તેણવિ એયં આયરિજ્જા !' એવં ચ સમયસારં પરં તત્તં જહટ્ઠિયં અવિવરીયં, ણીસંકં ભણમાણેણં તેસિં મિચ્છાદિટ્ઠીલિંગીણં સાહુવેસધારીણં મજ્ઝે ગો૦ ! આસકલિયં તિત્થયરણામકમ્મગોયં તેણં કુવલયપ્પભેણં એગભવાવસેસીકઓ ભવોયહી। તત્થ ય દિટ્ઠો અણુલ્લવિજ્જમાણં સંઘમેલાવગો અહેસિ । તેસિં ચ બહૂહિં પાવમઈહિં લિંગિલિંગિણિયાહિં પરોપ્પરમેગમયં કાઉણં ગો૦ ! તાલં દાઉણં વિપ્પલોઇયં ચેવ તં તસ્સ મહાણુભાગસ્સ મહાતવસ્સિણો કુવલયપહાભિહાણં, કયં ચ સે સાવજ્જાયરિયાભિહાણં સદ્દકરણં, ગયં ચ પસિદ્ધિએ । એવં સદ્દિજ્જમાણોઽવિ સો તેણાપસત્થસદ્દકરણેણં તહાવિ ગો૦ ! ઈસિંપિ ણ કુપ્પો ।।૨૮।।

ટીકાર્થ :-

અહઽન્નયા ..... ણ કુપ્પો ।।૨૮।। હવે અન્યદા તે=કુવલયાચાર્ય, અનિગૃહીત બલ, વીર્ય, પુરસ્કાર અને પરાક્રમવાળા, સુશિષ્યગણથી પરિવરેલા, સર્વજ્ઞપ્રણીત આગમના સૂત્ર અને અર્થ ઉભયને અનુસરનારા હોવાથી, રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ, મમત્વભાવ, અહંકારરહિત સર્વત્ર અપ્રતિબદ્ધ હતા. ઘણું કહેવા વડે શું ? સર્વગુણસમુદાયથી અધિષ્ઠિત શરીરવાળા અનેક ગામ, આકર, નગર, ખેડ, કબડ, મંડપ, દ્રોણમુખ આદિ સન્નિવેશ વિશેષમાં અનેક ભવ્યજીવોને સંસારરૂપી કેદખાનામાંથી છોડાવનાર એવી સદ્ધર્મકથાને કહેતા વિચરતા હતા. (अणेगेसु भव्वसत्ताणं અહીં अणेगेसु સપ્તમી વિભક્તિ છે તે ષષ્ઠી અર્થક છે) એ પ્રમાણે દિવસો પસાર થાય છે. ત્યાં અન્યદા તે મહાનુભાગ વિચરતા, હે ગૌતમ ! તે નિત્યવિહારીના આવાસમાં આવ્યા. (નિત્યવિહારીનો અર્થ નિત્યાવાસ લેવો.) અને મહાતપસ્વી છે, એ પ્રમાણે કહીને તેઓ વડે અર્થાત્ ચૈત્યવાસી વડે કૃતિકર્મ, આસનપ્રદાનાદિક સુવિનય વડે (તે)

---

૬ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૭૧.

સન્માનિત કરાયા. અને એ પ્રમાણે સુખપૂર્વક બેઠેલા ધર્મકથાદિના વિનોદ વડે કરીને ફરી જવા માટે=વિહાર કરવા માટે પ્રવૃત્ત થયા. ત્યારે હે ગૌતમ ! દુષ્ટ અંતપ્રાંત લક્ષણવાળા, લિંગોપજીવી ભ્રષ્ટ આચારવાળા, ઉન્માર્ગમાં પ્રવર્તક, અભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ એવા તેઓ વડે તે મહાનુભાગ કહેવાયા, જે આ પ્રમાણે - હે ભગવંત ! જો આપ અહીં એક વર્ષાકાળ ચાતુર્માસ કરો તો આપની આજ્ઞપ્તિથી અર્થાત્ આપના ઉપદેશથી અહીંયાં આટલાં ચૈત્યાલયો નક્કી થાય. (आणति=आज्ञप्ति=આજ્ઞાથી એ પ્રમાણે અર્થ જાણવો.) તેથી અમારા અનુગ્રહ માટે અહીંયાં જ ચાતુર્માસ કરો.

હે ગૌતમ ! ત્યારે તે મહાનુભાગ વડે કહેવાયું, જે આ પ્રમાણે - 'ભો ! ભો ! પ્રિયવાદી ! જોકે જિનાલયના વિષયમાં (આ વક્તવ્ય) છે તો પણ આ સાવદ્ય છે, તેથી વચનમાત્રથી પણ હું આ આચરીશ નહિ. અને તે મિથ્યાદૃષ્ટિ લિંગી સાધુવેષધારી મધ્યે હે ગૌતમ ! આ પ્રમાણે અર્થાત્ जइवि जिणालये... આ પ્રમાણે પરમતત્ત્વરૂપ યથાસ્થિત, અવિપરીત, નિઃશંક સિદ્ધાંતના સારને કહેતા એવા તે કુવલયપ્રભ વડે તીર્થંકરનામકર્મ ગોત્ર ઉપાર્જન કરાયું. (અને) ભવોદધિ એક ભવ બાકી રહે તેટલો કરાયો. અને ત્યાં જેમનું નામ ન લઈ શકાય તેવો સંઘમેલાપક જોવાયો હતો, અને તે બહુ પાપમતિવાળા સાધુ-સાધ્વીઓ વડે પરસ્પર એકમત કરીને હે ગૌતમ ! તાળી આપીને તે મહાનુભાગ મહાતપસ્વીના તે કુવલયપ્રભ નામને વિપરીત જોડ્યું, અને સાવદ્યાચાર્ય નામ શબ્દકરણ કર્યું અને તે પ્રસિદ્ધિ પામ્યું. તે અપ્રશસ્ત શબ્દકરણ વડે એ પ્રમાણે અર્થાત્ સાવદ્યાચાર્ય એ પ્રમાણે બોલાવાતાં પણ તેઓ હે ગૌતમ ! જરા પણ કોપ ન પામ્યા. ॥૨૮॥

વિશેષાર્થ :-

(૬) "जहा भो भो पियंवए -"

અહીં જ્યારે શિથિલાચારીઓએ સાવદ્યાચાર્યને જિનાલયના ઉપદેશ માટે વિનંતી કરી, ત્યારે સાવદ્યાચાર્યે કહ્યું કે, જોકે જિનાલયના વિષયમાં (આ વક્તવ્ય) છે, તો પણ આ સાવદ્ય છે, હું વચનમાત્રથી પણ આ પ્રમાણે આચરીશ નહિ. આ પ્રમાણેના સિદ્ધાંતના સારને અને પરમતત્ત્વને યથાસ્થિત, અવિકૃત અને નિઃશંક કહેતા એવા સાવદ્યાચાર્ય વડે સંસાર પરિમિત કરાયો અને તીર્થંકરનામકર્મ બંધાયું. આનું કારણ એ કે પૂર્વમાં જ તેઓ મહાતપસ્વી હતા, ભગવાનના વચન પ્રત્યે અત્યંત શ્રદ્ધાવાળા હતા અને તેથી જ અત્યંત પ્રતનુ કષાયવાળા હતા, અને તેથી જ ભગવાનના વચનને અનુસારે જ પોતે સંયમમાં ઉદ્યમવાળા હતા. આ સર્વને કારણે તેમનો અંતરંગ કાષાયિક પરિણામ ક્ષીણક્ષીણપ્રાયઃ હતો. અને તેથી જ્યારે શિથિલાચારીઓની વચ્ચે આ પ્રરૂપણા કરવામાં તેમને ઘણું સહન કરવું પડે તેવા વિષમ સંયોગોની સંભાવના હોવા છતાં તેની અસર ન ઝીલી, અને ભગવાનના વચનને જ સમ્યગ્ સ્થાપન કરવાનો પરિણામ ત્યારે તેમને ઉલ્લસિત થાય છે, અને તે કષાયની અત્યંત અલ્પતાથી જ સંભવે છે. અને આથી જ પૂર્વમાં કષાયોની જે અલ્પતા હતી, તે પણ સન્માર્ગની સમ્યગ્ પ્રરૂપણાના કાળમાં જે વિશુદ્ધ ઉપયોગ વર્તતો હતો તેનાથી અતિ વિશુદ્ધ બને છે, અને તેથી જ સંસાર પરિમિત બને છે. અને જગતના જીવોને અત્યંત ઉપકારી એવું ભગવાનનું વચન છે એવી બુદ્ધિથી, જગતના જીવોનું કલ્યાણ કરવાનો આશય અતિ પુષ્ટ થાય તે રીતે સન્માર્ગની પ્રરૂપણા કરેલી હોવાથી, તે પ્રશસ્ત અધ્યવસાય તીર્થંકરનામકર્મના બંધનું કારણ બને છે. કેવલ તે અધ્યવસાય તેવો ઉત્કટ ન હતો કે જેથી તીર્થંકરનામકર્મ નિકાચિત થાય, અને આથી જ પાછળથી

ઉત્સૂત્રપ્રરૂપણાના કાળમાં તેનું વિલીનીકરણ પણ થાય છે. જો તીર્થંકરનામકર્મના બંધને અનુકૂળ ઉત્કટ અધ્યવસાય હોય તો તે નિકાચિત બને, અને ત્યાર પછી પાત થઈ શકે તેવા કોઈ સંસ્કારો કે કર્મો પણ સત્તામાં રહી શકતાં નથી, જ્યારે અનિકાચિત હોવાને કારણે સત્તામાં રહેલું તે કર્મ નિમિત્તને પામીને પાતનું કારણ બની શકે તેવું હોય છે, અને તેનાથી સાવદ્યાચાર્યનો પાત થયો અને તેથી ફરી સંસારની વૃદ્ધિ થઈ.

ટીકા :-

[૭]અહऽન્નયા તેસિં દુરાયારાણં સદ્ધમ્મપરમ્મુહાણં અગારધમ્માણગારધમ્મોભયભટ્ઠાણં લિંગમેત્તનામપવ્વઇયાણં કાલક્કમેણ સંજાઓ પરોપ્પરં આગમવિયારો-જહા ણં સડ્ઢગાણમસઈ સંજયા ચેવ મઢદેઉલે પડિજાગરેંતિ, ખંડપડિએ ય સમરાવયંતિ અન્નં ચ જાવકરણિજ્જં તં પઇ સમારંભે કજ્જમાણે જઇસ્સ વિ ણં ણત્થિ દોસસંભવં એવં ચ કેઈ ભણંતિ-સંજમં મોક્ખનેયારં । અન્ને ભણંતિ-જહા ણં પાસાયવડિંસએ પૂયાસક્કારબલિવિહાણાઇસુ ણં તિત્થુચ્છપ્પણા ચેવ મોક્ખગમણં । એવં તેસિમવિઇયપરમત્થાણં પાવકમ્માણં જં જેણ સિટ્ઠં સો તં ચેવુદ્દામુસ્સિંખલેણં (તં વચ્ચં ઉદ્દામુસ્સિંખલેણ) મુહેણ પલવતિ । તાહે સમુટ્ઠિયં વાદસંઘટ્ટં । ણત્થિ ય કોઇ તત્થ આગમકુસલો-તેસિં મજ્ઝે જો તત્થ જુત્તાજુત્તં વિયારેઇ, જો ય પમાણપુવ્વમુવઇસઇ । તહા એગે ભણંતિ જહા અમુગો, અમુગગચ્છં ચિટ્ઠે । અન્ને ભણંતિઅમુગો । અન્ને ભણંતિકિમિત્થ બહુણા પલવિએણં ? સવ્વેસિમમ્હાણં સાવજ્જાયરિઓ ઇત્થ પમાણં તિ। તેહિં ભણિયં જહા 'એવં હોઉ' ત્તિ 'હક્કારાવેહ લહું'। [૮]તઓ હક્કારાવિઓ ગો૦ ! સો તેહિં સાવજ્જાયરિઓ । [૯]આગઓ દૂરદેસાઓ અપ્પડિબદ્ધત્તાએ વિહરમાણો સત્તહિં માસેહિં । જાવ ણં દિટ્ઠો એગાએ અજ્જાએ । સા ય તં કટ્ઠુગ્ગતવચરણસોસિયસરીરં ચમ્મટ્ઠિસેસતણું અચ્ચંતં તવસિરીએ અતીવદિપ્પંતં સાવજ્જાયરિયં પેચ્છિય સુવિમ્હિયંતકરણા (તક્ખણા) વિયક્કિડું પયત્તા-અહો ! [૧૦]કિં એસ મહાણુભાગે ણં સો અરહા કિં વા ણં ધમ્મો ચેવ મુત્તિમંતો? કિં બહુણા ? તિયસિંદવંદાણંપિ વંદણિજ્જપાયજુઓ એસ ત્તિ ચિંતિઊણં ભત્તિભરનિબ્ભરા આયાહિણપયાહિણં કાઊણં ઉત્તિમંગેણં સંઘટ્ટમાણી ઝટિતિ ણિવડિયા ચલણેસુ, ગો૦ ! તસ્સ ણં સાવજ્જાયરિયસ્સ । દિટ્ઠો ચ સો તેહિં દુરાયરેહિં પણમિજ્જમાણો । અન્નયા ણં સો તેસિં તત્થ જહા જગગુરુહિં ઉવઇટ્ઠં તહા ચેવ ગુરૂવએસાણુસારેણં આણુપુવ્વીએ જહટ્ઠિયં સુત્તત્થં વાગરેઇ તેવિ તહા ચેવ સદ્દહંતિ । અન્નયા તાવ વાગરિયં ગો૦ ! જાવ ણં એક્કારસ્સણ્હમંગાણં ચોદ્દસણ્હં પુવ્વાણં દુવાલસંગસ્સ ણં સુયનાણસ્સ ણવણીયસારભૂયં સયલપાવપરિહારટ્ઠકમ્મનિમ્મહણં આગયું ઇણમેવ ગચ્છમેરાપન્નવણં મહાનિસીથસુઅખંધસ્સ પંચમં અજ્ઝયણં । એત્થેવ ગો૦ ! તાવ ણં વક્ખાણિયં જાવ ણં આગયા [૧૧]ઇમા ગાહા "જત્થિત્થીકરફરિસં અંતરિયં કારણેવિ ઉપ્પન્ને । અરહાઽવિ કરેજ્જ સયં તં ગચ્છં મૂલગુણમુક્કં" ।।૧૨૭।।

✪ અહીં મુદ્રિત પુસ્તકમાં તં ચેવુદ્દામુસ્સિંખલેણં પાઠ છે, ત્યાં હસ્તલિખિત પ્રતિમાં તં વચ્ચં ઉદ્દામુસ્સિંખલેણં પાઠ છે તે મુજબ અર્થ કરેલ છે.

૭-૮ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૭૪
૯ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૭૫
૧૦-૧૧ નો વિશેષાર્થ જુઓ પેજ નં. ૫૭૬

ટીકાર્થ :-

અહડન્નયા ..... મૂલગુણમુક્કં ।।[૯] હવે કોઈક સમયે દુરાચારી, સારા ધર્મથી પરાઙ્મુખ થયેલા, સાધુધર્મ અને શ્રાવકધર્મ ઉભયથી ભ્રષ્ટ થયેલા, લિંગમાત્ર હોવાને કારણે નામથી પ્રવ્રજિત એવા તેઓને કાળક્રમથી=કેટલોક કાળ ગયા પછી, પરસ્પર આગમવિચાર થયો, જે આ પ્રમાણે –

શ્રાવકોની ગેરહાજરીમાં સંયતો જ મઠ-દેવકુલને સાચવે છે, એક ખંડ (ભાગ) પડી ગયેલાને સમારાવે છે અને અન્ય પણ યાવત્ કરવા યોગ્ય તેના પ્રત્યે સમારંભ કરતાં યતિને પણ દોષ સંભવ નથી, અને આ પ્રકારનું સંયમ મોક્ષમાં લઈ જનાર કેટલાક કહે છે.

બીજા કહે છે - પ્રાસાદાવતંસકમાં પૂજા, સત્કાર, બલિવિધાનાદિમાં તીર્થની ઉન્નતિ જ મોક્ષગમન છે.

આ પ્રમાણે નથી જાણ્યો પરમાર્થ જેમણે, એવા પાપકર્મી તેઓમાં જે જેને ઠીક લાગે તે પ્રમાણેનાં વચન ઉદ્ધત, ઉચ્છૃંખલ મુખ વડે પ્રલાપ કરે છે.

ત્યારે વાદસંઘટ્ટ થયો.

અને ત્યાં કોઈ આગમકુશલ નથી કે જે તેઓની મધ્યમાં ત્યાં યુક્તાયુક્તને વિચારે, અને જે પ્રમાણપૂર્વક ઉપદેશ આપે.

તથા એક કહે છે - અમુક ગચ્છમાં અમુક રહેલા છે. (તેમને તત્ત્વના નિર્ણય માટે બોલાવીએ)

બીજા કહે છે - અમુક છે. (તેમને બોલાવીએ)

અન્ય કહે છે - અહીં ઘણું કહેવાથી શું ? આપણને સર્વેને અહીં સાવદ્યાચાર્ય પ્રમાણરૂપ છે.

તેઓ વડે કહેવાયું - જો એમ છે (તો) જલદી બોલાવો.

'હે ગૌતમ ! તેથી તે સાવદ્યાચાર્ય તેઓ વડે બોલાવાયા. [૯]દૂર દેશથી અપ્રતિબદ્ધપણાથી વિહાર કરતાં સાત માસ વડે તેઓ આવ્યા, યાવત્ એક આર્યા વડે જોવાયા. આર્યા, કષ્ટપૂર્વક ઉગ્ર તપ અને ચારિત્રથી શોષિત શરીરવાળા, ચામડાં-હાડકાંશેષ શરીરવાળા, તપલક્ષ્મીથી અત્યંત દીપતા તે સાવદ્યાચાર્યને જોઈને અત્યંત વિસ્મિત અંતઃકરણવાળી વિતર્ક કરવા માટે પ્રવૃત્ત થઈ. [૧૦]"અહો ! શું આ મહાનુભાગ તે અરિહંત છે અથવા શું સાક્ષાત્ મૂર્તિમાન ધર્મ છે ! વધારે કહેવાથી શું ? દેવેન્દ્રના વૃંદને પણ વંદનીય પાદયુગલવાળા આ છે, એ પ્રમાણે ચિંતવીને, ભક્તિભર નિર્ભર પ્રદક્ષિણા કરીને, ઉત્તમાંગ વડે સ્પર્શ કરતી જલદીથી, હે ગૌતમ ! તે સાવદ્યાચાર્યના ચરણોમાં પડી. તે દુરાચારીઓ વડે પ્રણામ કરાતા તેઓ=સાવદ્યાચાર્ય, જોવાયા.

અન્યદા તે સાવદ્યાચાર્ય તેઓને ત્યાં, જે પ્રમાણે જગદ્ગુરુ વડે ઉપદિષ્ટ છે, તે પ્રમાણે જ ગુરુઉપદેશના અનુસારે આનુપૂર્વી વડે યથાસ્થિત સૂત્ર અને અર્થને કહે છે, અને તેઓ પણ તે પ્રમાણે શ્રદ્ધા કરે છે.

અન્યદા ત્યાં સુધી કહ્યું, હે ગૌતમ ! જ્યાં સુધી દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાનનાં અગિયાર અંગો અને ચૌદ પૂર્વના નવનીત સારભૂત, સકલ પાપનો પરિહાર કરનાર, અષ્ટકર્મને નિર્મથન કરનાર મહાનિશીથ શ્રુતસ્કંધનું આ જ ગચ્છમર્યાદા પ્રજ્ઞાપના નામનું પાંચમું અધ્યયન આવ્યું.

અહીં જ હે ગૌતમ ! ત્યાં સુધી કહ્યું, યાવત્ આ અર્થાત્ વક્ષ્યમાણ ગાથા આવી.

[11]इमा गाहा - મહાનિશીથ શ્રુતસ્કંધના પાંચમા અધ્યયનની ૧૨૭મી ગાથાનો અન્વય આ પ્રમાણે છે, કારણ પણ ઉત્પન્ન થયે છતે જ્યાં યોગ્ય પણ વ્યક્તિ કોઈ વસ્તુથી અંતરિત એવા સ્ત્રીના કરને સ્વયં સ્પર્શ કરે, તે ગચ્છ મૂલગુણથી મુક્ત જાણવો. ॥૧૨૭॥

✪ કોઈક વસ્તુથી અંતરિત એવા સ્ત્રીના કરને સ્વયં સ્પર્શ કરે=જેમ કોઈ પુસ્તકાદિ પદાર્થ સ્ત્રી કોઈ સાધુના હાથમાં આપે ત્યારે તે પુસ્તકથી અંતરિત એવા સ્ત્રીના કરનો સ્પર્શ કરે, એમ સમજવું.

✪ અહીં ગચ્છથી ગચ્છના નાયક લેવા.

વિશેષાર્થ :-

(૭) "अहन्नया तेसिं दूरायाराणं... संजाओ परोप्परं आगमवियारो -"

અહી તે લોકોને દૂરાચારી, સદ્ધર્મપરાઙ્મુખ આદિ વિશેષણો આપીને પછી કહ્યું કે, કાળક્રમથી તેઓને પરસ્પર આગમનો વિચાર શરૂ થયો. તેનાથી એ ફલિત થાય છે કે, તે મઠાધીશો આચરણાથી દૂરાચારી હતા અને સદ્ધર્મને જાણવા માટે પરાઙ્મુખ હતા, તો પણ જીવની અંદરમાં જેમ અયોગ્યતા હોય છે, તેમ ક્વચિત્ કોઈક યોગ્યતા પણ હોઈ શકે છે. તેઓને આગમવિચાર પ્રાપ્ત થયો તે અંશ તેઓની કાંઈક યોગ્યતાને બતાવે છે. અને આથી જ જ્યારે તેઓ પરસ્પર નિર્ણય ન કરી શક્યા ત્યારે આગમના જાણકારને બોલાવવા માટે તેઓમાં વિચારણા થવા માંડી, અને તે નિર્ણયાર્થે જ સાવદ્યાચાર્યને પ્રમાણરૂપે સ્વીકારવા પણ તેઓ જે તૈયાર થયા, તે જ બતાવે છે કે, કાંઈક હિતને અભિમુખ સારો પરિણામ તેઓમાં પ્રગટ થયો. આમ છતાં, ભવિતવ્યતા સારી નહિ હોવાને કારણે સાવદ્યાચાર્ય પાસે આગમની શ્રદ્ધા કરીને સન્માર્ગ તરફ વળતા એવા તેઓને, મહાનિશીથના વચનને પામીને સાવદ્યાચાર્યને મૂળગુણરહિત સ્થાપન કરી શકે તેવો પ્રસંગ પ્રાપ્ત થવાથી તેઓ માર્ગ ઉપર વિશેષરૂપે આગળ આવી શક્યા નહિ, અને ફરી તેઓની અયોગ્યતા જ ખીલવા માંડી.

અહીંયાં તેઓને કાળક્રમથી જે આગમ વિચાર થયો છે, તેનો ભાવ એ છે કે કોઈ એક વ્યક્તિ કહે છે કે - શ્રાવકો ન હોય ત્યારે સાધુઓ જિનાલયની સારસંભાળ કરે તે ઉચિત છે, પરંતુ જ્યારે શ્રાવકો કોઈ તે કાર્ય કરતા હોય ત્યારે સાધુઓએ તે કરવું જોઈએ નહિ, પરંતુ સંયમનું પાલન જ તેઓએ કરવું જોઈએ, જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. આ કોઈ એક વ્યક્તિનું કથન શાસ્ત્રસંમત છે, તો પણ તે વસ્તુ સત્ય છે કે નહિ, તે નિર્ણય તેઓ શાસ્ત્રવચનથી કરી શકતા ન હતા. અને આથી જ અન્ય જ્યારે કહે છે કે, જિનમંદિરની પૂજા-સત્કાર આદિથી તીર્થપ્રભાવના થાય છે, અને તેનાથી મોક્ષગમન થાય છે, ત્યારે શાસ્ત્રવચનના બળથી બન્ને કથનોમાંથી કોઈ નિર્ણય તેઓ કરી શક્યા નહિ, અને આથી જ આગમકુશલ પાસેથી તે જાણવા માટેનો વિચાર તેઓને પ્રવર્ત્યો.

(૮) "तओ हक्काराविओ..."

અહીં જ્યારે શિથિલાચારીઓને મોક્ષમાં લઈ જનાર કયો ધર્મ છે એ વિષયમાં વિખવાદ થયો ત્યારે

તેઓ સાવદ્યાચાર્યને બોલાવે છે, અને સાવદ્યાચાર્ય પણ અપ્રતિબદ્ધ વિહાર વડે વિચરતા સાત માસના વિહારથી ત્યાં આવે છે, એ કથન ઉપરથી સ્પષ્ટ થાય છે કે, સાવદ્યાચાર્ય શાસ્ત્રની મર્યાદા પ્રમાણે જ આવવા તૈયાર થાય છે, અને તે શિથિલાચારીઓ પણ શાસ્ત્ર સાંભળવા માટે યોગ્ય હતા; કેમ કે અયોગ્યને વ્યાખ્યાન આપવામાં અનંત સંસાર થાય છે, તે વાત સાવદ્યાચાર્યે સ્વયં આગળમાં વિચારેલ છે. તેથી એ ફલિત થાય છે કે, તે શિથિલાચારીઓ પણ મોક્ષના ઉપાયના વિષયમાં વિચારતા થયા છે તે જ તેમની યોગ્યતા છે, અને સાવદ્યાચાર્ય પણ યોગ્ય જીવોને ઉપકાર થાય ત્યાં અવશ્ય જવું જ જોઈએ, એ પ્રકારની ભગવાનની આજ્ઞાથી જ જવા તત્પર થયા છે, પરંતુ માન મેળવવાની આશંસાથી નહિ. અને આ રીતે અપ્રતિબદ્ધ વિહાર કરતાં દૂર દેશથી સાત માસનો વિહાર કરીને આવ્યા, યાવત્ એક આર્યા વડે જોવાયા, અને તે આર્યા, કષ્ટ વડે ઉગ્ર તપ અને ચારિત્રથી શોષિત શરીરવાળા તે સાવદ્યાચાર્યને જોઈને, સુવિસ્મિત અંતઃકરણ વડે (તત્ક્ષણ) વિચારણા માટે પ્રવૃત્ત થઈ. શું આ મહાનુભાગ છે ? શું અરિહંત છે ? કે મૂર્તિમંત ધર્મ છે ? ઈત્યાદિ વિચારીને ભક્તિભર નિર્ભર અંતઃકરણવાળી ત્રણ પ્રદક્ષિણા કરીને પોતાના મસ્તક વડે સંઘટ્ટન કરતી શીઘ્ર તે સાવદ્યાચાર્યના ચરણમાં પડી, અને તે દુરાચારવાળા શિથિલો વડે પ્રણામ કરતી જોવાઈ.

અહીં વિશેષ એ છે કે, સામાન્ય રીતે સાધ્વીજી સાધુને દૂરથી વંદન કરે, પરંતુ આ આર્યા ભક્તિથી તેમનાં ચરણોમાં પડે છે, તેમાં તેની મુગ્ધતા જ કારણ હોઈ શકે; અથવા તો બધા શિથિલાચારવાળા સાધુઓ છે, તેથી સાધ્વી સાધુને સ્પર્શ ન કરી શકે, એવા બોધનો અભાવ હોઈ શકે, અને તેથી તેમનો તપ જોઈને અતિશય ભક્તિ થવાથી તેમના ચરણનો સ્પર્શ થાય તે રીતે વંદન કરે છે. તે વખતે સાવદ્યાચાર્યે તેનો નિષેધ કરવો જોઈએ અને અંગનું સંકોચન કરીને દૂર ખસવા યત્ન કરવો જોઈએ, તે ન કર્યું હોવાથી ત્યાં જ તેમની ભૂલ થાય છે. પરંતુ તે પૂર્વમાં તેઓ અત્યંત આરાધક ભાવથી ભગવાનની આજ્ઞા પ્રમાણે જ સંયમ પાળે છે, અને આ ભૂલ તેમના જીવનમાં મૂળગુણના અતિચારરૂપ છે, પરંતુ દીર્ઘ સંસારના અર્જનરૂપ નથી. અને શિથિલાચારીઓ પણ તેમની પાસે ઉત્સૂત્રભાષણ પૂર્વે શાસ્ત્રો ભણે છે, અને તે સાવદ્યાચાર્ય પણ જે પ્રમાણે ભગવાને કહેલ છે, તે પ્રમાણે ગુરુ ઉપદેશના અનુસારે ઉત્સૂત્રભાષણનો પ્રસંગ પાછળથી પ્રાપ્ત થયો. તેની પૂર્વે યથાસ્થિત સૂત્રાર્થ કહે છે અને તેઓ પણ તે પ્રમાણે શ્રદ્ધા કરે છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, તેઓ શિથિલાચારી હોવા છતાં તત્ત્વનો નિર્ણય કરવાની મતિવાળા થઈને તેમની પાસે સૂત્રાર્થ ગ્રહણ કરે છે, અને સાવદ્યાચાર્ય પણ યોગ્યને શ્રુતપ્રદાન કરીને ભગવાનની આજ્ઞાનું જ પાલન કરી રહ્યા છે; પરંતુ જ્યારે મહાનિશીથના સૂત્રના વ્યાખ્યાનનો પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે પૂર્વે થયેલી ભૂલના નિમિત્તને પામીને ભૂલ થઈ ત્યારે સાધ્વીજીના સ્પર્શના નિમિત્તનેપામીને જે શરીર સંકોચનો યત્ન ન કર્યો, તે રૂપ પૂર્વે થયેલી ભૂલના નિમિત્તને પામીને જ્યારે મઠાધીશોએ ત્રણમાં એકાંતને કહેનારા શાસ્ત્રવચનનો ઉચિત ખુલાસો માગ્યો.

(૯) "आगओ दूरदेसाओ अप्पडिबद्धताए विहरमाणो"

જ્યારે શિથિલાચારીઓ આગમના નિર્ણય અર્થે સાવદ્યાચાર્યને બોલાવે છે, ત્યારે સાવદ્યાચાર્ય અપ્રતિબદ્ધપણાથી વિહરતા સાત માસે આવ્યા, એમ કહ્યું એનાથી એ પ્રાપ્ત થાય છે કે, સાવદ્યાચાર્ય કોઈ

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવમાં પ્રતિબદ્ધતાવાળા ન હતા. અને તે રીતે જ સંયમમાં ઉદ્યત વિહાર કરતાં સાત મહિને ત્યાં આવ્યા, તેથી એ ફલિત થાય છે કે, માન-સન્માનરૂપ ભાવમાં પણ તેમને પ્રતિબંધ ન હતો, પરંતુ એક સંયમમાત્રમાં જ તેમને પ્રતિબંધ હતો. અને જ્યારે કોઈને આગમ પ્રમાણે પ્રવૃત્તિ કરવાનો વિચાર ઊઠે અને તેના માટે તેમને બોલાવવામાં આવે, અને પોતે ઉચિત અર્થ તેઓને સમજાવી શકે તેમ હોય, તો સન્માર્ગની વૃદ્ધિ અર્થે તેઓએ ત્યાં આવવું જ જોઈએ, અને તે જ સંયમની વૃદ્ધિનું કારણ બને છે, અને તેનાથી જ સંયમ પ્રત્યેનો તેમનો પ્રતિબંધ ટકી રહે છે. અને જો તે ન આવે તો અપ્રતિબદ્ધપણા વડે કરીને વિહાર કરતા આવ્યા, તેમ કહી શકાય નહિ. તેથી સાવદ્યાચાર્યનું તેઓની વાચના માટે આવવું એ સંયમની ઉચિત પ્રવૃત્તિરૂપ જ છે, અને એનાથી પણ એ ફલિત થાય છે કે, વાચના લેનારા શિથિલાચારી હોવા છતાં પણ વાચના માટે યોગ્ય હતા.

(૧૦) "किं एस महाणुभागे -"

અહીં સાવદ્યાચાર્યને જ્યારે સાધ્વીજી પગમાં પડીને વંદન કરે છે, ત્યારે સાવદ્યાચાર્ય પગ આદિનો સંકોચ આદિ કરતા નથી, અને તે સાધ્વીને તે પ્રમાણે વંદન કરવાનો નિષેધ પણ કર્યો હોય તેવો વિવેક દાખવતા નથી. તેનાથી એ પદાર્થ ભાસે છે કે, સાવદ્યાચાર્યને તે પ્રકારનો આદર-સત્કાર ગમ્યો હોવો જોઈએ, અને તેથી જ તે પ્રવૃત્તિના વિષયમાં મૌન ધારણ કરે છે, અને તેથી ત્યારે તેમના સંયમમાં માનાદિકૃત કાંઈક મલિનતા ત્યાંથી શરૂ થયેલી હોય તેવું ભાસે છે. તત્ત્વ બહુશ્રુત જાણે.

(૧૧) "इमा गाहा -"

જ્યારે મહાનિશીથની ગાથા આવી ત્યારે સાવદ્યાચાર્યને તે ગાથાને ગોપવવાનો કે અન્યથા પ્રરૂપણા કરવાનો જે વિચાર આવ્યો તે પણ બતાવે છે કે, તેઓને અત્યારે આલોકના અપયશનો ભય વર્તે છે, અને તેથી ભગવાનના વચનથી અન્યથા પ્રરૂપણા કરવાનો પરિણામ કે તે પ્રકારે ગાથાને ગોપવવાનો વિચાર આવ્યો, અને ભગવાનના વચનના સ્મરણથી તે પ્રવૃત્તિ ન થઈ, તેથી તે વખતની પણ તેમની સંયમની ભૂમિકા માનાદિ કષાયથી કાંઈક મલિન ભાવવાળી વર્તે છે.

ટીકા :-

[૧૨]तओ गो० ! अप्पसंकिएणं चेव चिंतियं तेणं सावज्जायरिएणं 'जइ इह एयं जहट्ठियं चे० पन्नवेमि, तओ जं मम वंदणगं दाउमाणीए तीए अज्जाए उत्तमंगेणं चलणे पुट्ठे तं सव्वेहिंपि दिट्ठमेएहिंत्ति । ता जहा मम सावज्जायरियाभिहाणं कयं तहा अन्नमवि किंचि एत्थ मुट्टंकं काहिंति जेण तु सव्वलोए अपुज्जो भविस्सं । ता अहमन्नहा सुत्तत्थं पन्नवेमि ? ता णं महती आसायणा । तो किं करियव्वमेत्थंति ? किं एयं गाहं पओवयामि ? किं वा णं अण्णहा वा पन्नवेमि ? अहवा हा हा ! ण जुत्तमिणं उभयहावि अच्चंतगरहियं आयहियट्ठीणमेयं । [૧૩]जओ एस सुआभिप्पाओ-जहा णं 'जे भिक्खु दुवालसंगस्स णं सुयनाणस्स असईचुक्कखलियपमायासंकादीसभयत्तेणं

૧૨-૧૩ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૭૭

पयक्खरमत्ताबिंदुमवि एक्कं पउविज्जा, अन्नहा वा पन्नवेज्जा, संदिद्धं वा सुत्तत्थं वक्खाणेज्जा, अविहीए अजोग्गस्स वा वक्खाणिज्जा से भिक्खू अणंतसंसारी भवेज्जा ।

ટીકાર્થ :-

तओ गो० ! ..... भवेज्जा । [૧૨]ત્યાર પછી હે ગૌતમ ! પોતાને વિષે શંકાવાળા જ તે સાવદ્યાચાર્ય વડે આ પ્રમાણે વિચારાયું - જો અહીં આ યથાસ્થિત જ કહું તો ત્યારે મને વંદન કરતી તે આર્યા વડે ઉત્તમાંગથી જે બે ચરણસ્પર્શ કરાયા, તે સર્વે પણ આ બધા વડે જોવાયું છે. તેથી જેમ મારું સાવદ્યાચાર્ય નામ કર્યું, તેમ અન્ય પણ કાંઈ અહીં મહોરછાપ (નામ) કરશે, જેથી વળી સર્વલોકમાં અપૂજ્ય થઈશ. તેથી હું અન્યથા સૂત્રાર્થને પ્રરૂપું તો તેથી તો મોટી આશાતના થાય. તો અહીં શું કરવા યોગ્ય છે ? શું આ ગાથા ગોપવું કે અન્યથા પ્રરૂપણા કરું ? અથવા હા ! હા ! ઉભય પ્રકારે પણ આ યુક્ત નથી. આત્મહિતાર્થીને આ અર્થાત્ આ બન્ને પ્રકારનું કથન, અત્યંત ગર્હિત છે.

[૧૩]જે કારણથી આ સૂત્રનો અભિપ્રાય છે, જે આ પ્રમાણે -

જે ભિક્ષુ, દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાનને અસ્મૃતિને કારણે ચૂકી જાય કે સ્ખલિત થાય અને પ્રમાદના કારણે હું અપૂજ્ય થઈશ એ પ્રકારની આશંકા આદિ રૂપ સભયપણા વડે કરીને એક પદ, એક અક્ષર, એક માત્રા, એક બિંદુ પણ ગોપવે અથવા અન્યથા પ્રરૂપણા કરે, સૂત્રાર્થને સંદિગ્ધ વ્યાખ્યાન કરે=સામી વ્યક્તિને સંશય થાય તેવું વ્યાખ્યાન કરે, અવિધિથી અથવા અયોગ્યને વ્યાખ્યાન કરે તે ભિક્ષુ અનંત સંસારી થાય.

વિશેષાર્થ :-

(૧૨) "तओ गो० अप्पसंकिएणं" - ત્યારપછી સાવદ્યાચાર્યે તે સૂત્રના વિષયમાં જે વિચાર કર્યો તે સર્વ સ્પષ્ટ છે. ત્યાં વિશેષ એ છે કે, તેમણે જે વિચાર કર્યો કે, જો હું યથાર્થ કહીશ તો જે પ્રમાણે મારું સાવદ્યાચાર્ય નામ પાડ્યું, તે પ્રમાણે બીજું પણ કાંઈક નામ આપશે, જેથી કરીને સર્વલોકમાં હું અપૂજ્ય થઈશ. એ વિચારણાકાળમાં માનકષાયની અસર પાતને અભિમુખ તેમને થઈ છે, તે બતાવે છે. યદ્યપિ સૂત્રવિરુદ્ધ પ્રરૂપણા નહિ કરવાના આશયવાળા તેઓ છે, તો પણ પોતાનું અન્ય નામ પડવાના ભયથી યથાર્થ પ્રરૂપણા કરતાં સ્ખલના પામી જાય છે.

અહીં સાવદ્યાચાર્યના વિશેષણ રૂપે 'अप्पसंकिएणं'=પોતાના વિષે શંકાવાળા, કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, મહાનિશીથની પૂર્વોક્ત ગાથાનું વ્યાખ્યાન કરવાનો જ્યારે પ્રસંગ થયો, ત્યારે તેમને આ ગાથા પોતાને જ લાગુ પડશે અને તેથી આ લોકો મારું બીજું નામ પાડશે, એ પ્રકારની પોતાના વિષયમાં સાવદ્યાચાર્યને શંકા થઈ છે, તે બતાવવા અર્થે 'अप्पसंकिएणं' કહેલ છે.

(૧૩) 'जओ एस सुआभिप्पाओ'

અસ્મૃતિને કારણે કોઈ જીવ સૂત્રનો એક પદ, અક્ષર, માત્રા, બિંદુ વગેરેને ચૂકી જાય એટલા માત્રથી સંસારની વૃદ્ધિ થતી નથી, પરંતુ અસ્મૃતિને કારણે ચૂક્યા પછી તેને સુધારીને સાચું સ્થાપન કરવા માટે માન-કષાયને કારણે સ્ખલના પામતો હોય, અને તેથી પૂર્વમાં પ્રરૂપણા કરાયેલાને સ્થિર કરવા માટે

યત્ન કરતો હોય, અથવા તો પૂર્વની કરાયેલી પ્રરૂપણાને સુધારવા માટે કોઈ યત્ન ન કરતો હોય, તે જીવને અનંત સંસારની પ્રાપ્તિ થઈ શકે. અને અસ્મૃતિને કારણે સ્ખલના થયા પછી કદાચ તેવું કોઈ નિમિત્ત ન મળે, તો તે વાત સ્થિર કરવા માટેનો પ્રયત્ન ન પણ હોય, પરંતુ તેવી સામગ્રી મળે કે જેથી પોતે ભૂલ કરી છે તેમ સમજાય, તો પણ પોતાની ભૂલને સુધારવાની મનોવૃત્તિ ન હોય, તેવી દૃઢ વિપરીત પ્રકૃતિ હોય તો અનંત સંસાર પણ થઈ શકે. આથી જ અનાભોગથી પણ ઉત્સૂત્રપ્રરૂપણા કરનારને ઉત્કટથી અનંત સંસાર થાય તેમ કહેલ છે. અને પ્રમાદને કારણે આશંકા થાય તો પણ, સૂત્રના પદ, અક્ષર આદિનો અપલાપ કરે તો પણ, અનંત સંસાર પ્રાપ્ત થાય, તેનું તાત્પર્ય એ છે કે, પોતે સંયમાદિમાં પ્રમાદ કરતો હોય, અને શાસ્ત્ર આદિના તે વચનોની પ્રરૂપણા કરતી વખતે તેને આશંકા થાય કે, હું આ પ્રસ્તુત શાસ્ત્રવચન યથાર્થ કહેવા જાઉં તો મારો પ્રમાદ પ્રગટ થવાને કારણે હું અપૂજ્ય થઈશ, તેથી સભયપણાને કારણે એ અક્ષર ગોપવે તો અનંત સંસાર થઈ શકે. અને આશંકાદિમાં આદિ પદથી પ્રમાદને કારણે પોતાની આચરણાથી વિરુદ્ધ કહેનારાં સૂત્રોની સમ્યગ્ પ્રરૂપણાથી પોતાની માનહાનિનો નિર્ણય ગ્રહણ કરવાનો છે.

આ સૂત્રથી એ પ્રાપ્ત થાય કે, ભગવાનના શાસ્ત્રના વચનવિરુદ્ધ કોઈ પણ પ્રરૂપણા કરવામાં આવે ત્યારે ભગવાન પ્રત્યેનો અનાદરભાવ વર્તે છે. યદ્યપિ તે વખતે ભગવાનનાં દર્શન કરવાં, ચૈત્યવંદન કરવું કે ભગવાનના ગુણોનું કીર્તન કરવું, તે સર્વ પ્રવૃત્તિરૂપે હોવા છતાં, પોતાના માનકષાયને આધીન થઈને ભગવાનના વચન પ્રત્યેની ઉપેક્ષા જેટલા અંશે તીવ્ર થાય, તેટલા અંશે સંસારની વૃદ્ધિ થાય, અને તે ઉત્કટથી અનંત સંસાર સુધી થઈ શકે છે. અને વળી તે રીતે અવિધિથી સૂત્રાર્થનું વ્યાખ્યાન કરતો હોય કે અયોગ્યને સૂત્રાર્થનું વ્યાખ્યાન કરતો હોય ત્યારે પણ ભગવાનના વચનનો અનાદર જ છે, અને આથી જ અનંત સંસારની પ્રાપ્તિ થઈ શકે છે.

પરંતુ અવિધિના પરિહાર માટે યત્ન કરતો હોય, આમ છતાં સૂત્રના વ્યાખ્યાનકાળમાં અનાભોગ, સહસાત્કારથી કોઈ અવિધિ દોષ થઈ જાય, એટલા માત્રથી અનંત સંસારની વૃદ્ધિ થતી નથી, પરંતુ અવિધિને દૂર કરવા માટે જે નિઃશૂક હોય છે, તેને સંસારની વૃદ્ધિ થાય છે.

ટીકા :-

[૧૪]તા કિં એત્થં જં હોહી તં ભવઉ, જહટ્ઠિયં ચેવ ગુરુવએસાણુસારેણં સુત્તત્થં પવક્ખામિત્તિ ચિંતિઊણં ગો૦ ! પવક્ખાયા ણિખિલાવયવવિસુદ્ધા સા તેણ ગાહા । એયાવસરંમિ ચોઇયો ગો૦ ! સા તેહિં દુરંતપંતલક્ખણેહિં જહા-'જઇ એવં, તા તુમંપિ તાવ મૂલગુણહીણો, જાવ ણં સંભરસુ તં જં તદ્દિવસં તીએ અજ્જાએ તુજ્ઝં વંદણગં દાઉકામાએ પાએ ઉત્તમંગેણં પુટ્ઠે ।[૧૫]તાહે ઇહલોઇયાયસભીરૂ ખરમચ્છરીહુઓ, ગો૦ ! સો સાવજ્જાયરિયો વિચિંતિઓ, જહા જં મમ સાવજ્જાયરિયાભિહાણં કયં ઇમેહિં, તહા તં કિંપિ સંપયં કાહિંતિ, જેણં તુ સવ્વલોએ અપુજ્જો ભવિસ્સં । તા કિમેત્થં પરિહારગં દાહામિત્તિ ચિંતમાણેણં [૧૬]સંભરિયં તિત્થયરવયણં । જહા - 'ણં જે કેઇ આયરિએ

૧૪-૧૫ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૮૦

૧૬ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૮૧

वा मयहरए वा गच्छाहिवई सुयहरे भवेज्जा, से णं जं किंचि सव्वन्नूणंतनाणिहिं पावट्ठाणं पडिसेहियं, तं सव्वं सुयाणुसारेणं विन्नाय सव्वहा सव्वपयारेहिं णं णो समायरेज्जा नो णं समायराविज्जा, समायरंतं वा न समणुज्जाणिज्जा, से कोहेण वा माणेण वा मायाए वा लोभेण वा भएण वा हासेण वा गारवेण वा दप्पेण वा पमाएण वा, असईचुक्कखलिएण वा, दिया वा, राओ वा, एगओ वा, परिसागओ वा, सुत्ते वा, जागरमाणे वा, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, एतेसिमेव पयाणं जे केई विराहगे भवेज्जा से णं भिक्खू भुज्जो २ निंदणिज्जे गरहणिज्जे खिंसणिज्जे दुगुंछणिज्जे, सव्वलोगपरिभूए बहुवाहिवेयणापरिगयसरीरे उक्कोसठिईए अणंतसंसारसागरं परिभमेज्जा, तत्थ णं परिभममाणे खणमेक्कंपि न कहिंचि कदाइ निव्वुइं संपावेज्जा ।।'

टीकार्थ :-

ता किं ..... पावेज्जा ।। [૧૪]તેથી અહીં શું ? જે થવાનું હોય તે થાઓ, ગુરુઉપદેશના અનુસારે યથાસ્થિત સૂત્રાર્થને કહું. એ પ્રમાણે ચિંતવીને તેમના વડે હે ગૌતમ ! સમગ્ર અવયવથી વિશુદ્ધ તે ગાથા કહેવાઈ.

આ અવસરે હે ગૌતમ ! દુષ્ટ અંત-પ્રાંતલક્ષણવાળા એવા તેઓ વડે તે=સાવદ્યાચાર્ય કહેવાયા. તે આ પ્રમાણે –

જો આ પ્રમાણે છે, તો તમે પણ મૂલગુણરહિત છો. તમે તે દિવસ સંભારો કે જે દિવસે તે આર્યા વડે તમને વંદન આપવાની ઈચ્છાથી ઉત્તમાંગ વડે પગ સ્પર્શાયા.

[૧૫]ત્યારે આલોકના અપયશથી ભીરુ, ખર અતિ મચ્છરવાળા થયેલા, હે ગૌતમ ! તે સાવદ્યાચાર્ય વિચારવા લાગ્યા, જે આ પ્રમાણે –

જે મારું આમના વડે સાવદ્યાચાર્ય અભિધાન=નામ, કરાયું તેમ તેવું કાંઈક પણ સંપ્રતિ કરાશે, જેથી વળી સર્વલોકમાં અપૂજ્ય થઈશ. તેથી શું ? અહીં સમાધાન આપું. એ પ્રમાણે ચિંતવના કરતા તેઓ વડે તીર્થંકરનું વચન યાદ આવ્યું.[૧૬]

જે આ પ્રમાણે –

"જે કોઈ આચાર્ય, મહત્તર, ગચ્છાધિપતિ, શ્રુતધર થાય તેમણે, ક્રોધથી કે માનથી કે માયાથી કે લોભથી કે ભયથી કે હાસ્યથી કે ગારવથી કે દર્પથી કે પ્રમાદથી કે અસ્મૃતિના કારણે ચૂક થવાને કારણે સ્ખલનાથી, દિવસે કે રાત્રે, એકલો કે પર્ષદામાં હોય, સૂતેલો કે જાગતો હોય, ત્રિવિધ ત્રિવિધથી મન-વચન-કાયાથી, જે કાંઈ સર્વજ્ઞ, અનંત જ્ઞાનીઓ વડે પાપસ્થાન પ્રતિષેધિત હોય, તે સર્વ શ્રુતાનુસાર જાણીને સર્વ પ્રકારે આચરવાં નહિ, આચરાવવાં નહિ અને આચરતાની અનુમોદના ન કરવી. આટલાં જ પદોનો=જે પાપસ્થાન પ્રતિષેધિત છે, તે આચરવાં નહિ, આચરાવવાં નહિ અને આચરતાની અનુમોદના ન કરવી. આટલાં જ પદોનો, જે વિરાધક થાય છે, તે ભિક્ષુ વારંવાર નિંદનીય, ગર્હણીય, ખીંસનીય, દુગુંછનીય, સર્વ લોકથી પરાભવ પામેલો, બહુ વ્યાધિ-વેદનાથી વ્યાપ્ત શરીરવાળો, ઉત્કૃષ્ટ સ્થિતિ વડે અનંત સંસારસાગરમાં પરિભ્રમણ કરે છે, ત્યાં પરિભ્રમણ કરતાં એક ક્ષણ પણ ક્યાંય કદાચિત્ પણ શાંતિ પામતો નથી."

વિશેષાર્થ :-

(૧૪) "ता किं एत्थं जं होही तं भवउ"

જ્યારે ભગવાનનું વચન સ્મરણ થવાને કારણે સાવદ્યાચાર્યે તે ગાથા ગોપવી નહિ, અને અન્યથા પ્રરૂપણા કરી નહિ, ત્યારે તેમનામાં વર્તતો માનકષાય પ્રવૃત્તિ ન કરાવી શક્યો, પરંતુ ભગવાનનું વચન જ તે ગાથાને સમ્યગ્ પ્રરૂપણા કરવામાં પ્રવર્તાવી શક્યું. તે વખતે માન-કષાય છતાં પણ ભગવાનના વચનનો પક્ષપાત અધિક હોવાથી માર્ગાનુસારી પ્રવૃત્તિ તેઓ કરી શક્યા અને તે વખતે સંયમની પરિણતિ કાંઈક નિર્મળ થાય છે.

આમ છતાં, જ્યારે તે ગાથાની પ્રરૂપણા કરી અને શિથિલાચારીઓએ તેમને મૂળગુણરહિત સ્થાપન કર્યા ત્યારે ફરી આલોકના અપયશના ભીરુ અને ખરમત્સરવાળા તેઓ થયા, ત્યારે ફરી સંયમની મલિનતા થવા માંડી. આમ છતાં, ફરી તીર્થંકરનું વચન સ્મરણ કરીને તેઓ તે ગાથાનો વિપરીત અર્થ કરવા તૈયાર થયા નહિ, ત્યારે કાંઈક સંયમની વિશુદ્ધિ પણ તેમની જળવાય છે. અને આથી જ પોતાના પ્રમાદનું તેમને સ્મરણ થવાથી તે વિચારે છે કે, પ્રમાદને વશ થયેલો હું પાપી, અધમાધમ, હીનસત્ત્વવાળો, કાયર પુરુષ છું, અને અહીં પોતે સાધ્વીજીને વંદન વખતે જે પ્રમાદ કરેલો તે પ્રમાદનું સ્મરણ કરીને પોતે પ્રમાદગોચર છે, તે પ્રકારનો તેમણે વિચાર કરેલો હોવો જોઈએ. અને તેથી એ પ્રાપ્ત થાય કે, તે વખતે તેઓ પ્રમાદગોચર હતા, પાપી હતા, અધમાધમ હતા, હીનસત્ત્વવાળા હતા, કાયર પુરુષ હતા અને તેથી જ સાધ્વીજીને તે કૃત્યથી નિવારણ કરવા માટે કે પોતાના અંગને સંકોચવા માટે કોઈ પ્રયત્ન કર્યો નહિ, અને તેથી જ આ મોટી આપત્તિ આવીને ઊભી થઈ.

અહીં વિશેષ એ છે કે, સાવદ્યાચાર્યને સાધ્વીજીના સ્પર્શ વખતનો પ્રમાદ યાદ આવવાથી તે પોતાને પાપી, અધમાધમ, હીન, કાયર આદિ શબ્દોથી કહે છે, એનો અર્થ એ નથી કે, ત્યારે તેઓ સર્વથા સંયમરહિત હતા. પરંતુ ત્યારે પોતે સંયમમાં પ્રમાદી થયા, એના સ્મરણથી પોતાના આત્માની નિંદા કરવા અર્થે તે તે શબ્દો દ્વારા પોતાની હીનતાને યાદ કરીને વર્તમાનમાં થયેલી આપત્તિના કારણરૂપ તે પોતાની હીનતા જ છે, તે પ્રમાણે તેઓ વિચારે છે.

(૧૫) "ताहे इहलोइयायसभीरू"

ત્યારે આલોકના અપયશભીરુ એવા ખરમત્સરવાળા તે સાવદ્યાચાર્ય થયા, એ કથનથી એ પ્રાપ્ત થાય છે કે, યદ્યપિ શુદ્ધ પ્રરૂપણાના પરિણામવાળા હોવા છતાં આલોકના અપયશના ભીરુ થવાથી તેમના વચનમાં અસહિષ્ણુતા આવે છે, જ્યારે પૂર્વમાં ચૈત્યને સાવદ્ય કહ્યું, ત્યારે તે શિથિલાચારીઓએ તેમનું સાવદ્યાચાર્ય નામ પાડ્યું તો પણ લેશ પણ દ્વેષ થયો નહિ. તેથી તે કાળમાં અત્યંત જિનમતથી ભાવિત માનસ હોવાને કારણે માન કે દ્વેષ-કષાય ઉપશાંત થયેલ, જ્યારે અત્યારે શુદ્ધ પ્રરૂપણાનો પક્ષપાત હોવા છતાં માનકષાય અને તેઓ પ્રત્યે માત્સર્યભાવ ઉત્થિત થયો, અને તેથી જ વારંવાર જિનવચનથી અન્યથા કહેવાના વિકલ્પો પણ ઉત્થિત થવા લાગ્યા.

(૧૬) "संभरियं तित्थयरवयणं"

પૂર્વમાં જ્યારે મહાનિશીથની ગાથા આવી, ત્યારે ગાથાની પ્રરૂપણા કરતાં પહેલાં સાવદ્યાચાર્યને આલોકના અપયશના ભયથી ગાથાને ગોપવવાનો કે અન્યથા કહેવાનો પરિણામ થયો, ત્યારે તેની વિરુદ્ધ ભગવાનના વચનનું સ્મરણ થયું, અને તેથી અનંત સંસારના ભયથી તે ગાથા ગોપવ્યા વગર સમ્યગ્ પ્રરૂપણા કરી; અને તેથી જ્યારે તે શ્રોતા દ્વારા તેમને મૂળગુણરહિત સ્થાપન કર્યા, ત્યારે આલોકના અપયશથી ભીરુ અને ખરમત્સરવાળા એવા સાવદ્યાચાર્ય તે ગાથાનો પોતાને બાધ ન આવે તે રીતે અર્થ કરવાનો વિચાર કરે છે, તે વખતે જે તીર્થંકરવચનનું સ્મરણ થાય છે, તે બતાવે છે કે હજુ પણ તેઓને માન-કષાય હોવા છતાં ભગવાનના વચનનો પક્ષપાત જીવે છે, તેથી જ સૂત્રનો વિરુદ્ધ અર્થ કરવા માટે તેઓ તૈયાર થતા નથી, પરંતુ મનમાં જ શું ઉત્તર આપવો તેની મુંઝવણ ઉત્પન્ન થાય છે. તેથી જ પોતાને સાધ્વીજીએ વંદન કર્યું ત્યારે પોતે જે પ્રમાદ કર્યો તેનું સ્મરણ થાય છે, અને પોતાની હીનસત્ત્વતા આદિ દોષોની નિંદા કરે છે, અને વિચાર કરે છે કે, તે વખતના પ્રમાદના કારણે જ હું આપત્તિમાં આવ્યો છું. અહીં આપત્તિનો ઉચિત ઉકેલ શોધવા યત્ન કરતા નથી, તેનું કારણ ત્યાં તેમને માનકષાય નડે છે, આમ છતાં ભગવાનના વચનનો પક્ષપાત પણ હજુ જીવંત છે, તેથી જ ઉત્સૂત્ર પણ કહેતા નથી અને તે દુરાચારીઓના વચનથી મત્સરવાળા પણ થાય છે. ફરી તે દુરાચારીઓ તેઓને તે સૂત્રનું સાધ્વીજીના સ્પર્શની વાત સાથે સંગત થાય તેવું સમાધાન કરવા માટે કહે છે, ત્યારે સાવદ્યાચાર્ય વિચારે છે કે, આથી કરીને ભગવાને અયોગ્યને સૂત્રદાનનો નિષેધ કર્યો છે, તે વિચારણા વાસ્તવિક છે. આમ છતાં તે દુરાચારીઓ પ્રથમ જ્યારે વાચના માટે બોલાવે છે, ત્યારે સર્વથા અયોગ્ય ન હતા, આથી જ તેઓને વાચના આપવાનું સાવદ્યાચાર્યે શરૂ કર્યું. તેઓ પણ સાવદ્યાચાર્યના વચન પ્રમાણે સૂત્રાર્થને અત્યાર સુધી શ્રદ્ધા કરતા હતા, તે તેમની યોગ્યતા હતી, તો પણ જ્યારે આ સૂત્ર સાવદ્યાચાર્યે કહ્યું ત્યારે ફરી તેઓને પૂર્વે થયેલ સાધ્વીજીના સ્પર્શનું સ્મરણ થવાથી વક્ર પ્રકૃતિ જાગૃત થઈ, તેથી જ ઉચિત રીતે વિનયપૂર્વક તેનું સમાધાન કરવાને બદલે સાવદ્યાચાર્યને મર્યાદા વગર તેના સમાધાન માટેનો આગ્રહ કરે છે, આ જ તેમની અયોગ્યતા છે. આવી અયોગ્યતા જણાયા પછી ભાવિનો વિશેષ લાભ ન દેખાય તો આગળની વાચના આપવાનો નિષેધ પણ સાવદ્યાચાર્ય કરી શકે. પરંતુ સાવદ્યાચાર્ય આટલો વિચાર કરીને પણ જ્યારે તેઓનો ઉચિત ખુલાસા માટેનો આગ્રહ થાય છે, ત્યારે માનકષાયને વશ થઈને વિપરીત ખુલાસો ન કરત તો આ પ્રસંગમાં માનકષાયને કારણે વચમાં જે નબળા વિચારો આવ્યા, તેનાથી ચારિત્રમાં કાંઈક મલિનતા થાત, પરંતુ અનંતસંસારની વૃદ્ધિ થાત નહિ.

ટીકા :-

[૧૭]तो पमायगोयरगयस्स णं मे पावाहमाहमहीणसत्तकाउरिसस्स इहइं चेव समुट्ठिया महंती आवई, जेण ण सक्को अहमेत्थ जुत्तिखमं किंचि पडिउत्तरं पयाउं, जे तहा परलोगे य अणंतभवपरंपरं भममाणो घोरदारुणाणंतसो

૧૭ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૮૩

य दुक्खस्स भागी भविस्सामिहं मंदभागो त्ति चिंतयंतो विलक्खिओ सो सावज्जायरिओ गो० ! तेहिं दुरायारपावकम्मदुट्ठसोयारेहिं जहा णं अलियखरमच्छरीभूओ एस । तओ संखुद्धमणं खरमच्छरीभूयं कलिउणं च भणियं तेहिं दुट्ठसोयारेहिं जहा-'जाव णं नो छिन्नमिणमो संसयं, ताव ण उड्ढवक्खाणं अत्थि । ता एत्थ तं परिहारगं वितरिज्जा जं पोढजुत्तिखमं कुग्गहणिम्महणं पच्चलंति । तओ तेण चिंतियं जहा णाहं अदिन्नेण परिहारगेणं चुक्किमो एसिं । ता किमित्थ परिहारगं दाहामि त्ति चिंतयंतो पुणोवि गो० ! भणिओ सो तेहिं दुरायरेहिं जहा-किमट्ठं चिंतासागरे निमज्जिऊण ठिओ ? सिग्घमेव किंचि परिहारगं वयाहिणवरं तं परिहारगं भणिज्जा जं जहुत्तकिरियाए अव्वभिचारी । ताहे सुइरं परितप्पिऊण हियएणं भणियं सावज्जायरिएणं जहा '[૧૮]एएण अत्थेणं जगगुरूहिं वागरियं जं अओग्गस्स सुत्तत्थं न दायव्वं, जओ आमे घडे निहत्तं जहा जलं तं घडं विणासेइ । इय सिद्धंतरहस्सं अप्पाहारं विणासेइ' ।।१२८।।

ટીકાર્થ :-

तो पमाय ..... विणासेइ ।। [૧૬]તેથી પ્રમાદને વશ થયેલા, પાપી, અધમાધમ, હીન સત્ત્વવાળા, કાયર પુરુષ એવા મને અહીં જ મોટી આપત્તિ આવી, જેથી હું અહીં યુક્તિક્ષમ કોઈ પ્રત્યુત્તર આપવા સમર્થ થઈ શકતો નથી. જે કારણથી તે પ્રમાણે પરલોકમાં અનંત ભવપરંપરામાં ભ્રમણા કરતો મંદભાગ્યવાળો એવો હું ઘોર, દારુણ એવા અનંતીવાર દુઃખનો ભાગી થઈશ. આ પ્રમાણે વિચાર કરતા તે સાવદ્યાચાર્ય, હે ગૌતમ ! તે દુરાચારી, પાપકર્મી, દુષ્ટ શ્રોતાઓ વડે જોવાયા, જે પ્રમાણે - આ (સાવદ્યાચાર્ય) અલિક=જૂઠા, ખર=અત્યંત મચ્છરવાળા છે. ત્યાર પછી સંક્ષુબ્ધ મનવાળા, ખરમત્સરીભૂત જાણીને તે દુષ્ટ શ્રોતાઓ વડે કહેવાયું, જે આ પ્રમાણે - જ્યાં સુધી આ સંશય છેદો નહિ ત્યાં સુધી આગલ વ્યાખ્યાન નહિ થાય. તેથી અહીં તેનો પરિહાર આપો, જે પ્રૌઢ, યુક્તિસમર્થ અને કુગ્રહને નિર્મથન કરવા સમર્થ હોય.

ત્યાર પછી તેમના વડે વિચારાયું, જે આ પ્રમાણે - આનો ઉત્તર નહિ આપવા વડે હું છૂટી શકીશ નહિ. તેથી અહીં શું ઉત્તર આપું એ પ્રમાણે ચિંતવન કરતાં ફરી પણ હે ગૌતમ ! તે દુરાચારી વડે કહેવાયા, જે આ પ્રમાણે-

શા માટે ચિંતાસાગરમાં ડૂબીને રહેલા છો ? જલદીથી જ કાંઈ પણ ઉત્તર આપો. ફક્ત તે પરિહાર કહો કે, જે યથોક્ત ક્રિયા વડે=પૂર્વમાં જે સાધ્વીજીએ પગમાં સ્પર્શ કરીને જે વંદન કરેલ, એ રૂપ ક્રિયા વડે, અવ્યભિચારી થાય, એ રીતે આ સૂત્રનો અર્થ સમજાવો. ત્યારે લાંબો કાળ હૃદય વડે સંતાપ પામીને સાવદ્યાચાર્ય વડે કહેવાયું, જે આ પ્રમાણે -

'[૧૮]આ પ્રયોજનથી જગદ્‌ગુરુ વડે કહેવાયું છે; જે કારણથી અયોગ્યને સૂત્રાર્થ ન આપવું. જે કારણથી કાચા ઘડામાં નંખાયેલું જળ જે પ્રમાણે જળનો અને તે ઘટનો વિનાશ કરે છે, તેમ અહીં અયોગ્ય આત્માને સૂત્રાર્થનું દાન સિદ્ધાંતના રહસ્યનો અને તે અયોગ્ય આત્મારૂપ આધારનો વિનાશ કરે છે. ।।૧૨૮।।

---

૧૮ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૮૩

વિશેષાર્થ :-

(૧૭) तो पमायगोयरगयस्स .... भविस्सामि हं मंदभागो त्ति

આ પ્રમાણે સાવદ્યાચાર્યે જે ચિંતવન કર્યું, તે તેમની સંયમની મલિનતાને દૂર કરવા માટે કાંઈક શુદ્ધિને સન્મુખ પ્રયત્નરૂપ હોવાથી સાવદ્યાચાર્યની શુદ્ધ પરિણામની ભૂમિકા છે. પરંતુ આ પ્રમાણે ચિંતવનકાળમાં પણ દુરાચારી પાપકર્મી શ્રોતાઓએ ખોટા ખરમત્સરવાળા સાવદ્યાચાર્યને જોયા, તે સાવદ્યાચાર્યની મલિન પરિણતિ પણ છે, તે આ રીતે –

તે વખતે મઠાધીશોએ સાવદ્યાચાર્યને જે દુષ્ટ અંતપ્રાંતલક્ષણવાળા કહ્યા કે તમે મૂળગુણરહિત છો, તે શબ્દો પ્રત્યે ખોટા મત્સરવાળા હતા, અને તેથી જ આલોકના અપયશના ભયથી તેઓ વ્યાકુળ હતા, તે તેઓની મલિન ભૂમિકા પણ છે. કેવલ બે પરસ્પર વિરોધી વિચાર એક સાથે સંભવી શકે નહિ, તેથી પોતાના પ્રમાદ આદિનો વિચાર કરે છે તે વખતે કાંઈક શુભ અધ્યવસાય વર્તે છે, અને જ્યારે આલોકના અપયશના ભયમાં ઉપયુક્ત હોય છે ત્યારે મલિન અધ્યવસાયવાળા તેઓ બને છે.

આ રીતે મલિન અને શુભ અધ્યવસાયના વમળમાં તેઓ અત્યારે અટવાયા છે.

(૧૮) "एएण अत्थेणं -"

અહીં સાવદ્યાચાર્યે શ્રોતાઓને કહ્યું કે, આ જ પ્રયોજનથી જગત્ગુરુએ અયોગ્યને સૂત્રાર્થદાનનો નિષેધ કર્યો છે. તેનાથી વિચારતાં પ્રથમ દૃષ્ટિએ એમ લાગે કે, તો પછી સ્વયં સાવદ્યાચાર્ય જ તેઓને વાચના આપવા માટે કેમ આવ્યા ? અને પૂર્વમાં કહેલ કે, અયોગ્યને વ્યાખ્યાન કરે તો કહેનારને અનંત સંસારની પ્રાપ્તિ થાય, અને આમ છતાં સ્વયં જ્યારે તેઓને વાચના આપવા માટે આવ્યા, ત્યારે અયોગ્યને વાચના આપવાથી અનંત સંસારની પ્રાપ્તિ થાય છે, એ પ્રકારના વચનનું સ્મરણ પણ કેમ ન કર્યું ? કેમ કે જ્યારે મહાનિશીથની ગાથા કહેવાનો પ્રસંગ આવ્યો, ત્યારે જો તે ગાથા ન કહેવામાં આવે કે અન્યથા કહેવામાં આવે તો અનંત સંસારના કહેનારા ભગવાનના વચનનું સ્મરણ તેમને થયું, તેમ જ્યારે તેમને વાચના અર્થે સંઘે બોલાવ્યા ત્યારે તેઓ જાણતા હતા કે તે મઠાધીશો છે અને શિથિલ આચારવાળા છે, તો તે વખતે અનંત સંસારની પ્રાપ્તિના ભગવાનના વચનનું સ્મરણ થવું જોઈતું હતું. પરંતુ શાસ્ત્રમાં તેવા પ્રકારની કોઈ જ નોંધ લીધી નથી. તેનાથી એ ફલિત થાય છે કે, ત્યારે મઠાધીશો શિથિલાચારી હોવા છતાં તેમને પરસ્પર આગમનો વિચાર થયેલ હોવાને કારણે વાચના માટે તેઓ અયોગ્ય નથી, પરંતુ શાસ્ત્રની વાચનાને ગ્રહણ કરીને જ સાચી પ્રવૃત્તિ તેઓથી થવાની સંભાવના ત્યાં રહે છે. પરંતુ જ્યારે પ્રસ્તુત મહાનિશીથની ગાથાથી સાવદ્યાચાર્ય મૂળગુણરહિત સિદ્ધ થાય છે, ત્યારે તે શિથિલાચારીઓમાં રહેલી યોગ્યતા અવ્યાપારવાળી થાય છે અને અયોગ્યતા પ્રગટ થાય છે, અને તેથી જ જ્યારે સાવદ્યાચાર્ય તે ગાથાનો અર્થ કરતાં મુંઝાય છે, તે વખતે સાવદ્યાચાર્ય સન્મુખ અત્યંત દબાણપૂર્વક અર્થ કરવા માટે જે રીતે આગ્રહ કરે છે, તેનાથી જ તેઓ દુષ્ટ શ્રોતા તરીકે સિદ્ધ થાય છે, અને તેથી જ ત્યારે તેઓ વાચના આપવા માટે અયોગ્ય સિદ્ધ થાય છે. અને તેને સામે રાખીને સાવદ્યાચાર્યે તે ગાથાનું પોતાને બાધ ન આવે તે રીતે

સમાધાન ન કરતાં, અયોગ્યને વાચના નહિ આપવાનું ભગવાને કહેલ છે, તેમ કહીને તેઓને વાસ્તવિક વસ્તુનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કરે છે. પરંતુ આમ છતાં મઠાધીશો પોતાની ઉચિત પ્રવૃત્તિ તરફ ન જતાં તે મહાનિશીથના વચનને સાવદ્યાચાર્યને બાધ ન આવે તે રીતે અર્થ કરવા માટે જ આગ્રહ કરે છે, તેથી મઠાધીશોની અયોગ્યતા જ ત્યાર પછી પ્રવર્તે છે.

અહીં વિશેષ એ છે કે, સાવદ્યાચાર્ય જ્યારે કહે છે કે, આ અર્થથી જ ભગવાને અયોગ્યને વાચનાનો નિષેધ કર્યો છે, ત્યારે તે શ્રોતાઓને આ રીતે પ્રશ્ન કરવો અયોગ્ય છે તેમ બતાવવા માટે જે આ કહ્યું, ત્યારે સાધ્વીજીના સ્પર્શ વખતે પગનો સંકોચ કરવામાં પોતે જે પ્રમાદ કરેલ, તેને ગોપવવા માટેનો ત્યાં યત્ન છે, તે દોષરૂપ છે; તો પણ ભગવાનના વચન વિરુદ્ધ તે સૂત્રનો અર્થ ન કરતાં અયોગ્યને વાચના આપવાનો નિષેધ છે, તેમ કહે છે, તે હજી તેમનો કંઈક શુભભાવ છે. અને તેથી જ તે વચન દ્વારા અનંત સંસારની વૃદ્ધિ થતી નથી; પરંતુ જ્યારે મહાનિશીથનો વિપરીત અર્થ કરે છે, ત્યારે અનંત સંસારની વૃદ્ધિ થાય છે.

ટીકા :-

ताहे पुणोवि तेहिं भणियं, जहा-किमेयाइं अरुडबरडाइ असंबद्धाइं दुब्भासियाइं पलवसि ? जइ परिहारगं ण दाउं सक्के ता उप्पडसु आसणाओ । ओसर सिग्घं इमाओ ठाणाओ । किं देवस्स रूसेज्जा, जत्थ तुमंपि पमाणीकाऊणं सव्वसंघेणं समयसब्भावं वायरिउं जे समाइट्ठो ? तओ पुणोवि सुइरं परितप्पिऊणं गो० ![19]अन्नं परिहारगमलभमाणेणं अंगीकाऊणं दीहसंसारं भणियं च सावज्जायरिएणं जहा 'णं [20]उस्सग्गाववायेहिं आगमो ठिओ । तुब्भे ण याणह, एगंतो मिच्छत्तं, जिणाणमाणामणेगंता ।' एयं च वयणं गो० गिम्हायवसंताविएहिं सिहिउलेहिं व अहिणवपाउससजलघणो व सबहुमाणं समाइच्छियं तेहिं दुट्ठसोयारेहिं । तओ एगवयणदोसेणं गो० ! निबंधिऊणांणंतसंसारियत्तणं अपडिक्कमिऊणं च तस्स पावसमुदायमहाखंधमेलावगस्स, मरिऊण उववन्नो वाणमंतरेसु सो सावज्जायरिओ ।।

ટીકાર્થ :-

ताहे ..... सावज्जायरिओ ।। ત્યારે ફરી પણ તેઓ વડે કહેવાયું, જે આ પ્રમાણે - આવાં આડાંઅવળાં સંબંધ વગરનાં દુર્ભાષિત વચનોનો શું પ્રલાપ કરો છો ? જો સમાધાન આપવા શક્તિમાન ન હો તો આસન ઉપરથી ઊભા થઈ જાઓ અને જલદી આ સ્થાનથી નીકળી જાઓ. સંઘનું શું દેવ રુષ્યું છે?=શું ભાગ્ય કોપ્યું છે? કે જ્યાં સર્વ સંઘ વડે શાસ્ત્રનો સદ્‌ભાવ કહેવા માટે જે તમે આદિષ્ટ કરાયા? ત્યાર પછી ફરી પણ લાંબા કાળ સુધી સંતાપ કરીને, હે ગૌતમ ! [19]અન્ય સમાધાન નહિ મેળવતા એવા સાવદ્યાચાર્ય વડે દીર્ઘ સંસાર અંગીકાર કરીને કહેવાયું, જે આ પ્રમાણે - [20]આગમ ઉત્સર્ગ અને અપવાદ વડે યુક્ત હોય છે, તે તમે જાણતા નથી. એકાંત મિથ્યાત્વ છે, જિનેશ્વરોની આજ્ઞા અનેકાંતવાળી હોય છે.

---

૧૯ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૮૫

૨૦ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૮૫

આ વચન, હે ગૌતમ ! ગ્રીષ્મના તાપથી સંતાપ પામેલાં મોરનાં કુળોને નવીન વર્ષાઋતુના જળથી ઘન એવાં વાદળોની જેમ તે દુષ્ટ શ્રોતાઓ વડે બહુમાન સહિત સ્વીકારાયું. ત્યાર પછી હે ગૌતમ ! એક વચનના દોષથી અનંત સંસારપણું બાંધીને અને પાપસમુદાયના મહાસ્કંધને એકઠા કરાવનાર તે વચનોનું પ્રતિક્રમણ કર્યા વગર મરીને તે સાવદ્યાચાર્ય વાણવ્યંતરમાં ઉત્પન્ન થયા.

વિશેષાર્થ :-

(૧૯) "अन्नं परिहारगमलभमाणेणं...."

અન્ય કોઈ પરિહાર નહિ મળવાથી, સાવદ્યાચાર્ય જોકે પોતે જાણતા હતા કે મહાનિશીથસૂત્રનો અન્યથા અર્થ કરીશ તો દીર્ઘ સંસારની પ્રાપ્તિ થશે, તો પણ માનકષાયને પરવશ થઈને તે સૂત્રનો અન્યથા અર્થ કરવા તૈયાર થયા, તે જ તેમના દીર્ઘ સંસારનો અંગીકાર છે. અને આ પ્રસંગે તેઓએ જો કષાયને બાજુમાં રાખ્યો હોત તો કહી શકત કે સાધ્વીજીએ જ્યારે તેમના ચરણનો સ્પર્શ કર્યો, ત્યારે ભગવાનના વચન પ્રમાણે મારે પગના સંકોચ માટેનો યત્ન કરવો જોઈએ, અને સાધ્વીજીને સ્પર્શ માટેનો નિષેધ કરવો જોઈએ; પરંતુ પ્રમાદથી જ્યારે મારાથી તે કરાયું નથી, ત્યારે મારે તેની શુદ્ધિ માટેનો જ પ્રયત્ન કરવો જોઈએ. અને ત્યાં સુધી આ લોકો તેને મૂળગુણ રહિત સ્થાપીને અન્ય કોઈપણ નામ આપે તો પણ ધૈર્યપૂર્વક જો સહન કર્યું હોત તો ઘણા કર્મની નિર્જરાને પામત, અને તે સ્વીકારથી શાસનની કોઈ ગ્લાનિ થવાની સંભાવના રહેતી નથી, કેવળ સાવદ્યાચાર્ય અપૂજ્ય સિદ્ધ થાય છે. જ્યારે પ્રસ્તુત સૂત્રનો અન્યથા અર્થ કર્યો ત્યારે ભગવાનના વચન પ્રત્યેનો જે અત્યંત પક્ષપાત હતો, તેના કરતાં પણ સ્વમાનના રક્ષણ માટેનો પ્રયત્ન વધારે બળવાન હતો, અને તેથી જ અનંત સંસારની વૃદ્ધિ થઈ.

(૨૦) "उस्सग्गाववायेहिं आगमो .... जिणाणमाणामणेगंता ।"

અહીં સાવદ્યાચાર્યના વિપરીત વચનને કારણે શિથિલાચારીને મનસ્વી રીતે અનેકાંતને ગ્રહણ કરવાની દિશા પ્રાપ્ત થઈ, અને તે જાણવા છતાં તેમણે આ વચન કહ્યું, તેથી જ સાવદ્યાચાર્યને અનંત સંસાર થયો છે. પરંતુ તેમના તે વચનથી શિથિલાચારીને કોઈ પોતાની શિથિલ પ્રવૃત્તિમાં સહાયક થાય તેવું વચન ન હોત, અને ભગવાનના વચનથી વિપરીત વચન હોય, તો અનંતસંસાર ન થાય એવો કોઈકને ભ્રમ થઈ શકે. પરંતુ વસ્તુતઃ શિથિલાચારીને પોતાની શિથિલતામાં સહાયક ન હોય તેવું પણ કોઈક વચન, ભગવાનના વચનથી વિરુદ્ધ કષાયને વશ બોલવામાં આવે તો અનંતસંસાર થઈ શકે છે. અને આથી જ મહાનિશીથની તે ગાથા જો સાવદ્યાચાર્યે પ્રરૂપણા કરી ન હોત, તો શિથિલાચારીઓને પોતાની શિથિલતા દૃઢ કરવામાં સહાયક કોઈ વચન ન મળત, તો પણ તેમ કરવામાં અનંતસંસાર પ્રાપ્ત થાય, એ પ્રકારના ભગવાનના વચનને સાવદ્યાચાર્ય ઉત્સૂત્રભાષણ કર્યું, તેના પૂર્વમાં સ્મરણ કરે છે. અને આથી જ તે ગાથા ગોપવતા નથી અને ઉત્સૂત્રભાષણ કર્યું એના પૂર્વમાં અન્યથા પ્રરૂપણા કરતા નથી. તેથી એ ફલિત થાય છે કે, તેમના વચનથી લોકમાં વિપરીત ફળ થાય કે ન પણ થાય; પરંતુ પોતાના હૈયામાં ભગવાનના વચનને પોતાના કષાયને વશ થઈને અન્યથા કહેવાનો અધ્યવસાય

જ દીર્ઘ સંસારનું કારણ બને છે, અને તે જેટલો દૃઢ હોય તે પ્રમાણે અનિવર્તનીય દીર્ઘ સંસારની પ્રાપ્તિ થાય.

અને સ્ત્રીના સ્પર્શના અત્યંત પરિહાર અર્થે મહાનિશીથમાં ત્રણ સ્થાનો પાણી, અગ્નિ અને મૈથુનને અત્યંત પરિહાર્ય કહ્યાં છે. પરંતુ સાવદ્યાચાર્યે જ્યારે તેમાં અનેકાંત સ્થાપન કર્યું, ત્યારે તેની અત્યંત પરિહાર્યતાનો અપલાપ થયો તે જ ઉત્સૂત્રભાષણરૂપ છે. અને જ્યારે જીવ ભગવાનના વચનની વિરુદ્ધ ઉત્સૂત્રભાષણ આદિ કરે છે, ત્યારે સન્માર્ગમાં મૂઢતા આપાદક મિથ્યાત્વમોહનીય દૃઢ બાંધે છે, અને જેની અનુબંધશક્તિથી અનંત સંસારની પ્રાપ્તિ થાય છે. વસ્તુતઃ મિથ્યાત્વમોહનીય પણ ઉત્કૃષ્ટ ૭૦ કોટાકોટિ સાગરોપમ જ બાંધી શકાય છે, અને તે પણ દ્રવ્યશ્રુતધારીને અંતઃકોટાકોટિથી વધારે પ્રાયઃ સંભવી શકે નહિ, અને અપુનર્બંધક થયેલો હોય તેને પણ અંતઃકોટાકોટિથી વધારે સંભવી શકતી નથી. તેથી સાવદ્યાચાર્યને અંતઃકોટાકોટિથી વધારે સ્થિતિ બંધાય નહિ, તો પણ તે વખતે કષાયમાં અત્યંત મૂઢતાને કારણે જ જે ઉત્સૂત્રભાષણ કરાયું, તેથી અત્યંત મૂઢતા આપાદક એવું મિથ્યાત્વ તે વખતે બંધાયું, જેનાથી જન્માંતરમાં સન્માર્ગથી અત્યંત વિમુખ ભાવો જ સાવદ્યાચાર્યના જીવને પ્રાપ્ત થયા છે, અને તેથી જ પાછળના ભવોમાં હિંસાદિ ક્રૂર કર્મો કરીને નરકાદિ ભવોની પ્રાપ્તિ થાય છે.

ટીકા :-

તઓ ચુઓ સમાણો ઉવવન્નો પવસિયભત્તારાએ પડિવાસુદેવપુરોહિયધૂયાએ કુચ્છિંસિ । અહડન્નયા વિયાણિउं તીએ જણણીએ પુરોહિઅભજ્જાએ જહા णं 'હા ! હા ! દિન્નં મસિકુચ્ચયં સવ્વનિયકુલસ્સ ઇમીએ દુરાયારાએ મજ્ઝ ધૂયાએ' સાહિયં ચ પુરોહિયસ્સ । તઓ સંતપ્પિઊણ સુइરં બહું ચ હિયએણ સાહારિउं णિવ્વિસયા કયા સા તેણં પુરોહિએણં મહંતાડસજ્ઝદુન્નિવારાયસભીરૂણા । અહડન્નયા થેવકાલંતરેણં કહિંવિ ઠાણમલભમાણી સીउण્હવાયવિજ્ઝડિયા સુજુત્ક્ષામકંઠા (ખુરચ્છામકંઠા) દુક્ખસંતત્તા દુબ્ભિક્ખદોસેણં પવિટ્ઠા દાસત્તાએ રસવાણિયગસ્સ ગેહે । તત્થ ય બહુણં મજ્જપાણગાણં સંચિયં સાહરેઇ, અણુસમયમુચ્ચિટ્ઠયંતિ । અન્નયા અણુદિણં સાહરમાણીએ તમુચ્ચિટ્ઠગં દટ્ઠૂણં ચ બહુમજ્જપાણગે મજ્જમાપિયમાણે પોગ્ગલં ચ સમુદ્દિસંતે, તાહે વ તીએ મજ્જમંસસ્સોવરિં દોહલગં સમુપ્પન્નં જાવ णં તં બહુમજ્જપાણગં નડનટ્ટચારણભડોડ્ડચેડતક્કરાસારિસ-જાતીયસમુજ્ઝિયખુરસીસપુચ્છકન્નટ્ઠિયગયં उચ્ચિટ્ઠં ચ વિલૂરખંડં તં સમુદ્દિસિउં સમારદ્ધા । તાહે તેસુ ચેવ उચ્ચિટ્ઠકોડિયગેસુ જં કિંચિ णાહીએ મજ્ઝં વિવક્કં તમેવાસાइउમારદ્ધા । એવં ચ કइવયદિણાइક્કમેણં મજ્જમંસસ્સોવરિં દઢં ગેહી સંજાયા । તાહે તસ્સેવ રસવાણિરગસ્સ ગેહાઓ પરિમુસિઊણ કિંચિ કંસદૂસદવિણજાયં, અન્નત્થ વિક્કિણિઊણં મજ્જમંસં પરિભુંજइ । તાવ णં વિન્નાયં તેણ રસવાણિજ્જગેણ । સાહિયં ચ નરવइણો । તેણાવિ વજ્ઝા સમાइટ્ઠા । તત્થ ય રાउલે એસો ગો० ! કુલધમ્મો જહા णં જા કાइ આવન્નસત્તા નારી અવરાહદોસેણં સા જાવ णં નો પંસૂયા તાવ णં નો વાવાएયવ્વા, તેહિં વિણિउત્તગણિભિંતગેહિં સગેહે નેઊણ પસૂइસમયં જાવ णિયંતિયા રક્ખેયવ્વા । અહડન્નયા णીયા તેહિં હરિएસજાइહિંસગેહિં । કાલકમેણ પસૂયા ય દારગં તં સાવજ્જાયરિયજીવં । તઓ પસૂયામેત્તા ચેવ તં બાલકં

उज्झिऊण पणट्ठा मरणभयाहित्था सा गो० ! दिसमेक्कं गंतूणं । वियाणियं च तेहिं पावेहिं जहा पणट्ठा सा पावकम्मा । साहियं च नरवइणो सूणाहिवइणा जहा णं देव ! पणट्ठा सा दुरायारा कयलीगब्भोवमं दारगं उज्झिऊणं । रन्नावि पडिभणियं-जइ णाम सा गया ता गच्छउ । तं बालगं पडिवालेज्जासु सव्वहा तहा कायव्वं जहा तं बालगं णं वावज्जे । गिण्हेसु इमे पंच सहस्सा दविणजायस्स । तओ नरवइणो संदेसेण सुयमिव परिवालिओ सो पंसुलीतणओ । अन्नया कालक्कमेण मओ सो पावकम्मो सूणाहिवई । तओ रन्ना समणुजाणिओ तस्सेव बालगस्स घरसारं कओ पंचण्हं सयाणं अहिवई । तत्थ य सूणाहिवइपए ठिओ समाणो ताइं तारिसाइं अकरणिज्जाइं समणुट्ठित्ताणं गओ सो गो० ! सत्तमाए पुढवीए अपइट्ठाणणामे निरयावासे सावज्जायरियजीवो ।

एवं तं तत्थ तारिसं घोरपचंडरुद्दं सुदारुणं दुक्खं तेत्तीसं सागरोवमं जाव कहकहवि किलेसेणं समणुभविऊणं इहागओ समाणो उववन्नो अंतरदीवे एगोरुअजाई । तओ वि मरिऊणं उववन्नो तिरियजोणीए महिसत्ताए । तत्थ वि जाइं काइं वि णारगदुक्खाइं तेसिं णु सरिसणामाइं अणुभविऊणं छव्वीससंवच्छराणि तओ गो० ! मओ समाणो उववन्नो मणुएसुं तओ गओ वासुदेवत्ताए सो सावज्जायरियजीवो । तत्थवि अहाऊयं परिपालिऊणं अणेगसंगामारंभपरिग्गहदोसेण मरिऊण गओ सत्तमाए । तओ वि उव्वट्टिऊण सुइरकालाओ ववन्नो गयकन्नो नाम मणुअजाई । तओ वि कुणिमाहारदोसेणं कुरज्झवसायमई गओ मरिऊणं पुणोवि सत्तमाए तहिं चेव अपइट्ठाणे णिरयावासे । तओ उव्वट्टिऊणं पुणोवि उववन्नो तिरिएसु महिसत्ताए । तत्थवि णं नरगोवमं दुक्खमणुभवित्ता णं मओ समाणो उववन्नो बालविधवाए पंसुलीए माहणधूआए कुच्छिंसि । अहऽन्नया निउत्तपच्छन्नगब्भसाडणपाडणे खारचुण्णजोगदोसेण अणेगवाहिवेयणापरिगयसरीरो हलहलंतकुट्ठवाहीए परिगलमाणो सलसलंतकिमिजालेण खज्जंतो नीहरिओ निरओवमघोर-दुक्खनिवासाओ गब्भवासाओ गो० ! सो सावज्जायरियजीवो। तओ सव्वलोगेहिं निंदिज्जमाणो गरहिणज्जमाणो दुगुंछिज्जमाणो खिंसिज्जमाणो सव्वलोगपरिभूओ, पाणरवाणभोगोवभोगपरिवज्जिओ गब्भवासपभित्तीए चेव विचित्तसारीरमाणसिगघोरदुक्खसंतत्तो सत्तसंवच्छरसयाई दो मासे च चउरो दिणे य जाव जीविऊणं मओ समाणो उववन्नो वाणमिंतरेसुं । तओ चुओ उववन्नो मणुएसुं पुणोवि सूणाहिवइत्ताए । तओवि तक्कम्मदोसेणं सत्तमाए । तओवि उव्वट्टिऊणं उववन्नो तिरिएसुं चक्कियघरंसि गोणत्ताए । तत्थ य चक्कसगडलंगलायट्टणेणं अहन्निसं जुगारोवणेणं पच्चिऊण कुहियउव्वियं खंधं संमुच्छिए य किमी ताहे अक्खमीहूयं खंधं जूयधरणस्स विण्णाय पट्ठीए वाहिऊमारुद्धो तेणं चक्किएणं । अहऽन्नया कालक्कमेणं जहा खंधं तहा पच्चिऊण कुहिया पट्ठी । तत्थ वि संमुच्छिए किमी । सडिऊण विगयं च पट्ठिचम्मं । ता अकिंचियरं निप्पओयणंति णाऊण मोक्कलिओ गो० ! तेणं चक्किएणं तं सलसलंतकिमिजालेहिं णं खज्जमाणं बइल्लं सावज्जायरियजीव । तओ मोक्कलिओ समाणो परिसडियपट्ठिचम्मो बहुवायसाणकिमिकुलेहिं सबज्झब्भंतरे विलुप्पमाणो एकूणतीसं संवच्छराइं जाव आउयं परि-वालेऊणं मओ समाणो उववण्णो अणेगवाहिवेयणापरिगयसरीरो मणुएसुं महाधण्णस्स णं इब्भस्स गेहे । तत्थ य वमणविरेयणखारकडुतित्तकसायतिलहलागुग्गलकाढगेहिं ओसहेहिं

पीडियस्स सिरावेहाइहिं णिच्चं पत्तवसणस्स णिच्चविसोसणाहिं च असज्झाणुवसम्मघोरदारुणदुक्खेहिं पज्जालिअस्स गो० ! गओ निप्फलो तस्स मणुयजम्मो । एवं च गो० ! सावज्जायरियजीवो चोद्दसरज्जुयलोगं जम्ममरणेहिं णं निरंतरं पडियरिऊणं सुदीहाणंतकालाओ समुप्पन्नो मणुयत्ताए अवरविदेहे । तत्थ य [२१]भागवसेणं लोगाणुवत्तीए गओ तित्थयरस्स वंदणवत्तियाए । पडिबुद्धो य पव्वइओ । सिद्धो अ इह तेवीसमतित्थयरपासणामस्स काले । एयं तं गो० ! सावज्जायरिएणं पावियं ।

से भयवं ! किं पच्चइयं तेणानुभूयं एरिसं दूसहं घोरदारूणं महादुक्खसंनिवायसंघट्टमित्तियकालंति ? गो० ! जं भणियं तक्कालसमये जहा णं 'उस्सग्गाववाएहिं आगमो ठिओ, एगंतो मिच्छत्तं, जिणाणमाणा अणेगंतो'त्ति एयवयणपच्चइयं । सो भयवं ! किं उस्सग्गाववाएहिं णं नो ठियं आगमं ? एगंतं च पन्नविज्जइ ? गो० ! [२२]उस्सग्गाववाएहिं चेव पवयणं ठियं, अणेगंतं च पन्नविज्जइ, णो णं एगंतं । णवरं आउक्कायपरिभोगं तेउकायसमारंभं मेहुणासेवणं च एते तओ ठाणंतरे एगंतेणं ३ णिच्छयओ बाढं ३ सव्वहा सव्वपयारेहिं णं आयहियट्ठीणं निसिद्धंति । [२३]एत्थं च सुत्ताइक्कमे णं सम्मग्गविप्पणासणं उम्मग्गपयरिसणं । तओ य आणाभंगं । आणाभंगाओ अणंत-संसारी । से भयवं ! किं तेण सावज्जायरिएणं मेहुणं पडिसेवियं ? उदाहु अपडिसेवियं ? गो० । णो पडिसेवियं णो अपडिसेवियं । पडिसेवियापडिसेवियं । से भयवं ! केणं अट्ठेणं एवं वुच्चइ ? गो० ? जं तीए अज्जाए तक्कालं उत्तिमंगेणं पाए फरिसिए । फरिसिज्जमाणे य णो तेण आउंटिय संवरिए । एएणं अट्ठेणं एवं गो० ! वुच्चइ । से भयवं ! [२४]एद्दहमेत्तस्सवि णं एरिसे घोरदुव्विमोक्खे बद्धपुट्ठनिकाइए कम्मबंधे ? गो० ! एवमेयं ण अन्नह त्ति । से भयवं ! तेण तित्थयरणामकम्मगोयं आसकलियं, एगभवावसेसीकओ आसी भवोयहि, ता किमेयमणंतसंसाराहिंडयंति ? गो० ! नियपमायदोसेणं । तम्हा एयं वियाणित्ता भवविरहमिच्छमाणेणं गो० ! सुदिट्ठसमयसारेणं गच्छाहिवइणा सव्वहा सव्वपयारेहिं णं सव्वत्थामेसु अच्चंतं अप्पमत्तेणं भवियव्वं त्तिबेमि ।।२९।।

ટીકાર્થ :-

तओ ..... पावियं । ત્યાંથી ચ્યવે છતે પરદેશ ગયેલા પતિવાળી પ્રતિવાસુદેવના પુરોહિતની પુત્રીની કુક્ષિમાં ઉત્પન્ન થયો, હવે અન્યદા તેની અર્થાત્ તે દિકરીની માતા પુરોહિતની પત્ની વડે જાણીને, હા ! હા ! આ દુરાચારી મારી પુત્રીએ સર્વ નિજકુળને મશીનો કૂચડો અપાયો અર્થાત્ કુળને કલંક લગાડ્યું, અને પુરોહિતને કહ્યું. તેથી લાંબોકાળ સંતાપ પામીને હૃદયથી નિર્ધાર કરીને મહાન અસાધ્ય દુર્નિવાર અપયશના ભયવાળા તે પુરોહિત વડે તે પુત્રી દેશમાંથી કાઢી મુકાઈ. હવે અન્યદા થોડા કાળ પછી ક્યાંય પણ સ્થાનને ન પામતી, ઠંડી-ગરમી અને વાયરાથી વ્યાપ્ત, ક્ષુધાથી દુર્બળ કંઠવાળી, દુઃખથી સંતપ્ત, દુર્ભિક્ષના કારણે=ભિક્ષા ન મળવાને કારણે, રસવણિજ્યના ઘરમાં દાસપણાથી પ્રવેશ પામી.

૨૧, ૨૨, ૨૩ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૯૨

૨૪ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૯૩

✪ સુજુત્ક્ષામકંઠા મુદ્રિત પુસ્તકમાં પાઠ છે, ત્યાં પ્રત્યંતરમાં ખુરછામકંઠા પાઠ છે, અને ખુર શબ્દ ક્ષુધા અર્થમાં વપરાયેલો છે.

અને ત્યાં ઘણા મદ્યપાનકોને મદ્યના પ્યાલાઓને એકઠા કરે છે અને આખો દિવસ તે મદ્યપાનકોને સાફ કરે છે. અન્યદા તે ઉચ્છિષ્ટને સાફ કરતી તેણીએ મદ્યને પીતા લોકોને અને પુદ્ગલને=માંસને ખાતા લોકોને જોઈને ત્યારે તેણીને મદ્ય-માંસ ઉપર દોહલો ઉત્પન્ન થયો. યાવત્ તે બહુ મદ્યપાનકોને તથા નડ, નટ્ટ, ચારણ, ભાટ, ઉડ્ડ, ચેટ, તસ્કર આ બધા રૂપ અસદૃશ જાતિથી ત્યાગ કરાયેલ ખુર, શીર્ષ, પૂંછ, કાન અને અસ્થિગત ઉચ્છિષ્ટ તે વિલૂરખંડને અર્થાત્ તે માંસના ખંડને ખાવા માટે પ્રવૃત્ત થઈ. ત્યારે તે જ ઉચ્છિષ્ટ કોડિયામાં રહેલા જે કાંઈ નાભિના મધ્યમાં વિપક્વ માંસ તેને જ આસ્વાદન કરવા માટે પ્રવૃત્ત થઈ. ત્યારે જે ઉચ્છિષ્ટ કોડિયામાં રહેલા જે કાંઈ નાભિના મધ્યમાં વિપક્વ માંસ તેને જ આસ્વાદન કરવા માટે પ્રવૃત્ત થઈ.

✪ નડ, નટ્ટ અલગ અલગ નટ જાતિવિશેષ છે. વિલૂરખંડ નો માંસના ટુકડા અર્થ ભાસે છે.

✪ णाहीए मज्झं નો અર્થ નાભિના મધ્યમાં અર્થાત્ ઉચ્છિષ્ટ કોડિયાના મધ્યભાગમાં રહેલ એવો અર્થ ભાસે છે.

અને આ પ્રમાણે કેટલાક દિવસો અતિક્રમ થવાથી મદ્ય-માંસના ઉપર તેણીને દૃઢ ગૃદ્ધિ ઉત્પન્ન થઈ, ત્યારે તે જ રસવણિકના ઘરથી કાંઈ પણ કાંસાના પાત્ર, દૂષ્ય (વસ્ત્ર), ધનના સમૂહને ચોરીને અન્યત્ર વેચીને મદ્ય-માંસને ખાય છે, તે પ્રમાણે તે રસવણિકે જાણ્યું અને રાજાને કહ્યું. રાજાએ પણ વધ્યા તરીકે (વધ માટે) આદિષ્ટ કરી અને તે રાજકુળમાં હે ગૌતમ ! આ કુળધર્મ છે, જે આ પ્રમાણે -

જે કોઈ ગર્ભવતી નારી અપરાધદોષથી તે યાવત્ પ્રસૂતિ ન પામે ત્યાં સુધી વ્યાપાદન કરાવી ન જોઈએ, અને તે વિનિયુક્ત ગણિ માતંગો વડે પોતાના ઘરમાં લઈ જઈને યાવત્ પ્રસૂતિ સમય સુધી નિયંત્રિત રક્ષણ કરાવી જોઈએ.

હવે અન્યદા તે હરિકેશ જાતિવાળા હિંસક વડે લઈ જવાઈ, અને કાળક્રમથી તે સાવદ્યાચાર્યના જીવને તેણીએ પુત્રરૂપે જન્મ આપ્યો. ત્યાર પછી પ્રસૂતિમાત્રથી જ મરણભયથી આકુળ એવી તે, હે ગૌતમ ! તે બાળકને છોડીને એક દિશામાં જઈને ભાગી ગઈ અને તે પાપીઓ વડે જણાયું કે તે પાપિણી નાસી ગઈ છે, અને ચાંડાલાધિપતિએ રાજાને કહ્યું, જે આ પ્રમાણે -

હે દેવ ! કદલીગર્ભની ઉપમાવાળા બાળકને છોડીને તે દુરાચારિણી ભાગી ગઈ છે. રાજાએ પ્રત્યુત્તર આપ્યો, ભલે તે ગઈ તો જવા દો, તે બાળકની સારસંભાળ કરજો. સર્વથા તે પ્રમાણે કરવું જેમ તે બાળક મૃત્યુ ન પામે, અને આ પાંચ હજાર દ્રવ્યના સમૂહને ગ્રહણ કરો. ત્યાર પછી રાજાના હુકમથી પુત્રની જેમ તે કુલટાનો પુત્ર પાલન કરાયો.

અન્યદા કાળક્રમ વડે તે પાપકર્મી ચાંડાલાધિપતિ મૃત્યુ પામ્યો ત્યારે રાજાએ તે બાળકને વારસદાર બનાવ્યો, (घरसार નો અર્થ ઘરનો વારસદાર સમજવો.) અને પાંચસો ચાંડાલનો અધિપતિ બનાવ્યો. ત્યાં ચાંડાલોના અધિપતિપદે રહેલો છતો તે તેવા પ્રકારનાં ન કરવા યોગ્ય કાર્યો કરીને, હે ગૌતમ ! તે સાવદ્યાચાર્યનો જીવ સાતમી નારકમાં અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં ગયો. આ પ્રમાણે તે સાવદ્યાચાર્યનો જીવ ત્યાં અર્થાત્ સાતમી નરકમાં ઘોર, પ્રચંડ, રુદ્ર, સુદારુણ દુઃખને તેત્રીસ સાગરોપમ સુધી મહાક્લેશ વડે અનુભવીને અહીં આવેલો છતો

અંતરદ્વીપમાં એક ઉરગજાતિ તરીકે ઉત્પન્ન થયો.

(कहकहवि किलेसेणं નો અર્થ મહાક્લેશ વડે એવો ભાવ છે.)

ત્યાંથી મૃત્યુ પામીને તિર્યંચયોનિમાં પાડારૂપે ઉત્પન્ન થયો. ત્યાં પણ નરકનાં દુઃખ હોય તેના સરખાં નામવાળાં દુઃખોને છવીસ વર્ષ સુધી અનુભવીને, ત્યાર પછી હે ગૌતમ ! મૃત્યુ પામીને તે મનુષ્યમાં ઉત્પન્ન થયો. ત્યાર પછી તે સાવદ્યાચાર્યનો જીવ વાસુદેવપણામાં ગયો. ત્યાં પણ યથાઆયુષ્ય પરિપાલન કરીને અનેક સંગ્રામ, આરંભ અને પરિગ્રહના દોષથી મરીને સાતમી નરકમાં ગયો. ત્યાંથી પણ નીકળીને ઘણા લાંબા કાળે ગજકર્ણ નામે મનુષ્યજાતિવાળો થયો. ત્યાં પણ માંસાહારના દોષથી ક્રૂર અધ્યવસાય-મતિવાળો મરીને ફરી પણ સાતમી નરકમાં તે જ અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ગયો. ત્યાંથી નીકળીને ફરી પણ તિર્યંચમાં મહિષપણાથી ઉત્પન્ન થયો. ત્યાં પણ નરકની ઉપમાવાળાં દુઃખોને અનુભવીને મૃત્યુ પામ્યો છતો બાલવિધવા, કુલટા બ્રાહ્મણની પુત્રીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. હવે અન્યદા નિષ્પન્ન અર્થાત્ તૈયાર થયેલા ગુપ્ત ગર્ભને નાશ કરવા અને પાડી નાંખવા માટે ક્ષાર ચૂર્ણ પ્રયોગના યોગના દોષને કારણે થયેલ અનેક વ્યાધિ-વેદનાથી વ્યાપ્ત શરીરવાળો, હલહલંત (દુષ્ટ) કુષ્ટ વ્યાધિથી નીતરતો (પરૂ ઝરતો), સલસલ કરતા કૃમિના સમૂહથી ખવાતો, નરકની ઉપમાવાળા ઘોર દુઃખના નિવાસરૂપ ગર્ભાવાસથી, હે ગૌતમ ! તે સાવદ્યાચાર્યનો જીવ નીકળ્યો.

ત્યાર પછી સર્વ લોકો વડે નિંદાતો, ગર્હા કરાતો, દુગુંછા કરાતો, ખિંસા કરાતો, સર્વલોકથી પરાભવ પામેલો, પાન-ખાન-ભોગોપભોગથી રહિત, ગર્ભાવાસથી માંડીને જ વિચિત્ર શારીરિક, માનસિક ઘોર દુઃખથી સંતપ્ત, સાતસો વર્ષ, બે મહિના, ચાર દિવસ સુધી યાવત્ જીવીને મૃત્યુ પામેલો છતો વાણવ્યંતરમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મનુષ્યમાં ફરી પણ ચાંડાલાધિપતિપણા વડે ઉત્પન્ન થયો. ત્યાંથી પણ તે કર્મના દોષથી સાતમી નરકમાં ગયો. ત્યાંથી પણ નીકળીને તિર્યંચમાં કુંભારના ઘરમાં બળદપણામાં ઉત્પન્ન થયો. ત્યાં પણ ચક્ર, ગાડાં, હળમાં આવર્તન વડે રાત-દિવસ ધોંસરીના ધારણ વડે પાકી જવાને કારણે ખાંધ કોહવાઈ ગઈ, અને તેમાં કૃમિ ઉત્પન્ન થયા. ધોંસરી ધારણ કરવા માટે અસમર્થ ખાંધ જાણીને તે કુંભાર વડે પીઠથી ભાર વહન કરાવવા માટે આરંભ કરાયો. હવે અન્યદા કાળક્રમથી જેમ ખાંધ તેમ પીઠ પણ પાકી જવાથી કોહવાઈ ગઈ. તેમાં પણ કૃમિ ઉત્પન્ન થયા અને પીઠનું ચામડું સડીને નીકળી ગયું. તેથી અકિંચિત્કર નિષ્પ્રયોજન છે, એ પ્રમાણે જાણીને, હે ગૌતમ ! તે કુંભાર વડે, સલસલતા કીડાઓથી ખવાતો બળદરૂપી સાવદ્યાચાર્યનો જીવ, છૂટો મૂકી દેવાયો. ત્યાર પછી છૂટો મુકાયેલો છતો પરિશટિત પૃષ્ઠ-ચર્મવાળો ઘણા કાગડા, કૂતરા અને કૃમિઓના સમુદાયથી બહારથી અને અંદરથી વિનાશ કરાતો (બહારથી કાગડા-કૂતરાં કોચી રહ્યાં છે, અંદરથી કૃમિઓ ખાય છે) ઓગણત્રીસ વરસ સુધી આયુષ્ય પાલન કરીને મરેલ છતો, અનેક વ્યાધિ-વેદનાથી વ્યાપ્ત શરીરવાળો, મનુષ્યમાં મહાધન શ્રેષ્ઠિના ઘરમાં ઉત્પન્ન થયો, અને ત્યાં પણ વમન, વિરેચન, ખારાં, કડવાં, તીખાં, કષાયેલાં, ત્રિફલા, ગુગ્ગુલના કાઢારૂપ ઔષધથી પીડા પામતો એવો, સિરાવેધાદિથી પ્રાપ્ત કરેલ નિત્ય કષ્ટવાળો, નિત્ય વિશોષણારૂપ અસાધ્ય અને અનુપશમ એવા ઘોર દારુણ દુઃખો વડે બળાતો એવો તેનો મનુષ્યજન્મ નિષ્ફળ ગયો.

✪ णिच्चविसोसणाहिं - અસાધ્ય અને અનુપશમ એવા વ્યાધિનાં ઘોર, દારુણ દુઃખો છે, અને તે શરીરને શોષનારાં છે અર્થાત્ શરીરને ધીરે ધીરે ક્ષીણ કરનારાં છે.

એ પ્રમાણે હે ગૌતમ ! તે સાવદ્યાચાર્યનો જીવ ચૌદ રાજલોકમાં જન્મ-મરણ વડે નિરંતર સુદીર્ઘ

અનંતકાળથી ભ્રમણ કરીને અપર વિદેહમાં મનુષ્યપણામાં ઉત્પન્ન થયો.

✪ સુદીહાણંતકાલાઓ અનંતકાળ પરિભ્રમણનો નાનો-મોટો હોય છે. અહીં સુદીર્ઘ એટલે મોટો અનંતકાળ પરિભ્રમણનો લેવાનો છે.

અને ત્યાં ભાગ્યના વશથી લોકની અનુવૃત્તિથી તીર્થંકર ભગવંતને વંદન કરવા માટે ગયો, અને પ્રતિબોધ પામી પ્રવ્રજિત થયો, અને અહીં પાર્શ્વ નામના તેવીસમાં તીર્થંકરના કાળમાં સિદ્ધ થયો.

આ પ્રમાણે હે ગૌતમ ! સાવદ્યાચાર્યના જીવે તે પ્રાપ્ત કર્યું અર્થાત્ પૂર્વમાં વર્ણન કરાયું, એ પ્રમાણે, તે સાવદ્યાચાર્યના જીવ વડે તે અર્થાત્ દુઃખ પ્રાપ્ત કરાયું.

હે ભગવંત ! કયા નિમિત્તક તે સાવદ્યાચાર્ય વડે આવા પ્રકારના દુઃસહ, ઘોર, દારુણ, મહાદુઃખના સંનિપાતના સંઘટ્ટને આટલા કાળ સુધી અનુભવાયો ? અર્થાત્ દુઃખના આવી પડવારૂપ સંઘટ્ટ આટલા કાળ સુધી અનુભવાયો ?

ઇતિ પ્રશ્નના કથનની સમાપ્તિસૂચક છે.

હે ગૌતમ ! તે કાળસમયે જે કહેવાયું, જે આ પ્રમાણે -

ઉત્સર્ગ અને અપવાદ વડે આગમ સ્થિત છે, એકાંત મિથ્યાત્વ છે, જિનેશ્વરની આજ્ઞા અનેકાંતમય છે. એ પ્રમાણે આ વચનનિમિત્તક દુઃખ અનુભવાયું.

હે ભગવંત ! શું ઉત્સર્ગ અને અપવાદ વડે આગમ સ્થિત નથી ? અને એકાંત પ્રજ્ઞાપનીય છે ?

[૨૨]હે ગૌતમ ! ઉત્સર્ગ અને અપવાદ વડે જ પ્રવચન સ્થિત છે, અને અનેકાંત પ્રજ્ઞાપનીય છે, એકાંત નહિ. પરંતુ અપ્કાયનો પરિભોગ, તેઉકાયનો સમારંભ અને મૈથુનનું આસેવન - આ ત્રણે સ્થાનાંતરમાં એકાંતે એકાંતે એકાંતે, નિશ્ચયથી નિશ્ચયથી નિશ્ચયથી, અત્યંત, અત્યંત, અત્યંત સર્વથા સર્વ પ્રકારે આત્મહિતાર્થીને નિષિદ્ધ છે. [૨૩]અહીં સૂત્રનું ઉલ્લંઘન કરવામાં સન્માર્ગનો વિનાશ, ઉન્માર્ગનો પ્રકર્ષ અને તેનાથી આજ્ઞાભંગ અને આજ્ઞાભંગથી અનંત સંસારી થાય છે.

હે ભગવંત ! શું તે સાવદ્યાચાર્યે મૈથુન સેવ્યું હતું કે ન સેવ્યું હતું ? હે ગૌતમ ! પ્રતિસેવિત નથી અને અપ્રતિસેવિત નથી, પરંતુ પ્રતિસેવિત-અપ્રતિસેવિત હતું.

હે ભગવંત ! કયા અર્થથી આ પ્રમાણે કહો છો ? હે ગૌતમ ! જે તે આર્યા વડે તે કાળે ઉત્તમાંગ વડે પાદ સ્પર્શ કરાયા અને સ્પર્શ કરાતા પગો સંકોચાયા નહિ, એ અર્થથી મૈથુન પ્રતિસેવિત- અપ્રતિસેવિત છે, એ પ્રમાણે કહેવાયું છે.

હે ભગવંત ! [૨૪]આટલામાત્રથી પણ=આટલા ઉત્સૂત્રમાત્રથી પણ. આવા ઘોર દુઃખે કરીને મુક્ત કરી શકાય તેવા બદ્ધ સ્પૃષ્ટ નિકાચિત કર્મબંધ થયા ? હે ગૌતમ ! એ પ્રમાણે જ આ છે. અન્યથા નથી.

'ઇતિ' શબ્દ ઉત્તરના કથનની સમાપ્તિઅર્થક છે.

હે ભગવંત ! તે સાવદ્યાચાર્ય વડે તીર્થંકરનામકર્મગોત્ર એકઠું કરેલું, એક ભવ અવશેષીકૃત=બાકી રહેલ, ભવોદધિ હતો, છતાં કેમ અનંત સંસાર ભ્રમણ કરવું પડ્યું ? હે ગૌતમ ! પોતાના પ્રમાદના દોષથી. તેથી આ

જાણીને ભવવિરહને ઈચ્છનાર, હે ગૌતમ ! સારી રીતે જાણ્યો છે શાસ્ત્રનો સાર જેણે એવા, ગચ્છાધિપતિ વડે સર્વથા સર્વપ્રકારે સર્વ પરાક્રમમાં અત્યંત અપ્રમત્તપણાથી રહેવું જોઈએ, આ પ્રમાણે હું કહું છું. આ પ્રમાણે ઉપરોક્ત કથન ભગવાન ગૌતમસ્વામીને કહે છે કે હું કહું છું. ॥૨૯॥

વિશેષાર્થ :-

(૨૧) "भागवसेणं लोगाणुवत्तीए" - અહીં ભાગ્યના વશથી અને લોકની અનુવૃત્તિથી તીર્થંકરની વંદના નિમિત્તે ગયો એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, અત્યાર સુધી ઉત્સૂત્રના ભાષણથી જે એનું પાપકર્મ વિદ્યમાન હતું, તે પૂરું થવાથી હવે તેનું સારું ભાગ્ય પ્રગટ થયું છે, અને તેના કારણે જ જેમ બીજા લોકો ભગવાનને વંદન કરવા જતા હતા, એ પ્રમાણે તેઓને જોઈને તેઓની અનુવૃત્તિથી એ પણ વંદન કરવા માટે ગયો. જ્યારે કોઈક જીવનું દુર્ભાગ્ય વર્તતું હોય અને લોક અનુવૃત્તિથી જ્યારે તીર્થંકર પાસે જાય ત્યારે તીર્થંકરના વચનોનું શ્રવણ કરીને પણ તેમના પ્રત્યે પ્રદ્વેષ કે અનાદરાદિ ભાવ જ તેને થાય છે. પરંતુ સાવદ્યાચાર્યને તે દુર્ભાગ્ય કર્મ પૂરું થયેલું હોવાને કારણે તીર્થંકરનાં વચનો તેને પરિણામ પામે છે.

(૨૨) "उसग्गावयाएहिं चेव ..... निसिद्धंति ।"

અહીં વિશેષ એ છે કે, જિનશાસન સર્વત્ર અનેકાંત કહે છે, અને તે રીતે અપકાય-તેઉકાય અને મૈથુન એ ત્રણમાં પણ કોઈ સ્થાનવિશેષને આશ્રયીને અનેકાંત પણ છે. જેમ નદીમાંથી સાધુ ઊતરે છે ત્યારે અપકાયની વિરાધના થાય છે, વળી અપવાદિક આધાકર્માદિ ગોચરી ગ્રહણ કરે છે ત્યારે તેઉકાયની વિરાધના થાય છે, અને કોઈ સાધ્વીજી નદી ઊતરતાં હોય અને તે વખતે અચાનક પાણીમાં પડી જવાથી પૂર આવે તો તણાઈ જવાની સ્થિતિ પેદા થાય તે વખતે, તે સાધ્વીજીને નદીમાંથી બહાર કાઢી શકે તેવો અન્ય કોઈ ઉપાય વિદ્યમાન ન હોય, અને સાધુ ત્યાં હોય અને તે સાધ્વીજીને બચાવી શકે તેમ હોય, તો નદીમાં પડીને સાધ્વીજીને સ્પર્શ કરીને પણ બહાર કાઢે. આવા સ્થાનવિશેષમાં આ ત્રણમાં અપવાદ છે, તો પણ પાણી, અગ્નિ અને સ્ત્રીનો સંગ ગૃહસ્થજીવનનાં આ ત્રણ અંગો છે, અને તેથી ગૃહસ્થભાવના અત્યંત પરિહાર માટે સાધુએ આ ત્રણનો અત્યંત પરિહાર કરવો જોઈએ, એ બતાવવા માટે આ ત્રણને એકાંત વર્જનીય બતાવેલ છે. અને જે સ્થાનમાં અનેકાંત પ્રાપ્ત નથી તેવા સ્થાનમાં, પોતાની માનહાનિના રક્ષણ માટે સાવદ્યાચાર્યે જિનશાસન અનેકાંતમય છે એમ કહીને, તે સાધ્વીજીએ તેમને વંદન કરતી વખતે કરેલા સ્પર્શને નિર્દોષ સ્થાપન કરવા યત્ન કર્યો, તેથી તેમનું તે વચન ઉત્સૂત્રરૂપ બન્યું.

(૨૩) एत्थं च सुत्ताइक्कमे .... आणाभंगाओ अणंतसंसारी ।

આનાથી એ ફલિત થાય છે કે, ભગવાનના વચનથી વિપરીત પ્રરૂપણા કરવાથી કે ભગવાનની આજ્ઞાથી વિપરીત નિઃશૂકતાથી પ્રવૃત્તિ કરવાથી પણ સંક્લેશની તરતમતાથી યાવત્ અનંત સંસારની વૃદ્ધિ થઈ શકે છે; અને તે વખતે ભગવાનના વચન પ્રત્યેની જે ઉપેક્ષા વર્તે છે, તેના કારણે તત્ત્વના વિષયમાં મૂઢતા પેદા થાય તેવા પ્રકારનું દૃઢ દર્શનમોહનીયકર્મ બંધાય છે, જે અનુબંધશક્તિથી યાવત્ અનંત સંસાર જીવને પરિભ્રમણ કરાવે છે. જોકે દર્શનમોહનીયકર્મ ઉત્કૃષ્ટ ૭૦ કોડા કોડી સાગરોપમથી અધિક બંધાતું નથી,

પરંતુ તે વખતે બંધાયેલું દર્શનમોહનીયકર્મ જીવમાં મૂઢતાના પ્રવાહ દ્વારા યાવત્ અનંત સંસાર સુધી મૂઢતા પેદા કર્યા કરે તેવી શક્તિવાળું બંધાય છે. અને તેના ઉદયકાળમાં તત્ત્વવિષયક મૂઢતાને કારણે દરેક ભવમાં હિંસાદિ પાપકર્મોના ક્લિષ્ટ અધ્યવસાયો વારંવાર ઉત્પન્ન થવાને કારણે જીવને ખરાબ ભવોની પ્રાપ્તિ થાય છે. જોકે તે ખરાબ ભવો તે તે હિંસાદિના અધ્યવસાયથી પેદા થાય છે, તો પણ તે હિંસાદિના અધ્યવસાયો તે મૂઢતાને કારણે થયેલ છે, અને તે મૂઢતા ઉત્સૂત્રભાષણ આદિથી થયેલ છે. તેથી જ સાવદ્યાચાર્યને નરકાદિ ભવોની પ્રાપ્તિ ઉત્સૂત્રભાષણથી થયેલ છે, તેમ કહેવાય છે.

(૨૪) एद्दहमेत्तस्सवि ..... कम्मबंधे ।

આટલામાત્રથી એ પ્રકારનો શબ્દ સાધ્વીજીના સ્પર્શનો પરામર્શક નથી, પરંતુ પૂર્વમાં સાવદ્યાચાર્યે જે કહ્યું કે, એકાંત મિથ્યાત્વ છે, આગમ અનેકાંતરૂપે છે તે વચનનો પરામર્શક છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, આટલા વચનમાત્રથી સાવદ્યાચાર્યે ઘોર અને દુઃખે કરીને મુક્ત કરી શકાય એવાં બદ્ધ સ્પૃષ્ટ અને નિકાચિત કર્મો બાંધ્યાં, એ પ્રકારે અન્વય છે.

વજ્રાચાર્ય દૃષ્ટાંત

ટીકા :-

से भयवं ! जइ णं गणिणो वि अच्चंतविसुद्धपरिणामस्सवि केइ दुस्सीले सच्छंदत्ताएइ वा गारवत्ताएइ वा जायाइमयत्ताएइ वा आणं अइक्कमेज्जा से णं किमाराहगे भवेज्जा ! गो० ! जेणं गुरू समसत्तुमित्तपक्खो गुरुगुणेसुं ट्ठिए सययं सुत्ताणुसारेणं चेव विसुद्धासए विहरेज्जा, तस्साणमइक्कंतेहिं णवणउएहिं चउहिं सएहिं साहूणं जहा विराहियं तहा चेव अणाराहगे हविज्जा ।

ટીકાર્થ :-

से भयवं ! ..... हविज्जा । હે ભગવંત ! અત્યંત વિશુદ્ધ પરિણામવાળા પણ ગણનાયકની પણ, કોઈ દુઃશીલ શિષ્ય સ્વચ્છંદતાથી કે ગારવપણાથી કે જાતિ આદિ મદપણાથી આજ્ઞા ઉલ્લંઘે તે શું આરાધક થાય ?

હે ગૌતમ ! જે કારણથી સમ શત્રુ-મિત્રવાળા, ગુરુગુણમાં સ્થિત, વિશુદ્ધ આશયવાળા એવા ગુરુ સતત સૂત્રાનુસારે વિચરતા હોય, તેની આજ્ઞાને ઉલ્લંઘન કરવાથી ચારસો નવાણું સાધુઓ જે પ્રમાણે વિરાધિત થયા, તે પ્રમાણે જ અનારાધક થાય.

✪ અહીં પ્રસ્તુત દૃષ્ટાંતમાં સ્વચ્છંદપણાથી ૪૯૯ શિષ્યોએ આજ્ઞાનું ઉલ્લંઘન કરેલ છે.

ટીકા :-

से भयवं ! कयरे णं ते पंचसए एक्कविवज्जिए साहूणं जेहिं च णं [1]तारिसगुणोववेयस्स महाणुभागस्स गुरुणो आणं अइक्कमिउं णाराहियं ? गो० ! णं इमाए चेव उसभाइचउवीसिगाए अतीताए तेवीसमाए चउवीसिगाए

---

१ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૯૪

जाव णं परिणिव्वुडे चउवीसइमे अरहा ताव णं अइक्कंतेणं केवइएणं कालेणं गुणनिप्फन्ने कम्मसेलमुसुमूरणे महायसे महासत्ते महाणुभागे सुगहियनामधेज्जे वइरे णाम गच्छाहिवईभूए । तस्स णं पंचसयं गच्छं निग्गंथीहिं विणा, निग्गंथीहिं समं दो सहस्से य अहेसि । गो० ! ताओ निग्गंथीओ अच्चंतपरलोगभीरुयाउ, सुविसुद्धनिम्मलंतकरणाओ, खंताओ दंताओ मुत्ताओ जिईन्दिओ, अच्चंनमभणिरीओ नियसरीरस्स विय निरवेक्खाओ छक्कायवच्छलाओ, जहोवइट्ठअच्चंतघोरवीरतवचरणसोसियसरीराओ जहा णं तित्थयरेण पन्नवियं तह चेव अदीणमाणसाओ मायामयहंकारममकाररतिहासखेड्डाकंदप्पणाहियवायविप्पमुक्काओ तस्सायरियस्स सगासे सामन्नमणुचरंति । [२]ते अ साहुणो सव्वेवि गो० ! न तारिसगुणा ।

ટીકાર્થ :-

से भयवं ..... न तारिसगुणा ।હે ભગવંત ! કયા તે એક રહિત એવા પાંચસો સાધુઓ=ચારસો નવાણું સાધુઓ, જેઓ વડે [1]તેવા પ્રકારના ગુણથી ઉપેત મહાનુભાગ એવા ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અનારાધક થવાયું ?

હે ગૌતમ ! આ જ ઋષભાદિ ચોવીસીથી પૂર્વે થયેલ ત્રેવીસમી ચોવીસીના યાવત્ ચોવીસમા તીર્થંકર નિર્વાણ પામ્યા ત્યારે, કેટલોક કાળ અતિક્રાંત થવાથી ગુણનિષ્પન્ન, કર્મરૂપી પર્વતનો ચૂરો કરનારા, મહાયશવાળા, મહાસત્ત્વવાળા, મહાનુભાગ, સુગૃહીત નામવાળા વજ્ર નામે ગચ્છાધિપતિ થયા. તેમને સાધ્વી વગર પાંચસો શિષ્યોના પરિવારવાળો ગચ્છ હતો, અને સાધ્વી સાથે બે હજારની સંખ્યા હતી.

હે ગૌતમ ! તે સાધ્વીજીઓ અત્યંત પરલોકભીરુ, સુવિશુદ્ધ નિર્મળ અંતઃકરણવાળી, ખાંત, દાંત, મુક્ત= નિર્લોભી, જિતેંદ્રિય, અત્યંત નમ્ર બોલનારી, પોતાના શરીરમાં પણ નિરપેક્ષ=સ્પૃહા વગરની, છકાય જીવોમાં વત્સલતાવાળી, યથોપદિષ્ટ=શાસ્ત્રમાં કહેલ, ઘોર, વીર તપ-ચારિત્ર વડે સુકાયેલા શરીરવાળી, જે પ્રમાણે તીર્થંકર ભગવાને પ્રરૂપેલ છે તે પ્રમાણે જ અદીન મનવાળી, માયા, મદ, અહંકાર, મમકાર, રતિ, હાસ્ય, ક્રીડા, કંદર્પ, અધિકવાદ=અધિક બોલવાથી રહિત, રહિત એવી તેઓ આચાર્યશ્રીની પાસે શ્રમણપણાનું અનુપાલન કરે છે. [2]હે ગૌતમ ! તે સાધુઓ સર્વે પણ તેવા ગુણવાળા ન હતા.

વિશેષાર્થ :-

(૧) 'तारिसगुणोववेयस्स' - પ્રસ્તુતમાં કહેલા ગુણવાળા ગુરુ ન હોય, અને તેના કારણે વિવેકસંપન્ન એવી તેમની આજ્ઞા ન હોય ત્યારે, યોગ્ય શિષ્ય વિનયપૂર્વક વડીલ તરીકેની મર્યાદાનો ભંગ ન થાય તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરે. આમ છતાં, ભગવાનની આજ્ઞાને અનુરૂપ તેમની આજ્ઞા નહિ હોવાથી ગુરુની આજ્ઞાનો અતિક્રમ કરે તો પણ શિષ્ય અનારાધક થતો નથી.

(૨) 'ते अ साहुणो सव्वे वि गो० ! न तारिसगुणा' - તે સાધુઓ સર્વે પણ તેવા ગુણવાળા નથી, એમ જે કહ્યું તેથી એ પ્રાપ્ત થાય છે કે, જે પ્રકારે સાધ્વીઓ અત્યંત શાંત-દાંત આદિ પરિણામવાળી હતી, તેવા પરિણામવાળા તે સાધુઓ ન હતા, છતાં ગુરુનિશ્રામાં રહીને સન્માર્ગની આરાધના કરે તેવા હતા, ઉલ્લંઠ

---

૨ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૯૪

આદિ દોષવાળા ન હતા. આથી જ ગીતાર્થ એવા તે આચાર્યે દીક્ષા આપીને તેઓનો ત્યાગ નથી કર્યો, પરંતુ સન્માર્ગમાં પ્રવર્તાવવા માટે યત્ન કર્યો છે. જે સર્વથા અયોગ્ય હોય તેમને દીક્ષા ન આપવી જોઈએ અને ક્વચિત્ અનાભોગથી આપી દીધી હોય, તો પણ તેમને સાચવવા યત્ન ન કરતાં વેશ ઉતારી લેવો જોઈએ; જેમ તે ચારસો નવાણું શિષ્યો જ્યારે ગુરુને છોડીને જવા તૈયાર થયા, ત્યારે આચાર્યે વેશ ઉતારવા માટે યત્ન કર્યો છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, શિષ્યોમાં યોગ્યતા હોવા છતાં કોઈક નિમિત્તને પામીને કંઈક અયોગ્યતા હોય તે જ્યારે પ્રગટ થાય છે, ત્યારે ગુણસંપન્ન ગુરુને છોડીને પણ તેઓ સ્વચ્છંદ રીતે તીર્થયાત્રા કરવા તત્પર થયા છે, અને તેથી જ સંસારમાં વિનાશને પામ્યા, અને એક શિષ્યનો વેશ ઉતારેલો તે ગુરુ સાથે રહીને અંતે વેશને ફરી પ્રાપ્ત કરીને કેવલજ્ઞાનને પામે છે.

ટીકા :-

અહऽન્નયા गोयमा ! ते साहुणो तं आयरियं भणंति जहा णं जइ भयवं ! तुमं आणवेहि तो णं अम्हे तित्थयरजत्तं करिय चंदप्पहसामियं वंदिय धम्मचक्कं गंतूणमागच्छामो । ताहे गो० ! अदीणमणसा अणुत्तालगंभीरमहुराए भारतीए भणियं तेणायरियेणं जहा इच्छायारेण न कप्पइ तित्थयत्तं गंतुं सुविहियाणं, तो जाव णं वोलेइ जत्तं ताव णं अहं तुम्हं चंदप्पहं वंदावेहामि । [3]अन्नं च जत्ताए गएहिं असंजमे पडिज्जइ । एएणं कारणेणं तित्थयत्ता पडिसेहिज्जइ । तओ तेहिं भणियं, जहा भयवं ! केरिसो उण तित्थयत्ताए गच्छमाणाणं असंजमो भवइ ? [4]सो पुणो इच्छायारेणं, बिइज्जवारं एरिसं उल्लावेज्जा बहुजणेणं वाउलग्गो भन्निहिसि ताहे गो० ! चिंतियं तेणं आयरियेणं जहा-णं मम वइक्कमिय निच्छयओ एए गच्छिहिंति, तेणं तु मए समं चडुत्तरेहिं वयंति । [5]अह अन्नया सुबहुं मणसा संधारेऊणं चेव भणियं तेण आयरियेणं जहा- णं तुब्भे किंचिवि सुत्तत्थं वियाणह च्चिय तो जारिसं तित्थजत्ताए गच्छमाणाणं असंजमं भवइ तारिसं सयमेव वियाणेह, किं एत्थ बहुपलविएण ? अन्नं च विदिय तुम्हेहिं पि संसारसहावं जीवाइपयत्थं तत्तं च ।

ટીકાર્થ :-

અહ ऽન્નયા ..... तत्तं च । હવે અન્યદા હે ગૌતમ ! તે સાધુઓ તે આચાર્યને કહે છે તે આ પ્રમાણે - હે ભગવંત ! જો આપની આજ્ઞા હોય તો અમે તીર્થંકરની યાત્રા કરીને ચંદ્રપ્રભસ્વામીને વંદન કરીને ધર્મચક્ર જઈને આવીએ.

ત્યારે હે ગૌતમ ! અદીન મન વડે, મંદ અને ગંભીર મધુર એવી વાણીથી તે આચાર્ય વડે કહેવાયું, જે આ પ્રમાણે - ઈચ્છાકારથી સુવિહિતોને તીર્થયાત્રા જવા માટે કલ્પતું નથી, તેથી જ્યારે યાત્રા=મહાસંઘયાત્રા ઉત્સવ પૂરો થશે ત્યારે હું તમને ચંદ્રપ્રભસ્વામીને વંદાવીશ. અને [3]અન્ય=બીજો દોષ એ છે કે, યાત્રાએ જવા વડે તમારાથી અસંયમમાં પડાય છે (પડાશે), આ કારણથી તીર્થયાત્રાનો નિષેધ કરાય છે.

ત્યારે તેઓ વડે કહેવાયું, જે આ પ્રમાણે - હે ભગવંત ! કેવા પ્રકારનો વળી તીર્થયાત્રામાં જતા એવા અમારા

૩,૪ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૯૬

૫ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૯૭

વડે અસંયમ થાય ? [૪]વળી તે ઈચ્છાકાર વડે અમે જઈએ છીએ તેથી તીર્થયાત્રામાં શું અસંયમ થાય ? બીજી વાર આ પ્રકારે બોલશો તો આપ બહુજન વડે વાતુલમાં અગ્રેસર=વાયડા, કહેવાશો.

ત્યારે હે ગૌતમ ! તે આચાર્ય વડે વિચારાયું, જે આ પ્રમાણે - મારા વચનને ઉલ્લંઘીને નક્કી આ લોકો જશે, તેથી મારી સાથે ઉદ્ધત વચન વડે બોલે છે.

[૫]હવે અન્યદા સુબહુમન વડે સંધારણ કરીને જ તે આચાર્ય વડે કહેવાયું, જે આ પ્રમાણે - તમે કાંઈ પણ સૂત્રાર્થ જાણો=સૂત્રાર્થનું જ્ઞાન મેળવો, તો જ તીર્થયાત્રામાં જતા એવા તમને જેવા પ્રકારનું અસંયમ થાય, તેવા પ્રકારનું તમે સ્વયં જ જાણી શકશો. અહીં બહુ કહેવા વડે શું ? અને બીજું તમારા વડે સંસારનો સ્વભાવ, જીવાદિ પદાર્થ અને તત્ત્વ જણાયેલું છે.

✪ અહીં 'तित्थयरजत्तं करिय, चंदप्पहसामियं वंदिय धम्मचक्कं गंतूण मागच्छामो' કહ્યું ત્યાં, આ ત્રણે એક જ સ્થાન છે. ધર્મચક્ર નામનું સ્થાન છે, ત્યાં ચંદ્રપ્રભ નામના તીર્થંકરની પ્રતિમા છે અને તે તીર્થસ્થાન છે. તેથી તીર્થયાત્રા કરીને આવીએ, તેમ કહેલ છે.

✪ महासंघयात्रोत्सवोऽतिक्रमेत - निवर्त्तेतेति प्रतान्तरे टीप्पनकम् । અહીં ટિપ્પણીમાં લખ્યું છે કે, મહાસંઘયાત્રાનો ઉત્સવ પૂરો થશે પછી હું તમને ચંદ્રપ્રભસ્વામીને વંદાવીશ, એમ જે આચાર્યએ કહ્યું તેથી એ પ્રાપ્ત થાય છે કે, તે વખતે કોઈક શાસનપ્રભાવનાનો ઉત્સવ ચાલતો હોવો જોઈએ, જે પૂરો થયા પછી શિષ્યોને ચંદ્રપ્રભસ્વામીને વંદાવવાનું ગુરુ કહે છે.

✪ अन्नं च जत्ताए गएहिं असंजमे पडिज्जइ । પાઠ છે ત્યાં जनसंमर्दएकेन्द्रियसंगट्टादिसंभवादिति तत्रैव टिप्पनकम् યાત્રામાં જનનો સંમર્દ=સંઘટ્ટો, એકેન્દ્રિયાદિનો સંઘટ્ટો આદિનો સંભવ છે, એ પ્રમાણે ટિપ્પણી છે, તેનો અર્થ યાત્રામાં તેવો અસંયમ પ્રાપ્ત થશે એમ સમજવું.

વિશેષાર્થ :-

(૩) अन्नं च ..... पडिसेहिज्जइ । અને અન્ય દોષ કહે છે – યાત્રામાં ગયેલા એવા તમારા વડે અસંયમમાં પડાશે એ કારણથી તીર્થયાત્રાનો નિષેધ કરાય છે, એમ જે આચાર્ય ભગવંતે કહ્યું એનાથી એ અર્થ ભાસે છે કે, ગીતાર્થ એવા આચાર્યની નિશ્રામાં રહીને શિષ્યો સંયમમાં વર્તી શકે તેવા છે, અને તેથી આચાર્યને છોડીને સ્વયં તીર્થયાત્રા કરવા જાય તો ગીતાર્થની અનિશ્રાને કારણે અસંયમની પ્રાપ્તિ થાય, તે કારણથી આચાર્યે તીર્થયાત્રાનો નિષેધ કર્યો. વળી પૂર્વમાં કહ્યું કે, ઈચ્છાકાર વડે સુવિહિતોને તીર્થયાત્રાએ જવું કલ્પતું નથી, ત્યાં પણ એ જ અર્થ જણાય છે કે, જ્યારે શિષ્યોએ ઈચ્છાપૂર્વક જવાની અનુજ્ઞા માંગી ત્યારે, ગીતાર્થ હોય તેમણે સ્વતંત્ર ક્યાંય જવાની ઈચ્છા ગુરુ પાસે વ્યક્ત કરી શકાય, પરંતુ અગીતાર્થને તો ગુરુ કહે તેમ જ કરવાનું છે. તેથી તેઓએ આપ ઈચ્છાપૂર્વક અનુમતિ આપો તો તીર્થયાત્રાએ જઈએ, એ પ્રકારની અનુજ્ઞા અગીતાર્થની ભૂમિકામાં માંગવી ઉચિત ન ગણાય એમ ભાસે છે. તેથી આચાર્યએ સ્વતંત્રપણે તેમને તીર્થયાત્રા જવા માટેનો નિષેધ કર્યો છે.

(૪) 'सो पुण इच्छाचारेणं' વળી તે ઈચ્છાકાર વડે, એમ જે શિષ્યોએ કહ્યું તેનો ભાવ એ છે કે, શિષ્યો

તીર્થયાત્રા માટે જાય છે, પરંતુ કોઈ અન્ય અસંયમની પ્રવૃત્તિ કરવા માટે જતા નથી, અને તે પણ ગુરુની અનુજ્ઞા માંગવારૂપ ઈચ્છાકાર સામાચારીની આચરણાપૂર્વક જાય છે. જ્યારે ઈચ્છાકાર સામાચારીની આચરણાપૂર્વક જતા હોય, અને તે પણ તીર્થયાત્રા માટે, ત્યારે અસંયમની પ્રવૃત્તિ સંભવે નહિ, એ પ્રકારના આશયથી શિષ્યો.ગુરુને ઈચ્છાકાર વડે કહે છે.

(૫) અહ અન્નયા ..... તત્તં ચ હવે અન્યદા સુબહુમન વડે વિચારણા કરીને તે આચાર્ય વડે કહેવાયું - તમે કાંઈ પણ સૂત્રાર્થ જાણો તો જ જેવા પ્રકારનું તીર્થયાત્રામાં જનારાઓને અસંયમ થાય છે, તેવા પ્રકારનું સ્વયં જ જાણશો. અહીં બહુ વિચારણાથી શું ? આનાથી પણ એ શિષ્યો અગીતાર્થ હતા એ દ્યોતિત થાય છે. તેથી જ ગીતાર્થની નિશ્રા વગર સ્વેચ્છાથી તીર્થયાત્રાએ જવું તેમના માટે ઉચિત ન હતું.

વળી ત્યાર પછી આચાર્યે કહ્યું કે, વળી તમારા વડે બીજું, સંસારનો સ્વભાવ, જીવાદિ પદાર્થ અને તત્ત્વ જણાયેલું છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સંસાર નિર્ગુણ છે તે જાણીને જ તેઓએ સંયમ ગ્રહણ કર્યું છે, તેથી સંસારના સ્વભાવને તેઓ જાણનારા છે. તેમ જીવ-અજીવાદિ પદાર્થોને પણ જાણનારા છે અને રત્નત્રયીરૂપ તત્ત્વને પણ તેઓ જાણનારા છે. તેથી જ અત્યાર સુધી સંયમમાં પ્રવર્તી રહ્યા છે, કેવલ ગીતાર્થ નહિ હોવાથી તીર્થયાત્રામાં ગીતાર્થ વગર જવામાં કેવા પ્રકારનું અસંયમ થશે તે તેઓ જાણતા નથી.

ટીકા :-

અહऽન્નયા બહુउવાएહિં णं વિણિવારંતસ્સવિ તસ્સાયરિયસ્સ ગए चेव ते साहुणो कुद्धेणं कयंतेण पेरिए तित्थयत्ताए । तेसिं च गच्छमाणाणं कत्थइ अणेसणं कत्थइ हरियकायसंघट्टणं कत्थइ बीयक्कमणं कत्थइ पिवीलियादीणं तसाणं संघट्टणपरितावणोवद्दवणाइ संभवं, कत्थइ बइट्ठपडिक्कमणं, कत्थइ ण कीरइ चेव चाउक्कालियं सज्झायं, कत्थइ ण संपडिलेहिज्जा मत्तभंडोवगरणस्स विहीए उभयकालं पेहपमज्जणपडिलेहण-पक्खोडणं [૬]किं बहुणा ? गो० ! कित्तियं भन्निहिइ ? अट्ठारसण्हं सीलंगसहस्साणं सत्तरसविहस्स णं संजमस्स दुवालसविहस्स णं सब्भंतरबाहिरस्स तवस्स जाव णं खंताइअहिंसालक्खणस्सेव य दसविहस्स अणगारधम्मस्स जत्थेक्केक्कपयं चेव सुबहुएणंपि कालेणं थिरपरिचिएण दुवालसंगमहासुयक्खंधस्स बहुभंगसयसंघट्टणाए दुक्खनिरइयारं परिपालिऊणं जे एयं च सव्वं जहाभणियं निरइयारमणुट्ठियव्वं ति एवं संसरिउण चिंतियं तेण गच्छाहिवइणा-जहा णं विप्पमुक्के ते दुट्ठसीसे मज्झ अणाभोगपच्चएणं सुबहुं असंजमं काहिंति, तं च सव्वं मम संत्तियं होही । जओ णं अहं तेसिं गुरू । [૭]ताहं तेसिं पिट्ठीए गंतूणं पडिजागरामि, जेणाहमित्थ पए पायच्छित्तेणं णो संबज्झेज्जेति वियप्पिऊणं गओ सो आयरिओ तेसिं पिट्ठीए, जाव णं दिट्ठे तेणं असंजमेणं गच्छमाणे ।।

ટીકાર્થ :-

અહ ऽન્નયા बहुउवाएहिं ..... गच्छमाणे ।। હવે અન્યદા ઘણા ઉપાયો વડે તે આચાર્યે રોકવા છતાં પણ તે સાધુઓ ક્રોધિત થયેલા એવા કૃતાંત વડે પ્રેરાયેલા તીર્થયાત્રાએ ગયા જ, અને જતા એવા તેઓ કોઈ ઠેકાણે

૬, ૭ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૫૯૮

અનેષણા=દોષિત ગોચરી, કરે છે, કોઈ ઠેકાણે લીલી વનસ્પતિનો સંઘટ્ટ કરે છે, કોઈ ઠેકાણે બીજને ચાંપે છે, કોઈ ઠેકાણે કીડી આદિ ત્રસ જીવોના સંઘટ્ટન, પરિતાપન, ઉપમર્દનાદિનો સંભવ છે, કોઈ વાર બેઠા પ્રતિક્રમણ કરે છે, કોઈ વાર ચાર કાળનો સ્વાધ્યાય કરતા નથી જ, કોઈ વાર માત્રક, પાત્ર, ઉપકરણનું વિધિ વડે ઉભયકાળ પ્રેક્ષણ, પ્રમાર્જન, પડિલેહણ, પ્રસ્ફોટન સમ્યક્ કરતા નથી. 'ઘણું કહેવાથી શું ? હે ગૌતમ ! કેટલું કહેવું ?

દ્વાદશાંગી મહાશ્રુતસ્કંધના બહુ સેંકડો ભંગના સંઘટ્ટનથી જ્યાં=જે સંયમમાં, અઢાર હજાર શીલાંગોનું, સત્તર પ્રકારના સંયમોનું, બાર પ્રકારના બાહ્ય અને અભ્યંતર તપનું, યાવત્ ક્ષમાદિ-અહિંસાદિ લક્ષણ એવા દશવિધ અણગારધર્મનું એક એક પદ જ સુબહુ પણ કાળ વડે સ્થિર પરિચિત કરવા દ્વારા, દુઃખે કરીને નિરતિચાર પરિપાલન કરીને, જે આ સર્વ યથાભણિત છે તે નિરતિચાર અનુષ્ઠાન કરવું જોઈએ. એ પ્રકારે સંસ્મરણ કરીને તે ગચ્છાધિપતિ વડે વિચારાયું, જે આ પ્રમાણે -

વિપ્રમુક્ત=છૂટા મુકાયેલા, તે દુષ્ટ શિષ્યો મારા અનાભોગનિમિત્તક સુબહુ અસંયમને કરશે, અને તે સર્વ= અસંયમ મારા સંબંધી થશે, જે કારણથી હું તેમનો ગુરુ છું. તેથી હું તેઓની પાછળ જઈને પ્રતિજાગરણ કરું, જેથી હું આ સ્થાનમાં=પોતાના શિષ્યો અસંયમથી તીર્થયાત્રામાં જાય છે એ સ્થાનમાં, પ્રાયશ્ચિત્ત વડે સંબંધ ન પામું. આ પ્રમાણે વિકલ્પ કરીને તે આચાર્ય તેઓની પાછળ ગયા, યાવત્ તેમના વડે=આચાર્ય વડે, અસંયમથી જતા શિષ્યો જોવાયા.

✪ कुद्धेणं कयंतेण पेरिए - ક્રોધિત થયેલા કૃતાંતથી પ્રેરાયેલા એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, તે શિષ્યો ઉપર કૃતાંત ક્રોધિત થયેલ છે, તેથી જ તેનાથી પ્રેરાઈને વિનાશના કારણભૂત તીર્થયાત્રાએ તેઓ ગયા.

विशेषार्थ :-

(૬) 'किं बहुणा ? गो० ! कित्तियं भन्निहिइ ?'

આ જે દોષો બતાવ્યા તે બધી ઉત્તર ગુણોની વિરાધના છે, તો પણ ગુણિયલ ગુરુની ઉપેક્ષા કરીને તીર્થયાત્રાના આશયથી ઉત્તર ગુણોની વિરાધના કરવી તે તેઓની પ્રવૃત્તિ અજ્ઞાનમૂલક અને અવિચારકમૂલક હોવાને કારણે મિથ્યાત્વનું પણ કારણ બને છે, અને તેથી જ દીર્ઘ સંસારનું તે કારણ બને છે. જ્યારે સંવિજ્ઞપાક્ષિક ઉત્તર ગુણની વિરાધના કરે છે, ત્યારે પણ તે વિરાધનાને વિરાધનારૂપે જાણે છે, અને પોતાની તે પ્રમાદકૃત પ્રવૃત્તિને ઉચિત પ્રવૃત્તિરૂપે જાણતો નથી, અને આથી જ બીજાઓને તે પ્રવૃત્તિમાં ભ્રમ ન થાય તે રીતે તેઓ પ્રરૂપણા પણ સમ્યગ્ કરે છે. જ્યારે આ શિષ્યોને તે અસંયમની પ્રવૃત્તિનું અજ્ઞાન હોવાને કારણે, પોતે તીર્થયાત્રા માટે જાય છે અને તે ઉચિત પ્રવૃત્તિ છે તેવો ભ્રમ વર્તે છે, તેથી મિથ્યાત્વપોષક જ તે પરિણામ છે.

(૭) 'ताहं तेसिं पिट्ठीए गंतूणं पडिजागरामि'

પૂર્વમાં જ્યારે શિષ્યોએ તીર્થયાત્રાએ જવા માટે અનુજ્ઞા માંગી ત્યારે ગુરુએ કહ્યું કે, મહાસંઘયાત્રાનો ઉત્સવ પૂરો થશે પછી હું તમને તીર્થયાત્રા કરાવીશ. હવે જ્યારે શિષ્યો આજ્ઞાનિરપેક્ષ તીર્થયાત્રા માટે જવા

લાગ્યા, ત્યારે તે ઉત્સવને મૂકીને ગુરુ સ્વયં તેમની પાછળ જઈને પ્રતિજાગરણ કરવા તૈયાર થયા. આનું તાત્પર્ય એ છે કે પૂર્વમાં શિષ્યોએ જ્યારે તીર્થયાત્રા માટે જવાની અનુજ્ઞા માંગી, ત્યારે તીર્થયાત્રા માટે ઉત્સવ મૂકીને જવું ગુરુને ઉચિત ન લાગ્યું, તેથી કહ્યું કે આ ઉત્સવ પૂરો થશે પછી હું તમને યાત્રા કરાવીશ. પરંતુ શિષ્યોને શીઘ્ર તીર્થયાત્રા જવાનો તીવ્ર પરિણામ હોવાને કારણે આજ્ઞાનિરપેક્ષપણે જ્યારે તેઓ ગયા, ત્યારે, શિષ્યોને અસંયમમાંથી બચાવવા તે પ્રસ્તુત ઉત્સવ પ્રસંગ કરતાં અધિક મહત્ત્વનું આચાર્યને લાગવાથી, તે શિષ્યોની પાછળ સારણા-વારણાદિ રૂપે પ્રતિજાગરણ કરવા અર્થે તેઓ જાય છે.

અહીં વિશેષ એ છે કે, જ્યાં સુધી શિષ્ય ગીતાર્થ ન થાય ત્યાં સુધી, ગીતાર્થની આજ્ઞાપાલનમાત્રની ઈચ્છા અગીતાર્થને હોઈ શકે, તે સિવાય તેમને કોઈ અન્ય ઈચ્છા હોય નહિ. આમ છતાં, આ શિષ્યોએ ઈચ્છાકારથી જ્યારે પોતાની તીર્થયાત્રા માટે જવાની ઈચ્છા અભિવ્યક્ત કરી, તે તેમની ક્ષતિ છે. આથી જ ગુણિયલ એવી તે સાધ્વીઓએ કોઈ ઈચ્છા અભિવ્યક્ત કરી નથી.

ટીકા :-

ताहे गो० ! सुमहुरमंजुलालावेणं भणिय तेणं गच्छाहिवइणा जहा - 'भो भो ! उत्तमकुलनिम्मलवंसविभूसणा ! अमुगअमुगाइमहासत्ता ! साहुपहपडिवन्नाणं पंचमहव्वयाहिट्ठियतणूणं महाभागाणं साहुसाहुणीणं चउवीसं सहस्साई थंडिलाणं सव्वदंसीहिं पन्नत्ताइं । ते य सुउवउत्तेहिं विसोहिज्जंति ण उणं अन्नोवउत्तेहिं । ता किमेयं सुन्नासुन्नीए अणुवउत्तेहिं गम्मइ इच्छायारेहिं णं उवओगं देह अन्नं च इणमो-सुत्तत्थं किं तुम्हाणं विसुमरियं जं सारं सव्वपरमतत्ताणं- जहा -'एगिंदिबेइंदिए पाणी एगं सयमेव हत्थेण पाएण वा अन्नयरेण वा सलागाइअहिगरणभूओवगरणजाएणं जे णं केइ संघट्टेज्जा वा संघट्टावेज्जा वा एवं संघट्टियं वा परेहिं समणुजाणेज्जा से णं तं कम्मं जया उदिन्नं भवेज्जा तया जहा उच्छुखंडाइं जंते तहा निप्पीलिज्जमाणा छम्मासेणं खवेज्जा । एवं गाढे दुवालसेहिं संवच्छरेहिं तं कम्मं वेदेज्जा । एवं अगाढपरियावणे वाससहस्सं गाढपरियावणे दसवाससहस्से । एवं अगाढकिलामणे वासलक्खं । गाढ किलामणे दसवासलक्खाइं । उद्दवणे वासकोडी, एवं तेइंदियाइसुपि णेयं । ता एवं च वियाणमाणा मा तुम्हे मुज्झहत्ति ।' एवं च गो० ! सुत्ताणुसारेणं सारयंतस्सवि तस्सायरियस्स ते महापावकम्मे गमगमहल्लफलेणं हल्लोहल्लीभूएणं तं आयरियाणं वयणं असेसपावकम्मट्ठदुक्खविमोयगं णो बहुं मन्नंत्ति ।।

ટીકાર્થ :-

ताहे गो० ! ..... मन्नं ति ।। ત્યારે હે ગૌતમ ! સુમધુર મંજુલ આલાપથી તે ગચ્છાધિપતિ વડે કહેવાયું, જે આ પ્રમાણે - ભો ! ભો ! ઉત્તમ કુળ અને નિર્મળ વંશના વિભૂષણ, અમુક અમુક નામથી મહાસત્ત્વવાળા, સાધુપંથ સ્વીકાર કરનારા, પાંચ મહાવ્રતથી અધિષ્ઠિત શરીરવાળા, મહાભાગ એવા સાધુ-સાધ્વીજી ભગવંતોને થંડિલના ૧૦૨૪ સ્થાનો સર્વદર્શી વડે કહેવાયાં છે, અને તે શ્રુતમાં ઉપયુક્ત વડે વિશુદ્ધ કરાય છે, પરંતુ અન્યમાં ઉપયુક્ત વડે નહિ. તે કારણથી શૂન્ય-અશૂન્યપણાથી અનુપયુક્ત એવા તમારા વડે ઈચ્છાચારથી કેમ આમ જવાય છે ? તમે ઉપયોગ આપો. અને બીજું આ પ્રમાણે - જે સર્વ પરમતત્ત્વના સારરૂપ છે, તે સૂત્રાર્થ શું તમારા વડે વિસ્મરણ થયો ? જે આ પ્રમાણે -

પોતાના જ હાથ-પગ કે અન્યતર એવા શલાકાદિ અધિકરણભૂત ઉપકરણના સમુદાયથી એકેંદ્રિય-બેઇંદ્રિયમાંથી એક પ્રાણીને સ્વયં જ જે કોઈ સંઘટ્ટ કરે, સંઘટ્ટ કરાવે કે સંઘટ્ટ કરતાની અનુમોદના કરે, તે કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે, જે પ્રકારે શેરડીના ખંડો યંત્રમાં પિલાય તે પ્રકારે પિલાતાં છ મહિના વડે ખપાવે છે. એ પ્રકારે ગાઢ સંઘટ્ટ કરે, કરાવે કે અનુમોદે તો બાર વર્ષે તે કર્મ વેદાય છે. એ પ્રકારે અગાઢ પરિતાપનામાં એક હજાર વર્ષે, ગાઢ પરિતાપનામાં દસ હજાર વર્ષે, એ પ્રકારે અગાઢ કિલામણામાં લાખ વર્ષે, ગાઢ કિલામણામાં દસ લાખ વર્ષે અને ઉદ્દવણા=ઉપદ્રવ= મૃત્યુને છોડીને બધા પ્રકારનું દુઃખ આપવામાં, ક્રોડ વર્ષે કર્મ વેદાય છે. એ પ્રમાણે તેઇંદ્રિયાદિમાં પણ જાણવું. તેથી આ પ્રમાણે જાણતાં તમે મોહ પામો નહિ. એ પ્રમાણે હે ગૌતમ ! સૂત્રાનુસારે તે આચાર્ય સારણા કરતા હોવા છતાં પણ તે મહાપાપકર્મી જવામાં શીઘ્ર અને ઉતાવળા થયેલા તે આચાર્યના અશેષ પાપકર્મના ફળરૂપ દુઃખથી મુકાવનાર વચનને બહુમાનતા નથી.

✪ चउवीसं सहस्साइं थंडिलाणं નો અર્થ ૧૦૨૪ સ્થંડિલસ્થાનો છે, એ પ્રમાણે જાણવો. सहस्साइं બહુવચનનો પ્રયોગ સ્થંડિલોને આશ્રયીને છે. પંચવસ્તુ, ઓઘનિર્યુક્તિ, પ્રવચનસારોદ્ધાર દરેકમાં ૧૦૨૪ સ્થંડિલસ્થાનો કહ્યાં છે. તેથી चउवीसं सहस्साइं થી ચોવીસ હજાર સ્થંડિલસ્થાનો એવો અર્થ ન સમજવો. હસ્તલિખિત પ્રતમાં सत्तावीसं सहस्साइं थंडिलाणं એવો પાઠ પણ મળે છે, તે અશુદ્ધ ભાસે છે.

✪ અહીં गमगमहल्लफलेणं=જવામાં શીઘ્રતાથી-ઉતાવળથી એવો અર્થ સમજવો. हल्लफल्ल=શીઘ્ર અને हल्लोहल्ली भूएणं નો અર્થ ઉતાવળા થયેલા સમજવો. हल्लोहल्ली=त्वरा, આ બને દેશ્ય શબ્દો છે.

✪ 'जं सारं सव्वपरमतत्ताणं' - જે સર્વ પરમતત્ત્વના સારરૂપ આ સૂત્ર છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે - સંયમ લીધા પછી સાધુને માટે સંયમયોગમાં અપ્રમાદ કરવો એ જ પરમતત્ત્વ છે, અને એ પરમતત્ત્વને પ્રગટ કરવા માટે અનન્ય કારણભૂત એવું આ સૂત્ર છે. તેથી સર્વ પરમતત્ત્વના સારરૂપ આગળ કહેવાય છે. તે एगिंदिबेइंदिए ..... मुज्झहत्ति । એ પ્રમાણેનું સૂત્ર છે.

✪ जहा - एगिंदिबेइंदिए .... मा तुम्हे मुज्झहित्ति । આ મહાનિશીથનું ભયસૂત્ર છે, પરંતુ તે કેવલ ભય બતાવવા માટે નથી, વાસ્તવિક રીતે સંયમમાં ઉપેક્ષા કરીને પ્રવૃત્તિ કરનારને તે તે પ્રકારની જ્યારે વિરાધના થાય છે, ત્યારે તે તે પ્રકારની અશાતા પોતાને ભવાંતરમાં મળે તેવું અશાતાવેદનીય કર્મ બંધાય છે, તે બતાવીને જાગૃતિ કરવા માટે પ્રેરણા અર્થે ઉપદેશ આપે છે.

ટીકા :-

ताहे गोयमा ! मुणियं तेणायरियेण, जहा - निच्छयओ उम्मग्गपट्ठिए सव्वपगारेहिं चेव इमे[8] पावमई दुट्ठसीसे । ता किमट्ठमहमिमेसिं पिट्ठीए लल्लीवागरणं करेमाणोऽणुगच्छमाणो य सुक्खाए गयजलाए णदीए उवुज्झं(उच्छुज्झं) । [9]एए गच्छंतु दसदुवारेहिं अहयं तु तावायहियमेवाणुचिट्ठामि । किं मज्झं परकएणं सुमहंतेणावि पुण्णपब्भारेणं थेवमवि किंची परित्ताणं भविज्जा ? सपरक्कमेणं चेव मे आगमुत्ततवसंजमाणुट्ठाणेण भवोयही तरिअव्वो । [9]एस पुण तित्थयरादेसो जहा-अप्पहियं कायव्वं जइ सक्का परहियंऽपि करेज्जा ।

८ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૬૦૨

૯ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૬૦૩

अत्तहियपरहियाणं, अत्तहियं चेव कायव्वं ।।१२२।। अन्नं च जइ-एते [૧૦]तवसंजमकिरियं अणुपालिहिंति, तओ एएसिं चेव सेयं होही जइ ण करेहिंति तओ एएसिं चेव दिग्गइगमणमुत्तरं हवेज्जा । णवरं तहावि मम गच्छो समप्पिओ । गच्छाहिवई अहयं भणामि । अन्नं च-'जे तित्थयरेहिं भगवंतेहिं छत्तीसआयरियगुणे समाइट्ठे, तेसिं तु अहयं एक्कमवि णाइक्कमामि, जइवि पाणोवरमं हविज्जा जं चागमे इहपरलोगविरुद्धं तं णाचरामि ण कारयामि, ण कज्जमाणं समणुजाणामि । [૧૧]ता एरिसगुणजुत्तस्सवि जइ भणियं न करेंति ताऽहमिमेसिं वेसग्गहणं उद्दालेमि एवं च समए पन्नतीतं जहा-'जे केइ साहु वा साहुणी वा वायामित्तेणवि असंजममणुचिट्ठेज्जा, [૧૨]से णं सारेज्जा, वारेज्जा, चोएज्जा, पडिचोएज्जा । से णं सारेज्जंते वा वारेज्जंते वा चोएज्जंते वा पडिचोइज्जंते वा, जे णं तं वयणमवमन्निय अलसायमाणेइ वा अभिनिविट्ठेइ वा ण तहत्ति पडिवज्झइ, इत्थं पउंज्जित्ताणं तत्थ णो पडिक्कमेज्जा से णं तस्स वेसग्गहणं उद्दालेज्जा ।'

ટીકાર્થ :-

ताहे गोयमा ! ..... कायव्वं ।। ત્યારે હે ગૌતમ ! તે આચાર્ય વડે જણાયું, જે આ પ્રમાણે - નિશ્ચયથી=નક્કી, ઉન્માર્ગમાં પ્રસ્થિત=રહેલા, સર્વ પ્રકારે જ આ પાપમતિવાળા દુષ્ટ શિષ્યો છે, તેથી શા માટે હું આમની પાછળ મીઠા વચનને કરતો અને જતો, સૂકી જળ વગરની નદીમાં ઉદ્યમ કરું ? 'આ લોકો દશ દિશારૂપ દશ દ્વાર વડે જાઓ, હું તો વળી આત્મહિતને જ આચરી લઉં. શું મારું બીજાથી કરાયેલા સુમહંત=મોટા, પણ પુણ્યભારથી=પુણ્યના સમુદાયથી, થોડું પણ કાંઈ પરિત્રાણ=રક્ષણ, થશે ? સ્વપરાક્રમથી જ આગમમાં કહેલા તપ અને સંયમના અનુષ્ઠાન વડે મારે ભવોદધિ તરવો જોઈએ. [૯]વળી આ તીર્થંકરનો આદેશ છે, જે આ પ્રમાણે -

આત્મહિત કરવું, જો શક્ય હોય તો પરહિત પણ કરવું. આત્મહિત અને પરહિતમાં આત્મહિત જ કરવું.

अन्नं च जइ ..... उद्दालेज्जा । અને બીજું જો [૧૦]આ શિષ્યો તપ-સંયમક્રિયાને આચરશે તો એમનું જ શ્રેયઃ થશે, જો નહિ આચરે તો એમનું જ અનુત્તર દુર્ગતિગમન થશે. પરંતુ તો પણ મને ગચ્છ સમર્પિત થયેલો છે, હું ગચ્છાધિપતિ કહેવાઉં છું અને બીજું જે તીર્થંકર ભગવંત વડે આચાર્યના છત્રીશ ગુણો કહેવાયા છે, જોકે પ્રાણનાશ થાય તો પણ તેમાંના એક પણ ગુણને હું ઉલ્લંઘતો નથી. અને આગમમાં જે ઈહલોક-પરલોક વિરુદ્ધ છે, તેને હું આચરતો નથી, આચરણ કરાવતો નથી અને આચરણ કરતાની અનુમોદના પણ કરતો નથી. [૧૧]તેથી આવા પ્રકારના ગુણયુક્તનું પણ જો ભણિત=કહેવાયેલ, તેઓ કરતા નથી, તો હું આમના વેશગ્રહણને=સાધુવેશ સ્વીકાર્યો છે તેને, ઉતારી લઉં. આ પ્રમાણે સિદ્ધાંતમાં કહેવાયેલ છે, જે આ પ્રમાણે -

જે કોઈ સાધુ અથવા સાધ્વી વચનમાત્રથી પણ અસંયમને આચરે [૧૨]તેની સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા કરવી જોઈએ. અને તે સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા કરતાં જેઓ તે વચનની અવજ્ઞા કરીને આળસ કરતા અને આગ્રહી થતા તહત્તિથી સ્વીકાર ન કરે, અને આ પ્રકારે પ્રવૃત્તિ કરતાં ત્યાં પ્રતિક્રમણ=પાપનું પ્રાયશ્ચિત્ત, ન કરે તો તેના ગ્રહણ કરેલા વેશને ઉતારી લેવો જોઈએ.

૧૦, ૧૧ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૬૦૩

૧૨ નો વિશેષાર્થ, જુઓ પેજ નં. ૬૦૪

✪ 'किं मज्झ सुमहंतेणावि पुण्णपब्भारेणं' પાઠ છે ત્યાં હસ્તલિખિત પ્રતમાં 'किं मज्झ परकएणं सुमहंतेणा वि पुण्णपब्भारेणं' પાઠ છે. એ પાઠ વધુ સંગત લાગે છે, તેથી તે મુજબ અહીં અર્થ કરેલ છે.

✪ 'परहियं पि करेज्जा' અહીં 'अपि' શબ્દથી એ સમુચ્ચય થાય છે કે, આત્મહિત કરવું અને શક્ય હોય તો પરહિત પણ કરવું.

✪ 'तेसिं तु अहयं एक्कमवि णाइक्कमामि' અહીં વર્તમાનકાળના પ્રયોગથી વર્તમાન ક્ષણ લેવાની નથી, પરંતુ વર્તમાન સંયમભવ લેવાનો છે.

વિશેષાર્થ :-

(૮) 'एए गच्छंतु' પૂર્વમાં બતાવ્યું એ રીતે આચાર્યે સ્વશિષ્યોને શાસ્ત્રના બળથી સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જ્યારે તેઓ માર્ગ ઉપર ન આવ્યા, ત્યારે પોતાને તેમના નિમિત્તે કોઈ સંક્લેશ ન થાય તે માટે આચાર્ય ભગવંત પ્રથમ નિશ્ચયનયથી વિચારણા કરે છે કે, આ શિષ્યો દશે દિશાઓમાં જાઓ, હું આત્મહિતને અનુસરું, પરકૃત=બીજા વડે કરાયેલ, મોટા પણ પુણ્ય સમુદાયથી શું મારું થોડું પણ પરિત્રાણ=રક્ષણ થશે?

અત્યાર સુધી આચાર્યે શિષ્યોને માર્ગ પર લાવવા માટે જે કાંઈ સમ્યગ્ યત્ન કર્યો, તેનાથી પોતાને કોઈ ક્લેશ થયેલ નથી, પરંતુ શિષ્યોને સન્માર્ગમાં લાવવાનો જ પરિણામ છે. અને પોતે અત્યાર સુધી શિષ્યોને સન્માર્ગમાં લાવવા માટે જે કાંઈ યત્ન કર્યો છે, તે બધું ઉચિત વ્યવહારરૂપ હોવાથી ભગવાનની આજ્ઞારૂપ હતું, પરંતુ જ્યારે સામેની વ્યક્તિ પોતાના પરિણામને છોડે તેવું ન હોય, તો તે નિમિત્તને આશ્રયીને પોતાને ઈષત્ પણ દ્વેષ ન થાય તેના માટે નિશ્ચયથી આચાર્યશ્રી વિચારે છે કે, આ લોકોને અનુશાસન આપીને જો તેઓ સંયમની ઉચિત પ્રવૃત્તિ કરશે, તેનાથી જે સુમહંત પુણ્ય પ્રાગ્ભાર તેમને થશે, તે પરકૃત સુમહંત પુણ્ય સમુદાયથી શું મારું થોડું પણ સંસારથી પરિત્રાણ થશે ? અર્થાત્ પરકૃત પુણ્ય મારું રક્ષણ કરી શકશે નહિ, પરંતુ સ્વપરાક્રમથી આગમમાં કહેલ તપ-સંયમ અનુષ્ઠાન વડે મારે ભવોદધિ તરવો જોઈએ.

આશય એ છે કે આચાર્ય શિષ્યને અનુશાસન આપવા માટે યત્ન કરે છે, પરંતુ તેઓ અવિનીત થઈને આચાર્યના વચનની ઉપેક્ષા કરે છે ત્યારે, આચાર્ય નિશ્ચયનયનું અવલંબન લઈને વિચારે છે કે, હું શિષ્યો માટે ક્લેશ કરીને કોઈક રીતે પણ તેઓને સન્માર્ગમાં પ્રવૃત્ત કરાવીશ, તો તેઓ જે પુણ્ય પ્રાપ્ત કરશે તે પરકીય એવા ઘણા પણ પુણ્યભારથી મારું કાંઈ રક્ષણ થવાનું નથી, માટે મારે સ્વપરાક્રમથી જ સંસાર તરવો જોઈએ. તેઓ મારા પ્રયત્નથી સંયમમાં ઉદ્યમશીલ થાય, તેનાથી તેઓને હિત થાય, ત્યારે પણ જો હું ક્લેશ કરું તો તે ક્લેશકૃત અનર્થની પ્રાપ્તિ મને થાય. માટે જ્યારે તેઓ સુધરે એમ નથી ત્યારે તેઓની ઉપેક્ષા કરીને સ્વપરાક્રમથી જ મારે સંસારસાગર તરવા યત્ન કરવો જોઈએ, એમ આચાર્ય વિચારે છે. આ પ્રમાણે વિચારણા કરવાથી શિષ્યો માટે કરાયેલા શ્રમમાં પોતાને મળેલ નિષ્ફળતાથી ખેદ કે દીનતા ઉત્થિત ન થાય તેવું વીર્ય તેમનામાં પ્રગટે છે. વળી વ્યવહારસંલગ્ન નિશ્ચયથી ભગવાનની આજ્ઞા બીજી રીતે વિચારે છે -

(૯) एस पुण ..... कायव्वं ।। આ પ્રકારે વળી તીર્થંકરનો આદેશ છે, તે આ પ્રમાણે -

આત્મહિત કરવું જોઈએ, જો શક્ય હોય તો પરહિત પણ કરવું જોઈએ, આત્મહિત અને પરહિતમાં આત્મહિત જ કરવું જોઈએ.

આશય એ છે કે તીર્થંકરોનો આદેશ આત્મહિત કરવું જોઈએ એ નિશ્ચય-વ્યવહાર ઉભયને સંમત છે, અને જો શક્ય હોય તો પરહિત પણ કરવું જોઈએ, તે વ્યવહારપ્રધાન વચન છે. વળી, આત્મહિત અને પરહિત એ બેમાંથી કોઈ એકની જ નિષ્પત્તિ થતી હોય તો આત્મહિત જ કરવું જોઈએ ? એ વ્યવહારપ્રધાન વચન છે. એ પ્રમાણે વિચારીને તે આચાર્ય શિષ્યોની ઉપેક્ષા કરીને પોતાનું અંતરંગ વીર્ય સંયમમાં ઉત્થિત થાય તેના માટે ભગવાનની આજ્ઞાનું સમાલોચન કરે છે. તથા શિષ્યોના વિષયમાં પોતાને મળેલી નિષ્ફળતાને કારણે પોતાને ઉદ્વેગ આદિ ન થાય, તેને જ દૃઢ કરવા માટે નિશ્ચયથી બીજી વિચારણા કરે છે, તે આ પ્રમાણે -

(૧૦) एते ..... हवेज्जा । આ શિષ્યો તપ-સંયમની ક્રિયા કરશે તો એમનું જ શ્રેય થશે, અને જો નહિ કરે તો એમનું જ અનુત્તર દુર્ગતિગમન થશે. આ રીતે નિશ્ચયની વિચારણા કર્યા પછી પોતાને ઉચિત પ્રવૃત્તિ કરવાની ભગવાનની આજ્ઞા છે, તેથી ઉચિત વ્યવહારને અવલંબીને વિચારે છે –

णवरं ..... भणामि । કેવલ તો પણ મને ગચ્છ સોંપવામાં આવ્યો છે, અને હું ગચ્છાધિપતિ કહેવાઉં છું. આ પ્રકારની વિચારણાથી એ ફલિત થાય છે કે, ખરેખર જીવે પોતાના આત્મહિત માટે જ સુદૃઢ યત્ન કરવો જોઈએ, તો પણ પોતાને જ્યારે ગચ્છ સમર્પિત કરાયો છે અને પોતે ગચ્છાધિપતિ છે, તેથી પોતાના ગચ્છમાં રહેલા શિષ્યોના હિતની ઉપેક્ષા કરવી પણ ઉચિત નથી. આમ છતાં, સ્વપરિણામમાં ક્લેશ ન થાય તેની અત્યંત જાગૃતિપૂર્વક શિષ્યોના હિતમાં પ્રયત્ન કરવો જોઈએ, તેના માટે જ પ્રસ્તુત શાસ્ત્રનું સ્મરણ શ્રી વજ્રાચાર્ય કરે છે.

अन्नं च – 'जे तित्थयरेहिं भगवंतेहिं छत्तीस आयरियगुणे' અને બીજી વિચારણા કરે છે, જેમાં પોતે આચાર્યના પરિપૂર્ણ ગુણથી યુક્ત છે તે વિચારે છે, અને તે લોકના પ્રદર્શનરૂપે નથી, અને પરંતુ પદાર્થના સમ્યગ્ સમાલોચનરૂપે કરે છે. પોતે પૂર્ણ ગુણયુક્ત હોવા છતાં તેમનું કહેલું શિષ્યો ન કરે તો શું કરવું જોઈએ, તે વિચારવા અર્થે આચાર્ય વિચારે છે -

(૧૧) ता एरिस ..... उद्दालेमि । તે કારણથી આવા પ્રકારના ગુણયુક્તનું પણ=પૂર્વમાં વર્ણન કરાયેલા એવા ગુણયુક્ત આચાર્યનું પણ, કહેલું તેઓ કરતા નથી, તો હું એમને પૂર્વમાં જે વેશ આપેલો છે, તે પાછો લઈ લઉં.

અહીં વિશેષ એ ભાસે છે કે, જ્યારે પાંચસો શિષ્યમાં એક શિષ્યનો વેશ ગુરુએ ગ્રહણ કર્યો, ત્યારે અન્ય શિષ્યો વેશ આપવાની વૃત્તિવાળા ન હતા, તેમ જ પોતાની પ્રવૃત્તિને છોડવાની વૃત્તિવાળા પણ ન હતા, તે જ તેમનો અસંયમમાં પ્રવર્તન કરવાનો પરિણામ દુરંત સંસારનું કારણ બન્યો. પરંતુ તે બધાએ ભેગા

થઈને ગુરુની સન્મુખ પ્રતિકાર કરવા કોઈ યત્ન કર્યો નથી, પરંતુ પોતાનો વેશ ગુરુ લઈ લેશે, એ પ્રકારના ભયથી જુદી જુદી દિશાઓમાં ભાગી ગયા. તેથી અત્યંત અયોગ્ય ન હતા, છતાં વર્તમાનમાં અનિવર્તનીય એવો ક્લિષ્ટ અધ્યવસાય તેમનો હતો કે જેથી ગુણવાન એવા પણ ગુરુ અનેક યુક્તિઓ અને શાસ્ત્રવચનોથી માર્ગમાં લાવવા યત્ન કરે છે, તો પણ સ્વતંત્રપણે યાત્રાગમન છોડવા તેઓ તૈયાર ન હતા.

(૧૨) 'से णं सारेज्जा, वारेज्जा, चोएज्जा, पडिचोएज्जा ।...' અહીં સારણા એટલે ભગવાનના વચનનું સ્મરણ કરાવવું.

વારણા એટલે ભગવાનના વચનનું સ્મરણ કરાવવા છતાં શિષ્યો અકાર્યથી ન અટકે તો તેમને વારવા - તમે આવા ઉત્તમ કુળમાં જન્મેલા છો, સંયમ અંગીકાર કરેલ છે, તમને આવું અકાર્ય કરવું શોભે ? ઈત્યાદિ વચનો વડે અકાર્યથી વારવા. અથવા અનાભોગને કારણે અનુચિત કરતા હોય તેને વારવા.

ચોયણા એટલે ચોદના કરવી. સંયમયોગમાં જે કર્તવ્ય હોય તેમાં ઉત્સાહ પેદા કરવા માટેની પ્રેરણા કરવી.

પ્રતિચોયણા એટલે ચોદના કરવા છતાં શિષ્યોને ઉચિત કૃત્ય કરવા ઉત્સાહિત ન થાય તો વારંવાર ચોદના કરવી.

से णं सारेज्जंते ..... उद्दोलेज्जा ।। સારણા-વારણા-ચોયણા-પડિચોયણા કરવા છતાં તે વચનનો અનાદર કરીને શિષ્યો આળસ કરે કે અભિનિવેશ કરે, પરંતુ ગુણથી યુક્ત એવા ગુરુનું વચન તહત્તિ કહીને સ્વીકાર ન કરે, અને આ પ્રકારે પ્રવૃત્તિ કરતાં પ્રતિક્રમણ ન કરે તો તે સાધુ કે સાધ્વીને આપેલો વેશ પાછો લઈ લેવો જોઈએ, એ પ્રકારે આશય છે.

ટીકા :-

एवं तु आगमुत्तणाएणं गोयमा ! जाव तेणायरिएणं एगस्स सेहस्स वेसग्गहणं उद्दालियं ताव णं अवसेसे दिसोदिसं पणट्ठे । ताहे गो० ! सो य आयरियो सणियं तेसिं पिट्ठीए जाउमारुद्धो णो णं तुरियं २ । 'से भयवं! किमट्ठं तुरियं २ णो पयाइ ? गो० ! खाराए भूमीए, जे महुरं संकमेज्जा महुराए खारं, किण्हाए पीयं, पीयाओ किण्हं, जलाओ थलं, थलाओ जलं, संकमेज्जा, ते णं विहीए पाए पमज्जिय २ संकमेयव्वं, णो पमज्जेज्जा तओ दुवालससंवच्छरियं पच्छित्तं भवेज्जा, एएणट्ठेण गोयमा ! सो आयरिओ ण तुरियं २ गच्छे । अहऽन्नया सुयाउत्तविहीए थंडिलसंकमणं करेमाणस्स णं गो ! तस्सायरियस्स आगओ बहुवासरखुहापरिगयसरीरो वियडदाढाकरालकयंतभासुरो पलयकालमिव घोररुवो केसरी । मुणियं च तेण महाणुभागेणं गच्छाहिवइणा जहा-दुयं गच्छेज्जइ ता चुक्किज्जइ इमस्स । णवरं दुयं गच्छमाणाणं असंजमं, ता वरं सरीरवोच्छेयं ण असंजमपवत्तणंति चिंतिऊण विहीए उवट्ठियस्स सेहस्स जमुद्दालियं वेसग्गहणं तं दाऊण ठिओ निप्पडिक्कम्मपायवोवगमणाणसणेणं । सोऽवि सेहो तहेव । अहऽन्नया अच्चंतविसुद्धंतकरणे पंचमंगलपरे

सुहज्झवसायत्ताए दुण्णिवि गोयमा ! वावाइए तेण सींहेण अंतगडे केवली जाए अट्ठप्पयारमलकलंकमुक्के सिद्धे य । ते पुण गोयमा ! एकूणे पंचसए साहुणं तक्कम्मदोसेण जं दुक्खमणुभवमाणे चिट्ठंति जं चाणुभूयं, जं चाणुभविहिंति अणंतसंसारसागरं परिभमंते तं को अणंतेणपि कालेणं भणिउं समत्थो ? एए ते गोयमा ! एगूणे पंचसए साहुणं जेहिं च णं तारिसगुणोववेयस्स णं महाणुभागस्स गुरुणो आणं अइक्कमियं णो आराहियं अणंतसंसारिए जाए ।।११।।

ટીકાર્થ :-

एवं तु ..... जाए ।। આ પ્રમાણે આગમમાં કહેલા ન્યાયથી=યુક્તિથી, હે ગૌતમ ! યાવત્ તે આચાર્ય વડે એક શૈક્ષનો (શિષ્યનો) સમર્પણ કરેલ વેષ ઉતારી લીધો, તેટલામાં બાકી રહેલા દરેક દિશામાં નાસી ગયા ત્યારે, હે ગૌતમ ! તે પણ આચાર્ય ધીરેથી તેમની પછવાડે જવા માટે આરબ્ધ થયા, (પરંતુ) ઉતાવળા ઉતાવળા નહિ. હે ભગવંત ! શા માટે ઉતાવળા ઉતાવળા ન ગયા ? હે ગૌતમ ! ખારી ભૂમિથી જે મધુરમાં સંક્રમ કરવું પડે, મધુર ભૂમિથી ખારીમાં સંક્રમણ કરવું પડે, કાળી ભૂમિમાંથી પીળી ભૂમિમાં, પીળી ભૂમિમાંથી કાળી ભૂમિમાં, જળમાંથી સ્થળમાં, સ્થળમાંથી જળમાં સંક્રમ કરવું પડે, તેવી વિધિથી પગને પ્રમાર્જી પ્રમાર્જીને સંક્રમણ કરવું પડે, અને પ્રમાર્જે નહિ તો બાર વર્ષનું પ્રાયશ્ચિત્ત થાય. આ અર્થથી હે ગૌતમ ! તે આચાર્ય ઉતાવળા ઉતાવળા ન ગયા.

હવે અન્યદા સુઉપયુક્ત વિધિથી સ્થાનનું સંક્રમણ કરતા એવા, હે ગૌતમ ! તે આચાર્યની સમીપમાં ઘણા દિવસથી ક્ષુધાથી લેવાઈ ગયેલા શરીરવાળો, વિકટ (પ્રગટ) દાઢાથી કરાલ યમરાજ જેવો, ભયંકર પ્રલય કાળની જેમ ઘોર રૂપવાળો કેસરી સિંહ આવ્યો, અને તે મહાનુભાગ ગચ્છાધિપતિએ ચિંતવન કર્યું, જે આ પ્રમાણે - ઉતાવળથી ચાલું તો આનાથી (સિંહથી) બચી શકું, પરંતુ ઉતાવળથી જતા એવા મને અસંયમ થાય. તેથી શરીરનો ઉચ્છેદ થાય તે શ્રેષ્ઠ છે પણ અસંયમમાં પ્રવૃત્તિ કરવી શ્રેષ્ઠ નથી. એ પ્રમાણે વિચારી વિધિ વડે સમીપમાં રહેલા શૈક્ષને (શિષ્યને) જે ઉદ્ગાલિત (ઉતારી લીધેલ) એવા વેષને આપીને નિષ્પ્રતિકર્મ એવા પાદપોપગમન અનશન વડે રહ્યાં. તે શિષ્ય પણ તે પ્રમાણે અર્થાત્ પાદપોપગમન અનશન વડે રહ્યા. હવે અન્યદા અત્યંત શુદ્ધ અંતઃકરણવાળા, પંચમંગલમાં તત્પર, શુભ અધ્યવસાયપણાથી બન્ને પણ, હે ગૌતમ ! તે સિંહ વડે મારી નંખાયા, અંતકૃત્ કેવલી થયા અને આઠ પ્રકારના મલકલંકથી મુકાયેલા સિદ્ધ થયા. તે વળી હે ગૌતમ ! એક ન્યૂન પાંચસો=ચારસો નવાણું સાધુઓ તે કર્મના દોષથી જે પ્રકારના દુઃખનો અનુભવ કરતા રહેલા છે, જે અનુભવ્યું અને જે અનુભવશે, એ પ્રમાણે અનંત સંસારસાગર પરિભ્રમણ કરતાં તેને કોણ અનંતકાળ વડે કહેવા સમર્થ છે ? હે ગૌતમ ! આ તેઓ ચારસો નવાણું સાધુઓ, જેઓ વડે તેવા પ્રકારના ગુણથી યુક્ત મહાનુભાગ એવા ગુરુની આજ્ઞાને અતિક્રમણ કરાઈ, પરંતુ આજ્ઞાને આરાધિત ન કરાઈ અને અનંત સંસારી થયા. ।।૧૧।।

ટીકા :-

कुवलयप्रभवज्रमुनीशयोश्चरितयुग्ममिदं विनिशम्य भोः ।
कुमतिभिर्जनितं मतिविभ्रमं त्यजत युक्तिमदुक्तविभावकाः ।।१।।

ટીકાર્થ :-

કુવલય ..... વિભાવકાઃ ।। કુવલયપ્રભ અને વજ્રમુનીશના આ ચરિત્રયુગ્મને સાંભળીને યુક્તિવાળું એવું અમારું જે ઉક્ત કથન, તેના વિભાવકો એવા તમે, કુમતિ વડે જનિત એવા મતિવિભ્રમને છોડો.

વિશેષાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારે સાવદ્યાચાર્યના કથનમાં કહ્યું કે, 'यद्यपि जिनालये तथापि सावज्जमिदं' એ પ્રકારનો પ્રયોગ જ બતાવે છે કે, સર્વ ચૈત્ય સાવદ્ય નથી, અને વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં પણ અવિધિથી તીર્થયાત્રાનો નિષેધ છે, એમ પોતે કહ્યું, તે સર્વ કથન યુક્તિવાળું છે. તેવા યુક્તિવાળા ઉક્ત=કહેવાયેલા અમારા કથનને વિચારનારાઓ, જેઓ લુંપાકના વચનને સાંભળીને દ્રવ્યસ્તવ અકરણીય છે, એવા મતિવિભ્રમને ધારણ કરે છે, આમ છતાં તત્ત્વની જિજ્ઞાસાથી સન્મુખ થયેલા છે, તેઓને ઉદ્દેશીને ગ્રંથકાર કહે છે કે, લુંપાકોની આ કુમતિ છે, તેનાથી જ તમને આ વિભ્રમ થયેલો છે, તેથી આ મતિવિભ્રમને તમે દૂર કરો.

ઉત્થાન :-

પૂર્વમાં સાવદ્યાચાર્ય અને વજ્રાચાર્ય બંને દૃષ્ટાંતનું જે તાત્પર્ય હતું તેને સ્પષ્ટ કરેલ છે, તો પણ પ્રસ્તુત કથનને સાંભળીને કોઈકને જિજ્ઞાસા થાય કે, બંને દૃષ્ટાંતોમાં શેના નિષેધનું તાત્પર્ય છે ? તેથી સંક્ષેપથી તે બતાવે છે -

ટીકા :-

प्रथमे ह्यनधिकारिकर्तृकत्वविशिष्टचैत्यप्रवृत्त्यननुमोदने तात्पर्यम् । द्वितीये चाविधियात्रानिषेध इति न च यात्रायामेवासंयमाभिधानात् तन्मात्रनिषेधः, स्वस्थानावधिकतीर्थप्राप्तिफलकव्यापाररूपा-यास्तस्या निषेधे संयतसार्थेन तन्निषेधापत्त्या असंयतसार्थेन तन्निषेधस्य फलितत्वात् ।

ટીકાર્થ :-

प्रथमे ..... अविधियात्रानिषेध इति । પ્રથમમાં=કુવલયપ્રભાચાર્યના દૃષ્ટાંતમાં, અનધિકારિકર્તૃકત્વથી વિશિષ્ટ ચૈત્યપ્રવૃત્તિના અનનુમોદનમાં તાત્પર્ય છે, અને બીજામાં=વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં, અવિધિયાત્રાના નિષેધમાં તાત્પર્ય છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

કુવલયપ્રભાચાર્ય અને વજ્રાચાર્યના દૃષ્ટાંતનું તાત્પર્ય શું છે, તે સંક્ષેપથી કહે છે - કુવલયપ્રભાચાર્યના દૃષ્ટાંતમાં ચૈત્યવાસી અનધિકારી કર્તા છે, અને અનધિકારી કર્તા છે જેને એવી અનધિકારિકર્તૃક ચૈત્યપ્રવૃત્તિ છે, અને અનધિકારિકર્તૃકત્વ ચૈત્યપ્રવૃત્તિમાં છે. તેથી અનધિકારિકર્તૃકત્વથી વિશિષ્ટ ચૈત્યપ્રવૃત્તિ થઈ, તેના અનનુમોદનમાં=અનુમોદનાના નિષેધમાં, નિષેધનું તાત્પર્ય છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, ચૈત્યવાસીઓ ચૈત્યદ્રવ્યનો સીધો ઉપભોગ કરતા હતા તેવું ન હતું, પરંતુ તેઓ સાધુવેશમાં હતા તેથી ચૈત્યપ્રવૃત્તિ કરવાના અનધિકારી છે. તેઓ સાધુવેશમાં હતા તેથી જ સાવદ્યાચાર્યે તેમને આગમની વાચના આપેલ. તેથી તેઓ સાધુના વેશમાં હોવાથી ચૈત્યપ્રવૃત્તિ કરવાના અધિકારી નથી. તેથી અનધિકારીકર્તૃક ચૈત્યપ્રવૃત્તિની અનુમોદના કરવામાં આવે તો તે પ્રવૃત્તિને પ્રોત્સાહન મળવાથી અનુચિત પ્રવૃત્તિની અનુમોદનાનું પાપ અનુમોદના કરનારને લાગે.

વળી બીજા વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં તીર્થયાત્રાનો નિષેધ નથી, પરંતુ ગીતાર્થની નિશ્રા વગર ચારસો નવાણું શિષ્યો તીર્થયાત્રા કરવા નીકળ્યા અને અસંયમમાં પડે છે, તે અવિધિયુક્ત તીર્થયાત્રાનો નિષેધ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, બીજા વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં અવિધિપૂર્વકની તીર્થયાત્રાનો નિષેધ છે, ત્યાં કોઈને શંકા થાય કે, વજ્રાચાર્યે તો શિષ્યોને કહેલ કે યાત્રામાં ગયેલા એવા તમારા વડે અસંયમમાં પડાશે. તેથી તેમના વચનથી તો તીર્થયાત્રા અસંયમરૂપ છે, માટે પ્રતિમાને વંદન કરવું એ પાપનું કારણ છે, એવો અર્થ ફલિત થાય છે. તેના નિરાકરણરૂપે કહે છે -

ટીકાર્થ :-

ન ચ ..... ફલિતત્વાત્ । અને યાત્રામાં જ અસંયમનું અભિધાન હોવાથી તન્માત્રનો નિષેધ=યાત્રામાત્રનો નિષેધ છે, એમ ન કહેવું. કેમ કે સ્વસ્થાનઅવધિક તીર્થપ્રાપ્તિફલક વ્યાપારરૂપ તેના= તીર્થયાત્રાના, નિષેધમાં સંયતના સાર્થની સાથે તેના નિષેધની=તીર્થયાત્રાના નિષેધની, આપત્તિ આવતી હોવાથી, અસંયત સાર્થની સાથે તેના નિષેધનું=તીર્થયાત્રાના નિષેધનું, ફલિતપણું છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં વજ્રાચાર્યના દૃષ્ટાંતથી કહ્યું કે, 'યાત્રામાં ગયેલા એવા તમારા વડે અસંયમમાં પડાશે' - એ કથનથી યાત્રામાં અસંયમનું અભિધાન છે, તેથી યાત્રામાત્રનો નિષેધ છે એમ ન કહેવું; કેમ કે તીર્થયાત્રા એ સ્વસ્થાનથી માંડીને તીર્થપ્રાપ્તિના ફળના વ્યાપારરૂપ છે, અને તેનો નિષેધ કરાયે છતે, જે સંયમીઓ સંયમના પાલનપૂર્વક પોતાના સ્થાનથી માંડીને તીર્થની પ્રાપ્તિ સુધી જાય છે, તે તીર્થયાત્રાના નિષેધની પ્રાપ્તિ થાય. પરંતુ તે ઈષ્ટ નથી; કેમ કે સંયમીઓ સંયમના પાલનપૂર્વક તીર્થયાત્રામાં જાય, એવું કથન શાસ્ત્રમાં અનેક સ્થાનોમાં ઉપલબ્ધ છે. આથી અસંયતના સાર્થની સાથે યાત્રાનિષેધનું ફલિતપણું છે. વજ્રાચાર્યે શિષ્યોને તીર્થયાત્રાનો નિષેધ કર્યો, તે તેઓ બધા અગીતાર્થ હતા તેથી ગીતાર્થ ગુરુને છોડીને તીર્થયાત્રાએ જાય તો અસંયતના સમુદાય સાથે તે યાત્રા થાય, અને તેનો નિષેધ જ તેમને કરવો હતો, તે ભાવ ફલિત થાય છે.

ટીકા :-

अत एव साधूनामवधावतां कदालम्बनीभूतैव चैत्यभक्तिश्चैत्यवासिनामावश्यकेऽपि निषिद्धा -

'नीयावासविहारं चेइयभत्तिं च अज्जियालाभं ।
विगईसु अ पडिबंधं निद्दोसं चोइयाविंति ।।

चेइयकुलगणसंघं अन्नं वा किंचि काऊनिस्साणं ।
अहवावि अज्जवइरं तो सेवंती अकरणिज्जं ।।' **(आव० निर्यु० ११७५/११७९) इत्यादिना ।**

ટીકાર્થ :-

अत एव ..... इत्यादिना । આથી કરીને જ=વજ્રાચાર્યના નિષેધનું અસંયત સાર્થની સાથે ચૈત્યયાત્રાના નિષેધમાં પર્યવસાનપણું હોવાને કારણે જ, પાત પામતા ચૈત્યવાસી એવા સાધુઓની કદાલંબનીભૂત જ એવી ચૈત્યભક્તિ આવશ્યકમાં પણ नीयावासविहारं..... અને चेइयकुलगण..... ઈત્યાદિ ગાથાના કથન વડે નિષિદ્ધ કરાઈ છે.

✪ 'साधूनामवधानतां' મુ. પુ. માં પાઠ છે ત્યાં કૌંસમાં (साधुनामवतां' પાઠ સંભવિત મૂક્યો છે, પરંતુ હસ્તલિખિત પ્રતમાં 'साधूनामवधावतां' પાઠ મળેલ છે, અને તે પાઠ સંગત લાગવાથી તે ટીકામાં ગ્રહણ કરેલ છે અને એ મુજબ અર્થ અમે કરેલ છે.

✪ અહીં अत एव ..... आवश्यकेऽपि "नीयावासं..... अकरणिज्जं ।। इत्यादिना निषिद्धा । આ પ્રમાણે અન્વય કરવો.

ટીકાર્થ :-

नीयावासविहारं ..... चोइयावि' ति ।। ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

'ઉદ્યતવિહારી' દ્વારા પ્રેરણા કરાયેલા તેઓ=શિથિલાચારીઓ નિત્યાવાસરૂપ કલ્પ=આચાર, ચૈત્યભક્તિ, સાધ્વીઓથી લાભ અને વિગઈમાં પ્રતિબંધને=આસંગને, નિર્દોષ કહે છે.

चेइयकुलगण ..... अकरणिज्जं ।। ગાથાનો અર્થ આ પ્રમાણે છે -

ચૈત્ય, કુલ, ગણ, સંઘની અથવા અન્ય કોઈની=અપુષ્ટ-અવ્યવચ્છિત્ત્યાદિરૂપ અન્ય કોઈની, નિશ્રા= આલંબન કરીને અથવા આર્ય વજ્રની નિશ્રા=આલંબન કરીને=આર્ય વજ્રસ્વામીના દૃષ્ટાંતનું અનુકરણ કરીને, ત્યાર પછી (મંદ ધર્મવાળા નિત્યવાસીઓ) અકૃત્યને સેવે છે.

✪ 'तो सेवंती' અહીં तो=ततः શબ્દનો પ્રયોગ काउं निस्साणं કહ્યું ત્યાં काउं=कर्तुं સંબંધક ભૂતકૃદંત છે. તેથી પૂર્વક્રિયા સાપેક્ષ ઉત્તરક્રિયા છે. પરંતુ અહીં 'ततः' કહ્યું, તેથી આ બધાની નિશ્રા કરીને બોલ્યા પછી થોડો સમય રહીને વિલંબે અકૃત્યને સેવે છે, એ બતાવવા અર્થે છે.

✪ 'अपुष्टअव्यवच्छित्त्यादिरूप अन्य કોઈની નિશ્રા કરીને' એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, દેરાસરની

સારસંભાળ કરનાર કોઈ નથી, તેથી ચૈત્યનો નાશ ન થાય, આથી અમારે અસંયમનો સ્વીકાર કરવો પડે છે, એ પ્રકારની અપુષ્ટ આલંબનરૂપ અવ્યવચ્છિત્તિ છે. આ રીતે અપુષ્ટ આલંબન લઈને તેઓ ચૈત્યભક્તિ ઈત્યાદિ કરે છે, તે અકૃત્યનું સેવન કરે છે; કેમ કે સાધુઓને પુષ્ટાલંબન વિના દ્રવ્યસ્તવનો નિષેધ છે.

વિશેષાર્થ :-

વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં તીર્થયાત્રાનો નિષેધ કરેલ છે અને આવશ્યક સૂત્રની ગાથામાં ચૈત્યભક્તિનો નિષેધ કરેલ છે, છતાં એ બેનું યોજન 'अतएव' થી કરેલ છે. તેનો ભાવ એ છે કે, વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં શિષ્યો અસંયમપૂર્વક તીર્થયાત્રા કરવા જાય છે, એ અસંયમરૂપ હોવાથી નિષેધ કરેલ છે. તે જ રીતે પુષ્ટ આલંબનને છોડીને સાધુને ચૈત્યભક્તિ અસંયમરૂપ હોવાથી આવશ્યકમાં તેનો નિષેધ કરેલ છે. તેથી જેમ વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં અસંયમરૂપ તીર્થયાત્રાનો નિષેધ છે, એ જ કારણે આવશ્યકમાં પણ ચૈત્યવાસીઓની અસંયમરૂપ ચૈત્યભક્તિનો નિષેધ કરેલ છે.

ટીકા :-

तस्मादावश्यकमहानिशीथाद्येकवाक्यतया साधुलिङ्गस्यैव चैत्यभक्तिर्निषिद्धा, श्राद्धानां तु शतशो विहितैवेति श्रद्धेयम् ।। ४६।।

ટીકાર્થ :-

तस्मात् ..... श्रद्धेयम् ।।४६।। **તે કારણથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે, વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં અસંયમપૂર્વકની તીર્થયાત્રાનો નિષેધ ફલિત થાય છે, અને તેની પુષ્ટિ માટે મહાનિશીથની સાક્ષી બતાવીને કહ્યું કે, ચૈત્યવાસીઓની કદાલંબનીભૂત ચૈત્યભક્તિનો જ આવશ્યકમાં નિષેધ કરેલ છે તે કારણથી, આવશ્યક અને મહાનિશીથાદિ શાસ્ત્રોની એકવાક્યતા હોવાને કારણે સાધુલિંગવાળાની જ ચૈત્યભક્તિ નિષિદ્ધ છે, વળી શ્રાવકોને સેંકડો વાર (ચૈત્યભક્તિ) વિહિત જ છે, એ પ્રકારે શ્રદ્ધેય છે. ।।૪૬।।**

વિશેષાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે, આવશ્યક નિર્યુક્તિમાં પણ કદાલંબનીભૂત ચૈત્યભક્તિનો નિષેધ છે, અને વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં પણ અસંયમપૂર્વકની તીર્થયાત્રાનો નિષેધ છે, તેથી આવશ્યક અને મહાનિશીથાદિ શાસ્ત્રની એકવાક્યતા પ્રાપ્ત થાય છે. તેનાથી એ નક્કી થાય છે કે, સાધુલિંગવાળાની જ ચૈત્યભક્તિનો નિષેધ છે, શ્રાવકોને તો શાસ્ત્રમાં ઘણે ઠેકાણે ચૈત્યભક્તિ કરવાનાં વિધાનો પ્રાપ્ત થાય છે. માટે જેઓ આગમને પ્રમાણરૂપ માનતા હોય તેઓને ભગવાનની ભક્તિ કરવી તે શ્રાવકનું કર્તવ્ય છે, એ પ્રમાણે શ્રદ્ધા કરવી જોઈએ. **॥૪૬॥**

અવતરણિકા :-

સિંહાવલોકિતન્યાયેન બિમ્બનમનાનુકૂલવ્યાપારે યાત્રાપદાર્થબાધમાશઙ્ક્ય પરિહરતિ -

અવતરણિકાર્થ :-

બિંબનમનને અનુકૂળ વ્યાપારમાં યાત્રાપદાર્થના બાધની સિંહાવલોકિત ન્યાય વડે આશંકા કરીને પરિહાર કરે છે -

વિશેષાર્થ :-

અહીં સિંહાવલોકિત ન્યાય એ છે કે, જેમ સિંહ ગુફામાંથી ઊઠીને જ્યારે પોતાના લક્ષ્ય અર્થે બહાર નીકળે છે, ત્યારે સ્વસ્થાનથી કાંઈક આગળ ગયા પછી પાછળ જુએ છે, તેમ પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રી પણ શ્લોક-૫માં ચારણની યાત્રાનો પ્રસંગ કહીને આગળ ગયા પછી ફરી તે પદાર્થને પ્રસ્તુત કરે છે, અને તેમાં શંકાનું ઉદ્ભાવન કરીને પરિહાર કરે છે.

પૂર્વમાં શ્લોક-૫માં ચારણ મુનિઓની નંદીશ્વરની યાત્રાનો પ્રસંગ બતાવેલ કે, નંદીશ્વર દ્વીપમાં તેઓ વિદ્યાના બળથી ગયા અને ત્યાં બિંબનમન કર્યું, તે બિંબનમનને અનુકૂળ જે વ્યાપાર=ક્રિયા, તે યાત્રાપદાર્થ છે, એમ ત્યાં દ્યોતિત થઈ ગયેલ છે. પરંતુ પૂર્વપક્ષી કહે છે કે, બિંબનમનને અનુકૂળ વ્યાપાર એ યાત્રાપદાર્થ નથી, પરંતુ સાધુની તપ-સંયમાદિ યોગોમાં જે યતના છે, તત્સ્વરૂપ યાત્રાપદાર્થ છે. કેમ કે આર્ય વજ્રાચાર્યના દૃષ્ટાંતમાં આચાર્યે શિષ્યોને તીર્થયાત્રાનો નિષેધ કરેલ છે; અને આર્ય વજ્રાચાર્યે શિષ્યોને તીર્થયાત્રાનો નિષેધ કર્યો, તેથી એ પ્રાપ્ત થાય છે કે, સાધુને તીર્થયાત્રા કરવી ઉચિત નથી; માટે પ્રતિમા પૂજનીય નથી. જો પ્રતિમા પૂજનીય હોય તો સાધુને તીર્થયાત્રાનો નિષેધ આચાર્યે કર્યો ન હોત, પરંતુ તીર્થયાત્રાનો નિષેધ આચાર્યે કર્યો છે, માટે પ્રતિમા પૂજનીય નથી. આ રીતે પૂર્વપક્ષી બિંબનમનને અનુકૂળ વ્યાપારમાં યાત્રાપદાર્થના બાધને કહીને સાધુને તીર્થયાત્રા કર્તવ્ય નથી, તેમ સ્થાપન કરે છે, અને ગ્રંથકારશ્રી પ્રસ્તુત શ્લોકમાં ફરી પરિહાર કરે છે.

પૂર્વમાં શ્લોક-૫માં યાત્રાપદાર્થ શું છે તે કહ્યું ત્યાં પૂર્વપક્ષીએ બાધ બતાવ્યો, તેનો પરિહાર કરી બિંબનમનને અનુકૂળ વ્યાપાર એ યાત્રા પદાર્થ છે, તેમ સ્થાપન કર્યું. ફરી શ્લોક-૪૬માં કહેલ વજ્રાચાર્યના દૃષ્ટાંતથી પૂર્વપક્ષી તીર્થયાત્રાનો સાધુને નિષેધ બતાવવા અર્થે બિંબનમનને અનુકૂળ વ્યાપાર એ યાત્રાપદાર્થ નથી, પરંતુ તપ સંયમને અનુકૂળ વ્યાપાર એ યાત્રાપદાર્થ છે, એમ બતાવે છે. તેનો પરિહાર કરી, બિંબનમનને અનુકૂળ વ્યાપાર એ યાત્રાપદાર્થ છે તેમ ગ્રંથકારશ્રી સ્થાપન કરે છે, તે સિંહાવલોકિત ન્યાય છે.

શ્લોક :-

નો યાત્રા પ્રતિમાનતિર્વ્રતભૃતાં સાક્ષાદનાદેશનાત્,
તત્પ્રશ્નોત્તરવાક્ય ઇત્યપિ વચો મોહજ્વરાવેશજમ્ ।
મુખ્યાર્થૈઃ પ્રથિતા યતો વ્યવહૃતિઃ શેષાન્ ગુણાન્ લક્ષયેત્,
સામગ્ર્યેણ હિ યાવતાઽસ્તિ યતના યાત્રા સ્મૃતા તાવતા ।।૪૭।।

શ્લોકાર્થ :-

તેના પ્રશ્નોના ઉત્તરવાક્યમાં=શુક-સોમિલાદિએ કરેલ પ્રશ્નોના ઉત્તરવાક્યમાં, નમસ્કારનું સાક્ષાત્ કથન નહિ હોવાથી ચારિત્રીઓને પ્રતિમાનતિ=પ્રતિમાને નમસ્કાર, યાત્રા નથી, એ પણ વચન મોહરૂપ જ્વરના આવેશથી જનિત છે; જે કારણથી મુખ્યાર્થો વડે પ્રસિદ્ધ શબ્દપ્રયોગરૂપ વ્યવહાર શેષ ગુણોને જણાવે છે, જે કારણથી જેટલી સામગ્રીની યતના છે, તેટલી યાત્રા સ્મૃત= કહેવાયેલી છે. ॥૪૭॥

✪ શ્લોકમાં કહેલ इत्यपि वचो मोहज्वरावेशजम् એ કથનમાં यतः मुख्यार्थैः ..... लक्षयेत् હેતુ છે અને 'हि यावता सामग्रयेण ..... यात्रा स्मृता । તે હેતુમાં હેતુ છે:

ટીકા :-

'नो' इति :- प्रतिमानतिः यात्रा न भवति, केषां व्रतभृतां=चारित्रिणाम्, कुतः ? तत्प्रश्नोत्तरवाक्ये=शुकसोमिलादिकृतयात्रापदार्थप्रश्नानां थावच्चापुत्रभगवदाद्युत्तरवाक्ये, साक्षात्= कण्ठपाठेन, अनादेशनाद्=बिंबप्रणतेरनुपदेशात्, इत्यपि वचः कुमतीनां मोहरूपो यो ज्वरस्तदावेशः तत्परवश्यप्रलापः, तज्जं=तज्जनितम् । यतः मुख्यार्थैः प्रथिता=प्रसिद्धा, व्यवहृतिः शब्दप्रयोगरूपा, शेषान्=उक्तावशिष्टान्, गुणान् लक्षयेत् । हि=यतः, यावता सामग्र्येण=यावत्या सामग्र्या, यतना भवति, तावता यात्रा स्मृता ।

ટીકાર્થ :-

प्रतिमानतिः ..... स्मृता । **પ્રતિમાનતિ=પ્રતિમાને નમસ્કાર, (એ) ચારિત્રીઓની યાત્રા થતી નથી; કેમ કે તેના પ્રશ્નના ઉત્તરવાક્યમાં=શુક-સોમિલાદિ કૃત યાત્રાપદાર્થવિષયક પ્રશ્નના થાવચ્ચાપુત્ર-ભગવાનાદિના ઉત્તરવાક્યમાં સાક્ષાત્=કંઠથી અને પાઠથી, અનાદેશ=અનુપદેશ છે; એ પણ વચન કુમતિ એવા લુંપાકનો મોહરૂપ જે જ્વર, તેનો આવેશ=તેના પરવશપણાનો જે પ્રલાપ, તેનાથી જનિત છે; જે કારણથી મુખ્યાર્થો વડે પ્રસિદ્ધ શબ્દપ્રયોગરૂપ વ્યવહાર શેષ ગુણોને=કહેવાયેલાથી બાકી રહેલા ગુણોને, જણાવે છે; જે કારણથી જેટલી સામગ્રીની યતના થાય છે, તેટલી યાત્રા સ્મૃત છે.**

વિશેષાર્થ :-

શુકપરિવ્રાજકે થાવચ્ચાપુત્રને અને સોમિલે ભગવાનને યાત્રાવિષયક પ્રશ્ન પૂછ્યો, તેનો જવાબ શાસ્ત્રમાં કહેલ છે, ત્યાં બિંબને નમસ્કાર યાત્રાપદાર્થરૂપે કહેલ નથી. તેથી બિંબનમસ્કાર એ વ્રતધારીઓની યાત્રા થઈ શકે નહિ, એ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે, તે મોહજનિત છે.

પૂર્વપક્ષીનો આશય મોહજનિત કેમ છે, તે બતાવતાં કહે છે -

જે કારણથી મુખ્યાર્થો વડે પ્રસિદ્ધ થયેલ શબ્દપ્રયોગરૂપ વ્યવહાર શેષ ગુણોને જણાવે છે.

આશય એ છે કે, શુકપરિવ્રાજકના પ્રશ્નમાં થાવચ્ચાપુત્રે અને સોમિલના પ્રશ્નમાં ભગવાને જે ઉત્તર આપ્યો, તે સર્વ સાધુને માટે મુખ્યાર્થરૂપ યાત્રાપદાર્થ છે અને તે પ્રશ્નોના ઉત્તરમાં થાવચ્ચાપુત્રે અને ભગવાને તપ-સંયમરૂપ જ યાત્રાપદાર્થ કહેલ છે. તેથી મુખ્યાર્થ વડે પ્રસિદ્ધ એવો વ્યવહાર કહેવાયેલાથી બાકીના ગુણોને બતાવે છે, તે નિયમ પ્રમાણે, સાક્ષાત્ શબ્દોથી મુખ્યાર્થ રૂપે ભગવાને તપ-સંયમરૂપ યાત્રાપદાર્થ કહેલ હોવા છતાં તપ-સંયમની વૃદ્ધિના કારણીભૂત એવા બિંબને નમસ્કાર પણ અર્થથી ત્યાં પ્રાપ્ત થાય છે; કેમ કે, મુખ્યાર્થ શબ્દપ્રયોગથી જે કથન કર્યું હોય તેનાથી ઉક્ત અવશિષ્ટ ગુણોનો પણ=કહેવાયેલાથી બાકીના ગુણોનો પણ, બોધ થાય છે. માટે તપ-સંયમ જેમ રત્નત્રયીની વૃદ્ધિનાં કારણ છે, તેમ પ્રતિમાને નમસ્કાર પણ રત્નત્રયીની વૃદ્ધિનું કારણ હોવાથી અર્થથી તેનું પણ કથન થઈ જાય છે. માટે પૂર્વપક્ષી કહે છે કે, શુકપરિવ્રાજકના પ્રશ્નમાં થાવચ્ચાપુત્રે સાક્ષાત્ પ્રતિમાનતિ કહેલ નથી, માટે સાધુ પ્રતિમાને નમસ્કાર કરે તે ઉચિત નથી, તે વચન તેમના મોહનો આવેશ છે; કેમ કે, જેટલી સમગ્રપણાથી યતના થાય તેટલા સમગ્રપણાથી યાત્રાપદાર્થ છે.

આશય એ છે કે, સંયમને અનુકૂળ એવી યતના જે જે પ્રવૃત્તિથી થઈ શકે છે, તે સર્વ યાત્રાપદાર્થ છે. તેથી જેમ તપ-સંયમમાં યત્નથી સંયમની વૃદ્ધિ થાય છે, તેમ પ્રતિમાને નમસ્કાર કરવાથી પણ સાધુના તપ-સંયમની યતના થાય છે. માટે 'યાત્રા' શબ્દથી જેમ તપ-સંયમનું ગ્રહણ થાય છે, તેમ અર્થથી સંયમની વૃદ્ધિને અનુકૂળ એવી પ્રતિમાનતિ પણ ગ્રહણ થઈ જાય છે.

'यत्' ધાતુમાંથી યાત્રા શબ્દ બનેલ છે, સાધુની જેટલી આચરણારૂપ સામગ્રીથી આત્મામાં યતનાનો પરિણામ પેદા થાય છે=આત્મભાવના રક્ષણને અનુકૂળ યત્નરૂપ યતનાનો પરિણામ પેદા થાય છે, તેટલી સંયમીને માટે યાત્રા છે. તેથી સંયમીને જે જે ઉચિત આચરણા છે, તે સર્વ યાત્રાપદથી વાચ્ય છે.

પૂર્વમાં સિદ્ધ કરેલ કે, ચારણમુનિઓ નંદીશ્વર આદિ દ્વીપમાં પ્રતિમાને નમસ્કાર માટે જાય છે અને ગૌતમસ્વામી પણ અષ્ટાપદ ઉપર તીર્થનતિ માટે ગયેલ છે, તેથી પ્રતિમાનતિ-તીર્થનતિ એ સાધુને ઉચિત આચરણારૂપ છે, તેથી તે યાત્રાપદથી વાચ્ય છે. માટે પ્રતિમાનતિ એ સાધુને યાત્રા નથી, એમ કહેવું તે મોહનો પ્રલાપ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, જેટલી સામગ્રીની યતના થાય છે તેટલી યાત્રા સ્મૃત છે, તેને જ દૃઢ કરવા માટે સોમિલના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને જે જવાબ આપ્યો છે, તેમાં યાત્રાપદાર્થ ક્યાં પર્યવસિત થાય છે, તે બતાવતાં કહે છે -

ટીકા :-

तथा च - "किं ते भंते ! जत्ता ? सोमिला ! जं मे तव-णियम-संजम-सज्झाय-ज्झाणावस्सयमाईसु जोएसु जयणा" (से तं जत्ता) **इत्यत्रादिपदस्वरसात् यत्याश्रमोचितयोगमात्रयतनायां यात्राफ्दार्थः पर्यवसितो लभ्यते, यथा परेषां 'यज्ञेन' इत्यादि सूत्रं शतपथविहितकर्मवृन्दोपलक्षकम् ।**

ટીકાર્થ :-

'तथा च' અને તે પ્રમાણે પાઠ છે - હે ભગવંત ! તમારી યાત્રા શું છે ? તેના જવાબરૂપે ભગવાન કહે છે - હે સોમિલ ! તપ-નિયમ-સંયમ-સ્વાધ્યાય-ધ્યાન-આવશ્યકાદિ યોગોમાં જે મારી યતના તે યાત્રા છે. **એ પ્રમાણેના કથનમાં 'આદિ' પદના સ્વરસથી યતિઆશ્રમને ઉચિત યોગમાત્રની યતનામાં યાત્રાપદાર્થ પર્યવસિત પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે પરને 'यज्ञेन' ઈત્યાદિ સૂત્ર, શતપથમાં વિહિત=શતપથ નામના ગ્રંથમાં વિહિત, કર્મવૃંદનું ઉપલક્ષક છે, તેમ તપ-સંયમમાં વિહિત એવું યાત્રાપદ ચારિત્રીના સર્વયોગમાં જે યતના છે, તે સર્વનું ઉપલક્ષક છે.**

વિશેષાર્થ :-

સોમિલના યાત્રાવિષયક પ્રશ્નમાં ભગવાને જે જવાબ કહ્યો, તે જવાબમાં 'આવશ્યકાદિમાં' જે 'આદિ' પદ છે, તેનો સ્વરસ એ છે કે, તપ-સંયમની જેમ જે જે યોગો ચારિત્રની વૃદ્ધિ કરે તે સર્વ યોગોને 'આદિ' પદથી ગ્રહણ કરવા. તેથી યતિઆશ્રમને ઉચિત એવી યાવત્ યોગોની યતનામાં યાત્રાપદાર્થ પર્યવસાન થયેલો પ્રાપ્ત થાય છે. માટે પ્રતિમાનતિ એ યતિઆશ્રમને ઉચિત ક્રિયા હોવાથી તેનું પણ ગ્રહણ 'આદિ' પદથી થઈ જાય છે.

પૂર્વમાં કહ્યું કે, મુખ્યાર્થ વડે પ્રસિદ્ધ શબ્દપ્રયોગરૂપ વ્યવહાર, કહેવાયેલાથી બાકી રહેલા ગુણોને જણાવે છે. તેને જ દૃઢ કરવા માટે દૃષ્ટાંતરૂપે પરની સાક્ષી આપતાં 'यथा' થી કહે છે –

જે પ્રમાણે પરનું=અન્ય દર્શનવાળાનું, 'यज्ञेन' ઈત્યાદિ સૂત્ર, શતપથ નામના ગ્રંથમાં વિહિત એવા કર્મવૃંદનું ઉપલક્ષક છે, તેમ તપ-સંયમાદિમાં વિહિત એવું યાત્રાપદ, ચારિત્રીના સર્વ યોગોમાં જે યતના છે, તે સર્વનું ઉપલક્ષક છે.

અહીં 'યજ્ઞ' પદ યજ્ઞક્રિયાનો વાચક છે, પરંતુ યજ્ઞપદનો વાચક યજ્ઞશબ્દ શતપથમાં વિહિત બધા કર્મકાંડનો ઉપલક્ષક છે, એટલે 'યજ્ઞ' પદથી બધાં કર્મકાંડને ગ્રહણ કરવાનાં છે; તેમ પ્રસ્તુતમાં તપ-સંયમ પદથી સાક્ષાત્ તપ-સંયમનું ગ્રહણ થાય છે, અને ઉપલક્ષણથી શેષ ગુણોનું ગ્રહણ થાય છે. તેથી તપ-સંયમ પદ યતિઆશ્રમને ઉચિત બધા અનુષ્ઠાનનો ઉપલક્ષક છે.

ટીકા :-

अत एव सोमिलप्रश्नोत्तरे यथाश्रुतार्थबाधे फलोपलक्षकत्वं व्याख्यातं तथा च अत्र भगवतीवृत्तिः - "एतेषु च यद्यपि भगवतो न किञ्चित्तदानीं समस्ति तथापि तत्फलसद्भावात् तदस्तीत्यवगन्तव्यमिति ।" **(भगवतीसूत्रम् श. १८ उ. १० सू. ६४७)**

ટીકાર્થ :-

'अत एव ..... भगवतीवृत्तिः' આથી કરીને જ=પૂર્વમાં કહ્યું કે મુખ્યાર્થો વડે પ્રસિદ્ધ એવો

શબ્દપ્રયોગરૂપ વ્યવહાર ઉક્ત અવશિષ્ટ ગુણોને જણાવે છે આથી કરીને જ, સોમિલના પ્રશ્નના ઉત્તરમાં યથાશ્રુત અર્થમાં=જે પ્રમાણે સંભળાય છે તે પ્રમાણેના અર્થમાં, બાધ હોતે છતે ફલોપલક્ષકપણું વ્યાખ્યાન કરાયું. અને તે પ્રમાણે અહીંયાં=સોમિલના પ્રશ્નના ઉત્તરમાં, ભગવતીવૃત્તિ=ભગવતી સૂત્રની ટીકા, છે. (તે આ પ્રમાણે -)

एतेषु ..... अवगन्तव्यमिति આ બધામાં=તપ-સંયમાદિમાં, ભગવાનને ત્યારે કાંઈ નથી, તો પણ તેના ફળનો સદ્ભાવ હોવાથી=તપ-સંયમાદિના ફળનો સદ્ભાવ હોવાથી, તે છે=તપ-સંયમાદિ છે, એ પ્રમાણે જાણવું.

વિશેષાર્થ :-

સોમિલે ભગવાનને પૂછ્યું કે, તમારી યાત્રા શું છે ? તેના જવાબરૂપે ભગવાને કહ્યું કે, તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, આવશ્યકાદિમાં જે યતના છે, તે મારી યાત્રા છે. વસ્તુતઃ ભગવાન તે વખતે વીતરાગ સર્વજ્ઞ હોવાથી તપ, સંયમ, સ્વાધ્યાય આદિમાં કોઈ પ્રયત્ન કરતા ન હતા. તેથી ભગવાનના ઉત્તરમાં યથાશ્રુત અર્થનો બાધ થાય છે. તેથી ભગવતીના ટીકાકારે ભગવાનના તે વચનનો અર્થ કરતાં કહ્યું કે, ભગવાનનો તે ઉત્તર ફલનો ઉપલક્ષક છે=તપ-સંયમના ફળને જણાવનાર છે, પરંતુ તપ-સંયમના સ્વરૂપને જણાવનાર નથી. ભગવાનમાં તપ-સંયમનું ફળ જે વીતરાગતા-સર્વજ્ઞત્વ છે, તે વિદ્યમાન છે, તેને જ તપ-સંયમની યતના શબ્દથી જણાવેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, ભગવાનનું વચન ફલઉપલક્ષક છે, તેમ પ્રસ્તુતમાં યાત્રાપદ ઉક્ત અવશિષ્ટ ગુણોનું ઉપલક્ષક છે=તપ-સંયમથી વાચ્ય તપ-સંયમથી અવશિષ્ટ=બાકીની સંયમમાં ઉપયોગી યાવત્ સર્વયતનાનું ઉપલક્ષક છે.

અહીં વિશેષ એ છે કે, મુખ્યાર્થો વડે પ્રસિદ્ધ યાત્રાપદનો વ્યવહાર ઉપલક્ષણથી ઉક્ત અવશિષ્ટ ગુણોને જણાવે છે, આથી કરીને જ સોમિલ પ્રશ્નના ભગવાનના ઉત્તરમાં તપ-સંયમાદિનો બાધ ભગવાનમાં દેખાય છે, ત્યારે તેનું ફલઉપલક્ષક પણ વ્યાખ્યાન કરેલ છે.

ટીકા :-

अयं च एवंभूतनयार्थः, प्रागुक्तस्तु शब्दसमभिरूढयोरिति विवेचकाः ।।४७।।

ટીકાર્થ :-

अयं ..... विवेचकाः ।। **અને આ એવંભૂત નયાર્થ છે, વળી પૂર્વે કહેવાયેલ શબ્દ અને સમભિરૂઢનો અર્થ છે, એ પ્રમાણે વિવેચકો કહે છે. ।।૪૭।।**

વિશેષાર્થ :-

ભગવતી સૂત્રની વૃત્તિમાં=ટીકાના કથનમાં, જે કહ્યું કે, ભગવાનમાં આ બધામાં=તપ-સંયમ-સ્વાધ્યાયાદિમાં, હમણાં કાંઈ વિદ્યમાન નથી, તો પણ તપ-સંયમાદિના ફળનો સદ્ભાવ હોવાથી તપ-સંયમાદિ છે એમ જાણવું,

એ કથન એવંભૂત નયનો અર્થ છે; કેમ કે એવંભૂત નય માને છે કે કાર્યકાળમાં કારણ હોય જ છે. તેથી ભગવાનમાં તપ-સંયમનું કાર્ય છે, તેથી તપ-સંયમ છે. તપ-સંયમનું કાર્ય વીતરાગતા છે અને વીતરાગતા ભગવાનમાં છે, માટે તપ-સંયમ ભગવાનમાં છે જ. જ્યાં કાર્ય નથી ત્યાં કારણ પણ નથી જ, એ પ્રમાણે એવંભૂત નય માને છે; કેમ કે જે કારણ કાર્યને કરતું ન હોય તે કારણ એવંભૂત નયના મતે કારણ નથી. તેથી વીતરાગ સિવાય અન્યમાં એવંભૂત નય યાત્રા માને નહિ.

અહીં પ્રશ્ન થાય કે તો પછી જેટલી સામગ્રીથી યતના થાય છે તેટલી યાત્રા છે, એમ કહ્યું, ત્યાં, યતિઆશ્રમને ઉચિત સર્વયોગવિષયક યતનામાં યાત્રાપદનો પ્રયોગ કેમ થયો ? તેથી કહે છે -

પહેલાં કહેવાયેલ અર્થ, શબ્દ અને સમભિરૂઢ નયને માન્ય છે; કારણ કે, શબ્દ અને સમભિરૂઢ નય યાત્રાશબ્દની વ્યુત્પત્તિથી પ્રાપ્ત અર્થ જ્યાં ઉપલબ્ધ થતો હોય ત્યાં યાત્રાપદનો પ્રયોગ કરે છે. તેથી સર્વ સંયમ યતનામાં તે યાત્રા કહે છે, એ પ્રમાણે વિવેચકો કહે છે.

અહીં વિશેષ એ છે કે, પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજય મહારાજાએ સામાચારી પ્રકરણમાં સામાચારીનો અર્થ કરતાં કહ્યું કે, એવંભૂત નય કર્મબંધરૂપ સાવદ્યનો જ્યાં અભાવ હોય ત્યાં સામાચારી સ્વીકારે છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, જ્યાં સામાચારીનું કાર્ય હોય ત્યાં જ તે સામાચારી સ્વીકારે છે, અને તેના કારણ તરીકે કુર્વદ્રૂપત્વને જ તે સ્વીકારે છે. તે રીતે પ્રસ્તુતમાં તપ-સંયમનું કાર્ય વીતરાગતા આદિ છે, તેથી એવંભૂત નય ભગવાનમાં તપ-સંયમનું પણ કેવલજ્ઞાન અવસ્થામાં કુર્વદ્રૂપત્વ સ્વીકારે છે.

વળી સામાચારી પ્રકરણમાં સમભિરૂઢ નય અપ્રમત્તમુનિને સામાચારી સ્વીકારે છે, જ્યારે શબ્દનય પ્રમત્ત સંયતને પણ સામાચારી સ્વીકારે છે, એમ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, પ્રમત્ત સંયત પણ સામાચારી આચરે છે. તેથી શબ્દનયના મતમાં પ્રમત્ત સંયતને સામાચારી છે, જ્યારે પ્રમત્ત સંયતમાં પ્રમત્તતારૂપ અતિચાર હોવાને કારણે સમભિરૂઢ નય સામાચારી સ્વીકારતો નથી, સમભિરૂઢ નય અપ્રમત્ત સંયતની સમ્યગ્ આચરણાને સામાચારી રૂપે સ્વીકારે છે. આમ, પ્રમત્ત-અપ્રમત્ત બંનેમાં કર્મના અસંબંધની પ્રાપ્તિરૂપ સામાચારીનું ફળ નથી, છતાં શબ્દ અને સમભિરૂઢ નય સામાચારી સ્વીકારે છે; તે રીતે પ્રસ્તુતમાં શબ્દનયના મતે પ્રમત્ત સંયત તપ-સંયમની જે આચરણાઓ કરે છે તે યાત્રાપદાર્થ છે, અને અપ્રમત્તસંયત તપ-સંયમમાં જે યત્ન કરે છે તે સમભિરૂઢ નયના મતે યાત્રાપદાર્થ છે. આમ પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયતમાં યાત્રાનું કાર્ય જે વીતરાગતા આદિ ફળ છે, તે નથી, તો પણ શબ્દ અને સમભિરૂઢ નય ત્યાં યાત્રા સ્વીકારે છે, એ પ્રકારનો ભાવ સામાચારી પ્રકરણના કથનના બળથી અહીં ભાસે છે. તત્ત્વ બહુશ્રુત વિચારે. **॥૪૭॥**

અવતરણિકા :-

साक्षादादेशगतिमप्याह -

અવતરણિકાર્થ :-

સાક્ષાત્ આદેશગતિને પણ કહે છે -

વિશેષાર્થ :-

પૂર્વ શ્લોક-૪૬માં બતાવ્યું કે, સોમિલના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને જે ઉત્તર આપ્યો, તેમાં 'આદિ' પદના સ્વરસથી યતિઆશ્રમઉચિત યોગમાત્રવિષયક યતનામાં યાત્રાપદાર્થ પર્યવસાન પામે છે, તેથી તીર્થનમન પણ યતિઆશ્રમઉચિત યોગવિષયક યત્નસ્વરૂપ છે, માટે તીર્થનમનની પ્રાપ્તિ થશે. પરંતુ ત્યાં સાક્ષાત્ પ્રતિમાભક્તિની પ્રાપ્તિ ન હતી, પરંતુ 'આદિ' પદથી પ્રાપ્તિ હતી. હવે સાક્ષાત્ આદેશથી ગતિ=પ્રાપ્તિ, પણ થાય છે, તે બતાવવા માટે કહે છે -

શ્લોક :-

वैयावृत्त्यतया तपो भगवतां भक्तिः समग्रापि वा,
वैयावृत्त्यमुदाहृतं हि दशमे चैत्यार्थमङ्गे स्फुटम् ।
नैतत्स्यादशनादिनैव भजनाद्वारापि किन्त्वन्यथा,
सङ्घादेस्तदुदीरणे बत कथं न व्याकुलः स्यात्परः ।।४८।।

શ્લોકાર્થ :-

અથવા ભગવાનની સમગ્ર પણ ભક્તિ વૈયાવચ્ચપણાથી તપ છે. પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગમાં ચૈત્યાર્થે વૈયાવચ્ચ હિ=નિશ્ચિત, સ્પષ્ટ કહેલ છે. વૈયાવચ્ચ અશનાદિથી જ થાય એમ ન કહેવું, પરંતુ ભજના=ભક્તિ, દ્વારા પણ થાય; અન્યથા સંઘાદિની તેના ઉદીરણમાં= વૈયાવચ્ચના ઉદીરણમાં=કથનમાં, પર=કુમતિ એવો લુંપાક, કેમ વ્યાકુળ નહિ થાય ? અર્થાત્ વ્યાકુળ થશે. ।।૪૮।।

✪ શ્લોકમાં 'વા' કાર છે, તે પૂર્વશ્લોકના કથનની સાથે વિકલ્પાંતર બતાવવા માટે છે.

✪ શ્લોકમાં 'હિ' શબ્દ નિશ્ચિત અર્થમાં છે.

✪ મૂળ શ્લોકમાં 'एतद् अशनादिना एव स्यात् न' આ પ્રમાણે અન્વય છે, ત્યાં 'न' ની પૂર્વે 'इति' શબ્દ અધ્યાહાર સમજવો. તેથી 'इति न' એ પ્રમાણે ટીકામાં ગ્રહણ કરેલ છે.

ટીકા :-

'वैयावृत्त्यतया' इति, वा=अथवा, समग्रापि=सर्वापि, भगवतां भक्तिः कृतकारितानुमतिरूपा स्वस्वाधिकारौचित्येन तप एव । तथा च तपःपदेन यात्रायाः साक्षादुपदेश एव इति भावः । वैयावृत्त्यत्वमस्याः कुतः सिद्धमत आह-हि=निश्चितम्, दशमेऽङ्गे=प्रश्नव्याकरणाख्ये, स्फुटं=प्रकटं, चैत्यार्थं वैयावृत्त्यमुदाहृतम् ।

ટીકાર્થ :-

વા=અથવા ..... इति भावः । 'વા=અથવા' અથવા વૈયાવચ્ચપણું હોવાને કારણે સ્વ-સ્વ અધિકારના ઔચિત્યથી કરાયેલ કૃત-કારિત-અનુમતિરૂપ સર્વ પણ ભગવાનની ભક્તિ તપ જ છે, અને તે રીતે=સર્વ પણ ભગવાનની ભક્તિ વૈયાવચ્ચ હોવાને કારણે તપરૂપ છે તે રીતે, સોમિલ પ્રશ્નના ઉત્તરમાં તપપદથી યાત્રાનો સાક્ષાત્ ઉપદેશ જ છે, એ પ્રમાણે ભાવ છે. (તેથી સાધુની પ્રતિમાનતિ તપરૂપ સિદ્ધ હોવાથી સોમિલના પ્રશ્નના ઉત્તરમાં સાક્ષાત્ યાત્રાપદથી કથનરૂપે પ્રાપ્ત થાય છે.)

ઉત્થાન :-

વૈયા ..... आह - અહીં પ્રશ્ન થાય કે, આનું=પ્રતિમાનતિનું, વૈયાવચ્ચપણું કઈ રીતે માની શકાય ? તેથી કહે છે -

ટીકાર્થ :-

हि=निश्चितम् ..... उदाहृतम् । પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગમાં ચૈત્યાર્થે વૈયાવચ્ચ સ્પષ્ટ નિશ્ચિત કહેલ છે.

✪ "वैयावृत्त्यतया" इति આ પદ શ્લોકના પ્રતિકરૂપ છે.

✪ શ્લોકમાં 'વા' શબ્દ 'અથવા' અર્થમાં છે, તે પૂર્વ શ્લોકની સાથે વિકલ્પાંતર બતાવવા માટે છે. પૂર્વશ્લોકમાં સોમિલના પ્રશ્નના ઉત્તરમાં પ્રતિમાનતિ ઉપલક્ષણથી પ્રાપ્ત થાય છે, તે બતાવ્યું. હવે 'અથવા' કહીને બીજી રીતે સાક્ષાત્ આદેશથી પ્રાપ્તિ પણ આ શ્લોકમાં કહે છે.

✪ 'स्वस्वाधिकारौचित्येन' પદ પછી 'वैयावृत्त्यतया' એ પદ હોવાની સંભાવના છે.

વિશેષાર્થ :-

સાધુ-શ્રાવકને પોતપોતાની ભૂમિકા પ્રમાણે તે તે પ્રકારની ભગવાનની ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. જેમ શ્રાવકને દ્રવ્યસ્તવનો અધિકાર પ્રાપ્ત થયો છે અને ભગવાનની ચૈત્યવંદના કરવારૂપ ભાવસ્તવનો પણ અધિકાર પ્રાપ્ત થયો છે, અને તે પ્રમાણે શ્રાવક ભગવાનની ભક્તિ કરે તો તે તપરૂપ બને છે. અને સાધુવેશને ગ્રહણ કર્યા પછી સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરવારૂપ અધિકાર સાધુને પ્રાપ્ત થયો નથી, તેથી દ્રવ્યસ્તવનો અનધિકારી સાધુ ભગવાનની પુષ્પાદિથી ભક્તિ કરે, તો તે દ્રવ્યસ્તવ ભગવાનની ભક્તિરૂપ બને નહિ. પરંતુ તેવા કોઈ સંયોગમાં શાસનપ્રભાવનાદિનો વિશિષ્ટ લાભ દેખાતો હોય તો તેવી ભક્તિ કરવાનો અધિકાર સાધુને પ્રાપ્ત થતો હોય, અને તે અધિકાર પ્રમાણે સાધુ દ્રવ્યસ્તવ કરે તો તે તપરૂપ બની શકે. જેમ વજસ્વામીએ પુષ્ટ આલંબને પુષ્પોથી જિનભક્તિ કરીને શાસનપ્રભાવના કરેલ.

આ રીતે પોતાના અધિકારના ઔચિત્યથી કરાયેલ ભગવાનની ભક્તિ તપરૂપ છે, અને સોમિલના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને તપ-સંયમરૂપ યાત્રા કહેલ છે, તેથી તપપદ દ્વારા ભગવાનની ભક્તિ પણ

સોમિલના પ્રશ્નના ઉત્તરમાં ગ્રહણ થાય છે. તેથી પૂર્વપક્ષીએ શ્લોક-૪૭માં કહેલ કે, યાત્રાશબ્દથી જિનબિંબને નમસ્કાર થઈ શકે નહિ પણ તપ-સંયમની ક્રિયા જ ગ્રહણ થાય, તેનું આથી નિરાકરણ થાય છે.

ટીકા :-

तथा च तत्पाठः -

'अह केरिसए पुण आइ आराहए वयमिणं ? जे से उवहिभत्तपाणदाणसंगहणकुसले अच्चंतबालदुब्बलगिलाणवुड्ढखवगे पवत्तिआयरियउवज्झाए सेहे साहम्मिए तवस्सीकुलगणसङ्घचेइयट्ठे य णिज्जरट्ठी वेयावच्चं अणिस्सियं दसविहं बहुविहं पकरे त्ति (८ अध्य.) अह केरिसए त्ति अथ परिप्रश्नार्थः । कीदृशः पुनः 'आइ त्ति' अलङ्कारे, आराधयति व्रतमिदम् ! इह प्रश्ने उत्तरमाह - 'जे से' इत्यादि योऽसावुपधिभक्तपानानां दानं च सङ्ग्रहणं च तयोः कुशलः=विधिज्ञः यः स तथा । तथा बालश्च दुर्बलश्चेत्यादेः समाहारद्वन्द्वः ततोऽत्यन्तं यद् बालदुर्बलग्लानवृद्धक्षपकं तत्तथा, तत्र विषये वैयावृत्त्यं करोतीति योगः । तथा प्रवृत्त्याचार्योपाध्याये इह द्वन्द्वैकत्वात्प्रवृत्त्यादिषु । तत्र प्रवृत्तिलक्षणमिदं- **'तवसंजमजोगेसु जो जोगो तत्थ तं पवत्तेइ । असहुं च णियत्तेइ गणतत्तिल्लो पवित्तीओ ।।'** इतरौ प्रतीतौ, तथा 'सेहे' शैक्षे=अभिनवप्रव्रजिते, साधर्मिके=समानधार्मिके, लिङ्गप्रवचनाभ्याम्, तपस्विनि=चतुर्थभक्तादिकारिणि, तथा कुलं-एकाचार्यपरिवाररूपं चान्द्रादिकम्, गणः=कुलसमुदायः कौटिकादिकः, सङ्घः-तत्समुदायरूपः, चैत्यानि=जिनप्रतिमाः, एतासां योऽर्थः=प्रयोजनं स तथा तत्र, निर्जरार्थी=कर्मक्षयकामः, वैयावृत्त्यं व्यापृतकर्मरूपमुपष्टम्भनमित्यर्थः, अनिश्रितं=कीर्त्यादिनिरपेक्षं, दशविधं=दशप्रकारम् । आह-**'वेयावच्चं वावडभावो, इह धम्मसाहणणिमित्तं । अन्नाइआण विहिणा संपायणमेस भावत्थो ।।' आयरियउवज्झाए थेरतवस्सी गिलाणसेहाणं । साहम्मियकुलगणसंघसंगयं तमिह कायव्वं ।।** ( ) बहुविधं भक्तपानादिदानभेदेनानेकप्रकारं करोतीति वृत्तिः ।।

ટીકાર્થ :-

અને તે પ્રમાણે=ચૈત્યાર્થે વૈયાવૃત્યને બતાવવારૂપે પ્રશ્ન વ્યાકરણનો પાઠ :-

કેવા પ્રકારનો પુરુષ આ વ્રતને=અદત્તાદાનવિરમણવ્રતને, આરાધે છે ? જે ઉપધિ, ભાત અને પાણીના દાનમાં અને સંગ્રહમાં કુશળ હોય, અત્યંત બાલ, દુર્બલ, ગ્લાન, વૃદ્ધ અને ક્ષપકમાં, પ્રવર્તક, આચાર્ય અને ઉપાધ્યાયમાં, શૈક્ષમાં, સાધર્મિકમાં, તપસ્વી, કુલ, ગણ, સંઘ અને ચૈત્યાર્થમાં નિર્જરાનો અર્થી દસવિધ બહુવિધ અનિશ્રિત વૈયાવચ્ચને કરે છે, તે ત્રીજા વ્રતને આરાધે છે.

✪ અહ કેરિસએ ત્તિ - મૂળ પાઠમાં 'અથ' શબ્દ પરિપ્રશ્નાર્થરૂપે છે.

✪ કેરિસએ પુણ આઇ - અહીં 'આઇ' શબ્દ અલંકારમાં છે.

'જે સે' નો અન્વય આ પ્રમાણે જાણવો -

જે ઉપધિ, ભાત, પાણીના દાન અને સંગ્રહમાં કુશળ હોય અને બાલાદિના વિષયમાં નિર્જરાનો અર્થી

હોય તે અનિશ્રિત દસવિધ-બહુવિધ વૈયાવચ્ચને કરે છે, તે ત્રીજા વ્રતને આરાધે છે.

✪ अच्चंतबालदुब्बलगिलाणवुड्ढखवगे पवत्तिआयरियउवज्जाए - અહીં બાલદુર્બલ આદિનો સમાહાર દ્વંદ્વ સમાસ કરેલ છે અને ત્યાર પછી અત્યન્ત ની સાથે બાલાદિ નો સમાસ કરેલ છે અર્થાત્ અત્યંત બાલ, અત્યંત દુર્બલ, અત્યંત ગ્લાન, અત્યંત વૃદ્ધ, અત્યંત ક્ષપક એ પ્રમાણે અત્યંત પદનો દરેક બાલાદિ પદ સાથે કર્મધારય સમાસ કરેલ છે. तत्र .....योगः તેમના વિષયમાં વૈયાવચ્ચને કરે છે, એમ અન્વય જાણવો. અહીં સપ્તમી વિષયાર્થક છે. પ્રવૃત્તિ, આચાર્ય અને ઉપાધ્યાય નો દ્વંદ્વ સમાસ કરેલ છે. અહીં દ્વંદ્વ સમાસ હોવાથી એકવચનમાં પ્રયોગ છે, પણ પ્રવર્તક, આચાર્ય અને ઉપાધ્યાયના વિષયમાં એમ બહુવચનમાં (प्रवृत्त्यादिषु) અર્થ કરવો.

ત્યાં અર્થાત્ પ્રશ્ન વ્યાકરણના પાઠમાં, પ્રવૃત્તિનું લક્ષણ આ પ્રમાણે -

तवसंजमजोगेसु ..... पवित्तीओ ।। તપ-સંયમયોગોમાં જે (જેમાં) યોગ્ય છે તેને તેમાં અર્થાત્ તે યોગમાં પ્રવર્તાવે અને અસમર્થને નિવૃત્ત કરે તથા ગણમાં તત્પર (હોય) તે પ્રવૃત્તિક (પ્રવર્તક) છે.

✪ અહીં પ્રવૃત્તિ શબ્દથી પ્રવૃત્તિ નથી સમજવાની, પણ પ્રવૃત્તિક અર્થાત્ પ્રવર્તક વ્યક્તિ સમજવાની છે. જે પ્રવૃત્તિ કરાવનાર છે તેને અહીં પ્રવૃત્તિ કહેવાય. यः प्रवर्तयति स प्रवृत्तिः ।

✪ ઈતર=આચાર્ય અને ઉપાધ્યાય પ્રતીત=પ્રસિદ્ધ છે. તથા શૈક્ષ=અભિનવ પ્રવ્રજિત, સાધર્મિક=લિંગ અને પ્રવચન વડે સમાનધાર્મિક, તપસ્વી=ચતુર્થભક્તાદિ કરનાર, તથા કુળ=એક આચાર્યના પરિવારરૂપ ચાંદ્રાદિ કુળ, કુળના સમુદાયરૂપ કૌટિકાદિ ગણ, તેના=ગણના, સમુદાયરૂપ સંઘ, (આ પ્રમાણે દરેકના અર્થ સમજવા.)

ચૈત્ય એટલે જિનપ્રતિમા, એનો=તપસ્વી આદિનો, જે અર્થ=પ્રયોજન, તે તેવા છે=तवस्सी ..... चेइयट्ठे છે.

મૂળમાં 'तवस्सी ..... चेइयट्ठे' શબ્દ છે, તેનો સમાસ જણાવે છે.

તેના વિષયમાં અર્થાત્ તપસ્વી, કુલ, ગણ સંઘાદિ અને ચૈત્યના વિષયમાં, વૈયાવચ્ચ કરીને નિર્જરાનો અર્થી અનિશ્રિત દસવિધ-બહુવિધ વૈયાવચ્ચને કરે છે. આ પ્રમાણે અન્વય છે.

ટીકાકાર વૈયાવૃત્ય શબ્દનો અર્થ જણાવે છે -

વૈયાવૃત્ય વ્યાપૃત કર્મરૂપ છે=ઉપષ્ટંભન છે, એ પ્રમાણે અર્થ છે.

વૈયાવચ્ચ શબ્દના અર્થમાં સાક્ષી આપતાં કહે છે -

ટીકાર્થ :-

वैयावच्चं ..... भावत्थो ।। વૈયાવચ્ચ એટલે વ્યાપૃત ભાવ. એનું તાત્પર્ય બતાવતાં 'इह' થી કહે છે - અહીં ધર્મસાધનામાં નિમિત્તરૂપ અન્નાદિનું વિધિ વડે સંપાદન (કરવું), આ વૈયાવચ્ચ શબ્દનો ભાવાર્થ છે.

દશવિધ વૈયાવચ્ચ કરે છે, એમ કહ્યું તે દસ પ્રકાર બતાવે છે -

ટીકાર્થ :-

आयरियउवज्झाए ..... कायव्वं ।। (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) તપસ્વી (૫) ગ્લાન (૬)

શૈક્ષ=અભિનવ દીક્ષિત (૭) સાધર્મિક (૮) કુલ (૯) ગણ (૧૦) સંઘનું જે સંગત હોય તે અહીં કરવા યોગ્ય છે. (અહીં દસના વિષયમાં ભક્તિ કરવાની છે. તે દસ વિષયોને આશ્રયીને દસ પ્રકાર કહેલ છે.)

✪ મૂળ પાઠમાં दसविहं बहुविहं पकरे त्ति કહ્યું, તેમાં બહુવિધનો અર્થ કરે છે -

ભક્તપાનાદિના દાનના ભેદથી અનેક પ્રકારની (વૈયાવચ્ચ) કરે છે. આ પ્રમાણે વૃત્તિ છે.

✪ દસના વિષયમાં ભિન્ન કૃત્યને આશ્રયીને બહુ પ્રકારે વૈયાવચ્ચ કહેલ છે.

વિશેષાર્થ :-

'वैयावच्च' વૈયાવચ્ચનો અર્થ કરતાં કહે છે કે, વ્યાપૃતકર્મરૂપ વૈયાવચ્ચ છે; અને તેનું તાત્પર્ય જણાવતાં ટીકાકાર કહે છે કે, ઉપષ્ટંભન એ પ્રકારનો અર્થ છે અર્થાત્ ઉપષ્ટંભન ક્રિયા એ પ્રકારનો અર્થ છે, અને અહીંયાં બાલાદિ સર્વવિષયક વ્યાપૃતકર્મરૂપ વૈયાવચ્ચ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, તે અત્યંત બાલાદિ જે સંયમયોગમાં પ્રવૃત્તિ કરી રહ્યા છે, તેઓને સંયમમાં ઉપષ્ટંભન કરે તેવી જે ક્રિયા, તે વૈયાવચ્ચ પદાર્થ છે. પરંતુ પોતાના સંયમજીવનને ઉપષ્ટંભન કરે તેવું આચરણમાત્ર વૈયાવચ્ચ નથી, પરંતુ પોતાનાથી અન્ય એવા અત્યંત બાલાદિ વિષયક ઉપષ્ટંભનની ક્રિયા છે, તે વૈયાવચ્ચ પદાર્થ છે.

અત્યંત બાલાદિની વૈયાવચ્ચ કરવાથી ત્રીજા વ્રતની આરાધના થાય છે, તેમ કહ્યું ત્યાં વૈયાવચ્ચને ત્રીજા વ્રત સાથે શું સંબંધ છે, તેનું તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિ ઉપધિ આદિના વિષયમાં વિધિને જાણનારી હોય તે વ્યક્તિ પોતાના સંયમમાં ઉપષ્ટંભન થાય તેટલી જ ઉપધિ આદિ લાવીને સ્વયં જ ઉપભોગ કરે, પરંતુ અત્યંત બાલાદિની વૈયાવચ્ચ ન કરે તો તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય; અને વૈયાવચ્ચ કરે પરંતુ અનિશ્રિત ન કરે, પરંતુ નિશ્રા-ઉપશ્રાથી કરે, તો પણ તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય. તે આ રીતે - તીર્થંકરની આજ્ઞા છે કે, અત્યંત નિર્દોષ ઉપધિ આદિનું ગ્રહણ કરવું. તે તે પ્રકારના સંયોગમાં નિર્દોષની પ્રાપ્તિ ન થાય તો જે પ્રકારનો અપવાદ ત્યાં ઉચિત હોય તે પ્રકારે અપવાદથી દોષિત પણ ગ્રહણ કરે, અને જો તે આજ્ઞા પ્રમાણે ન કરે તો તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય. અને તે રીતે નિર્દોષ લાવ્યા પછી પણ ભગવાનની આજ્ઞા છે કે, શક્તિસંપન્ન વ્યક્તિએ અત્યંત બાલાદિની વૈયાવચ્ચ કરીને પછી પોતાના માટે તેનો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ તે ન કરે તો નિર્દોષ પણ ઉપધિ આદિના ઉપભોગમાં તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમ હોવાથી તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય.

✪ પ્રશ્નવ્યાકરણના સૂત્રમાં દસવિધ વૈયાવચ્ચ કહી તે આચાર્યાદિના દસ ભેદથી ગ્રહણ કરવાની છે, અને અત્યંત બાલાદિથી માંડીને ચૈત્યાર્થ સુધી ગ્રહણ કરીએ તો દસથી અધિક સંખ્યાની પ્રાપ્તિ થાય છે. તેથી ઉપદેશ રહસ્યની ગાથા-૩૪ માં જણાવ્યા મુજબ એ અર્થ પ્રાપ્ત થાય છે કે, અત્યંત બાલાદિથી માંડીને ચૈત્યને છોડીને બાકી બધાનો આચાર્યાદિ દસવિધમાં જ અંતર્ભાવ થાય છે અને તેને આશ્રયીને જ પ્રશ્નવ્યાકરણમાં દશવિધ વૈયાવચ્ચ કહેલ છે, અને અધિક ભેદ પ્રશ્નવ્યાકરણમાં બાલાદિ શબ્દથી બતાવેલ છે તેને આશ્રયીને બહુવિધ વૈયાવચ્ચ કહેલ છે.

અને અહીં અત્યંત બાલાદિના યોગવિભાગને બતાવવા અર્થે જુદો સમાસ કરીને બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, અત્યંત બાલાદિથી માંડીને ઉપાધ્યાય સુધી સર્વમાં અન્નપાનાદિથી વૈયાવચ્ચ કરવાની છે, અને તપસ્વી આદિની ભક્તિ આદિ ઉચિત પ્રવૃત્તિ દ્વારા વૈયાવચ્ચ કરવાની છે. અને ઉપદેશ રહસ્ય ગાથા-૩૪ માં જણાવ્યા પ્રમાણે ચૈત્યની વૈયાવચ્ચ દ્રવ્યસ્તવરૂપ હોવાથી ઉત્સર્ગથી સાધુ કરે નહિ, પરંતુ અનુમોદના કરે છે તે જ તેનું સંપાદન છે; અને તેથી સાધુને ચૈત્યભક્તિ કરનારની અનુમોદના કરીને ચૈત્યની વૈયાવચ્ચ કરવાનો અધિકાર છે, અને તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરવાના આશયવાળો સાધુ જ અનિશ્રિતપણે આચાર્યાદિ દસવિધની વૈયાવચ્ચ કરી શકે, એ પ્રકારનો ભાવ અહીં ભાસે છે. વિશેષ અર્થ બહુશ્રુત જાણે.

ટીકા :-

ननु चैत्यानि-जिनप्रतिमा इत्यत्र वृत्तिकृतोक्तम्, परं विचार्यमाणं न युक्तम्, अशनादि-सम्पादनस्यैव वैयावृत्त्यस्योक्तत्वेन प्रतिमासु तदर्थस्यायोग्यत्वात्, अत आह-एतद्=वैयावृत्त्यं, अशनादिनैव=अशनादिसम्पादनेनैव, स्यादिति न, किन्तु भजनाद्वारापि=भक्तिद्वारेणापि, प्रत्यनीक-निवारणरूपे भक्तिव्यापारेऽपि "जक्खा हु वेयावडियं करेंति, तम्हा उ एए निहया कुमारा" **(उत्तरा. अ. १२ श्लो. ३२) इत्यादौ वैयावृत्त्यशब्दप्रयोगस्य सूत्रे दर्शनात्, न च आदिपदग्राह्यं पानादिकमेव किन्तु भक्त्यादिकमपि, अत एव तपस्व्यादीनां तपोयोगप्रभृतिकालेऽशनादिसम्पादनस्यायोगात् भक्त्याद्यु-चितनित्यव्यापारसम्पादनसम्भवाभिप्रायेण योगविभागात्समासः । बालादीनां शैक्षसाधर्मिकयोश्च कथञ्चित्तुल्यतयेति भावनीयम् । एतदेवाह-अन्यथोक्तवैपरीत्ये सङ्घादेस्तदुदीरणे=वैयावृत्त्योच्चारे, परः=कुमतिः, कथं न व्याकुलो=व्यग्रः, स्यात् । कुलगणसङ्घानां सर्वेण सर्वदा सामग्र्येणाशनादि-सम्पादनस्य कर्त्तुमशक्यत्वात्, यावद्बाधं प्रामाण्यं तूभयत्र वक्तुं शक्यमिति दिक् ।।४८।।**

ટીકાર્થ :-

ननु चैत्यानि ..... अयोग्यत्वात्, પૂર્વપક્ષીની શંકારૂપે શ્લોકના ઉત્તરાર્ધનું 'ननु' થી ઉત્થાન કરે છે -

વૃત્તિકાર વડે આમાં=પ્રશ્નવ્યાકરણના પાઠમાં, ચૈત્યો=જિનપ્રતિમા, એ પ્રમાણે કહ્યું, પરંતુ તે રીતે વિચારાતું તે યુક્ત નથી; કેમ કે, અશનાદિસંપાદનરૂપ વૈયાવચ્ચનું ઉક્તપણું હોવાથી પ્રતિમામાં તદર્થનું=અશનાદિસંપાદનરૂપ અર્થનું, અયોગ્યપણું છે=અઘટમાનપણું છે.

अत आह - આથી કરીને પ્રશ્નવ્યાકરણના પાઠમાં વૃત્તિકારે ચૈત્યો=જિનપ્રતિમા, અર્થ કર્યો. પરંતુ તે રીતે વિચારાતું તે યુક્ત નથી. આથી કરીને, શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે -

एतद् ..... भक्तिद्वारेणापि, आ=વૈયાવચ્ચ, અશનાદિના સંપાદનથી થાય છે, એમ નથી; પરંતુ ભજના દ્વારા પણ=ભક્તિ દ્વારા પણ, થાય છે. તેમાં હેતુ કહે છે -

प्रत्यनीक ..... દર્શનાત્, 'યક્ષો વૈયાવચ્ચ કરે છે,' તેથી આ કુમારો અત્યંત તાડન કરાયા.

ઈત્યાદિમાં પ્રત્યનીકના=શત્રુના, નિવારણરૂપ ભક્તિવ્યાપારમાં પણ વૈયાવચ્ચ શબ્દપ્રયોગનું સૂત્રમાં દર્શન છે.

✪ મૂળ શ્લોકમાં नैतत्स्यादशनादिनैव भजनाद्वारापि किन्तु આ પ્રમાણે કહેલ છે. તેમાં स्यात् પછી 'इति' અધ્યાહાર છે, તેથી ટીકામાં 'स्यादिति' એ પ્રમાણે કહેલ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, વૈયાવચ્ચ અશનાદિથી જ થાય છે એમ નથી, પરંતુ ભક્તિ દ્વારા પણ થાય છે, અને તેની પુષ્ટિ ઉત્તરાધ્યયનના પાઠથી કરતાં બતાવ્યું કે, પ્રત્યનીકના નિવારણરૂપ ભક્તિવ્યાપારમાં પણ વૈયાવચ્ચ શબ્દનો પ્રયોગ દેખાય છે. ત્યાં પ્રશ્ન થાય કે, અશનાદિ સંપાદનનું જ વૈયાવચ્ચપણું શાસ્ત્રમાં કહ્યું છે, ત્યાં 'અશનાદિ'માં 'આદિ' પદથી પાનકાદિની પ્રાપ્તિ થઈ શકે, પણ ભક્તિ આદિની થઈ ન શકે; કેમ કે 'આદિ' પદ તત્સદૃશનું જ ગ્રહણ કરી શકે. તેના નિવારણ અર્થે કહે છે -

ટીકાર્થ :-

न च ..... योगविभागात्समासः । અશનાદિમાં 'આદિ' પદથી ગ્રાહ્ય પાનકાદિ જ છે, એવું નથી, પરંતુ ભક્તિ આદિ પણ છે. આથી કરીને જ તપસ્વીઓના તપોયોગ આદિ કાળમાં અશનાદિ સંપાદનનો અયોગ હોવાને કારણે ભક્તિ આદિને ઉચિત નિત્યવ્યાપારસંપાદનની સંભાવનાના અભિપ્રાયથી યોગવિભાગથી સમાસ છે.

વિશેષાર્થ :-

પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગમાં કેવો પુરુષ ત્રીજા વ્રતને આરાધે છે, એ પ્રકારના પાઠમાં યોગવિભાગથી સમાસ કરેલ છે.

આશય એ છે કે, પૂર્વમાં અત્યંત બાલ-દુર્બલ આદિનો એક સમાસ કર્યો, ત્યાં આહારાદિથી વૈયાવચ્ચ કરવાની છે. ત્યારપછી તપસ્વી-કુલ-ગણ-સંઘ અને ચૈત્યનો અલગ સમાસ કર્યો. તેનું કારણ એ છે કે તપસ્વી આદિના જ્યારે તપોયોગ આદિ ચાલતા હોય ત્યારે અશનાદિથી તેમની વૈયાવચ્ચ થઈ ન શકે; પરંતુ તપસ્વીઓની ભક્તિ આદિને ઉચિત નિત્યવ્યાપારના સંપાદનથી=તેમની પડિલેહણાદિ, સેવા-શુશ્રૂષા-વિશ્રામણા આદિથી, વૈયાવચ્ચનો સંભવ છે. તે અભિપ્રાયથી तवस्सी આદિનો જુદો સમાસ કરેલ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, તો પછી શૈક્ષ અને સાધર્મિકનો અત્યંત બાલાદિ કે તપસ્વી આદિ એ બંને પ્રકારના વિભાગમાંથી કોઈ એકમાં સમાવેશ ન કરતાં, સ્વતંત્ર વિભાગ કેમ કર્યો ? જો યોગવિભાગથી સમાસ કરેલ હોય તો જ્યાં આહારાદિથી વૈયાવચ્ચ થાય છે તેનો એક સમાસ કર્યો, અને જ્યાં અન્ય યોગસંપાદન દ્વારા

વૈયાવચ્ચ થાય છે તેનો અલગ સમાસ કર્યો, તો તે બેમાંથી કોઈમાં સાધર્મિક-શૈક્ષનો સમાવેશ ન કરતાં સ્વતંત્ર વિભાગ કેમ કર્યો ? તેથી કહે છે –

ટીકાર્થ :-

बालादीनां .... इति भावनीयं । બાલાદીનું અને શૈક્ષ-સાધર્મિકનું કથંચિત્ તુલ્યપણું હોવાને કારણે પૃથગ્ વિભાગ કરેલ છે. એ પ્રકારે ભાવન કરવું.

વિશેષાર્થ :-

બાલાદિ સાથે શૈક્ષ અને સાધર્મિકનું સર્વથા તુલ્યપણું હોત તો શક્તિસંપન્ને શૈક્ષ અને સાધર્મિકનું વૈયાવચ્ચ પણ અવશ્ય કરવું જોઈએ, એમ નિર્દેશ કરવો આવશ્યક બને; કેમ કે શક્તિસંપન્ને અત્યંત બાલ-વૃદ્ધાદિની કે આચાર્ય-ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરવી અતિ આવશ્યક છે તેમ શૈક્ષ-સાધર્મિકની પણ આવશ્યક છે, અને તેમ હોત તો બાલાદિ અને શૈક્ષ-સાધર્મિકનો એક સમાસ કરત. પરંતુ શૈક્ષ-સાધર્મિકનો અલગ વિભાગ કરેલ છે. તેથી એ સૂચવે છે કે, શૈક્ષ અને સાધર્મિકની બાલાદિની જેમ વૈયાવચ્ચ કરવી આવશ્યક હોવા છતાં અન્ય કોઈ બલવાન કારણ વિદ્યમાન હોય તો બાલાદિ કરતાં તેનું વિલક્ષણપણું છે, તેથી ત્યાં વૈયાવચ્ચ ન કરે તો પણ ચાલે. આ રીતે શૈક્ષ અને સાધર્મિકનું બાલાદિની સાથે કથંચિત્ તુલ્યપણું છે, સર્વથા તુલ્યપણું નથી, તેથી તેનો અલગ વિભાગ કરેલ છે.

ટીકાર્થ :-

एतदेवाह ..... अशक्यत्वात्, આ જ કહે છે=પૂર્વમાં કહ્યું કે, અશનાદિમાં 'આદિ' પદથી ગ્રાહ્ય પાનકાદિ જ છે એમ નથી, પરંતુ ભક્તિ આદિ પણ છે, આ જ કહે છે, અન્યથા ઉક્ત વિપરીતપણામાં='આદિ' પદથી ભક્તિ આદિ ગ્રહણ ન કરીએ, પરંતુ પાનકાદિ જ ગ્રહણ કરીએ તો, સંઘાદિવિષયક તેના ઉદીરણમાં= સંઘાદિવિષયક વૈયાવચ્ચના કથનમાં, પર=કુમતિ એવો લુંપાક, કેવી રીતે વ્યાકુળ નહિ થાય ? અર્થાત્ થશે; કેમ કે કુલ, ગણ અને સંઘનું સર્વ વડે સર્વદા સામગ્રયથી=સમગ્રપણાથી, અશનાદિના સંપાદનનું કરવું અશક્યપણું છે.

વિશેષાર્થ :-

'અશનાદિ'માં 'આદિ' પદથી પાનકાદિનું ગ્રહણ કરવામાં આવે અને ભક્તિ આદિનું ગ્રહણ કરવામાં ન આવે તો, એ પ્રાપ્ત થાય કે વૈયાવચ્ચ અશનાદિના સંપાદનથી જ થઈ શકે છે, પરંતુ ભક્તિ આદિથી થઈ શકતી નથી, અને તે રીતે સંઘાદિનું વૈયાવચ્ચ અસંભવિત થઈ જાય; કેમ કે સંઘનું વૈયાવચ્ચ અશનાદિ દ્વારા બધા વડે હંમેશાં સર્વ સામગ્રીથી સંપાદન કરી શકાય નહિ, પરંતુ ભક્તિ આદિથી કરીએ તો સંભવે.

આશય એ છે કે, 'સર્વ' શબ્દનો અર્થ બે રીતે થાય છે. પ્રથમ અર્થ સર્વ વડે કરવું અશક્ય છે. તેમ કહેવાથી કોઈક વડે કરવું શક્ય છે, એ અર્થ પ્રાપ્ત થાય છે. અને બીજો અર્થ સર્વ વડે કરવું શક્ય નથી. તેથી

કોઈના પણ વડે કરવું શક્ય નથી, એ અર્થ પ્રાપ્ત થાય છે. અહીં પ્રસ્તુતમાં બીજો અર્થ ગ્રહણ કરવાનો છે. તે રીતે 'સર્વદા' શબ્દના પણ બે અર્થ થાય છે. પ્રથમ અર્થ, સર્વદા કરવું અશક્ય છે, પરંતુ ક્યારેક કરવું શક્ય છે. અને બીજો અર્થ, સર્વદા કરવું અશક્ય છે, એટલે કે ક્યારે પણ કરવું શક્ય નથી. અહીં બીજો અર્થ ગ્રહણ કરવાનો છે. તેથી એ પ્રાપ્ત થાય કે, કુલ, ગણ અને સંઘનું સર્વ વડે, સર્વદા, સામગ્રયથી=પરિપૂર્ણ રીતે, અશનાદિ સંપાદન કરવું અશક્ય છે; કેમ કે કુલ, ગણ અને સંઘમાં અનેક વ્યક્તિ આવે છે. જેમ કુળમાં ચાંદ્રકુળ આદિ સમસ્ત કુળ ગૃહીત થાય છે, ગણથી અનેક કુળના સમુદાયરૂપ કોટિકાદિ ગણનું ગ્રહણ થાય છે અને સંઘથી ચતુર્વિધ સંઘનું ગ્રહણ થાય છે. અને તે સર્વની આહારાદિના સંપાદન દ્વારા પરિપૂર્ણ રીતે કોઈપણ વ્યક્તિ ક્યારે પણ વૈયાવચ્ચ કરી શકે નહિ. તેથી કુલ, ગણ, સંઘમાં પ્રત્યનીકના નિવારણ રૂપે કે અન્ય ભક્તિ આદિ રૂપે તેઓમાં પ્રવૃત્તિ કરવી શક્ય છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, કુલ, ગણ અને સંઘાદિમાં અશનાદિના સંપાદન દ્વારા વૈયાવચ્ચનો બાધ આવતો હોવાથી પ્રત્યનીક આદિના નિવારણથી વૈયાવચ્ચ થાય છે એમ સ્વીકારી શકાય, પરંતુ અન્ય સ્થાનોમાં એમ સ્વીકારી શકાય નહિ. તેને ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

यावद्बाधं ..... इति दिक् ।। વળી યાવદ્બાધને પ્રમાણભૂત માનશો તો ઉભયત્ર કહેવું શક્ય છે. એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૪૮॥

વિશેષાર્થ :-

જેમ કુલ-ગણ-સંઘાદિમાં આહારાદિ દ્વારા વૈયાવચ્ચનો બાધ આવવાને કારણે કુલ-ગણ-સંઘાદિનો ઉપષ્ટંભક એવો અન્ય વ્યાપાર વૈયાવચ્ચ તરીકે ગ્રહણ કરવામાં પ્રામાણ્ય છે, તેની જેમ જિનપ્રતિમામાં પણ આહારાદિ દ્વારા વૈયાવચ્ચનો બાધ આવતો હોવાથી પ્રત્યનીકના નિવારણ દ્વારા પ્રતિમાનું રક્ષણ કરવા રૂપે જિનપ્રતિમાના વૈયાવચ્ચને ગ્રહણ કરવામાં પણ પ્રામાણ્ય છે. તેથી કુલ, ગણ, સંઘાદિની જેમ જિનપ્રતિમામાં પણ આહારાદિથી અન્ય રીતે વૈયાવચ્ચના પ્રામાણ્યને સ્વીકારવું ઉચિત છે. **॥૪૮॥**

અવતરણિકા :-

અર્થાન્તરવાદમધિકૃત્યાહ –

અવતરણિકાર્થ :-

અર્થાંતરવાદને આશ્રયીને કહે છે=ચૈત્ય શબ્દનો પૂર્વપક્ષી જે અર્થાંતર કરે છે તે કથનને આશ્રયીને ગ્રંથકાર કહે છે –

વિશેષાર્થ :-

પૂર્વે શ્લોક-૪૮માં પ્રશ્નવ્યાકરણનો સાક્ષીપાઠ આપ્યો, ત્યાં 'ચૈત્ય' શબ્દનો અર્થ ટીકાકારે જિનપ્રતિમા કર્યો, જ્યારે તે સ્થાનમાં પૂર્વપક્ષી 'ચૈત્ય' શબ્દનો અર્થ જ્ઞાન કરે છે, તે રૂપ અર્થાંતરને આશ્રયીને ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

ज्ञानं चैत्यपदार्थमत्र वदतः प्रत्यक्षबाधैकतो
धर्मिद्वारतया मुनावधिकृते त्वाधिक्यधीरन्यतो ।
दोषायेति परः परः शतगुणप्रच्छादनात्पातकी,
दग्धां गच्छतु पृष्ठतश्च पुरतः कां कान्दिशीको दिशम् ।।४९।।

શ્લોકાર્થ :-

અહીંયાં=પ્રશ્નવ્યાકરણના પ્રતીકમાં=પ્રશ્નવ્યાકરણના પાઠના અંશમાં, ચૈત્યપદાર્થને જ્ઞાન કહેતા લુંપાકને એક બાજુ=એક પક્ષમાં, પ્રત્યક્ષ બાધ છે. વળી બીજી બાજુ=બીજા પક્ષમાં, ધર્મિદ્વારપણાથી અધિકારના વશથી મુનિ ગ્રહણ કરાયે છતે આધિક્યની બુદ્ધિ દોષ માટે છે. આ રીતે સેંકડોથી અધિક ગુણોનું પ્રચ્છાદન કરનાર હોવાથી પાતકી (અને) કાંદિશીક=ભયભીત એવો, પર=લુંપાક, પાછળથી અને આગળથી દગ્ધ થયેલી=સળગેલી, કઈ દિશામાં જાય ? ।।૪૯।।

ટીકા :-

'ज्ञानम्' इति :- अत्र प्रश्नव्याकरणप्रतीके चैत्यपदार्थं ज्ञानं वदतो लुम्पकस्यैकतः=एकस्मिन् पक्षे, प्रत्यक्षबाधा=प्रत्यक्षप्रमाणबाधः, परिदृष्टः विश्रामणादिवैयावृत्त्यस्य ज्ञानेऽनुपपत्तेः । धर्मिद्वारतया धर्मिणि धर्मोपचाराभिप्रायेण मुनौ=साधौ, अधिकृते=अधिकारवशाद्, गृहीते तु अन्यतः=पक्षान्तरे, आधिक्यधीः दोषाय=मुनेः बालादिपदैर्गृहीतत्वाच्चैत्यपदस्य पौनरुक्त्यमित्यर्थः ।

ટીકાર્થ :-

अत्र ..... अनुपपत्तेः । અહીંયાં=પ્રશ્નવ્યાકરણના પ્રતીકમાં, ચૈત્યપદના અર્થને જ્ઞાન કહેતા લુંપાકને એક બાજુ=એક પક્ષમાં, પ્રત્યક્ષબાધા=પ્રત્યક્ષપ્રમાણથી બાધ, જોવાયેલો છે; કેમ કે જ્ઞાનમાં વિશ્રામણા આદિ વૈયાવચ્ચની અનુપપત્તિ છે.

વિશેષાર્થ :-

લુંપાકની માન્યતા પ્રમાણે ચૈત્યપદનો અર્થ જ્ઞાન કરીએ તો, પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગમાં

કયો પુરુષ ત્રીજા વ્રતને આરાધે છે ? એ કથનમાં ચૈત્યની **વૈયાવચ્ચ** કરવાનું કહેલ છે, તે વિશ્રામણારૂપ વૈયાવચ્ચની જ્ઞાનમાં અનુપપત્તિ થશે. જ્યારે જિનપ્રતિમાની શ્રાવકો જે **પૂજા કરે છે**, તે વિશ્રામણારૂપ વૈયાવચ્ચ જ છે, તેથી ચૈત્યનો અર્થ જિનપ્રતિમા કરીએ તો વૈયાવચ્ચનો બાધ આવે નહિ. **તેથી** એક પક્ષમાં=પ્રશ્નવ્યાકરણ ગ્રંથમાં ચૈત્યની વૈયાવચ્ચ કરવારૂપ એક પક્ષમાં=એક સ્થાનમાં, પ્રત્યક્ષ પ્રમાણનો બાધ થશે. આ રીતે પ્રત્યક્ષ પ્રમાણથી ચૈત્યની વૈયાવચ્ચની અઘટમાનતા થશે.

ઉત્થાન :-

પૂર્વમાં 'ચૈત્ય' પદનો અર્થ 'જ્ઞાન' **કરવાથી ત્યાં વૈયાવચ્ચની** અસંગતિ થાય છે, તેમ બતાવ્યું. તેની સંગતિ કરવા માટે લુંપાક કહે છે કે, જ્ઞાનનું અધિકરણ મુનિ **છે. તેથી** 'ચૈત્ય' પદથી મુનિને ગ્રહણ કરીને ત્યાં વૈયાવચ્ચની સંગતિ કરી શકાશે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે **છે** -

ટીકાર્થ :-

धर्मिद्वारतया ..... पौनरुक्त्यमित्यर्थः । **धर्मिद्वारપણાથી=ધર્મીમાં ધર્મના ઉપચારના અભિપ્રાયથી, મુનિ=સાધુ, અધિકૃત થયે છતે=અધિકારના વશથી ગ્રહણ કરાયે છતે, વળી અન્યથી= પક્ષાંતરમાં, આધિક્યની બુદ્ધિ દોષ માટે છે=બાલાદિ પદ વડે મુનિનું ગૃહીતપણું હોવાને કારણે ચૈત્યપદનું પુનરુક્તપણું છે, એ પ્રમાણે અર્થ જાણવો.**

વિશેષાર્થ :-

જ્ઞાન એ મુનિમાં રહેનારો **ધર્મ છે**, તેથી ધર્મીમાં ધર્મનો ઉપચાર કરીને 'ચૈત્ય' પદથી મુનિને ગ્રહણ કરવામાં આવે તો તેમાં વૈયાવચ્ચ સંગત થઈ **શકે**, એ પ્રકારનું સમાધાન અહીં લુંપાક આપે છે. તેને ગ્રંથકાર કહે છે કે, આ રીતે મુનિને 'ચૈત્ય' પદથી ગ્રહણ કરીને **વૈયા**વચ્ચની સંગતિ કરવામાં આવે તો આધિક્યની બુદ્ધિની પ્રાપ્તિરૂપ **દોષ**ની પ્રાપ્તિ છે; કેમ કે પ્રશ્નવ્યાકરણમાં 'બાલાદિ' પદ વડે મુનિનું ગ્રહણ થયેલું છે, તેથી ફરી વૈયાવચ્ચના અધિકરણરૂપે **ચૈત્યપદથી** મુનિનું ગ્રહણ પ્રાપ્ત થાય. તેથી વિચારકને સ્વાભાવિક લાગે કે, પ્રશ્નવ્યાકરણમાં 'ચૈત્ય' પદ નિરર્થક મુકાયેલું છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી **ચૈત્યપદ**નો જ્ઞાન અર્થ સંગત થાય તે માટે મુનિમાં તેનો ઉપચાર કરીને ત્યાં વૈયાવચ્ચની સંગતિ કરવાથી જે **પુનરુક્તિ** દોષ આવે છે, તેના નિવારણરૂપે યુક્તિ બતાવે છે -

ટીકા :-

चैत्यपदेनोक्तातिरिक्तमुनिग्रहान्नानुपपत्तिरिति चेत् ? न, चैत्यपदस्य ज्ञानार्थताया अप्रसिद्धत्वेनोपचारस्याप्ययोगात्, एवं सति चैत्यार्थपदस्य चैत्यप्रयोजनमुनावर्थान्तरसङ्क्रमितवाच्यताया एव युक्तत्वात्-

चेइयकुलगणसंघे आयरियाणं च पवयणसुए अ ।
सव्वेसु वि तेण कयं तवसंजममुज्जमंतेणं ।। **(आ. नि. ११०१)**

इत्यादिना तपःसंयमयोः चैत्यप्रयोजनप्रयोजकत्वस्य सिद्धान्तसिद्धत्वात्, बालादिपदैकवाक्यतया चैत्यपदस्यैककार्यत्वसङ्गत्यैव ग्रहणौचित्यात् ।

ટીકાર્થ :-

चैत्यपदेन ..... अयोगात्, चैत्यपद वडे उक्त अतिरिक्त मुनिनुं ग्रहण होवाथी=प्रश्नव्याकरणमां प्रथम कहेवायेल जे बालादि मुनि तेनाथी अतिरिक्त मुनिनुं चैत्यपद वडे ग्रहण होवाथी, अनुपपत्ति नथी, ए प्रमाणे पूर्वपक्षी कहे तो ग्रंथकार कहे छे के एम न कहेवुं, केम के चैत्यपदनी ज्ञानार्थतानुं अप्रसिद्धपणुं होवाने कारणे उपचारनो पण अयोग छे.

✪ "चैत्यपदेनोक्तातिरिक्तमुनिग्रहान्नानुपपत्तिरिति चेत् ? न" आ कथनमां **चैत्यपदस्य** ..... ग्रहणौचित्यात् सुधी એક હેતુ છે, પરંતુ અનેક હેતુઓ નથી. પહેલાં चैत्यपदेन ..... नानुपपत्तिः એ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં ચૈત્યપદ જ્ઞાનાર્થ અપ્રસિદ્ધ છે, માટે મુનિમાં ઉપચાર ઘટે નહિ, એટલો જ હેતુ કહ્યો. પરંતુ ગ્રંથકારની બુદ્ધિમાં શાબ્દબોધની મર્યાદા ઉપસ્થિત થવાથી યાદ આવ્યું કે અર્થાંતરસંક્રમિત કરીને ચૈત્ય પદથી મુનિને ગ્રહણ કરી શકાય. પરંતુ તે પણ **યુક્ત** નથી, તે સ્પષ્ટ કરવા માટે પહેલાં બતાવ્યું કે, જો તમારે મુનિને ગ્રહણ કરવા હોય તો **અર્થાંતરસંક્રમિત કરીને ગ્રહણ** થઈ શકે, પરંતુ એ રીતે અર્થાંતરસંક્રમિત કરીને ચૈત્ય પદથી મુનિને ગ્રહણ કરવામાં આવે તો **બાલાદિ પદની** સાથે ચૈત્યપદની એકવાક્યતા થવાને કારણે પ્રશ્નવ્યાકરણમાં ચૈત્યપદનો બાલાદિ સાથે સમાસ હોવો જોઈએ. પરંતુ પ્રશ્નવ્યાકરણમાં તે પ્રકારે સમાસ કરેલ નથી. તેથી પ્રશ્નવ્યાકરણમાંથી તેવો અર્થ નીકળી શકે નહિ. તેથી ચૈત્યપદથી જિનપ્રતિમાને ગ્રહણ કરવી ઉચિત છે, પણ મુનિનું ગ્રહણ થાય નહિ.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને એ કહેવું છે કે, બાલ, ગ્લાન, વૃદ્ધ આદિ મુનિઓને તે તે શબ્દથી ગ્રહણ કર્યા, અને તે સિવાયના જે મુનિઓ છે, તેને ચૈત્ય શબ્દથી ગ્રહણ કરેલ છે. જોકે બધા મુનિઓ જ્ઞાનના આશ્રય છે; કેમ કે જ્ઞાનનું ફળ વિરતિ છે, તેથી જ્યાં વિરતિ હોય ત્યાં તેનું કારણ જ્ઞાન અવશ્ય હોય, તો પણ બાલાદિને **ગ્રહણ** કર્યા પછી જે મુનિઓ તે તે શબ્દથી ગ્રહણ ન થયા હોય તેવા અવશિષ્ટ મુનિઓને ચૈત્ય શબ્દથી **ગ્રહણ** કરવા છે. અને તે પ્રમાણે ગ્રહણ કરીને વૈયાવચ્ચની સંગતિ કરીએ તો ચૈત્યપદનો જ્ઞાન અર્થ કરીને પણ વૈયાવચ્ચની સંગતિ થઈ શકે છે, આ પ્રકારનું પૂર્વપક્ષીએ સમાધાન કર્યું. તેના નિરાકરણ રૂપે ગ્રંથકાર કહે છે કે, ચૈત્યપદ જ્ઞાન અર્થમાં પ્રસિદ્ધ નથી. તેથી જ્ઞાનના અધિકરણ એવા મુનિમાં જ્ઞાનરૂપ ધર્મનો ઉપચાર કરીને ચૈત્યપદથી મુનિને ગ્રહણ કરી શકાય નહિ, પરંતુ ચૈત્ય શબ્દ જે અર્થમાં પ્રસિદ્ધ હોય તે અર્થ ગ્રહણ કરવો ઉચિત છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, ચૈત્યપદનો જ્ઞાન અર્થ પ્રસિદ્ધ નથી, તેથી ચૈત્યપદથી ઉપચાર દ્વારા પણ મુનિનું ગ્રહણ

થઈ શકે નહિ. તેથી જો હવે પ્રશ્નવ્યાકરણ ગ્રંથના સ્થાનમાં બાલ-વૃદ્ધાદિ મુનિ ગ્રહણ કર્યા, તેનાથી અતિરિક્ત મુનિનું પૂર્વપક્ષીને ચૈત્યપદથી વૈયાવચ્ચની સંગતિ માટે ગ્રહણ કરવું હોય, તો કઈ રીતે ગ્રહણ થઈ શકે ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -

ટીકાર્થ :-

एवं सति ..... युक्तत्त्वात् આ પ્રમાણે હોતે છતે=ચૈત્યપદની જ્ઞાનાર્થતાની અપ્રસિદ્ધિ હોવાથી ઉપચારનો પણ અયોગ છે આ પ્રમાણે હોતે છતે, ચૈત્યાર્થ પદનું, ચૈત્ય છે પ્રયોજન જેને એવા મુનિમાં અર્થાંતરસંક્રમિત વાચ્યપણાનું જ યુક્તપણું છે. તેમાં હેતુ કહે છે -

चेइयकुलगणसंघे ..... सिद्धान्तसिद्धत्वात्, ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત આ સર્વમાં પણ તેણે પ્રયત્ન કર્યો છે, જે તપ-સંયમમાં ઉદ્યમવાળો છે. **ઈત્યાદિ આવશ્યક નિર્યુક્તિ ગાથા-૧૧૦૧ના કથનથી તપ-સંયમનું ચૈત્યપ્રયોજનના પ્રયોજકપણાનું સિદ્ધાંત સિદ્ધપણું છે.**

વિશેષાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે, ચૈત્યપદ જ્ઞાનાર્થ પ્રસિદ્ધ નથી, તેથી ચૈત્યપદથી બાલાદિથી અતિરિક્ત મુનિને ગ્રહણ કરવા હોય તો ચૈત્યપ્રયોજનવાળા મુનિમાં ચૈત્યાર્થ શબ્દને અર્થાંતર સંક્રમિત કરીને કથન કરવું યુક્ત છે. તેમ સ્વીકારીએ તો ચૈત્યની=જિનપ્રતિમાની, ભક્તિના પ્રયોજનવાળા મુનિ છે તેમ પ્રાપ્ત થાય.

તેથી એ પ્રાપ્ત થાય છે કે, ચૈત્ય શબ્દનો અર્થ તો જિનપ્રતિમા સ્વીકારવો પડે. અને જિનપ્રતિમાની વૈયાવચ્ચના પ્રયોજનવાળા મુનિ છે, તેથી તેવા મુનિમાં ચૈત્યાર્થ પદનો અર્થ સંક્રમિત કરીને તેવા મુનિને ચૈત્યપદથી ગ્રહણ કરવામાં આવે તો, લુંપાકને વિશ્રામણાદિરૂપ વૈયાવચ્ચની સંગતિ કરવી છે, તે મુનિમાં થઈ શકે. પરંતુ તેમ કરવાથી ચૈત્યપદથી તો જિનપ્રતિમા વાચ્યરૂપે સિદ્ધ થાય, અને મુનિ જિનપ્રતિમાની વૈયાવચ્ચના પ્રયોજનવાળા છે, એવો અર્થ સ્થાપન થાય. તેથી પ્રશ્નવ્યાકરણના સ્થાનમાં ચૈત્યપદથી પ્રસિદ્ધ એવી જિનપ્રતિમાનો લોપ લુંપાક કરવા ઈચ્છે છે, તે થઈ શકે નહિ.

ચૈત્યાર્થ પદનું ચૈત્યપ્રયોજનવાળા મુનિમાં અર્થાંતર સંક્રમિત થઈને કથન યુક્ત કેમ છે ? તેમાં ગ્રંથકાર યુક્તિ આપે છે કે, આવશ્યક નિર્યુક્તિ આદિ ગ્રંથમાં કહ્યું છે કે, જેણે તપ-સંયમમાં ઉદ્યમ કર્યો છે તેણે ચૈત્ય, કુલ, ગણ, સંઘ આદિ સર્વનાં કૃત્યો કર્યાં છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, ચૈત્યના કૃત્યમાં સાક્ષાત્ ઉદ્યમ નહિ કરનાર હોવા છતાં તપ-સંયમના ઉદ્યમ દ્વારા ચૈત્યના કૃત્યમાં પણ મુનિ ઉદ્યમવાળા છે.

આનાથી એ ફલિત થાય છે કે, ચૈત્યના પ્રયોજનનું પ્રયોજક તપ-સંયમ છે; કેમ કે તપ-સંયમમાં ઉદ્યમ કર્યો તો ચૈત્યનું કૃત્ય પણ થઈ ગયું. તેથી આવશ્યકનિર્યુક્તિના કથનથી એ સિદ્ધ થયું કે, તપ-સંયમમાં ઉદ્યમ કરનારા મુનિ ચૈત્યના પ્રયોજનવાળા છે. માટે ચૈત્યપદના પ્રયોજનવાળા મુનિમાં ચૈત્યાર્થ શબ્દનો અર્થ સંક્રમિત કરીને ચૈત્યપદથી મુનિનું ગ્રહણ થઈ શકે, પરંતુ ચૈત્યપદ જ્ઞાન અર્થમાં પ્રસિદ્ધ નહિ હોવાથી જ્ઞાનના આધાર એવા મુનિનું ચૈત્યપદથી ગ્રહણ થઈ શકે નહિ, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

✪ ચૈત્યરૂપ અર્થને કહેનાર ચૈત્યાર્થ પદ છે, તેને અન્ય અર્થમાં સંક્રમિત કરીને મુનિને ગ્રહણ કરવા છે. તે આ રીતે - ચૈત્યની ભક્તિના પ્રયોજનવાળા મુનિ છે. તેથી ચૈત્યપદથી મુનિ વાચ્ય બને છે, પણ ચૈત્યાર્થ પદથી નહિ.

ઉત્થાન :-

ઉપરમાં કહ્યું એ રીતે ગ્રંથકારે સ્થાપન કર્યું કે, ચૈત્યપદથી બાલાદિથી અતિરિક્ત મુનિને ગ્રહણ કરવા હોય તો ચૈત્યપ્રયોજનવાળા મુનિમાં ચૈત્યાર્થ પદને અર્થાંતરસંક્રમિત કરીને કથન કરવું જોઈએ. પરંતુ એ રીતે કરવાથી લુંપાકની વાત સિદ્ધ થતી નથી; કેમ કે લુંપાક તેમ સ્વીકારે તો ચૈત્યપદનો અર્થ જિનપ્રતિમા તેણે માનવો પડે. આમ છતાં ચૈત્ય પ્રયોજનવાળા મુનિને ચૈત્યપદથી ગ્રહણ કરવાનો પ્રશ્નવ્યાકરણ ગ્રંથનો આશય નથી, તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

बालादिना ..... ग्रहणौचित्यात् । ચૈત્યપદનો અર્થ અર્થાંતરસંક્રમિત કરીને ચૈત્યપ્રયોજનવાળા મુનિમાં ગ્રહણ કરવામાં આવે તો બાલાદિ પદની સાથે ચૈત્યપદનું એકવાક્યપણું હોવાને કારણે ચૈત્યપદનું એકકાર્યત્વસંગતિરૂપે જ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ગ્રહણ કરવું ઉચિત છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારે લુંપાકને કહ્યું કે, 'ચૈત્ય' પદથી બાલાદિથી અતિરિક્ત મુનિને ગ્રહણ કરવા હોય તો ચૈત્યપ્રયોજનવાળા મુનિમાં ચૈત્યાર્થ પદને અર્થાંતરસંક્રમિત કરીને ગ્રહણ કરવું ઉચિત થાય. પરંતુ તેમ ગ્રહણ કરવું પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં સંગત નથી; કેમ કે જો તેમ ગ્રહણ કરવાના પ્રયોજનથી પ્રશ્નવ્યાકરણ સૂત્ર રચાયું હોય તો જે રીતે બાલાદિનો અને તપસ્વી-કુલ-ગણાદિનો સમાસવિભાગ ત્યાં બતાવેલ છે, તે રીતે સમાસવિભાગ થઈ શકે નહિ. તે બતાવતાં કહે છે કે, જો ચૈત્યપદનો અર્થ ચૈત્યપ્રયોજનવાળા મુનિમાં અર્થાંતરસંક્રમિત કરીને ગ્રહણ કરીએ તો બાલાદિ પદની સાથે ચૈત્યપદની એકવાક્યતા પ્રાપ્ત થાય; કેમ કે બાલ-વૃદ્ધાદિની જેમ જ ચૈત્યપ્રયોજનવાળા મુનિની વૈયાવચ્ચ કરવાની છે. અને તે રીતે અર્થ કરીએ તો બાલાદિની સાથે ચૈત્યપદનું એકકાર્યત્વસંગતિથી જ પ્રશ્નવ્યાકરણમાં ગ્રહણ કરવું ઉચિત થાત. અને પ્રશ્નવ્યાકરણમાં ચૈત્યપદનું એકકાર્યત્વસંગતિથી ગ્રહણ કરવું હોત તો ત્યાં અત્યંત બાલ-વૃદ્ધાદિનો જે સમાસ કરેલ છે, તેની સાથે જ ચૈત્ય શબ્દનો પણ સમાસ કરવો જોઈએ. પરંતુ ચૈત્યપદનો સમાસ બાલાદિ સાથે ન કરતાં તપસ્વી, કુલ, ગણ, સંઘની સાથે કરેલ છે, તે જ બતાવે છે કે ચૈત્યપ્રયોજનવાળા મુનિમાં અર્થાંતરસંક્રમિત કરીને ચૈત્ય શબ્દનો અર્થ મુનિ ગ્રહણ કરવો નથી, પરંતુ ચૈત્યપદથી જિનપ્રતિમા ગ્રહણ કરવી છે અને તેની વૈયાવચ્ચ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં બતાવેલ છે, તેથી પ્રશ્નવ્યાકરણ સૂત્રથી પણ જિનપ્રતિમા પૂજ્ય છે તેમ સિદ્ધ થાય છે.

ટીકા :-

उपसंहरति-इति=एवं, परः=कुमतिः, परः शतानां गुणानां चैत्यशब्दनिर्देशप्रयुक्तानां प्रच्छादनाद् निह्नवात् पातकी=दुरितवान्, कान्दिशीको=भयद्रुतः, सन् पृष्ठतः पुरतश्च दग्धां कां कां दिशं गच्छतु ? मिथ्याभिशङ्की न कुत्रापि गन्तुं समर्थ इति भावः ।

ટીકાર્થ :-

'उपसंहरति' ઉપસંહાર કરે છે=શ્લોક-૮માં ચૈત્યપદનો અર્થ પૂર્વપક્ષી જ્ઞાન કરે છે, તેનું નિરાકરણ કર્યું. ત્યાર પછી અનેક શાસ્ત્રોની યુક્તિઓથી પ્રતિમા શાસ્ત્રસંમત છે તેનું સ્થાપન કર્યું, અને તેના સમર્થનમાં શ્લોક-૪૮માં પ્રશ્નવ્યાકરણનો પાઠ આપ્યો. તેની પોતાની માન્યતાને અનુકૂળ એવી સંગતિ કરવા માટે ચૈત્ય શબ્દનો જ્ઞાન અર્થ કરીને પૂર્વપક્ષીએ યત્ન કર્યો, તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ કર્યું. હવે તે સર્વ કથનનો ઉપસંહાર કરે છે -

इति=एवं .... भावः । આ રીતે ચૈત્ય શબ્દના નિર્દેશથી પ્રયુક્ત સેંકડોથી પણ અધિક ગુણોનું પ્રચ્છાદન કરનાર હોવાથી પાતકી=દુરિતવાળો, कांदिशीक=ભયથી દ્રુત=વિહ્વળ, થયો છતો, પર= કુમતિ=લુંપાક, આગળથી=શ્લોક-૮થી કહેલ કથનથી અને પાછળથી શ્લોક-૪૮-૪૯માં કહેલ કથનથી દગ્ધ થયેલી એવી કઈ દિશામાં જાય ? મિથ્યા અભિશંકાવાળો એવો તે ક્યાંય જવા માટે સમર્થ નથી, એ પ્રમાણે ભાવ છે.

✪ મૂળ શ્લોકમાં 'इति' શબ્દ છે, તે 'एवं' અર્થક છે. તેથી ટીકામાં इति=एवं, આ રીતે લેવું. 'एवं' નો અન્વય 'पातकी' અને 'कांदिशीक' સાથે છે. અર્થાત્ આ રીતે લુંપાક પાતકી અને ભયભીત થયેલો કઈ કઈ દિશામાં જાય ? એમ અર્થ છે.

વિશેષાર્થ :-

ચૈત્યશબ્દના નિર્દેશથી યુક્ત સેંકડોથી પણ અધિક ગુણોનું પ્રચ્છાદન કરનાર હોવાથી લુંપાક દુરિતવાળો છે, અને ઉપરમાં કહ્યું એ રીતે ગ્રંથકારે તેનું નિરાકરણ કર્યું તેથી ભયભીત થયેલા તેને पुरतः=પહેલાં શ્લોક-૮માં ગ્રંથકારે પૂર્વપક્ષીના ચૈત્ય શબ્દના જ્ઞાન અર્થનું નિરાકરણ કર્યું એ રૂપ દિશા, અને पृष्ठतः=પાછળથી નવી યુક્તિઓને સ્થાપન કરવાની શ્લોક-૪૯માં કહેલી દિશા, એ બંને દિશાઓ બળેલી પ્રાપ્ત થાય છે, તેથી કઈ દિશામાં જાય ? =મિથ્યા અભિશંકાવાળો એવો લુંપાક ક્યાંય જવા સમર્થ બનતો નથી. શાસ્ત્રમાં જો તેને મિથ્યા અભિશંકા ન હોત, પરંતુ સત્ય જાણવાની ઈચ્છા તેને હોત તો આટલા કથનથી તે અવશ્ય ચૈત્ય શબ્દથી જિનપ્રતિમાને સ્વીકારી લેત. પરંતુ તેને મિથ્યા શંકા હોવાને કારણે=ચૈત્ય શબ્દથી જિનપ્રતિમાને ગ્રહણ કરીએ તો જિનપ્રતિમાની પૂજામાં જે આરંભ-સમારંભ આદિની ક્રિયાઓ કરાય છે તે ધર્મરૂપ માની શકાય નહિ, આવી ખોટી શંકા હોવાને કારણે, તે ક્યાંય જવા માટે સમર્થ બનતો નથી=પૂર્વમાં બતાવેલ સઘળી યુક્તિઓને સ્વીકારવામાં અને નિરાકરણ કરવામાં સમર્થ બની શકતો નથી, અને કોઈ નવી યુક્તિઓ દ્વારા જિનપ્રતિમા વંદનીય નથી તે સ્થાપન કરવામાં પણ સમર્થ બની શકતો નથી, એ પ્રકારનો ભાવ છે.

અહીં વિશેષ એ છે કે, પૂર્વમાં ચૈત્ય-શબ્દ-નિર્દેશ-પ્રયુક્ત સેંકડોથી અધિક ગુણોનું પ્રચ્છાદન કરનાર હોવાથી લુંપાકને પાતકી કહ્યો, તેનો ભાવ એ છે કે શાસ્ત્રમાં ચૈત્ય શબ્દના નિર્દેશથી પ્રયુક્ત એવા અનેક ગુણો બતાવવામાં આવ્યા છે. ચૈત્યની પૂજા કરીને દ્રૌપદી આદિ અનેક જીવોએ પોતાના આત્મગુણોને ખીલવ્યા, એવા અનેક પ્રકારનાં શાસ્ત્રવચનો મળે છે, તે ચૈત્યશબ્દનિર્દેશપ્રયુક્ત ગુણો છે; અને તે સર્વ ગુણોનો લુંપાક અપલાપ કરે છે, અને કહે છે કે, પ્રતિમાને નમસ્કાર કરવાથી તો જંઘાચારણ આદિને અતિચારની પ્રાપ્તિ થઈ, અને તે પ્રમાણે કહીને પ્રતિમાની પૂજા-ભક્તિ આદિથી થતા સર્વ ગુણોનું તે પ્રચ્છાદન કરે છે. તેથી શાસ્ત્રોના તાત્પર્યને છુપાવનાર હોવાથી તે પાતકી છે.

ટીકા :-

अत्र दग्धदिक्त्वेन पूर्वोत्तरपक्षद्वयाध्यवसानादतिशयोक्तिः ।।४९।।

ટીકાર્થ :-

अत्र ..... अतिशयोक्तिः ।। અહીં દગ્ધદિક્પણાથી પૂર્વપક્ષ=શ્લોક-૮થી વર્ણન કર્યું તે, અને ઉત્તરપક્ષ=શ્લોક-૪૮-૪૯માં વર્ણન કર્યું તે, બંનેનું અધ્યવસાન હોવાથી અતિશયોક્તિ છે. ।।૪૯।।

વિશેષાર્થ :-

પ્રસ્તુત શ્લોકમાં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ બંનેનું બળેલી દિશારૂપે અધ્યવસાન=કથન, કરેલ છે, તેથી અતિશયોક્તિ અલંકાર છે; કેમ કે અહીં દ્રવ્યથી આગળ કે પાછળ કોઈ દિશા બળેલી નથી. પરંતુ પૂર્વપક્ષી લુંપાક તે બંને દિશાઓમાં વિચાર કરવા અસમર્થ છે, તેથી અતિશયોક્તિ કરીને ગ્રંથકાર કહે છે કે, લુંપાકને બંને દિશાઓ બળેલી હોવાથી કઈ દિશામાં જવું એ પ્રમાણે તે વિલ્વળ થયેલો છે. **॥૪૯॥**

: શ્લોક-૪૯નો સંક્ષેપ સાર :

પ્રથમ લુંપાકે ચૈત્યપદનો જ્ઞાન અર્થ કર્યો, પરંતુ તેમ સ્વીકારવામાં પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પ્રત્યક્ષથી તે ઘટતું નથી, તેમ બતાવીને પ્રત્યક્ષ બાધ બતાવ્યો. પછી લુંપાકે બીજી રીતે અર્થ કર્યો અને કહ્યું કે, જ્ઞાનના અધિકારી મુનિ છે, તેથી ચૈત્યપદનો જ્ઞાન અર્થ કરીને મુનિમાં ઉપચાર કરીને ચૈત્યપદથી મુનિને ગ્રહણ કરીશું; તેથી વિશ્રામણાદિ વૈયાવચ્ચની સંગતિ થશે. તેનું ગ્રંથકારે પુનરુક્તિ દોષ બતાવીને નિરાકરણ કર્યું. તે પુનરુક્તિના નિવારણરૂપે પૂર્વપક્ષી કહે છે કે, ચૈત્યપદથી અમે બાલાદિથી અતિરિક્ત મુનિને ગ્રહણ કરીશું, તેથી પુનરુક્તિ નહિ આવે. તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે કે, ચૈત્યપદ જ્ઞાનાર્થ પ્રસિદ્ધ નથી, તેથી ઉપચાર કરીને ચૈત્યપદ દ્વારા મુનિને ગ્રહણ કરી શકાય નહિ. આમ છતાં ચૈત્યપદ દ્વારા મુનિને ગ્રહણ કરવા હોય તો અર્થાંતરસંક્રમિત વાચ્યપણાથી મુનિને ગ્રહણ કરી શકાય, પરંતુ જ્ઞાન અર્થમાં ચૈત્યપદને ગ્રહણ કરીને ઉપચારથી મુનિને ગ્રહણ કરી શકાય નહિ. પરંતુ ગ્રંથકારને તે પણ માન્ય નથી, તેથી કહે છે કે, અર્થાંતરસંક્રમિત કરીને ચૈત્યાર્થ પદથી મુનિને ગ્રહણ કરીએ તો પણ પ્રશ્નવ્યાકરણના તે વચનોની સંગતિ બરાબર થાય નહિ. તેથી પ્રશ્નવ્યાકરણના કથનને સંગત કરવા માટે ચૈત્યપદથી જિનપ્રતિમાને ગ્રહણ કરવી ઉચિત છે.

ચૈત્યાર્થ પદને અર્થાંતરસંક્રમિત કરીને મુનિના વાચ્યરૂપે ગ્રહણ આ રીતે પ્રાપ્ત થાય- ચૈત્યના પ્રયોજનને મુનિઓ તપ-સંયમ દ્વારા પ્રાપ્ત કરે છે. તેથી મુનિ, ચૈત્યપદથી વાચ્ય બને છે અને તે સ્વીકારવાથી ચૈત્યની પૂજ્યતાની સિદ્ધિ થાય છે, કેમ કે ચૈત્ય=જિનપ્રતિમા, તેની ભક્તિનું પ્રયોજન મુનિ તપ-સંયમ દ્વારા કરે છે. તેથી ચૈત્ય શબ્દથી જિનપ્રતિમા પૂજ્ય છે, તે સિદ્ધ થાય છે, અને પ્રશ્નવ્યાકરણમાં અર્થાંતરસંક્રમિત કરીને ચૈત્યાર્થ પદથી મુનિને ગ્રહણ કરી શકાય, પરંતુ તેમ સ્વીકારવાથી પણ લુંપાકના પ્રયોજનની સિદ્ધિ થાય નહિ.

અવતરણિકા :-

निश्चितार्थेऽनुपपत्तिमाशङ्क्य निराकरोति -

અવતરણિકાર્થ :-

નિશ્ચિત અર્થમાં અનુપપત્તિની આશંકા કરીને નિરાકરણ કરે છે –

વિશેષાર્થ :-

શ્લોક-૪૮માં સ્થાપન કર્યું કે, બધી પણ ભગવાનની ભક્તિ વૈયાવચ્ચરૂપ હોવાને કારણે તપ છે, એ રૂપ નિશ્ચિત અર્થમાં અનુપપત્તિની આશંકા કરીને ગ્રંથકારશ્રી અહીં તેનું નિરાકરણ કરે છે. અહીં અનુપપત્તિ એ છે કે, સમ્યગ્દૃષ્ટિને ભગવદ્ભક્તિ અવશ્ય હોય છે, અને તેમને અવિરતિનો ઉદય હોવાથી વિરતિરૂપ તપ હોતો નથી. તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિની ભગવાનની ભક્તિમાં વૈયાવચ્ચરૂપ તપની અનુપપત્તિની આશંકા કરીને તેનું નિરાકરણ કરે છે –

શ્લોક :-

वैयावृत्त्यमथैवमापतति वस्तुर्ये गुणस्थानके,
यस्माद्भक्तिरभङ्गुरा भगवतां तत्रापि पूजाविधौ ।
सत्यं दर्शनलक्षणेऽत्र विदितेऽनन्तानुबन्धिव्ययान्,
नो हानिं त्वयि निर्मलां धियमिव प्रेक्षामहे कामपि ।।५०।।

શ્લોકાર્થ :-

આ રીતે=શ્લોક-૪૮માં કહ્યું એ રીતે, તમને=શ્વેતાંબરને, ચોથા ગુણસ્થાનકમાં વૈયાવચ્ચનો પ્રસંગ આવશે; જે કારણથી ત્યાં પણ=ચોથા ગુણસ્થાનકમાં પણ, ભગવાનની પૂજાવિધિમાં અભંગુર=અભંગ, ભક્તિ વર્તે છે.

ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે - તારી વાત સાચી છે. અનંતાનુબંધીના વ્યયથી= ક્ષયોપશમથી, અહીં=ચોથા ગુણસ્થાનકમાં, દર્શનના લક્ષણભૂત (વૈયાવચ્ચ) વિદિત=પ્રસિદ્ધ, હોતે છતે, તારામાં નિર્મળ બુદ્ધિની (હાનિની) જેમ અમને કોઈપણ હાનિ દેખાતી નથી. ।।૫૦।।

✪ શ્લોકમાં 'अथ' શબ્દ છે, તે પૂર્વપક્ષના પ્રારંભ અર્થે છે.

ટીકા :-

'वैयावृत्त्य'मिति :- अथैवं चैत्यभक्तेर्वैयावृत्त्यत्वे वः-युष्माकम्, तुर्ये-चतुर्थे, गुणस्थानके वैयावृत्त्यमापतति=प्रसज्यते, यस्मात् तत्र भगवताम्-अर्हतां, पूजाविधौविहितार्चने, अभङ्गुरा-अभङ्गव्याप्या, भक्तिर्वर्तते । 'सत्यम्' इत्यर्धाङ्गीकारे । अत्र=चतुर्थगुणस्थानके, दर्शनलक्षणे=सम्यक्त्वलक्षणीभूते, वैयावृत्त्ये विदिते-

'सुस्सूसधम्मराओ गुरुदेवाणं जहा समाहीए ।
वेयावच्चे णियमो वयपडिवत्ति अ भयणाओ । **(पञ्चा. गा. ४)**

इत्यादिना प्रसिद्धेऽनन्तानुबन्धिनां व्ययात्=क्षयोपशमात्, न कामपि हानिं प्रेक्षामहे । कुत्र कामिव ? त्वयि निर्मलां=निःशङ्कितां, धियमिव । यथा त्वयि निर्मलां धियं न प्रेक्षामहे तथाऽस्मदुक्तार्थे न हानिं प्रेक्षामहे इत्युपमा, चारित्रमोहनीयभेदानन्तानुबन्धिव्यये जायमानस्य वैयावृत्यगुणस्याविरत-सम्यग्दृशामपि सम्भवे बाधकाभावादित्यर्थः ।।५०।।

ટીકાર્થ :-

अथैवं ..... अर्धाङ्गीकारे । 'अथ' थी पूर्वपक्षी अनुपपत्तिनी आशंका करे छे -

'एवं'=आ रीते=श्लोक-४८માં કહ્યું એ રીતે, ચૈત્યભક્તિનું વૈયાવચ્ચપણું હોતે છતે તમને=શ્વેતાંબર સંપ્રદાયવાળાને, ચોથા ગુણસ્થાનકમાં વૈયાવચ્ચની આપત્તિ આવશે; જે કારણથી ત્યાં=ચોથા ગુણસ્થાનકમાં, ભગવાનની=અર્હત્ની, પૂજાવિધિમાં=વિહિત અર્ચનમાં, અભંગુર=અભંગ વ્યાપ્ય, ભક્તિ વર્તે છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, તારી વાત સાચી છે.

✪ અહીં 'सत्यम्' શબ્દ અર્ધ અંગીકારમાં છે.

अत्र ..... धियमिव । અહીં=ચોથા ગુણસ્થાનકમાં, सुस्सूस ઈત્યાદિ ગાથા દ્વારા પ્રસિદ્ધ એવું દર્શનના લક્ષણભૂત=સમ્યક્ત્વના લક્ષણભૂત વૈયાવચ્ચ વિદિત હોતે છતે, અનંતાનુબંધીના વ્યયથી=ક્ષયોપશમથી, તારામાં નિર્મળ=નિઃશંકિત, બુદ્ધિની જેમ કાંઈપણ હાનિ અમે જોતા નથી.

यथा ..... उपमा, જેમ તારામાં નિર્મળ બુદ્ધિ અમે જોતા નથી, તેમ અમારા કહેલા અર્થમાં હાનિ જોતા નથી, એ પ્રમાણે ઉપમા છે. તેમાં હેતુ કહે છે –

चारित्र ..... इत्यर्थः ।। અવિરત સમ્યગ્દૃષ્ટિઓને પણ, ચારિત્રમોહનીયના ભેદરૂપ અનંતાનુબંધીના વ્યયમાં=ક્ષયોપશમમાં, જાયમાન=ઉત્પન્ન થતા એવા, વૈયાવચ્ચ ગુણના સંભવમાં બાધકનો અભાવ છે, એ પ્રમાણે અર્થ જાણવો.

'सुस्सूस ..... भयणाओ' ।। પંચાશક-૧/૪ની સાક્ષી આપી, તેનો અર્થ આ પ્રમાણે છે -

શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુ-દેવની યથાસમાધિ વડે વૈયાવચ્ચમાં નિયમ છે, અને વ્રતના સ્વીકારમાં ભજના છે=સમ્યક્ત્વ હોતે છતે વ્રતો ક્યારેક હોય અને ક્યારેક ન પણ હોય, પરંતુ શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુ-દેવની યથાસમાધિ વડે વૈયાવચ્ચ નક્કી હોય.

✪ 'न कामपि हानिं प्रेक्षामहे' । એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, પૂર્વપક્ષીએ શ્વેતાંબર સંપ્રદાયને જે આપત્તિ આપી તેમાં કાંઈપણ હાનિ અમે જોતા નથી અર્થાત્ ઈષ્ટાપત્તિ છે એમ ગ્રંથકાર કહે છે.

વિશેષાર્થ :-

શ્લોક-૪૮માં સ્થાપન કર્યું એ રીતે અવિરત સમ્યગ્દૃષ્ટિને વૈયાવચ્ચ સ્વીકારવાની આપત્તિ આવશે, એ પ્રકારનો દોષ પૂર્વપક્ષી શ્લોકના પૂર્વાર્ધમાં આપે છે, અને તેમાં યુક્તિ આપે છે કે, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને ભગવાન પ્રત્યે અભંગ ભક્તિ હોય છે, તેઓને અવિરતિ હોવાથી વૈયાવચ્ચ સંભવે નહિ; આમ છતાં શ્વેતાંબર મત પ્રમાણે અવિરત સમ્યગ્દૃષ્ટિને વૈયાવચ્ચ સ્વીકારવાની આપત્તિ આવશે.

તેના ઉત્તરરૂપે ગ્રંથકાર કહે છે કે તારી વાત સાચી છે=અવિરત સમ્યગ્દૃષ્ટિને વૈયાવચ્ચ સ્વીકારવાની જે તું આપત્તિ આપે છે, તે તારી વાત સાચી છે, પરંતુ અનંતાનુબંધીના ક્ષયોપશમથી અવિરત સમ્યગ્દૃષ્ટિમાં વૈયાવચ્ચરૂપ તપ સ્વીકારવામાં અમને કોઈ બાધ દેખાતો નથી; કેમ કે 'सुस्सूस .....' ઈત્યાદિ પંચાશક-૧/૪ની ગાથા મુજબ અવિરત સમ્યગ્દૃષ્ટિને પોતાની સમાધિ પ્રમાણે વૈયાવચ્ચ સ્વીકારેલી છે. આમ કહીને ગ્રંથકાર પૂર્વપક્ષી-લુંપાક પ્રત્યે કટાક્ષ કરતાં કહે છે કે, અમને તારામાં નિર્મળ બુદ્ધિ દેખાતી નથી, તેમ અવિરત સમ્યગ્દૃષ્ટિને વૈયાવચ્ચ સ્વીકારવામાં હાનિ દેખાતી નથી. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, લુંપાકમાં શાસ્ત્રીય પદાર્થને જોવા માટેની નિર્મળ બુદ્ધિ દેખાતી નથી, તેથી શાસ્ત્રવચનોને તે યથાસ્થાને જોડતો નથી. તે આ રીતે -

શાસ્ત્રમાં અનંતાનુબંધીને ચારિત્રમોહનીયની પ્રકૃતિ કહી છે, અને સમ્યગ્દૃષ્ટિને વૈયાવચ્ચ ગુણ પણ કહ્યો છે. તેથી જો પૂર્વપક્ષીની નિર્મળ બુદ્ધિ હોય તો શાસ્ત્રવચનોને યથાસ્થાને જોડવા પ્રયત્ન કરે. પરંતુ નિર્મળબુદ્ધિ નહિ હોવાને કારણે જ પોતાના પક્ષ પ્રત્યે પક્ષપાતથી જુએ છે, તેથી જ ભગવાનની પૂજામાં તેને આરંભ-સમારંભ માત્ર દેખાય છે, પરંતુ ભગવાનની પૂજાથી થતા લાભને જોતો નથી અને શાસ્ત્રવચનોને પણ સમ્યગ્ જોવા પ્રયત્ન કરતો નથી. ॥૫૦॥

અવતરણિકા :-

'तथा सति तेषां चारित्रलेशसम्भवेऽविरतत्वानुपपत्तिरेव बाधिका' इत्यत्राह -

અવતરણિકાર્થ :-

તેમ હોતે છતે=પૂર્વશ્લોક-૫૦માં પૂર્વપક્ષીએ કહ્યું કે ભગવાનની ભક્તિ વૈયાવચ્ચ હોવાથી તપ માનશો તો ચોથા ગુણસ્થાનકે વૈયાવચ્ચ માનવાનો પ્રસંગ આવશે. તેના સમાધાનરૂપે સિદ્ધાંતકારે કહ્યું

કે, તેમ સ્વીકારવામાં અમને કોઈ હાનિ નથી. તેની સામે પૂર્વપક્ષી કહે કે, તેમ હોતે છતે, તેઓને=અવિરત સમ્યગ્દૃષ્ટિઓને, ચારિત્રલેશના સંભવમાં અવિરતપણાની=અવિરતિની, અનુપપત્તિ જ બાધક છે એ કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

श्राद्धानां तपसः परं गुणतया सम्यक्त्वमुख्यत्वतः,
सम्यक्त्वाङ्गमियं तपस्विनि मुनौ प्राधान्यमेषाऽश्नुते ।
धीर्लीलाङ्गतयोपसर्जनविधां धत्ते यथा शैशवे,
तारुण्ये व्यवसायसम्भृततया सा मुख्यतामञ्चति ।।५१।।

શ્લોકાર્થ :-

શ્રાવકોને=દર્શનશ્રાવકોને, કેવલ સમ્યક્ત્વનું મુખ્યપણું હોવાને કારણે તપનું ગૌણપણું છે, તેથી શ્રાવકની તપરૂપ આ=ભક્તિ, સમ્યક્ત્વનું અંગ છે, તપસ્વી એવા મુનિમાં આ=ભક્તિ, પ્રધાનપણાને પામે છે. જેમ બાલ્યકાળમાં બુદ્ધિ લીલાના અંગપણા વડે કરીને ગૌણભાવને ધારણ કરે છે અને યૌવનમાં તે બુદ્ધિ વ્યવસાય સંભૃતપણાથી મુખ્યપણાને પામે છે. ।।૫૧।।

ટીકા :-

'श्राद्धानामि' ति :- श्राद्धानां-दर्शनश्रावकानां, परं-केवलम्, तपसो गुणतया=अमुख्यतया, इयं=भक्तिः, सम्यक्त्वाङ्गं-सम्यक्त्वस्य प्रधानस्याङ्गीभूता, सम्यक्त्वफलेनैव फलवतीत्यर्थः । 'फलवत् सन्निधावफलं तदङ्गम्' इति न्यायात्, तथा च तावता नाविरतत्वहानिः । 'न हि कार्षापणमात्रधनेन धनवान्, एकगोमात्रेण गोमान्' इति पञ्चाशकवृत्तावभयदेवसूरयः ।

ટીકાર્થ :-

श्राद्धानां ..... इति न्यायात् શ્રાવકોને=દર્શનશ્રાવકોને, સમ્યક્ત્વનું મુખ્યપણું હોવાથી તપનું ગૌણપણું હોવાને કારણે આ=ભક્તિ, સમ્યક્ત્વનું અંગ છે=પ્રધાન એવા સમ્યક્ત્વના અંગીભૂત છે= સમ્યક્ત્વના ફળ વડે જ ફળવાન છે, એ પ્રમાણે ભાવ છે. કેમ કે ફળવાનની સંનિધિમાં તેનું અંગ અફળ છે, એ પ્રકારનો ન્યાય છે.

વિશેષાર્થ :-

દર્શનશ્રાવક એ સમ્યગ્દૃષ્ટિ છે, તેથી તેમનો મુખ્ય ગુણ સમ્યક્ત્વ છે; કેમ કે સમ્યક્ત્વને જ કારણે તેઓ દર્શનશ્રાવક કહેવાય છે. સમ્યક્ત્વના અસ્તિત્વને કારણે તેઓમાં ભગવાનની ભક્તિરૂપ તપગુણ પ્રગટે

છે. તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિમાં તપ ગુણ ગૌણપણાથી છે, માટે ગૌણપણારૂપ તપસ્વરૂપ આ ભક્તિ સમ્યક્ત્વનું અંગ બને છે; કેમ કે સમ્યક્ત્વ હોતે છતે તત્ત્વનો તીવ્ર પક્ષપાત થાય છે, તેથી જ ગુણસંપન્ન એવા ભગવાન અને ગુરુ પ્રત્યે ભક્તિ ઉલ્લસિત થાય છે. તેથી તે ભક્તિ સમ્યક્ત્વના અંગ સ્વરૂપ છે, અને સમ્યક્ત્વ એ પદાર્થના યથાર્થ બોધસ્વરૂપ છે, અને સમ્યક્ત્વનું જે અંગ હોય તે સમ્યક્ત્વના ફળ વડે કરીને જ ફળવાન બને છે. જેમ સમ્યક્ત્વનું ફળ સુરલોકની પ્રાપ્તિ છે, તત્ત્વની તીવ્ર રુચિરૂપ પ્રશસ્ત પરિણામરૂપ સમ્યક્ત્વના અધ્યવસાયથી ધર્મસામગ્રીસંપન્ન એવો દેવભવ પ્રાપ્ત થાય છે, અને દેવોને ધર્મસામગ્રીસંપન્ન સુમનુષ્યત્વની પ્રાપ્તિ થાય છે, તેમ અહીં સમ્યક્ત્વના અંગભૂત એવી ભગવાનની ભક્તિ પણ સમ્યક્ત્વના ફળ વડે કરીને ફળવાન બને છે, પરંતુ અવિરતિના નાશરૂપ ફળ વડે કરીને ફળવાન બનતી નથી.

વસ્તુતઃ તપ અવિરતિના નાશરૂપ ફળ વડે કરીને ફળવાન ત્યાં જ બને કે જ્યાં તે મુખ્યરૂપે હોય છે. આથી જ ચારિત્રીને વૈયાવચ્ચ નામનો તપ વિશેષ પ્રકારના ચારિત્રમોહનીયના નાશ વડે કરીને જ ફળવાન બને છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિને ભગવાનની ભક્તિરૂપ વૈયાવચ્ચ સમ્યક્ત્વના ફળ વડે કરીને જ ફળવાન થાય છે, પરંતુ પોતાનું સ્વતંત્ર ફળ આપવા સમર્થ બનતી નથી; કેમ કે ફળવાનની સંનિધિમાં તેનું અંગ અફળ છે, એ ન્યાય છે.

કહેવાનો આશય એ છે કે, જે મુખ્ય હોય તે ફળવાન બને છે. દર્શનશ્રાવકમાં મુખ્યરૂપે સમ્યક્ત્વ ગુણ છે અને તે ફળવાન છે, તેથી તેની સંનિધિમાં ગૌણરૂપ એવો વૈયાવચ્ચરૂપ તપ અવિરતિનો નાશ કરવા માટે અફળ છે.

અહીં વિશેષ એ છે કે, સમ્યગ્દૃષ્ટિની પૂજાથી ચારિત્રમોહનીય શિથિલ થાય છે, તો પણ મુનિને વૈયાવચ્ચરૂપ તપ ગુણથી જે પ્રકારનો ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ વિશેષ વિશેષતર પ્રગટ થાય છે, તેવો ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિની પૂજાથી પ્રાયઃ પ્રગટ થતો નથી. તેથી કહ્યું કે, સમ્યગ્દૃષ્ટિની પૂજા સમ્યક્ત્વના ફળથી જ ફળવાન છે, જ્યારે વિરતિરૂપ વૈયાવચ્ચનો ગુણ વિરતિના વિશેષ ફળથી ફળવાન છે.

ટીકાર્થ :-

तथा च ..... अभयदेवसूरयः । અને તે રીતે=ફળવાનની સંનિધિમાં તેનું અંગ અફળ છે, એ ન્યાયથી ફળવાન એવા સમ્યક્ત્વની સંનિધિમાં તેના અંગભૂત એવી ભક્તિરૂપ વૈયાવચ્ચ વિરતિરૂપ કાર્ય કરવા પ્રત્યે અફળ છે તે રીતે, તેટલાથી=સમ્યગ્દૃષ્ટિની ભક્તિરૂપ વૈયાવચ્ચસ્વરૂપ તપગુણથી, અવિરતપણાની=અવિરતિની, હાનિ નથી; જે કારણથી કાર્ષાપણમાત્ર ધન વડે કોઈ ધનવાન કહેવાતો નથી કે એક ગાયમાત્રથી ગોમાન=ગાયવાળો કહેવાતો નથી, **એ પ્રમાણે પંચાશકવૃત્તિમાં અભયદેવસૂરિ કહે છે.**

વિશેષાર્થ :-

કાર્ષાપણમાત્રથી કોઈ ધનવાળો કહેવાતો નથી, તેવી રીતે સમ્યક્ત્વના અંગભૂત એવી ભક્તિરૂપ વૈયાવચ્ચથી જે વિરતિની પ્રાપ્તિ થાય છે, તે અત્યંત અલ્પ હોવાને કારણે તેટલી માત્ર વિરતિથી વિરતિધર કહેવાતો નથી. માટે અવિરત સમ્યગ્દૃષ્ટિમાં કાર્ષાપણ તુલ્ય વિરતિ હોવા છતાં અવિરતિની હાનિ નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, વૈયાવચ્ચરૂપ તપ હોવાને કારણે દર્શનશ્રાવકમાં યદ્યપિ અંશરૂપ વિરતિ છે, તો પણ અવિરતિની હાનિ નથી, તો પ્રશ્ન થાય કે, અવિરતિની હાનિમાં પ્રયોજક કોણ છે ? તેથી કહે છે -

ટીકા :-

कषायविशेषव्यय एव अविरतत्वहानिप्रयोजको न तु प्रथमानुदयमात्रं तेनापेक्षिकोपशमादीनां सम्यक्त्वगुणानामेव जनकत्वादिति निष्कर्षः । आह च

'पढमाणुदयाभावो एअस्स जओ भवे कसायाणं ।
ता कहं एसो एवं भन्नइ तव्विसयवेक्खाए' **त्ति (विंशिकाप्रक. ६/१६)**

प्रधानीभूतास्तूपशमादयोऽपि चारित्रिण एव घटन्ते, तदाह-

'णिच्छयसम्मत्तं वाहिकिच्च सुत्तभणियनिउणरुवं तु ।
एवंविहो णिओगो होई इमो हंत वत्थु त्ति' (वच्चु त्ति) ।। **(६/१७) त्ति विंशिकायाम् ।**

एतदेवाभिप्रेत्याह-तपस्विनि= प्रधानतपोयुक्ते, मुनौ=चारित्रिणि, एषा भक्तिः प्राधान्यमश्नुते= प्रधानभावं प्राप्नोति ।

ટીકાર્થ :-

कषायविशेष ..... निष्कर्षः । કષાયવિશેષનો વ્યય જ અવિરતપણાની=અવિરતિની, હાનિનો પ્રયોજક છે, પરંતુ પ્રથમ કષાયનો અનુદયમાત્ર (પ્રયોજક) નથી; કેમ કે તેના વડે=પ્રથમ કષાયના અનુદય વડે, આપેક્ષિક ઉપશમાદિરૂપ સમ્યક્ત્વગુણોનું જ જનકપણું છે, એ પ્રકારનો નિષ્કર્ષ છે.

✪ 'आपेक्षिकोपशमादीनां' અહીં 'उपशमादि' માં 'आदि' પદથી સંવેગ-નિર્વેદ આદિનું ગ્રહણ કરવું.

વિશેષાર્થ :-

અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયનો વ્યય જ અવિરતિની હાનિનો પ્રયોજક છે, જ્યારે ચારિત્રમોહનીયરૂપ અનંતાનુબંધીનો અનુદયમાત્ર અવિરતિની હાનિનો પ્રયોજક નથી; કેમ કે અનંતાનુબંધીના અનુદય વડે પ્રશમ-સંવેગાદિ ગુણો પેદા થાય છે, જે આપેક્ષિક ઉપશમાદિ પરિણામરૂપ છે, સર્વથા કષાયના ઉપશમથી વર્તતી જેવી મુનિ આદિને ઉપશાંત ચિત્તવૃત્તિ હોય છે, તેવી ચિત્તવૃત્તિ અવિરત સમ્યગ્દૃષ્ટિને નથી, પરંતુ તત્ત્વના અવલોકનમાં પ્રતિબંધક એવા આપેક્ષિક કષાયના ઉપશમાદિ પરિણામસ્વરૂપ છે.

ઉત્થાન :-

દર્શનશ્રાવકોને સમ્યક્ત્વ મુખ્ય હોય છે અને તપ ગૌણ છે. તેથી ગૌણપણારૂપ તપસ્વરૂપ આ ભક્તિ

સમ્યક્ત્વનું અંગ બને છે, તેમાં આહ ચ થી વિંશિકાની સાક્ષી આપે છે -

ટીકાર્થ :-

'આહ ચ - **અને કહ્યું છે -** પઢમાણ ..... તવ્વિસયવેક્ખાએ' ત્તિ જે કારણથી આને =સમ્યગ્દૃષ્ટિને, પ્રથમ કષાયના ઉદયનો અભાવ હોય છે, તે કારણથી આ=સમ્યગ્દૃષ્ટિ, કેવી રીતે આવો=ઉપશમાદિ લિંગવાળો છે ? આ પ્રમાણે પૂર્વપક્ષીની શંકાના સમાધાનરૂપે વિંશિકાની ગાથામાં 'ભણ્ણઇ' થી જવાબ આપે છે - તેના વિષયની અપેક્ષાએ=પ્રથમ કષાયના ઉદયના અભાવરૂપ વિષયની અપેક્ષાએ (સમ્યગ્દૃષ્ટિ પ્રશમાદિ લિંગવાળો છે.)

વિશેષાર્થ :-

વિંશિકા-૬/૧૬માં પૂર્વપક્ષીએ પ્રશ્ન કર્યો કે, સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી કષાયરૂપ પ્રથમ કષાયનો અનુદય છે, તેથી પ્રશમ-સંવેગાદિ સમ્યક્ત્વનાં લિંગો તેઓને કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. તેના જવાબરૂપે વિંશિકા-૬/૧૬માં જ કહ્યું કે, સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી કષાયના ઉદયનો અભાવ છે, તેની અપેક્ષાએ પ્રશમાદિ લિંગો છે, પરંતુ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થયેલા પ્રશમાદિ લિંગો તેમને નથી.

ઉત્થાન :-

મૂળ શ્લોકમાં જે કહ્યું કે, દર્શનશ્રાવકોને સમ્યક્ત્વ મુખ્ય હોવાથી તપ ગૌણરૂપે હોય છે, ત્યાં સુધીના ભાગનું વર્ણન થયું. હવે મુનિઓને ભગવાનની ભક્તિ પ્રધાન હોય છે, એમ જે તેમાં કહેલ છે તે ભાગનું વર્ણન કરતાં તેના ઉત્થાનરૂપે કહે છે -

ટીકાર્થ :-

પ્રધાનીભૂતાઃ ..... ઘટન્તે, વળી પ્રધાનીભૂત ઉપશમાદિ પણ ચારિત્રીમાં જ ઘટે છે.

'તદાહ' - થી વિંશિકા-૬/૧૭ની સાક્ષી આપતાં કહે છે - તેને કહે છે =પ્રધાનીભૂત ઉપશમાદિ ચારિત્રીમાં જ ઘટે છે તેને કહે છે -

'ણિચ્છય ..... વત્થુ ત્તિ' અથવા સૂત્રમાં કહેવાયેલ નિપુણ આચરણા કરવા રૂપ જ નિશ્ચય સમ્યક્ત્વને આશ્રયીને આ આવા પ્રકારનો નિયોગ =નિર્દેશ, વાચ્ય થાય છે. એ પ્રકારે વિંશિકામાં કહ્યું છે.

✪ પ્રધાનીભૂતાસ્તૂપશમાદયોઽપિ અહીં 'અપિ' થી એ કહેવું છે કે, ગૌણીભૂત એવા આપેક્ષિક ઉપશમાદિ તો અવિરત સમ્યગ્દૃષ્ટિમાં ઘટે છે, પરંતુ પ્રધાનીભૂત એવા ઉપશમાદિ તો ચારિત્રીમાં જ ઘટે છે.

✪ વિંશિકા ગાથા-૬/૧૭ માં વત્થુ ત્તિ પાઠ છે, ત્યાં વિંશિકાની હ. પ્રતિમાં વચ્ચુ ત્તિ પાઠ પણ મળે છે. તેથી અહીં વચ્ચુ ત્તિ પાઠ પ્રમાણે અર્થ કરેલ છે.

વિશેષાર્થ :-

વિંશિકા-૬/૧૭ સાક્ષીનો ભાવ આ પ્રમાણે છે -

શાસ્ત્રમાં કહેવાયેલ નિપુણ આચરણા તે જ મુનિ કરી શકે જે સહેજ પણ પ્રમાદ વગર અપ્રમાદભાવથી સર્વ ક્રિયા કરતો હોય, અને તે જ નિશ્ચય સમ્યક્ત્વ છે. અને તે નિશ્ચય સમ્યક્ત્વ અપ્રમત્ત મુનિને હોય છે, અને તેઓને આશ્રયીને સમ્યક્ત્વનાં પ્રશમાદિ પાંચે લિંગોનો નિયોગ વાચ્ય છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે, નિશ્ચયનયને સંમત એવું સમ્યક્ત્વ જે મુનિમાં છે, તે મુનિમાં જ પ્રશમાદિ પાંચે લિંગો છે, અન્યમાં નહિ, અને તે જ પ્રધાનભૂત ઉપશમ આદિ છે. તેથી અપ્રમત્ત ચારિત્રીમાં જ પ્રધાનભૂત ઉપશમ આદિ ગુણો હોય છે.

ટીકાર્થ :-

એતદ્ ..... **પ્રાપ્નોતિ । આને જ અભિપ્રેત્ય કરીને કહે છે=પૂર્વમાં કહ્યું કે પ્રધાનભૂત ઉપશમ આદિ ચારિત્રીને જ ઘટે છે એને જ અભિપ્રાયરૂપે કરીને મૂળ શ્લોકમાં કહે છે -**

તપસ્વી=પ્રધાન તપોયુક્ત, મુનિમાં=ચારિત્રીમાં, આ ભક્તિ પ્રાધાન્ય=પ્રધાન ભાવને, પામે છે.

વિશેષાર્થ :-

સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધીના ક્ષયોપશમાદિની અપેક્ષાએ પ્રશમાદિ પાંચે લિંગો હોય છે તેથી તે આપેક્ષિક પ્રશમાદિ લિંગો છે, જ્યારે મુનિને તો ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી પેદા થયેલા પ્રશમાદિ પાંચે લિંગો છે. તેથી પ્રશમાદિ લિંગોનાં જે લક્ષણો કહ્યાં, તેવા લક્ષણવાળા પ્રશમાદિ ભાવો અપ્રમત્ત મુનિને હોય છે. તેથી તપસ્વી મુનિને પ્રધાનભૂત ઉપશમાદિ ગુણો હોય છે.

'श्राद्धानां ..... प्रधानभावं प्राप्नोति' સુધીના કથનનો સંક્ષિપ્ત સાર

પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધમાં પ્રથમ કહ્યું કે, દર્શનશ્રાવકોને સમ્યક્ત્વ મુખ્ય હોય છે, ભગવાનની ભક્તિ ગૌણ હોય છે અને ભક્તિ તે તપરૂપ છે. તેમાં સાક્ષીરૂપે વિંશિકાની ગાથા-૬/૧૬ આપેલ છે. ત્યાર પછી મૂળ શ્લોકમાં કહ્યું કે, તપસ્વી એવા મુનિને આ ભગવાનની ભક્તિ પ્રધાન હોય છે, તેમાં સાક્ષીરૂપે વિંશિકાની ગાથા-૬/૧૭ આપેલ છે. અહીં પ્રથમ સમ્યગ્દૃષ્ટિની ભગવાનની ભક્તિ સમ્યક્ત્વનું અંગ કઈ રીતે છે, તે બતાવીને પછી તેમાં સાક્ષીરૂપે વિંશિકા-૬/૧૬ ગાથા આપી અને મુનિને પ્રધાન ઉપશમાદિ હોય છે, તેમાં સાક્ષી રૂપે વિંશિકા-૬/૧૭ ગાથા આપી અને તે જ અભિપ્રાયને સામે રાખીને મૂળ શ્લોકમાં તપસ્વી એવા મુનિને આ ભક્તિ પ્રધાન હોય છે, તેમ સ્થાપન કર્યું.

આ સર્વ કથનથી એ ફલિત થાય છે કે, સમ્યગ્દૃષ્ટિ ભગવાનની ભક્તિ કરે છે ત્યારે પુષ્પાદિ સર્વ ક્રિયાકલાપ બાહ્ય ઉપચારાત્મક ભક્તિ છે, અને ભગવાનની ભક્તિથી સમ્યગ્દૃષ્ટિમાં વર્તતા પ્રશમાદિ ભાવો ધીરે ધીરે ક્ષયોપશમભાવની વૃદ્ધિને પામે છે, તે અંતરંગ પરિણામરૂપ ભક્તિ છે. સમ્યગ્દૃષ્ટિ જેમ જેમ ભગવાનની ભક્તિ કરે છે, તેમ તેમ ભગવાનના ગુણો પ્રત્યેનું આકર્ષણ વધે છે અને તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત દૃઢ અને સ્થિર થતો જાય છે. તેથી સમ્યગ્દૃષ્ટિના પ્રશમાદિ ગુણો સમ્યક્ત્વના અંગરૂપ છે અને એને સામે રાખીને વિંશિકા-૬/૧૬માં કહેલ છે કે, સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધીના અનુદયની=ક્ષયોપશમની, અપેક્ષાએ પ્રશમાદિ ગુણો છે.

ત્યાર પછી મુનિની ભગવાનની ભક્તિ પ્રધાન કઈ રીતે છે, તે બતાવ્યું. તેનો આશય એ છે કે, મુનિ ભગવાનના વચનાનુસાર ક્રિયામાં અપ્રમાદભાવવાળા હોય છે, ત્યારે તેમનામાં નિશ્ચય સમ્યક્ત્વ વર્તતું હોય છે. આવા અપ્રમત્ત મુનિને વિશેષ કોટિના પ્રશમાદિ ભાવો હોય છે, તે જ ભગવાનની ભક્તિ છે. આથી જ અપ્રમત્ત મુનિ જ્યારે ભગવાનના વચનાનુસાર આજ્ઞાનું પાલન કરે છે, તે સર્વ ભગવાનની ભક્તિરૂપ છે, અને તેનાથી તેમનામાં વર્તતો સંજ્વલન કષાયનો ઉદય વિશેષ-વિશેષતર ઉપશમભાવને પામે છે, અને તે જ પ્રશમાદિ ભાવોની અભિવ્યક્તિરૂપ ભગવાનની ભક્તિ, તપસ્વી એવા મુનિમાં પ્રધાનભાવે હોય છે; અને સમ્યગ્દૃષ્ટિમાં ભગવાનની ભક્તિ સમ્યક્ત્વના અંગરૂપ હોય છે. આ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

ટીકા :-

अत्र दृष्टान्तमाह-यथा शैशवे=बाल्ये, धीः=बुद्धिः, लीलाया=प्रधानीभूतायाः क्रीडायाः, अङ्गतया उपसर्जनविधां=गौणभावं, धत्ते । तारुण्ये च=यौवनकाले च, सा=बुद्धिः, व्यवसाय-संभृततया=बलपराक्रमसङ्गीचीनतया, मुख्यतां=मुख्यभावम्, अञ्चति=प्राप्नोति ।।५१।।

ટીકાર્થ :-

अत्र ..... प्राप्नोति ।।५१।। **અહીંયાં=પૂર્વમાં કહ્યું કે, સમ્યગ્દૃષ્ટિને ભક્તિ ગૌણપણા વડે છે અને ચારિત્રીને આ ભક્તિ પ્રધાનભાવરૂપે છે એ કથનમાં, દૃષ્ટાંત કહે છે - જે પ્રમાણે શૈશવમાં=બાલ્યકાળમાં, ધી=બુદ્ધિ, લીલાના=પ્રધાનભૂત એવી ક્રીડાના, અંગપણા વડે ગૌણભાવને ધારણ કરે છે, અને યૌવનકાળમાં તે=બુદ્ધિ વ્યવસાયના સંભૃતપણા વડે=બલ-પરાક્રમ સહિતપણા વડે, મુખ્યતા=મુખ્ય ભાવને, પ્રાપ્ત કરે છે. ।।૫૧।।**

વિશેષાર્થ :-

બાલ્યકાળમાં ક્રીડાના અંગરૂપે બુદ્ધિ ગૌણ હોય છે, તેમ સમ્યગ્દૃષ્ટિની ભગવાનની ભક્તિ સમ્યક્ત્વના અંગરૂપ હોવાથી ગૌણરૂપે છે. આનાથી એ કહેવું છે કે, બાલ્ય અવસ્થામાં બુદ્ધિનો ઉપયોગ માત્ર ક્રીડામાં વર્તતો હોય છે, પરંતુ અર્થોપાર્જનાદિ વ્યવસાયમાં બુદ્ધિનો ઉપયોગ થતો નથી; તેમ સમ્યગ્દૃષ્ટિની ભગવાનની ભક્તિ પણ ગુણોનો પક્ષપાત કરવામાં જ ચરિતાર્થ થતી હોય છે, પરંતુ ચારિત્રમોહનીયનો વિશેષ ક્ષય કરવામાં પ્રવર્તતી નથી.

યૌવનકાળમાં તે જ બુદ્ધિ અર્થોપાર્જનાદિમાં પોતાનું બળ અને પરાક્રમ ફોરવવામાં પ્રવર્તે છે, તેથી બુદ્ધિનું કાર્ય પોતાના ભાવિના હિતની વિચારણા કરવા રૂપ ત્યાં દેખાય છે. તેમ અપ્રમત્ત મુનિની ભગવાનની ભક્તિ પોતાના ક્ષમાદિ ગુણોને વિકસાવવામાં જ મુખ્યરૂપે પ્રવર્તે છે, તેથી પોતાની અંતરંગ ગુણસંપત્તિને પ્રધાન રૂપે તે વિકસાવે છે. **॥૫૧॥**

અવતરણિકા :-

અત્ર સૂત્રનીત્યા હિંસામાશङ्क्योद्वेगमभिनयति परः -

અવતરણિકાર્થ :-

અહીંયાં=દ્રવ્યસ્તવમાં સૂત્રનીતિથી=પ્રશ્નવ્યાકરણરૂપ સૂત્રની નીતિથી, હિંસાની આશંકા કરીને પર=લુંપાક, ઉદ્વેગનું અભિનયન કરે છે=દ્રવ્યસ્તવમાં હિંસા હોવા છતાં દ્રવ્યસ્તવને ધર્મ શબ્દથી કહેવામાં પોતાને જે ઉદ્વેગ થાય છે, તેને બતાવે છે –

શ્લોક :-

अर्थं काममपेक्ष्य धर्ममथवा निघ्नन्ति ये प्राणिनः,
प्रश्नव्याकरणे हि मन्दमतयस्ते दर्शितास्तत्कथम् ।
पुष्पाम्भोदहनादिजीववधतो निष्पाद्यमानां जनैः,
पूजां धर्मतया प्रसह्य वदतां जिह्वा न नः कम्पताम् ।।५२।।

શ્લોકાર્થ :-

અર્થ, કામ અને ધર્મની અપેક્ષા રાખીને જેઓ પ્રાણીઓને હણે છે, તેઓ પ્રશ્નવ્યાકરણમાં નિશ્ચિત મંદમતિવાળા કહેવાયેલા છે. તેથી કરીને પુષ્પ, પાણી અને અગ્નિ આદિ જીવોના વધથી જન વડે નિષ્પાદ્યમાન=કરાતી, એવી પૂજાને હઠથી ધર્મપણા વડે કહેતાં અમારી જીભ કેમ ન કંપે ? ।।૫૨।।

✪ શ્લોકમાં 'अथवा' શબ્દ 'च' કાર અર્થમાં છે અને 'हि' શબ્દ નિશ્ચિત અર્થમાં છે.

ટીકા :-

अर्थमिति :- अर्थं काममथवा धर्ममपेक्ष्य ये प्राणिनो घ्नन्ति ते प्रश्नव्याकरणे हि= निश्चितम्, मन्दमतयो दर्शिताः । तत्=तस्मात्, पुष्पाम्भोदहनादिजीवानां यो वधस्ततो जनैः= लोकैः, अतत्त्वज्ञैरित्यर्थः निष्पाद्यमानां=कार्यमाणां, पूजां प्रसह्य=हठाद्, धर्मत्वेन वदतां नः= अस्माकं जिह्वा कथं न कम्पताम् ? अपि तु कम्पताम्, धर्मिणां जिह्वैव मृषा भाषितुं कम्पत इत्युक्तिः ।।५२।।

ટીકાર્થ :-

अर्थं ..... इत्युक्तिः ।। અર્થ, કામ અને ધર્મની અપેક્ષા રાખીને જેઓ પ્રાણીઓને હણે છે, તેઓ પ્રશ્નવ્યાકરણમાં નિશ્ચિત=નક્કી, મંદમતિવાળા કહેવાયેલા છે. તે કારણથી પુષ્પ, પાણી અને અગ્નિ આદિ જીવોનો જે વધ છે, તેનાથી લોક વડે=અતત્ત્વજ્ઞો વડે, નિષ્પાદ્યમાન=કરાતી, એવી પૂજાને, હઠથી

ધર્મપણા વડે બોલતાં અમારી જીભ કેમ ન કંપે ? પરંતુ કંપે જ; કેમ કે મૃષા બોલવા માટે ધર્મીઓની જીહ્વા જ કંપે છે, એ પ્રકારે ઉક્તિ=વચન, છે. ॥૫૨॥

અવતરણિકા :-

અત્રોત્તરદાતુઃ સ્વસ્ય વૈદ્યતાઽભિનયાભિવ્યક્તયે ભેષજમુપદર્શયતિ,

અવતરણિકાર્થ :-

અહીંયાં=પૂર્વશ્લોક-૫૨ માં પૂર્વપક્ષીએ કહ્યું કે, લોક વડે કરાતી એવી પૂજામાં હઠથી ધર્મને બોલતાં અમારી જીભ કંપે છે એ કથનમાં, ઉત્તર આપનાર એવા ગ્રંથકારશ્રી પોતાની વૈદ્યપણાની અભિનયની અભિવ્યક્તિ માટે ઔષધ બતાવે છે –

શ્લોક :-

भोः पापा ! भवतां भविष्यति जगद्वैद्योक्तिशङ्काभृताम्,
किं मिथ्यात्वमरुत्प्रकोपवशतः सर्वाङ्गकम्पोऽपि न ।
यो धर्माङ्गतया वधः कुसमये दृष्टोऽत्र धर्मार्थिका,
सा हिंसा न तु सत्क्रियास्थितिरिति श्रद्धैव सद्भेषजम् ।।५३।।

શ્લોકાર્થ :-

હે પાપીઓ ! જગદ્વૈદ્યના વચનમાં શંકાને ધારણ કરનારા તમને મિથ્યાત્વરૂપ વાયુના પ્રકોપના વશથી સર્વાંગ કંપ પણ શું નહિ થાય ?

પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધમાં પૂર્વપક્ષી ઉપર ગ્રંથકારે કટાક્ષ કર્યો કે, "પૂજામાં હઠથી ધર્મને બોલતાં અમારી જીભ કંપે છે," એમ તમે જે કહો છો તો તમારા જેવા શંકાધારીને તો આખા અંગમાં કંપ પ્રાપ્ત થાય તો પણ કાંઈ આશ્ચર્ય નથી. હવે પૂર્વપક્ષીના કંપના નિવારણનું ઔષધ શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે -

કુશાસ્ત્રમાં ધર્માંગપણા વડે જે વધ દેખાડાયો છે, તે અહીંઇપરીક્ષકલોકમાં, ધર્માર્થે હિંસા છે, પરંતુ સત્ક્રિયાસ્થિતિ નથી, આ પ્રકારની શ્રદ્ધા જ સત્ ઔષધ છે. ॥૫૩॥

વિશેષાર્થ :-

અહીં 'પાપીઓ' કહ્યું, એનાથી પાપ કરનાર નથી લેવો, પરંતુ પાપનું અન્વેષણ કરનાર એવો કુમતિ લેવો છે=હિંસાદિ પાપ કરનારને ગ્રહણ કરવો નથી, પરંતુ ભગવાનના વચનમાં શંકારૂપ પાપનું અન્વેષણ કરનાર=છિદ્રને જોનાર, કુમતિ અહીં ગ્રહણ કરવાનો છે. અને આવા પાપીને સંબોધીને ગ્રંથકાર કહે છે કે, ભગવાન જગતના વૈદ્ય છે અને તેમનાં વચન શાસ્ત્રો છે, તેમાં તું શંકાને ધારણ કરે છે. તેથી તારા શરીરમાં મિથ્યાત્વરૂપી વાયુના પ્રકોપના વશથી સર્વાંગે કંપ શું નહિ થાય ?

ભગવાનના વચનમાં શંકાને કારણે જે મિથ્યાત્વ વર્તી રહ્યું છે, તેના પ્રકોપના વશથી તત્ત્વમાર્ગમાં ચાલતો આત્મા તત્ત્વમાર્ગમાં પ્રકંપને પામે છે. જે જીવને તત્ત્વમાર્ગના અજ્ઞાનને કારણે મિથ્યાત્વનો ઉદય વર્તે છે, તેની શંકાને ભગવાનના વચનનો બોધ કરાવવાથી દૂર કરી શકાય છે, પરંતુ જે જીવને ભગવાનના વચનમાં જ શંકા વર્તતી હોય, તેનું મિથ્યાત્વ અમે કઈ રીતે દૂર કરી શકીએ ? એમ ગ્રંથકાર કહે છે. જેમ વૈદ્યના વચનમાં શંકાવાળા રોગીને બ્રહ્મા પણ રોગમુક્ત કરી શકે નહિ, તેમ ભગવાનના વચનમાં જે શંકા રાખે છે, તેનો અમે કઈ રીતે પ્રતિકાર કરી શકીએ ? આમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, લુંપાક શાસ્ત્રના વચનમાં શંકિત છે, તેથી પૂજામાં ધર્મને કહેવા માટે તેની જીભ કંપે છે; કેમ કે ભગવાનની પૂજાને ધર્મ કહેવો તે મૃષારૂપ છે, તેમ તે માને છે.

આ રીતે શ્લોકના પૂર્વાર્ધના કથનથી એ ફલિત થાય છે કે, જો પૂર્વપક્ષીને ભગવાનના વચનમાં શંકા હોય તો તેની જીભકંપનના નિવારણનો કોઈ ઉપાય નથી; પરંતુ જો તેને ભગવાનના વચનમાં શંકા ન હોય, પરંતુ પૂજામાં હિંસા દેખાવાના કારણે પૂજાને ધર્મ કહેવો તેને મૃષા ભાસતું હોય, તો તેના નિવારણ માટે શ્લોકના ઉત્તરાર્ધમાં ઔષધને બતાવતાં કહે છે - કુશાસ્ત્રમાં ધર્મના કારણપણા વડે જે પ્રાણીવધ જોવાયો છે, તે પરીક્ષકલોકમાં ધર્માર્થે હિંસા છે, પરંતુ સત્ક્રિયાસ્થિતિ નથી=સત્ક્રિયાની મર્યાદા નથી, એ પ્રકારે શ્રદ્ધા જ સત્ ઔષધ છે.

ટીકા :-

'भोः पापाः' इति :- भोः पापाः ! = पापान्वेषिणः कुमतयः ! भवतां जगद्वैद्यस्य भगवतः उक्तौ शङ्काभृतां मिथ्यात्वरूपो यो मरुद्=वायुः, तस्य प्रकोपवशतः किं सर्वाङ्गकम्पोऽपि न भविष्यति ? तत्र वयं के प्रतिकर्तारः, वैद्यवचनविचिकित्सकस्य रोगिणो ब्रह्मणापि प्रतिकर्तुमशक्यत्वात् । न सुवैद्योक्तिविचिकित्सावन्तो भविष्यामः, उक्तरोगौषधमुपदिश्यतामिति विवक्षायामाह- यो वधः कुसमये=कुशास्त्रे, धर्माङ्गतया=धर्मकारणतया, दृष्टः, अत्र=परीक्षकलोके, सा धर्मार्थिका हिंसा, न तु सत्क्रियास्थितिः अप्रमत्तयोगेन हिंसाया अनभ्युपगमाद् इतीयं श्रद्धैव सत्=समीचीनं, भेषजम्, अन्यथा सद्भूतभावाभिगमनायैकोनपञ्चाशता दिनैः परिखोदकं परिशोध्योदकरत्नं कृतवांस्तथा राज्ञा कारितश्च सुबुद्धिः महाहिंसको मन्दबुद्धिश्च स्यात् ।।

ટીકાર્થ :-

भोः पापाः ..... अशक्यत्वात् । **હે પાપીઓ=પાપનું અન્વેષણ કરનાર હે કુમતિઓ ! જગદ્વૈદ્ય એવા ભગવાનના વચનમાં શંકાને ધારણ કરનાર એવા તમને મિથ્યાત્વરૂપી જે વાયુ તેના પ્રકોપના વશથી શું સર્વાંગ કંપ નહિ થાય ? ત્યાં અમે કોણ પ્રતિકાર કરનારા થઈએ ? કેમ કે વૈદ્યવચનમાં શંકાવાળા રોગીનું બ્રહ્મા વડે પણ પ્રતિકાર કરવા માટે અશક્યપણું છે.**

વિશેષાર્થ :-

લુંપાકના મતને માનનારા પણ કેટલાક સ્વમતમાં બદ્ધાગ્રહવાળા હોય છે. તેઓને જિનપૂજા આદિમાં હિંસાનો આરંભ દેખાય છે, તેથી દ્રવ્યસ્તવને કહેનારાં શાસ્ત્રવચનો તેમને સમ્યગ્ રુચતાં નથી, તેથી તે વચનોને પોતાની માન્યતામાં વિરોધ ન આવે તે રીતે જોડવા તેઓ પ્રયત્ન કરે છે. તેવા જીવો દ્રવ્યસ્તવને કહેનારાં ભગવાનનાં વચનોમાં શંકાશીલ હોય છે અને તે શંકાને કારણે તેમનામાં મિથ્યાત્વરૂપી વાયુનો પ્રકોપ વર્તતો હોય છે, માટે સાચા તત્ત્વને તેઓ ક્યારેય પામી શકતા નથી. જેમ કોઈને વૈદ્યના વચનમાં શંકા હોય તો તેના રોગને બ્રહ્મા પણ મટાડી શકે નહિ, પરંતુ જો તેઓ વૈદ્યના વચનને સ્વીકારે તો જ તેમનો રોગ મટી શકે; તેમ જગતના વૈદ્ય એવા ભગવાનના વચનમાં જો લુંપાકને સંદેહ ન હોય તો શાસ્ત્રવચનો દ્વારા જે તેમને પ્રશ્ન થાય છે કે, હિંસાત્મક પૂજાને ધર્મ કેમ કહેવાય ? તે શંકાનું નિવારણ થઈ શકે.

આમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, જે જીવને ભગવાનના વચનમાં શંકા હોય તેમનો રોગ કોઈ મટાડી શકે નહિ. જો પૂર્વપક્ષીને ભગવાનના વચનમાં શંકા ન હોય તો જે શાસ્ત્રોને તે માને છે, તે શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે ગૃહસ્થને દ્રવ્યસ્તવ કરવાનાં વિધાનો જોવા મળે જ છે. આમ છતાં તે વિધાનોને તે શંકાથી જુએ છે કે ધર્મ માટે હિંસા કરી શકાય નહિ. માટે આ વિધાનો ખરેખર સાચાં છે કે નહિ અથવા તો આનો અર્થ કઈ રીતે કરીએ કે જેથી ધર્મ માટે હિંસા સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ ? એ પ્રકારનું સ્વમતબદ્ધ તેનું માનસ હોવાથી તેનો રોગ મટાડવો અશક્ય છે.

અહીં વિશેષ એ છે કે, પ્રસ્તુતમાં પૂર્વપક્ષી લુંપાક આગમમાં શ્રદ્ધા કરનાર છે, આથી જ આગમના બળથી ભગવાનની પૂજામાં હિંસા સ્થાપવા માટે તે પ્રયત્ન કરે છે. તેથી સામાન્યથી જોતાં ભગવાનના વચનમાં તેને શંકા છે તેમ ભાસે નહિ, પરંતુ ભગવાનનું વચન તેને અજ્ઞાનને કારણે વિપરીતરૂપે ભાસે છે તેમ લાગે. તેથી ભગવાનના વચનમાં શંકાવાળા તેમને કહ્યા છે તેનો ભાવ એ છે કે, વસ્તુતઃ તે ભગવાનના વચનને માને છે, આમ છતાં આગમમાં દ્રૌપદી આદિનાં પૂજાનાં જે વિધાનો છે, તેના જે વાસ્તવિક અર્થો છે, તેમાં તેમને શંકા છે. અને શાસ્ત્રમાં કહેલાં એ વાક્યો ભગવાન પૂજનીય છે એવો ભાવ દેખાડે છે, પરંતુ પૂજામાં તો હિંસા દેખાય છે, તેથી આ વચનો સાચાં છે કે નહિ ? એવી તેમને શંકા છે. તેથી તે વચનોથી પૂજા સિદ્ધ ન થાય તે રીતે જોડવા તેઓ પ્રયત્ન કરે છે. તેમની આવી શંકાનું કારણ તેમને પોતાને જન્મથી મળેલ એવા સંસ્કારો છે કે ભગવાનની પૂજામાં હિંસા છે. અને આથી જ તેની પુષ્ટિ કરવા માટે પ્રશ્નવ્યાકરણ આદિ આગમોના પાઠ લઈને તેઓ યત્ન કરે છે, પરંતુ આ શંકા ભગવાનના વચનમાં હોવાથી નિવર્તન થઈ શકે નહિ. છતાં પણ કોઈ લુંપાક, સ્વમતની વાસનાથી વાસિત હોવાને કારણે જિનપૂજામાં હિંસા છે તે પ્રકારની માન્યતા હોવા છતાં, શાસ્ત્રવચનોને તટસ્થ રીતે જાણવાના યત્નવાળો હોય તો, દ્રૌપદી આદિના પૂજાના કથનને સમ્યગ્ રીતે જાણવા પ્રયત્ન કરે તો, તેવા ભાવરોગીને સદ્ ઉપદેશકરૂપ વૈદ્યથી ચિકિત્સા થઈ શકે. પરંતુ જે લુંપાક પોતાની માન્યતામાં બદ્ધાગ્રહવાળા હોય તો ભગવાનની પૂજાને કહેનારાં વચનોના સાચા અર્થમાં તેમની શંકા અનિવર્તનીય હોય છે, અને તેથી તે ભગવાનમાં જ શંકાવાળા હોવાથી અચિકિત્સ્ય છે.

ઉત્થાન :-

પ્રથમ જેઓ સ્વમતમાં બદ્ધાગ્રહવાળા છે તેમને સામે રાખીને કથન કર્યું કે, તેઓનો રોગ કોઈ મટાડી શકે નહિ. તેમ હવે જેમને ભગવાનના વચનમાં શંકા નથી, પરંતુ પ્રશ્નવ્યાકરણના બળથી તેઓને ધર્માર્થે હિંસા પાપરૂપ દેખાય છે, તેથી જ દ્રવ્યસ્તવને ધર્મરૂપે સ્વીકારતા નથી, તેઓને સામે રાખીને કહે છે -

ટીકાર્થ :-

न सुवैद्य ..... विवक्षायामाह - સુવૈદ્યના વચનમાં વિચિકિત્સાવાળા=શંકાવાળા, અમે નથી. ઉક્ત રોગનું=પૂજામાં હઠથી ધર્મને કહેતાં અમારી જીભ કંપે છે, એ રૂપ ઉક્ત રોગનું, ઔષધ કહો, એ પ્રકારની વિવક્ષામાં શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે -

'यो वधः ..... भेषजम्,' કુશાસ્ત્રમાં ધર્માંગપણા વડે=ધર્મના કારણપણા વડે, જે વધ જોવાયો છે, તે અહીંયાં=પરીક્ષકલોકમાં, ધર્માર્થે હિંસા છે, પરંતુ સત્ક્રિયાસ્થિતિ નથી; કેમ કે અપ્રમત્તયોગ વડે હિંસાનો અનભ્યુપગમ=અસ્વીકાર છે, એ પ્રકારની આ શ્રદ્ધા જ સમીચીન=સત્, ઔષધ છે.

વિશેષાર્થ :-

કુશાસ્ત્રોમાં ધર્મના કારણરૂપે જે યજ્ઞાદિમાં હિંસા જોવાય છે, તે ધર્માર્થે હિંસા છે, અને તેને જ આશ્રયીને પ્રશ્નવ્યાકરણમાં કહ્યું છે કે, ધર્મની અપેક્ષા રાખીને જે પ્રાણીઓની હિંસા કરે છે, તેઓ મંદબુદ્ધિવાળા છે. ગુણસંપન્ન એવા ભગવાનની ભક્તિ માટે પૂજારૂપ સત્ક્રિયાને ધર્માર્થ હિંસા કહેલ નથી; કેમ કે ગુણવાન એવા ભગવાનના ગુણોને અવલંબીને તેમના પ્રત્યે થયેલો જે પૂજ્યભાવ, તેની વૃદ્ધિ માટે અપ્રમત્તયોગથી કરાતી જે ભગવાનની પૂજા, તેમાં હિંસાનો અસ્વીકાર છે.

ગુણવૃદ્ધિ માટેનો જે અપ્રમત્તભાવ છે, તેને પુષ્ટ કરવા માટે પુષ્પાદિ ક્રિયા આલંબનરૂપ છે, તેથી ત્યાં હિંસાનો સ્વીકાર નથી; જેમ સંયમવૃદ્ધિ માટેના અપ્રમત્તભાવમાં ઉપકારક એવી નદી ઊતરવાની ક્રિયામાં મુનિને હિંસાનો અસ્વીકાર છે. આ પ્રકારની જો સમ્યગ્ શ્રદ્ધા હોય તો ભગવાનની પુષ્પપૂજામાં લુંપાકને ધર્મ દેખાશે, અને તેથી ભગવાનની પૂજાને ધર્મરૂપે કહેતાં તેમની જીભ કંપન પામશે નહિ. તેથી જીભકંપનના નિવારણનો ઉપાય આ સમ્યગ્ શ્રદ્ધા જ છે.

ઉત્થાન :-

ઉપરમાં કહ્યું , યજ્ઞાદિમાં ધર્માર્થક હિંસા છે પરંતુ સત્ક્રિયાસ્થિતિ નથી, આ પ્રકારની આ શ્રદ્ધા જ સત્ ઔષધ છે, તેને પુષ્ટ કરતાં કહે છે –

ટીકાર્થ :-

अन्यथा ..... स्यात् ।।અન્યથા=અપ્રમત્તયોગથી હિંસાનો અસ્વીકાર હોવાને કારણે સત્ક્રિયાની સ્થિતિ ધર્માર્થક હિંસા નથી, એમ ન માનો તો, સદ્ભૂત ભાવના અભિગમને માટે ૪૯ દિવસો વડે

પરિખાના=ખાઈના ઉદકનું=જળનું, પરિશોધન કરીને ઉદકરત્ન કર્યું તથા રાજા વડે કરાવાયું, એવો સુબુદ્ધિ મંત્રી મહાહિંસક અને મંદબુદ્ધિ થાય.

વિશેષાર્થ :-

રાજાને ભગવાનના વચનના અનુસારે સદ્‌ભૂત ભાવનો બોધ કરાવવા માટે, પરિખાના=ખાઈના, ગંદા પાણીની વિશોધનક્રિયા સુબુદ્ધિ મંત્રીએ કરી, તેમાં ઘણી હિંસા થઈ, અને રાજાને વિશ્વાસ પેદા કરાવવા માટે રાજા દ્વારા ફરી તે પ્રક્રિયા કરાવી ત્યારે ફરીથી હિંસા થઈ; છતાં સુબુદ્ધિ મંત્રીએ ધર્મ પમાડવા માટે યત્ન કરેલ હોવાથી ત્યાં હિંસાનો અસ્વીકાર હોવાથી ખાઈના પાણીની શોધનક્રિયા સત્ક્રિયા હતી, માટે ત્યાં ધર્માર્થક હિંસા નથી. પરંતુ જો ભગવાનની પૂજામાં હિંસા માનવામાં આવે તો સુબુદ્ધિ મંત્રીને પણ મહાહિંસક કહેવા પડે. અને પ્રશ્નવ્યાકરણના કથન પ્રમાણે જો પૂજામાં ધર્માર્થક હિંસા ગ્રહણ કરવામાં આવે અને પૂજા કરનારને મંદ બુદ્ધિવાળા કહેવામાં આવે તો સુબુદ્ધિ મંત્રીને પણ મંદબુદ્ધિવાળા કહેવા પડે.

ટીકા :-

तथा च सूत्रम् -

तए णं सुबुद्धिस्स इमेयारूवे अज्झत्थिए जाव मणोसंकप्पे समुप्पज्जित्था-अहो णं जितसत्तु संते, तच्चे, तहिए,अवितहे, सब्भूते जिणपण्णते भावे णो उवलभति, तं सेयं खलु मम जितसत्तुस्स रण्णो संताणं तच्चाणं, तहियाणं अवितहाणं, सब्भूताणं जिणपण्णत्ताणं भावाणं अभिगमणट्ठयाए एयमट्ठं उवाइणावेत्तए । एवं संपेहेति २ पच्चइएहि पुरुसेहिं सद्धिं अंतरावणाओ नवए घडए पडए य पगेण्हति २ संझाकालसमयंसि पविरलमणुस्संसि णिसंतपडिनिसंतंसि जेणेव फरिहोदए तेणेव उवागच्छइ २ तं फरिहोदगं गेण्हावेति २ णवएसु घडएसु गालावेति २ णवएसु घडएसु पक्खिवावेति २ लंछियमुद्दित्ते करावेति२ सत्तरत्तं परिवसावेति २ दोच्चंपि नवएसु घडएसु गालावेति २ नवएसु घडएसु पक्खिवावेति २, सज्जक्खारं पक्खिवावेइ, लंछिय मुद्दिते कारवेति २ सत्तरत्तं परिवसावेति २, तच्चंपि णवएसु घडएसु जाव संवसावेति । एवं खलु एएणं उवाएणं अंतरा गलावेमाणे अंतरा पक्खिवावेमाणे अंतरा य विपरिवसावेमाणे २ सत्त २ रातिंदिया विपरिवसावेति । तते णं से फरिहोदए सत्तम सत्तयंसि परिणममाणंसि उदगरयणे जाए यावि होत्था ।। 'अभिगमणट्ठयाए'त्ति अवगमलक्षणार्थायेत्यर्थः । 'एयमट्ठं'ति एवं पुद्‌गलानामपरापरपरिणामलक्षणमर्थं । 'उवायणावित्तए'त्ति उपादापयितुं, ग्राहयितुमित्यर्थः । 'अंतरावणाओ'त्ति परिखोदकमार्गान्तरालवर्त्तिनो हट्टात् कुम्भकारसम्बन्धिन इत्यर्थः । 'सज्जखार'त्ति सद्यो भस्म । **(ज्ञाताधर्मकथा अ. १२ सू. ९२)**

ટીકાર્થ :-

तथा च सूत्रम् - અને તે રીતે સૂત્ર છે –

तए णं ..... होत्था ।। ત્યાર પછી અર્થાત્ જિતશત્રુ રાજાની સાથે વાર્તાલાપ થયા પછી સુબુદ્ધિ નામના

મંત્રીને આવા રૂપે અર્થાત્ વક્ષ્યમાણરૂપે, આ અધ્યવસાય યાવત્ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. અહો ! જિતશત્રુ રાજા સત્=વિદ્યમાન, તત્ત્વ=વાસ્તવિક, તથ્ય=સત્ય, અવિતથ=અમિથ્યા અને સદ્‌ભૂત=વિદ્યમાન સ્વરૂપવાળા જિનપ્રજ્ઞપ્ત ભાવોને જાણી શકતા નથી. તે કારણથી જિતશત્રુ રાજાને સત્‌રૂપ, તત્ત્વરૂપ, તથ્યરૂપ, અવિતથરૂપ અને સદ્‌ભૂત એવા જિનપ્રજ્ઞપ્ત ભાવોના અભિગમ=બોધ માટે, આ અર્થને અર્થાત્ પુદ્‌ગલોના અપર અપર પરિણમનરૂપ આ અર્થને, ગ્રહણ કરાવવા માટે=અંગીકાર કરાવવા માટે મારે શ્રેયકારી છે.

આ પ્રમાણે (તે સુબુદ્ધિ મંત્રી) વિચારે છે, અને વિચારીને વિશ્વાસુ પુરુષની સાથે ખાઈના માર્ગની વચમાં રહેલી કુંભારની દુકાનથી નવા ઘડા અને વસ્ત્ર મંગાવે છે, અને ઘડા લઈને જ્યાં કોઈ વિરલ મનુષ્યની અવરજવર હોય અને જ્યારે લોકો પોતપોતાના ઘરમાં વિશ્રામ લેવા ગયા હોય એવા સંધ્યાકાળના સમયે, જ્યાં ખાઈનું પાણી છે ત્યાં સમીપમાં જાય છે, અને સમીપમાં જઈને તે ખાઈના પાણીને ગ્રહણ કરાવે છે, અને ગ્રહણ કરાવીને નવા ઘડામાં ગળાવે છે. ગળાવીને નવા ઘડામાં પ્રક્ષેપ કરાવે છે, અને પ્રક્ષેપ કરાવીને લાંછિત-મુદ્રિત કરાવે છે; અર્થાત્ ઘડાનું મુખ બાંધીને તેના ઉપર નિશાન લગાવીને મહોર લગાવે છે, અને લાંછિત-મુદ્રિત કરાવીને સાત દિવસ-રાત સુધી સ્થાપન કરાવે છે. અને સ્થાપન કરાવીને ત્રીજી વાર પણ નૂતન ઘડામાં યાવત્ સ્થાપન કરાવે છે. (ત્યાં સુધી દરેક કાર્ય કરે છે.)

આ પ્રમાણે આ ઉપાયથી અર્થાત્ આ ક્રમથી જ વચ્ચે વચ્ચે ગળાવીને, વચ્ચે વચ્ચે પ્રક્ષેપ કરાવીને, વચ્ચે વચ્ચે સ્થાપન કરાવી કરાવીને સાત-સાત રાત્રિ-દિવસ સુધી રખાવે છે. ત્યાર પછી તે ખાઈનું પાણી સાતમી વારના સાતમા દિવસે (સાત સપ્તાહમાં=૪૯ દિવસે) પરિણામ પામે છતે ઉદકરત્ન (ઉત્તમ જળરૂપે) થયું.

વિશેષાર્થ :-

ત્યારે સુબુદ્ધિ મંત્રીને આવા પ્રકારનો અધ્યવસાય થયો કે, અહો ! જિતશત્રુ રાજા સત્, તત્ત્વ, તથ્ય, અવિતથ અને સદ્‌ભૂત એવા જિનપ્રજ્ઞપ્ત ભાવોને જાણતા નથી. તે આ રીતે -

(૧) સત્‌ને તેઓ જાણતા નથી. તેનો ભાવ એ છે કે - સત્=વિદ્યમાન, જિનપ્રજ્ઞપ્ત ભાવો જે રીતે વિદ્યમાન છે, તે રીતે તેઓ જાણતા નથી. પોતાની ઈન્દ્રિયોને જે સ્વરૂપે ખાઈનું પાણી દેખાય છે, તે સ્વરૂપે જુએ છે, પરંતુ શ્રુત જે સ્વરૂપે પુદ્‌ગલના વિદ્યમાન પરિણામને કહે છે, તે રૂપ તેઓ જાણતા નથી. જિતશત્રુ રાજા ઘાણેન્દ્રિયથી ગંધાતું અને ચક્ષુરિન્દ્રિયથી અત્યંત કાદવવાળું તે અરમ્ય જળ જુએ છે, પરંતુ તે જ જળ સુંદરરૂપે પણ પરિણામ પામવાની શક્તિવાળું છે, તે રૂપ વિદ્યમાન ભાવને તેઓ જાણતા નથી.

(૨) જિનપ્રજ્ઞપ્ત ભાવોના તત્ત્વને તેઓ જાણતા નથી, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, જીવને માટે સુંદર કે અસુંદર બંને પરિણામ સમાન છે; કેમ કે જ્ઞાનના વિષયભૂત ભાવો સુંદર હોય કે અસુંદર હોય, તેનાથી જીવને કાંઈ પ્રાપ્ત થતું નથી. પરંતુ સુંદર કે અસુંદર ભાવથી નિરપેક્ષ એવો જે જીવનો જ્ઞાન પરિણામ છે, તે જ જીવને માટે તત્ત્વરૂપ છે, તેને જિતશત્રુ રાજા જાણતા નથી.

(૩) જિનપ્રજ્ઞપ્ત ભાવોના તથ્યને તેઓ જાણતા નથી, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, નિશ્ચય અને વ્યવહાર ઉભય દૃષ્ટિથી પદાર્થને જોવો તે તથ્ય છે. તેને તેઓ જાણતા નથી, તે આ રીતે -

પ્રસ્તુતમાં ખાઈનું પાણી અશુદ્ધ છે, તેમ વ્યવહારનય માને છે, અને તે ઈન્દ્રિયોને ઉપઘાતક છે. પરંતુ ઉપઘાતક દ્રવ્ય પ્રત્યે દ્વેષાદિ ભાવો કરવામાં આવે તો આત્માનું અહિત કરે છે, તેથી અશુભ પરિણામવાળા પુદ્ગલને આશ્રયીને અશુભ ભાવો ન કરવા તે વ્યવહારનો ઉપદેશ છે.

જ્યારે નિશ્ચયનો ઉપદેશ એ છે કે, અશુભ પરિણામવાળા પુદ્ગલોમાં વર્તતો અશુભભાવ છે, તેની સાથે ઈન્દ્રિયનો સંનિકર્ષમાત્ર થવાથી તે અશુભ ભાવ આત્માને પ્રાપ્ત થતો નથી, પરંતુ આત્મા મિથ્યાભિમાન કરે છે કે, તે પુદ્ગલો મને પ્રાપ્ત થયા, તેથી તેના પ્રત્યે દ્વેષ કરે છે. વસ્તુતઃ પુદ્ગલોનો ભાવ પુદ્ગલોમાં વર્તે છે અને આત્માનો પરિણામ આત્મામાં વર્તે છે, તેથી તે પુદ્ગલોના પરિણામ સાથે પોતાને કોઈ સંબંધ નથી, ફક્ત જ્ઞાતૃભાવરૂપે વર્તતો આત્મા જ્ઞેય પરિણામરૂપે પુદ્ગલોના ભાવોનું પરિચ્છેદન માત્ર કરે છે. આ રીતે ઉભયનય દૃષ્ટિથી વર્તતા તથ્યભાવોને ભગવાને કહેલ છે તે રીતે જિતશત્રુ રાજા જાણતા નથી.

(૪) અવિતથ એવા જિનપ્રજ્ઞપ્ત ભાવોને તેઓ જાણતા નથી, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, વ્યવહારનયથી કે નિશ્ચયનયથી પરસ્પર સાપેક્ષ રીતે પદાર્થને ભગવાન તે જ રીતે બતાવે છે કે, બંને નયોને સ્વસ્થાને યોજીને બંને નયોથી જીવ પોતાનું હિત કરી શકે, આ અવિતથ જિનપ્રજ્ઞપ્ત ભાવ છે. પરંતુ તે બંને નયોની દૃષ્ટિને અસ્થાને યોજન કરે તો હિતનો વ્યાઘાત થાય છે.

જેમ પરપદાર્થને પરપદાર્થ સાથે કોઈ સંબંધ નથી, તેમ નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને ગુણસંપન્ન એવા ગુરુ આદિથી પણ પોતાને કોઈ ઉપકાર નથી, એમ માનીને, ગુરુ આદિના વિનયાદિ ન કરે તો પોતાનું જ અહિત થાય. તેથી તે સ્થાને વ્યવહારનયનું અવલંબન લઈને ગુરુ આદિના વિનયાદિ કરવા તે જ ઉચિત બને છે.

ઈન્દ્રિયોના વિષયભૂત ભાવોનો જ્યારે ઈન્દ્રિય સાથે સહજ સંપર્ક થાય, ત્યારે નિશ્ચયનયનું અવલંબન લઈને તે ભાવોરૂપે પરિણમન પામતા આત્માને અટકાવવાનો યત્ન કરવો, તે નિશ્ચયનું સ્થાન છે; અને ઈન્દ્રિયોને પોતાને અનુકૂળ વિષયોથી દૂર રાખવાનો યત્ન કરવો, તે વ્યવહારનયનો વિષય છે. આ રીતે ઉભયનયોને યોજે તે અવિતથ જિનપ્રજ્ઞપ્ત ભાવ છે, અને આ અવિતથ જિનપ્રજ્ઞપ્ત ભાવને જિતશત્રુ રાજા જાણતા નથી.

(૫) સદ્ભૂત એવા જિનપ્રજ્ઞપ્ત ભાવોને જિતશત્રુ રાજા જાણતા નથી, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, - દરેક પદાર્થનો જે મૂળ સ્વભાવ છે, તે સદ્ભૂત ભાવોને બતાવનાર છે. જેમ કે, ચેતનદ્રવ્યનો જ્ઞાનપરિણામ, પુદ્ગલદ્રવ્યનો પૂરણ-ગલન સ્વભાવ, ધર્માસ્તિકાયનો ગતિસહાયકસ્વભાવ, અધર્માસ્તિકાયનો સ્થિતિસહાયકસ્વભાવ ઈત્યાદિ સ્વભાવની યથાર્થતા જાણતો હોય તો, પ્રસ્તુત ખાઈવર્તી જલ પુદ્ગલસ્વરૂપ છે, તેમાં પૂરણ-ગલન સ્વભાવ છે; જ્યારે મારો સ્વભાવ ચૈતન્યસ્વરૂપ છે, તેથી અન્ય પદાર્થના સ્વભાવની સાથે મને કોઈ નિસ્બત નથી, પરંતુ ત્રિકાળવર્તી ચૈતન્ય એક સ્વભાવવાળો હું છું, અને તે જ મારા માટે પરમાર્થ રૂપ છે. આ પરમાર્થને જે જાણે છે તે સદ્ભૂત જિનપ્રજ્ઞપ્ત ભાવને જુએ છે - જાણે છે. જ્યારે જિતશત્રુ રાજા આ રીતે સદ્ભૂત જિનપ્રજ્ઞપ્ત ભાવોને જાણતા નથી.

આ રીતે જિતશત્રુ રાજા સત્, તત્ત્વ, તથ્ય, અવિતથ અને સદ્‌ભૂત એવા જિનપ્રજ્ઞપ્ત ભાવોને જાણતા નથી. આ પ્રમાણે સુબુદ્ધિ મંત્રીને અધ્યવસાય થયો.

ટીકા :-

अत्र हि जितशत्रोश्चेतसि तत्त्वज्ञानपरिणमनाय इयानारम्भः सुबुद्धिना कृतः स चाध्यवसायानुरोधादेव चेन्न हिंसा? प्रकृतेऽपि किमपराद्धम्? हिंसा चेत्? अभिगमस्य धर्मत्वाद् धर्मार्था एव साऽऽयाता इति कस्त्वदन्य एवं वक्तुं प्रगल्भते? किं बहुना? एवं हि तव धर्मोपदेशाय पुस्तकपत्रादि वाचयतो धर्मार्था हिंसैव प्रसज्यते वेषधारिणः, तदा वायुकायादिविराधनाया अवर्जनीयत्वादकरणपरिहारस्य च त्वदुक्तरीत्यैव सम्भवात् ।

ટીકાર્થ :-

अत्र ..... अपराद्धम् । **જિતશત્રુ રાજાના ચિત્તમાં તત્ત્વજ્ઞાનના પરિણમન માટે, અહીંયાં=પરિખાના= ખાઈના ઉદક વિષયમાં, આટલો આરંભ સુબુદ્ધિ મંત્રી વડે કરાયો, અને તે=આરંભ, અધ્યવસાયના અનુરોધથી જ જો હિંસા નથી એમ તું કહે છે તો પ્રકૃતમાં પણ શું અપરાધ છે?=દ્રવ્યસ્તવમાં પણ શું અપરાધ છે ? કે જેથી ભગવાનની ભક્તિનો અધ્યવસાય હોવાને કારણે હિંસા નથી, એમ તું સ્વીકારતો નથી.**

'હિંસા चेत्' તેના જવાબરૂપે પૂર્વપક્ષી કહે કે, હિંસા છે, તેથી જ હું દ્રવ્યસ્તવને ધર્મરૂપે માનતો નથી=દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવની વિરાધના છે તે રૂપ અપરાધ છે તેથી દ્રવ્યસ્તવને હું ધર્મરૂપે માનતો નથી.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

'अभिगमस्य ..... प्रगल्भते ?' અભિગમનું ધર્મપણું હોવાથી ધર્માર્થ જ તે=હિંસા, પ્રાપ્ત થઈ, એથી કરીને તારાથી અન્ય કોણ આ પ્રમાણે કહેવા માટે સમર્થ થાય ?

વિશેષાર્થ :-

જિતશત્રુ રાજાને તત્ત્વજ્ઞાનના પરિણમન માટે સુબુદ્ધિ મંત્રીએ જે અભિગમ કર્યો, તેમાં જે આટલો આરંભ કર્યો ત્યાં અભિગમનું ધર્મપણું હોવાથી આરંભરૂપ સર્વ હિંસા ધર્માર્થ જ પ્રાપ્ત થઈ. એથી કરીને પૂર્વપક્ષી લુંપાકથી અન્ય કોણ આ પ્રમાણે કહેવા માટે પ્રયત્ન કરે ? અર્થાત્ લુંપાક જ આ રીતે કહી શકે કે સુબુદ્ધિ મંત્રીએ ધર્માર્થ હિંસા કરી હોવા છતાં તે મંદબુદ્ધિ નથી, અને ભગવાનની પૂજા માટે જેઓ પુષ્પાદિનો આરંભ કરે છે, તે મંદબુદ્ધિ છે. આમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, તારા જેવો અવિચારક જ આવું અસંબદ્ધ કહી શકે. વિચારકને તો સુબુદ્ધિનું કૃત્ય શુભ અધ્યવસાયની પુષ્ટિને અનુકૂળ એવી આચરણારૂપ હોવાથી ધર્મરૂપ જ ભાસે છે, તેમ દ્રવ્યસ્તવ પણ ભગવાન પ્રત્યેના બહુમાનની વૃદ્ધિને અનુકૂળ એવી

આચરણારૂપ હોવાથી ધર્મરૂપ જ ભાસે છે. એથી જો પૂર્વપક્ષી, સુબુદ્ધિ મંત્રીના સારા અધ્યવસાયને કારણે તેણે કરેલા આરંભમાં હિંસા નથી તેમ કહેતો હોય, તો ભગવાનની પૂજામાં થતા આરંભમાં પણ શુભ અધ્યવસાય છે, તેથી હિંસા નથી, એમ માનવું જોઈએ.

પૂર્વપક્ષીનું કહેવું એ છે કે, સુબુદ્ધિ મંત્રીએ જિતશત્રુ રાજાને તત્ત્વના પરિજ્ઞાન માટે જે આટલો આરંભ કર્યો, ત્યાં રાજાને તત્ત્વજ્ઞાન પમાડવાનો આશય હોવાથી ત્યાં હિંસા નથી. જ્યારે દ્રવ્યસ્તવમાં કોઈ અન્ય જીવોને તત્ત્વજ્ઞાન પમાડવા રૂપ આશય નથી, પરંતુ ધર્મબુદ્ધિથી જ ત્યાં હિંસા કરાય છે, તેથી તે ધર્માર્થ હિંસા છે, માટે તે કરનારા મંદ બુદ્ધિવાળા છે; કેમ કે શાસ્ત્રમાં ધર્માર્થ હિંસાનો નિષેધ છે.

તેના જવાબ રૂપે ગ્રંથકાર કહે છે કે, સુબુદ્ધિ મંત્રીને રાજાને તત્ત્વજ્ઞાન કરાવવું એ ધર્મરૂપ છે. તેથી સુબુદ્ધિ મંત્રીએ કરેલો આરંભ પણ ધર્માર્થ હિંસારૂપ છે, માટે તે બેમાં કોઈ ભેદ નથી. આમ છતાં જિનપૂજા માટે દ્વેષી એવો માત્ર તું જ સુબુદ્ધિ મંત્રીના આરંભને ધર્મરૂપે અને જિનપૂજાના આરંભને હિંસારૂપે કહી શકે, અન્ય નહિ.

વસ્તુતઃ સુબુદ્ધિ મંત્રીના આરંભમાં જેમ રાજાને તત્ત્વજ્ઞાન કરાવવાનો અધ્યવસાય છે, તેમ જિનપૂજામાં ભગવાનની ભક્તિ કરીને વીતરાગ ભાવથી ચિત્તને ઉપરંજિત કરવાનો અધ્યવસાય છે. તેથી બંને સ્થાનમાં શુભ અધ્યવસાય જ છે. તેથી જ તે હિંસા આનુષંગિક છે, મુખ્ય તો તે ધર્મરૂપ પ્રવૃત્તિ જ છે.

ટીકાર્થ :-

किं बहुना ..... अवर्जनीयत्वात्, વધારે શું કહેવું ? આ પ્રમાણે તને ધર્મોપદેશ માટે પુસ્તક-પત્રાદિ વાંચતા એવા સાધુવેશને ધારણ કરનારને ધર્માર્થ હિંસા જ પ્રાપ્ત થશે, કેમ કે ત્યારે વાયુકાયાદિની વિરાધનાનું અવર્જનીયપણું છે.

વિશેષાર્થ :-

સાધુઓ ધર્મોપદેશ માટે પુસ્તક-પત્રાદિ વાંચે છે, ત્યારે વાયુકાયની વિરાધના અવર્જનીય છે, તેથી તે ધર્માર્થ હિંસા છે. તેથી તે હિંસા કરનારને મંદબુદ્ધિવાળા કહેવાની આપત્તિ તને પ્રાપ્ત થશે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, પુસ્તક-પત્રાદિ વાંચનમાં વિરાધનાનો પરિહાર કરવો અશક્ય છે, જ્યારે જિનપૂજા ન કરીએ તો હિંસાનો પરિહાર શક્ય છે. તેથી પુસ્તક-પત્રાદિ વાંચનમાં હિંસા હોવા છતાં અશક્ય પરિહાર હોવાથી ધર્માર્થ હિંસા નથી, અને પૂજામાં પરિહાર શક્ય હોવા છતાં હિંસા કરવામાં આવે છે, તેથી પૂજા ધર્માર્થ હિંસા છે. માટે બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

अकरणपरिहारस्य ..... सम्भवात् । અકરણ દ્વારા પરિહારનો તારી, કહેવાયેલી રીતિથી જ સંભવ છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષી કહે છે કે, પુસ્તક-પત્રાદિ વાંચતાં જેમ હિંસાનો પરિહાર અશક્ય છે, જ્યારે દ્રવ્યસ્તવમાં પુષ્પાદિથી પૂજા ન કરો તો હિંસાનો પરિહાર શક્ય છે, એ પ્રકારની પૂર્વપક્ષીની કહેવાયેલી રીતિથી જ પુસ્તકપત્રાદિના વાચનમાં અકરણ દ્વારા હિંસાના પરિહારનો સંભવ છે=ધર્મોપદેશ માટે પુસ્તકપત્રાદિના વાંચનમાં અકરણ દ્વારા હિંસાના પરિહારનો સંભવ છે અર્થાત્ હિંસા થાય છે માટે પુસ્તકપત્રાદિનું વાંચન ન કરવામાં આવે તો હિંસાનો પરિહાર થઈ શકે.

ટીકા :-

एतेन एवमादि - 'सत्ते सत्तपरिवज्जिया उवहणंति, दढमूढदारुणमई कोहमाणमायालोभहस्सरतीसोयवेदत्थ-जीयधम्मत्थकामहेउं सवसा, अवसा, अट्ठा, अणट्ठा य तसपाणे थावरे य हिंसंति । मंदबुद्धी सवसा हणंति, अवसा हणंति, सवसा अवसा दुहओ हणंति, अट्ठा हणंति, अणट्ठा हणंति, अट्ठा अणट्ठा दुहओ हणंति, हस्सा हणंति, वेरा हणंति, रतिए हणंति, हस्सा वेरा रतिए हणंति । कुद्धा हणंति, मुद्धा हणंति, लुद्धा हणंति, कुद्धा मुद्धा लुद्धा हणंति । अत्था हणंति, धम्मा हणंति, कामा हणंति, अत्था धम्मा कामा हणंति' **इति प्रश्नसूत्रमपि व्याख्यातम्, क्रोधादिकारणैर्हन्तॄणां स्ववशाद्यर्थैः प्रपञ्चितानां मन्दबुद्धितयोक्तत्वेऽपि स्वाम्यधिकारे -** 'कयरे ते जे सोयअरिआ मच्छबंधा, साउणिया, वाहा, कुरकम्मा' इत्याद्युपक्रम्य 'सण्णी य असण्णिणो पज्जत्ते अपज्जत्ते य असुभलेस्सापरिणामा एते अन्ने य एवमादी करेति पाणाइवायकरणं' **(प्रश्न व्या. अ. १ सू. ३) इत्यतिदेशाभिधानेनाशुभलेश्यानामेव प्राणातिपातकर्तृत्वोपदेशाद् भक्तिरागोपबृंहित-सम्यग्दर्शनोल्लासेन प्रशस्तलेश्याकानां देवपूजाकर्तॄणां हिंसालेशस्याप्यनुपदेशात् । कथं च शृङ्गग्राहिकयाऽतिदेशेन चैतेषां हिंसकत्वानुक्तावपि तथाप्रलापकारिणां नानन्तसंसारित्वम् ? शासनोच्छेदकारिणीमनन्तानुबन्धिनीमायां विनेदृशप्रलापस्यासंभवात् । तदुक्तम् -** "जइ वि य णिगिणे" (सूत्रकृ. अ. २ उ. १ गा.९) । इत्यादि ।

ટીકાર્થ :-

આનાથી અર્થાત્ પૂર્વમાં કહ્યું કે, અપ્રમત્તયોગથી હિંસાનો અનભ્યુપગમ હોવાને કારણે સક્રિયાની સ્થિતિ ધર્માર્થિકા હિંસા નથી, અને તેની જ પુષ્ટિ સુબુદ્ધિ મંત્રીના દૃષ્ટાંતથી કરી, આનાથી એવમાદિ પ્રશ્નસૂત્ર પણ વ્યાખ્યાન કરાયું.

✪ एतेन एवमादि सत्ते सत्तपरिवज्जिया ..... हणंति इति प्रश्नसूत्रमपि व्याख्यातम् । એ પ્રમાણે અન્વય છે અને તેમાં 'क्रोधादिकारणैर्हन्तॄणां ..... हिंसालेशस्याप्यनुपदेशात् સુધીનું કથન હેતુ તરીકે છે.

✪ 'एवमादि' અહીં एवम्=આવા પ્રકારનું વક્ષ્યમાણ છે આદિમાં જેને એવું પ્રશ્નસૂત્ર અને તે एवम् થી ઉલ્લેખ્યમાન એવું પ્રશ્નસૂત્ર બતાવે છે. 'एवमादि' માં 'आदि' પદથી તત્સદૃશ અન્ય પણ સૂત્રો ગ્રહણ કરવાં.

✪ 'प्रश्नसूत्रमपि व्याख्यातम्' અહીં 'अपि' થી એ કહેવું છે કે શ્લોક-૫૨ માં પૂર્વપક્ષીએ કહેલ કે પ્રશ્નવ્યાકરણના કથન પ્રમાણે ધર્મ માટે જે હિંસા કરે છે, તે મંદમતિવાળા છે, તે કારણથી દ્રવ્યસ્તવમાં ધર્મ કહેવામાં અમારી જીભ કંપે છે. એ કથનમાં દ્રવ્યસ્તવ ધર્મરૂપ છે, તે વચન તેને મૃષારૂપે ભાસે છે, તેનું સમાધાન કરાયું; પરંતુ પ્રશ્નસૂત્રનું પણ વ્યાખ્યાન કરાયું.

તે સૂત્રનો અર્થ આ પ્રમાણે –

ટીકાર્થ :-

सत्ते सत्तपरिवज्जिया ..... पाणाइवायकरणं સત્ત્વથી પરિવર્જિત જીવો સત્ત્વને હણે છે, તે કેવા છે ? તે બતાવે છે - दृढमूढ=અતિશય વિવેકથી રહિત અને दारुणमति=ક્રૂર આશયવાળા, એવા જીવો ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી, રતિથી, શોકથી, वेदार्थ (વેદમાં કહેલા અર્થ માટે અર્થાત્ વેદોક્ત ધર્મક્રિયા માટે) જીવનને માટે, કુલજાત્યાદિલક્ષણ ધર્મને માટે, અર્થ=ધનને માટે, કામ=શબ્દાદિ પાંચે ઈંદ્રિયોના વિષયને માટે, સ્વવશ થયા છતા કે પરાધીન થયા છતા અર્થને માટે, અનર્થને માટે ત્રસ પ્રાણોને અર્થાત્ બેઈન્દ્રિયાદિ જીવોને અને સ્થાવરોને અર્થાત્ પૃથ્વીકાયાદિને હણે છે.

મંદબુદ્ધિવાળા અર્થાત્ મિથ્યાત્વના ઉદયથી તત્ત્વાતત્ત્વમાં વિવેકથી રહિત મતિવાળા, સ્વવશ હણે છે, પરાધીનપણે હણે છે, કે સ્વવશ, અવશ ઉભયથી હણે છે. અર્થ માટે હણે છે, અનર્થ માટે હણે છે, કે અર્થ, અનર્થ માટે ઉભયથી હણે છે. હાસ્યથી હણે છે, વૈરથી હણે છે, રતિથી હણે છે, હાસ્ય, વૈર અને રતિથી હણે છે. ક્રુદ્ધ અર્થાત્ ક્રોધયુક્ત હણે છે, મુગ્ધ અર્થાત્ મોહવશ હણે છે, લુબ્ધ અર્થાત્ વિષયગૃદ્ધપણાથી હણે છે, ક્રુદ્ધ, મુગ્ધ, લુબ્ધ અર્થાત્ ક્રોધ, લોભ, મોહવાળા હણે છે. અર્થ માટે (ધનાર્થીઓ) હણે છે, ધર્મ માટે (ધર્માર્થીઓ) હણે છે, કામ માટે (કામાર્થીઓ) હણે છે, અર્થ માટે, ધર્મ માટે, કામ માટે હણે છે. **આ પ્રમાણે પ્રશ્નસૂત્ર પણ વ્યાખ્યાત છે. તેમાં હેતુ કહે છે -**

સ્વવશ આદિ અર્થોથી પ્રપંચિત એવા ક્રોધાદિ કારણો વડે હણનારાઓને મંદબુદ્ધિપણાથી ઉક્તપણું હોવા છતાં પણ, સ્વામિ અધિકારમાં 'कयरे' ઈત્યાદિ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં કહ્યું, એ પ્રકારે અતિદેશનું અભિધાન હોવાને કારણે, અશુભ લેશ્યાવાળાઓને જ પ્રાણાતિપાતકર્તૃત્વનો ઉપદેશ હોવાથી, ભક્તિરાગથી ઉપબૃંહિત સમ્યગ્દર્શનના ઉલ્લાસથી પ્રશસ્ત લેશ્યાવાળા એવા દેવપૂજા કરનારાઓને હિંસાલેશનો પણ અનુપદેશ છે.

कयरे ते - તે સૂત્રનો અર્થ આ પ્રમાણે છે –

'कयरे ते' - કોણ તે પ્રાણિવધના કરનારા છે ?

જે सौकरिक=(સૂકરઘાતક) मच्छबंधा=(મત્સ્યઘાતક) शाकुनिक=(પક્ષીવધથી ઉપજીવીઓ) व्याध= મૃગઘાતક અને ક્રૂરકર્મ કરનારા ઈત્યાદિથી આરંભીને સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્તા, અપર્યાપ્તા, અશુભ લેશ્યાના પરિણામવાળા આ અને બીજા આવા પ્રકારના પ્રાણીઓ પ્રાણાતિપાતકરણ (અનુષ્ઠાનને) કરે છે.

વિશેષાર્થ :-

'सत्ते सत्तपरिवज्जिया' - જે જીવોને સન્માર્ગનો તાત્ત્વિક બોધ નથી, તેવા જીવો કર્મને પરવશ હોય છે

અને તે સર્વ સત્ત્વથી પરિવર્જિત હોય છે, અને એવા જીવો જ સત્ત્વને=પ્રાણીઓને, હણે છે, એ પ્રકારનો અર્થ ભાસે છે. અને તે કેવા છે તે બતાવવા માટે કહે છે -

દૃઢમૂઢ અને દારુણ મતિવાળા એવા તેઓ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, શોક, વેદમાં કહેલ ધર્મક્રિયા, જીવન, અર્થ અને કામ માટે સ્વવશ કે અવશ=પરવશ, અર્થ માટે કે અનર્થ માટે ત્રસજીવોની અને સ્થાવર જીવોની હિંસા કરે છે.

તેઓ કેવા છે ? શું કરે છે ? તો કહે છે - મંદ બુદ્ધિવાળા એવા તેઓ સ્વવશ હણે છે, અવશ હણે છે કે સ્વવશ, અવશ ઉભયથી હણે છે; અર્થ માટે હણે છે, અનર્થ માટે હણે છે કે અર્થ, અનર્થ ઉભય માટે હણે છે; હાસ્યથી હણે છે, વેરથી હણે છે, રતિથી હણે છે કે હાસ્ય, વેર અને રતિથી હણે છે; ક્રોધથી હણે છે, મોહથી હણે છે, લોભથી હણે છે કે ક્રોધ, મોહ અને લોભથી હણે છે; અર્થ માટે હણે છે, ધર્મ માટે હણે છે, કામ માટે હણે છે કે અર્થ, ધર્મ અને કામ માટે હણે છે. આ દરેકની સાથે મંદબુદ્ધિવાળાને કર્તા તરીકે લેવાનો છે.

'एतेन ..... प्रश्नसूत्रमपि व्याख्यातम्' એનો ભાવ એ છે કે સત્ક્રિયાસ્થિતિ એ ધર્માર્થ હિંસા નથી; તેથી પ્રશ્નસૂત્રમાં કહેલ ધર્માર્થ હિંસાથી કુશાસ્ત્રમાં સ્વર્ગાદિ અર્થે કરાતી હિંસાનું ગ્રહણ થાય છે, પરંતુ દ્રવ્યસ્તવનું ગ્રહણ થતું નથી. અને તેને જ સ્પષ્ટ કરવા માટે क्रोधादि ..... हिंसालेशस्याप्यनुपदेशात् हेतु કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, પ્રશ્નસૂત્રના પાઠમાં સ્વવશથી હણે છે, પરવશથી હણે છે, અર્થ માટે હણે છે, અનર્થ માટે હણે છે ઈત્યાદિ કથન કરેલ છે, અને તે સર્વ ક્રોધાદિ કારણોથી હણે છે તેમ કહેલ છે, અને તેઓને મંદબુદ્ધિવાળા પ્રશ્નસૂત્રમાં બતાવેલ છે; પરંતુ સ્વામીઅધિકારમાં મંદબુદ્ધિવાળા કોણ છે ? એ પ્રકારે પ્રશ્ન કરીને માછીમાર આદિનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો, અને પછી અતિદેશ કર્યો કે, સંજ્ઞી-અસંજ્ઞી, પર્યાપ્તા-અપર્યાપ્તા જે કોઈ અશુભ લેશ્યાવાળા છે, તેઓ આ પ્રકારનો પ્રાણાતિપાત કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવો સાક્ષાત્ હિંસા ન કરતા હોય તો પણ, તેઓ અશુભ લેશ્યાવાળા હોય છે તેથી તેઓ પ્રાણાતિપાત કરે છે, અને આ પ્રકારના અતિદેશના અભિધાનથી અશુભ લેશ્યાવાળાઓને જ પ્રાણાતિપાતકર્તૃત્વનો ઉપદેશ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાન પ્રત્યેની ભક્તિના રાગથી ઉપબૃંહિત સમ્યગ્દર્શનના ઉલ્લાસ વડે જેઓ દેવપૂજા કરે છે, તે બધા પ્રશસ્ત લેશ્યાવાળા છે અને તેઓને હિંસાલેશનો પણ અનુપદેશ છે. તેથી પ્રશ્નસૂત્રના કથનને આશ્રયીને દ્રવ્યસ્તવમાં ધર્માર્થ હિંસા છે, એમ કહી શકાય નહિ.

અહીં ભક્તિરાગથી ઉપબૃંહિત સમ્યગ્દર્શનનો ઉલ્લાસ કહ્યો, તેનો ભાવ એ છે કે, સમ્યગ્દૃષ્ટિ કે સમ્યગ્દર્શનની અભિમુખ જીવો જ્યારે ભગવાનની ભક્તિ કરે છે, ત્યારે, પૂજાની ક્રિયામાં તેઓ દત્ત માનસવાળા હોવાને કારણે તે વખતે તેમને વ્યક્તરૂપે (૧) ભગવાનની ભક્તિનો રાગ સ્ફુરણ થતો હોય છે, તેથી સમ્યગ્દર્શનનો પરિણામ ઉપબૃંહિત બને છે. અર્થાત્ ભક્તિ પૂર્વે, "ભગવાનના વચન પ્રમાણે ચાલવાથી મારું એકાંતે હિત થાય છે" એવી તીવ્ર બુદ્ધિ હોય છે. તે બુદ્ધિ રૂપ તત્ત્વરુચિસ્વરૂપ સમ્યગ્દર્શનનો પરિણામ

ભગવાનની ભક્તિના કાળમાં અતિશય-અતિશયતર થતો જાય છે, અને તે વખતે (૨) "ભગવાનનું વચન મારે સમ્યગ્ જાણીને તે જ પ્રકારે સેવવું જોઈએ કે જેથી મારું હિત થાય," એવા પ્રકારનો આશય પૂજાકાળમાં વિચારરૂપે નહિ હોવા છતાં પુષ્ટ-પુષ્ટતર થતો જાય છે. આથી જ ભગવાનની પૂજાથી નિર્મળ થયેલ સમ્યગ્દર્શનના કારણે, સંસાર પૂર્વમાં જે તુચ્છરૂપે ભાસતો હતો તે હવે અતિશય તુચ્છતર-તુચ્છતમરૂપે ભાસે છે. તેથી જ તે સંયમને અભિમુખ-પરિણામવાળો ભગવદ્ ભક્તિથી થાય છે. આથી જ તે વખતે ત્યાં પ્રશસ્ત લેશ્યા વર્તે છે.

ટીકાર્થ :-

कथं च ..... असंभवात् । શૃંગગ્રાહિક ઉક્તિથી અને અતિદેશથી આ જીવોને=દ્રવ્યસ્તવ કરનારાઓને, હિંસકપણાની અનુક્તિ હોવા છતાં પણ, તે પ્રકારનો પ્રલાપ કરનારાઓને અનંતસંસારીપણું કેમ નહિ થાય? અર્થાત્ થશે; કેમ કે શાસનના ઉચ્છેદને કરનારી અનંતાનુબંધી માયા વગર આવા પ્રકારના પ્રલાપનો અસંભવ છે.

વિશેષાર્થ :-

પ્રશ્નસૂત્રના સ્વામીઅધિકારમાં માછીમાર આદિ જીવોને હિંસા કરનારના સ્વામી તરીકે બતાવ્યા, તે શૃંગગ્રાહિકથી બતાવ્યા છે=અંગુલિનિર્દેશથી બતાવ્યા છે, અને સંજ્ઞી-અસંજ્ઞી જે કોઈ અશુભ લેશ્યાવાળા છે, તેઓને અતિદેશથી બતાવ્યા છે.

✪ અતિદેશ=જેનો નિર્દેશ કર્યો ન હોય પણ તેના દ્વારા જેનું ગ્રહણ કરવાનું કથન કર્યું હોય તે અતિદેશ કહેવાય છે.

શૃંગગ્રાહિકથી અને અતિદેશથી આ બંને કથનથી પ્રશ્નવ્યાકરણમાં ભગવાનની પૂજા કરનારને હિંસકરૂપે કહ્યા નથી. આમ છતાં તે પ્રશ્નસૂત્રના પાઠને લઈને જેઓ કહે છે કે ભગવાનની પૂજા કરનારા પ્રશ્નસૂત્રના કથન પ્રમાણે હિંસક છે, તે પ્રમાણે પ્રલાપ કરનારાઓનું અનંતસંસારીપણું કેમ ન થાય ? અર્થાત્ થાય જ, એમ ગ્રંથકાર કહે છે. કેમ કે તેઓ જો પ્રશ્નવ્યાકરણને સમ્યગ્ રીતે જુએ તો સ્વામીઅધિકારના વક્તવ્યથી તેઓ જાણી શકે કે, દ્રવ્યસ્તવ કરનારને ત્યાં હિંસક તરીકે લીધા નથી. આમ છતાં શાસનના ઉચ્છેદને કરનારી એવી વિશિષ્ટ અનંતાનુબંધીની માયા વગર આવા પ્રકારનો પ્રલાપ લુંપાક કરી શકે નહિ.

આશય એ છે કે જો લુંપાકને પોતાની માન્યતાનો દૃઢ અભિનિવેશ ન હોય તો સાચા તત્ત્વને જાણવાની જિજ્ઞાસાથી તેને વિચાર આવે કે, સ્વામીઅધિકારમાં જેમ માછીમાર આદિનું ગ્રહણ કરેલ છે, તેમ જિનપૂજા કરનારનું ગ્રહણ કેમ કરેલ નથી? વળી અતિદેશથી પણ સંજ્ઞી-અસંજ્ઞી, પર્યાપ્તા-અપર્યાપ્તા આદિ અશુભ લેશ્યાવાળા કહેલ છે, પરંતુ જિનપૂજા કરનારા કેમ ન કહ્યા ? આવો વિચાર આવે. પરંતુ તેમ વિચાર કર્યા વગર પોતાની માન્યતા પ્રત્યે બદ્ધાગ્રહ હોવાને કારણે શાસ્ત્રીય પદાર્થોને પોતાની માન્યતા પ્રમાણે જોડે છે, તે શાસનના ઉચ્છેદને કરનારી એવી અનંતાનુબંધી માયા છે. તેથી આવી માયા અનંત સંસારનું કારણ બને છે.

ઉત્થાન :-

આવી માયા અનંત સંસારનું કારણ છે, તે વાત સૂત્રકૃતાંગના વચનથી બતાવે છે -

ટીકાર્થ :-

तदुक्तं - તે કહેવાયેલું છે - "जइ विय णिगिणे ....." - યદ્યપિ નગ્ન અને કૃશચર હોય, યદ્યપિ માસના અંતે ભોજન કરતો હોય અને જો માયામાં રંગાયેલો હોય તો અનંત ગર્ભથી આવનારો થશે= અનંતવાર સંસારમાં જન્મ પામશે, ઈત્યાદિ સૂત્ર સાક્ષી તરીકે કહેલું છે.

વિશેષાર્થ :-

અહીં નગ્નથી જીર્ણ-શીર્ણ વસ્ત્રવાળો લેવાનો છે, અને સુંદર આહારાદિનો ત્યાગ કરીને શરીરને જેણે કૃશ કરી નાંખ્યું છે, તે કૃશચર કહેવાય; અને માસક્ષમણના પારણે માસક્ષમણ કરતો હોય છતાં જો શાસનના ઉચ્છેદને કરનારી માયામાં રંગાયેલો હોય, અર્થાત્ પોતાની માન્યતા પ્રમાણે શાસ્ત્રોના અર્થ કરીને શાસ્ત્રના તાત્પર્યને વિનાશ કરનારી અનંતાનુબંધી માયા હોય, તો અનંતા જન્મોની પ્રાપ્તિ કરશે; તેથી તે અનંત સંસારી છે.

ઉત્થાન :-

હિંસાને ગ્રહણ કરીને પૂર્વમાં કહ્યું કે, પ્રશ્નવ્યાકરણના કથનનું તાત્પર્ય અન્ય દર્શનવાળાની અવિવેકવાળી, ધર્મબુદ્ધિથી કરાતી હિંસામાં, હિંસા કરનારને હિંસક અને મંદબુદ્ધિવાળા કહેવામાં આવ્યા છે, ભગવદ્ પૂજા કરનારને નહિ. માટે પૂજામાં હિંસા નથી, વળી પૂજામાં હિંસા સ્થાપન કરવા માટે એ પ્રશ્નવ્યાકરણના વિષયમાં પૂર્વપક્ષી જે અર્થ કરવા માંગે છે, તે પ્રમાણે અર્થ કરવાથી જે દોષ આવે છે, તે બતાવવા માટે 'किञ्च' થી કહે છે -

ટીકા :-

किञ्च "येऽर्थाय, कामाय, धर्माय घ्नन्ति ते मन्दबुद्धय" इति पराभिमत उद्देश्यविधेयभावोऽप्ययुक्तः, अर्थाय घ्नतामानन्दादीनामपि मन्दबुद्धित्वप्रसङ्गात् । किन्तु ये मन्दबुद्धय उक्तकारणैर्घ्नन्ति ते प्राणातिपातफलं दुरन्तं प्राप्नुवन्तीति मन्दबुद्धित्वमुद्दिश्यतावच्छेदककोटौ प्रविश्यैव प्रयोगो युक्त इति विवेके न चाशङ्का नचोत्तरमिति श्रद्धेयम् ।।५३।।

ટીકાર્થ :-

किञ्च ..... श्रद्धेयम् ।। **જે જીવો અર્થ માટે, કામ માટે કે ધર્મ માટે જીવોને હણે છે, તે મંદબુદ્ધિવાળા છે, એ પ્રકારે પરને=લુંપાકને અભિમત ઉદ્દેશ્ય-વિધેયભાવ પણ અયુક્ત છે; કેમ કે અર્થ માટે હિંસા કરતા આનંદાદિને પણ મંદબુદ્ધિપણાનો પ્રસંગ પ્રાપ્ત થાય. પરંતુ જે મંદબુદ્ધિવાળા ઉક્ત કારણો વડે=ક્રોધાદિ કારણો વડે, (જીવોને) હણે છે, તેઓ દુરંત એવા પ્રાણાતિપાતના ફળને પામે છે,**

એ પ્રકારે મંદબુદ્ધિપણાને ઉદ્દેશ્યતાવચ્છેદક કોટિમાં પ્રવેશ કરાવીને જ તેનો પ્રયોગ યુક્ત છે. આ પ્રકારનો વિવેક કરાયે છતે આશંકા નથી અને ઉત્તર નથી, એ પ્રકારે શ્રદ્ધા કરવા યોગ્ય છે. ॥૫૩॥

વિશેષાર્થ :-

પ્રશ્નવ્યાકરણસૂત્રના કથનનો પૂર્વપક્ષી એવો અર્થ કરે છે કે, જે જીવો અર્થ-કામ-ધર્મ માટે હિંસા કરે છે, તે મંદબુદ્ધિવાળા છે, તેથી ધર્મને માટે હિંસા કરનાર એવા ભગવાનની પૂજા કરનારાઓ મંદબુદ્ધિવાળા છે. અને તે કથનમાં અર્થાદિને માટે હણનારને ઉદ્દેશીને મંદબુદ્ધિપણાનું વિધાન કરેલ છે, એમ પૂર્વપક્ષીનું કહેવાનું તાત્પર્ય છે. પરંતુ તે પ્રકારનો ઉદ્દેશ્ય-વિધેયભાવ પણ અયુક્ત છે, એમ ગ્રંથકાર કહે છે. કેમ કે તેમ માનવાથી ધન માટે આરંભની પ્રવૃત્તિ કરનારા એવા આનંદાદિ શ્રાવકો પણ મંદબુદ્ધિવાળા=મિથ્યાત્વી છે, એમ માનવાનો પ્રસંગ આવશે. તેથી પ્રશ્નસૂત્રના કથનનો ઉદ્દેશ્ય-વિધેયભાવ કઈ રીતે કરવો તે બતાવે છે -

જે મંદબુદ્ધિવાળા અર્થાદિ કારણો વડે હણે છે, તેઓ દુરંત એવા પ્રાણાતિપાતના ફળને પામે છે એ પ્રકારે મંદબુદ્ધિત્વનો ઉદ્દેશ્યતાવચ્છેદક કોટિમાં પ્રવેશ કરાવીને જ પ્રયોગ યુક્ત છે.

આશય એ છે કે, જે મંદબુદ્ધિવાળા ઉક્ત કારણોથી હણે છે એમ કહ્યું, એનાથી મંદબુદ્ધિત્વવિશિષ્ટ હોય અને ઉક્ત કારણોથી હણનાર હોય તેને ઉદ્દેશીને દુરંત પ્રાણાતિપાત ફળને તે પ્રાપ્ત કરે છે, તેનું વિધાન થયું. તેથી મંદબુદ્ધિત્વવિશિષ્ટ અર્થાદિ કારણો વડે હણનાર વ્યક્તિ ઉદ્દેશ્ય બની. તેથી તે વ્યક્તિમાં ઉદ્દેશ્યતા પ્રાપ્ત થાય, અને તે વ્યક્તિમાં મંદબુદ્ધિત્વરૂપ જે વિશેષણ છે, તે ઉદ્દેશ્યતાવચ્છેદકરૂપ છે. તેથી ઉદ્દેશ્યતાવચ્છેદક કોટિમાં મંદબુદ્ધિત્વનો પ્રવેશ થયો.

આનાથી એ ફલિત થયું કે, મંદબુદ્ધિ જેઓમાં નથી=દૃઢ મિથ્યાત્વના ઉદયવાળા જેઓ નથી, તેઓ ઉક્ત કારણોથી હિંસા કરતા હોય તો પણ દુરંત પ્રાણાતિપાતના ફળને પામતા નથી; પરંતુ દૃઢ મિથ્યાત્વના ઉદયવાળા જીવો જ્યારે કામાદિ અર્થે હિંસા કરે છે, ત્યારે દૃઢ મિથ્યાત્વના ઉદયને કારણે તેઓ દુરંત એવા પ્રાણાતિપાતના ફળને પામે છે. આ પ્રકારનો વિવેક હોતે છતે ભગવાનની પૂજામાં હિંસાની આશંકાનો=પ્રાણાતિપાતના ફળનો, અવકાશ નથી. અને ભગવાનની પૂજામાં સ્વરૂપથી હિંસા હોવા છતાં પ્રશ્નવ્યાકરણસૂત્રમાં કહેલ હિંસાની આશંકાનો અવકાશ ન હોય તો તેના સમાધાનની આવશ્યકતા નથી, એ પ્રમાણે શ્રદ્ધા કરવા યોગ્ય છે. તેના સમાધાનરૂપ આનંદાદિક શ્રાવકોના દૃષ્ટાંતે ઉત્તરની આવશ્યકતા નથી, એ પ્રમાણે શ્રદ્ધા કરવા યોગ્ય છે.**॥૫૩॥**

અવતરણિકા :-

'યો ધર્માઙ્ગતયે'ત્યાદ્યુક્તમેવોપપાદયતિ -

અવતરણિકાર્થ :-

'યો ધર્માઙ્ગતયા' ઈત્યાદિ શ્લોક-૫૩માં કહેલા કથનનું જ ઉપપાદન કરે છે=શ્લોક-૫૩માં કહેલ કે જે કુશાસ્ત્રમાં ધર્માંગપણા વડે વધ જોવાયો છે, તે ધર્માર્થિકા હિંસા છે, ઈત્યાદિ કથનને જ ઉપપાદન કરે છે -

શ્લોક :-

यागीयो वध एव धर्मजनकः प्रोक्तः परैः स्वागमे,
नास्मिन्नौघनिषेधदर्शितफलं कार्यान्तरार्थाश्रिते ।
दाहे क्वापि यथा सुवैद्यकबुधैरुत्सर्गतो वारिते,
धर्मत्वेन धृतोऽप्यधर्मफलको धर्मार्थकोऽयं वधः ।।५४।।

શ્લોકાર્થ :-

પર વડે સ્વઆગમમાં યાગસ્થલીય વધ જ ધર્મજનક કહેવાયો છે. કાર્યાન્તરરૂપ અર્થને આશ્રિત એવા આમાં=યાગસ્થલીય વધમાં, ઓઘ નિષેધ વડે દર્શિત ફળ નથી એમ નહિ અર્થાત્ છે. જેમ સુવૈધ એવા બુધ વડે ઉત્સર્ગથી વારિત એવા દાહમાં ક્યાંય પણ દુઃખરૂપ ફળ નથી એમ નહિ. આ ધર્માર્થક વધ ધર્મપણાથી ધારણ કરાયેલો પણ અધર્મ ફળવાળો છે. ।।૫૪।।

✪ अस्मिन् ओघनिषेधदर्शितफलं न इति न એમ અન્વય સમજવો અને 'इति' અધ્યાહારરૂપે સમજવું.

ટીકા :-

'यागीय' इति :- यागीयः=यागस्थलीयो, वध एव हि परैः=वैदिकैः, स्वागमे धर्मजनकः प्रोक्तः, 'भूतिकामः पशुमालभेत' **इत्यादिवचनात् । अस्मिन् ओघनिषेधेन=सामान्यनिषेधेन, दर्शितफलं निषेध्यप्रयोजनं दुर्गतिगमनलक्षणं नेति न । कीदृशेऽस्मिन् ? कार्यान्तरमोघनिषेधनिर्वाह्य-मुक्तिरूपफलभिन्नं कार्यं भूतिप्राप्तिलक्षणम्, तदर्थमाश्रिते । दृष्टान्तमाह-यथा सुवैद्यकबुधैः= सद्वैद्यपण्डितैः, दुःखहेतुत्वादाहो न कार्य इति उत्सर्गतो वारिते कार्यान्तरार्थं भ्रमादि(गण्डादि?)-रोगोच्छेदार्थमाश्रिते दाहे उत्सर्गनिषेधानुगुणं दुःखरूपं फलं न भवतीति न । अयं धर्मार्थिको वधो धर्मत्वेन धृतोऽपि=भ्रान्तिविषयीकृतोऽपि, अधर्मफलकः=अधर्महेतुः । आह च-**

'मिथ्यादृष्टिभिराम्नातो हिंसाद्यैः कलुषीकृतः ।.
स धर्म इति वित्तोऽपि भवभ्रमणकारणम् ।।' **(योगशास्त्रे द्वि.प्र.श्लो.१३)**

तस्माद् धर्मार्था हिंसा यागादावेव न तु जिनपूजायामिति श्रद्धेयम् ।।५४।।

ટીકાર્થ :-

यागीयः ..... तदर्थमाश्रिते । **यागीय=યાગસ્થલીય વધ જ ખરેખર પર વડે=વૈદિકો વડે સ્વઆગમમાં ધર્મજનક કહેવાયેલો છે.** કેમ કે ભૂતિની=ભૌતિક આબાદીની, ઈચ્છાવાળાએ પશુનો યજ્ઞ કરવો જોઈએ **ઈત્યાદિ વચન છે.**

ઓઘનિષેધથી નિર્વાહ્ય=નિષ્પાદ્ય, મુક્તિરૂપ ફળથી ભિન્ન કાર્ય ભૂતિપ્રાપ્તિલક્ષણરૂપ કાર્યાંતર તદ્ અર્થને આશ્રિત=કાર્યાંતરાર્થને આશ્રિત એવા આમાં=યાગસ્થલીયવધમાં, ઓઘનિષેધથી=સામાન્ય નિષેધથી, દર્શિતફળ=નિષેધ્ય પ્રયોજન=ફળ, દુર્ગતિગમન લક્ષણ નથી, એમ નહિ. તેમાં દૃષ્ટાંત કહે છે -

'યથા ..... इति न ।' જેમ સુવૈદ્યરૂપ બુધ વડે=પંડિત વડે, દુઃખનો હેતુ હોવાથી દાહ ન કરવો જોઈએ, એ પ્રમાણે ઉત્સર્ગથી વારિત એવા (દાહમાં) કાર્યાન્તર અર્થ ભ્રમાદિરોગઉચ્છેદના માટે આશ્રિત એવા દાહમાં ઉત્સર્ગથી નિષેધને અનુગુણ=અનુકૂળ, દુઃખરૂપ ફળ નથી, એમ નહિ.

'अयं ..... अधर्महेतुः ।' આ ધર્માર્થક વધ ધર્મપણારૂપે ધારણ કરાયેલ પણ=ભ્રાંતિનો વિષય કરાયેલ પણ, અધર્મફળવાળો છે.

આહ ચ - તેમાં સાક્ષી આપે છે -

मिथ्यादृष्टिभिः ..... भवभ्रमणकारणम् ।। મિથ્યાદૃષ્ટિઓ દ્વારા સ્વીકારાયેલો, હિંસાદિથી કલુષ કરાયેલો, ધર્મ એ પ્રમાણે જણાયેલો પણ તે=યાગાદિ વધ, ભવભ્રમણનું કારણ છે.

तस्मात् ..... श्रद्धेयम् ।। તે કારણથી=પૂર્વમાં દાહના દૃષ્ટાંતથી બતાવ્યું કે, કાર્યાંતરાશ્રિત એવા ભૂતિકામના માટે કરાયેલા યજ્ઞમાં ઓઘનિષેધથી=સામાન્ય નિષેધથી, દર્શિત એવું દુર્ગતિગમનલક્ષણ ફળ નથી, એમ નહિ તે કારણથી, ધર્માર્થ હિંસા યાગાદિમાં જ છે, જિનપૂજામાં નથી, એ પ્રમાણે શ્રદ્ધા કરવી. ।।૫૪।।

✪ અહીં ओघनिषेधेन ..... दुर्गतिगमनलक्षणं ..... કહ્યું તેનો ભાવ એ છે કે, ઓઘનિષેધથી જે નિષેધ્ય છે, તેનું ફળ ગ્રહણ કરવાનું છે - 'मा हिंस्यात् सर्वभूतानि' એ ઓઘનિષેધ વચન છે=સામાન્ય નિષેધ વચન છે, અને તે સામાન્ય નિષેધથી નિષેધ્ય એવી જે હિંસા છે, તે હિંસાનું ફળ ઓઘનિષેધથી દર્શિત ફળ છે, અને તે ઓઘનિષેધથી દર્શિત ફળ દુર્ગતિગમન સ્વરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈપણ જીવની હિંસા કરવાથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે.

✪ 'कार्यान्तर' કાર્યાંતર કહેવાથી કોઈકની અપેક્ષાએ તે કાર્યાંતર છે. તે સ્પષ્ટ કરતાં કહે છે - ઓઘનિષેધથી નિર્વાહ્ય એવું મુક્તિરૂપ ફળ=મુક્તિરૂપ કાર્ય, તેનાથી ભિન્ન એવું જે કાર્ય તે કાર્યાંતર છે, અને તે ભૂતિપ્રાપ્તિસ્વરૂપ છે. 'मा हिंस्यात् सर्वभूतानि' એ ઓઘનિષેધ વચન છે. તેનાથી નિર્વાહ્ય=નિષ્પાદ્ય એવું મુક્તિરૂપ ફળ છે, અને યજ્ઞથી નિર્વાહ્ય એવું ભૂતિપ્રાપ્તિરૂપ ફળ છે. તેથી મોક્ષરૂપ ફળ કરતાં ભૂતિપ્રાપ્તિરૂપ ફળ તે કાર્યાંતર છે.

વિશેષાર્થ :-

સારા વૈદ્યો શરીરને ડામ આપવો જોઈએ નહિ, તેમ ઉત્સર્ગથી કહે છે; કેમ કે શરીરને ડામ આપવાથી દુઃખ ઉત્પન્ન થાય છે. આમ છતાં કોઈને માનસિક ભ્રમાદિ રોગો પ્રગટ્યા હોય ત્યારે શરીરને ડામ આપવાથી તે રોગો મટે છે, તો પણ શરીરને ડામ આપવાથી દાહકૃત પીડા તો થાય છે. તેથી જેમ ભિન્ન કાર્યને આશ્રયીને દાહની વિધિ છે, તે જ રીતે વેદશાસ્ત્રમાં મોક્ષરૂપ કાર્યના અર્થે હિંસાનો નિષેધ છે, તેથી સાધક આત્મા હિંસાનું વર્જન કરીને યમ-નિયમાદિની આચરણા વૈદિકશાસ્ત્ર પ્રમાણે કરે છે. પરંતુ મોક્ષથી ભિન્ન એવી

ભૌતિક કામનાથી યજ્ઞ કરવાનું કથન પણ વેદિકશાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. તેથી ભૌતિક કામનાથી યજ્ઞ કરવામાં આવે તો, તેમાં થતી હિંસાથી તેના ફળરૂપ કર્મબંધ અને દુર્ગતિની પ્રાપ્તિ પણ થાય જ. કેમ કે કર્મબંધ અને દુર્ગતિના ફળના નિવારણ માટે મોક્ષાર્થી જીવોને આશ્રયીને હિંસાનો નિષેધ કરાયો, અને તે જ હિંસાનું સેવન ભૂતિકામના માટે જ્યારે થતું હોય ત્યારે તે હિંસાથી કદાચ વૈભવ પ્રાપ્તિ થતી હોય તો પણ દુર્ગતિની પ્રાપ્તિ પણ થાય. જેમ વૈદ્યના દૃષ્ટાંતમાં બતાવેલ કે ભ્રમાદિ રોગ ઉચ્છેદ કરવા માટે દાહનો પ્રયોગ કરવામાં આવે તો ભ્રમાદિ રોગનો ઉચ્છેદ થાય તો પણ દાહથી દુઃખરૂપ ફળ તો પ્રાપ્ત થાય જ છે. તે આ રીતે –

વેદમાં મોક્ષરૂપ કાર્ય માટે હિંસાનો નિષેધ કર્યો છે અને પશુને હોમવાની ક્રિયા એ મોક્ષરૂપ અર્થને સાધનારી નથી, એમ વેદના વાક્યથી જ નક્કી થાય છે; કેમ કે ભૂતિની=ભૌતિક આબાદિની, કામનાવાળાએ પશુનો યજ્ઞ કરવો જોઈએ, એવું વેદમાં કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, યજ્ઞની વિધિ ભિન્નાર્થક છે અને તેમાં હિંસાની પ્રાપ્તિ થાય છે, અને હિંસાનો નિષેધ ભિન્નાર્થક છે=મુક્તિઅર્થક છે. તેથી મુક્તિઅર્થક જેનો નિષેધ કરવામાં આવેલો હોય તેનું સેવન મુક્તિથી ભિન્ન કાર્ય સાધવા માટે કરવામાં આવે તો પણ, મુક્તિઅર્થક જેનો નિષેધ છે, તેના સેવનથી જે દુર્ગતિગમનની પ્રાપ્તિ થતી હોય તે થાય જ છે. જ્યારે જિનપૂજામાં તેવું નથી, કેમ કે હિંસાનો નિષેધ મોક્ષાર્થક છે અને પૂજાનું વિધાન પણ મોક્ષાર્થક છે. તેથી એક ઉદ્દેશથી જ હિંસાનો નિષેધ અને હિંસાને અનુકૂળ એવી વિધિની પ્રાપ્તિ છે. અને તે પણ ફક્ત શબ્દરૂપે કથનમાત્ર નથી, પરંતુ જેમ હિંસાના ત્યાગથી શુભ અધ્યવસાય પ્રગટે છે અને તેનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેમ અધિકારી વિશેષને સ્વરૂપહિંસાવાળી એવી પૂજાથી જ મોક્ષને અનુકૂળ શુભ અધ્યવસાય પ્રગટી શકે છે, તેથી તે હિંસા દુર્ગતિગમનલક્ષણ ફળને પ્રાપ્ત કરાવનાર નથી. જ્યારે યાગીય હિંસામાં મોક્ષાનુકૂળ અધ્યવસાય પ્રગટતા નથી. તેથી જ મોક્ષના અર્થીને દુર્ગતિના કારણભૂત એવી હિંસાનો જે નિષેધ કરાયો તે હિંસા સંસારના વૈભવ અર્થે સેવવામાં આવે તો વૈભવ મળે તો પણ દુર્ગતિગમનપ્રાપ્તિરૂપ ફળ પણ પ્રાપ્ત થાય.

'अयं' આ ધર્માર્થક વધ ધર્મપણા વડે ધારણ કરાયેલો પણ=ભ્રાંતિનો વિષય કરાયેલો પણ, અધર્મરૂપી ફળવાળો છે, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, ભૂતિની કામનાથી કરાયેલો પશુનો યજ્ઞ પુણ્યરૂપ ધર્મનો જનક છે, તેથી આ ભવમાં કે પરભવમાં ભૂતિની=આબાદીની પ્રાપ્તિ થશે, એવો કોઈને ભ્રમ થઈ જાય તો પણ, પોતાના વૈભવને માટે પશુની હિંસા કરવાનો પરિણામ ત્યાં હોવાથી તે અધર્મનો હેતુ બને છે.

યદ્યપિ વેદવચન પ્રત્યે શ્રદ્ધાવાન કોઈ જીવ "વેદ આમ કહે છે, માટે મારે આમ કરવું જોઈએ," તેવી બુદ્ધિવાળો હોય, અને તેમાં "પોતે ધર્મ કરે છે," એવો અધ્યવસાય ત્યાં વર્તતો હોય, તો તે અધ્યવસાય યત્કિંચિત્ ધર્મબુદ્ધિરૂપ શુભ હોવા છતાં, પોતાના તુચ્છ વૈભવ અર્થે બીજા જીવોના પ્રાણ લેવાનો પરિણામ તે વેદના વચનથી થયેલો હોવાને કારણે, તે વેદના વચનોને વિચાર કર્યા વગર ધર્મરૂપે ગ્રહણ કરતો હોય તો, તે સર્વ અશુભ અધ્યવસાય સહવર્તી હોવાથી તે શુભ અધ્યવસાયકૃત જે તુચ્છ પુણ્ય બંધાય, તેના કરતાં પણ મિથ્યાત્વનો અધ્યવસાય, અને પોતાના તુચ્છ વૈભવ અર્થક બીજાને પીડા કરવાનો અધ્યવસાય અતિક્લિષ્ટ હોવાથી, તાત્કાલિક કદાચ તે શુભ અધ્યવસાયથી વિભૂતિ મળી જાય તો પણ, દુર્ગતિગમનલક્ષણરૂપ

ફળની પરંપરા પ્રાપ્ત કરાવનાર તે હિંસા બને છે. તે કારણથી કાર્યાંતરઆશ્રિત ભૂતિકામના માટે કરાયેલા યજ્ઞમાં ઓઘનિષેધથી દર્શિત એવું દુર્ગતિગમન ફળ છે. માટે ધર્માર્થ હિંસા યાગાદિમાં છે, જિનપૂજામાં નથી, એ પ્રકારે શ્રદ્ધા કરવી; કેમ કે મોક્ષરૂપ જે કાર્ય માટે હિંસાનો નિષેધ કર્યો છે, તે જ કાર્ય માટે જિનપૂજાનું વિધાન છે. ॥૫૪॥

અવતરણિકા :-

ननु भवतामपि सामान्यतो निषिद्धाया हिंसायाः फलं कथं न पूजास्थलीयहिंसायाम्? अत आह -

અવતરણિકાર્થ :-

પૂર્વમાં કહ્યું કે, યાગીય હિંસામાં ધર્માર્થ હિંસા છે તેથી ત્યાં દુર્ગતિગમનલક્ષણ ફળ છે. તેની સામે પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે - તમને પણ સામાન્યથી નિષિદ્ધ એવી હિંસાનું ફળ પૂજાસ્થલીય હિંસામાં કેવી રીતે નહિ થાય ? આથી કરીને કહે છે -

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે, અમને જેમ ઓઘથી નિષિદ્ધ એવી હિંસાનું ફળ ભૂતિકામ માટે કરાતા પશુના યજ્ઞમાં પ્રાપ્ત થાય છે, તેમ તમે પણ મોક્ષાર્થીએ ઉત્સર્ગથી હિંસા ન કરવી જોઈએ, તેમ માનો છો, તેથી એ હિંસાનું દુર્ગતિગમન લક્ષણ ફળ પૂજાસ્થલીય હિંસામાં કેમ નહિ થાય ? ઉભયત્ર સમાનતા હોવાને કારણે એ ફળ થવું જ જોઈએ. આથી કરીને ગ્રંથકાર શ્લોકમાં કહે છે -

શ્લોક :-

अस्माकं त्वपवादमाकलयतां दोषोऽपि दोषान्तरो -
च्छेदी तुच्छफलेच्छया विरहितश्चोत्सर्गरक्षाकृते ।
यागादावपि सत्त्वशुद्धिफलतो नेयं स्थितिर्दुष्टतः,
श्येनादेरिव सत्त्वशुद्ध्यनुदयात्तत्सम्भवादन्यतः ।।५५।।

શ્લોકાર્થ :-

અપવાદને જાણતા એવા અમને દોષાન્તરના ઉચ્છેદને કરનારો અને તુચ્છ ફળની ઈચ્છાથી વિરહિત એવો દોષ પણ ઉત્સર્ગની રક્ષા માટે (પ્રવર્તે) છે. યાગાદિમાં પણ સત્ત્વશુદ્ધિના ફળને આશ્રયીને આ સ્થિતિ નથી=અમારી પૂજામાં કહેવાયેલ જાતિવાળી મર્યાદા નથી. કેમ કે, શ્યેનાદિની જેમ સત્ત્વશુદ્ધિના અનુદયથી, અન્યથી તેનો=સત્ત્વશુદ્ધિનો, સંભવ છે. ॥૫૫॥

✪ અહીં 'न इयं स्थितिः' માં 'सत्त्वशुद्ध्यनुदयात्' અને 'अन्यतः तत् संभवात् આ બે હેતુ છે.

✪ यागादावपि અહીં 'अपि' થી એ કહેવું છે કે, પૂજામાં જે મર્યાદા છે, તે મર્યાદા યાગાદિમાં પણ નથી.

टीका :-

अस्माकमिति :- अस्माकं त्वपवादमाकलयताम्=उत्सर्गैकाधिकारिकमपवादं निम्नोन्नतन्यायेन तुल्यसङ्ख्याकमभ्युपगच्छतामित्यर्थः । दोषोऽपि द्रव्यस्तवेऽधिकारिविशेषणीभूतो मलिनारम्भस्तत्कालीनः सदारम्भो वा दोषान्तरस्यानुबन्धहिंसारूपस्योच्छेदी तुच्छफलस्य भूत्यादिलक्षणस्येच्छया विरहितश्चोत्सर्गरक्षाकृत एव=उत्सर्गरक्षार्थमेव, प्रवर्त्तत इत्यविरोधः ।

टीकार्थ :-

अस्माकं ..... अविरोधः । **અપવાદને જાણતા એવા અમને=ઉત્સર્ગની સાથે એક અધિકારિક અને નિમ્ન-ઉન્નત ન્યાયથી તુલ્ય સંખ્યાક અપવાદને સ્વીકારતા એવા અમને, અનુબંધહિંસારૂપ દોષાંતરના ઉચ્છેદને કરનારો અને ભૂત્યાદિ લક્ષણરૂપ તુચ્છ ફળની ઈચ્છાથી વિરહિત એવો, દ્રવ્યસ્તવમાં અધિકારીના વિશેષણભૂત મલિનારંભરૂપ દોષ અથવા તો તત્કાલીન=પૂજાકાલીન, સદારંભ રૂપ દોષ, પણ ઉત્સર્ગની રક્ષા માટે જ પ્રવર્તે છે. એથી કરીને અવિરોધ છે=ઉત્સર્ગથી નિષિદ્ધ એવી હિંસાના અસેવનના ફળરૂપ જે મોક્ષ, તેની સાથે પૂજાસ્થલીય હિંસાનો અવિરોધ છે.**

✪ दोषोऽपि ..... दोषान्तरस्यानुबन्धहिंसारूपस्योच्छेदी, અહીં 'अपि' થી એ કહેવું છે કે, જેઓ ઉત્સર્ગને આશ્રયીને નિરારંભ જીવન જીવે છે, તેમનો ગુણ તો અનુબંધહિંસાનો ઉચ્છેદ કરનાર છે, પરંતુ મલિનારંભરૂપ કે સદારંભરૂપ દોષ પણ અનુબંધ હિંસાનો ઉચ્છેદ કરનાર છે.

विशेषार्थ :-

અહીં અપવાદના બે વિશેષણ કહેલ છે.

(૧) ઉત્સર્ગ એક અધિકારિક અપવાદ=મોક્ષનો અર્થી ઉત્સર્ગનો અધિકારી છે, તેમ મોક્ષનો અર્થી જ અપવાદનો અધિકારી છે.

(૨) નિમ્ન-ઉન્નત ન્યાયથી તુલ્ય સંખ્યાક અપવાદ એટલે ઉત્સર્ગ-અપવાદ તુલ્ય સંખ્યામાં છે.

(૧) આશય એ છે કે, જે ઉત્સર્ગનો અધિકારી છે, તે અપવાદનો પણ અધિકારી છે. પ્રસ્તુતમાં ઉત્સર્ગનો અધિકારી મોક્ષનો અર્થી જીવ છે, તો અપવાદનો અધિકારી પણ મોક્ષનો અર્થી જીવ લેવાનો છે. તેથી ઉત્સર્ગ અને અપવાદ બંનેના મોક્ષરૂપ એકલક્ષવાળા અધિકારી લેવાના છે, પરંતુ એક વ્યક્તિરૂપ અધિકારી લેવાના નથી.

પ્રસ્તુતમાં ઉત્સર્ગ અને અપવાદ બંનેના જો એક વ્યક્તિરૂપ અધિકારી લઈએ તો ઉત્સર્ગથી નિષિદ્ધ

એવી હિંસાનું અસેવન મુનિ કરે છે, તેથી ઉત્સર્ગના અધિકારી મુનિ છે, તે જ અપવાદથી પૂજાના અધિકારી બને. જ્યારે મુનિ દ્રવ્યસ્તવના અધિકારી નથી, પરંતુ મલિનારંભી ગૃહસ્થ દ્રવ્યસ્તવના અધિકારી છે, તેથી ઉત્સર્ગ-અપવાદ બંનેના એક વ્યક્તિરૂપ અધિકારી નથી. અને આ રીતે ઉત્સર્ગ અને અપવાદના અધિકારી ભિન્ન વ્યક્તિ હોવા છતાં બંનેનું લક્ષ્ય એક મોક્ષ છે, તે લક્ષ્યની અપેક્ષાએ એક અધિકારી ગ્રહણ કરવાના છે

જ્યારે યાગીય હિંસામાં મોક્ષરૂપ ફળની અપેક્ષાએ એક લક્ષ્યવાળા અધિકારી નથી, પરંતુ ભિન્ન લક્ષ્યવાળા અધિકારી છે; કેમ કે સામાન્યથી નિષિદ્ધ એવી હિંસાના અસેવનના અધિકારી મુનિ મોક્ષલક્ષવાળા છે અને યાગીય હિંસાના અધિકારી ભૂતિની કામનાવાળા છે, તેથી ભિન્ન લક્ષ્યવાળા છે. તેથી લક્ષ્યની અપેક્ષાએ ભિન્ન અધિકારી હોવાથી ઉત્સર્ગની રક્ષા કરનાર એવા અપવાદરૂપ યાગીય હિંસા નથી. જ્યારે પૂજાસ્થલીય અપવાદ, ઉત્સર્ગ એક અધિકારિક અપવાદ હોવાથી ઉત્સર્ગની=મોક્ષલક્ષની રક્ષા કરનારો અપવાદ છે.

અહીં પ્રશ્ન થાય કે, ઉત્સર્ગ અને અપવાદનું મોક્ષરૂપ એક લક્ષ્ય હોવામાત્રથી તે અપવાદ, ઉત્સર્ગની રક્ષા કરનારો કઈ રીતે બને ? તેનો ઉત્તર આપે છે - મોક્ષ સર્વથા અહિંસક ભાવરૂપ છે અને હિંસા એ તેનો વિરોધી ભાવ છે, તેથી મોક્ષના અર્થીએ સર્વથા હિંસા ન કરવી જોઈએ, એવું ઉત્સર્ગથી વિધાન છે. આમ છતાં, કોઈ જીવ મોક્ષનો અર્થી છે અને સર્વથા હિંસાના ત્યાગનો તેને પરિણામ પણ છે, પરંતુ સર્વથા હિંસાનો ત્યાગ કરવા તે અસમર્થ છે; એવા મોક્ષાર્થી મલિનારંભી ગૃહસ્થને, પોતાની તે ભૂમિકામાં મોક્ષમાર્ગને બતાવનાર અને મોક્ષને પામેલા ભગવાન પ્રત્યે બહુમાનભાવ થાય છે, અને તે ભાવની વૃદ્ધિ થવાથી મોક્ષમાર્ગ તરફ તે પ્રસર્પણ કરી શકે છે, તેને તે ભાવની વૃદ્ધિનું કારણ અપવાદરૂપ દ્રવ્યસ્તવ તે જીવ માટે બને છે. અને તે દ્રવ્યસ્તવના સેવનથી તેને ભગવાનના માર્ગ પ્રત્યેની રુચિ વૃદ્ધિમત્ થાય છે, અને સર્વથા અહિંસકભાવરૂપ સંયમ પ્રત્યે તેના ચિત્તનું પ્રસર્પણ થાય છે, તેથી આવા જીવે સેવેલ દ્રવ્યસ્તવરૂપ અપવાદ, ઉત્સર્ગની રક્ષા કરનાર બને છે; જ્યારે યાગસ્થલીય અપવાદ ભિન્ન લક્ષ્ય હોવાથી ઉત્સર્ગની રક્ષા કરનાર બનતો નથી, તેથી તે અપવાદરૂપ પણ નથી.

(૨) વળી, અપવાદનું બીજું વિશેષણ નિમ્ન-ઉન્નત ન્યાયથી ઉત્સર્ગની તુલ્ય સંખ્યાક કહ્યું. તેનો ભાવ એ છે કે, જેમ ઉન્નતની અપેક્ષાએ નિમ્નની પ્રસિદ્ધિ છે, તેમ નિમ્નની અપેક્ષાએ ઉન્નતની પ્રસિદ્ધિ છે. તેથી નિમ્ન-ઉન્નત પરસ્પર સાપેક્ષ છે, માટે તે બંનેની સમાન સંખ્યા પ્રાપ્ત થાય. એ જ ન્યાયથી ઉત્સર્ગની અપેક્ષાએ અપવાદ નક્કી થાય છે અને અપવાદની અપેક્ષાએ ઉત્સર્ગ છે. તેથી જેટલા ઉત્સર્ગમાર્ગ છે, તેટલા અપવાદમાર્ગ છે; અને જેટલા અપવાદમાર્ગ છે, તેટલા ઉત્સર્ગમાર્ગ છે. આ રીતે ઉત્સર્ગ અને અપવાદ તુલ્ય સંખ્યાવાળા છે.

જેમ મોક્ષાર્થી જીવ જો સમર્થ હોય તો, મોક્ષના ઉપાયભૂત સર્વથા અહિંસાપાલનમાં યત્ન કરે તે ઉત્સર્ગમાર્ગ છે, પરંતુ કોઈ મોક્ષાર્થી જીવ સર્વથા અહિંસાપાલન માટે સમર્થ ન હોય તો મોક્ષના ઉપાયરૂપે દ્રવ્યસ્તવમાં પ્રવર્તે. અને સર્વથા અહિંસાપાલનરૂપ ઉત્સર્ગમાર્ગની અપેક્ષાએ દ્રવ્યસ્તવ તે અપવાદમાર્ગ છે; કેમ કે દ્રવ્યસ્તવ કરનાર જીવ એમ જ વિચારે છે કે, મારે મોક્ષમાં જવું છે, તેથી સર્વથા નિરવદ્યભાવ કરવા યોગ્ય છે; પણ સર્વથા નિરવદ્યભાવ હું કરી શકતો નથી, તો ભગવાનની પૂજા આદિ કરી એવો

ભાવ પેદા કરું કે જે સર્વથા નિરવદ્યભાવમાં વિશ્રાંત થાય. આમ, ઉત્સર્ગ-અપવાદ બંનેમાં લક્ષ્ય એક છે અને બંનેની સંખ્યા પણ સમાન જ છે.

જેમ મુનિ માટે સર્વથા નિર્દોષ ભિક્ષા લાવવી તે ઉત્સર્ગ છે, આમ છતાં તથાવિધ સંયોગમાં સંયમનું સંસ્તરણ ન થઈ શકે તેવું હોય તો, શક્ય એટલા દોષોના પરિહારપૂર્વક અને યતનાપૂર્વક દોષિત ભિક્ષા લાવે તે પણ સંયમનું કારણ બને છે, તેથી તે ઉત્સર્ગ અનુરોધી અપવાદ છે; કેમ કે, ઉત્સર્ગ-અપવાદ બંનેમાં મુનિનું સાધ્ય એક નિર્લેપ ચિત્ત છે. હવે જ્યારે નિર્દોષ ભિક્ષા લાવી શુદ્ધ ચિત્તથી મુનિને ધર્મધ્યાન કરવું છે, તે કરી શકે તેમ નથી, ત્યારે અપવાદથી દોષિત ભિક્ષા લાવીને પણ ધર્મધ્યાન કરે, તો તે દોષિત ભિક્ષારૂપ અપવાદનું સેવન પણ સંયમની વૃદ્ધિનો ઉપાય છે. આમ, બંનેમાં લક્ષ્ય એક છે.

તે જ રીતે ગૃહસ્થ માટે નિરારંભ જીવન જીવવું, એ ઉત્સર્ગમાર્ગ છે. પરંતુ સર્વથા નિરારંભ જીવન જીવી શકે તેવું સામર્થ્ય હજુ તેનામાં પ્રગટ્યું નથી, ત્યારે તે ગૃહસ્થ દ્રવ્યસ્તવ રૂપ અપવાદમાર્ગનું સેવન કરે અને એ જ ભાવ ભાવે કે પૂજાના આ સદારંભ દ્વારા ક્યારે હું મલિન આરંભ દૂર કરી, નિરારંભી બનું ? આ રીતે સર્વથા નિષિદ્ધ હિંસારૂપ ઉત્સર્ગનો આ દ્રવ્યસ્તવરૂપ અપવાદ થયો. એ રીતે જેટલા ઉત્સર્ગમાર્ગ છે તે દરેકના અપવાદો છે અને દરેક અપવાદ છે તે કોઈક ઉત્સર્ગની અપેક્ષાએ છે. તેથી નિમ્ન-ઉન્નત ન્યાયથી ઉત્સર્ગની તુલ્ય સંખ્યાક અપવાદ છે.

આનાથી એ ફલિત થયું કે, ઉત્સર્ગ અપવાદ સાથે સંલગ્ન છે, તેથી તુલ્ય-સંખ્યાક પ્રાપ્ત થાય છે, અને જે અપવાદ, ઉત્સર્ગ સાથે સંલગ્ન હોય તે અપવાદ જ ઉત્સર્ગની રક્ષા કરનારો બને છે. આથી જ ભિન્નાર્થક અપવાદ હોય તે ઉત્સર્ગની સાથે સંલગ્ન નથી, તેથી ઉત્સર્ગની રક્ષા કરનારો થતો નથી; જેમ ભૂતિકામના માટે કરાતી યાગીય હિંસા મોક્ષથી ભિન્નાર્થક હોવાને કારણે ઉત્સર્ગની સાથે સંલગ્ન નથી, તેથી ઉત્સર્ગની રક્ષા કરનાર થતી નથી.

વળી દ્રવ્યસ્તવમાં અધિકારીના વિશેષણીભૂત મલિન આરંભરૂપ જે દોષ છે, તે પણ અનુબંધહિંસારૂપ દોષાંતરનો ઉચ્છેદ કરનાર છે, એમ કહ્યું, ત્યાં પ્રશ્ન થાય કે, મલિન આરંભ તો જીવમાં રહે છે, પરંતુ દ્રવ્યસ્તવમાં મલિન આરંભ રહેતો નથી. તેથી પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવમાં રહેલ મલિન આરંભરૂપ દોષ અનુબંધહિંસાનો ઉચ્છેદ કરનાર છે, તેમ કેમ કહ્યું ? તેનું સમાધાન એ છે કે, મલિન આરંભરૂપ દોષ દ્રવ્યસ્તવના અધિકારી એવા શ્રાવકમાં છે, અને તે દોષ શ્રાવક સંસારમાં મલિન આરંભ કરે છે ત્યારે, ઉપયોગરૂપે તેનામાં વર્તતો હોય છે; અને જ્યારે ભગવાનની પૂજા કરે છે ત્યારે, ઉપયોગરૂપે મલિન આરંભ વર્તતો નહિ હોવા છતાં, સંયમી જેવું નિરારંભી માનસ પ્રગટ નહિ થયું હોવાથી મલિન આરંભ કરે તેવી ચિત્તવૃત્તિ હજુ તેની વિદ્યમાન છે, તેવો શ્રાવક પૂજાનો અધિકારી છે. તેથી અધિકારીના વિશેષણીભૂત એવો મલિન આરંભ જે જીવમાં છે, તે જીવ દ્રવ્યસ્તવનો અધિકારી છે. તેથી દ્રવ્યસ્તવ અને મલિન આરંભ એક શ્રાવકરૂપ અધિકરણમાં રહેલ હોવાથી એકાધિકરણ સંબંધથી દ્રવ્યસ્તવમાં મલિન આરંભ છે, તેમ સ્વીકારવામાં આવે છે. અને જીવમાં રહેલો મલિન આરંભ જ્યારે દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ કરાવે છે, ત્યારે તે મલિન આરંભ દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ દ્વારા

અનુબંધહિંસાનો ઉચ્છેદ કરે છે, અને જ્યારે આ જ મલિન આરંભરૂપ પરિણામ સંસારની પ્રવૃત્તિ કરાવે છે, ત્યારે કર્મબંધનું કારણ બને છે..

યદ્યપિ દ્રવ્યસ્તવનો અધિકારી એવો ગૃહસ્થ જિનપૂજાકાળમાં તે મલિન આરંભ કરતો નથી, પરંતુ પૂર્વ-ઉત્તરકાળમાં જે સંસારના આરંભની ક્રિયા કરે છે, તે મલિન આરંભ પૂજાકાળમાં વાસનારૂપે સ્થાયી છે, તે પૂજામાં પ્રવર્તક બને છે. તેથી તે મલિન આરંભરૂપ દોષ દ્રવ્યસ્તવની પ્રવૃત્તિનું કારણ હોવાથી તે દોષ દ્રવ્યસ્તવમાં કહેલ છે, અને તે મલિન આરંભરૂપ દોષ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરાવીને અનુબંધહિંસારૂપ દોષનો ઉચ્છેદ કરે છે; કેમ કે મલિન આરંભને કારણે જ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ થઈ. તેથી મલિનારંભી એવો ગૃહસ્થ ભગવાનની ભક્તિના કારણે વિરતિના પરિણામ તરફ પ્રસર્પણને પામે છે, તેથી મલિનારંભને અનુબંધહિંસારૂપ દોષાંતરનો ઉચ્છેદ કરનાર કહેલ છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે, મલિન આરંભરૂપ દોષ દ્રવ્યસ્તવ દ્વારા અનુબંધહિંસારૂપ દોષાંતરનો ઉચ્છેદ કરે છે. હવે નયાંતરની દૃષ્ટિથી તે દોષને અનુબંધહિંસાના ઉચ્છેદરૂપે ન સ્વીકારતાં પૂજાકાલીન સદારંભ જ અનુબંધહિંસારૂપ દોષાંતરનો ઉચ્છેદી છે, તે બતાવતાં કહે છે -

અથવા પૂજાકાલીન જે સદારંભરૂપ દોષ છે, તે અનુબંધહિંસારૂપ દોષાંતરનો ઉચ્છેદ કરનાર છે.

અહીં પ્રશ્ન થાય કે, સદારંભને દોષ કેમ કહેવાય ? તેનો ઉત્તર એ છે કે, આત્માનો ભાવ નિરારંભ છે. તેથી સદારંભ પણ આત્માનો ભાવ નથી, તેથી તે દોષરૂપ છે. આમ છતાં સદારંભરૂપ દોષ અનુબંધહિંસારૂપ દોષાંતરનો ઉચ્છેદ કરનાર છે. વળી, તે દોષ ભૂત્યાદિલક્ષણરૂપ તુચ્છ ફળની ઈચ્છાથી વિરહિત છે, તેથી તે ઉત્સર્ગની રક્ષા કરનારો બને છે. યદ્યપિ જે દોષ, દોષાંતરનો ઉચ્છેદી હોય અને ઉત્સર્ગની રક્ષા કરનારો હોય, તે તુચ્છ ફળની ઈચ્છાથી રહિત હોય જ, તો પણ પ્રસ્તુતમાં સ્વરૂપ ઉપરંજક વિશેષણ છે=મૂળ શ્લોકમાં દોષ દોષાંતરનો ઉચ્છેદી નથી એમ કહ્યું તેનું વિશેષણ આપ્યું કે, 'તુચ્છફળની ઈચ્છાથી વિરહિત છે' એ સ્વરૂપ ઉપરંજક વિશેષણ છે. તેનું પ્રયોજન એ છે કે, અન્ય દર્શનવાળાની યાગાદિ ક્રિયામાં હિંસા છે, અને તુચ્છફળની ઈચ્છાથી સહિત છે, તેના કરતાં દ્રવ્યસ્તવમાં વર્તતો હિંસાનો દોષ તુચ્છફળની ઈચ્છાથી વિરહિત છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, અમારે દ્રવ્યસ્તવમાં વર્તતો દોષ ઉત્સર્ગની રક્ષા કરવા માટે પ્રવર્તે છે; કેમ કે પૂજાની ક્રિયા અપવાદરૂપ ક્રિયા છે. ત્યાં પ્રશ્ન થાય કે, એ રીતે પરને પણ=યજ્ઞાર્થ હિંસા કરનારને પણ, ઉત્સર્ગ-અપવાદની પ્રાપ્તિ થઈ શકે છે. તેના નિરાકરણ માટે કહે છે –

ટીકા :-

परेषां तु सामान्यनिषेध उत्सर्गो मुमुक्षोः, अपवादश्च यागीयहिंसाविधिलक्षणो भूतिकामस्येति भिन्नविषयत्वादुत्सर्गापवादभावानुपपत्तिरेव । तदुक्तं हेमसूरिभिः 'नोत्सृष्टमन्यार्थमपोद्यते चे'ति । **(अन्ययोगव्यवच्छेदकाव्य-११)**

ટીકાર્થ :-

પરેષાં ..... અનુપપત્તિરેવ । પરને વળી, સામાન્ય નિષેધરૂપ ઉત્સર્ગ મુમુક્ષુને છે અને યાગીય હિંસાવિધિલક્ષણરૂપ અપવાદ ભૂતિકામવાળાને છે, એથી કરીને ભિન્ન વિષયપણું હોવાથી ઉત્સર્ગ-અપવાદભાવની અનુપપત્તિ જ છે.

વિશેષાર્થ :-

અહીં પ્રથમ એમ કહ્યું કે, પરને વળી, સામાન્ય નિષેધરૂપ ઉત્સર્ગ મુમુક્ષુને છે અને યાગીયહિંસાવિધિલક્ષણરૂપ અપવાદ ભૂતિકામનાવાળાને છે. એ રીતે ઉત્સર્ગ-અપવાદ બંનેના ભિન્ન અધિકારી બતાવ્યા, અને પછી કહ્યું કે, એથી કરીને ઉત્સર્ગ-અપવાદનું ભિન્નવિષયપણું હોવાથી ઉત્સર્ગ-અપવાદભાવની અનુપપત્તિ છે. આમ, આ બંને પરસ્પર વિરોધી ભાસે છે; કેમ કે જો ઉત્સર્ગ-અપવાદભાવની અનુપપત્તિ હોય તો સામાન્ય નિષેધરૂપ ઉત્સર્ગ અને યાગીય હિંસાવિધિ લક્ષણરૂપ અપવાદ એ શબ્દથી વાચ્ય કેમ કર્યા ?

તેનો ઉત્તર એ છે કે, સામાન્ય નિષેધવચન ઉત્સર્ગ છે; જેમ કે, મુમુક્ષુએ હિંસા ન કરવી જોઈએ. તેનું અપવદન કરીને=નિરાકરણ કરીને, જે હિંસાને કહેનારું કથન હોય તે અપવાદ કહેવાય. તે રીતે યાગાદિ હિંસા અપવાદ કહી શકાય. પરંતુ આમાં ઉત્સર્ગ-અપવાદનું લક્ષણ ઘટતું નથી; કેમ કે હિંસાના નિષેધરૂપ ઉત્સર્ગ મુમુક્ષુને આશ્રયીને છે, જ્યારે યાગીય હિંસારૂપ અપવાદ મુમુક્ષુને આશ્રયીને નથી, પરંતુ ભૂતિકામનાવાળાને આશ્રયીને છે. તેથી જેમ સ્વસિદ્ધાંત પ્રમાણે ઉત્સર્ગ-અપવાદ એક લક્ષ્ય સાથે સંલગ્ન હોય છે, તેવા ઉત્સર્ગ-અપવાદની અન્ય મતમાં અનુપપત્તિ છે, કેમ કે લક્ષ્ય જુદું જુદું છે.

જે ઉત્સર્ગ અને અપવાદ એક લક્ષ્યથી પરસ્પર સંલગ્ન હોય છે, તે જ અપવાદમાં રહેલ દોષ, દોષાંતરનો ઉચ્છેદ કરી ઉત્સર્ગની રક્ષા માટે પ્રવર્તે છે. જ્યારે મુક્તિની કામનાથી હિંસાના નિષેધરૂપ ઉત્સર્ગ સાથે અસંલગ્ન એવો ભૌતિક કામનાયુક્ત હિંસાલક્ષણ અપવાદ યાગાદિ છે, તેથી તેમાં રહેલ હિંસારૂપ જે દોષ છે તે નરકગમનાદિરૂપ ફળને આપે છે, પરંતુ દોષાંતરનો ઉચ્છેદ કરી ઉત્સર્ગની રક્ષા કરનારો બનતો નથી, કેમ કે બંનેનું લક્ષ્ય એક ન હોવાથી બંને અસંલગ્ન છે. જેમ - સાધુની અપવાદથી દોષિત ભિક્ષાનું ગ્રહણ ભિક્ષાના દોષ કરતા આર્ત્તધ્યાનરૂપ દોષાંતરનો ઉચ્છેદ કરીને ધર્મધ્યાનની પ્રવૃત્તિરૂપ ઉત્સર્ગની રક્ષા કરે છે. કેમ કે નિર્દોષ ભિક્ષા અને દોષિત ભિક્ષા બંનેનું એક લક્ષ હોવાથી બંને સંલગ્ન છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, ઉત્સર્ગ-અપવાદભાવની અનુપપત્તિ છે, તેમાં સાક્ષી આપતાં કહે છે –

ટીકાર્થ :-

તદુક્તં - તે હેમસૂરી વડે કહેવાયેલું છે - 'नोत्सृष्ट ..... अपोद्यते चे' ति અન્યાર્થ ઉત્સૃષ્ટ=ઉત્સર્ગનો વિષય, અન્યાર્થ અપવાદનો વિષય થઈ શકતો નથી. **એ નિયમ પ્રમાણે યાગીય હિંસા અપવાદ થઈ શકે નહિ. તે આ રીતે -**

યાગ માટે કરાતી હિંસાનો અર્થ ભૌતિક કામના છે અને તેનાથી અન્ય એવા મોક્ષરૂપ અર્થ માટે ઉત્સર્ગથી હિંસાનો નિષેધ કર્યો છે. તેથી લક્ષ જુદું હોવાથી તે યાગીય હિંસા મોક્ષના ઉત્સર્ગનો અપવાદ થઈ શકે નહિ.

✪ 'अपोद्यते च' અહીં 'च' કાર છે, તે અન્યયોગવ્યવચ્છેદિકા ગ્રંથના શ્લોક-૧૧ના પૂર્વકથન સાથે સમુચ્ચયાર્થક છે.

✪ 'चे' ति અહીં 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

ननु यागादौ प्रतिपदोक्तफलकामनया माभूदेवमुत्सर्गापवादभावः, 'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेने' **त्यादि श्रुतेः, प्रतिपदोक्तफलत्यागेन शतपथविहितकर्मवृन्दस्य विविदिषायां सत्त्वशुद्धिद्वारा सम्भविसमुच्चयेनोपयोगो भविष्यतीत्यत आह -**

ટીકાર્થ :-

'ननु .....' 'ननु' થી શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે - यागादौ - યાગાદિમાં પ્રતિપદ ઉક્ત ફળની કામના હોવાને કારણે આ રીતે=પૂર્વમાં તમે કહ્યું એ રીતે, ઉત્સર્ગ-અપવાદભાવ ભલે ન થાઓ, પરંતુ 'तमेतं ....' ઈત્યાદિ શ્રુતિથી પ્રતિપદ ઉક્ત ફળનો ત્યાગ થવાના કારણે, શતપદમાં વિહિત એવા કર્મવૃંદનો વિવિદિષામાં સત્ત્વશુદ્ધિ દ્વારા સંભવિ સમુચ્ચયરૂપે ઉપયોગ થશે. એથી કરીને કહે છે - અહીં 'तमेतं .....' શ્રુતિનો અર્થ આ પ્રમાણે છે -

તે આને=બ્રહ્મ સ્વરૂપને, વેદના અનુવચનથી બ્રાહ્મણો યજ્ઞ દ્વારા વિવિદિષા કરે છે.

✪ 'शतपदविहितकर्मवृन्दस्य' નો અન્વય 'उपयोगो भविष्यति' ની સાથે છે.

✪ 'संभविसमुच्चये न' અહીં સ્વરૂપઅર્થક તૃતીયા છે. સંભવિ સમુચ્ચયપ્રાપ્તિનું કારણ વિવિદિષાથી થતી સત્ત્વશુદ્ધિ છે.

વિશેષાર્થ :-

યાગાદિને કહેનારા દરેક પદમાં 'ભૂતિકામનાવાળો યજ્ઞ કરે' ઈત્યાદિ કથનો હોવાના કારણે ભૌતિક ફળની કામના દેખાય છે, જે મોક્ષની વિરોધી છે. તેથી મોક્ષાર્થે જે હિંસાસામાન્યનો નિષેધ છે, તે ઉત્સર્ગ છે, તે ઉત્સર્ગનો અપવાદ યાગીય હિંસા બની શકે નહિ. તેથી તમે કહો છો એ રીતે ઉત્સર્ગ-અપવાદભાવ ન થાઓ, એ પ્રમાણે પૂર્વપક્ષી સ્વીકારે છે, અને કહે છે કે, તે આને=બ્રહ્મ સ્વરૂપને, વેદના અનુવચનથી બ્રાહ્મણો યજ્ઞ દ્વારા વિવિદિષા કરે છે=વિશેષ વિશેષ જાણવા માટે યત્ન કરે છે, એ પ્રમાણે શ્રુતિ હોવાથી પ્રતિપદ ઉક્ત ફળનો ત્યાગ થાય છે=યાગાદિના પ્રત્યેક પદોમાં કહેલ છે કે, 'ભૂતિકામનાવાળો પશુનો યજ્ઞ કરે' ઈત્યાદિ રૂપ ઉક્ત ફળનો ત્યાગ થાય છે, યજ્ઞ કરીને જ્યારે બ્રાહ્મણો શુદ્ધ બ્રહ્મને જાણવા યત્ન કરે તે ત્યારે જ સંભવે કે જ્યારે ભૂતિકામના ચાલી જાય. તેથી વિવિદિષા પ્રગટે છે=શુદ્ધબ્રહ્મને જાણવા માટેના યત્નસ્વરૂપ વિવિદિષા

પ્રગટે છે. ત્યારે ભૂતિકામના ચાલી જાય છે. તેનાથી સત્ત્વશુદ્ધિ થાય છે, અને તેના દ્વારા સંભવિ સમુચ્ચય થાય છે=ઉત્સર્ગથી જે હિંસાનો નિષેધ કરાયો તે નિષેધના પાલનથી સંભવિ એવા જે ભાવો કે જે મોક્ષને અનુકૂળ છે, તેનો સમુચ્ચય થાય છે. તેથી શતપદમાં વિહિત કર્મવૃંદનો સંભવિ સમુચ્ચય કરવારૂપે ઉપયોગ થશે. તેથી યાગીય હિંસા મોક્ષને અનુકૂળ થઈ જશે. કેમ કે શતપદમાં વિહિત કર્મવૃંદ તે યાગીય હિંસાદિ સ્વરૂપ છે અને તે સત્ત્વશુદ્ધિ દ્વારા મોક્ષનું કારણ બને છે.

અહીં સત્ત્વશુદ્ધિનો અર્થ એ છે કે, બ્રાહ્મણો જ્યારે યજ્ઞ કરે છે, ત્યારે ભૂતિકામનારૂપ ફળનો ત્યાગ કરીને વિવિદિષામાં પ્રવૃત્તિ કરે છે=બ્રહ્મને વિશેષ જાણવા માટે યત્ન કરે છે, અને તે વખતે જે સત્ત્વની શુદ્ધિ થાય છે=જીવની શુદ્ધિ થાય છે=બ્રહ્મના સ્વરૂપથી ચિત્ત ઉપરંજિત થાય છે, તે જ સત્ત્વની શુદ્ધિ છે. અને આ સત્ત્વશુદ્ધિથી જ અહિંસાથી સંભવિ એવા મોક્ષને અનુકૂળ ભાવોનો સમુચ્ચય થાય છે=મોક્ષને અનુકૂળ એવા ભાવો પ્રગટ થાય છે, અને તે રૂપે જ શતપદવિહિત કર્મવૃંદનો ઉપયોગ થશે=યજ્ઞરૂપ અનુષ્ઠાનનો ઉપયોગ થશે, તેથી તે યજ્ઞ પણ મોક્ષનું કારણ બનશે. આ પ્રકારે પૂર્વપક્ષી કહે છે, તેને ગ્રંથકાર શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે -

ટીકા :-

यागादावपीति :- यागादावपि सत्त्वशुद्धिफलमाश्रित्य नेयमस्मदुक्तजातीया स्थितिः=मर्यादा, कुतः? दुष्टतः-स्वरूपतो दुष्टात्, श्येनादेरिव-श्येनयागादेरिव, सत्त्वशुद्ध्यनुदयात्=मनःशुद्धेः कर्त्तुमशक्यत्वात्। ये हि प्रतिपदोक्तफलत्यागेन वेदोक्तमितिकृत्वा ज्योतिष्टोमादि सत्त्वशुद्ध्यर्थमाद्रियन्ते, तैः श्येनयागोऽप्यभिचारफलत्यागेन सत्त्वशुद्ध्यर्थमादरणीय इति भावः । अवदाम च ज्ञानसारप्रकरणे-

'वेदोक्तत्वान्मनःशुद्ध्या, कर्मयज्ञोऽपि योगिनः ।
ब्रह्मयज्ञ इतीच्छन्तः श्येनयागं त्यजन्ति किम् ।।' **(नियागाष्टके श्लोक ३) इति ।**

ટીકાર્થ :-

यागादौ ..... अशक्यत्वात् । યાગાદિમાં પણ સત્ત્વશુદ્ધિરૂપ ફળને આશ્રયીને આ સ્થિતિ=અમારા વડે કહેવાયેલી જાતીય મર્યાદા, નથી, કેમ કે સ્વરૂપથી દુષ્ટ હોવાથી શ્યેનયાગાદિની જેમ સત્ત્વશુદ્ધિનો અનુદય છે=મનઃશુદ્ધિ કરવી અશક્ય છે.

✪ 'स्वरूपतो दुष्टात्' એ શ્યેનયાગાદિનું વિશેષણ છે અને 'श्येनयागादेरिव' નો અન્વય सत्त्वशुद्ध्यनुदयात् સાથે છે. તેથી એ ફલિત થાય છે કે, દુષ્ટ એવા શ્યેનયાગાદિથી જેમ સત્ત્વશુદ્ધિનો અનુદય છે, એ રીતે યાગાદિમાં સત્ત્વશુદ્ધિનો અનુદય છે. એથી કરીને અમારી કહેવાયેલી જાતીય મર્યાદા યાગાદિમાં નથી.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીએ કહ્યું એ રીતે યાગાદિમાં સત્ત્વશુદ્ધિરૂપ ફળને આશ્રયીને તેઓ યાગીય હિંસાને અપવાદિક

હિંસા કહેવા માંગતા હોય, તો ગ્રંથકાર કહે છે કે, અમે દ્રવ્યસ્તવમાં કહેલ જે અપવાદિક હિંસા છે, તજ્જાતીય=તત્સદૃશ, મર્યાદા તમારા યાગાદિમાં નથી; કેમ કે જેમ તમે સ્વરૂપથી દુષ્ટ એવા શ્યેનયાગાદિથી મનઃશુદ્ધિ થઈ શકતી નથી તેમ માનો છો, તે જ રીતે સ્વરૂપથી દુષ્ટ એવા યાગાદિથી મનઃશુદ્ધિ થઈ શકતી નથી; કેમ કે જેમ શ્યેનયાગમાં શત્રુને રિબાવીને મારવામાં આવે છે, એ રૂપ કાર્ય વેદમાં કહેલ છે, તેથી તે શ્યેનયાગ સ્વરૂપથી દુષ્ટ માનવામાં આવેલ છે; તેમ યાગીય હિંસામાં ભૂતિની કામના માટે પશુની હિંસા કરવારૂપ પ્રવૃત્તિ હોવાથી તે સ્વરૂપથી દુષ્ટ છે=ભૂતિની કામના છે અને પશુની કરાતી હિંસામાં આત્મશુદ્ધિનું કોઈ અંગ નહિ હોવાથી ફક્ત ક્રૂરતારૂપ દુષ્ટભાવ છે. તેથી સ્વરૂપથી દુષ્ટ છે; તેથી તેનાથી મનઃશુદ્ધિ થઈ શકે નહિ. તેને જ સ્પષ્ટ કરતાં 'યે હિ' થી કહે છે -

ટીકાર્થ :-

'યે હિ' જેઓ પ્રતિપદ ઉક્ત ફળના ત્યાગ દ્વારા વેદોક્ત છે, એથી કરીને જ્યોતિષ્ટોમાદિ યજ્ઞોને સત્ત્વશુદ્ધિ માટે આદરે છે, તેઓ વડે શ્યેનયાગ પણ અભિચાર ફળના ત્યાગ વડે સત્ત્વશુદ્ધિ માટે આદરવો જોઈએ.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષી કહે છે કે, ભૂતિકામનાથી યજ્ઞ કરાય છે ત્યારે, તે યજ્ઞ મોક્ષાર્થ પ્રવૃત્ત નહિ હોવા છતાં, જ્યારે યજ્ઞ કરતાં કરતાં વિવિદિષા પ્રગટે છે ત્યારે ભૂતિકામનાનો ત્યાગ થઈ જાય છે, તેથી તે યજ્ઞની ક્રિયા મોક્ષનું કારણ બને છે. માટે યાગીય હિંસા પણ મોક્ષાર્થક થવાને કારણે અપવાદિક બનશે. તેથી ગ્રંથકાર કહે છે કે, જો તેમ સ્વીકારીએ તો શ્યેનયાગ પણ પ્રથમ અભિચાર ફળ માટે કરવામાં આવે છે, અને યજ્ઞ કરતાં કરતાં વિવિદિષા પ્રગટે તો ત્યાં અભિચાર ફળનો ત્યાગ થઈ શકે; તેથી શ્યેનયાગ પણ મોક્ષનું કારણ બની શકે, અને તેમ સ્વીકારીએ તો શ્યેનયાગને દુષ્ટ કહી શકાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે, શ્યેનયાગ સ્વરૂપથી દુષ્ટ છે, માટે સત્ત્વશુદ્ધિનું કારણ બનતો નથી. તો ગ્રંથકાર કહે છે કે, જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ પણ સત્ત્વશુદ્ધિનું કારણ નથી તેમ માનવું જોઈએ; કેમ કે શ્યેનયાગમાં અભિચાર ફળની આકાંક્ષા છે, તેથી તે સ્વરૂપથી દુષ્ટ છે, માટે સત્ત્વશુદ્ધિનું કારણ બનતો નથી; તેમ જ્યોતિષ્ટોમાદિ યજ્ઞો ભૂતિકામના માટે કરાય છે, તેથી સત્ત્વશુદ્ધિનું કારણ બની શકે નહિ.

અહીં જ્યોતિષ્ટોમાદિ યજ્ઞમાં પશુની હિંસા થાય છે, એ અપેક્ષાએ સ્વરૂપથી દુષ્ટ નથી. જો એ અપેક્ષાએ સ્વરૂપથી દુષ્ટ કહીએ તો ભગવાનની પૂજામાં પણ સ્વરૂપથી હિંસા થાય છે, તેથી ભગવાનની પૂજા પણ સ્વરૂપથી દુષ્ટ સિદ્ધ થાય. પરંતુ શ્યેનયાગમાં શત્રુને રિબાવી રિબાવીને મારવાનો આશય છે, એ સ્વરૂપે શ્યેનયાગ દુષ્ટ છે, તેમ જ્યોતિષ્ટોમાદિમાં ભૂતિની કામના છે, એ સ્વરૂપે તે દુષ્ટ છે, કેમ કે પોતાના ભૂતિની કામના માટે બીજા જીવોનો નાશ કરવાનો અધ્યવસાય છે. જ્યારે ભગવાનની પૂજામાં તો વીતરાગભાવ પ્રત્યેનો પૂજ્યભાવ છે અને તે પૂજ્યભાવની વૃદ્ધિ અર્થે તેના ઉપાયભૂત પૂજામાં પ્રવૃત્તિ છે. તેથી ભગવાનની

ભક્તિમાં જે હિંસા થાય છે, તે સ્વરૂપથી હિંસા છે અને અનુબંધથી અહિંસાનું કારણ છે; કેમ કે ભગવાનની પૂજાથી ગુણની વૃદ્ધિ થાય છે, જે અહિંસાનું કારણ બને છે.

✪ અહીં અભિચારનો અર્થ એ છે કે, 'अभिचरणं अभिचारः' પ્રસ્તુતમાં શ્યેનયાગમાં કાગડાને જે રીતે રિબાવીને યજ્ઞમાં નાશ કરવામાં આવે છે, તેનું અભિચરણ=અનુસરણ, શત્રુ ઉપર થાય છે=તે રીતે રિબાવીને શત્રુનો નાશ કરવામાં આવે છે, એ રૂપ અભિચાર ફળ અહીં ગ્રહણ કરવાનું છે.

ઉત્થાન :-

'ये हि थी इति भावः' સુધીના કથનને કહેનાર ગ્રંથકાર પોતાનું અન્ય વચન કહે છે –

ટીકાર્થ :-

'अवदाम च' - અને જ્ઞાનસાર પ્રકરણમાં અમે કહ્યું છે -

वेदोक्त ..... किम् ।। વેદોક્તપણું હોવાથી મનઃશુદ્ધિ દ્વારા યોગીઓનો કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ છે, એ પ્રમાણે ઈચ્છતા એવા તમે શ્યેનયાગને કેમ ત્યજો છો ? 'इति' શબ્દ જ્ઞાનસારની સાક્ષીની સમાપ્તિસૂચક છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, યાગાદિમાં પણ, સત્ત્વશુદ્ધિરૂપ ફળને આશ્રયીને અમને પૂજામાં જેવી અપવાદ-ઉત્સર્ગની મર્યાદા છે, તેવી મર્યાદા નથી. એ જ વાતને પુષ્ટ કરવા અન્ય યુક્તિ આપે છે -

ટીકા :-

तथान्यतो गायत्रीजपादेस्तत्सम्भवात्=सत्त्वशुद्धिसम्भवान्नेयं स्थितिरित्यपि बोध्यम् । अस्माकं त्वनन्यगत्या आयव्ययतुलनयाऽपवादाश्रयणे सत्त्वशुद्धेर्नासम्भवः ।।५५।।

ટીકાર્થ :-

तथान्यतो ..... बोध्यम् । અને અન્યથી=ગાયત્રીજપાદિથી, તેનો સંભવ હોવાથી=સત્ત્વશુદ્ધિનો સંભવ હોવાથી, આ સ્થિતિ નથી=અમારા દ્રવ્યસ્તવમાં ઉત્સર્ગ-અપવાદની જેવી મર્યાદા છે, તેવી મર્યાદા યાગીય હિંસાવિધિમાં નથી, એ પ્રમાણે પણ જાણવું.

✪ 'नेयं स्थितिरित्यपि बोध्यम्' અહીં 'अपि' થી એ કહેવું છે કે, પૂર્વમાં કહ્યું કે, જેમ શ્યેનયાગથી મનઃશુદ્ધિ થઈ શકતી નથી, તેમ જ્યોતિષ્ટોમાદિ યજ્ઞથી મનઃશુદ્ધિ કરવી અશક્ય છે, તેથી અમારી કહેલી જાતીય મર્યાદા નથી, તે તો જાણવું, પરંતુ અહિંસક એવા ગાયત્રીજપાદિથી સત્ત્વશુદ્ધિનો સંભવ હોવાથી હિંસક એવી યાગીય હિંસાથી સત્ત્વશુદ્ધિ કરવી અનુચિત છે. એથી કરીને આ સ્થિતિ=મર્યાદા નથી, એમ પણ જાણવું.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, યાગીય હિંસામાં અમારા દ્રવ્યસ્તવની સદૃશ મર્યાદા નથી; અને તેમાં હેતુ આપ્યો કે, અહિંસક એવા ગાયત્રીજપાદિથી મનઃશુદ્ધિ થઈ શકે છે, તેથી હિંસક એવા યાગાદિથી મનઃશુદ્ધિ કરવી ઉચિત નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે, તમે પણ સામાયિકાદિ દ્વારા સત્ત્વશુદ્ધિ કરી શકો છો, તો પછી હિંસક એવા દ્રવ્યસ્તવથી સત્ત્વશુદ્ધિ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

अस्माकं ..... असम्भवः ।। **અમને વળી અનન્યગતિ હોવાને કારણે આય-વ્યયની તુલનાથી અપવાદના આશ્રયણમાં સત્ત્વશુદ્ધિનો અસંભવ નથી. ।।૫૫।.**

વિશેષાર્થ :-

ગ્રંથકાર કહે છે કે, અમારા મત પ્રમાણે મલિનારંભી દ્રવ્યસ્તવનો અધિકારી છે. તેમના માટે સત્ત્વશુદ્ધિનો બીજો કોઈ ઉપાય નથી, તેથી અનન્યગતિ હોવાને કારણે દ્રવ્યસ્તવમાં થતી હિંસા અને દ્રવ્યસ્તવમાં થતા લાભોની તુલના કરવામાં આવે છે=દ્રવ્યસ્તવમાં થતા લાભરૂપ આય અને દ્રવ્યસ્તવમાં થતી હિંસારૂપ વ્યયની તુલના કરવામાં આવે છે, અને જ્યારે વ્યય કરતાં આયની અધિક પ્રાપ્તિ થતી હોય અને વગર વ્યયે આયનો અસંભવ હોય ત્યારે અપવાદનું આશ્રયણ કરવામાં આવે છે, અને તે આશ્રયણમાં સત્ત્વશુદ્ધિનો અસંભવ નથી=સત્ત્વશુદ્ધિ થાય છે.

શ્રાવક સંસારમાં જે મલિન આરંભ કરે છે, તે જાણે છે કે આરંભ કરવાની પરિણતિ હજુ મારી ઉચ્છિન્ન થઈ નથી. આમ છતાં, નિરારંભી એવા મુનિઓ પ્રત્યે અને નિરારંભી જીવન જીવવાનો ઉપદેશ આપનાર એવા ભગવાન પ્રત્યે જેને અત્યંત પૂજ્યબુદ્ધિ છે, તેવો તે શ્રાવક, તેમના પ્રત્યેની ભક્તિ કરીને નિરારંભી જીવન જીવવાનું સત્ત્વ કેળવતો હોય છે. તેથી ભક્તિકાળમાં જે પુષ્પાદિના અવલંબનથી જ ભગવાન પ્રત્યે ભક્તિભાવ કેળવીને નિરારંભરૂપ તેમના માર્ગ પ્રત્યે પ્રસર્પણના પરિણામવાળો તે બને છે, તે વખતે થતા તે પુષ્પાદિના આરંભરૂપ વ્યય કરતાં સત્ત્વશુદ્ધિના અધિક લાભરૂપ આય પ્રાપ્ત થવાના કારણે, ત્યાં મનઃશુદ્ધિ પ્રગટે છે=નિરારંભ જીવન પ્રત્યેની અભિમુખ બુદ્ધિરૂપ મનઃશુદ્ધિ ત્યાં પ્રગટે છે, માટે અમને કોઈ દોષ નથી.

દ્રવ્યસ્તવ વગર માત્ર સામાયિકથી શુદ્ધિ તે જ કરી શકે કે જે અત્યંત સંક્ષેપપૂર્વક નિરવદ્ય જીવન જીવતો હોય, અને તેવો શ્રાવક પૂજાનો અધિકારી નથી પણ અન્ય શ્રાવક માત્ર સામાયિકથી શુદ્ધિ કરી શકે નહિ, પરંતુ ઉચિત કાળે દ્રવ્યસ્તવથી જ શુદ્ધિ કરી શકે છે, તેથી 'અનન્ય ગતિ હોવાને કારણે' એમ કહેલ છે. **।।૫૫।।**

અવતરણિકા :-

અનન્યગતિકત્વે પૂજાદાવન્યથાસિદ્ધિં શઙ્કતે -

અવતરણિકાર્થ :-

પૂજાદિમાં અનન્યગતિપણું પૂર્વમાં બતાવ્યું, તદ્વિષયક અન્યથાસિદ્ધિની શંકા કરે છે -

વિશેષાર્થ :-

પૂજા કે તેવી બીજી આરંભ-સમારંભવાળી ભક્તિની ક્રિયામાં મલિનારંભીને અનન્યગતિપણું છે, એમ પૂર્વમાં કહ્યું, ત્યાં પૂર્વપક્ષી પૂજાદિમાં અનન્યગતિપણું અન્યથાસિદ્ધ છે=અનન્યગતિપણું નથી, તે શંકા કરે છે.

શ્લોક :-

नन्वेवं किमु पूजयापि भवतां सिद्ध्यत्यवद्योज्झिताद्,
भावापद्विनिवारणोचितगुणः सामायिकादेरपि ।
सत्यं योऽधिकरोति दर्शनगुणोल्लासाय वित्तव्यये,
तस्येयं महते गुणाय विफलो हेतुर्न हेत्वन्तरात् ।।५६।।

શ્લોકાર્થ :-

'ननु' થી શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે કે, આ રીતે=પૂર્વે શ્લોક-૫૫ માં કહ્યું કે, હિંસક એવા યાગાદિ કરતાં ગાયત્રીજપાદિથી સત્ત્વશુદ્ધિનો સંભવ છે એ રીતે, પુષ્પાદિની હિંસારૂપ પૂજાથી અન્ય સામાયિકાદિથી સત્ત્વશુદ્ધિનો સંભવ હોતે છતે, તમને પૂજા વડે શું ? ભાવઆપત્તિનું નિવારણ કરાયે છતે ઉચિત ગુણ અવદ્યરહિત એવા સામાયિકાદિથી પણ સિદ્ધ થાય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે-છે - તારી વાત સાચી છે, પરંતુ દર્શનગુણના ઉલ્લાસ માટે જે વિત્તવ્યયમાં અધિકારી થાય છે, તેમને આ=પૂજા, મહાન ગુણ માટે થાય છે, (તુલ્ય ફળમાં પણ કહે છે -) અને હેત્વંતરથી હેતુ વિફળ નથી. ।।૫૬।।

ટીકા :-

नन्वेवमिति :- नन्वेवं सत्त्वशुद्धेरन्यतः संभवे भवतां स्वरूपतः सावद्यया पूजयापि किम् ? जिनविरहप्रयुक्तभावापद्विनिवारणे उचितोगुणोऽवद्योज्झितात्=पापरहितात्, सामायिकादेरपि सिद्ध्यति, तस्य पारमार्थिकविनयरूपत्वात् । आह च 'पुष्पामिषस्तुतिप्रतिपत्तीनां यथोत्तरं प्रामाण्यमि'ति ।

ટીકાર્થ :-

'नन्वेवं ..... किम् ?' 'ननु' થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, આ રીતે=પૂર્વે શ્લોક-૫૫ માં કહ્યું

કે, હિંસક એવા યાગાદિ કરતાં ગાયત્રીજપાદિથી સત્ત્વશુદ્ધિનો સંભવ છે એ રીતે, પુષ્પાદિની હિંસારૂપ પૂજાથી અન્ય સામાયિકાદિથી સત્ત્વશુદ્ધિનો સંભવ હોતે છતે તમને સ્વરૂપથી સાવદ્ય એવી પૂજા વડે પણ શું ?

ઉત્થાન :-

પૂર્વપક્ષી પૂજા સિવાય અન્યથી સત્ત્વશુદ્ધિનો સંભવ કઈ રીતે થાય છે, તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

जिनविरह ..... विनयरूपत्वात् । જિનવિરહપ્રયુક્ત ભાવઆપત્તિનું વિનિવારણ કરાયે છતે ઉચિત ગુણ અવદ્યરહિત=પાપરહિત, એવા સામાયિકાદિથી સિદ્ધ થાય છે; કેમ કે તેનું =સામાયિકનું, પારમાર્થિક વિનયરૂપપણું છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે, પરને જેમ ગાયત્રીના જપાદિથી સત્ત્વશુદ્ધિનો સંભવ હોતે છતે યાગાદિ હિંસા અપવાદરૂપ બનતી નથી તેમ તમે કહ્યું, એ રીતે તમને અન્યથી સત્ત્વશુદ્ધિનો સંભવ હોવાથી સ્વરૂપથી સાવદ્ય એવી પૂજાની પ્રવૃત્તિ અપવાદરૂપ સ્વીકારી શકાય નહિ.

અન્યથી સત્ત્વશુદ્ધિનો સંભવ કઈ રીતે છે, તે બતાવતાં પૂર્વપક્ષીએ કહ્યું કે, જિનવિરહપ્રયુક્ત ભાવઆપત્તિનું વિનાવરણ કરાયે છતે ઉચિત ગુણ પાપરહિત એવા સામાયિકાદિથી પણ સિદ્ધ થાય છે; કેમ કે સામાયિક પારમાર્થિક વિનયરૂપ છે. તેનો આશય એ છે કે વર્તમાનમાં સાક્ષાત્ ભાવજિનનો વિરહ છે, તેથી જીવને જિનવિરહ પ્રયુક્ત ભાવઆપત્તિ પ્રાપ્ત થાય છે. ઉત્તમ ભાવ કરવા માટેની સામગ્રીનો અભાવ તે ભાવઆપત્તિ છે; કેમ કે જો સાક્ષાત્ ભગવાન હોય તો તેમને વંદન-નમન-પૂજનાદિ કરીને જે પરિણામો કરી શકાય છે, તે તેમના વિરહમાં કરવાં દુષ્કર છે. માટે સાક્ષાત્ ભગવાનના વિરહને કારણે ભાવઆપત્તિ પ્રાપ્ત થઈ. તેનું નિવારણ કરવા માટે યત્ન કરવો હોય તો તેને અનુરૂપ ઉચિત વિનય કેળવવો જોઈએ. તેથી શ્રાવકો ભાવજિનના વિરહમાં જિનમૂર્તિની પૂજા કરીને ઉચિત ગુણ કેળવે છે. તેનાથી ભાવઆપત્તિનું નિવારણ થાય છે. પરંતુ પૂર્વપક્ષી કહે છે કે, પાપરહિત એવા સામાયિકાદિથી પણ ઉચિત ગુણ થઈ શકે છે. જેમ સાવદ્ય એવી પૂજાથી તમે ઉચિત ગુણની સિદ્ધિ માનો છો, તેમ પાપરહિત એવા સામાયિકાદિથી પણ તે ગુણની સિદ્ધિ થઈ શકે છે; કેમ કે સામાયિકાદિ ક્રિયા તે ભગવાનના વચનાનુસાર સેવવા યોગ્ય નિરવદ્ય અનુષ્ઠાનરૂપ છે. તેથી જેઓ ભગવાનના વચનના સ્મરણપૂર્વક સામાયિકાદિ અનુષ્ઠાન કરે છે, તે ભગવાનનો જ વિનય કરે છે અને તે પારમાર્થિક વિનય છે.

વિનય એક પ્રકારની માનસિક ક્રિયા છે અને ભગવાનના વચનના સ્મરણપૂર્વક સામાયિકાદિ અનુષ્ઠાનનું સેવન કરવું, તે ભગવાનનો પારમાર્થિક વિનય છે; કેમ કે, પૂજાદિ ઉપચાર વિનયરૂપ છે, જ્યારે વચનના સ્મરણપૂર્વક રત્નત્રયીનું પાલન કરવું, એ પારમાર્થિક વિનયરૂપ છે.

ભગવાનના વચનાનુસાર કરાતું રત્નત્રયીનું સેવન એ આત્મામાં રહેલાં કર્મોનું વિનયન કરી શકે છે. આથી જ જ્ઞાન, દર્શન અને ચારિત્રને વિનયરૂપ કહેલ છે. આ રીતે સામાયિકાદિથી ઉચિત ગુણની સિદ્ધિ થઈ શકે છે, તેથી પૂર્વપક્ષી કહે છે કે, સ્વરૂપથી સાવદ્ય પૂજા કરતાં અન્ય એવા સામાયિકાદિથી ચિત્તની શુદ્ધિનો સંભવ હોવાથી.સ્વરૂપથી સાવદ્ય પૂજા કરવી ઉચિત નથી.

ઉત્થાન :-

પૂર્વપક્ષીએ કહ્યું કે, સામાયિકનું પારમાર્થિક વિનયરૂપપણું છે. તેને જ બતાવવા અર્થે શાસ્ત્રપાઠ આપે છે -

ટીકાર્થ :-

आह च - पुष्पामिष ..... प्रामाण्यमिति । પુષ્પ, આમિષ, સ્તુતિ અને પ્રતિપત્તિનું યથોત્તર પ્રામાણ્ય છે.

✪ 'प्रामाण्यमिति' અહીં 'इति' શબ્દ સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

યદ્યપિ ચારેય પ્રકારની પૂજા શાસ્ત્રને સંમત છે, તે રૂપે પ્રમાણ છે, પરંતુ ઉત્તરોત્તર અધિક અધિક ભગવદ્ ભક્તિસ્વરૂપ હોવાથી અધિક અધિક પ્રમાણરૂપ છે=સ્વકાર્ય એવી નિર્જરાને અધિક અધિક કરનાર છે, અને સામાયિક એ પ્રતિપત્તિરૂપ હોવાથી પુષ્પાદિ પૂજા કરતાં અધિક નિર્જરાનું કારણ છે, અને ચારેયમાં પ્રતિપત્તિ પૂજા સર્વશ્રેષ્ઠ છે, તેથી સામાયક પ્રતિપત્તિરૂપ હોવાથી પારમાર્થિક વિનય સ્વરૂપ છે.

ભગવાન પ્રત્યેના બહુમાનભાવને કારણે ઉત્તમ દ્રવ્યોની પૂજાનો પરિણામ થાય છે, તેથી શ્રાવક પુષ્પ-ચંદનાદિ ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરે છે, અને તે નિર્જરાનું કારણ છે, તેથી પુષ્પાદિ પૂજા પ્રમાણરૂપ છે. પુષ્પાદિ પૂજા કર્યા પછી ભગવાન જેવા થવાની અભિલાષાવાળો શ્રાવક, ઉત્તમ સામગ્રી=આમિષ, ભગવાન સમક્ષ મૂકીને આ ભોગસામગ્રી પ્રત્યે નિસ્પૃહ ચિત્ત કરવાની અભિલાષાવાળો હોય છે, તેથી પ્રથમ પુષ્પાદિ પૂજા કરતાં આમિષ પૂજા અધિક નિર્જરાનું કારણ બને છે, માટે અધિક પ્રમાણરૂપ છે. ત્યાર પછી ભગવાનના ગુણોથી આત્માને રંજિત કરવા માટે ભગવાનના ગુણોની સ્તુતિરૂપ ચૈત્યવંદનની ક્રિયા કરે છે, જે પુષ્પ અને આમિષ પૂજા કરતાં અધિક નિર્જરાનું કારણ છે; કેમ કે ભગવાનના ગુણોથી ઉપરંજિત થઈને વિશેષ પ્રકારના નિર્લેપભાવ તરફ જવા માટેનો ઉપયોગ સ્તુતિકાળમાં હોય છે. તેથી પુષ્પ અને આમિષ પૂજા કરતાં સ્તોત્રપૂજા અધિક નિર્જરાનું કારણ છે, માટે અધિક પ્રમાણરૂપ છે. અને ચોથી પ્રતિપત્તિ પૂજા એ ભગવાનની આજ્ઞાના પાલનરૂપ છે. પૂજાદિ ક્રિયારૂપ આજ્ઞાનું પાલન પ્રતિપત્તિ પૂજારૂપ નથી, પરંતુ સર્વત્ર નિસ્પૃહ થઈને નિરવદ્ય જીવન જીવવાના યત્નસ્વરૂપ આજ્ઞાનું પાલન પ્રતિપત્તિ પૂજારૂપ છે, અને તે પ્રતિપત્તિ પૂજારૂપ સામાયિક અનુષ્ઠાન છે; કેમ કે સર્વ સાવદ્યનો ત્યાગ કરીને નિરવદ્ય ભાવો તરફ જવાના યત્નરૂપ સામાયિકની ક્રિયા છે. અને તે પરિપૂર્ણ મુનિને હોય છે, અને શ્રાવકને દ્વિવિધ-ત્રિવિધ હોવાથી મુનિની કાંઈક નજીક જવા સ્વરૂપ છે. તેથી પ્રથમ ત્રણ પૂજા કરતાં પ્રતિપત્તિ પૂજા અધિક નિર્જરાનું કારણ છે, માટે સર્વથી અધિક પ્રમાણરૂપ છે.

ઉત્થાન :-

અવતરણિકામાં ગ્રંથકારે અનન્યગતિપણામાં અન્યથાસિદ્ધિની શંકાનું જે દ્યોતન કર્યું, તે શંકા આટલા કથનથી શ્લોકમાં વ્યક્ત થાય છે. હવે શ્લોકના ઉત્તરાર્ધથી તે શંકાનું નિવારણ કરે છે -

ટીકા :-

उत्तरमाह-'सत्यमि'ति-सत्यमित्यर्द्धाङ्गीकारे, यो दर्शनगुणोल्लासाय=सम्यक्त्वगुणवृद्ध्यर्थं, वित्तव्यये क्षेत्रे धनवापायाधिकरोति=अधिकारभाग्भवति, तस्येयं=पूजा, महते गुणाय भवति, अधिकारिविशेषेण कारणविशेषात्फलविशेषस्य न्याय्यत्वाद्, भूम्ना तत्प्रवृत्तेश्चात एव द्रव्यस्तवः श्राद्धानां हस्तिशरीरतुल्यो, भावस्तवश्च तेषां किञ्चित्कालीनसामायिकादिरूपस्तदक्षितुल्य इति तत्र तत्र स्थितम् ।

ટીકાર્થ :-

उत्तरमाह - **પૂર્વપક્ષીએ પૂર્વમાં કહ્યું કે, જે રીતે તમે ગાયત્રીજપાદિથી સત્ત્વશુદ્ધિનો સંભવ હોવાને કારણે યાગીય હિંસાને અપવાદરૂપ સ્વીકારતા નથી, એ જ રીતે સામાયિકાદિથી સત્ત્વશુદ્ધિનો સંભવ હોવાને કારણે સ્વરૂપથી સાવદ્ય પૂજા પણ હિતકારી નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -**

'सत्यम्' એ અર્ધ અંગીકારમાં છે. તારી=પૂર્વપક્ષીની, વાત સાચી છે; કેમ કે, સામાયિકાદિથી શુદ્ધિ થતી હોય તો સ્વરૂપથી સાવદ્ય એવી પૂજા ઈષ્ટ ન ગણાય. પરંતુ કોઈક અપેક્ષાએ સામાયિકાદિથી શુદ્ધિ ન થતી હોય તેવા જીવોને આશ્રયીને પૂજાથી શુદ્ધિ થાય છે, એ અપેક્ષાએ પોતાને પૂર્વપક્ષીની વાત ઈષ્ટ નથી. તે બતાવતાં કહે છે -

'यो दर्शनगुण ..... न्याय्यत्वाद्,' જે દર્શનગુણના ઉલ્લાસ માટે=સમ્યક્ત્વ ગુણની વૃદ્ધિ માટે, વિત્તવ્યયક્ષેત્રમાં ધનવપન માટે અધિકારભાગી થાય છે, તેની આ=પૂજા, મહાન ગુણ માટે થાય છે; કેમ કે અધિકારીવિશેષ વડે કારણવિશેષથી ફલવિશેષનું ન્યાય્યપણું છે.

ઉત્થાન :-

અહીં શંકા થાય કે, પૂજા કરનાર જીવ પણ સામાયિકનો અધિકારી છે. તેથી શ્રાવક સામાયિક પણ કરે છે, અને સામાયિકથી જો તેની શુદ્ધિ થતી હોય તો સાવદ્ય પ્રવૃત્તિરૂપ પૂજામાં કેમ પ્રયત્ન કરે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

'भूम्ना ..... स्थितम् ।' અતિશયથી=અધિકપણાથી, તેમાં=દ્રવ્યસ્તવમાં, પ્રવૃત્તિ છે, આથી કરીને જ, શ્રાવકોને દ્રવ્યસ્તવ હાથીના શરીર તુલ્ય છે, અને કિંચિત્કાલીન સામાયિકાદિરૂપ ભાવસ્તવ

તેઓને=શ્રાવકોને, તેની=હાથીની, અક્ષિ તુલ્ય છે, એ પ્રમાણે ત્યાં ત્યાં=જ્યાં જ્યાં દ્રવ્યસ્તવ-ભાવસ્તવની વિચારણા શાસ્ત્રમાં કરી છે ત્યાં ત્યાં, સ્થિત છે.

વિશેષાર્થ :-

જે જીવને ભગવાનના ગુણોથી રંજિત થઈને ભગવાન પ્રત્યે બહુમાનભાવ પ્રગટ્યો છે, આમ છતાં સંસારની સાવદ્ય પ્રવૃત્તિથી તેનું ચિત્ત હજી નિવૃત્ત થયું નથી અને તેથી મલિનારંભરૂપ સંસારની અર્થોપાર્જનાદિરૂપ ક્રિયાઓ કરે છે, તેવા જીવને પોતાના દર્શનગુણને અતિશયિત કરવા માટે ભગવાનની ભક્તિમાં ધનવ્યય કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેવો જીવ ભગવાનની પૂજાથી જે પ્રકારના ગુણો પ્રગટાવી શકે છે, તેવા વિશેષ ગુણો સામાયિકાદિની ક્રિયાથી તે પ્રગટાવી શકતો નથી; કેમ કે હજુ પણ નિરારંભ જીવન જીવવા માટે તેનું માનસ ઉલ્લસિત થયું નથી, પરંતુ નિરારંભી એવા સાધુઓ અને નિરારંભ જીવનને બતાવનાર એવા ભગવાનનાં વચનો પ્રત્યે તેને અત્યંત આદર છે, તેવો જીવ ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની પૂજા કરીને વિશેષ પ્રકારના ભાવોલ્લાસ કરી શકે છે.

જ્યારે સામાયિકની પ્રવૃત્તિ ફક્ત ક્રિયાત્મક કરવાની નથી, પરંતુ નિરારંભી માનસ પેદા કરવા માટે કરવાની છે, અને નિરારંભભાવમાં યત્ન કરી શકે તેવું વિશેષ માનસ મલિનારંભી શ્રાવકનું નથી. તેથી પૂજાની ક્રિયા માટે તેવો શ્રાવક અધિકારીવિશેષ છે, અને તેવા શ્રાવકની પૂજાની ક્રિયા તે નિર્જરા પ્રત્યે કારણવિશેષ છે. તેથી જ્યારે તેવો મલિનારંભી શ્રાવક પૂજા કરીને જે નિર્જરારૂપ ફળવિશેષને પ્રાપ્ત કરે છે કે દર્શનશુદ્ધિને પ્રાપ્ત કરે છે, તેવું ફળવિશેષ સામાયિકથી પ્રાપ્ત કરી શકતો નથી. તેથી તેવા જીવોને પૂજામાં વિશેષ યત્ન કરવો તે ન્યાય્ય=યુક્ત છે. આથી જ તેવો વિવેકસંપન્ન શ્રાવક સામાયિકાદિ ક્રિયા કરતાં ભગવદ્ભક્તિના અનુષ્ઠાનમાં અધિક પ્રવૃત્તિ કરે છે. આથી કરીને શાસ્ત્રમાં કહ્યું છે –

શ્રાવકને દ્રવ્યસ્તવ હાથીના શરીર જેટલો વિશાળ છે અને સામાયિકાદિરૂપ ભાવસ્તવ હાથીની આંખ જેટલો અલ્પમાત્રામાં હોય છે; કેમ કે તે જાણે છે કે મારી ભૂમિકા પ્રમાણે દ્રવ્યસ્તવથી જે લાભ મને થાય છે, તેવો લાભ સામાયિકથી મને થઈ શકે તેમ નથી. આમ છતાં તેવો શ્રાવક સર્વથા નિરવદ્યભાવનો અર્થી છે, તેથી જ્યારે જ્યારે વીર્યનો પ્રકર્ષ થાય ત્યારે ત્યારે કોઈક કાળે સામાયિકાદિમાં યત્ન કરીને પણ પોતાનું વિશેષ ચિત્ત નિર્માણ કરવા પ્રયત્ન કરે છે, તો પણ તેનો વિશેષ પ્રયત્ન દ્રવ્યસ્તવમાં છે.

જોકે વિવેકસંપન્ન શ્રાવક ક્યારેક સામાયિક કરે ત્યારે ભાવસ્તવની પ્રાપ્તિ થાય તો, અવશ્ય દ્રવ્યસ્તવ કરતાં અધિક નિર્જરાને સામાયિક દ્વારા પ્રાપ્ત કરે છે, તો પણ તેનું નિરારંભી ચિત્ત નહિ હોવાને કારણે દીર્ઘકાળ સુધી સામાયિક દ્વારા તેવો ભાવ તે કરી શકતો નથી, જ્યારે પૂજા દ્વારા દીર્ઘકાળ સુધી ઉત્તમ ભાવો કરી શકે છે. આથી જ અધિક નિર્જરાનું કારણ સામાયિક હોવા છતાં તેવો શ્રાવક હાથીના શરીર જેટલી દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ કરે છે અને હાથીની આંખ જેટલી અલ્પમાત્રામાં સામાયિકની ક્રિયા કરે છે.

ઉત્થાન :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે, ધન વાપરવાના ક્ષેત્રમાં જ ધનવપન માટે જે અધિકારી છે, તે વ્યક્તિને ભગવાનની પૂજાથી વિશેષ ગુણ થાય છે. તેથી જ સામાયિકાદિ કરતાં દ્રવ્યસ્તવમાં તેવા શ્રાવકની વિશેષ પ્રવૃત્તિ હોય છે. તેવા જીવોને આશ્રયીને તો સામાયિક કરતાં પૂજામાં યત્ન કરવો વિશેષ ઉચિત છે. પરંતુ ભિન્ન પ્રકારના જીવોને આશ્રયીને વિચારીએ તો, કેટલાકને દ્રવ્યસ્તવથી જેમ મનશુદ્ધિ થઈ શકે છે, તેમ સામાયિકથી પણ મનશુદ્ધિ થઈ શકતી હોય, તો સામાયિક અને દ્રવ્યસ્તવ તુલ્યફળવાળું તેવા જીવોને આશ્રયીને હોઈ શકે. અને તે સ્થાનમાં પૂર્વપક્ષી કહે કે, જેમ ગાયત્રીજપાદિથી મનની શુદ્ધિ થવાથી યાગાદિ કરવા ઉચિત નથી, તેમ સામાયિકથી મનશુદ્ધિ થવાને કારણે આરંભરૂપ પૂજાની ક્રિયા કરવી ઉચિત ન ગણાય. તેનું નિરાકરણ કરતાં કહે છે -

ટીકા :-

तुल्यफलत्वेऽप्याह-"हेत्वन्तरात् हेतुर्विफलो न" तथा च दानादीनां सामायिकादीनां देव-पूजायाश्च श्राद्धोचितफले तृणारणिमणिन्यायेन कारणत्वान्न दोषोऽत एव श्रमणमधिकृत्याप्युक्तम्-

'संवरनिर्जरारूपो बहुप्रकारस्तपोविधिः सूत्रे ।
रोगचिकित्साविधिरिव कस्यापि कथञ्चिदुपकारी' ।। **इति।।५६।।**

ટીકાર્થ :-

तुल्यफलत्वेऽप्याह - તુલ્યફળમાં પણ કહે છે -

हेत्वन्तरात् ..... विफलो न । 'હેત્વંતરથી હેતુ વિફળ નથી'=મનઃશુદ્ધિના કારણીભૂત સામાયિકાદિરૂપ હેત્વંતરથી દ્રવ્યસ્તવરૂપ મનઃશુદ્ધિનો હેતુ વિફળ નથી.

એ જ વાતને યુક્તિથી સ્પષ્ટ કરતાં કહે છે –

तथा च ..... उक्तम् અને તે રીતે=હેત્વંતરથી હેતુ વિફળ નથી તે રીતે, દાનાદિનું, સામાયિકાદિનું અને દેવપૂજાનું શ્રાદ્ધને ઉચિત ફળમાં તૃણ-અરણિ-મણિના ન્યાયથી કારણપણું હોવાથી દોષ નથી. આથી કરીને જ શ્રમણને આશ્રયીને પણ કહેવાયેલું છે –

संवर ..... उपकारी ।। इति ।। સૂત્રમાં સંવર, નિર્જરારૂપ અનેક પ્રકારે તપોવિધિ રોગની ચિકિત્સાવિધિની જેમ કોઈને પણ કોઈ રીતે ઉપકારી છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે. ।।૫૬।।

વિશેષાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે, શ્રાવકોને હાથીના શરીર જેટલો દ્રવ્યસ્તવ છે અને હાથીની આંખ જેટલો કિંચિત્કાલીન સામાયિકાદિરૂપ ભાવસ્તવ છે. તેનું કારણ એ છે કે શ્રાવક દ્રવ્યસ્તવથી જેવા વિશિષ્ટ ભાવો પેદા

કરી શકે છે, તેવા વિશિષ્ટ ભાવો સામાયિકાદિથી કરી શકતો નથી; તેથી ફળનો અર્થી એવો શ્રાવક વિશેષરૂપે દ્રવ્યસ્તવમાં યત્ન કરે છે.

હવે કોઈ શ્રાવક દ્રવ્યસ્તવની જેમ સામાયિકથી પણ સમાન ફળ મેળવી શકે છે, તો તેને આશ્રયીને શું ? તે વાત મૂળ શ્લોકમાં બતાવતાં કહે છે –

હેત્વંતરથી હેતુ વિફળ નથી.

આશય એ છે કે, મોક્ષના કારણરૂપ દ્રવ્યસ્તવ કરતાં હેત્વંતરરૂપ સામાયિકથી હેતુ વિફળ નથી=મોક્ષના કારણરૂપ દ્રવ્યસ્તવરૂપ હેતુ વિફળ નથી. માટે જેમ શ્રાવકને સામાયિક કર્તવ્ય છે તેમ ઉચિત કાર્યરૂપ દ્રવ્યસ્તવ પણ કર્તવ્ય છે એ સિદ્ધ થાય છે. અને તે જ પદાર્થને સ્પષ્ટ કરવા માટે તથા ચ થી કહે છે –

અને તે રીતે=હેત્વંતરથી હેતુ વિફળ નથી તે રીતે, શ્રાવકને દાનાદિ, સામાયિકાદિ અને દેવપૂજાના શ્રાવકને ઉચિત ફળમાં તૃણ, અરણિ, મણિ ન્યાયથી કારણપણું હોવાને કારણે દોષ નથી.

આશય એ છે કે, જેમ તૃણથી અગ્નિ પેદા થઈ શકે છે, અરણિના કાષ્ઠથી અગ્નિ પેદા થઈ શકે છે અને મણિથી અગ્નિ પેદા થઈ શકે છે, તેથી અગ્નિનો અર્થી જે વખતે જે ઉપલબ્ધ હોય તેનાથી અગ્નિ માટે યત્ન કરે છે; તેમ શ્રાવક પણ શ્રાવકાચારના ઉચિત ફળની પ્રાપ્તિ દાનાદિ, સામાયિકાદિ અને દેવપૂજાથી કરી શકે છે. તેથી ઉચિત કાળે તે દાનાદિમાં પ્રયત્ન કરે, તેમ ઉચિત કાળે સામાયિકમાં પણ યત્ન કરે અને ઉચિત કાળે દેવપૂજામાં પણ યત્ન કરે. પરંતુ એમ ન વિચારે કે, સામાયિકથી મને ફળની પ્રાપ્તિ થાય છે, તો દેવપૂજા કરવાની જરૂર નથી; કેમ કે, જેમ નિર્જરાનું કારણ શ્રાવક માટે સામાયિક છે, તેમ દેવપૂજા પણ છે. માટે શ્રાવકને સામાયિકથી નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ હોવા છતાં દેવપૂજામાં યત્ન કરે તેમ સ્વીકારવામાં દોષ નથી.

હેત્વંતરથી હેતુ વિફળ નથી, એ જ વાતને આગમવચનથી સ્પષ્ટ કરવા માટે કહે છે કે, આથી કરીને જ સાધુને આશ્રયીને કહેવાયેલું છે - જેને જેવા પ્રકારનો રોગ હોય તેને તેવા પ્રકારે જુદી જુદી ચિકિત્સા હોય છે. તે રીતે સાધુને સંવર-નિર્જરાના કારણરૂપ એવો તપ પણ, કોઈક જીવને આશ્રયીને કોઈક તપ ઉપકારક થાય, અને અન્ય જીવને આશ્રયીને અન્ય તપ ઉપકારક થાય. જેમ કોઈ જીવ સ્વાધ્યાયાદિથી વિશેષ સંવેગ પેદા કરી શકતો હોય તો સ્વાધ્યાયાદિથી તેને ઉપકાર થાય, અને કોઈ જીવ વિશેષ પ્રકારના ઉપવાસાદિ તપથી વિશેષ સંવેગ પેદા કરી શકતો હોય તો તેવા જીવોને આશ્રયીને ઉપવાસાદિ તપ ઉપકારક થાય. પરંતુ એટલા માત્રથી સ્વાધ્યાયાદિને આશ્રયીને ઉપવાસાદિને સંવરના અકારણ તરીકે સ્વીકારી શકાય નહિ. તેથી જેમ જે સાધુને જે તપથી નિર્જરાની સિદ્ધિ થઈ હોય તે સાધુ તેમાં જ યત્ન કરે તો પણ, અન્ય તપ કર્તવ્ય નથી તેમ કહી શકાય નહિ; તે જ રીતે જે શ્રાવક સામાયિકથી મોક્ષને અનુકૂળ ભાવો કરી શકે છે, તે શ્રાવક સામાયિકમાં યત્ન કરે તો પણ, જે શ્રાવકને ભગવાનની પૂજાથી પણ વિશેષ પરિણામ થતો હોય તેણે પણ સામાયિકથી જ આત્મહિત સાધવું અને દેવપૂજા કર્તવ્ય નથી, તેમ સ્વીકારી શકે નહિ. પરંતુ પોતાની ભૂમિકા પ્રમાણે જ્યારે સામાયિકથી લાભ થતો હોય ત્યારે સામાયિકમાં યત્ન કરે, અને જ્યારે સામાયિકથી તેવો ભાવ કરી શકે તેમ ન હોય ત્યારે દ્રવ્યસ્તવમાં યત્ન કરે, કે જેથી વિશેષ પ્રકારનો ભાવ દ્રવ્યસ્તવથી ઉલ્લસિત થાય.

આશય એ છે કે, શ્રાવક સંસારના આરંભવાળો હોય છે, તેથી તદ્દન નિરારંભ પરિણામ તરફ જવાના યત્નરૂપ સામાયિકમાં પ્રાયઃ યત્ન કરી શકે નહિ; અને ક્વચિત્ સામાયિકમાં યત્ન કરી શકે તો પણ અલ્પકાળ પૂરતો કરી શકે તેમ હોય છે. તેથી તેવો શ્રાવક શેષકાળમાં દ્રવ્યસ્તવમાં યત્ન કરે તો ભગવાનના ગુણોથી પોતાના ચિત્તને રંજિત કરી શકે, પરંતુ તેને છોડીને ફક્ત સામાયિકમાં યત્ન કરે તો પોતાની તેવી ચિત્તની ભૂમિકા નહિ હોવાથી સામાયિકની ક્રિયામાં માત્ર યત્ન થઈ શકે, પરંતુ માત્ર સામાયિકની ક્રિયા કરવાથી નિરારંભ માનસ કરી શકે નહિ. તેથી તેવા કાળે ભગવાનની ભક્તિથી જ તેનું હિત પ્રાપ્ત થાય છે. ॥૫૬॥

અવતરણિકા :-

आरम्भशङ्कायामत्र दोषानाह -

અવતરણિકાર્થ :-

અહીંયાં=જિનાર્ચાવિષયક આરંભની શંકામાં, દોષોને કહે છે –

વિશેષાર્થ :-

શ્લોક-૫૫માં કહેલ કે, ગાયત્રીજપાદિથી મનઃશુદ્ધિ થતી હોય તો સ્વરૂપથી દુષ્ટ એવા જ્યોતિષ્ટોમાદિ યજ્ઞોથી મનઃશુદ્ધિ માટે યત્ન કરવો ઉચિત ન ગણાય. તેનું સમાધાન એ કર્યું કે, પૂજામાં અનન્યગતિ છે, તેથી અપવાદિક પૂજામાં સત્ત્વશુદ્ધિનો સંભવ છે; જ્યારે જ્યોતિષ્ટોમાદિમાં અનન્યગતિ નથી.

પૂજામાં અનન્યગતિ કઈ રીતે છે, તે વાત શ્લોક-૫૬ માં સ્પષ્ટ કરી. ત્યાં પૂર્વપક્ષી શંકા કરે કે, પૂજામાં પણ આરંભના દોષો છે. તેથી જેમ સ્વરૂપથી દુષ્ટ એવા જ્યોતિષ્ટોમાદિથી સત્ત્વશુદ્ધિ કરવી ઉચિત નથી, તેમ આરંભની પ્રવૃત્તિવાળી એવી ભગવાનની પૂજાની ક્રિયાથી સત્ત્વશુદ્ધિ કરવી ઉચિત નથી, પરંતુ સામાયિકાદિથી મનઃશુદ્ધિ કરવી ઉચિત છે, એ પ્રકારની શંકામાં દોષો કહે છે -

શ્લોક :-

अन्यारम्भवतो जिनार्चनविधावारंभशङ्काभृतो,
मोहः शासननिन्दनं च विलयो बोधेश्च दोषाः स्मृताः ।
सङ्काशादिवदिष्यते गुणनिधिर्धर्मार्थमृद्ध्यर्जनम्,
शुद्धालम्बनपक्षपातनिरतः कुर्वन्नुपेत्यापि हि ।।५७।।

શ્લોકાર્થ :-

અન્ય આરંભવાળાઓ એવા જિનાર્ચનવિધિમાં આરંભની શંકા ધારણ કરનારાઓને મોહ, શાસનનિંદન અને બોધિનો વિલય દોષો કહેવાયેલા છે. સંકાશાદિની જેમ ધર્મને માટે

ઋદ્ધિનું અર્જન અંગીકાર કરીને પણ વિત્તોપાર્જન કરતો, શુદ્ધ આલંબનના પક્ષપાતમાં નિરત એવો શ્રાવક નિશ્ચિત ગુણનિધિ તરીકે અભિમત છે. ॥૫૭॥

ટીકા :-

'अन्यारम्भवत' इति :- अन्यारम्भः=जिनगृहातिरिक्तारम्भः, तद्वतो, जिनार्चनविधौ=विहित-जिनपूजायामारम्भशङ्कां बिभर्त्तीत्यारम्भशङ्काभृत् तस्य, मोहः=अनाभोगः, स्वेष्टार्थभ्रंशात् । शासननिन्दनं च कीदृश एतेषां शासने धर्मो ये स्वेष्टदैवतमपि शङ्कितकलुषिता नाराधयन्तीति, ततो बोधेर्विलयश्च, अनुचितप्रवृत्त्या शासनमालिन्यापादनस्य तत्फलत्वात् । आह च-

'यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्त्तते ।

बध्नाति स तु मिथ्यात्वं महानर्थनिबन्धनम्' **इति । (द्वात्रिंशिका ६/३०) एते दोषाः स्मृताः ।**

ટીકાર્થ :-

अन्यारम्भः ..... स्मृताः । **अन्य આરંભ=જિનગૃહથી અતિરિક્ત આરંભ, તે આરંભવાળાઓ અને જિનાર્ચનવિધિમાં=વિહિત જિનપૂજામાં, આરંભની શંકા ધારણ કરનારાઓને આ દોષો રહેલા છે- (૧) મોહ=અનાભોગ (અજ્ઞાન), છે, સ્વઈષ્ટના અર્થના ભ્રંશથી; અને (૨) શાસનનિંદન છે, કે આમના શાસનમાં કેવા પ્રકારનો ધર્મ છે કે શંકાથી કલુષિત થયેલા તેઓ સ્વઈષ્ટદેવતાને પણ આરાધતા નથી ? અને તેનાથી=શાસનનિંદાના નિમિત્તથી (૩) બોધિનો વિલય થાય છે; કેમ કે અનુચિત પ્રવૃત્તિથી શાસનમાલિન્યના આપાદનનું તત્ફલપણું=બોધિવિલયરૂપ ફલપણું, છે.** તેમાં સાક્ષી આપતાં કહે છે -

'आह च' - અને કહ્યું છે - यः ..... निबन्धनम्, જે શાસનના માલિન્યમાં અનાભોગથી પણ વર્તે છે, તે વળી મહાઅનર્થના કારણભૂત મિથ્યાત્વને બાંધે છે.

- 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.
- 'नारधयन्तीति' માં इति શબ્દ હેતુ અર્થક છે.

વિશેષાર્થ :-

જે જીવ સંસારમાં આરંભ કરી રહ્યો છે અને જિનપૂજામાં આરંભની શંકાને ધારણ કરી રહ્યો છે અને તે શંકાને કારણે પૂજાની પ્રવૃત્તિથી દૂર રહે છે, તો મલિનારંભીને પૂજા દ્વારા જે ઈષ્ટ અર્થરૂપ ચિત્તની નિર્મળતા થાય છે, તે તેને થતી નથી; અને તેમાં કારણ તેનો મોહ=અજ્ઞાનરૂપ દોષ છે=તે જાણતો નથી કે મલિનારંભીને ચિત્તની શુદ્ધિનો ઉપાય એ ભગવાનની પૂજા છે, અને આવા અજ્ઞાનને કારણે જ ચિત્તશુદ્ધિરૂપ પોતાના ઈષ્ટ અર્થથી તે ભ્રષ્ટ થાય છે=વંચિત રહે છે.

વળી જે જિનપૂજામાં આરંભની શંકા કરે છે, તે બીજા દ્વારા શાસનની નિંદા કરાવે છે, અને તે નિંદાનું સ્વરૂપ બતાવતાં કહે છે -

આ લોકોના શાસંનમાં કેવા પ્રકારનો ધર્મ છે કે સ્વઈષ્ટદેવતાને પણ શંકાથી કલુષિત થયેલા એવા તેઓ આરાધતા નથી ! તટસ્થ વિચારક હોય તેને થાય કે ધર્મ હંમેશાં ઈષ્ટદેવતાની આરાધના કરવાનું કહે છે, પરંતુ આ લોકોના શાસનમાં જે ધર્મ છે, તે વિવેક વગરનો છે. આથી જ પોતાના ઈષ્ટદેવતાની પૂજામાં આરંભની શંકાથી કલુષિત થઈને તેઓ પોતાના ઈષ્ટદેવતાની પણ આરાધના કરતા નથી. આ પ્રકારની શાસનની નિંદા વિચારકને તેમની અનુચિત પ્રવૃત્તિથી થાય. તેથી પૂજામાં આરંભની શંકા કરનારાઓ બીજા જીવોને શાસનથી વિમુખ રાખવાનું કૃત્ય કરે છે, તેથી બોધિદુર્લભ બને છે; કેમ કે, ભગવાનની પૂજામાં આરંભની શંકાથી તેઓ પૂજા કરતા નથી તે અનુચિત પ્રવૃત્તિ છે, અને તેના કારણે તેઓ શાસનનું માલિન્ય આપાદન કરે છે, અને તેનું ફળ બોધિનો વિલય=નાશ છે. અને તેમાં અન્યની સાક્ષી આપી કે, શાસનના માલિન્યમાં જેઓ અનાભોગથી વર્તે છે, તેઓ મહાઅનર્થના કારણભૂત મિથ્યાત્વને બાંધે છે.

અહીં વિશેષ એ છે કે, જે જીવોને કોઈ દર્શન પ્રત્યે પક્ષપાત ન હોય અને તત્ત્વને જાણવામાં અભિમુખ થયેલા હોય એવા જીવોને, પ્રથમ દૃષ્ટિએ તે તે ધર્મની ઉચિત પ્રવૃત્તિને જોઈને તે તે ધર્મ પ્રત્યે આકર્ષણ થાય છે. તેવા જીવો જ્યારે જુએ કે, જૈનો આરંભની શંકાથી ઈષ્ટદેવતાની પૂજા કરતા નથી, ત્યારે તેઓને જૈનધર્મ વિવેક વગરનો છે, તેમ લાગે; તેથી તે દર્શનને જાણવાની જિજ્ઞાસા તેઓને થાય નહિ. તેઓની બુદ્ધિમાં જૈનદર્શનની હીનતાનું જે સ્થાપન થયું, તેનું કારણ જે લોકો ભગવાનની પૂજામાં આરંભની શંકા કરીને ભગવાનની પૂજા કરતા નથી, તે બને છે. તેથી તેઓની તે પ્રવૃત્તિ શાસનની નિંદાનું કારણ કહેલ છે.

ટીકા :-

ननु एवमन्यारम्भप्रवृत्तः पूजार्थमारम्भे प्रवर्त्ततामित्यागतम् । तथा च-

'धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी ।
प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम् ।। **(अग्निकारिकाष्टक श्लो. ६)**

इत्यनेन विरोध इति चेत् ? न, सर्वविरतापेक्षयास्य श्लोकस्याधीतत्वेनाविरोधात् । गृहस्थापेक्षया तु सावद्यप्रवृत्तिविशेषस्य कूपदृष्टान्तेनानुज्ञातत्वान्न केवलं तस्य पूजाङ्गीभूतपुष्पावचयाप्यारम्भे प्रवृत्तिरिष्टा अपि तु वाणिज्यादिसावद्यप्रवृत्तिरपि काचित् कस्यचित्, विषयविशेषपक्षपातरूपत्वेन पापक्षयगुणबीजलाभहेतुत्वात् । तदिदमाह - सङ्काशादिवत्=सङ्काशश्रावकादिरिव, धर्मार्थमृद्ध्यर्जनं=वित्तोपार्जनमुपेत्यापि=अङ्गीकृत्यापि, हि=निश्चितम्, कुर्वन् शुद्धालम्बने यः पक्षपातस्तत्र निरत इति हेतोर्गुणनिधिः=गुणनिधानमिष्यते ।।

ટીકાર્થ :-

ननु ..... इति चेत् ? 'ननु' થી પૂર્વપક્ષી કહે કે, આ પ્રમાણે અન્ય આરંભમાં પ્રવૃત્ત થયેલા પૂજાઓને માટે આરંભમાં પ્રવર્તો, એ પ્રમાણે પ્રાપ્ત થયું. અને તે પ્રમાણે=પૂજા માટે આરંભમાં પ્રવૃત્તિનો સ્વીકાર કરવો પડે તે પ્રમાણે, धर्मार्थं ..... वरम् ।। આ સાક્ષીપાઠ સાથે વિરોધ છે.

"धर्मार्थं ..... वरम्" ।। સાક્ષીપાઠ કહ્યો, તેનો અર્થ આ પ્રમાણે - ધર્મના માટે જેને ધનની ઈચ્છા છે, તેને અનીહા=અનિચ્છા, શ્રેષ્ઠ છે. કાદવના પ્રક્ષાલનથી ખરેખર દૂરથી અસ્પર્શન શ્રેષ્ઠ છે=કાદવથી ખરડાઈને પ્રક્ષાલન કરવા કરતાં કાદવથી દૂર રહેવું શ્રેષ્ઠ છે.

'न' તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું.

सर्वविरत ..... अविरोधात्, સર્વવિરતની અપેક્ષાએ આ શ્લોકનું અધીતપણું હોવાથી=કહેવાયેલું હોવાથી, અવિરોધ છે.

गृहस्थापेक्षया ..... हेतुत्वात् । વળી ગૃહસ્થની અપેક્ષાએ કૂપદૃષ્ટાંતથી સાવદ્યપ્રવૃત્તિવિશેષનું અનુજ્ઞાતપણું હોવાને કારણે, તેને=ગૃહસ્થને, પૂજાના અંગભૂત પુષ્પના અવચયવાળી પણ આરંભમાં પ્રવૃત્તિ કેવલ ઈષ્ટ છે એમ નહિ, પરંતુ કોઈક વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ પણ કોઈકને ઈષ્ટ છે; કેમ કે વિષયવિશેષના પક્ષપાતરૂપ હોવાને કારણે પાપક્ષય દ્વારા ગુણબીજના લાભનું કારણ છે.

વિશેષાર્થ :-

'ननु' થી પૂર્વપક્ષી કહે છે કે, તમે પૂર્વમાં સ્થાપન કર્યું કે, અન્ય આરંભવાળી વ્યક્તિ જિનપૂજામાં આરંભની શંકા કરે છે, તેને મોહાદિ દોષોની પ્રાપ્તિ છે. તે રીતે એ પ્રાપ્ત થયું કે, સંસારના આરંભમાં પ્રવૃત્ત વ્યક્તિએ પૂજા માટે આરંભમાં પ્રવૃત્તિ કરવી જોઈએ; અને તેમ સ્વીકારીએ તો 'धर्मार्थं .....' એ શ્લોકની સાથે વિરોધ પ્રાપ્ત થાય છે. કેમ કે એ શ્લોકમાં સ્પષ્ટ કહ્યું છે કે, ધર્મ માટે જેને ધનની ઈચ્છા છે, તેના કરતાં ધનની અનિચ્છા શ્રેષ્ઠ છે. અને તે રીતે વિચારીએ તો ધર્મ માટે આરંભની પ્રવૃત્તિ કરવા કરતાં આરંભની પ્રવૃત્તિ ન કરવી તે શ્રેષ્ઠ થાય. તેથી સાક્ષીપાઠને કહેનારા શાસ્ત્રવચન સાથે વિરોધ હોવાને કારણે પૂજા માટે આરંભની પ્રવૃત્તિ મલિનારંભીએ કરવી જોઈએ તેમ કહેવું ઉચિત નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, તારી વાત બરાબર નથી. 'धर्मार्थं .....' એ શ્લોક સર્વવિરતિની અપેક્ષાએ કહેવામાં આવે છે.

આશય એ છે કે કોઈ જીવ સર્વવિરતિના પરિણામને પામેલો હોય કે સર્વવિરતિના પરિણામ તરફ જતો હોય તેવા જીવને આશ્રયીને કહ્યું છે કે, ધર્મનાં કાર્યો કરવા માટે તું વિત્તની ઈચ્છા રાખે છે, તેના કરતાં તું અનિચ્છામાં યત્ન કરીશ=નિસ્પૃહ ચિત્તમાં યત્ન કરીશ, તે શ્રેષ્ઠ છે. પરંતુ જે લોકો મલિનારંભવાળા છે તેઓ અનિચ્છામાં યત્ન કરી શકે તેમ નથી, આથી જ સંસારના ભોગો માટે આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરે છે. તેવા જીવોને આશ્રયીને તો ધર્માર્થે વિત્તની ઈચ્છા પણ દોષરૂપ નથી, અને એ જ વાત આગળ યુક્તિથી બતાવે છે -

વળી ગૃહસ્થની અપેક્ષાએ સાવદ્યપ્રવૃત્તિવિશેષનું કૂપદૃષ્ટાંત વડે અનુજ્ઞાતપણું હોવાથી ગૃહસ્થને પૂજાના અંગભૂત પુષ્પોને ભેગાં કરવારૂપ આરંભમાં પ્રવૃત્તિ કેવલ ઈષ્ટ છે એમ નહિ, પરંતુ કોઈક વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ પણ કોઈકને ઈષ્ટ છે; કેમ કે વિષયવિશેષના પક્ષપાતરૂપ હોવાને કારણે=લોકોત્તર પુરુષ એવા ભગવાનરૂપ વિષયવિશેષ પ્રત્યે પક્ષપાત હોવાને કારણે, તે ભગવાનની ભક્તિ માટે કરાતી સાવદ્ય પ્રવૃત્તિ પણ પાપક્ષય દ્વારા ગુણબીજના લાભનો હેતુ છે=વીતરાગતા પ્રત્યેના રાગરૂપ ગુણબીજનું કારણ છે.

અહીં સાવદ્યપ્રવૃત્તિવિશેષ કહ્યું, તેનો ભાવ એ છે કે મલિનારંભી ગૃહસ્થ સંસારમાં જે સાવદ્ય પ્રવૃત્તિ કરે છે, તે ભગવદ્-ભક્તિ-અર્થક નથી, તેથી તે પ્રવૃત્તિ કૂપદૃષ્ટાંતથી અનુજ્ઞાત નથી. પરંતુ ભગવદ્-ભક્તિ-અર્થક કરાતી જે સાવદ્ય પ્રવૃત્તિ છે, તે તેના કરતાં વિલક્ષણ છે અને વિશેષરૂપ છે, તેથી કૂપદૃષ્ટાંતથી તે અનુજ્ઞાત છે. અને તે સાવદ્ય પ્રવૃત્તિની વિલક્ષણતા એ છે કે અન્ય સાવદ્ય પ્રવૃત્તિ ચિત્તને મલિન કરનાર છે, જ્યારે ભગવદ્-ભક્તિ-અર્થક કરાતી સાવદ્ય પ્રવૃત્તિ ચિત્તની શોધક છે; એ રૂપ વિશેષતા હોવાને કારણે કૂપદૃષ્ટાંતથી અનુજ્ઞાત છે. અને કૂપદૃષ્ટાંતથી તે અનુજ્ઞાત હોવાને કારણે આરંભમાં ફક્ત પૂજાનાં અંગભૂત પુષ્પોને એકઠાં કરવાની પ્રવૃત્તિ ઈષ્ટ છે એમ નહિ, પરંતુ કોઈક પ્રકારની વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ પણ કોઈકને ઈષ્ટ છે.

આશય એ છે કે, કર્માદાનરૂપ સાવદ્ય પ્રવૃત્તિ ઈષ્ટ છે એમ કહેવું નથી, પરંતુ શ્રાવકને ઉચિત એવી વાણિજ્યાદિ પ્રવૃત્તિ ઈષ્ટ છે. અને કોઈકને ઈષ્ટ છે, પરંતુ બધાને ઈષ્ટ નથી, એમ કહ્યું તેનો ભાવ એ છે કે સંકાશ શ્રાવક જેવા જીવો કે જેમણે પૂર્વભવમાં દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું છે, અને તે ઋણમુક્તિ અર્થે વાણિજ્યાદિ પ્રવૃત્તિ કરે છે, તેઓને ઈષ્ટ છે. અને 'સંકાશાદિ'ની જેમ, એ પ્રમાણે આગળમાં કહેવાશે તે રીતે અન્ય પણ કોઈક જીવો, સામાયિક-પૌષધાદિ નિરવદ્ય પ્રવૃત્તિ કરીને ધર્મમાં ઉદ્યમ કરવાની ઈચ્છાવાળા હોવા છતાં તે રીતે કરવા સમર્થ બનતા નથી, પરંતુ ભગવદ્ પૂજાથી જ ચિત્તવિશુદ્ધિ કરી શકે એવી ભૂમિકાવાળા છે, અને પોતાની પાસે સારી રીતે ભગવદ્ભક્તિ કરી શકે એવા પ્રકારનો ધનસંચય નથી, તેવા જીવો વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ કરીને પણ ભગવદ્ભક્તિ કે તેવા પ્રકારનાં શાસનપ્રભાવનાદિ કાર્યો કરે, તેવા જીવોને પણ 'કસ્યચિત્' થી ગ્રહણ કરવાના છે; અને દુર્ગતા નારી જેવા અવ્યુત્પન્નને પણ 'કસ્યચિત્' થી ગ્રહણ કરવાના છે, એનું સ્પષ્ટીકરણ આ જ શ્લોકમાં ગ્રંથકાર સ્વયં આગળ કરવાના છે.

અહીં વિષયવિશેષનો પક્ષપાત હોવાને કારણે એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, ભગવદ્ભક્તિ અર્થે જ્યારે સાવદ્ય પ્રવૃત્તિ સંકાશ સદૃશ કે અન્ય કોઈ બીજો પણ કરે, ત્યારે તે સાવદ્ય પ્રવૃત્તિ ભગવદ્ પૂજા અર્થે હોવાને કારણે તે સાવદ્ય પ્રવૃત્તિનો વિષય ધનસંચય દ્વારા ભગવદ્ભક્તિ છે, પરંતુ ભોગાદિ નથી; તેથી ભગવદ્ભક્તિરૂપ વિષયવિશેષનો તે સાવદ્ય પ્રવૃત્તિ કરવામાં પક્ષપાત છે, અને તે પક્ષપાતને કારણે તે સાવદ્ય પ્રવૃત્તિ દ્વારા પાપક્ષય થાય છે, જ્યારે સંસારની ભોગલાલસાથી સાવદ્ય પ્રવૃત્તિ થાય છે ત્યારે પાપબંધ થાય છે. તેથી ભગવદ્ભક્તિ અર્થે કરાતી વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિથી પાપક્ષય દ્વારા ગુણબીજનો લાભ થાય છે= તે સાવદ્ય પ્રવૃત્તિકાળમાં ભગવાન પ્રત્યે વધતો જતો બહુમાનભાવ પાપક્ષય દ્વારા ગુણપ્રાપ્તિના બીજનું સાધન બને છે, તેથી તેવી સાવદ્ય પ્રવૃત્તિ ઈષ્ટ છે.

ટીકાર્થ :-

'तदिदमाह' - તે આ=પૂર્વમાં કહ્યું કે, કોઈકને કોઈક વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ ઈષ્ટ છે, તે આ, મૂળ શ્લોકમાં કહે છે -

सङ्काशादिवत् ..... इष्यते ।। સંકાશાદિની જેમ ધર્મ માટે ઋદ્ધિનું અર્જન=વિત્તનું અર્જન=ધન ઉપાર્જન, અંગીકાર કરીને પણ શુદ્ધ આલંબનમાં જે પક્ષપાત છે, તેમાં નિરત છે, એ હેતુથી નિશ્ચિત ગુણનિધિ=ગુણનું નિધાન, ઈચ્છાય છે.

✪ અહીં મૂળ શ્લોકમાં શુદ્ધ આલંબનના પક્ષપાતમાં નિરત એવો જીવ ગુણનું નિધાન ઈચ્છાય છે, એમ અન્વય છે, પરંતુ તે વિશેષણ-હેતુ-અર્થક છે. તેથી એ પ્રાપ્ત થાય કે શુદ્ધ આલંબનમાં જે પક્ષપાત છે, તેમાં નિરત છે, એથી કરીને ગુણનું નિધાન છે.

સંકાશશ્રાવકનું દૃષ્ટાંત

ટીકા :-

सङ्काशश्रावको हि प्रमादाद् भक्षितचैत्यद्रव्यो निबद्धलाभान्तरायादिक्लिष्टकर्मा, चिरं पर्यटितदुरन्तसंसारकान्तारोऽनन्तकालाल्लब्धमनुष्यभवो दुर्गतनरशिरःशेखररूपः पारगतसमीपोपलब्धस्वकीयपूर्वभववृत्तान्तः, पारगतोपदेशतो दुर्गतत्वादिनिबन्धनकर्मक्षपणाय 'यदहमुपार्जयिष्यामि द्रव्यं तद् ग्रासाच्छादनवर्जं सर्वं जिनायतनादिषु नियोक्ष्ये' इत्यभिग्रहवान् तथा प्रवर्त्तते स्म कालेन च निर्वाणमवाप्तवानिति ।

ટીકાર્થ :-

सङ्काशश्रावको ..... आप्तवानिति । પ્રમાદથી ભક્ષિત-ચૈત્ય-દ્રવ્યવાળો, બાંધ્યું છે લાભાંતરાયાદિ કર્મ જેણે એવો, લાંબા કાળ સુધી પર્યટન કર્યું છે દુરંત સંસાર-કાંતારમાં જેણે એવો, અનંતકાળે પ્રાપ્ત કરેલ છે મનુષ્યભવ જેણે એવો, દુર્ગત મનુષ્યમાં શિરોમણિ રૂપ, પારગતની=સર્વજ્ઞની, સમીપમાં જાણ્યો છે સ્વકીય પૂર્વભવનો વૃત્તાંત જેણે એવો સંકાશ શ્રાવક, પારગતના=સર્વજ્ઞના, ઉપદેશથી દુર્ગતપણાદિના કારણરૂપ કર્મના ક્ષય માટે "જે હું ધન ઉપાર્જન કરીશ તે ગ્રાસ-આચ્છાદન વર્જીને સર્વ જિનાયતનાદિમાં નિયોજન કરીશ" એ પ્રમાણે અભિગ્રહવાળો તે પ્રમાણે પ્રવર્તતો હતો, અને કાળે કરીને નિર્વાણ પામ્યો.

'इति' શબ્દ સંકાશના દૃષ્ટાંતની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

अथ एतदित्थं सङ्काशस्यैव युक्तम्, तथैव तत्कर्मक्षयोपपत्तेर्न पुनरन्यस्येत्यादिग्रहणमफलमन्यथा 'शुद्धागमैर्यथालाभ' मित्याद्यभिधानानुपपत्तेरिति चेत् ? न, व्युत्पन्नाव्युत्पन्नाशयविशेषभेदे-

નાન્યસ્યાપ્યાદિના ગ્રહણૌચિત્યાત્, અન્યથા 'સુવ્વઇ દુગ્ગઇનારી' ઇત્યાદિવચનવ્યાઘાતાપત્તેઃ, ન હિ તયા યથાલાભં ન્યાયોપાત્તવિત્તેન વા તાનિ ગૃહીતાનિ । તથા ચૈત્યસમ્બન્ધિતયા ગ્રામાદિપ્રતિપાદનાનુપપત્તેશ્ચ ।

ટીકાર્થ :-

અથ ..... ઇતિ ચેત્ ? ન, 'અથ' થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, આ=ધર્મ માટે સંકાશે જે વિત્તોપાર્જનની ક્રિયારૂપ સાવદ્ય પ્રવૃત્તિ કરી આ, આ પ્રકારે=જે પ્રકારે સંકાશે સાવદ્ય પ્રવૃત્તિ કરીને દેવદ્રવ્યનું ઋણ ચૂકવ્યું અને તેનાથી ગુણની પ્રાપ્તિ થઈ એ પ્રકારે, સંકાશને જ યુક્ત છે; કેમ કે તે પ્રકારે જ તેના કર્મક્ષયની ઉપપત્તિ છે, વળી અન્યની નહિ. એથી કરીને સંકાશાદિમાં 'આદિ'નું ગ્રહણ અફળ છે, અન્યથા=આદિનું ગ્રહણ અફળ ન માનો તો, શુદ્ધ આગમ વડે યથાલાભ ઈત્યાદિ શાસ્ત્રમાં અભિધાનની અનુપપત્તિ છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું.

વ્યુત્પન્ન ..... ગૃહીતાનિ । કેમ કે વ્યુત્પન્ન-અવ્યુત્પન્નના આશયવિશેષના ભેદરૂપે અન્યનું પણ 'આદિ'થી ગ્રહણ કરવું ઉચિત છે, અન્યથા 'સુવ્વઇ દુગ્ગઇ નારી' ઈત્યાદિ વચનવ્યાઘાતની આપત્તિ છે. જે કારણથી તેણી વડે=દુર્ગતા નારી વડે, યથાલાભ અને ન્યાય ઉપાત્તવિત્તથી તે=પુષ્પો, ગ્રહણ કરાયાં નથી.

✪ 'ન્યાયોપાત્તવિત્તેન વા તાનિ ગૃહીતાનિ' અહીં 'વા'કાર છે, તે 'ચ' કાર અર્થક છે.

વિશેષાર્થ :-

'અથ' થી પૂર્વપક્ષીનું કહેવું એ છે કે, ધર્મ માટે સંકાશે વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ કરી અને જે પ્રકારે સંકાશે સાવદ્ય પ્રવૃત્તિ કરીને દેવદ્રવ્યનું ઋણ ચૂકવ્યું, અને તેનાથી તેને ગુણની પ્રાપ્તિ થઈ, એ પ્રકારે સંકાશને જ યુક્ત છે; કેમ કે ધનાર્જન કરીને દેવદ્રવ્યને ચૂકવે તે રીતે જ તેના કર્મનો ક્ષય થાય તેમ છે. પરંતુ જેઓએ દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું નથી, તેવા જીવોને ધર્મ માટે વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ કરવી ઉચિત નથી. એથી કરીને 'સંકાશાદિ'માં 'આદિ' પદનું ગ્રહણ અફલ છે='સઙ્કાશાદિવત્' એમ ન કહેવું જોઈએ. પરંતુ 'સઙ્કાશવત્' એમ કહેવું જોઈએ. અને સંકાશની જેમ ભગવદ્ભક્તિ અર્થે વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ ઈષ્ટ છે, એમ માનો તો શુદ્ધાગમૈર્યથાલાભં ઈત્યાદિ શાસ્ત્રના અભિધાનની અનુપપત્તિ થશે.

આશય એ છે કે શુદ્ધ પ્રાપ્તિ દ્વારા જે પ્રકારે લાભ થાય, તે પ્રકારે પુષ્પાદિને ગ્રહણ કરીને ભગવાનની ભક્તિ કરવાનું વિધાન અષ્ટક પ્રકરણમાં સૂરિપુરંદર પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે કહેલું છે. અને તેનાથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, પૂજા માટે પુષ્પ તોડવાનો નિષેધ છે, કેમ કે જે રીતે શુદ્ધ પ્રાપ્ત થાય તે રીતે ગ્રહણ કરવાનું કહ્યું છે. તેથી પુષ્પ તોડવામાં પુષ્પના જીવોની કિલામણા થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, પૂજામાં પુષ્પત્રોટન દ્વારા હિંસાનો નિષેધ હોય ત્યારે પૂજા અર્થે વાણિજ્યાદિ સાવદ્ય વ્યાપાર તો સુતરાં ઈષ્ટ ન જ હોય. તેથી સંકાશને દેવદ્રવ્યના ભક્ષણથી થયેલા કર્મના ક્ષય

માટે વાણિજ્યાદિ સાવદ્ય વ્યાપાર ભલે ઈષ્ટ હોય, તો પણ અન્યને ભગવદ્ભક્તિ અર્થે પણ સાવદ્ય પ્રવૃત્તિ ઈષ્ટ નથી. તેથી સંકાશાદિમાં 'આદિ'નું ગ્રહણ અફલ છે.

તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું; કેમ કે વ્યુત્પન્ન-અવ્યુત્પન્નના આશયવિશેષના ભેદરૂપે અન્યનું પણ 'આદિ'થી ગ્રહણ કરવું ઉચિત છે. અન્યથા=અન્યનું 'આદિ' પદથી ગ્રહણ કરવું ઉચિત ન માનો તો 'सुव्वइ .....' ઈત્યાદિ વચનના વ્યાઘાતની આપત્તિ આવશે. જે કારણથી તેણી વડે=દુર્ગતા નારી વડે, યથાલાભ અને ન્યાય-ઉપાત્ત-વિત્ત વડે તે=પુષ્પો, ગ્રહણ કરાયાં નથી.

આશય એ છે કે, વ્યુત્પન્ન-અવ્યુત્પન્નના આશયવિશેષના ભેદરૂપ અન્યનું પણ=સંકાશ સદૃશથી અન્યનું પણ, 'આદિ' દ્વારા ગ્રહણ કરવું ઉચિત છે.

જેઓ શાસ્ત્રમાં વ્યુત્પન્ન=નિપુણ મતિવાળા હોય તે શાસ્ત્રવિધિ પ્રમાણે કરે, અને જેઓ શાસ્ત્રમાં અવ્યુત્પન્ન=અનિપુણ મતિવાળા હોય, તેઓ દુર્ગતા નારીની જેમ 'शुद्धागमैर्यथालाभं' એ મર્યાદાને જાણતા નહિ હોવાને કારણે ભક્તિના અતિશયથી જે રીતે કરે, તે રીતે પણ તેઓને ભગવદ્ભક્તિનો આશય હોય છે. તેથી વ્યુત્પન્ન અને અવ્યુત્પન્નનો ભગવાનની ભક્તિના આશયવિશેષરૂપ ભેદ સંકાશ કરતાં અન્ય જીવોમાં પણ પ્રાપ્ત થાય છે= સંકાશમાં પોતાના પૂર્વભવમાં કરાયેલા દેવદ્રવ્યના ભક્ષણના નિવારણનો આશય હોય છે, જ્યારે વ્યુત્પન્ન-અવ્યુત્પન્નને ભગવાનની ભક્તિ કરવાનો આશયવિશેષ હોય છે. તેથી સંકાશ કરતાં અન્ય એવા વ્યુત્પન્ન-અવ્યુત્પન્નનો જે આશયવિશેષ છે, તે જુદા પ્રકારનો છે, અને તે પ્રકારના આશયવિશેષના ભેદથી સંકાશ કરતાં અન્યને પણ 'આદિ' થી ગ્રહણ કરવા ઉચિત છે.

અહીં વ્યુત્પન્નની પ્રવૃત્તિ આ પ્રકારની છે -

જે જીવ શાસ્ત્રો સાંભળીને હિતાહિતની પ્રવૃત્તિના વિષયમાં વ્યુત્પન્ન=નિપુણ છે, તે જાણે છે કે, સર્વથા નિસ્પૃહ ચિત્ત કરવું તે જ ઉચિત છે, અને તેના માટે સંયમમાં પ્રવૃત્તિ કરવી તે જ ઉત્તમ છે. આમ છતાં તેને લાગે કે હજુ પોતાનું ચિત્ત સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવી શકે તેવું સંપન્ન નથી, તેથી નિરવદ્યભાવનો ઉપદેશ આપનાર ભગવાન કે નિરવદ્ય ભાવોમાં યત્ન કરનાર એવા મુનિઓની ભક્તિ કરીને જ હું મારા આત્માનું હિત સાધી શકું તેમ છું, તેવો વ્યુત્પન્ન શ્રાવક, ધર્મના અર્થે વિવેકપૂર્વક ધન ઉપાર્જન કરે, અને તેના દ્વારા ભગવાનની ભક્તિ આદિ કરીને આત્માના ઉત્તમ ભાવો કરે તે ઉચિત છે. અને તેવો વ્યુત્પન્ન શ્રાવક ભગવાનની ભક્તિ અર્થે પૂજાદિ કરે ત્યારે શક્ય એટલી યતના અવશ્ય કરે, અને આથી જ જે પુષ્પો તોડ્યા વગર સહજ પ્રાપ્ત થઈ શકે તેવાં હોય તેને શુદ્ધ વસ્ત્ર ઉપર ગ્રહણ કરીને પ્રાપ્ત કરે, જેથી પુષ્પત્રોટનકૃત કિલામણા પુષ્પોને ન થાય. અને જે પુષ્પો તે રીતે પ્રાપ્ત થાય તેમ ન હોય તેને ભક્તિ અર્થે તોડીને પણ ગ્રહણ કરે, અને ન્યાય-ઉપાત્ત-વિત્ત વડે કરીને માળી પાસેથી શુદ્ધ પ્રાપ્ત થતાં હોય તો તે રીતે ગ્રહણ કરે, અને તે શક્ય ન દેખાય તો પુષ્પાદિ અર્થે બગીચા આદિની વ્યવસ્થા પણ કરે.

અવ્યુત્પન્નની ભક્તિ આ પ્રકારે છે -

દુર્ગતા નારી એ અવ્યુત્પન્ન=અનિપુણ હતી. તેણે વીર પરમાત્માની ભક્તિ અર્થે જે પુષ્પો ગ્રહણ કરેલ, તે પોતાની માલિકીનાં ન હતાં કે પોતે ન્યાયથી ધન કમાઈને ખરીદેલાં ન હતાં, તેથી ન્યાય-ઉપાત્ત-વિત્તથી તે પ્રાપ્ત થયાં નથી. વળી તે પુષ્પો યથાલાભ પ્રમાણે પણ ગ્રહણ કરેલાં નથી, પરંતુ પૂજા કરવી છે અને પુષ્પો જોઈએ છે, તેથી તે પુષ્પોને તોડ્યાં છે, પરંતુ સ્વયં પડે તેવાં હોય તેને વસ્ત્રમાં ધારણ કરીને પુષ્પોને કિલામણા ન થાય તે રીતે ગ્રહણ કર્યાં નથી.

આમ છતાં ભગવાનની ભક્તિના આશયપૂર્વક તે જઈ રહી છે, તેથી તે પૂજાના પ્રણિધાનથી મૃત્યુ પામીને દેવ બને છે. તે રીતે અન્ય અવ્યુત્પન્ન પણ પૂજાના પ્રણિધાનથી વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ કરતા હોય તે વખતે નિર્જરારૂપ લાભને પ્રાપ્ત કરે છે.

ઉત્થાન :-

પૂર્વમાં 'અથ' થી પૂર્વપક્ષીએ કહ્યું કે, સંકાશને માટે વાણિજ્યાદિ વ્યાપાર યુક્ત છે, અન્યને માટે નહિ. તેનું નિરાકરણ કરતાં બતાવ્યું કે, વ્યુત્પન્ન-અવ્યુત્પન્નના આશયવિશેષના ભેદરૂપે, 'આદિ' પદથી અન્યનું ગ્રહણ કરવું ઉચિત છે. ત્યાં પ્રશ્ન થાય કે, '**शुद्धागमैर्यथालाभम्**' એ અભિધાનની અનુપપત્તિ છે. તેનું શું ? તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

तथा ..... अनुपपत्तेश्च । તે પ્રમાણે='शुद्धागमैर्यथालाभम्' ઈત્યાદિનો પૂર્વપક્ષીએ જે અર્થ કર્યો તે પ્રમાણે, ચૈત્ય સંબંધિપણાથી ગ્રામાદિ પ્રતિપાદનની અનુપપત્તિ છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીએ 'शुद्धागमैर्यथालाभम्' થી કહેલ કે, પુષ્પોને તોડ્યા વગર ન્યાયઉપાત્ત ધનથી ગ્રહણ કરવાં જોઈએ. તેથી એ પ્રાપ્ત થયું કે, સ્વયં બગીચા કરીને પૂજા અર્થે પુષ્પો ગ્રહણ કરવાં ઉચિત નથી, પરંતુ ન્યાયથી પ્રાપ્ત થયેલા ધન દ્વારા માળી પાસેથી તે રીતે ખરીદવાં જોઈએ કે જેથી પુષ્પ તોડવાનો આરંભ ન કરવો પડે. પરંતુ તે રીતે ચૈત્ય સંબંધી ગ્રામાદિ પ્રતિપાદનની અનુપપત્તિ થશે; કેમ કે ચૈત્ય સંબંધી જેમ બગીચા આદિ ન કરી શકાય, તેમ આરંભ-સમારંભરૂપ હોવાને કારણે ગ્રામાદિ પણ રાખી શકાય નહિ, અને ગ્રામાદિનું પ્રતિપાદન કલ્પભાષ્યાદિમાં દેખાય છે. તેથી 'शुद्धागमैर्यथालाभम्' નો અર્થ પૂર્વપક્ષી જેવો કરે છે, તેવો નથી, પરંતુ અન્ય રીતે છે.

ટીકા :-

दृश्यते च तत्प्रतिपादनं कल्पभाष्यादौ -

'चोएइ चेइयाणं रूप्पसुवण्णाइ गामगावाइं ।
लग्गंतस्स हु मुणिणो तिगरणसुद्धि कहं णु भवे ।।१।।

भण्णइ एत्थ विभासा, जो एयाइं सयं विमग्गिज्जा ।
न हु तस्स हुज्ज सुद्धी, अह कोइ हरेज्ज एयाइं ।।२।।
सव्वत्थामेणं तहिं संघेणं होइ लग्गियव्वं तु ।
सचरित्तचरित्तीणं एयं सव्वेसिं कज्जं तु ।।३।।

शुद्धागमैर्यथालाभमित्यादि तु न स्वयं पुष्पत्रोटननिषेधपरं किन्तु पूजाकालोपस्थिते मालिके दर्शनप्रभावनाहेतोर्वणिक्कला, न प्रयोक्तव्येत्यस्यार्थस्य ख्यापनपरमित्यदोष इति ।।५७।।

ટીકાર્થ :-

दृश्यते च - અને તેનું પ્રતિપાદન=ગ્રામાદિનું પ્રતિપાદન, કલ્પભાષ્યાદિમાં દેખાય છે, તે આ પ્રમાણે -

चोएइ .... भवे ।। 'પૂર્વપક્ષી' પ્રશ્ન કરે છે - ચૈત્ય અર્થે રૂપ્ય-સુવર્ણાદિ, ગ્રામ-ગાવાદિ અંગે લાગેલા મુનિને ત્રિકરણશુદ્ધિ કઈ રીતે થાય ?

भण्णइ ..... एयाइं ।। તેનો ઉત્તર આપે છે - અહીં વિભાષા=વિકલ્પ, છે. જે સાધુ સ્વયં આને= રૂપ્ય-સુવર્ણાદિને, માંગે છે, તેને શુદ્ધિ થતી નથી. હવે કોઈ (જિનમંદિર સંબંધી) આ=રૂપ્ય-સુવર્ણાદિ હરણ કરે.

सव्वत्थामेणं ..... कज्जं तु ।। ત્યાં=તેની શોધમાં, સર્વ યત્નથી સંઘ વડે લાગવું જોઈએ. સચારિત્રી અને અચારિત્રી સર્વનું આ=દેવદ્રવ્યનું રક્ષણ કરવું એ, કાર્ય છે.

ઉત્થાન :-

પૂર્વમાં બતાવ્યું કે, ચૈત્યાદિ સંબંધી ગ્રામાદિ પ્રતિપાદનની અનુપપત્તિ હોવાથી '**शुद्धागमैर्यथालाभम्**' નો અર્થ પૂર્વપક્ષી કરે છે, તેમ થઈ શકે નહિ. ત્યાં પ્રશ્ન થાય કે, તો પછી 'शुद्धागमैर्यथालाभम्' નો અર્થ ખરેખર શું છે કે, જેથી સંકાશ સિવાય અન્યને પણ 'आदि' પદથી ગ્રહણ કરીએ તો વાંધો ન આવે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

शुद्धागमैः ..... अदोष इति ।। **'शुद्धागमैर्यथालाभम्' ઈત્યાદિ અભિધાન સ્વયં પુષ્પત્રોટનના નિષેધપર નથી, પરંતુ પૂજાકાળમાં ઉપસ્થિત એવા માળીના વિષયમાં દર્શનપ્રભાવનાના હેતુથી વણિક્કલા ન કરવી જોઈએ, એ અર્થના ખ્યાપનપર છે, એથી કરીને અદોષ છે.**

'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે. ।।૫૭।।

વિશેષાર્થ :-

પૂર્વમાં કહેલ કલ્પભાષ્યના કથનથી ચૈત્ય સંબંધી ગ્રામાદિનું પ્રતિપાદન છે, તેથી 'शुद्धागमैर्यथालाभम्' ઈત્યાદિ અભિધાન સ્વયં પુષ્પ તોડવાના નિષેધપર નથી, પરંતુ પૂજાકાળમાં ઉપસ્થિત એવા માળીના વિષયમાં

દર્શન-પ્રભાવનાના હેતુથી વણિક્ કળા ન કરવી જોઈએ, એ અર્થનું ખ્યાપન કરે છે. તેથી પૂર્વપક્ષીએ કહેલ કે, 'આદિ' પદથી સંકાશ સિવાય અન્યને ગ્રહણ કરશો તો 'शुद्धागमैर्यथालाभम्' ઈત્યાદિ અભિધાનની અનુપપત્તિ થશે, એ દોષ હતો તે હવે પ્રાપ્ત થશે નહિ. કેમ કે 'शुद्धागमैर्यथालाभम्' નો અર્થ એ કરવાનો છે કે, ન્યાયઉપાત્ત ધન દ્વારા માળી પાસેથી ઉદારતાપૂર્વક પુષ્પાદિ ગ્રહણ કરવાં કે જેથી માળીને પણ તે પ્રવૃત્તિ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ બને. પરંતુ તેટલા કથનમાત્રથી ચૈત્યદ્રવ્ય માટે ગ્રામાદિનો નિષેધ પ્રાપ્ત થતો નથી, અને તે જ રીતે અન્યને પણ ભગવદ્ભક્તિ અર્થે ધન ઉપાર્જનનો નિષેધ પ્રાપ્ત થતો નથી.

'शुद्धागमैर्यथालाभम्' નો પૂર્વપક્ષી એવો અર્થ કરે છે કે, પુષ્પોને કિલામણા ન થાય એ રીતે જે પ્રકારે પુષ્પો પ્રાપ્ત થાય તે પ્રકારે પુષ્પો ગ્રહણ કરવાનાં છે. અને તેનો અર્થ તે એ કરે છે કે, ભગવાનની પૂજામાં આરંભના વર્જનનો ઉદ્દેશ છે, તેથી ભગવાનની પૂજા અર્થે જો પુષ્પત્રોટનનો નિષેધ થતો હોય તો તે રીતે ભગવાનની પૂજા માટે ધન ઉપાર્જનનો પણ નિષેધ પ્રાપ્ત થાય. માટે સંકાશને છોડીને અન્ય કોઈને ધર્મ માટે ધન કમાવું ઉચિત નથી, પરંતુ સંકાશ જેવા જે જીવોએ દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું હોય, તેમણે જ દેવદ્રવ્યનું ઋણ ચૂકવવા માટે ધન કમાવું ઉચિત છે. આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

અહીં ગ્રંથકાર કહે છે કે, 'शुद्धागमैर्यथालाभम्' નો અર્થ પૂર્વપક્ષી કરે છે, તેવો નથી, પરંતુ હરિભદ્ર અષ્ટક મુજબ આ પ્રમાણે છે - શુદ્ધ પ્રાપ્તિનો ઉપાય એટલે તેના વડે જે રીતે લાભ થાય તેમ પુષ્પો ગ્રહણ કરવાનાં છે, અને શુદ્ધ પ્રાપ્તિનો ઉપાય એ છે કે, ન્યાયપૂર્વક કમાયેલા ધનથી કે અચૌર્યથી પુષ્પો ખરીદવાનાં છે, અને તે પણ જે પ્રકારે માળી આદિને પણ લાભ થાય, તે રીતે ગ્રહણ કરવાનાં છે. આથી જ ગ્રંથકારશ્રી કહે છે કે, પૂજાકાળમાં ઉપસ્થિત માળીના વિષયમાં દર્શન-પ્રભાવનાના હેતુથી વણિક્કલા ન કરવી જોઈએ. તેથી માળીને પણ કે અન્ય કોઈ ભગવાનની પૂજા જોનારને પણ ભગવાનના શાસન પ્રત્યે સદ્ભાવ થાય તે રીતે ઉદારતાપૂર્વક પુષ્પો ખરીદવાં જોઈએ, એવો અર્થ 'शुद्धागमैर्यथालाभम्' થી દ્યોતિત થાય છે. **॥૫૭॥**

અવતરણિકા :-

नन्वेवं मलिनारम्भो नाधिकारिविशेषणं किन्तु सदारम्भेच्छैवेति यतेरप्यधिकार स्यादत आह -

અવતરણિકાર્થ :-

'ननु' થી શંકા કરતાં કહે છે કે, આ રીતે=શ્લોક-૫૭માં બતાવ્યું કે, સંકાશાદિએ ભગવાનની પૂજા અર્થે વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિ કરી અને દુર્ગતા નારીએ ભગવાનની પૂજા અર્થે પુષ્પત્રોટનરૂપ સદારંભ કર્યો તે લાભપ્રદ છે એ રીતે, મલિનારંભ અધિકારીનું વિશેષણ નથી, પરંતુ સદારંભની ઈચ્છા જ (પૂજાના અધિકારીનું વિશેષણ) છે. એથી કરીને તો યતિને પણ દ્રવ્યસ્તવનો અધિકાર પ્રાપ્ત થાય. એથી કરીને કહે છે -

વિશેષાર્થ :-

શંકાકારનો આશય એ છે કે, મલિનારંભ પૂજાના અધિકારીનું વિશેષણ નથી, પરંતુ સદારંભની ઈચ્છા જ અધિકારીનું વિશેષણ છે; કેમ કે સંકાશ શ્રાવકે સદારંભની ઇચ્છાથી જ ભગવદ્ ભક્તિ અર્થે વાણિજ્યાદિ સાવદ્ય પ્રવૃત્તિમાં પ્રયત્ન કર્યો, અને એ રીતે યતિ પણ પૂજાનો અધિકારી થશે; કેમ કે સદારંભની ઈચ્છા યતિને પણ હોઈ શકે છે. આ રીતની શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે –

શ્લોક :-

यः श्राद्धोऽपि यतिक्रियारतमतिः सावद्यसंक्षेपकृत्,
भीरुः स्थावरमर्दनाच्च यतनायुक्तः प्रकृत्यैव च ।
तस्यात्रानधिकारितां वयमपि ब्रूमो वरं दूरतः,
पङ्कास्पर्शनमेव तत्कृतमलप्रक्षालनापेक्षया ।।५८।।

શ્લોકાર્થ :-

જે શ્રાદ્ધ પણ યતિક્રિયામાં રત મતિવાળો, સાવદ્યનો સંક્ષેપ કરનાર અને સ્થાવરના મર્દનથી ભીરુ અને પ્રકૃતિથી જ યતનાયુક્ત=યતનાવાળો છે, તેની=તેવા શ્રાવકની, અમે પણ અહીં=પૂજામાં, અનધિકારિતા કહીએ છીએ. ।।૫૮।।

તેમાં હેતુ કહે છે - તત્કૃત=પંકના સ્પર્શકૃત, જે મળ, તેના પ્રક્ષાલનની અપેક્ષાએ દૂરથી પંકનું અસ્પર્શન શ્રેષ્ઠ છે. ।।૫૮।।

ટીકા :-

'यः श्राद्धोऽपि' इत्यादि :- यः श्राद्धोऽपि यतिक्रियायां रता=कर्त्तव्यत्वेनोत्सुका मतिर्यस्य स तथा, सावद्यसंक्षेपकृत् सर्वसावद्यवर्जनार्थं, स्थावराणां=पृथिव्यादिनां, मर्दनाद् भीरुः । प्रकृत्यैव=स्वभावेनैव, च यतनायुक्तः, तस्यात्र=पूजायामनधिकारितां वयमपि ब्रूमः, मलिनारम्भस्य नाशनीयस्याभावादनारम्भफलस्य च चारित्रेच्छायोगत एवोपपत्तेः । तत्कृतः=पङ्कस्पर्शकृतो, यो मलस्तस्य प्रक्षालनापेक्षया हि दूरतः पङ्कास्पर्शनमेव वरम् ।

ટીકાર્થ :-

यः श्राद्धोऽपि .... वरम् । જે શ્રાવક પણ યતિક્રિયામાં રત=કર્તવ્યપણાથી ઉત્સુક મતિવાળો, સર્વસાવદ્યના વર્જન માટે સાવદ્યનો સંક્ષેપ કરનારો, સ્થાવરોના=પૃથિવ્યાદિના, મર્દનથી ભીરુ અને પ્રકૃતિથી જ=સ્વભાવથી જ, યતનાયુક્ત છે, તેની અહીં=પૂજામાં, અનધિકારિતાને અમે પણ કહીએ છીએ.

તેમાં હેતુ કહે છે - નાશનીય એવા મલિનારંભનો અભાવ છે અને ચારિત્રના ઈચ્છાયોગથી જ અનારંભફળની ઉપપત્તિ છે. જે કારણથી તત્કૃત=પંકના સ્પર્શકૃત, જે મલ, તેના પ્રક્ષાલનની અપેક્ષાએ દૂરથી પંકનું અસ્પર્શન શ્રેષ્ઠ છે. (તે કારણથી ચારિત્રના ઈચ્છાયોગથી જ અનારંભફળની ઉપપત્તિ છે, એ પ્રકારે યોજન છે.)

✪ મૂળ શ્લોકમાં 'सावद्यसंक्षेपकृत्' છે, તેમાં सर्वसावद्यवर्जनार्थं ટીકામાં પૂરક છે.

✪ મૂળ શ્લોકમાં સંક્ષેપરુચિ શ્રાવકને અમે અનધિકારી કહીએ છીએ, એમ બતાવીને તેમાં સીધો હેતુ 'वरं दूरतः .....' કહેલ છે. પરંતુ તેની વચમાં હેતુ અધ્યાહાર છે, જે ટીકામાં 'मलिनारंभस्य ..... एवोपपत्तेः' સુધી કહેલ છે.

✪ प्रक्षालनापेक्षया हि અહીં 'हि' છે, તે મૂળમાં નથી, પણ ટીકામાં છે, તે 'यस्मादर्थक' છે; અને તેનાથી એ કહેવું છે કે, મલિનારંભ રહિત સંક્ષેપરુચિ શ્રાવકને અનારંભફળની પ્રાપ્તિ પૂજાથી કરવા કરતાં, ચારિત્રરૂપ ઈચ્છાયોગથી જ કરવી વધારે ઉચિત છે અને તે બતાવવા માટે કહે છે કે, કાદવમાં હાથ નાંખીને ધોવા કરતાં કાદવનો સ્પર્શ ન કરવો તે જ તેના માટે ઉચિત છે.

વિશેષાર્થ :-

જે શ્રાવક પણ યતિક્રિયામાં રત છે, સર્વ સાવદ્યના વર્જન માટે સાવદ્યનો સંક્ષેપ કરનારો છે અને પૃથ્વી આદિ સ્થાવર જીવોના મર્દનથી ભીરુ છે, અને સ્વભાવથી યતનાપરાયણ છે=જેમ મુનિ ઈર્યાસમિતિપૂર્વક ગમન ચેષ્ટા કરે છે, તેમ ગમનાદિ ચેષ્ટા કે કોઈ વસ્તુ ગ્રહણ કરવાની ક્રિયા કે મૂકવાની ક્રિયા, પૂરી યતનાપૂર્વક કરે છે કે જેથી કોઈ જીવની વિરાધના ન થાય, તેવા શ્રાવકને પૂજામાં અનધિકારિતા અમે કહીએ છીએ; કેમ કે પૂજા દ્વારા અધિકારીના વિશેષણભૂત જે મલિનારંભ છે તે નાશનીય છે, અને તેનો અભાવ આવા શ્રાવકમાં છે, તેથી તે પૂજામાં અનધિકારી છે.

સંસારવર્તી ગુણસંપન્ન એવો શ્રાવક પણ ઇંદ્રિયોની ઉત્સુકતાને કારણે સંયમ લેવા માટે પ્રયત્ન કરી શકતો નથી, તેથી તેનામાં મલિનારંભ વર્તે છે. તેવા મલિનારંભી શ્રાવકને પૂજામાં પ્રયત્ન કરવાથી તેની ઇંદ્રિયોની ઉત્સુકતા પ્રવર્તતી હતી, તેનો નાશ થાય છે. તેવો નાશનીય એવો મલિનારંભ તેને વર્તતો હોવાને કારણે તે પૂજાનો અધિકારી છે, જ્યારે અત્યંત સાવદ્યસંક્ષેપરુચિ શ્રાવક તેવી સર્વ ઉત્સુકતા વગરનો હોવાથી મલિનારંભવાળો નથી, માટે પૂજાનો અધિકારી તે નથી.

અહીં સ્થૂલ વ્યવહારથી સંસારના આરંભની પ્રવૃત્તિ કરનારને મલિનારંભીથી ગ્રહણ કરાય છે, અને સૂક્ષ્મ દૃષ્ટિથી સંસારના આરંભના કારણીભૂત એવી ઉત્સુકતા જેનામાં વર્તતી હોય તેને મલિનારંભી કહેવાય છે.

અહીં પ્રશ્ન થાય કે, પૂજા દ્વારા જેમ મલિનારંભ નાશનીય છે, તેમ અનારંભફળ પણ પ્રાપ્ત કરવાનું છે. તેથી ઉપરમાં કહ્યું તેવા શ્રાવકમાં નાશનીય મલિનારંભ નહિ હોવા છતાં અનારંભફળ માટે તે પૂજામાં પ્રવર્તે તેમ માનવું ઉચિત થશે; કેમ કે સર્વથા અનારંભરૂપ સર્વવિરતિરૂપ ફળ મેળવવાની ઈચ્છા તેવા શ્રાવકને પણ છે. તેથી બીજો હેતુ કહે છે -

અનારંભફળની ચારિત્રરૂપ ઈચ્છાયોગથી જ ઉપપત્તિ છે.

આશય એ છે કે પૂજાથી પ્રાપ્તવ્ય અનારંભરૂપ ફળ છે, અને તે ફળની સાવદ્યસંક્ષેપરુચિ એવા શ્રાવકને ચારિત્રવિષયક જે ઈચ્છાયોગ વર્તી રહ્યો છે તેનાથી ઉપપત્તિ=પ્રાપ્તિ, થઈ જાય છે; કેમ કે ચારિત્રવિષયક તીવ્ર ઈચ્છા હોવાને કારણે તે યતિક્રિયામાં રત મતિવાળો છે, તેથી સાવદ્યનો સંક્ષેપને કરનારો છે, તેથી જ સ્વભાવથી યતનાપરાયણ છે અને તેનાથી જ અનારંભફળની પ્રાપ્તિ તેને થશે. માટે અનારંભફળ માટે સ્વરૂપથી સાવદ્ય પ્રવૃત્તિરૂપ પૂજાની તેવા શ્રાવકને આવશ્યકતા રહેતી નથી. તેથી જ એવા શ્રાવકને પંકના સ્પર્શકૃત જે મળ છે, તેના પ્રક્ષાલનની અપેક્ષાએ દૂરથી પંકનું અસ્પર્શન શ્રેષ્ઠ છે. તેથી કૂપના દૃષ્ટાંતથી સંક્ષેપરુચિવાળા આવા શ્રાવકને પૂજા અનુમત નથી, પરંતુ મલિનારંભી શ્રાવકને જ કૂપના દૃષ્ટાંતથી પૂજા અનુમત છે. અત્યંત સાવદ્યના સંક્ષેપરુચિ એવા શ્રાવકને તો પંકનો અસ્પર્શ કરવાના ન્યાયથી પૂજા નિષિદ્ધ છે.

અહીં શ્રાવક યતિક્રિયામાં રત મતિવાળો છે એમ કહ્યું, તેનાથી એ નથી કહેવું કે, તે સાધુની ક્રિયા કરે છે, પરંતુ સંયમ ગ્રહણ કરવા માટે અત્યંત ઉત્સુક મતિવાળો છે; આમ છતાં કોઈક એવા પ્રકારના સંયોગને કારણે સંયમ ગ્રહણ કરી શકે તેવો નથી, તેથી સર્વ સાવદ્યના વર્જનપૂર્વક સંયમની પ્રાપ્તિ માટે પોતાના સંયોગો પ્રમાણે સાવદ્ય પ્રવૃત્તિનો અત્યંત સંક્ષેપ કરે છે. તેથી પોતાની પ્રાથમિક જરૂરીયાત પૂરતી જ સાવદ્ય પ્રવૃત્તિ તે કરે છે, અને પૃથિવ્યાદિ કોઈ જીવનું ઉપમર્દન ન થાય તે રીતે શક્તિ અને સંયોગ પ્રમાણે જીવરક્ષા માટે યત્ન કરે છે. એના કારણે જ સાધુની જેમ સ્વભાવથી સર્વ ક્રિયાઓમાં જીવરક્ષાને અનુકૂળ ઉચિત પ્રમાર્જનાદિ સ્વરૂપ યતના કરે છે. તેથી આવો શ્રાવક પૂજામાં અધિકારી નથી; કેમ કે ભોગનો જ પરિણામ તેને નથી.

વળી આવા શ્રાવકને ચારિત્રની ઈચ્છાનો યોગ છે તેમ કહ્યું, તેનાથી ભાવથી ચારિત્રી છે તેમ કહેવું નથી; પરંતુ ચારિત્રની અત્યંત અભિમુખ ઈચ્છા છે, અને તેના કારણે જ ચારિત્રને અનુકૂળ શક્તિના પ્રકર્ષથી નિરવદ્યભાવમાં તે યત્ન કરે છે. આનાથી તેને અનારંભ એવા સંયમફળની પ્રાપ્તિ થવાની છે, તેથી અનારંભરૂપ સંયમફળ માટે પૂજા કરવાની આવશ્યકતા તેને રહેતી નથી.

જેમ મળમાં હાથ નાંખીને પછી તેને ધોવા, તેના કરતાં મળમાં હાથ ન નાંખવા તે ઉચિત છે, તેમ આવા જીવો નિરારંભની અત્યંત અભિમુખ છે, તેવા જીવોને ભગવાનની ભક્તિ અર્થે પણ સ્નાનાદિરૂપ આરંભ કરીને નિરારંભ તરફ જવાનો યત્ન કરવો, તેના કરતાં સંયમને અત્યંત અભિમુખ માનસની પુષ્ટિ થાય, તેવી નિરવદ્ય ક્રિયાથી સંયમને અભિમુખ જવું ઉચિત છે.

ઉત્થાન :-

સંપૂર્ણ શ્લોક-૫૮ નો ટીકામાં અર્થ કર્યા પછી નિગમન રૂપે '**तस्मात्**' થી કહે છે -

ટીકા :-

तस्मात्सदारम्भेच्छा, मलिनारम्भश्चेत्युभयमेवाधिकारिविशेषणं श्रद्धेयमित्यर्थः ।

ટીકાર્થ :-

તસ્માત્ ..... ઇત્યર્થઃ । તે કારણથી=પૂર્વમાં કહ્યું કે, જે શ્રાવક સાવદ્યનો સંક્ષેપ કરનારો છે, તેવો શ્રાવક પણ પૂજામાં અધિકારી નથી એમ અમે કહીએ છીએ તે કારણથી, સદારંભની ઈચ્છા અને મલિનારંભ એ પ્રકારે અધિકારનાં ઉભય જ વિશેષણ શ્રદ્ધેય છે, એ પ્રમાણે અર્થ છે

વિશેષાર્થ :-

આશય એ છે કે, જો સદારંભની ઈચ્છાવાળો જ પૂજાનો અધિકારી હોત તો સાવદ્યસંક્ષેપરુચિ શ્રાવક પણ પૂજાનો અધિકારી થાત, અને ફક્ત મલિનારંભવાળાને જ પૂજાનો અધિકારી કહીએ તો જેમને આત્મકલ્યાણ અર્થે સદારંભ કરવાની ઈચ્છા નથી, તેવા અત્યંત હિંસક આદિ જીવો પણ પૂજાના અધિકારી પ્રાપ્ત થાય. તેથી ઉભય વિશેષણ જ સંગત છે.

આનાથી એ ફલિત થયું કે, અવતરણિકામાં જે કહ્યું કે, સદારંભની ઈચ્છા જ અધિકારીનું વિશેષણ છે, તેથી યતિ પણ અધિકારી થશે, તેનું નિરાકરણ થઈ ગયું; કેમ કે યતિમાં અધિકારીનાં બે વિશેષણોમાંથી સદારંભની ઈચ્છારૂપ વિશેષણ હોવા છતાં મલિનારંભરૂપ વિશેષણ નથી.

અહીં સદારંભથી અનારંભફળની પ્રાપ્તિ થાય એવો સદારંભ ગ્રહણ કરવો છે. તેથી સાવદ્યસંક્ષેપરુચિ શ્રાવક પણ અનારંભરૂપ ફળ પ્રાપ્ત થાય તેવા ચારિત્રની ઈચ્છાને અનુકૂળ એવી યતના કરે છે, તે સદારંભ છે; અને મુનિ પણ સંયમજીવનની જે યતનાઓ કરે છે, તે અનારંભફળને અનુકૂળ એવો સદારંભ છે, અને ભગવાનની ભક્તિ કરનાર શ્રાવક જે પૂજા કરે છે, તે પણ અનારંભરૂપ સંયમસ્વરૂપ ફળની પ્રાપ્તિ કરાવે તેવો સદારંભ છે.

આનાથી એ ફલિત થાય કે, સંક્ષેપરુચિ શ્રાવકને અને મુનિને સદારંભની ઈચ્છા હોવા છતાં મલિનારંભ નથી, માટે તેઓ પૂજા કરતા નથી, પરંતુ નિરવદ્ય એવી સામાયિકાદિની ક્રિયા કરે છે; અને સદારંભની ઈચ્છાવાળો એવો મલિનારંભી ગૃહસ્થ અનારંભના ફળ અર્થે ભગવાનની પૂજા કરે છે; કેમ કે ભૂમિકાના ભેદથી ઉપાયનો ભેદ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, સંક્ષેપરુચિ શ્રાવક પૂજાનો અનધિકારી છે, એમ અમે કહીએ છીએ, તેમાં સાક્ષી આપે છે -

ટીકા :-

उक्तं च द्वितीयाष्टकवृत्तौ-गृहिणोऽपि प्रकृत्या पृथिव्याद्युपमर्दनभीरोर्यतनावतः, सावद्यसंक्षेपरुचेर्यतिक्रियानुरागिणो न धर्मार्थं सावद्यारम्भप्रवृत्तिर्युक्तेति । **हन्तैवं यतिक्रियाभ्यासेन श्रमणोपासकत्वमिदानीन्तनानां कुमतीनामनुमतं स्यात्, न स्यात्, तस्य स्वमतिविकल्पितत्वेनाबहुमतत्वात्,**

निरपेक्षस्य संयतस्यैव भवितुमुचितत्वात् । तदाह - 'णिरविक्खस्स उ जुत्तो संपुन्नो संजमो चेव त्ति ।'
द्रव्यस्तवभावस्तवोभयभ्रष्टस्य च दुर्लभबोधित्वात्; तदुक्तं धर्मदासगणिक्षमाश्रमणैः -

'जो पुण णिरच्चणो च्चिअ सरीरसुहकज्जमित्ततल्लिच्छो ।
तस्स न बोहिलाभो न सुग्गई नेय परलोगो ।। **(उपदेशमाला=४९३) त्ति ।**

टीकार्थ :-

'उक्तं च द्वितीयाष्टकवृत्तौ' - अने द्वितीय अष्टकवृत्तिमां कहेलुं छे -

गृहिणोऽपि ..... युक्तेति । प्रकृतिथी पृथिव्यादिना उपमर्दनथी भीरु, यतनावाळा, सावद्यसंक्षेपरुचि, यतिक्रियाना अनुरागी एवा गृहस्थने पण धर्मना माटे सावद्यारंभनी प्रवृत्ति युक्त नथी.

'इति' शब्द अष्टकवृत्तिनी साक्षीनी समाप्तिसूचक छे.

उत्थान :-

मूळ श्लोकना कथननी समाप्ति पछी तेना विषयमां शंका उद्भावन करी तेनुं समाधान आपे छे -

टीकार्थ :-

हन्तैवं ..... अनुमतं स्यात्, **खरेखर आ रीते=पूर्वमां कह्युं के, सावद्यना संक्षेपने करनार एवा श्रावकने पूजामां अनधिकारिता अमे पण कहीए छीए ए रीते, यतिक्रियाना अभ्यास वडे हमणांना कुमतिओनुं श्रमणोपासकपणुं अनुमत थाय, ए प्रमाणे पूर्वपक्षी कहे छे. तेना जवाब रूपे ग्रंथकार कहे छे -**

'न स्यात्' नहि थाय=हमणांना कुमतिओनुं स्वीकारायेलुं श्रमणोपासकत्व अनुमत नहि थाय. तेमां हेतु कहे छे -

तस्य ..... **अबहुमतत्वात्, केम के तेनुं स्वमतिविकल्पितपणुं होवाने कारणे अबहुमतपणुं छे.**

विशेषार्थ :-

हमणांना कुमतिओ जे यतिक्रियाना अभ्यास माटे श्रावकोने साधुनी जेम किंचित् काल माटे साधुक्रिया करावीने साधुनी जेम भिक्षा आदि प्रवृत्ति करवानुं कहे छे, अने ते ज श्रमणोपासकत्व छे एम कहे छे, ते भगवाननी आज्ञाने अनुरूप नथी, परंतु स्वमतिविकल्पित होवाथी अबहुमत छे. तेथी तेमनो मत अमने अभिमत नथी.

उत्थान :-

अहीं प्रश्न थाय के, आ रीते थोडो काळ साध्वाचारने पाळे तेनाथी कांईक संयमनी क्रियाओनो तेओने अभ्यास थाय छे, तेथी तेमनुं चित्त साधुनी जेम निरपेक्ष परिणामवाळुं बने छे. तेथी बीजो हेतु कहे छे -

ટીકાર્થ :-

निरपेक्षस्य ..... उचितत्वात् - નિરપેક્ષને સંયત જ થવું ઉચિત છે.

तदाह થી તેમાં સાક્ષી આપતાં કહે છે -

णिरविक्खस्स ..... चेवत्ति ।' નિરપેક્ષને વળી સંપૂર્ણ સંયમ જ યુક્ત છે.

'इति' શબ્દ સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, આ રીતે યતિક્રિયાનો અભ્યાસ જે કરતા હોય, અને નિરપેક્ષ પરિણામ ન હોય તો પણ જે યતિક્રિયા કરે છે, તેને અનુરૂપ કોઈક શુભ ભાવો તો થાય છે, તેથી તેને સ્વીકારવામાં શું વાંધો છે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

द्रव्यस्तव ..... दुर्लभबोधित्वात्, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ ઉભયથી ભ્રષ્ટનું દુર્લભબોધિપણું છે.

વિશેષાર્થ :-

તે શ્રમણોપાસક ગૃહસ્થ શ્રાવક જ્યારે યતિક્રિયાનો અભ્યાસ કરે છે ત્યારે દ્રવ્યસ્તવ સેવતા નથી, અને ચિત્ત નિરપેક્ષ પરિણામવાળું નહિ થવાના કારણે સામાયિકાદિ ભાવોવાળું ન થવાથી ભાવસ્તવ પણ ત્યાં નથી. આ રીતે યતિક્રિયાના અભ્યાસ દ્વારા તે લોકો ઉભય ભ્રષ્ટ બને છે અને તેથી તેઓ દુર્લભબોધિપણાને પામે છે.

ઉત્થાન :-

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ ઉભયભ્રષ્ટનું દુર્લભબોધિપણું છે, તેમાં સાક્ષી આપે છે.

ટીકાર્થ :-

'तदुक्तं धर्मदासगणिक्षमाश्रमणैः' - ધર્મદાસગણિ ક્ષમાશ્રમણ વડે તે કહેવાયેલું છે –

'जो पुण ..... परलोगो' ।। त्ति । 'જે વળી નિરર્ચન જ છે અને શરીરસુખકાર્યમાત્રમાં તલ્લિપ્સાવાળો= તત્પર છે, તેને બોધિલાભ નથી, સુગતિ= મોક્ષ, નથી, અને પરલોક=સુદેવપણું, નથી.

✪ त्ति શબ્દ ઉપદેશમાલાની સાક્ષીની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

જે નિરર્ચન=ભાવઅર્ચનથી રહિત છે=યતિવેશને ધારણ કરેલ હોવાથી દ્રવ્યાર્ચન કરતો નથી અને ભાવઅર્ચન પણ કરતો નથી, અને નિરપેક્ષ પરિણામવાળો નહિ હોવાને કારણે શરીરસુખકાર્યમાત્રમાં તત્પર છે=સાધુવેશમાં રહીને શરીરને સંભાળવું અને એ રીતે આહારાદિની પ્રવૃત્તિ કરતો હોય અને સુખના

કાર્યમાત્રમાં તત્પર રહેતો હોય, તે જીવને બોધિલાભ નથી=જન્માંતરમાં જૈનધર્મની પ્રાપ્તિ નથી, સુગતિ નથી=મોક્ષની પ્રાપ્તિ નથી, અને પરલોક નથી=સુદેવત્વની પ્રાપ્તિ નથી.

આ કથનથી એ ફલિત થયું કે, જે નિરપેક્ષ પરિણામવાળા નથી, તેથી સંયમ ગ્રહણ કરતા નથી અને યતિક્રિયાના અભ્યાસ અર્થે પ્રવૃત્તિ કરે છે ત્યારે દ્રવ્યસ્તવ કરતા નથી, તેઓને દુર્લભબોધિની પ્રાપ્તિ છે. તેથી કુમતોને અભિમત એવું શ્રમણોપાસકત્વ યુક્ત નથી.

ટીકા :-

कस्तर्हि सावद्यसंक्षेपाच्छ्राद्धः प्राचीनैरत्रानधिकार्युक्तः ? इति चेत् ? सचित्तारम्भादिवर्जनपर उपरितनप्रतिमाप्रतिपत्त्यनन्तरं यावज्जीवं तथाभिग्रहपरः । 'एवं चिय जं चित्तो सावगधम्मो बहुप्पगारो' **इत्यादिवचनात्, इत्येव हि इच्छया तु धर्मसंकरे क्रियमाणे न किञ्चित्फलमित्युक्तमेव ।।५८।।**

ટીકાર્થ :-

'कस्तर्हि' - અહીં પ્રશ્ન થાય કે, જે યતિક્રિયાના અભ્યાસથી પ્રવર્તતા હોય તેને તમે સંક્ષેપરુચિ શ્રાવક તરીકે સ્વીકારતા નથી, તો સાવદ્યના સંક્ષેપથી કયો શ્રાદ્ધ=શ્રાવક, પ્રાચીનો વડે અહીં=દ્રવ્યસ્તવમાં, અનધિકારી કહેવાયો ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે -

सचित्तारम्भ ..... तथाभिग्रहपरः । **સચિત્તઆરંભાદિના વર્જનમાં તત્પર=સાતમી પ્રતિમાથી માંડીને ઉપરની પ્રતિમામાં તત્પર, એવી ઉપરિતન પ્રતિમાઓનો સ્વીકાર કર્યા પછી યાવજ્જીવ તેવા અભિગ્રહમાં તત્પર (એવો) શ્રાવક પૂજા માટે અનધિકારી કહેવાયેલો છે. તેમાં હેતુ કહે છે -**

एवंविहं ..... वचनात्, જે કારણથી આવા પ્રકારનો જ ચિત્ર શ્રાવકધર્મ બહુ પ્રકારવાળો છે, ઈત્યાદિ વિંશિકા-૧૦/૧૩નું વચન છે.

વિશેષાર્થ :-

શ્રાવક બારેય વ્રતોનું સમ્યગ્ પાલન કર્યા પછી, સચિત્તઆરંભાદિ વર્જનપર સાતથી માંડીને ઉપરિતન પ્રતિમાઓને સ્વીકાર્યા પછી યાવજ્જીવન તેવા અભિગ્રહમાં તત્પર હોય=સચિત્તઆરંભાદિ વર્જનપર=તે સર્વ પ્રતિમાઓને વહન કર્યા પછી શક્તિનો પ્રકર્ષ થવાથી યાવજ્જીવન સુધી આ રીતે નિરારંભ જ જીવીશ, તેવા પ્રકારના અભિગ્રહમાં તત્પર, એવો શ્રાવક પૂજામાં અનધિકારી છે.

અહીં વિશેષ એ છે કે, પ્રતિમાઓને વહન કર્યા પછી કોઈકને સત્ત્વનો પ્રકર્ષ થાય તો સંયમ ગ્રહણ કરે, કોઈકને સત્ત્વનો પ્રકર્ષ ન થાય તો ફરી સત્ત્વના પ્રકર્ષ માટે પ્રતિમાઓને વહન કરે, અને કોઈકને ફરી પ્રતિમા વહનની વૃત્તિ ન રહે તો વ્રતધારી શ્રાવક તરીકે પણ રહે. કેટલાક જીવો પ્રતિમા વહન કર્યા પછી સંયમના અર્થી થયા હોય, તો પણ તેવા પ્રકારના શારીરિક કે અન્ય સંયોગાદિને કારણે સંયમ ગ્રહણ કરી શકે તેમ ન હોય, તો યાવજ્જીવન મારે ગૃહસ્થવેશમાં જ સાવદ્યનો અતિ સંક્ષેપ કરીને જીવવું છે, એવા પરિણામવાળા થયા હોય તેવા શ્રાવકો પૂજામાં અનધિકારી છે.

ઉપરમાં કહ્યું તેવા સાવદ્યસંક્ષેપરુચિ શ્રાવક પૂજામાં અનધિકારી છે, તેમાં સાક્ષીપાઠરૂપે હેતુ કહ્યો કે, જે કારણથી આવા પ્રકારનો જ ચિત્ર શ્રાવકધર્મ બહુ પ્રકારવાળો છે, એવું વિંશિકા-૧૦/૧૩ નું વચન છે.

વિંશિકા-૧૦/૧૩ ની 'एवं चिय ...થી... बहुप्पगारो'ની જે સાક્ષી આપી, તેનો આશય એ છે કે, આ રીતે જ શ્રાવકધર્મ ઘણા પ્રકારવાળો છે. આનાથી એ કહેવું છે કે, કોઈક શ્રાવક સચિત્ત આરંભાદિનો ત્યાગ કરીને પ્રતિમાકાળ સુધી તે વ્રતોનું વહન કરે છે, તો કોઈક યાવજ્જીવન પણ તે વ્રતોનું વહન કરે છે. આ પ્રકારના શ્રાવકધર્મના ભેદ છે, તેથી જે જીવો યાવજ્જીવન સચિત્ત આરંભાદિના ત્યાગના અભિગ્રહમાં તત્પર છે, તેઓને પૂજાનો નિષેધ છે, અન્યને નહિ.

ટીકાર્થ :-

इत्येव हि ..... उक्तमेव ।। એથી કરીને જ=પ્રતિમા સ્વીકાર્યા પછી યાવજ્જીવન તેવા પ્રકારના અભિગ્રહમાં તત્પર એવો શ્રાવક પૂજામાં અનધિકારી છે, એથી કરીને જ, ઈચ્છા વડે વળી ધર્મ સંકર કરાયે છતે કાંઈ ફળ નથી, એ પ્રકારે ઉક્ત જ છે=પૂર્વમાં જે કહ્યું કે, કુમતિઓનું શ્રમણોપાસકત્વ અનુમત નહિ થાય; કેમ કે તેનું સ્વમતિવિકલ્પિતપણું હોવાથી અબહુમત છે, એ કથન દ્વારા ઉક્ત જ છે.

વિશેષાર્થ :-

પ્રતિમા સ્વીકાર્યા પછી યાવજ્જીવન તેવા પ્રકારના અભિગ્રહમાં તત્પર શ્રાવક પૂજામાં અનધિકારી છે, એથી કરીને જ સ્વેચ્છાથી શ્રમણોપાસકત્વ અને યતિધર્મનો સંકર કરાયે છતે કાંઈ ફળ નથી, એમ કહ્યું, તેનો આશય એ છે કે, જેઓ નિરપેક્ષ પરિણામવાળા છે અને યતિની ક્રિયા કરે છે, તેમને શ્રમણ કહેવા; અને જેઓ તેવા નિરપેક્ષ પરિણામવાળા નથી, આમ છતાં સાધુની ક્રિયા અભ્યાસરૂપે કરે છે, તેમને શ્રમણોપાસક કહેવા; એ પ્રકારે એક જ સાધ્વાચારની ક્રિયામાં શ્રમણત્વ અને શ્રમણોપાસકત્વરૂપ ધર્મનો સંકર કરીને, જેઓ નિરપેક્ષ પરિણામવાળા નથી તેઓ શ્રમણોપાસકત્વના નામે યતિક્રિયા કરે છે, તેનાથી કાંઈ ફળ મળતું નથી; કેમ કે ભગવાનના વચનાનુસાર પોતાની ભૂમિકા પ્રમાણે ઉચિત ક્રિયા કરવાથી જ ઉચિત ફળ મળે છે. ભગવાન નિરપેક્ષ મુનિને યતિક્રિયા કરવાનું કહે છે, અને યતિક્રિયાને અતિ આસન્ન એવા સંક્ષેપરુચિ શ્રાવકને એ પ્રકારની શ્રાવકાચારની ક્રિયાઓ કરવાનું કહે છે, અને જેઓ સાવદ્યના સંક્ષેપના પરિણામવાળા નથી, તેવા મલિનારંભી શ્રાવકોને દ્રવ્યસ્તવમાં પ્રધાનરૂપે યત્ન કરવાનું કહે છે, તે રીતે સ્વભૂમિકાનુસાર કરવાથી જ તેનું ફળ પ્રાપ્ત થાય. પરંતુ સ્વમતિકલ્પના કરીને યતિક્રિયાના અભ્યાસ અર્થે કિંચિત્ કાળ સાધુપણું સ્વીકારીને પ્રયત્ન કરવો, તે આજ્ઞાવિરુદ્ધ છે, માટે તેનાથી કાંઈ ફળ મળતું નથી. **॥૫૮॥**

અવતરણિકા :-

सिंहावलोकितेन हिंसांशमतिमेव द्रव्यस्तवे निरस्यति -

અવતરણિકાર્થ :-

સિંહાવલોકિત ન્યાયથી દ્રવ્યસ્તવમાં હિંસાના અંશની મતિનું જ નિરાકરણ કરે છે -

વિશેષાર્થ :-

શ્લોક-૫૩ માં કહેલ કે, ધર્માર્થિકા હિંસા કુસમયમાં જોવાયેલી છે, પરંતુ પૂજામાં નહીં, તે રીતે પૂજામાં હિંસાંશ નથી, એ સ્થાપન કરેલ. ત્યાર પછી આગળ જઈને ફરી તે જ વાતનું સમર્થન કરવારૂપ સિંહાવલોકિત ન્યાય વડે, દ્રવ્યસ્તવમાં હિંસાનો અંશ નથી તે બતાવવા અર્થે દ્રવ્યસ્તવમાં હિંસાંશની મતિનું જ નિરાકરણ કરે છે –

શ્લોક :-

धर्मार्थं सृजतां क्रियां बहुविधां हिंसा न धर्मार्थिका,
हिंसांशे न यतः सदाशयभृतां वाञ्छा क्रियांशे परम् ।
न द्रव्याश्रवतश्च बाधनमपि स्वाध्यात्मभावोन्नते-
रारम्भादिकमिष्यते हि समये योगस्थितिव्यापकम् ।।५९।।

શ્લોકાર્થ :-

ધર્મના માટે બહુપ્રકારવાળી ક્રિયા કરતાં ધર્માર્થિકા હિંસા નથી; જે કારણથી શુભભાવવાળાને હિંસા અંશમાં વાંછા નથી, પરંતુ ક્રિયા અંશમાં વાંછા છે, અને દ્રવ્યાશ્રવથી સ્વઅધ્યાત્મભાવની ઉન્નતિનું બાધન પણ નથી; જે કારણથી સિદ્ધાંતમાં યોગસ્થિતિવ્યાપક આરંભાદિક ઈચ્છાય છે. ।।૫૯।।

✪ શ્લોકમાં 'हि' શબ્દ છે, તે 'यस्मादर्थक છે.

ટીકા :-

धर्मार्थमिति :- धर्मार्थं बहुविधां=बहुप्रकारां, क्रियां पूजादिरूपां सृजतां धर्मार्थिका=धर्मार्था, हिंसा न, यतः सदाशयभृतां=शुभभाववतां, हिंसांशे वाञ्छा न, परं=केवलं, क्रियांशे वाञ्छा, तथा चानुबन्धहिंसानिरासः सदाशयश्च यतनोपबृंहितो ग्राह्यः, इति हेतुहिंसापि निरस्तैव तथा च, स्वरूपहिंसैवास्ति । तत्राह-द्रव्याश्रवतश्च स्वस्य योऽध्यात्मभावस्तदुन्नतेर्बाधनमपि न 'अज्झत्थे चेव बन्धप्पमोक्खे' **इत्याचारवचनात् ।**

ટીકાર્થ :-

धर्मार्थं ..... अनुबन्धहिंसानिरासः । ધર્મ માટે બહુવિધ=બહુ પ્રકારવાળી, પૂજાદિરૂપ ક્રિયા કરનારને

ધર્માર્થિકા=ધર્માર્થ, હિંસા નથી; જે કારણથી શુભભાવવાળાને હિંસા અંશમાં વાંછા નથી, કેવલ ક્રિયા અંશમાં વાંછા છે, અને તે પ્રમાણે, અનુબંધહિંસાનો નિરાસ છે.

સદાશયશ્ચ ..... એવાસ્તિ । અને યતનાથી ઉપબૃંહિત એવો સદાશય ગ્રહણ કરવો, એથી કરીને (પૂજામાં) હેતુહિંસા પણ નિરસ્ત જ છે, અને તે પ્રમાણે સ્વરૂપહિંસા જ છે.

વિશેષાર્થ :-

ધર્મ માટે પૂજા કરનાર ગૃહસ્થ જ્યારે પૂજામાં યત્ન કરે છે ત્યારે પુષ્પાદિની કિલામણા યદ્યપિ થાય છે, તો પણ તે ભગવાનના ગુણોના બહુમાનરૂપ સદાશયવાળો હોવાથી પુષ્પોને પીડા કરવાનો પરિણામ તેને નથી, ફક્ત ભગવાનના ગુણોના બહુમાનને કારણે બહુમાનની વૃદ્ધિને અનુકૂળ એવી ક્રિયામાં વાંછા છે, તેથી ત્યાં અનુબંધહિંસાનો નિરાસ છે.

યદ્યપિ કોઈ ગૃહસ્થ સંસારમાં ધનાદિ અર્થે આરંભ કરતો હોય ત્યાં પણ કદાચ હિંસામાં વાંછા ન રાખતો હોય, અને ધનપ્રાપ્તિને અનુકૂળ એવી ક્રિયાની વાંછા રાખતો હોય, તો પણ ત્યાં પોતાના ધનના મમત્વરૂપ અશુભભાવ હોવાને કારણે અનુબંધહિંસાનો નિરાસ નથી; પરંતુ પ્રસ્તુતમાં ભગવાનની ભક્તિ કરીને સંયમના પરિણામની નિષ્પત્તિની ઈચ્છારૂપ શુભ આશય છે, તે સંયમ પ્રત્યે કારણરૂપ હોવાથી ત્યાં અનુબંધહિંસાનો નિરાસ છે. અને જે સદાશય છે, તે યતનાથી ઉપબૃંહિત એવો સદાશય ગ્રહણ કરવાનો છે, એથી કરીને પૂજામાં હેતુહિંસા પણ નિરસ્ત જ છે, અને તે રીતે પૂજામાં સ્વરૂપહિંસા જ છે.

આશય એ છે કે, ભગવાનની પૂજા કરનારને "આ ભગવાનની પૂજાથી મને સંયમનો પરિણામ નિષ્પન્ન થાઓ" એવો અભિલાષ જેમ હોય છે, તેમ વિવેકી ગૃહસ્થને ભગવાનની પૂજામાં ભગવાનની ભક્તિની વૃદ્ધિ માટે ઉપયોગી હિંસા કરતાં, પ્રયોજન વગરની હિંસા લેશ પણ ન થાય, તેવી યતના પણ હોય છે.

જેમ વિવેકી ગૃહસ્થ પૂજા માટે સ્નાન કરે ત્યારે મલશુદ્ધિ માટે આવશ્યક એવા પરિમિત જલથી સ્નાન કરે છે, અને તે વખતે શરીરમાં અશુદ્ધિ ન રહેવી જોઈએ તે રીતે જેમ યતના આવશ્યક છે, તેમ શુદ્ધિના ઉપયોગમાં ઉપયોગી ન થાય તે રીતે જલનો વ્યય પણ ન થવો જોઈએ તેવી યતના પણ તે કરે છે. તેથી યતનાકાળમાં શક્ય એટલો વધુમાં વધુ જીવરક્ષાનો પરિણામ વર્તે છે. એ રીતે પુષ્પાદિમાં પણ પુષ્પાદિ જીવોને કિલામણા ન થાય એ રીતે યત્નપૂર્વક ગ્રહણાદિ કરે છે, અને ભક્તિના અતિશય અર્થે અધિક પણ ફૂલ તે રીતે જ યોજે છે કે જેથી અંગરચનાની વૃદ્ધિનું તે કારણ બને, અને સુંદર અંગરચના દ્વારા ભાવવૃદ્ધિનું તે કારણ બને. પરંતુ પ્રયોજનરહિત જેમ તેમ પુષ્પોનો વ્યય થાય, તે રીતે તે યત્ન કરતો નથી.

આ સર્વ પ્રકારની સમ્યગ્ યતના જીવરક્ષાના પરિણામની વૃદ્ધિ કરે છે, અને ઉત્તમ દ્રવ્યથી કરાયેલી પૂજા ઉત્તમ પુરુષના પ્રત્યે બહુમાનભાવ પેદા કરે છે, અને તે ઉત્તમ ભાવ સંયમ પ્રત્યે પ્રસર્પણવાળો બને છે, તેથી ત્યાં અનુબંધહિંસા અને હેતુહિંસા નથી. પરંતુ જેઓ ભગવાન પ્રત્યે બહુમાનપૂર્વક સારામાં સારી ભગવાનની ભક્તિ કરે છે, આમ છતાં સમ્યગ્ બોધના અભાવના કારણે યથાર્થ યતના ન કરતા હોય, તેઓને

હેતુહિંસાનો નિરાસ નથી, આમ છતાં તેઓ પ્રજ્ઞાપનીય હોય તો હેતુહિંસા નિરનુબંધ બને છે. આ રીતે સમ્યક્ કરાયેલી પૂજામાં કેવલ સ્વરૂપહિંસા જ છે, જે ફક્ત દ્રવ્યાશ્રવરૂપ છે. જેમ સંયમી મુનિ સંયમની વૃદ્ધિ માટે યતનાપૂર્વક વિહાર કરતા હોય ત્યારે વાઉકાયની વિરાધનારૂપ સ્વરૂપહિંસા છે, તેની જેમ આ રીતે કરાયેલી પૂજામાં ફક્ત સ્વંરૂપહિંસા છે, તે દ્રવ્યાશ્રવરૂપ છે.

ટીકાર્થ :-

'तत्राह' - ત્યાં=પૂર્વમાં સિદ્ધ કર્યું કે, દ્રવ્યસ્તવમાં ફક્ત સ્વરૂપહિંસા છે ત્યાં, મૂળશ્લોકમાં કહે છે -

द्रव्याश्रवतश्च ..... आचारवचनात् । અને દ્રવ્યાશ્રવથી સ્વનો જે અધ્યાત્મભાવ તેની ઉન્નતિનું બાધન પણ નથી; કેમ કે "અધ્યવસાયથી જ બંધ અને મોક્ષ છે," એ પ્રકારનું આચારનું=આચારાંગ સૂત્રનું, વચન છે.

વિશેષાર્થ :-

જ્યાં અનુબંધહિંસા અને હેતુહિંસા નથી, ત્યાં હિંસાને અનુકૂળ કોઈ પરિણતિ નથી, પરંતુ મોક્ષને અનુકૂળ પરિણામ છે, ત્યાં જે કાંઈ સ્વરૂપહિંસા થાય, તે યોગના પ્રવર્તનરૂપ છે, જે દ્રવ્યાશ્રવ સ્વરૂપ છે. તેથી જિનાર્ચામાં જે વિધિપૂર્વક યત્ન કરે છે, ત્યાં ફક્ત સ્વરૂપહિંસા હોય છે, તેથી ત્યાં દ્રવ્યાશ્રવ હોય છે અને તેનાથી પોતાના અધ્યાત્મભાવની ઉન્નતિનો બાધ થતો નથી.

પૂજાકાળમાં ભગવાન પ્રત્યેના બહુમાનભાવને કારણે બહુમાનની વૃદ્ધિ અર્થક ક્રિયા અંશમાં જે વાંછા છે, તેના કારણે બહુમાનને અનુકૂળ એવી પુષ્પાદિથી પૂજા થાય છે, તેમાં હિંસાના પરિણામથી અસંવલિત એવો જે યોગ વર્તે છે, તેનાથી થતી જે દ્રવ્યહિંસા છે, તે દ્રવ્યાશ્રવરૂપ છે. તેનાથી ભગવાનની પૂજાને કારણે વધતો જતો જે અધ્યાત્મભાવ છે તેનો બાધ થતો નથી; કેમ કે આચારાંગ સૂત્રનું વચન છે કે, અધ્યવસાય જ બંધ અને મોક્ષ સ્વરૂપ છે. તેથી પ્રસ્તુતમાં જે અધ્યવસાય છે, તે ભગવાન પ્રત્યેના બહુમાનભાવની વૃદ્ધિને અનુકૂળ છે, અને દ્રવ્યાશ્રવરૂપ જે યોગ=વ્યાપાર છે, તેમાં સ્વરૂપહિંસા છે, તે બંધનું કારણ બનતી નથી; કેમ કે બંધને અનુકૂળ અધ્યવસાય નથી.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, પૂજામાં યતનાપૂર્વકનો સદાશય હોવા છતાં પૂજાની ક્રિયાથી પુષ્પાદિ જીવોને કિલામણાદિ થાય છે, તેથી ભગવાનની ભક્તિકાળમાં જે અધ્યાત્મભાવની વૃદ્ધિ થાય છે, તેનો બાધ થશે; જ્યારે સામાયિકાદિ કરવામાં આવે તો અધ્યાત્મભાવની વૃદ્ધિનો બાધ નહિ થાય. તેથી પૂજા કરતાં સામાયિકમાં યત્ન કરવો એ જ વધારે ઉચિત છે. એવી શંકાને સામે રાખીને કહે છે -

ટીકા :-

इदमेव कथम् ? अत्राह-हि=यतः, समये=सिद्धान्ते, योगस्थितिव्यापकं=यावद्योगास्तिष्ठन्ति

तावदित्यर्थः, इष्यते=मन्यते, 'जावं च णं एस जीवे एयइ वेयइ तावं च णं आरंभइ सारंभइ समारंभइ' **इत्यादिवचनादारम्भाद्यन्यतरत्वेन योगव्यापकतालाभात् ।**

टीकार्थ :-

'इदमेव कथम्' ? आ जकेवी रीते छे ?=पूजामां स्वरूपहिंसारूप द्रव्याश्रव छे, आ जकेवी रीते छे ?

अत्राह - ..... **लाभात् । ए प्रकारना शंकाकारना आशयमां कहे छे - जे कारणथी सिद्धांतमां योगस्थितिव्यापक अर्थात् ज्यां सुधी योगो रहे छे त्यां सुधी आरंभादिक छे, ए रूप योगस्थितिव्यापक, आरंभादिक ईच्छाय छे, केम के 'जावं च ...थी.. समारंभइ' ईत्यादि वचन वडे आरंभादि अन्यतरपणा वडे योगव्यापकनो लाभ छे.**

'जावं च थी समारंभइ' पाठनो अर्थ आ प्रमाणे छे -

आ जीव जाय छे, कंपन करे छे त्यां सुधी आरंभ, सारंभ=संरंभ अने समारंभ छे, ए प्रकारनुं वचन छे. **(तेथी योगनी साथे आरंभादि अन्यतरनुं व्यापकपणुं छे.)**

विशेषार्थ :-

'इदमेव कथम्' थी प्रश्न करनारनो आशय एे छे के, तमे कहो छो एे रीते पूजामां यतनाथी उपबृंहित भगवानना गुणोनो बहुमानभाव होवाने कारणे भले कोई जीवनी हिंसानो परिणाम न होय, आम छतां पूजा करनार जाणे छे के, मारा भावनी वृद्धि अर्थे हुं पूजामां यत्न करुं छुं, तो पण मारी ते क्रिया द्वारा पुष्पादि जीवोनी विराधना अवश्य थाय छे. छतां ते हिंसा अध्यात्मभावनी उन्नतिनो बाध केम न करे ? आ प्रकारना शंकाकारना आशयमां 'अत्राह' - थी जे कह्युं, तेनो आशय एे छे के, सिद्धांतमां ज्यां सुधी योग छे त्यां सुधी आरंभादि छे, एे प्रकारनी व्याप्ति छे. तेथी तेरमा गुणस्थानक सुधी योगो होवाने कारणे आरंभादिनी प्राप्ति छे. तेथी त्यां सुधी अवश्य स्वरूपहिंसा होय छे. जो स्वरूपहिंसारूप द्रव्याश्रव अध्यात्मनो बाधक बनतो होय तो यावत् योगकाळ सुधी अध्यात्मनी प्राप्ति कोईने संभवी शके नहि. तेथी केवळ योगरूप द्रव्याश्रवथी अध्यात्मनो बाध नथी तेम मानवुं ज युक्त छे, अने तो ज सर्व योगकाळमां मोक्षने अनुकूळ अध्यात्म छे, तेनो स्वीकार थई शके.

योगस्थितिव्यापक आरंभादि ईच्छाय छे, तेमां हेतु कह्यो के, जावं च ..थी... समारंभइ तेनो भाव एे छे के, ज्यां सुधी आ जीव जाय छे, कंपन करे छे, त्यां सुधी आरंभ, संरंभ अने समारंभ छे, एे प्रकारनुं शास्त्रवचन छे. तेथी योगनी साथे आरंभादि अन्यतरनुं व्यापकपणुं छे.

उत्थान :-

पूर्वमां सिद्ध कर्युं के, योगनी साथे आरंभादि व्यापक होवाने कारणे योगथी थता द्रव्याश्रवथी अध्यात्मनी उन्नतिनो बाध थतो नथी, तेनी ज पुष्टि करवा अर्थे तर्क करे छे -

ટીકા :-

यदि च द्रव्याश्रवमात्राद् बन्धः स्यात्तदा त्रयोदशगुणस्थानेऽपि स्यात्, न चैवमस्ति, समितगुप्तस्य द्रव्याश्रवसत्त्वेऽपि उपादानकारणानुसारितयैव बन्धवैचित्र्यस्याचारवृत्तिचूर्ण्यादौ व्यवस्थितत्वात् ।

ટીકાર્થ :-

यदि च ..... व्यवस्थितत्वात् । જો દ્રવ્યાશ્રવમાત્રથી બંધ થાય તો તેરમા ગુણસ્થાનકે પણ બંધ થવો જોઈએ, અને એ પ્રમાણે નથી=તેરમા ગુણસ્થાનકે દ્રવ્યાશ્રવમાત્રથી કર્મબંધ નથી; કેમ કે સમિત અને ગુપ્ત એવા મુનિને દ્રવ્યાશ્રવ હોવા છતાં પણ ઉપાદાનકારણના અનુસારીપણા વડે કરીને જ બંધવૈચિત્ર્યનું આચારાંગની વૃત્તિ અને ચૂર્ણિ આદિમાં વ્યવસ્થિતપણું છે.

વિશેષાર્થ :-

તર્ક હંમેશાં વિપર્યયમાં પર્યવસાન પામે છે. તેથી પ્રસ્તુત તર્કથી એ પ્રાપ્ત થાય કે તેરમા ગુણસ્થાનકમાં કર્મબંધ નથી, આમ છતાં સ્વરૂપહિંસારૂપ દ્રવ્યાશ્રવ છે. તે જ રીતે ભગવાનની પૂજામાં પણ સ્વરૂપહિંસારૂપ દ્રવ્યાશ્રવ છે, છતાં કર્મબંધ થાય નહિ, જેમ તેરમા ગુણસ્થાનકમાં સ્વરૂપહિંસા હોવા છતાં કર્મબંધ થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે, તેરમા ગુણસ્થાનકે દ્રવ્યાશ્રવ હોવા છતાં કર્મબંધ કેમ થતો નથી ? તેથી શાસ્ત્રોપજીવી યુક્તિ બતાવેલ છે. તેનો ભાવ આ પ્રમાણે છે -

સમિતિ અને ગુપ્તિવાળા મુનિથી જીવોની કોઈ હિંસા થાય, ત્યારે દ્રવ્યાશ્રવ હોવા છતાં પણ કર્મબંધના કારણીભૂત એવા ઉપાદાનકારણને અનુસારી જ બંધવૈચિત્ર્યનું આચારાંગની વૃત્તિ અને ચૂર્ણિ આદિમાં વ્યવસ્થિતપણું છે.

આશય એ છે કે, કર્મબંધનું કારણ જીવનો અધ્યવસાય છે. જ્યારે મુનિ સમિતિ અને ગુપ્તિમાં અપ્રમાદવાળો હોય, ત્યારે સમ્યગ્ યતના હોવા છતાં કોઈ જીવની હિંસા થાય તો પણ હિંસાને અનુકૂળ એવો અધ્યવસાય ત્યાં નથી, પરંતુ અહિંસાને અનુકૂળ અધ્યવસાય છે. હવે કર્મબંધનું ઉપાદાનકારણ હિંસાને અનુકૂળ અધ્યવસાય છે, અને કર્મના અબંધને અનુકૂળ અહિંસાનો અધ્યવસાય છે, અને તે અધ્યવસાયને અનુરૂપ જ કર્મનો બંધ કે કર્મનો અબંધ થાય છે, એમ આચારાંગની વૃત્તિ અને ચૂર્ણિમાં કહેલ છે. અને ૧૩મા ગુણસ્થાનકે કર્મબંધને અનુકૂળ એવો હિંસાનો અધ્યવસાય નથી, માટે યોગને કારણે કોઈ જીવની હિંસા થાય તો પણ ૧૩મા ગુણસ્થાનકે કર્મબંધ નથી. તે જ રીતે ભગવાનની પૂજાકાળમાં સમ્યગ્ યતનામાં તત્પર એવા શ્રાવકને હિંસાને અનુકૂળ એવો કોઈ અધ્યવસાય નથી, તેથી તેવા શ્રાવકને પૂજામાં થતી હિંસામાં તે હિંસાકૃત લેશ પણ કર્મબંધ થતો નથી.

उत्थान :-

અહીં ધર્મસાગરજી ઉપાધ્યાયનો મત એ છે કે, પૂજામાં ભગવાનની ભક્તિરૂપ અને સમ્યગ્ યતનારૂપ શુભભાવ છે, તે નિર્જરાનું કારણ હોવા છતાં દ્રવ્યહિંસાનો અંશ છે, તેથી તેનાથી કર્મબંધ પણ થાય છે. તે ધર્મસાગરજીના મતનું નિરાકરણ કરતાં કહે છે -

टीका :-

न च द्रव्यतया परिणतिरपि सूक्ष्मैकेन्द्रियादेरिव सूक्ष्मबन्धजननीतिधर्मार्णवमतमपि युक्तम्, एकेन्द्रियादीनामपि सूक्ष्मबन्धस्योपादानसूक्ष्मतापेक्षित्वात्, अप्रमत्तसाधोर्द्रव्याश्रवसम्पत्तौ तन्निमित्तस्य परमाणुमात्रस्यापि बन्धस्य निषेधात्; 'णहु तस्स तण्णिमित्ता बंधो सुहुमोवि देसिओ समए' **इत्यागमात् । प्रपञ्चितं चेदं धर्मपरीक्षायां महता ग्रन्थेन ।।५९।।**

टीकार्थ :-

न च ..... अपेक्षित्वात्, **અને દ્રવ્યપણારૂપે પરિણતિ પણ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિની જેમ સૂક્ષ્મબંધજનની=સૂક્ષ્મબંધને પેદા કરનારી, છે, એ પ્રમાણે ધર્મસાગરનો મત પણ યુક્ત નથી; કેમ કે એકેન્દ્રિયાદિને પણ સૂક્ષ્મબંધના ઉપાદાનની સૂક્ષ્મતાનું અપેક્ષિતપણું છે.**

✪ 'द्रव्यतया परिणतिरपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે, ભાવરૂપે હિંસાની પરિણતિ તો કર્મબંધજનની છે, પરંતુ દ્રવ્યરૂપે હિંસાની પરિણતિ પણ સૂક્ષ્મબંધજનની છે.

✪ 'धर्मार्णवमतमपि युक्तं' અહીં 'अपि' થી એ કહેવું છે કે, લુંપાક માને છે કે, જિનપૂજામાં સ્વરૂપહિંસા છે, એ રૂપ દ્રવ્યાશ્રવ અધ્યાત્મનો બાધક છે, તે તો યુક્ત નથી, પરંતુ ધર્મસાગરનો મત પણ યુક્ત નથી.

✪ 'सूक्ष्मैकेन्द्रियादेरिव' અહીં 'आदि' પદથી બાદર એકેન્દ્રિયનું ગ્રહણ કરવું.

✪ 'एकेन्द्रियादिनामपि' અહીં 'आदि' પદથી બેઇંદ્રિયાદિનું ગ્રહણ કરવું.

विशेषार्थ :-

જિનપૂજામાં ભાવહિંસા નહિ હોવા છતાં દ્રવ્યરૂપે જે હિંસા છે, તે દ્રવ્યપણારૂપે હિંસાની પરિણતિ પણ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિની જેમ સૂક્ષ્મબંધજનની છે, એ ધર્મસાગરજીનો જે મત છે. તેનો ભાવ એ છે કે, અધ્યવસાય પ્રમાણે કર્મબંધ થાય છે, તો પણ ભગવાનની પૂજામાં હિંસાનો અધ્યવસાય નહિ હોવા છતાં જે દ્રવ્યરૂપે હિંસાની પરિણતિ છે, તેનાથી અલ્પ કર્મબંધ થાય છે; જેમ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિને વ્યક્તરૂપે ભોગાદિનો કોઈ અધ્યવસાય નહિ હોવા છતાં અવિરતિને કારણે તેમને સૂક્ષ્મ કર્મબંધ થાય છે; પરંતુ તે ધર્મસાગરજીનો મત યુક્ત નથી; કેમ કે એકેન્દ્રિયાદિને પણ સૂક્ષ્મબંધના ઉપાદાનની સૂક્ષ્મતાનું અપેક્ષિતપણું છે.

આશય એ છે કે, એકેન્દ્રિયાદિને જે સૂક્ષ્મ કર્મબંધ શાસ્ત્ર માને છે, તે દ્રવ્ય પરિણતિને આશ્રયીને નહિ, પરંતુ કર્મબંધના ઉપાદાન કારણીભૂત એવો જે ભાવ=અધ્યવસાય, છે, તે એકેન્દ્રિયાદિને સૂક્ષ્મ છે,

તેની અપેક્ષાએ એકેન્દ્રિયાદિને શાસ્ત્રમાં સૂક્ષ્મબંધ માન્યો છે. તેથી સૂક્ષ્મ એકેન્દ્રિયાદિની જેમ એ પ્રમાણે દૃષ્ટાંત કહ્યું, તે અસંગત છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, આ રીતે દૃષ્ટાંતની સંગતિ ન થાય તો પણ દ્રવ્ય પરિણતિથી સૂક્ષ્મ બંધ થાય છે, તેમ માનવામાં શું વાંધો છે ? તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

अप्रमत्त ..... आगमात् । અપ્રમત્ત સાધુને દ્રવ્યાશ્રવની સંપત્તિ થયે છતે તન્નિમિત્ત=દ્રવ્યાશ્રવની સંપત્તિ નિમિત્ત, પરમાણુમાત્રના પણ બંધનો નિષેધ છે; કેમ કે તેને=અપ્રમત્ત સાધુને, શાસ્ત્રમાં સૂક્ષ્મ પણ તન્નિમિત્ત બંધ=દ્રવ્યાશ્રવની સંપત્તિ નિમિત્ત બંધ, કહ્યો નથી, એ પ્રમાણે આગમ છે.

प्रपञ्चितं ..... ग्रन्थेन ।। અને આ ધર્મપરીક્ષામાં મોટા વિસ્તાર વડે પ્રપંચિત છે. ॥૫૯॥

વિશેષાર્થ :-

સમિતિ અને ગુપ્તિવાળો મુનિ જ્યારે અપ્રમત્ત ભાવમાં વર્તે છે ત્યારે ભગવાનના વચનનું સ્મરણ કરી, તેનું દૃઢ અવલંબન લઈને તે પ્રમાણે સતત અધ્યવસાય કરતો હોય છે, અને તે અધ્યવસાયને ઉપષ્ટંભક એવા મન, વચન અને કાયાના યોગોને તે પ્રવર્તાવે છે. તે વખતે તેના યોગથી જો કોઈ જીવની હિંસા થાય તો તે હિંસારૂપ જે દ્રવ્યાશ્રવ છે, તન્નિમિત્તે તેઓને લેશ પણ કર્મબંધ થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે, અપ્રમત્ત મુનિને પણ દસમા ગુણસ્થાનક સુધી કર્મબંધ છે, તો અહીં દ્રવ્યાશ્રવની પ્રાપ્તિમાં લેશ પણ કર્મબંધ નથી, તેમ કેમ કહ્યું ? તેનો આશય એ છે કે, અપ્રમત્ત મુનિ જ્યારે ભગવાનના વચનાનુસાર ક્રિયાઓમાં યત્ન કરે છે, તે વખતે તેમની ક્રિયાથી કોઈ જીવની હિંસા થાય તો તે હિંસાકૃત લેશ પણ કર્મબંધ થતો નથી. આમ છતાં, સંપૂર્ણ મોહનીયકર્મનો ઉચ્છેદ તેઓએ કર્યો નથી, તેથી તેઓમાં વર્તતા મોહનીયકર્મના ઉદયથી તેઓને કર્મબંધ થાય છે. પરંતુ પ્રસ્તુત ક્રિયા મોહના ઉચ્છેદમાં પ્રવર્તે છે, તેથી તે ક્રિયાથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે, અને તે ક્રિયાકાળમાં જે હિંસા થાય છે તે યોગથી થાય છે. આથી જ અપ્રમત્ત મુનિના તે ઉપયોગથી જેટલા અંશમાં મોહનો અવરોધ થાય છે, તેટલા અંશમાં કર્મબંધ અટકે છે અને પૂર્વબદ્ધ કર્મની નિર્જરા થાય છે. અને તે ઉપયોગથી અવરોધ પામવા છતાં જે કષાયો હજુ ઉચ્છિન્ન થયા નથી, તે કષાયકૃત કર્મબંધ થાય છે, અને તે ગુણસ્થાનકકૃત કર્મબંધ છે. અને આવો અપ્રમત્ત મુનિ પણ જ્યારે કોઈક નિમિત્તને પામીને પ્રમાદાદિમાં વર્તે તો દ્રવ્યહિંસા ન થાય તો પણ તે પ્રમાદરૂપ ભાવહિંસાને કારણે ગુણસ્થાનકકૃત કર્મબંધ કરતાં વિશેષ કર્મબંધ થાય છે. **॥૫૯॥**

અવતરણિકા :-

एवं व्यवस्थिते कूपनिदर्शनचिन्त्यतामाविर्भावयति -

અવતરણિકાર્થ :-

એ રીતે વ્યવસ્થિત હોતે છતે=પૂજામાં લેશ પણ કર્મબંધ નથી એ પ્રકારે શ્લોક-૫૯માં સિદ્ધ કર્યું એ રીતે વ્યવસ્થિત હોતે છતે, શ્લોક-૫૭માં કહેલ કૂપદૃષ્ટાંતથી ગૃહસ્થની ભગવાનની પૂજા અનુજ્ઞાત છે, એ કથનમાં કૂપનિદર્શનની=કૂપદૃષ્ટાંતની ચિંત્યતાને=આ કૂપદૃષ્ટાંત પૂજામાં કેવી રીતે ઘટશે ? એ રૂપ ચિંત્યતાને, આવિર્ભાવ કરે છે –

શ્લોક :-

पूजायां खलु भावकारणतया हिंसा न बन्धावहा
गौणीत्थं व्यवहारपद्धतिरियं हिंसा वृथा निश्चये ।
भावः केवलमेक एव फलदो बन्धोऽविरत्यंशज-
स्त्वन्यः कूपनिदर्शनं तत इहाशङ्कापदं कस्यचित् ।।६०।।

શ્લોકાર્થ :-

પૂજામાં ભાવનું કારણપણું હોવાને કારણે હિંસા નક્કી બંધાવહા નથી. આ પ્રકારે આ વ્યવહાર પદ્ધતિ ગૌણી છે=પૂજામાં પ્રશસ્ત હિંસાથી પુણ્ય બંધાય છે, આ પ્રકારે આ વ્યવહાર પદ્ધતિ ઉપચારથી છે. નિશ્ચયનયથી વિચાર કરાયે છતે હિંસા વૃથા=ફોગટ છે. કેવળ એક જ ભાવ ફળને આપનારો છે. અવિરતિ અંશથી ઉત્પન્ન થયેલ બંધ અન્ય છે=પૂજામાં થનારા ભાવથી અન્ય છે, તે કારણથી અહીંયાં=પૂજામાં, કૂપદૃષ્ટાંત કોઈની આશંકાનું સ્થાન છે. ।।૬૦।।

ટીકા :-

पूजायामिति :- पूजायां 'खलु' इति निश्चये भावस्य द्रव्यस्तवकरणाध्यवसायरूपस्य कारणतया हिंसा बन्धावहा न भवति, एषा ज्ञापयति हि स्नानादिसामग्री द्रव्यस्तवेऽधिकारिणं, न च स हिंसाकर्मणा बध्यते, दुर्गतनार्या देवलोकगमनानुपपत्तेः, बन्धावहा चेत् ? पुण्यबन्धावहैव, उक्तभावेन प्रशस्तीकरणात् प्रशस्तरागवत् । पुष्पादिसङ्घट्टनादिरूपोऽसंयमस्तत्र हेतुरुक्त इति चेत् ? सोऽपि पर्युदासेन संयमयोगविरुद्धयोगरूप एव स्यात्, तस्यापि च भावेन प्रशस्तीकरणे किं हीयते ? उत्तरकालिक एव भावोऽप्रशस्तं प्रशस्तीकर्तुं समर्थो न पौर्वकालिक इति चेत् ? न दुर्गतनारीदृष्टान्तेन विहितोत्तरत्वात्, कश्चायं मन्त्रो यः पूर्वापरभावेन न्यूनाधिकभावं नियमयतीति।

ટીકાર્થ :-

પૂજાયાં ..... ન ભવતિ, પૂજામાં દ્રવ્યસ્તવકરણઅધ્યવસાયરૂપ=હું દ્રવ્યસ્તવ કરું, એ અધ્યવસાયરૂપ, ભાવનું કારણપણું હોવાને કારણે (પૂજાની ક્રિયામાં) વર્તતી હિંસા બંધાવહા થતી નથી.

ઉત્થાન :-

પૂજામાં શુભભાવ હોવાને કારણે પૂજાની ક્રિયામાં વર્તતી હિંસા બંધાવહા થતી નથી, તેની જ પુષ્ટિ કરતાં કહે છે -

ટીકાર્થ :-

એષા ..... અધિકારણં, જે કારણથી આ સ્નાનાદિ સામગ્રી દ્રવ્યસ્તવમાં અધિકારીને જ્ઞાપન કરે છે.

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવ કરવાના અધ્યવસાયપૂર્વક જીવ જ્યારે પૂજામાં તત્પર થાય છે, ત્યારે સ્નાનાદિની ક્રિયાથી તેનો પ્રારંભ થાય છે. તે સ્નાનાદિ ક્રિયામાં યદ્યપિ હિંસા થાય છે, તો પણ ભગવાનની પૂજાના અધ્યવસાયપૂર્વક તેમાં પ્રવૃત્તિ હોવાથી આ પૂજાવિષયક સ્નાનાદિની સામગ્રી દ્રવ્યસ્તવવિષયક અધિકારીને જણાવે છે=આ પ્રકારે સ્નાનાદિ કરનાર જીવ ખરેખર દ્રવ્યસ્તવનો અધિકારી છે, તેમ જણાવે છે, અને શાસ્ત્રથી જે અધિકારીરૂપે જ્ઞાત હોય તે પોતાના અધિકારને ઉચિત ક્રિયા કરે તો તે ક્રિયાથી કર્મબંધ થતો નથી. તેથી પ્રસ્તુતમાં પૂજામાં થતી હિંસાથી કર્મબંધ થતો નથી.

વસ્તુતઃ મલિનારંભી જીવ પૂજાનો અધિકારી છે. તેથી જે શ્રાવકમાં મલિનારંભ છે, તે પૂજાની અધિકારિતાને બતાવે છે, તો પણ અધિકારી જીવ જ્યારે પોતાના અધિકાર પ્રમાણે પ્રવૃત્તિ કરતો હોય ત્યારે તેની પૂજા અર્થે સ્નાનાદિની પ્રવૃત્તિ બતાવે છે કે, આ અધિકારી જીવની પોતાના અધિકાર પ્રમાણેની પ્રવૃત્તિ છે, અને અધિકારી જીવ પોતાના અધિકાર પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરતો હોય, તેનાથી કર્મબંધ થતો નથી. કેમ કે શાસ્ત્રો ઉચિત પ્રવૃત્તિને યોગ કહે છે અને યોગ એ મોક્ષનું કારણ છે. તેથી ઉચિત પ્રવૃત્તિરૂપ યોગ મોક્ષને અનુકૂળ એવી નિર્જરાનું કારણ બને છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, પૂજાની ક્રિયા ભક્તિરૂપ હોવાથી બંધાવહા ન કહો, તો પણ તેમાં થતા હિંસાકર્મથી=હિંસાની ક્રિયાથી, જીવ બંધાય તો ખરો ને ? તેથી કહે છે -

ટીકાર્થ :-

ન ચ ..... અનુપપત્તેઃ, અને તે=પૂજા કરનાર જીવ હિંસાકર્મથી=હિંસાની ક્રિયાથી, બંધાતો નથી; કેમ કે તેમ માનો તો દુર્ગતા નારીના દેવલોકગમનની અનુપપત્તિ છે.

વિશેષાર્થ :-

પૂજા કરનાર જીવ હિંસાકર્મથી બંધાતો નથી; કેમ કે પૂજામાં થતી હિંસાની ક્રિયાથી પૂજા કરનાર બંધાય તો દુર્ગતિની પ્રાપ્તિ થાય. પરંતુ દુર્ગતા નારીએ ભગવાનની પૂજા અર્થે પુષ્પ તોડી હિંસા કરેલ હોવા છતાં તે દેવલોકમાં ગયેલ છે. તેથી પૂજામાં થતી હિંસાની ક્રિયાથી જો પૂજા કરનાર વ્યક્તિને કર્મબંધ થાય તો દુર્ગતા નારીના દેવલોકગમનની સંગતિ થઈ શકે નહિ.

ટીકાર્થ :-

बन्धावहा ..... प्रशस्तरागवत् । અને જો હિંસાકર્મને=હિંસાની ક્રિયાને, બંધાવહા માનો તો પુણ્યબંધાવહા જ સ્વીકારવી જોઈએ; કેમ કે, ઉક્ત ભાવ વડે=દ્રવ્યસ્તવ કરવાના અધ્યવસાયરૂપ ઉક્ત ભાવવડે, પ્રશસ્ત રાગની જેમ (હિંસાનું) પ્રશસ્તીકરણ થાય છે.

વિશેષાર્થ :-

પૂર્વે કહ્યું કે, દ્રવ્યસ્તવ કરવાના અધ્યવસાયરૂપ ભાવનું કારણપણું હોવાના કારણે પૂજામાં થતી હિંસાની ક્રિયાથી કર્મબંધ થતો નથી, અને એ જ વાતને યુક્તિ દ્વારા પુષ્ટ કરી કે, જો પૂજામાં થતી હિંસાની ક્રિયાથી પૂજા કરનાર વ્યક્તિને કર્મબંધ થાય તો દુર્ગતાનારીએ પુષ્પો તોડી હિંસા કરી, તેથી તેના દેવલોક ગમનની સંગતિ થાય નહિ.

હવે કહે છે કે, પૂજામાં થતી હિંસાની ક્રિયાથી કર્મબંધ થાય છે, એમ માનો તો, પુણ્યકર્મનો બંધ થાય છે, તેમ જ માનવું જોઈએ; કેમ કે, દ્રવ્યસ્તવ કરવાના પરિણામરૂપ ઉક્ત ભાવવડે પૂજા અર્થક કરાતા સ્નાનાદિમાં થતી હિંસા પ્રશસ્ત બને છે. તેથી પ્રશસ્ત રાગની જેમ પ્રશસ્ત હિંસા પુણ્યબંધનું કારણ બને છે.

પૂજામાં પુષ્પાદિની જે હિંસા થાય છે તેને નિશ્ચયનયની દૃષ્ટિએ કર્મબંધનું કારણ સ્વીકારવામાં આવતું નથી, અને વ્યવહારનયની દૃષ્ટિએ પૂજામાં થતી હિંસાથી પુણ્યકર્મનો બંધ થાય છે તેમ સ્વીકારવામાં આવે છે. અહીં પ્રથમ નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને કથન કર્યું કે પૂજામાં થતી હિંસાની ક્રિયાથી કર્મબંધ થતો નથી, અને પછી કહ્યું કે, પૂજામાં થતી હિંસાની ક્રિયાને બંધનું કારણ માનો તો પુણ્યબંધનું કારણ સ્વીકારવું પડે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, કર્મબંધ બાહ્ય હિંસાથી થતો નથી, અને જીવનો અંતરંગ પરિણામ ભગવદ્‌ભક્તિને અનુકૂળ હોવાથી બાહ્ય આચરણારૂપ હિંસા કર્મબંધ પ્રત્યે અકિંચિત્કર છે તે નિશ્ચયનયની દૃષ્ટિએ છે, અને બાહ્ય ક્રિયાને પણ બંધના કારણરૂપે સ્વીકારનાર વ્યવહારનયની દૃષ્ટિને સામે રાખીને કહ્યું કે, ભગવદ્‌ભક્તિના ભાવથી હિંસાની ક્રિયાનું પ્રશસ્તીકરણ થયેલ હોવાથી તે હિંસાની ક્રિયા પુણ્યબંધનું કારણ છે.

ટીકાર્થ :-

पुष्पादि ..... इति चेत् ? અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, પુષ્પાદિના સંઘટ્ટનાદિરૂપ અસંયમ ત્યાં=હિંસાથી થતા કર્મબંધમાં, હેતુ કહેવાયેલ છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

સો ऽપિ ..... किं हीयते ? તે પણ=અસંયમ પણ, પર્યુદાસથી=પર્યુદાસ નઞથી સંયમયોગથી વિરુદ્ધ યોગરૂપ જ થશે, અને તેનું પણ=સંયમયોગથી વિરુદ્ધ યોગરૂપ અસંયમનું પણ, ભાવ વડે કરીને પ્રશસ્તીકરણમાં શું હાનિ થાય ?

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, પૂજામાં પુષ્પાદિના સંઘટ્ટનાદિરૂપ અસંયમ કર્મબંધના હેતુ તરીકે કહેવાયેલ છે. તેથી જે કર્મબંધમાં અસંયમ હેતુ હોય તે પુણ્યબંધ રૂપ ન હોઈ શકે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારે કહ્યું કે, તે અસંયમ પણ પર્યુદાસ નઞથી સંયમયોગથી વિરુદ્ધ યોગરૂપ જ થશે, અને સંયમ યોગથી વિરુદ્ધ યોગરૂપ અસંયમ પણ શુભ ભાવ વડે પ્રશસ્ત થાય, તેમાં શું હાનિ છે ?

આશય એ છે કે દ્રવ્યસ્તવમાં જે અસંયમને કારણે કર્મબંધ કહેલ છે, તે અસંયમમાં જે 'અ' કાર છે, તે નિષેધાર્થક છે, અને તે નિષેધ પ્રસજ્ય અને પર્યુદાસના ભેદથી બે પ્રકારનો છે.

પ્રસજ્યનિષેધ એ છે કે, વસ્તુનો અત્યંત અભાવ. જેમ સંયમનો અભાવ એ સંયમથી વિરુદ્ધ ક્રિયારૂપ ન સ્વીકારતાં સંયમ નામના પદાર્થના અસ્તિત્વનો અભાવ સ્વીકારવામાં આવે, ત્યારે પ્રસજ્યનિષેધ થાય છે.

પર્યુદાસનિષેધ એ છે કે, વસ્તુના અસ્તિત્વનો અભાવ નથી, પરંતુ વિપરીતરૂપે અસ્તિત્વ છે. જેમ અજીવ કહીએ, ત્યાં જીવનિષ્ઠ ચેતના જેમાં નથી, એવી વસ્તુ અજીવ તરીકે ગ્રહણ થાય છે. તે રીતે પ્રસ્તુતમાં પર્યુદાસનિષેધથી સંયમયોગના વિરુદ્ધ યોગરૂપ અસંયમ પ્રાપ્ત થશે. સંયમમાં જે યોગ વર્તે છે, તેનાથી વિરુદ્ધ યોગ હોય ત્યારે ત્યાં સંયમનો અત્યંત અભાવ નથી લેવાનો, પરંતુ વિપરીત રૂપે અસંયમનું અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે, એ પર્યુદાસનિષેધ છે.

આ રીતે પર્યુદાસનિષેધથી અસંયમ પણ સંયમયોગથી વિરુદ્ધ યોગરૂપ જ થશે અને દ્રવ્યસ્તવ કરવાના અધ્યવસાયરૂપ ભાવ વડે કરીને તે અસંયમનું પણ પ્રશસ્તીકરણ થાય છે. જેમ હિંસા પ્રશસ્ત થઈ શકે છે, તેમ અસંયમ પણ પ્રશસ્ત થઈ શકે છે. તેથી અસંયમને પુણ્ય કર્મબંધમાં હેતુ કહેવામાં કોઈ દોષ નથી, એ પ્રમાણે ગ્રંથકાર કહે છે.

ટીકાર્થ :-

उत्तरकालिक ..... नियमयतीति । અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, ઉત્તરકાલિક જ ભાવ અપ્રશસ્તને પ્રશસ્ત કરવા સમર્થ બને, પૂર્વકાલિક (ભાવ) નહિ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું. કેમ કે દુર્ગતા નારીના દૃષ્ટાંતથી વિહિત ઉત્તરપણું છે, અને આ કયો મંત્ર છે કે, જે પૂર્વ-અપરભાવ વડે કરીને ન્યૂન-અધિક ભાવનું નિયમન કરે છે ?

✪ 'नियमयतीति' અહીં 'इति' શબ્દ છે, તે શ્લોકના પ્રથમ પાદના વક્તવ્યની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનું કહેવું એ છે કે, અપ્રશસ્ત હોય એનું પ્રશસ્તીકરણ થાય તેથી પૂર્વમાં અપ્રશસ્ત એવું સંયમ હોય અને ઉત્તરકાલિક ભાવ પેદા થાય તો તે અપ્રશસ્ત એવા સંયમને પ્રશસ્ત કરી શકે. પરંતુ તમે તો પૂર્વમાં સ્થાપન કર્યું કે, દ્રવ્યસ્તવ કરવાના અધ્યવસાયરૂપ પૂર્વના ભાવને કારણે પૂજામાં થતી હિંસા કે પૂજાકાળમાં વર્તતો અસંયમ પ્રશસ્ત થાય છે. વસ્તુતઃ સ્નાનાદિના પૂર્વમાં કે પુષ્પ તોડવાની ક્રિયાની પૂર્વમાં દ્રવ્યસ્તવ કરવાનો જે શુભભાવ છે, તેનાથી સ્નાનાદિમાં થતી હિંસા કે અસંયમ પ્રશસ્ત કઈ રીતે થઈ શકે ? કેમ કે હિંસા કે અસંયમની ઉત્તરમાં જો તે ભાવ હોય તો જ હિંસાને કે અસંયમને તે શુભ ભાવ પ્રશસ્ત કરી શકે છે.

પૂર્વપક્ષીના આ કથનના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે કે, દુર્ગતા નારીના દૃષ્ટાંતથી જ તેનો ઉત્તર પ્રાપ્ત થઈ જાય છે. દુર્ગતા નારીને લોકો દ્વારા ભગવાનના આગમનનું શ્રવણ થવાથી જગદ્‌ગુરુની ભક્તિ કરીને હું સંસારસાગરથી પાર પામું એવો પ્રશસ્તકોટિનો ભાવ થયેલ, અને તે ભાવપૂર્વક તેણીએ પુષ્પોને તોડેલ. તેટલામાં તેનું આયુષ્ય સમાપ્ત થવાથી મૃત્યુ પામીને તે દેવગતિ પામેલ. તેથી પૂર્વના શુભ ભાવથી તેની પુષ્પત્રોટનરૂપ હિંસાની ક્રિયા કે અસંયમની ક્રિયા પ્રશસ્ત બનેલ.

પોતાના કરાયેલા તે આધાનથી જ પુષ્ટિ કરતાં ગ્રંથકાર કહે છે કે, આ તને કયો મંત્ર પ્રાપ્ત થયો છે કે, જે પૂર્વનો ભાવ પ્રશસ્તીકરણ કરવા સમર્થ નથી, એ રૂપ ન્યૂન છે ? અને અપરનો ભાવ પ્રશસ્તીકરણ કરવા સમર્થ છે તેથી તે અધિક છે, એવું નિયમન કરે છે ? આ પૂર્વપક્ષીની કેવલ મતિકલ્પના છે, વસ્તુતઃ કોઈ પદાર્થ નથી.

અહીં પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, પુષ્પાદિસંઘટ્ટનરૂપ અસંયમ પૂર્વમાં હોય અને પાછળથી સારો ભાવ થાય તો તેનાથી અપ્રશસ્ત એવા અસંયમને પ્રશસ્ત કરી શકાય. પરંતુ પૂર્વમાં થયેલો ભાવ ઉત્તરકાળમાં હોતો નથી, તેથી ઉત્તરકાળમાં ઉત્પન્ન થનાર અસંયમને તે પ્રશસ્ત કેવી રીતે કરી શકે ? અર્થાત્ ન કરી શકે.

પૂર્વપક્ષીના કથનના ઉત્તરમાં ગ્રંથકાર તેને કહે છે કે, આ તારી મતિકલ્પના છે. વસ્તુતઃ વ્યવહારનયથી સ્ત્રી આદિને જોવાની ક્રિયા અપ્રશસ્તરૂપ છે, તો પણ કોઈ જીવ અપ્રશસ્ત એવી સ્ત્રીને જોવાની ક્રિયા કરે અને તેનાથી ઉત્તરકાળમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય, તો તે પ્રશસ્તભાવને કારણે સ્ત્રીદર્શનની ક્રિયા પ્રશસ્ત બને છે. તેથી જેમ પૂર્વની અપ્રશસ્ત એવી સ્ત્રી જોવાની ક્રિયાને ઉત્તરનો ભાવ પ્રશસ્ત કરી શકે છે, તેમ ભગવાનની પૂજાના આશયથી કરાયેલ પુષ્પાદિસંઘટ્ટનરૂપ ક્રિયા ઉત્તરમાં થતી હોવા છતાં, પૂર્વમાં થયેલ ભગવાનની ભક્તિનો આશય પુષ્પાદિસંઘટ્ટનરૂપ હિંસાની ક્રિયાને પ્રશસ્ત કરે છે. તેથી ઉત્તરકાલિક ભાવ જ પૂર્વકાલિક ક્રિયાને પ્રશસ્ત કરી શકે, પરંતુ પૂર્વકાલિક ભાવ ઉત્તરકાલિક ક્રિયાને પ્રશસ્ત ન કરી શકે, તેમ માનવું અયુક્ત છે.

શ્લોકના બીજા-ત્રીજા પાદનું 'एवं' થી ઉત્થાન કરે છે -

ટીકા :-

एवं सूक्ष्मेक्षिकायां प्रशस्तहिंसा पुण्यावहापि न स्यादिति चेत् ? इदमित्थमेवेत्याह-इत्थमियं व्यवहारपद्धतिः=व्यवहारनयसरणिर्गौणी प्रशस्तहिंसायाः पुण्यबन्धहेतुत्वस्यापि 'घृतं दहति' इति न्यायेनैवेष्टत्वात् । निश्चये=निश्चयनये, तु विचार्यमाणे हिंसावृथैव अन्यतरबन्ध-स्याप्यहेतुत्वात्, केवलं एक एव भावः फलदः प्रशस्तोऽप्रशस्तो वा प्रशस्तमप्रशस्तं फलं जनयितुं समर्थ इत्यर्थः ।।

ટીકાર્થ :-

एवं ..... इत्याह - આ રીતે સૂક્ષ્મ ઈક્ષિકામાં પ્રશસ્ત હિંસા પુણ્યાવહા પણ નહિ થાય. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે કે, આ આમ જ છે, એ પ્રકારે (શ્લોકના બીજા પાદથી) કહે છે -

इत्थमियं ..... इष्टत्वात् । આ પ્રકારની આ વ્યવહાર પદ્ધતિ=વ્યવહારનયની સરણિ, ગૌણી= ઉપચારથી છે; કેમ કે પ્રશસ્ત હિંસાના પુણ્યબંધના હેતુપણાનું પણ 'ઘી બાળે છે' - એ ન્યાયથી જ ઈષ્ટપણું છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ એ છે કે, જેમ સ્થૂલ દૃષ્ટિથી જોતાં હિંસાથી પાપ દેખાય છે, આમ છતાં તમે સૂક્ષ્મ ઈક્ષિકા કરીને બતાવ્યું કે, પૂર્વના શુભભાવથી પૂજામાં થતી હિંસા પ્રશસ્ત થઈ જાય છે, તેથી તેનાથી પુણ્ય બંધાય છે, એમ જે રીતે તમે કહ્યું એ રીતે સૂક્ષ્મ ઈક્ષિકા કરવામાં આવે તો, પ્રશસ્ત હિંસા પુણ્યાવહા પણ નહિ થાય.

આશય એ છે કે, જેમ સ્થૂલથી જોવાથી હિંસા પાપનું કારણ દેખાય છે, તેને જ સૂક્ષ્મ રીતે જોવાથી ભગવાનની પૂજામાં થતી હિંસા પ્રશસ્ત હોવાને કારણે પુણ્યબંધનું કારણ દેખાય છે; તે જ રીતે તેને વધુ સૂક્ષ્મથી જોવામાં આવે તો બાહ્ય હિંસાદિ કૃત્યથી નહિ, પણ જીવના ભાવથી જ પુણ્ય કે પાપ બંધાય છે. તેથી બાહ્ય કૃત્યરૂપ પ્રશસ્ત હિંસા પણ પુણ્યબંધનું કારણ થશે નહિ. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર, આ આમ જ છે, એ પ્રકારના તાત્પર્યથી મૂળ શ્લોકમાં કહે છે - આ પ્રકારની આ વ્યવહારનયની પદ્ધતિ ઉપચારથી છે; કેમ કે, પ્રશસ્ત હિંસા પુણ્યબંધનું કારણ છે, એ પણ ઘી બળે છે, એ ન્યાયથી જ ઈષ્ટ છે.

આશય એ છે કે, પૂર્વપક્ષીએ જે શંકા કરી કે, આ રીતે સૂક્ષ્મ ઈક્ષિકામાં=સૂક્ષ્મથી જોવામાં, પ્રશસ્ત હિંસા પુણ્યબંધ કરાવનાર પણ નહિ થાય, તેનો સ્વીકાર કરતા ગ્રંથકાર કહે છે કે, આ, આમ જ છે. આથી કરીને ગ્રંથકારે શ્લોકના બીજા પાદમાં કહ્યું કે, પ્રશસ્ત હિંસા પુણ્યબંધ કરાવે છે, આ પ્રકારની આ વ્યવહાર પદ્ધતિ ગૌણી=ઔપચારિકી છે; કેમ કે ઘી બાળે છે, એમાં વસ્તુતઃ ઘી બાળતું નથી, પરંતુ ઘીમાં પ્રવિષ્ટ અગ્નિના પરમાણુઓ હાથ નાંખનારને બાળે છે. તેમ શુભભાવવિશિષ્ટ જે હિંસા છે, તેનાથી

પુણ્યબંધ થાય છે, ત્યાં વસ્તુતઃ હિંસા પોતે પુણ્યબંધ કરાવતી નથી, પરંતુ પૂજામાં વર્તતો જે શુભભાવ છે, તે પુણ્યબંધ કરાવે છે; તો પણ ઘી બાળે છે એ ન્યાયથી વ્યવહારનયથી હિંસા પુણ્યાવહા છે તે ઈષ્ટ છે.

ટીકાર્થ :-

નિશ્ચયે .... इत्यर्थः ।। વળી નિશ્ચયનયની દૃષ્ટિથી વિચાર કરાયે છતે હિંસા વૃથા જ છે=હિંસા કર્મબંધનું કારણ નથી; કેમ કે અન્યતર બંધનું પણ અહેતુપણું છે=પુણ્ય કે પાપ અન્યતર બંધનું પણ હિંસાનું અહેતુપણું છે. કેવલ એક જ ભાવ ફળને આપનારો છે, તે પ્રશસ્ત અથવા અપ્રશસ્ત (ભાવ) પ્રશસ્ત-અપ્રશસ્ત ફળને પેદા કરવા માટે સમર્થ છે, એ પ્રકારે તાત્પર્ય છે.

વિશેષાર્થ :-

નિશ્ચયનયની દૃષ્ટિએ વિચારીએ તો હિંસા પાપ કે પુણ્ય બંનેમાંથી એક પણ બંધનો હેતુ નથી, પરંતુ નિશ્ચયનયના મતે પ્રશસ્ત ભાવ પ્રશસ્ત ફળને આપે છે=હિંસાકાળમાં પ્રશસ્તભાવ વર્તતો હોય તો પ્રશસ્ત ફળ આપે છે. જેમ વિવેકી શ્રાવક પૂજા માટે પુષ્પત્રોટનાદિરૂપ હિંસાની ક્રિયા કરે છે, ત્યાં પ્રશસ્ત ભાવ વર્તતો હોવાથી પ્રશસ્ત ફળ મળે છે. અને અપ્રશસ્તભાવ અપ્રશસ્ત ફળને આપે છે, જેમ સંસારી જીવો આરંભ-સમારંભ આદિ કરે છે, ત્યાં અપ્રશસ્ત ભાવ વર્તતો હોવાથી અપ્રશસ્ત ફળ મળે છે.

ટીકા :-

अत एव कामभोगानाश्रित्योत्तराध्ययनेऽप्युक्तम्-

'न कामभोगा समयं उवेंति, ण यावि भोगा विगयं उवेंति ।
जो तप्पओसे य परिग्गहे य, समो जो तेसु स वीअरागो त्ति ।।' **(अध्य. ३२ गा. १०१)**

अत एव च विषयेष्वपि सत्तत्त्वचिन्तयाऽभिसमन्वागमनमबन्धकारणमुक्तमाचारे ।

ટીકાર્થ :-

अत एव ..... उक्तम् - **આથી કરીને જ=નિશ્ચયનયની દૃષ્ટિએ કેવલ એક જ ભાવ ફળને આપનારો છે. આથી કરીને જ, કામભોગોને આશ્રયીને ઉત્તરાધ્યયનમાં પણ કહેલું છે -**

न कामभोगा ..... वीअरागो त्ति ।। "કામભોગો સમતાને આપતા નથી અને વળી ભોગો વિકૃતિને પેદા કરતાં નથી, પરંતુ જે તેમાં પ્રદ્વેષ અને પરિગ્રહ છે, તે જ વિકૃતિને કરે છે, અને જે તેમાં સમાન છે, તે વીતરાગ છે."

✪ 'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

બાહ્યહિંસા નિશ્ચયનયથી કર્મબંધનો હેતુ નથી, તેમ બાહ્ય કામભોગો સમતાનું કારણ નથી કે વિકૃતિનું કારણ નથી; પરંતુ જીવનો જે તેમાં પ્રદ્વેષ અને પરિગ્રહ છે, તે જ વિકૃતિ છે, અને જે તેમાં

સમાન છે તે વીતરાગ છે. તેથી કામભોગો કર્મબંધ કે કર્મના અબંધનું કારણ નથી, પરંતુ જીવનો જે તેમાં પ્રદ્વેષ અને પરિગ્રહ છે, તે કર્મબંધનું કારણ છે, અને વીતરાગભાવ છે તે કર્મના અબંધનું કારણ છે.

અહીં પરિગ્રહથી મૂર્ચ્છા ગ્રહણ કરવાની છે, અને તેનાથી એ બતાવવું છે કે, કામભોગકાળમાં વર્તતો જીવમાં પ્રદ્વેષનો પરિણામ કે મૂર્ચ્છાનો પરિણામ કર્મબંધ પ્રત્યે કારણ છે, અને જે વીતરાગ છે તેમને કામભોગકાળમાં કોઈ કર્મબંધ થતો નથી.

ટીકાર્થ :-

अत एव ..... आचारे । આથી કરીને જ=નિશ્ચયનયની દૃષ્ટિથી કેવલ એક જ ભાવ ફળને આપનારો છે, આથી કરીને જ, વિષયોમાં પણ सत् तत्त्वચિંતા વડે કરીને જે અભિસમન્વાગમન છે, તે અબંધનું કારણ આચારાંગમાં કહેવાયેલું છે.

વિશેષાર્થ :-

કોઈ જીવ વિષયોનું સેવન કરતો હોય તો પણ પદાર્થનું જે વાસ્તવિક તત્ત્વ છે તેનું ચિંતન કરે, અને તેના કારણે એની ઈન્દ્રિયો ચારે બાજુથી સમ્યગ્ રીતે પાછી પોતાના ભાવોમાં=જ્ઞાનભાવમાં, આગમન કરે, તે અભિસમન્વાગમન છે.

આશય એ છે કે, ઇંદ્રિયો વિષયોમાં રાગાદિ ભાવોના અસંસ્પર્શવાળી બને, તો તે અભિસમન્વાગમનને આચારાંગ સૂત્રમાં અબંધનું કારણ કહેલ છે.

ટીકા :-

एवंविधः समाधिः, पूर्वभूमिकायां न भवत्येवेति चेत् ? न, सर्वथाऽभावस्य वक्तुमशक्यत्वात् । सम्यग्दर्शनसिद्धियोगकाल एव प्रशमलक्षणलिङ्गसिद्धेरनुकम्पादीनामिच्छाद्यनुभावत्वात्, तदुक्तं विंशिकायां

'अणुकंपा णिव्वेओ संवेगो तह य होइ पसमु त्ति ।
एएसिं अणुभावा ईच्छाईणं जहासंखं' त्ति ।

अनुभावाः=कार्याणि । इच्छादीनाम्=इच्छाप्रवृत्तिस्थिरसिद्धियोगानाम् । समाधिजनितश्च भावो ह्युत्थानकालेऽपि संस्कारशेषतया मैत्र्याद्युपबृंहितोऽनुवर्त्तत एवान्यथा क्रियासाफल्यासिद्धेः, 'भावोऽयमनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छेति' **वचनात् ।**

ટીકાર્થ :-

एवंविधः ..... - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, આવા પ્રકારની સમાધિ પૂર્વભૂમિકામાં

૧. આશયભેદા એતે સર્વેઽપિ હિ તત્ત્વતો ઽવગન્તવ્યાઃ । ઇતિ પૂર્વાર્દ્ધઃ । (ષોડશક-૩/૧૨)

હોતી નથી જ, તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું, કેમ કે સર્વથા અભાવનું કહેવા માટે અશક્યપણું છે. કેમ કે, સમ્યગ્દર્શનના સિદ્ધિયોગકાળમાં જ પ્રશમાદિ લક્ષણ લિંગની સિદ્ધિ છે. તેમાં હેતુ કહે છે - અનુકંપાદિનું ઈચ્છાદિ અનુભાવપણું છે=અનુકંપા આદિ ઈચ્છાદિના અનુભાવો= કાર્યો, છે.

✪ 'अनुकंपादीनाम्' અહીં 'आदि' થી નિર્વેદ, સંવેગ તથા પ્રશમનું ગ્રહણ કરવું.

✪ 'इच्छादि' અહીં 'आदि' થી પ્રવૃત્તિ, સ્થિર અને સિદ્ધિયોગનું ગ્રહણ કરવું.

'तदुक्तं विंशिकायाम्' તે વિંશિકામાં કહેવાયેલું છે -

अणुकंपा ..... जहासंखं त्ति । આ ઈચ્છા આદિના યથાસંખ્ય અનુકંપા, નિર્વેદ, સંવેગ તથા પ્રશમ એ પ્રમાણે અનુભાવો=કાર્યો છે.

વિશેષાર્થ :-

'एवंविधः' થી જે કહ્યું, ત્યાં પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે, બાહ્ય વિષયો લેશ પણ ન સ્પર્શે તેવું ઉત્તમ ચિત્ત અપ્રમત્ત મુનિનું જ હોઈ શકે છે, પરંતુ પૂજા કરનાર તો શ્રાવક છે. તેથી અપ્રમત્ત મુનિના જેવી તેની ભૂમિકા નથી. માટે અપ્રમત્ત મુનિની અપેક્ષાએ પૂર્વભૂમિકામાં રહેલા એવા શ્રાવકને આવા પ્રકારની સમાધિ થઈ શકે નહિ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, ગૃહસ્થને આવા પ્રકારની સમાધિનો સર્વથા અભાવ કહેવો અશક્ય છે.

આશય એ છે કે, કોઈ શ્રાવક પૂજા કરતી વખતે સ્નાનાદિકૃત હર્ષાદિ ભાવને પામતો ન હોય, પરંતુ ભગવાનની ભક્તિ કરવા માટે જ હું આ સ્નાનાદિ કરું છું, એવી બુદ્ધિને વહન કરતો હોય, અને ભગવદ્ ભક્તિ અર્થે જ કેવલ આ દ્રવ્યશુદ્ધિ આવશ્યક છે, એ આશયથી શુદ્ધિમાં યત્ન કરતો હોય, અને પૂજાકાળમાં પણ ઉત્તમ સામગ્રીને જોઈને ઈન્દ્રિયોના વિષયોથી તેની ચિત્તવૃત્તિ સંશ્લેષ પામતી ન હોય, પરંતુ ઉત્તમ એવા જગદ્‌ગુરુની ઉત્તમ સામગ્રીથી જ ભક્તિ કરવી જોઈએ, એ પ્રકારની બુદ્ધિ વર્તતી હોય, તેથી ઉત્તમ સામગ્રીથી પૂજા કરતાં ભગવાનનું બહુમાન વૃદ્ધિમત્ થતું હોય છે.

વળી, પોતાની સુંદર પૂજાને જોઈને અન્ય જીવો તેની પ્રશંસા કરે ત્યારે પણ એ રીતનો જ હર્ષ થાય કે, આ ભગવાનની ઉત્તમ-ભક્તિને જોઈને તે જીવો ભગવાન પ્રત્યે બહુમાનભાવવાળા થાય, કે જેથી જન્માંતરમાં એમને લોકોત્તર ધર્મની પ્રાપ્તિ થાય, પરંતુ સ્વગત પ્રશંસાદિને સાંભળીને હર્ષનો પરિણામ ન કરે. એવા જીવો જ્યારે ભગવાનની ભક્તિમાં અનુપયોગી એવા હિંસાના પરિહારમાં ઉપયોગવાળા હોય, ત્યારે આવા પ્રકારની સમાધિનો સર્વથા અભાવ નથી. તેથી જ તેમની ભગવદ્‌ભક્તિ અબંધનું કારણ બને કે પુણ્યબંધનું કારણ બને છે. પરંતુ જેમની ભગવાનની પૂજાનો શુભાશય યતનાના પરિણામથી ઉપબૃંહિત નથી, તેવા જીવોને આનુષંગિક જે અપ્રશસ્ત ભાવો થાય છે, તત્‌કૃત કર્મબંધ થાય છે; કેમ કે તેવા જીવો શુભાશયથી પૂજા કરવા છતાં પણ સમ્યગ્ યતનાના અભાવને કારણે પૂજાકાળમાં પણ તેમની ઈન્દ્રિયો

વિષયોથી ઉપહત થાય છે કે ચિત્ત પણ માનાદિથી ઉપહત થાય છે. તેવા જીવોને પૂર્વભૂમિકામાં આવા પ્રકારની સમાધિ નથી, પરંતુ પૂજાના અધિકારી કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો પૂર્વભૂમિકામાં આવા પ્રકારની સમાધિવાળા હોય છે. તેમને અવિરતિનો ઉદય હોવા છતાં પૂજાકાળમાં સમ્યગ્ યતનાથી ઉપબૃંહિત પરિણામ હોવાને કારણે તેમની ઇંદ્રિયો વિષયોમાં વ્યાકુળ થતી નથી, તેથી જ તેઓ અસ્ખલિત રીતે ભગવાનની ભક્તિમાં યત્નવાળા બની શકે છે. તેથી પૂર્વપક્ષીના કહેવા મુજબ પૂર્વભૂમિકામાં આવા પ્રકારની સમાધિના અભાવનું કથન યુક્ત નથી. તેની જ પુષ્ટિ કરતાં તેમાં હેતુ કહે છે - સમ્યગ્દર્શનના સિદ્ધિયોગકાળમાં પ્રશમ લક્ષણ લિંગની સિદ્ધિ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ પણ સિદ્ધિયોગની ભૂમિકાવાળો હોય ત્યારે, તેને પ્રશમભાવ વર્તતો હોય છે ત્યારે આવા પ્રકારની સમાધિ હોય છે, તેથી વિષયોથી તેનું ચિત્ત ઉપહત થતું નથી. આમ છતાં તે ચારિત્રી નથી, તેથી પૂર્વભૂમિકામાં છે, ત્યાં આવા પ્રકારની સમાધિ હોય છે.

સમ્યગ્દર્શનના સિદ્ધિયોગકાળમાં પ્રશમ લક્ષણ લિંગની સિદ્ધિ કેમ છે ? તેમાં હેતુ કહે છે - અનુકંપાદિ ઈચ્છાદિના અનુભાવો=કાર્યો, છે.

ઈચ્છાદિ કારણો છે અને અનુકંપાદિ કાર્યો છે, તેથી એ પ્રાપ્ત થાય કે ઈચ્છાયોગનું કાર્ય અનુકંપા છે, પ્રવૃત્તિયોગનું કાર્ય નિર્વેદ છે, સ્થિરયોગનું કાર્ય સંવેગ છે અને સિદ્ધિયોગનું કાર્ય પ્રશમ છે. તેથી સિદ્ધિયોગકાળમાં પ્રશમ પરિણામ હોય છે. માટે જે સમ્યગ્દૃષ્ટિ જીવોને સિદ્ધિયોગ પ્રગટ્યો છે, તેવો જીવ ભગવાનની પૂજાના કાળમાં પ્રશમના પરિણામવાળો હોય છે. તેના કારણે ભગવાનની પૂજાના આશયથી અન્ય કોઈ આશયને સ્પર્શતો નથી, અને ભગવાનની ભક્તિનો આશય એ પ્રશસ્તભાવસ્વરૂપ છે, તેથી સિદ્ધયોગી એવા સમ્યગ્દૃષ્ટિની પૂજા સર્વથા અબંધનું કારણ બને છે. આ સિદ્ધયોગીને અનંતાનુબંધી કષાયના કે અપ્રત્યાખ્યાનીય કષાયના વિશેષ પ્રકારના ઉપશમને કારણે, ઉદયમાન=ઉદયમાં પ્રવર્તી રહેલા, પ્રત્યાખ્યાનીય કષાયો પણ પૂજાકાળમાં ચિત્તને અન્યત્ર લઈ જતા નથી. તેથી તેમનો પૂજાનો ઉપયોગ અબંધનું કારણ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું એવા પ્રકારની સમાધિવાળો ભાવ જે જીવ ભગવાનની પૂજામાં તન્મય હોય તેને જ સંભવી શકે છે. જ્યારે સામાન્ય રીતે પૂજા કરનારાઓને તેવા પ્રકારની સમાધિ હોતી નથી. તેથી પૂજાકાળમાં અન્ય અન્ય ભાવો પણ સ્પર્શે છે, તેથી ત્યાં કર્મબંધ પણ થાય છે. માટે તેવાઓની અપેક્ષાએ પૂજા અફલ કે કર્મબંધનું કારણ માનવી પડશે. તેથી કહે છે -

ટીકાર્થ :-

समाधिजनितश्च ..... वचनात् । અને મૈત્રી આદિથી ઉપબૃંહિત સમાધિજનિત ભાવ વ્યુત્થાનકાળમાં

=એકાગ્રતારૂપ ધ્યાન વગરના કાળમાં પણ, સંસ્કારશેષપણા વડે અનુવર્તે જ છે. અન્યથા=વ્યુત્થાનકાળમાં સમાધિજનિત ભાવ જો સર્વથા ન અનુવર્તે તો, ક્રિયાના સાફલ્યની અસિદ્ધિ છે. કેમ કે આ ભાવ છે, આના વગર દ્રવ્યક્રિયારૂપ ચેષ્ટા તુચ્છ છે, **એ પ્રમાણે વચન છે.**

વિશેષાર્થ :-

જે વિવેકસંપન્ન ગૃહસ્થો ભગવાનના લોકોત્તર સ્વરૂપને જાણીને તેમના પ્રત્યે ભક્તિવાળા થયા છે, તેમને "લોકોત્તમ એવા ભગવાનની ભક્તિથી હું આ સંસારસાગરને તરું," આવા પ્રકારનો સમાધિજનિત ભાવ ભગવાનની પૂજાકાળમાં વર્તે છે, અને આ સમાધિજનિત ભાવ હંમેશાં મૈત્ર્યાદિભાવોથી ઉપબૃંહિત હોય છે, અને આવો ભાવ જ્યારે જીવ વ્યુત્થાનદશામાં પણ હોય ત્યારે પણ સંસ્કારશેષરૂપે હોય છે. આ ભાવ વ્યુત્થાનદશામાં પણ સંસ્કારશેષરૂપે ન હોય તો ભગવાનની પૂજાની ક્રિયા સફળ નથી. તેમાં યુક્તિ બતાવે છે -

આ ભાવ છે= "ભગવાનની પૂજાને કરીને હું આ સંસારસાગરને તરું," આ પ્રકારનો પ્રણિધાન આશયરૂપ ભાવ છે. આ ભાવ વગરની પૂજાની ચેષ્ટા તુચ્છ દ્રવ્યક્રિયા છે, એવું શાસ્ત્રવચન છે, તેથી જેમને વ્યુત્થાનકાળમાં પણ સંસ્કારશેષરૂપે આ ભાવ નથી, તેમની ભગવાનની પૂજાની ક્રિયા નિષ્ફળ છે.

આનાથી એ ફલિત થાય છે કે, જેઓ સિદ્ધયોગી છે, તેઓ જ્યારે ભગવાનની પૂજા કરે છે ત્યારે તન્મયભાવથી તેમને સમાધિજનિત ભાવ વર્તે છે, તેઓની પૂજાની ક્રિયા પરિપૂર્ણ અબંધનું કારણ છે; અને જેમને ભગવાનની પૂજામાં સમાધિજનિત ભાવ હોવા છતાં વ્યુત્થાનકાળમાં પણ સંસ્કારશેષરૂપે તે ભાવ વર્તે છે, તેઓની પૂજા પણ સફળ બને છે; પરંતુ જેમને લેશ પણ સમાધિજનિત ભાવ નથી, તેવા જીવો એકાગ્રતાથી પૂજા કરતા હોય કે વ્યુત્થાનદશામાં હોય તો પણ તેઓની તે પૂજાની ક્રિયા તુચ્છ અને નિઃસાર છે.

અહીં 'સમાધિજનિત' ભાવ કહ્યો, તેનું તાત્પર્ય એ છે કે, જેમનું ચિત્ત ભગવાનના સ્વરૂપના વિચારથી સ્વસ્થતાને પામેલ છે, તેથી પૂજાકાળમાં તેમની ઇંદ્રિયો અનુત્સુક છે, તેથી તેઓ શાસ્ત્રવિધિ પ્રમાણે સ્ખલના વગર સમ્યક્ પ્રકારની પૂજાની વિધિમાં પ્રયત્ન કરી શકે છે. આવા જીવોના પૂજાકાળમાં ઇંદ્રિયોના અન્ય વ્યાપારો શાંત થયેલા છે. આથી જ સાક્ષાત્ ભગવાનની સાથે વાર્તાલાપ કરતા હોય તેવા પ્રકારનું ઉત્તમ માનસ તેઓને પ્રવર્તે છે, તે સમાધિજનિત ભાવ સિદ્ધયોગીને છે.

વળી, તે સમાધિજનિત ભાવ હંમેશાં મૈત્ર્યાદિથી ઉપબૃંહિત હોય છે. તેનું સ્વરૂપ એ છે કે, જ્યારે જીવને આ સંસારસાગરમાં લોકોત્તમ એવા ભગવાન તારનારા છે, એવો બોધ થાય છે, ત્યારે ભગવાન પ્રત્યે અતિ બહુમાનભાવ થાય છે, અને જે વિવેકસંપન્ન હોય તેને વિચાર આવે છે કે, "હું એ રીતે લોકોત્તમ એવા ભગવાનની ભક્તિ કરું કે જેથી જગતના જીવોને પણ ભગવાન પ્રત્યે બહુમાનભાવ પેદા થાય." આ પ્રકારનો ભાવ જગતના જીવોના હિતની ચિંતારૂપ છે, તેથી મૈત્રીપરિણામવાળો છે. વળી ભગવાનના

ગુણોને જોઈને ભગવાન પ્રત્યે પક્ષપાતનો પરિણામ થયો છે, તેથી ગુણપક્ષપાતરૂપ પ્રમોદભાવ પણ ત્યાં વર્તે છે, આ રીતે સમાધિજનિત ભાવ મૈત્ર્યાદિથી ઉપબૃંહિત હોય છે.

જો કે આ મૈત્ર્યાદિ ભાવો ભગવાનની પૂજામાં તન્મય થયેલા જીવને સાક્ષાત્ વિચારણારૂપે હોતા નથી, પરંતુ ભગવાનના ગુણોમાં તન્મય થયેલો જીવ રાગાદિથી પર થતો જાય છે અને જેમ જેમ જીવ રાગાદિથી પર થતો જાય છે, તેમ તેમ તેનું ચિત્ત મૈત્ર્યાદિભાવોના પ્રકર્ષવાળું બને છે. તેથી મૈત્ર્યાદિથી ઉપબૃંહિત સમાધિજનિત ભાવ હોય છે.

વળી કહ્યું કે, વ્યુત્થાનકાળમાં પણ મૈત્ર્યાદિથી ઉપબૃંહિત સંસ્કારશેષપણારૂપે સમાધિજનિત ભાવ અનુવર્તે છે. ત્યાં પૂજામાં વ્યુત્થાનદશા એ છે કે, કોઈ જીવને ભગવાનના ગુણોથી ભગવાન પ્રત્યે આકર્ષણ હોવા છતાં તે સિદ્ધયોગી નહિ હોવાથી, પૂજાકાળ દરમ્યાન તેમની ઇંદ્રિયો સર્વથા ઉત્સુકતા વગરની નહિ હોવાને કારણે ક્વચિત્ અન્ય અન્ય વિષયને ગ્રહણ કરે છે. આમ છતાં ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ વર્તે છે, અને ભગવાન સંસારસાગરને તારનારા છે માટે તેમની પૂજાથી હું સંસારસાગરને તરું, એ પ્રકારનો અધ્યવસાય સંસ્કારશેષરૂપે વ્યુત્થાનદશામાં પણ વર્તતો હોય છે. આથી જ ભગવાનની પૂજાકાળમાં ઇંદ્રિયોની અન્ય વિષયોમાં ક્વચિત્ પ્રવૃત્તિ હોય તો પણ તે સંસ્કારશેષરૂપે રહેલ અધ્યવસાય વારંવાર ચિત્તને ભગવાનની ભક્તિમાં જોડવા પ્રેરણા આપે છે. એ જ બતાવે છે કે, વ્યુત્થાન દશામાં પણ સમાધિજનિત ભાવ સંસ્કારશેષરૂપે ત્યાં વર્તે છે. તેથી આવા જીવોની પૂજાની ક્રિયા સફળ છે.

અહીં મૈત્ર્યાદિથી ઉપબૃંહિત સમાધિજનિત ભાવ વ્યુત્થાનદશામાં પણ સંસ્કારરૂપે અનુવર્તે છે, એમ ન કહેતા 'સંસ્કારશેષપણારૂપે' અનુવર્તે છે, તેમ કહ્યું. તેનો ભાવ એ છે કે, સંસારમાં જેમ કોઈ ખાવા-પીવા આદિની વસ્તુ કે અન્ય વસ્તુ સમાપ્ત થઈ ગઈ હોય તો પણ તેની શેષ રહેતી હોય ત્યારે કહેવાય કે, આ વસ્તુ શેષરૂપે છે, તે રીતે અહીં સમાધિજનિત ભાવ સંસ્કારાત્મક શેષરૂપે વર્તે છે. તેથી વારંવાર પૂજાકાળમાં તે સમાધિજનિત ભાવ જીવને ભગવાનના ગુણોમાં જોડવા પ્રેરણા આપે છે, અને સંસારની અન્ય ક્રિયામાં તે સમાધિજનિત ભાવ સંસ્કારરૂપે હોવા છતાં સંસ્કારશેષરૂપે નથી. આથી જ ભગવાન પ્રત્યે બહુમાનભાવના સંસ્કારો આત્મામાં પડેલા હોવા છતાં વારંવાર ભગવાનના ગુણો સાથે ચિત્તને જોડવા પૂજાકાળમાં થતા પ્રયત્ન જેવો પ્રયત્ન પ્રાયઃ અન્યકાળમાં થતો નથી.

સારાંશ એ છે કે, સમ્યગ્દૃષ્ટિ શ્રાવક જ્યારે ભગવાનની પૂજા કરવાનો પ્રારંભ કરે, ત્યારે પ્રણિધાન કરે છે કે "હું આ લોકોત્તમ પુરુષની પૂજા કરીને સંસારસાગરથી તરું;" એ પ્રણિધાન અવ્યુત્થાનદશામાં =ધ્યાનદશામાં, હોય ત્યારે પૂજાની ક્રિયા દરમ્યાન સંસ્કારરૂપે વર્તે છે અને તે સંસ્કાર પૂજાની ક્રિયામાં સુદૃઢ યત્ન કરાવે તેવા છે; અને જ્યારે તે શ્રાવક વ્યુત્થાનદશામાં હોય ત્યારે તે સમાધિજનિત ભાવના સંસ્કારો શેષરૂપે=થોડા, હોવાથી કાંઈક કાંઈક ભગવાનને અવલંબીને ઉત્તમ ભાવોના પ્રવર્તક બને છે; અને જ્યારે તે શ્રાવક સંસારની અન્ય ક્રિયા કરે છે, ત્યારે તે સમાધિજનિત ભાવો સંસ્કારરૂપે હોવા છતાં પ્રવર્તક બનતા નથી.

ટીકા :-

एवं विविक्तविवेकेऽविरतसम्यग्दृष्टेरपि पूजायां न बन्धोऽविरत्यंशजस्तु बन्धोऽन्यः पूजायोगाप्रयुक्तः, अन्यथा जिनवन्दनादावपि तदापत्तेस्तत इह कूपनिदर्शनं=कूपज्ञातं, कस्यचित् यथाश्रुतज्ञस्याशङ्कापदं=आशङ्कास्थानम् ।।

ટીકાર્થ :-

एवं विविक्तविवेके ..... तदापत्तेः, **એ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે સમ્યગ્દર્શનના સિદ્ધિયોગ કાળમાં પૂજાથી લેશ પણ કર્મબંધ થતો નથી, અને વ્યુત્થાનદશા હોય ત્યારે પણ સમાધિજનિત ભાવ સંસ્કારશેષપણા રૂપે હોવાને કારણે ત્યાં બંધ હોવા છતાં ક્રિયાનું સાફલ્ય છે, એ રીતે, વિવિક્તનો વિવેક કરાયે છતે=પૂજાના અધિકારી એવા અવિરતસમ્યગ્દૃષ્ટિમાં ધ્યાનદશા અને વ્યુત્થાનદશારૂપ જે વિવિક્ત એવો વિભાગ, તેમાંથી વ્યુત્થાનદશાવાળાને છોડીને અવ્યુત્થાનદશાવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિને ગ્રહણ કરવારૂપ વિવેક કરાયે છતે, અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ પૂજામાં બંધ નથી. વળી, અવિરતિ અંશથી જન્ય અન્ય બંધ પૂજાયોગથી અપ્રયુક્ત છે. તેમાં હેતુ કહે છે - અન્યથા જિનવંદનાદિમાં પણ તેની આપત્તિ છે.**

ततः ..... आशङ्कास्थानम् ।। **તેથી કરીને=અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ પૂજામાં બંધ નથી તેથી કરીને, અહીંયાં=પૂજામાં, યથાશ્રુતને જાણનારા એવા કોઈકને કૂપદૃષ્ટાંત આશંકાનું સ્થાન બને છે.**

✪ 'अविरतसम्यग्दृष्टेरपि' અહીં 'अपि' થી એ કહેવું છે કે, દેશવિરતિધરને તો પૂજામાં બંધ નથી, પણ અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ પૂજામાં બંધ નથી.

વિશેષાર્થ :-

સિદ્ધયોગી એવો અવિરતસમ્યગ્દૃષ્ટિ જ્યારે જગદ્‌ગુરુની પૂજામાં તન્મયભાવવાળો બને છે, ત્યારે તેની પૂજાની સર્વ ક્રિયા યતનાથી ઉપબૃંહિત હોય છે. તેથી તેમની પૂજાની ક્રિયામાં પૂજાકૃત લેશ પણ કર્મબંધ થતો નથી, પરંતુ પૂજાકૃત નિર્જરા કે પુણ્યાનુબંધિ પુણ્ય જ બંધાય છે; અને પોતે જે અવિરતિ ગુણસ્થાનકે છે, તેને કારણે જ્ઞાનાવરણીયાદિ પાપ પ્રકૃતિરૂપ કર્મ બંધાય છે, તે પૂજાયોગથી અપ્રયુક્ત છે. જો આવું ન માનો અને એમ માનો કે, અવિરતિ અંશથી થનારો બંધ પૂજામાં વર્તતી પુષ્પાદિના ઉપમર્દનજન્ય જે અવિરતિ છે, તત્‌કૃત છે, તો જિનવંદનાદિમાં પણ તેની આપત્તિ આવે; કેમ કે જિનવંદનકાળમાં પણ ત્યાં યદ્યપિ હિંસા નહિ હોવા છતાં અવિરતસમ્યગ્દૃષ્ટિને અવિરતિ અંશથી થનારો બંધ હોય છે.

પૂર્વમાં કહ્યું એ રીતે સિદ્ધયોગી એવા અવિરતસમ્યગ્દૃષ્ટિને પૂજામાં કર્મબંધ નથી, તેથી કરીને પૂજામાં યથાશ્રુતને જાણનારા એવા કોઈકને કૂપદૃષ્ટાંત આશંકાનું સ્થાન છે. તે આ પ્રમાણે -

યથાશ્રુત કૂપદૃષ્ટાંત જાણનાર જીવ જે પ્રમાણે કૂપદૃષ્ટાંત સંભળાય છે, તે પ્રમાણે તે જાણતો

હોવાથી માને છે કે, કૂવો ખોદતાં જેમ પ્રથમ કાદવથી ખરડાવવું પડે છે, પરંતુ જલની પ્રાપ્તિ થતાં તે કાદવને ધોઈ શકાય છે; તેમ પ્રસ્તુતમાં પૂજામાં થતી હિંસાથી કર્મબંધ થાય છે, તેની શુદ્ધિ પૂજામાં થતા શુભભાવથી થઈ જાય છે. અહીં કૂપદૃષ્ટાંત સંગત થાય છે, પરંતુ અહીં કહેવાયું કે, સમાધિજનિતભાવવાળો સમ્યગ્ યતનાપૂર્વક પૂજા કરે તો તેની પૂજાની ક્રિયામાં લેશ પણ કર્મબંધ નથી, તેથી તે કૂપદૃષ્ટાંત યથાશ્રુત જાણનારને આશંકાનું સ્થાન બને છે અર્થાત્ જો પૂજામાં લેશ પણ કર્મબંધ ન હોય તો શાસ્ત્રમાં જે રીતે કૂપદૃષ્ટાંત બતાવેલ છે, તે કૂપદૃષ્ટાંત પૂજામાં કઈ રીતે સંગત થાય, એવી શંકાનું સ્થાન બને છે.

ટીકા :-

एवं हि तदावश्यके द्रव्यस्तवीयप्रसङ्गसमाधानस्थले व्यवस्थितम् -

'नामठ्ठवणादविए भावे अ थयस्स होइ निक्खेवो । दव्वथवो पुप्फाई संतगुणुक्कितनाभावे' इति । व्याख्या-तत्र नामेति नामस्तवः, स्थापनेति स्थापनास्तवः, द्रव्य इति द्रव्यविषयो द्रव्यस्तवः, भावेति (भावे चेति) भावविषयश्च भावस्तव इत्यर्थः । इत्थं स्तवस्य भवति निक्षेपो=न्यासः । तत्र क्षुण्णत्वान्नामस्थापने अनादृत्य द्रव्यस्तवभावस्तवस्वरूपमेवाह-द्रव्यस्तवः पुष्पादिरिति, आदिशब्दाद्गन्धधूपादिपरिग्रहः, कारणे कार्योपचारा-च्चैवमाह, अन्यथा द्रव्यस्तवः पुष्पादिभिः समभ्यर्चनमिति । तथा सद्गुणोत्कीर्त्तना भाव इति, सन्तश्च ते गुणाश्च सद्गुणाः अनेनासद्गुणोत्कीर्त्तनानिषेधमाह, करणे च मृषावाद इति, सद्गुणानामुत्कीर्त्तना-उत्-प्राबल्येन परया भक्त्या कीर्त्तना=संशब्दना, यथा-**'प्रकाशितं यथैकेन त्वया सम्यग् जगत्त्रयम् समग्रैरपि नो नाथ ! परतीर्थाधिपैस्तथा। विद्योतयति वा लोकं यथैकोऽपि निशाकरः । समुद्गतः समग्रोऽपि किं तथा तारकगणः ।।२।।'** इत्यादिलक्षणो, 'भाव' इति द्वारपरामर्शो भावस्तव इति गाथार्थः ।।

ટીકાર્થ :-

'एवं हि' આ રીતે=હવે કહેવામાં આવશે એ રીતે, તે=કૂપદૃષ્ટાંત, આવશ્યકમાં દ્રવ્યસ્તવીય પ્રસંગના સમાધાન સ્થળમાં વ્યવસ્થિત છે.

વિશેષાર્થ :-

આવશ્યકમાં દ્રવ્યસ્તવ સંબંધી પૂર્વપક્ષી દ્વારા પ્રસંગ આપવામાં આવે છે કે, ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ શ્રેષ્ઠ છે; કેમ કે દ્રવ્યસ્તવમાં વિત્તનો પરિત્યાગ થાય છે, જ્યારે ભાવસ્તવમાં વિત્તનો પરિત્યાગ નહિ થવાને કારણે ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ શ્રેષ્ઠ છે. એ પ્રકારના પૂર્વપક્ષી દ્વારા અપાયેલા પ્રસંગના સમાધાનરૂપે આવશ્યકમાં કૂપદૃષ્ટાંત આ રીતે=હવે કહેવામાં આવશે એ રીતે, વ્યવસ્થિત છે.

ટીકાર્થ :-

'नामं ..... भावे' इति નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ - એમ સ્તવના ચાર નિક્ષેપા થાય છે. દ્રવ્યસ્તવ પુષ્પાદિરૂપ છે અને સદ્ગુણ ઉત્કીર્તનારૂપ=વિદ્યમાન ગુણની ઉત્કીર્તના રૂપ, ભાવ છે=ભાવસ્તવ છે.

વ્યાખ્યા :- ત્યાં=સ્તવના ચાર નિક્ષેપા કહ્યા ત્યાં, નામ એટલે નામસ્તવ, સ્થાપના એટલે સ્થાપનાસ્તવ, દ્રવ્ય એટલે દ્રવ્ય છે વિષય જેનો એવો દ્રવ્યસ્તવ=એ સ્તવનો વિષય દ્રવ્ય છે માટે દ્રવ્યસ્તવ, અને ભાવ એટલે ભાવ છે વિષય જેનો એવો ભાવસ્તવ=એ સ્તવનો વિષય ભાવ છે, માટે ભાવસ્તવ, એ પ્રમાણે અર્થ જાણવો. આ પ્રમાણે સ્તવના નિક્ષેપ=ન્યાસ, થાય છે.

✪ અહીં ટીકામાં 'भावेति' પાઠ છે, ત્યાં આ. નિ. ભાષ્ય ગાથા-૧૯૨ની ટીકામાં 'भावे चेति' પાઠ છે, તે સંગત છે.

વિશેષાર્થ :-

'સ્તવ' શબ્દથી નામાદિ ચાર અર્થો વાચ્ય બને છે. તેથી 'સ્તવ' શબ્દ નામાદિ ચાર અર્થોમાં સ્થાપન થાય છે, તે નિક્ષેપ પદાર્થ છે.

ટીકાર્થ :-

વ્યાખ્યા :- तत्र ..... स्वरूपमेवाह - ત્યાં=ચાર નિક્ષેપામાં, નામ અને સ્થાપનાનું ક્ષુણ્ણપણું હોવાથી=બહુ ચર્ચાઈ ગયેલ હોવાથી, નામ અને સ્થાપનાનો અનાદર કરીને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના સ્વરૂપને જ કહે છે=नामं ठवणा दविए भावे अ .....ઇત્યાદિ આવશ્યક નિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૧માં કહેલ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના સ્વરૂપને જ કહે છે –

द्रव्यस्तवः ..... समभ्यर्चनमिति ।દ્રવ્યસ્તવ પુષ્પાદિ છે. અહીં 'पुष्पादि' માં 'आदि' શબ્દથી ગંધ-ધૂપાદિનું ગ્રહણ કરવું. કારણમાં કાર્યના ઉપચારથી દ્રવ્યસ્તવ પુષ્પાદિ છે, એ પ્રમાણે કહેલ છે. અન્યથા=કારણમાં કાર્યનો ઉપચાર કરવામાં ન આવે તો, પુષ્પાદિથી અર્ચન એ દ્રવ્યસ્તવ એ પ્રમાણે કહેવું જોઈએ.

✪ 'पुष्पादि' માં 'आदि' શબ્દથી गंधधूपादि નું ગ્રહણ કરવું, એમ કહ્યું છે. ત્યાં ગંધથી સર્વ સુગંધી પદાર્થો લેવા અને 'धूपादि' માં 'आदि' શબ્દથી દીપાદિનું ગ્રહણ કરવું.

तथा ..... સંશબ્દના સદ્‌ગુણ ઉત્કીર્તનાનો ભાવ છે વિદ્યમાન એવા ગુણો તે સદ્‌ગુણો, આના દ્વારા અસદ્‌ગુણ ઉત્કીર્તનાના નિષેધને કહે છે. અને કરણમાં=અસદ્‌ગુણ ઉત્કીર્તનાના કરણમાં=અસદ્‌ગુણની ઉત્કીર્તના=સ્તવના, કરવામાં મૃષાવાદ છે.

✪ 'इति' શબ્દ ભાવસ્તવના કથનની સમાપ્તિસૂચક છે.

પૂર્વમાં સદ્‌ગુણો શું છે તે કહ્યું. હવે સદ્‌ગુણની ઉત્કીર્તના કહે છે -

સદ્‌ગુણોની ઉત્કીર્તના='उत्' એટલે પ્રબળપણાથી પરમ ભક્તિ દ્વારા કીર્તના=સંશબ્દના, તે સદ્‌ગુણ ઉત્કીર્તના છે.

વિશેષાર્થ :-

પરમ ભક્તિથી ભગવાનના વિદ્યમાન ગુણોનું કીર્તન કરવું, તે ભાવસ્તવ છે. સદ્‌ગુણોનું ઉત્કીર્તન એ ફક્ત ભગવાના ગુણોને શબ્દથી કહેવા માત્રરૂપે નથી, પરંતુ પ્રબળ વીર્યશક્તિથી અને પ્રકૃષ્ટ ભક્તિથી ભગવાનના ગુણોનું શબ્દ દ્વારા ઉચ્ચારણ કરવારૂપ છે.

સદ્‌ગુણ ઉત્કીર્તના શું છે, તે દૃષ્ટાંતથી બતાવે છે -

ટીકાર્થ :-

વ્યાખ્યા :- यथा-'..... इत्यादि लक्षणो, - જેમ હે નાથ ! તારા એકલા વડે જે રીતે ત્રણ જગતને સમ્યક્ પ્રકાશિત કરાયું, તે પ્રમાણે સમગ્ર પણ પરતીર્થાધિપો વડે પ્રકાશિત કરાયું નથી; અથવા જે પ્રમાણે એક પણ ચંદ્ર લોકને विद्योतित=પ્રકાશિત, કરે છે તે પ્રમાણે ઉદય પામેલો એવો સમગ્ર પણ તારાગણ શું લોકને પ્રકાશિત કરે ? અર્થાત્ કરતો નથી. ઈત્યાદિ સ્વરૂપવાળી સદ્‌ગુણોની ઉત્કીર્તના છે.

આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય-૧૯૧ ગાથામાં संतगुणुक्कितना પછી 'भावे' શબ્દ છે, તેનો અર્થ બતાવતાં કહે છે -

વ્યાખ્યા :- 'भाव' ..... इति गाथार्थः ।। એ પ્રકારનો શબ્દ દ્વારપરામર્શરૂપ છે, અને ભાવનો અર્થ ભાવસ્તવ છે.

વિશેષાર્થ :-

સ્તવના નામાદિ ચાર નિક્ષેપા કહ્યા, તે ચાર દ્વાર છે, અને તે ચાર દ્વાર દ્વારા 'સ્તવ' શબ્દનો વાચ્યાર્થ બોધ કરવાનો છે. છેલ્લું દ્વાર ભાવ છે, તેનો પરામર્શક 'संतगुणुक्कितना' પછી રહેલો 'भावे' શબ્દ છે. તેથી તે 'ભાવ' શબ્દનો અર્થ ભાવસ્તવ છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે, સદ્‌ગુણોની ઉત્કીર્તના એ ભાવસ્તવ છે. એ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય-૧૯૧ મૂળ ગાથામાં કહેલ 'संतगुणुक्कितना भावे' નો અર્થ થયો.

ટીકા :-

इह चालितप्रतिष्ठापितोऽर्थः सम्यग्ज्ञानायालमिति चालनां च कदाचिद्विनेयः करोति, कदाचित्स्वयमेव गुरुरिति, उक्तं च 'कत्थइ पुच्छइ सीसो कहिंचिऽपुट्ठा कहेंति आयरिया' इत्यादि (दस वै. नि. ३८) यतश्चात्र वित्तपरित्यागादिना द्रव्यस्तव एव ज्यायान् भविष्यतीत्यल्पबुद्धीनामाशङ्कासम्भव इत्यतस्तद्व्युदासार्थं तदनुवादपुरस्सरमाह-**'दव्वथओ भावथओ, दव्वथओ बहुगुण त्ति बुद्धि सिआ । अनिउणमइवयणमिणं छज्जीवहिअं जिणा बिंति ।।** व्याख्या-द्रव्यस्तवो भावस्तव इत्यत्र द्रव्यस्तवो 'बहुगुणः' प्रभूततरगुण इति-एवं बुद्धिः स्याद्, एवं चेत् मन्यसे इत्यर्थः । तथाहि-किलास्मिन् क्रियमाणे वित्तपरित्यागाच्छुभ एवाध्यवसायस्तीर्थस्य चोन्नतिकरणं दृष्ट्वा च तं क्रियमाणमन्येऽपि प्रतिबुद्ध्यन्त इति स्वपरानुग्रहः । सर्वमिदं सप्रतिपक्षमिति चेतसि निधाय 'द्रव्यस्तवो बहुगुण' इत्यर्थस्यासारतां ख्यापनायाह - 'अनिउणमइवयणमि'ति । अनिपुणमतेर्वचनमनिपुणमतिवचनम्, 'इद'मिति द्रव्यस्तवो बहुगुण इति । किमित्यत आह-'षड्जीवहितं जिना ब्रुवते' षण्णां पृथिवीकायादीनां हितं जिनाः-तीर्थकरा, ब्रुवते प्रधानं मोक्षसाधनमिति गम्यते ।

ટીકાર્થ :-

આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨નું ઉત્થાન કરતાં કહે છે -

ઇહ ચાલિત ..... ગુરુરિતિ, અહીંયાં=દ્રવ્ય અને ભાવદ્વાર દ્વારા સ્તવશબ્દનો અર્થ કર્યો એમાં, ચાલિત અને પ્રતિષ્ઠાપિત અર્થ સમ્યગ્ જ્ઞાન માટે સમર્થ થાય છે, એથી કરીને, અને ચાલના ક્યારેક શિષ્ય કરે છે, ક્યારેક સ્વયં જ ગુરુ કરે છે, એથી કરીને તેના અનુવાદપુરસ્સર કહે છે, એ પ્રમાણે અન્વય છે.

ચાલના ક્યારેક શિષ્ય કરે છે અને ક્યારેક સ્વયં જ ગુરુ કરે છે, એમ કહ્યું. તેમાં સાક્ષી આપે છે-

उक्तं च - 'कत्थइ' અને કહ્યું છે કે - ક્યારેક શિષ્ય પૂછે છે, ક્યારેક નહિ પુછાયેલા આચાર્યો કહે છે ઈત્યાદિ સાક્ષીપાઠ છે.

વિશેષાર્થ :-

ચાલિત અને પ્રતિષ્ઠાપિત અર્થ સમ્યગ્જ્ઞાન માટે થાય છે, એમ કહ્યું, તેનો આશય એ છે કે, શાબ્દબોધમાં જે શબ્દથી સીધો બોધ થાય છે, તે પદાર્થ બોધ છે. ત્યાર પછી વાક્યાર્થ બોધમાં ચાલના કરાય છે=તેમાં સામાન્યથી દેખાતી શંકાનું ઉદ્ભાવન કરાય છે, અને ચાલનાથી ચાલિત થયેલો અર્થ મહાવાક્યાર્થથી પ્રતિષ્ઠાપિત કરાય છે=શંકાના નિરાકરણપૂર્વક તે અર્થ સમ્યક્ પ્રતિષ્ઠાપિત કરાય છે, તેનાથી સમ્યગ્જ્ઞાન થાય છે. તે ચાલના ક્યારેક શિષ્ય કરે છે, પરંતુ શ્રોતા તેવી પટુ બુદ્ધિવાળો ન હોય તો તેને સમ્યગ્ બોધ કરાવવા માટે ક્યારેક સ્વયં જ ગુરુ ચાલના કરે છે.

ટીકાર્થ :-

यतश्चात्र ..... पुरस्सरमाह - જે કારણથી અહીંયાં=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ કહ્યો, ત્યાં, વિત્તના પરિત્યાગથી દ્રવ્યસ્તવ જ શ્રેષ્ઠ થશે, એ પ્રકારે અલ્પબુદ્ધિવાળાઓને આશંકાનો સંભવ છે. એથી કરીને તેના વ્યુદાસ માટે=અલ્પ બુદ્ધિવાળાને થયેલી આ આશંકાના નિરાસ માટે, તેના અનુવાદ પુરસ્સર= વિત્તના પરિત્યાગથી દ્રવ્યસ્તવ શ્રેષ્ઠ થશે, એ રૂપ ચાલના-કથન-પુરસ્સર આવશ્યકનિર્યુક્તિ ભા. ગાથા-૧૯૨માં કહે છે -

दव्वथओ ..... विंति । દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બંનેમાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારે બુદ્ધિ થાય. આ અનિપુણમતિવાળાનું વચન છે, જિનેશ્વરો ષડ્જીવનિકાયનું હિત કહે છે.

✪ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨ની અવતરણિકામાં કહ્યું કે, ચાલિત અને પ્રતિષ્ઠાપિત અર્થ સમ્યગ્ જ્ઞાન માટે સમર્થ થાય છે. તેથી તેના અનુવાદપૂર્વક આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨નું કથન કહે છે. તેનું યોજન આ રીતે છે -

'दव्वथओ ..... बुद्धि सिआ ।' એ કથન ચાલનારૂપ છે અને 'अनिउणमइवयणमिणं ..... बिंति' એ કથન પ્રત્યવસ્થાનરૂપ છે.

વળી અવતરણિકામાં કહેલ કે, ચાલના ક્યારેક શિષ્ય કરે છે અને ક્યારેક સ્વયં જ ગુરુ કરે છે. તે અહીંયાં ચાલના ગુરુએ કરેલ છે. અને ત્રીજું જે કહ્યું કે, જે કારણથી અહીંયાં વિત્તના પરિત્યાગથી દ્રવ્યસ્તવ શ્રેષ્ઠ છે, એ પ્રકારની શંકા દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ કથન દ્વારા ઊભી કરી, અને તેનો વ્યુદાસ छज्जीवहिअं जिणा बिंति એ કથનથી કરેલ છે. આ રીતે આ ત્રણ ભાવો ગાથા-૧૯૨માંથી નીકળે છે.

વ્યાખ્યા :- દ્રવ્યસ્તવો ..... ઇત્યર્થઃ । દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બંનેમાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રમાણે બુદ્ધિ થાય. અહીં પ્રશ્ન થાય કે, ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારે બુદ્ધિ કેમ થાય ? તેને સ્પષ્ટ કરતાં કહે છે -

આ પ્રકારે જો તું માને છે=આગળમાં જે 'તથાહિ' થી બતાવે છે, એ પ્રકારે જો તું માને છે, તો ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારની બુદ્ધિ થાય. એમ તાત્પર્ય સમજવો.

વિશેષાર્થ :-

આશય એ છે કે, આ. નિ. ભાષ્ય મૂળ ગાથા-૧૯૨માં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારની બુદ્ધિ થાય, એટલું જ કહ્યું છે. પરંતુ એનો અર્થ એ છે કે, 'તથાહિ' થી જે આગળમાં કહેવાનું છે, એ પ્રકારે જો તું માને છે, તો તને આ પ્રકારની બુદ્ધિ થશે, એમ મૂળ ગાથાનો અર્થ છે.

ટીકાર્થ :-

વ્યાખ્યા :- તથાહિ - ..... સ્વપરાનુગ્રહઃ, તે આ પ્રમાણે - ખરેખર આ કરાયે છતે=દ્રવ્યસ્તવ કરાયે છતે, વિત્તના પરિત્યાગથી શુભ જ અધ્યવસાય થાય છે અને તીર્થનું ઉન્નતિકરણ થાય છે, અને કરાતા એવા તેને= દ્રવ્યસ્તવને, જોઈને અન્ય પણ પ્રતિબોધ પામે છે. એથી કરીને સ્વ-પરનો અનુગ્રહ છે (એ પ્રકારે જો તું માને છે તો ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ પ્રભૂતતર ગુણવાળો=બહુગુણવાળો છે, એ પ્રકારની તારી મતિ થાય, એ પ્રમાણે અન્વય જાણવો.)

વિશેષાર્થ :-

ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવને જે બહુગુણવાળો માને છે, તેમનું કહેવું એ છે કે -

(૧) દ્રવ્યસ્તવમાં વિત્તના પરિત્યાગથી શુભ અધ્યવસાય થાય છે.

(૨) દ્રવ્યસ્તવને જોઈને અન્ય ધર્માત્માઓ તેની અનુમોદના કરે છે. તેનાથી તેઓના હૈયામાં જે ધર્મભાવની વૃદ્ધિ થાય છે, તે તીર્થનું ઉન્નતિકરણ છે; કેમ કે, દ્રવ્યસ્તવની અનુમોદના કરીને તેઓએ ભગવાનના શાસનને પોતાના હૈયામાં ઉન્નત કર્યું છે.

(૩) દ્રવ્યસ્તવને જોઈને બીજા પણ=ધર્માત્માઓ સિવાયના અન્ય પણ, પ્રતિબોધને પામે છે. એથી કરીને દ્રવ્યસ્તવથી સ્વ-પરનો અનુગ્રહ થાય છે.

આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨ના ઉત્તરાર્ધમાં ચાલના કર્યા પછી પ્રતિષ્ઠાપિત અર્થનું ઉત્થાન કરતાં કહે છે -

ટીકાર્થ :-

વ્યાખ્યા :- સર્વમિદં ..... ગમ્યતે । આ સર્વ સપ્રતિપક્ષ છે=પૂર્વમાં કહ્યું કે, દ્રવ્યસ્તવ કરાયે છતે વિત્તના પરિત્યાગથી શુભ જ અધ્યવસાય થાય છે, તેનો પ્રતિપક્ષ દ્રવ્યસ્તવ કરાયે છતે વિત્તના પરિત્યાગથી શુભને બદલે અશુભ અધ્યવસાય પણ થાય છે, તેમ તીર્થની ઉન્નતિને બદલે તીર્થની ઉન્નતિ નથી પણ થતી, અને કરાતા એવા દ્રવ્યસ્તવને જોઈને અન્ય

પ્રતિબોધ નથી પણ પામતા, એ રૂપ આ સર્વ સપ્રતિપક્ષ છે, એ પ્રમાણે ચિત્તમાં સ્થાપન કરીને, દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારના અર્થની અસારતા ખ્યાપન કરવા માટે આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૯૨ના ઉત્તરાર્ધમાં કહે છે -

આ=દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારનું અનિપુણમતિનું વચન છે.

દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ અનિપુણમતિનું વચન કેમ છે ? એથી કરીને કહે છે -

છ જીવના હિતને જિનેશ્વરો કહે છે=પૃથ્વીકાયાદિ છ જીવના હિતને તીર્થંકરો પ્રધાન મોક્ષનું સાધન કહે છે. અહીં પ્રધાનં મોક્ષસાધનમ્ એ પદ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨માં અધ્યાહારરૂપે છે.

વિશેષાર્થ :-

'સર્વમિદં સપ્રતિપક્ષમ્' જે કહ્યું તેનો આશય એ છે કે, 'તથાહિ' થી દ્રવ્યસ્તવને બહુગુણવાળો સ્થાપન કરવા માટે ત્રણ કારણો બતાવ્યાં. એ ત્રણ કારણો સપ્રતિપક્ષ છે, તે આ રીતે -

(૧) દ્રવ્યસ્તવમાં વિત્તના પરિત્યાગથી શુભ અધ્યવસાય થાય છે. તેનો પ્રતિપક્ષ એ છે કે, દ્રવ્યસ્તવમાં વિત્તના પરિત્યાગથી અશુભ પણ અધ્યવસાય થાય છે.

(૨) દ્રવ્યસ્તવથી તીર્થનું ઉન્નતિકરણ થાય છે, તેનો પ્રતિપક્ષ એ છે કે, દ્રવ્યસ્તવમાં શુભ અધ્યવસાયરૂપ ભાવસ્તવ હોય તો જ તીર્થની ઉન્નતિ થાય છે, અને શુભ અધ્યવસાયરૂપ ભાવસ્તવ ન હોય તો તીર્થની ઉન્નતિ થતી નથી.

(૩) કરાતા એવા દ્રવ્યસ્તવને જોઈને શિષ્ટ પુરુષો પ્રતિબોધ પામે છે. તેનો પ્રતિપક્ષ એ છે કે, ભાવરહિત એવા દ્રવ્યસ્તવને કરાતો જોઈને શિષ્ટો પ્રતિબોધ પામતા નથી.

આ સર્વ સપ્રતિપક્ષ છે, એ પ્રમાણે ચિત્તમાં સ્થાપન કરીને દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારના કથનની અસારતા ખ્યાપન કરવા માટે કહે છે – દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારનું વચન અનિપુણ મતિવાળાનું વચન છે.

આશય એ છે કે, દ્રવ્યસ્તવ એ પુષ્પાદિના અભ્યર્ચનરૂપ છે અને તેનાથી શુભ ભાવ થાય કે ન થાય ઈત્યાદિરૂપ પ્રતિપક્ષ વિદ્યમાન છે, જે આવશ્યકનિર્યુક્તિની ટીકામાં આગળ બતાવવાના છે. તેથી જો દ્રવ્યસ્તવથી શુભ અધ્યવસાય ન થતો હોય તો દ્રવ્યસ્તવ અસાર છે, માટે દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ અનિપુણ મતિવાળાનું વચન છે. અને તે જ વાતને ભગવાનના વચનથી દૃઢ કરવા માટે કહે છે કે, ષડ્જીવનું હિત જિનો કહે છે=તીર્થંકરો ષડ્જીવના હિતને મોક્ષનું પ્રધાન કારણ કહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે, મોક્ષનું પ્રધાન કારણ ષડ્જીવનું હિત છે, અને તે ષડ્જીવના હિતને અનુકૂળ એવો શુભ અધ્યવસાય જો દ્રવ્યસ્તવથી થતો હોય તો તે દ્રવ્યસ્તવ ફળવાન છે, અન્યથા દ્રવ્યસ્તવ વ્યર્થ છે. અને ભાવસ્તવ તો ષડ્જીવના હિતરૂપ છે, તેથી ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ અસાર વચન છે.

આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૧માં કહ્યું કે, દ્રવ્યસ્તવ પુષ્પાદિરૂપ છે, અને ભાવસ્તવ વિદ્યમાન ગુણોની ઉત્કીર્તનાસ્વરૂપ છે. ત્યારપછી આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨ના પૂર્વાર્ધમાં એવી શંકા કરી કે, દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે એવી મતિ થાય. અને તેનું નિરાકરણ કરતાં ભાવસ્તવ બહુગુણવાળો છે,-એ સ્થાપન કરવા માટે તે જ ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે, આ અનિપુણ મતિવાળાનું વચન છે અને જિનેશ્વરો ષડ્જીવ નિકાયના હિતને કહે છે=જિનેશ્વરો ષડ્જીવનિકાયના હિતને મોક્ષનું પ્રધાન કારણ કહે છે. આ બંને કથન સાંભળીને પ્રશ્ન થાય કે, ભાવસ્તવ જિનેશ્વરના વિદ્યમાન ગુણોની ઉત્કીર્તનારૂપ છે કે ષડ્જીવનિકાયના હિતરૂપ છે, કે પછી વિદ્યમાન ગુણોની ઉત્કીર્તના અને ષડ્જીવનિકાયનું હિત એક જ પદાર્થ છે ?

આનું સમાધાન એ છે કે, ભાવસ્તવ તો ભગવાનના વિદ્યમાન ગુણોની ઉત્કીર્તનાસ્વરૂપ છે, પરંતુ ભગવાનના ગુણોની ઉત્કીર્તના છ જીવ નિકાયનું હિત કરનાર મુનિ વિશેષ પ્રકારે કરી શકે છે, તેનું કારણ એ છે કે મુનિ ભગવાનના ગુણોની અતિ આસન્ન રહેલા હોય છે.

"ભગવાનના ગુણોનું કીર્તન એટલે ભગવાનના ગુણોને પોતાના આત્મામાં આવિર્ભાવ કરવાની ક્રિયા." ભગવાન વીતરાગ છે, તેથી તેઓ નિસ્પૃહતાની નિષ્ઠા સુધી પહોંચેલા છે. જ્યારે મુનિ હજુ વીતરાગ નથી, પરંતુ નિસ્પૃહી હોય છે. આથી જ તેમને સંસારના કોઈપણ ભૌતિક સુખો કે વિષયોની સ્પૃહા હોતી નથી. આમ નિસ્પૃહી મુનિ ભગવાનના નિસ્પૃહતા આદિ ગુણોની કીર્તના કરીને પોતાના નિસ્પૃહ ભાવને નિષ્ઠા તરફ લઈ જવા યત્ન કરે છે, તેથી મુનિના જીવનમાં ભગવાનના વિદ્યમાન ગુણોની કીર્તના મુખ્યરૂપે હોય છે.

જ્યારે શ્રાવક હજુ સંપૂર્ણ નિસ્પૃહી બન્યો નથી, પરંતુ તેને નિસ્પૃહતા સારભૂત લાગે છે. તેથી જ નિસ્પૃહી એવા ભગવાન કે નિસ્પૃહી એવા મુનિઓ પ્રત્યે તેને બહુમાનભાવ છે. અને તે નિસ્પૃહતા પ્રત્યેનો બહુમાનભાવ છે, તે જ તેનો ભાવસ્તવ છે. તેથી નિસ્પૃહતાનો પરિણામ નહિ હોવા છતાં નિસ્પૃહતાનો બહુમાનભાવ શ્રાવકને હોવાથી તેમને ભાવસ્તવ અલ્પ માત્રામાં છે, જ્યારે મુનિમાં નિસ્પૃહતાના પરિણામપૂર્વક નિસ્પૃહ શિરોમણિ એવા ભગવાન પ્રત્યે બહુમાન થાય છે. તેથી બાહ્ય રીતે મુનિ કે શ્રાવકની ભગવાનના ગુણોની ઉત્કીર્તના સમાન હોવા છતાં મુનિ જે ભગવાનના ગુણોની ઉત્કીર્તના કરે છે, તે વિશેષ પ્રકારનો ભાવસ્તવ છે.

મુનિમાં નિસ્પૃહતા વર્તે છે, તેથી જ તેને જગતના તમામ પદાર્થો પ્રત્યે સમભાવ હોય છે. તે જ રીતે ષડ્જીવનિકાય પ્રત્યે પણ સમભાવ હોય છે. તેથી જ મુનિ ષડ્જીવનિકાયના પાલનમાં યત્ન કરે છે, અને આ ષડ્જીવનિકાયના પાલનમાં કરાતો યત્ન ભગવાનના બહુમાનપૂર્વક ભગવાનની આજ્ઞાના પાલનસ્વરૂપ છે, તેથી આજ્ઞાપ્રતિપત્તિરૂપ ભાવસ્તવસ્વરૂપ છે. શાસ્ત્રમાં જે ચાર પ્રકારની પૂજા કહી છે, તેમાં પુષ્પ અને આમિષ પૂજા એ દ્રવ્યસ્તવરૂપ છે, અને તે શ્રાવકોને મુખ્ય હોય છે. અને સ્તોત્રપૂજા એ ભગવાનના ગુણના કીર્તનરૂપ છે, જે શ્રાવકને અલ્પ માત્રામાં હોય છે, અને સાધુને વધારે હોય

છે. તેના કરતાં પણ શ્રેષ્ઠ ભાવસ્તવરૂપ પ્રતિપત્તિ પૂજા છે, જે સાધુને મુખ્ય હોય છે, અને તે ભગવાનના વચનાનુસાર ષડ્જીવનિકાયના પાલનસ્વરૂપ છે. આથી જ જે આવા નિસ્પૃહી નથી, તેવા અભવ્યો કે દુર્ભવ્ય જીવો ષટ્કાયનું પાલન કરીને નવમા ગ્રૈવેયકમાં જાય છે, તેઓનું ષટ્કાયનું પાલન ભાવસ્તવરૂપ નથી.

આ સર્વ કથનથી એ નક્કી થાય છે કે, ભાવસ્તવ તો વિદ્યમાન ગુણોની ઉત્કીર્તનાસ્વરૂપ છે, પરંતુ ભગવાનના વિદ્યમાન ગુણોનું ઉત્કીર્તન છ જીવનિકાયનું હિત કરનાર મુનિ વિશેષ પ્રકારે કરી શકે છે, એથી આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨માં છ જીવનિકાયના હિતને ભાવસ્તવ તરીકે કહેલ છે.

ટીકા :-

किञ्च षड्जीवहितमित्यत आह- **'छज्जीवकायसंजमु दव्वथए सो विरुज्झई कसिणो । तो कसिणसंजमविऊ, पुप्फाईअं न इच्छंति ।।** व्याख्या-'षड्जीवकायसंयम' इति षण्णां जीवनिकायानां पृथिव्यादिलक्षणानां संयमः-सङ्घट्टनादिपरित्यागः षड्जीवकायसंयमः, असौ हितम् । यदि नामैवं ततः किमित्यत आह-'द्रव्यस्तवे' पुष्पादिसमभ्यर्चनलक्षणे स षड्जीवनिकायसंयमः किं विरुध्यते न सम्यक् संपद्यते कृत्स्नः संपूर्ण इति, पुष्पादिसंलुञ्चनसङ्घट्टनादिना कृत्स्नसंयमानुपपत्तेः, यतश्चैवं ततः-तस्मात्, 'कृत्स्नसंयमविद्वांस' इति कृत्स्नसंयमप्रधाना विद्वांसस्तत्त्वतः साधव उच्यन्ते कृत्स्नसंयमग्रहणमकृत्स्नसंयमविदुषां श्रावकाणां व्यपोहार्थम्, ते किम् ? अत आह-'पुष्पादिकं' द्रव्यस्तवं 'नेच्छन्ति' न बहुमन्यन्ते ।

ટીકાર્થ :-

किं च ..... आह - અને ષડ્જીવનું હિત શું છે ? એથી કરીને કહે છે -

'छज्जीवकायसंजमु ..... न इच्छंति ।। છજીવ કાયનો સંયમ હિત છે. કૃત્સ્ન=સંપૂર્ણ એવો તે=છ જીવકાયનો સંયમ, દ્રવ્યસ્તવમાં વિરોધી છે, તે કારણથી કૃત્સ્ન સંયમને જાણનારાઓ પુષ્પાદિને ઈચ્છતા નથી.

વ્યાખ્યા :- षड्जीवकाय ..... न बहुमन्यन्ते । ષડ્જીવનિકાયનો સંયમ=પૃથિવી આદિ છ જીવનિકાયનો સંયમ=સંઘટ્ટનાદિ પરિત્યાગ, તે છ જીવનિકાયનો સંયમ છે. આ=ષડ્જીવનિકાયનો સંયમ, હિત છે.

જો આ પ્રમાણે છે તેથી કરીને શું ? એથી કરીને કહે છે -

દ્રવ્યસ્તવમાં=પુષ્પાદિ સમભ્યર્ચન લક્ષણ દ્રવ્યસ્તવમાં, તે=ષડ્જીવનિકાયનો સંયમ, તે વળી શું ? તો કહે છે-વિરોધી થાય છે=સમ્યગ્ નિષ્પન્ન થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવમાં ષડ્જીવનિકાયનો સંયમ અંશથી પણ સમ્યગ્ સંપન્ન થતો નથી. તો કહે છે -

દ્રવ્યસ્તવમાં ષડ્જીવનિકાયનો સંપૂર્ણ સંયમ સમ્યગ્ સંપન્ન થતો નથી અંશથી થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવમાં ષડ્જીવનિકાયનો સંપૂર્ણ સંયમ કેમ થતો નથી ? તેમાં હેતુ કહે છે -

પુષ્પાદિના ચૂંટન અને સંઘટ્ટનાદિ વડે કૃત્સ્ન સંયમની અનુપપત્તિ છે.

અને જે કારણથી આ પ્રમાણે છે, તે કારણથી કૃત્સ્નસંયમપ્રધાન છે જેને એવા વિદ્વાનો પુષ્પાદિરૂપ દ્રવ્યસ્તવને ઈચ્છતા નથી એ પ્રમાણે અન્વય છે.

કૃત્સ્નસંયમપ્રધાન વિદ્વાનો કોણ છે ? તો કહે છે -

તત્ત્વથી સાધુઓ કૃત્સ્નસંયમપ્રધાન વિદ્વાનો કહેવાય છે.

અહીં કૃત્સ્ન સંયમનું ગ્રહણ, અકૃત્સ્ન સંયમ વિદ્વાન એવા શ્રાવકોના વ્યપોહ માટે=વ્યવચ્છેદ માટે છે. તેઓ શું ? એથી કરીને કહે છે - સાધુઓ પુષ્પાદિ દ્રવ્યસ્તવને ઈચ્છતા નથી અર્થાત્ બહુમાનતા નથી.

ઉત્થાન :-

પૂર્વે આવશ્યક નિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨ની વ્યાખ્યામાં કહ્યું કે, દ્રવ્યસ્તવ કરાતે છતે વિત્તના પરિત્યાગથી શુભ અધ્યવસાય થાય છે ઈત્યાદિ કારણથી, ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો થાય, એ પ્રકારની ચાલના છે. અને પછી પ્રત્યવસ્થાનનું ઉત્થાન કરતાં કહ્યું કે, આ સર્વ સપ્રતિપક્ષ છે. એ પ્રકારે ચિત્તમાં સ્થાપન કરીને આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨માં કહ્યું કે, આ અનિપુણમતિનું વચન છે. ત્યાં દ્રવ્યસ્તવથી થતા શુભ અધ્યવસાય આદિ ત્રણને સપ્રતિપક્ષ કહ્યા. તે સપ્રતિપક્ષ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૩ની ટીકામાં બતાવતાં કહે છે -

ટીકા :-

यच्चोक्तम्- 'द्रव्यस्तवे क्रियमाणे वित्तपरित्यागाच्छुभ एवाध्यवसाय' इत्यादि, तदपि यत्किञ्चिद्, व्यभिचारात्, कस्यचिदल्पसत्त्वस्याविवेकिनो वा शुभाध्यवसायानुपपत्तेः, दृश्यते च कीर्त्याद्यर्थमपि सत्त्वानां द्रव्यस्तवे प्रवृत्तिरिति, शुभाध्यवसायभावेऽपि तस्यैव भावस्तवत्वादितरस्य च तत्कारणत्वेनाप्रधानत्वमेव 'फलप्रधानाः सर्वारम्भा इति' भावस्तव एव च सति तत्त्वतस्तीर्थस्योन्नतिकरणम्, भावस्तववत एव तस्य सम्यगमरादिभिरपि पूज्यत्वात्तमेव च दृष्ट्वा क्रियमाणमन्येऽपि सुतरां प्रतिबुध्यन्ते शिष्टा इति स्वपरानुग्रहोऽपीहैवेति गाथार्थः ।।

ટીકાર્થ :-

વ્યાખ્યા :- यच्चोक्तं ..... व्यभिचारात्, દ્રવ્યસ્તવ કરાયે છતે વિત્તના પરિત્યાગથી શુભ જ અધ્યવસાય થાય છે ઈત્યાદિ જે કહેવાયું તે પણ यत्किंचित् છે; કેમ કે વ્યભિચાર છે,

તે વ્યભિચારને બતાવે છે -

कस्यचित् ..... अनुपपत्तेः, કોઈક અલ્પસત્ત્વને અથવા તો અવિવેકીને શુભ અધ્યવસાયની અનુપપત્તિ છે.

અવિવેકીને શુભ અધ્યવસાયની અનુપપત્તિ કેમ છે, તે બતાવતાં કહે છે -

દૃશ્યતે ..... પ્રવૃત્તિરિતિ, અને દેખાય છે કે, કીર્તિ આદિ માટે પણ સત્ત્વોની=જીવોની, દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ છે.

વિશેષાર્થ :-

અહીં સુધીનું કથન દ્રવ્યસ્તવથી શુભ અધ્યવસાય થાય છે એ પ્રકારના વચનના નિરાકરણરૂપ છે. અને તેનો ભાવ એ છે કે, દ્રવ્યસ્તવમાં વિત્તના પરિત્યાગથી શુભ અધ્યવસાય થાય એવો એકાંત નથી, કોઈકને શુભ અધ્યવસાય થાય અને કોઈકને શુભ અધ્યવસાય ન પણ થાય, એવો અનેકાંત છે. અને તે જ બતાવતાં કહ્યું કે, અલ્પસત્ત્વવાળા જીવોને શુભ અધ્યવસાય થતો નથી. અલ્પસત્ત્વવાળા જીવો દ્રવ્યસ્તવ કરે છે, પરંતુ દ્રવ્યસ્તવ દ્વારા ભગવાનના ગુણોનું સ્મરણ કરીને આત્માના ગુણોને ખીલવવામાં તેઓનો યત્ન નહિ હોવાને કારણે શુભ અધ્યવસાય થતો નથી, કેવલ આચરણારૂપે દ્રવ્યસ્તવ તેઓ કરે છે. અને અવિવેકી જીવો કીર્તિ આદિ માટે પણ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે, તેથી તેમને શુભ અધ્યવસાય થતો નથી.

અહીં વિશેષ એ ભાસે છે કે, અલ્પસત્ત્વવાળા જીવો પ્રાયઃ અનનુષ્ઠાનવાળા છે, તેથી તેઓને શુભ અધ્યવસાય થતો નથી. અને અવિવેકી જીવો છે, તે કીર્તિ આદિ માટે દ્રવ્યસ્તવ કરે છે અને 'આદિ' પદથી પરલોકના ભૌતિક સુખો માટે કરે છે, જે વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાનમાં જાય છે. અને તે ત્રણે અનુષ્ઠાનવાળાને દ્રવ્યસ્તવથી શુભ અધ્યવસાય થતો નથી, તેથી તે દ્રવ્યસ્તવ શુભ અધ્યવસાય પ્રત્યે વ્યભિચારી છે.

ઉત્થાન :-

દ્રવ્યસ્તવથી શુભ અધ્યવસાય થતો નથી, તે બતાવીને, કોઈક જીવને શુભ અધ્યવસાય થાય છે, એમ કહ્યું. તેને સ્વીકારીને પૂર્વપક્ષી કહે કે, ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એમ માનીએ તો શું વાંધો છે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

વ્યાખ્યા :- શુભાધ્યવસાયભાવે ..... સર્વારંભા ઇતિ, શુભ અધ્યવસાય થવા છતાં પણ તેનું જ=શુભ અધ્યવસાયનું જ, ભાવસ્તવપણું હોવાને કારણે અને ઈતરનું=દ્રવ્યસ્તવનું તત્કારણપણું=શુભ અધ્યવસાયરૂપ ભાવસ્તવનું કારણપણું, હોવાને કારણે, અપ્રધાનપણું જ છે. તેમાં હેતુ કહે છે - ફળપ્રધાન સર્વ આરંભો છે.

✪ અહીં પ્રતિમાશતક મુ. પુ. માં फलप्रधानास्समारंभा इति न्यायात् એ પાઠ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૩ની ટીકા મુજબ છે, અને પ્રતિમાશતકની હ. પ્રતમાં 'फलप्रधानाः सर्वारंभाः इति' એ પ્રમાણે પાઠ છે, તે બંનેનો અર્થ એક જ છે. અહીં આરંભ કે સમારંભથી પ્રવૃત્તિ લેવાની છે.

વિશેષાર્થ :-

અહીં 'सर्वारंभाः' પછી 'इति' શબ્દ છે, તે હેતુઅર્થક છે. તેથી એ પ્રાપ્ત થયું કે ફળપ્રધાન સર્વ આરંભો=પ્રવૃત્તિઓ, છે, એથી કરીને દ્રવ્યસ્તવ અપ્રધાન છે; કેમ કે ભાવસ્તવ એ ફળસ્થાનીય છે અને

દ્રવ્યસ્તવ એ આરંભસ્થાનીય છે, અને દ્રવ્યસ્તવનો આરંભ ભાવસ્તવરૂપ ફળ માટે કરાય છે, માટે ભાવસ્તવરૂપ ફળ પ્રધાન છે અને તેનું કારણ દ્રવ્યસ્તવ અપ્રધાન છે.

આશય એ છે કે વિત્તના પરિત્યાગથી કોઈ દ્રવ્યસ્તવ કરતો હોય અને તે દ્રવ્યસ્તવ તદ્ધેતુ અનુષ્ઠાન કે અમૃત અનુષ્ઠાનરૂપ હોય તો તેનાથી શુભ અધ્યવસાય થાય છે, પરંતુ તે શુભ અધ્યવસાય ભાવસ્તવરૂપ છે. અને દ્રવ્યસ્તવ એ ભાવસ્તવના કારણભૂત છે, તેથી દ્રવ્યસ્તવ અપ્રધાન છે અને ભાવસ્તવ પ્રધાન છે. માટે દ્રવ્યસ્તવમાં પણ વર્તતા શુભ અધ્યવસાયરૂપ ભાવસ્તવની જ પ્રધાનતા છે, તેથી ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એમ કહી શકાય નહિ.

ઉત્થાન :-

દ્રવ્યસ્તવમાં વિત્તના પરિત્યાગથી શુભ જ અધ્યવસાય થાય છે, તેથી ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારની ચાલનામાં કરાયેલી શંકાનું અહીં સુધી નિરાકરણ થયું. હવે ચાલનામાં કહેલ કે, દ્રવ્યસ્તવ કરાયે છતે તીર્થનું ઉન્નતિકરણ છે, તેથી ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, તેનું નિરાકરણ કરતાં કહે છે -

ટીકાર્થ :-

વ્યાખ્યા :- ભાવસ્તવ ..... પૂજ્યત્વાત્, ભાવસ્તવ જ હોતે છતે તત્ત્વથી તીર્થનું ઉન્નતિકરણ છે; કેમ કે ભાવસ્તવવાળા તેનું=મુનિનું, દેવો વડે પણ સમ્યગ્ પૂજ્યમાનપણું છે.

વિશેષાર્થ :-

અહીં 'ભાવસ્તવ' શબ્દથી દ્રવ્યસ્તવ અંતર્ગત ભાવસ્તવ અથવા તો સંયમપાલનરૂપ પ્રધાન ભાવસ્તવ બંનેનું ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે દ્રવ્યસ્તવમાં વર્તતો ભાવસ્તવ હોતે છતે જ અથવા તો મુનિમાં સંયમપાલનરૂપ ભાવસ્તવ હોતે છતે જ પરમાર્થથી તીર્થનું ઉન્નતિકરણ છે; કેમ કે ભાવસ્તવવાળા તેનું=મુનિનું, દેવતાઓ વડે પણ સમ્યગ્ પૂજ્યપણું છે.

આશય એ છે કે, ભાવસ્તવ મુખ્યરૂપે મુનિમાં જ વર્તે છે અને દ્રવ્યસ્તવવાળામાં શુભઅધ્યવસાયરૂપ ભાવસ્તવ અલ્પમાત્રામાં છે, તેથી દેવતાઓ પણ ભાવસ્તવવાળાની જ પૂજા કરે છે.

અહીં તીર્થનું ઉન્નતિકરણ એ છે કે, ભાવસ્તવવાળા મુનિને જોઈને દેવતાઓ તેમની ભક્તિ કરે છે, તેથી તે દેવતા આદિમાં ભગવાનનું શાસન પરિણામથી વૃદ્ધિમત્ થાય છે=તે જ તીર્થનું ઉન્નતિકરણ છે તેઓના હૈયામાં ભગવાનનું શાસન અધિક બન્યું, એ જ તીર્થની ઉન્નતિ છે.

✪ અમરાદિમાં 'આદિ' પદથી ધર્મી મનુષ્યોને ગ્રહણ કરવાના છે, તેઓ સુસાધુઓની ભક્તિ કરે છે અને ચિત્તમાં ધર્મની વૃદ્ધિ કરે છે, એ જ તીર્થનું ઉન્નતિકરણ છે.

ઉત્થાન :-

પૂર્વમાં ચાલનામાં કહેલ કે દ્રવ્યસ્તવથી તીર્થનું ઉન્નતિકરણ છે, તેનું નિરાકરણ થયું. ત્યારપછી ચાલનામાં કહેલ કે, કરાતા એવા દ્રવ્યસ્તવને જોઈને અન્ય પણ પ્રતિબોધ પામે છે, તેનું નિરાકરણ કરતાં કહે છે -

ટીકાર્થ :-

વ્યાખ્યા :- તમેવ ..... इति गाथार्थः ।। - અને કરાતા એવા તેને જ=ભાવસ્તવને જ, જોઈને અન્ય પણ શિષ્ટ પુરુષો પ્રતિબોધને પામે છે. એથી કરીને સ્વ-પર અનુગ્રહ પણ અહીંયાં=ભાવસ્તવમાં, જ છે. એ પ્રમાણે ગાથાર્થ છે.

✪ 'शिष्टा इति' અહીં 'इति' શબ્દ છે, તે ત્રણે હેતુનો પરામર્શક છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ભાવસ્તવ કરવાથી પોતાના આત્મા ઉપર અનુગ્રહ થાય છે, તે જ રીતે તીર્થની ઉન્નતિકરણ અને અન્ય જીવોને પ્રતિબોધ દ્વારા પર ઉપર અનુગ્રહ થાય છે. આ રીતે ભાવસ્તવથી સ્વ-પર અનુગ્રહ થાય છે, પરંતુ ભાવસ્તવ વગરના કેવલ દ્રવ્યસ્તવથી સ્વ-પર અનુગ્રહ થતો નથી, અને એ બતાવવા માટે 'अपि' પછી 'इह एव' શબ્દ મૂક્યો છે. અર્થાત્ ભાવસ્તવ વગરના દ્રવ્યસ્તવથી સ્વ-પર અનુગ્રહ થતો નથી, પરંતુ ભાવસ્તવથી જ સ્વ-પર અનુગ્રહ થાય છે.

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવ અંતર્ગત ભાવસ્તવને જોઈને અથવા સંયમપાલનરૂપ ભાવસ્તવને જોઈને પ્રશંસા કરવા છતાં અવિચારક જીવોને પ્રતિબોધની પ્રાપ્તિ થતી નથી, પરંતુ શિષ્ટજીવોને જ પ્રતિબોધની પ્રાપ્તિ થાય છે. તેઓ ભાવસ્તવથી નિરપેક્ષ કરાતા એવા દ્રવ્યસ્તવથી પ્રતિબોધ પામતા નથી, પરંતુ કરાતા એવા દ્રવ્યસ્તવ અંતર્ગત ભાવસ્તવથી અથવા કેવલ ભાવસ્તવથી પ્રતિબોધ પામે છે; કેમ કે શિષ્ટ પુરુષો ઉત્તમ ભાવને જોનારા હોય છે. કોઈ જીવ વૈભવપૂર્વક ભગવાનની પૂજા કરતો હોય તો પણ માનખ્યાતિ આદિ અર્થે કરતો હોય તો શિષ્ટ પુરુષો તેની પ્રશંસા કરતા નથી કે પ્રભાવિત થતા નથી; પરંતુ તેઓ પૂજા કરનાર જીવના હૈયામાં ભગવાનની ભક્તિરૂપ ઉત્તમ ભાવો જુએ છે, ત્યારે તેમને થાય છે કે, આ લોકોનો ધર્મ ઘણો સુંદર છે કે જેથી આ રીતે વિવેકપૂર્વક ભગવાનની ભક્તિ કરે છે. શિષ્ટોને આ પ્રકારનો જે ભાવ થાય છે, તે જ ભગવાનના માર્ગમાં પ્રવેશ કરવારૂપ પ્રતિબોધ છે.

અહીં તીર્થની ઉન્નતિ ધર્મીજીવોના હૈયામાં વર્તતા ધર્મભાવની વૃદ્ધિરૂપ છે, અને અન્ય જીવોને પ્રતિબોધની પ્રાપ્તિ એ ભગવાનના શાસનમાં નવા જીવોના પ્રવેશની પ્રાપ્તિરૂપ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે ભાવસ્તવથી જ તીર્થનું ઉન્નતિકરણ આદિ થાય છે. ત્યાં કોઈ શંકા કરે છે -

ટીકા :-

आह-यद्येवं किमयं द्रव्यस्तव एकान्तत एव हेयो वर्त्तते ? आहोस्विदुपादेयोऽपि ? उच्यते, साधूनां हेय

एव, श्रावकाणामुपादेयोऽपि, तथा चाह भाष्यकारः **'अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो । संसारपयणुकरणो दव्वथए कुवदिट्ठंतो ।।** व्याख्या-अकृत्स्नं प्रवर्त्तयतीति संयममिति सामर्थ्यादगम्यते अकृत्स्नप्रवर्त्तकास्तेषां, 'विरताविरतानामि'ति श्रावकाणा'मेष खलु युक्तः' एषः-द्रव्यस्तवः, खलुशब्दस्यावधारणार्थत्वात् युक्त एव, किम्भूतोऽयमित्याह-'संसारप्रतनुकरणः' संसारक्षयकारक इत्यर्थः द्रव्यस्तवः । आह-यः प्रकृत्यैवासुन्दरः स कथं श्रावकाणामपि युक्त इत्यत्र कूपदृष्टान्त इति-जहा णवणयराइसन्निवेसे केइ पभूयजलाभावओ तण्हाइपरिगया तदपनोदार्थं कूपं खणंति, तेसिं च जइवि तण्हादिया वड्ढंति मट्टिकाकद्दमाईहि य मलिणिज्जन्ति, तहावि तदुब्भवेण चेव पाणिएणं तेसिं ते तण्हाइया सो य मलो पुव्वओ य फिट्टइ, सेसकालं च ते तदण्णे य लोगा सुहभागिणो हवंति । एवं दव्वथए जइवि असंजमो तहावि तओ चेव सा परिणामसुद्धी हवइ जातं असंजमोवज्जियं अण्णं च णिरवसेसं खवेइ त्ति । तम्हा विरयाविरएहिं एस दव्वत्थओ कायव्वो, सुभाणुबंधी पभूयतरणिज्जराफलो यत्ति काऊणमिति गाथार्थः (आव. नि. भा. गा. १९१-९२-९३-९४ सवृत्तिः)

टीकार्थ :-

आह - ..... भाष्यकारः - = भावस्तवथी જ शुभ अध्यवसाय थाय छे, भावस्तव होते छते જ तत्त्वथी तीर्थनुं उन्नतिकरण छे अने करातो એवा भावस्तवने જोઈने शिष्ट पुरुषो प्रतिबोध पामे छे, એथी स्व-परनो अनुग्रह थाय छे એ प्रमाणे छे, तो शुं आ द्रव्यस्तव એकांतथी જ हेय वर्ते छे के उपादेय पण छे ? तेनो उत्तर आपतां ग्रंथकार वडे कहेवाय छे - साधुओने हेय જ छे, श्रावकोने उपादेय पण छे अने ते प्रमाणे भाष्यकार कहे छे -

अकसिण ..... कूवदिट्ठंतो ।। अकृत्स्नप्रवर्तक विरताविरतने संसार प्रतनुकरण=संसार क्षयकारक, आ=द्रव्यस्तव, खरेખर युक्त छे. द्रव्यस्तवमां कूपदृष्टांत छे.

व्याख्या :- अकृत्स्नं ..... कूपदृष्टान्त इति - अकृत्स्न संयमने प्रवर्तावे ते अकृत्स्न प्रवर्तक छे. अकृत्स्न पछी संयम એ प्रकारे सामर्थ्यथी जणाय छे अर्थात् संयम अध्याहार छे. तेथी એ प्राप्त थाय के, अकृत्स्न संयमने प्रवर्तावे ते अकृत्स्नसंयमप्रवर्तक छे. (अकृत्स्नं संयमं प्रवर्तयतीति आ कर्तृ अर्थक् व्युत्पत्ति छे.) अकृत्स्न संयमप्रवर्तकोने= विरताविरतोने=देशविरत श्रावकोने, संसारप्रतनुकरण करनार= संसारक्षयकारक द्रव्यस्तव युक्त જ छे, એ प्रमाणे अर्थ जाणवो.

कहे छे - જे प्रकृतिथी જ असुंदर होय ते श्रावकोने केवी रीते युक्त होय ? એथी करीने अहीं कूपदृष्टांत छे. ते आ प्रमाणे -

जहा ..... खवेइ त्ति । જेम नवा नगर अने संनिवेशमां केटलाक प्रभूत जलनो अभाव होवाथी तृष्णादिथी परिगत थयेला એवा केटलाक तेने=तृष्णाने, दूर करवा माटे कूवो खोदे छे, अने तेमां जोके तृष्णादि वधे छे, अने माटी अने कादव आदिथी मलिन पण थवाय छे, तो पण तेनाथी उद्भवेल જ जलथी तेओना ते तृष्णादि अने ते मल अने पूर्वना मल दूर थाय छे, अने शेषकाળे ते अने तेनाथी अन्य लोको सुખभागी थाय छे; એ प्रमाणे द्रव्यस्तवमां जोके असंयम छे, तो पण तेनाथी જ ते परिणामनी शुद्धि थाय छे, जेना वडे असंयमथी उपार्जित कर्म अने अन्य निरवशेष=संपूर्ण, कर्मक्षय थाय छे.

तम्हा ..... गाथार्थः । તે કારણથી (દ્રવ્યસ્તવ) શુભાનુબંધિ અને પ્રભૂતતર-નિર્જરાફળવાળો છે. એથી કરીને વિરતાવિરતો વડે=દેશવિરતો વડે આ દ્રવ્યસ્તવ કરવો જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે.

ઉત્થાન :-

પૂર્વમાં આવશ્યકનિર્યુક્તિના કથનમાં જે કૂપદૃષ્ટાંત બતાવ્યું, તે કૂપદૃષ્ટાંત શુદ્ધ ભાવનો વિષય નથી, પરંતુ અશુદ્ધ ભાવનો વિષય છે. તેને જ બતાવવા અર્થે अत्र ..... "शुद्धभावस्य निर्विषयः कूपदृष्टान्तः" સુધી કહે છે.

શુદ્ધ ભાવનો કૂપદૃષ્ટાંત નિર્વિષય છે, તે સ્થાપન કરતાં, પૂર્વે પ્રથમ જેમ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨ની વ્યાખ્યામાં સ્થાપન કર્યું કે, વિત્તના પરિત્યાગથી શુભ અધ્યવસાય આદિ થાય તેવો એકાંતે નિયમ નથી, પરંતુ ભાવસ્તવમાં જ શુભ અધ્યવસાય આદિ થાય તેવો એકાંતે નિયમ છે, તેને સાથે રાખીને, પ્રથમ જેમ દ્રવ્યસ્તવ કીર્તિ આદિ અર્થે થઈ શકે છે, તેમ ચારિત્રની ક્રિયા પણ કીર્તિ આદિ અર્થે થઈ શકે છે, તેમ બતાવીને દ્રવ્યસ્તવની અને ચારિત્રની ક્રિયાની તુલ્યતા બતાવે છે -

ટીકા :-

अत्र कीर्त्याद्यर्थमपि द्रव्यस्तवे प्रवृत्त्या शुभाध्यवसायव्यभिचारश्चारित्रक्रियायामपि तुल्यः, शुभाध्यवसायस्यैव भावस्तवत्वात् तत्कारणत्वेन पुष्पाद्यभ्यर्चनक्रियाया अप्रधानत्वे च चारित्रभावेन तत्क्रियायास्तथात्वापत्तिः । भावानैकान्त्यम् नित्यस्मृत्यादिना भावनवोत्पादाप्रतिपातगुणवृद्ध्यादिकमपि व्रतग्रहणादिक्रियया तुल्यम् ।

"एसा ठिईओ एत्थं ण उ गहणादेव जायई णियमा ।

गहणोवरिंपि जायइ जाओवि अवेइ कम्मुदया ।। तम्हा णिच्चसइए"[१] **(विंशिका प्रक. ९/६-८)**

इत्यादि वचनात्, उपरितनानुपादेयत्वमपि तथैव, प्रमत्तस्थविरकल्पिकादिक्रियाया अप्रमत्तजिनकल्पिकादीनामनुपादेयत्वात्, द्रव्यस्तवजनितपरिणामशुद्ध्या द्रव्यस्तवस्थलीयासंयमोपार्जितस्यान्यस्य च निरवशेषस्य कर्मणः क्षपणाभिधानमपि चारित्रक्रियाजनितपरिणामशुद्ध्या तदतिचारजनितान्यनिरवशेषकर्मक्षपणाभिधानतुल्यम्, सर्वस्या अपि प्रव्रज्याया भवद्वयकृतकर्मप्रायश्चित्तरूपतायास्तत्र तत्र व्यवस्थितत्वात् । जिनशासनविहितेऽन्यत्राऽपि शुभयोगे तदतिदेशात्

'जोगे जोगे जिणसासणंमि दुक्खक्खया पउजंता ।

इक्किक्कंमि अणंता वट्टंता केवली जाया ।।' **इत्योघवचनात् (ओघनिर्युक्ति गा.२/७८)**

द्रव्यस्तवे क्रियमाण एव च भावशुद्ध्या नागकेतुप्रभृतीनां केवलोत्पादश्रवणात् शुभानुबन्धि-

१. बहुमाणेणं च अहगयगुणंमि । पडिवक्खदुगुंछाए परिणइयालोयणेणं ।। इति पूर्तिः ।

प्रभूततरनिर्जराफलत्वोपदर्शनमेव द्रव्यस्तवेऽल्पस्यापि पापस्य सम्भवं न सहते इति शुद्धभावस्य निर्विषयः कूपदृष्टान्तः ।।

टीकार्थ :-

अत्र ..... तुल्यः, **अहींयां=पूर्वमां आवश्यकनिर्युक्तिमां कूपदृष्टांत कह्युं ते स्थानमां, द्रव्यस्तवमां कीर्ति आदि माटे पण प्रवृत्ति होवाथी शुभ अध्यवसायनो व्यभिचार कह्यो, ते चारित्रनी क्रियामां पण तुल्य छे.**

✪ 'अत्र' नो अन्वय 'शुद्धभावस्य निर्विषयः कूपदृष्टान्तः' नी साथे छे.

उत्थान :-

अहीं शंका थाय के शुभ अध्यवसायनुं ज भावस्तवपणुं होवाने कारणे तेना कारणपणा वडे= भावस्तवना कारणपणा वडे, पुष्पादि अभ्यर्चनक्रियानुं अप्रधानपणुं छे, तेथी द्रव्यस्तव करतां भावस्तव ज श्रेष्ठ छे; केम के द्रव्यस्तवमां जे शुभअध्यवसाय छे, ते भावस्तवरूप छे, अने तेना कारणीभूत एवी पूजानी क्रिया अप्रधानभूत होवाने कारणे भावस्तव ज आदरणीय छे ए फलित थाय छे. तेथी भावस्तवना अर्थीए चारित्रमां ज यत्न करवो जोईए, परंतु द्रव्यस्तवमां यत्न न करवो जोईए. तेथी कहे छे -

टीकार्थ :-

शुभाध्यवसाय ..... तथात्वापत्तिः । **अने शुभअध्यवसायनुं ज भावस्तवपणुं होवाने कारणे तेना कारणपणा वडे=भावस्तवना कारणपणा वडे, पुष्पादि अभ्यर्चनक्रियानुं अप्रधानपणुं होते छते, चारित्रना भावथी तेनी क्रियानी=चारित्रनी क्रियानी, पण तथापणानी=अप्रधानपणानी, आपत्ति छे.**

विशेषार्थ :-

द्रव्यस्तव पुष्पादिथी अभ्यर्चनरूप छे अने ते अप्रधान होवाथी प्रधान एवुं भावस्तव ज उपादेय छे, एम कहीने पूर्वपक्षी द्रव्यस्तव करतां भावस्तवमां यत्न करवानुं कहेतो होय, तो चारित्रनो परिणाम भावस्तवरूप छे अने तेनी निष्पत्तिने अनुकूळ जे चारित्रनी क्रियाओ छे ते अप्रधान छे, तेथी चारित्रनी क्रियामां पण यत्न न करवो जोईए, ए प्रकारनी आपत्ति आवे.

उत्थान :-

अहीं शंका थाय के द्रव्यस्तवमां भावनुं अनेकांतपणुं छे; केम के मानसप्रणिधानपूर्वक द्रव्यस्तव थाय तो भाव थाय, अने मानसप्रणिधान न होय तो केवल पुष्पादि अर्चनरूप द्रव्यक्रिया पण थई शके. तेथी द्रव्यस्तवमां भावनुं अनेकांतपणुं होवाथी भावस्तवमां ज यत्न करवो जोईए. तेथी कहे छे -

ટીકાર્થ :-

भावानैकान्त्यं ..... वचनात्, નિત્યસ્મૃત્યાદિ દ્વારા ભાવનવનો ઉત્પાદ=નવા નવા ભાવોનો ઉત્પાદ, અને અપ્રતિપાત=વિદ્યમાન ભાવોનો અપ્રતિપાત, અને ગુણવૃદ્ધિ આદિ રૂપ પણ ભાવનું અનેકાંતપણું વ્રતગ્રહણાદિ ક્રિયાની સાથે તુલ્ય છે. તેમાં હેતુ કહે છે - 'एसा ठिईओ ..... णिच्चसइए' ઈત્યાદિ વચન છે= વિંશિકા-૯/૬-૮ નું વચન છે. વિંશિકાની ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

एसा ठिईओ ..... णिच्चसइए અહીં આ સ્થિતિ છે. ચારિત્ર ગ્રહણથી જ નક્કી ભાવ થતો નથી, ગ્રહણ પછી પણ થાય છે, થયેલો પણ કર્મોદયથી ચાલ્યો જાય છે, તે કારણથી નિત્યસ્મૃત્યાદિથી ચારિત્રની ક્રિયામાં પ્રયત્ન કરવો જોઈએ.

વિશેષાર્થ :-

નિત્યસ્મૃતિ આદિ કરે તો નવા નવા ભાવો ઉત્પન્ન થાય અને ન કરે તો ન થાય, એ પ્રકારનું ભાવનું અનેકાંતપણું વ્રતગ્રહણાદિ ક્રિયાની સાથે તુલ્ય છે. તેથી જો માનસઉપયોગના અભાવનો સંભવ હોવાના કારણે દ્રવ્યસ્તવને અનુપાદેય કહેવામાં આવે, તો ભાવસ્તવના કારણીભૂત એવી વ્રતગ્રહણની ક્રિયાને પણ અનુપાદેય કહેવી પડે, અને નિત્યસ્મૃતિ આદિથી ભાવનું અનેકાંતપણું છે, તેમાં સાક્ષી તરીકે વિંશિકાની ગાથા કહેલ છે.

ઉત્થાન :-

અહીં શંકા થાય કે દ્રવ્યસ્તવ સંયમીને અનુપાદેય છે માટે દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવ જ શ્રેષ્ઠ છે. તેથી કહે છે -

ટીકાર્થ :-

उपरितन ..... अनुपादेयत्वात्, ઉપરમાં અનુપાદેયપણું પણ તે જ પ્રકારે છે=જે પ્રકારે દ્રવ્યસ્તવમાં છે, તે જ પ્રકારે ચારિત્રની ક્રિયામાં પણ છે; કેમ કે પ્રમત્તસ્થવિરકલ્પિકાદિ ક્રિયાનું અપ્રમત્ત જિનકલ્પિકાદિઓને અનુપાદેયપણું છે.

વિશેષાર્થ :-

સ્થવિરકલ્પની ક્રિયા કરનારાઓ ક્યારેક પ્રમત્ત ગુણસ્થાનકમાં હોય છે તો ક્યારેક અપ્રમત્ત ગુણસ્થાનકમાં પણ હોય છે, પરંતુ વિશેષ પ્રકારના અપ્રમત્તભાવમાં તેઓ યત્ન કરી શકતા નથી. આથી જ તેઓ જ્યારે સ્થવિરકલ્પિકાદિ ક્રિયાઓ કરે છે ત્યારે, પ્રશસ્તરાગમાં વર્તતા હોય છે ત્યારે, ક્વચિત્ ધ્યાનદશામાં પણ હોય કે ક્વચિત્ વ્યુત્થાનદશામાં પણ હોય છે.

જિનકલ્પીઓ પણ પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનકમાં હોય છે, તો પણ તેઓ વિશેષ અપ્રમાદમાં યત્નવાળા હોય છે. આથી જ તેઓનું અતિશય ઉદાસીન ચિત્ત હોય છે અને બહુલતાએ તેઓ ધ્યાનદશામાં

હોય છે. તેથી અપ્રમત્ત એવા જિનકલ્પિકાદિઓને પ્રમત્ત એવા સ્થવિરકલ્પિકાદિ ક્રિયાનું અનુપાદેયપણું છે. તેથી ઉપરિતન ભૂમિકાવાળા એવા મુનિઓને દ્રવ્યસ્તવ અનુપાદેય છે, માટે અપ્રધાન છે, એમ કહીએ તો સ્થવિરકલ્પની ક્રિયા પણ અપ્રધાન માનવાનો પ્રસંગ આવે.

ઉત્થાન :-

પૂર્વમાં આવશ્યકનિર્યુક્તિના પાઠમાં ભાષ્ય ગાથા-૧૯૪ ની વ્યાખ્યાના અંતભાગમાં एवं दव्वथए ..... खवेइ त्ति એ કથનથી જે કહ્યું કે, દ્રવ્યસ્તવમાં અસંયમકૃત કર્મ બંધાય છે, તો પણ દ્રવ્યસ્તવથી જનિત પરિણામની શુદ્ધિ થવાને કારણે તે અસંયમથી ઉપાર્જિત કર્મ અને અન્ય નિરવશેષ કર્મનું ક્ષપણ થાય છે. તેથી અહીં શંકા થાય કે, દ્રવ્યસ્તવમાં પ્રથમ અસંયમથી કર્મનું ઉપાર્જન કરીને પછી તેની અને અન્ય કર્મોથી શુદ્ધિ કરવી, તેના કરતા ભાવસ્તવમાં જ યત્ન કરવો જોઈએ કે, જેથી ત્યાં અસંયમકૃત કર્મબંધ જ ન થાય, માટે ચારિત્રની ક્રિયા ઉપાદેય છે, દ્રવ્યસ્તવ ઉપાદેય નથી. તેથી કહે છે -

ટીકાર્થ :-

द्रव्यस्तव ..... व्यवस्थितत्वात्, દ્રવ્યસ્તવજનિત પરિણામની શુદ્ધિ દ્વારા દ્રવ્યસ્તવસ્થલીય અસંયમથી ઉપાર્જિત કર્મનું અને અન્ય નિરવશેષ કર્મના ક્ષપણના અભિધાનનું પણ, ચારિત્રની ક્રિયાથી જનિત પરિણામની શુદ્ધિ દ્વારા, તેના અતિચારજનિત=ચારિત્રની ક્રિયાના અતિચારજનિત, અને અન્ય નિરવશેષ કર્મના ક્ષપણના અભિધાન સાથે તુલ્યપણું છે; કેમ કે સર્વ પણ પ્રવ્રજ્યાનું ભવદ્વયકૃત કર્મના પ્રાયશ્ચિત્તરૂપપણાનું ત્યાં ત્યાં વ્યવસ્થિતપણું છે.

વિશેષાર્થ :-

આવશ્યકનિર્યુક્તિમાં કૂપદૃષ્ટાંતથી જે દ્રવ્યસ્તવ કરવાનું વિધાન છે, તે સ્થાનમાં જ્યારે કોઈ દ્રવ્યસ્તવ કરતો હોય ત્યારે અયતનાના પરિણામસ્વરૂપ અસંયમથી જે કાંઈ કર્મ ઉપાર્જિત થાય છે તેનું અને અન્ય નિરવશેષ કર્મનું ક્ષપણ, દ્રવ્યસ્તવજનિત પરિણામની શુદ્ધિથી થાય છે. તે જ રીતે ચારિત્રની ક્રિયાના સેવનકાળમાં ચારિત્રની ક્રિયાના અતિચારથી જનિત જે કર્મબંધ થાય છે તેનું, અને અન્ય નિરવશેષ કર્મનું ક્ષપણ, ચારિત્રની ક્રિયાથી જનિત શુભ પરિણામથી થાય છે. તેથી જેમ દ્રવ્યસ્તવમાં અયતનાના કારણે કર્મથી ખરડાવાનો પ્રસંગ છે, તેમ ચારિત્રની ક્રિયામાં પણ અતિચારથી જનિત કર્મથી ખરડાવાનો પ્રસંગ છે, અને શુદ્ધિ પણ બંનેમાં સમાન રીતે થાય છે, માટે દ્રવ્યસ્તવ હેય જ છે અને ભાવસ્તવ ઉપાદેય છે, એમ કહેવું સંગત નથી; કેમ કે તેમ કહીએ તો દ્રવ્યસ્તવની જેમ જ ચારિત્રની ક્રિયાને પણ હેય માનવી પડે. અને તેમાં 'सर्वस्या ..... व्यवस्थितत्वात्' હેતુ કહ્યો તેનો ભાવ એ છે કે, સર્વ પણ પ્રવ્રજ્યા પૂર્વભવના પાપના પ્રાયશ્ચિત્તરૂપ છે, અને આ ભવમાં પણ સંયમ ગ્રહણ કર્યા પૂર્વે જે પાપો કર્યાં હોય તેના પ્રાયશ્ચિત્તરૂપ છે, અને સંયમગ્રહણ પછી પણ જે અતિચારો લાગ્યા હોય, તેના પ્રાયશ્ચિત્તરૂપ છે; કેમ કે વિશુદ્ધ પરિણામથી જ્યારે પ્રવ્રજ્યામાં પ્રવર્તતા હોય છે, ત્યારે પ્રવ્રજ્યાથી વિપરીત જે સંસારની

આચરણાઓ કે અતિચારનું સેવન થાય છે, તજ્જન્ય સર્વ કર્મોનો નાશ થાય છે.

ઉત્થાન :-

'अत्र ..... व्यवस्थितत्वात् ।' આટલા કથનથી એ સ્થાપન કર્યું કે, દ્રવ્યસ્તવની ક્રિયા કે ચારિત્રપાલનની ક્રિયા, એ બંને શુભઅધ્યવસાયનું કારણ પણ બને છે અને શુભઅધ્યવસાયમાં વ્યભિચારી પણ બને છે; અને ચારિત્રની ક્રિયાથી જેમ પૂર્વના પાપનો નાશ થાય છે, તેમ દ્રવ્યસ્તવથી પણ પૂર્વના પાપનો નાશ થાય છે; અને દ્રવ્યસ્તવ કરતી વખતે કોઈ યતનાની ખામી રહે અને તેનાથી કર્મ બંધાય, તે પણ દ્રવ્યસ્તવમાં થતા શુભ અધ્યવસાયથી નાશ પામે છે, તેમ ચારિત્રાચારના પાલનમાં પણ કોઈ અતિચાર લાગે તેનાથી કર્મ બંધાય, તે પણ ચારિત્રાચારના પાલનથી થતા શુભઅધ્યવસાયથી નાશ પામે છે. એ રીતે દ્રવ્યસ્તવની ક્રિયા અને ચારિત્રાચારનું પાલન બંને સમાન છે. ફક્ત દ્રવ્યસ્તવ સાધુ કરતાં નીચલી ભૂમિકાવાળા એવા શ્રાવકને કર્તવ્ય છે, અને ચારિત્રાચારનું પાલન શ્રાવક કરતાં ઉપરની ભૂમિકાવાળા એવા મુનિને કર્તવ્ય છે. આમ છતાં જેમ શ્રાવક કરતાં ઉપરની ભૂમિકાવાળા મુનિને દ્રવ્યસ્તવ અનુપાદેય છે, તેમ ચારિત્રાચારમાં પણ ઉપરની ભૂમિકાવાળા એવા અપ્રમત્ત જિનકલ્પિકાદિને સ્થવિરકલ્પાદિની ક્રિયા પણ અનુપાદેય છે. માટે કૂપદૃષ્ટાંતનું યોજન જે રીતે દ્રવ્યસ્તવમાં થતું હોય તે રીતે ચારિત્રની ક્રિયામાં પણ યોજન થઈ શકે છે, એ અર્થ પ્રાપ્ત થાય. અને ચારિત્રની ક્રિયા કોઈ પરિપૂર્ણ નિરતિચાર પાલન કરતો હોય તો જેમ કૂપદૃષ્ટાંતનું યોજન ચારિત્રની ક્રિયામાં થતું નથી, તેમ દ્રવ્યસ્તવની ક્રિયા કોઈ શ્રાવક પરિપૂર્ણ નિરતિચાર પાલન કરતો હોય તો ત્યાં પણ કૂપદૃષ્ટાંતનું યોજન થઈ શકે નહિ.

આ રીતે પૂર્વના કથનથી દ્રવ્યસ્તવ અને ચારિત્રપાલનની ક્રિયામાં સમાનતા બતાવીને હવે ચારિત્રના પાલનની જેમ દ્રવ્યસ્તવથી પણ ભાવની શુદ્ધિથી કેવલજ્ઞાન થઇ શકે છે, તે બતાવીને દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતનું યોજન કઇ રીતે થઇ શકે નહિ, તે બતાવવાં અર્થે કહે છે -

ટીકાર્થ :-

जिनशासनविहिते ..... कूपदृष्टान्तः ।। जोगे जोगे ..... जाया ।। આ પ્રકારના ઓઘવચનથી= ઓઘનિર્યુક્તિ ગાથા-૨૭૮ના વચનથી, જિનશાસનવિહિત અન્યત્ર પણ શુભયોગમાં તેનો અતિદેશ=સર્વકર્મક્ષપણનો અતિદેશ, પ્રાપ્ત થતો હોવાથી, અને કરાતા એવા જ દ્રવ્યસ્તવમાં ભાવશુદ્ધિથી નાગકેતુ વગેરેને કેવલજ્ઞાનના ઉત્પાદનું શ્રવણ હોવાથી, દ્રવ્યસ્તવમાં શુભાનુબંધી એવી પ્રભૂતતર નિર્જરાફલત્વનું= ઘણી નિર્જરાનું, ઉપદર્શન જ, અલ્પ પણ પાપસંભવને સહન કરતું નથી. એથી કરીને શુદ્ધભાવનો નિર્વિષય કૂપદૃષ્ટાંત છે.

જોગે જોગે ..... ઓઘનિર્યુક્તિ ગાથા-૨૭૮ નો અર્થ આ પ્રમાણે છે -

જોગે જોગે ..... જાયા ।। જિનશાસનમાં પ્રયોજાયેલા દરેક યોગો દુઃખક્ષય માટે થાય છે. એકેકમાં=એકેક યોગમાં, વર્તતા અનંત કેવલી થયા છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં સિદ્ધ કર્યું એ રીતે દ્રવ્યસ્તવ અને ચારિત્રની ક્રિયા સર્વ રીતે તુલ્ય છે, અને જિનશાસનમાં દરેક યોગોમાં વર્તતા અનંતા જીવો કેવલી થયા, એ પ્રકારના ઓઘનિર્યુક્તિ ગાથા-૨૭૮ ના વચનથી પ્રાપ્ત થાય છે કે, જિનશાસનમાં વિહિત એવી ચારિત્રની ક્રિયાથી અન્ય પણ શુભયોગમાં સર્વકર્મનો ક્ષય થાય છે. અને એ રીતે જિનશાસનમાં વિહિત એવા દ્રવ્યસ્તવમાં પણ જો શુભયોગ વર્તતો હોય તો સર્વકર્મનો ક્ષય થઈ શકે છે; અને તે જ રીતે કરાતા એવા દ્રવ્યસ્તવમાં નાગકેતુ વગેરેને ભાવશુદ્ધિથી કેવલજ્ઞાનના ઉત્પાદનું શ્રવણ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, જેમ ચારિત્રની ક્રિયામાં પૂરી યતનાપૂર્વક પ્રવર્તનારને શુભ અનુબંધવાળી ઘણી નિર્જરાનો લાભ થાય છે, તેમ જે પરિપૂર્ણ શાસ્ત્રીય યતનાપૂર્વક દ્રવ્યસ્તવમાં પ્રવર્તતો હોય તેને શુભ અનુબંધવાળી એવી ઘણી નિર્જરાનો લાભ થાય છે. આ જાતિના ફળનું ઉપદર્શન એ બતાવે છે કે, દ્રવ્યસ્તવમાં પૂરી યતનાપૂર્વક પ્રવર્તનારને પુષ્પાદિની હિંસાકૃત કોઈ પણ પાપનો સંભવ નથી, પરંતુ પ્રમાદથી પૂજાકાળમાં જે કાંઈ યતનામાં સ્ખલના થાય છે તત્કૃત પાપબંધ થાય છે, અને તે કૂપદૃષ્ટાંતથી નાશ પામે છે. પરંતુ પૂર્ણ યતનાપરાયણને પૂજામાં લેશ પણ પાપબંધ થતો નથી, આથી કરીને પરિપૂર્ણ યતનાપરાયણ એવા શુદ્ધ ભાવવાળાને કૂપદૃષ્ટાંત નિર્વિષય છે.

'अत्र कीर्त्याद्यर्थमपि .... शुद्धभावस्य निर्विषयः कूपदृष्टान्तः ।' એ કથનનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે -

પૂર્વમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં વિશેષતા બતાવતાં કહ્યું કે, દ્રવ્યસ્તવ અનૈકાંતિક છે, અને વળી દ્રવ્યસ્તવથી શુભઅધ્યવસાય થાય તો પણ તે શુભઅધ્યવસાય ભાવસ્તવરૂપ હોવાથી ભાવસ્તવ જ પ્રધાન છે, તેથી સાધુને દ્રવ્યસ્તવ અનાદરણીય છે, એમ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૧ થી ૧૯૪ માં સ્થાપન કર્યું. એ વાતને સામે રાખીને દ્રવ્યસ્તવ અને ચારિત્રની ક્રિયામાં તુલ્યતા બતાવતાં કહે છે -

- દ્રવ્યસ્તવ જેમ કીર્તિ આદિ માટે થાય છે, તેમ ચારિત્રની ક્રિયા પણ કીર્તિ આદિ માટે થાય છે.
- દ્રવ્યસ્તવ જેમ અપ્રધાન છે અને ભાવસ્તવ પ્રધાન છે, તેમ ચારિત્રની ક્રિયા પણ અપ્રધાન છે અને ભાવચારિત્ર પ્રધાન છે.
- દ્રવ્યસ્તવ જેમ અનૈકાંતિક છે, તેમ ચારિત્રની ક્રિયા પણ અનૈકાંતિક છે.
- દ્રવ્યસ્તવ સાધુને જેમ અનાદરણીય છે, તેમ જિનકલ્પિકાદિને સ્થવિરકલ્પાદિની ક્રિયા અનાદરણીય છે.
- દ્રવ્યસ્તવસ્થલીય અસંયમથી ઉપાર્જિત અને અન્ય નિરવશેષ કર્મનું ક્ષપણ જેમ દ્રવ્યસ્તવથી જનિત પરિણામથી થાય છે, તેમ ચારિત્રની ક્રિયાથી જનિત પરિણામથી પણ થાય છે.

આ રીતે દ્રવ્યસ્તવ અને ચારિત્રની ક્રિયા સર્વ પ્રકારે તુલ્ય છે એ બતાવીને એ કહેવું છે કે, જેમ

ચારિત્રની ક્રિયામાં અહિંસાનું પાલન હોવાથી પાપબંધ કોઈ સ્વીકારતું નથી, પરંતુ દ્રવ્યસ્તવમાં પુષ્પાદિની હિંસા છે, તજ્જનિત અલ્પ પાપબંધનો કોઈકને ભ્રમ છે, તે દૂર કરવા માટે જ દ્રવ્યસ્તવ અને ચારિત્રની ક્રિયાની તુલ્યતા બતાવી છે.

ત્યાર પછી ઓઘનિર્યુક્તિ ગાથા-૨૭૮ ના વચનથી એ બતાવવું છે કે, સર્વ શુભયોગવાળી ક્રિયાઓથી જીવો મોક્ષને પામે છે, તેથી ચારિત્રની જેમ દ્રવ્યસ્તવમાં પણ શુભયોગથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. નાગકેતુના દૃષ્ટાંતથી તેને દૃઢ કરીને એ બતાવવું છે કે, જેમ ચારિત્રની ક્રિયાથી શુભાનુબંધી પ્રભૂતતર નિર્જરા ફળ મળે છે=ઘણી નિર્જરા થાય છે, તેમ દ્રવ્યસ્તવથી પણ ઘણી નિર્જરા થાય છે. માટે દ્રવ્યસ્તવમાં થતી પુષ્પાદિની હિંસાથી અલ્પ પણ પાપનો સંભવ નથી. આનાથી એ સિદ્ધ થાય છે કે, શુદ્ધભાવવાળાને દ્રવ્યસ્તવનો વિષય કૂપદૃષ્ટાંત નથી, પરંતુ શુદ્ધભાવવાળાનો દ્રવ્યસ્તવ અને શુદ્ધભાવવાળાની ચારિત્રની ક્રિયા સર્વથા પાપના સંશ્લેષ વગરની છે. ફક્ત ભાવચારિત્રવાળી વ્યક્તિ સર્વત્ર અપ્રતિબદ્ધ માનસવાળી હોય છે, તેથી નિરારંભી હોય છે, જ્યારે દ્રવ્યસ્તવવાળી વ્યક્તિ મલિનારંભી હોય છે, તેથી નીચેના ગુણસ્થાનકમાં હોય છે. પરંતુ ચારિત્રની ક્રિયામાં અતિચાર આદિની સ્ખલનાથી રહિત ઉપયુક્ત મુનિ જેમ શુભયોગમાં વર્તે છે, તેમ દ્રવ્યસ્તવમાં સમ્યગ્ યતનાથી સહિત ઉપયુક્ત ગૃહસ્થ પણ શુભયોગમાં જ વર્તતો હોય છે, તેથી તે ઉપયોગકૃત નિર્જરા ફળ બંનેને વર્તે છે, પરંતુ પાપબંધ બંનેને નથી. ફક્ત ગુણસ્થાનકકૃત નિર્જરાની તરતમતા બંનેમાં છે.

ઉત્થાન :-

શુદ્ધભાવનો કૂપદૃષ્ટાંત નિર્વિષય છે, એમ કહ્યું ત્યાં શંકા ઉદ્ભાવન કરીને નિરાકરણ કરે છે -

ટીકા :-

न च पुष्पाद्यभ्यर्चनवेलायां शुभभावसम्भवेन निश्चयनयेन तस्य, व्यवहारनयेन च तदन्वितततत्क्रियाया विशिष्टफलहेतुत्वेऽपि ततः पूर्वं तद्विषयसम्भव इति वाच्यम् । प्रस्थकन्यायेन पूर्वपूर्वतरक्रियायामपि शुभभावान्वयतत्फलोपपत्तेः, नैगमनयाभिप्रायेण अत एव पूजार्थं स्नानादिक्रियायामपि यतनयाधिकारसंपत्त्या शुभभावान्वय उपदर्शितश्चतुर्थपञ्चाशके ।

ટીકાર્થ :-

न च ..... तत्फलोपपत्तेः, પુષ્પાદિ અભ્યર્ચનવેળામાં શુભભાવનો સંભવ હોવાને કારણે નિશ્ચયનયથી તેનો=શુભભાવનો, અને વ્યવહારનયથી તદ્અન્વિત તત્ક્રિયાનું=શુભભાવથી અન્વિત= સહિત, પુષ્પાદિ અભ્યર્ચન ક્રિયાનું, વિશિષ્ટ ફળહેતુપણું હોતે છતે પણ, તેનાથી પૂર્વે=પુષ્પાદિથી અભ્યર્ચન પૂર્વે, જે સ્નાનાદિ કરાય છે, ત્યારે તેના વિષયનો=કૂપદૃષ્ટાંતના વિષયનો, સંભવ છે. આ પ્રમાણે શંકાકાર શંકા કરે તો ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું. કેમ કે પ્રસ્થકન્યાયથી=પ્રસ્થકદૃષ્ટાંતથી,

પૂર્વ પૂર્વતર ક્રિયામાં પણ શુભભાવનો અન્વય હોવાથી તે ફળની=શુભાનુબંધી પ્રભૂતતર નિર્જરારૂપ પૂજા ફળની, ઉપપત્તિ છે.

પ્રસ્થકન્યાયથી શુભભાવના અન્વય દ્વારા સ્નાનાદિમાં નિર્જરારૂપ ફળની ઉપપત્તિ બતાવી. તેને જ પુષ્ટ કરતાં કહે છે -

नैगमनयाभिप्रायेण ..... चतुर्थपञ्चाशके । નૈગમનયના અભિપ્રાયથી આથી જ=સ્નાનાદિમાં શુભભાવના અન્વયને કારણે નિર્જરા ફળની ઉપપત્તિ છે આથી જ, પૂજા માટે સ્નાનાદિ ક્રિયામાં પણ યતનાથી અધિકારની સંપત્તિ હોવાને કારણે ચતુર્થ પંચાશકમાં શુભભાવનો અન્વય ઉપદર્શિત કરાયો છે=દેખાડાયો છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનું કહેવું એમ છે કે, પૂજાના પ્રારંભ પૂર્વે પૂજા અર્થે સ્નાનાદિ ક્રિયા કરાય છે તે વખતે જે જલાદિ જીવોની વિરાધના થાય છે, ત્યાં પાપનો બંધ થાય છે. ત્યારપછી ભગવાનની પૂજા પુષ્પાદિથી કરાય છે ત્યારે, શુભભાવ વર્તે છે ત્યારે, નિશ્ચયથી શુભભાવને કારણે વિશિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે; અને વ્યવહારનયથી તે શુભભાવથી અન્વિત પુષ્પાદિઅર્ચન ક્રિયાથી વિશિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે, તેથી પૂર્વમાં સ્નાનાદિ વખતે બંધાયેલું કર્મ અને અન્ય કર્મ નાશ પામે છે; તો પણ સ્નાન પૂજાનું અંગ છે, તેથી પૂજા માટે કરાતા સ્નાનાદિથી બંધાયેલા પાપનું કારણ ભગવાનની પૂજા છે. માટે સ્નાનાદિથી જે કર્મબંધ થાય છે તે, અને પૂર્વોપાર્જિત અન્ય કર્મ, ભગવાનની પૂજામાં વર્તતા શુભભાવથી નાશ પામે છે, તેથી કૂપદૃષ્ટાંત ત્યાં સંગત થઈ જશે.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, એમ ન કહેવું; કેમ કે, પ્રસ્થકદૃષ્ટાંતથી સ્નાનાદિની ક્રિયામાં પણ શુભભાવનો અન્વય છે. જેમ કોઈ લાકડું કાપવા જાય છે ત્યારે 'હું પ્રસ્થક બનાવું છું' - એમ કહે છે, તે રીતે સ્નાનાદિ કરતી વખતે પણ 'હું પૂજા કરું છું' - એવો અધ્યવસાય થઈ શકે છે. તેથી ભગવાનની પૂજાના શુભભાવથી સહિત યતનાપૂર્વક સ્નાનક્રિયા કરનારને તે વખતે પણ નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે. તેથી સમ્યગ્ યતનાવાળાને સ્નાનાદિની ક્રિયામાં પણ અશુભ કર્મબંધ થતો નથી. માટે કૂપદૃષ્ટાંત શુદ્ધભાવનો નિર્વિષય છે=વિધિશુદ્ધ કરાતી પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન નથી; કેમ કે પ્રસ્થકન્યાયથી પૂજાની પૂર્વની ક્રિયારૂપ સ્નાનાદિ ક્રિયામાં શુભભાવના અન્વયને કારણે નિર્જરાફળની ઉપપત્તિ છે, આ જ કારણે નૈગમનયના અભિપ્રાયથી પૂજા માટે સ્નાનાદિ ક્રિયામાં પણ યતનાથી અધિકારની સંપત્તિ હોવાને કારણે ચતુર્થ પંચાશકમાં શુભભાવનો અન્વય બતાવ્યો છે.

આશય એ છે કે પૂજા માટે સ્નાનાદિ ક્રિયામાં પણ યતનાપૂર્વક અધિકારની પ્રાપ્તિ થાય છે, અને યતનાપૂર્વક અધિકારની પ્રાપ્તિ હોવાથી તે જ રીતે કોઈ કરે તો અવશ્ય ત્યાં ભગવાનની આજ્ઞા હોવાથી શુભભાવનો અન્વય પ્રાપ્ત થાય. આમ છતાં યતનાથી અધિકારની પ્રાપ્તિ હોવા છતાં ક્વચિત્ પ્રમાદને કારણે સમ્યગ્ યતના ન કરે તો ત્યાં કર્મબધ થાય, પરંતુ જે રીતે અધિકાર પ્રાપ્ત થતો હોય તે જ રીતે

તેનું સેવન કરવામાં આવે તો અધિકારીને કર્મબંધ સભવે નહિ. અન્યથા ભગવાનના વચનથી પ્રાપ્ત થયેલા અધિકાર દ્વારા પણ કર્મબંધ થાય છે એમ માનવાની આપત્તિ આવે, અને એમ માનવાથી વીતરાગના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી કર્મબંધ થાય છે તેમ માનવાનો પ્રસંગ આવે. માટે યતનાપૂર્વક અધિકારી સ્નાનાદિમાં યત્ન કરે તો લેશ પણ કર્મબંધ નથી, માટે કૂપદૃષ્ટાંતનું યોજન વિધિશુદ્ધ પૂજામાં નથી.

પંચાશકની ગાથાનો પાઠ તથાહિ થી બતાવે છે –

ટીકા :-

तथाहि-

'ण्हाणइवि जयणाए, आरंभवओ गुणाय णियमेण सुहभावहेउओ खलु विण्णेयं कूवनाएणं' त्ति । (पञ्चा. ४/१०) व्याख्या-स्नानाद्यपि=देहशौचप्रभृतिकमपि, आस्तां तद्वर्जनं पूजा वा, आदिशब्दाद् विलेपनादिग्रहः, गुणायेति योगः । यतनया=रक्षितुं शक्यया जीवरक्षणरूपया । 'तत्किं साधोरपि ?' इत्याशङ्क्याहआरम्भवतः स्वजनधनगेहादिनिमित्तं कृष्यादिकर्मभिः पृथिव्यादिजीवोपमर्दयुक्तस्य गृहिण इत्यर्थो, न पुनः साधोः तस्य सर्वसावद्ययोगविरतत्वाद् भावस्तवारूढत्वाच्च । भावस्तवारूढस्य हि स्नानादिपूर्वकद्रव्यस्तवोऽनादेय एव । भावस्तवार्थमेव तस्याश्रयणीयत्वात्, तस्य च स्वत एव सिद्धत्वात्, इमं चार्थं प्रकरणान्तरे स्वयमेव वक्ष्यतीति । गुणाय=पुण्यबन्धलक्षणोपकाराय नियमेन अवश्यंभावेन । अथ कथं स्वरूपेण सदोषमप्यारम्भिणो गुणाय ? इत्याह-'सुहभावहेउओ' त्ति लुप्तभावप्रत्ययत्वेन निर्देशस्य शुभभावहेतुत्वात्=प्रशस्तभावनिबन्धनत्वाज्जिन-पूजार्थस्नानादेः, अनुभवन्ति च केचित् स्नानपूर्वकं जिनार्चनं विदधाना शुभभावमिति । खलुर्वाक्यालङ्कारे विज्ञेयम्=ज्ञातव्यम् । अथ गुणकरत्वमस्य शुभभावहेतुत्वात्कथमिव ज्ञेयम् ? इत्याहकूपज्ञातेन=अवटोदाहरणेन, इह चैवं साधनप्रयोगः-गुणकरमधिकारिणः, किञ्चित्सदोषमपि स्नानादि, विशिष्टशुभभावहेतुत्वात्, विशिष्ट-शुभभावहेतुभूतं यत्तद्गुणकरं दृष्टम्, यथा कूपखननम् विशिष्टशुभभावहेतुश्च यतनया स्नानादि, ततो गुणकरमिति। कूपखननपक्षे शुभभावः तृष्णादिव्युदासेनानन्दाद्यवाप्तिरिति । इदमुक्तं भवति- यथा कूपखननं श्रमतृष्णाकर्दमोप-लेपादिदोषदुष्टमपि जलोत्पत्तावनन्तरोक्तदोषानपोह्य स्वोपकाराय परोपकाराय च किल भवतीत्येवं स्नानादि-कमप्यारम्भदोषमपोह्य शुभाध्यवसायस्योत्पादनेन विशिष्टाशुभकर्मनिर्जरणपुण्यबन्धकारणं भवतीति ।

ટીકાર્થ :-

तथाहि - તે આ પ્રમાણે -

ण्हाणाइ वि ..... कूवनाएणं त्ति । શુભભાવનું હેતુપણું હોવાને કારણે કૂપદૃષ્ટાંતથી આરંભવાળાને યતનાપૂર્વક સ્નાન વગેરે પણ નિયમથી=નક્કી, ગુણ માટે જાણવું.

વ્યાખ્યા :-

'સ્નાનાદ્યપિ' કહ્યું, ત્યાં 'અપિ' થી એ સમુચ્ચય કરવો છે કે, સાધુને સ્નાનાદિવર્જન અને શ્રાવકને પૂજા તો ગુણકારી થાય છે, પણ સ્નાનાદિ=દેહશૌચ આદિ, પણ ગુણકારી થાય છે.

સ્નાનાદિમાં 'આદિ' શબ્દથી વિલેપનાદિનું ગ્રહણ કરવું. અર્થાત્ પૂજા કરનાર પોતાના દેહ ઉપર ઉત્તમ દ્રવ્યનું જે વિલેપન કરે છે, તેનું ગ્રહણ કરવું. યતનાથી સ્નાનાદિ ગુણકારી થાય છે એમ કહ્યું, ત્યાં યતના એટલે રક્ષણ કરવા માટે શક્ય જીવરક્ષણરૂપ યતના સમજવી.

તે=સ્નાનાદિક, શું સાધુને પણ (ગુણકારી થાય ?) એ પ્રમાણે શંકા કરીને કહે છે -

આરંભવાળાને=સ્વજન-ઘર આદિ નિમિત્તે કૃષિ આદિ=ખેતી આદિ, કર્મ વડે પૃથિવી આદિ જીવના ઉપમર્દનમાં યુક્ત એવા ગૃહસ્થને ગુણકારી થાય, પરંતુ સાધુને નહિ; કેમ કે તેનું=સાધુનું, સર્વ સાવદ્યયોગથી વિરતપણું છે.

અહીં સર્વસાવદ્યયોગથી વિરતપણું કહ્યું, તેથી સાધુ આરંભ-સમારંભ ન કરે, પણ સંયમની રક્ષા માટે નદી ઊતરે છે તેનાથી રત્નત્રયીની વૃદ્ધિ થાય છે, તેમ ભાવની વૃદ્ધિ માટે સાધુએ દ્રવ્યસ્તવ કરવું જોઈએ, અને તેના માટે સ્નાનાદિ કરે તો શું વાંધો છે ? તેથી કહે છે -

ભાવસ્તવ ..... અનાદેય એવ । અને ભાવસ્તવમાં આરૂઢપણું છે, જે કારણથી ભાવસ્તવમાં આરૂઢને સ્નાનાદિપૂર્વક દ્રવ્યસ્તવ અનાદેય જ છે=ભાવસ્તવમાં આરૂઢને દ્રવ્યસ્તવની જરૂર નથી, અને તેના માટે સ્નાનાદિની પણ જરૂર નથી.

✪ 'ભાવસ્તવારૂઢસ્ય હિ' અહીં 'હિ' છે, તે 'યસ્માત્' અર્થક છે.

ભાવસ્તવમાં આરૂઢને સ્નાનાદિપૂર્વક દ્રવ્યસ્તવ અનાદેય જ કેમ છે ? તેમાં હેતુ કહે છે -

ભાવસ્તવાર્થમેવ ..... વક્ષ્યતીતિ । ભાવસ્તવ માટે જ તેનું=દ્રવ્યસ્તવનું, આશ્રયણીયપણું છે=દ્રવ્યસ્તવ આશ્રયણીય છે અને (ભાવસ્તવ આરૂઢને) તેનું=ભાવસ્તવનું, સ્વતઃ જ સિદ્ધપણું છે=દ્રવ્યસ્તવના આલંબન વગર જ સિદ્ધપણું છે.

✪ 'વક્ષ્યતીતિ' અહીં 'ઇતિ' શબ્દથી એ બતાવાય છે કે, શ્રાવકને ભાવસ્તવ માટે દ્રવ્યસ્તવનો આશ્રય કરવાનો છે અને સાધુને દ્રવ્યસ્તવ વગર જ ભાવસ્તવ સિદ્ધ છે, અને આ અર્થ અન્ય પ્રકરણમાં ગ્રંથકાર સ્વયં કહેવાના છે. એથી કરીને ભાવસ્તવ આરૂઢને સ્નાનાદિપૂર્વક દ્રવ્યસ્તવ અનાદેય છે, પરંતુ દ્રવ્યસ્તવમાં હિંસા છે માટે સાધુને દ્રવ્યસ્તવ અનાદેય છે એમ નથી.

અને આ જ અર્થને પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા પંચાશકગ્રંથના અન્ય પ્રકરણમાં સ્વયં જ કહેશે.

ગુણાય ..... અવશ્યંભાવેન । પંચાશક-૪/૧૦ મૂળગાથામાં જે કહ્યું કે, આરંભવાળાને શુભભાવના હેતુથી સ્નાનાદિ પણ નક્કી ગુણ માટે થાય છે, ત્યાં ગુણાય ગુણ માટે=પુણ્યબંધ લક્ષણ ઉપકાર માટે, થાય છે, એમ સમજવું, અને 'નિયમેન' નો અર્થ અવશ્યંભાવેન નક્કી=અવશ્ય ગુણ માટે થાય છે, તેમ કરવો.

અથ ..... સ્નાનાદેઃ, અહીં પૂર્વપક્ષી કહે કે, આરંભીને=આરંભવાળાને, સ્વરૂપથી જ સદોષ પણ (સ્નાનાદિ) કેવી રીતે ગુણ માટે થાય ? અર્થાત્ ન થાય. એથી કરીને કહે છે -

જિનપૂજા માટે સ્નાનાદિનું શુભભાવના હેતુપણાથી=પ્રશસ્તભાવના કારણપણાથી, આરંભીને ગુણ માટે થાય છે. (એમ અન્વય છે.) 'सुहभावहेउओ"त्ति શુભભાવહેતુથી કહ્યું, ત્યાં નિર્દેશનું લુપ્તભાવપ્રત્યયપણું હોવાને કારણે હેતુનો અર્થ હેતુપણું કરવો.

✪ મૂળ પંચાશકની ગાથામાં 'सुहभावहेउओ' એ નિર્દેશ વચન છે; કેમ કે સ્નાનાદિને ઉદ્દેશીને શુભભાવનો હેતુ, એ પ્રમાણે નિર્દેશ કરેલ છે, અને તે નિર્દેશ વચનમાં ભાવઅર્થક 'त्व' પ્રત્યયનો લોપ થયેલો છે. તેથી અર્થ કરતી વખતે શુભભાવનો હેતુ હોવાથી એના સ્થાને શુભભાવનું હેતુપણું હોવાથી એમ ગ્રહણ કરવું.

સ્નાનાદિ શુભભાવનો હેતુ છે, એ જ વાતને અનુભવથી દૃઢ કરે છે -

अनुभवन्ति ..... शुभभावमिति । અને કેટલાક સ્નાનપૂર્વક જિનાર્ચનને કરતા સ્નાનાદિમાં શુભભાવને અનુભવે છે, એથી કરીને સ્નાનાદિ શુભભાવનો હેતુ છે.

✪ અહીં સ્નાનાદિપૂર્વક જિનાર્ચનમાં શુભભાવનો અનુભવ કરે છે, એમ કહેવું નથી, પરંતુ જિનાર્ચા અર્થક જે સ્નાન કરે છે, તેમાં પણ શુભભાવનો અનુભવ કરે છે. પૂજા કરનાર વ્યક્તિ 'હું ભગવાનની પૂજા કરું છું' માટે ભગવાનની પૂજાના અંગભૂત એવા સ્નાનને ભગવાનની આજ્ઞાનુસાર કરું, એ પ્રકારના શુભભાવપૂર્વક સ્નાનને કરે છે, ત્યારે સ્નાનની ક્રિયામાં પણ તેને શુભભાવનો અનુભવ થાય છે.

खलु ..... ज्ञातव्यम् । 'પંચાશકની મૂળ ગાથા-૪/૧૦માં 'खलु' શબ્દ છે,' તે વાક્યાલંકારમાં જાણવો.

अथ ..... अवटोदाहरणेन । 'अथ' થી પ્રશ્ન કરે છે કે, શુભભાવનું કારણપણું હોવાથી આનું=સ્નાનાદિનું, ગુણકરપણું કોની જેમ જાણવું ? એથી કરીને કહે છે - કૂપદૃષ્ટાંતથી જાણવું.

✪ અહીં પંચાશક મૂળ ગાથા-૪/૧૦ નો શબ્દાર્થ પૂરો થાય છે.

इह ..... गुणकरमिति । અહીં=પંચાશકની મૂળ ગાથા-૪/૧૦ માં આ પ્રકારનો=આગળમાં કહેવાનો છે એ પ્રકારનો, साधनप्रयोग=અનુમાનપ્રયોગ, છે. તે અનુમાનપ્રયોગ બતાવે છે -

કાંઈક સદોષ પણ સ્નાનાદિ (પક્ષ), અધિકારીને ગુણકર છે (સાધ્ય), વિશિષ્ટ શુભભાવનું હેતુપણું હોવાથી (હેતુ), જે વિશિષ્ટ શુભભાવના હેતુભૂત છે, તે ગુણકર છે. (વ્યાપ્તિ)

જેમ - કૂપખનન (દૃષ્ટાંત) અને યતનાથી સ્નાનાદિ વિશિષ્ટ શુભભાવનો હેતુ છે (ઉપનય) તેથી (સ્નાનાદિ) ગુણકર છે. (નિગમન) 'इति' શબ્દ પંચાવયવવાક્યની સમાપ્તિસૂચક છે.

✪ આ રીતે આ અનુમાનપ્રયોગમાં પંચાવયવ વાક્યનો પ્રયોગ બતાવ્યો.

કૂપખનનમાં શુભભાવ શું છે, તે બતાવે છે -

कूपखननपक्षे ..... अवाप्तिरिति । કૂપખનન પક્ષમાં શુભભાવ તૃષ્ણાદિના=તૃષાદિના, વ્યુદાસથી આનંદ આદિની પ્રાપ્તિ છે.

✪ 'अवाप्तिरिति' અહીં 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

કૂપખનનદૃષ્ટાંતથી સ્નાનાદિને ગુણકર બતાવ્યું. આનાથી શું કહેવાયું, તે કહે છે -

इदमुक्तं भवति - ..... भवतीति । આ કહેવાયેલું છે - જે રીતે કૂપખનન શ્રમ, तृष्णा=તૃષા, કાદવના ઉપલેપાદિ દોષથી દુષ્ટ હોવા છતાં પણ, જલની ઉત્પત્તિ થયે છતે અનંતરોક્ત દોષોને દૂર કરીને સ્વોપકાર માટે અને પરોપકાર માટે ખરેખર થાય છે, એ પ્રમાણે સ્નાનાદિક પણ આરંભદોષને દૂર કરીને શુભ અધ્યવસાયના ઉત્પાદન દ્વારા વિશિષ્ટ અશુભ કર્મની નિર્જરા અને પુણ્યબંધનું કારણ બને છે.

✪ 'भवतीति' અહીં 'इति' શબ્દ છે, તે 'इदमुक्तं भवति' થી કહેવાયલા કથનની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

इह केचिन्मन्यन्ते पूजार्थं स्नानादिकरणकालेऽपि निर्मलजलकल्पशुभाध्यवसायस्य विद्यमानत्वेन कर्दमलेपादिकल्पपापाभावाद्विषममिदमित्थमुदाहरणम्, तत्किलेदमित्थं योजनीयम्-यथा कूपखननं स्वपरोपकाराय भवत्येवं स्नानपूजादिकं करणानुमोदनद्वारेण स्वपरयोः पुण्यकारणं स्यादिति । न चैतदागमानुपाति यतो धर्मार्थप्रवृत्तावप्यारम्भजनितस्याल्पस्य पापस्येष्टत्वात्, कथमन्यथा भगवतत्यामुक्तम्-'तहारूवं समणं वा माहणं वा पडिहयपच्चक्खायपावकम्मं अफासुएणं अणेसणिज्जं असण ४ पडिलाभेमाणे भंते ! किं कज्जइ ? गो० ! अप्पे पावे कम्मे बहुतरिया से णिज्जरा कज्जइ' तथा ग्लानप्रतिचरणानन्तरं पञ्चकल्याणकप्रायश्चित्तप्रतिपत्तिरपि कथं स्यात् ? इत्यलं प्रसङ्गेनेति गाथार्थः । यतनया विहितस्य स्नानादेः शुभभावहेतुत्वं प्रागुक्तम्, अथ यतनां स्नानगतां शुभभावहेतुतां च यतनाकृतां स्नानस्य दर्शयन्नाह-'**भूमीप्पेहणजलछाणणाइ जयणा उ होइ ण्हाणाओ । एत्तो विसुद्धभावो अणुहवसिद्धो च्चिय बुहाणं** ।। व्याख्या-भूमेः प्रेक्षणं च स्नानभुवः प्राणिरक्षार्थं चक्षुषा निरीक्षणम्, जलछाणणं च पूतरकपरिहारार्थं नीरगालनम्, आदि=प्रमुखं यस्य व्यापारवृन्दस्य तद्भूमिप्रेक्षणजलछाणणादि । आदिशब्दान्मक्षिकारक्षणादिग्रहः । तत् किमित्याह यतना=प्रयत्नविशेषः, तुशब्दः पुनरर्थः तद्भावना चैवं-स्नानादि यतनया गुणकरं भवति, यतना पुनर्भूमिप्रेक्षणजलछाणनादिः, भवति=वर्त्तते, क्वेत्याहस्नानादावधिकृते देहशौचविलेपनजिनार्चनप्रभृतीनि च, इह च प्राकृते औकारश्रुतेरभावात् 'ण्हाणाओ' इत्येवं पठ्यत इति । एत्तो त्ति इतः पुनर्यतनाविहितस्नानादेर्विशुद्धभावः शुभाध्यवसायोऽनुभवप्रसिद्ध एव स्वसंवेदनप्रतिष्ठित एव, बुधानां=बुद्धिमताम्, अनेन च शुभभावहेतुत्वादित्यस्य पूर्वोक्तहेतोरसिद्धताशङ्का परिहृता। इति गाथार्थः ।।

ટીકાર્થ :-

इह केचिन्मन्यन्ते ..... योजनीयम् - અહીં=કૂપખનન દૃષ્ટાંતથી સ્નાનાદિને ગુણકર કહ્યું તેમાં, કેટલાક માને છે કે, પૂજા માટે સ્નાનાદિકરણકાળમાં પણ=સ્નાનાદિ કરતી વખતે પણ, નિર્મળ જળસમાન શુભઅધ્યવસાયનું વિદ્યમાનપણું હોવાથી કાદવના લેપાદિ સમાન પાપનો અભાવ હોવાથી, આ=કૂપદૃષ્ટાંત, આ પ્રકારે=જે પ્રકારે ઉપરમાં પંચાશકના કથનમાં કહ્યું, એ પ્રકારે, વિષમ=અસંગત, છે. તેથી ખરેખર કૂપદૃષ્ટાંત આ પ્રકારે=હવે કહેવાશે એ પ્રકારે, યોજવું.

यथा कूपखननं ....: स्यादिति । જેમ કૂપખનન સ્વ અને પરના ઉપકારના માટે થાય છે, એ પ્રકારે સ્નાન અને પૂજાદિક કરણ અને અનુમોદન દ્વારા સ્વ-પરના પુણ્યનું કારણ થાય છે=કરણ દ્વારા સ્વને ઉપકારક બને છે અને અનુમોદના દ્વારા પરને પુણ્યનું કારણ થાય છે.

✪ 'पुण्यकारणं स्यादिति' અહીં 'इति' શબ્દ છે, તે इह केचिन्मन्यन्ते થી કહેલ કથનની સમાપ્તિસૂચક છે.

ઉપરમાં કેચિત્કારે જે કથન કહ્યું, તેનું પંચાશકના વૃત્તિકાર પૂજ્ય અભયદેવસૂરિ મહારાજ સાહેબ નિરાકરણ કરે છે -

न चैतद् ..... उक्तम् - આ=કેટલાકે કહ્યું એ, આગમાનુપાતી=આગમાનુસારી, નથી. તેમાં હેતુ કહે છે -

જે કારણથી ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પપાપનું ઈષ્ટપણું છે, અન્યથા=ધર્માર્થ પ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પપાપનું ઈષ્ટપણું ન હોય તો, ભગવતીમાં કેવી રીતે કહેવાયું છે -

तहारूवं ..... कज्जइ હે ભગવંત ! પ્રતિહત પ્રત્યાખ્યાન પાપકર્મવાળા તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણને અપ્રાસુક, અનેષણીય અશનાદિ વડે પ્રતિલાભ કરતો શું કરે છે ?

હે ગૌતમ ! અલ્પપાપકર્મનો બંધ અને પાપકર્મની બહુતર=ઘણી નિર્જરા, કરે છે.

तथा ..... गाथार्थः । તે જ પ્રમાણે ગ્લાનની પ્રતિચરણા=સેવા, પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની प्रतिपत्ति પણ=પ્રાપ્તિ પણ કઈ રીતે થાય ? એથી કરીને પ્રસંગ વડે સર્યું. આ પ્રમાણે પંચાશક-૪/૧૦ ની ગાથાનો અર્થ જાણવો.

✪ પંચાશક મૂળ ગાથા-૪/૧૦ ની ટીકા અહીં પૂરી થાય છે.

વિશેષાર્થ :-

પંચાશક ૪/૧૦ ની ટીકામાં અનુમાનનો પ્રયોગ કર્યો કે, ભગવાનની પૂજાકાળમાં કરાતા સ્નાનાદિ કાંઈક સદોષ હોવા છતાં પણ અધિકારીને ગુણ કરનારા બને છે. સ્નાનાદિની ક્રિયા આરંભસ્વરૂપ છે તેથી તે સદોષ છે, છતાં ભગવાનની ભક્તિ કરવાના વિશિષ્ટ શુભભાવનો હેતુ છે, માટે ગુણને કરનાર છે, અને તેમાં કૂપદૃષ્ટાંતનું યોજન કર્યું. તેનાથી એ કહેવું છે કે, જેમ કૂપખનનની ક્રિયાથી શ્રમ-તૃષા આદિ દોષો પ્રાપ્ત થાય છે, તો પણ જળ પ્રગટ થયા પછી તે દોષો દૂર થાય છે, અને સ્વ-પરનો ઉપકાર થાય છે; તે રીતે પૂજા અર્થે સ્નાનાદિ ક્રિયામાં પણ હિંસારૂપ આરંભ દોષ હોવા છતાં "હું ભગવાનની પૂજા અર્થે સ્નાન કરું છું," એ પ્રકારનો શુભ અધ્યવસાય થવાને કારણે વિશિષ્ટ પાપકર્મની નિર્જરા અને પુણ્યબંધનું કારણ સ્નાનાદિ ક્રિયા થાય છે. આ રીતે દૃષ્ટાંતનું યોજન કરવાથી એ નક્કી થાય છે કે, પૂજા અર્થે સ્નાનાદિ ક્રિયામાં કાંઈક દોષ પણ છે, આમ છતાં તે સ્નાનાદિ ક્રિયાથી થતા શુભભાવથી તે દોષ દૂર થાય છે.

આ કથન કેટલાક બીજી રીતે કહે છે. તે આ રીતે -

પૂજા અર્થે સ્નાનાદિ કરવાના કાળમાં પણ જીવને શુભ અધ્યવસાય જ વર્તે છે, તેથી લેશ પણ કર્મબંધ થતો નથી, માટે કૂપદૃષ્ટાંતને ઉપરમાં જોડ્યું તેમ જોડવું જોઈએ નહિ. પરંતુ જેમ કૂવો ખોદ્યા પછી

જળની પ્રાપ્તિ થવાથી સ્વ-પરનો ઉપકાર થાય છે, તે રીતે સ્નાન અને ભગવાનની પૂજા કરવામાં આવે તેના દ્વારા પોતાને શુભ અધ્યવસાય થાય છે, તેથી પોતાને પુણ્યબંધની પ્રાપ્તિ થાય છે, અને પરને તેની અનુમોદનાનો પરિણામ થાય છે. તે આ રીતે -

પૂજા અર્થે સ્નાન કરનારને સ્નાન કરવાના કાળમાં હું ભગવાનની ભક્તિ કરું છું, માટે ભગવાનની આજ્ઞા પ્રમાણે સ્નાન કરું, એ પ્રકારનો શુભઅધ્યવસાય થાય છે, અને ઉત્તમ શ્રાવકની સ્નાનાદિપૂર્વકની ભગવાનની ભક્તિને જોઈને અન્યને પણ થાય છે કે, ખરેખર આમનો જન્મ સફળ છે કે જેથી આવા વિવેકપૂર્વકની ધર્મની પ્રવૃત્તિ કરે છે. તેથી અનુમોદના દ્વારા પરને ઉપકાર થાય છે.

આ રીતે કેચિત્કાર કૂપદૃષ્ટાંતનું યોજન કરે છે, તે વાત પૂજ્ય અભયદેવસૂરિ મહારાજને માન્ય નથી. તેથી તેઓ કહે છે કે - આ કથન શાસ્ત્રવચનને અનુસરતું નથી. તેમાં તેઓ યુક્તિ આપે છે કે, ધર્મ માટે પ્રવૃત્તિ કરવામાં જે હિંસાવાળી પ્રવૃત્તિ છે, તેનાથી અલ્પ પાપબંધ તો થાય છે, માટે કૂપદૃષ્ટાંત પૂર્વમાં યોજન કર્યું, તેમ જ યોજન કરવું જોઈએ. આ પ્રકારનો પૂ. અભયદેવસૂરિ મહારાજ સાહેબનો અભિપ્રાય છે. તેમાં તેઓ યુક્તિ આપે છે કે, જો ધર્માર્થ હિંસાવાળી પ્રવૃત્તિમાં અલ્પપાપબંધ ઈષ્ટ ન હોય તો ભગવતીસૂત્રમાં જે કહ્યું છે, તે સંગત થાય નહિ.

ભગવતીસૂત્રમાં જે કહ્યું છે, તેનો આશય એ છે કે, કોઈ વ્યક્તિ તેવા પ્રકારના ઉત્તમ સાધુને અપ્રાસુક અને અનેષણીય ભિક્ષા આપે ત્યારે તે ભિક્ષા અપ્રાસુક અને અનેષણીય હોવાથી તે દાનક્રિયામાં અલ્પ કર્મબંધ થાય છે, અને ત્યાં મહાત્માની ભક્તિનો શુભઅધ્યવસાય થાય છે તેથી ઘણી નિર્જરા થાય છે.

વળી, કોઈ વ્યક્તિ ગ્લાનની સેવા કરે ત્યારે ગમે તેટલી યતના રાખે તો પણ ગ્લાન વ્યક્તિ ઊઠવા આદિમાં સમર્થ ન હોવાને કારણે વૈયાવચ્ચ કરતી વખતે કાંઈક આરંભરૂપ દોષની સંભાવના રહે છે, તેને કારણે શુભ અધ્યવસાયપૂર્વક ભક્તિ કરનારને પણ તે અજયણાકૃત થયેલા આરંભને કારણે અલ્પ પાપ બંધાય છે, અને તેના કારણે તેને પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. તેથી ધર્માર્થ પ્રવૃત્તિમાં પણ જે હિંસાદિ થાય, તેનાથી અલ્પ પાપબંધ સ્વીકારીને શુભ અધ્યવસાયથી ઘણી નિર્જરા થાય તેમ માનવું ઉચિત છે. અને તેમ સ્વીકારીએ તો કૂપદૃષ્ટાંતનું યોજન પૂર્વમાં પંચાશકમાં કર્યું, તે રીતે જ થઈ શકે; કેમ કે સ્નાનાદિમાં થયેલા આરંભકૃત પાપનો નાશ સ્નાનાદિકાળમાં થતા શુભઅધ્યવસાયથી થાય છે, તેમ માનવાથી કૂપદૃષ્ટાંત સંગત થાય છે.

ઉત્થાન :-

પૂર્વમાં યતના વડે વિહિત સ્નાનાદિને શુભભાવના હેતુ કહ્યા, હવે સ્નાનગત યતના અને સ્નાનની યતનાકૃત શુભભાવની હેતુતાને બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

भूमीप्पेहण ..... बुहाणं ।। વળી ભૂમિપ્રેક્ષણ, જળગાળણ આદિ સ્નાનાદિમાં યતના વર્તે છે. બુધોને આનાથી=યતના વિહિત સ્નાનાદિથી, વિશુદ્ધભાવ=શુભઅધ્યવસાય, અનુભવસિદ્ધ જ છે.

વ્યાખ્યા :-

પંચાશક-૪/૧૧ મૂળગાથામાં ભૂમિપ્રેક્ષણ અને જળગાળણ કહ્યું, તેનો અર્થ બતાવે છે - પ્રાણીની રક્ષા માટે ચક્ષુ વડે સ્નાનભૂમિનું નિરીક્ષણ કરવું તે ભૂમિપ્રેક્ષણ છે, અને પોરાના પરિહાર માટે જળનું ગાળવું તે જળગાળણ છે.

✪ 'भूमीप्पेहणजलछाणणाइं' અહીં 'आदि' શબ્દથી માખીના રક્ષણાદિનું ગ્રહણ કરવું.

'तत्किमित्याह' - તેથી શું ?=ભૂમિપ્રેક્ષણ, જળગાળણ આદિ કરવાથી શું ? એથી કરીને કહે છે -

यतना ..... भवति, यतना વર્તે છે. યતના એટલે પ્રયત્ન વિશેષ=જીવરક્ષાને અનુકૂળ પ્રયત્ન વિશેષ છે.

પંચાશક-૪/૧૧ મૂળગાથામાં 'तु' શબ્દ છે, તે 'पुनः' અર્થમાં છે, જે પંચાશકની પૂર્વની ગાથા સાથે એકવાક્યના જોડાણ માટે છે, અને તેની ભાવના આ પ્રમાણે છે. સ્નાનાદિ યતના વડે ગુણકર થાય છે. વળી યતના ભૂમિપ્રેક્ષણ, જળગાળણ આદિ છે.

भवति=वर्तते ..... पठ्यत इति । પંચાશક ૪/૧૧ મૂળગાથામાં 'तु' तु શબ્દનું જોડાણ બતાવીને હવે 'होइ' શબ્દનો અર્થ કરે છે, યતના થાય છે=વર્તે છે. તે યતના ક્યાં વર્તે છે, એથી કરીને કહે છે - અધિકૃત સ્નાનાદિમાં, 'आदि' શબ્દથી, સ્વદેહનું વિલેપન, જિનાર્ચન વગેરેમાં યતના વર્તે છે. 'इह च' અને અહીં=પંચાશક મૂળ ગાથા-૪/૧૧ માં 'ण्हाणाओ' અહીં પ્રાકૃતમાં ઔકાર શ્રવણનો અભાવ હોવાથી 'ण्हाणाओ' એ પ્રમાણે કહેવાય છે. સંસ્કૃતમાં 'स्नानादौ' શબ્દ ઉપરથી પ્રાકૃતમાં 'ण्हाणाओ' બન્યું છે.

✪ 'ण्हाणाओ इत्येवं पठ्यत इति' અહીં 'इति' શબ્દ છે. તે भूमीप्पेहण ..... પંચાશક મૂળ ગાથા-૪/૧૧ ના પૂર્વાર્ધના કથનની સમાપ્તિસૂચક છે. પંચાશક મૂળ ગાથા-૪/૧૧ ના પૂર્વાર્ધમાં સ્નાનાદિગત યતનાને બતાવેલ છે. તેની સમાપ્તિ માટે 'इति' શબ્દનો પ્રયોગ છે.

હવે પંચાશક મૂળ ગાથા-૪/૧૧ ના ઉત્તરાર્ધમાં સ્નાનની યતનાકૃત શુભભાવની હેતુતાને બતાવે છે-

વ્યાખ્યા :-

एत्तो ..... बुद्धिमताम्, મૂળ ગાથાના ઉત્તરાર્ધનું 'एत्तो' એ પ્રમાણે પ્રતીક છે. આનાથી=યતનાવિહિત સ્નાનાદિથી વિશુદ્ધ ભાવ=શુભ અધ્યવસાય, બુધોને અનુભવસિદ્ધ જ છે=સ્વસંવેદન પ્રતિષ્ઠિત જ છે.

अनेन च ..... गाथार्थः ।। અને આના દ્વારા='एत्तो ..... बुधानां' સુધીના કથન દ્વારા શુભભાવનું હેતુપણું હોવાથી એ પ્રકારે આ પૂર્વોક્ત હેતુની અસિદ્ધતાની આશંકા પરિહાર કરાઈ. એ પ્રમાણે ગાથાર્થ છે.

✪ પંચાશક પૂર્વ ગાથા-૪/૧ માં પૂજા માટે સ્નાનાદિને ગુણકર બતાવવા માટે 'सुहभावहेउओ' એ પ્રયોગ કરેલ તે પૂર્વોક્ત હેતુ અસિદ્ધ છે. એ પ્રકારની કોઈને આશંકા થાય, તે આશંકા પંચાશક-૪/૧૧ ગાથાના ઉત્તરાર્ધ 'एत्तो ..... बुधानां' એ કથન દ્વારા પરિહાર કરાઈ=દૂર કરાઈ.

વિશેષાર્થ :-

પંચાશક પૂર્વ ગાથા-૪/૧૦ માં સ્નાનાદિને શુભભાવનો હેતુ કહ્યો. ત્યાં કોઈને શંકા થાય કે, ભગવાનની પૂજા તો શુભભાવનો હેતુ છે, પરંતુ સ્નાનાદિ તો શરીરની શુદ્ધિ થવાને કારણે બાહ્ય શુદ્ધિ

પ્રત્યેના રાગસ્વરૂપ છે, અને તેનાથી બાહ્ય શુદ્ધિના રાગરૂપ મલિન ભાવો થાય છે, તેથી સ્નાનાદિને શુભભાવનો હેતુ કહેવો, એ ઉચિત નથી. માટે 'सुहभावहेउओ' એ વચન અસિદ્ધ છે, એવી કોઈને શંકા થાય, તેનું નિરાકરણ પ્રસ્તુત કથનથી કર્યું. તેનો ભાવ એ છે કે, સામાન્ય જીવોને સ્નાનાદિમાં અશુભ ભાવ થાય છે, પરંતુ જેઓ શાસ્ત્રતત્ત્વના જાણકાર છે, તેવા બુધજનોને તો સ્નાનાદિથી શુભભાવ અનુભવસિદ્ધ છે; કેમ કે તેઓ જાણે છે કે, ભગવાનની પૂજા માટે સ્નાન કરવાની શાસ્ત્રાજ્ઞા છે. તેથી શાસ્ત્રાજ્ઞાનું સ્મરણ કરીને, શાસ્ત્રાજ્ઞા મુજબની વિધિથી નિયંત્રિત થઈને, જ્યારે તેઓ સ્નાનમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે તેઓને 'હું પૂજા કરું છું' - એ પ્રકારનો નિર્મળ ભાવ વર્તતો હોય છે. આથી જ વિધિથી નિયંત્રિત તે શુભભાવ હોવાથી સ્નાનાદિને શુભભાવનો હેતુ કહેલ છે.

ઉત્થાન :-

આ રીતે પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન જે રીતે પૂ. અભયદેવસૂરિ મહારાજે કરેલ છે તે બતાવીને, केचित्कारના મતને પૂ. અભયદેવસૂરિ મહારાજે જે અનાગમિક કહેલ છે, તે अत्र થી માંડીને केषाञ्चित्मतं नानागमिकमाभाति સુધીના કથનથી અનાગમિક જણાતો નથી, તે બતાવવા કહે છે –

ટીકા :-

अत्राभयदेवसूरिव्याख्याने धर्मार्थप्रवृत्तावप्यारम्भजनितदोषस्याल्पस्य यदिष्टत्वमुक्तम्, तद्ग्रन्थकर्त्तुः क्व स्वरससिद्धम् ? षोडशके 'यतनातो न च हिंसा' **इत्याद्येवाभिधानात्, यतनाभाव-शुद्धिमतः पूजायां कायवधासम्भवस्यैव दर्शितत्वात् । पूजापञ्चाशकेऽपि 'कायवधात् कथं पूजा परिशुद्धा ?' इति प्रश्नोत्तरे**

'भण्णइ जिणपूयाए कायवहो जइ वि होइ उ कहिंचि ।
तहवि तई परिसुद्धा गिहीण कूवाहरणजोगा' **(गा. ४२)**

इत्यत्र कथञ्चित्केनचित्प्रकारेण=यतनाविशेषेण, प्रवर्त्तमानस्य सर्वथापि न भवतीति प्रदर्शनार्थं कथञ्चिद्ग्रहणमिति तपस्विना स्वयमेव व्याख्यानात्,

'देहादिणिमित्तं पि हु जे कायवहम्मि तह पयट्टंति ।
जिणपूयाकायवहम्मि तेसिमपवत्तणं मोहो ।।' **(गा. ४५)**

इति ग्रन्थेनाग्रे ग्रन्थकृतैवाधिकारिणो जिनपूजाकायवधोपेत्यप्रवृत्तेः दर्शितत्वात्, तत्र हिंसास्वरूपस्य यतनयैव त्याजनाभिप्रायात्, प्रमादयोगेनेत्यादिलक्षणासिद्धेः ।

ટીકાર્થ :-

अत्राभयदेवसूरिव्याख्याने ..... स्वरससिद्धम् ? **અહીં=પંચાશકની ગાથાના પૂજ્ય અભયદેવસૂરિ**

મહારાજ સાહેબના વ્યાખ્યાનમાં, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પદોષનું જે ઈષ્ટપણું કહેવાયું છે, તે ગ્રંથકર્તાને=પંચાશક ગ્રંથના કર્તા શ્રી હરિભદ્રસૂરિ મહારાજાને, સ્વરસસિદ્ધ ક્યાં છે ? અર્થાત્ સ્વરસસિદ્ધ નથી. તેમાં હેતુ કહે છે -

ષોડશકે ..... **અભિધાનાત્, (૧ લો હેતુ) ષોડશકમાં** યતનાથી હિંસા નથી **ઈત્યાદિનું જ અભિધાન છે.**

યતનાથી હિંસા નથી, એમ ષોડશકમાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું, તેનું તાત્પર્ય બતાવે છે –

યતનાભાવ ..... **દર્શિતત્વાત્ । યતના વડે ભાવશુદ્ધિવાળાને પૂજામાં કાયવધના અસંભવનું જ ષોડશકના કથનમાં દર્શિતપણું છે.**

વિશેષાર્થ :-

પંચાશકની પૂજ્ય અભયદેવસૂરિ મહારાજની ટીકામાં જે કહ્યું કે કિંચિત્ સદોષ પણ સ્નાનાદિ અધિકારીને ગુણકર છે, એમ કહીને પૂજાઅર્થક સ્નાનાદિને કિંચિત્ સદોષ સ્વીકાર્યા; અને 'इह केचिन्मन्यन्ते' થી કેચિત્કારે જે કહ્યું તે આગમાનુપાતી નથી, તેમ બતાવીને તેમાં હેતુ કહ્યો કે, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપનું ઈષ્ટપણું છે. એનાથી એ પ્રાપ્ત થયું કે, પૂજ્ય અભયદેવસરિ મહારાજ સાહેબને ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પપાપનું ઈષ્ટપણું છે, પરંતુ તે ગ્રંથકર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજાને માન્ય નથી, તેમ ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજ કહે છે; કેમ કે, પંચાશકગ્રંથના કર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ ષોડશકમાં યતનાથી હિંસા નથી, એમ કહેલ છે; અને તેમાં યુક્તિ આપેલ છે કે, યતનાપૂર્વક પૂજા કરનારને ભાવશુદ્ધિ હોય છે, માટે ભાવશુદ્ધિવાળાને પૂજામાં કાયવધનો અસંભવ છે.

આશય એ છે કે, બાહ્ય કાયવધને આશ્રયીને કાયવધ સ્વીકારવામાં આવતો નથી, પરંતુ મુનિ જેમ શાસ્ત્રવિધિ પ્રમાણે નદી ઊતરતો હોય તો પણ તે ષટ્કાયનું પાલન કરે છે, તેમ સ્વીકારવામાં આવે છે; તેમ પૂજામાં અપેક્ષિત યતનાથી જેના ભાવની શુદ્ધિ વર્તતી હોય તે વ્યક્તિની પૂજામાં પુષ્પાદિ જીવોને કિલામણા થતી હોય તો પણ તેમાં કાયવધ નથી, એમ કહેવામાં આવે છે; કેમ કે પરિણામ પ્રમાણે જ હિંસાથી કર્મબંધ કે કર્મબંધનો અભાવ થાય છે. પૂજામાં હિંસાને અનુકૂળ પરિણામ નથી, માટે ત્યાં કર્મબંધ નથી; અને હિંસાને અનુકૂળ કર્મબંધ નથી, માટે હિંસા નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પદોષનું જે ઈષ્ટપણું કહેવાયું છે, તે પંચાશકના ગ્રંથકર્તા પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાને સ્વરસસિદ્ધ ક્યાં છે ? તેમાં બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

પૂજાપञ्चाशके ..... **व्याख्यानात्, (૨ જો હેતુ) પૂજા પંચાશકમાં પણ કાયવધથી કેવી રીતે પૂજા પરિશુદ્ધ છે ? એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તરમાં भण्णइ** ..... **कूवाहरणजोगा પૂજા પંચાશક ગાથા-૪૨ માં**

'कथञ्चित्'='કોઈ પ્રકારે' અર્થાત્ યતનાવિશેષથી પ્રવર્તમાનને સર્વથા પણ કાયવધ થતો નથી, એ પ્રમાણે બતાવવા कथंचित्નું ગ્રહણ છે. એ પ્રકારે તપસ્વી વડે=પૂ. અભયદેવસૂરિ મહારાજ વડે સ્વયં જ વ્યાખ્યાન કરાયેલ છે.

પૂજા પંચાશક ગાથા-૪૨ भण्णइ ..... कूपाहरणजोगा નો અર્થ આ પ્રમાણે છે -

કહેવાય છે - વળી જિનપૂજામાં જોકે કથંચિત્ કાયવધ છે, તો પણ કૂપદૃષ્ટાંતના યોગથી ગૃહસ્થોને તે=પૂજા, પરિશુદ્ધ છે.

વિશેષાર્થ :-

પૂજા પંચાશકમાં કાયવધથી કઈ રીતે પૂજા પરિશુદ્ધ છે ? એ પ્રકારના પ્રશ્નના ઉત્તરમાં પૂજા પંચાશક ગાથા-૪૨ 'भण्णइ ..... कूवाहरणजोगा' છે, તેમાં જે कहिंचि=कथंचित् શબ્દ છે, તેનો અર્થ ત્યાં ટીકામાં પૂ. અભયદેવસૂરિ મહારાજે સ્વયં જ કર્યો છે કે कथंचित्=કોઈ પ્રકારે. અને તેનો ખુલાસો કરતાં કહ્યું કે, યતનાવિશેષથી પ્રવર્તમાનને સર્વથા પણ કાયવધ થતો નથી, એ પ્રદર્શન માટે પૂજા પંચાશક ગાથા-૪૨ માં 'कथंचित्'નું ગ્રહણ કરેલ છે. તેથી એ કથન પ્રમાણે ભગવાનની પૂજામાં યતનાવિશેષથી પ્રવર્તમાનને અલ્પ પણ કાયવધ નથી, એ અર્થ પ્રાપ્ત થાય છે. તેથી પૂ. અભયદેવસૂરિ મહારાજે પંચાશક-૪/૧૦ ની ટીકામાં ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પદોષનું જે ઈષ્ટપણું કહ્યું, તે પંચાશકગ્રંથના કર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજાને સ્વરસ સિદ્ધ નથી, તેમ માનવું તે પૂજા પંચાશક ગાથા-૪૨ ની પૂ. અભયદેવસૂરિ મહારાજની ટીકાથી પણ ઉચિત છે.

ઉત્થાન :-

પૂર્વમાં જે કહ્યું કે, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પદોષનું જે ઈષ્ટપણું કહ્યું, તે પંચાશક ગ્રંથના કર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજાને સ્વરસ સિદ્ધ ક્યાં છે ? અર્થાત્ સ્વરસસિદ્ધ નથી. તેમાં ત્રીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

देहादिणिमित्तं ..... दर्शितत्वात्, **(૩ જો હેતુ)** देहादि ..... मोहो **એ પ્રકારના (પૂજા પંચાશક ગાથા-૪૫) ગ્રંથ વડે કરીને અગ્રમાં=પૂર્વની ૪૨ ગાથા કરતાં આગળની, ગાથા-૪૫ માં ગ્રંથકાર વડે જ=પૂ. હરિભદ્રસૂરિ મહારાજા વડે જ, જિનપૂજા સંબંધી કાયવધમાં ઉપેત્ય પ્રવૃત્તિનું=જાણીને પ્રવૃત્તિનું, દર્શિતપણું છે. (તેથી પંચાશકના ગ્રંથકારને ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ દોષ સ્વરસ સિદ્ધ નથી, એમ અન્વય છે.)**

હવે કોઈને પ્રશ્ન થાય કે, જિનપૂજા સંબંધિ કાયવધમાં ઉપેત્ય પ્રવૃત્તિ કેમ બતાવી ? તેથી તેમાં હેતુ કહે છે -

तत्र ..... त्याजनाभिप्रायात्, ત્યાં=પૂજા પંચાશક ગાથા-૪૫ માં જિનપૂજાવિષયક કાયવધમાં ઉપેત્ય પ્રવૃત્તિ બતાવી ત્યાં, યતના વડે જ હિંસા સ્વરૂપના ત્યાજનનો અભિપ્રાય છે.

જિનપૂજા સંબંધી કાયવધમાં ઉપેત્ય પ્રવૃત્તિ બતાવી, ત્યાં યતના વડે જ હિંસા સ્વરૂપના ત્યાજનનો અભિપ્રાય કેમ છે ? તેમાં હેતુ કહે છે -

प्रमादयोगेन ..... असिद्धेः । પ્રમાદયોગેન ઈત્યાદિ લક્ષણની અસિદ્ધિ છે=યતનાથી પ્રવૃત્ત વ્યક્તિની 'प्रमादयोगेन प्राणव्यपरोपणं हिंसा' એ રૂપ હિંસાના લક્ષણની પૂજાથી થતા કાયવધમાં અસિદ્ધિ છે.

પૂજાપંચાશક ગાથા-૪૫ देहादि ..... मोहो ।। નો અર્થ આ પ્રમાણે છે - વળી જેઓ દેહ વગેરેના નિમિત્તે પણ કાયવધમાં તે પ્રકારે પ્રવૃત્ત થાય છે, તેઓનું જિનપૂજા સંબંધી કાયવધમાં અપ્રવર્તન મોહ છે.

વિશેષાર્થ :-

પૂજાપંચાશક ગાથા-૪૫ માં કહ્યું કે, જેઓ શરીરાદિ માટે કાયવધમાં પ્રવર્તતા હોય, તેઓ જિનપૂજામાં કાયવધ છે માટે તેમાં અપ્રવૃત્તિ કરે તે તેમનો મોહ છે. આ શાસ્ત્રવચનથી એ જણાય છે કે, જિનપૂજામાં કાયવધ જાણવા છતાં આત્મકલ્યાણ માટે જિનપૂજામાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે, જિનપૂજામાં કાયવધ છે એમ જાણવા છતાં વિવેકી જીવ તેમાં પ્રવૃત્તિ કેમ કરે? તેથી કહે છે કે, વિવેકી જીવ યતનાપૂર્વક જિનપૂજામાં પ્રવૃત્તિ કરે તો ત્યાં હિંસાના સ્વરૂપનો ત્યાગ થાય છે, એવો સૂત્રનો અભિપ્રાય છે.

અહીં પ્રશ્ન થાય કે, જિનપૂજામાં કાયવધ હોવા છતાં યતનાપૂર્વક પ્રવૃત્તિ કરતો હોય તો પણ હિંસાનું સ્વરૂપ તો વિદ્યમાન છે, તેથી ત્યાં હિંસાના સ્વરૂપનો ત્યાગ થાય છે, એમ કઈ રીતે કહી શકાય? તેથી કહે છે કે, "પ્રમાદયોગ વડે કરીને પ્રાણવ્યપરોપણ હિંસા" એ રૂપ હિંસાના લક્ષણની પૂજામાં અસિદ્ધિ છે; કેમ કે, પૂજામાં પ્રવૃત્તિ કરનાર વ્યક્તિને પ્રમાદ નથી, પરંતુ ભગવાનની આજ્ઞાનુસાર અપ્રમાદભાવથી ઉચિત ક્રિયા કરવાનો યત્ન છે. તેથી પૂજામાં સ્વરૂપહિંસા હોવા છતાં પ્રમાદયોગ નહિ હોવાને કારણે કર્મબંધના કારણભૂત હિંસા નથી.

ઉત્થાન :-

(૧) પૂર્વમાં કહ્યું કે, પૂજ્ય અભયદેવસૂરિના વ્યાખ્યાનમાં આરંભજનિત અલ્પદોષનું જે ઈષ્ટપણું કહેવાયું, તે પંચાશકના ગ્રંથકારશ્રી પૂ. હરિભદ્રસૂરિ મહારાજાને અભિમત નથી, અને તેની ત્રણ પ્રકારના હેતુઓથી પુષ્ટિ કરી. ત્યાં કોઈને શંકા થાય કે ભગવાનની પૂજા શુભભાવરૂપ હોવા છતાં તેમાં જીવ વિરાધના પણ છે, તેથી જ પૂજ્ય અભયદેવસૂરિ મહારાજસાહેબે પૂજામાં આરંભજનિત અલ્પ કર્મબંધ કહેલ છે, એમ સ્વીકારવામાં શું વાંધો છે ? તેથી કહે છે -

અથવા

(૨) સામાન્ય રીતે શુભ અધ્યવસાયથી પુણ્યબંધ અને નિર્જરા થાય છે, અને અશુભ અધ્યવસાયથી

પાપબંધ થાય છે, આ બે જ શાસ્ત્રસંમત છે. પરંતુ પૂ. અભયદેવસૂરિ મહારાજસાહેબે પૂર્વમાં કહ્યું કે, ધર્માર્થપ્રવૃત્તિમાં આરંભજનિત અલ્પ પાપનું ઈષ્ટપણું છે, અને તેમાં ભગવતીનો પાઠ સાક્ષીરૂપે આપ્યો. એ રીતે વિચારીએ તો પૂજાના અધ્યવસાયમાં પુષ્પાદિની હિંસારૂપ આરંભ હોવાને કારણે અલ્પ પાપબંધ થાય છે, અને ભંગવાનની ભક્તિનો અધ્યવસાય હોવાને કારણે પુણ્યબંધ અને નિર્જરા થાય છે, અને તેમ સ્વીકારવાથી શુભાશુભરૂપ મિશ્ર અધ્યવસાયની પ્રાપ્તિ થાય, અને તેમ સ્વીકારવાથી ત્રૈરાશિક મતના સ્વીકારની આપત્તિ આવે. જેમ ત્રૈરાશિક મત જીવ, અજીવ અને નોજીવને સ્વીકારે છે, તેમ શુભ, અશુભ અને મિશ્ર અધ્યવસાયરૂપ ત્રૈરાશિક મતની પ્રાપ્તિ થાય. તે શાસ્ત્રસંમત નથી, તે બતાવવા માટે કહે છે-

ટીકા :-

न च पुण्यजनकाध्यवसायेन (पुण्यजनक)योगेन वाल्पस्यापि पापस्य बन्धसम्भवः, अध्यवसायानां योगानां वा शुभाशुभैकरूपाणामेवोक्तत्वात्तृतीयराशेरागमेऽप्रसिद्धेः, एतच्चोपपादयिष्यत उपरिष्टात् भाष्यसंमत्या । भगवत्यां सुपात्रेऽशुद्धदानेऽल्पपापबहुतरनिर्जराभिधानं च निर्जराविशेषमुपलक्षयति । स च शुद्धदानफलावधिकापकर्षात्मकः, प्रकृते च चारित्रफलावधिकापकर्षात्मको दानादिचतुष्कफलसमशीलः सोऽधिक्रियत इति कथङ्कारमशुद्धदानेन शुद्धपूजायां तुल्यत्वमुपनीयमानं तपस्विभिश्चमत्कारसारं चेतो रचयितुं प्रत्यलम्, अशुद्धदानं हि अतिथिसंविभागव्रतस्यातिचारभूतम्, शुद्धपूजा च समग्रश्राद्धधर्मस्य तिलकीभूतोत्तरगुणरूपेति । तथा चाह वाचकचक्रवर्त्ती

'चैत्यायतनप्रस्थापनानि कृत्वा च शक्तितः प्रयतः ।
पूजाश्च गन्धमाल्याधिवासधूपप्रदीपाद्याः ।।' **इत्यादि । (प्रशमरति गा. ३०५)**

ટીકાર્થ :-

पुण्यजनक ..... बन्धसम्भवः, પુણ્યજનક અધ્યવસાય દ્વારા અથવા પુણ્યજનક યોગથી અલ્પ પણ પાપના બંધનો સંભવ નથી. તેમાં હેતુ કહે છે -

अध्यवसायानां ..... भाष्यसंमत्या । અધ્યવસાયો કે યોગોનું શુભાશુભ=શુભ કે અશુભ એકરૂપ જ ઉક્તપણું છે; કેમ કે આગમમાં તૃતીય રાશિની અપ્રસિદ્ધિ છે. એ વિશેષાવશ્યક ભાષ્યની સંમતિથી શ્લોક-૯૦ માં આગળ ઉપપાદન કરાશે.

✪ 'पुण्यजनकाध्यवसायेन योगेन वा' પાઠ છે, ત્યાં 'पुण्णजनकाध्यवसायेन पुण्यजनकयोगेन वा' પાઠની સંભાવના છે અને તે મુજબ અમે અર્થ કરેલ છે.

વિશેષાર્થ :-

આગમમાં જેમ જીવ અને અજીવરૂપ બે રાશિ જ પ્રસિદ્ધ છે, પરંતુ જીવ, અજીવ અને નોજીવરૂપ ત્રણ રાશિ પ્રસિદ્ધ નથી, તેમ અધ્યવસાયો કે યોગોનું કાં તો શુભરૂપ કે કાં તો અશુભરૂપ જ શાસ્ત્રમાં

ઉક્ત છે. તેથી ભગવાનની પૂજારૂપ શુભ અધ્યવસાયો વડે કે શુભયોગો વડે પુણ્યબંધ કે નિર્જરા જ થઈ શકે છે, પરંતુ અલ્પ પણ પાપબંધનો સંભવ નથી.

અહીં પુણ્યજનક અધ્યવસાયો કે પુણ્યજનક યોગો એ બેનું ગ્રહણ એટલા માટે કરેલ છે કે, નિશ્ચયનય અધ્યવસાયથી કર્મબંધ માને છે, તેથી પુણ્યજનક અધ્યવસાયનું ગ્રહણ કરેલ છે. જ્યારે વ્યવહારનય પરિણામપૂર્વકની ક્રિયાને=પરિણામપૂર્વકના યોગવ્યાપારને કર્મબંધ પ્રત્યે કારણ માને છે, તેથી પુણ્યજનક યોગનું ગ્રહણ કરેલ છે. અને આ આગમમાં ત્રીજી રાશિ પ્રસિદ્ધ નથી=એ, આગળમાં વિશેષાવશ્યક ભાષ્યની સંમતિથી ઉપપાદન કરાશે.

અહીં વિશેષ એ છે કે, ભગવાનની પૂજામાં હિંસાકૃત અલ્પ પાપબંધ અને શુભ અધ્યવસાયકૃત પુણ્યબંધ કે વિપુલ નિર્જરા સ્વીકારવામાં આવે તો પૂજા મિશ્ર અધ્યવસાયરૂપ છે, તેમ માનવું પડે. તે આ રીતે - પૂજામાં હિંસા અંશને કારણે અલ્પ પાપબંધ થાય છે અને ભગવાનની ભક્તિના અંશને આશ્રયીને વિપુલ પુણ્યબંધ થાય છે. પરંતુ તેમ માનવાથી મિશ્રજાતિરૂપ ત્રીજી રાશિ માનવાની આપત્તિ આવે, અને તે શાસ્ત્રસંમત નથી. તેથી પૂજ્ય અભયદેવસૂરિ મહારાજે પંચાશક-૪/૧૦ ની ટીકામાં જે કહ્યું કે, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપનું ઈષ્ટપણું છે તે કથન સંગત નથી અને તેની પુષ્ટિ આગમમાં ત્રીજી રાશિ પ્રસિદ્ધ નથી, એ કથનથી થાય છે.

ઉત્થાન :-

પૂર્વમાં ત્રૈરાશિક મતનું નિરાકરણ કર્યું, આમ છતાં પૂર્વમાં પંચાશકના કથનમાં કેચિત્કારે કહ્યું તે આગમાનુપાતી નથી, એ પ્રકારના કથનમાં પૂજ્ય અભયદેવસૂરિ મહારાજે જે ભગવતીનું કથન કહ્યું, તે ભગવતીના પાઠમાં અશુદ્ધ દાનથી અલ્પ પાપબંધ અને બહુનિર્જરાનું વિધાન છે, તેથી મિશ્ર અધ્યવસાયની પ્રાપ્તિ સ્વીકૃત થાય છે. તેવી શંકાના નિરાકરણાર્થે ભગવતીના પાઠનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે -

ટીકાર્થ :-

ભગવત્યાં ..... उत्तरगुणरूपेति । ભગવતીમાં સુપાત્રવિષયક અશુદ્ધ દાનમાં અલ્પ પાપ અને બહુતર=ઘણી, નિર્જરાનું અભિધાન નિર્જરાવિશેષને=નિર્જરાના ભેદને જણાવે છે. (પરંતુ ત્રીજી રાશિને નહિ.) અને તે=નિર્જરાવિશેષ, શુદ્ધ દાનફલ-અવધિક અપકર્ષાત્મક છે, અને પ્રકૃતમાં= દ્રવ્યસ્તવમાં, ચારિત્રફલાવધિક અપકર્ષાત્મક દાનાદિચતુષ્ક ફળ સમશીલ તે=નિર્જરાવિશેષ, સ્વીકારાય છે. એથી કરીને=ભગવતીમાં અશુદ્ધ દાનવિષયક નિર્જરાવિશેષ અને દ્રવ્યસ્તવમાં થતી નિર્જરાવિશેષ એ બેની વિલક્ષણતા છે, એથી કરીને, અશુદ્ધ દાનની સાથે શુદ્ધ પૂજામાં તપસ્વી વડે ઉપનીયમાન=બતાવાતું, તુલ્યપણું કઈ રીતે ચમત્કારસાર એવા ચિત્તને રચવા સમર્થ બને=ચિત્તને આ ઉચિત વિચારણા કરી છે એ પ્રકારે ચમત્કાર પેદા કરવા માટે કઈ રીતે સમર્થ થઈ શકે ? અર્થાત્ ન જ થઈ શકે. જે કારણથી અશુદ્ધ દાન અતિથિસંવિભાગવ્રતના અતિચારભૂત છે, અને શુદ્ધ પૂજા એ સમગ્ર શ્રાદ્ધધર્મના તિલકભૂત ઉત્તરગુણરૂપ છે. 'इति' શબ્દ હેતુ અર્થક છે.

વિશેષાર્થ :-

ભગવતીમાં સુપાત્રને અશુદ્ધ દાન આપવાથી અલ્પ પાપકર્મ બંધ અને બહુનિર્જરાનું કથન છે, તે કથન મુગ્ધ જીવને આશ્રયીને છે; પરંતુ વિવેકસંપન્ન જીવ કારણે સુપાત્રમાં અશુદ્ધ દાન આપે તો પણ તેનાથી શુદ્ધ દાન આપવા સદૃશ બહુનિર્જરા થાય છે, એ પ્રકારનું તાત્પર્ય પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ સ્વયં દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં કહેલ છે, અને આ ગ્રંથમાં પણ આગળ કહેવાના છે. તેથી એ પ્રાપ્ત થાય કે, સુપાત્રને શુદ્ધ દાન આપવાથી જેમ ઘણી નિર્જરા થાય છે, તેમ સુપાત્રને કારણવિશેષે અશુદ્ધ દાન આપવાથી પણ ઘણી નિર્જરાવિશેષ થાય; અને મુગ્ધ જીવ સુપાત્રને જે અશુદ્ધ દાન આપે છે, ત્યાં તેમને વિવેકનો અભાવ છે તેથી અલ્પ પાપબંધ કહેલ છે, અને ગુણવાન એવા સાધુની ભક્તિ કરવાનો આશય છે તેથી બહુનિર્જરા કહેલ છે. પરંતુ સુપાત્રદાનમાં આપવાના અધ્યવસાયકાળમાં તે અધ્યવસાય શુભાશુભ ઉભયરૂપ નથી, પરંતુ કેવળ શુભરૂપ છે. તેથી અવિવેકથી યુક્ત એવો શુભ અધ્યવસાય હોવાને કારણે વિવેકથી યુક્ત એવા શુભ અધ્યવસાયથી થતી નિર્જરા કરતાં અલ્પ નિર્જરા થાય છે. તેથી જ ગ્રંથકારશ્રીએ ખુલાસો કર્યો કે, શુદ્ધ દાનના ફળની અપેક્ષાએ અપકર્ષાત્મક નિર્જરા અશુદ્ધ દાનથી થાય છે.

આશય એ છે કે, કોઈ વ્યક્તિ સુપાત્રમાં શુદ્ધ દાન આપે અને તેનાથી જે નિર્જરા-ફળ મળે, તેની અપેક્ષાએ મુગ્ધ જીવને અલ્પ નિર્જરા થાય છે, પરંતુ ત્યાં અશુદ્ધ દાનકૃત અલ્પ પાપબંધ અને શુભ અધ્યવસાયકૃત ઘણી નિર્જરા થાય છે, તેવો ભાવ નથી. આ રીતે ભગવતીના પાઠમાં કહેલ સુપાત્રદાનવિષયક અશુદ્ધ દાનમાં શુદ્ધ દાનફલાવધિક અપકર્ષાત્મક નિર્જરાવિશેષ સ્વીકારાય છે, અને દ્રવ્યસ્તવમાં ચારિત્રથી થનારી નિર્જરાવધિક અપકર્ષાત્મક દાનાદિ ચારના ફળની સાથે સમાન એવી નિર્જરાવિશેષ સ્વીકારાય છે. એથી કરીને અશુદ્ધ દાનની સાથે શુદ્ધ પૂજામાં પૂજ્ય અભયદેવસૂરિ મહારાજ વડે બતાવાતું એવું તુલ્યપણું, કઈ રીતે ચિત્તને આ ઉચિત વિચારણા કરી છે, એ પ્રકારે ચમત્કાર પેદા કરવા માટે સમર્થ થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે. કેમ કે, અશુદ્ધ દાન અતિથિસંવિભાગવ્રતના અતિચારભૂત છે, અને શુદ્ધ પૂજા એ સમગ્ર શ્રાદ્ધધર્મના તિલકભૂત ઉત્તરગુણરૂપ છે.

આશય એ છે કે, પંચાશક-૪/૧૦ ની ટીકામાં પૂ. અભયદેવસૂરિ મહારાજાએ કહ્યું કે, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપનું ઈષ્ટપણું છે, અને તેની પુષ્ટિ માટે ભગવતીનું કથન બતાવ્યું. ત્યાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજા કહે છે કે, તે બંને નિર્જરામાં મોટો ભેદ છે. સુપાત્રમાં અશુદ્ધ દાન અપાય છે ત્યાં શુદ્ધદાનફલાવધિક અપકર્ષાત્મક નિર્જરાવિશેષ છે, જ્યારે દ્રવ્યસ્તવમાં શુદ્ધદાનફલાવધિક અપકર્ષાત્મક નિર્જરાવિશેષ નથી, પરંતુ ચારિત્ર ફલાવધિક અપકર્ષાત્મક નિર્જરાવિશેષ છે, અને તે નિર્જરાવિશેષ શ્રાવકને માટે બતાવેલ દાન-શીલ-તપ અને ભાવ જે ચાર પ્રકારના ધર્મો છે, તત્સદૃશ છે. તેથી અશુદ્ધ દાનની સાથે શુદ્ધ પૂજામાં તુલ્યપણું કહેવું તે વિચારણીય છે; કેમ કે, અશુદ્ધ દાન અતિથિસંવિભાગ વ્રતના અતિચારરૂપ છે, તેથી તે યત્કિંચિત્ દોષરૂપ છે, તે માટે ત્યાં દોષકૃત અપકર્ષ છે. જ્યારે શુદ્ધ

દ્રવ્યસ્તવમાં લેશ પણ દોષ નથી, પરંતુ શ્રાદ્ધધર્મની પરાકોટિની ઉત્તરગુણની શુદ્ધ આચરણા છે. આમ, પૂજામાં લેશ પણ દોષ નથી, માટે સદોષ એવા અશુદ્ધ દાનની સાથે શુદ્ધ એવા દ્રવ્યસ્તવની તુલના કરવી તે વિચારણીય છે.

ટીકાર્થ :-

તથા ..... વાચકચક્રવર્તી - શુદ્ધ પૂજા સમગ્ર શ્રાદ્ધધર્મના તિલકભૂત ઉત્તરગુણરૂપ છે, તે પ્રકારે વાચક ચક્રવર્તી કહે છે. તેનો ભાવ આ પ્રમાણે છે.

चैत्यायतन ..... प्रदीपाद्या ।। इत्यादि । - ચૈત્યઆયતનની પ્રસ્થાપના કરીને શક્તિથી પ્રયત્નવાળો ગંધ, માલ્ય, અધિવાસ, ધૂપ અને પ્રદીપાદિ ક્રિયાઓ જેમાં છે એવી પૂજાને કરે ઈત્યાદિ કહેલ છે.

વિશેષાર્થ :-

પ્રશમરતિ ગાથા-૩૦૫ માં કહ્યું છે કે, શ્રાવક બારવ્રતોને સારી રીતે પાળીને શક્તિસંપન્ન શ્રાવક ચૈત્યાયતનની=જિનાલયની, પ્રતિષ્ઠા કરીને શક્તિ પ્રમાણે ભગવાનની શ્રેષ્ઠ પૂજા કરે. એ પ્રમાણે પ્રશમરતિના વચનથી એ નક્કી થાય છે કે, શ્રાવકધર્મ સારો પાળ્યા પછી પણ સમગ્ર શ્રાદ્ધધર્મના તિલકભૂત એવી આ શુદ્ધ પૂજા છે. જોકે દર્શનશ્રાવક પણ ભગવાનની પૂજા કરતા હોય, પરંતુ એ આદ્યભૂમિકાની પૂજા છે, જ્યારે બારવ્રતો સારી રીતે પાળનાર શ્રાવક પોતાના ભાવના પ્રકર્ષ માટે વિશિષ્ટ કોટિની પૂજા કરે છે, અને તે શુદ્ધ પૂજા છે અને તે શુદ્ધ શ્રાવકધર્મના તિલકભૂત ઉત્તરગુણરૂપ છે.

ઉત્થાન :-

પૂજ્ય અભયદેવસૂરિ મહારાજસાહેબે સુપાત્રવિષયક અશુદ્ધ દાનની જેમ પૂજામાં પણ આરંભ હોવાને કારણે અલ્પ કર્મબંધ છે તેમ સ્થાપન કર્યું, અને તે વાત યુક્તિથી સંગત થતી નથી એમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે કહ્યું, ત્યાં 'अथ' થી કોઈ પૂર્વપક્ષી પૂ. અભયદેવસૂરિ મહારાજના કથનની સંગતિ થાય તેવી યુક્તિ બતાવે છે -

ટીકા :-

अथ शुद्धदानविधिरुत्सर्गोऽशुद्धदानविधिश्चापवादः, उत्सर्गापवादौ च स्वस्थाने द्वावपि बलवन्तावित्यपवादविधिविषयीभूताशुद्धदानतुल्यत्वं देवपूजायामुच्यमानं न दोषायेत्यभिप्रायः, तर्हि अशुद्धदानपदं कस्य बिभीषिकायै ? स्वरूपतोऽशुद्धतायाः स्वरूपत आरम्भवत्तायाश्चानतिदोषत्वात्। वस्तुतोऽप्रासुकदानदृष्टान्तो लुब्धकदृष्टान्तभावितदात्रपेक्षयैव भावितो भगवतीवृत्ताविति विधिपर-व्युत्पन्नकृतपूजायां विपरीतव्युत्पन्नकृतदानतुल्यत्वमभिधीयमानं कथं घटेत ? ग्लानप्रतिचरणान्तरं पञ्चकल्याणकप्रायश्चित्तप्रतिपत्तिरपि गीतार्थाद्यन्यतरपदवैकल्य एवेति सर्वपदसाकल्ये प्रायश्चित्तकरणं कल्पमात्रम्, स्वरूपतः सदोषतया ।

ટીકાર્થ :-

अथ शुद्धदान ..... अनतिदोषत्वात् । શુદ્ધ દાનવિધિ ઉત્સર્ગ છે અને અશુદ્ધ દાનવિધિ અપવાદ છે અને ઉત્સર્ગ અને અપવાદ સ્વસ્થાનમાં બંને બળવાન છે. એથી કરીને અપવાદવિધિવિષયભૂત અશુદ્ધદાનતુલ્યપણું દેવપૂજામાં કહેવાયે છતે દોષ માટે નથી, એ પ્રમાણે પૂર્વપક્ષીનો અભિપ્રાય છે. તેને ગ્રંથકાર કહે છે -

તો અશુદ્ધ દાનપદ કોના ભયને માટે થાય ? તેમાં હેતુ કહે છે -

(અશુભ દાનમાં વર્તતી) સ્વરૂપથી અશુદ્ધતાનું અને પૂજામાં વર્તતી આરંભવત્તાનું અનતિદોષપણું છે=લેશ પણ દોષ નથી.

વિશેષાર્થ :-

'अथ' થી પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, ઉત્સર્ગથી સાધુને શુદ્ધ દાન આપવાની વિધિ છે અને અપવાદથી અશુદ્ધ દાન આપવાની વિધિ છે. ઉત્સર્ગના સ્થાનમાં ઉત્સર્ગ બળવાન હોય છે અને અપવાદના સ્થાનમાં અપવાદ બળવાન હોય છે. તેથી અપવાદિક વિધિના વિષયભૂત અશુદ્ધ દાનતુલ્ય દેવપૂજાને અમે કહીએ છીએ. તેથી પૂજ્ય અભયદેવસૂરિ મહારાજે અશુદ્ધ દાનતુલ્ય જિનપૂજાને ગ્રહણ કરીને કૂપદૃષ્ટાંતની સંગતિ કરી છે, તે સંગત થઈ જશે. તેને ગ્રંથકાર કહે છે -

અપવાદિક અશુદ્ધ દાનતુલ્ય જિનપૂજાને કહેતા હો તો અમને કોઈ બાધ નથી; કેમ કે અપવાદિક દાનમાં સ્વરૂપથી અશુદ્ધતા હોવા છતાં તેનાથી કોઈ કર્મબંધ થતો નથી, તેમ અપવાદિક શુદ્ધ પૂજા પણ સ્વરૂપથી આરંભવાળી હોવા છતાં તેનાથી કોઈ કર્મબંધ થતો નથી. માટે પૂજામાં અલ્પ કર્મબંધ છે, તેમ પૂજ્ય અભયદેવસૂરિ મહારાજ કહે છે તે વાત અપવાદિક અશુદ્ધ દાનસ્થાનીય શુદ્ધ પૂજાને ગ્રહણ કરીએ તો સંગત થાય નહિ.

આશય એ છે કે, જેમ ઉત્સર્ગ એ ભગવાનની આજ્ઞા છે, તેમ અપવાદ પણ ભગવાનની આજ્ઞા છે. તેથી તેવા કારણને પામીને કોઈ શ્રાવક અપવાદથી સાધુને અશુદ્ધ દાન આપતો હોય ત્યારે તે ભગવાનની આજ્ઞાનું જ પાલન કરે છે અને ભગવાનની આજ્ઞાના પાલનથી એકાંતે કર્મની નિર્જરા જ પ્રાપ્ત થાય, પરંતુ અપવાદિક અશુદ્ધ દાનમાં વર્તતી અશુદ્ધતાને કારણે અલ્પ કર્મબંધ છે, તેમ કહી શકાય નહિ. તેથી પૂજાને અપવાદિક અશુદ્ધ દાનસ્થાનીય જો પૂર્વપક્ષી સ્વીકારે તો પૂજ્ય અભયદેવસૂરિ મહારાજનું પૂજાથી જે અલ્પ કર્મબંધ કહેલ છે તે વચન સંગત થાય નહિ.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, અપવાદથી અપાતા અશુદ્ધ દાનમાં જો લેશ પણ કર્મબંધ ન હોય તો ભગવતીમાં કહ્યું છે કે, સાધુને અશુદ્ધ દાન આપે તેને અલ્પ પાપબંધ અને બહુનિર્જરા થાય છે, તે કઈ રીતે સંગત થાય ? એથી કહે છે -

ટીકાર્થ :-

વસ્તુતઃ ..... ઘટેત ? **વાસ્તવિક રીતે અપ્રાસુક દાનનું દૃષ્ટાંત લુબ્ધકદૃષ્ટાંતથી ભાવિત દાતાની અપેક્ષાએ જ ભગવતીવૃત્તિમાં ભાવિત કરાયું છે. એથી કરીને વિધિપર વ્યુત્પન્નકૃત પૂજામાં વિપરીત વ્યુત્પન્નકૃત દાનતુલ્યપણું કહેવાતું કઈ રીતે ઘટે ? અર્થાત્ ન ઘટે.**

વિશેષાર્થ :-

'વસ્તુતઃ' થી જે કહ્યું તેનો આશય એ છે કે, ભગવતીમાં અપ્રાસુક દાન આપનારને અલ્પ કર્મબંધ અને બહુનિર્જરા થાય છે એ પ્રમાણે જે કથન છે, તે અપવાદિક અશુદ્ધ દાન માટે નથી, પરંતુ પાર્શ્વસ્થાદિ દ્વારા લુબ્ધકના દૃષ્ટાંતથી ભાવિત એવા મુગ્ધ દાતાની અપેક્ષાએ છે. જેમ કે પાર્શ્વસ્થાદિ પોતાના ભક્ત શ્રાવકને કહે છે કે, શિકારી હંમેશાં હરણ પાછળ દોડે છે, તેમ શ્રાવકે સાધુની પાછળ પડીને સાધુના પાતરા ભરવા એ જ શ્રાવકનું કર્તવ્ય છે; પરંતુ સાધુને કલ્પે કે ન કલ્પે, એ વિચાર શ્રાવકે કરવાનો નથી. આવા પ્રકારના પાર્શ્વસ્થાદિના વચનથી ભાવિત મુગ્ધ જીવો, સુસાધુને અપ્રાસુક દાન આપે તો તેમને દાનકૃત શુભ અધ્યવસાય હોવાને કારણે ઘણી નિર્જરા થાય છે, અને તેમનામાં રહેલા અવિવેકને કારણે અલ્પ પાપકર્મબંધ ભગવતીમાં કહેલ છે. તેથી વિધિમાં તત્પર અને શાસ્ત્રથી વ્યુત્પન્ન એવી વ્યક્તિથી કરાતી શુદ્ધ પૂજામાં વિપરીત વ્યુત્પન્નથી કરાયેલા અશુદ્ધ દાનની સાથે તુલ્યપણું કહેવું, એ કઈ રીતે સંગત થાય ? અર્થાત્ પૂજ્ય અભયદેવસૂરિ મહારાજે ભગવતીના પાઠથી પૂજાને અશુદ્ધ દાનતુલ્ય કહી, તે કથન શુદ્ધ પૂજામાં ઘટી શકે નહિ.

અહીં વિધિપર અને વ્યુત્પન્નકૃત પૂજા કહેવાથી એ પ્રાપ્ત થાય કે, જે જીવ શાસ્ત્રમાં બતાવેલી પૂજાવિષયક વિધિમાં વ્યુત્પન્ન છે=વિધિમાં નિપુણ છે, અને પૂજાકાળમાં અપ્રમાદી છે, તેથી બરાબર વિધિ પ્રમાણે પૂજા કરે છે, માટે તેની પૂજા પરિપૂર્ણ ભગવાનના વચનાનુસાર જ બને.

ભગવતીના પાઠમાં જે અશુદ્ધ દાનની વાત છે, તે જેઓ પાર્શ્વસ્થાથી ભાવિત મતિવાળા છે, અને જેઓને પાર્શ્વસ્થાએ શાસ્ત્રની મર્યાદાથી વિપરીત બોધ કરાવ્યો છે તેથી જેઓ વિપરીત વ્યુત્પન્ન છે, તેવા વિપરીત વ્યુત્પન્ને આપેલું દાન તે શાસ્ત્રવિધિ પ્રમાણે નથી, છતાં સાધુની ભક્તિના આશયવાળું છે, તેથી ત્યાં શુભ અધ્યવસાય છે, તો પણ તેમણે આપેલા દાનમાં વિપરીત વિધિ હોવાને કારણે અલ્પ પાપબંધ સ્વીકારેલ છે. જ્યારે વિધિમાં તત્પર વ્યુત્પન્ન શ્રાવકની પૂજામાં લેશ પણ કર્મબંધ સ્વીકારી શકાય નહિ. તેથી વિપરીત વ્યુત્પન્નકૃત દાનતુલ્ય શુદ્ધ પૂજાને કહેવી સંગત નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું એ રીતે પૂ. અભયદેવસૂરિ મહારાજે પંચાશકની ટીકામાં જે અશુદ્ધ દાનનું કથન કર્યું, તેના બળથી દ્રવ્યસ્તવમાં અલ્પ પાપ માનવું ઉચિત નથી, એ રીતે ગ્લાનની વૈયાવચ્ચમાં જે પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તનું કથન કર્યું, તેના બળથી પણ જિનપૂજામાં અલ્પ દોષ છે, તેમ માનવું સંગત નથી. તે બતાવવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

ग्लानप्रतिचरणान्तरं ..... सदोषतया । **ગ્લાન પ્રતિચરણા=ગ્લાનની સેવા, પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની પ્રતિપત્તિ પણ ગીતાર્થ આદિ અન્યતર પદના વૈકલ્યમાં જ છે, એથી કરીને (ગીતાર્થાદિ) સર્વ પદના સાફલ્યમાં પ્રાયશ્ચિત્તકરણ સ્વરૂપથી સદોષ હોવાથી કલ્પમાત્ર છે.**

ઉત્થાન :-

પૂર્વમાં પૂજ્ય અભયદેવસૂરિ મહારાજે કહ્યું કે, કેચિત્કારનો મત અનાગમિક છે, અને તેમાં દૃષ્ટાંત તરીકે પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તનું દૃષ્ટાંત આપ્યું. તેથી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તના દૃષ્ટાંતનું તાત્પર્ય શું છે, તે બતાવીને હવે એ પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તનું દૃષ્ટાંત પૂજામાં જોડી શકાય નહિ, તે યુક્તિથી બતાવે છે-

ટીકા :-

एतद्दृष्टान्तावष्टम्भे च जिनपूजां कृत्वापि प्रायश्चित्तं कर्त्तव्यं स्यात् तच्च नेर्यापथिकामात्रमप्युक्तम् अशुद्धदानेऽपि च श्राद्धजीतकल्पादावुक्तमिति वृथा वल्गनमेतदभिन्नसूत्राभिमानिनाम् । अतिचारजनकक्लिष्टभावशोधनमपि तुल्याधिकशुद्धाध्यवसायेनैवान्यथा ब्राह्म्यादीनां स्वल्पमायाया अत्यशुभविपाके प्रमत्तसाधूनामिदानीं चारित्रं कथं निर्वहेदित्यर्थपदभावने प्रपञ्चितं पञ्चवस्तुक एवेति यतनाभावशुद्धस्याधिकारिणः क इवात्रोपलेपः ? इति केषाञ्चिन्मतं नानागमिकमाभाति ।

ટીકાર્થ :-

एतद् दृष्टान्त ..... उक्तम्, **અને આ દૃષ્ટાંતના અવષ્ટંભમાં=અવલંબનમાં, જિનપૂજા કરીને પણ પ્રાયશ્ચિત્ત કર્તવ્ય થાય, અને તે=જિનપૂજા કરીને પ્રાયશ્ચિત્ત ઈર્યાપથિક માત્ર પણ (શાસ્ત્રમાં) કહેવાયું નથી.**

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, જેમ ગ્લાનની પ્રતિચરણા પછી ગીતાર્થાદિ પદનું વૈકલ્ય હોય તો શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત આવે છે, તો જિનપૂજા કર્યા પછી પ્રાયશ્ચિત્ત કેમ આપવામાં નથી આવતું ? તેના સમાધાન માટે જિનપૂજા એ શ્રાવકવ્રતના અતિચારરૂપ નથી, તેથી ત્યાં પ્રાયશ્ચિત્ત નથી, એમ હૃદયમાં રાખીને, શ્રાવકવ્રતના અતિચારમાં જ પ્રાયશ્ચિત્ત આવે છે, તે બતાવવા માટે અતિથિસંવિભાગ વ્રતના અતિચારરૂપ અશુદ્ધ દાનમાં પ્રાયશ્ચિત્ત આવે છે, તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

अशुद्धदाने ..... वल्गनम्, **અને અશુદ્ધ દાનમાં જ શ્રાદ્ધજિતકલ્પાદિમાં (પ્રાયશ્ચિત્ત કર્તવ્ય) કહેવાયું છે, એથી કરીને અભિન્નશ્રુતઅભિમાનીઓનું આ વૃથા વલ્ગન=ખોટી કૂદાકૂદ છે.**

✪ અશુદ્ધદાનેઽપિ અહીં 'અપિ' શબ્દ 'એવ' કારાર્થક છે.

વિશેષાર્થ :-

શાસ્ત્રમાં ગ્લાનની વૈયાવચ્ચ કર્યા પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે, તેમાં જેઓ ગીતાર્થ આદિ પદમાંથી કોઈ પદ વગરના હોય તેઓથી ગ્લાનની વૈયાવચ્ચ કરવામાં યતનાની કાંઈક ખામી રહે છે, અને તત્કૃત વૈયાવચ્ચમાં કાંઈક અશુદ્ધિ હોય છે, તેથી તેની શુદ્ધિ માટે તેઓને પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે.

જેઓ ગીતાર્થ આદિ પદોવાળા છે, તેઓ જ્યારે ગ્લાનની વૈયાવચ્ચ કરે છે ત્યારે વૈયાવચ્ચમાં શાસ્ત્રમર્યાદાનું લેશ પણ ઉલ્લંઘન નથી. આમ છતાં ગ્લાનની વૈયાવચ્ચ કરવામાં કોઈ બાહ્ય દોષો અપવાદથી સેવવાનો પ્રસંગ આવે છે, તેથી તે ગ્લાનની વૈયાવચ્ચ સ્વરૂપથી સદોષ છે, માટે તે ગ્લાનની વૈયાવચ્ચ યતનાથી શુદ્ધ હોવા છતાં પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે, તે સાધુના આચારમાત્ર છે. માટે પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત બે અપેક્ષાએ છે, તેમ ફલિત થાય છે.

(૧) એકની=ગીતાર્થાદિ અન્યતર પદના વૈકલ્યવાળાની, ગ્લાનની વૈયાવચ્ચ કાંઈક અશુદ્ધિવાળી છે, તેની શુદ્ધિ માટે પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત છે.

(૨) બીજાની=ગીતાર્થાદિ પદના સાકલ્યવાળાની, ગ્લાનની વૈયાવચ્ચ પરિપૂર્ણ શુદ્ધ હોવા છતાં ફક્ત સાધુનો આચાર છે કે, સ્વરૂપથી સદોષ પ્રવૃત્તિમાં પ્રાયશ્ચિત્ત કરે, તે માટે પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત છે.

આ પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તના દૃષ્ટાંતનું અવલંબન લઈને જિનપૂજા સ્વરૂપથી સાવદ્ય છે, તેથી ત્યાં અલ્પ પાપકર્મબંધ થાય છે, એમ જે પૂ. અભયદેવસૂરિ મહારાજે પંચાશકમાં કહ્યું છે, તે સંગત નથી. તે બતાવતાં કહે છે -

આ પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તના દૃષ્ટાંતનું આલંબન લઈને જિનપૂજા કરીને પણ પ્રાયશ્ચિત્ત કર્તવ્ય થાય; કેમ કે પૂજ્ય અભયદેવસૂરિ મહારાજ સાહેબે કહેલ છે કે, ગ્લાનની વૈયાવચ્ચ કર્યા પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત આવે છે; કેમ કે ત્યાં જે સાવદ્ય પ્રવૃત્તિ છે, તત્કૃત અલ્પ કર્મબંધ છે, તેના કારણે ત્યાં પ્રાયશ્ચિત્ત આવે છે. એ રીતે શ્રાવક જિનપૂજા કરે ત્યાં પણ સાવદ્ય પ્રવૃત્તિ હોવાને કારણે અલ્પ કર્મબંધ થાય છે, તેના માટે શ્રાવકને પણ પ્રાયશ્ચિત્ત કર્તવ્ય થાય. અને પૂજા કર્યા પછી શાસ્ત્રમાં ઈર્યાપથિકીમાત્ર પણ પ્રાયશ્ચિત્ત કહ્યું નથી. અશુદ્ધ દાનમાં જ શ્રાદ્ધજિતકલ્પાદિમાં પ્રાયશ્ચિત્ત કહેલ છે. તેથી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તનું દૃષ્ટાંત લઈને જિનપૂજામાં કર્મબંધ છે, તેમ કહી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે, જિનપૂજામાં પણ વિધિની સ્ખલના થાય છે, તો જિનપૂજામાં કેમ પ્રાયશ્ચિત્ત કહ્યું નથી ? તેનું સમાધાન એ છે કે, જિનપૂજા એ શ્રાવકને કર્તવ્ય ક્રિયા છે, તેમાં કોઈ સ્ખલના થાય તો અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં છેલ્લે આપવાથી તેની શુદ્ધિ થઈ જાય છે.

લીધેલ વ્રતના વિરુદ્ધ સેવનમાં જ પ્રાયશ્ચિત્તનો વ્યવહાર છે. આથી જ અશુદ્ધ દાન એ અતિથિસંવિભાગ વ્રતનો અતિચાર છે ત્યાં શ્રાવકને શ્રાદ્ધજિતકલ્પમાં પ્રાયશ્ચિત્ત કહેલ છે, અને સાધુને પણ ષટ્કાયના પાલનની પ્રતિજ્ઞા છે, તેથી તેમાં બાહ્યથી પણ કોઈ વિપરીત પ્રવૃત્તિ થાય ત્યારે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર છે, તેથી જ ગ્લાનની વૈયાવચ્ચ પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત છે. આ રીતે સૂત્રોના ભિન્ન અર્થો છે, જે અર્થો પૂ. અભયદેવસૂરિ મહારાજ પાડી શક્યા નથી. તેથી ભગવતીના અશુદ્ધ દાનને કહેનાર સૂત્રને, તેમજ ગ્લાનની વૈયાવચ્ચ કરનાર સૂત્રને પૂજામાં જોડીને, ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપબંધ કહે છે.

વસ્તુતઃ ભગવતીના પાઠમાં અશુદ્ધ દાનને કારણે અલ્પ પાપબંધ કહેલ નથી, પરંતુ મુગ્ધ જીવના દાનમાં રહેલા અવિવેકને કારણે અલ્પ પાપબંધ કહેલ છે; અને પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તમાં પણ અલ્પ પાપબંધ છે માટે પ્રાયશ્ચિત્ત કહેલ નથી, પરંતુ સાધુનો આચાર છે કે, ષટ્કાયની યતનામાં બાહ્યથી પણ ત્રુટિ થાય તો પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. એ અર્થનો ભેદ ન પાડી શકવાને કારણે પૂજ્ય અભયદેવસૂરિ મહારાજે ભગવતીનું સૂત્ર, પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તને કહેનારું સૂત્ર અને કૂપદૃષ્ટાંતને કહેનારું સૂત્ર અભિન્નરૂપે બતાવેલ છે. તેથી તેમની આ રીતે સૂત્રોને યોજવાની પ્રવૃત્તિ વૃથા છે.

ઉત્થાન :-

પૂર્વમાં પંચાશકની ટીકામાં પૂ. અભયદેવસૂરિ મહારાજે કહેલ કે, કેટલાક માને છે કે પૂજા માટે કરાતી સ્નાનાદિ ક્રિયામાં શુભઅધ્યવસાય હોવાને કારણે લેશ પણ પાપબંધ નથી, તેથી તેઓ કૂપદૃષ્ટાંતનું બીજી રીતે યોજન કરે છે, અને આ કેટલાકનો મત આગમ અનુપાતી નથી, એમ પૂજ્ય અભયદેવસૂરિ મહારાજે કહેલ, અને તેમાં હેતુ આપેલ કે, ધર્મ માટે કરાતી પ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપબંધ થાય છે, માટે કેટલાકનો મત આગમને અનુસરતો નથી. તેનું નિરાકરણ કરીને કેટલાકનો મત આગમ અનુસારી કઈ રીતે છે, તે બતાવવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

अतिचारजनक ..... आभाति । **અતિચારજનક ક્લિષ્ટભાવનું શોધન પણ તુલ્ય કે અધિક શુદ્ધ અધ્યવસાયથી જ થાય છે. અન્યથા બ્રાહ્મી આદિને સ્વલ્પ માયા વડે કરીને અતિ અશુભ વિપાક હોતે છતે પ્રમત્ત સાધુઓને હમણાં ચારિત્ર કઈ રીતે નિર્વહન થાય ? એ પ્રકારે પંચવસ્તુ ગ્રંથમાં જ અર્થપદના ભાવનમાં પ્રપંચિત કર્યું છે. એથી કરીને યતનાભાવશુદ્ધ એવા અધિકારીને અહીં=જિનપૂજામાં, ઉપલેપ ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. એથી કરીને કેટલાકનો મત અનાગમિક ભાસતો નથી.**

વિશેષાર્થ :-

અતિચારજનક ક્લિષ્ટભાવનું શોધન પણ તેના તુલ્ય કે અધિક એવા શુદ્ધ અધ્યવસાયથી જ થાય છે. તેથી જ કાળના દોષને કારણે પ્રમત્ત સાધુઓને હમણાં ચારિત્રનું વહન થાય છે; કેમ કે કાળ અને સત્ત્વબળની હાનિના કારણે વારંવાર સ્ખલના થવા છતાં પણ કલ્યાણના અર્થી સાધુ, સતત ઉપયોગપૂર્વક આલોચનાદિ કરીને અતિચાર સદૃશ કે અધિક શુભ અધ્યવસાયને પેદા કરી લે છે, તેથી ચારિત્ર રહી શકે છે, જ્યારે બ્રાહ્મી આદિએ સ્વલ્પ માયા વડે જે અતિચાર પેદા કર્યો, તે પણ તુલ્ય કે અધિક શુભ અધ્યવસાય દ્વારા નિવર્તન ન કરી શકવાને કારણે અશુભ વિપાકને પામ્યા. તે રીતે જે સાધુઓ હમણાં કાલદોષને કારણે ઘણા અતિચારો સેવે છે અને પછી તુલ્ય કે અધિક શુભ અધ્યવસાય કરી શકતા નથી, તેઓને ચારિત્ર ટકી શકે નહિ. પરંતુ પ્રમત્ત સાધુઓને હમણાં ચારિત્ર શાસ્ત્રસંમત છે, તેથી જ અતિચારજનક ક્લિષ્ટ ભાવનું શોધન પણ તુલ્ય કે અધિક શુદ્ધ અધ્યવસાયથી હમણાં પણ કેટલાક સાધુઓ કરે છે, તેમ માનવું પડે. આ કથન પંચવસ્તુ ગ્રંથમાં વિચાર નામના દ્વારમાં અર્થપદનું ભાવન કરવાનું કથન ગાથા-૮૭૫ થી ગાથા-૮૭૪માં કરેલ છે, ત્યાં પ્રપંચિત છે. એથી કરીને યતનાભાવશુદ્ધ એવા અધિકારીને કર્મબંધરૂપ ઉપલેપ પૂજામાં નથી, એ અર્થ પ્રાપ્ત થાય છે. કેમ કે અતિચારજનક ક્લિષ્ટભાવનું શોધન જો તુલ્ય કે અધિક શુભભાવથી થતું હોય તો પૂજા વખતે જ્યારે યતનાનો ભાવ પરિપૂર્ણ વર્તતો હોય તેવા અધિકારીને કર્મબંધ કઈ રીતે થઈ શકે ? કેમ કે જે શુદ્ધભાવ અતિચારના શોધનનું કારણ હોય તે શુદ્ધભાવ કર્મબંધનું કારણ હોઈ શકે નહિ.

અહીં યતનાભાવશુદ્ધ એવો અધિકારી એટલા માટે કહેલ છે કે, અનધિકારી એવા સાધુ પૂરી યતનાથી જિનપૂજા કરે તો ત્યાં કર્મબંધ થાય; કેમ કે સાધુને દ્રવ્યસ્તવ કરવાનો શાસ્ત્રમાં નિષેધ છે, માટે સાધુ દ્રવ્યસ્તવનો અનધિકારી છે. પરંતુ દ્રવ્યસ્તવનો અધિકારી એવો શ્રાવક પરિપૂર્ણ શાસ્ત્રવિધિ પ્રમાણે દ્રવ્યસ્તવ કરે તો કર્મબંધ થાય નહિ; કેમ કે યતના વડે શુદ્ધભાવવાળા એવા અધિકારીને પૂજામાં લેશ પણ કર્મબંધ નથી. આથી કરીને કેટલાકનો મત ગ્રંથકારને અનાગમિક ભાસતો નથી.

ઉત્થાન :-

હવે તે કેટલાકના મત પ્રમાણે કૂપદૃષ્ટાંતની સંગતિ કઈ રીતે થાય છે ? તે બતાવે છે -

ટીકા :-

पूजेतिकर्त्तव्यतासंपत्तिरेव च तन्मते कूपोत्पत्तिः, तत्प्राक्कालीन एव चारम्भः प्रतिपन्नगृहस्थधर्म-प्राणप्रदद्रव्यस्तवस्य कूपखननस्थानीयः, तत्कालोपार्जितद्रव्येनैव द्रव्यस्तवसंभवात्, त्रिवर्गाविरोधिनस्ततः प्रथमवर्गेऽस्यापि सिद्धिः, तदारम्भार्जितकर्मनिर्जरणमेव च द्रव्यस्तवसम्भविना भावेनेति न किञ्चिद-नुपपन्नं नैगमनयभेदाश्रयणेन ।।६०।।

ટીકાર્થ :-

पूजेतिकर्तव्यता ..... संभवात्, તેઓના મતમાં=કેચિત્કારના મતમાં પૂજાની ઈતિકર્તવ્યતાની સંપત્તિ જ કૂપ ઉત્પત્તિ છે, (અને) દ્રવ્યસ્તવના પૂર્વકાળમાં કરાયેલ ધનઅર્જનનો આરંભ જ પ્રતિપન્નગૃહસ્થધર્મના પ્રાણપદ દ્રવ્યસ્તવના કૂપખનનસ્થાનીય છે; કેમ કે તત્કાલ ઉપાર્જિત=પૂજાની ઈતિકર્તવ્યતાના પ્રાક્કાલ ઉપાર્જિત, દ્રવ્ય વડે કરીને જ દ્રવ્યસ્તવનો સંભવ છે.

વિશેષાર્થ :-

શ્રાવક પૂજા કરવા માટે સ્નાનનો પ્રારંભ કરે ત્યારથી માંડીને પૂજાની સર્વ ક્રિયા સમાપ્ત થાય તે પૂજાની ઈતિકર્તવ્યતા છે, અને તેની પ્રાપ્તિ જ કૂપની ઉત્પત્તિ છે. જેમ કૂપની પ્રાપ્તિથી તૃષાદિ સર્વ દોષો દૂર થાય છે, તેમ પૂજાની ઈતિકર્તવ્યતાની સંપત્તિથી જ પૂર્વ અર્જિત કર્મ વિનાશ પામે છે. અને જે જીવ શ્રાવકધર્મ સ્વીકારે છે, તે પ્રતિપન્ન ગૃહસ્થધર્મવાળા કહેવાય છે, તેને પ્રાણ આપનાર દ્રવ્યસ્તવ છે; કેમ કે દ્રવ્યસ્તવ કરવાથી જ તે શ્રાવકધર્મ ટકી શકે છે કે વૃદ્ધિમત્ બની શકે છે, અને નિષ્પન્ન ન થયો હોય તો નિષ્પન્ન થઈ શકે છે. તેથી શ્રાવકધર્મના પ્રાણપદ દ્રવ્યસ્તવ છે, અને તે દ્રવ્યસ્તવની નિષ્પત્તિના પૂર્વકાળમાં ધનાર્જન માટે જે આરંભ કરાય છે, તે કૂપખનનસ્થાનીય છે. જેમ કૂપખનનથી તૃષા આદિ શમતી નથી, પરંતુ કાદવ આદિથી શરીરનો ઉપલેપ થાય છે, તેમ ગૃહસ્થ પૂર્વમાં જે ધનાર્જન કરે છે, તે વખતે ધનની તૃષ્ણા આદિ પોષાય છે, તેનાથી તે કર્મમલથી ખરડાય છે, આમ છતાં તે કાળમાં ઉપાર્જિત ધનથી તે દ્રવ્યસ્તવ કરી શકે છે.

જેમ કૂપખનનની ક્રિયાથી કાદવ વડે લેપાવા છતાં કૂપની પ્રાપ્તિ=જળની પ્રાપ્તિ, પછી તેનાથી શુદ્ધિ થાય છે, તેમ પ્રસ્તુતમાં ધનાર્જનથી બંધાયેલ કર્મ, તે ધન દ્વારા નિષ્પન્ન થયેલ દ્રવ્યસ્તવથી દૂર થાય છે. અને કૂપખનનથી જેમ અન્ય પણ લાભો થાય છે, તેમ દ્રવ્યસ્તવથી અન્ય પણ લાભો થાય છે. તેથી પૂજાની ક્રિયાના પ્રાક્કાલીન જે આરંભ તે જ કૂપખનનસ્થાનીય છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, પંચાશકમાં પૂજાને કૂપના દૃષ્ટાંતથી ભાવન કરેલ છે. તેથી પૂજાની ક્રિયામાં જ કૂપખનનની જેમ લેપ સ્વીકારવો ઉચિત ગણાય, પરંતુ પૂજાથી અતિરિક્ત ધનાર્જનની ક્રિયામાં નહિ; કેમ કે તે ધર્મના સેવનરૂપ નથી પરંતુ અર્થના સેવનરૂપ છે. જ્યારે પ્રસ્તુતમાં કૂપદૃષ્ટાંત ધર્મસેવનની ક્રિયામાં યોજવાનું કહેલ છે, અર્થ પુરુષાર્થના સેવનમાં યોજવાનું કહેલ નથી. તેથી કહે છે -

ટીકાર્થ :-

'त्रिवर्गाविरोधिनः' ત્રિવર્ગના અવિરોધી એવા તેનાથી=અર્થ ઉપાર્જનની ક્રિયાથી, પ્રથમ વર્ગમાં=ધર્મ અર્થ અને કામમાં જે પ્રથમ વર્ગ સ્થાનીય ધર્મપુરુષાર્થ છે તેમાં, આની પણ=પ્રાક્કાલીન આરંભથી

કરાયેલા ધનની પણ, સિદ્ધિ છે, અને તદ્આરંભથી અર્જિત કર્મનિર્જરણ જ દ્રવ્યસ્તવસંભવી એવા ભાવથી થાય છે. એથી કરીને નૈગમનયભેદના આશ્રયણ વડે કરીને કાંઈ અનુપપન્ન નથી. ॥૬૦॥

✪ ટીકામાં 'ततः' છે ત્યાં હેતુઅર્થક પંચમી છે એટલે અર્થ આ મુજબ કરવો. ત્રિવર્ગની અવિરોધી એવી અર્થ ઉપાર્જનની ક્રિયા હોવાને કારણે પ્રથમ વર્ગમાં અર્થની પણ સિદ્ધિ છે.

વિશેષાર્થ :-

ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થો છે, અને તેમાં જીવ સાક્ષાત્ પ્રયત્ન કરી શકે છે; અને મુનિ મોક્ષરૂપ પુરુષાર્થમાત્રના અર્થી હોવાથી કેવલ ધર્મપુરુષાર્થમાં જ યત્ન કરે છે. અને શ્રાવક મોક્ષનો અર્થી હોવા છતાં સાંસારિક સુખની ઈચ્છા પણ સર્વથા છોડી શકતો નથી, તેથી જ તે સંયમ ગ્રહણ કરતો નથી. અને મોક્ષનો અર્થી હોવાથી ધર્મપુરુષાર્થમાં યત્ન કરે છે, તેમ સંસારના સુખનો અર્થી હોવાથી અર્થ-કામમાં પણ યત્ન કરે છે. પરંતુ તેના અર્થ-કામનો યત્ન ધર્મપુરુષાર્થનો બાધ ન કરે તેવો હોય છે, અને ધર્મપુરુષાર્થ પણ અર્થ-કામનો બાધ ન કરે તેવો હોય છે. તેથી શ્રાવક ધર્મ-અર્થ અને કામ - એ ત્રણે પુરુષાર્થો પરસ્પર અવિરોધીરૂપે સેવે છે, માટે ત્રિવર્ગના અવિરોધી એવા અર્થપુરુષાર્થના સેવનને કારણે પ્રથમવર્ગસ્થાનીય એવા ધર્મમાં અર્થ પુરુષાર્થના સેવનથી પ્રાપ્ત કરાયેલા ધનની પણ સિદ્ધિ છે. તેથી શ્રાવકનું ધન પણ નૈગમનયના ભેદના આશ્રયથી ધર્મપુરુષાર્થરૂપ કહી શકાય. અને અર્થપુરુષાર્થ માટે કરાયેલા આરંભથી જનિત જે કર્મબંધ તેનું નિર્જરણ પણ દ્રવ્યસ્તવથી થનારા ભાવ વડે થાય છે. તેથી તેમ કહી શકાય કે, શ્રાવકે પૂજાથી પૂર્વકાળમાં જે ધનાર્જનની ક્રિયા કરેલી, તે નૈગમનયને આશ્રયીને ધર્મના સેવનની ક્રિયારૂપ છે, અને તેનાથી બંધાયેલું કર્મ દ્રવ્યસ્તવથી થયેલા ભાવને કારણે નાશ પામે છે, માટે કેચિત્કારના મત પ્રમાણે પણ કૂપદૃષ્ટાંત સંગત થઈ જશે. **॥૬૦॥**

એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી,
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની વાણી.

જિનપ્રતિમા જિન સરિખી જાણે, પંચાંગીના જાણ,
કવિ જસવિજય કહે તે ગિરુઆ, કીજે તાસ વખાણ.

- શ્રી યશોવિજયજી ઉપા.

જેહને પ્રતિમાશું નહીં પ્રેમ, તેહનું મુખડું જોઈએ કેમ,
જેહને પ્રતિમાશું નહીં પ્રીત, તે તો પામે નહિ સમકિત.

જેહને પ્રતિમાશું છે વેર, તેહની કહો શી થાશે પેર,
જેહને પ્રતિમા નહીં પૂજ્ય, આગમબોલે તેહ અપૂજ્ય.

નામથાપના દ્રવ્ય ને ભાવ, પ્રભુને પૂજો સહી પ્રસ્તાવ,
જે નર પૂજે જિનનાં બિંબ, તે લહે અવિચલ પદ અવિલંબ.

પૂજા છે મુક્તિનો પંથ, નિતનિત ભાખે ઈમભગવંત,
સહિ એક નર કવિના નિરધાર, પ્રતિમા છે ત્રિભુવનમાં સાર.

- શ્રી ઉદયરત્નજી ઉપા.

પ્રકાશક



૫, જૈન મરચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ – ૭.
ફોન : ૬૬૦ ૪૯ ૧૧

Title Designed By :
Dhanna - 660 81 19 - 660 96 92